બ્રહ્મસ્વરૂપ
યોગીજી મહારાજ

ભાગ-૨

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ શતાબ્દી મહોત્સવ પ્રકાશન

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ

ભાગ-૨

લેખક
સાધુ ઈશ્વરચરણદાસ

પ્રકાશક
સ્વામિનારાયણ અક્ષરપીઠ
શાહીબાગ રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪

BRAHMASWARUP YOGIJI MAHARAJ, PART-2

(Biography of Brahmaswarup Yogiji Maharaj)

By Sadhu Ishwarcharandas

Inspirer: HDH Pramukh Swami Maharaj

Presented by:
Bochasanwasi Shri Akshar Purushottam Swaminarayan Sanstha
Shahibaug, Amdavad - 380 004. India.

Publishers:
SWAMINARAYAN AKSHARPITH
Shahibaug, Amdavad - 380 004. India.

3rd Edition:
May 2005. Copies: 5,000 (Total copies: 11,000)

ISBN: 81-7526-284-2

રજૂકર્તા : બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા (બી.એ.પી.એસ.)
શાહીબાગ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪

પ્રેરણામૂર્તિ : પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

લેખક : સાધુ ઈશ્વરચરણદાસ

તૃતીય આવૃત્તિ : મે ૨૦૦૫

પ્રત : ૫,૦૦૦ (કુલ પ્રત : ૧૧,૦૦૦)

મુદ્રક અને પ્રકાશક :
સ્વામિનારાયણ અક્ષરપીઠ
શાહીબાગ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪

ક્રમિકા

પ્રેમલધારા-૨

પ્રેમલધારા-3

પ્રેમલધારા-૪

પ્રેમલધારા-૫

પ્રેમલધારા-૬

પ્રેમલધારા-૭

પ્રેમલધારા-૮

પ્રેમલધારા-૯

પ્રેમલધારા-૧૦

પ્રેમલધારા-૧૧

પ્રેમલધારા-૧૨

પ્રેમલધારા-૧૩

પ્રેમલધારા-૧૪



દેશમાં અદ્‌ભુત સત્કાર

પૂર્વ આફ્રિકામાં પ્રથમ મંદિરમાં મોમ્બાસામાં મૂર્તિપ્રતિષ્ઠા કરી તથા કેન્યા, યુગાન્ડા અને ટાંગાનિકામાં ઠેર ઠેર ફરીને, સત્સંગ મંડળોની સ્થાપના કરીને, સૌને વ્યસનોમાંથી છોડાવી ધર્મપરાયણતા તરફ વાળીને, શ્રી સ્વામિનારાયણ ભગવાનના દિવ્ય સંદેશનો પ્રચાર કરી દિગ્વિજય કરી દેશમાં પાછા ફરતાં તા. ૨૩-૧૦-'૫૫ના મુંબઈમાં સ્વામીશ્રી અને સંતોનું ઉમળકાભેર સ્વાગત થયું.

મંગળવાર, તા. ૨૫-૧૦-'૫૫ની સવારે સ્વામીશ્રી વડોદરા પહોંચ્યા ત્યારે તો ગુજરાતભરમાંથી હરિભક્તો દર્શને આવ્યા હતા અને જબરો માનવ-મહેરામણ ઊમટ્યો હતો. સ્વામીશ્રીનાં દર્શન અને ફૂલહાર માટે સ્ટેશન ઉપર જ પડાપડી થઈ રહી હતી. અત્રેના ઉત્સાહી કાર્યકર નાથાલાલ યોગીનાએ ભવ્ય સ્વાગતયાત્રાનું આયોજન કર્યું હતું. જેનો આરભ સવારે ૮-૩૦ વાગે થયો.

રંગોળી અને પુષ્પોથી સુંદર રીતે શણગારેલ અને કાષાય રેશમી વસ્ત્રોથી સજાવેલ હાથી ઉપર, સુશોભિત અંબાડીમાં સ્વામીશ્રી ઠાકોરજી સહિત બિરાજ્યા હતા. હરિભક્તોના અતિ ઉત્સાહ અને પ્રેમને વશ થઈ આ માન સ્વામીશ્રીએ નાછૂટકે સ્વીકાર્યું હતું. સવારીના આગળના ભાગમાં સૌ પ્રથમ યુવકોની ટુકડી, શણગારેલી ગાડીમાં ચોઘડિયાં તથા બૅન્ડ, વાસણા તથા મીરસાપુરાની ભજન-મંડળી, છાણીના ૨૦૦ હરિભક્તોની ગુલાલ ઉડાડતી ભજન-મંડળી, બાળકોની ઘોડાગાડીઓ, હરિભક્તોની મોટરો, બગીમાં સંતસ્વામી તથા અટલાદરાના કોઠારી અક્ષરસ્વરૂપદાસ તેમજ પાછળ હજારો હરિભક્તો ધૂન-ભજન ગાતા આવી રહ્યા હતા. 'દરબાર બૅન્ડ' પછી સુશોભિત ગજરાજ ઉપર સ્વામીશ્રી, મોટાસ્વામી તથા પ્રમુખસ્વામી બિરાજ્યા હતા. પાછળ હજારો હરિભક્તો ભજન કરતા આવતા હતા. અને પાછળ કળશ લઈને ભજન-કીર્તન ગાતી હજારો બહેનો નગરયાત્રા શોભાવતી હતી.

આ ભવ્ય શોભાયાત્રા અમદાવાદી પોળ, જ્યુબિલી બાગ, માંડવી રોડ, ચોકસી બજાર, ઘડિયાળી પોળ, માંડવી થઈને ૧૧-૩૦ વાગે જ્ઞાનમંદિરે વાડીમાં આવી પહોંચી. રસ્તામાં અસંખ્ય ભાવિકો મકાનોની બારીઓ, ગોખ અને ઝરૂખાઓમાંથી સ્વામીશ્રીનાં દર્શન કરી પુષ્પવૃષ્ટિ કરતા હતા. આ અભૂતપૂર્વ નગરયાત્રાનું આયોજન નાથાલાલ યોગીના, રાજારામભાઈ, પુરુષોત્તમભાઈ, મણિભાઈ સલાડવાળા તથા રતિલાલભાઈએ સૌ હરિભક્તોના સહયોગથી કરેલું. સમગ્ર શહેરમાં અને આજુબાજુના પ્રદેશમાં સર્વત્ર જયજયકાર થઈ ગયો.

...તો અમારો દાખડો સુફળ ગણાશે

ત્યારબાદ જ્ઞાનમંદિરના વિશાળ ચોકમાં સ્વાગત-સભા થઈ. જેમાં હરિભક્તોએ સ્વામીશ્રીનાં દિવ્ય જીવન અને કાર્યને બિરદાવી માનપત્ર આપ્યું.

સ્વામીશ્રીએ સૌને આશીર્વાદ આપતાં જણાવ્યું : 'આવો ને આવો પ્રેમ રાખશો અને સત્સંગ રાખશો. મહારાજની આજ્ઞામાં રહેશો તો તમે અમારો દાખડો સુફળ કર્યો ગણાશે.'

પછી આરતી-પૂજન બાદ સ્વામીશ્રી અને સંતો-હરિભક્તો અટલાદરા આવી પહોંચ્યા.

દશેરાના દિવસે સ્વામીશ્રી અને સંતો સવારે ૧૧-૦૦ વાગે અમદાવાદ સ્ટેશને ઊતર્યા. અહીંથી ચંપકભાઈ શેઠની મોટરમાં સૌ સ્ટેશન પાસે મણિલાલ મેન્સન આવી પહોંચ્યા. ગુજરાતના પાટનગરમાં સ્વામીશ્રીની સત્કારયાત્રા અહીંથી શરૂ થતી હતી.

નિશાન-ડંકા સાથે ઘોડેસવારો, પ્રકાશ બૅન્ડ, ભજન-મંડળી, સ્કૂલ બેન્ડ, દાંડિયા-રાસ લેતી મંડળી, યુવક મંડળ, મોટરો, ભજન કરતાં હરિભક્તોનાં વૃંદ, અંબાલાલ બ્રહ્મભટ્ટ તથા શંકર ભગતની ભજન-મંડળી, મક્કરગઢનું રાસ મંડળ, સંતોની બગીઓ અને છેલ્લે ચાર શ્વેત અશ્વોની બગીમાં સ્વામીશ્રી અને સંતો શોભી રહ્યા હતા. પાછળ ગજરાજ ઉપર સુશોભિત અંબાડીમાં લાલજી મહારાજની ચમત્કારિક મૂર્તિ, છડીદારો, કળશ અને ધૂન-ભજન ગાતી બહેનો. આ પ્રમાણે અદ્‌ભુત શોભાયાત્રા, પાટનગરના મુખ્ય માર્ગો રિલીફ રોડ, સ્વામિનારાયણ મંદિર, ઘીકાંટા થઈને ૨-૩૦ વાગે શાહીબાગ મંદિરે પહોંચી. શહેરના વિશાળ રસ્તાઓ સાંકડા પડ્યા, ઠેર ઠેર હજારોની સંખ્યામાં ભાવિકો દર્શન માટે ઊમટ્યા હતા. 'સ્વામિનારાયણના મોટા સાધુ છે' — એમ એક-

બીજાને કહેતાં ભાવિકો દર્શન માટે પડાપડી કરતા હતા. શેરીઓ અને પોળોના આવાસોમાંથી સૌ સંતો ઉપર અવિરત પુષ્પ-વૃષ્ટિ કરી રહ્યા હતા.

અમદાવાદના હરિભક્તોની ઇચ્છા એવી હતી કે સ્વાગતયાત્રામાં સ્વામીશ્રી ગજરાજ ઉપર બિરાજે. સૌએ એ માટે ઘણી વિનંતી કરી, પણ સ્વામીશ્રીએ જણાવ્યું કે 'અમદાવાદ ગાદીનું સ્થાન ગણાય અને ત્યાં આપણાથી હાથી ઉપર ન જ બેસાય.'

સંપ્રદાયની પ્રણાલીનું સૂક્ષ્મમાં સૂક્ષ્મ અનુસરણ મહિમાપૂર્વક કરતા સ્વામીશ્રીની દલીલ આગળ હવે કોઈ વિનંતી ચાલી નહિ અને સ્વામીશ્રી બગીમાં જ બિરાજ્યા.

આ પ્રસંગે ચંપકભાઈ શેઠ, ખેંગારજીભાઈ, અર્જુનભાઈ, અંબાલાલભાઈ, શંકરલાલ ઠાકર, પુરુષોત્તમદાસ ગજ્જર, બબુભાઈ કોઠારી, રમેશભાઈ દલાલ, ગોરધનભાઈ બ્રહ્મભટ્ટ, મણિભાઈ બ્રહ્મભટ્ટ, પ્રભાશંકર પંડ્યા, જયંતીભાઈ કોઠારી, દેવજીભાઈ, બેચરભાઈ માસ્તર, સોમચંદ શેઠ, શંકરભાઈ, ચુનીભાઈ વગેરે હરિભક્તોએ અપૂર્વ ઉત્સાહથી પ્રસંગ શોભાવ્યો હતો.

સાંજે મંદિરના પ્રાંગણમાં સ્વાગત-સભા થઈ. મંદિરની જમણી બાજુના ખુલ્લા મેદાનમાં સુંદર મંડપ બાંધેલો. સુશોભિત મંચ ઉપર સ્વામીશ્રી બિરાજ્યા હતા. સૌ હરિભક્તો ક્રમમાં સ્વામીશ્રીનાં ચરણસ્પર્શ અને આશીર્વાદનો લાભ લઈ રહ્યા હતા. એવામાં રણછોડભાઈ નામના એક યુવાન સ્વામીશ્રી નજીક આશીર્વાદ લેવા આવી પહોંચ્યા. સ્વામીશ્રીની બાજુમાં રાજપુરના જૂના હરિભક્ત અંબાલાલ ભગત બેઠા હતા. તેમણે સ્વામીશ્રીને ઓળખાણ કરાવી કે 'આ અમારા ગામના મુમુક્ષુ છે. એસ.એસ.સી.ની પરીક્ષા આપી છે, તો આશીર્વાદ આપો.'

'જાઓ, પા...સ !' સ્વામીશ્રીએ યુવાનની પીઠમાં થાપો મારી, જાણે પાસ થઈ ગયા હોય એમ ખુશાલીમાં હાથ ઊંચો કરી કહ્યું. સ્વામીશ્રીનું આ લટકું ને શબ્દો રણછોડભાઈના મનમાં વસી ગયાં. પણ એમના મનમાં થયું કે પાસ તો થવાના જ છીએ. આમાં સ્વામીશ્રીએ કંઈ વિશેષ આપી ન દીધું. પણ જ્યારે પરિણામ જાહેર થયું અને એમને ૮૨.૫% માર્ક્સ મળ્યા, ત્યારે આશ્ચર્ય થયું અને સ્વામીશ્રીના આશીર્વાદનો મહિમા અને પ્રભાવ સમજાયા.

એમની મુમુક્ષુતાને કારણે સૌ એમને 'ભગત' કહીને બોલાવતા. તેથી આ પરિણામ જાણી સૌ પૂછવા લાગ્યા : 'ભગત ! બહુ ટકા મળી ગયા !'

'મારા ગુરુના પ્રતાપે જ મળ્યા છે, મારી કોઈ શક્તિ નથી,' તેઓ નિખાલસતાથી કહેતા.[1]

✧

ગોંડલના શરદ પૂનમના ઉત્સવ માટે અમદાવાદથી સ્પેશિયલ ટ્રેનનું આયોજન કરવામાં આવ્યું હતું. એકાદશીને દિવસે સ્વામીશ્રી બપોરે ૩-૩૦ વાગે ગોંડલ આવી પહોંચ્યા. અહીં પણ સુંદર શોભાયાત્રા યોજવામાં આવી. મંદિરમાં સૌ પ્રથમ કોઠારી વાસુદેવ સ્વામી તથા દાજી બાપુએ સ્વામીશ્રીનું

---

૧. મૂળ રાજપુરના રણછોડભાઈ ત્રિભોવનદાસ પટેલ(કોઠારી ભક્તિપ્રિય સ્વામી)ને રાજપુરમાં પારાયણ પ્રસંગે શાસ્ત્રીજી મહારાજના આશીર્વાદ પ્રાપ્ત થયેલા. તે પછી કડી હાઈસ્કૂલમાં વિદ્યાભ્યાસ દરમ્યાન સહાધ્યાયી રામભાઈ અને કરસનભાઈ પાસેથી તેમને શાસ્ત્રીજી મહારાજના મહિમાની વિશેષ વાતો સાંભળવા મળેલી. 'સમાધિ પ્રકરણ'ની વાતો તેમને ઘણી વિસ્મયકારી લાગેલી. 'સ્વામીશ્રી પણ દેશ-વિદેશમાં સત્સંગ-પ્રચાર કરે છે...' વગેરે વાતોથી એમને વિશેષ રસ પડ્યો.

નાનપણથી સત્સંગનો રંગ ખરો. પૂજા-પાઠ કરે. કોઈએ અક્ષરપુરુષોત્તમની મૂર્તિ પૂજામાં રાખવા આપેલી. તેથી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનો કે મહિમાનો ખ્યાલ નહિ, પણ ભાવથી દર્શન કરે.

સને ૧૯૫૫માં ઑક્ટોબર માસમાં સ્વામીશ્રી વિદેશથી પાછા પધાર્યા ત્યારે અમદાવાદમાં સ્ટેશન પાસે મણિલાલ મેન્સનથી નીકળેલી ભવ્ય સ્વાગત શોભાયાત્રામાં સ્વામીશ્રીનાં દૂરથી દર્શન થયાં અને જાણે પૂર્વેની ઓળખાણ હોય એમ અતરમાં અનહદ આનંદનો અનુભવ થયો.

રસ્તામાં એમના પૂર્વાશ્રમના મોટાભાઈ પ્રહ્‌લાદભાઈ સ્વામીશ્રીનાં દર્શને ગયા ત્યારે સ્વામીશ્રીએ એમના માથે હાથ મૂકી આશીર્વાદ આપ્યા. એમની લાક્ષણિક ટેવ મુજબ હેતથી કાનમાં આંગળી ફેરવી. ઘણા વખતથી પ્રહ્‌લાદભાઈના કાનમાં સણકા મારતા હતા, તે તે જ ઘડીએ બંધ થઈ ગયા હતા.

ત્યારપછી તો મંદિરમાં રણછોડભાઈને સ્વામીશ્રીનાં પ્રત્યક્ષ દર્શન અને આશીર્વાદનો લાભ મળ્યો. એસ.એસ.સી.માં જ્વલંત સિદ્ધિ મળતાં 'ગુજરાત કૉલેજ'માં સામેથી પ્રવેશ મળી ગયો. મેરિટ સ્કૉલરશીપ પણ મળી. ગણિતમાં ૩૦૦માંથી ૨૯૮ માર્ક્સ મળતાં 'પ્રૉફેસર સ્વામિનારાયણ સુવર્ણ ચંદ્રક' પણ પ્રાપ્ત થયો. કૉલેજની હૉસ્ટેલમાં જ પ્રવેશ મેળવી અભ્યાસ શરૂ કર્યો.

સ્વામીશ્રીની આજ્ઞાને કારણે હૉસ્ટેલમાં સ્વતંત્ર જીવન હોવા છતાં નાટક-સિનેમા ન જોવાં, બજારમાં-હૉટેલમાં ખાવું-પીવું નહિ વગેરે શ્રીજીમહારાજની મર્યાદાઓનું ચુસ્તપણે પાલન કરતા. હૉસ્ટેલમાં સહાધ્યાયીઓ ઘણીવાર સિનેમા જોવા સાથે

સ્વાગત કર્યું. સ્વામીશ્રીએ મંદિરમાં તથા અક્ષર દેરીમાં દર્શન કર્યાં. મંદિર સમગ્રપણે, સુંદર પ્રવેશદ્વારો ગોઠવી તથા તોરણોથી અદ્‌ભુત સજાવવામાં આવ્યું હતું. ૮ થી ૧૦ હજાર હરિભક્તોના વિશાળ સમૂહ સાથે શરદ પૂનમનો ઉત્સવ સ્વામીશ્રીના સાંનિધ્યમાં અદ્વિતીય રીતે ઊજવાયો. છ માસ બાદ અહીં સૌએ સ્વામીશ્રીનાં દર્શન-સમાગમનો તથા નવા વર્ષના આશીર્વાદનો લાભ લીધો.

✧

સ્વામીશ્રીના વિદેશ પ્રવાસ દરમ્યાન એમની આજ્ઞાથી દેશમાં પ્રમુખ-

---

આવવા આગ્રહ કરે. વિદ્યાર્થીઓ સૌ ભેગા મળી રણછોડભાઈને ખૂબ સમજાવે, પ્રયત્ન કરે, પણ તેઓ અફર રહેતા. ઘણીવાર તો એવું બનતું કે તેમને આગ્રહ કરવામાં - મથામણમાં એટલો સમય વીતી જતો કે સિનેમાના શૉનો સમય પણ મિત્રો ચૂકી જતા. સ્વામીશ્રીની આજ્ઞાથી તેઓ શનિવારની યુવક સભામાં પણ નિયમિત મંદિરે ચાલીને આવતા ને ચાલીને જ પાછા જતા. રસ્તામાં કોઈ મિત્રો મળે તો તેમને પણ અવશ્ય સત્સંગ સભામાં ખેંચી જતા.

સ્વામીશ્રી જ્યારે અમદાવાદ મંદિરે પધારતા, ત્યારે તેઓ મંદિરમાં ઘણીવાર રાત્રિ-રોકાણ પણ કરતા. રાત્રે કથા અને સ્વાભાવિક ચેષ્ટા પછી મંદિરના બંગલાની અગાશીમાં યુવકોને સ્વામીશ્રી ત્યાગ-વૈરાગ્યની વાતો કરતા, તેનો લાભ પણ તેઓ લેતા. આમ, સ્વામીશ્રીની નજીક આવવાનું થતું. એકાદશી અને રામનવમીના નિર્જળ ઉપવાસ પણ સ્વામીશ્રી આપતા. ક્યારેક ઊલટી થાય પણ ઉપવાસ તોડે નહિ. એમ આજ્ઞાપાલનથી વિશેષ બળ મળતું ગયું.

ઈન્ટર સાયન્સના સારા પરિણામથી અમદાવાદ એલ.ડી. એન્જિનિયરીંગ કૉલેજમાં પ્રવેશ મળી ગયો હતો. કુટુંબીઓની ઈચ્છા પણ અમદાવાદમાં રહીને જ અભ્યાસ કરે - એવી હતી. પણ સ્વામીશ્રીએ મુંબઈ ભણવા જવાની આજ્ઞા કરી અને રણછોડભાઈની પોતાની ઈચ્છા પણ સારો અભ્યાસ થાય એ હેતુથી મુંબઈ જવાની હતી. જૂન ૧૯૫૮માં ડૉ. પુરુષોત્તમભાઈ પોતાના નાનાભાઈ રણછોડભાઈને મુંબઈ ભણવા જતા હોવાથી અમદાવાદ સ્ટેશને મૂકવા આવેલા. એ જ ટ્રેનમાં નટવરભાઈ પટણી પણ પોતાના ચિરંજીવી નારાયણભાઈ(વિવેકસાગર સ્વામી)ને મૂકવા આવેલા. નારાયણભાઈ પણ અભ્યાસાર્થે મુંબઈ જઈ રહ્યા હતા. રણછોડભાઈ તથા નારાયણભાઈએ મુંબઈમાં વી.જે.ટી.આઈ. એન્જિનિયરીંગ કૉલેજમાં ટેક્ષ્ટાઈલ વિભાગમાં સાથે પ્રવેશ મેળવ્યો. હૉસ્ટેલમાં પણ સાથે રહ્યા. મુંબઈમાં સત્સંગનો ને સ્વામીશ્રીનો યોગ વધુ સાંપડતાં લૌકિક અભ્યાસ છોડી દઈ અલૌકિક અભ્યાસ શરૂ કરવાનો નિર્ણય પણ એમણે સાથે જ લીધો. હર્ષદભાઈ દવેને ત્યાં પણ સાથે જ રહ્યા અને સાધુ થઈ વાચસ્પતિ સુધીનો અભ્યાસ પણ સાથે જ કર્યો.

સ્વામીના નેતૃત્વ નીચે અટલાદરામાં એક સુંદર શિબિરનું આયોજન તા. ૨૩-૫-'૫૫ થી તા. ૨૯-૫-'૫૫, સાત દિવસ સુધી થયું હતું. જુદાં જુદાં યુવક મંડળોમાંથી ૨૨૬ યુવકોએ ભાગ લીધો હતો. ૧૫ જેટલા સંતો તથા સંપ્રદાયના ૨૪ જેટલા જૂના અનુભવી વડીલ હરિભક્તો પણ આવ્યા હતા.

તા. ૨૩મીએ પ્રમુખસ્વામીના વરદ હસ્તે શિબિરનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું અને મંદિરનાં પગથિયાંના પાયાના ખોદકામથી શ્રમયજ્ઞનો આરંભ થયો હતો. યુવકોએ છ દિવસના ટૂંકા ગાળામાં આ પાયાનું કામ પૂરું કર્યું તથા તળાવનું ખોદકામ કરી મંદિરને ફરતા મોટા ખાડાઓનું પૂરણ કર્યું. વળી, એક રસ્તો પણ બનાવ્યો હતો. જો કે આ શ્રમ-શિબિરમાં વયોવૃદ્ધ ભક્તરાજ રામચંદ્રકાકાએ યુવાનને શરમાવે એવી અથાગ સેવા કરી હતી.

આ શિબિરમાં પધારેલા વડીલ હરિભક્તો અર્જુનભાઈ, ખેંગારજીભાઈ, ચંપકભાઈ, શંકરલાલ ઠાકર, હર્ષદભાઈ, મણિભાઈ ભટ્ટ, મગનભાઈ સેક્રેટરી, કાનજીભાઈ સોની, આશાભાઈ વગેરેએ વિવિધ વિષયો પર જ્ઞાનપૂર્ણ માહિતી-સભર પ્રવચનો આપ્યાં હતાં અને યુવકોને તેમના અનુભવનો સુંદર લાભ મળ્યો હતો. એક જ પ્રસંગે સંપ્રદાયના વિદ્યમાન તમામ મોટેરા હરિભક્તોનો લાભ દુર્લભ ગણાય. તે પ્રાપ્ત થતાં યુવકોમાં અનેરો ઉત્સાહ વ્યાપ્યો હતો. બળવંત ભટ્ટ, દીનુભાઈ અમીન, બળવંતરાય બ્રહ્મભટ્ટ વગેરેએ યુવક-પ્રવૃત્તિ અંગે માર્ગદર્શન આપ્યું હતું. યુવકોના પ્રતિનિધિ રૂપે કિશોરભાઈ દવે, ડૉ. રમણભાઈ પટેલ, વલ્લભભાઈ રાજુલાવાળાએ પણ સુંદર વક્તવ્યો રજૂ કર્યાં હતાં.

પ્રમુખસ્વામીના નેતૃત્વ નીચે સંતસ્વામી, કોઠારી અક્ષર સ્વામી વગેરે સંતોની હૂંફમાં અલૌકિક શિબિર યોજાઈ ગઈ. સ્વામીશ્રીની ઈચ્છા મુજબ, યુવક મંડળોમાં ખૂબ જ જાગૃતિ આવી.

ગુણ ગાવા અને ભીડો વેઠવો એ જ સેવા

એકાદશીથી પૂનમ સુધી સ્વામીશ્રી રોજ સવારે મંગળા અને શણગાર વચ્ચે કથા કરતા. શણગાર આરતી પછી યુવક મંડળો તરફથી સ્વામીશ્રીને 'ગુરુપ્રણામ' અર્પવાનો કાર્યક્રમ થતો અને સ્વામીશ્રી મંગળ પ્રવચનમાં યુવકોને સંબોધતા :

'આફ્રિકા દેશમાં મહારાજ, સ્વામી અને શાસ્ત્રીજી મહારાજના પ્રતાપે સત્સંગ ઘણો વધ્યો છે. હજુ પણ વધશે. ગામડે ગામડે સ્વામિનારાયણ મંદિરો થશે. મહારાજ અને સ્વામી રાજી રાજી થશે. આ કાર્ય ફક્ત સેવાથી થાય છે. એ સેવા

ભગવાન તથા ભગવાનના ભક્તના ગુણ ગાવા અને તેમનો ભીડો વેઠવો એ જ છે.

'આપણું મોક્ષરૂપી કામ આળસ અને અજ્ઞાનમાં ન બગડે તેવી કાળજી રાખવી. આળસનો ત્યાગ કરી સવારે વહેલા ૪ વાગે ઊઠવું. જૂનાગઢમાં એવો રિવાજ કે સૌ સંતો તથા હરિભક્તો ૩ વાગે ઊઠી જાય. જો કોઈ ૪ વાગ્યા સુધી સૂઈ રહે, તો તેને માથે સાવરણો પડે. એમ મોટા સંતો પ્રભુ ભજાવવામાં બહુ જ કાળજી રાખતા.

'નિષ્કુળાનંદ સ્વામીએ લખ્યું છે, *'મિટ ગયા સર્વે ચાળા.'* તે ચાળા શું ? એવા સંતપુરુષોના સંબંધથી આપણા અવળા સ્વભાવ સવળા થાય ત્યારે ચાળા મટ્યા કહેવાય. એવો સમાગમ થાય ત્યારે અવયવ ફરી જાય.

'એક પટેલ બહુ મજબૂત ને ડિલમાં જાડા હતા. પાંચ માણસને એકલે હાથે ઠેકાણે કરે એવા. તે ઢોર લઈને ગિરમાં રહેવા ગયા. તે ચોમાસાનું પાણી એવું લાગી ગયું કે તાવ ભરાણો ને શક્તિ ન રહી. પાશેરની વાડકીએ ન ઉપાડાય. ને હાથ-પગ દોરડી થઈ ગયા. પેટ ફૂલી ગયું. એમ અવયવો ફરી ગયાં.

'એક દી' એનાં બૈરાં પાણી ભરવા ગયાં, તે કૂતરું હાંકવાનું કહેતાં ગયાં અને લાકડી આપી. થોડીવારમાં કૂતરું આવ્યું, ઝૂંપડી ખુલ્લી જોઈ એટલે અંદર આવી ઘંટીના થાળામાંથી લોટ ખાવા મંડી પડ્યું. પટેલ લાકડીથી બીક બતાવે તો કૂતરું જાય. પણ હાથેથી લાકડી ઉપાડવાનીય શક્તિ નહીં. તેથી મોઢેથી કહે : 'હડ રે હડ, મારા ઘરનું માણસ આવશે તો તારી કેડ ભંગાવીશ.' પણ તે ક્યારે આવે ને ક્યારે કેડ ભંગાવે ? કૂતરું તો બશેર લોટ ખાઈને વયું ગયું. આવું પાણી લાગી ગયેલું.

'આમ, સત્સંગનું પાણી લાગી જાય તો નિર્દોષ થઈ જવાય. વિચારો બદલાઈ જાય અને જીવન શાંતિમય થઈ જાય.

જેમ ગીરનું સેવન કોઈ કરે, તેના અવયવ સરવે ફરે,
તેમ સ્વામીની સેવાએ કરી, તેના અવયવ જાય છે ફરી.

'શાસ્ત્રીજી મહારાજનો અમે સમાગમ કરતા ત્યારે સંકલ્પ બધા બંધ થઈ જતા અને અંતરમાં ટાઢું રહેતું. એવા પુરુષને રાજી કર્યા હોય ત્યારે મહારાજ રાજી થયા કહેવાય.

'સર્વ સંકલ્પને પડ્યા મૂકવા એટલે શું ? સંકલ્પ તો થાય, પણ તેમાં આપણે જ્યારે ન ભળીએ ત્યારે સંકલ્પ પડ્યા મૂક્યા કહેવાય. મોટા વાતો કરતા હોય અને સંકલ્પનો ધોધ અંતરમાં વહેતો હોય, ત્યારે મોટાની વાતો અંતરમાં

ઠરે નહિ. પણ સંકલ્પના પ્રવાહને રોકીએ તો શાંતિ થાય.

'ભક્તના મનોરથ ભગવાન પૂરા કરે છે. એ મનોરથ મોક્ષના, પણ સકામ - આ લોકના નહિ, એ સમજી રાખવું. *'સકામ ભક્તની શ્રીહરિ, સેવા પરહરે દૂર;'* ઊલટી સકામભાવથી સેવા કરી હોય, તે સેવાને ભગવાન દૂર કરી દે છે.

'સંપ, સંગઠન, સુહૃદભાવ, ઉપાસના અને આજ્ઞા – આ પાંચ સિદ્ધાંતો ઉપર બધાં જ શાસ્ત્રો બંધાયાં છે. એ પાંચે વાત મોટાપુરુષને આધારે રહી છે. માટે એવા મોટા એ તો સાક્ષાત્ શાસ્ત્રરૂપ છે. ગુણાતીતાનંદ સ્વામી વંથળી પધાર્યા ત્યારે ત્યાંના હરિભક્તો બીજાને વાતો કરતા કે અમારે ત્યાં બોલતું-ચાલતું ભાગવત આવ્યું છે. તેથી લોકોને આશ્ચર્ય થયું કે આ શું હશે ? એટલે બધાય મંદિરમાં આવ્યા ત્યારે હરિભક્તોએ કહ્યું કે 'અમારા સ્વામી છે. તેમની વાણી એ જ પરાવાણી છે. શાસ્ત્રમાત્ર તેમના આધારે રહ્યાં છે. તેમાં અંતરના પડદા તૂટી જાય છે.'

શનિવાર, તા. ૨૯-૧૦-'૫૫ની રાત્રે મુંબઈ યુવક મંડળ તરફથી અક્ષર-પુરુષોત્તમનો સિદ્ધાંત ચર્ચતો સંવાદ 'સત્ય દર્શન' ભજવાયો હતો, જેના મૂળ લેખક મહેળાવના નારાયણભાઈ મહીજીભાઈ હતા. તથા કિશોરભાઈ દવે રચિત 'પામરમાંથી મુમુક્ષુ'નો સંવાદ મુંબઈ બાળ મંડળે સફળતાપૂર્વક ભજવ્યો હતો. સમૈયામાં આવેલા હજારો હરિભક્તો આ બંને સંવાદ નિહાળી બહુ જ રાજી થયા. સંતો તથા સ્વામીશ્રીએ પણ પ્રસન્નતા વ્યક્ત કરી હતી.

સંપ્રદાયમાં સૌ પ્રથમ વાર જાહેરમાં સંવાદ ભજવાયા. સ્વામીશ્રીને નાટક-ચેટક પસંદ નહિ, તેથી સંવાદ ભજવવાનું કહેતા; જેમાં વેશભૂષા કે બીજા ચેનચાળા ન હોય, સાદી વેશભૂષામાં જ્ઞાનની કે પ્રસંગની શિષ્ટ ચર્ચા કે વાર્તાલાપ જ હોય. એ જ એમને ગમતું. એમની પાસે કોઈ ખોટા ચેનચાળા કરે તો નારાજ થઈ જતા અને પ્રાયશ્ચિત્તરૂપે ઉપવાસ કરાવતા.

યોગીજીની છબિ-છાયામાં

મૂળ ઉમરેઠના અને કોઈમ્બતૂર રહેતા વિષ્ણુભાઈ ભટ્ટ, મેટલર્જીકલ એન્જિનીયરીંગ કર્યા પછી ભારતની ટેલ્કો કંપનીમાં મેલ્ટીંગના નિષ્ણાત તરીકે સેવા આપતા હતા તેમની કુશળતા અને બુદ્ધિ જોઈ તેમને ફાઉન્ડ્રી ટ્રેઈનીંગ માટે જર્મની, ફ્રાન્સ, ઇંગ્લેન્ડ, સ્વીટ્ઝરલેન્ડ, બેલ્જિયમ વગેરે યુરોપના દેશોમાં બે વર્ષ માટે મોકલવામાં આવ્યા હતા.

તેઓ ઇંગ્લેન્ડમાં જૂનથી નવેમ્બર માસ દરમ્યાન લેચવર્થ (Latch

worth) પાસે આવેલા ક્રેઈન એન્ડ ડે'(Krein and deigh)ના કારખાનામાં જોડાયા હતા. તેમના કામ શીખવાના ઉત્સાહ અને ધગશ જોઈ કંપનીના ચીફ મેટલર્જીસ્ટ મિ. ક્રેન્ક શૉ (Crank shaw) વિષ્ણુભાઈથી ઘણા જ પ્રભાવિત હતા. તેઓ મેલ્ટીંગના ઘણા અનુભવી હતા અને દક્ષિણ આફ્રિકામાં મોટી ભઠ્ઠીઓમાં તેમણે કામ કરેલું. એ દરમ્યાન તેમને હિન્દુ સંસ્કૃતિ વિષે પરિચય મળ્યો હતો.

આ ૬૨ વર્ષના જૈફ અને વિધુર મિ. ક્રેન્ક શૉને વિષ્ણુભાઈ સાથે ખૂબ આત્મીયતા. અને વિષ્ણુભાઈ પણ તેમને દિવસમાં એક વાર તો અવશ્ય મળતા જ.

ઑક્ટોબર માસના એક બુધવારે તેઓ કારખાનામાં ન આવ્યા. વિષ્ણુભાઈએ વિચાર્યું કે કાંઈક કામ આવી પડ્યું હશે. તેથી તપાસ ન કરી. પણ ગુરુવારે પણ ન આવ્યા તેથી શુક્રવારે ઘરનું સરનામું લઈ તપાસ કરી. વિષ્ણુભાઈએ જોયું કે આ વડીલ જરૂર કોઈ મોટી મુઝવણમાં છે. વિષ્ણુભાઈને જોઈ મિ. શૉ પણ ખુશ થયા, આવકાર આપ્યો, પણ હૃદયની વેદના અછતી નહોતી રહેતી. વિષ્ણુભાઈએ નિખાલસતાથી પૂછી લીધું : 'આપ કાંઈ મુઝવણમાં છો ?'

'હા, મિ. ભટ્ટ !' મિ. શૉએ ખુલ્લા દિલે પોતાની મુઝવણ કહેવા માંડી : 'મારી ૧૯ વર્ષની દીકરી તેને અયોગ્ય એવા યુવાન સાથે જ પરણવાની જીદ લઈને બેઠી છે. દીકરી સુખી થાય તેથી તો મેં બીજાં લગ્ન પણ નહોતાં કર્યાં. પણ આજે એ મારું કહ્યું માનતી નથી. કહે છે કે આવતે અઠવાડિયે ચર્ચમા જઈને અમે લગ્ન કરી લઈશું. હવે આ દુઃખ કોને કહેવું ?'

એક પ્રેમાળ પિતાની વ્યથા વિષ્ણુભાઈ સમજ્યા. તેમના સાંત્વન ખાતર શ્રદ્ધાથી અને નિષ્ઠાથી તેમણે પોતાના પાકીટમાં સદાય રહેતો યોગીજી મહારાજનો ફોટો કાઢ્યો અને મિ. શૉને આપીને કહ્યું : 'આ મારા ગુરુ છે. તમારું દુઃખ અવશ્ય દૂર થશે.'

મિ. શૉ ફોટો જોતાં જ બોલી ઊઠ્યા : 'His eyes are smiling!' ('તેમની આંખો હસે છે !')

આ નિર્દોષ પુરુષની નિર્દોષતા તેને કોણ કહેવા ગયું હતું ? હજુ પહેલી જ વારનાં દર્શને તેના ઉદ્દગારો એવા ભક્તિથી નીકળ્યા કે સ્વામીશ્રીના અલૌકિક અને માયાપર નિર્દોષ વ્યક્તિત્વનો વિષ્ણુભાઈને અનુભવ થયો. તેમને ખૂબ આશ્ચર્ય થયું અને કહ્યું કે 'આ ફોટો તમારી પાસે જ રાખો. ભગવાન બધું સારું કરશે.'

આ પછી ત્રણ દિવસ વીતી ગયા. મંગળવારે તેઓ કારખાને આવ્યા અને તરત જ વિષ્ણુભાઈને પોતાની ઑફિસમાં બોલાવ્યા ને કહ્યું : 'Bhatt! a

miracle has happened! My daughter has changed her idea of marriying that boy.' ('મિ. ભટ્ટ ! એક ચમત્કાર બની ગયો ! મારી દીકરીએ પોતાનો નિર્ણય બદલ્યો ! હવે તે યુવાન સાથે લગ્ન નહીં કરે !')

મિ. શૉના મુખ પર આનંદ અને સંતોષ ઝળકી રહ્યાં હતાં. વિષ્ણુભાઈએ કહ્યું : 'આ મારા ગુરુનો પ્રતાપ છે.'

ખરેખર સાચા હૃદયથી કરેલી પ્રાર્થના ક્યારેય નિષ્ફળ નથી હોતી, અને મહાપુરુષની દયા પોતાના આશ્રિતો સુધીની જ સીમિત નથી હોતી એ સત્યનું વિષ્ણુભાઈને દર્શન થયું. એક છબીમાં રખાયેલી શ્રદ્ધાની અને દૂર દેશમાં વસતા સ્વામીશ્રીની ઐશ્વર્ય-શક્તિની વાત કહેતાં એ ગોરા જૈફ મિ. શૉ ક્યારેય થાકતા નહીં. અને જીવનભર એ યોગીજીની હૂંફ એમણે એ છબીમાંથી જ મેળવ્યા કરી અને જીવન કૃતાર્થ કર્યું.

સિદ્ધાંત મુજબ વર્તનથી આશીર્વાદ ફળશે

રવિવાર, તા. ૩૦-૧૦-'૫૫, શરદ પૂર્ણિમા, અક્ષર જન્મોત્સવની વહેલી સવારે સ્વામીશ્રીએ મંગળ પ્રવચનમાં યુવકોને સંબોધતાં કહ્યું :

'આજે આપણે એવો સંકલ્પ કરો કે આખા સત્સંગમાં નિર્દોષબુદ્ધિ કાયમ સર્વેને રહે. નિયમ-ધર્મ સર્વેએ બરાબર પાળવા. યુવકોએ યથાર્થ વર્તવું. કુસંગની સોબત ન કરવી. ભક્તચિંતામણિનું દજમું ફગવાનું પ્રકરણ સર્વેએ કંઠે કરી લેવું. તેમાંથી નિર્દોષબુદ્ધિ સિદ્ધ થઈ જશે, બહુ બળ આવશે. આશીર્વાદ તો ઘણા દીધા છે અને હજુ પણ દેશું, પણ સિદ્ધાંત મુજબ વર્તનમાં જ્યારે ઉતારીશું ત્યારે આશીર્વાદ ફળશે. નહિ તો આશીર્વાદ નેવે મૂકવા જેવું થશે. આજે આ બધા હરિભક્તોની સેવા કરવી. આવી સેવા ભગવાન અને ભગવાનના ભક્તની, બહુ જ મોટા પુણ્યવાળાને મળે છે, પણ થોડા પુણ્યવાળાને નથી મળતી.

'ત્રણ વાત સમજવાની છે : (૧) ભગવાન અને તેમના ભક્તમાં નિર્દોષ-ભાવ (૨) નિયમ-ધર્મ અને (૩) ઉપાસના. ઉપાસનામાં ભગવાનને સાકાર, સર્વોપરી, કર્તા અને પ્રગટ સમજવા. આ વાત દરેકને સમજાવવી. એથી આપણી મોટપ છે. બીજું ધર્મે કરીને મોટપ છે પણ હાથીએ બેસવાથી કે હાર પહેરવાથી નથી, અપમાન થાય એ સહન કરવામાં છે. બધે દિવ્ય દૃષ્ટિ થવી જોઈએ. સમૈયામાં આપણે આવ્યા હોઈએ, ગોદડું મળે - ન મળે પણ મૂંઝાવું નહીં. કોઈ કજિયો કરવો નહિ. આપણાં ધન્ય ભાગ્ય માનવાં કે આ અક્ષર દેરીની રજ

ક્યાંથી ? આ સમૈયામાં આવો લાભ મળ્યો ! એવાં ધન્ય ભાગ્ય માનવાં.

'માટે જો અમારાથી કાંઈ ઓછું થયું હોય તો અમને માફ કરશો, પણ અભાવ-અવગુણ લેશો નહિ. બધે દિવ્યભાવની વાત કરવી, તો સત્સંગ ઘણો જ વધશે.'

આ પછી યુવક મંડળનો વિજયધ્વજ ફરકાવવામાં આવ્યો.

રાત્રે ૯-૩૦ વાગે અક્ષર જન્મોત્સવની સભા શરૂ થઈ. ચંદુભાઈ વિદ્યાધિકારી, પાળિયાદ મહંત ઉન્નડખાચર તથા ચલાલા મહંત વગેરે મહાનુભાવો આવ્યા હતા. મોહનભાઈ અજાગિયાના પ્રવચન પછી આફ્રિકાનો એક સરસ અનુભવ એક હરિભક્તે રજૂ કર્યો :

'સ્વામીશ્રી બહુ જ ઓછું બોલે છે, પણ તેમાં ઘણું કહી નાંખે છે તે તેમની વિશિષ્ટતા છે. મોમ્બાસામાં નગરયાત્રાની વ્યવસ્થામાં એક અંગ્રેજ પોલીસ અમલદારને સ્વામીશ્રીએ પોતાના કંઠમાંથી હાર કાઢી પહેરાવ્યો. તેના મનમાં એટલો બધો આનંદ થયો કે નગરયાત્રામાં સ્વામીશ્રીની ગાડી પાસેથી ખસે જ નહિ. એમની સામું વારે વારે જુએ અને કહે : 'આ બહુ મોટા માણસ છે.' સ્વામીશ્રી આગળ સ્વાભાવિકપણે જ તેનાથી હાથ જોડાઈ ગયા. નહિ તો એ લોકો હાથ જોડવામાં સમજે નહિ. સ્વામીશ્રીએ તેને વાંસામાં થાપો મારી આશીર્વાદ આપ્યા, જેને પરિણામે તેને પ્રમોશન મળ્યું. આસિસ્ટન્ટ કમિશનર થયા. આફ્રિકામાં છ માસમાં જે સત્સંગનું કાર્ય થયું, તે બીજાથી છ વર્ષે પણ ન બને એટલો અદ્‌ભુત પ્રચાર થયો.'

'અખંડ અહોહોપણું રાખવું'

ચંપકભાઈ શેઠ તથા ખેંગારજીભાઈનાં પ્રવચનો પછી સ્વામીશ્રીએ સુંદર વાતો કરી : 'આજે સ્વામીનો જન્મદિવસ છે. તે અનાદિ બ્રહ્મ છે. તો તેમના સંગે આપણે બ્રહ્મરૂપ થવાનું છે. તેમના સાધર્મ્યપણાને પામેલા સંત વિચરણ કરતા હોય અને રાત-દિવસ આપણે ભેગા રહીએ પણ અહોહોપણું આવતું નથી, પરંતુ જો સ્વપ્નમાં દર્શન દે તો 'અહો, અહો' થઈ રહે. માટે અખંડ દિવ્યભાવ એવા સત્પુરુષમાં રાખવો અને એમ મહિમા સમજવો કે દેહ મૂકીને જેને પામવા છે તે તો દેહ છતાં જ મળ્યા છે. માટે સમાગમ અખંડ કરવો, તો જ અવયવ ફરશે.'

મોટાસ્વામી, પ્રમુખસ્વામી વગેરેનાં પ્રવચનો થયાં. સાથે સાથે પાંચ આરતીઓ પણ થઈ. દૂધ-પૌંઆનો પ્રસાદ વહેંચાયો. ૧૨-૩૦ વાગે સભા

વિસર્જન થઈ.

આ ઉત્સવની વિશેષતા એ હતી કે આફ્રિકાથી જ સ્વામીશ્રીનો બળવંતભાઈ બ્રહ્મભટ્ટ પર પત્ર આવ્યો હતો કે 'યુવક મંડળીએ સંપૂર્ણ વ્યવસ્થા કરવી. ગામોગામ પત્રો લખી ૨૦૦ સ્વયંસેવકો સમૈયામાં વ્યવસ્થા જાળવવા તૈયાર કરવા.' તે મુજબ જ સર્વે વ્યવસ્થા યુવકોએ સંભાળી હતી.

વલ્લભભાઈના નેતૃત્વ નીચે રાજુલા મંડળે અગાઉથી આવીને રાવટીઓ, તંબુઓ, પાયખાનાં તથા મંડપો બાંધવાની શ્રમપૂર્ણ જવાબદારી બજાવી હતી. પીરસવાની સેવામાં બાબુભાઈ પુરુષોત્તમદાસ સાથે આણંદ તથા ગાના મંડળો હતાં. રસોડાની વ્યવસ્થામાં રણછોડભાઈ વાડીવાળા તથા ઈશ્વરભાઈ, સ્વચ્છતાની વ્યવસ્થામાં ડૉ. મધુભાઈ તથા રમેશ દલાલ સાથે યુવકો, સુશોભનમાં મારી સાથે બદલપુરના રામજી ભગત હતા. સુંદર પ્રવેશદ્વારો, કમાનો અને તોરણોથી મંદિર અને પ્રાંગણ સજાવ્યાં હતાં. સંવાદો અને સાંસ્કૃતિક કાર્યક્રમોમાં કિશોરભાઈ દવે સાથે મુંબઈ યુવક મંડળ મોખરે હતું. સલામતી વ્યવસ્થામાં જયંતીભાઈ કોઠારી તથા શાંતિભાઈ શાહ સાથે યુવકો હતા. સ્વાગતની જવાબદારી હકા બાપુએ સંભાળી હતી. પૂછપરછમાં બળવંત ભટ્ટ સૌને માહિતી આપતા હતા, સાથે કાંતિભાઈ શાહ સંપૂર્ણ મદદમાં હતા.

દરેકના ખૂબ જ પરિશ્રમ, ખંત તથા સહકાર અને સહૃદયતાને કારણે આ વખતનો સમૈયો અદ્‌ભુત રીતે દીપી ઊઠ્યો હતો. દસ હજાર જેટલા હરિભક્તોની વ્યવસ્થા સ્વામીશ્રીના આશીર્વાદથી સુંદર રીતે જળવાઈ હતી. સૌ હરિભક્તો ઉપર યુવકોના કાર્યની સુંદર છાપ પડી. અટલાદરા શિબિરમાં મળેલી તાલીમ અહીં સૌને ઘણી જ ઉપયોગી નીવડી હતી.

કોઠારી વાસુદેવ સ્વામી, દાજી બાપુ, છગનભાઈ, રાય સાહેબ, છોટુભાઈ વકીલ વગેરેનો સહકાર સંપૂર્ણ મળ્યો હતો.

આ પ્રસંગે સંતોની હાજરીમાં યુવક મંડળની કાર્યવાહી અંગે મિટિંગો થઈ હતી અને ભવિષ્યના કાર્યક્રમો અંગે ઠરાવો થયા હતા. ખેંગારજીભાઈ, હર્ષદભાઈ, દીનુભાઈ અમીન, બળવંતભાઈ ભટ્ટ તથા બળવંતરાય બ્રહ્મભટ્ટ વગેરે સભ્યોએ આગામી કાર્યક્રમો ઘડી કાઢ્યા હતા.

ગામડાંનાં બાળકોને સંસ્કાર-પ્રેરણા

સમૈયાના બીજે દિવસે સ્વામીશ્રીએ ઝમરાળાના જીવાભાઈને આજ્ઞા કરી :

'તમારી સાથે આવેલા બધા છોકરાઓને ભેગા કરો. આપણે તેમને નાહવાના નીમ આપવા છે.'

જીવાભાઈ સૌ બાળકોને લઈને આવ્યા. સ્વામીશ્રીએ તેમને સમજાવ્યું કે 'આપણે સત્સંગી છીએ તો સૌએ નાહીને જ પૂજા કરવી.' એમ કહી સ્વામીશ્રી પોતાની સાથે બધા બાળકોને નાહવાના નળ પાસે લઈ ગયા અને એક એક લોટો પાણી તેમના ઉપર રેડ્યું. પછી કહે : 'હવે નાહી લ્યો.'

જીવાભાઈ તો આ જોઈ જ રહ્યા. પછી તેમને બધાની સોંપણી કરીને સ્વામીશ્રીએ કહ્યું કે 'બધાને દેરીમાં લાવજો.'

આ પણ ઉપદેશ આપવાની સ્વામીશ્રીની એક આગવી રીત હતી. કાઠિયાવાડમાં મોટા લોકો પણ જ્યાં નાહતા ન હોય ત્યાં બાળકો ક્યાંથી નહાય ? પરંતુ વિશેષ વાત ન કરતાં સ્વામીશ્રીએ જાતે જ બાળકોને સ્નાન કરાવી, કાયમને માટે આજ્ઞામાં પ્રેર્યા. આટલા મોટા સમૈયામાં, આવી માનવ-મેદનીમાં સ્વામીશ્રી ગામડાંનાં બાળકોને પણ ભૂલ્યા નહીં. વળી, બાહ્યશુદ્ધિનું મહત્ત્વ તેમના જીવનમાં દૃઢ કરાવ્યું.

જેને જેમ ઘટે તેમ સ્વામીશ્રી જીવનને ઊર્ધ્વ કરતા ઉપદેશો કહેતા. વડીલોની સભા ભરાય ત્યારે સ્વામીશ્રીની વાતોનો રંગ કંઈક આવો રહેતો :

'ખરેખરા એકાંતિક હોય તે ૨૪ કલાક કથાવાર્તા જ કરે. તે સિવાય એક મિનિટ પણ જાય નહિ. જગત જ નહિ, એવો હોય તે મહારાજની આજ્ઞા સહેજ પણ લોપે નહિ. અધર્મ પણ સહેજ પણ ન કરે. જગતની ગંધ પણ ન હોય. ભગવાન વિના બીજો સંકલ્પ પણ ન કરે. ધામ, ધામી અને મુક્ત સિવાય બીજે મન જાય નહિ. સુહૃદપણું, નિર્દોષબુદ્ધિ અખંડ રહે. આસક્તિ રહિત અંતઃકરણ થાય ત્યારે ભગવાન સિવાય બીજો શબ્દ ન નીકળે. અખંડ આનંદના ફુવારા છૂટે એ બ્રહ્મની સ્થિતિ.'

વચનામૃત લો. ૩માં મહારાજે પાકા હરિભક્તોની પરીક્ષા લીધી તે વાત આવી. એટલે કાનજીભાઈ કહે : 'એવી પરીક્ષા લેશો મા.'

સ્વામીશ્રી કહે : 'પરીક્ષા તો લેવાઈ ગઈ છે. કાગળ પણ લખ્યો હતો, તે કોઈ આવ્યા જ નહિ. પરીક્ષા આપવી હોય તો તેને કહેવું જ પડે. પરીક્ષામાં પાસ થવું હોય તો પાકા થવું જ પડશે. નહિ તો શું મોક્ષ ઉધારે પડ્યો છે ? દાદાખાચરે સર્વસ્વ આપી દીધું. ખરી પરીક્ષા લે અને પાસ થાય ત્યારે ખરું. આ તો પંપાળીને રાખીએ છીએ. એની મરજી પ્રમાણે વરતીએ છીએ.

'ઉકાખાચરના જેવું સેવાનું અંગ બંધાય ત્યારે સાચું. શું તે પાસે ઊભા રહેતા ? પાસે બેસતા ? ના, દૂર જ રહેતા. પાસે તો આવતા જ નહિ. એ સાચી સેવા. આ તો પાસે ઊભા રહે અને સેવાનો દેખાવ કરે. પાસેથી ખસે જ નહિ. ગ.મ. ૨૫ વચનામૃત સિદ્ધ કરવું પડશે. વગર કહે દૂર રહી સેવા કરે ત્યારે ખરો. સંતની સેવા અખંડ કરી હશે; વઢ્યા હશે; અપમાન થયું હશે; તોપણ સહન કર્યું હશે ત્યારે નામ લખાયાં.

'આજ્ઞા શું ? નાનાં-મોટાં વચન પાળવાં. પોતાના આત્માને બ્રહ્મ માનવો. શબ્દ ન લાગવો જોઈએ. સેવા કરવી, બળ રાખવું. બળ ન હોય તો પ્રમાદ થાય, મન શુષ્ક પડી જાય. જેવું ઉકાખાચરને હતું તેવું સેવાનું વ્યસન પાડવું. સેવાનો દેખાવ ન કરવો. ક્ષણમાત્ર પણ, આંખ મીંચીને ઉઘાડીએ એટલી વાર પણ સેવા વિના ન રહેવાવું જોઈએ. નિર્માનભાવથી સેવા કરવી, પણ યુક્તિ ન કરવી. વારે વારે કામ ચીંધવું પડે તેવું ન કરવું. એક વખત જાણી લીધું, પછી એ પ્રમાણે દૃઢતા રાખી સેવા ઉપાડી લેવી.

'અક્ષરધામમાં રહેવાનો સ્વભાવ તે શું ? આ સભા અક્ષરધામની છે, તે અહીં કથાવાર્તા સાંભળવાનો ઇશક રાખવો. અહીં ભીડો વેઠવો. જેમ-તેમ, જેવું-તેવું, જ્યારે-ત્યારે ચલાવી લેવું. સ્વભાવ શું ? પ્રકૃતિ. ક્રોધની, માનની વગેરે મોક્ષના માર્ગમાં નડે. એ કાઢી નાંખીએ ત્યારે સભામાં બેસાય.'

✧

તા. ૫-૧૧-'૫૫, સ્વામીશ્રી અને સંતો નામદાર મહારાજા કૃષ્ણકુમારસિંહજીના આગ્રહથી ભાવનગર પધાર્યા હતા. મહારાજા સાહેબના મહેલમાં સ્વામીશ્રીની પધરામણી થઈ. એક કલાક સુધી સ્વામીશ્રીએ રાજકુટુંબને કથા-કીર્તનનો લાભ આપ્યો. બીજે દિવસે સાંજે સ્વામીશ્રીનો સત્કાર સમારંભ ટાઉનહૉલમાં મહારાજા કૃષ્ણકુમારસિંહજીના પ્રમુખપદે રાખવામાં આવ્યો હતો. લગભગ ૭ થી ૮ હજાર માણસોની મેદની આ પ્રસંગે એકત્રિત થઈ હતી. સેંકડો લોકોએ હૉલની બહાર ઊભા રહીને આ લાભ લીધો. શહેરના નામાંકિત વકીલ રામરાયભાઈ, ડૉ. કામદાર તથા ચીમનભાઈ વકીલ વગેરે મહાનુભાવોએ પ્રજા વતી સ્વામીશ્રીનો હાર્દિક સત્કાર કર્યો. સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા. ઠાકરશીભાઈ, કાનજીભાઈ વગેરે હરિભક્તોએ આ કાર્યક્રમને સફળ કરવામાં સારી જહેમત ઉઠાવી હતી.

પ્રસંગોપાત્ત સ્વામીશ્રીએ અહીં અનુભવ-વાણી ઉચ્ચારતાં જણાવ્યું :

'શ્રદ્ધાવાન એટલે શું ? સત્પુરુષનાં વચનમાં ટૂક ટૂક વર્તે. સંતનાં વચનમાં શ્રદ્ધાવાન થાય તો સ્વધર્મ, વૈરાગ્ય, વિવેક, જ્ઞાન ને ભક્તિ આવે.

'સ્વધર્મ શું ? પોતાના નિયમોનું પાલન દઢપણે કરે. અણુ સરખું વચન લોપવાનું મન ન થાય. નિજાત્માનં બ્રહ્મરૂપમ્... શુદ્ધ અક્ષરબ્રહ્મરૂપ માનીને ભગવાનને ધારે.

'વૈરાગ્ય શું ? રોટલો મળે તો દૂધપાક મળ્યા જેવું લાગે. હાથીની સાહ્યબી ને ગધેડાની સાહ્યબી બંને સરખી લાગે. મૂર્તિ સિવાય બીજો ઘાટ ન ઊઠે.

'વિવેક શું ? આત્મા ને અનાત્માનો વિવેક. સાચા ને ખોટા પુરુષની વિક્તિ સમજવી.

'ભક્તિ એટલે શું ? સંત વિના એક દા'ડો પણ ન રહેવાય.

'વિશ્વાસ એટલે શું ? વચનમાં શંકા નહિ.

'મૃત્યુનો ત્રાસ એટલે શું ? દેહ પડવાનો ભય ન રહે. દેહ છતાં પ્રાપ્તિ કરીને બેઠો છે. દિવ્યભાવ મટી જાય એ ખરું મરણ છે. અભાવ આવે તો જીવતો છતાં મરેલ છે.

'દિવ્યભાવ એટલે શું ? કોઈ ક્રિયામાં દોષ ન આવે. ક્રિયામાં દિવ્યભાવ હોય તો ગમે તેવી ક્રિયા કરે તોય મનુષ્યભાવ ન આવે. અત્યારે તો મનુષ્યભાવ આવે એવી ક્રિયા જ નથી. સમજાય તો લાભ ઘણો છે અને ન સમજાય તો ખોટ પણ ઘણી છે.

'ભગવાનને સંભારીને જે ક્રિયા કરે તે ભર્યું ગાડું અને ગ્રામ્ય વાતો વગેરે કરે તે ઠાલું ગાડું છે. ભર્યું ગાડું કહકહ બોલે. ઠાલું ગાડું ખખડે. આપણે ભગવાનને એક ક્ષણમાત્ર પણ ન ભૂલવા.

'ભર્યો શું ? ભગવાન સંબંધી જ ક્રિયા.

'ઠાલો શું ? વ્યવહાર સંબંધી ક્રિયા કરે.'

ભાગ્ય જાગ્યાં રે આજ જાણવાં... એ કીર્તનમાં આવ્યું કે *'થયા કોટિ કલ્યાણ.'* ત્યારે કહે : 'કોટિ કલ્યાણ શું ? જીવકોટિમાંથી બ્રહ્મકોટિમાં મૂક્યા. જ્યાં-ત્યાં ભટકતાં, તે સ્વામી-શ્રીજીનો સાક્ષાત્ સંબંધ થયો અને એમાં મન પરોવાઈ ગયું. બળ રાખવું, કેફ રાખવો. નવીન વાત જીવમાં ઉતારવી. સંત મળ્યા, હવે જીવપણું ટળી જાવું જોઈએ.'

'કલકત્તાના ગવર્નરનો તાર આવે તો કેટલો કેફ ચડી જાય ? આપણને હવે હરિ મુખોમુખ મળ્યા. મોટાપુરુષની કૃપા થઈ તો કેફમાં રહેવું.'

'ભેગા રહીને મહિમા જણાય એ ખરું. છેટે મહિમા સહુ જાણે. નાસ્તો ખેંચી લે ત્યારે મહિમા જાણે ત્યારે ખરું. ગોદડું ખેંચી લે, ગરમ પાણીની ડોલ ખેંચી લે, માન ન મળે પણ અપમાન થાય, કુવખાણ થાય અને મહિમા રહે ત્યારે મહિમા ખરો.

'બખતર એવું પહેરવું કે ટોકર ન લાગે. ટોકર માન-અપમાનની, શબ્દની. ભીડામાં આવવું. માન-અપમાન ન રાખવું. મોળું ગોતવું પણ સારું ન ગોતવું, ત્યારે એકાંતિકની સ્થિતિ.

'દેહભાવ આવવા જ દેવો નહિ. આત્મનિષ્ઠામાં ગુણમાત્ર રહ્યા છે, એવું જ્ઞાન થાય ત્યારે સદાય સુખિયા. હજારો માણસ વખાણે એમાં માલ નથી, કુવખાણે એમાં જ માલ છે. ગ.મ. ૬૩ અને લો. ૧૮ વચનામૃતો પ્રમાણે ભગવાનના ભક્ત બ્રહ્મની મૂર્તિ મનાય. સદાય અહોહોપણું મનાવું જોઈએ. મોટાને ભગવાન સાક્ષાત્ જાણીએ તો તેની દરેક ક્રિયા દિવ્ય જણાય. એવો ભાવ ઉદ્ધવજીને આવ્યો. અત્યારે તો દરેક ક્રિયા ગુણાતીત છે. માટે પ્રાપ્તિ બહુ મોટી છે. આ લાભ જો સમજાઈ જાય તો ધામ છેટું નથી.'

સ્વામીશ્રીનો આ વાક્પ્રવાહ હજારો હૈયાનાં મળ ધોઈ તેને વિશુદ્ધ બનાવી દેતો.

જેના વેરી ઘાવ વખાણે

અહીંથી તા. ૮-૧૧-'૫૫, મંગળવારે, સ્વામીશ્રી સંતો સાથે ગઢપુર પધાર્યા. કોઠારી હરિજીવન સ્વામી તથા દાદાભાઈ, ભાણભાઈ, ડેપ્યુટી કલેક્ટર દવે સાહેબ વગેરે શહેરના અગ્રગણ્ય પ્રજાજનોએ સ્વામીશ્રીને મ્યુનિસિપલ હૉલમાં પધરાવ્યા. ફૂલહાર પછી શોભાયાત્રા કાઢવામાં આવી. આખું શહેર ધજાપતાકાથી શણગાર્યું. મુખ્ય મુખ્ય સ્થળે ફૂલ, શાકભાજી તથા તાંબા-પિત્તળનાં વાસણોના દરવાજા બનાવ્યા હતા. આજુબાજુનાં ગામડાંઓમાંથી લગભગ પાંચેક હજાર જેટલા ભક્તો તથા ભાવિકો દર્શને ઊમટ્યા હતા. જૂના મંદિરે દર્શન કરી, ટેકરા ઉપર અક્ષરપુરુષોત્તમ મંદિરમાં યાત્રા પૂરી થઈ. ઠાકોરજીનાં દર્શન કરી, રંગમંડપમાં યોજાયેલી અપૂર્વ સત્કાર સભામાં પધાર્યા.

સ્વામીશ્રીના વિદેશગમનથી અને આફ્રિકામાં થયેલાં ભવ્ય મંદિરો અને સત્સંગ-પ્રવૃત્તિથી ગઢડા શહેરમાં સૌ ભારે પ્રભાવિત થયા હતા. ગામોગામ આ જ વાતો ચાલી હતી કે શાસ્ત્રીજી મહારાજના અક્ષરધામગમન પછી યોગીજી

મહારાજે તો અક્ષરપુરુષોત્તમની ઉપાસનાનું કાર્ય આગળ ધપાવ્યું. આ જ ગઢડામાં પાંચ વર્ષ પહેલાં, ગઢપુર મંદિરની પ્રતિષ્ઠા વખતે સૌને શંકા હતી કે હવે શું થશે ? સંપ્રદાયમાં સૌ ચર્ચા કરતા કે શાસ્ત્રી ગયા, હવે બધું શમી જવાનું; પણ સૌ પ્રથમ વાર સંપ્રદાયના સંતોએ વિદેશમાં જઈને હિંદુ સંસ્કૃતિની, સનાતન ધર્મની જાગૃતિનું અદ્ભુત કાર્ય કર્યું. મંદિરો કર્યાં. આથી સમગ્ર સંપ્રદાયમાં સૌને પ્રતીતિ થઈ કે અક્ષરપુરુષોત્તમનું જ્ઞાન સાચું છે. કારણ, તેના પ્રવર્તાવનારા સંતો, સાચા ગુણાતીત સંતો છે, અજાતશત્રુ છે અને કેવળ મહારાજનો સર્વોપરી મહિમા દિગંતમાં પ્રસરે તે માટે જ રાત-દિવસ પ્રવૃત્તિ કરે છે. આમ, અક્ષરપુરુષોત્તમના દિગ્વિજયનો - સ્વામીશ્રીના દિવ્ય કાર્યનો ગામોગામ ઉદ્ઘોષ થયો હતો.

અહીંની સભામાં આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ પોતાની સાહજિક નમ્રતાથી કહ્યું : ‘આફ્રિકામાં સત્સંગ સ્વામીએ વધાર્યો છે અને આ સન્માન સ્વામીનું થાય છે. આપણું કાંઈ બળ નથી.

‘સંતનું વિચરણ ભગવાનની મૂર્તિમાં જોડી દેવા છે. એવો પરોપકાર શાસ્ત્રીજી મહારાજે કર્યો છે. એની આપણે ઝણ્ય પણ થઈ શકતા નથી.’

અહીંથી તાજપુર થઈ સ્વામીશ્રી સારંગપુર પધાર્યા. કોઠારી મુનિ સ્વામી, હકાભાઈ વગેરેએ નિશાળ પાસે સ્વામીશ્રીનું સ્વાગત કર્યું તેમજ ગામમાં શોભાયાત્રા કાઢી સૌને સ્વામીશ્રીનાં દર્શનનો અલભ્ય લાભ અપાવ્યો.

વૃદ્ધ વ્રજલાલને અક્ષરધામ સુધીનો ટેકો મળ્યો

અહીં પધારે ત્યારે સ્વામીશ્રી, શાસ્ત્રીજી મહારાજના સમાધિ સ્થાને હંમેશાં ૧૦૮ પ્રદક્ષિણા કરે જ. એક હાથમાં માળા અને બીજા હાથે કોઈ યુવક કે સંતનો હાથ ઝાલી ડોલતી એ મૂર્તિ સૌનાં હૈયે વસી જતી. ઘણી વાર તો વૃદ્ધ હરિભક્તોને પણ સ્વામીશ્રીનો હાથ ઝાલવાનું મન થઈ જતું.

આજે તણસાના વ્રજલાલ વ્યાસે સ્વામીશ્રીને પોતાનું કાંડું આપ્યું, પણ તેમની વૃદ્ધાવસ્થાને કારણે સ્વામીશ્રીએ મૂકી દીધું. તેથી તેમણે હસતાં હસતાં કહ્યું : ‘બાપા ! આપ કાંડું મૂકશો નહિ. ઠેઠ અક્ષરધામ સુધી ઝાલી રાખજો.’

સ્વામીશ્રી કેફમાં બોલ્યા : ‘શાસ્ત્રીજી મહારાજ જેવા સમર્થ ગુરુ મળ્યા છે, તે ઠેઠ અક્ષરધામમાં જ પુગાડશે. સ્વામીનો કોલ ખોટો પડે નહીં.’

આ શબ્દોમાં એવો રણકાર હતો કે વ્રજલાલભાઈને છતી દેહે અક્ષરધામ પામ્યાનો આનંદ થયો.

દેરીએ દર્શન કરી સ્વામીશ્રી મંદિરના મોટા દરવાજા પાસે પધાર્યા અને દંડવત્ કરવા લાગ્યા. એટલે સૌને આશ્ચર્ય થયું. વ્રજલાલભાઈએ પૂછ્યું : 'આ શું બાપા ? આમ કોને દંડવત્ કરો છો ?'

'દરવાજાને !' સ્વામીશ્રીએ કહ્યું : 'આ દરવાજાનાં દર્શન તો મોટા મોટા દેવોનાં માથાંના મુગટ ઘસાઈ જાય તોપણ ન થાય એવાં દુર્લભ છે. આ દરવાજો શાસ્ત્રીજી મહારાજે બનાવ્યો છે.' સ્વામીશ્રીના મુખેથી આવો મહિમા સાંભળી અન્ય સૌ પણ સ્વામીશ્રીને અનુસર્યા.

આલાખાચરને અલ્લાની ભેટ

અહીંથી સ્વામીશ્રીને જસદણ જવાનું હતું. રસ્તામાં હિંગોળગઢ પાસે સ્વામીશ્રીની ગાડી અચાનક ખોટવાઈ ગઈ. ડ્રાઈવર તેને સમી કરવાની મથામણ કરતો હતો ત્યાં જસદણ નરેશ આલાખાચર પોતાની મોટરમાં નીકળ્યા. તેઓ દર ચોમાસે જસદણથી અહીં રહેવા આવતા. તેઓ સંતોને જોઈ નજીક આવ્યા. વંદન કરી, વિવેકથી મુશ્કેલી પૂછી અને ક્યાંના સંતો છે તથા ક્યાં જવું છે તે પણ જાણ્યું. સ્વામીશ્રીએ કહ્યું : 'અમારા હકા બાપુના ભાણેજ ભૂપતભાઈનાં લગ્ન જસદણ દરબારને ત્યાં થયાં છે, તે ત્યાં જવાનું છે.'

એટલે દરબારે પોતાનો કંઈ જ પરિચય આપ્યા વિના પોતાના ડ્રાઈવરને કહ્યું : 'આ સંતોને ઉપર ગઢમાં લઈ જા.'

સ્વામીશ્રી ગઢમાં પધાર્યા. દરબાર પણ આવી પહોંચ્યા. સ્વામીશ્રીનું અચાનક આગમન અને આટલી સહજ પધરામણી થઈ એ વિચારે તેઓ આનંદમાં હતા અને પોતાનો પરિચય આપીને કહ્યું કે 'ભૂપતભાઈનાં લગ્ન મારા નાના ભાઈની દીકરી સાથે લીધાં છે.'

સ્વામીશ્રી ખૂબ રાજી થયા અને આશીર્વાદના ધબ્બા આપી કહે : 'તો તો આપણા જ છે !'

દરબારે સ્વામીશ્રી સાથે ફોટો પડાવવા ઇચ્છા વ્યક્ત કરી. સ્વામીશ્રી સંમત થયા ને ઊભા રહ્યા. ત્યાં દરબારે સિગારેટ કાઢી. સ્વામીશ્રી કહે : 'તમે આ મૂકો તો સાથે ફોટો પડાવીએ.' દરબારે એ જ ક્ષણે તેનો ઘા કર્યો. સ્વામીશ્રીએ નિયમ આપ્યો અને હંમેશ માટે સિગારેટ ન પીવા વચન લીધું.

આ દરમ્યાન સ્વામીશ્રીની મોટર સમી થઈ ગઈ હતી, તેથી સ્વામીશ્રી જસદણ જવા નીકળ્યા. જસદણમાં જ્યારે આલાખાચરે સિગારેટ મૂકી છે એ

વાતની જાણ થઈ ત્યારે ભૂપતભાઈ વગેરે સ્વામીશ્રીને કહેવા લાગ્યા : 'બાપા ! આ મોટર ખોટવાણી તેમાં દરબારનું ભાગ્ય ખૂલી ગયું ને આપનો મેળાપ થયો. બાકી એ કોઈ સાધુની નજીક પણ જાય નહીં.'

જો કે સ્વામીશ્રીની પ્રત્યેક ક્રિયા અને લીલા પાછળ હેતુ હોય જ, પણ ક્યારેક સૌને પ્રત્યક્ષ થાય ને ક્યારેક ન પણ થાય.

સ્વામીશ્રી ભૂપતભાઈને આશીર્વાદ આપી ગોંડલ પધાર્યા.

આ અરસામાં મુંબઈના ધીરુભાઈ ભટ્ટ સહકુટુંબ ગોંડલ આવ્યા હતા. તેમણે બાળકો માટે કોઠારી પાસે દૂધ માગ્યું. તે સમયે મંદિરની ગોશાળા નહિ, તેથી દૂધ બહારથી આવે. આજે ભરવાડ મોડો પડ્યો હતો. તેથી કોઠારી કહે : 'દૂધ આવે પછી આવજો.'

મંદિરની પરિસ્થિતિથી અજાણ ધીરુભાઈને આ શબ્દો બહુ આકરા લાગ્યા, પણ બોલ્યા વગર ત્યાંથી જતા રહ્યા અને અક્ષર દેરીમાં પ્રદક્ષિણા ફરવા લાગ્યા. દસેક પ્રદક્ષિણા થઈ હશે ત્યાં સ્વામીશ્રી આવ્યા અને ધીરુભાઈનું કાંડું ઝાલી પ્રદક્ષિણા ફરવા લાગ્યા. પછી ધીરેથી કહે : 'દૂધ ન મળ્યું તેનો વાંધો નહિ. હમણાં મળશે. પણ તમે બોલ્યા નહિ તે બહુ જ સારું કર્યું.'

ધીરુભાઈને થયું : સ્વામીશ્રીને વળી કેવી રીતે ખબર પડી ?

ત્યાં તો સ્વામીશ્રીએ આગળ કહ્યું : 'આપણે એમ વિચારવું – હું સંસારમાં રચ્યોપચ્યો છું ને આ સાધુ તો સંસાર મૂકીને આવ્યા છે, એમ સંતોનો ગુણ લેવો.'

સ્વામીશ્રીને સતત એ ભાવના રહ્યા કરતી કે અભાવ-અવગુણમાં પડી કોઈ એકાંતિક ધર્મના માર્ગથી ચ્યુત ન થાય.

શુક્રવાર, તા. ૧૧-૧૧-'૫૫, સ્વામીશ્રી સંતમંડળ સહિત રાજકોટ પધારવાના હતા. મુંબઈ, વડોદરા વગેરે શહેરોમાં સ્વામીશ્રીનું સન્માન થયું, પરંતુ રાજકોટમાં સ્વામીશ્રીના સન્માન માટે કોઈ તૈયારી થઈ ન હતી.

એ વખતે ગિરધરભાઈ સેજપાલ રાજકોટ રહેતા. તેમની આર્થિક પરિસ્થિતિ ઘણી સામાન્ય, પણ થોડી રકમ તેમણે ભેગી કરેલી. તેમના મનમાં થયું કે વડોદરાના એક ગરીબ હરિભક્તે એકલા પંડે સન્માનયાત્રા કાઢી, તો આપણે કેમ ન કાઢવી ? ગિરધરભાઈને ત્યારે ટાઈફૉઈડ થયો હતો. પથારીમાંથી ઊભા થવાની મનાઈ હતી, પણ તેમણે આગેવાન હરિભક્તોએ મળીને પોતાની રકમ આપીને નગરયાત્રા કાઢવા માટેની તમામ તૈયારી કરવા વિનંતી કરી. તેમનો ભાવ જોઈ બીજા હરિભક્તોને પણ ઉત્સાહ અને પ્રેરણા મળ્યાં. ધનતેરસના શુભ

દિવસે સ્વામીશ્રીની સ્વાગતયાત્રાની ધામધૂમથી તૈયારીઓ થવા લાગી.

ગિરધરભાઈ સેજપાલનો ભાવ જાણીને સ્વામીશ્રી અત્યંત પ્રસન્ન થઈ ગયા. કારણ, દૂબળી ભટ્ટની જેમ તેમણે સર્વસ્વનો ત્યાગ કર્યો હતો.

એ વખતે રાજદરબારમાં નોકરી કરતા ચુસ્ત સત્સંગી રામજીભાઈ દલ દરબારી ઠાઠથી સજ્જ સુંદર બળદવાળો રથ દરબારગઢમાંથી લાવ્યા હતા.

નગરયાત્રા પહેલાં કલ્યાણયાત્રા

આજે બપોરે ચાર વાગે નગરયાત્રા શરૂ થવાની હતી. બૅન્ડ, ધૂન-મંડળીઓ, રાસમંડળીઓ ઉત્સાહથી સમય થવાની રાહ જોઈ રહી હતી.

સ્વામીશ્રીનો ઉતારો બેડી નાકા બહાર નારણભાઈ તથા બદ્રિનાથભાઈના ઘરે હતો. તેમના જ ઘરમાં રહેતા એક કડિયાએ આ વખતે સ્વામીશ્રી પાસે આવી પ્રાર્થના કરી : 'બાપા ! મારા સાળાને હૉસ્પિટલમાં દાખલ કરેલ છે અને તેનો પગ કાપી નાખવો પડે તેમ છે. વળી તેનો દેહ રહે તેવું લાગતું નથી. તેને આપનાં દર્શનની ઘણી જ તાણ છે અને ડૉક્ટરોને કહે છે કે મારે મારા ગુરુનાં દર્શન કર્યા પછી જ ઑપરેશન કરાવવું છે.' આટલું કહેતાં તો તેની આંખમાં આંસુ આવી ગયાં.

સ્વામીશ્રી તો ભક્તવત્સલ અને કરુણાસાગર ! એક તરફ હજારો હૈયાંનો ઉલ્લાસ, બીજી બાજુ એક હૈયાનું દર્દ. સ્વામીશ્રીએ તરત જ નિર્ણય લીધો ને કહે : 'કટ કટ ગાડી લાવો. આપણે હૉસ્પિટલમાં જઈ આવીએ.'

પેલા ભાઈ તો સ્વામીશ્રીના શબ્દો સાંભળી સ્તબ્ધ થઈ ગયા અને કહે : 'બાપા ! નગરયાત્રાની તૈયારીઓ થઈ ગઈ છે અને આપ નગરયાત્રામાંથી પધારો પછી આપણે જાશું, કારણ કે બહાર બધાં આપણને જાતા જુએ તો મને ઠપકો આપે.'

સ્વામીશ્રી બોલ્યા : 'તમે જલદી કરો. આપણે પાછળના બારણેથી નીકળી જઈએ અને કોઈને ખબર પણ નહીં પડે. અને જલદીથી પાછા આવી જ'શું.' એમ કહીને સ્વામીશ્રીએ ચપટી વગાડી.

થોડી જ ક્ષણોમાં મકાનના પાછળના ભાગની બારીએથી સ્વામીશ્રી હૉસ્પિટલમાં જવા નીકળી ગયા. દર્દી હરિભક્તને પગે હાથ ફેરવીને કહ્યું : 'તમારે પગ નહીં કપાવવો પડે, નાનું ઑપરેશન કરાવવું પડે તો કરાવી લેશો. મહારાજ રક્ષા કરશે.'

આ થોડાક જ શબ્દોએ સંજીવનીનું કામ કર્યું. દર્દી ખૂબ રાજી થયા.

સ્વામીશ્રી પાછા નગરયાત્રા માટે આવી ગયા. થોડું મોડું થયું પણ એક હૈયાને સાંત્વના મળી, જીવન મળ્યું.

સ્વામીશ્રીના આશીર્વાદથી પેલા હરિભક્તના પગના એક્સ-રેમાં બહુ સડો ન દેખાયો અને સ્વામીશ્રીએ કહેલું તેવું નાનું ઑપરેશન કરાવવું પડ્યું. થોડા દિવસોમાં તો તેમને તદ્દન સારું થઈ ગયું.

રાજકોટમાં ધામધૂમથી નગરયાત્રા નીકળી. માર્ગમાં મોટું મંદિર આવ્યું, ત્યારે અહીંના આગેવાન સત્સંગીઓના આગ્રહથી દર્શન કરી સ્વામીશ્રી સભામંડપમાં બિરાજ્યા. થોડી વાતો કરી સૌને આશીર્વાદ આપ્યા.

બાદ વિષ્ણુનિવાસમાં સભા રાખવામાં આવી હતી. જેમાં મોહનભાઈ અજાગિયા તથા હર્ષદભાઈએ સ્વામીશ્રીનો અદ્ભુત મહિમા વર્ણવ્યો હતો.

સભા દરમ્યાન સ્વામીશ્રી પત્રલેખન કરતા હતા. અચાનક સ્વામીશ્રીએ ઊંચું જોયું ને ગણાત્રા સાહેબને કહ્યું : 'ગણાત્રા ! ભાવનગરના શું વિચાર કરો છો ? અહીં બેઠાં ભાવનગરનું કામ થશે નહિ.'

ત્યારે ગણાત્રા સાહેબ કહે : 'બાપા ! તમને ક્યાંથી ખબર ? મેં તો કોઈને મારા ભાવનગરના કામની વાત કરી નથી.'

સ્વામીશ્રીએ તદ્દન સહજતાથી જવાબ આપ્યો : 'મને તો મહારાજ કહી ગયા.' પછી કહે : 'અમે અહીં છીએ ત્યાં સુધી સંકલ્પ કરશો નહિ. અમે જઈએ પછી ભાવનગર જઈ કામ કરી આવજો.'

સૌને -

'તનકી જાણે, મનકી જાણે, જાણે ચિત્તકી ચોરી,
ઈસકે આગે ક્યા છુપાઉં, જિસકે હાથમેં દોરી.'

સ્વામીશ્રીની આવી અલૌકિક કળા આવા અનેક પ્રસંગે જણાતી. સભામાં બેઠેલા હરિભક્તોનાં મન સ્વામીશ્રી અચાનક જ પકડતા અને તેમની વૃત્તિ-કથામાં-સત્સંગમાં સાંધી દેતા, બધાને જાગ્રત રાખતા.

સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં જણાવ્યું : 'જ્યાં સુધી સુહૃદભાવ નથી, ત્યાં સુધી માયાનો લોચો છે, અને ત્યાં સુધી શાંતિ નહિ રહે. અક્ષર અને પુરુષોત્તમ આપણાં માતા-પિતા છે અને તે બાગના જે જે છે તે સ્વામીનું સ્વરૂપ છે. આપણે ગામેગામ ફરીને માયા કાઢી નાખવી છે. બાળમુકુંદ સ્વામી કહેતા કે સંપ એટલે એકતા અને ધર્મ એટલે નિયમ. એ બે અવશ્ય જોઈએ.'

આ જ દિવસે ગોંડલમાં માનનીય વડાપ્રધાન જવાહરલાલ નહેરૂનો કાર્યક્રમ હતો. તે નિમિત્તે એમના સ્વાગત માટે અહીં અક્ષર મંદિર આગળ મુખ્ય રસ્તા ઉપર સુંદર કમાન બનાવી હતી. ઢેબરભાઈએ એમને પરિચય આપ્યો કે યોગીજી મહારાજ નંદાજીના ગુરુ છે. સ્વામીશ્રીએ વડાપ્રધાનને ફૂલહાર કરી આશીર્વાદ આપ્યા. સાથે આવેલા તેમનાં પુત્રી ઈન્દિરા ગાંધીએ પણ દૂરથી સ્વામીશ્રીનાં દર્શન કર્યાં હતાં.

✧ ✧ ✧

આ વર્ષે નૂતન વર્ષનો સંદેશ આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું :

'શાસ્ત્રીજી મહારાજ જેવા પુરુષ આપણને મળ્યા છે, એમના સંત મળ્યા છે, તો તેમનો મહિમા યથાર્થ જાણવો.

'નિયમ-ધર્મમાં ફેર ન પાડવો. સર્વે સંત-હરિભક્તમાં આત્મબુદ્ધિ કરવી. છે. ૧૧ સીતાજીની સમજણનું વચનામૃત સિદ્ધ કરવું. આપણને મોટાપુરુષ વગર વાંકે દુઃખ દે તોપણ તેમનો અવગુણ ન જ લેવો, તો જ સત્સંગ દૃઢ થશે. ઉપાસના, આજ્ઞા, મોટા એકાંતિકને વિષે પ્રીતિ અને હરિભક્તોમાં સુહૃદભાવ એ ચાર જીવનું જીવન છે.

'આઠ પ્રકારના સત્સંગી છે, તેમાં આપણે ધણી જેવા થાવું. મંદિર અને સતોનો ગુણ જ લેવો. વધવાનાં સાધન શ્રદ્ધા, ખપ અને સમાગમ તેમજ ગુણ, વિનય અને સેવા. ઘટવાનાં સાધન હઠ, માન અને ઈર્ષા. આજે આપણાં અહોભાગ્ય છે કે શાસ્ત્રીજી મહારાજની કૃપાથી અહીં આ સાક્ષાત્ સ્થાનમાં બેસવાનું મળ્યું છે.

'સત્પુરુષ આશીર્વાદ આપે પણ તે સાચવવો જોઈએ. જેને અતોલ માલ મળ્યો હોય, તેને ઘણું જાળવવું પડે. એ અતોલ માલ તો ભગવાન અને સત્પુરુષ મળ્યા તે જ છે.

'અક્ષરનું સુખ શું ? શુભ સંકલ્પ થાય. તે શું ? ભગવાનના ભક્તમાં દિવ્યભાવ. ગ.મ. ૨૮ વચનામૃત સિદ્ધ થાય તો કેવી પ્રાપ્તિ મને થઈ છે તેનો અખંડ વિચાર રહે.

'સમાગમ નિરંતર કરીએ છીએ, પણ નિષ્કપટ ન થઈએ તો દિવ્યભાવ ન આવે. સર્પ ચંદનના લાકડાને વીંટાય છે પણ મોં દૂર રાખે છે. માટે મોટા (સંત) સાથે કપટ ન કરવું.

'શુદ્ધભાવે સેવવા. એટલે અક્ષરધામમાં જેવા છે તેવા જ અહીં છે, તેમાં

મનુષ્યભાવ આવવા દેવો નહિ.

'સમજણ બસેં બખતરિયાને ઠેકાણે છે. સ્વરૂપનિષ્ઠા તે વરરાજા છે. સમજણ વરતાલ-૨૦ વચનામૃત પ્રમાણે શીખવી. એ બસેં બખતરિયા છે. સમજણ કરી હોય તો દેશકાળ ન લાગે.

'સમૈયામાં સાધુથી આપણું ન રખાયું હોય તો સમજવું કે દેવ જેવા છે. દેવ ક્યાં બોલે છે અને આપણું રાખે છે ? માટે જ્ઞાની થવું. સાચવવા ન પડે તો સુખિયા રહેવાય. સમજણ મોટી તે મોટો.'

'સમજણ કઈ ?' હર્ષદભાઈએ પૂછ્યું.

સ્વામીશ્રી કહે : '(૧) મહારાજને સર્વોપરી જાણે, (૨) ગ.પ્ર. ૫૪ પ્રમાણે એકાંતિક સંત, જે મોક્ષનું દ્વાર - તેમાં જોડાય અને (૩) નિયમ-ધર્મમાં બરાબર વર્તે. એક પણ આજ્ઞા ન લોપે.'

કથાવાર્તા દ્વારા સૌની જ્ઞાનતૃષા છીપાવી સ્વામીશ્રી બ્રહ્મરસનું પાન કરાવતા.

અન્નકૂટનો ઉત્સવ સ્વામીશ્રીના સાંનિધ્યમાં સારી રીતે ઊજવાયો. આ દિવસે અક્ષર દેરીમાં હર્ષદભાઈએ એક યુવકને સ્વામીશ્રીની મૂર્તિ આપી અને અક્ષર દેરીમાં ગોઠવવા કહ્યું. તે જાણી જતાં સ્વામીશ્રી કહે : 'એ તો પ્રત્યક્ષ જ છે ને ! એનો આગ્રહ શા માટે રાખો છો ? કોઈને ઠીક પડે કે ન પણ પડે.'

હજુ પણ સત્સંગમાં જૂના ઘણા સંતો તથા હરિભક્તોને સ્વામીશ્રીમાં પ્રગટપણાનો ભાવ પૂરેપૂરો બેસતો નહોતો !

આ ઉત્સવમાં આજુબાજુનાં ગામડાંના તથા રાજકોટ, જૂનાગઢ અને જામનગરના હરિભક્તોને સારો લાભ મળતો. મુંબઈ, આણંદ, અમદાવાદ, ઝારોળા વગેરે ગામના યુવકો પણ રાત-દિવસ સ્વામીશ્રીની આજ્ઞા પ્રમાણે સેવામાં જોડાયા હતા. સ્વામીશ્રી અહીં લગભગ એક માસ રોકાયા અને યુવકોને અપાર સુખ આપ્યું. અન્નકૂટનો પ્રસાદ વહેંચવા સ્વામીશ્રી જેતપુર, જૂનાગઢ, સરસાઈ તથા વિસાવદર પધાર્યા હતા.

આ અરસામાં એક અતિ વૃદ્ધ ડોસો મંદિરમાં ગમે ત્યારે આવી ચડતો અને જમતો. કોઈ કાંઈ પૂછે ત્યારે કહેતો : 'આ મંદિરમાં મારો ભાગ છે. મેં પહેલાં અહીં બહુ સેવા કરી છે. હું અહીં જ રહેતો.' એમ હક્ક-દાવો કરતો.

ઘણાને તેનો આવો જવાબ રુચે નહિ. એક દિવસ કોઈએ તેને જમતો ઉઠાડીને બહાર કાઢ્યો. એ વખતે જ સ્વામીશ્રી ભંડારમાં જતા હતા. તેમણે જોયું અને બધાને પાસે બોલાવી કહ્યું : 'આ તો બહુ જૂના, પ્રસાદીના છે. શ્રીજી-

મહારાજે તેને લટુરિયા બાવારૂપે દર્શન દીધેલું, ત્યારથી બધા તેમને 'લટુરિયો' કહે છે. માટે તેમને દરરોજ જમાડવા. તેમનો મહિમા સમજવો.'

ત્યારપછી સૌ યુવકો તથા સંતો તેનો મહિમા સમજીને તેમને હંમેશાં પ્રેમથી જમાડતા અને તેને રાજી કરતા.

એ દિવસોમાં સરદાર પટેલના ભત્રીજા શંભુપ્રસાદભાઈ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. તેમને આફ્રિકા જવાનું હતું તેથી આશીર્વાદ લેવા આવ્યા હતા.

આમ તો તેઓ ૧૯૩૪માં પ્રથમ વાર આફ્રિકા ગયા ત્યારે બોચાસણમાં નિર્ગુણ સ્વામીનાં દર્શન કર્યાં હતાં. તેમણે તે વખતે કહેલું કે 'ટ્રેઈનને વાર છે ત્યાં સુધી જોગી મહારાજની વાતુ સાંભળો; તે બહુ મોટા સાધુ છે.' ત્યારપછી એમની પ્રેમાળ પ્રકૃતિ અને વહાલના ઉમળકા સાથેનું એ મુખારવિંદ એમની સ્મૃતિમાં કાયમ માટે જડાઈ ગયું હતું. તે પછી વીસ વર્ષે સ્વામીશ્રી આફ્રિકા પધાર્યા અને નામ પૂછતાં જ સ્વામીશ્રીએ બોચાસણમાં થયેલી ગોષ્ઠિની યાદ અપાવી. ત્યારે શંભુપ્રસાદભાઈ દિગ્મૂઢ બની ગયા હતા. તે વખતે સ્વામીશ્રીએ પ્રેમથી કહેલું : 'દેશમાં આવો ત્યારે ગોંડલ દર્શન કરવા જરૂર આવજો.'

તેથી તેઓ આવ્યા. દર્શન કરી ખૂબ સંતોષ પામ્યા. તેમને તરત નીકળવું હતું પણ સ્વામીશ્રીએ આગ્રહ કરી રોકી રાખ્યા ને કહ્યું : 'જજો પણ જમીને જજો.'

'વાસુદેવ હરે' થયા ત્યારે સ્વામીશ્રી જાતે જ તેમને પીરસવા પધાર્યા. આજે ખીર કરી હતી, તે પીરસી. શંભુપ્રસાદભાઈને બિલકુલ ભાવે નહિ, પણ સ્વામીશ્રીએ તો પિત્તળની નાની તપેલી જેવડો વાટકો ભરી દીધો ને કહે : 'ઠાકોરજીની પ્રસાદી છે, તે જમી જવાશે.'

પછી શંભુપ્રસાદભાઈ જમવા લાગ્યા, પણ એવો સ્વાદ આવ્યો કે સ્વામીશ્રીએ ફરી આગ્રહ કર્યો ત્યારે પણ લીધી. સ્વામીશ્રીના વાત્સલ્ય પ્રવાહમાં મન અને બુદ્ધિની રુચિ-અરુચિના ભેદો તૃણવત્ થઈ તણાઈ જતા.

યુવકોને પ્રેરણા પત્રો

આ વાત્સલ્ય પ્રવાહ પત્રો દ્વારા, પ્રત્યક્ષ દૃષ્ટિ દ્વારા એમ અનેક રીતે વહ્યા કરતો. આ વખતે સેવામાં ન આવી શકેલા એક યુવક ઉપર સ્વામીશ્રીએ અમદાવાદ એક પત્ર[૨] લખ્યો, જેમાં અંગત જીવન અંગેના તેણે માગેલા માર્ગદર્શનની વાત પણ વણી હતી. તેમણે લખ્યું :

---

૨. તા. ૯-૧૨-૧૯૫૫.

'અહોહો, આપણને પ્રાપ્તિ સર્વોપરી છે, તો સર્વોપરી બળ સ્વામી-શ્રીજી તથા શાસ્ત્રીજી મહારાજનું ધારીને રાખવું. આળસ, પ્રમાદ, નિદ્રા પાસે આવવાં દેવાં નહિ. દૃષ્ટિ નિયમમાં રાખવી, એટલે સંકલ્પ જ ન થાય. ને જોવાઈ જાય તો મનને પાછું વાળવું કે 'હે મૂરખ ! તું ભક્ત થઈને ભગવાનનું દર્શન મૂકીને ક્યાં જોવે છે ?' એમ વૃત્તિ સંકેલવી, એટલે નિયમમાં આવી જશે. વિષય તો ભૂંડા જ લાગશે, રૂપ સડેલ કૂતરું અને ઊલટી સમ ભાસશે. માટે બરોબર બળ મહારાજનું ધારવું. આસન ન પાથરવું. ૨૫ વર્ષ સુધી બ્રહ્મચર્યવ્રત પૂરું પાળવું. ડંકો વાગી જશે. તમોને જે આજ્ઞા આપી છે તે શિર સાટે પાળશો. તમારાં નસીબ અલૌકિક છે. તમો પરમ ભક્ત થઈ જાશો. શાંતિ થઈ જાશે.'

સ્વામીશ્રી પોતાના યુવકોને ભૂલતા નહિ. કદાપિ કોઈ યુવક કારણસર રજાઓમાં સમાગમમાં આવી ન શકે તો સ્વામીશ્રી તેને પત્રથી યાદ કરતા અને અદ્‌ભુત પ્રેરણા આપી દેતા. બારે મહિના એમનો પત્ર-વ્યવહાર તો ચાલુ જ હોય, પણ પોતાના વહાલા યુવાનોને પણ પત્ર દ્વારા - વૃત્તિ દ્વારા પોષણ મળે. એ સ્વામીશ્રી વિના કોણ આપી શકે ? કદાપિ કોઈ યુવક એમને ભૂલી જાય, પણ સ્વામીશ્રી પોતાની ફરજ તો બજાવી જ લેતા.

ગોંડલથી એક દિવસ રામોદ પધાર્યા. પ્રેમજીભાઈ, ભુરાભાઈ, મોહનભાઈ વગેરે ભક્તોએ ભાવથી સ્વાગત કર્યું.

અહીં વાળંદ હરિભક્ત મગનભાઈ ટપુભાઈ સ્વામીશ્રી અને સંતોનાં દર્શન કરવા આવ્યા. સ્વામીશ્રીએ તેમને કહ્યું : 'તમારા વડવા, ગુણાતીતાનંદ સ્વામીના વખતમાં, જૂનાગઢ જતા અને બધા સંતોનું વતું (મુંડન) કરી સ્વામીનો રાજીપો લેતા. તો હવે ગોંડલ - સ્વામીની અક્ષર દેરી છે, સ્વામીનું મહાઅલૌકિક સ્થાન છે; ત્યાં દર વરસે સંતોનું વતું કરવા આવો તો સ્વામી રાજી થશે. તમે બાપ-દાદાનું નામ રાખ્યું કહેવાય.'

પછી હાથમાં પ્યાલો લઈ મગનભાઈને હાથમાં જળ આપી કહે : 'લ્યો જળ, બોલો, અમે દર તેરસે સંતોની સેવા કરવા ગોંડલ જઈશું.'

તેમણે એ પ્રમાણે કર્યું તેથી સ્વામીશ્રી રાજી થયા. ત્યારપછી સ્વામીશ્રીના વચન અનુસાર તેઓ દર સુદ તેરસે સંતોની સેવાનો લાભ લેતા.

મગનભાઈના ઘરમાં અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીની પ્રસાદીની ઘણી ચીજ-વસ્તુ છે, જે ગુણાતીતાનંદ સ્વામીની સેવાથી તેમના વડવાને પ્રાપ્ત થઈ હતી. સ્વામીશ્રી જ્યારે અહીં પધારે ત્યારે અવશ્ય તે ચીજોનાં પ્રેમથી દર્શન કરે.

અહીંથી દેવચડી થઈ એકાદશીએ અમદાવાદ આવતા ટ્રેન સુરેન્દ્રનગર સ્ટેશને અડધો કલાક ઊભી રહી. હરિભક્તો સ્વામીશ્રીનાં દર્શન માટે ટોળે વળી ગયા. સખત તાપ હતો. સ્વામીશ્રી સાથેના સંતો, યુવકો ગરમી અને તરસને કારણે અકળાઈ ગયા હતા.

એવામાં હરગોવિંદદાસનો નાનો ભાણિયો, જનક દવે કેટલાક યુવકો સાથે સ્વામીશ્રી તથા સંતો માટે ઠંડું પાણી તથા વરિયાળીનું શરબત લઈને સ્ટેશને આવી પહોંચ્યો. સ્વામીશ્રીએ પૂછ્યું : 'આ શું છે ?'

'બાપા ! ચોખ્ખું ઠંડું પાણી અને વરિયાળીનું શરબત છે. ખાસ આપના માટે બનાવ્યું છે.'

'પણ બાજુમાં આપણા હરિભક્તો, યુવકો બેઠા છે તેમને આપી આવો. તે તરસ્યા થયા હશે.'

જનકભાઈ વગેરે ત્યાં ગયા. સૌને પાણી અને શરબત પાયું. 'બધું ખૂટી ગયું. હવે સ્વામીશ્રીને શું પાઈશું ?' એમ સૌ મૂંઝાવા લાગ્યા. સ્વામીશ્રીએ આ જાણ્યું એટલે કહે : 'અમારી પાસે હજી નારિયેળ છે, તે ઠાકોરજીને ધરાવીને લઈશું. પણ તમે બહુ મોટું કામ કર્યું. બધાનાં અંતર ઠારી દીધાં.' એમ એટલો રાજીપો બતાવ્યો કે સ્વામીશ્રીને શરબત ન પાઈ શક્યા તેનો વસવસો દૂર થઈ ગયો. સાથે ફરતા યુવકો-ભક્તોની સંભાળ રાખવી અને સગવડો સાચવવી તેમાં સ્વામીશ્રીના પ્રેમનાં અપૂર્વ દર્શન થતાં.

અમદાવાદમાં એકાદશીએ સવારે મોટા મંદિરે દર્શન કરી પુરુષોત્તમભાઈ મિસ્ત્રીને મેડે કથાવાર્તા થઈ. નંદા સાહેબના નવા મકાનમાં પધરામણી કરી, મણિનગર દર્શન કર્યાં. બીજી ઘણી પધરામણીઓ થઈ.

રાત્રે સ્વાભાવિક ચેષ્ટા થઈ રહ્યા પછી પાંચ સ્વામીની વાત બોલ્યા. તેમાં વાત આવી : 'કથા કરે, કીર્તન કરે, વાતું કરે, પણ દેહ તે હું નહિ એમ માને...'

તે ઉપર સ્વામીશ્રીએ પ્રશ્ન પૂછ્યો કે 'કથા-કીર્તન કરતા હશે તેમાં દેહનો નિષેધ નહિ આવતો હોય ?' પછી પોતે જ તેનો ઉત્તર કર્યો કે 'જ્યાં સુધી સાંખ્યની દૃષ્ટિ ન થાય, ત્યાં સુધી સર્વે નિરર્થક છે.'

અહીં કથાવાર્તાના પ્રસંગોમાં સ્વામીશ્રીએ અદ્‌ભુત વાતો કરી. એમણે કહ્યું :

'પાણીમાં ડૂબકી મારીએ તો પાણીનો ભાર ન લાગે, પણ ગોળો ઉપાડ્યો હોય તો ભાર લાગે. માટે વ્યવહારની ચિંતા મહારાજને માથે નાખી દેવી. આપણે બળિયા નહિ અને ભગવાન બળિયા, તે રક્ષા કરે. આપણને સંબંધ થયો તે કર્યા

સિવાય છૂટકો નથી. માટે ધણીની મરજી મુજબ વર્તવું અને કથાવાર્તામાં અખંડ મન રાખવું. તેમ કરવાથી જ વ્યવહાર ન સાંભરે. ફિકરના ફાકા મારી દેવા. ચિંતાનો ફાકડો મારી દેવો. મોટાપુરુષનો સમાગમ ને લીલાચરિત્ર અખંડ સંભારવાં.

'સિદ્ધાંત શું ? તે સમજવો જોઈએ. રહસ્ય અને અભિપ્રાય ન જાણીએ તો બધું જ નકામું છે. એ સિદ્ધાંત : સુહૃદપણું-મિત્રપણું. એ જો હાથ આવી જાય તો ખટપટ વગેરે ન થાય.

'મહિમાની વાતો કરવી ને સાંભળવી, પણ અમહિમાની વાત ન કરવી અને ન સાંભળવી. પણ એવી જ વાતું આપણે કરીએ છીએ. એનું કારણ આપણું માયિક અંતઃકરણ છે. વચનામૃત લો. ૧૬માં કહ્યું : 'જેમાં હેત હોય, તેમાં સો અવગુણ હોય તે પડ્યા મૂકીને એક ગુણનું ગ્રહણ કરે.' હેત છે એ મોટી વાત છે. માટે હેત રાખવું.

'એકબીજાનો મહિમા કહેવો અને સાંભળવો. ભગવાનના ભક્તમાં અવગુણ દેખાય તેનો ત્યાગ કરી ગુણનું ગ્રહણ કરવું. ગ.પ્ર. ૧૬ વચનામૃત પ્રમાણે. તો જ સત્સંગ દિવ્ય જણાશે ને નાસ્તિકભાવ ટળશે.'

સ્વપ્નમાં વિવેક શીખવ્યો

સ્વામીશ્રી આફ્રિકાથી પધાર્યા પછી પ્રથમ જ વાર ગુજરાતમાં આવી રહ્યા હતા. તેથી બોચાસણમાં સ્વાગતની ધામધૂમથી તૈયારી થઈ રહી હતી. સ્વામીશ્રી બીજે દિવસે પધારવાના હતા અને સર્વે સંતો-હરિભક્તો મુખ્ય સ્ટેશને તેમજ માર્ગમાં સ્વામીશ્રીનું સ્વાગત કરવા માટે જવાના હતા.

આ તડામાર તૈયારીઓ જોતાં મુકુન્દજીવનદાસ સ્વામીને થયું : 'સ્ટેશને બહુ ભીડ થશે, તેથી દર્શનનું કે મળવાનું સુખ નહીં આવે. માટે સ્વામીશ્રી મંદિરમાં આવશે પછી શાંતિથી મળીશું. આપણે રસ્તા પર સામે સ્વાગત કરવા જવું નથી.' એમ વિચારીને તેઓ સૂઈ ગયા.

રાત્રે સ્વામીશ્રીએ સ્વપ્નમાં દર્શન આપ્યાં અને કરુણાભીનાં નેત્રે જોતાં કહ્યું : 'અમે આફ્રિકાથી આવીએ છીએ અને તમે કેમ બેઠા છો ? તમારે સામા લેવા આવવું જોઈએ.' ત્યાં તો તેમની આંખ ઊઘડી ગઈ.

મુકુન્દજીવન સ્વામી વહેલી સવારે તૈયાર થઈ સ્વામીશ્રીના આગમનની પ્રતીક્ષા કરવા લાગ્યા. તેમને સ્વામીશ્રીનું જ ચિંતવન થવા લાગ્યું. તેમને થયું કે સ્વામીશ્રીએ તેમને ઉત્તમ વિવેક શીખવ્યો. મોટાપુરુષ આવે ત્યારે સામા લેવા

જવું જ જોઈએ.

સ્વામીશ્રીને લેવા માટે સંતો-હરિભક્તો તેમજ આખું બોચાસણ ગામ અને આજુબાજુનાં ગામડાંના ભાવિક ભક્તો પણ સ્ટેશને ઊમટ્યા હતા.

સ્વામીશ્રી પધાર્યા અને કોઠારીએ સ્વામીશ્રીને ઠાકોરજીનો મોટો હાર પહેરાવ્યો તેમજ બીજા સંતોએ પણ ફૂલ વગેરે સ્વામીશ્રીના મસ્તક પર મૂક્યાં. મુકુન્દજીવન સ્વામીને જોઈને સ્વામીશ્રી હસ્યા અને બોલ્યા : 'આવી ગયા ને ? એમ આવવું જોઈએ.'

મુકુન્દજીવન સ્વામીને સ્વામીશ્રીના વિરાટ સ્વરૂપનાં જાણે દર્શન થઈ રહ્યાં હતાં ! બધા સંતો સાથે તેઓ પણ સ્વામીશ્રીને દંડવત્ કરવા લાગ્યા.

હજારો ભક્તોની એકત્ર થયેલી મેદનીએ જયજયકાર સાથે સ્વામીશ્રીને વધાવી લીધા. ૬૫ બળદથી જોડેલી - શણગારેલી ગાડીમાં સ્વામીશ્રીને પધરાવી, વાજતે-ગાજતે મંદિરમાં પધરાવ્યા. આખું ગામ ધજાપતાકાં તથા સુંદર કમાનોથી શણગાર્યું હતું. કોઠારી ભક્તિવલ્લભ સ્વામી તથા હરિભક્તોએ ઘણી મહેનત કરી હતી. લગભગ સાત હજાર હરિભક્તોએ આ લાભ લીધો.

અહીં સુંદર સભા ભરાઈ. સ્વામીશ્રીએ ગ.મ. ૫૯ વચનામૃત વંચાવતાં કહ્યું : 'કેફ, છક અને આનંદ રહે ત્યારે પ્રાપ્તિ થઈ કહેવાય.'

'સર્વોપરી મહારાજ, મૂળ અક્ષર અને બેને ધરનાર એકાંતિકનું ખરું જ્ઞાન થાય તો માયાના પેચમાં ન આવે. માયાનો પેચ શું ? આજ્ઞા અને ઉપાસનામાં ફેર પડી જાય તે.'

'એક મુસલમાન રોજ બડાઈ હાંકે કે 'હમ સબ્બી જાનતા હૈ. તરી જાણું. ટપી જાણું.' એમ કહે. એક દિવસ મિયાં પાણીમાં પડ્યા ને ડૂબવા લાગ્યા. કોઈએ પૂછ્યું : 'મિયાં સા'બ ! આ શું ?' તો કહે : 'સબ્બી જાનતા હૈ પણ ઓસાન[3] ભૂલ ગયા.'

'સાચું જ્ઞાન શીખ્યો હોય તો કોઈ દિવસ વિષયમાં લેવાઈ જાય નહિ. જગતના લોચામાં માલ ન મનાવો જોઈએ.

'મોટાપુરુષને ઓળખે તો મનુષ્યભાવ ન આવે. તો સુખ આવે. રાત-દી' સમાગમ અને અખંડ કથાવાર્તા કરે તેને મનુષ્યભાવ ન આવે.

'બે પ્રકારનાં જાણપણાં : એક તો ભગવાન ને ભગવાનના ભક્તમાં મનુષ્યભાવ ન આવવા દેવો; બીજું આજ્ઞામાં ફેર ન પડવા દેવો. આજ્ઞા-

---

૩. સ્મૃતિ, યાદ (ઓસાણ - મૂળ શબ્દ)

ઉપાસના દૃઢ રહે તો જાણપણું રહે. એ બેમાંથી એક પણ તૂટે તો ઉડાય નહિ. આજ્ઞામાં ફેર પડે તો વૃત્તિ ભ્રષ્ટ થઈ જાય. પણ બંને બરોબર રહે તો દાઢો અંબાઈ જાય અને વિષય ભોગવી શકાય નહિ.'

અહીં આણંદના એક યુવક રજા લેવા આવ્યા. ત્યારે સ્વામીશ્રી કહે : 'મુદ્દો તો અહીં છે અને જવાનું શું કહો છો ? સાધુથી છૂટા પડવાનું મન કેમ થાય છે ?'

છાનોછપનો કોલ

સમૈયાના દિવસે બપોરે ૨-૩૦ કલાકે બધા સંતો-હરિભક્તો આરામમાં હતા ત્યારે સ્વામીશ્રી જૂના કોઠારના બાજુના ઓરડામાંથી બહાર આવ્યા. ઝારોલાના બકોરભાઈ બ્રહ્મભટ્ટ સામે બાંકડા પર બેઠા હતા. તેઓ એકદમ ઊભા થઈ ગયા. સ્વામીશ્રીએ તેમની લાક્ષણિક વાણીમાં કહ્યું : 'હાલો બકોરભાઈ ! મોટા અક્ષર સ્વામી પાસે જઈએ.' એમ કહી સ્વામીશ્રીએ તેમનો હાથ ઝાલ્યો અને જૂની હવેલીનાં પગથિયાં ચડી અક્ષર સ્વામીના આસને ગયા.

અક્ષર સ્વામી બેઠા જ હતા. સ્વામીશ્રીને ખરા બપોરે આવેલા જાણી તેમને ખૂબ આશ્ચર્ય થયું. સ્વામીશ્રી તેમની બહુ ખબર રખાવતા અને અવાર-નવાર મળવા આવી જતા. સ્વામીશ્રીએ તેમને 'જય સ્વામિનારાયણ' કહી જૂની વાત કરવા કહ્યું. તેમણે થોડી વાત કરી. પછી કહ્યું : 'સ્વામી ! મને હવે ધામમાં લઈ જાવ. આ દેહમાં બહુ રોગ ભર્યા છે.'

ત્યારે સ્વામીશ્રી કહે : 'ગઢડાના કળશ ચડે પછી જ તમારે ધામમાં જવાનું છે.'

અક્ષર સ્વામીએ પૂછ્યું : 'કોણ તેડવા આવશે ?'

'મહારાજ જાતે જ તેડવા આવશે.' સ્વામીશ્રીએ ખુલાસો કર્યો.

'બીજું સાથે કોણ તેડવા આવશે ?'

'હવે નહીં પૂછો.' સ્વામીશ્રી ધીમે રહીને બોલ્યા.

'ના, તમારે કહેવું પડશે.' અક્ષર સ્વામીએ સ્વામીશ્રીનો હાથ પકડીને આગ્રહ કર્યો.

ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'સાથે હું આવીશ.'

અક્ષર સ્વામીના આનંદનો પાર ન રહ્યો. સ્વામીશ્રી જ્યારે પાછા ફર્યા ત્યારે બકોરભાઈને એકદમ પૂછ્યું : 'બકોરભાઈ ! તમે સાંભળી ગયા ?' પછી હળવેકથી કહે : 'પણ તમે કોઈને કહેશો નહિ.'

બકોરભાઈ તો સ્તબ્ધ થઈને વિચારી રહ્યા કે આ ગુણાતીત સંતની

સંતતા-પરપણું ક્યાં છુપાશે ? સૂર્ય કાંઈ છાબડે ઢાંક્યો ઢંકાતો નથી. પોતાના સ્વરૂપને પોતે નહીં ઓળખાવે તો બીજું કોણ ઓળખાવશે ? આજે એક દિવ્ય રહસ્ય પામી બકોરભાઈ ધન્ય ધન્ય થઈ ગયા.

ચંદ્રગ્રહણ બોચાસણ કરી, મણિભાઈ ભટ્ટને જોવા અટલાદરા જવા નીકળ્યા.

ટ્રેન વિશ્વામિત્રી સ્ટેશને ઊભી રહી અને યુવકો ટપોટપ ઊતરી પડ્યા. સ્વામીશ્રી પણ ઊતર્યા, પણ કંઠી, માળા, મૂર્તિઓ વગેરે લઈને ફરતા શંકર ભગત મૂંઝાતા હતા. તેમની વજનદાર પેટી કોઈની મદદ વગર ઉતારવી એ વૃદ્ધ માટે અશક્ય હતી. સ્વામીશ્રી તરત જ પરિસ્થિતિ કળી ગયા અને પેટી ઊંચકવા લાગ્યા. એટલે યુવકો શરમાઈ ગયા. દોડીને પેટી ઉપાડી લીધી. સુહૃદભાવના પાઠ સ્વામીશ્રીએ જીવનમાં ઉતાર્યા હતા ત્યારે જ તો અન્યને તેમનો ઉપદેશ સ્પર્શતો.

અહીંથી કાનમમાં વિચરી સ્વામીશ્રી ભાદરણ થઈ બોરસદ વાસણા પધાર્યા.

અહીં કાશીભાઈ તથા શંકરભાઈના આગ્રહથી આવવાનું થયું હતું. સ્વામીશ્રી સાથે ફરતા યુવકોને સ્વામીશ્રીની સેવા અને વાતોનો લોભ. તેથી સ્વામીશ્રીએ પણ સૌનાં અંગ પ્રમાણે સેવા સોંપેલી.

આણંદના ડૉ. રમણભાઈ પટેલને સવારના વહેલા ઊઠી સ્વામીશ્રી કહે : 'જાવ, બધાને ઉઠાડી આવો.'

તેઓ સૌને ઉઠાડીને આવ્યા અને કેટલાક યુવકો ઊઠ્યા નહોતા, તેમનાં નામ બોલવા લાગ્યા. આ સાંભળી સ્વામીશ્રી એકદમ બોલી ઊઠ્યા : 'ગુરુ ! એમ ન કહેવું, આપણે ગુણ જ લેવો, દોષ ન જોવા. કારણ કે તે બધા આગળ કરીને આવ્યા છે અને આપણે હજુ બાકી છે !'

સ્વામીશ્રીએ સૂક્ષ્મ વાત છતાં અધ્યાત્મ-માર્ગની ચાવી બતાવી દીધી. સ્વામીશ્રીના શબ્દો અને આચરણની આ જ ખાસિયત કે બંનેમાં કોઈ દેખીતાં શણગાર નહિ ને છતાં હૈયું બદલી નાખવાની સંપૂર્ણ શક્તિ !

સ્વામીશ્રી અહીંથી રામભાઈના આગ્રહને કારણે વાલવોડ પધાર્યા. અહીં પણ સ્વામીશ્રીના સ્વાગતમાં સૌનો ખૂબ ઉત્સાહ હતો. માગશર સુદ બીજે પ્રમુખસ્વામીએ વચનામૃતનું પારાયણ શરૂ કર્યું. આજુબાજુનાં ઘણાં ગામોના ભક્તોએ આ પારાયણનો લાભ લીધો.

એક દિવસ સ્વામીશ્રી સૌ સાથે મહીસાગરમાં સ્નાન કરવા પણ પધાર્યા હતા. સૌને માથે જળ ચઢાવી, કાંઠે સભા કરી, વાતો કરી અને સંકલ્પો કર્યા : 'જે અહીં સ્નાન કરે તે તથા કદાપિ કોઈ નદીમાં સ્નાન કરતા ડૂબી જાય તે પણ બીજે

જન્મે સ્વામિનારાયણના આશ્રિત સત્સંગી થાય.' પછી તે નિમિત્તે ધૂન કરાવી.

અહીં ઘરોઘર પધરામણીઓ થઈ અને મંડળની સ્થાપના કરી. પૂર્ણાહુતિ પ્રસંગે શોભાયાત્રા કાઢવામાં આવી. જશભાઈ, બાબુભાઈ સૌએ સાથે મળીને સારી સેવા કરી હતી. સૌનો ઉત્સાહ, પ્રેમ અપાર હતા.

અક્ષરપથના ભોમિયાનો સંગાથ

બોચાસણમાં નાના અક્ષર સ્વામીની તબિયત સારી ન હતી. સ્વામીશ્રી તેમને આસને મળવા ગયા. 'જય સ્વામિનારાયણ' કહ્યા. પછી કહે : 'હવે તમે ત્યાં (અક્ષરધામમાં) જવાના, તો શ્રીજીમહારાજ, ગુણાતીતાનંદ સ્વામી, ભગતજી મહારાજ, જાગા સ્વામી, શાસ્ત્રીજી મહારાજ, નિર્ગુણ સ્વામી બધાને અમારા 'જય સ્વામિનારાયણ' કહેશો. પાંચ એકાદશી તથા સો માળાનું પુણ્ય તમને આપીએ છીએ. મોટાસ્વામી પણ આપશે. બધાં મંદિરોમાં તેરમાને દિવસે રસોઈ આપીશું...'

પછી તેમના સેવક બાલમુકુન્દ સ્વામીને કહ્યું : 'હવે બહુ સેવા કરવી નહિ પડે.' એમ કહી ધર્મજ પધાર્યા.

ધર્મજથી રાત્રે આણંદ રણછોડભાઈની વાડીમાં રાત રહ્યા. બે વાગે ઊઠી, નાહી, પૂજા કરી ૩.૧૫ વાગે નિર્ગુણ સ્વામીને ઓટે દર્શને પધાર્યા. ત્યાં પ્રદક્ષિણા ફરતાં સ્વામીશ્રી બોલ્યા : 'અક્ષર સ્વામી ! ચાલો નિર્ગુણ સ્વામી સાથે' - એમ બોલી ગોંડલ જવા સ્ટેશને ગયા. ત્યાં સમાચાર મળ્યા કે અક્ષર સ્વામી ધામમાં ગયા છે. આ વખતે પ્રમુખસ્વામી ધર્મજ હતા. સ્વામીશ્રીએ તેમને કહેવડાવ્યું કે 'આપણા ખેતરમાં અગ્નિસંસ્કાર કરજો.'

અક્ષર સ્વામીના અક્ષરનિવાસ નિમિત્તે ગોંડલમાં 'ભક્તચિંતામણિ' તથા 'વચનામૃત'ની પારાયણ યોજી અને અક્ષર સ્વામીના સેવક તરીકે રહેલા બાલમુકુન્દ સ્વામીને ગોંડલ - અક્ષર મંદિરની સેવામાં બોલાવી લીધા.

✧

તા. ૧૪-૧-'૫૬, ઉત્તરાયણનો સમૈયો સ્વામીશ્રીએ રાજકોટ કર્યો. પછી ગોંડલ આવી, મોટાસ્વામી, બાલમુકુન્દ સ્વામી વગેરે અગિયાર સંતો તથા ચંપકભાઈ શેઠ, હર્ષદભાઈ, અંબાલાલભાઈ, જી.કે. સ્વામી વગેરે ભક્તો મળીને કુલ અડતાલીસનો સંઘ લઈ સોરઠની પંચતીર્થી કરવા પધાર્યા.

શનિવાર, તા. ૨૧-૧-'૫૬, ગોંડલથી બપોરે ૧૨-૦૦ વાગે સંઘ નીકળ્યો. જેતપુરમાં મહારાજનું ગાદી-સ્થાન તથા વંથળીમાં કલ્યાણભાઈના ઘરે

તથા સૂર્યકુંડે દર્શન કર્યાં. વંથળીના મંદિરમાં મહારાજની પ્રસાદીના થાંભલાનાં દર્શન કર્યાં. પછી સ્વામીશ્રી સૌને પ્રસાદી વહેંચતા હતા. ત્યારે એક સંતે કહ્યું : 'સ્વામીના હાથની પ્રસાદી આપો.'

એટલે સ્વામીશ્રી કહે : 'સ્વામી હાથે પ્રસાદી આપી થાકી ગયા છે તોય ગુણ આવતા નથી.' એમ મર્મ કર્યો.

અહીંથી સાંજે માણાવદર પહોંચ્યા. અહીં સભા પ્રસંગમાં સ્વામીશ્રીએ કહ્યું : 'સંબંધનો મહિમા આપણા સત્સંગમાં ઘણો જ છે. વડતાલ વગેરે આપણા છે એમ સમજવું. સ્વામી દરેકને વડતાલ, ગઢડા દર્શને મોકલતા. તે સત્સંગમાં જો દિવ્યભાવ હોય તો જ થાય; નહિ તો ન થાય. સંબંધનો મહિમા જો શ્રદ્ધા હોય તો જણાય. શ્રદ્ધા ઓછી થાય એટલે -

'મોળી પડી ભક્તિ, મોળા પડ્યા ભાવ,
પહેલાં ઊઠીને મળતા, હવે પડ્યા પડ્યા આવ.'

એમ થાય. એમ સત્સંગીને દેખીને જો ઊઠીને મળાય નહિ તો જાણવું કે શ્રદ્ધા મોળી પડી છે. ગમે તેવો હોય તેને સત્સંગમાં રાખી દૃઢતા કરાવી દેવી એ મોટાનો સિદ્ધાંત છે. આપણું વાંકું બોલે તેનું પણ આપણે વાંકું ન બોલવું. ગુણાતીત બાગનો હરિભક્ત આપણા માથાનો મુગટ છે એમ સમજવું. અવગુણ ભારેલા અગ્નિ સમાન છે. જો ઉથામશું, અવગુણ ગાઈશું તો જરૂર હાથ દાઝશે. માટે અવગુણ ગાવાનો સ્વભાવ મૂકવો.

'અભાવ એટલે સંકલ્પ થાય અને ટળી જાય. અવગુણ એટલે ગાંઠ બંધાય. પછી ગુણમાં દોષ પરઠે. શિશુપાળે શ્રીકૃષ્ણ ભગવાનને સો ગાળ દીધી. આસુરી બુદ્ધિવાળો હોય તે જ આવું કરે. રાત-દિવસ સેવા કરે તો મન નવરું ન રહે અને અવગુણ ન લે.'

મયારામ ભટ્ટની વાડીમાં દર્શને ગયા ત્યારે સ્વામીશ્રીએ કૂવાનું પ્રસાદી જળ સૌને માથે ચઢાવ્યું અને પ્રસાદી વહેંચી. કથા પ્રસંગમાં સ્વામીશ્રીએ કહ્યું : 'આ સ્વામિનારાયણનો બગીચો છે. તેમાં ગુલાબ, ચંપો બધું જ છે. તેથી ભમરા બની રસ લેવો, પણ ગીંગાની જેમ વિષ્ટાની ગોળીઓ નાકમાં લઈને ન આવવું. તો સુખ નહિ આવે. સ્વામીના વખતમાં નિર્ગુણ સ્વામી ભમરા જેવા. તે ગીંગા જેવાને સારી રીતે ઝબોળી, જગતના સંકલ્પરૂપી વિષ્ટાની ગોળી કાઢી નાંખી, સત્સંગનું સુખ આપતા; એવા સમર્થ હતા.'

આમ, અપાર આનંદ કરાવી જ્ઞાનની દૃઢતા કરાવી.

સાંજે ૬-૦૦ વાગે શૌચ પછી હાથ ધોતા હતા, ત્યારે બાજુના ઘરમાં કોઈ શુભ અવસર હોવાથી લાઉડ સ્પીકર ઉપર સિનેમાના ગાયનની રેકર્ડ *'તેરે દ્વાર ખડા ભગવાન, ભગત ભર દે રે ઝોલી'*, ચાલતી હતી. સ્વામીશ્રી હાથ ધોવડાવતા યુવકને કહે : 'આ 'જોગી જોગી' શું વાગે છે ?' તેઓ 'ઝોલી'ને 'જોગી' સમજ્યા હતા.

પછી યુવકોએ સ્પષ્ટતા કરી. એક યુવકે પૂછ્યું : 'બાપા ! આપનું નામ આવે તો એ ગાયન સાંભળવું કે નહિ ?'

સ્વામીશ્રી કહે : 'સિનેમાનું કહેવાય, એટલે ન સંભળાય. અડાય પણ નહિ (લાઉડ સ્પીકરને !). પાપ લાગે...' પછી કહે : 'અમારે ને એને એક લાખ ગાઉનું છેટું.'

સોમવારે બપોરે માણાવદરથી નીકળી મેઘપુર દર્શન કરી, રાત્રે પીપલાણા પધાર્યા. બોડકા પાસે મોટર ખોટવાઈ, તેથી ગાડાના રસ્તાના ચીલામાં બેસી આરતી, અષ્ટક વગેરે બોલ્યા. અહીંના સંતોએ સ્વામીશ્રી અને સંઘનો સારો સત્કાર કર્યો હતો.

સર્વ પ્રસાદી સ્થળોનાં દર્શન કરી બીજે દિવસે સવારે ૯-૦૦ વાગે નીકળી સણોસરા આવ્યા. અહીં મંદિરમાં વાત કરતાં કહે : 'કરવાનું શું છે ? સત્સંગ કરી હૃદયમાં ભગવાન પધરાવવા. ભગવાન હૃદયમાં બિરાજે ત્યારે દિવ્યભાવ થાય.'

અહીં દર્શન કરી સરદારગઢ થઈ ઉપલેટા પહોંચ્યા. અહીં પ્રસાદીની મોજ નદી છે. તેનું જળ સ્વામીશ્રીએ માથે ચઢાવ્યું અને બોલ્યા : 'આજે તો અક્ષર-ધામની મોજ આપી છે.'

વરજાંગ જાળિયા દર્શન કરી સ્વામીશ્રી ગણોદ પધાર્યા. દરબાર મહોબ્બતસિંહજીએ સૌની સારી આગતા-સ્વાગતા કરી. આજે એકાદશી હતી. દરબારગઢ તથા પ્રસાદીની વસ્તુઓનાં દર્શન કરાવ્યાં.

બાદ અગત્રાઈ, કાલવાણી, માંગરોળ, લોજ, પંચાળા, જૂનાગઢ થઈ સ્વામીશ્રી ધોરાજી અને ફણેણી પધાર્યા. સૌને પ્રત્યેક પ્રસાદી સ્થાનમાં દર્શન કરાવી સ્વામીશ્રી ગોંડલ પહોંચ્યા.

આમ, બધા સંતો-હરિભક્તોને મહારાજનાં પ્રસાદી સ્થાનો સાથે પ્રગટના સાંનિધ્યનું દર્શન, પ્રસાદી, મળવું ને વાતું - આ ચાર સુખની લહાણ કરી, સ્વામીશ્રીએ સૌને અલૌકિક લાભ આપ્યો.

એકાવનની એકમાત્ર રટના

પોષ સુદ ૧૫, અમદાવાદ થઈ ભરૂચ આવી ડૉ. મગનભાઈના મકાનનું વાસ્તુ કર્યું. પછી ઝાડેશ્વર પધાર્યા.

અહીં સ્વામીશ્રીએ સૌને નદીમાં સ્નાન કરવાની આજ્ઞા કરી. પોતાને શરદી હોવાથી મસ્તકે જળ ચઢાવ્યું. સર્વે સંતો તથા યુવકો સ્નાન કરી રહ્યા હતા. સ્વામીશ્રીએ કાંઠે બેઠાં બેઠાં નદીની રેતીમાં 'એકાવન' લખ્યું. એ વિનુભાઈએ જોયું. ભવિષ્યમાં એકાવન સાધુ કરવાના અનુસંધાનમાં જ કદાચ આમ લખ્યું હશે, એમ સૌને લાગ્યું. સ્વામીશ્રીનો આ તીવ્ર સંકલ્પ હતો. સને ૧૯૬૧ની સાલમાં ગઢપુર કળશ જયંતી મહોત્સવ પ્રસંગે ૫૧ સાધુ બનાવી શાસ્ત્રીજી મહારાજે પ્રવર્તાવેલી અક્ષરપુરુષોત્તમની ઉપાસનાનો દિગંતમાં ડંકો મારવો હતો. તેથી સ્વામીશ્રીના હૃદયમાં રાત-દિવસ એક જ રટના હતી : 'ભણેલા-ગણેલા એકાવન યુવાનોને સાધુ બનાવવા.'

અહીંથી અટલાદરા થઈ આફ્રિકાવાળા રાવજીભાઈના આગ્રહથી સ્વામીશ્રી પલાણા આવવા નીકળ્યા. રસ્તામાં વડોદરા, વાસદ, આણંદ, નડિયાદ સ્ટેશને સ્વામીશ્રીનાં દર્શન માટે ઘણા હરિભક્તો ઊમટ્યા હતા.

ગુજરાત કે સૌરાષ્ટ્ર, જ્યાં જ્યાં સ્વામીશ્રી વિચરતા, ત્યાં ગામોગામ રસ્તામાં હરિભક્તોને જાણ થતાં સૌ દર્શને ઊમટતા. લગભગ ટ્રેનમાં મુસાફરી હોય એટલે તે તે રેલવે સ્ટેશનો ઉપર દર્શન માટે હરિભક્તોની ભારે ભીડ જામતી. હજારો મુસાફરો આ દૃશ્યો જોઈ રહેતાં. 'યોગીજી મહારાજ પધારે છે' - એવી જાણ થતાં ઘણી વાર સ્ટેશન ઉપર આવેલા અન્ય લોકો પણ દર્શન માટે ખેંચાતા. 'યોગીજી મહારાજ જેને આશીર્વાદનો ધબ્બો આપે છે તે ન્યાલ થઈ જાય છે' - એવો પ્રચાર ગુજરાતમાં વ્યાપક થતો જતો હતો. એટલે ઘણા નવા નવા મુમુક્ષુઓ પણ દર્શનમાં સૌની સાથે ઉમંગથી જોડાતા.

સ્ટેશન ઉપરના રેલવેના અધિકારીઓ ટ્રેનમાં સાથે આવતા. રેલવે અધિકારીઓ પણ આ લાભથી વંચિત રહેતા નહિ. પોતાના અધિકારનો હોદ્દો ભૂલી સ્વામીશ્રીના ખોળામાં માથું નાખી, આશીર્વાદનો ધબ્બો અચૂક લઈ લેતા. અનેક વાર એવું પણ બનતું કે સ્ટેશન ઉપર ફરજ બજાવતા રેલવેના હવાલદારો અને પોલીસો પણ વ્યવસ્થા કરતાં કરતાં સ્વામીશ્રીના પગમાં પોતાનું માથું ઝુકાવી દેતા. આમ, સ્વામીશ્રી જ્યાં જ્યાં પધારતા ત્યાં સૌ ભાન ભૂલી એમની

આસપાસ ટોળે વળતા, પાછળ પાછળ જતા. સ્વામીશ્રીની આસપાસ આવો એક જબરદસ્ત પ્રભાવ સદાય રહ્યા કરતો.

પલાણા ગામ આખું ધજાપતાકાથી શણગારવામાં આવ્યું હતું. વાજતે-ગાજતે સ્વામીશ્રીને પધરાવ્યા. જાહેર સભા થઈ. રાવજીભાઈ તથા ગામલોકોનો પ્રેમ ખૂબ હતો. સ્વામીશ્રી ખૂબ પ્રસન્ન થયા.

વસો પધાર્યા ત્યાં પણ એ જ રીતે સ્વાગત અને અન્ય કાર્યક્રમો યોજાયા. લગભગ ૧૨૫ ઘરે પધરામણી થઈ. અનેક મુમુક્ષુઓને વર્તમાન ધરાવી, કંઠી પહેરાવી. અહીંથી ડભોઉ થઈ પોષ વદ એકાદશીએ બોચાસણ દર્શન કરી, ઝારોળા થઈ રાસ પધાર્યા.

ભક્તહૃદયના દ્વારે પધરામણી

અહીં ઘણી પધરામણીઓ થઈ. તે દરમ્યાન સ્વામીશ્રીએ હરિભક્તોને પૂછ્યું : 'કોઠારીનું ઘર કોણે જોયું છે ? આપણે ત્યાં પધરામણીએ જવું છે.'

બધા વિચાર કરવા લાગ્યા. પછી કહે : 'બાપા ! અહીં કોઈ કોઠારી રહેતા નથી.'

ત્યારે સ્વામીશ્રી હસતાં હસતાં બોલ્યા : 'નૈરોબીના ઈશ્વરભાઈ ! તે આપણા કોઠારી છે.'

આ સાંભળી સૌને આશ્ચર્ય થયું અને કહ્યું : 'ઈશ્વરભાઈ તો આફ્રિકા છે ને ઘર બંધ છે.'

સ્વામીશ્રી કહે : 'આપણે ઘરનાં દર્શન કરવા જવું છે. પગલાં કરવાં છે. ઘર બંધ હોય તેથી શું વાંધો છે ?' એમ કહી તેમના ઘરે પધાર્યા. ઘર બંધ હતું, પરંતુ કમાડને હાથ અડાડી રાજીપો બતાવ્યો.

એ પછી સ્વામીશ્રીએ ઈશ્વરભાઈને પત્રથી નૈરોબી જણાવ્યું કે 'અમે તમારા ઘરે પધરામણીએ જઈ આવ્યા.'

સ્વામીશ્રી કેટલાય હરિભક્તોને આવી રીતે અલૌકિક સંભારણું આપતા; ભલે હરિભક્ત પોતાના ગામમાં કે સ્થળ ઉપર હાજર ન હોય, પણ સ્વામીશ્રી તેમને અચૂક યાદ કરતા. અને આ રીતે તેમનાં હૃદયદ્વારનો સ્પર્શ કરીને પધરામણીથીયે અનેક ગણી સ્મૃતિ આપી દેતા.

આમ, જે જે ગામમાં પધારે તે તે ગામમાં, દરેક હરિભક્તની ખબર પૂછતા. કોઈ ન આવ્યું હોય, બીમાર હોય, કોઈનું મન પાછું પડ્યું હોય તો

તેમને સંભારીને સ્વામીશ્રી બોલાવતા, તેને ઘેર જતા, આશ્વાસન આપતા, બળની વાતો કરી સૌને વધુ ને વધુ સત્સંગાભિમુખ કરતા.

અહીંથી કઠાણા, સારસા થઈ આણંદ પધાર્યા. અહીં સ્વામીશ્રી ઘણી વાર ઝોળી માગવા નીકળતા તેમ આ વખતે પણ નીકળ્યા. માર્ગમાં સાધુનો વિશિષ્ટ વેશ જોઈ કૂતરા ભસે. તેને ડરાવવા પુરુષોત્તમભાઈ ભુલાભાઈએ એક લાકડી રાખી હતી, પણ એક કૂતરું હઠે ચડ્યું. તે ડરાવે તેમ સામું આવે. એટલે પુરુષોત્તમભાઈએ તેને જોરથી લાકડી ફટકારી. તે કાંઉ કાંઉ કરતું ભાગી ગયું.

સ્વામીશ્રી આ જોઈ ઉદાસ થઈ ગયા ને જાણે તેમને વાગ્યું હોય તેમ ગળગળા થઈ કહે : 'ગુરુ ! આમ ન થાય. તેને મરાય ? તે તો મહાભગત છે.'

સ્વામીશ્રીની દૃષ્ટિમાં સર્વત્ર બ્રહ્મભાવ હતો; અને તેથી જ કરુણા અને અહિંસાની ઉચ્ચતમ ભાવનાઓનો તેમનામાં સદાય આવિર્ભાવ રહ્યા કરતો.

અહીંથી ખેતીવાડી કૉલેજમાં તથા વિદ્યાનગરમાં પધરામણી કરી. વિદ્યા-નગરમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને એકત્રિત કરી, યુવક મંડળની સ્થાપના કરી સૌને આશીર્વાદ આપ્યા. અહીં નાપાડના ગોરધનભાઈ ભુલાભાઈ પટેલ યુવક પ્રવૃત્તિના સક્રિય કાર્યકર હતા. સ્વામીશ્રીએ તેમને કહેલું કે 'આખું વિદ્યાનગર રંગી નાખવું છે.' સ્વામીશ્રીની આજ્ઞાથી તેમણે રવિવારની સભા વિદ્યાનગરમાં સૌ પ્રથમ શરૂ કરી. શરૂમાં બે જ યુવકો ગોરધનભાઈ અને બીજા જીવાભાઈ રણછોડભાઈ પટેલ સભા કરતા અને તિલક-ચાંદલો કરીને કૉલેજમાં જતા.

યુવક મંડળની સભા વધારવા તેમણે અનેક પ્રયાસો કરેલા. તેઓ સવારે વહેલા તૈયાર થઈને દરેક હૉસ્ટેલના બાથરૂમ તરફ જવાના માર્ગ કે લૉબી પાસે ઊભા રહેતા. વિદ્યાર્થીઓ બાથરૂમ જાય ત્યારે ગળામાં કંઠી જુએ કે તરત ડાયરીમાં નામ, ગામ, હૉસ્ટેલની રૂમ નંબર બધું નોંધી લે. પછી તેમની મુલાકાત લઈને સત્સંગ સભામાં આવવાનું ભાવભર્યું આમંત્રણ આપે. આ પ્રવૃત્તિથી મહેળાવ, ચાંગા, ઝારોળા, સોખડા, નડિયાદ, ધર્મજ, ભાદરણ, વસો, પીજ, સોજિત્રા વગેરે ઘણાં ગામોના સત્સંગી યુવકોનો પરિચય થયો અને રવિવારની સભાની સંખ્યા દિન-પ્રતિદિન વધવા લાગી અને સ્વામીશ્રીએ જે દૃઢ સંકલ્પ કર્યો હતો તે પ્રમાણે વિદ્યાનગર સત્સંગના રંગે રંગાવા લાગ્યું. ગોરધનભાઈ તથા જીવાભાઈના ઉત્સાહ અને ઉમંગથી સ્વામીશ્રી તેમના ઉપર ઘણા રાજી થયા.

અહીંથી વસંત પંચમીએ સ્વામીશ્રી ટ્રેનમાં અટલાદરા આવવા નીકળ્યા. સાથે ડૉ. રમણભાઈ પટેલ પણ હતા. આણંદથી ટ્રેન ઊપડી એટલે રસ્તામાં

ખેતીવાડી કૉલેજ આવી. તે બતાવતાં રમણભાઈએ સ્વામીશ્રીને કહ્યું : 'આ વિનુભાઈની કૉલેજ છે.'

સ્વામીશ્રીએ તે તરફ જોઈને હાથ જોડ્યા અને બોલ્યા : 'જય વિનુભાઈની કૉલેજને.' પછી કહે : 'આ કૉલેજની સામે આપણે બ્રહ્મવિદ્યાની કૉલેજ બાંધવી છે ને મોરચો માંડવો છે.'

સ્વામીશ્રીની આ બળભરી વાતો સાંભળીને રમણભાઈ તો ત્યારે આભા જ થઈ ગયા ! સને ૧૯૬૫માં વિદ્યાનગરમાં અક્ષરપુરુષોત્તમ છાત્રાલય શરૂ થયું ત્યારે સ્વામીશ્રીના આ વચનની સત્યતાનો તેમને અનુભવ થયો.

આ વખતે અટલાદરાના આ સમૈયામાં વર્ષોવર્ષ કરતાં ભક્ત-મેદની ઘણી વિશાળ હતી. જ્યાં જુઓ ત્યાં હરિભક્તો જ આનંદ કિલ્લોલ કરતા નજરે પડતા. જે મંદિર સ્વામીશ્રીના આગમન પહેલાં શાંત લાગતું હોય તે જ જગ્યાએ સ્વામીશ્રીના આવતાની સાથે જ કોણ જાણે ક્યાંથી પણ અગણિત સંખ્યામાં ભક્તો ઊભરાવા લાગતા. સૌના આનંદનો પાર ન હોય. સૌ પ્રગટની પ્રાપ્તિની મસ્તીમાં જ ફરતા હોય.

આ વખતે દરવાજા નજીક કામચલાઉ નવા ઉતારાઓ પણ વધારવા પડ્યા હતા. કોઠારી અક્ષર સ્વામી, અંબાલાલભાઈ તથા ઈશ્વરભાઈ વગેરેએ તમામ વ્યવસ્થા સુંદર કરી હતી. ચોથ ને પાંચમે, આખી રાત ઠેર ઠેરથી આવેલી ભજન-મંડળીઓએ ભજન-કીર્તન કર્યાં. પાંચમને દિવસે ૯-૩૦ વાગે વસંત પંચમીની સભા શરૂ થઈ. સી.ટી. પટેલ, ચુનીભાઈ વગેરેએ સ્વામીશ્રીના આફ્રિકાના દિવ્ય વિચરણની મહિમાપૂર્ણ વાતો કરી, સભાને રંજન કરી દીધી. ખેંગારજીભાઈ, મણિભાઈ ભટ્ટ, મગનભાઈ તથા મોટાસ્વામીએ શાસ્ત્રીજી મહારાજને પગલે પગલે આજે યોગીજી મહારાજ કાર્ય કરી રહ્યા છે, તો તન-મન-ધનથી રાજી કરવા અનુરોધ કર્યો હતો. અન્ય પ્રવચનો બાદ સ્વામીશ્રીએ પાંચ વાતો બોલી સૌને આનંદમાં ડોલતા કરી દીધા. બાદ બે કલાક પૂજન વિધિ ચાલ્યો.

ઈશ્વરભાઈ દાજીના આગ્રહથી સ્વામીશ્રી નડિયાદ થઈ ડભાણ દર્શન કરી, રઢુ થઈ પુરુષોત્તમપુરા આવ્યા. સી.ટી. પટેલ વગેરે આફ્રિકાના હરિભક્તો તથા અમદાવાદ તેમજ આજુબાજુનાં ગામોમાંથી લગભગ બે હજાર જેટલા ભક્તો નાનકડા એવા પુરુષોત્તમપુરા લાટમાં એકત્રિત થઈ ગયા હતા. મોટાસ્વામીએ શાસ્ત્રીજી મહારાજનાં લીલાચરિત્રો વર્ણવ્યાં. શહેરની ભીડથી દૂર અહીં જંગલમાં મંગલ સર્જાયું હતું. સૌને સ્વામીશ્રીનો સુંદર લાભ મળ્યો.

અહીંથી સ્વામીશ્રીએ રઢુ થઈ, મહા સુદ ૧૧, વૌઠામાં સ્નાન કરી, પ્રસાદીના મહાદેવનાં દર્શન કર્યાં. પછી વારસંગ, નાગજીપુરા, ઈશ્વરપુરા થઈ તા. ૨૫-૨-'૫૬, સ્વામીશ્રી ચિત્રાસર પધાર્યા. અંબાલાલભાઈ, ફુલાભાઈ, બચુભાઈ, નટુભાઈ વગેરેનો ખૂબ ઉત્સાહ હતો. સ્વામીશ્રીએ અહીં યુવક મંડળની સ્થાપના કરી.

અહીંથી એક દિવસ શ્રીજીપુરા થઈ નાયકા પધાર્યા. રણછોડભાઈ તથા ગોવિંદભાઈએ ગામ સમસ્ત વતી સ્વાગત કર્યું. નાયકાના ગ્રામજનોએ શાસ્ત્રીજી મહારાજના નામથી બાળમંદિર કરવા વિનંતી કરી, જે સ્વામીશ્રીએ માન્ય રાખી. તેથી સૌ બહુ રાજી થયા. શેઠ મંગળદાસ, શેઠ શંકરલાલ, પીતાંબરભાઈ, કલ્યાણસંગ દરબાર, શાંતિલાલ, દ્વારકાદાસ વગેરે યુવકોએ સારી સેવા કરી. સભામાં આશીર્વાદ આપતાં સ્વામીશ્રી કહે : 'આપણે શિર સાટે ભક્તિ કરવી. દેખાવ ન કરવો. ભગવાન અંતર્યામી છે. માટે નિર્દંભપણે કાર્ય કરવું. અભાવ-અવગુણ ન લેવો. રાત-દિવસ સેવા કરે તો મન નવરું ન રહે અને અવગુણ ન લે.

'આ સત્સંગ જીવના કલ્યાણ માટે કરવો. આત્યંતિક કલ્યાણ થાય અને ભગવાનની સેવામાં અખંડ રહીએ એવું અંતકાળનું ભાથું કરી લેવું. શાસ્ત્રીજી મહારાજ જેવા પુરુષ મળ્યા. એમની દૃષ્ટિથી જ સંસ્કાર થયા. ભગવત્પરાયણ થઈ આખો દિવસ સત્સંગ, કથાવાર્તા વ્યવહારનાં કામ સાથે કરવું, એ સત્સંગનો ધર્માદો છે. પહેલું ઠેઠનું, પછી પેટનું.'

અહીંથી શાંતિપુરા થઈ ડુંગરી-ટીંબા આવ્યા. રાત્રે ખૂબ સારી સભા ભરાઈ. સ્વામીશ્રીએ અમૃતલાભ આપ્યો. 'રૂપવાન સ્ત્રી, ઝાઝું દ્રવ્ય અને સારી મેડી મળી એ માયાનું બંધન...' એ વાત સમજાવતાં કહ્યું :

'આપણને મોહ તો બંગલા બંધાય વગેરેનો રહે છે. જ્ઞાન થાય તો ઈચ્છા ન રહે. વ્યવહાર સ્વામિનારાયણનો છે. આપણે એના નોકર છીએ. માટે જરૂર પડે એટલું વાપરી, બાકીનું સ્વામીનું છે એમ સમજવું. દાદાખાચરને સમજાઈ ગયું હતું. ભગવાન આપણું પૂરું કરનાર છે. માટે ચિંતા એને માથે નાખવી. સોનાની મેડી કોઈની નથી, પણ પોતાનું માની રાત-દિવસ જીવ મંડી રહે છે. એટલે દુ:ખ રહે છે. જન્મ થયા મોર કોઈ સંકલ્પ હતો કે આ જમીન આપણી છે ? ધરતી તો રાજા રામની છે.

'આપણે ભગવાનને સંભારીએ તો આપણી વજની કાયા કરી દે. તેમ જ્યારે સમાગમ થાય ત્યારે ભીડો વેઠવાનું મન થાય. ભીડો વેઠે એ મોટો.

મંગાળે મશ અડવા દે નહિ, એ ભીડો વેઠી ન શકે. પોતાની કોઈ વહાલી વસ્તુ રહેવા દે નહિ.'

અહીંથી ખેડા, લીંબાસી, પુનાજ, માતર થઈ મહા વદ ૧૦, તા. ૭-૩-'૫૬, પ્રમુખસ્વામી, મોટાસ્વામી વગેરે સંતો તથા મોટેરા હરિભક્તો સાથે સ્વામીશ્રી મહુધા પધાર્યા.

બોચાસણના અક્ષર સ્વામી મૂળ મહુધાના વતની. તેમણે જશભાઈ તથા ચુનીભાઈને કહ્યું હતું કે 'યોગીજી મહારાજને ખૂબ ધામધૂમપૂર્વક મહુધા પધરાવજો.' એ સંકલ્પ પૂરો કરવા, સૌએ સ્વામીશ્રીને તેડાવ્યા હતા. સ્વામીશ્રીનો ઉતારો જશભાઈના મકાનમાં હતો. અક્ષર સ્વામીની પાછળ એમના મકાનનું નામ સ્વામીશ્રીએ 'અક્ષરધામ' પાડ્યું. સાંજની સભામાં રાવ સાહેબ હરિકૃષ્ણભાઈ, સી.ટી. પટેલ, મોટાસ્વામીએ પ્રસંગોચિત વાતો કરી અને સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા. અત્રે ગાના ભજન-મંડળીએ કીર્તનની રમઝટ બોલાવી.

આવેલી તક વાઘરી દુલાભાઈએ ગુમાવી

બીજે દિવસે મંદિરમાં જ્યાં ગોપાળાનંદ સ્વામી ઊતરતા, ત્યાં દર્શને પધાર્યા. ઘણી પધરામણીઓ થઈ. અહીં સ્વામીશ્રી જશભાઈ નારણભાઈના ઘરે બિરાજમાન હતા, ત્યારે ગામનો વાઘરી દુલાભાઈ ફુલાભાઈ દર્શને આવ્યો અને કંઠી બાંધવા સ્વામીશ્રીને પ્રાર્થના કરી. સ્વામીશ્રીએ તેને ધંધા વિષે પૂછ્યું. તેણે પોતાની બધી વાત નિખાલસતાથી કહી દીધી. જો કે કેટલીક બાબતો કહેતાં તેની જીભ ન ઊપડી, પરંતુ સ્વામીશ્રી રાજી થયા ને કહે : 'તું નિષ્કપટ થયો એટલે તારાં બધાં પાપ બળી જશે. પણ હવે નવાં પાપ ન કરવાં. એ નીમ લે તો કંઠી બાંધીએ.' તે સંમત થયો.

'ભગવાન તને રોટલો આપશે, તેના જામીન અમે થા'શું. પણ હવે તો કંઈ પાપ કરવું જ નહીં.' સ્વામીશ્રી એક જ વાત ફરી ફરી કરતા હતા. અંતર્યામીથી શું અજાણ્યું હોય ? સ્વામીશ્રી જાણતા હતા કે આ વાતની તેણે પૂરી દઢતા નથી કરી. એના અંતરમાં હજુ મેલ છે. અપકર્મો ન કરવાની હૃદયપૂર્વક પ્રતિજ્ઞા નથી લીધી. તેથી ભવિષ્યવાણી ઉચ્ચારતાં કહે : 'તારું મૃત્યુ સાપ કરડવાથી સાત દિવસમાં થવાનું હતું, તે તું ભગવાનના શરણે આવ્યો એટલે નહીં થાય. પણ ફરી પાપમાં પડીશ તો અમે જવાબદાર નથી.'

આટલું સ્પષ્ટ ભવિષ્ય કહ્યું હોય તેવો હરિભક્તો સમક્ષ આ પ્રથમ જ

પ્રસંગ હતો. જશભાઈ, ડડુસરના અંબાલાલ વાલાભાઈ, નાથાભાઈ જેઠાભાઈ વગેરે તો આ સાંભળી આશ્ચર્યમુગ્ધ થઈ ગયા.

નિયમ તો લીધો, સ્વામીશ્રીની ભવિષ્યવાણી પણ સાંભળી, પરંતુ દુલાભાઈ પોતાના સ્વભાવવશ પુનઃ પાપના પંથે વળી ગયા. અને બરાબર આઠમા દિવસે સ્વામીશ્રીના કહ્યા મુજબ તેમનું સર્પદંશથી મૃત્યુ થયું. તેમના પુત્ર મગનભાઈ આ વાતના સાક્ષી હતા. તેઓ ઘણી વાર કહેતા કે 'મારા બાપાને સ્વામીએ કાળને ઠેલીને સુધરવાની તક આપી, પણ એ ખોઈ બેઠા.'

અહીં રૂગનાથભાઈના પ્રમુખપણા નીચે સ્વામીશ્રીએ મંડળની સ્થાપના કરી. સાંજે ૪-૦૦ વાગે સ્વામીશ્રી સંઘ સાથે ડડુસર પધાર્યા. સભામાં ગલુજી તથા મહારાજના પ્રસંગોની વાત થઈ. ગામના લોકોનો ખૂબ જ ભાવ હતો; તેથી પધરામણીઓ પણ ઘણી થઈ. ઢોલ વગાડતા સાત વાઘરીઓને સ્વામીશ્રીએ સત્સંગ કરાવ્યો, નિયમ આપ્યા, ફૂલના હાર પહેરાવ્યા. ઉપરથી તેમને દસ રૂપિયા ભેટ-ખુશાલીના અપાવ્યા. સ્વાગત તથા પધરામણીમાં સાથે ફરીને, જોશજોશથી ઢોલ વગાડી સ્વામીશ્રી સમક્ષ મુજરા કરતા વાઘરી ઢોલીઓનું કામ થઈ ગયું.

પાછા મહુધા પધાર્યા. અહીં સૌને એકાદશીનો નિર્જળ ઉપવાસ હતો. સ્વામીશ્રીએ બપોરે ન સૂવા સંતો-યુવકોને આદેશ આપ્યો અને પોતે પણ પોતાની પથારીમાં બેઠા. બપોરની કથા થઈ. સૌ આજુબાજુ વીંટળાઈને બેઠા હતા. સ્વામીશ્રી કહે : 'અરુણભાઈ ! ભક્તચિંતામણિ વાંચો.' મેં એક પછી એક પ્રકરણો વાંચવા શરૂ કર્યાં. તેમાં સંતોએ પંચ વર્તમાન કેવી રીતે પાળવા તે પ્રકરણ આવતાં એક યુવકે પૂછ્યું : 'બાપા ! આપણે સ્ત્રીઓથી દૂર રહીએ છીએ તેમાં બહુ ટીકા થાય છે, ને બધા કહે છે કે તમારા ગુરુ શૂરવીર નથી એટલે જ સ્ત્રીથી દૂર રહેવું પડે છે. સ્વામી વિવેકાનંદને અમેરિકામાં એકાંતમાં સ્ત્રી મળી, તોપણ 'તું મારી માતા છે' એમ કહેલું.' તે વાત કરી યુવકે દલીલ કરી કે લોકો કહે છે કે 'તમારા સંતો સ્ત્રીઓમાં માતા કે ભગિનીનો ભાવ ન લાવી શકે ? આનો જવાબ શું આપવો ?'

સ્વામીશ્રીએ સચોટ અને મર્મવેધક જવાબ આપ્યો : 'આપણે તો શ્રીજી-મહારાજે જે આજ્ઞા કરી છે, તે સનાતન અને સત્ય છે. તે સર્વકાળ માટે સત્ય છે. માટે તેનો લોપ ક્યારેય કરાય નહીં. ભલે ગમે તેટલી ઊંચી સ્થિતિ પામીએ, પણ આજ્ઞામાં બાધ ન લાવવો ને બીજાની શિક્ષા માટે પણ આજ્ઞા પાળવી.

'સાધક હોય તેના અંતરમાં વેગ આવ્યા કરતા હોય, પણ સત્ત્વગુણમાં

વર્તે ત્યારે જ સરખું રહે. રજ-તમના વેગમાં, સ્ત્રી-ધનમાં તણાઈ જવાય ને તેનું પતન થાય. માટે આ તો આપણી રક્ષા કરે છે. ને આપણે ક્યાં તેમની (સ્ત્રીઓની) ઉપેક્ષા કરીએ છીએ ? પણ માતા ને બહેનનો વે'વાર રાખતાંય કેટલાય લપસી નથી પડતા ? માટે આ તો રક્ષા થાય એવા હેતુથી નિયમ મૂકી દીધો છે - એમ જવાબ દેવો.' સ્વામીશ્રીના ઉત્તરમાં સૌને ઘણા વખતથી ઘૂંટાતા પ્રશ્નનું સમાધાન મળી ગયું.

આજ્ઞા પાળી લેવી, તેમાં જ જ્ઞાન થશે

આજે અક્ષર સ્વામીના જન્મ સ્થાનમાં પણ સ્વામીશ્રીએ પધરામણી કરી હતી. મહા વદ ૧૩, તા. ૧૦-૩-'૫૬, સ્વામીશ્રીએ અટલાદરામાં શિવરાત્રિ કરી. પછી ઠીકરિયા, માત્રોજ થઈ સારીંગ પધાર્યા. સ્વામીશ્રીનો ઉતારો મંદિરમાં હતો.

સવારે ઉકાળા-પાણી પછી સ્વામીશ્રી દરેક યુવકને સભામંડપના મેડે લઈ ગયા ને કહે : 'અહીં બેસો. બધાએ નોખા નોખા બેસવું. ભીંત સામું મોઢું રાખવું. બહાર દૃષ્ટિ ન જાવા દેવી. તો સ્વામીની વાતું બરાબર ગોખાય. અહીં બધા વાતું ગોખજો.' પછી પોતે નીચે પધાર્યા અને કથાવાર્તા શરૂ કરી.

યુવકોને કથા સાંભળવાની ખૂબ ઇચ્છા પણ સ્વામીશ્રીએ જુદી આજ્ઞા કરી હતી. છતાં ઇચ્છા એવી તીવ્ર કે સૌ નીચે આવ્યા. સ્વામીશ્રી કહે : 'કેમ આમ ?'

'બાપા ! કથા સંભળાય ને ! વાતું તો પછી મોઢે કરીશું.'

'એમ ન થાય, ગુરુ !' સ્વામીશ્રીએ કહ્યું : 'આજ્ઞા પાળી લેવી. તેમાં જ જ્ઞાન થાશે. અમે એમ જ કર્યું છે.' સ્વામીશ્રીએ એવા પ્રેમથી ટકોર કરી કે કોઈ વળતી દલીલ ન કરી શક્યું. સૌ ઉપર ચડી વાતો ગોખવા લાગ્યા.

સત્સંગનું મહત્ત્વ સમજાય, છતાં આજ્ઞાની અગત્યતા દૃઢ થાય એવી વિશિષ્ટ તાલીમ સ્વામીશ્રી આવી હળવી રીતે આપી દેતા.

કાનમના ચોરંદા, ધાવટ, કંડારી, ગણપતપુરા, કારવણ, મેનપુર, સલાડ, રૂંવાદ, અણખી, રામપુર, પોર, રમણગામડી વગેરે ગામોમાં ફરી સ્વામીશ્રી ફૂલદોલોત્સવ માટે સારંગપુર જવા નીકળ્યા.

અમદાવાદ સ્ટેશને વેઈટિંગ રૂમ પાસે વિશાળ સભા થઈ. સી.ટી. પટેલ, મોટાસ્વામી તથા સ્વામીશ્રીએ વાતો કરી. સોમનાથ મેલમાં સારંગપુર આવી પહોંચ્યા. સમૈયામાં સ્વામીશ્રીએ ભક્તચિંતામણિનું ૬૪મું પ્રકરણ મોઢે બોલીને, સૌને ફગવાના આશીર્વાદ આપ્યા.

તા. ૨૬-૩-'૫૬, સોમવાર, સવારે દેરીમાં સભા ભરાઈ. સ્વામીશ્રીએ અમૃત વાણી રેલાવતાં કહ્યું : 'મોટાપુરુષનો સંબંધ ક્યારે થયો કહેવાય ? ગ.પ્ર. ૬૨ વચનામૃત પ્રમાણે સમ્યક્ પ્રકારે સંબંધ થયો કહેવાય. એવા ગુણ આવવા માટે ગ.પ્ર. ૬૭ વચનામૃત સિદ્ધ કરવું. 'હું તો કંઈ જાણતો નથી' – એમ પરિતાપ કરે. માટે મોટાપુરુષ પાસે ઠરાવ કરીને ન આવવું. પછી તેમાં સત્પુરુષના જેવા ગુણ આવે છે. આપણે પરિતાપ નથી થતો, તેથી -

'અમ બે બુટી, તમ બે બુટી, બુટી ભેલંભેલા,
છાયા વિનાનું ઝાડ બતાવો, તો તુમ ગુરુ હમ ચેલા.'

'મોટાપુરુષ આગળ ડહાપણ ન કરવું. મહારાજ છતાં ને શાસ્ત્રીજી મહારાજ છતાં પણ રહી ગયા. ડહાપણ એટલે બીબાં (પોતાના મનનાં) છોડી ન શકે. તમને મહાત્મા ક્યારે માનું ? કે છાયા વિનાનું ઝાડ બતાવો તો માનું. એવો હોય તેમાં ક્યાંથી ગુણ આવે ?

'કોઈનો અવગુણ ન લેવો. અને જો લેવો હોય તો જાગા સ્વામીએ કહ્યું છે કે 'દેહ, જાતિ અને સ્વભાવ તેનો અવગુણ લેવો.'

'આપણે મોટપ નથી લેવી. દાસપણું સિદ્ધ કરવું. હાથીએ બેસવું, ઘોડા-ગાડીમાં બેસવું એ નથી કરવું. વાસીદાં વાળવાં, પતરાવળાં ઉપાડવાં એ કરવું છે.

'મોટાપુરુષને રાજી કરવા હોય તો નીચી ટેલ કરવી. આપણને પ્રાપ્તિ સર્વોપરી છે. ગ.મ. ૫૯ વચનામૃત પ્રમાણે સેવા માટે પડાપડી થવી જોઈએ. પણ આપણે તો 'મેળે માવજીભાઈ' થઈ મોટા થઈ જઈએ છીએ.

'ધ્રાંગધ્રામાં એક સોનીનું નામ માવજીભાઈ, ને ત્યાંના દીવાનનું નામ પણ માવજીભાઈ. તે દી' વીજળી-દીવાનું સાધન નહિ. માવજીભાઈ સોની વહેલી સવારે અંધારામાં દિશાએ જાય. સિપાઈની કોટ પાસે ખાડા-ખાધરા હોય ત્યાં બેસે, ને સિપાઈ આને જોઈને પૂછે : 'કોણ ?' તો કહે : 'માવજીભાઈ.' સિપાઈ થડકે કે 'દીવાન હશે તો દંડ કરશે. માટે વધુ પૂછવું નથી.'

'એમ પંદર દી' પોલ હાલી. પછી સિપાઈને થયું : 'માવજીભાઈ રોજ અહીં શું કામ ઝાડે ફરવા આવતા હશે ? બંગલામાં તો પાયખાનાં-જાજરૂની સગવડ હોય. માટે તપાસ કરું, કોણ છે ?'

'પછી બીજે દી' માવજીભાઈ રોજની જેમ આવ્યા. સિપાઈએ પડકારો કર્યો : 'કોણ ?' તો છાતી કાઢીને કહે : 'માવજીભાઈ !' પછી સિપાઈ ફાનસ લઈને નજીક ગયો તો દીવાનને બદલે સોની મહાજન નીકળ્યા ! તે હાથકડી

પહેરાવી દીધી ને પૂછ્યું : 'કોણ તને માવજીભાઈ કહે છે ?' ત્યારે કહે : 'મારો બાપ, મારી મા, મારાં ઘરવાળાં બધાં કહે છે.' સિપાઈ કહે : 'તેમાં સરકારને શું સડકો(ફાયદો) ?' પછી જેલમાં પૂરી દીધા.

'એમ મેળે માવજીભાઈમાં હખ(સુખ) ન આવે. મેળે માવજીભાઈ - સત્પુરુષ થાવા જાય તો જેલ ભેગો થઈ જાય. જેના ઉપર સક્કો વાગ્યો હોય તે જ માવજીભાઈ સાચા. ભગવાનના ગુણાતીત સંત તે જ સાચા સત્પુરુષ છે. માટે 'હમ ભી ડીચ' ન થવું.

'સ્વામિનારાયણના સંબંધવાળો કોઈપણ હોય તે આપણા માથાનો મુગટ છે.

'સત્સંગી તમારા જે કા'વે, તેનો કે'દી અભાવ ન આવે.'

'એમ સત્સંગીમાત્રનો અભાવ ન આવે. છેલ્લી પંક્તિનો હરિભક્ત-સાધુ હોય તો તેને વિષે દિવ્યભાવ રહેવો જોઈએ. સૌએ એકમના થઈ એકનિષ્ઠાથી સત્સંગ કરવો.'

રામ રાખે તેને કોણ ચાખે ?

આ દિવસો દરમ્યાન એક અદ્ભુત પ્રસંગ બન્યો. કોઈમ્બતુર રહેતા વિષ્ણુભાઈ બે વર્ષની તાલીમ માટે બેલ્જીયમ ગયા હતા. જતા પહેલાં સ્વામીશ્રી પાસે ગોંડલ આવી આશીર્વાદ પણ લીધા. સ્વામીશ્રી અતિ પ્રસન્ન થઈને ધબ્બો આપતાં બોલ્યા હતા કે 'વિષ્ણુભાઈ ! અમે તમારી સાથે છીએ. તમારી દરેક રીતે રક્ષા કરીશું.'

આ પછી બેલ્જીયમમાં તાલીમ શરૂ થઈ. તાલીમ સ્થળની કંપનીનું નામ હતું : 'યૂઝીન આમીલ હારીકો.' (Usine Emile Hericott)

અહીં એપ્રિલ માસના પ્રથમ સોમવારે એક દિવ્ય ઘટના બની.

શનિ-રવિ દરમ્યાન કારખાનામાં રજા હોવાથી તેનાં યંત્રો, ઉપકરણો ભઠ્ઠીઓ વગેરેની સાફસૂફી થઈ હતી. સોમવારે સવારે છ વાગે વિષ્ણુભાઈ કારખાના પર કામે આવ્યા ત્યારે જોયું કે પ્રવાહી લોખંડ સાફ કરવા માટે જે કેલ્શિયમ કાર્બાઈડનો ઉપયોગ કરવામાં આવે છે, તેનું એક ૩૦ કિલોનું મોટું પીપ સાફસૂફી દરમ્યાન બેદરકારીથી પોતાની જવાબદારીવાળા ભઠ્ઠાના ખાડામાં ૧૨ ફૂટ ઊંડે પડી ગયું છે. વિષ્ણુભાઈએ ધ્યાનથી જોયું તો પીપનું ઢાંકણ ખુલી ગયેલું અને કેલ્શિયમ કાર્બાઈડ બહાર આવી ગયો હતો.

આ ખૂબ ભયજનક પરિસ્થિતિ એટલા માટે હતી કે કારખાનાની નીચે

ડીલ નદી(River Deel)નો એક નાનકડો થીજેલો પ્રવાહ આ ખાડા નીચે થઈને વહેતો. જે એપ્રિલ માસમાં ભેજરૂપે થઈને કારખાનાની પોચી જમીનમાંથી ઉપર આવતો. ચાલુ દિવસોમાં તો ભઠ્ઠીની ઓછામાં ઓછી ૮૦૦ સેન્ટીગ્રેડની ગરમીથી જમીન સૂકાયેલી રહેતી, પણ શનિ-રવિ ભઠ્ઠી બંધ રહે ત્યારે ફરીથી ભેજ થઈ જતો અને ભઠ્ઠાની પાસેના ખાડામાં ભરાતો. આજે એ ભેજ સાથે બેદરકારીથી પડી ગયેલો કેલ્શિયમ કાર્બાઈડ ભળ્યો અને તેની રાસાયણિક પ્રક્રિયા શરૂ થઈ ગઈ હતી. તેમાંથી એસિટિલિન (Acetylene) ગેસ બનવાની શક્યતા સર્જાઈ.

આ દરમ્યાન લોખંડને ઓગાળવાનો ૮૦૦ સેન્ટીગ્રેડથી વધુ ગરમી ધરાવતો વિરાટ - ભયાનક ભઠ્ઠો ચાલુ હતો. ચૂનાનો પથ્થર અને કેટલાક બીજા પદાર્થો પ્રવાહી લોખંડમાં નાખી, તે રસમાંથી કચરો દૂર કરવાની પ્રક્રિયા ચાલુ હતી. એકઠો થયેલો કચરો કાઢવા એક Overhead craneની મદદથી એક Slagpot (બાલદી જેવું મોટું સાધન) વપરાતું. વિષ્ણુભાઈ આ Slagpot ભઠ્ઠાની પાસેના ખાડામાં યોગ્ય રીતે મુકાય છે કે નહિ તે જોવા માટે ગયા, પણ જોતાં પહેલાં કોણ જાણે કેમ પણ તેઓ બોલી ઊઠ્યા : 'મહારાજ ! યોગીજી મહારાજ ! રક્ષા કરજો !'

તેમણે જોયું કે બે જ મિનિટ પહેલાં એક બેલ્જીયન કારીગર જ્હોની સીડી દ્વારા નીચે ઊતર્યો છે, પણ કેલ્શિયમ કાર્બાઈડની રાસાયણિક પ્રક્રિયાથી એસિટિલિન ગેસનો ધૂમાડો નીકળી રહ્યો છે. તેથી ગમે ત્યારે આગ લાગે. તેમણે જોરથી બૂમ પાડી : 'જ્હોની (Johnie) બહાર આવી જા!'

તે આ બૂમ સાંભળે ને સમજે તે પહેલાં તો ભઠ્ઠામાંથી ઊડતો એક તણખો આ ખાડામાં પડ્યો અને ભયંકર ધડાકા સાથે પીપ ફાટ્યું. એસિટિલિન ગેસની ૩૦ થી ૪૦ ફૂટની જ્વાળાઓ ધધકવા લાગી. અગ્નિએ તાંડવ ખેલવા માંડ્યું. બાર ફૂટ ઊંડા ખાડામાં જ્હોની જીવતો ભુંજાઈ રહ્યો હતો. વિષ્ણુભાઈ ત્યાં દોડી ગયા. જ્વાળાની ઝપટ એમના મોંને પણ દઝાડી ગઈ.

પલભર માટે પાછા હટી વિષ્ણુભાઈએ જમણા હાથે લોખંડની રેલીંગ પકડી ડાબો હાથ ખાડામાં નાખ્યો. જ્હોનીએ એ હાથ પકડ્યો અને ઝડપથી ઉપર આવવા માંડ્યો. ૧૯૦ રતલના એ ભરાવદાર જ્હોનીને ૫૫ કિલોનું વજન ધરાવનાર ૨૪ વર્ષના યુવાન વિષ્ણુભાઈ કોઈ રીતે ઉપર ખેંચી શકે તેમ નહોતા. ઊલટું આ પરિસ્થિતિમાં તો વિષ્ણુભાઈ અંદર ધકેલાઈ જાત. પણ એક અપાર,

અદૃશ્ય શક્તિથી જહોની બહાર આવી ગયો. સ્ટ્રેચર આવી ગયું હતું. તાત્કાલિક એમ્બ્યુલન્સ આવી અને જહોની હૉસ્પિટલમાં સારવાર હેઠળ પહોંચી ગયો. તે ગયા પછી વિષ્ણુભાઈને ખ્યાલ આવ્યો કે મારા માથામાં ખૂબ વેદના થાય છે. તેમણે માથે હાથ ફેરવ્યો તો બધા જ વાળ હાથમાં આવી ગયા ! તેમના અડધા ચહેરા પર પણ જ્વાળાની અસર થઈ હતી. તેમને ચાર દિવસ હૉસ્પિટલમાં રાખ્યા. બાદ આરામ થયો. જહોની તો બે દિવસ બાદ મૃત્યુ પામ્યો, પણ એને બચાવવાની અપૂર્વ હિંમત અને છતાં તેમની અપાર રક્ષા થઈ, ત્યારે તેમને સ્વામીશ્રીના એ શબ્દો સાંભરી આવ્યા કે 'વિષ્ણુભાઈ અમે તમારી સાથે છીએ.'

આમ, તેમણે મહારાજ અને સ્વામીશ્રીને સંભાર્યા ત્યાં સ્વામીશ્રીએ પણ હાજરાહજૂર રહીને તેમના તરફ કરુણાનાં અમી વહાવ્યાં. સાચે જ, રામ રાખે તેને કોણ ચાખે ?

સંન્યાસી નિત્યાનંદજી સંતપ્રતિભાથી અભિભૂત

આ તરફ સ્વામીશ્રી પાળિયાદ બાપુના આગ્રહથી તેમને ત્યાં પધારી વાસુદેવ સ્વામીની તબિયત જોવા ગોંડલ પધાર્યા. અહીં છ દિવસ રોકાયા. દરમ્યાન ઘોઘાવદર તથા બંધિયા પધાર્યા. પછી લીંબડી, અંકેવાળિયા, સમલા, શિયાણી, મોજીદડ થઈ તા. ૯-૪-'૫૬, સંતસ્વામી, કાનજીભાઈ વગેરે સંતો-ભક્તો સાથે સ્વામીશ્રી વલ્લભીપુર આવવા ધોળા પધાર્યા. રસ્તામાં ઢસા જંક્શન ઉપર જ વલ્લભીપુર ઠાકોરના ગુરુ સંન્યાસી સ્વામી નિત્યાનંદજી મળી ગયા. તેમણે આવી નિર્મળ સંતપ્રતિભાને જોતાં જ મુગ્ધભાવે દંડવત્ કર્યા. અસંભવિત માનેલી વસ્તુ આજે પ્રત્યક્ષ થઈ ગઈ હોય તેવો તેમના દંડવત્-પ્રણામમાં ભાવ દેખાતો હતો.

સૌ વલ્લભીપુર આવ્યા. આમ તો સંતસ્વામીના સંબંધે અહીંના દેવરાજભાઈ ઝવેરભાઈ એક જ ચુસ્ત સત્સંગી. બાકીના સત્સંગીઓને ગુણાતીત જ્ઞાન પ્રત્યે ગમો-અણગમો રહ્યા કરે. તેમાં કેરિયાના ઓધવજીભાઈ વકીલના ભાઈ આચાર્ય રતિલાલ રેવાશંકરને પણ થોડો ભાવ થયો હતો. તેમના સહકારથી દેવરાજભાઈએ સ્વામીશ્રીને આમંત્રણ આપ્યું. તે બંને વલ્લભીપુર ઠાકોરનું સલૂન લઈ સ્વામીશ્રીના સ્વાગત માટે ધોળા જંક્શને પહોંચ્યા. વલ્લભીપુર પહોંચ્યા ત્યારે જાણે આ ગુણાતીત સંતની સાધુતાએ સૌનો દ્વેષ ઓગાળી નાખ્યો હોય તેમ સંપ્રદાયના પ્રખર સત્સંગીઓ સ્વામીશ્રીના સ્વાગત માટે આવી ગયા હતા, જેમાં કરસનજીભાઈ તથા જયંતીભાઈ વકીલ મુખ્ય હતા.

ઠાકોર સાહેબ ગંભીરસિંહ બાપુની મોટરમાં સ્વામીશ્રી નિત્યાનંદ સ્વામીના સંન્યાસાશ્રમમાં પધાર્યા. ઠાકોર સાહેબ તેમના શિષ્ય, એટલે અહીં સ્વામીશ્રીનાં દર્શને આવ્યા અને ખૂબ પ્રભાવિત થયા. નિત્યાનંદ સ્વામી તથા હકાભાઈએ સુંદર વાતો કરી. પછી સ્વામીશ્રી અને સંતો બે ઘોડાની બગીમાં બિરાજ્યા. આગળ ભજન-મંડળી, પાછળ રાજકુટુંબ તથા ધૂન-ભજન કરતાં હરિભક્તો સાથે સ્વામીશ્રી મંદિરે થઈ દેવરાજભાઈને ત્યાં ઉતારે પધાર્યા. સભામાં સ્વામીશ્રીના મહિમાની સુંદર વાતો થઈ. વલ્લભીપુરમાં સૌનો ખૂબ જ ઉત્સાહ હતો. સવારે ગંભીરસિંહ બાપુ ફરીથી દર્શને આવ્યા હતા. રાત્રે ટાવર ચોકમાં જાહેર સભા થઈ. લટુરિયા મહારાજે કીર્તનો ગાયાં. સંતોનાં પ્રવચનો પછી રાત્રે ૧-૦૦ વાગે સભા વિસર્જન થઈ.

અહીંથી બરવાળા ભીમનાથ મહાદેવનાં દર્શન કરી, અડવાળના દરબારોને આઠ દિવસ કથાવાર્તાનું સુખ આપ્યું. અહીં બાપુઓનો આગ્રહ કે 'સ્વામી ! તમે બીજે એક-બે દી' રહો ઈ પોસાય, પણ અહીં તો અઠવાડિયું રહેવું જ પડશે; તો જ અમને સમાગમનું સુખ આવે.'

દરબારોને ભીડો પડે એટલે સમૈયા-ઉત્સવોમાં તો આવી શકે નહિ. શાસ્ત્રીજી મહારાજના વખતમાં સ્વામીશ્રી તેમને વ્યક્તિગત સાચવી શકતા; પણ હવે સમૈયામાં સ્વામીશ્રીનો જ લાભ લેવા જ્યાં દેશ-વિદેશથી હજારો હરિભક્તો આવ્યા હોય, વળી સૌ સ્વામીશ્રીનો મહિમા ગાતા હોય, તેમાં એમની સાર-સંભાળનો મેળ હવે કેમ બેસે ? એટલે દરબારો ઘરઆંગણે જ ભીડાભક્તિ વગર સમાગમનો લાભ લેવાની ભાવના રાખતા. સ્વામીશ્રી પણ અતિ દયાળુ. વળી, દરબારો તરફ પહેલેથી કૂણી લાગણી પણ ખરી કે સ્વભાવના વાંકે આ બીચારા સમાગમથી વંચિત રહી જશે. તેથી બધા કાર્યક્રમોને આઘાપાછા કરી આઠ આઠ દિવસ સુધી અડવાળ રોકાતા. સુરત, વડોદરા, આણંદ, નડિયાદ જેવાં શહેરોને પણ આઠ દિવસનો લાભ ભાગ્યે જ મળ્યો હશે, તે આ ભાલ કાંઠાના ગામમાં સ્વામીશ્રી આઠ આઠ દિવસ રહેતા.

સવારે ગામ બહાર કૂવે નાહવા જવાનું. સ્વામીશ્રી પ્રભાતિયાં ગાતાં ગાતાં નાહવા પધારે. સવારની કથામાં સૌ દરબારો પરવારીને મંદિરે આવે. કથાવાર્તાનો ઘણાને ઈશક. વળી પ્રશ્ન-ઉત્તર-ચર્ચા બહુ થાય. સ્વામીશ્રી શ્રોતા બનીને શાંતિથી સાંભળે. ક્યારેક કોઈ પૂછે તો જ પોતાનો મત જણાવે.

પછી રસોઈનો આદર કરે. જેની રસોઈ હોય તેને મંદિરમાં જમવાનું હોય

તથા ઘરે પ્રસાદી પણ મોકલવાની હોય. એટલે ૨૦ થી ૨૫ માણસના લાડુ વગેરે પાકી રસોઈ બનાવવાની. સ્વામીશ્રી ઠાકોરજીનો થાળ કરી જેની રસોઈ હોય તે બધાને આગ્રહ કરી જમાડે. સંતો તો લાડુ જમે નહિ. વધેલા બધા લાડુ પ્રસાદીરૂપે જેની રસોઈ હોય તેને ઘેર પહોંચાડે, ત્યારે સૌ રાજી થાય કે યોગીજી મહારાજ ખરા ! આમ, સાતથી આઠ મુખ્ય હરિભક્તોની રસોઈ સચવાઈ જાય અને સ્વામીશ્રીનો કાર્યક્રમ પૂરો થાય.

જો કે સૌ દરબારો સ્વામીશ્રીના વચને વર્ષોવર્ષ ઘઉંના ધર્માદાની સેવા પણ મન મૂકીને કરતા. સ્વામીશ્રી તેમને રાજી કરે અને તેઓ સ્વામીશ્રીને રાજી કરે, એમ અન્યોન્ય ગાઢ પ્રેમ હતો. ઝાલાવાડના આ બધા ભક્તો અક્ષરપુરુષોત્તમની દૃઢ નિષ્ઠાવાળા હતા અને શાસ્ત્રીજી મહારાજનો પક્ષ રાખેલો. આ મહિમાથી સ્વામીશ્રી એમને વર્ષોવર્ષ પ્રસન્ન કરતા.

જીવનઘડતર યજ્ઞ

પાછળથી જ્યારે યુવકો સ્વામીશ્રી સાથે રજાઓમાં ફરતા ત્યારે અહીં કોઈ ખાસ આયોજન વગર તેમની શિબિરો થઈ જતી. દરબારોના કડક સ્વભાવને લઈને અહીં સંતો-હરિભક્તો તથા યુવકોને વિશેષ શિસ્તમાં રહેવું પડતું. મર્યાદા ખૂબ સાચવવી પડતી. સવારે વહેલા ઊઠવું, કૂવે નાહવા જવું, પાણી ભરવું, રસોઈ કરવી, વાસણ ઊટકવાં વગેરે સ્વાશ્રયના પાઠ મળતા. બાકીના સમયમાં સૌ સ્વામીશ્રી પાસે વચનામૃત, સ્વામીની વાતો, કીર્તનોનો મુખપાઠ કરાવતા. વહેલી સવારે અને રાત્રે ગોષ્ઠિ તો ખરી જ. આવા એકાંત સ્થાનમાં, હરિભક્તોની ભીડના અભાવે, યુવકોને સ્વામીશ્રીનાં દર્શન-સમાગમનું સારું સુખ મળતું. સાથે તાલીમ પણ મળતી.

સ્વામીશ્રીનું આયોજન અકળ હતું. એ પોતે એકલા હતા. બીજા કોઈની એમને મદદ નહિ. વળી યુવકો શહેરમાંથી-કૉલેજમાંથી આવ્યા હોય, એટલે સેવા, ભક્તિ, કથાવાર્તાનું કોઈને અંગ નહિ. તેથી ઘણા સંતો-હરિભક્તોને સાથે ફરતા યુવકોનું 'ટોળું' ગમતું નહિ. પણ સ્વામીશ્રી અત્યંત ધીરજ રાખી, સૌ યુવકોને સેવા-કથાનો મહિમા સમજાવી ધીરે ધીરે પલોટવા લાગ્યા. તેમાં ખાસ કરીને ઝાલાવાડ, કાનમ, ચરોતર વગેરે વિસ્તારોનાં વિચરણમાં આપોઆપ શ્રમ-શિબિરો, જ્ઞાન-શિબિરો કે સ્વાશ્રય-શિબિરો યોજાઈ જતી. બહારથી સાધુ જણાતા સ્વામીશ્રીના માનસમાંથી કોઈ પૂર્વ આયોજન કે ઉદ્ઘોષ વગર, જાહેરાત કે પ્રચાર

વગર, આપોઆપ આવાં અદૃશ્ય આયોજનો થતાં; જેનાથી યુવાનોનું અદ્‌ભુત ઘડતર થયું, સેવા અને સમજણમાં સૌ સ્વામીશ્રીની દૃષ્ટિમાં તૈયાર થતા ગયા.

એક જ વક્તા, શાસ્ત્રોની કોઈ ગહન વાતો નહિ, દેશ-વિદેશના ચિંતકોનાં કોઈ સૂત્રો નહિ, અન્ય ધર્મના કોઈ દાખલા-દલીલો નહિ, વાણીમાં દુનિયાનો કોઈ ચળકતો ઢોળ નહિ, બુદ્ધિની કુસ્તી નહિ, પણ બ્રહ્મની મસ્તીમાંથી નીકળતી એમની સાદી સચોટ વાણી... 'સ્વામિનારાયણ હરે, સ્વામીએ વાત કરી...' અને મહારાજ, પરમહંસો, શાસ્ત્રીજી મહારાજના અદ્‌ભુત જીવન પ્રસંગો, દિવ્યભાવ અને મહિમાથી નીતરતા એમના એક એક શબ્દે યુવાનોનાં કાળજાં કોરી નાખ્યાં. એમની કળા એવી તો અકળ હતી કે દુનિયાના ભલભલા વિદ્વાનો, ચિંતકો અને માનસશાસ્ત્રીઓ એમની રીત કળી શકે નહિ, એવા એ માણસપારખુ અને કામણગારા હતા. શ્રીજીપ્રેરિત પોતાનું કાર્ય એકધાર્યું કર્યે જતા હતા. શરૂમાં સૌને રમૂજ થાય, મશ્કરી કરે, પણ પરિણામ જોઈને આશ્ચર્યથી તેમની આંખ પહોળી થઈ જતી. સૌ એક અવાજે કહેતા : 'ખરા યોગીજી મહારાજ !'

કરુણા, આત્મીયતા અને મહિમાનો ત્રિવેણી સંગમ

અડવાળ ખૂબ લાભ આપી સ્વામીશ્રી રાયકા સ્ટેશને જવા નીકળ્યા. ભર-ઉનાળાનો ધીકતો તાપ હતો. સ્વામીશ્રીને તાપ ન લાગે તે હેતુથી સ્વામીશ્રીના ગાડા સાથે નિરંજન દવે[૪] વગેરે યુવકોએ ચાર લાકડી બાંધી, ઉપર ધોતિયાંની આડશ કરી.

સ્વામીશ્રીના ગાડા પર કોઈ વૃદ્ધ, વડીલ સંત કે હરિભક્ત હોય તે બેસે. બીજા યુવકો અને યુવાન સંતો ગાડા સાથે ચાલીને જતા. દર્શન, વાતો અને કીર્તન ગાતાં ચાલતા. તેથી થાક પણ ક્યાંય લાગતો નહીં. સ્વામીશ્રી પણ કોઈને મૂંગા ચાલવા ન દે.

આ જ રીતે આજે પણ પંથ કપાતો હતો. ત્યાં સ્વામીશ્રી લઘુ કરવાના નિમિત્તે નીચે ઊતર્યા. લઘુ કરી હાથ ધોયા ત્યાં બધા યુવકો સ્વામીશ્રીને વીંટળાઈ વળ્યા. સ્વામીશ્રી હેતથી યુવકોને કહે : 'હવે તમે બધા ગાડે બેસો. અમે ચાલશું.'

'બાપા ! એવું ન હોય.' યુવકોએ કહ્યું : 'અમે ચાલશું, આપ બિરાજો.'

સ્વામીશ્રી કરુણાભર્યા સ્વરે કહેવા લાગ્યા : 'અમે છાંયે બેસીએ, તમે

---

૪. હાલ પૂજ્ય સિદ્ધેશ્વર સ્વામી.

તડકે ચાલો, મને ન ગમે. તમે અમારી સેવા કરો છો, ભીડો વેઠો છો, તે મને થાય : તડકામાં તમને ન ચલાવવા.' એમ કહી સ્વામીશ્રી યુવકોની ચરણરજ લેવા નીચે નમ્યા, પરંતુ યુવકોએ પકડી લીધા.

સ્વામીશ્રી કહે : 'શાસ્ત્રીજી મહારાજ ગાડે જતા હોય ત્યારે હું ખભે ઠાકોરજીની ઝોળી અને હાથમાં પાણીનો લોટો ગળણે ઊંધો બાંધી ગાડાની હારે હારે હાલું. શાસ્ત્રીજી મહારાજને તરસ લાગે તરત જ ઠાકોરજીને પાણી ધરાવીને પાઈ દઉં. શાસ્ત્રીજી મહારાજ રાજી થાય. તે મને ચાલવું બહુ ગમે. પણ હવે ગુરુ થ્યા, તે ગાડે બેસવું પડે છે.' એમ સ્મૃતિ આપી સ્વામીશ્રી ગાડે બેઠા.

કરુણા, આત્મીયતા અને મહિમાના ગુણોએ આ ભરતાપમાં જાણે ત્રિવેણી સંગમ રચ્યો હતો. ગુરુગુણ ગાતાં સ્વામીશ્રી ભક્તિભીના બની જતા. આજુબાજુનું વાતાવરણ, સમય અને સ્થળ ભૂલી, સૌ એ મરમાળી મૂર્તિમાં મોહ પામી જતા.

ટ્રેનમાં જાળિયા થઈ અમદાવાદ પધાર્યા. હરિજયંતીના શુભ દિને સવારે આંબલીવાળી પોળ, ગુરુસ્થાનમાં દર્શન કરી, મોટા મંદિરે દર્શને પધાર્યા. સામે મિસ્ત્રીને મેડે કથાવાર્તા કરી. લગભગ આખો દિવસ પધરામણીઓ થઈ.

દશમને દિવસે સવારે ધૂન-ભજન કરતાં ચાલતાં નારાયણ ઘાટ પધાર્યા. સાબરમતીમાં સૌ ભક્તો સાથે સ્નાન કર્યું. સૌને માથે જળ ચઢાવી, પૂજા કરી. રત્ના ભગતે હારતોરા કર્યા. કથાવાર્તા કરી, મંદિરે આવી પારણાં કર્યાં.

સામાન્ય રીતે અમદાવાદના અસહ્ય તાપમાં હરિજયંતીનો નિર્જળ ઉપવાસ એટલો વસમો હોય કે યુવાન માણસ પણ રાત્રે તરફડે, ઊંઘ આવે નહિ. સવારે ૩-૦૦ વાગે ઊઠી પારણાં કરે ત્યારે શરીરમાં કંઈક શાંતિ થાય અને ઉપવાસની કળ વળે. ત્યારે સ્વામીશ્રી ૬૫ વર્ષની વયે પણ પારણાંની વહેલી સવારે ચાલતા સાબરમતી જાય. નાહી, પૂજા કરે. પછી મંદિરે આવી પારણાં કરે. ત્યારે એમની આત્મશક્તિનો સ્થૂળ રીતે સૌ કોઈ ખ્યાલ કરી શકે.

અમારો દેહ કૃષ્ણાર્પણ કરી રાખ્યો છે

આ રીતે ગામોગામ સ્વામીશ્રીનું અવિરત વિચરણ રહેતું. ગામોગામ બૅન્ડ-વાજાં સાથે નગરયાત્રાઓ નીકળે. હરિભક્તોનો ઉત્સાહ એટલો બધો કે સ્વાગત માટે તેઓ સમય જોતા નહિ. સ્વામીશ્રી ઘણી વાર કહેતા કે 'અમારી લેટ ગાડી.' બધાના પ્રેમની પૂર્તિ કરવામાં પાર વગરની પધરામણીઓ થાય, સમય સચવાય નહિ. બીજે ગામ સ્વામીશ્રી મોડા જ પહોંચે. સામે ગામ

હરિભક્તોએ સ્વામીશ્રીના આગમનની વાટ જોઈ હોય, તપ કર્યું હોય, એટલે વહેલા કે મોડા, ઘણું કરીને મોડા જ, સ્વામીશ્રી પધારે એટલે હરિભક્તો પ્રેમઘેલા બની વાજતે-ગાજતે સ્વાગત કરે. વળી શોભાયાત્રા ગામમાં શેરીએ-શેરીએ ફેરવે. વચ્ચે મંદિરો આવે ત્યાં દર્શન કરવા સ્વામીશ્રી ઊતરે. હરિભક્તો ઉત્સાહમાં નાચતા-કૂદતા હરિભજનની રમઝટ બોલાવતા હોય; એથી ઊડતી ધૂળ, એ ઘોંઘાટ, એ તાપ. એમાં પણ સ્વામીશ્રી પૂર્ણ સ્વસ્થતાથી મહારાજની મૂર્તિમાં મગ્ન બની, બંધ નેત્રે ભજન કરતાં માળા જ ફેરવતા હોય.

શોભાયાત્રા મંડપમાં આવે. સ્વામીશ્રીને વાહનમાંથી ઊતરીને સીધા સભામાં જ બેસી જવાનું હોય. પછી હારતોરા તથા દર્શન માટે પડાપડી. સેવકો અને સ્વયંસેવકોના અભાવે તેમજ સ્વામીશ્રીના વાત્સલ્યભાવે આ બધી અવ્યવસ્થા સાહજિક બની ગઈ હતી. સ્થિર છતાં પ્રસન્ન સ્વામીશ્રી સૌને મળે, ધબ્બો આપે, રાજી કરે. આ ઘોંઘાટમાં જ સ્વાગત પ્રવચન, અન્ય પ્રવચનો થાય. છેવટે જ્યારે યજમાનો, વ્યવસ્થાપકો થાકી ગયા હોય ત્યારે સ્વામીશ્રીના આશીર્વાદ. સમયોચિત સ્વામીશ્રી થોડું પણ મુદ્દાસર બોલતા. પછી જ ઉતારે જવાનું થતું અને હાથ-પગ ધોવા, નાહવું-ધોવું, પાણી પીવું વગેરે દૈહિક હાજતો, જરૂરિયાતો પૂરી કરી શકતા. ત્યાં સુધી નાછૂટકે પણ એમણે કુદરતી હાજતો દબાવીને બેસી રહેવું પડતું. એક ગામથી નીકળીને બીજા ગામ સુધી પહોંચે, શોભાયાત્રા નીકળે, સ્વાગત-સભા થાય, ત્યાં સુધી સૌના અત્યંત પૂજનીય અને લાડીલા સ્વામીશ્રીને તો પ્રસન્નતાથી બેસી જ રહેવાનું થતું. પ્રેમનો અમર્યાદ કાયદો, સૌને રાજી કરવા, તેઓ સદા રાજી થકા પાળતા.

એ સમયે કોઈ મોટેરા હરિભક્ત, કાર્યકર્તા કે વ્યવસ્થાપક સાથે હોતા નહિ. સંતોમાં પણ બાલમુકુન્દ સ્વામી જેવા શાંત અને ચુની ભગત જેવા ગરીબ સેવકો હોય, જેઓ કાંઈ બોલી શકે નહિ. બોલે તો હરિભક્તો સાંભળે નહિ. લગભગ તો સ્વામીશ્રી જ એમને બોલવા ન દે અને કહેતા જાય કે 'એનો ભાવ જુઓ. કેટલો ભીડો વેઠે છે ! સામે આપણે પણ ભીડો વેઠવો પડે.'

આમ, આડેધડ કાર્યક્રમો ગોઠવાતા. ગુજરાતમાંથી સીધા સૌરાષ્ટ્રમાં. વળી પાછા બે દિવસ માટે અમદાવાદ. તો વળી કોઈને લગ્ન પ્રસંગ કે વાસ્તુ પ્રસંગ હોય કે પરદેશથી આવ્યા હોય. નજીક કે દૂર બધાને ત્યાં જવાનું. આમ, સૌને રાજી કરવા અવસ્થા અને નાદુરસ્ત તબિયતમાં પણ પોતે દોડતા, ઓછા ઓછા થઈ જતા, સૌને રાજી કરી દેતા.

અહીં એક રાત્રે સ્વામીશ્રીએ વચનામૃત ગ.મ. ૭ અને ૮ સમજાવ્યાં. સી.ટી. પટેલ, હર્ષદભાઈ, અંબાલાલભાઈ વગેરે હરિભક્તો બેઠા હતા. સ્વામીશ્રી કહે :

'સેવા કરવી તે કોઈ ન જાણે તેમ કરવી. દેખાવ ન કરવો. તે ગુપ્તદાન કહેવાય. તે અતિ બળને પમાડે. અંતરમાં પ્રકાશ થઈ જાય, શાંતિ થઈ જાય.

'ઢોરલાંઘણ એટલે શું ?' એ સમજાવતાં સ્વામીશ્રી કહે : 'ઢોરને ખીલે બાંધે ને કંઈ નીરે નહિ. તેમ આખો દિવસ ઉપવાસ કરે ને ગંજીપો રમે, સોગઠાં રમે, તે ઢોરલાંઘણ કહેવાય. મન છે તે સંકલ્પ-વિકલ્પ કરાવીને એકાદશી ભાંગી નંખાવે. અમે ઝમરાળા ગયા હતા. ત્યાં એક વાણિયાના છોકરે દેહ મૂક્યો તે વખતે પાણી માગ્યું. ત્યારે તેના બાપે કહ્યું કે 'આગળ પાણી છે. આગળ તળાવ ભર્યાં છે. અહીં પીશો તો ત્યાં નહીં મળે. પર્જુસણ(પર્યુષણ) છે, ન પિવાય.' તે ન પાયું. જુઓ, પ્રાપ્તિ કંઈ નહિ, પણ પરોક્ષમાં કેવા નિયમ પાળે છે ને ઉપવાસો કરે છે. તો આપણે પણ પાળવું. પંદર દિવસમાં એક દિવસ એકાદશી આવે તે ખબડદાર થઈને કરવી. પણ ઢોરલાંઘણ ન કરવી. ઇન્દ્રિયો મોકળી ન મૂકવી.'

બારસે સૌ સંતો તથા હરિભક્તો સાથે સ્વામીશ્રી અડાલજ પધાર્યા. પ્રસાદીની વાવમાં સ્નાન કર્યું. નગાસર, નેનપુર થઈ બોચાસણ આવી પહોંચ્યા. પૂનમના સમૈયા પછી ધર્મજ, રૂંદેલ, મીરસાપુરા થઈ સોખડા આવ્યા. અહીં 'સત્સંગિજીવન'નું પારાયણ પ્રમુખસ્વામીએ સુંદર શૈલીમાં વાંચ્યું. ગામમાં સૌનો ઉત્સાહ સારો હતો. સમાસ પણ સારો થયો.

મક્કમતાની કસોટી

આ અરસામાં, 'આણંદના યુવક વિનુભાઈ સાધુ થવાના છે' - એવા સમાચાર તેમના સંબંધીઓમાં વહેતા થયા હતા, જેને કારણે કેટલોક વિરોધ થયો હતો. તેમના પિતાશ્રી ભક્તરાજ મણિભાઈ નારણભાઈની તો સંપૂર્ણ સંમતિ હતી પણ બીજા નાહકની ઉપાધિ કરતા હતા. તેઓ મક્કમતાથી સ્વામીશ્રી સાથે ફરતા અને પોતાના નિર્ણયની દૃઢતા કરતા.

અહીં સોખડામાં એક દિવસ મંદિરના ચોકમાં નારિયેળીના વૃક્ષ નીચે તેઓ સ્વામીશ્રીને હાથ ધોવડાવતા હતા. સ્વામીશ્રીએ અચાનક જ તેમને કહ્યું : 'તમને સાધુ બનાવવા નથી. મોતીકાકા (આણંદ) ના પાડે છે. માટે આફ્રિકા મોકલશું. પરણાવવા છે. ત્યાં ખૂબ કમાણી થશે, કીર્તિ વધશે.' એમ કહી સ્નાન કરવા લાગ્યા.

વિનુભાઈ તો સ્તબ્ધ થઈ ગયા. પછી દૃઢતાથી કહ્યું : 'બાપા ! મારે તો

સાધુ જ થવું છે ને આપને રાજી કરવા છે.'

'ઓહોહો ! બહુ બળિયા !' સ્વામીશ્રી સ્નાન કરતાં બોલી ઊઠ્યા અને લોટો મૂકી, ઊભા થઈ ભીના શરીરે જ તેમને ભેટી પડ્યા ને કહે : 'મારોય એવો વિચાર છે, પણ અમારે મોતીકાકાને મળતું રાખવું પડે. માટે અમે એમના વિચારમાં ભળી જાશું, પણ તમારે ચોખ્ખી વાત કરવી.'

સ્વામીશ્રી તૈયાર થઈને બેઠા જ હતા, ત્યાં જૂના પીઢ હરિભક્ત મોતીકાકા આવ્યા અને ઊંચા સાદે બોલવા લાગ્યા : 'અમારા કુટુંબમાં ચાર સાધુ થયા, કોઈ ટક્યો નથી. માટે સ્વામી ! હું આનો હિતેચ્છુ છું કે નહીં ?' એમ કહી વિનુભાઈનો હાથ પકડ્યો. કહે : 'ઘરે ચાલ.'

વિનુભાઈએ સ્પષ્ટ કહી દીધું : 'ઘરે નથી આવવું ને સંસારમાં નથી પડવું. મારે તો સાધુ જ થવું છે.'

મોતીકાકા ગુસ્સાથી લાલપીળા થઈ ગયા. રાડ પાડી બોલી ઊઠ્યા : 'હજુ તને ત્રણ દિવસ આપું છું, વિચારી લેજે.'

'મારે કાંઈ વિચારવાનું નથી. સાધુ થવાનો મારો અંતિમ નિર્ણય છે.' વિનુભાઈએ ધીરેથી છતાં મક્કમતાથી કહ્યું.

સ્વામીશ્રી મનમાં મલકી રહ્યા હતા. એમણે મોતીભાઈને બોલાવ્યા ને કહ્યું : 'એને સાધુ જ થવું છે. માટે ભલે થાય. એને આશીર્વાદ આપતા જાવ.'

મોતીકાકા વિષાદથી બોલ્યા : 'ભલે જેવી એની ઇચ્છા.' પછી વિનુભાઈને કહે : 'તારી ઇચ્છા હોય તો સાધુ થજે. હું રાજી છું.' એમ કહી તેઓ ચાલ્યા ગયા. સ્વામીશ્રીએ તેમને રોકવા ઘણો આગ્રહ કર્યો પણ તેઓ ન જ રોકાયા. સ્વામીશ્રી કહે : 'વિનુભાઈ ! મોતીકાકાએ શાસ્ત્રીજી મહારાજને બહુ રાજી કર્યા છે. તેમના આશીર્વાદ મળી ગયા, એટલે ડંકો વાગી જશે.'

સ્વામીશ્રીએ યુવકોનાં દિલ એટલા પ્રેમથી જીત્યાં હતાં કે જીવનભર સ્વામીશ્રીના ગુલામ થઈને રહેવાની અધ્યાત્મ-ભાવના યુવકોમાં આટલી હદે જાગ્રત થઈ હતી.

રુચિમાં મોજ, રુચિમાં માલ

એ વખતે સ્વામીશ્રીની ૬૫મી જન્મ જયંતી સારંગપુરમાં ઊજવવાનો નિર્ણય લેવાયો હતો. બધેથી આવતી સેવાની રકમ સારંગપુર મોકલાતી હતી. સાથે ફરતા સી.ટી. પટેલ તેની વ્યવસ્થા કરતા. અહીં એક મોટેરા સંતે સી.ટી.

પટેલને સેવાની રકમ અટલાદરા મોકલી આપવા કહ્યું. ત્યારે તેમણે કહ્યું : 'બાપાની આજ્ઞા સારંગપુર મોકલવાની છે.'

વચનની અવગણના થતાં તે સંત દિલગીર થયા અને સ્વામીશ્રીને મળીને રકમ અટલાદરા મોકલી આપવા આગ્રહ કર્યો. સ્વામીશ્રીની રુચિ તેઓ સમજી શક્યા નહિ. સારંગપુરમાં તો ઉત્સવનું આયોજન હતું. તેથી ત્યાં જ રકમ મોકલવી જરૂરી હતી. છેવટે સ્વામીશ્રીએ સી.ટી. પટેલને રસોડામાં બોલાવ્યા. કમાડ વાસી ધીરેથી કહેવા લાગ્યા : 'આ બધા શું સમજતા હશે ! આ તો સાધુ-દાવો છે. નહીં તો બ્રહ્માંડ તોડી નાખીએ. છતાં આપણે સાધુની રીતે વર્તવું. માટે તેમને સેવાની રકમ આપી દો અને રાજી કરો. એ રાજી એમાં આપણે રાજી.'

સી.ટી. પટેલે તરત જ સ્વામીશ્રીની આજ્ઞા પ્રમાણે કર્યું. તેમના અંતરમાં થયું : સાધુ થઈએ કે ગૃહસ્થ હોઈએ, પરંતુ સત્પુરુષની રુચિ અનુસાર વર્તવામાં જ મોજ ને માલ છે. ભગવાન અને સંતને અનંત બ્રહ્માંડની પડી નથી, પરંતુ એમની રુચિ, રહસ્ય અને અભિપ્રાયમાં ભળે છે તેનું કામ થઈ જાય છે.

સ્વામીશ્રી અહીંથી વાસણા કોતરિયા આવ્યા. સ્કૂલમાં ઉતારો હતો.

એક હરિભક્તના ઘરે જમવા જવાનું હતું. થાળ તૈયાર થતાં એક યુવક બોલાવવા આવ્યા. સ્વામીશ્રી તે હરિભક્તના ઘરે જવા નીકળ્યા. સ્વામીશ્રીને ટેકો રહે તેથી રમેશભાઈ દવેએ એકદમ સ્વામીશ્રીનો હાથ ઝાલી લીધો. સખત ગરમી, વળી રમેશભાઈ ઉતાવળમાં ચંપલ પહેરવાં વીસરી ગયા. તાપથી ધગધગતા ધૂળિયા રસ્તા પર ચાલતાં રમેશભાઈના પગ બહુ બળવા લાગ્યા, પણ તેઓ બોલ્યા વગર ચાલતા રહ્યા.

બપોરે આરામમાં જતાં સ્વામીશ્રીએ અચાનક કહ્યું 'અહોહો ! રમેશભાઈ આજે મને પેટમાં બહુ બળ્યું, આવું ન કરવું.'

રમેશભાઈ તો અપરાધીના ભાવથી ક્ષુબ્ધ બની ગયા. બે હાથ જોડી પ્રાર્થના કરી : 'બાપા ! કંઈ અપરાધ થયો હોય તો ક્ષમા કરજો. પીરસવામાં કંઈ ભૂલ થઈ હોય તો માફ કરજો.'

'એમ નહિ ગુરુ !' સ્વામીશ્રીએ સ્પષ્ટતા કરી : 'તમે ઉઘાડે પગે કેમ આવ્યા ? હું ઘડીક ઊભો રહેત, તમારે ચંપલ પહેરીને આવવું હતું ને ! તમે આવા કુમળા યુવકો મારી સેવા કરો, કથાવાર્તા કરો, ઠાકોરજીની સેવા કરો, તે તમે કંઈ માંદા પડી જાવ તો !?'

રમેશભાઈ અને અન્ય યુવકોને સ્વામીશ્રીની આવી કરુણાનાં દર્શન અસંખ્ય

વાર થયાં હતાં.

અહીંથી સિસોદિયા પરા, કૂનપાડ, અંજેસર, મીરસાપુરા, સાંકરદા, લાલપર, વડોદરા થઈ સ્વામીશ્રી અટલાદરા પધાર્યા.

આ વિચરણ દરમ્યાન એક નાના ગામમાંથી એક તાર કરવાનો હતો. ગામડામાં પોસ્ટ ઑફિસ કે તાર મોકલવાની બીજી કોઈ સગવડ ન હતી. ચાર-પાંચ ગાઉ દૂર પાદરા કે એવા કોઈ નાનકડા શહેરમાં જઈને તાર દ્વારા સંદેશો મોકલવાનો હતો. તે વખતે કોણ જાય ?

એવામાં એક હરિજન ભક્ત આવ્યા. તેમણે કહ્યું : 'બાપા ! હું તાર કરવા જઈશ.'

સ્વામીશ્રી અત્યંત રાજી થઈ ગયા, કારણ કે સંદેશો મોકલવો અત્યંત જરૂરી હતો. સ્વામીશ્રી ઓરડાની બહાર આવ્યા. પોતાના હાથે જ પ્રસાદનું પડીકું અને તારનો કાગળ હરિજન ભક્તને આપ્યાં. ખૂબ મીઠી નજરે જોતાં સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા : 'જાવ, કામ ફતેહ કરો.'

આ દૃષ્ટિમાત્રથી ધન્યતા અનુભવતાં તેમણે પ્રયાણ કર્યું ત્યારે ત્યાં ઊભેલા હરિભક્તોને રાજીપાની આવી તક ગુમાવ્યાનો વસવસો રહી ગયો, જે મોજ એક હરિજન ભક્તે મેળવી લીધી હતી !

વૈશાખ સુદ ૧, અમદાવાદ આવી પહોંચ્યા. અહીં શાહપુરમાં અક્ષર કોલોનીનું ખાતમુહૂર્ત કર્યું, નંદા સાહેબના મકાનનું વાસ્તુ કર્યું અને શિવલાલભાઈ પરમારની દુકાનનું ઉદ્‌ઘાટન કર્યું. આમ, ત્રણ વિધિઓ ધામધૂમથી પતાવી.

શાહીબાગ મંદિરે પધાર્યા. ઠાકોરજીના સિંહાસનની બાજુમાં સભા ભરાઈને બેઠી હતી. સ્વામીશ્રીએ વિનુભાઈને વાતો કરવા કહ્યું. તેમણે વાતો શરૂ કરી. તેમાં આવ્યું : 'સ્વામીબાપાએ બધાને નમાવ્યા.' તેમનો કહેવાનો આશય એવો હતો કે સ્વામીશ્રીના ગુણોથી સૌ તેમને નમી પડતા, પણ સ્વામીશ્રીએ રમૂજ કરતાં વાત ઉપાડી લીધી ને કહે : 'યોગીએ કોઈને નમાવ્યા નથી, બધાને નમ્યા છે.'

એક સંતે કહ્યું : 'બધા હરિભક્તો તો આપને નમે જ છે ને !'

'આપને નહીં.' સ્વામીશ્રીએ તરત જ કહ્યું : 'બધા શાસ્ત્રીજી મહારાજને નમે છે, મહારાજને નમે છે.'

હર્ષદભાઈ દવે કહે : 'બાપા ! આપે એમના કાર્યને ઠેલ માર્યો ને બધે ડંકો મારી દીધો, તેથી આપને નમે.'

સ્વામીશ્રી ભક્તોની ભાવભરી દલીલોની આંટીઘૂંટીમાં આવી ગયા ને વાત

એકદમ ઉડાડી મૂકી : 'હરે ! હરે ! વાતું કરો.' આ સાંભળી સૌ હસી પડ્યા.

પ્રગટના ગુણગાન પ્રગટ મૂર્તિ સમક્ષ જ ગાવાનો અવસર ભક્તો ચૂકતા નહીં અને સ્વામીશ્રી ઇષ્ટદેવ અને ગુરુહરિનું અનુસંધાન ચૂકતા નહિ.

ઉનાવામાં નિરભેની નોબત

અહીંથી તા. ૧૪-૫-'૫૬, પ્રમુખસ્વામી, મોટાસ્વામી, સંતસ્વામી વગેરે સંતો તથા સી.ટી. પટેલ, અંબાલાલભાઈ, વજુભાઈ મહેતા વગેરે હરિભક્તો સાથે સ્વામીશ્રી ઉનાવા જવા નીકળ્યા.

આફ્રિકાથી આવી સૌ પ્રથમ અમદાવાદ પધાર્યા ત્યારે અમદાવાદમાં નીકળેલી ભવ્ય નગરયાત્રાનાં દર્શન કરવા ઉનાવાથી ત્રિકમભાઈ, કેશુભાઈ શેઠ, આદરભાઈ પટેલ, ડાહ્યાભાઈ બારોટ વગેરે આવ્યા હતા. સ્વામીશ્રીનાં દર્શનથી સૌ ખૂબ પ્રભાવિત થયા અને સ્વામીશ્રીને ઉનાવામાં બોલાવી સૌને દર્શન કરાવવાનો તેમણે સંકલ્પ કર્યો. સૌએ સ્વામીશ્રીને આમંત્રણ આપવા ડાહ્યાભાઈ ફોજદારને અમદાવાદ મોકલ્યા. વૈશાખ સુદિ ચતુર્થીથી સાતમ સુધી એમ ચાર દિવસનો કાર્યક્રમ ગોઠવાયો.

આ ગામ આમ તો નરનારાયણ દેવની ગાદીનો ગઢ ગણાય. શ્રીજીમહારાજ અહીં ચાર વખત પધાર્યા હતા. વળી મહાનુભાવાનંદ સ્વામીએ સત્સંગ કરાવેલો. આખું ગામ ચુસ્ત નરનારાયણ દેવનું સત્સંગી. પાટીદારોની મુખ્ય વસ્તી. તેમાં છિદ્ર પડે તો મહાઅનર્થ થાય તેમ વિચારી, નરનારાયણ મંદિરેથી ત્રણ-ચાર સાધુઓ અગાઉથી ઉનાવા મંદિરમાં આવી પહોંચ્યા અને સ્વામીશ્રીના કોઈપણ કાર્યક્રમમાં કોઈપણ જાતનો ભાગ નહિ લેવા માટે, મંદિરમાં આગેવાન સત્સંગીઓની મિટિંગ બોલાવી. કોઈપણ જાતની સેવા તથા પધરામણીનો સખત પ્રતિબંધ કર્યો.

પરંતુ સૂર્ય સામે ધૂળ ઉડાડવાથી પોતાની આંખમાં જ પડે છે. ગામમાં સૌ હરિભક્તોને આશ્ચર્ય થયું કે એવા તે કેવા સાધુ આવે છે કે જેનાં દર્શન કરવાની ના પાડવામાં આવે છે ? આમ, તિરસ્કાર બદલે સૌને તાલાવેલી થઈ. પેલા સંતોનાં પાસાં અવળાં પડ્યાં.

સ્વામીશ્રી મોટાસ્વામી, પ્રમુખસ્વામી, સંતો-હરિભક્તો સાથે વિજાપુર લોકલમાં સવારે ૧૦-૩૦ કલાકે આવે છે તે જાણી ગામમાંથી ૧,૫૦૦ થી ૨,૦૦૦ માણસો સ્ટેશન પર આવી ગયા. રસ્તામાં ટ્રેન કલોલ પહોંચી ત્યાં પાસેની ધર્મશાળામાં સ્થાનિક હરિભક્તો કાનજીભાઈ કોઠારી, કચરાભાઈ

વગેરેએ સ્વાગત કર્યું. પછી ઉનાવા આવી પહોંચ્યા.

સ્વામીશ્રી પ્લેટફૉર્મ ઉપર ઊતર્યા ત્યાં બંદૂકના ભડાકા, ઢોલ-ત્રાંસાં અને જયનાદોથી આખું સ્ટેશન ગાજી ઊઠ્યું. ગામના પંદર આગેવાનોએ સ્વામીશ્રી તથા સંતોનું ફૂલહારથી સ્વાગત કર્યું. શણગારેલા ગાડામાં બેસાડી વાજતે-ગાજતે ભવ્ય નગરયાત્રા કાઢવામાં આવી. રસ્તામાં મંદિરે દર્શન કર્યાં. ઉતારે આવતાં સુધીમાં સેંકડો માણસોએ સ્વામીશ્રીનાં ભાવથી દર્શન કર્યાં.

તે દિવસે વૈશાખ સુદિ ચતુર્થી, શાસ્ત્રીજી મહારાજની તિથિ હતી. તે દિવસે જ અંબાલાલ બ્રહ્મભટ્ટ તથા પ્રતાપભાઈ બ્રહ્મભટ્ટને ત્યાં સ્વામીશ્રી તથા સંતોએ ઠાકોરજી જમાડ્યા. ભક્તચિંતામણિમાં લખાયેલા ભક્તો ભાટ રઘો અને બાજીના વશજ પરધુભાઈ બારોટ પ્રેમાનંદ સ્વામીના મંડળના શ્વેતવૈકુંઠદાસ સ્વામીની સાથે રહેલા અને પ્રેમાનંદ સ્વામીનાં પદો અસલ રાગ-ઢાળમાં ગાતા. તેમના પુત્રો અંબાલાલ તથા પ્રતાપભાઈ પણ કીર્તનિયા તરીકે સત્સંગમાં જાણીતા હતા. સ્વામીશ્રી તેમની પાસે કીર્તનો, પ્રભાતિયાં વગેરે ગવરાવતા. આજે તેમની રસોઈથી સ્વામીશ્રી પ્રસન્ન થયા. બન્ને ભાઈઓની ઘણા વખતની ઈચ્છા આજે પૂરી થતી હતી. તેમણે સ્વામીશ્રીનું આવી ધામધૂમથી સ્વાગત થશે એવી આશા રાખી ન હતી. સ્વામીશ્રીની અલૌકિક પ્રતિભા જોઈ તેઓ ગદ્ગદ થઈ ગયા.

રાત્રે ત્રિકમભાઈની તમાકુની ખળીમાં જ સભા યોજાઈ હતી. સ્વામીશ્રીએ દર્શન અને આશીર્વાદનો લાભ આપી, આખા ઉનાવા ગામને પાવન કર્યું.

બીજે દિવસે સવારે ઉકાળા-પાણી કરી ગામમાં મંદિરે દર્શન કરવા ગયા. આગલે દિવસે કરેલો પ્રતિબંધ ટકી શક્યો નહિ. ગામના કેટલાક સત્સંગીઓએ સમૂહ-પધરામણીનો કાર્યક્રમ રાખ્યો અને એક મોટા માઢમાં એક વિશાળ ચોતરા ઉપર આસનો ગોઠવી સભા કરી.

સભા પછી શ્રીજીમહારાજે જેમાં સ્નાન કરેલું તે કૂવો, મહારાજને ઘોડી આપેલી તે વડ વગેરેનાં દર્શન કરી રામદાસ પટેલને ત્યાં મહારાજ જમેલા તે પ્રસાદીના સ્થાને દર્શને પધાર્યા. રામદાસ પટેલના વંશજ ભૂલાભાઈ કોઠારીને ત્યાં પ્રસાદીની વસ્તુઓનાં દર્શન કરી, મેડે ઢોલિયાનાં દર્શન કરવા પધાર્યા. એ વખતે ભૂલાભાઈ કોઠારીએ સ્વામીશ્રી પાસે દુઃખ વ્યક્ત કરતાં કહ્યું : 'બાપા ! આ મેડા ઉપર રહી શકાતું નથી. કેમ કે અમારા ઘરમાંથી બૈરાં ભૂત થયાં છે, એ અહીં રહે છે.'

સ્વામીશ્રીએ કહ્યું : 'આપણા સત્સંગીને ત્યાં ભૂત કેવું ? આપણે ભૂતને

બદરિકાશ્રમમાં તપ કરવા મોકલી દઈએ. લાવો પાણી.' એમ કહી, પાણી લાવ્યા ત્યારે તેમાં અંગૂઠો બોળી, મોટાસ્વામીને કહ્યું : 'લો, આ પાણી છાંટો અને જે હોય એને બદરિકાશ્રમમાં મોકલી દ્યો.' મોટાસ્વામીએ બધે ફરી પાણી છાંટ્યું.

આ વાત બધે વાયુવેગે પ્રસરી ગઈ અને જેને ભૂત-પ્રેતાદિનો ઉપદ્રવ હતો તે બધાએ સ્વામીશ્રીની પધરામણીનો આગ્રહ રાખ્યો. પછી તો પધરામણીઓ માટે ખેંચતાણ થવા માંડી. મંદિરે દર્શનનો પ્રતિબંધ તો તૂટ્યો જ હતો. હવે પધરામણી નહીં કરવાનો પ્રબંધ પણ તૂટી ગયો. ઘેર ઘેર પધરામણીઓ શરૂ થઈ. એમ ને એમ બપોરના એક વાગી ગયો. જમવાનો સમય થયો હોવાથી બાકી પધરામણીઓ સાંજના કરવાનું રાખી ત્રિકમભાઈને ત્યાં ઠાકોરજી જમાડ્યા. સાથે ૭૦૦ થી ૮૦૦ માણસો જમ્યા.

બપોર પછી રાત્રે ૯-૦૦ વાગ્યા સુધી પધરામણીઓ ચાલુ રહી. આ ગામમાં સ્વામીશ્રીએ પૂર્ણ સામર્થ્ય બતાવ્યું. અક્ષરપુરુષોત્તમની મૂર્તિઓ ઘેર ઘેર આપીને સર્વોપરી ઉપાસનાની સાચી સમજ આપી. અવિદ્યાનું જોર જરાપણ ચાલ્યું નહિ. જૂના મંદિરના સંતો શરમિંદા બની બાજુના ગામ બદપરા જતા રહ્યા.

બીજે દિવસે સવારે અંબાલાલભાઈએ સ્વામીશ્રીને કહ્યું : 'બાપા ! અમદાવાદથી આપનો દ્રોહ કરવા આવેલા સંતો જતા રહ્યા.'

ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'ગુરુ ! એમ ન બોલાય. એ તો બીજાને દર્શન દેવા ગયા છે – એમ બોલવું !'

પોતાના પ્રતિ દ્વેષ રાખનારાઓને, દ્રોહ કરનારાઓને પણ આદરથી જોતા આ સંતની કેટલી અધ્યાત્મ ઊંચાઈ ! અને ક્યાં ક્ષુદ્ર ભાવના સાથે જીવતો દ્વેષી વર્ગ !

અહીં એક પવિત્ર બ્રાહ્મણ પ્રહ્‌લાદજી નરસિંહ દવે રહે. શ્રાવણ માસમાં ભાગવતની કથા કરે અને ગુજરાન ચલાવે. તેઓ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. અંબાલાલભાઈ તથા ત્રિકમભાઈએ સ્વામીશ્રીને તેમની ઓળખાણ કરાવી. સ્વામીશ્રી ઊભા થઈને તેમને ભેટ્યા અને તેમનો હાથ લઈને પોતાના માથા ઉપર મૂક્યો. તેઓ તો સ્વામીશ્રીની આવી નમ્રતાથી અતિ રોમાંચિત ને ગદ્‌ગદિત થઈ ગયા અને બોલ્યા : 'અહોહો ! આપનામાં સાક્ષાત્‌ શ્રીજીપ્રભુ રહેલા છે. મને હૃદયની આટલી વિશાળતાનો ક્યાંય અનુભવ થયો નથી.'

આજની રાત્રિ સભામાં એવી તો દિવ્યતા વ્યાપી ગઈ કે જૂના પીઢ હરિભક્ત ત્રિકમભાઈ સભામાં ઊભા થયા અને જાહેર કર્યું કે 'જીવનમાં પ્રથમ

વાર જ આ સમયે મને અતિ દિવ્ય આનંદનો અનુભવ થઈ રહ્યો છે.' આટલું બોલતાં જ તેમનું હૈયું અને આંખો આનંદનાં આંસુથી ભરાઈ આવ્યાં, ગદ્‌ગદ થઈ તેઓ સ્વામીશ્રીનાં ચરણે પડી ગયા.

આજે છેલ્લો દિવસ હતો. સ્વામીશ્રી ભાગવત કથાકાર દવે મહારાજને મળવા ગયા ત્યારે હાથ જોડીને તેઓ ઊભા થઈ ગયા. તેમણે કહ્યું : 'આજે સવારે પૂજામાં બેઠો હતો ત્યાં મને સંતો સહિત આપનાં સાક્ષાત્‌-પ્રત્યક્ષ દર્શન થયાં !' એમ કહી નમ્રભાવે સ્વામીશ્રીના પગે પડી ગયા. તેમને થયું મને ભાગવત કથાઓની ફળશ્રુતિ મળી કે આવા સંતનો યોગ થયો !

વૈષ્ણવ ભક્ત કેશુભાઈ શેઠ પણ સ્વામીશ્રીનાં દર્શનથી બહુ પ્રભાવિત થયા.

બીજે દિવસે છબાભાઈ બારોટ તથા ડાહ્યાભાઈની રસોઈ હતી. સ્વામીશ્રી તેમના ઘરે પધાર્યા. ડાહ્યાભાઈ ફોજદારને ચાર દીકરીઓ, પણ દીકરો નહિ. તે વાત જાણી સ્વામીશ્રીએ તેમને આશીર્વાદનો ધબ્બો આપતાં કહ્યું : 'મહારાજ દીકરો આપશે.' તે જ વર્ષે તેમને ત્યાં પુત્રનો જન્મ થયો.

સ્વામીશ્રીએ ચાર દિવસમાં અપૂર્વ ઐશ્વર્ય દેખાડ્યું. પરભાવમાં આવીને દિવ્યતા જણાવી. પોતાના ભગવદ્‌ભાવથી અનેકનાં અંતરમાં શ્રીજીમહારાજની નિષ્ઠા દૃઢ કરાવી. સૌનાં દિલ જીતી લીધાં.

એક હરિભક્તે સ્વામીશ્રીને અહીં આવેલા એક પ્રાચીન શિવાલયની વાત કરી. આથી સ્વામીશ્રીએ સાંજે ત્યાં દર્શને જવાનું નક્કી કરી, સૌને સાથે આવવાની આજ્ઞા કરી.

સંઘ સાથે સાંજે પાંચ વાગે સૌ ત્યાં પહોંચ્યા. સ્વામીશ્રીએ શિવલિંગની પૂજા કરી, પૂજારીને મંદિરની વિગતો પૂછી. સ્વામીશ્રીએ આજુબાજુ જોયું પણ સાથે આવેલા યુવકોને જોયા નહિ. તેથી એક હરિભક્તને બોલાવવા મોકલ્યા. યુવકો આવ્યા એટલે સ્વામીશ્રીએ પૂજારી પાસે ફરી પુરાતન મંદિરનો ઈતિહાસ કહેવડાવ્યો. તેમણે વાત કરી કે 'પહેલાં અહીં મંદિરની ગાય રોજ દર્શન કરવા આવતી અને જાતે શિવલિંગ ઉપર દૂધની ધારા કરતી.'

આ સાંભળીને સ્વામીશ્રીએ પૂછ્યું 'આવી ગાય અત્યારે છે ?' સ્વામીશ્રીનો આ નિર્દોષ પ્રશ્ન સાંભળી પૂજારી તથા ત્યાં હાજર રહેલા સૌ હસી પડ્યા. સ્વામીશ્રી ઘણીવાર આવી બાળસહજ ચેષ્ટા કરી ભક્તોને મોહ પમાડતા.

સ્વામીશ્રીએ પૂજારીને કહ્યું કે 'મંદિરની ગાય હોય તો તેનું દૂધ લાવો. ધરાવીને સૌને પ્રસાદ આપીએ.'

પૂજારી દૂધ લાવ્યા અને સ્વામીશ્રીએ હરિકૃષ્ણ મહારાજને તથા શિવજીને ધરાવીને સૌને પ્રસાદ આપ્યો. ત્રિકમભાઈ પાસે મંદિરમાં ભેટ મુકાવી. પૂજારીને પણ ભેટ અપાવી.

સ્વામીશ્રી જ્યાં જ્યાં વિચરણ કરતા, ત્યાં ત્યાં પ્રાચીન અથવા પ્રસિદ્ધ હિંદુ ધર્મસ્થાન હોય ત્યાં અવશ્ય દર્શને જતા. દર્શન કરીને ખૂબ જ રાજી થતા અને મંદિરે ભેટ ધરાવી તેમજ પૂજારીને ભેટ અપાવી તેને પણ અવશ્ય રાજી કરતા.

અહીં કથાવાર્તાના પ્રસંગોમાં મોટાસ્વામી, પ્રમુખસ્વામી, સંતસ્વામી વગેરે સંતો તથા સી.ટી. પટેલ, ખેંગારજીભાઈ તથા અંબાલાલ વગેરે હરિભક્તો અવારનવાર લાભ આપતા અને શાસ્ત્રીજી મહારાજનું કાર્ય ઉપાસનાનું શાસ્ત્રોક્ત સ્વરૂપ છે, એમ કહી સ્વામીશ્રીમાં જોડાવાની અદ્‌ભુત વાતો કરતા. આથી સૌને લાગ્યું કે આવી વાતો તો હજુ સુધી સાંભળી નથી. સ્વામીશ્રીની કીર્તનો બોલવાની અલૌકિક છટા અને મર્મવેધક સરળ વાતો તેમજ પારદર્શક સાધુતાથી સૌ મુગ્ધ થઈ ગયા. વળી ભૂતાદિકનો ઉપદ્રવ દૂર થતાં જ ચોરે ને ચૌટે સૌ સ્વામીશ્રીની દિવ્યતાની જ ચર્ચા કરતા રહેતા. આખું ગામ સ્વામીશ્રીની બ્રહ્મભાવના અને દિવ્ય-પ્રતિભામાં જાણે કે ડૂબી ગયું. બાઈઓના મંદિરમાં પણ ઉપદ્રવ હતો, તે સ્વામીશ્રીએ પ્રસાદી-જળ છાંટી દૂર કર્યો.

મલિન સંસ્કારોથી મુક્તિ

અહીં એક પંચોતેર વર્ષના વૃદ્ધ હરિભક્ત સ્વામીશ્રી પાસે નિષ્કપટ થયા. તેમણે કહ્યું : ‘સ્વામી ! હું બાર બાર વર્ષથી કથા કરું છું. હરિલીલામૃત અને ભક્તચિંતામણિ આદિ ગ્રંથોનું સતત વાંચન, અધ્યયન કર્યા જ કરું છું. છતાં મને રાત્રિએ ભયંકર અને બિહામણાં સ્વપ્નાં આવે છે. તેમાં કોઈનાં ચામડાં ઊતરતાં હોય, કોઈના વાળ ખેંચી નખાતા હોય, કોઈના હાથ-પગ કાપી નખાતા હોય કે શરીરના કટકે કટકા કરી નખાતા હોય ! આવાં અત્યંત વિચિત્ર સ્વપ્નાં અનેક વાર આવે છે. મેં કેટલાય સાધુ-સંતોને મારા આ દુઃખની વાત કરી છે, પણ કાંઈ ફેર પડ્યો નથી.’ આટલું કહેતાં તો તેઓ સ્વામીશ્રીના ખોળામાં માથું મૂકીને રડી પડ્યા. તેમનું મનોબળ ખરેખર શિથિલ થઈ ગયું હતું.

સ્વામીશ્રીએ ખભે હાથ ફેરવીને તેમને અત્યંત આશ્વાસન આપ્યું : ‘પૂર્વ-જન્મમાં ભૂંડાં કર્મ થયાં હશે એટલે આ જન્મે નડે છે. જાવ, હવે બધું જ મટી જશે. હવે સપનાં નહીં આવે.’ એમ કહી સ્વામીશ્રીએ તેમની છાતીએ હાથ

ફેરવ્યો અને કહ્યું : 'કથા-ભજન ચાલુ જ રાખશો.'

એ જ દિવસથી આ હરિભક્તનાં ભયંકર સ્વપ્નાં તદ્દન બંધ થઈ ગયાં. તેમના અંતરમાં ભક્તિનું ખરેખરું સુખ આવવા લાગ્યું. પ્રારબ્ધ, કર્મ જીવનમાં એક યા બીજી રીતે ભોગવવાં જ પડતાં હોય છે, પણ સંત-કૃપામાં એવી તાકાત છે કે તે વગર ભોગવ્યે નાશ પામી જાય ! શાસ્ત્રલિખિત પ્રસ્તુત વચનોનો આ વૃદ્ધને અનુભવ થયો.

ચાર દિવસ રોકાઈ બપોરે સ્વામીશ્રીએ વિદાય લીધી. સૌ ભારે હૈયે સ્ટેશન ઉપર વિદાય આપવા આવ્યા હતા. અહીં લીંબડાના એક વિશાળ વૃક્ષ નીચે સભા થઈ. સ્વામીશ્રીએ સૌને આશીર્વાદ આપ્યા. ત્રિકમભાઈને એટલો બધો ભાવ થયો કે એમણે જાહેરાત કરી કે સારંગપુર, યોગીજી મહારાજના જન્મોત્સવમાં જેને આવવું હોય તે બધાયને પોતાને ખર્ચે લઈ જશે.[૫]

જો કે જ્યારથી સ્વામીશ્રી ઉનાવા પધાર્યા ત્યારથી જ એમનાં પ્રત્યક્ષ દર્શન અને પ્રભાવથી તેમજ કથાવાર્તા સાંભળીને સૌને સમજાયું ને પરસ્પર કહેવા લાગ્યા : 'ભાઈઓ ! આ લોકો તો મહારાજના જ ગુણ ગાય છે. એમની વાતોમાં મહારાજની ગૌણતા ક્યાંય દેખાતી નથી. આરતી, ધૂન, કીર્તન, બધામાં શ્રીજીમહારાજ મુખ્ય છે અને શિક્ષાપત્રી તથા વચનામૃતને જ માને છે. માટે આ તો સ્વામિનારાયણના ખરેખરા સાધુ છે. આપણને ખોટા ભરમાવ્યા છે કે 'આ લોકો શાસ્ત્રીજી મહારાજને કે યોગીજી મહારાજને ભગવાન માને છે અને શ્રીજીમહારાજ એમણે પડતા મૂક્યા છે.' એવું કાંઈ જ નથી.'

આમ, ઉત્તરોત્તર એમનો ભાવ વધતો ગયો અને ત્રણ દિવસમાં જ સૌને સાચી વાતની દૃઢતા થઈ ગઈ.

અંતરભાવનાનું મર્મસ્પર્શી દર્શન

પાછા ફરતાં પણ સ્વામીશ્રી કલોલ મંદિર પધાર્યા. પધરામણીઓ કરી અને કથાવાર્તાનો લાભ આપ્યો. હરિભક્તોનો ખૂબ આગ્રહ હતો તેથી ફરી આવવાનું વચન આપ્યું. બેચરાજી લોકલ ત્રણ કલાક મોડી હોવાથી સ્ટેશન ઉપર

૫. સારંગપુરમાં સ્વામીશ્રીની જન્મ જયંતી પ્રસંગે ઉનાવાથી ૧૫૦ હરિભક્તોનો સંઘ આવેલો. ઉત્સવની ભવ્યતા, દિવ્યતા, હજારો હરિભક્તોનો પ્રેમ અને નિષ્ઠા, શાસ્ત્રીજી મહારાજે બાંધેલાં ગગનચુંબી મંદિરો અને સ્ત્રી-ધનના ત્યાગી સંતો જોઈને સૌને સ્વામીશ્રીની કાર્યશક્તિ અને આકર્ષણ પ્રત્યક્ષ થયાં.

પણ સૌને સમાગમનુ સુખ આપ્યું.

અહીં વિનુભાઈનો હાથ પકડી સ્વામીશ્રી લઘુ કરવા જતા હતા, ત્યાં પ્લૅટફૉર્મ પાસે પાટા નજીક બેસી ગયા. સાથે વિનુભાઈ એકલા જ હતા. અન્ય સૌ પ્લૅટફૉર્મ પર બેઠા હતા. સ્વામીશ્રી વિનુભાઈ સાથે વાતો કરવા લાગ્યા. સાથે સાથે હાથમાં ચાર-પાંચ પથરા લઈ રમાડવા લાગ્યા અને આમ-તેમ ગોઠવવા લાગ્યા. પછી ધીમેથી ધૂળમાં આંગળી ફેરવવા લાગ્યા. વિનુભાઈએ જોયું તો લખેલું : '૫૧ !' વળી તેના ફરતું કુંડાળું પણ કર્યું. પછી વિનુભાઈ સામે જોઈ સ્વામીશ્રી કહે : 'તમે બધા શૂરવીર થાઓ. આપણે ૫૧ સાધુ કરવા છે. સ્વામી અને મહારાજની સેવામાં મૂકી દેવા છે.' પછી દૂર લઘુ કરી સ્વામીશ્રી પ્લૅટફૉર્મ પર પધાર્યા. થોડી વારે ટ્રેન આવી. સૌ અમદાવાદ જવા વિદાય થયા.

અનેક પ્રવૃત્તિઓ વચ્ચે સ્વામીશ્રીને '૫૧' સંતો કરવાનું કેવું અનુસંધાન હતું તેનું આ મર્મસ્પર્શી દર્શન હતું ! ત્રણેય અવસ્થામાં મહારાજનું તો રટણ હતું, પણ એમની સેવામાં એકાવન નવયુવાનોને અર્પવા છે એ વિચારનું સાતત્ય પણ સાથે જ હતું !

અમદાવાદ થઈ વૈશાખ સુદ ૧૦, સમૈયો ગઢપુર કર્યો. બપોરની કથામાં ગ.મ. ૪૫ વચનામૃત સમજાવતાં કહ્યું : 'પૂર્વે નારદ, પર્વતે ભગવાનને રાજી કર્યા તો દેવલોક, ઈન્દ્રલોકને પામ્યા, તેવી અલ્પ પ્રાપ્તિ થઈ. આ તો સાક્ષાત્ અક્ષર-ધામની પ્રાપ્તિ થાય તેવો ભારે લાભ છે, તો સેવા કેમ ન કરવી ? માટે ભગવાન અને ભગવાનના ભક્તને રાજી કરી લેવા, જેથી અપાર સુખિયા થઈ જવાય.'

અહીંથી તાજપુર, સારંગપુર થઈ અમદાવાદ આવી, વૈશાખ સુદ ૧૧, 'રાઠોડ બોર્ડિંગ'નું ઉદ્‌ઘાટન કર્યું. રાત્રે મંદિરમાં કથાના પ્રસંગમાં અમૃત ઉપદેશ આપ્યો : 'દુ:ખ કાંઈ માનશો નહિ. ઝાઝા રૂપિયા આપે તો ભગવાન ભજાય નહિ. ભગવાન કાંઈ તાણ રાખે તો ભગવાન ભજાય. પૈસાવાળાથી ન ભજાય. મોટરવાળો કોઈ આવ્યો ભજવા ? માટે દુ:ખવાળો ભજે છે. કોઈની નોકરી તૂટે, ધંધો તૂટે, તો ભગવાન સાંભરે અને ભગવાન ભજાય. જે તમને મળ્યું છે તે સામું જોઈ રહો. અન્ન-વસ્ત્રની તાણ પડે તો બંધાયેલા ભગવાન છે, માટે તાણ નહિ પડે. રૂપિયા કોઈને આપે તો ના પાડે નહિ. વધારે પૈસા થાય તો અહંકાર આવે ને 'ચલ બે' એમ કહેવા મંડે. ફેલફિતૂરમાં પૈસા વપરાઈ જાય. માટે એકાંતિક ધર્મ સિદ્ધ કરી લેવો. ગરીબ રાખ્યા છે, નહિ તો ફેલફિતૂરમાં ચડી જવાય. ભગવાનને માર્ગે કોઈ ચાલે તેમ નથી. દુર્લભમાં દુર્લભ સત્સંગ છે; પછી દુર્લભ

એકાંતિકપણું. તે સિદ્ધ કરવું.'

અહીંથી સ્વામીશ્રી કાળી - અક્ષર પુરી પધાર્યા. રસ્તામાં અડાલજની વાવે પ્રસાદીનું જળ ચઢાવ્યું. અક્ષર પુરીમાં પધરામણી તથા કથાવાર્તા થયાં. સ્વામીશ્રી કહે : 'જ્ઞાની થવું. જુઓ, સી.ટી. સાહેબ કેવા છે ? અખંડ સુખ વર્ત્યા કરે. દરેકને હાથ જોડે. કહીએ તો કહે : 'બધા ગુરુ છે.' તેમ દિવ્યભાવ રાખે. દત્તાત્રેયે ચોવીસ ગુરુ કર્યા હતા.'

જ્યાં વાત્સલ્યના ઓઘ વરસે છે

વિરમગામ, સુરેન્દ્રનગર, રાજકોટ વગેરે સ્ટેશનોએ હરિભક્તોને મળતાં મળતાં રાત્રે ૧-૦૦ વાગે ગોંડલ આવી પહોંચ્યા. વૈશાખ સુદ ૧૩, પાટોત્સવ કરી, ડાંગરા પધાર્યા.

સ્વામીશ્રી સાથે ઉનાળાની રજાઓમાં બધા યુવકો સાથે કિશોરભાઈ દવે તથા જશભાઈ (ઝારોળાવાળા) પણ વિચરણમાં હતા. સ્વામીશ્રીએ તેમને નિર્જળ ઉપવાસ કરાવેલો. વૈશાખ માસના ધીખતા તાપના દિવસો હતા ને હડમતિયાથી ચાલીને ડાંગરા જવાનું હતું.

બંનેએ જેમ-તેમ કરીને દિવસ પસાર કર્યો. રાત્રે ચેષ્ટા ને ગોષ્ઠિ પછી સ્વામીશ્રીએ આરામમાં જવા આજ્ઞા કરેલી. રાત્રિ પૂરી થતાં તો જાણે એક યુગ પૂરો થયો હોય તેવું તેમને વસમું લાગ્યું !

ભૂખ્યા પેટે પ્રસાદીની કૂંડી સુધી ચાલીને જવું આકરું હતું, પરંતુ બધા સાથે કિશોરભાઈ તથા જશભાઈ પણ ત્યાં પહોંચ્યા. સ્વામીશ્રીની સ્મૃતિ સાથે સ્નાન કરી સૌ પૂજા કરવા બેઠા. હજુ પૂજા પૂરી થઈ રહી હતી ત્યાં જ એક હરિભક્તને ઉતાવળે પગલે નદી તરફ આવતા જોયા. સ્વામીશ્રીએ જાતે જ લીંબુનું શરબત બનાવી, સાથે નાસ્તો પણ આપીને તેમને મોકલ્યા હતા અને કહ્યું હતું : 'અમારી આજ્ઞાથી શહેરના આ નાના યુવકો ઉપવાસ કરે છે તે બહુ મોટી વાત છે. તેથી સૌ પ્રથમ મારા વતી દંડવત્ કરજો.'

બંને યુવકો તો ગદ્‌ગદ થઈ ગયા. આ પ્રેમને માટે કયા શબ્દોમાં આભાર માનવો તે સૂઝ્યું નહિ. બંને સ્વામીશ્રીની રસઘન પ્રેમાળ મૂર્તિની સ્મૃતિ અને સ્તુતિમાં જાણે કે મગ્ન થયા. સાથેના બીજા યુવકોનાં હૈયાં પણ ભરાઈ ગયાં કે વાત્સલ્યમૂર્તિ સ્વામીશ્રી, આપણા સૌની કેવી સંભાળ લે છે !

ભાદરા જૂના સ્ટેશનેથી સ્થાનિક હરિભક્તો માંડણ ભગત, કુરજીભાઈ

વગેરે સાથે ગાડામાં બેસી સ્વામીશ્રી ગામમાં આવ્યા. સવારે ગાડા દ્વારા જ ઊંડમાં સ્નાન કરવા માટે નીકળ્યા.

નદીમાં પાણી થોડું જ હતું. વળી સ્થિર હોઈ લીલ બાઝી હતી તેથી ગંદું લાગતું હતું. છતાં સ્વામીશ્રી તેમાં ઊતર્યા અને સંતો-હરિભક્તોને પણ નાહવા આજ્ઞા કરી. પણ આવું ગંદું પાણી જોઈ સી.ટી. પટેલ દૂર ઊભા રહ્યા. સ્વામીશ્રી તેમને જોઈ કહે : 'એ સી.ટી., હાલો, કેમ ઊભા છો ? નાહી લો. કરોડો ગંગામાં સ્નાન કર્યાનું અહીં પુણ્ય છે.'

આ મહિમાના શબ્દો એવા ભાવથી બોલાયા કે સી.ટી. પટેલ પણ સૌ સાથે સ્નાનમાં જોડાઈ ગયા. એ પ્રસાદી-સ્નાનનો મહિમા તેમને હૈયે સદાને માટે વસી ગયો.

સ્નાન કરતાં કરતાં સ્વામીશ્રી બાજુમાં ઊભેલા રામચંદ્રકાકાને માથે જળ ચડાવવા લાગ્યા ને બોલવા લાગ્યા : 'મહારાજ ! સ્નાન કરો. શાસ્ત્રીજી મહારાજ ! સ્નાન કરો.'

રામચંદ્રકાકા તો વિચારમાં પડી ગયા ને એકદમ પૂછ્યું : 'શાસ્ત્રીજી મહારાજ ક્યાં છે ?'

'જો, તમારામાં બેઠા જ છે ને ! હું દેખું છું તેથી સ્નાન કરાવું છું.' સ્વામીશ્રીએ સહજભાવે કહ્યું.

પ્રત્યેકમાં શાસ્ત્રીજી મહારાજને નિહાળવાની બ્રહ્મદૃષ્ટિની સહજતાને કારણે સ્વામીશ્રીને દરેકનો મહિમા રહેતો અને તેથી જ એમના શબ્દે શબ્દમાં હૃદય વીંધવાની શક્તિ હતી.

સ્નાન બાદ ઊંડ નદીના તટ પર વટવૃક્ષ નીચે સી.ટી. પટેલ તથા કરમસદના ચુનીભાઈ નાથાભાઈ પટેલ કથાવાર્તા-ગોષ્ઠિ કરતા બેઠા હતા. સ્વામીશ્રી રસોડામાં હરિભક્તો માટે રસોઈ બનાવતા હતા.

થોડી વારે સ્વામીશ્રી બહાર બંને હરિભક્તો બેઠા હતા ત્યાં આવ્યા. હજુ તો આસન પાથરે તે પહેલાં તો સ્વામીશ્રી નીચે બેસી ગયા. બંનેએ ઘણી વિનંતી કરી, ત્યારે સ્વામીશ્રી આસન પર બેઠા. પછી હસીને કહે : 'દિલ્હીમાં જવાહર-બાપા(નહેરુ)ની ખુરસી (ગાદી) પર બીજા કોઈ બેસી જાય તો ?'

'તો બાપા ! પોલીસ તેને પકડી જેલમાં પૂરી દે.' સી.ટી. પટેલે જવાબ આપ્યો.

સ્વામીશ્રી કહે : 'અનંત જવાહરબાપા જેવાને શ્રીજીમહારાજે અનંત બ્રહ્માંડોના કારખાનામાં પૂરી દીધા છે, કામ કર્યા જ કરે. અંતરે શાંતિ નહીં.

અંતરે શાંતિ તો સંત પાસે જ મળે.'

આ સાંભળી સી.ટી. પટેલ તથા ચુનીભાઈ તો દિગ થઈ ગયા ! તેમના અંતરમાં થયું : આપણાં તે કેવાં મોટાં ભાગ્ય ! આવા સત્પુરુષ આપણને મળ્યા છે અને દર્શન-સમાગમનું પ્રત્યક્ષ સુખ આપે છે, જે મોટા મોટાને દુર્લભ છે.

પછી ઊંડ નદીને કિનારે કથાવાર્તા કરી ઠાકોરજી જમાડ્યા. ધ્રોળ, જાયવા, બાણુંગાર, જામનગર, રાજકોટ, ગોંડલ થઈ સાતમે સવારે સારંગપુર પધાર્યા.

સૌના લાડીલા

શાસ્ત્રીજી મહારાજના અંતર્ધાન પછી સ્વામીશ્રી અવિરત વિચરણ કરતા. ગામડે ગામડે ઘૂમી વળતા. તેમાં પોતાના દેહની પરવા કર્યા સિવાય હરિભક્તોના મનોરથો પૂર્ણ કરતા. હરિભક્તોને રાજી રાખવામાં દિવસ-રાત જોતા નહિ. એથી પણ અધિક, કોઈ ભેદભાવ વગર, પ્રેમ અને વાત્સલ્યની સૌ પર અહર્નિશ વર્ષા કરનારા, બ્રહ્મની મસ્તીમાં અખંડ ડોલતા, હસતા અને સૌને શાશ્વત સુખની લહાણ કરનારા, નાના-મોટા સૌ હરિભક્તોનાં દુઃખે દુઃખી અને સુખે સુખી થનારા, કથા-કીર્તનની સતત હેલી વરસાવી સૌને અખંડ ભગવત્-સન્મુખ કરનારા સ્વામીશ્રીની, અસીમ સાધુતા અને દિવ્યતાએ સમગ્ર સત્સંગ-સમાજનાં મન હરી લીધાં હતાં.

હરિભક્તોને સ્વામીશ્રીનું ઘેલું લાગ્યું હતું. એમનાં દર્શન વગર કોઈ રહી શકતા નહિ, એમનો વિરહ વધુ સહન કરી શકતા નહિ. સ્વામીશ્રીને અવારનવાર સૌ પોતાને ગામ તેડાવતા, સમૈયા-ઉત્સવમાં સૌ દોડી દોડીને જતા. કેમે કરી એમનાં દર્શનની તૃષા છિપાવવા સૌ બહાવરા બની જતા. નાનાં-મોટાં, ભણેલા-અભણ, યુવાન-વૃદ્ધ, બાઈ-ભાઈ સૌને એકસરખી લગની લાગી હતી. સૌનાં જીવનમાં સ્વામીશ્રી કેન્દ્ર સ્થાન બની ગયા હતા. આબાલવૃદ્ધ હજારો ભક્તોનાં હૃદયાસન ઉપર સ્વામીશ્રી આરૂઢ થઈ ચૂક્યા હતા. સ્વામીશ્રીને પ્રસન્ન કરવા સિવાય જગતનો અન્ય કોઈ સંકલ્પ કોઈને ઊઠતો નહિ. સર્વની આંખોમાં, હૃદયમાં, હોઠ ઉપર 'સ્વામીબાપા', 'યોગીબાપા' રમતા થઈ ગયા હતા. ભક્તિભાવમાં તરબોળ ભક્તોને પોતાના જીવનપ્રાણ સમા સ્વામીશ્રીને 'કેમ રાજી કરવા ? કેમ વધુ પ્રસન્ન કરવા ?' આ જ વિચારો રાત-દિવસ ઊભરાયા કરતા હતા.

'જ્યાં જુઓ ત્યાં રામજી, બીજું ન ભાસે રે...' એવી અલૌકિક દૃષ્ટિવાળા સ્વામીશ્રી હંમેશાં એ રીતે વર્તતા અને કહેતા : 'કોઈ દિવસ કોઈનો અવગુણ

જોયો નથી. બધાને વિષે દિવ્યભાવ. નાના હોય, મોટા હોય; નવા હોય, જૂના હોય; થાથા-થાબડા જેવા હોય, તેનો પણ અવગુણ જોવાય નહિ. મહારાજના સંબંધનો મહિમા વિચારવો.'

સ્વામીશ્રીની આવી પારલૌકિક સ્થિતિ અને સમજણનાં આંદોલનો તેઓ જ્યાં જતા ત્યાં વ્યાપી, સમગ્ર સત્સંગમાં આવૃત્ત થઈ ગયાં હતાં. તેથી વિરોધીઓનાં હૃદયમાં પણ એ જ પડઘો પડતો, એક જ સૂર નીકળતો : 'યોગીજી મહારાજ એ યોગીજી મહારાજ ! અજોડ સાધુ ! અજાતશત્રુ ! મહારાજના પરમહંસ જોવા હોય તો આજે એમનાં દર્શન કરી લ્યો !'

બિન-સત્સંગીઓ એમની સાધુતા અને નિર્દોષતા જોઈ ચરણોમાં માથાં ઝુકાવતા; તો સત્સંગીઓ તો એમને શાસ્ત્રીજી મહારાજના લાડીલા, પરમ એકાંતિક, ગુણાતીત સંત સમજી રાત-દિવસ હૃદયમાં ઓવારણાં લેતા.

પ્રથમ જયંતી મહોત્સવ

વસંત પંચમીના ઉત્સવે અટલાદરામાં થોડા ભક્તો બેઠા હતા, ત્યાં અમદાવાદના ભક્તરાજ ચંપકભાઈ શેઠે શુભ સંકલ્પ કર્યો કે ગુરુહરિ યોગીજી મહારાજની આવતી જન્મ જયંતી સમગ્ર સત્સંગ-સમાજે ખૂબ ધામધૂમથી ઊજવવી જોઈએ. પરંતુ પોતાની પ્રશસ્તિ કે જયંતીથી સદાય દૂર રહેનારા, સૌના ગુરુ છતાં સૌને ગુરુ માનનારા, સદાય દાસાનુદાસ-ભાવે વર્તનારા સ્વામીશ્રી આ કેમ સ્વીકારે ! તેમનું તો હંમેશાં એક જ રટણ રહેતું કે 'આપણે તો ગુરુ શાસ્ત્રીજી મહારાજની જયંતી ઊજવવામાં રાજી. એમનું નામ આગળ આવે. એમાં રાજી.' શાસ્ત્રીજી મહારાજના એ અદના સેવક આવી વાતમાં કેમ તૈયાર થાય ? સત્સંગના જૂના પીઢ હરિભક્તોએ પોતાનો આગ્રહ ચાલુ રાખ્યો. સૌની મરજી આગળ સ્વામીશ્રીને નમતું મૂકવું પડ્યું : 'ભલે, બધાને ઠીક લાગે તેમ કરો.' એવી સાધુસહજ ઉપેક્ષા વૃત્તિથી સ્વામીશ્રીએ સંમતિ આપી.

આજ દિન સુધી સ્વામીશ્રીની સાચી જન્મ તિથિનો પણ કોઈને ખ્યાલ ન હતો. હમણાં હમણાં તેની જાણ થઈ કે વૈશાખ વદ બારસે એ શુભ તિથિ છે. શાસ્ત્રીજી મહારાજના પ્રિય સ્થાન સારંગપુરમાં જ આ મહોત્સવ ઊજવવાનું સર્વાનુમતે નક્કી થયું.

ફાગણ સુદ ૧૫, ફૂલદોલ ઉપર સારંગપુરમાં મિટિંગ થઈ, જેમાં ચંપકભાઈ શેઠ, ઈશ્વરભાઈ દાજી, મોતીભાઈ ભગવાનદાસ, રામચંદ્રકાકા, ખેંગારજીભાઈ,

સી.ટી. પટેલ, ઠાકરશીભાઈ, અંબાલાલભાઈ, હર્ષદભાઈ, રસિકભાઈ, મગનભાઈ સેક્રેટરી વગેરેએ પ્રમુખસ્વામીની હાજરીમાં મહોત્સવનું માળખું વિચાર્યું.

નાનકડા એવા સારંગપુર ગામમાં ૭૦ થી ૮૦ હજાર માણસોની વ્યવસ્થા ઊભી કરવી, એ પ્રશ્ન સૌને મૂંઝવતો હતો. આટલા બધા ભક્તોના ઉતારા, પાગરણ તથા અન્ય સુવિધાઓ, બધાને જમાડવા માટે સીધું-સામાન વગેરે તૈયારીઓની વિગતે સોંપણી કરવા, ફરી એક મિટિંગ ચૈત્ર માસમાં અમદાવાદમાં થઈ. જ્યાં પ્રમુખસ્વામીની પ્રેરણાથી અને બળથી સૌએ જવાબદારીઓ માથે લીધી. કાર્ય તો સ્વામીશ્રી જ કરવાના છે, એવો આધાર અને વિશ્વાસ સૌને હતો જ.

મંડપ, લાઈટ, પાણી વગેરે જવાબદારીઓ ભાવનગરના ઠાકરશીભાઈએ લીધી. રસોડાનું કપરું કામ અમદાવાદના બકરી પોળ મંડળના બહેચરભાઈએ સંભાળી લીધું. એમની સાથે રહીને સીધા-સામાનની જવાબદારી અમદાવાદના અંબાલાલભાઈ ભગત તથા ભાવનગરના કાનજીભાઈ સોનીએ લીધી. આમ, મુખ્ય કાર્યવાહી શરૂ થઈ ગઈ.

આ અંગે સેવા કરવા તો હરિભક્તોનાં હૈયાં ઉલ્લસી રહ્યાં હતાં, તેથી ગામોગામ સૌએ મન મૂકીને સેવાઓ કરી. એ અંગે પ્રેરણા આપવા કાનમ-વાકળમાં મોટાસ્વામી તથા મણિભાઈ ભટ્ટ, સૌરાષ્ટ્રમાં હકાભાઈ તથા સમગ્ર સત્સંગમાં પ્રમુખસ્વામી ફરી વળ્યા. વળી વખતોવખત પ્રમુખસ્વામી સારંગપુર પહોંચી જતા અને ત્યાં સૌને જરૂરી માર્ગદર્શન આપતા.

અમદાવાદથી ગોરધનભાઈ તથા મણિભાઈ બ્રહ્મભટ્ટ અને ધીરુભાઈએ આમંત્રણ પત્રિકાઓ તૈયાર કરી, ગામોગામ આમંત્રણો મોકલી મહોત્સવનું પ્રચાર-કાર્ય શરૂ કરી દીધું. વૈશાખ વદ ૧૧ અને ૧૨, તા. ૪ અને ૫ જૂન, ૧૯૫૬, બે દિવસના કાર્યક્રમો ઘડાઈ ગયા હતા.

કોઠારી ધર્મવલ્લભદાસ - મુનિસ્વામીએ સ્થાનિક કાર્યો શરૂ કરાવ્યાં. ઉત્સવમાં ઉતારા, ભોજન, યજ્ઞ વગેરે વ્યવસ્થા માટે જરૂરી મંદિરનાં વિશાળ ખેતરો; તથા એક ગામ જેવું મોટું સારંગપુર મંદિર, તેમાં સાફસૂફીની સેવામાં રોહીશાળા, ઝમરાળા, સમઢિયાળા, કેરિયા, લાખિયાણીના હરિભક્તોએ તનતોડ મહેનત કરી. હરિભક્તોએ પોતાના ઘરનાં ખેતીકામોમાં દાડિયા રોક્યા અને મંદિરની સેવામાં જાતે મહિમાથી લાગી ગયા.

મંદિર તથા ઉતારાઓને રંગ-રોગાન થઈ ગયાં. ફરતી સુંદર હવેલીઓ અને ભવ્ય દરવાજો તથા લીંબડાના ઘટાટોપ હરિયાળાં ઉદ્યાન વચ્ચે, ઉન્નત

મસ્તકે ઊભું રહેલું મંદિર, શ્વેત કમળ સમાન શોભતું હતું.

વૈશાખ સુદ દશમથી તંબુઓ, રાવટીઓની ગોઠવણી તથા મંડપોની રચના થવા લાગી. ઉતારા માટે વિરાટ 'યોગીનગર' તૈયાર થઈ રહ્યું હતું. યુવકોએ દિવસ-રાત જોયા વગર અસંખ્ય તોરણો તૈયાર કર્યાં, જે મંદિરના ખૂણે ખૂણે, સમાધિની વાડીએ અને સારંગપુર ગામની શેરીઓમાં લહેરાવા લાગ્યાં. વિવિધ દરવાજાઓ તથા સ્વામીશ્રીના મહિમા અને વધામણીનાં સૂત્રોનાં બેનરો પણ ઠેર ઠેર ઉત્સવની મહત્તાને વાચા આપતાં હતાં.

વળા અને લીંબડી સ્ટેટે તંબુ, રાવટી અને શમિયાણા સેવામાં મોકલ્યાં હતાં, તેથી મંદિર સામે વાડીમાં 'યોગીનગર'માં જ લગભગ વીસ હજાર જેટલા ભક્તોની વ્યવસ્થા થઈ ગઈ હતી. લાઈટો તથા પાણી માટેની વ્યવસ્થા પણ સમગ્ર સ્થળે ગોઠવાઈ ગઈ હતી. પ્રશ્ન હતો પાણીનો. જે રીતે માનવ-મહેરામણ ઊમટ્યો હતો, વળી ઉનાળાના દિવસો, એ સંજોગોમાં કેવળ સ્વામીશ્રીની કૃપાથી જ પાણી પહોંચી શક્યું. એમાં કોઈ આયોજન, પૈસા કે મહેનત કામ આપે એમ નહોતાં. કેવળ મહારાજ-સ્વામીની દયા !

સૌરાષ્ટ્ર સરકારના પી.ડબલ્યુ.ડી. ખાતાએ પણ સારી મદદ કરી. પાણી ખાતામાં મોતીભાઈ મિસ્ત્રી અને ઇલેક્ટ્રિક કામમાં મોહનભાઈએ સારી જહેમત ઉઠાવી હતી.

મંદિરના તમામ ઉતારા, યોગીનગર વગેરે તમામ જગ્યાએ ઉતારા ઉપરાંત, હરિભક્તો ગામમાં ઘરે ઘરે રાત્રે સૂવા જતા. જે ગાડાં લઈને આવેલા તેમના ઉતારા ગાડામાં જ હતા. વાડી ગાડાંઓથી ભરાઈ ગઈ હતી. સાધુની જાયગા, મંદિર ફરતી પ્રદક્ષિણા, રંગમંડપ, ઘોડશાળ અને ખુલ્લાં ખેતરોમાં ભક્તોએ પોતાનો આશરો ગોતી લીધો હતો. જ્યાં જુઓ ત્યાં માનવ-મહેરામણ ઊમટ્યો હતો. નવા આવનારને પણ સૌ પોતાની ફરજ સમજી આવકારતા, પોતાના ઉતારામાં લઈ જતા, સુહૃદપણું દાખવતા. પાળિયાદ બાપુએ હજારો ગોદડાંઓ તથા રસોઈનાં મોટાં મોટાં વાસણોની સારી મદદ કરી. બોટાદ, ભાવનગર અને ગોંડલથી પણ ગોદડાંઓ આવ્યાં હતાં. આમ, પાગરણની વ્યવસ્થા કરવાનો બનતો પ્રયત્ન થયો હતો.

અમદાવાદ તથા ભાવનગરના સુખડિયાઓએ ૧૫ દિવસ અગાઉથી પકવાન બનાવવાનો આરંભ કરી દીધો હતો. બહેચરભાઈ સાથે સોમચંદ શેઠ તથા શંકરલાલ રાજપુરવાળા પણ રાત-દિવસ દેખરેખમાં હતા. વલ્લભીપુરના

દેવરાજભાઈ તથા મંડળ, પાક વાળવા તથા ગોઠવવાની વ્યવસ્થામાં હતા.

અણધાર્યો માનવ-સમુદાય ભેગો થઈ જતાં અને સમૈયા પહેલાં ૮ થી ૧૦ દિવસ અગાઉ મોટું રસોડું શરૂ થઈ જતાં, આ કાર્ય ઉપર નિયંત્રણ મૂકવા સ્વામીશ્રીને સૌએ વાત કરી. હસતાં હસતાં સ્વામીશ્રીએ કહ્યું : 'આપણે કશી ચિંતા રાખવી નહિ. આપણી બધી ચિંતા મહારાજ અને શાસ્ત્રીજી મહારાજને ચરણે ધરી દેવી, એટલે બધું સારું થઈ જશે.'

અને થયું પણ તેમજ. આટલી મોટી અનિયંત્રિત સંખ્યામાં હરિભક્તો અને મુમુક્ષુઓ ઊભરાયેલા, તેમને ભોજન તો શું પાણી પણ પૂરું પાડવું મુશ્કેલ પડે. તેને બદલે દરરોજ સવારમાં ચા-નાસ્તાથી શરૂઆત કરી રાતના ૧૦ વાગ્યા સુધી અખંડ રસોડું ચાલુ જ રહેતું. ગમે તે આવે, ગમે ત્યારે જમી જાય; કોઈ કોઈને પૂછે જ નહિ.

આટલું બધું અનાજ સાફ કરવાનું પણ અતિ કઠણ કામ ભાવનગર, રોહીશાળા, ઝમરાળા, તાજપુર, રાજુલા તથા ચરોતરની બહેનોએ અતિ ઉત્સાહથી કર્યું. અનાજની ગુણો તાજપુર મંડળ ફેરવતું અને બહેનોને મદદ કરતું.

રાત્રે ૧-૦૦ વાગે મિટિંગો ભરાતી અને સૌ મુખ્ય મુખ્ય કાર્યકર્તાને એકત્રિત કરી પ્રમુખસ્વામી, ઠાકરશીભાઈ, અંબાલાલભાઈ માર્ગદર્શન આપતા.

ટ્રાન્સપોર્ટની વ્યવસ્થાનો પ્રશ્ન પણ ઘણો જ વિકટ હતો. સૌરાષ્ટ્ર સ્ટેટના વાહન-વ્યવહાર ખાતાનો સંપર્ક કરવામાં આવ્યો હતો, પણ તેમની પાસે વધારાની બસ જ નહોતી. હજારો હરિભક્તોને બોટાદથી સારંગપુર પહોંચાડવા અને બીજી હેરફેર માટે કોઈ વ્યવસ્થા બની શકી નહિ. છેવટે અમદાવાદમાં એસ.ટી.ના મોટા અધિકારી વજુભાઈ મહેતાએ મુંબઈથી પરવાનગી મેળવી ચાર મોટી બસો મેળવી. સાથે નરેન્દ્રભાઈ અંતાણી તથા પઠાણ વગેરેએ ઘણો સહકાર આપ્યો અને હજારો માણસોની હેરફેરનો મોટો પ્રશ્ન હલ થઈ ગયો. બોટાદ સ્ટેશને હરિભક્તો જેવા ઊતરે, તેમનાં બિસ્ત્રા-પોટલાં લઈ સ્વયંસેવકો બસમાં બેસાડી દે. આ સેવા નાથાલાલ યોગીના, જયંતીભાઈ કોઠારી અને બોટાદ મંડળે હોંશભેર ઉપાડી લીધી હતી.

દવાખાનાની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. જે ડૉ. મધુભાઈ, ડૉ. શંકરભાઈ તથા બીજા ડૉક્ટરોએ સાથે મળી સંભાળી હતી. આ ઉપરાંત, પુસ્તક ખાતું, ટપાલ ખાતું, પૂછપરછ ખાતું, સલામતી ખાતું વગેરે સેવાઓ પણ સોંપવામાં આવી હતી. ચા-નાસ્તો સવારે ઉતારે ઉતારે પહોંચી જતો. જેમાં

રાજુલા મંડળ તથા બકરી પોળ મંડળ મુખ્યત્વે હતાં.

આ ઉપરાંત, રસોડામાં રણછોડભાઈ વાડીવાળા તથા ઈશ્વરભાઈ મસાલાવાળા; બ્રાહ્મણ રસોડામાં દવે ભાઈઓ તથા ચાતુર્વેદી ભાઈઓ; પાગરણમા હરિભાઈ માસ્તર, શંકરભાઈ પંડોળીવાળા, ભાઈશંકરભાઈ ખસવાળા; ઉતારામાં હર્ષદભાઈ દવે; સ્વચ્છતામાં શાંતિલાલ શાહ તથા ઈશ્વરભાઈ પારેખ; સભા-વ્યવસ્થામાં દીનુભાઈ અમીન, ગોરધનભાઈ બ્રહ્મભટ્ટ તથા બળવંતભાઈ ભટ્ટ વગેરે હરિભક્તોએ જવાબદારી ઉપાડી લીધી હતી.

પીરસવાની મુખ્ય સેવામાં ગામોગામના સ્વયંસેવકો હતા. આ ઉપરાંત, દરેક વિભાગમાં સ્વયંસેવકો મદદમાં હતા. કુલ ૭૦૮ સ્વયંસેવકોની સમગ્ર વ્યવસ્થા બાલુભાઈ બ્રહ્મભટ્ટ તથા બળવંતભાઈ ભટ્ટે સંભાળી હતી.

મહેમાનોની તહેનાતમાં હકાભાઈ, મગનભાઈ સેક્રેટરી તથા રસિકભાઈ મુખ્ય હતા. હિસાબી સેવામાં બબુભાઈ કોઠારી તથા રમેશ દલાલ વગેરે હતા.

મંદિર, યોગીનગર, વાડી તથા સમગ્ર ગામમાં ધજા-પતાકાંઓ લહેરણિયાં લેતાં. સાથે ભક્તોનાં હૃદય પણ સમુદ્ર-મોજાંની માફક આનંદથી હીંચકતાં. વહેલી સવારે ચોઘડિયાં અને શહનાઈ વાગતાં. બંદૂકોના ભડાકા થતા, દારૂખાનાં ફૂટતાં. સાથે ગ્રામ્ય મેળો પણ ઊભરાયો હતો.

સૌરાષ્ટ્રને ગામડે ગામડેથી, ગુજરાત તથા દેશભરમાંથી તેમજ આફ્રિકાથી હજારો હરિભક્તો સારંગપુર આવી પહોંચ્યા હતા. મંદિરમાં અને બહાર ચાલવાની જગ્યા નહોતી એટલી ભીડ જામેલી રહેતી. તમામ પ્રકારની વ્યવસ્થાઓ પૂર્ણ થઈ ગઈ હતી.

સૌ પ્રથમ કાર્યક્રમ રંગમંડપમાં ૧૨ કલાકની ધૂનનો હતો. સવારે છ વાગે, સંતો તથા હરિભક્તો સાથે સ્વામીશ્રી રંગમંડપમાં પધાર્યા. નડિયાદના ભાઈલાલભાઈ તથા ઘનશ્યામભાઈએ પ્રાર્થના કરી. સ્વામીશ્રીએ આરતી ઉતારી. પછી 'સ્વામિનારાયણ' ધૂનનો પ્રારંભ થયો. મુંબઈ, રાજકોટ, અમદાવાદ, તાજપુર, વળા, સમઢિયાળા, મોજીદડ, વાગડના યુવકોએ એક એક કલાક સતત ધૂન ચલાવી, સમગ્ર વાતાવરણને મહારાજ-સ્વામીના દિવ્ય મંત્રથી ગુંજવી દીધું.

વિશ્વશાંતિ બ્રહ્મયજ્ઞમાં મુંબઈના વજુભાઈ શેઠ, આફ્રિકાના હરમાનભાઈ, લીંબડીના ત્રિકમભાઈ રામજીભાઈ ખત્રી તથા સુરતના મગનભાઈ નરસિંહભાઈ યજમાન તરીકે હતા. ઉમરેઠના વિદ્વાન વેદિયા બ્રાહ્મણ કરુણાશંકરભાઈ તથા ચીમનલાલ શાસ્ત્રીએ સ્વામીશ્રીના આશીર્વાદ લઈને યજ્ઞનો પ્રારંભ કરાવ્યો.

પ્રથમ સ્વામીશ્રીએ સંકલ્પ તથા પૂજન વિધિ કરી. ૬૫ લાખ 'સ્વામિનારાયણ' મંત્રોની આહુતિ આ યજ્ઞમાં આપવામાં આવી હતી.

સવારે ૮-૦૦ વાગે બૅન્ડવાદન થતાં યુવકો 'પરેડ'માં ભેગા થઈ જતા. પ્રથમ સ્વામીશ્રીને 'ગુરુવંદના' કરતા. ધૂન-પ્રાર્થના પછી સેવા-કાર્યના પ્રારંભ માટે સ્વામીશ્રીના આશીર્વાદ 'મંગળ પ્રવચન' દ્વારા મળતા. ગામોગામની સ્વયં-સેવક ટુકડીઓના અગ્રેસર સહિત ૭૦૮ સ્વયંસેવકોને આ કાર્યક્રમમાં અચૂક હાજર રહેવું પડતું.

'પુરુષોત્તમ નારાયણની સેવા'ના લેનાર

વૈશાખ વદ ૧૧, સાંજે ૪-૦૦ વાગે, યુવક અધિવેશનની સભામાં નંદાજી મુખ્ય મહેમાન હતા. યુવકો તથા હરિભક્તોની આ વિશાળ સભામાં ખેંગારજીભાઈ, સી.ટી. પટેલ, હર્ષદભાઈ પછી મંત્રી બળવંત ભટ્ટે યુવક પ્રવૃત્તિ અંગે ખ્યાલ આપતાં જણાવ્યું : 'અટલાદરામાં યોજાયેલ પ્રથમ શિબિર પછી ઘણી યુવક પ્રવૃત્તિઓ શરૂ થઈ ગઈ છે. શ્રમયજ્ઞો થયા. દરેક સમૈયામાં યુવકો સેવા આપે છે. સત્સંગ પત્રિકા નીકળે છે.'

પાળિયાદ બાપુએ કહ્યું કે 'જે સંસ્થામાં આવા યુવકો અને સત્સંગીઓ છે, તેનો તો સદા વિજય છે, કારણ કે તમારે સંબંધ છે યોગીજી મહારાજનો. તેઓ અમારા પણ છે અને સદા રહેશે.'

પ્રમુખસ્વામી તથા નંદાજી પછી સ્વામીશ્રીએ આશીર્વચન કહ્યાં : 'અહીં જે સેવા છે તે પુરુષોત્તમ નારાયણની સેવા છે. પછી સેવા કરવી હશે તો સેવાના લેનારા નહિ હોય.' એમ કહી સૌ યુવકો તથા હરિભક્તોને રૂડા આશીર્વાદ પાઠવ્યા. મોટાસ્વામીના સંબોધન પછી સભા સમાપ્ત થઈ. યજ્ઞ તથા ધૂનની પૂર્ણાહુતિ કરવામાં આવી. સાંજે સારંગપુર ગામમાં સ્વામીશ્રી અને સંતોની શોભાયાત્રા નીકળી હતી. અલૌકિક વાતાવરણમાં રાતનો કાર્યક્રમ પૂરો થયો. રાત્રે નદીના પટમાં આતશબાજીની સુંદર રંગત જામી.

વૈશાખ વદ ૧૨, તા. ૫-૬-'૫૬, ૬૫મો જન્મ જયંતી મહોત્સવ.

સ્વામીશ્રીને આજે ૬૫ વર્ષ પૂરાં થતાં હતાં. વહેલી સવારે વિનુભાઈ તથા બે યુવકો સ્વામીશ્રીનાં દર્શને ગયા. સ્વામીશ્રી સ્નાન બાદ વસ્ત્ર બદલતા હતા. ત્યારે યુવકો કહે : 'બાપા ! આજે આપનો જન્મ દિવસ...'

'હોય નહિ !' સ્વામીશ્રીએ કહ્યું. પછી યુવકોએ સમજાવવા બહુ પ્રયત્ન

કર્યો છતાં સ્વામીશ્રી સહમત ન થયા તે ન જ થયા. વળી અણગમો દેખાડ્યો ને કહે : 'મને આ બિલકુલ ગમતું નથી. તમે લોકો ના પાડો...'

આટલી બધી તૈયારી પછી પણ સ્વામીશ્રીની ઇચ્છા કે જયંતી ન ઊજવાય ! યુવકોએ કહ્યું : 'પણ બાપા ! અમને તો ગમે ને ? અમે કેવી રીતે ના પાડીએ...?'

એટલામાં સ્વામીશ્રીએ વાત જ બદલી નાખી ને વિનુભાઈને થાપો આપીને કહે : 'લ્યો આશીર્વાદ, સાધુ થવાનો સંકલ્પ સિદ્ધ થશે...' એમ કહી સાંખ્યની, નાશવંત સંસારની વાતો કરવા લાગ્યા.

દિવ્ય સભાપતિરાય

પૂજા બાદ મંદિરે તથા સમાધિ સ્થાને સંતો-હરિભક્તો સાથે દર્શન કરી સ્વામીશ્રી સભામંડપમાં પધાર્યા. મંદિરમાં હનુમાન-ગણપતિનાં દેરાંની સામે ખૂણામાં સભામંચ હતો, મંદિર અને હવેલી વચ્ચે વિશાળ સભામંડપમાં હરિભક્તોની બેઠક હતી. મંચ ઉપર ગાદી-તકિયા બિછાવ્યાં હતાં, જેમાં વચ્ચે સ્વામીશ્રી બિરાજ્યા. એક બાજુ પ્રમુખસ્વામી, મોટાસ્વામી, કોઠારી હરિજીવનદાસ, કોઠારી અક્ષરસ્વરૂપદાસ, મુનિસ્વામી, ઘનશ્યામ સ્વામી વગેરે સંતો તથા બાજુમાં પાળિયાદના મહંત ઉન્નડ બાપુ, સાયલાના મહંત તુલસીદાસજી, દૂધઈના મહંત રામેશ્વરદાસજી, દુધરેજના મહંત અભેરાજજી, જૂના સૂરજદેવળના મહંત ભગુ બાપુ, વળાના નિત્યાનંદજી વગેરે સંતો-મહંતો બેઠા હતા. બાજુમાં એક આસન પર અક્ષરપુરુષોત્તમ મહારાજ તથા શાસ્ત્રીજી મહારાજની ચિત્રપ્રતિમાઓ તથા સ્વામીશ્રીના હરિકૃષ્ણ મહારાજ પધરાવ્યા હતા. સામે ગાદલા ઉપર નંદાજી, આચાર્ય રાધારમણપ્રસાદ, ચંપકભાઈ શેઠ, રવિભાઈ પંડ્યા, હરમાનભાઈ, સી.ટી. પટેલ, હર્ષદભાઈ, સૌરાષ્ટ્રના ચીફ એન્જિનિયર ઉપેન્દ્ર ભટ્ટ, કલેક્ટર ગોવિંદસિંહજી ચુડાસમા, પારસી ભક્તો તથા અન્ય મોટેરા હરિભક્તો બેઠા હતા.

ઉપરાંત, સ્વામીશ્રીની જમણી બાજુએ ચૂડા ઠાકોર સાહેબ, અમરનગરના કારભારી, ભોજદાનભાઈ, ભીમનાથ મહંતના કામદાર, ભીમડાદ નામદાર લખધીરસિંહ, દરેડ બાપુ, ગણોદ બાપુ, ગઢડાના દાદાભાઈ ચાંપરાજ, બોટાદના શેઠ ગોવિંદજી કલ્યાણજી, લીંબડીના નામદાર જયેન્દ્રસિંહ, બોટાદ, ધંધુકા તથા ધોળકાના અન્ય અમલદારો વગેરે બેઠા હતા. આફ્રિકાથી ખાસ પધારેલા આર.યુ. પટેલ, ત્રિભોવનદાસ, પ્રભુદાસ, ઈશ્વરભાઈ, જી.કે. સ્વામી, આર.સી. પટેલ વગેરે પણ સામે બેઠા હતા. દેશ-પરદેશના હરિભક્તોથી સભા ચિક્કાર

ભરાઈ ગઈ હતી.

મંચ ઉપર બિરાજેલી આટલી બધી મૂર્તિઓમાં અલમસ્ત ડોલતા સ્વામીશ્રી તરફ સૌની મીટ મંડાયેલી હતી. હંમેશની લાક્ષણિક મુદ્રામાં બિરાજેલા સ્વામીશ્રી સૌ ઉપર કરુણા વરસાવતા દૃષ્ટિ કરતા હતા. મંચ ઉપર એટલી બધી ભીડ હતી કે વારે વારે હજારો ભક્તોની આંખો પોતાના એ પ્રિયતમની મૂર્તિને ખોળતી હતી. સૌ અડોઅડ બેઠા હતા. આજે જેનો જયંતી ઉત્સવ ઊજવાય છે એ સૌના જીવનપ્રાણ સ્વામીશ્રીને આ મંચ પર ખોળવા પડતા હતા.

ભો યોગિરાજન્ ! કિમુ વર્ણયામઃ

૮-૩૦ વાગે નડિયાદના ઠાકર ઘનશ્યામભાઈએ પ્રાર્થના-ગાનથી સભાની શરૂઆત કરી. અમદાવાદના શાસ્ત્રીઓ ચીમનલાલ, છોટાલાલ તથા શુક્લે વેદ-મંત્રોચ્ચારથી પ્રશસ્તિગાન કર્યું. વેદાંતાચાર્ય ચીમનલાલ શાસ્ત્રીએ અષ્ટકોનું ગાન કર્યું :

હરિર્યસ્યોદારપ્રણયરસના બદ્ધચરણો
હૃદો યસ્ય ક્વાપિ ક્ષણમપિ હિ ગન્તું ન હિ ક્ષમઃ ।
તપઃ તેજો રાજદ્વપુરતુલકારુણ્યનિલયઃ
મુનીન્દ્રં યોગીન્દ્રં સકલગુણવૃન્દં ભજ ભજ ॥

'જેઓના ઉદાર પ્રેમરૂપી બંધનથી જેમનાં ચરણ બંધાયાં છે એવા શ્રીહરિ, જેઓના હૃદયકમળમાંથી ક્ષણ પણ દૂર થતા નથી, જેઓનું શરીર તપરૂપી તેજથી પ્રકાશિત છે અને જે કરુણા અને દયાના સાગર છે, તેવા મહામુનિ સકલ સદ્ગુણોથી યુક્ત યોગીજી મહારાજ સર્વેએ ભજવા યોગ્ય છે.'

નાગરદાસભાઈ તથા મેઘપુરવાળા રણછોડદાસે સ્વામીશ્રીના ગુણાનુવાદનાં સ્વરચિત કાવ્યો ગાયાં. અમદાવાદના યુવાન પંડિત શાસ્ત્રી ભગવતીપ્રસાદે મધુર ભાવવાહી શૈલીમાં સ્વામીશ્રીના ગુણાનુવાદ કરતાં અષ્ટકો ગાઈ સભાને રંજન કરી દીધી.

સમગ્ર સભાજનોએ આ પ્રશસ્તિને તાલીઓના ગડગડાટથી ખૂબ વધાવી લીધી. પ્રસન્નવદન સ્વામીશ્રી પણ હમણાં તાળી પાડી ઊઠશે એવો સૌને ભાસ થતો હતો. એમણે મુગ્ધ કરતી શૈલીમાં આગળ ગાયું :

યોગિંસ્તવાગ્રે ગિરયોઽપિ નીચા ગામ્ભીર્યકિમ્ભોધિરયં વરાકઃ ।
લઘીયસીયં વસુધા ક્ષમાયાં ભો યોગિરાજન્ ! કિમુ વર્ણયામઃ ॥

'આપની સમક્ષ પર્વતો પણ નીચા છે. આપના ગાંભીર્યની આગળ સાગરનું ગાંભીર્ય પણ પાણી ભરે છે. આપની ક્ષમા આગળ વસુધાની ક્ષમા કાંઈ હિસાબમાં નથી. યોગિરાજ ! બહુ શું વર્ણવીએ ?

યોગીશ્વરાઃ ભાગવતે પ્રસિદ્ધાઃ રામાયણીયાશ્ચ વસિષ્ઠમુખ્યાઃ।
ઈચ્છન્ત એકત્ર નિજં નિવાસં યોગીશ્વરે તે વિલસન્તિ ભવ્યાઃ॥

'ભાગવત અને રામાયણના વસિષ્ઠ આદિ પ્રસિદ્ધ યોગીશ્વરોને એક જ ઠેકાણે રહેવાની ઈચ્છા એક સમયે જાગી અને તેથી તેઓ બધા આજે યોગીરાજમાં વિલાસ કરતા વિરાજી ગયા છે.'

સ્વામીશ્રીના ગુણાનુવાદના મહિમાસભર આવા અદ્‌ભુત શ્લોકો સાંભળી હરિભક્તોનાં હૈયાં પુલકિત થઈ ગયાં. ગુરુહરિના ગુણોનું આવું અદ્‌ભુત શ્રવણ કોને ન ગમે ?

ગોરધનભાઈ બ્રહ્મભટ્ટે દેશ-પરદેશથી આવેલા તાર અને સંદેશાનું વાંચન કર્યું; જેમાં મુખ્યત્વે લીંબડી રાજકવિ શંકરદાન, વિસાવદરથી કમળશીભાઈ, મસુરીથી હરિપ્રસાદ ચોકસી, વડતાલથી કોઠારી ગોવિંદ ભગત, સુરતના કોઠારી પ્રભુતાનંદજી, નિરંજની નીલકંઠ અખાડા - અમદાવાદના મહંત રામનાથગિરિ, બેંગ્લોરથી ભાવનગર મહારાજા, મુંબઈથી મોરારકા શેઠ, અમદાવાદથી શેઠ નંદુલાલ મંછારામ, દિલ્હીથી કિશોરભાઈ ગઢિયા, આફ્રિકાથી ભટેસા તથા ટરોરો, એલ્ડોરેટ, મોશી, જિન્જા, ઝાંઝીબાર તથા એડનના સત્સંગ મંડળના શુભેચ્છક સંદેશાઓ હતા.

સંસ્થા વતી પ્રમુખસ્વામીએ સૌનું હાર્દિક સ્વાગત કર્યું. ખેંગારજીભાઈ, હરમાનભાઈ, મણિભાઈ ભટ્ટ, આર.બી. પંડ્યા, પાળિયાદ બાપુ, નંદાજીનાં પ્રવચનો તથા સ્વામીશ્રીના ગુણાનુવાદ પછી સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા હતા.

અંતે આમંત્રિત સંત-મહાત્માઓએ સ્વામીશ્રીનું પૂજન કર્યું. પ્રમુખ-સ્વામીએ ફૂલહારથી સંતોનું સન્માન કર્યું. નંદાજી, ચંપકભાઈ શેઠ તથા હરમાનભાઈએ સમગ્ર સત્સંગ સમાજ વતી સ્વામીશ્રીનું પૂજન કરી આરતી ઉતારી. બપોરે ૨-૦૦ વાગ્યા સુધી પૂજન ચાલ્યું.

સમૈયાની ધામધૂમ, ભક્ત-સમુદાયની સ્વામીશ્રી વિષે શ્રદ્ધા, અને સમર્પણમાં લેશમાત્ર પાછું વળીને ન જોનાર ભક્તો જોઈ, અહીં આવેલા તમામ સંતો-મહંતો અત્યંત પ્રભાવિત થયા. તેમાં વળી સ્વામીશ્રીની સાધુતા, નિર્મળ અને શાંત અમૃત વાણી અને નિરહંકારી વ્યક્તિત્વથી તો સૌ દિગ્મૂઢ બની રહ્યા

હતા. સાથે સાથે પ્રમુખસ્વામીની આયોજન-શક્તિ, સેવા-સરભરાની કુશળતા, નમ્રતા ગુણે યુક્ત વિનય-વિવેક અને સાધુતા યુક્ત વ્યક્તિત્વે સૌને વધુ આકર્ષ્યા. બધાએ એક અવાજે કહ્યું : 'યોગીજી મહારાજ તો સમગ્ર જગતના સદ્ગુરુ છે, પણ આ નાનકડા પ્રમુખસ્વામી તો અમારા અંતરમાં વસીને એવા તો જડાઈ ગયા છે કે કોઈ દિવસ એમની વિસ્મૃતિ અમોને થશે નહીં.'

નવ જોઈ તેં નાત ને જાત રે

આજે સાંજે છ વાગ્યા સુધી રસોડું ચાલું રહ્યું. લગભગ ૬૦ થી ૭૦ હજાર જેટલા ભક્તોએ યજ્ઞનો પ્રસાદ લીધો હતો.

આ પ્રસંગે હર્ષદરાય દવે લિખિત 'પ્રાગજી ભક્ત'ના જીવન ચરિત્રનું પુસ્તક સ્વામીશ્રીના હસ્તે ઉદ્ઘાટિત થયું હતું. સેવા કરનાર યુવક મંડળોને આ પુસ્તક ભેટ અપાયાં તથા જેમણે ૬૫,૦૦૦ મંત્રો લખેલા તે હરિભક્તોને ચંદ્રકો અર્પણ કરાયા.

આજે અહીં વાદી કોમનો મેળાવડો હતો. આજુબાજુના વિસ્તારમાંથી અસંખ્ય વાદીઓ ભેગા થયા હતા. રંગબેરંગી વસ્ત્રો ધારણ કરનારા અને કાઠાળા બાંધાના આ વાદીઓ મુખ્યત્વે સાપ પકડવા માટે મશહૂર ગણાય છે.

બપોરે જ્યારે 'વાસુદેવ હરે' થયા ત્યારે આ વાદીઓ પણ વાડીમાં રખાયેલા ભોજન સ્થળે જમવા આવવા લાગ્યા. આ જોઈ અમરેલીના પુરુષોત્તમ-ભાઈએ એકદમ જ સ્વામીશ્રીને કહ્યું : 'બાપા ! બધા વાડીમાં જમવા જાય છે, ત્યાં આ બધા બેસી જશે. માટે તેમને જમવા ઘૂસવા ન દેવા પ્રબંધ કરવો જોઈએ.'

સ્વામીશ્રીએ તેમની સામે જરા ઠપકાની નજરે જોયું ને કહે : 'ગુરુ ! એમ ન બોલાય. જાવ, એ બધાને બોલાવીને જમવા બેસારી દ્યો. એટલી ઘડી તો એ ભગવાન ભજશે !'

સ્વામીશ્રીની ભદ્ર-ભાવના આગળ પુરુષોત્તમભાઈ ખસિયાણા પડી ગયા. ભૂખ્યા વાદીઓને તો ભરપેટે પકવાન મળ્યાં એટલે ખુશખુશાલ થઈ ગયા અને અરસપરસ 'જોગીબાપા'ની વાતો કરતા 'સ્વામિનારાયણ ભગવાન' અને 'જોગી-બાપા'ના જયનાદોથી વાતાવરણ ભરી દીધું. સ્વામીશ્રીની સમતાની ભાવનાએ આ વાદીઓનાં દિલ જીતી લીધાં.

સાંજે જૂના મંદિરે તથા સમાધિ સ્થાને દર્શન કરી, સ્વામીશ્રી આફ્રિકાના હરિભક્તો સાથે ગઢડા પધાર્યા.

આ બાજુ સારંગપુરનો સમૈયો સમેટવાનું મુખ્ય કાર્ય પ્રમુખસ્વામીના માર્ગદર્શન નીચે રાજુલા, ઝમરાળા તથા તાજપુર મંડળે કર્યું. આવા સખત ઉનાળામાં ઘણાના મનમાં હતું કે તાપ કેમ ખમાશે ? સખત ગરમીમાં રોગચાળો પણ ફાટી નીકળવાની લોકોને દહેશત હતી. પણ સમૈયાના ચાર દિવસ આકાશ વાદળાંથી છવાયેલું રહ્યું. મંદ મંદ પવન ફૂંકાતો રહ્યો. કોઈને ખબર પણ ન રહી કે વૈશાખના લૂ વરસતા વાયરા ક્યાં ગયા ? ગરમી ક્યાં અલોપ થઈ ગઈ !

મહારાજ છતાં મોટા યજ્ઞો, ઉત્સવો અને સમૈયાઓ થતા સાંભળ્યા હતા. એ ઉત્સવો કેવા થયા હશે, તેનું સાક્ષાત્ દર્શન અહીં સૌને થયું ! સ્વામીશ્રીનો અદ્ભુત પ્રતાપ ! સમૈયાની અલૌકિકતા ! નાનકડા સારંગપુરમાં લગભગ પોણો લાખ જેટલું માણસ આનંદ કિલ્લોલમાં ગરકાવ થઈ ગયું હતું. સાક્ષાત્ અક્ષર-ધામ ખડું થઈ ગયું હતું !

'સારંગપુરમાં જોગી મહારાજ જગન કરાવે છે. ચાલો' - એમ કહેતાંકને હજારો માણસો ઊમટ્યા, પણ જે સુંદર વ્યવસ્થા થઈ એ જ સ્વામીશ્રીનો પ્રતાપ ! આટલી બધી જન-મેદનીમાં એક પણ અઘટિત બનાવ નહીં, કોઈને ઈજા નહીં. પોલીસ બંદોબસ્ત વગર કેવળ સ્વયંસેવકોની વ્યવસ્થા અને હરિભક્તોના સહકારથી જ આયોજન પાર ઊતર્યું.

આ બાજુ સ્વામીશ્રી ગઢડા પધારતાં જ ધાર્યા કરતાં હરિભક્તો વધી ગયા. રસોઈ ખૂટી ગઈ હતી અને નવી તૈયાર થાય ત્યાં સુધી પીરસનારા યુવકો એક જગ્યાએ બેસી વાતો કરતા હતા. કેટલાક ભૂખ્યા ભૂખ્યા મેડે ચડી સૂઈ ગયા હતા.

સ્વામીશ્રી પણ હજુ જમ્યા નહોતા. તેઓ યુવકો હતા ત્યાં પધાર્યા. બધા યુવકો સ્વામીશ્રીની તરફ ચોતરફ ગોઠવાઈ ગયા. સ્વામીશ્રીએ વાતો ઉપાડી : 'ધારો કે બે પંગત પાડવામાં આવે, ને એકમાં તમે હો તેને છાશ ને રોટલા પીરસે, ને સામેની પંગતમાં દૂધપાક પીરસે તો કાંઈ સંકલ્પ થાય ?'

રમણભાઈ તરત જ બોલ્યા : 'સંકલ્પ ન થાય, મારામારી થાય !'

સ્વામીશ્રી કહે : 'એવું ન થવું જોઈએ. આપણે મહિમા સમજવો જોઈએ. રાજી થવું જોઈએ. તેઓ બધા શાસ્ત્રીજી મહારાજના સંબંધવાળા છે. આપણાં પતરાવળાંમાંથી એમને સારું સારું આપી દેવું, અને મહિમા સમજી રોટલો જમી લેવો. આપણે તો સેવા કરવા આવ્યા છીએ. તે સેવા કરીને રાજી થાવું...'

આમ, ખૂબ સમજણની બળભરી વાતો કરી, તેથી કેટલાક યુવકો તો જમ્યા જ નહિ અને એમ જ સૂઈ ગયા. સ્વામીશ્રીના શબ્દોમાં એવી તાકાત હતી

કે સાંભળતાં જ વર્તનમાં પરિણમતી.

અહીં ઘેલામાં સ્નાન કરવા પધાર્યા. ત્યાં કોઈ વાત લાવ્યું કે 'બોચાસણના ઘનશ્યામ સ્વામી ધામમાં ગયા છે.' સ્વામીશ્રી આ સાંભળી ભાવમાં આવી બોલી ઊઠ્યા : 'અમારા વિના કોણ એમ અક્ષરધામમાં લઈ જાય ? માટે આવી વાત કરશો નહીં.'

પછી તપાસ કરાવી તો જાણ થઈ કે તે સમયે તો ઘનશ્યામ સ્વામી સારંગપુરના સભામંડપમાં બેસી માળા ફેરવી રહ્યા હતા ! સ્વામીશ્રીના મુખેથી બોલાયેલા પરભાવના શબ્દો સાંભળી મોતીભાઈ શિવાભાઈને સ્વામીશ્રીના સ્વરૂપમાં દૃઢ આસ્થા બેસી ગઈ અને તેઓ સારા સત્સંગી બની ગયા.

રવિભાઈનું કૌતુક વાઘા પટેલ ઉકેલે છે

ગઢપુરથી સ્વામીશ્રી સંઘ સાથે મોટરમાં ગોંડલ જવાના હતા, પણ મોટરની વ્યવસ્થા ન થતાં છેલ્લી ઘડીએ નિંગાળા થઈ ટ્રેનમાં ગોંડલ જવાનું નક્કી થયું. સ્વામીશ્રી નિંગાળા સ્ટેશને ગાડીની વાટ જોઈને બેઠા હતા. ત્યાં ગામમાંથી વાઘા પટેલ અને નગરશેઠ વગેરે ભક્તો આવ્યા. વાઘા પટેલ એકાએક સ્વામીશ્રીને ઠપકો આપવા લાગ્યા કે 'હવે ક્યાં સુધી છાના રહેવું છે ? આ લોકો મારું માનતા નથી. તમે સ્વપ્નમાં દર્શન દીધાં હતાં કે નહિ ?' વાઘા પટેલ વાત કરતાં ગદ્‌ગદ થઈ ગયા. આ વાતને સ્વામીશ્રીએ બહુ પ્રાધાન્ય આપ્યું નહિ, પણ એટલું બોલ્યા કે 'પટેલ બહુ ભાવિક છે, બહુ હેત છે.'

સંઘમાં આવેલા રવિભાઈ પંડ્યાને આ વાતનું કૌતુક થયું. આ બુદ્ધિશાળી વિદ્વાનને આમાં રસ પડ્યો. પોતે અરવિંદ વિચારધારાના અભ્યાસી અને આફ્રિકાના એક દૈનિક સમાચાર પત્રના તંત્રી. એટલે એક ખબરપત્રીની રૂએ તેમણે વાઘા પટેલની તરત મુલાકાત લીધી. ત્યારે તેમને જાણવા મળ્યું કે વાઘા પટેલ સારંગપુર સમૈયામાં નહોતા આવ્યા. તેથી યોગીજી મહારાજે તેમને સ્વપ્નમાં દર્શન દીધાં અને સારંગપુર સમૈયામાં ન આવવા બદલ ઠપકો આપ્યો. એટલું જ નહિ, પ્રસાદીના બુંદીના બે લાડુ હાથોહાથ આપ્યા.

પ્રસાદીના લાડુની વાતે પંડ્યા સાહેબને બહુ આશ્ચર્ય ઊપજાવ્યું. એમણે લાડુ મગાવ્યો. ગામમાંથી પટેલની દીકરી રકાબીમાં એક લાડુ લઈ આવી. જોયું તો સમૈયાનો જ લાડુ હતો. કોઈ સ્થાનિક બનાવટ નહોતી. ગામના લોકોએ પણ તેની ખાતરી આપી.

'સ્વામીશ્રી અત્યારે અહીં છે તેની કેવી રીતે જાણ થઈ ?'

તેના જવાબમાં પટેલે કહ્યું કે 'મારી દીકરી આવીને કહી ગઈ કે સ્વામી સ્ટેશન ઉપર આવ્યા છે અને યાદ કરે છે.'

એટલે પંડ્યા સાહેબે દીકરીને પૂછ્યું : 'તને કોણે સમાચાર આપ્યા ?'

ત્યારે ૧૫-૧૬ વર્ષની નાની દીકરીએ કહ્યું કે 'હું ઘરમાં હતી અને આશરે એક કલાક પહેલાં એક ભગવાંધારી બાળક જેવડા નાના સાધુએ ડેલી ખખડાવી. મેં ડેલી ખોલી, તો કહે : 'મહારાજ સ્ટેશને આવ્યા છે ને તારાં મા-બાપને બોલાવે છે.' તેથી તે નદીએ જઈ પોતાની માને બોલાવી લાવી અને ચોરે બેઠેલા બાપુને પણ વાત કરી. સૌ ભેળાં થઈ સ્ટેશન આવ્યાં.

આ વિગત જાણી સૌને ખૂબ આશ્ચર્ય થયું. રવિભાઈ ખૂબ પ્રભાવિત થયા. જ્યારે સ્વામીશ્રી તો નિશ્ચલભાવે સૌને દર્શન આપતાં બેઠા હતા.

મહામૂલું રત્ન ગુમાવ્યાનો વસવસો

સ્વામીશ્રી ગોંડલ પધાર્યા. મુંબઈના હાઈકોર્ટના ઍડ્વોકેટ જનરલ હરિપ્રસાદ ચોકસી પણ અહીં દર્શને આવ્યા હતા. તેઓ તથા આફ્રિકાના હરિભક્તો આર.બી. પંડ્યા, આર.યુ. પટેલ વગેરે સાથે સ્વામીશ્રી જૂનાગઢ-જેતપુરનાં દર્શને નીકળ્યા.

જેતપુર મંદિરના કોઠારીએ સ્વામીશ્રી તથા હરિભક્તોનું ભાવથી સ્વાગત કર્યું તેમજ આખા મંદિરમાં ફેરવી પ્રસાદી સ્થાનોનાં અને વસ્તુઓનાં દર્શન કરાવ્યાં. અહીં સુખશય્યામાં ચાંદીના ઉપાડની અક્ષરપુરુષોત્તમની બહુ જ સુંદર મૂર્તિ છે. તે જોઈ આફ્રિકાના હરિભક્તો હરમાનભાઈ વગેરે ખૂબ રાજી થયા.

અહીંથી સૌ જૂનાગઢ આવ્યા. ઉતારેથી પ્રસાદી સ્થાનોનાં દર્શને નીકળ્યા. આફ્રિકાના હરિભક્તો રવિભાઈ પંડ્યા વગેરે હરિભક્તો તથા નિરંજન દવે વગેરે યુવકો પણ સાથે જ હતા.

બધાં સ્થળે દર્શન કરી સ્વામીશ્રી મંદિરે દર્શને આવ્યા. મંદિરમાં કોઠારી સ્વામીએ સ્વામીશ્રી તથા હરિભક્તોનો હાર્દિક સત્કાર કર્યો તેમજ સાથે ફરી પ્રસાદી સ્થાનો તથા વસ્તુઓનાં સૌને દર્શન કરાવ્યાં. ૧૧-૦૦ વાગી ગયા હતા. યુવકોએ સવારે ઉતાવળમાં નાસ્તો કર્યો નહોતો. તેથી ભૂખ લાગી હતી.

એક યુવકે નિરંજનને પૂછ્યું : 'તને ભૂખ નથી લાગી ?'

સ્વામીશ્રીએ નિરંજનભાઈનો જ હાથ પકડી ટેકો લીધો હતો. સ્વામીશ્રી

જવાબ સાંભળી જાય તો ? એ વિચારે તેમણે ખૂબ ધીમેથી કહ્યું : 'અહીં કાંઈ થોડો નાસ્તો મળે ? ભૂખ તો લાગી છે.'

સ્વામીશ્રીએ સાંભળ્યું. કાંઈ બોલ્યા નહીં.

કોઠારી સ્વામીએ સૌને ભોજન માટે પણ ઘણો આગ્રહ કર્યો, પણ સમયના અભાવે વધુ રોકાઈ શકાય તેમ નહોતું. આથી ખૂબ આદર કરી સ્વામીશ્રીને કોઠારમાં બેસાડ્યા. સૌને મગજનો એક એક લાડુ આપ્યો. સ્વામીશ્રીએ પ્રસાદીની કણી જરાક મોંમાં મૂકી અને લાડુ ગાતરિયાને છેડે બાંધી લીધો. અને નિરંજનભાઈ વગેરે યુવકો સામે જોઈ સૂચક સ્મિત કર્યું.

આ વખતે ચોકસી સાહેબ તથા આફ્રિકાના હરિભક્તોને કોઠારી સ્વામીએ જણાવ્યું કે 'યોગીજી મહારાજ અમારું કિંમતી રત્ન હતું. તેમને જૂનાગઢ મંદિરમાંથી ન જવા દેવા અમોએ ખૂબ પ્રયત્ન કરેલા, પણ શ્રીજીની ઈચ્છા કંઈક જુદી જ હશે એટલે આ મહામોંઘું રત્ન અમારી પાસેથી જતું રહ્યું.

આ મંદિર તો સ્વામીશ્રીનાં નાનાં-મોટાં અનેક સંભારણાં સંઘરીને ઊભું હતું. સ્વામીશ્રીને પણ જૂનાગઢી સંતો સાથે એટલી આત્મીયતા રહેતી. અવાર-નવાર અહીં આવતા ત્યારે આસને-આસને મોટેરા સંતોની મુલાકાત પણ લેતા.

આજે અહીંના વયોવૃદ્ધ પુરાણી ભક્તિતનય સ્વામીને મળ્યા. તેઓ તો ઊભા થઈ સ્વામીશ્રીને ભેટી જ પડ્યા. પછી પોતાની બાજુમાં ગાદી ઉપર બેસાડીને કહે : 'જોગી ! તમે તો ડંકો માર્યો. સોરઠમાં માણાવદર અને વંથળી મહારાજ અને સ્વામીની નિષ્ઠાવાળા હરિભક્તો. હાલારમાં જામવંથળી પણ એવું જ છે. આ બધાં ગામ એવાં છે કે સાધુનો બહુ જ મહિમા. તમે માણાવદર સર કર્યું, વંથળીને તમારું કરવા માંડ્યું અને જામવંથળીમાં ઘરે ઘરે પધરામણી કરીને તમારો સ્તભ રોપ્યો. પણ એક વાત કહું : જામવંથળીમાં અમારે રોકાવું હોય તો સાધુનો મહિમા જાણીને અમને રહેવા દે તે માટે, એ ગામ અમારા માટે રહેવા દેશો !'

આ સાંભળતાં જાણે સ્વામીશ્રીથી અપરાધ થઈ ગયો હોય તેમ હાથ જોડી દીધા અને માફી માગતા હોય એમ ગદ્‌ગદ થઈ કહે : 'સ્વામી ! આપણે ક્યાં જુદા છીએ ? બધા ગુણાતીતના જ ઉપાસકો છીએ. તમે રાજી રહો તેમજ અમારે કરવું છે. આ બધાં ગામના હરિભક્તો પણ સ્વામીના મહિમાવાળા છે. અમારા અંતરમાં તો કોઈ જુદાઈ નથી. માટે માફ કરજો !' અને સ્વામીશ્રીની આંખો તરલ બની ગઈ. ભક્તિતનય સ્વામી પ્રસન્ન થઈ ગયા.

પોતાનાં નાનાં-મોટાં કાર્યથી કોઈને પણ જરાય દુ:ખ થતું હોય તે

સ્વામીશ્રીને ક્યારેય રુચે નહિ. અરે ! કોઈના મર્મને છંછેડવાનો જાગ્રત, સ્વપ્ન કે સુષુપ્તિમાંય ઘાટ થયો નથી, તે પુરુષને વળી અહં ને મમત્વ કેવાં ?

સ્વામીશ્રીના આ શબ્દોમાં એમની પારદર્શક સાધુતાનો નિવાસ છે : 'અમારા અંતરમાં તો કોઈ જુદાઈ નથી.'

જેવા મંદિરેથી કલ્યાણજી શેઠને ત્યાં પધરામણીએ જવા નીકળ્યા કે તરત સ્વામીશ્રી મંદિરની બહાર જ નિરંજનભાઈનો હાથ છોડી ઊભા રહી ગયા. ધીમેથી ગાતરિયાનો છેડો છોડ્યો અને લાડુ લઈ તેમને આપ્યો ને કહે : 'લ્યો, જમી જાવ !'

સૌ આશ્ચર્ય ગરકાવ થઈ આ લીલા જોઈ રહ્યા હતા. નિરંજને લાડુ હાથમાં લીધો, એટલે ફરી સ્વામીશ્રી પ્રેમથી કહે : 'ખાઈ જાવ.' તેઓ લાડુ ખાઈ ગયા. સ્વામીશ્રી તેમના પેટ પર હાથ ફેરવતાં કહે : 'કેવી મઝા પડી ?'

શું આ વાત્સલ્યગંગા ક્યારેય સુકાય ખરી ? અને તેમાં ઝબકોળાયા પછીનો રોમાંચ જીવનભર લાગણીભીના કર્યા વિના રહી શકે ખરો ?

અહીંથી દામોદર કુંડ, નારાયણ કુંડ તથા ગિરનારની તળેટીમાં દર્શને પધાર્યા. અહીં ઠાકોરજીને થાળ ધરી, સ્વામીશ્રીએ સૌને આગ્રહ કરી નાસ્તો કરાવ્યો. થોડી સ્વામીની વાતો બોલી સ્વામીશ્રીએ કહ્યું : 'પંડ્યા સાહેબ ! આ પ્રસાદીના સ્થાને, ઝાડ નીચે તમને કહીએ છીએ કે તમે પૂર્વના મુક્ત છો. બીજા સંકલ્પો મૂકી સમાગમ કરી લ્યો. એમાં અમારો અંતરનો રાજીપો છે.'

સ્વામીશ્રીના આ ઉદ્‌ગારો સાંભળી, એમની આંતરછબિનાં અલૌકિક દર્શન સાંપડતાં સભામાં અવર્ણનીય આનંદ છવાઈ ગયો.

રસ્તામાં વીરપુર દર્શન કરી બપોરે બે વાગે સૌ ગોંડલ પહોંચી ગયા. ચોકસી સાહેબ તથા સૌ હરિભક્તો બહુ જ રાજી થયા. સ્વામીશ્રીએ આફ્રિકાના હરિભક્તોને બંધિયા તથા ઘોઘાવદર પણ દર્શન કરાવ્યા.

ભગતજીના ચરિત્રગ્રંથનો અપૂર્વ મહિમા

અહીં હજુ હમણાં જ પ્રકાશિત થયેલાં ભગતજી મહારાજના જીવન ચરિત્રનું ૧૪ વર્ષના નાના ઘનશ્યામ ભગતે એક જ દિવસ અને રાત જાગીને પારાયણ કર્યું, તેની સ્વામીશ્રીને ખબર પડી. તેથી તેમને દંડવત્ કરવા લાગ્યા. ભગત તો નાસવા લાગ્યા. સ્વામીશ્રી વિનુભાઈને કહે : 'પકડી રાખો.'

વિનુભાઈ મૂંઝાયા કે હવે શું કરવું ? સ્વામીશ્રીને ઊભા કરી દંડવત્ કરતા

રોકી રાખવા કે ભગતને પકડી રાખી આજ્ઞા પાળવી ?

સ્વામીશ્રીએ ગૂંચ ઉકેલી નાંખી. કહે : ‘આજ્ઞા પાળો.’ વિનુભાઈએ ભગતને પકડ્યા અને બીજા યુવકે દોડતા આવીને સ્વામીશ્રીને દંડવત્ કરતાં રોક્યા, પણ ત્યાં સુધીમાં તો સ્વામીશ્રીએ ત્રણ દંડવત્ કરી લીધા હતા. સ્વામીશ્રી કહે : ‘અહોહો ! ભગતજી મહારાજનું સ્વરૂપ થઈ ગયા. કેટલી શ્રદ્ધા !’

એક નાનકડા પાર્ષદના પુરુષાર્થ ઉપર સ્વામીશ્રી વારી ગયા. એમને હૈયે મહિમાની ભરતી ચડી. દંડવત્ કરવા પાછળ એ જ તો સૂચન હશે ને કે મહિમા સમજે તેને લૌકિક દૃષ્ટિના નાનપ-મોટપના ભેદ ટળી જાય છે. વળી, એ પણ સૂચન ખરું જ કે સાચા ભાવથી કરેલો થોડો પુરુષાર્થ સત્પુરુષને રીઝવવા પૂરતો છે, કેમ કે તેઓ તો રીઝવા જ બેઠા છે.

પછી એ ગ્રંથની સૌ પ્રથમ પારાયણ કિશોરભાઈ દવે પાસે ગોંડલમાં કરાવી. કિશોરભાઈ વાંચે ને સ્વામીશ્રી એકાગ્ર ચિત્તે કથા સાંભળતા ડોલતા જાય. એ વખતે સભામાં હરિભક્તોનો એટલો ભીડો ન રહેતો. થોડી કથા વંચાય એટલે સ્વામીશ્રી કહે : ‘કિશોરભાઈને ઠંડા પાણી આપો.’ એમ વારંવાર સ્વામીશ્રી તેમને માટે પાણી મંગાવે ને બોલે : ‘કિશોરભાઈને તરસ લાગી હશે, પાણી પાવ.’

તેઓ કહે : ‘બાપા ! તરસ નથી લાગી. પાણી નથી પીવું.’

ત્યારે સ્વામીશ્રી કહે : ‘ના, પાણી પીવો. આવી જે કથા ! ભગતજી મહારાજ તો સાક્ષાત્ પુરુષ ! ગુણાતીતાનંદ સ્વામીના પરમ કૃપાપાત્ર અને શાસ્ત્રીજી મહારાજના પણ ગુરુ ! એનું ચરિત્ર જે સંભળાવે તેને તો સાકરનાં પાણી પાવાં જોઈએ, એને તો કેસરિયાં દૂધ પાવાં જોઈએ. આ ચરિત્ર ક્યાંથી આપણને સંભળાવે !’

અહીં એક વાર સ્વામીશ્રીએ યુવકોની સામે જ તેમની પ્રશંસા કરતાં કહ્યું : ‘બધા સેવા બહુ કરો છો, તેમાં અમારો બહુ રાજીપો છે.’ પછી કિશોરભાઈને સંબોધીને કહે : ‘તમે બહુ સેવા કરી, અમે બહુ રાજી થયા છીએ.’

આ તક જોઈને તેમણે કહ્યું : ‘બાપા ! બહુ રાજી થયા હો તો અમારા દોષો ટાળી દો. ભગતજી મહારાજના દોષો સ્વામીશ્રીએ ટાળી દીધા હતા તેમ...’

ત્યારે સ્વામીશ્રી એકદમ ટટ્ટાર થઈને કહે : ‘એ તો ભગતજીએ જેવી સેવા કરેલી તેવી અતિશય સેવાની વાત છે. એવી સેવા કરે તો દોષો ટળે !’ એમ કહેતાં એક મર્મ કર્યો : ‘કપૂરનું વૈતરું ને સોનાની દલાલી એવી આ વાત છે !’

યુવકોને સમજાતું કે સ્વામીશ્રી રાજીપો બતાવે છે તે તો અધ્યાત્મ-માર્ગનાં

કપરાં ચઢાણોમાં એવો સધિયારો છે કે કપરું ચઢાણ વધુ પ્રમાણમાં આશ્વાસક બની રહે. હકીકતમાં વાસ્તવિક રાજીપાની અણમોલ ચીજને આંબવાની તો વાર છે. આ વિચારે તેમની ધાર્મિક પ્રવૃત્તિને વધુ વેગ મળતો. પડકાર આપીને, પ્રવૃત્તિ સાથે આત્મબળ બક્ષવાની સ્વામીશ્રીની આ નવી રીત હતી.

અહીંથી જેઠ સુદ ૧૧, સોમવારે સવારે સ્વામીશ્રી અમદાવાદ પધાર્યા.

આણંદ થઈ સ્વામીશ્રી તા. ૨૦-૬-'૫૬, કીશાભાઈ લાલભાઈને ત્યાં નાર પધાર્યા, તે પહેલાં ખુશાલદાદાને મળવા ગયા હતા. અગાઉ ખુશાલદાદા બીમાર હતા ત્યારે સ્વામીશ્રીએ જણાવેલું કે 'અમે સારંગપુર સમૈયા પછી આવીશું. ત્યાં સુધી કાંઈ નહિ થાય. અમારે મળવાની તાણ છે...' વગેરે.

આજે સ્વામીશ્રી તેમને મળવા આવી પહોંચ્યા. દાદાની ૯૪ વર્ષની ઉંમર થઈ હતી, છતાં તબિયત સારી હતી અને સ્વામીશ્રીને ખૂબ સંભારતા હતા. સ્વામીશ્રીનાં દર્શનથી તેઓ રાજી થયા, ભેટ્યા, ખોળામાં માથું મૂકી ખૂબ આશીર્વાદ લીધા અને ધામમાં લઈ જવા પ્રાર્થના કરી. ખુશાલદાદાએ નંદ સંતોનાં દર્શન કરેલાં અને હરિલીલામૃતની મુદ્રણ નકલ પણ એમણે સારા અક્ષરોએ તૈયાર કરેલી; જેથી આચાર્ય વિહારીલાલજી મહારાજ તેમના ઉપર બહુ જ રાજી હતા. તેમને ઘેર પણ પધારેલા અને પોતાની પૂજામાંથી મહારાજનાં ચરણારવિંદ તથા મૂર્તિ એમને ભેટ આપેલાં. શાસ્ત્રીજી મહારાજ સાથે પણ તેમને ઘણો સ્નેહ હતો. વરતાલમાં તેઓ સ્વામી સાથે બહુ રહેલા તથા ગોમતીએ પણ સાથે નહાવા જતા. એવા ભક્તરાજ ખુશાલદાદાને સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા.

અહીં આફ્રિકાથી આવેલા છોટાભાઈ તથા પૂંજાભાઈના દીકરા રામભાઈએ પણ સ્વામીશ્રીની સારી સેવા કરી. અહીંથી સ્વામીશ્રી પંડોળી પધાર્યા. ડૉ. કેશવલાલ, ઈશ્વરભાઈ, આફ્રિકાના ચતુરભાઈ વગેરે ભક્તોએ સેવા કરી. પધરામણીઓ થઈ. ભક્તોને રાજી કરવા પહેલાં ગામોગામ પધરામણીનો કાર્યક્રમ જ મુખ્ય રહેતો. ઘણો સમય એમાં જતો. પધરામણી વધુ થાય તેમ ભક્તોને આનંદ થતો, પણ સ્વામીશ્રીના સ્વાસ્થ્યને જબ્બર હાલાકી પહોંચતી. એ જાણવા છતાં હરિભક્તો પધરામણીનો મોહ છોડી શકતા નહિ. સ્વામીશ્રી સૌને રાજી કરતા. પાછા ફરતાં ફરીથી સ્વામીશ્રી નાર ખુશાલદાદાને મળીને તારાપુર પધાર્યા. જાણે આ છેવટની મુલાકાત હોય તેમ સ્વામીશ્રીએ પોતાની પ્રસાદીનો ઉકાળો પણ તેમને પાયો અને આશીર્વાદ આપ્યા.

તા. ૨૪-૬-'૫૬, તારાપુરમાં કથા પ્રસંગમાં સ્વામીશ્રીએ કહ્યું :

'સધવા બાઈ હોય, તે બલૈયાં તોડી નાંખીને ફરતી ફરે ને ધણી છુપાવે તે કેવું દેખાય ? તેમ આપણે ચાંદલો-તિલક ન કરીએ તો આપણે મહારાજને છુપાવ્યા કહેવાય. માટે ચાંદલો-તિલક કરવાં. તેથી સૌ કહે, 'સ્વામિનારાયણિયો છે.' તે સારું. તે છુપાવ્યા ન કહેવાય.

'આ જીવ અહીં બેઠા છે, પણ હમણાં ભૂંગળું ફૂંકાય તો બધા ઊઠે ને જોવા જતા જ રહે. કોઈ વાંદરા રમાડતો હોય તો જોવા જતા રહે. પણ જેટલો જોવાનો મોહ છે તે ખોટું છે. તે મોહમાં કલ્યાણની ખોટ છે. જે જોયું હોય તે સાંભરે. મુંબઈ જોયું છે તો દેખાયા કરે. કેમ અરુણ ! આ ભરવાડ ભક્ત છે તે ઢોર રાખે છે, તે ઢોર સાંભરે; તેમ આપણે સાધુ જોયા હોય તો સાધુ સાંભર્યા કરે. માટે સાધુ જોવા.'

વાતના પ્રસંગમાં સભામાં જે બેઠા હોય તેમને બોલાવીને, સાદ કરીને, તેની સાથે પણ સૌનું ધ્યાન ખેંચવાની સ્વામીશ્રીની વિશિષ્ટ રીત હતી, જેથી સૌ કથામાં જાગ્રત રહેતા; નહિ તો કથામાં ઝોલે ચડી જવાય. પણ સ્વામીશ્રી સૌને સાબદા રાખતા. જીવને ભગવાન ભજાવવાનો કેટલો બધો આગ્રહ ! આ જ જીવનું સાચું હિત !

અહીંથી આફ્રિકાવાળા ઈશ્વરભાઈ માસ્તરને ત્યાં પોરડા, પ્રભુદાસભાઈને ત્યાં કરોલી, પાડગોલ થઈ ગુતાલ જતાં રસ્તામાં સંજાયા મંદિરમાં દર્શન કરી, કાનજી ભગતના આગ્રહથી વડતાલમાં બધે દર્શન કર્યાં. પછી ગુતાલ છોટાભાઈને ત્યાં પધાર્યા. તેમના ઘર આગળ ચોકમાં આજુબાજુ મેડી વગરનાં નીચાં ઘર છે. સ્વામીશ્રી બપોરે જમવા પધારતા હતા ત્યારે આ ચોકમાં અંતરીક્ષમાંથી મોગરાનાં પુષ્પોની વૃષ્ટિ થઈ હતી. થોડા સમય પછી ફરી તે જ રીતે મોગરાની વૃષ્ટિ થતાં ગામમાં સૌને અલૌકિક ભાવ થયો. સ્વામીશ્રીનો અત્યંત મહિમા સમજાયો કે 'વર્તમાનકાળે યોગીજી મહારાજ શ્રીજીના લાડીલા અનન્ય સંત છે. મહારાજ એમના દ્વારા પ્રગટ છે.' સૌ હર્ષઘેલા થઈ ગયા !

સ્વામિનારાયણ ધર્મનો દેદીપ્યમાન સૂર્ય

પછી રણછોડભાઈને ત્યાં સુણાવ જતાં રસ્તામાં મહેળાવ દર્શન કર્યાં. આણંદમાં મોતીભાઈના નવા મકાનનું વાસ્તુ કરી કરમસદ થઈ નડિયાદ પધાર્યા.

અહીં વરસાદ ખૂબ હતો, છતાં પ્રેમીભક્તોએ નગરયાત્રા કાઢી. સંતરામ મંદિરમાં ઉતારો હતો. મંદિરના મહંત જાનકીદાસજીની મુલાકાત થઈ. તેઓ તો સ્વામીશ્રી આવતાં જ આસનેથી ઊભા થઈ વંદન કરવા લાગ્યા અને પોતાનું

આસન બતાવી કહે : 'આપ બિરાજો.'

સ્વામીશ્રી કહે : 'ના, આપના આસને અમારે ન બેસાય.' એમ કહી નીચે પાથરેલી સામાન્ય ગાદી પર બેસી ગયા. આસન માટેની આનાકાની થોડી વધુ ક્ષણો લંબાઈ, પણ સ્વામીશ્રીએ નમ્રતાથી નીચે જ બેસવા આગ્રહ રાખ્યો. ખબર-અંતર પુછાયાં; મંદિરમાં બધે દર્શન કર્યાં. વાતવાતમાં જાનકીદાસજી મહારાજનો સ્વામીશ્રી પ્રત્યેનો આદર શબ્દરૂપે વ્યક્ત થઈ જતો હતો. તેમણે ગદ્ગદભાવે કહેલું : 'આપ સ્વામિનારાયણ ધર્મમાં દેદીપ્યમાન સૂર્ય સમાન છો. આપનો પ્રકાશ દેશ-વિદેશમાં ફેલાયો છે. સ્વામિનારાયણ ભગવાનના કાર્યને, એમના જીવન-સંદેશને આપે દરિયાપાર પહોંચાડ્યો એ ખરેખર સમગ્ર ભારતને માટે પરમ આનંદની વાત છે. અહીં તો આપે ઘેર ઘેર ફરીને લોકોને ભગવાન સન્મુખ કર્યા છે.'

જાનકીદાસજી મહારાજ ભાવવિભોર થઈ ગયા હતા. સ્વામીશ્રીએ વચ્ચે બોલીને તેમને અટકાવ્યા ન હોત તો હજુ વધુ મહિમા ગાતાં તેમને સંકોચ ન થાત, પરંતુ સ્વામીશ્રીએ વચ્ચે જ કહ્યું : 'એ તો બધું અમારા ગુરુ શાસ્ત્રીજી મહારાજ અને આપ જેવા સંતોના આશીર્વાદથી થાય છે.'

અહંકારની એક પણ રેખા વગરની એમની સૌમ્ય, નિર્દોષ મુખાકૃતિએ જાનકીદાસજી મહારાજ પર પણ અન્યની જેમ જ વશીકરણ કર્યું.

સ્વામીશ્રીએ તેમને ત્યાં હરિભક્તો પાસે ભેટ-સેવા મુકાવી.

અનાદિની મોટપ

મંગળવાર, તા. ૩-૭-'૫૬, સંતરામ મંદિરમાં સારી સભા થઈ હતી. સભામાં સ્વામીશ્રી બીજા સંતોની સાથે એક જ આસને બેસતા. શાસ્ત્રીજી મહારાજ ધામમાં ગયા બાદ વર્ષો સુધી સ્વામીશ્રી માટે કોઈ જુદું - ઊંચું આસન બનાવાતું નહીં. પારાયણની પાટ પર પુરાણી સંત બેસે. બાકીના સંતો નીચે એક સરખી ગાદી પર બેસે. સ્વામીશ્રી, મોટાસ્વામી બાદ બીજા સંતોનાં આસનો હોય.

બીજે દિવસે સંતરામ મહારાજ સભામાં આવ્યા અને પૂછ્યું : 'આ બધામાં મોટા કોણ ?'

તરત જ સ્વામીશ્રી બોલી ઊઠ્યા : 'આ મોટાસ્વામી મોટા છે.'

જો કે સંતરામ મહારાજનો આશય એ હતો કે મોટા હોય તેને મોભા પ્રમાણે ગાદી-આસન હોવું જોઈએ. તેઓ સ્વામીશ્રીને જાણતા જ હતા, પરંતુ

સ્વામીશ્રીની સાધુતા અને દીનતા જોઈ ખૂબ પ્રભાવિત થયા ને કહ્યું : 'આ યોગીજી મહારાજની ગાદી કાલથી ઊંચી કરજો.'

બીજા દિવસથી વ્યવસ્થાપકોએ તેમ કર્યું, પણ સૌને અનુભવાયું કે સ્વામીશ્રીને મન ગાદીની મોટપ નથી. એમની મોટપ તો અનાદિની છે.

સભામાં વાત કરતાં સ્વામીશ્રીએ કહ્યું :

'આ સત્સંગમાં જે ભગવાનના ભક્તનો મહિમા સમજે છે તે જ મોટો છે. મહારાજ પણ સત્સંગીના સત્સંગી હતા. માટે ભક્તના ભક્ત થાવું. મુક્તાનંદ સ્વામીએ લખ્યું છે : *'દાસી થઈને રે'જે દીનદયાળની'* - આમાં દાસી થવાનું કહ્યું. સેવાભાવ મહારાજને ગમતો. ગોમતી તળાવ ગળાતું હતું ત્યારે મહારાજ તળાવ ખોદનાર સંત-હરિભક્તોને મળતા. ત્યારે કેટલાક ગારાવાળા પગ કરીને મહારાજને મળવા આવ્યા, પણ મહારાજ કપટ જાણી ગયા. એમ ભગવાન કે એમના મોટા સંત તો અંતઃકરણની વાત જાણે. માટે સેવા કરી રાજી કરવા, એમ જુક્તિ ન કરવી.

'દરેક ક્રિયા ભજન કરતાં કરવી, પણ આધિ, વ્યાધિ અને ઉપાધિ રાખીને ક્રિયા કરીએ તો શાંતિ ન થાય. કુંડળના અમરા પટગરને 'સ્વામિનારાયણ, સ્વામિનારાયણ' રાત-દિવસ કહેવાની ટેવ હતી. તેથી મહારાજ એક દિવસ ગઢડેથી કુંડળ પધાર્યા અને અમરા પટગરને હોંકારો દીધો. આમ, અખંડ ભજનની ટેવ પાડી હોય તો મહારાજ પ્રગટ થાય. માટે ભજનની ટેવ પાડવી.

'નાના થવામાં માલ છે, પણ મોટાઈથી, હારતોરાથી, હાથી ઉપર બેસવામાં માલ નથી. એક વખત સ્વામી તથા સંતો જૂનાગઢથી નીકળ્યા. સ્વામી ઘોડા ઉપર બેઠા હતા. ચાર મુસલમાનોએ વિચાર કર્યો કે જે મોટેરા હોય તેને મારી નાંખવા. પછી એક હરિભક્તને પૂછ્યું કે તમારામાં મોટેરો કોણ છે ? તેણે સ્વામી બતાવ્યા. સ્વામી પાસે આવ્યા અને પૂછ્યું : 'તમે મોટા છો ને ?' ત્યારે સ્વામી કહે : 'મોટા તો ખુદાતાલા છે અને હું તો દાસ છું.' પછી મુસલમાનોએ વંદન કર્યાં.

'ભગવાન કે સંત પ્રગટ હોય ત્યારે મહિમા ન સમજાય, પણ અખંડ નિર્દોષભાવ જો થાય તો મહિમા સમજવામાં કસર રહે નહિ, અને આજ્ઞા પ્રમાણે વર્તાય.'

'લે ખેંચી મન લાખનાં'

બીજે દિવસે સાંજે ટાઉનહૉલમાં જાહેર સભા થઈ. હરમાનભાઈ,

હર્ષદભાઈ ને રસકવિ રઘુનાથભાઈએ પ્રવચનો કર્યાં અને સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા. રામચંદ્રભાઈ, વિઠ્ઠલભાઈ, કૃષ્ણાભાઈ, ડૉ. ગોરધનભાઈ, ભાઈલાલભાઈ પીપલગવાળા વગેરેએ સારી સેવા કરી હતી.

ગુરુવાર, તા. ૫-૭-'૫૬, શૂરવીર ભક્ત મંગળભાઈ રાયજીભાઈના આગ્રહથી ગાડા પધાર્યા. ઝારોળા યુવક મંડળે આખું ગામ શણગાર્યું હતું. ગામના જૂના હરિભક્તોમાં રાગ-દ્વેષને કારણે થોડો અસંતોષ શરૂ થયેલો. જરા ઉગ્ર સ્વરૂપ પકડાયું. હરિભક્તોએ સ્વામીશ્રીને પ્રાર્થના કરી અને વાતાવરણ શાંત થઈ ગયું. વરસાદ સખત હતો, પણ આખા ગામની વૃત્તિઓ ખેંચાઈ હોય એમ ૨,૨૦૦ની વસ્તીના ગામમાંથી ૧,૫૦૦ માણસ તો સ્વામીશ્રીના સ્વાગતમાં ગામ બહાર ઊભેલું. વાજતે-ગાજતે સ્વામીશ્રીને મંદિરમાં પધરાવ્યા. વરસાદને લીધે જાહેર સભાનો કાર્યક્રમ મોકૂફ રહ્યો. મંદિરમાં જ મોડી રાત સુધી કથા-કીર્તન થયાં.

બીજે દિવસે સ્વામીશ્રી પરવાર્યા એટલે હરિભક્તોએ પધરામણીએ જવા વિનંતી કરી. ૮ થી ૧૦ ઘરે પધરામણી હતી. જૂના મંદિરના ચુસ્ત હરિભક્ત મણિભાઈ દ્યાભાઈએ પોતાની ઘોડાગાડી મોકલી. સાથે તેમના પુત્ર ભૂપેન્દ્રને ગાડી ચલાવવા મોકલ્યો જેથી સ્વામીશ્રીને કોઈ તકલીફ ન પડે. બપોર સુધીમાં ઝરમર ઝરમર વરસાદમાં ૧૮ પધરામણીઓ થઈ. સ્વામીશ્રી કહે : 'હવે થોડો ટાઇમ કથાવાર્તા કરીએ.' એમ કહી જશભાઈના બંગલામાં એક કલાક વાતો કરી સૌને બ્રહ્માનંદમાં તરબોળ કરી દીધા.

બપોરે સ્વામીશ્રી સ્નાન કરીને મંદિરમાં બેઠા હતા. વરસાદ સારો એવો પડતો હતો. સ્વામીશ્રી વાતો કરતા હતા. હરિભક્તોએ વિનંતી કરી કે 'સ્વામી ! પધરામણી તો હજુ ઘણી બાકી છે.' મંદિરમાં લગભગ ૧૫૦ હરિભક્તો બેઠા હશે. ભક્તાધીન સ્વામીશ્રી કહે : 'ધૂન કરો.' સૌએ ધૂન કરી. સ્વામીશ્રી પધરામણીએ જવા માટે જ્યાં ઘોડાગાડીમાં બેસવા ગયા ત્યાં વરસાદ બંધ !

સાંજે ૭-૦૦ વાગે યુવક મંડળના પ્રમુખ ઠાકોરભાઈને ત્યાં પધરામણી કરી. તેમણે રંગોળી પૂરી તથા દીવાઓ કરી દિવાળી જેવી શોભા કરી હતી. અહીં જ સંધ્યા આરતી કરી. કથા કરી સ્વામીશ્રી કહે : 'હવે કાલે પધરામણી.' કુલ ૩૨ પધરામણીઓ થઈ. હરિભક્તો કહે : 'હવે ચાર જ બાકી છે. આજે કરી લઈએ.'

ઘોડાગાડીમાં બેસતાં સ્વામીશ્રી કહે : 'કાલે ચારની દસ થશે.'

પછી મંદિરે પધાર્યા. વરસાદ ખૂબ પડ્યો.

બીજે દિવસે વહેલી સવારે સ્વામીશ્રીએ નવ પધરામણીઓ કરી. સ્વામીશ્રીએ હિંમતભાઈને કહ્યું : 'કેમ પધરામણી થઈ ગઈ ને ?'

હિંમતભાઈના મનમાં થયું : 'સ્વામીશ્રી દસ બોલ્યા હતા ને આ તો હજુ નવ પધરામણી જ થઈ. એક બાકી રહી ગઈ.' પણ સોજિત્રા સ્ટેશને જતાં રસ્તામાં કુબેરભાઈની ફાર્મસીમાં દસમી પધરામણી કરી સ્વામીશ્રીએ પોતાનું વચન પૂરું કર્યું. ટ્રેક્ટરમાં બેસી સોજિત્રા સ્ટેશને જવા નીકળ્યા.

ગામોગામ સ્વામીશ્રી અદ્‌ભુત પ્રતાપ જણાવતા. *'લે ખેંચી મન લાખનાં આપોઆપ ઈશ્વર હોય'* – એમ ઈશ્વરમૂર્તિ સ્વામીશ્રી સૌને આકર્ષી રાખતા.

અહીં એક રામકૂવો છે. મહારાજ આ કૂવે વડતાલ જતાં માણકીને પાણી પાવા ગયા. ત્યારે એક કોશિયો કોશ હાંકતાં બોલ્યો : 'રામ આવ્યા.' આ સાંભળી મહારાજે કહ્યું કે 'આવ્યા તો છે, જો ઓળખો તો.' વળી કોશના બળદને પાછા વાળવા કોશિયો પાછો બોલ્યો, પણ આ મહારાજ જ રામ છે તે સમજી શક્યો નહિ. મહારાજ વડતાલ જતા રહ્યા. આ સ્થળે દર્શન કરી સ્વામીશ્રીએ ચરણારવિંદ પધરાવવા છત્રીનું ખાત કર્યું.

દાદુભાઈ તથા સૂર્યકાન્તભાઈના આગ્રહથી વસો પધાર્યા. સ્વામીશ્રી ઘણી ના પાડતા, છતાં ગામોગામ હરિભક્તો નગરયાત્રાઓ કાઢતા. સ્વામીશ્રીની આજ્ઞા પાળવા કરતાં સ્વામીશ્રીને જાહેર કરવાની તાલાવેલી સૌને વધારે રહેતી. હજારો માણસો નગરયાત્રામાં સ્વામીશ્રીનાં – 'અમારા ગુરુ'નાં દર્શન કરે એવો સૌને વેગ રહેતો, જે સ્વામીશ્રી પણ રોકી શકતા નહિ.

અહીંથી નંદાજીને દર્શન દેવા સ્વામીશ્રી અમદાવાદ પધાર્યા. પાછા સોજિત્રા થઈ રણછોડભાઈ વાડીવાળાને ત્યાં લગ્ન પ્રસંગે આણંદ થઈ અષાઢ સુદ ૬, સ્વામીશ્રી ગોંડલ આવી પહોંચ્યા. નડિયાદ, અમદાવાદ, વિરમગામ, સુરેન્દ્રનગર તથા રાજકોટ સ્ટેશનોએ હરિભક્તોએ દર્શનનો લાભ લીધો. આર.બી. પંડ્યાને સમાગમનો લાભ આપવા જ સ્વામીશ્રી બધો કાર્યક્રમ છોડી ગોંડલ આવ્યા હતા. હરમાનભાઈ, વસંતરાય પંડ્યા વગેરે સાથે હતા. અહીં અક્ષર દેરીમાં સ્વામીશ્રીએ સૌને કથાવાર્તાનો અદ્‌ભુત લાભ આપ્યો.

ભગવત્‌સુધાની ભાગીરથી

તા. ૧૫-૭-'૫૬, સવારે સ્વામીશ્રીએ વાત કરી :

'ભડલી ગામની એક કોળણ ચાર્યનો મોટો ભારો ઉપાડી દરબારગઢ

આગળથી નીકળી. તે જોઈ દરબાર ભાણખાચર કહે : 'માળી ગધેડીએ શું ભારો ઉપાડ્યો છે !' આ શબ્દ સાંભળી કોળણને કાંટો ચડી ગયો કે મને દરબાર ભાણ બાપુએ બોલાવી ! તે ઘરે જઈને એકદમ ભારો નાંખી દીધો. તેનો ધણી કહે : 'આટલો બધો કાંટો શાનો ચડ્યો છે ?' તો કહે : 'હવે હું તારું ઘર નહીં માંડું. મને ભાણખાચરે બોલાવી.' કોળી કહે : 'શું બોલાવી ?' તો કહે : 'મને ગધેડીની કહી !' તે કોળણને બાર વરસ સુધી કાંટો ઊતર્યો નહીં.

'આપણે સત્પુરુષના હજારો શબ્દો સાંભળીએ છીએ પણ કાંટો ચડતો નથી. શાસ્ત્રીજી મહારાજ બોલાવે તો, 'અહોહો, મને બોલાવ્યો !' એવો મહિમા સમજાય તો મોટાપુરુષ દૃષ્ટિ કરીને દોષમાત્ર ટાળી નાંખે. ગધીની કહી એટલામાં કેફ ચડી ગયો. આપણને ભગવાન ને સત્પુરુષ બોલાવે-ચલાવે તેનો કેફ નહિ ને ઊલટો મોળો પડે. એવો કેફ કાયમ રહે તો બ્રહ્મરૂપ થઈ જાય.'

મથુરભાઈએ પૂછ્યું : 'પ્રગટનો કેફ કેમ નથી રહેતો ?'

'મહિમાની ખાધ છે. પરચો દેખાડ્યા કરે તો રહે, નહિ તો પાછો પડે. મહિમા રાખવો ને સમજણ સહિત પ્રેમ રાખવો, તો મહિમા ને કેફ કાયમ રહે. આ તો જોગી હોય તો આવે; નહિ તો દેરીએ ન આવે. પણ ભગવાન ને સંત કાયમ વિચરે છે. મહિમા-સમાગમથી આવે, નહિ તો લૂખો પડી જાય. લૂખું ન પડવું. કો'ક દી', કો'ક દી' નહિ, નિત્ય સમાગમ કરવો. જેમ ઉકાખાચરને સેવાનું વ્યસન હતું. તેમ ભગવાન ને સંતની સેવાનું વ્યસન પાડવું, તો મલિન વાસના ટળી જાય.'

ગ.મ. ૫૯ વચનામૃત વંચાવીને કહ્યું : 'શું કીધું ? મુદ્દો શું છે ? ભગવાન ને ભગવાનના સંત એ જ કલ્યાણકારી છે. પૈસો, બૈરાં-છોકરાં એ કાંઈ કલ્યાણકારી નથી.

'અત્યારે ગામોગામ શંકરની આરતી ઊતરે, બ્રહ્માની આરતી ઊતરે, હનુમાનની આરતી ઊતરે છે. એ કરતાં કોણ અધિક ? સંત. સાધુની મૂર્તિ ન હોય, એમ સંપ્રદાયવાળા ટીકા કરે છે. એ સંત માટે બાપા (મહારાજ) શું કહે છે ? સંત ભવ-બ્રહ્માદિક કરતાં અધિક છે. આવો મહિમા સમજાય તો સેવા થાય કે નહિ ? ભગવાનના સંતની પ્રાપ્તિ થઈ. પ્રાપ્તિ શું ? પ્રગટ મળ્યા તે.

'પ્રગટ મળ્યા તે પરમ કલ્યાણકારી છે. એથી ઉપરાંત કાંઈ કલ્યાણકારી નથી. સંતની સેવા બહુ મોટાં પુણ્યવાળાને મળે છે.

'સેવા શું ? થાય તેટલી. નવડાવવા, ધોવડાવવા, જમાડવા, થાળ કરવા,

વાસણ ઊટકવાં, ફૂલ લાવવાં, હાર ગૂંથવા એ બધી સેવા ભવ-બ્રહ્માદિકને પણ મળતી નથી. બીજાનો તો પત્તો લાગતો નથી. આ તો પૂર્વના બહુ પુણ્યે મળી છે. રાજકોટમાં ઘણા છોકરા છે. કોઈ આવે છે ? બૉલ-બેટ રમે છે, ફરે છે. કોઈ ઢૂંકડો ન આવે. આપણે આવીએ છીએ એ પૂર્વનું પુણ્ય છે.'

પછી ગ.મ. ૬૦ વચનામૃત સમજાવ્યું. એમ લાગટ વચનામૃતો વંચાવી વાત કરવાનો, વાતનો દોર પકડી રાખી, કોઈ મુદ્દાની વાત સમજાવવાનો સ્વામીશ્રીનો આગ્રહ રહેતો. એમાં અક્ષર દેરી જેવું સ્થાન હોય અને રવિભાઈ પંડ્યા જેવા મુમુક્ષુઓ સામે હોય, પછી સ્વામીશ્રીના મુખમાંથી અદ્‌ભુત વાતોનો પ્રવાહ છૂટતો. એક એક શબ્દની સામેની વ્યક્તિના મનમાં ચોટ લાગતી. ગમે તેવા નવા મુમુક્ષુને પણ વાતની ગડ બેસી જતી.

પોતે પાળીને પછી પળાવ્યાં

અષાઢ સુદ ૧૧, તા. ૧૮-૭-'૫૬, સવારે ૬-૦૦ વાગે અક્ષર દેરીમાં પંડ્યા સાહેબ, હર્ષદભાઈ, વલ્લભભાઈ, ચુનીભાઈ, બાલમુકુન્દ સ્વામી વગેરે બેઠા હતા. પહેલાં સ્વામીશ્રી રાઘવદાસ રચિત મહારાજની લીલાના શ્લોકો બોલ્યા. પછી રૂપશીભાઈનો સવૈયો બોલ્યા. આ બે પ્રિય રચનાઓ સ્વામીશ્રી વહેલી સવારે ઘણી વાર બોલતા, ત્યારે એમનો ઘેરો મીઠો સાદ, ગાવાનો લહેકો એટલા બધા મધુર અને કર્ણપ્રિય બનતા કે કોઈ ત્યાંથી ખસી શકે નહિ. જાણે સાંભળ્યા જ કરીએ એવું સૌ અનુભવતા.

સ્વામીશ્રી કહે : 'આ નીમની એકાદશી, કોઈ દી' અહીં થતી નથી. ગુજરાતમાં કોઈ ગામડામાં કે કોઈ મંદિરમાં થાય પણ અહીં તો ન જ થાય. તે આ થઈ, પંડ્યા સાહેબના પ્રતાપે તે લાભ મળ્યો. દરેકે નિયમ લઈ લેવા. ખબડદારીથી પાળવા.'

પછી સૌએ સ્વામીશ્રી સમક્ષ આવી નિયમ લીધા. કેટલાક હાજર ન હતા તેમને સૌને મંદિરમાંથી બોલાવ્યા અને નિયમ આપ્યા. પોતે પણ ચાતુર્માસના નિયમ લીધા.

પહેલાં તો પોતે પંદર દિવસનાં ધારણાં-પારણાં લીધાં, પણ બધા એકદમ ના પાડવા લાગ્યા. અંતે ઘણી આનાકાની પછી એક સેવક સંતને પોતાના વતી ધારણાં-પારણાંનું નિયમ આપ્યું, અને પોતાના નિયમ જાહેર કર્યા :

૧. શ્રાવણ મહિનાનાં એકટાણાં કરવાં.

૨. ૭૫ માળા ફેરવવી.

૩. એક વચનામૃત વાંચવું.

૪. સ્વામીની વાતું કરવી.

૫. ગુણાતીત બાગ એક કરી નાંખવો. સત્સંગમાં ક્યાંય સુહૃદભાવ વગર ન રહેવા દેવું.

આવી રીતે આપણી શીખને માટે નિયમ લીધા, જેથી આપણે એમને કાંઈક અનુસરીએ. પછી કહે : 'શાસ્ત્રીજી મહારાજ અહીં દેરીમાં નિયમ આપતા, તે આપણને કાંટો રહે કે દેરીમાં નિયમ લીધા છે એટલે ન ચુકાય.'

પછી ગ.પ્ર. ૫૫ અને ૫૭ વચનામૃત સમજાવ્યું :

'મોક્ષનું અસાધારણ કારણ શું ? ભગવાનના સ્વરૂપનું માહાત્મ્ય અને ભગવાનના સ્વરૂપનું જ્ઞાન. શ્રીજીમહારાજને મળેલા અને સાક્ષાત્ ધારી રહેલ એવા સંતને જેમ છે તેમ ઓળખવા, જાણવા, એનામાં દિવ્યભાવ રાખવો. મહિમા સમજી કેફ રાખવો એ જ્ઞાન છે. જેના વરસાવ્યા મેઘ વરસે છે, સૂર્ય-ચંદ્ર ઉદય-અસ્તપણાને પામે છે વગેરે. ગ.પ્ર. ૨૭ તથા લો. ૧૭ પ્રમાણે તત્ત્વે સહિત માહાત્મ્ય જાણે તો પછી ઇન્દ્રિયો મોકળી ન રહે. દાઢો અંબાઈ જાય. પણ એમ ન સમજવું કે 'મને મળ્યા છે, તો શું અડે છે ?' એમ સમજીને જેમ-તેમ કરવા માંડે તે માહાત્મ્ય ન કહેવાય. મળ્યા પછી એની આજ્ઞા પાળે, ધર્મ-નિયમમાં રહે ત્યારે તે મળ્યા ગણાય. એવા પરાત્પર સંતની મર્યાદા જાળવવી જોઈએ. શ્રીજી-મહારાજને બીજા અવતાર જેવા ન જાણવા, સર્વોપરી અક્ષરધામના પતિ જાણવા એ સ્વરૂપનું જ્ઞાન. ગુણાતીતાનંદ સ્વામી, ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજનો મહિમા જાણવો.

'ધનાઢ્ય હોય તેણે દશમો ભાગ કાઢવો; સામાન્ય સ્થિતિવાળાએ વીસમો ભાગ કાઢવો. 'માથે દેવું નહિ તે ધનાઢ્ય,' એમ સ્વામી કહેતા.'

બીજો પ્રશ્ન એવો થયો કે 'ભગવાનમાં સ્નેહ કોને કહેવાય ?'

સ્વામીશ્રી કહે : 'જેવું સંબંધીમાં હેત છે, એવું ભગવાનના સંત સાથે કરવું. તન, મન, ધન સોંપી દે. કાંઈ વહાલું ન રાખે. ધન, ધામ, કુટુંબ, પરિવારને ભગવાનમાં જોડી દેવાં. ભગવાન ને સંત લઈ લે તોપણ કંઈ નહિ. મહારાજની આજ્ઞા પાળે ને તેમનું કરીને રાખે, તો લક્ષ્મી જતી જ નથી. છોકરો હોય, અવળો-સવળો ચાલતો હોય, ગમે તેવો હોય, પણ મિલકત તો તેને જ આપે. કાઢી મુકાય છે ? તેમ ગમે તેવા હોય, ભગવાનના સંત, સત્સંગી, પણ પોતાના

સંબંધી જાણ્યા હોય તો અવગુણ ન જ આવે ને તે જ સાચા મનાય. તેને હેત રહે. સંબંધી સાથે છે તેવું ભગવાનના સંત સાથે કરી દેવું. એ જ મારા મોક્ષદાતા છે.

'માનીનતા કરવાની છે. લઈ નથી લેવાના. લે તો કોઈકનું જ લે. કોઈકને જ ફરજ પાડે.

'હવે પ્ર.પ૯મું વાંચો.

'અહોહો ! આપણને જે પ્રાપ્તિ, મહિમા, સુખ ને લાભ થયો છે તેને આપણે જાણતા નથી. નહિ તો અંતરમાં પ્રકાશ થઈ જાય. બ્રહ્મરૂપ થઈ જવાય. પણ ગાફલાઈ ને અજ્ઞાનતાથી ઓળખી શકતા નથી, તેટલી ખોટ રહે છે.

'એક વખત મહારાજે તણખલાને તોડીને બે કટકા કર્યા, ત્યારે સંતે પૂછ્યું કે 'મહારાજ ! શી ક્રિયા કરી ?' મહારાજ કહે : 'એક બ્રહ્માંડ ભાંગીને બીજું બ્રહ્માંડ ઉત્પન્ન કર્યું.' તેમ મહારાજની ક્રિયા વ્યર્થ નથી, અલૌકિક છે. તેમ મોટા-પુરુષ પણ જે કાંઈ એમ કરે તેમાં કંઈપણ ચાળા કે પ્રાકૃત જીવની પેઠે ન ધારવું.

'તેઓ તાળી પાડે તેમાં તો આપણા અનંત જન્મનો નાશ કરી નાખે, માયાના વળગાડને ફગાવી દે તેમ જાણવું. પણ આપણે પ્રાકૃત બુદ્ધિવાળા છીએ, એટલે જાણી શકતા નથી.

'સ્વામીએ કહ્યું : 'આ વાત કરોડ જન્મ ધરીને પણ કર્યા વગર છૂટકો નથી, તો એટલા વખત ગર્ભવાસમાં આવીને સમજવું ને ત્યારે કરવું, તે કરતાં હમણાં જ મંડી પડવું.'

...તો ૫૦ વર્ષ પૃથ્વી પટે રહેવાની બાંહેધરી

અહીંના નિવાસ દરમ્યાન એક દિવસ સ્વામીશ્રી રાયણના ઝાડ નીચે ઊભા હતા, ત્યારે મંદિરના કોઠારી વાસુદેવ સ્વામી સાથે સાધુ ગોપીનાથદાસ કોઈ કારણસર ઉગ્રપણે બોલી રહ્યા હતા. એ વખતે બોટાદના પ્રેમજીભાઈ સુથાર નજીક જ ઊભા હતા. સ્વામીશ્રી તેમનો હાથ પકડી ઝડપથી ત્યાંથી ચાલી નીકળ્યા અને ઠેઠ 'યોગી આશ્રમ'ની પાછળના ચોકમાં લીંબડા નીચે આવી પહોંચ્યા. પછી ધીરેથી કહે : 'આ બધા આવું ન કરતા હોય તો હું ૫૦ વર્ષ આ પૃથ્વી ઉપર વધારે રહું !' સ્વામીશ્રીની આંખોમાં અને શબ્દોમાં વિષાદ હતો.

સંપ, સુહૃદભાવ અને એકતાના જ પરમ હિમાયતી અને સદા સરળ વર્તનાર સ્વામીશ્રી કજિયા-કંકાસનો પ્રસંગ પણ જોઈ શકતા નહિ અને ત્યાંથી દૂર જતા રહી, ભજન કરવા લાગી જતા.

અનુવૃત્તિ પાળે તો ગુરુકૃપા થાય

અહીંથી રાજકોટ થઈ બોચાસણ આવતાં રસ્તામાં વાંકાનેર, થાન, સુરેન્દ્રનગર, વિરમગામ, સાણંદ વગેરે સ્ટેશને અનેક ભક્તોને સ્વામીશ્રીને મળવા માટે પડાપડી કરતા જોઈને બાજુના ફર્સ્ટ ક્લાસમાં બેઠેલા એક યુવાન સ્વામીશ્રીના ડબામાં આવ્યા, પગે લાગ્યા. એટલે સ્વામીશ્રીએ પૂછ્યું : 'આપ કોણ છો ?'

'મારું મૂળ વતન પાલનપુર; હાલ કલકત્તા(કોલકાતા) રહું છું. મારું નામ પ્રવીણભાઈ છે. કલકત્તામાં ચાનો વેપાર છે. લંડન ભણવા જાઉં છું. દરેક સ્ટેશને મેં જોયું કે ઘણા માણસો આપને મળવા આવતા હતા. મને પણ મળવાની ઈચ્છા થઈ તેથી આવ્યો છું.' તે ભાઈએ કહ્યું અને પછી ઉમેર્યું : 'આપનામાં સૌ ખેંચાય છે. આવી સામર્થી આપનામાં કેવી રીતે આવી તે ટૂંકમાં જાણવાની મારી ઈચ્છા છે.'

'વાસણ ઘસવાથી આ પ્રાપ્તિ થઈ છે. અમારા ગુરુ શાસ્ત્રીજી મહારાજની કૃપાથી થઈ છે.'

શાસ્ત્રની કોઈ ગહન વાતો ન બતાવતાં સ્વામીશ્રીએ જે ઉત્તર આપ્યો તેથી પ્રવીણભાઈને સહેજ આશ્ચર્ય તો થયું, પણ ફરી પૂછ્યું : 'ગુરુકૃપા કેમ થાય ?'

'સત્પુરુષ કહે એમ કરે; એની અનુવૃત્તિ પાળે; રાત હોય ને દિવસ કહે તો દિવસ, દિવસ હોય ને રાત કહે તો રાત; તો ગુરુકૃપા થાય.' સ્વામીશ્રીએ સહજ ભાવે કહ્યું. પોતાના અસ્તિત્વ-ભાનથી રહિત, અત્યંત સરળ આ સંતને જોઈ તે યુવાનને વધુ આકર્ષણ થયું. ગદ્ગદ થઈ તેણે સ્વામીશ્રી પાસે વર્તમાન ધારણ કરી, કંઠી પહેરી. સ્વામીશ્રી કહે : 'આપ તો પૂર્વના મુક્ત છો તે આ મેળાપ થયો.'

નડિયાદ સુધી સ્વામીશ્રીએ વાત કરી, સરનામું લીધું, આશીર્વાદ આપીને નડિયાદ છૂટા પડ્યા.

ધીરુભાઈ સોલંકીને ત્યાં રાત રહી, બોચાસણ પધાર્યા. સ્ટેશને હજારો હરિભક્તો એકત્રિત થયા હતા. સૌ સાથે ધૂન-ભજન કરતાં મંદિરે પધાર્યા.

ગુરુપૂર્ણિમાના સમૈયા ઉપર શાસ્ત્રી ભગવતીપ્રસાદે વેદના આધારો આપી સભામાં સમજાવ્યું હતું કે 'ગુરુપૂજનનો વિધિ વેદકાળથી પ્રચલિત છે, માટે વરસોવરસ ગુરુપૂજનનો લાભ ભક્તોએ લેવો જ જોઈએ.'

કેન્યા 'ડેઈલી મેલ'ના તંત્રી આર.બી. પંડ્યાએ જણાવ્યું : 'સ્વામીશ્રી બોલે થોડું, પણ તે ચિનગારીરૂપે હોય; ચિનગારીઓ યજ્ઞસ્વરૂપે આફ્રિકામાં પ્રગટી છે અને હજુ પ્રગટશે. કેન્યામાં સ્વામિનારાયણની ધજા ફરકે છે. હવે યુગાન્ડાની

સરકારે પણ જમીન આપી છે, એટલે પાટનગર કંપાલામાં ભવ્ય મંદિર થશે. યુગાન્ડાના પ્રવેશદ્વાર ટરોરોમાં પણ મંદિર થશે.'

અક્ષરપુરુષોત્તમનું તત્ત્વજ્ઞાન હવે સાગરપાર જઈ રહ્યું છે, તેને વેગવંતું બનાવવા સૌને વિનંતી કરી. આ ખુશી સમાચારોથી સભામાં સર્વત્ર આનંદની લાગણીઓ પ્રસરી ગઈ. સૌએ સ્વામીશ્રીનું પૂજન કર્યું. પછી ભાદરણ પધાર્યા.

હેત તો કરે છે એવું, અનંત જનની જેવું

અહીં સાથે ફરતા યુવક વિનુભાઈની પિચોટી એકાએક ખસી ગઈ હતી. તેમને પેટમાં દુખાવો બહુ થતો હતો, તેથી મંદિરમાં મેડા ઉપર બેઠા હતા.

સ્વામીશ્રી ત્યાં આવ્યા, વિનુભાઈને સુવાડ્યા અને પોતાની જનોઈનો એક છેડો છાતી અને બીજો છેડો દૂંટી પર રાખી માપીને કહે : 'પિચોટી ખસી ગઈ છે.' એમ કહી સ્વામીશ્રી તેમની પિચોટી ચોળવા લાગ્યા. ભાર આપતાં ચોળતાં-ચોળતાં તેમને દુખાવાનું પૂછતા જાય. ફરી જનોઈથી માપ્યું ને કહે : 'હવે ઠેકાણે આવી ગઈ છે.' પછી કહે : 'હું કહું તે પ્રમાણે ઊભા થજો.'

સ્વામીશ્રીએ બરાબર સામે બેસીને વિનુભાઈના પગનાં તળિયાં પાસે પોતાના પગનાં તળિયાં જોડી દીધાં. પછી સામસામા હાથ પકડ્યા ને તેમને ખેંચીને બેઠા કર્યા. પછી બેઠાં બેઠાં પગના અંગૂઠા પકડાવ્યા.

'આવી રીતે બેસી રહેજો. હું સૂંઠની ગોળી લઈ આવું,' એમ કહી નીચે ભંડારમાં ગયા. તે દરમ્યાન વિનુભાઈ તો અંગૂઠા પકડીને થોડી વાર સુધી એમ ને એમ બેસી રહ્યા.

એટલામાં કોઈનાય ટેકા વગર સ્વામીશ્રી એકલા જ વાડકામાં ગોળ, ઘી ને સૂંઠ લઈ પગથિયાં ચડી આવી ગયા અને ઘી, ગોળ, સૂંઠનો પિંડો બનાવીને તેમને ખવરાવી દીધો. પછી કહે : 'હમણાં હાલવું નહિ. આરામ કરવો.'

સ્વામીશ્રીના આવા પ્રેમે ગમે તેવા રોગ દૂર થતા અનેકે અનુભવ્યા છે. દેહના રોગની દવા સાથે પોતાની મૂર્તિની દિવ્ય સ્મૃતિ આપી સ્વામીશ્રી યુવકોના અધ્યાત્મ-વૈભવને પણ એટલો જ સમૃદ્ધ બનાવી દેતા.

અટલાદરા, વડોદરા થઈ તા. ૨૯-૭-'૫૬, વલસાડ લોકલમાં સુરત પધાર્યા. પટેલ વાડીની ધર્મશાળામાં ઉતારો હતો. અહીં આશાભાઈ, મગનભાઈ વગેરે ભક્તોએ સારી સેવા કરી. ઘરે ઘરે પધરામણીઓ થઈ. મોટા મંદિરે દર્શન કર્યાં. જાહેર સત્સંગ સભામાં પણ ઘણા ભાવિકોએ લાભ લીધો હતો.

અષાઢ વદ ૯, મુંબઈ જતાં આખા રસ્તે ખૂબ વરસાદ નડ્યો. પાલઘરથી આગળ તો એટલો વરસાદ કે ટ્રેન આગળ જઈ શકે તેમજ નહોતું. છ ટ્રેનના આઠથી દસ હજાર મુસાફરો અકળાઈ ગયા હતા. પાલઘરના નાના સ્ટેશને સાંજના સમયે ખાવા-પીવાનીયે કોઈ વ્યવસ્થા ન હતી. ટ્રેન પાછી લઈ જવાનીયે શક્યતા ન હતી. એવામાં સ્વામીશ્રીએ કેફમાં કીર્તન ઉપાડ્યું : *'સાંભળ બેની હરિ રીઝયાની...'* એ લટકાં, એ હાવભાવ અને એ બ્રહ્મની ખુમારીથી જાણે મુશ્કેલી ભુલાઈ જ ગઈ. મોટાસ્વામીએ શાસ્ત્રીજી મહારાજના પ્રસંગો કહ્યા.

એવામાં અહીં રહેતા ઝીણાભાઈ દોણજાવાળા તથા શેઠ ભોગીભાઈ દર્શને આવ્યા. પ્રથમ જ દર્શને તેમને ખૂબ ભાવ થયો. સ્વામીશ્રીને પોતાના ઘરે જમવા પધારવા વિનંતી કરી. અહીં બે દિવસ રોકાવાનું થયું. આ પરિચયે સ્વામીશ્રીની સાધુતાથી આકર્ષાઈ તેમણે કંઠી પહેરી. પછી જમીને, સ્ટેશને પાછા આવતાં સ્વામીશ્રીએ વિનુભાઈનો હાથ પકડ્યો હતો. શાળાના કેટલાક વિદ્યાર્થીઓ ભગવાંધારીને જોઈ મશ્કરી કરવા લાગ્યા. હકાભાઈએ તેમને ધમકાવ્યા. તે જોઈ સ્વામીશ્રીએ પૂછ્યું : 'શું થયું, હકાભાઈ ?'

'આ બધી વાનરસેના હસે છે.'

'રડતા નથી ને !' સ્વામીશ્રીએ કહ્યું : 'રડવું ના જોઈએ. સાધુને જોઈને હસે તો આપણી સેવા થઈ ગઈ !'

મોહમયીમાં અમૃતમેઘ

એકાદશીએ બપોરે સ્વામીશ્રી મુંબઈ પહોંચ્યા. કપોળ વાડીમાં ઉતારો હતો. અહીં સ્વામીશ્રીએ સૌને કથાવાર્તાનો સારો લાભ આપ્યો. પતિવ્રતાની ભક્તિની વાત કરતાં સ્વામીશ્રી કહે :

'એક રાજાને એક વાઘરણ રૂપાળી હતી તે ગમી. લગ્ન કર્યું, પણ જાતની વાઘરણ છે તે ખબર નહિ. આ રાણીને બત્રીસ પ્રકારનાં ભોજન આવે તોય ખાય-પીવે નહિ. રાજા મૂંઝાણા કે રોગ થયો છે કે શું ?

'પછી વૈદ્યને બતાવ્યું. તે હોશિયાર હતો. તેણે થાળ લઈ જતી દાસીને કહ્યું કે 'થાળ લઈને વયું જાવું, પણ ત્યાં બેસવું નહિ.' બીજે દી' એમ કર્યું.

'આ રાણી થયેલી વાઘરણને માગી ખાવાના હેવા પડ્યા હતા. એટલે તૈયાર ભાણું આવે તેમાં મૂંઝાય. પણ આજે કોઈ નો'તું, તે બારી-બારણાં બંધ કર્યાં ને લૂગડું ફાડી ઝોળી બનાવી. સાવરણીની સળી ભાંગીને દાતણ કર્યાં ને

ઓરડાના ગોખલે-ગોખલે થોડું થોડું ખાવાનું મૂકી આવી. પછી ઝોળી ખભે ભરાવી ગોખલે-ગોખલે જાય ને બોલે : 'દેજે મહાલક્ષ્મી ! બટકું રોટલો...' એમ કહીને સળી ગોખલામાં મૂકીને ત્યાંથી ખાવાનું લઈને ઝોળીમાં નાખે ને તેમાંથી ખાતી જાય. એમ પાંચ શેર ભાર ખાઈ ગઈ.

'મહેલમાં ખબર પડ્યાં કે રાણી સાહેબ જમ્યાં. રાજા ખુશ થઈ ગયા ને વૈદ્યને કહે : 'લો બે હજાર રૂપિયા ઇનામ. પણ તમે શી દવા કરી તે કહો.' વૈદ્ય કહે : 'કહેવા જેવી નથી.' એને થયું કે રાજા સાહેબ જાણશે તો ઉપાધિ થશે. ત્યાં રાજા કહે : 'દવા બતાવો. કાલે વળી રાણી સાહેબ માંદાં પડે તો કેમ દવા કરવી ?' વૈદ્ય કહે : 'વૈદ્યનાં છોકરાં રળી ખાશે. (બીજા વૈદ્ય દવા કરશે.) માટે એ વાત રહેવા દ્યો.' પણ રાજા તો હઠે ચડ્યા. તે કહે : 'દવા નહિ કહો તો જેરબંધ[૬] કોરડે મારીશ.' પછી વૈદ્યે કહ્યું. ને બીજે દી' થાળ ગયો ત્યારે રાણીએ વાઘરણવેડાં કર્યાં, તે રાજાએ જોયું. રાજાને થયું : 'આ તો વાઘરણ છે, નખ્ખોદ કાઢ્યું; આને કાઢો.' પછી ઘર-લજામણી જાણી, મારીને કાઢી મૂકી.

નિષ્કુળાનંદ સ્વામીએ કીર્તનમાં કહ્યું :

'રાજાની રાણી ભમી ભીખ માગે, હાલે કંગાલને હાલ,
ઘર લજામણી રાણી જાણી રાજા, ખીજી પાડે તેની ખાલ રે સંતો...
શીદને રહીએ કંગાલ.'

'ભટકતી ફરે તો ચામડાં ઊતરે. તેમ સહજાનંદ સ્વામીની ઉપાસના મૂકી, બીજે ભમીએ તો ચામડાં ઊતરે. સ્વામિનારાયણના થઈ જ્યાં-ત્યાં સાંધા રાખશું તો બાપા (મહારાજ) ખાલ પાડી નાખે, ધામમાં પેસવા ન દે.

'સાચો સત્સંગ કરવો. ત્રણ પૈસાના ન થાવું. મહારાજ બહુ વાત કરતા. 'તેમાં કષ્ટ આવે જો કાંઈ...' કોને કષ્ટ આવે ? કો'કને ? આપણા દેહને આવે. મારું નખ્ખોદ કાઢ્યું એમ ન બોલવું.'

ત્રીજા પ્રકરણની ૬૦મી વાત મોઢે બોલી સ્વામીશ્રી કહે : 'સમાગમ કરે તેમાં શ્રવણ છે તે દીવો છે. મનન છે તે મશાલ છે. નિદિધ્યાસન છે તે વીજળી છે. સાક્ષાત્કાર તે વડવાનળ છે.

'નિર્ગુણ સ્વામી કહેતા : કોઈ પૈસા ન દે, ઝોળી ન આપે, તોપણ શ્વપચને ઘેર વેચાઈને પણ મંદિરો કરશું ! કેટલી શ્રદ્ધા ! એવી શ્રદ્ધા હતી તો કાંઈ વેચાવું પડ્યું નહિ. ભગવાન ભળ્યા ને મંદિરો થયાં.

---

૬. ઘોડાના ચોકડાની કાંટાઓવાળી કડી.

'આ ભગવાન આવ્યા નથી અને આવશે પણ નહિ. એનો અર્થ એ કે ભગવાન છે, છે ને છે; પણ ભગવાનને જવા-આવવાનું રહેતું નથી. ફક્ત આકાર દેખાતો નથી.

'સ્વામી આવરદાનો ધર્માદો કઢાવતા. બાર મહિનામાં ૧૧ મહિના તમારા અને ૧ મહિનો અમારો. તે વખતે દાળ-ભાતનો રિવાજ નહોતો; રોટલા ને અડદની દાળ ખાઈને રહે, નહિ તો જાય. બોટાદના શિવલાલભાઈ, વસોના અમીન એવા મોટા મોટા રહેતા, ને એવું ખાતા ને સમાગમ કરતા. એકથી લાખ રૂપિયા ખર્ચે પણ સમાગમ વિના શાંતિ થાય નહિ.'

પછી સ્વામીશ્રીએ વાત કરી : 'પહેલાં અમે ૩ વાગે ઊઠતા, ઠંડે પાણીએ નાહતા, પ્રભાતી બોલતા, રોટલા ઘડતા, વાડો કરવા જતા, હરિભક્તોને પીરસતા, વાસણ ઊટકતા. એમાં બહુ સુખ આવતું.'

ત્યારે હર્ષદભાઈએ પૂછ્યું : 'સ્વામી ! આમાં શું સુખ ?'

'ગુરુ, મૂર્તિનું સુખ !' સ્વામીશ્રી સહસા બોલી ગયા : 'ચહ, ચહ મૂર્તિનું સુખ લઈએ...'

'એક વખત સ્વામી જૂનાગઢમાં બેઠા હતા. ગ.મ. ૬૨મું વચનામૃત વંચાતું હતું. તે વખતે એક માળી ત્યાં આવ્યો. તેણે હજારો ચકલાં નવાબ માટે મારીને હિંસા કરી હતી. એવો પાપી હતો, પણ જન્માષ્ટમીએ દર્શને આવ્યો હતો. વચનામૃતમાં તેણે સાંભળ્યું કે ગમે તેવો પાપી હોય પણ ભગવાનને આશરે આવે તો તેનાં પાપ બળી જાય. તેણે સ્વામીને કહ્યું કે આ વાત સાચી હશે ? સ્વામી કહે : 'હા.' એટલે તે સ્વામીને કહેવા લાગ્યો : 'સ્વામી ! હું તો આવો પાપી છું. તો પાપ બાળો.' સ્વામીએ નિયમ ધરાવ્યા ને કહ્યું કે 'પંચ વર્તમાન પાળજે.' તે કહે : 'સ્વામી ! તમે મારાં પાપ લીધાં તો હું આ નિયમ પાળીશ.' પછી તે વાડીમાંથી ૫૦૦ કેળાં લાવ્યો. સ્વામીએ ધરાવીને સૌને વહેચ્યાં. તે રોજ વાડીમાંથી ફૂલ લાવી ઠાકોરજી માટે હાર બનાવતો. આઠમા દિવસે મહારાજે તેને દર્શન દીધાં. તેણે વાડીમાં સ્વામીની પધરામણી કરાવી. ધામમાં ગયો ત્યારે પણ મહારાજે દર્શન દીધાં. તેણે સગાંઓને કહ્યું કે 'મહારાજ તેડવા આવ્યા છે, તે ધામમાં જાઉં છું.' જુઓ, એક આશરો કરવાથી ગમે તેવાં પાપ બળી જાય છે. આશરાનો એવો પ્રતાપ છે, માટે દૃઢ આશરો કરવો.

'શ્રીજીમહારાજ કોઈને ધામમાં લઈ જવો હોય તો કારિયાણીના વીરા ભક્તને પૂછતા કે 'ફલાણા ભક્તને ધામમાં લઈ જઈએ ?' મુક્તાનંદ સ્વામીએ

મહારાજને પૂછ્યું : 'આ વીરા ભક્ત એવા તે કેવા મોટા છે, તે એને પૂછીને ધામમાં લઈ જાઓ છો ?' મહારાજે કહ્યું : 'અમે રસ્તે જતા હતા, તે અમારા પગની મોજડીના ઠેબે ખડનું થૂમડું હતું તે ઊખડી ગયું, તે આ વીરા ભક્ત થયા. એટલે પૂછીને ધામમાં લઈ જઈએ છીએ.' જુઓ, સંબંધનો આવો પ્રતાપ છે.'

'એના સંસ્કાર તો કાંઈ નહિ ને ?' વજુભાઈ શેઠે પૂછ્યું.

સ્વામીશ્રી કહે : 'મહારાજની દૃષ્ટિ તે જ સંસ્કાર.'

આમ, રોજ રાત્રે સ્વામીશ્રી અમૃત વાણી વહાવતા. ૮-૩૦ વાગે કપોળ વાડી ચિક્કાર ભરાઈ જતી. સૌ આ લાભ લેવા અત્યંત ઉત્સુક બની જતા. *'બળતો ઝળતો આત્મા સંત-સરોવર જાય, સત્સંગરૂપી લહેરમાં તરત ટાઢો થાય.'* એ અનુસાર સ્વામીશ્રી પણ બ્રહ્મની ખુમારીમાં ડોલતા, કીર્તન ગાતા, તાળી વગાડતા, દૃષ્ટાંતો કહેતા, રમૂજ કરાવતા, અમૃત વાણીનો ધોધ વરસાવતા.

અહીં એક વાર હું સ્વામીશ્રીને સ્નાન કરાવતો હતો. સ્વામીશ્રી યુવકોને સાધુ થવાની વાતો રોજ કરતા. મેં ઇન્ટર સાયન્સની પરીક્ષા આપી હતી. હવે જો સાધુ થવાનું જ હોય તો કૉલેજમાં વર્ષો ન બગાડવાના હેતુથી મેં સ્વામીશ્રીને વિનંતી કરી કે દીક્ષા આપી દો. ત્યારે સ્વામીશ્રી સ્નાન કરતા એકદમ અટકી ગયા અને બંને હાથની અદાથી કંઈક સમજાવતાં કહેવા લાગ્યા : 'મારે તમને ગ્રેજ્યુએટ બનાવવા છે. પછી બધાનાં સર્ટિફિકેટ કાચમાં મઢાવીને લગાવવાં છે. માટે હમણાં સંકલ્પ ન કરશો. બે વર્ષ ભણી લો.' વળી નાહતાં કહે : 'જોગીએ બધા ગ્રેજ્યુએટને સાધુ કર્યા એવું કરવું છે.' એમ કહીને વાત ટાળી નાખી. કદાચ એ સમયે મારી પરિપક્વતા નહિ હોય, એટલે જ ઠેલ્યું હશે. પણ એમની ના પાડવાની રીત વિશિષ્ટ હતી. કોઈને જરાપણ શંકા થાય નહિ. વાત સીધીસટ ગળે ઊતરી જાય એવો વિચાર તેઓ વચ્ચે મૂકી દેતા. જેમાં દલીલને કોઈ શંકા રહે નહિ. કારણ, ગ્રેજ્યુએટ થયા પછી ક્યારેય એના સર્ટિફિકેટની એમણે પૃચ્છા કરી નહોતી કે એ વાત સંભારી નહોતી.

અજાતશત્રુની ભદ્રભાવના

આ અરસામાં સ્વામીશ્રીનો સૂરજ અપાર તેજથી પ્રકાશી રહ્યો હતો. જ્યાં જાય ત્યાં જયજયકાર થતો અને પરદેશની યાત્રામાં થયેલાં મંદિરોની પ્રતિષ્ઠાને કારણે અને અહીં આવ્યા પછી ઠેર ઠેર થયેલી સ્વાગત-યાત્રાઓને કારણે સંપ્રદાયના જૂના વર્ગમાં ખૂણે-ખાંચરે ચડભડ થતી રહેતી.

તેમના તરફથી કાંઈ ને કાંઈ લખાણો રૂપે સ્વામીશ્રી પ્રત્યેનો વિરોધ વ્યક્ત થતો રહેતો. સ્વામીશ્રીના કપોળ વાડીના નિવાસ દરમ્યાન આવા જ કોઈ વિરોધી લખાણવાળી પત્રિકા પ્રકાશિત થઈ, તેથી હરિભક્તોમાં ઉશ્કેરાટ ફેલાઈ ગયો. સ્વામીશ્રીને આ વાતની જાણ થતાં જ મોટેરા હરિભક્તોને વિગત પૂછી. તેમણે તે પત્રિકાની વાત કરી ત્યારે સ્વામીશ્રી એકદમ હસી પડ્યા અને કહે : 'આપણે દુઃખ ન લગાડવું. તેમાં લખ્યું છે કે પરદેશથી પૈસા લાવી સ્વાગત કરાવે છે. તેવું આપણે ક્યાં કર્યું છે? માટે ન કર્યું હોય તો તેણે આપણને ચેતાવ્યા છે કે ભવિષ્યમાં આપણી બુદ્ધિ ન બગડે !'

હરિભક્તો તો વિચારમાં પડી ગયા કે આ અજાતશત્રુ પુરુષે વિરોધનો - અવગુણનો એકડો જિંદગીમાંયે નથી ઘૂંટ્યો, ત્યાં તેમની ગુણગ્રાહક દૃષ્ટિની અમર્યાદ વિશાળતા સિવાય શું સંભવે ?

અહીં રાત્રિસભામાં રામવાડી ભજન મંડળ હંમેશાં સ્વામીશ્રી પાસે કીર્તનો વગેરે ગાવા અને પોતાની કળા પાવન કરવા આવે. સ્વામીશ્રી પણ તેના ભજનિકોને આદર આપે, રાજીપો બતાવે અને ધબ્બા આપી પ્રસાદ પણ આપે. સૌને સ્વામીશ્રીની દિવ્ય પ્રતિભાનું અનેરું આકર્ષણ હતું.

એક દિવસ આ મંડળના ભજનિક બચુભાઈ જાનીને સંકલ્પ થયો કે 'સ્વામીશ્રી મોટા માણસને હાર પહેરાવે છે તેમ મને પણ હાર પહેરાવે કે નહિ ?'

તેઓ લાઇનમાં સ્વામીશ્રીને પગે લાગવા આવ્યા ત્યારે સ્વામીશ્રીએ બાજુમાં પડેલો હાર લીધો ને બચુભાઈને પહેરાવતાં કહે : 'આ ગવૈયાના સંકલ્પનો હાર.' પછી કહે : 'હવે આવા સંકલ્પ ન કરવા !'

બચુભાઈ તો અંતર પકડવાની આ શક્તિથી દિંગ થઈ ગયા. તેમને સ્વામીશ્રી સાથે આત્મીયતા થઈ. તેઓ અવારનવાર દર્શને આવી 'જોગીરાજ'ને પોતાનાં કીર્તનગાનથી રીઝવતા.

આ વખતે સ્વામીશ્રી સાથે ફરતા એક ડોળી સંતની માથાની ગરમ ટોપીમાં કોઈ ટીખળી યુવકે કૌચ ભભરાવી. તે સંતને આ ખબર પડી એટલે તેણે કોઈ ન જાણે તેમ સ્વામીશ્રીની ટોપી સાથે પોતાની કૌચવાળી ટોપી બદલી નાખી. ટોપી પહેરવા જતાં સ્વામીશ્રીને માથામાં ખૂબ જ ખૂંચવા લાગ્યું ને ખંજવાળ આવવા લાગી. સ્વામીશ્રીની ચામડી અતિ કોમળ તેથી લાલઘૂમ થઈ ગઈ. પછી તો છાણ વગેરેથી માથું ધોયું અને ખંજવાળ કંઈક ઓછી થઈ.

આ વાતની મોટેરા હરિભક્તોને ખબર પડી. તેઓ તે સંત પર પગલાં લેવા

વિચારવા લાગ્યા. તે જાણી સ્વામીશ્રીએ કહ્યું : ‘એમને કોઈએ કાંઈ કરવાનું નથી. આ વાત સંભારવી જ નહિ. આપણને કાંઈ થયું જ નથી અને થવાનું નથી.’

સ્વામીશ્રીના મુખ પર કોઈ પ્રકારની ગ્લાનિનાં ચિહ્ન નહોતાં. આવા પ્રસંગોમાં એમને ક્યારેય રોષ કે વેરની રંચમાત્ર લાગણી ઉદ્ભવી નહોતી. કૃતઘ્ની જીવો ઉપર પણ કેવળ દયા જ વરસાવી છે. સદ્ગુરુ નિષ્કુળાનંદ સ્વામીનાં વચનો એમને સહજ સિદ્ધ હતાં :

‘કેને દુઃખ દેવાનો દિલમાં રે, ભૂલ્યે ભૂંડો ભાવ નથી.
પર ઉપકારે પળેપળમાં રે, ઊપજે ઈચ્છા અંતરથી.’

શનિવાર, તા. ૧૮-૮-’૫૬, ગ.પ્ર. ૨૦ વચનામૃત વંચાવતાં સ્વામીશ્રી કહે : ‘પ્રગટ સત્પુરુષને પોતાનો આત્મા માનવો. હાથમાં હાથ, પગમાં પગ એમ ધારવા. જેતલપુર પહેલા વચનામૃત પ્રમાણે સત્પુરુષમાં આપોપું કરવું. સબીજ આત્મા છે તે માનવો પણ નિર્બીજ જે આત્મા છે તેનું મનન કર્યે અક્ષરરૂપ નહિ થવાય. આખા સત્સંગમાં આ જ ખોટ છે કે ગુણાતીતને પોતાનો આત્મા નથી માનતા. સત્સંગ થયો તે શું ? સત્પુરુષમાં આત્મબુદ્ધિ. જેને સત્સંગ થયો છે તેને સહેજે સત્પુરુષમાં પોતાનો આત્મા મનાય છે.

‘જ્ઞાન સાંભળવા બેઠા પણ આપણને સંકલ્પ બહુ થાય છે. સંકલ્પ પડ્યા મૂકીને એકાગ્ર ચિત્તે સાંભળવું.

‘કુંકાવાવના દામોદર ભક્ત હતા. તેમણે સભામાં છે.૭ વચનામૃત વાંચવામાં કાંઈ ગરબડાટ કર્યો. ત્યાં સભામાં ગીલા ભક્ત મહારાજના મળેલા ને નિરાવરણ દૃષ્ટિવાળા બેઠેલા. તે કહે : ‘કથા વાંચવામાં ગરબડાટ કર્યો ને મહારાજ, સ્વામી ચાલ્યા ગયા. માટે કથામાં મહારાજ, સ્વામી, સંતો પ્રગટ બિરાજતા હોય તો તેની મર્યાદા રાખી, સભામાં શાંતિ રાખવી. છે. ૭મું વચનામૃત - દેહ છતાં જ મળ્યા છે, એમ કેફ રાખવો.

‘છતી દેહે પામ્યા ધામ, વળી પામ્યા પૂરણકામ; સાચે સાચું કહેશું...’

‘આવી રીત જ્યાં છે ત્યાં ભગવાન સાક્ષાત્ નિવાસ કરીને રહ્યા છે.’

શ્રાવણ સુદ બીજથી પૂનમ સુધી વચનામૃત અને સ્વામીની વાતોનું પારાયણ થયું હતું. સવાર-સાંજ આ કથામૃતનો પણ સૌ લાભ લેતા.

શ્રાવણ વદ ૫, રવિવાર, તા. ૨૬-૮-’૫૬, મુંબઈથી રાતની લોકલમાં નીકળી મળસ્કે સંતો-હરિભક્તોની સાથમાં સ્વામીશ્રી બિલીમોરા પધાર્યા. સ્ટેશનથી ઘોડાગાડીમાં ઉતારે પહોંચ્યા.

સવારે ગામના પ્રતિષ્ઠિત માણસો, વેપારીઓ વગેરે દર્શને આવ્યા. આ તો ચમકનો પહાડ હતો, તેથી અનેક મુમુક્ષુજનો ખેંચાયા. સ્વામીશ્રીએ ઉકાળો પીતાં શાંતિભાઈને કહ્યું : 'અહીં વિઠ્ઠલભાઈ શિવાભાઈ પટેલ શાસ્ત્રીજી મહારાજના વખતના હરિભક્ત રહે છે. તેમને ખબર આપો કે સ્વામી આવ્યા છે.'

શાંતિભાઈએ પૂછપરછ કરતાં સરનામું મળી ગયું. તેઓ તરત જ તેમની મોટર લઈને સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. શાસ્ત્રીજી મહારાજની ઘણી સ્મૃતિ કરી. મોટર સેવામાં મૂકી ગયા. શાંતિભાઈને સારો સહકાર મળી ગયો; કારણ, સંતો માટે મોટરની વ્યવસ્થા થઈ શકી નહોતી. સ્વામીશ્રી ત્યાં ચાર દિવસ રોકાયા.

આ પછી સ્વામીશ્રી વર્ષમાં એક વખત બિલીમોરા પધારતા અને ત્યાંથી દોણજા, ઉનાઈ, ધરમપુર વગેરે સ્થળે પણ પધારતા.

આ વખતે એક મોટર તથા બસ ભાડે કરી ઉનાઈ, વાંસદા થઈ દોણજા જવા નીકળ્યા. વાંસદા રાજકુટુંબે સ્વામીશ્રીનું ભાવથી સ્વાગત કર્યું. પછી દોણજા આવ્યા. અહીં નદીમાં સંતો-હરિભક્તો સાથે સ્નાન કરવા પધાર્યા. બપોરે શિખંડ-પૂરીની રસોઈ હતી. સ્વામીશ્રી સંતો સાથે થાળ બોલવા બેઠા. *'અવિનાશી આવો રે'* એ મોટો થાળ તથા બીજા બે થાળ બોલીને કહે : 'હવે થાળ લઈ લ્યો.' સૌએ જોયું તો થાળમાંથી એક આખી અને એક અડધી પૂરી, ત્રણ બટાટાવડાં ઓછાં થયેલાં ! શિખંડની વાટકીમાં આંગળીઓ ખૂંચેલી હોય એવી છાપ હતી. સૌને અત્યંત આશ્ચર્ય થયું ને વિચાર્યું કે સાક્ષાત્ શ્રીજીમહારાજ થાળ જમી ગયા. શ્રીજીમહારાજ સ્વામીશ્રીની ભક્તિને વશ છે તેની સૌને પ્રતીતિ થઈ.

વલસાડ થઈ સ્વામીશ્રી અટલાદરા પધાર્યા. જન્માષ્ટમીની સભામાં મોતીભાઈએ સ્વરચિત કાવ્યગાન કરી સભાજનોને પ્રાપ્તિની ખુમારીમાં મૂકી દીધા. નડિયાદના ભાઈલાલભાઈએ સંકીર્તન દ્વારા ભગતજી મહારાજનું આખ્યાન રજૂ કર્યું. સ્વામીશ્રી, મોટાસ્વામી, સંતસ્વામી તથા ઘનશ્યામ સ્વામીએ કથાવાર્તાનો લાભ આપ્યો. કાનમ, વાકળ અને ચરોતરના હજારો હરિભક્તોએ ઉત્સવનો લાભ લીધો. કોઠારી અક્ષરસ્વરૂપ સ્વામીએ સ્વયંસેવકોની મદદથી સારી વ્યવસ્થા પૂરી પાડી હતી.

અહીંથી આણંદ થઈ શ્રાવણ વદ ૧૦ના રોજ ૧૧ સંતો, ૬ પાર્ષદો તથા ૭૭ હરિભક્તોના સંઘ સાથે સ્વામીશ્રી અમદાવાદથી ભુજ જવા નીકળ્યા.

❀ ❀ ❀



કચ્છની પંચતીર્થીમાં

સ્વામીશ્રીએ કચ્છ-ભુજની યાત્રામાં વિનુભાઈ, નિરંજનભાઈ, મધુભાઈ જસાણી વગેરે યુવકોને સાથે લીધા હતા. સ્વામીશ્રી ફર્સ્ટ ક્લાસના ડબ્બામાં હતા, તેથી યુવકોને રસ્તામાં એમનાં દર્શનની બહુ આશા નહોતી. ત્યાં કલોલ સ્ટેશને ગાડી ઊભી રહી. યુવકો નીચે ઊતરીને સ્વામીશ્રીના ડબ્બા પાસે આવ્યા. સ્વામીશ્રી પોતાના ડબ્બા પાસે જ ઊભા હતા. યુવકોના આનંદનો પાર ન રહ્યો. સ્વામીશ્રીએ ખૂબ વાતો કરી બ્રહ્માનંદ કરાવ્યો. યુવકોની ગ્લાનિ દૂર થઈ ગઈ.

આફ્રિકાના કરસનભાઈ, વેલજીભાઈ વગેરે ભક્તોએ સ્વામીશ્રીને કચ્છમાં ભુજ આદિ તીર્થસ્થાનોનાં દર્શન કરવા માટે અને પોતાને સ્વામીશ્રીની દર્શન-સેવાનો લાભ મળે એ હેતુથી તેડાવેલા. આ પ્રવાસની આગળથી વ્યવસ્થા કરવા માટે સ્વામીશ્રીએ નાથાલાલ યોગીનાને મોકલ્યા હતા.

શ્રાવણ વદ એકાદશી, તા. ૩૧-૮-'૫૬ને દિવસે ટ્રેન-રસ્તે સ્વામીશ્રી ભુજ પધાર્યા. સ્વામીશ્રીનો ભુજનો કાર્યક્રમ વર્તમાનપત્રમાં આપવામાં આવ્યો હતો. જૂના મંદિરના સંતોને આની જાણ થતાં તેમણે પત્રિકાઓ છપાવી કે 'બોચાસણના છે, બંડિયા છે, માટે કોઈએ દર્શન કરવાં નહિ.'

પરંતુ અહીં તો બૅન્ડ-વાજાં મગાવીને સ્વામીશ્રીના સ્વાગત માટે ભવ્ય તૈયારીઓ કરી હતી. ગામના હરિભક્તો ઊમિયાશંકર જેઠી, હરજીભાઈ ગાંધી, લાધાભાઈ, પુરુષોત્તમભાઈ તથા કરસનભાઈ આદિ સર્વે સ્વામીશ્રીને સ્ટેશને લેવા માટે ગયા. તે સર્વેના મનમાં સંકલ્પ થતા હતા કે 'નગરયાત્રામા કોણ આવશે ? આ તો મશ્કરી જેવું થશે.' પરંતુ નાથાલાલ યોગીનાએ ઉત્સાહપૂર્વક કહ્યું : 'સ્વામીશ્રી તો ચમકનો પહાડ છે, તેથી જેટલા આ ભુજનગરમાં મુમુક્ષુઓ હશે તે બધાય ખેંચાઈ આવશે. માટે ચિંતા કરશો નહિ.'

બન્યું પણ એવું જ. સ્ટેશનથી નગરયાત્રા નીકળી, ત્યાં માણસો

કીડિયારાની જેમ ઊભરાવા લાગ્યા. લોકોને સાચવવા પડે એટલી ભીડ જામી ગઈ. જેથી તરત જ વ્યવસ્થા માટે પોલીસપાર્ટી આવી ગઈ અને ભુજમાં બહુ જ મોટી નગરયાત્રા તે દિવસે નીકળી.

બે ઘોડાની બગીમાં બિરાજેલા સ્વામીશ્રી નીચું મુખ રાખીને હાથમાં માળા ફેરવી રહ્યા હતા. એમનાં દર્શન થતાં ભુજના ભાવિકોના મુખમાંથી એક જ શબ્દ નીકળતો હતો કે 'આ સ્વામિનારાયણના સાચા પરમહંસ સ્થિતિવાળા, સિદ્ધકોટિના સંતપુરુષ છે.' એવા સંતનાં દર્શન થયાં તે માટે સૌ પોતાનાં અહોભાગ્ય માનવા લાગ્યા.

કરસનભાઈ ઊમિયાશંકર જેઠી આદિ સૌ ભુજના જૂના હરિભક્તો પણ અત્યંત રાજી થયા અને તેમના અંતરમાં પ્રતીતિ થઈ કે સ્વામીશ્રીમાં શ્રીજીમહારાજ અખંડ વિરાજમાન છે, તેથી જ આટલા મોટા પ્રમાણમાં માનવમહેરામણ નગરયાત્રામાં જોડાઈ ગયો. નહિતર આવું કદી પણ સંભવિત નહોતું.

ભુજમાં સ્વામીશ્રીનો તથા સંતોનો ઉતારો ગંગારામ મલ્લની વાડીમાં હતો. પહેલી રાત્રે સ્વામીશ્રી લઘુ કરવા ઊઠ્યા અને નાથાલાલ યોગીનાને પગના સ્પર્શથી ઊઠાડ્યા. તેમણે સ્વામીશ્રીનો હાથ ઝાલી લીધો.

રાત્રિના બરાબર બે વાગ્યા હતા. લઘુની ચોકડી સામે જરા દૂર એક છીપરનો નાનો ઓટલો હતો. ત્યાં બેસીને એક માણસ રડતો હતો. તેનાં ડૂસકાં સાંભળીને સ્વામીશ્રી કહે : 'સામે કોણ બેઠું છે ? આપણે ત્યાં જઈએ.' એમ બોલતાં સ્વામીશ્રી તેની પાસે ગયા. તેને રડતો જોઈને સ્વામીશ્રી તેને શાંત કરતાં તેની ઓળખાણ પૂછવા લાગ્યા.

તે જેઠાભાઈ કાળીદાસ, રેલવેમાં કામ કરતા વડોદરાના સત્સંગી હતા અને આ યાત્રા-પ્રવાસમાં તેઓ સાથે આવ્યા હતા. સ્વામીશ્રીએ તેમને રડવાનું કારણ પૂછ્યું. ત્યારે તેમણે કહ્યું : 'બાપજી ! મારા પગે ખરજવું છે અને તેના દુઃખથી રહેવાતું નથી.'

સ્વામીશ્રી તેની પાસે બેસી ગયા અને ઘણા પ્રેમથી તેના પગ ઉપર હાથ ફેરવવા લાગ્યા. સ્વામીશ્રીનો મૃદુ સ્પર્શ થતાં જ દર્દ ક્યાં ગાયબ થઈ ગયું તેની સમજ ન પડી. થોડી વાર સુધી સ્વામીશ્રીએ ખરજવાની જગ્યાએ હાથ ફેરવ્યો અને બોલ્યા : 'ખરજવું મટી ગયું છે. હવે પીડા નહીં કરે. તમે સૂઈ જાવ.'

એ વખતે સ્વામીશ્રીની આંખોમાંથી કરુણાનો પ્રવાહ સૌમ્ય તેજરૂપે વહી રહ્યો હતો. રાત્રિના અંધકારમાં જેઠાભાઈ તથા નાથાલાલ યોગીનાને આ સૌમ્ય

તેજના દર્શન થયા.

સ્વામીશ્રી ધૂળથી હાથ ધોઈ નાથાલાલને સૂવાનું કહી પોઢી ગયા. સવારે તો જેઠાભાઈનો પગ ડાઘ વગરનો થઈ ગયો, જાણે ખરજવું હતું જ નહિ ! એ પછી જેઠાભાઈને ફરી ક્યારેય ખરજવું થયું ન હતું. દયાળુ સ્વામીશ્રી રાત્રે લઘુ કરવા માટે જાણે કે જેઠાભાઈનું દુઃખ નિવારવા જ ન ઊઠ્યા હોય, એની નાથાલાલને દૃઢતા થઈ.

મહિમા દ્વારા ભક્તિરસનું સિંચન

બીજે દિવસે ભુજનાં પ્રસાદી સ્થાનોનાં દર્શન કર્યાં. ગામથી થોડે દૂર જ્યાં સુધી શ્રીજીમહારાજને ભુજના હરિભક્તો તેડવા તથા વળાવવા આવતા તે રા'ણનાં દર્શન કર્યાં, પ્રદક્ષિણા કરી, ત્યાં જ સભા કરી. સ્વામીશ્રીએ કહ્યું : 'આ ભુજમાં શ્રીજીમહારાજ બહુ રહેલા. બધી જ રમણરેતી. અહીંની યાત્રા માટે બે વખત નક્કી કરેલું, પણ પાછું ઠેલાણું. તેમાં શ્રીજીમહારાજનો સંકેત હોવો જોઈએ. આવાં દર્શન ન થાત. સત્પુરુષને સંબંધે કરીને જીવને સંસ્કાર થાય છે, તે એક જન્મે કે બે જન્મે જરૂર પાર પડે.'

અહીંથી જણસાળીના રઘુનાથજી મંદિરમાં દર્શન કરી સ્વામીશ્રી ત્યાં બિરાજ્યા અને બોલ્યા : 'ભગવાન ભજીએ છીએ તે અલભ્ય લાભ થયો છે. તે લાભ કયો ? તો આ જગ્યાએ શ્રીજીમહારાજ બિરાજેલ. તે સ્થાનકે મોટા મોટા ઈશ્વરોને પણ બેસવા ન મળે, તે આપણને બેસવા મળ્યું, તે અહોભાગ્ય કહેવાય.'

સ્વામીશ્રી શ્રીજીની પ્રસાદીની રજેરજનો આવો અપૂર્વ મહિમા દરેકને સમજાવતા અને ભક્તિરસનું સૌમાં સિંચન કરતા. વળી સાથે આવેલા યુવકોને પણ દરેક સ્થાનનો મહિમા કહે. પોતે પણ વારંવાર દર્શન-દંડવત્ કરે.

અહીંના સ્થાનિક હરિભક્તોને શ્રીજીમહારાજે પરમહંસોને દંડવત્ કરેલા એ વાત ત્રણ વાર ફરી ફરીને સંભળાવી. છતાં સ્વામીશ્રી જાણે ધરાતા ન હોય તેમ અત્યંત ઉમંગથી શ્રદ્ધા અને મહિમાપૂર્વક તે વાત સાંભળી. હજુ સાંભળવા તત્પરતા જણાવતા હતા.

પછી યુવકોને સંબોધીને કહે : 'શાસ્ત્રીજી મહારાજના મળેલા હરિભક્તોનાં નામ દઈએ છીએ, સ્મૃતિ કરીએ છીએ, તે અંતરમાં ટાઢું થઈ જાય છે. માળાના મણકામા આવે તેવા ભક્તો મહારાજ છતાં હતા. એવા આજે પણ છે.'

પછી ફરીથી એક યુવકને પૂછ્યું : 'અહીંનો શું પ્રસંગ છે ?'

પેલા યુવક બોલ્યા : ‘અડધો ગાઉ દૂર નવા પરમહંસોની મંડળી આવતી હતી, તેમને શ્રીજીમહારાજે અહીંથી દંડવત્ કર્યા. પરમહંસોએ પણ સામે દંડવત્ શરૂ કર્યા.’

આ વાત ચોથી વખત થઈ. આ પ્રસંગે સ્વામીશ્રી કહે : ‘બરાબર યાદ રાખી લો. ૫૧ સાધુ બનાવવા છે. આપણે બહુ કામમાં આવશે.’

ત્યાંથી કંથકોટમાં જૂના મંદિરે દર્શને ગયા. ત્યાંના સિંહાસનમાં ઠાકોરજી મૂક્યા એટલે મંદિરના પૂજારી પાર્ષદે ના પાડી. સેવકોએ ઠાકોરજી લઈ લીધા. પછી ભગતે સંધ્યા આરતી શરૂ કરી. ચાલુ આરતીએ સ્વામીશ્રીએ વિનુભાઈને કહ્યું : ‘ઠાકોરજી સિંહાસનમાં મૂકી દો.’ તેઓ તો મૂકી આવ્યા. ચાલુ આરતીએ પેલા ભગત કેવી રીતે વિરોધ કરે ? તેથી થોડા ધૂંધવાયા. પણ ઠાકોરજીનો આરતીનો સમય સચવાઈ ગયો તેથી સ્વામીશ્રી બહુ રાજી થયા અને આરતી પછી સેવક પાસે લેવડાવી દીધા.

અષ્ટકો પછી સ્વામીશ્રીએ પેલા પાર્ષદને કહ્યું : ‘આ તો ગુણાતીતાનંદ સ્વામીના ઠાકોરજી છે, પ્રસાદીના છે, માટે દર્શન કરો.’ એમ કહી તેને અણગમો હતો છતાં દર્શન કરાવ્યાં ! સંસ્કાર પડે ને ! સ્વામીશ્રીના અંતરમાં આ જ સૌથી મોટું તાન !

જક્ત વિકાર અસાર બહાવે

આ યાત્રામાં સંઘની રસોઈની જવાબદારી નારણભાઈ શેઠને સોંપી હતી. તેમને જુદી જુદી રસોઈ કરીને સ્વામીશ્રી, સંતો, હરિભક્તોને જમાડવાનો ઘણો ઉમંગ. તેથી રાજકોટથી મનુભાઈ કંદોઈને સાથે લાવ્યા હતા. ભુજમાં એક દિવસ ગરમાગરમ જલેબીની રસોઈ તૈયાર કરાવી. સ્વામીશ્રીએ પ્રમુખસ્વામી, બાલ-મુકુન્દદાસ સ્વામી આદિ સંતોને જલેબી પીરસી પત્તર ભરી દીધાં. વિનુભાઈ નિરંજનભાઈ, મધુભાઈ વગેરે યુવકોને પણ ખૂબ જલેબી પીરસી. બધાને જમાડીને તૃપ્ત કર્યા.

એ વખતે અમદાવાદના પ્રભાશંકર પંડ્યા પીરસવાની સેવા કરતા હતા. બધા જમી રહ્યા પછી પ્રભાશંકર પંડ્યા ગરમાગરમ જલેબીની એક ટોપલી લઈને જમવા માટે ઉપર ગયા. તેમને જલેબી બહુ ભાવે, પણ પીરસવાની સેવા સોંપેલી તેથી પહેલી પંગતમાં બેસી શકે નહિ. તેથી મનમાં થયું : ‘હવે નિરાંતે જલેબી જમીશું.’

તેમણે ઉપર જઈ જમવાની શરૂઆત કરી. એવામાં સ્વામીશ્રી પધરામણીએ જવાના હોઈ ઉપર પધાર્યા. માથે પાઘ મૂકતાં કહે : 'પંડ્યા ! પીરસવાની સેવા થઈ ગઈ ? જાવ, નીચે પીરસો. અહીં ઉપર કેમ બેઠા છો ?'

'હા બાપા ! જઉં છું,' કહેતાં તેઓ તરત જ નીચે આવ્યા.

થોડી વારમાં બધા જમી રહ્યા. કોઈ બાકી ન હતા. તેથી પ્રભાશંકર પંડ્યા ફરી જમવા બેસવાનો વિચાર કરવા લાગ્યા. ત્યાં સ્વામીશ્રી નીચે ઊતર્યા અને તેમને બોલાવી કહે : 'પંડ્યા ! હવે પતરાવળાં ઉપાડી લ્યો.'

પતરાવળાં હજુ જેમનાં તેમ પડ્યાં હતાં, તેથી ના કહી શકાય તેમ ન હતું. તેઓ પતરાવળાં ભેગાં કરવા લાગ્યા. પછી વાસણ ઊટકવા માટે કાઢી આપ્યાં. એક-બે હરિભક્તો આવ્યા. તેમને પીરસ્યું ત્યાં લગભગ પોણો કલાક વીતી ગયો. ગરમ જલેબી હવે ઠંડી પડી ગઈ હતી અને ગરમાગરમ જલેબી ખાવાનો પ્રભાશંકરભાઈનો વેગ શમી ગયો હતો.

તેમણે મનોમન વિચાર્યું કે સ્વામીશ્રી સાથે ફરનારા સંતો-યુવકો તદ્દન નિઃસ્વાદી છે અને મારામાં કેવો સ્વાદ ! આ સ્વભાવ મને ન ઘટે. તેમણે મનોમન સ્વામીશ્રીને પ્રાર્થના કરી કે આપની જેમ મને પણ નિઃસ્વાદી બનાવજો !

સત્પુરુષની આ જ ખાસિયત હોય છે. જીવને ભગવાન અને ગુણાતીત સંત સિવાયની બધી વાસનાથી મુક્ત કરી દેવો અને તે જ પ્રકારના સંજોગો સર્જવા.

સંશયહર્તા ને કલ્યાણકર્તા

રાત્રે ઉતારે સભા થઈ. ભુજના ભાવિક ભક્તોથી હૉલ ચિક્કાર ભરાઈ ગયો. સૌ સ્વામીશ્રીની અમૃત વાણી સાંભળવા ઉત્સુક હતા. થોડા જ શબ્દોમાં સ્વામીશ્રીએ ઘણી જ પ્રેરણાત્મક વાતો કહી :

'કરોડ કામ બગાડીને આપણો મોક્ષ સુધારવો. આપણે ટૂંકી આવરદામાં પણ કેટલા મનસૂબા કરીએ છીએ ! જેથી શાંતિ થતી નથી. પણ સત્પુરુષના સમાગમથી જ્ઞાન થાય છે, અને આશા અને તૃષ્ણાનું દુઃખ મટી જાય છે. સત્સંગ તો નિવૃત્તિ લઈએ ત્યારે થાય; વાડ વિના વેલો ચડતો નથી, તેવી જ રીતે સત્પુરુષના સમાગમ વિના મોક્ષ થતો નથી.

'બે ભાઈઓ હતા. એક હંમેશાં સંત-સમાગમ કરી મનનું સમાધાન કરે; બીજો પૈસાવાળો, તે દર વર્ષે તીરથ કરે, બ્રાહ્મણ જમાડે, દસ હજાર રૂપિયા ખર્ચે. તેણે એક દી' નાનાભાઈને કહ્યું : 'સાધુ પાસે શું પડી રહે છે ? હાલો

તીરથ કરવા.' નાનોભાઈ કહે : 'મને શ્રદ્ધા નથી ને પૈસા પણ નથી.'

'પૈસા હું આપીશ.'

'પણ નાનાભાઈએ કહ્યું : 'મારા વતી આ તુંબડીને તીરથ કરાવો. તેમાં હું આવી ગયો.'

'મોટાભાઈ તો ગયા. પોતે નહાય તે પહેલાં તુંબડીને નવડાવે, ગંગામાં પોતે એક ડૂબકી ખાય ને તુંબડીને દસ ડૂબકાં ખવડાવે, ને પૂજારીને રૂપિયો આપીને ઠેઠ ભગવાન આગળ પ્રસાદીની કરાવે. એમ ખૂબ તીરથ કરી છ મહિને ઘેર આવ્યા. ગામમાં સામૈયું થયું. બધાએ જમવાનું આમંત્રણ દીધું.

'એક દી' નાનાભાઈના ઘરે જમવાનું હતું. અખાત્રીજનો દિવસ હતો. નાનાભાઈએ પૉલિસી (યુક્તિ) કરી. તુંબડીને કાપી તેમાં પાણી ભર્યું. મોટાભાઈ આવ્યા. તે તીરથની વાત કરવા મંડી પડ્યા કે દસ વરસની યાત્રા તુંબડીને કરાવી છે. નાનોભાઈ કહે : 'વાહ, વાહ ! તો તો મહાપ્રસાદીની થઈ ગઈ. હવે આપ તેનું પાણી પીઓ.' પછી મોટાભાઈએ જ્યાં ઘૂંટડો પીધો ત્યાં કડવાશ આખા શરીરમાં વ્યાપી ગઈ ને 'બહુ કડવી... બહુ કડવી...' એમ કહીને ફેંકી દીધી. બે દી' ગળ્યું ખાધું પણ કડવાશ ગઈ નહિ. ત્રણ દી'એ માંડ માંડ મટી.

'પછી નાનાભાઈએ તુંબડી એક સંતને આપી. તે સંતે ચાકા વડે ગાળ કાઢી નાખી, તે કડવાશ નીકળી ગઈ.

'છ મહિને નાનાભાઈએ બાપાના શ્રાદ્ધ નિમિત્તે મોટાભાઈને જમવા બોલાવ્યા ને ઓલી તુંબડી મૂકી. મોટાભાઈ ચમક્યા : 'હવે હું આ તુંબડીનું પાણી પીવાવાળો નહિ.'

'પછી નાનાભાઈએ સમજાવ્યું કે 'કડવાશ સાધુએ કાઢી નાખી છે. લ્યો હું પી દેખાડું.' એમ કહી થોડું પીધું. મોટાભાઈને વિશ્વાસ બેઠો ને તેમણે જ્યાં એક ઘૂંટડો પીધો ત્યાં તો આંખનાં ચશ્માં ઠરી ગયાં. મીઠું ધરાખ (દ્રાક્ષ) જેવું પાણી.

'માળું, આ શું ?'

'નાનોભાઈ કહે : 'તમે હજાર વરસ તીરથ કરશો પણ કડવાશ નહીં જાય. સંત-સમાગમ કરશો તો જશે. તમારામાં લોભ, માન વગેરે છે. હું ગરીબ છું. મારામાં ક્રોધ, માન નથી. કોઈ બે ધુંબા મારે તો ખમું છું ને તમે ફજેત કરો છો.'

'મોટાભાઈ સમજુ હતા. તે કહે : 'વાત તો સાચી.' પછી નાનાભાઈની જેમ મોટાભાઈ પણ એકાંતિક, આત્મદર્શી, બ્રહ્મનિષ્ઠ ને સુપાત્ર હોય તેવા સંતનો સમાગમ કરવા લાગ્યા ને વરસમાં તેની કડવાશ નીકળી ગઈ.

'સંતનો સમાગમ કરીએ તો દોષો નીકળી જાય ને શાંતિ થઈ જાય. ગ.પ્ર. ૧૪માં કહ્યું છે : 'ભગવાનની મૂર્તિ ચિંતામણિ છે અને સંતનો સમાગમ પરમ ચિંતામણિ ને કલ્પવૃક્ષ છે.' માટે સાચા સંતને મળીને ભગવાનનું ભજન કરી લેવું. સાચા ગુરુ મળ્યા સિવાય ભગવાનનું ભજન થતું નથી. માટે જ્ઞાન શીખવા મોક્ષભાગી ગુરુ કરવા. ઉઘાડી આંખ રાખી, ગુરુ શોધી મોક્ષ સુધારી લેવો.'

તે વખતે એક જિજ્ઞાસુ સ્વામીશ્રીને પૂછવા માટે ૨૫ પ્રશ્નો લખીને લાવ્યા હતા. તેમણે નાથાલાલ યોગીનાને આ વાત કરી. ત્યારે તેમણે કહ્યું : 'ચાલુ કથામાં પ્રશ્નો ના પુછાય. કથા પૂરી થયા પછી તમારે જે પૂછવું હોય તે પૂછજો. સ્વામીશ્રી પાસે તમને મુલાકાત કરાવી આપીશ.'

તેને સંતોષ થયો. કથા પછી નાથાલાલ કહે : 'તમે મારી સાથે અંદર ચાલો.'

ત્યારે તે જિજ્ઞાસુએ હસીને જવાબ આપ્યો : 'મારા બધા પ્રશ્નોના ખુલાસા સ્વામીશ્રીએ કથામાં જ કરી દીધા ! મને અત્યંત આનંદ થયો છે. આ તો સાચા અંતર્યામી સિદ્ધપુરુષ છે.'

'આપે સમર્થને સર્વે સહે'

ભુજમાં પોલીસ ક્વાર્ટર્સમાં બહુ મોટી જાહેર સભા યોજાઈ હતી. લગભગ બધા જ નવા મુમુક્ષુઓ હતા. એટલે સ્વામીશ્રીએ સાથેના એક ભણેલા સાધુને પ્રવચન કરવા કહ્યું, પણ તે કહે : 'મારું ગળું દુઃખે છે.' જો કે તે બહાનું જ હતું.

સ્વામીશ્રી આ જાણતા હતા. વળી તે હઠીલા હતા એટલે માનવાના નથી તે પણ ખાતરી હતી. છતાં સ્વામીશ્રીએ તેમને મંચ ઉપર જ ભરી સભામાં દંડવત્ કર્યા, પણ તેમણે અવળાઈ મૂકી નહીં. તે એકના બે ન થયા.

પછી સ્વામીશ્રીએ કીર્તનો ગાઈ, દૃષ્ટાંતો આપી, ઘણી સુંદર વાતો કરી. આખી સભા બ્રહ્માનંદમાં ગરકાવ થઈ ગઈ. સૌને ખૂબ જ આનંદ આવ્યો તેમજ સ્વામીશ્રીનો બહુ ગુણ આવ્યો. પેલા સાધુની જરાય ખોટ જણાઈ નહિ. ઊલટું, સારું જ થયું કે સર્વેને સ્વામીશ્રીની અમૃત વાણીનો વિશેષ લાભ મળ્યો.

આવા અવળા સાધુ સ્વામીશ્રી સાથે જોડમાં ફરતા. તેની અકોણાઈ પોતે હંમેશાં સહન કરતા, પણ સ્વામીશ્રી કદી કોઈને કળાવા દેતા નહિ. સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ આજ ગુણને ખૂબ સુંદર શબ્દદેહ આપ્યો છે :

'આપે સમર્થ ને સર્વે સહે, એવું નિરમાનીપણું ગ્રહે,
કરે તુચ્છ જીવ તિરસ્કાર, તે પર રોષ ન કરે લગાર.'

બીજે દિવસે માનકૂવા, ભારાસર અને સામત્રા દર્શન કરવા ગયા. માનકૂવા પાસે વિચેન્દ્ર સરોવર પ્રસાદીનું છે, તેથી એ સરોવરમાં નાહવાની સ્વામીશ્રીએ સૌને આજ્ઞા કરી. પછી પ્રસાદીના પીપળા નીચે સભા ભરી વાત કરી : 'તીર્થને વિષે જળની બુદ્ધિ ન કરવી અને ભગવાનના ભક્તને વિષે જાતિની બુદ્ધિ ન કરવી. આપણા પ્રભુ તો આજ પૃથ્વી ઉપર બિરાજમાન છે. આ વાતમાં ઘણો જ મર્મ છે, તે સમજતા હોય તે સમજે. આગળ ધોળકા, અમદાવાદ આવશે, તેમાં કશું જોવાનું નથી. ને જે જોવાનું છે, સેવા કરવાનું છે, તે તો તમારા ભેગું છે. તેની સામું જોઈ રહો. પણ આ વાત સમજાય તેવી નથી. બીજું કાંઈ કરવાનું નથી. એના થઈને એને જીવ સોંપી દેવો, એટલે બધુંય કરી રહ્યા છીએ. અક્ષરધામમાં મહારાજ આમ ને આમ ઉત્તરાદે મુખારવિંદે બેઠા છે... હાલ મહારાજ પ્રગટ છે, તેમજ જ્ઞાન આપે છે, તેમજ નિયમમાં રાખે છે, તેમજ ધર્મ પળાવે છે, તેમજ ઉપદેશ આપે છે.' આવી રીતે ઘણી વાતો કરી જાત્રાનું અપૂર્વ સુખ અહીં આપ્યું. ક્યારેક જ સ્વામીશ્રી ભાવમાં આવી જઈ, આ મુદ્દાની વાતો બોલી સૌને સ્વરૂપની ઓળખાણ કરાવતા. પ્રાપ્તિનો અપાર મહિમા સમજાવતા.

આ તો હજુ પહેલી પેઢી

અહીં કથા પ્રસંગમાં અમદાવાદના અંબાલાલભાઈએ સ્વામીશ્રીને એક મહત્ત્વનો પ્રશ્ન પૂછ્યો કે 'સ્વામીની વાતોમાં આવે છે કે મહારાજ દસ-વીસ પેઢી સુધી સત્સંગમાં રહેશે, તેનો અર્થ કેમ સમજવો ? વળી વર્તમાનકાળે કેટલી પેઢી થઈ ?'

સ્વામીશ્રી હસતાં હસતાં બોલ્યા કે 'હજુ તો પહેલી જ પેઢી ચાલે છે ! એવો કોઈ વિપરીત દેશકાળ આવે અને સત્સંગ સાવ જતો રહે, ત્યારે શ્રીજી-મહારાજ અક્ષરધામના કોઈ મુક્તને મોકલે અને સત્સંગ પ્રવર્તાવે, ત્યારે બીજી પેઢી કહેવાય.'

ત્યારે અંબાલાલભાઈએ કહ્યું કે 'બાપા ! અમે તો એમ સમજતા હતા કે ગુણાતીતાનંદ સ્વામી પહેલી પેઢી, ભગતજી મહારાજ બીજી પેઢી, શાસ્ત્રીજી મહારાજ ત્રીજી પેઢી અને આપ ચોથી પેઢીમાં આવો.'

ત્યારે સ્વામીશ્રી બાલસહજ નિર્દોષભાવથી હસી પડ્યા અને ફરી બોલ્યા કે 'એમ ગણવાનું નથી. આ તો હજી પહેલી પેઢી જ છે.'

સ્વામીશ્રીનો ઉત્તર સાંભળીને સર્વે સંતો-હરિભક્તો અત્યંત રાજી થઈ

ગયા. શ્રીજીમહારાજે વચનામૃતમાં કહ્યું છે કે શાસ્ત્રના શબ્દ સત્પુરુષ સમજાવે છે ત્યારે અર્થ સ્પષ્ટ થાય છે; પણ પોતાની મેળે તો સમજાતા નથી.

સામત્રા તથા ભારાસરમાં દર્શન કર્યાં. અહીં મૂળજીભાઈના અત્યંત આગ્રહથી મંદિરમાં જ સભા ગોઠવી હતી. ઠાકોરજીની સંધ્યા આરતી સ્વામીશ્રીના વરદ હસ્તે થઈ. ધૂન-સ્તુતિ પછી હરમાનભાઈએ પ્રવચન કર્યું. સ્વામીશ્રીએ પણ અદ્ભુત વાતો કરી. સ્થાનિક હરિભક્તોએ દરેક યાત્રિકને સાકરના પડા ભેટ આપ્યા હતા.

બીજે દિવસે માંડવી દર્શન કર્યાં, દરિયા કિનારે મીઠીકૂઈનાં દર્શન કરી સ્નાન કર્યું. અહીં શ્રીજીમહારાજ અને ખૈયા ખત્રીનો સંવાદ થયો હતો, તે સ્થળે દર્શન કર્યાં. સ્વામીશ્રીએ નાથાલાલ યોગીનાનો હાથ પકડ્યો હતો. તેમને સાથે લઈ સ્વામીશ્રી થોડે દૂર એક મકાનના વાડામાં લીંબડો હતો ત્યાં પધાર્યા. લીંબડાને ભેટ્યા અને કહે : 'ઓહોહો ! આ તો મુક્તરાજ છે.'

નાથાલાલ કહે : 'બાપા ! આ તો નવો લીંબડો લાગે છે, પ્રસાદીનો નથી.'

'ના, ના, ગુરુ,' સ્વામીશ્રીએ કહ્યું : 'આ તો મુક્તરાજ છે.' એમ કહી ફરીથી ભેટ્યા અને સાંજે ભુજ પાછા ફર્યા.

ભાદરવા સુદ ૧, સુખપુર પધાર્યા. અહીં ચીફ કમિશનર ઘાટગે સાહેબ તથા પ્રેમજીભાઈ ઠક્કર સાથે રહીને લાઇબ્રેરીનું ઉદ્ઘાટન કર્યું. વિશાળ સભામાં સૌને દર્શન-આશીર્વાદનો લાભ આપ્યો. ત્યાંથી નારાયણ સરોવર પધાર્યા.

સત્પુરુષનો સચ્ચિદાનંદ ભાવ

અહીં વડ નીચે સભા કરી, કચ્છની મહારાજની લીલાનાં પુસ્તકોમાંથી 'પુરુષોત્તમ ગીતા'ના અધ્યાયો વંચાવ્યા અને શ્રીહરિના પુરુષોત્તમપણાની ઘણી જ વાતો કરી.

આ યાત્રામાં સ્વામીશ્રીનો વિરોધ એક યા બીજી રીતે થયા કરતો. તે અનુસંધાનમાં સ્વામીશ્રીએ કહ્યું : 'આવો મહિમા જો સમજાયો હોય તો ભેદભાવ ન રહે. *'તુલસી જાકે મુખન સે'* એ સાખી તુલસીદાસની છે, પણ ખરા ભક્તનાં લક્ષણ તેમાં છે. અહીંનો મુસલમાન અને મક્કાનો મુસલમાન - કાંઈ ફેર હોય ? તેમ સ્વામિનારાયણનું નામ લેનાર જે કોઈ હોય તે ખરો ભક્ત. ખરો ભક્ત હોય તે તો ભેટે, પણ આ તો 'બહાર કાઢેલા છે,' 'બંડિયા છે,' - પણ એવો તો ભાવ રહે જ નહીં.

'વચનામૃતમાં મહિમાના શબ્દો હોય તે પણ સત્પુરુષ થકી સમજાય. એકાંતિકનો ધર્મ એકાંતિક થકી જ સમજાય, પણ બીજાથી ન સમજાય. સત્પુરુષ તો સાચો રસ્તો મોક્ષનો બતાવે. પણ તેનું અપમાન કરે - એ રૂપ જે પથરા મારે તો તેમાં કાંઈ મોક્ષ મળે ?'

પછી દૃષ્ટાંત આપતાં કહે : 'સો આંધળા એક શેઠને ઘેર ઊતર્યા. શેઠે જમાડ્યા અને પાંચ રૂપિયા દરેકને આપ્યા. ભાથું બંધાવ્યું ને ભેળો વળાવો મોકલ્યો. રસ્તામાં ચાર ચોર મળ્યા. તેણે વળાવાને કહ્યું કે 'અમારે પણ સામે ગામ જાવું છે, તો અમે તેમને લઈ જા'શું.' પછી દરેકને કહે : 'અહીં ચોરનો ભય છે, માટે જોખમ હોય તો અમને આપી દો.' એમ છેતરીને રૂપિયા પડાવી લીધા. અને દરેકના હાથમાં પથરા આપીને સમજાવ્યું કે 'જો કોઈ તમને બોલાવે તો આ પથ્થરો મારજો,' એમ કહી રૂપિયા ૫૦૦ લઈને ચાલ્યા ગયા.

'બીજે દી' સવારના આંધળા જંગલમાં ભૂલા પડ્યા. અને સામેના ગામમાંથી પટેલ આવ્યા ને પૂછ્યું : 'ક્યાં જાવ છો ? આ તો વગડો છે અને સાચો રસ્તો તો આ બાજુ છે.' તો દરેકે પથરા માર્યા.

'એમ સત્પુરુષ સાચો રસ્તો મોક્ષનો બતાવવા આવે અને આપણે પથરા મારીએ તો મોક્ષ મળે કે ધક્કા ?

'ભગવાન જ્યારે પૃથ્વી ઉપર અવતાર ધારણ કરે છે, ત્યારે નર-નાટક કરે છે. પં. ૭ પ્રમાણે. તેમાં પણ આપણે નટનાં સ્ત્રી-છોકરાં થઈ જઈએ તો એ માયા કળાય, પણ સભાજન થઈએ તો એ માયા કળાય નહીં. તેમ ભગવાન કે મોટા-પુરુષના સંબંધી થઈએ, તો જ આપણે ભગવાનનું સ્વરૂપ જેવું હોય તેવું ઓળખી શકીએ. તે સિવાય તો ઓળખાય જ નહીં. માટે આવા ભક્ત થઈ સાધુતા શીખવી અને દાસત્વભક્તિ કરવી. તે ઉપર ગ.પ્ર. ૧૪ અને ગ.મ. ૬૨ - એ બે વચનામૃત વિચારવાં. મ. ૬૨માં તો શ્રીજીમહારાજે બહુ જ ઝીણા શબ્દો મૂક્યા છે : 'પોતાના ઇષ્ટદેવનાં જ દર્શન ગમે, વાતો ગમે, સ્વભાવ ગમે અને પાસે રહેવું ગમે.' એમ વર્ત્યા છતાં આજ્ઞામાં ટૂક ટૂક થઈ જાય. આવી દાસત્વભક્તિ હોય તો જ શોભે. વળી, એકલી ભક્તિ જ હોય પણ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય એ ત્રણ અંગ ન હોય તો તે ભક્તિમાં પણ વિઘ્ન છે. માટે ત્રણ અંગ સહિત ભક્તિ કરવી, પરંતુ આ અંગ તો સત્પુરુષ પાસે રહેવાથી જ સિદ્ધ થાય. પણ એ સિવાય બીજું કાંઈ એને સિદ્ધ કરવાનું સાધન નથી.

તે સત્પુરુષ કેવા હોવા જોઈએ ? તે ઉપર 'ભક્તચિંતામણિ', પ્રક.૨

સંતનાં લક્ષણનું બોલ્યા. અને કહ્યું : 'આવી ઉપાસના શ્રીજીમહારાજની સર્વોપરી હોય અને પોતે બ્રહ્મરૂપ થયા હોય તોપણ મહારાજના દાસભાવે જ સદા વર્તે, અને સમર્થ તો કેવા હોય ? તો પ્ર. ૨૭માં લખ્યું છે એવું સામર્થ્ય હોય, છતાં તે છુપાવીને સમર્થ થકા જરણાં કરી શકે; એવા ઉત્તમ સત્પુરુષને સેવવા, પણ મધ્યમ અને કનિષ્ઠનો સંગ તો કરવો જ નહીં.'

આમ, ૧૨ થી ૨ વાગ્યા સુધી અદ્‌ભુત બ્રહ્માનંદનું સુખ આવ્યું અને તેમાં સર્વે સભાને લીન કરી. સમય ક્યાં પસાર થયો તે પણ ખબર પડી નહીં. મોટાસ્વામીને ઉત્તર કરવાનું પોતે કહે ત્યારે મોટાસ્વામી પણ બોલી ઊઠતા : 'સ્વામી ! આવી અદ્‌ભુત આપની વાતો અને આવો આપનો સચ્ચિદાનંદ ભાવ મેં તો આખી જિંદગી આપની ભેગો રહ્યો પણ જોયો નથી. અને આજે તો જાણે આપની જ વાતો સાંભળ્યા કરીએ એમ મન થાય છે. માટે આપ જ દરેક પ્રશ્નનો ઉત્તર કરો.'

ભુજ અને સુખપુરથી આવેલા તમામ હરિભક્તો તો મંત્રમુગ્ધ થઈ ગયા. આજ સુધી સ્વામીશ્રીએ ઘણી વાતો કરી હતી, પણ આ પ્રસંગ અને આ વાતો તો 'ન ભૂતો ન ભવિષ્યતિ' જ કહેવાય.

હરિભક્તોએ રસોઈ કરાવી સંઘને જમાડ્યો. સૌએ મોડેથી ઠાકોરજી જમાડ્યા. આ મહાતીર્થ સ્થાનમાં અનાયાસે સારો સમૈયો થઈ ગયો.

સાંજે સૌ પાછા ભુજ આવી પહોંચ્યા.

ભાદરવા સુદ ૨, અંજાર પધાર્યા. મંદિરમાં સંતોએ સારો આદર-સત્કાર કર્યો, દર્શન કરાવ્યાં. અહીં થોડા સમય અગાઉ જ ધરતીકંપ થયેલો તે ખંડિયેરો સ્વામીશ્રીએ નિહાળ્યાં. સૌની સદ્‌ગતિ થાય તે માટે ધૂન કરી, માધાપર દર્શન કર્યાં. સભા પ્રસંગમાં સ્વામીશ્રીએ કહ્યું :

'દેશદેશાંતર બહુત ફિરે, મનુષ્યકા બહુત સુકાળ;
જાકું દેખી છાતી ઠરે, વાકા પડ્યા દુકાળ.'

'છાતી ઠરે એટલે શું ? સંકલ્પમાત્ર જગતના બંધ થઈ જાય. ઝીંઝાવદરને પાદર પઠાણના સંકલ્પ બંધ થઈ ગયા અને મહારાજનાં દર્શને સમાધિ થઈ. પછી સત્સંગી થયા. માટે સોળ આના સત્સંગી થવું.

'ચાર આના સત્સંગ શું ? ના'વું, ધોવું - સદાચાર.

'આઠ આના સત્સંગ શું ? દસે ઇન્દ્રિયો નિયમમાં.

'બાર આના સત્સંગ શું ? મન બીજો સંકલ્પ ન કરે અને મહારાજની

મૂર્તિ સિવાય કોઈ ઘાટ ન થાય. ચાર અંતઃકરણ નીમમાં.

'સોળ આના સત્સંગ શું ? ભગવાનની મૂર્તિમાં જોડાઈ જઈએ. એવાને *'જ્યાં જુએ ત્યાં રામજી,'* એવું ભાસે, બ્રહ્મભાવ આવે અને મહારાજ અખંડ રહે.'

કથાવાર્તા બાદ સ્વામીશ્રી ભુજ પધાર્યા.

'હમણાં ભગવાન અહીં છે.'

ત્રીજે સ્વામીશ્રી સંઘ સાથે મેઘપુર નાથાભાઈને ત્યાં પધાર્યા. હરિભક્તોએ સંઘને જમાડ્યો. નારાયણપુર દર્શન કરી કેરા પધાર્યા. મંદિરમાં ઉતારો હતો. બે દિવસ સારી કથાવાર્તા થઈ. સૌએ સારો લાભ લીધો.

અહીંથી બળદિયા આવ્યા. અહીં મંદિરમાં સ્વામીશ્રીએ સિંહાસન પાસે અબજીબાપા જ્યાં બેસી કથા કરતા, તે સ્થળ બતાવ્યું અને કહ્યું કે 'શાસ્ત્રીજી મહારાજ સાથે અબજીબાપાને અહીં ઉપાસનાની ઘણી વાતો થઈ હતી. પછી શાસ્ત્રીજી મહારાજને અમે જમવા બોલાવવા આવ્યા ત્યારે બાપા સ્વામીને કહેતા હતા કે 'શાસ્ત્રી ! તમારી વાત સાચી, પણ હું જો આમાં ભળું તો ભેખ મને ઉપાધિ બહુ કરે.' એટલું બાપા બોલ્યા તે અમે સાંભળેલું.'

કાળાતળાવ સ્નાન કરી સ્વામીશ્રી પાછા ફર્યા હતા. સાંજે પ્રસાદીની રૂક્ષ્મા નદીમાં સ્નાન કર્યું; ત્યાં સભા ભરી કથાવાર્તા કરી.

ભાદરવા સુદ ૫, રામપુર વેકરા પધાર્યા. અહીં રામપુર, સરલી, દહીંસરા, મેઘપુર, નારાયણપુર, કેરા, બળદિયા, માનકૂવા, કોડકી, સામત્રા, ભારાસર, સુખપુર, માધાપર વગેરે આજુબાજુનાં ઘણાં ગામના આશરે હજારેક હરિભક્તો ભેળા થઈ ગયા હતા. સમૈયો સારો થયો. કીર્તન-ભક્તિની રમઝટ બોલી. કચ્છી હરિભક્તોએ રાસ લઈ સ્વામીશ્રીને રાજી કર્યા. સંઘને જમવાની પણ બધી વ્યવસ્થા હરિભક્તોએ જ કરી હતી.

ભોજન સમયમાં મોડું થઈ રહ્યું હતું. મોટાસ્વામી અકળાયા હતા. એવામાં અચાનક સ્વામીશ્રીએ પૂછ્યું : 'મોટાસ્વામી ! લો.૧૨માં લખ્યું છે કે ષડૂર્મિએ રહિત થવું. એ શું ?' મોટાસ્વામીએ પોતાની શૈલીમાં તેનો ઉત્તર આપ્યો. પછી સ્વામીશ્રી મુદ્દાની વાત કરતા હોય તેમ સહજભાવથી કહે : 'ભૂખ તો બ્રહ્મસ્વરૂપનેય લાગે. પણ રોજ ૧૨ વાગે જમતા હોઈએ ને કો'ક દી બે વાગે જમવા મળે ને અકળાઈ ન જવાય, તે ષડૂર્મિએ રહિત થયા કહેવાય !'

મોટાસ્વામી આ મર્મ પામી ગયા અને સભામાં પણ સૌને પ્રેરણા મળી.

ઠાકોરજી જમાડી આરામ બાદ ગંગાજી તથા જમનાજીમાં સ્નાન કર્યું. રામપુર દર્શન કરી સરલી ગંગામાં માથે પાણી ચઢાવ્યું.

અહીં સભા ભરી, સ્વામીશ્રીએ વાત કરી : 'હમણાં ભગવાન અહીં છે. તે કહેવાય નહિ. આ તો કુંડ એટલે કહેવાય.' એમ મર્મમાં બોલ્યા. મંદિર તથા પ્રસાદી સ્થાનોનાં દર્શન કરી દહીંસરા પધાર્યા.

અહીં પ્રસાદી સ્થાનોમાં દર્શન કરી, તળાવમાં સૌને માથે પાણી ચઢાવ્યું. ગામની ભાગોળે ૫૦૦ હરિભક્તોએ સામૈયું કર્યું ને ધૂન-ભજન કરતાં મંદિરે પધાર્યા. અહીં ભજન-કીર્તન તથા કથાવાર્તાનો હરિભક્તોએ સારો લાભ લીધો. સૌ સંઘના હરિભક્તોને દૂધ પાયાં અને સાકરના પડા વહેંચ્યા. અહીં એક હરિભક્તને શાસ્ત્રીજી મહારાજે દર્શન દઈ કહ્યું હતું કે 'યોગીજી મહારાજ જેવા પુરુષ આખા બ્રહ્માંડમાં નથી, માટે સમાગમ કરી લેજો.'

અહીં સૌને સ્વામીશ્રીનો ખૂબ ગુણ આવ્યો. રાત્રે ભુજ પધાર્યા.

આજે દિવસ દરમ્યાન બધે સ્થળે દર્શન કરતાં કરતાં બપોરે એક વાગી ગયો. કોઈએ દૂર ખેતરમાં શ્રીજીમહારાજની પ્રસાદીની આમલી તથા કૂવાની વાત કરી. ઘણાએ ના પાડી, છતાં દર્શન માટે રેતાળ રસ્તામાં ચાલીને સ્વામીશ્રી એકાદ માઈલ દૂર ગયેલા. ત્યાં કૂવામાં પાણીનું ટીપું પણ નહીં, સ્વામીશ્રીને તો અપાર મહિમા. તેથી એ કૂવાની રજ મસ્તકે ચડાવી. સાથે જનારા સંતો-હરિભક્તોને પણ સ્વામીશ્રીને મહિમાની કેવી ઉચ્ચ દૃષ્ટિ છે તેનાં દર્શન થયાં. સ્વામીશ્રીએ ભક્તિભાવથી દંડવત્ કર્યા. તેથી સૌ સંતો-હરિભક્તો પણ દંડવત્ કરવા લાગ્યા.

બપોરના ભોજનનો સમય થયો હતો, તેથી સર્વે પાછા ફરતાં ઉતાવળે ચાલવા લાગ્યા. રસ્તામાં એક ગરીબ ખેડૂત સામો મળ્યો. ટૂંકી ધોતી, માથે ફાટેલ ચીંથરેહાલ ફાળિયું અને ખુલ્લું શરીર. ભક્તિભાવપૂર્વક સ્વામીશ્રીને પગે લાગી તેણે કહ્યું : 'બાપજી ! મારી ઝૂંપડી પાવન કરો.'

સ્વામીશ્રીએ કહ્યું : 'હાલો પધરામણીએ જઈએ.'

તડકો બરાબર માથે આવ્યો હતો. બધા હરિભક્તોની ધીરજ ખૂટી ગઈ હતી, ચાલવાની શ્રદ્ધા રહી ન હતી, પરંતુ સ્વામીશ્રી કહે : 'તમે જાઓ, અમે આવીએ છીએ.'

સ્વામીશ્રી ઝૂંપડીએ ગયા. પેલા ખેડૂતે એક ફાટેલી ગોદડી પાથરી તે પર બિરાજ્યા. સ્વામીશ્રીએ તેને વર્તમાન ધરાવ્યાં ને આશીર્વાદ આપ્યા. પૂજાની મૂર્તિઓ આપી, માળા આપી અને પોતે ફેરવીને બતાવી. પછી કહે : 'દરરોજ

સ્વામિનારાયણ ભગવાનની પાંચ માળા ફેરવજો.'

ગરીબ ખેડૂત બે હાથ જોડી ઊભો રહ્યો હતો. સ્વામીશ્રીની આજ્ઞા તેણે નમ્રતાપૂર્વક સ્વીકારીને સાષ્ટાંગ પ્રણામ કર્યા.

થોડી વાર રહી સ્વામીશ્રીએ ખેડૂતને કહ્યું : 'રજા આપો તો જાઈએ.' ખેડૂતની આંખમાં પાણી આવ્યાં. તેણે સજળ નેત્રે સ્વામીશ્રીને વિદાય આપી અને ફરી પધારવા પ્રાર્થના કરી. સ્વામીશ્રી બોલ્યા : 'જોગ હશે તો ફરી જરૂર આવીશું.'

આ પ્રસંગે સ્વામીશ્રીની દીનતા જોઈ સર્વે સંતો-હરિભક્તો અત્યંત નવાઈ પામ્યા. નાના સાથે નાના થઈ જવું અને દીન બની જવું. મોટા સાથે મોટા - એ દુર્લભ ગુણ ઓછા મહાપુરુષોમાં હોય છે.

કાળાતળાવ તથા તેરા દર્શન કર્યાં.

ભાદરવા સુદ ૭, મંગળવારે બપોરની ગાડીમાં અમદાવાદ જવા નીકળ્યા.

આ રીતે કચ્છની યાત્રાનો કાર્યક્રમ ઘણો સફળ રહ્યો. યાત્રાની પૂર્વ તૈયારી માટે સ્વામીશ્રીએ હરમાનભાઈ, મુંબઈના સી.આઈ.ડી. ખાતાના મોટા અધિકારી પ્રતાપસિંહ ઇનામદાર તથા હર્ષદભાઈને કચ્છ મોકલ્યા હતા. આ મંડળે બધાં તીર્થોમાં ફરીને, સ્વામીશ્રીની યાત્રાના સમાચાર ગામોગામ સર્વે હરિભક્તોને આપ્યા અને સ્વામીશ્રીને સુગમ પડે એ રીતે યાત્રાનો કાર્યક્રમ ઘડી કાઢ્યો. ભુજ મંદિર તરફથી 'સ્વામીશ્રીને મંદિરોમાં દર્શન કરવા ન દેવા તથા કોઈ હરિભક્તોએ એમનાં દર્શને જવું નહિ' - એવા પરિપત્રો ગામોગામ મોકલાયા હતા. છતાં કચ્છમાં સત્સંગનો રંગ સારો છે. ગામોગામ વિશાળ હરિમંદિરો છે અને મહારાજની સર્વોપરી નિષ્ઠા તથા આજ્ઞાપાલન ઉપર હરિભક્તોને સારું તાન છે. તેથી સ્વામીશ્રીની સાધુતા અને દિવ્યતાની અદ્‌ભુત વાતો સાંભળી ગામોગામ હરિભક્તોને સ્વામીશ્રીનાં દર્શનની તાલાવેલી જાગી હતી. આફ્રિકાવાસી હરમાન-ભાઈની જોશભરી વાતો તથા પ્રતાપસિંહ ઇનામદારની સત્સંગથી રસાયેલી પ્રતિભા અને હર્ષદભાઈનો સત્સંગનો ઊંડો અભ્યાસ તેમજ ત્રણે હરિભક્તોની નિષ્ઠા અને વર્તનથી જ બધાને ભાર પડ્યો કે 'જેમના હરિભક્તોમાં આટલી બધી ખુમારી છે તો તેમના ગુરુ યોગીજી મહારાજ કેવા હશે ?' પહેલેથી જ સાધુતાનો આદર કરનારા આ ભક્તોને સ્વામીશ્રીનો અત્યંત મહિમા સમજાયો.

કચ્છના હરિભક્તોનો પ્રતિભાવ

આ વાતની વધુ ખાતરી કચ્છ-યાત્રા પછી સ્વામીશ્રી ઉપર આવેલા

હરિભક્તોના પત્રો ઉપરથી થઈ. મેઘપુરના પટેલ નાથાભાઈ નાનજીભાઈ તેમના તા. ૨૯-૯-'૫૬ના પત્રમાં જણાવે છે :

'આપ શ્રી સ્વામિનારાયણના અનન્ય સાધુ છો. તમારી ઉપાસના શ્રીજીમહારાજની શુદ્ધ સર્વોપરી છે તે મને જણાયું છે. વળી, આપની ત્યાગની છટા શ્રીજીમહારાજે શિક્ષાપત્રીમાં સાધુના ધર્મ કહ્યા તે પ્રમાણે ભરપૂર છે. આપના સંગમાં જે ગૃહસ્થ સત્સંગી હતા તે પણ સત્સંગના નિયમ મુજબ વર્તનારા હતા. આજે આપનો સાક્ષાત્કાર થયો તેથી હવે જરાય પણ શંકા નથી રહી. કેરાવાસી ભાઈઓ પણ આપના સમાગમથી રાજી થયા છે.

'મને ભુજના સંતો તરફથી કહેવામાં આવેલ કે 'ઉપાસના ફેરવાળા યોગીજી મહારાજનો સમાગમ કયા ઉદ્દેશથી કરો છો ? તે સમજાવો.' મેં જવાબ આપેલ કે 'તમારું ભજન ને જોગીજી મહારાજનું ભજન એક જ જાતનું છે. એ પણ શ્રીજીમહારાજને સર્વ અવતારના અવતારી ને મોટા સમજે છે. બધા અવતાર શ્રીજીમહારાજમાં લીન થાય છે તેમ કહે છે, ને આપણે પણ એમ જ સમજીએ છીએ. બાકી લોકો - જોગી મહારાજની ઉપાસના ફેર છે - તેવું ખોટું બતાવે છે.' આ વાત સાંભળી પુરાણી મહારાજે હા કહી કે 'નાથાભાઈની વાત સાચી છે. જોગી મહારાજ ભજન આપણા જેવું જ કરે - કરાવે છે,' વગેરે...

'આજે ભેખમાં ઈર્ષા, અભાવ વધી ગયાં છે. આપ જેવા શાંત સ્વભાવ અને સમભાવવાળા સંત સત્સંગમાં ખોળવા બેસીએ તો વિરલ જ મળે, મને એમ ભાસે છે. પારકા અવગુણ લેનાર વધે નહિ. પોતામાં અવગુણ જોનાર છેવટે આગળ વધી આવે. બાકી ગોળ-ખોળના ભાવ એક સમજે તેને શું વાત કરીએ ?'

દહીંસરાના ભક્ત પટેલ દેવરાજ રત્ના તેમના તા. ૧૩-૯-'૫૬ના પત્રમાં જણાવે છે :

'હે પરમ કૃપાળુ યોગીબાપા ! તમે તો શ્રીજી-સ્વામીના સંકલ્પરૂપ મૂર્તિ છો, અંતર્યામી છો. આપનાં દર્શનથી સાક્ષાત્ ભગવાનનાં દર્શન તુલ્ય સુખ મળ્યું છે. આપશ્રી કચ્છમાં પધારી જે અમૃત રસ પાઈ ગયા, તે રસના ઓડકાર હજી પણ અમારા કચ્છના સત્સંગીભાઈઓને આવે છે. હે યોગીજી મહારાજ, મેઘપુરમાં નાથાભાઈને ઘરે જે ચોસઠ પદીનાં સંતોનાં લક્ષણોનાં જે પદ ગાયાં તે વખતનું આપનું મુક્ત હાસ્ય, વાતોની છટા વગેરે હજુ પણ વિસરાતાં નથી. અમારા અંતઃકરણમાં આનંદ છવાઈ ગયો હતો. તમો તો અમારા કચ્છમાં પધારીને બ્રહ્માનંદ યજ્ઞ કરી ગયા.'

આ ઉપરાંત લાખોદ(પોસ્ટ-કુકમા)ના એક મુસલમાન મુમુક્ષુ કરમાલી ગુલામહુસેન એમના પત્રમાં જણાવે છે :

'આજે ચાલતા યુગમાં આવા યોગીજીઓની ઘણી જરૂર છે. આજના મનુષ્યોને ધાર્મિક બોધ આપી ધાર્મિક રસ્તે દોરવવા અને દુનિયામાં શાંતિ લાવવા, પ્રભુના નામનો ઉચ્ચાર અને રાહ બતાવવા ઘણી જરૂર છે. એવા સદ્ગુણો અમે સ્વામીજીમાં જોયા છે અને જે જ્ઞાન-ચર્ચાનો લાભ અમોને મળ્યો છે તે બદલ અમો અમારી જાતને આભારી માનીએ છીએ.'

તો વળી કચ્છના એક શિક્ષક જે.જે. અંજારિયા કેરાથી તા. ૧૩-૯-'૫૬ના પત્રમાં જણાવે છે :

'પરમ પૂજ્ય યોગીજી મહારાજે પોતાની અમૃત વાણીની શ્રોતાજનો ઉપર અતિવૃષ્ટિ કરી. યોગીજી મહારાજનો પ્રત્યેક શબ્દ મારા જેવા અજ્ઞાની જીવોને દિવ્ય સંદેશ આપતો હતો. અનેક સંશયોનો નાશ કરતો હતો. મનના મૂક પ્રશ્નોના ઉત્તર મળી જતા હતા. માયાના પડદા ઊંચકાતા હતા અને સાક્ષાત્ શ્રીજીમહારાજ સ્વયં આ દિવ્ય સભામાં - બ્રહ્મ સભામાં પધારી, મુમુક્ષુ જીવોને દિવ્ય દર્શન, દિવ્ય વાણી અને દિવ્ય અમૃતની વર્ષા આપી રહ્યા હતા. એ વખતે આ શરીર તદ્દન નિર્જીવ હતું, કહો તો ચાલે. આ સાત્ત્વિક આકર્ષણ હતું. શ્રીજીમહારાજ સ્વયં આ સભામાં બિરાજી રહ્યા હતા. વિરોધી તત્ત્વોને એકસાથે કરી સ્નેહ-સ્થાપન કરે તે શ્રીજીમહારાજ.

'યોગીજી મહારાજ જ્યારે દર્શનાર્થીને પ્રેમથી પીઠમાં ધબ્બો મારે, ત્યારે સંસારના ત્રિવિધ તાપથી અકળાયેલા મારા જેવા ક્ષુદ્ર જીવને એકદમ શાંતિ પ્રાપ્ત થાય છે. તેનો મને અંગત રીતે અનુભવ થયો છે. સંતની બક્ષેલી એ શાંતિમાં અત્યારે પણ હું આનંદ અને સ્મરણનો લાભ લઈ રહ્યો છું. આવા શક્તિશાળી અને શાંત હાસ્ય રેલાવતા પવિત્ર, આનંદ મૂર્તિ, શાંતિદાતા સંતનાં દર્શન આ જીવને કોઈ પુણ્યના પ્રતાપે થયાં છે. આજે મને અપૂર્વ શાંતિ મળી ગઈ છે. આ સત્ય હું અંતરના ઊંડાણમાંથી કહી રહ્યો છું. મારી હૃદયોર્મિ પ્રદર્શિત કરવાનું કવિસામર્થ્ય મારામાં નથી. પણ, જે સત્ય છે તે સત્ય જ છે. પૂજ્ય સ્વામીજીની સૌમ્ય મૂર્તિમાં હું ખોવાઈ ગયો છું...'

આ પત્રો ઉપરથી કચ્છના હરિભક્તો અને મુમુક્ષુઓ ઉપર સ્વામીશ્રીનો કેવો પ્રભાવ પડ્યો તે તેમના જ શબ્દોમાં સમજી શકાય છે. આવું તો ગામોગામ બનતું. જ્યાં જ્યાં સ્વામીશ્રી પધારે ત્યાં નવા નવા મુમુક્ષુઓ એમનાં દર્શન-

સમાગમથી આકર્ષાતા, સત્સંગમાં જોડાતા અને અસંખ્ય મુમુક્ષુઓ સત્સંગાભિમુખ થતા. ઘણા વ્યસની અને દુરાચારી માણસો પણ સ્વામીશ્રીના સંબંધમાં આવતાં પલટાઈ જતા. પોતાનાં વ્યસનો અને દુરાચરણને સદાને માટે તિલાંજલિ આપી સ્વામીશ્રીના આશ્રયે આવતા. આમ, શ્રીજીમહારાજનો સર્વ-જીવહિતાવહ સંદેશ, સંપ્રદાય બહાર સર્વત્ર પ્રસરવા લાગ્યો અને બિનસત્સંગી, બિનહિંદુ ઘણા ભાઈઓ સંપ્રદાયમાં જોડાવા લાગ્યા. સ્વામીશ્રીનાં વર્તન અને વાણીથી લોકોને ખ્યાલ આવ્યો કે સ્વામિનારાયણ સંપ્રદાય એકદેશી સંપ્રદાય નથી, પરંતુ બધા ધર્મોને આવરી લેતો સર્વદેશી પરમ પવિત્ર ધર્મ છે, જેમાં અન્ય ધર્મ કરતાં ઘણી વિશિષ્ટતાઓ રહેલી છે.

અભિપ્રાયમાં ભળવાની હાકલ

સ્વામીશ્રી સાથે સેવામાં ગયેલા વિનુભાઈ, નિરંજનભાઈ વગેરે યુવકોને સ્વામીશ્રીએ આ યાત્રામાં ૫૧ સાધુની મંડળીમાં જોડાવા ખૂબ જ પ્રેરણા આપી હતી અને આ કાર્ય માટે બીજાને પણ કટિબદ્ધ કરવા આજ્ઞા કરી હતી. આ વાતની હર્ષદભાઈને ખબર પડી. તેથી તેમણે સ્વામીશ્રીને કહ્યું : 'આ યુવકોમાં ત્યાગ-વૈરાગ્ય નથી, તો તેઓ સાધુ થયા પછી નભશે કે કેમ ?'

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : 'અમારી સાથે હેત છે તેણે કરીને ત્યાગ-વૈરાગ્યના ગુણો આવશે. માટે તમે મોળી વાત કરશો નહિ અને અમારા સંકલ્પમાં ભળજો. તમારે બળની વાતો કરવી.'

આ સાંભળીને હર્ષદભાઈએ સ્વામીશ્રીને પૂછ્યું કે 'અરુણનું કેમ કરવાનું છે ?' ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'તમે અમારી સેવામાં છો, એટલે કોઈક તો ઘરે જોઈએ ને ?'

હર્ષદભાઈ કહે : 'તો મને સાધુ બનાવો અથવા અરુણને લ્યો, કેમ કે આપે યુવકોને વાતો કરવાનું કહ્યું છે. જો વર્તનમાં હોય તો જ વાતો થઈ શકે. અને આપ બેઠા છો, તેથી મારે વ્યવહારની શી ચિંતા ?'

સ્વામીશ્રીએ કહ્યું : 'પછી નિર્ણય કરીશું. હમણાં અમારી રુચિ જાણીને સાધુ થવાની બળભરી વાતો કરજો. તેમાં ભલે ગમે તેટલી મુશ્કેલી આવે, પણ વાતો કરવાનું ચાલુ રાખજો.'

સ્વામીશ્રીની રુચિ સમજીને તેમણે યુવકોને સાધુ થવાની અને દીક્ષા લઈને આ દેહે કરીને સ્વામીશ્રીને રાજી કરી લેવાની બળભરી વાતો કરવા માંડી.

બીજી બાજુ અંતર્યામી સ્વામીશ્રીએ મને પણ આ અંગે પૂછી જોયું કે 'તમારાં બા શું કહે છે ?' ત્યારે મેં કહ્યું : 'રાજીખુશીથી હા પાડે છે.'

આ સાંભળી સ્વામીશ્રી એકદમ રાજી થઈ ગયા અને બોલ્યા : 'હર્ષદભાઈએ 'જા, મેહરિયા પાછો વળ' એમ નથી કર્યું અને તમારાં બાએ ગોપીચંદની મા જેવું કર્યું.' સ્વામીશ્રીએ ખૂબ રાજી થઈ, ઘણા થાપા આપી આશીર્વાદ આપ્યા.

દૂર આફ્રિકામાં ભક્તની રક્ષા

સ્વામીશ્રીની આ યાત્રા દરમ્યાન મોમ્બાસા-આફ્રિકામાં, ચુસ્ત નિષ્ઠાવાન હરિભક્ત માણેકલાલને તીવ્ર હાર્ટએટેક આવ્યો અને તેઓ તદ્દન પથારીવશ થઈ ગયા. ડૉક્ટરો પણ દર્દીની હાલત જોતાં વધુ ચિંતિત જણાતા હતા.

એવામાં એક રાતે માણેકલાલભાઈને સ્વામીશ્રીનાં દર્શન થયાં. તેમને તો શાંતિ થઈ ગઈ. ગદ્‌ગદ થઈ ગયા. ત્યાં સ્વામીશ્રી કહે : 'હવે થોડા વખતમાં શરદ પૂનમ આવે છે, તો મંદિરે જઈ ઠાકોરજીની ઉત્સવની આરતી ઉતારજો અને સર્વે હરિભક્તોને જમાડજો. મહારાજ સારું કરશે. દવા ચાલુ રાખજો.'

માણેકલાલભાઈ તો આ દર્શનથી જ જાણે અડધા સાજા થઈ ગયા. સ્વાસ્થ્ય ખૂબ જલદી સુધરવા લાગ્યું. જો કે ડૉક્ટરોએ પગથિયાં ઊતરી મંદિરે જવાની છૂટ નહોતી આપી.

શરદ પૂર્ણિમાને જ્યારે આઠ જ દિવસ રહ્યા હતા, ત્યારે ફરી એવો જ તીવ્ર હાર્ટએટેક આવ્યો. ડૉક્ટરોએ તેમની સારવારમાં હવે થોડું વધુ કડક વલણ અપનાવ્યું હતું, પરંતુ માણેકલાલભાઈને સ્વામીશ્રીની આજ્ઞા આપતી મૂર્તિ નજર સમક્ષ તરવરતી રહેતી. દર્દી તરીકે તેમને રજા મળવાની કોઈ શક્યતા નહોતી, પણ શરદ પૂનમે તેમણે સી.ટી. પટેલને પોતાના ઘરે બોલાવ્યા અને પોતાની ઇચ્છા જણાવી કે 'મારે તો સ્વામીશ્રીની મરજી મુજબ જ કરવું છે.' પછી બંનેએ મસલત કરી નિર્ણય જાહેર કર્યો કે મંદિરે દર્શને નહિ જાય. સૌને નિરાંત થઈ અને પોતપોતાના કામે વળગ્યા.

પણ થોડી વાર પછી માણેકલાલભાઈએ પોતાના પુત્ર અનિલને બોલાવી આર્દ્રતાથી વીનવ્યો કે 'મને દર્શને લઈ જા. સ્વામીનું વચન છે. મને કાંઈ નહિ થાય. ને થશે તો જેવી ભગવાનની મરજી.'

અનિલ પીગળી ગયો. મોટરકાર દ્વારા પિતાજીને મંદિરે લઈ ગયો. મંદિરમાં શરદ-ઉત્સવની આરતી માણેકલાલભાઈએ જ કરી. સૌને પોતા તરફથી

જમાડવાની સેવા કરી. સ્વામીશ્રીનું વચન પાળી લીધું. થોડા જ વખતમાં તેમનું સ્વાસ્થ્ય સુધરી ગયું. અપાર રક્ષા થઈ અને વર્ષો સુધી તેમણે સત્સંગની સેવા કરી.

યુવાન ભક્તને અલૌકિક અનુભવ

ભાદરવા સુદ ૮, સ્વામીશ્રી સંઘ સાથે અમદાવાદ આવી પહોંચ્યા. અહીં 'હરિલીલાકલ્પતરુ'નું પારાયણ ચાલી રહ્યું હતું. સ્વામીશ્રી વ્યાસપીઠની બાજુમાં રહેતી એમની ગાદી પર બેસી કથા-શ્રવણ કરતાં સહેજ આરામમાં જતા રહ્યા.

સામે બેઠેલા ઠાસરાના યુવાન ભક્ત પ્રમોદભાઈ દેસાઈને થયું : 'આ બધો પધરામણીનો થાક. વળી, કેટલીય પ્રવૃત્તિમાં બાપાની ઊંઘ જ પૂરી થતી નથી. તેમાં વળી બાપા ભણ્યા નથી, તેથી આ સંસ્કૃત શ્લોકોની કથામાં કંટાળોય આવતો હશે.'

બરાબર આ જ વખતે પારાયણ કરનાર સંતને ક્રમાનુસાર પાનું જડ્યું નહિ. રસભંગ ન થાય તે હેતુથી તેમણે એ પાનું છોડી બીજા પાનાથી વાંચવાનું શરૂ કરી દીધું. સ્વામીશ્રી જાગી ગયા ને કહે : 'કેમ ગુરુ ! આગળનું પાનું વાંચ્યું નહીં ?' એમ કહી તે પૃષ્ઠનો પ્રારંભનો શ્લોક સ્પષ્ટ ઉચ્ચારોમાં બોલી ગયા. સભા દિંગ થઈને જોતી રહી ને પેલા સંત ગૂંચવાઈ ગયા. કહે : 'પાનું મળતું નથી.'

'મળશે. ગોતો.' અને તે તરત જ મળી ગયું. સ્વામીશ્રી બોલ્યા હતા તે જ શ્લોકથી તેમણે કથા વાંચવાની શરૂ કરી દીધી. અન્ય હરિભક્તો સાથે પ્રમોદભાઈને પણ આશ્ચર્યનો અવધિ નહોતો. ક્યારેક ક્યારેક છતી થઈ જતી, સ્વામીશ્રીની દિવ્ય પ્રતિભાને માણી સૌ પોતાને ધન્ય ભાગ્ય સમજતા. આજે સૌને એટલી તો પ્રતીતિ આવી કે સત્પુરુષ તો ભાષાજ્ઞાનની મર્યાદાથી પર હોય છે. સર્વજ્ઞતા તેમને સહજ હોય છે. પણ તેમની અતિ નમ્રતા અને મનુષ્ય સહજ વર્તનને કારણે, તેમની મહાનતા સ્થૂળ નજરમાં આવી શકતી નથી.

આ પારાયણ દરમ્યાન એક દિવસ પ્રમોદભાઈ તથા તેમના ભાઈ વાસુદેવભાઈએ વિચાર્યું કે 'આજે સવારે અડધા ભૂખ્યા રહ્યા છીએ, તેથી સાંજે કાંઈ વ્યવસ્થિત મળે તો ઠીક.' પછી તેમને ખબર પડી કે ખીચડી છે, તેથી હૉટલમાં જવાનું નક્કી કર્યું.

પરંતુ સ્વામીશ્રીએ બપોર પછી તો બંને યુવકોને પત્રલેખનની સેવામાં જોડી દીધા. સમય થયો હતો એટલે પ્રમોદભાઈએ મિત્રને મળવાનું બહાનું કાઢ્યું. સ્વામીશ્રી કહે : 'એને કાંઈ મળવું નથી. એ કાંઈ કલ્યાણ કરવાનો

નથી.' એમ કહી પાસે જ બેસાડી રાખ્યા.

રાતે બંનેને પંગતમાં જ બેસવાની ફરજ પડી. તેથી કચવાતા મને બંને યુવકો બેઠા હતા. ત્યાં સ્વામીશ્રી પહોંચ્યા અને બબુભાઈ કોઠારીને કહે : 'આ બેયને બરાબર જમાડો. બપોરે જલેબી હતી તે આપજો.'

પ્રમોદભાઈને થયું : 'બબુકાકા બે બે જલેબી આપશે.' ત્યાં તો તેઓ જલેબીનો કરંડિયો લઈને આવ્યા.

સ્વામીશ્રી પંગતમાં જ આ બંનેની સામે બેસી તેમને જલેબી પીરસવા લાગ્યા. પ્રમોદભાઈએ વિવેક કરતાં આનાકાની કરવા માંડી. ત્યારે સ્વામીશ્રી કહે : 'ના, આપણે ખીચડી ખાવી જ નથી. ભલે બગડે. જલેબી જમો.' એમ કહી બંનેનાં ભાણાં વીસ-પચીસ જલેબી મૂકી છલકાવી દીધાં ને કહે : 'તમે આ જમી લો પછી જ હું જઈશ.'

બંને યુવકો સ્વામીશ્રીના નિઃસીમ વાત્સલ્ય આગળ ગદ્‌ગદ થઈ ગયા. તેમને આ સ્મૃતિ અને સ્વામીશ્રીની મૂર્તિ સદાને માટે જીવનમાં વણાઈ ગઈ.

બ્રહ્મચર્ય તે બ્રહ્મસ્વરૂપ

પારાયણની પૂર્ણાહુતિ પ્રસંગે સૌને આશીર્વાદ આપી, સ્વામીશ્રી જળ-ઝીલણી ઉત્સવે સારંગપુર પધાર્યા. અહીંથી સ્વામીશ્રીએ એક યુવકને અદ્‌ભુત પ્રેરણા પત્ર લખ્યો. જેમાં લખ્યું :

તા. ૧૫-૯-'૫૬,
ભાદરવા સુદિ ૧૧,
જલજીલણીનો સમૈયો

ખાનગી પર્સનલ

'સર્વ પ્રત્યે સાક્ષાત્ સારંગપુર પ્રસાદીના સ્થાન થકી લિ. સાધુ જ્ઞાનજીવનદાસજી તથા મોટાસ્વામી તથા પ્રમુખસ્વામી તથા સંતસ્વામી તથા હર્ષદભાઈ આદિના ઘણા જ હેતથી સ્વામિનારાયણ વાંચશો.

'વિ. તમારો પત્ર ગઢડા ગયેલો તે અમો ભુજથી આવ્યા ત્યારે કાલે મળ્યો છે, પણ ફરવાને લીધે ટાયમ ન મળવાથી લખાણો નથી, તો માફ કરશો.

'વિ. આપણે તમોને મહારાજે અક્ષરધામમાંથી કસર ટાળવા જન્મ લેવરાવ્યો છે. તો કસર ટાળીને ચોખા થઈને નિર્વાસનિક થઈને મહારાજ પાસે રહેવાનું છે. તો મહારાજ તથા સ્વામી જેવા આપણે બનશું ત્યારે સેવામાં રહેવાશે.

તો અહોહો ! આવી નાની ઉંમરે આપણે સૂજ્યું તે મહારાજની દયા. તો દયા કાયમ રાખવી. તો જ ડંકો વાગશે. માટે વર્તન, વાણી બેય નિયમમાં જોઈએ. તો જ સ્વામી ને મહારાજ રાજી થાય. તો હવે આપણે છેલ્લો જન્મ કરી લેવો.

'હવે દૃઢ ટેક રાખીને પોતાના આત્માને ગુણાતીત માનીને સંકલ્પ થવા ન દેવા. માટે 'ટેક ન મેલે રે તે હરિજન ખરા.' તે બ્રહ્માનંદ સ્વામીના કીર્તનમાં શબ્દ છે તે ધારવો. સ્વપ્નદોષના ઉપવાસ તો ફરાળ કરીને કરવા. તો જ વ્રત સાચું. ને તે વ્રત પાળવાથી જીવમાં ખરેખરું બળ આવશે. માયાનો લોચો નહિ રહે.

'અહોહો ! તમામ દોષને જીત્યા તે માયાને માથે પગ દીધો કે'વાય. આપણે તો હવે કાયમ ટેક રાખવી પડશે. તે કાયમ મહારાજને પ્રતાપે રહેશે. તો બ્રહ્મચર્ય તે બ્રહ્મસ્વરૂપ ગણાય. તે સ્વરૂપ આપણે ધારવું. સંકલ્પ ઊઠવા જ ન દેવા. તો જ બ્રહ્મની સ્થિતિ આવે.'

યુવકો સ્વામીશ્રી સાથે કેટલા નજીક અને અંતરંગ આત્મીયતાથી જોડાયા હશે તેનો કંઈક અણસાર આ પત્રમાં મળી રહે છે.

અહીં કથા પ્રસંગમાં વચ. ગ.મ. ૬૨ વંચાતું હતું. તેમાં સંતના મહિમાની વાત નીકળતાં સનાતન સ્વામીએ રમૂજ કરતાં પૂછ્યું : 'સ્વામી ! સંતનાં ચોસઠ લક્ષણો કહી આપો.'

'ઈ અમને નો આવડે. કોઈ ભણેલા શાસ્ત્રી હોય તેને આવડે. તમને ખબર હોય.' સ્વામીશ્રીએ કહ્યું.

તેઓ કહે : 'કેમ ન આવડે ? જેની પાસે ગજવામાં માલ હોય તેની તેને ખબર ન હોય ? આપનામાં તો ચોસઠ કરતાંય વધારે લક્ષણો છે.'

સ્વામીશ્રી આ સાંભળી હસી પડ્યા ને કહે : 'સનાતનબ્રહ્મ ઘાવેડુ છે. ક્યાંયથી પ્રશ્ન ગોતી રાખે !' અને આખી સભામાં હાસ્ય રમી રહ્યું. નિર્દોષ આનંદની આપ-લેમાં સ્વામીશ્રીની મહત્તા એક યા બીજા સ્વરૂપે ભક્તો સામે નીખરી રહેતી.

એકાદશીનો ઉત્સવ સારો ઊજવાઈ ગયો. બપોરે એક હરિભક્ત સ્વામીશ્રી પાસે ઉતાવળા ઉતાવળા આવ્યા. કહે : 'બાપા ! મને જલદી આશીર્વાદ આપી દો. મારે ટ્રેન પકડવાની છે. સમય થઈ ગયો છે.'

સ્વામીશ્રી ખડખડાટ હસી પડ્યા ને કહે : 'ગુરુ ! એમ નો હાલે. બધેય ટેમ આપો અને અહીં ઉતાવળ કેમ ચાલે ?'

આ સાંભળી હરિભક્ત ઘડીભર ઊભા રહ્યા. સ્વામીશ્રી કહે : 'આશીર્વાદ

નિરાંતે લેવા. ખાવામાં ઉતાવળ કરતા નથી, ને કરીએ તો ખાવાનું ન પચે. તેમ આશીર્વાદ ઉતાવળે ન પચે. ગાડી મોડી પકડજો.' એમ કહી પોતાની લાક્ષણિકતાથી હસી પડ્યા ને એક હાથે માથું નમાવી બીજે હાથથી જોરથી આશીર્વાદના ધબ્બા મારીને પ્રસાદી આપી તેમને વિદાય આપી.

અહીંથી લાઠીદડ, કારિયાણી દર્શને ગયા. પૂનમનો સમૈયો કરી તાજપુર, ગઢડા દર્શન, ઘેલા-સ્નાન કરી, રાજકોટ જતાં સરધાર પધાર્યા.

રામાનંદ સ્વામી વખતનું આ પ્રસાદી સ્થાન. જૂના ઓરડા લઈ કૃષ્ણ-ચરણદાસ સ્વામીએ અહીં મંદિર કરેલું. તેના બીજા માળના બાંધકામ વખતે સ્વામીશ્રી છ માસ અહીં રહેલા અને સેવા કરેલી. તે બતાવતાં સ્વામીશ્રી કહે : 'અમે અહીં ભંડાર કરતા અને સૂતા.' એમ સ્મૃતિ કરી, પ્રસાદી સ્થાનોનાં દર્શન બાદ રાજકોટ થઈ ગોંડલ જવા નીકળ્યા.

રસ્તામાં ગુરુકુળમાં શાસ્ત્રી ધર્મજીવનદાસજીને મળ્યા. તેમણે સ્વામીશ્રીને સત્કારી બધે ફેરવ્યા. વિદ્યાર્થીઓએ પણ સ્વામીશ્રીનાં ભાવથી દર્શન કર્યાં. સૌ અટારી સુધી વળાવવા આવ્યા. રાત્રે ૧૧-૦૦ વાગે ગોંડલ પહોંચ્યા.

શત્રુંજયના તપસ્વીઓની મુક્તિ

વાસુદેવ સ્વામીના અક્ષરવાસ નિમિત્તે અહીં પારાયણ કરી. પાલિતાણા જતાં રસ્તામાં શિહોર, સ્ટેશન માસ્તરને ત્યાં ત્રણ કલાક રોકાયા. હરગોવિંદભાઈ માસ્તર તથા મિસ્ત્રી હરિપ્રસાદ તથા ચુનીભાઈએ શોભાયાત્રા કાઢી આખા શહેરને સ્વામીશ્રીનાં દર્શનનો લાભ અપાવ્યો. સાંજે ભીડભંજનમાં જાહેર સત્સંગ સભા કરી, મંદિરે દર્શન કર્યાં.

સર્વે સંતો-હરિભક્તોને શત્રુંજય ડુંગર ચઢવાની ઇચ્છા હતી. બધાએ સ્વામીને વાત કરી, સાથે આવવાની પ્રાર્થના કરી. સ્વામીશ્રી સહમત થયા. ચઢાણ કઠિન હોઈ સ્વામીશ્રી માટે ડોળી કરી હતી.

સ્વામીશ્રી કેટલીક આનાકાની પછી ડોળીમાં બિરાજ્યા. ચઢાણ શરૂ થયું. સ્વામીશ્રી થોડી વાર અંદર બેસતા અને થોડી વાર બહાર ચાલતા સૌને આનંદ કરાવતા હતા. કોઈ પૂછે : 'બાપા ! કેમ ચાલો છો ?'

ત્યારે સ્વામીશ્રી કહેતા : 'ડોળીવાળાને આરામ આપવો પડે ને !'

જો કે વચ્ચે વચ્ચે હરિભક્તોએ ડોળી ઉપાડવાનો લાભ લીધો, પણ કરુણાવશ સ્વામીશ્રીએ ચાલવાનું વધુ પસંદ કર્યું.

બરાબર ૧૦-૩૦ વાગે સૌ ઉપર પહોંચ્યા. પર્વત ઉપર ઘણાં દેરાસરો છે. આ દરેક દેરાસરના સ્થળને 'ટૂક' કહેવામાં આવે છે. આ ટૂક પાસે પહેરેગીર હોય છે. પહેરેગીરને સ્વામીશ્રીના મહિમાની વાત કરતાં તેણે સ્વામીશ્રી અને સંતો-હરિભક્તોને માટે મોટા હૉલમાં આરામની સગવડ કરી આપી અને નિયમ પ્રમાણે કહ્યું : 'અંદર પ્રવેશ કરતાં પહેલાં પગ પાણીથી ધોવા પડે.' એમ કહી સ્વામીશ્રીનાં ચરણ એક ત્રાંસમાં મૂકી, લોટાથી પાણી રેડી, ચરણ ધોયાં. પાછળથી એ પાણી પી ગયો હતો. જાણે કે પૂર્વનો કોઈ સંસ્કારી જીવ ન હોય ! સૌને રામચંદ્રજી અને કેવટનો પ્રસંગ તાદશ્ય થઈ ગયો ! સ્વામીશ્રી જાણે કે આ ભાવિક આત્મા માટે જ ડુંગર ઉપર આવ્યા ન હોય !

અહીં ભીમનાથની ટૂક ઉપર આદિનાથની એક મોટી મૂર્તિ જોઈ સ્વામીશ્રી કહે : 'અહોહો ! બહુ મોટી મૂર્તિ છે. લાવો આપણે તેને વર્તમાન ધરાવીએ !' પછી હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ સામે ધરીને તેનાં દર્શન કરાવ્યાં અને બોલ્યા : 'આ મૂર્તિ ઘણાં-બધાં વર્ષથી તપ કરે છે, તેથી તેને હરિકૃષ્ણ મહારાજનાં દર્શન કરાવીએ !'

પછી આગળ ચાલતાં ટૂકમાં જ્યાં જ્યાં મૂર્તિઓ આવતી ત્યાં ઘણી વાર આનંદમાં આવી સ્વામીશ્રી તે મૂર્તિને પૂછતા : 'કેમ, બેઠા છો ને ?' આ શબ્દોમાં એવો તો સહજભાવ અને લહેકો હતો કે કોઈને એમ જ લાગે કે સ્વામીશ્રી મૂર્તિ સાથે જ વાત કરી રહ્યા છે ! દેરાસરમાં પૈસાનો ભંડાર જોઈ સ્વામીશ્રીએ સાથેના હરિભક્તોને તેમાં પૈસા મૂકવાની આજ્ઞા કરી.

થોડા આગળ ચાલ્યા ત્યાં આંબલીનું વૃક્ષ આવ્યું. આ ઝાડ તરફ સ્વામીશ્રીએ કરુણાદષ્ટિ કરી કહ્યું : 'ચાલો, આપણે આ આંબલીને વર્તમાન ધરાવીએ.' પછી જળ મગાવી ઝાડના મૂળમાં રેડી વર્તમાન ધરાવ્યાં અને બોલ્યા : 'હવે બદરિકાશ્રમમાં તપ કરવા જાવ અને પછી સત્સંગમાં અવતાર ધરજો.'

ત્યાંથી આગળ જતાં એક મંદિર આવ્યું. સ્વામીશ્રીએ પૂછ્યું : 'આ શું છે ?'

જગજીવનભાઈ પરમારે કહ્યું : 'બાપા ! આ ભૈરવનું મંદિર છે.'

ત્યારે સ્વામીશ્રી કહે : 'આપણે ભૈરવનું કામ નથી.'

આગળ જતાં એક લીંબડાના ઝાડને પણ વર્તમાન ધરાવીને બદરિકાશ્રમમાં તપ કરવાની આજ્ઞા કરી, જે ઝાડ પછીથી છ માસમાં સુકાઈ ગયું હતું.

આગળ જતાં એક પીરની દરગાહ આવી. ત્યાં ઘણા હિંદુ તથા મુસલમાનો માનતા માટે આવતા. સ્વામીશ્રીને તો પોતાના જોગમાં આવનાર

સર્વેનું કલ્યાણ કરવું હતું. તેથી જળ મગાવી *'કાળ-માયા, પાપ-કર્મ, યમદૂત...'* એ વર્તમાન ધરાવવાનો મંત્ર બોલીને દરગાહ ઉપર પાણી છાંટ્યું અને બોલ્યા : 'ઘણા વખતથી પડેલો હતો, તેનો હવે છૂટકો થશે.'

આ દરગાહની સેવા કરનાર મુજાવર પણ સ્વામીશ્રીના આશીર્વાદથી નવાઈ પામ્યો અને સ્વામીશ્રીનાં ચરણોમાં નમી પડ્યો.

સૌને બ્રહ્માનંદમાં ગુલતાન કરાવતા, જીવમાત્રની કલ્યાણની ભાવના સાથે વિચરતા, સ્વામીશ્રીની યાત્રા આગળ વધતી હતી.

આગળ જતાં સૂરજકુંડ આવ્યો. સ્વામીશ્રી તે કુંડ જોઈ બોલ્યા : 'આપણે અહીં નાહવું છે, કારણ કે શ્રીજીમહારાજ આ કુંડમાં નાહ્યા હતા.' પછી સ્નાન કરતાં કરતાં સ્વામીશ્રીએ સૌની ઉપર પાણી છાંટી સૌને સ્મૃતિ આપી.

ઉતારે જઈ સૌને પ્રસાદ પીરસીને તૃપ્ત કર્યા. ડોળીવાળાને પણ યાદ રાખી જમાડ્યા અને અંતરના ખૂબ આશીર્વાદ આપી સ્વામીશ્રી કહે : 'તમારો પણ આ છેલ્લો અવતાર થઈ ગયો. હવે ડોળી ઊંચકવી નહિ પડે.'

એ આશીર્વાદે ડોળીવાળાનાં કુટુંબીજનો આજે પણ ઘણાં જ સુખી છે.

બપોરે શત્રુંજય ઉપરથી નીચે ઊતર્યા અને ભીડભંજન મહાદેવના ઘણા પુરાતન મંદિરમાં જમવા પધાર્યા. મોહનથાળ બનાવ્યો હતો. ગામના બ્રાહ્મણ હરિભક્તોના ઘર દીઠ એકેક-બબ્બેને આમંત્રણ આપેલું, પણ તેઓ સૌ સહકુટુંબ આવ્યા હતા ! આથી હરિભાઈ મિસ્ત્રીએ સ્વામીશ્રીને વાત કરી કે 'માણસો વધી ગયા છે અને રસોઈ ખૂટશે. માટે આજ્ઞા આપો તો બીજી મીઠાઈ મંગાવી લઈએ.'

સ્વામીશ્રી કહે : 'રસોઈ વધશે. તમે ફિકર કરશો નહિ.' એમ કહી રસોડામાં ઠાકોરજીની મૂર્તિ પાસે ઘીનો દીવો કરાવ્યો અને રસોઈ ઉપર લૂગડું ઢંકાવી સ્વામીશ્રી પોતે જ પીરસવા નીકળ્યા. આમંત્રિતો તથા સાથેના હરિભક્તોને ખૂબ જ આગ્રહથી જમાડી, સૌને તૃપ્ત કર્યા.

સૌ જમી રહ્યા પછી જોયું તો હજુ બે ડબ્બા મોહનથાળ વધ્યો હતો. ૩૦૦ માણસોની રસોઈમાંથી ૮૦૦ માણસો જમ્યા અને ઉપરથી વધ્યું તે જુદું ! આ પ્રસંગથી પરમારભાઈઓને સ્વામીશ્રી પ્રત્યે અત્યંત ભક્તિભાવ ઉત્પન્ન થયો.

બપોર પછી સ્વામીશ્રીએ પધરામણીઓ કરી. પછી હરિભાઈ રામજીભાઈ મિસ્ત્રીના ઘરે ઉતારે આવતાં જ સ્વામીશ્રી કહે : 'આ ઘર તો પ્રસાદીનું છે.' એમ કહી ઘરમાં બધે પગલાં કર્યાં. પાછળથી આ ઘર મિસ્ત્રીઓએ અક્ષર-પુરુષોત્તમ મંદિર માટે સંસ્થાને અર્પણ કર્યું હતું.

ત્યારબાદ ડૉ. રતિભાઈના ઘરે પગલાં કર્યાં. તેઓ સુપાત્ર બ્રાહ્મણ, તેથી સ્વામીશ્રી બોલ્યા : 'તો જ આ જોગ તેમને થયો છે.'

ડૉ. રતિભાઈ તથા હરિભાઈની ઇચ્છા સ્વામીશ્રીનાં ચરણ ધોઈ ચરણામૃત લેવાની હતી. શત્રુંજય ઉપર પેલો પહેરેગીર અનાયાસે લાભ લઈ ગયો, તેથી તેઓને પણ આ ઇચ્છા થઈ. પણ સ્વામીશ્રીએ ઘસીને ના પાડી દીધી કે 'અમે તો સાધુ છીએ. અમારા પગ ન ધોવાય. પાછા જમ ખોરડાં ભાળી જાય !'

એ વખતે મનજીભાઈ પરમારે તેમના ઘરે જમવા પધારવાનું આમંત્રણ આપ્યું, ત્યારે સ્વામીશ્રીએ કોલ આપ્યો કે 'બે વરસ પછી ફરી તમારે ત્યાં આવીને જમશું.'

ત્યારબાદ ત્યાંથી ઘોડાગાડીમાં વિદાય થયા અને સૌએ સ્વામીશ્રીને અશ્રુભરી આંખે વિદાય આપી. સ્વામીશ્રી શિહોર થઈને ભાવનગર પધાર્યા.

અહીં ભડલીવાળા હરિભક્ત તરીકે ખ્યાતિ પામેલા ચાર ભાઈઓમાં માવજીભાઈને સ્વામીશ્રીએ બોટાદથી ધંધાનું સ્થળ ફેરવીને ભાવનગર જવા કહેલું અને આશીર્વાદ આપ્યો હતો કે 'લોઢાં ટીપવાં નહીં પડે ને સુખી થશો.' તેઓ ભાવનગર આવ્યા ને સ્વામીશ્રીની આજ્ઞાથી દુકાન કરી.

જ્યારે સંતો પધારે ત્યારે માવજીભાઈ તરફથી હંમેશાં એક રસોઈ તો હોય જ. તેઓ કહેતા : 'સંતો-હરિભક્તોમાં રહીને મહારાજ-સ્વામી જમે છે. માટે તેમને રાજી કરવાનો સરળ અને સર્વોપરી ઉપાય સંતોને જમાડવાનો છે.'

માવજીભાઈની આવી સાચી ભક્તિથી અને સ્વામીશ્રીના આશીર્વાદથી તેઓ દિન-પ્રતિદિન વ્યવહારમાં સુખી થતા ગયા અને તેઓ તથા તેમના સુપુત્રો વનમાળીદાસ, જયંતભાઈ, ગિરધરભાઈ, નટવરભાઈ તથા ઘનશ્યામભાઈ પણ સ્વામીશ્રીના વચને તન, મન, ધનથી સેવા કરતા રહ્યા.

અહીંથી તણસા સ્ટેશને ઈશ્વરભાઈ માસ્તરને ત્યાં પધરામણી કરી, તળાજા રાત રહ્યા. આ અરસામાં દલસુખભાઈ કાચા તળાજામાં પોસ્ટ માસ્તર તરીકે નોકરીમાં હતા. તેમને સત્સંગ નહિ તેમજ સત્સંગીઓ પ્રત્યે ભાવ પણ નહિ. તેમના પિતા જૂના સંપ્રદાયના ચુસ્ત સત્સંગી હતા, તેથી તેમને નછૂટકે મંદિરે જવું પડે.

જ્યારે અહીંના ખોજા શેઠ હીરજી રતનજી ચુસ્ત સ્વામિનારાયણીય સત્સંગી. તેમની મિલ સામે એક બંગલામાં સ્વામીશ્રી ઊતર્યા હતા. અહીં શહેરના અગ્રગણ્ય નાગરિકો, અમલદારો, ન્યાયાધીશ સાહેબ, મામલતદાર, પોસ્ટ માસ્તર, ડૉક્ટરો વગેરેને ભોજન સમારંભમાં આમંત્રણ આપેલું. દલસુખભાઈ પણ આ

નિમિત્તે બધાની સાથે આવ્યા હતા.

બરાબર સાડા બારના ટકોરે જમવાની પંગત પડી અને વરસાદ શરૂ થયો. તેથી સૌ ઊઠીને બંગલામાં જવા લાગ્યા. ત્યાં સ્વામીશ્રી આવ્યા અને બોલ્યા : 'ઊઠો નહિ, વરસાદ નહિ પડે. મેઘરાજા હમણાં જતા રહેશે. સૌ બેસી જાવ.'

અને થયું પણ તેમજ ! થોડી જ વારમાં જ્યાં ગાજવીજ સાથે અનરાધાર વરસાદ પડવાનો હતો, ત્યાં આકાશમાં વાદળાં વિખરાઈ જવા લાગ્યાં ને વરસાદ બંધ થઈ ગયો. આ ચમત્કારિક ઘટના ત્યાં બેઠેલા સૌએ નિહાળી. દલસુખભાઈ કાચાને થયું કે સ્વામિનારાયણ સંપ્રદાયમાં પણ સમર્થ સંત હોય છે ખરા. તેમને લાગ્યું કે સ્વામીશ્રીમાં કોઈ અનેરી શક્તિ છે.

'आकृति र्गुणान् कथयति।' સ્વામીશ્રીનું માનુષ વિગ્રહધારી સ્વરૂપ કંઈ જુદો જ પ્રભાવ પાથરતું અને તેમના પ્રભાવમાં સૌ કોઈ દિવ્ય શાંતિનો અનુભવ કરતા. દલસુખભાઈ કાચા આવા જ અનુભવથી સ્વામીશ્રી તરફ આકર્ષાયા.[૭]

ગુરુ-સ્થાનનો ઉત્કર્ષ

ભાદરવા વદ ૧૧, સ્વામીશ્રી મહુવા પધાર્યા. નાગરદાસભાઈ, મોહનભાઈ તથા ભગવાનદાસભાઈ વગેરે ભક્તોએ મળીને શોભાયાત્રાનું આયોજન કર્યું હતું. અહીં ત્રણ દિવસ કથાવાર્તાનો અનેરો લાભ સૌને આપ્યો. કથા પ્રસંગમાં સ્વામીશ્રીએ કહ્યું : 'મહુવામાં આગળ જતાં મોટું તીર્થ થશે, અહીં મોટો સમૈયો થશે, ચરણારવિંદ પધરાવાશે. માટે સૌ તૈયાર રહેજો.'

પછી *'અનુભવી આનંદમાં બ્રહ્મરસના ભોગી...'* એ કીર્તન સમજાવતાં કહે : 'ભગતજી મહારાજ કહેતા કે વિષયાનંદી જગત છે ને ભજનાનંદી કો'ક. સૌ શેખચલ્લીની પેઠે મનસૂબા કર્યા કરે છે.

'એક શેખચલ્લી હતા. તેણે બે આનાની મજૂરીમાં એક શેઠનો ઘીનો

---

૭. ત્યારપછી ૧૯૬૯માં જૂનાગઢમાં નટુભાઈ ગઢિયાની નીચેના મકાનમાં રહેવા આવ્યા ત્યારે તેમના સંબંધથી જૂની સ્મૃતિ તાજી થઈ. સ્વામીશ્રીના આશીર્વાદથી આસિસ્ટન્ટ સુપરિન્ટેન્ડન્ટ ઑફ પોસ્ટ ઑફિસ, રાજકોટનો ઓર્ડર આવ્યો. એ પછી જૂનાગઢથી રાજકોટ જતાં તેઓ ગોંડલ આવ્યા અને સ્વામીશ્રી પાસે વર્તમાન ધરાવીને સત્સંગી થયા. ત્યારે સ્વામીશ્રીએ તેમને આશીર્વાદ આપ્યો 'સુપરિન્ટેન્ડન્ટ સાહેબ થઈ જશો.' તે અનુસાર તેમની પાલનપુર અને ત્યારપછી રાજકોટમાં સુપરિન્ટેન્ડન્ટ તરીકે નિમણૂક થઈ હતી.

ઘાડવો બીજે ગામ લઈ જવાનો ઠરાવ્યો. તે તો હાલ્યો ને મનમાં ગોઠવણી કરવા માંડી : ‘આ મજૂરીના બે આના મળશે. તેમાંથી બકરી લેશું. તેનું દૂધ વેચીને પૈસા કરીશું ને પરણશું. ને છોકરાં થશે. પછી હું દુકાને બેઠો હોઈશ ને છોકરો જમવા બોલાવવા આવશે. ઘરાકી બહુ હશે, તેથી હું ના પાડીશ.’ એમ જ્યાં માથું ધુણાવ્યું ત્યાં ઘીનો ઘાડવો પડ્યો હેઠો. તે ઘી બધું ઢોળાઈ ગયું. શેઠ ગુસ્સે થઈ ગયા અને તેને આંકણી મારીને કહ્યું : ‘અલ્યા, તેં તો મારો ઘાડવો ભાંગ્યો !’ ત્યારે શેખચલ્લી કહે : ‘તમારો ઘાડવો ભાંગ્યો; મારું તો ઘર ભાંગ્યું ઈ જોયું ?’

‘આપણેય કમાઈશું, મિલ બાંધશું... એવા વિચારો કરીએ છીએ, પણ પાડે હેઠું. આ લોક સંબંધી વિચારો બધા અસત્ય છે, પણ જીવ બધા શેખચલ્લીની જેમ સનેપતિયા છે.

‘ગુરુમુખી ભક્ત થયો તે સુખી થાય છે. ગુરુમુખી શું ? મરજીવો થાય તે માલ કાઢે. તમાશો જુએ તે ન કાઢે.’

મહુવામાં પ્રસાદી સ્થાનો તથા ભગતજીની સમાધિ દેરીનાં દર્શન કર્યાં. અહીં ભગતજી મહારાજના સમાધિ સ્થાનની વધુ જગ્યા મેળવવા, જગ્યા માટેની અરજી કરી હતી, તે નામંજૂર થઈ હતી.

ભગવાનજીભાઈ દરજી (ભગતજી મહારાજના ભત્રીજા નારણભાઈના પુત્ર), નાગરદાસ વકીલ, મોહનભાઈ મહેતા તથા પોપટલાલ દાણી વગેરે ભક્તોએ આ જગ્યા સંસ્થાને મળે તે માટે અથાગ પ્રયત્નો કર્યા હતા, પરંતુ એ વખતના વહીવટદારે અરજી ઉપર નામંજૂરીનો શેરો કરી દીધેલો. આથી ભાવનગર કલેક્ટર પાસે ફરી અરજી કરી. એ વખતે જોબનપુત્રા સાહેબ, ભાવનગરમાં કલેક્ટર તરીકે આવ્યા. તેમને સ્વામીશ્રી પ્રત્યે ખૂબ પ્રેમ હતો, તેથી સ્વામીશ્રીની ઇચ્છા જાણી તેમણે આ કાર્ય બહુ જ સરળતાથી કરી આપ્યું.

અહીંથી સ્વામીશ્રી રાજુલા પધાર્યા. રાજુલામાં પણ શોભાયાત્રા તથા પધરામણીઓ થઈ. બાદ કોવૈયા આવ્યા.

શૂરવીર આહીરોનું આ ગામ. ઘોડેસવાર અને ઊંટસવાર થઈ સૌ સામૈયું કરવા સામા આવ્યા. જૂની રીત પ્રમાણે ભારે ઉત્સાહ અને દબદબાથી સ્વામીશ્રીનું સ્વાગત કર્યું. અહીંથી થોડે દૂર દરિયા કિનારે વારાહ ભગવાનનું પુરાતન મંદિર છે. ત્યાં દર્શન કરી સૌએ દરિયામાં સ્નાન કર્યું.

અહીંથી બારપટોળીના હરિભક્તોને લાભ આપી ભટવદર પધાર્યા. મહારાજના પ્રસાદીના કૂવાનાં દર્શન કર્યાં. પ્રસાદીનું જળ સૌને ચરણામૃત રૂપે

આપ્યું. દરબારોને સત્સંગના મહિમાની વાતો કરી, પાછા રાજુલા આવી પહોંચ્યા. રસ્તામાં પ્રસાદીની નદીમાં સ્નાન કર્યું.

જાગા સ્વામીના પ્રસાદીગામ બાઢડાનાં દર્શન કર્યાં. નારણભાઈએ વાજતે-ગાજતે સામૈયું કર્યું. અહીં તા. ૬-૧૦-'૫૬, સવારે ૫-૪૫ વાગે અમૃત વાણી રેલાવતાં સ્વામીશ્રીએ કહ્યું :

'ત્યાગ, વૈરાગ્ય, ધર્મ એ બધું મળે, પણ આત્મા ને પરમાત્માની વાત જુદી. આત્મારૂપે વર્તવું તે કઠણ છે. આત્મા એટલે મૂળ અક્ષર. પરમાત્મા એટલે પૂર્ણ પુરુષોત્તમ. આત્મારૂપે વર્તે તે કોઈની અભાવની વાત સાંભળે નહિ, કોઈના દોષ જુએ નહિ, જગત નજરમાં ન આવે, અખંડ અહોહોપણું વર્તે. છેલ્લાના ૨૯ વચનામૃત પ્રમાણે આત્મા-પરમાત્માનો વેગ લાગી જાય.

'મધ્યનું ૬૩મું વચનામૃત. જીવને બળ પામવાના ત્રણ ઉપાય : અતિશય પ્રીતિ; સેવામાં અતિશય શ્રદ્ધા - ભગતજી મહારાજે સાડા ત્રણ વર્ષ દાખડો કર્યો, ચૂનો ખૂંદ્યો, દેહને વાટી નાખ્યો, ગિરનારને બોલાવવા ગયા; અને નવધા ભક્તિ. તેમાં શ્રવણ શ્રેષ્ઠ. ઊંઘ અને આહાર શ્રવણ-ભક્તિમાં વિઘ્ન કરે. પૃથુ રાજાએ દસ હજાર કાન માગ્યા. ગુણાતીત સ્વામી વાત કરતા તે જાગા સ્વામી, હરિશંકરભાઈ હૈયામાં લખી રાખે અને પછી કાગળ ઉપર લખે. એવી યાદશક્તિ હોવી જોઈએ.

'અલીખાં પઠાણની જેમ યાદી રાખવી. એક અલીખાં પઠાણ હતા. તે રોજ ઋષિ મહાત્માની કથા સાંભળવા ગામના બ્રાહ્મણો ભેળા આવે. તે આવે પછી જ ઋષિ પોથી ઉઘાડે.

'એક દી' અલીખાં કોઈ કામ પ્રસંગે રોકાણા હશે. બ્રાહ્મણો કહે : 'કથા શરૂ કરો.' ઋષિ કહે : 'ના, અલીખાં આવે પછી.' થોડી વારે અલીખાં આવ્યા ને ઋષિએ પોથી છોડી. બ્રાહ્મણો ખિજાણા : 'અમે સુપાત્ર નથી ?' ઋષિએ પૂછ્યું : 'આપણી કથા હાલે છે તેમાં તમને કેટલી યાદ રહી ? કાલે શું સાંભળ્યું તે કહો.'

'બ્રાહ્મણો મૂંઝાણા. પછી ઋષિએ અલીખાંને પૂછ્યું, ત્યારે કહે : 'કો' તો મહિનાની કથા કહી દઉં. કો' તો આઠ દી' પહેલાંની કહું, ને કો' તો બે દી' પહેલાંની કથા કહું. તમારા શબ્દો મેં જીવમાં યાદ રાખ્યા છે.' ઋષિએ કહ્યું : 'તો અલીખાં ખરો.' પછી અલીખાંએ બધી કથા કહી બતાવી. બ્રાહ્મણો સમજી ગયા.

'કથામાં બેસીએ ત્યારે કોઈ જાતનો વિચાર - ખાવા, ઊઠવા, બેસવાનો ન કરવો. ઘેર કથા વાંચીએ તો સવાદ ન આવે, સંત પાસે વંચાય તેમાં સવાદ

આવે. કારિયાણી-૧૦ પ્રમાણે ઈશક હોય તો કોઈપણ કામ થઈ શકે.'

સત્યમાર્ગની દૃઢતા

અહીં સાવરકુંડલાથી મનજીભાઈ ઠાકરશી મકવાણા તથા રાઠોડ ભક્ત મંડળ દર્શને આવ્યા હતા. આમ તો તેમને વારસાગત સત્સંગ, પણ ગામમાં સત્સંગ પ્રવૃત્તિ ઓછી. આથી સ્વામીશ્રીએ આ વખતે સૌને આશીર્વાદ આપી કહ્યું : 'રવિવારની સભા ભરો. મંડળ થાપી દો.' પછી કહે : 'કમિટી બનાવવી.' એમ કહીને નાગરદાસ વકીલને આજ્ઞા કરી કે પ્રમુખ, મંત્રી અને સભ્યો નીમી દ્યો.

જ્યારે મનજીભાઈ સાવરકુંડલા પાછા ફર્યા અને રવિવારની સભા અને સત્સંગ પ્રવૃત્તિ શરૂ કરી ત્યારે જૂના હરિભક્તોમાં 'બંડિયો થઈ ગયો' એમ વિરોધ ઊઠ્યો. વળી જૂના મંદિરના પુરાણી પ્રેમસુખદાસે તેમને કહ્યું : 'આ બંડિયાનું ધતિંગ છે. તું મૂળને છોડીને ડાળને બાઝ્યો છે, તે ખોટું કહેવાય. માટે છોડી દે.' પણ સ્વામીશ્રીનું સાંનિધ્ય સેવ્યું હોય, બ્રહ્મરસનું સુખ લીધું હોય તેમને આવા વિરોધો તૃણવત્ જ લાગે. મનજીભાઈએ વિવેકપૂર્વક વચનામૃતના સિદ્ધાંતની વાત કરી કે 'અક્ષરરૂપ થઈ પુરુષોત્તમમાં જોડાવા માટે અક્ષરની આવશ્યકતા અને મોક્ષના દ્વારરૂપ સંતની જરૂરિયાત છે જ. વળી અહીં તો પ્રગટની, એટલે કે અક્ષર કહેતાં ગુણાતીતાનંદ સ્વામી અને પુરુષોત્તમ કહેતાં સહજાનંદ સ્વામીની ઉપાસના છે; ને બીજે તો શ્રીજીમહારાજે જે પરોક્ષ સ્વરૂપો પધરાવ્યાં છે, તે જીવ શ્રીજીનું રહસ્ય ભૂલીને ત્યાં વળગે છે. માટે મેં જે રસ્તો લીધો છે તે સત્યનો છે.'

બીચારા પુરાણીને તત્ત્વજ્ઞાનના સંસ્કારો વિના આવી વાતની શી ગેડ બેસે ? તેઓ વિશેષ દલીલ કરી શક્યા નહિ, અને સત્સંગ મંડળનો દિન-પ્રતિદિન વિકાસ થવા લાગ્યો.

સ્વામીશ્રી બાઢડાથી અભરામપુર થઈ જાગા સ્વામીના જન્મ સ્થાન આંબરડી દર્શને પધાર્યા.

અભરામપુર(સમઢિયાળા)માં સવારે સ્વામીશ્રી કહે : 'આ ગામમાં દર્શન થયાં નહોતાં તે આજ થયાં. નામ સાંભળ્યું હતું.'

તા. ૭-૧૦-'૫૬, આંબરડી ગામમાં આવતાં પહેલાં ભાગોળે સ્વામીશ્રી ગાડામાંથી ઊતરી ગયા. અને રસ્તામાં ખાડા-ટેકરા ઘણા હતા તેમ છતાં પગે ચાલતા ગામમાં આવ્યા. અહીં આવી કહે : 'મહિમા હતો તો ધકાધૂંબી ખાઈ-ખૂઈને અહીં પહોંચ્યા.' કારણ, રસ્તો બહુ જ ખરાબ હતો. ગાડામાં સ્વામીશ્રીને

સખત હેલા લાગ્યા હતા.

અહીં જાગા સ્વામીના જન્મ સ્થાનની શોધ ચાલતી હતી. શિવાલયની બાજુમાં ઊગમણા બારના ઓરડા જોઈને સ્વામીશ્રીએ પ્રમાણ કર્યું : 'આ જ જગ્યા છે. આમાં કોઈ સંકલ્પ કરશો નહિ.' ત્યારે એ અમરશી હેમચંદનાં ઘર હતાં. સ્વામીશ્રીએ ત્યાં ઊભા રહી ધૂન કરાવી, આરતી ઊતરાવી તથા પેંડાનો પ્રસાદ વહેંચ્યો.

જાગા સ્વામીના વંશજ પુરુષોત્તમભાઈ મકવાણા સાથે હતા. તેઓ બોલ્યા : 'હું તો કહું છું, પણ મારું કોઈ માનતું નથી.'

સ્વામીશ્રી કહે : 'જો પાછું બોલ્યા, આ ઘર જ સાચું છે.'

પછી સૌને દંડવત્ કરાવ્યા. બાજુના શિવાલયમાં શ્રીજીમહારાજે શિવલિંગ પધરાવ્યું છે. સ્વામીશ્રી કહે : 'ઘણાં વર્ષથી શોધતા હતા તે આજે મળ્યું. આસો સુદ ૩ ને રવિવાર ૧૨-૩૦ વાગે, સ્થાન શોધ્યું. અનંત જન્મની કસર ટળે એવા સ્થાનમાં આવ્યા. અમથો આંહીં જન્મ લીધો હશે ? મોટાપુરુષ એવે સ્થળે જન્મ લે, કોઈ પત્તો લાગે નહિ.'

અહીંના જોગીદાસ ખુમાણના નિષ્કામ ધર્મની સ્વામીશ્રીએ બહુ પ્રશંસા કરી.

બાઢડા આવતા રસ્તામાં સૂરજવડી નદી આવી. એ નદીને પ્રસાદીની નદી કરવા માટે સ્વામીશ્રીએ હરિકૃષ્ણ મહારાજને સ્નાન કરાવ્યું. પછી પોતે પણ નાહ્યા. પછી વસ્ત્ર બદલતાં કહે : 'નદી બહુ સારી છે. કાંઠે ગામ થાય એમ છે.'

સ્વામીશ્રીના આશીર્વાદથી બરાબર પાંચ વરસે અહીં નવું સૂરજવડી ગામ બંધાયું.

સાવરકુંડલાનો કાર્યક્રમ હતો નહિ, પણ હરિભક્તોના અતિશય આગ્રહથી પધારવાનું થયું. શોભાયાત્રા કાઢી અને વાજતે-ગાજતે ગામમાં પધરામણીઓ થઈ. લિલિયા નારાયણજી મહારાજને મળીને ઢસા પધાર્યા.

રાત્રે ઢસા સ્ટેશન સામે ધર્મશાળામાં ઉતારો કર્યો. અહીં ઘણા મુસાફરો હતા તેથી બે જ ઓરડા મળ્યા. એક ઓરડામાં સ્વામીશ્રી અને સંતો, બીજા ઓરડામાં બધા હરિભક્તો રહ્યા. વહેલી સવારે સ્ટેશન ઉપર આવી પહોંચ્યા.

સવારે પાંચ વાગ્યા હતા. અંધારું ઘણું હતું અને ઠંડીને લીધે વધારે જણાતું હતું. ઠંડીમાં સ્વામીશ્રી વેઈટિંગ રૂમમાં લાકડાની લાંબા હાથાવાળી આરામ ખુરશીમાં બેઠા હતા. બધા યુવકો તથા હરિભક્તો વીંટળાઈને બેઠા હતા. રૂમમાં ઊંચી કાચની ચીમનીવાળો તેલનો દીવો બળતો હતો. આવા સમયે પણ

સ્વામીશ્રી વાતો કરવા બહુ ઉત્સુક હતા. સ્વામીશ્રી કહે :

'મોક્ષનું અસાધારણ કારણ શું ? પ્રથમનું ૫૭ અને છેલ્લાનું ૩૬. ભગવાનના સ્વરૂપનું જ્ઞાન અને ભગવાનનું માહાત્મ્ય. સ્વરૂપનું જ્ઞાન શું ? તો છે. ૩૭. જીવ, ઈશ્વર, અવતાર, પ્રધાન-પુરુષ, પ્રકૃતિ, મહાપુરુષથી પર અક્ષર; તેથી પર પુરુષોત્તમ; એમ તત્ત્વે સહિત જાણવું.

'જેમ ગાય થકી ગાય થાય તે તેનું સ્વરૂપ છે, તેમ ભગવાનને મળેલા સંત તે તેનું સ્વરૂપ છે. મળેલા એટલે એકાત્મપણાને પામેલા, ભેગા રહેલા નહિ. ભગવાનની મરજી પ્રમાણે વર્તનારા. તે ભગવાનની પરંપરા ચાલુ રાખે છે અને એકાંતિક ધર્મ મોળો પડવા દેતા નથી. પ્રત્યક્ષ ધર્મ, પ્રત્યક્ષ જ્ઞાન, પ્રત્યક્ષ વૈરાગ્ય અને પ્રત્યક્ષ ભક્તિ જોઈએ.

'પ્રત્યક્ષ ધર્મ શું ? અભેસિંહ બાપુ છ કલાક ધ્યાન કરતા. સ્વામીએ બોલાવ્યા તો કહે : 'ધ્યાન કરીને આવું.' પછી સ્વામીએ સમજાવ્યું કે 'ધ્યાન પડતું મૂકી પ્રત્યક્ષ સત્પુરુષનો સમાગમ કરી લેવો જોઈએ.' અભેસિંહ બાપુ મહારાજ અને શ્રીકૃષ્ણને એક સમજતા, તે સમજણ ટાળી નાખી.

'ગુણાતીતાનંદ સ્વામી સૌને પીરસતા હતા. તે વખતે ગામડેથી શામજી ભગત સમાગમ માટે આવ્યા. તે સ્વામીને પ્રસાદી આપતા જોઈ હાથ-પગ ધોયા વિના પત્તર ધર્યું. તે સ્વામીએ બે લાડુ મૂક્યા. હાથ-પગ ધોવા રહ્યા હોત તો પ્રસાદી ન મળત. આ પ્રત્યક્ષ ધર્મ.

'એવા જે મળેલા તેને સેવી લેવા. સેવ્યા શું ? તો તેને ગુણ આવવા જોઈએ. ગુણ કેમ આવે ? આજ્ઞા અને અનુવૃત્તિમાં ટૂક ટૂક વર્તે તો ગુણ આવે.'

'આપણે એકાંતિક ધર્મ સિદ્ધ કરવા આવ્યા છીએ...' યુવકો સમક્ષ સ્વામીશ્રી લગભગ વાતની શરૂઆત જ આ રીતે કરતા અને યુવકોને દૃઢ કરાવતા કે એકાંતિક ધર્મ સિદ્ધ કરવાનો છે. અને તેના ઉપાયરૂપે નીચેની સમજણ વારંવાર આપતા : 'કોઈના અભાવ-અવગુણમાં ન પડવું; દેહને ભીડો દેવો, કારસો દેવો; નીચે સૂવું; ભેળું કરીને ખાવું; ને 'હું ગુણાતીત છું' એમ માનવું; તો ઘાટ-સંકલ્પ ન થાય. અને મનને ડારો દેવો કે તારે ને મારે લેવા-દેવા નથી.

'જડતા કાઢી નાખવી, તો જ્ઞાનતંતુ ખીલે અને ૨૬૨ વચનામૃત યાદી રહી જાય. રૂપ જોવાઈ જાય તો આંખમાં મરચાં ભરવાં. જોગીદાસ ખુમાણે કેવું કર્યું ? એમ આપણે કરવું. મુંબઈમાં શું માલ છે ? નકરાં મકાન ખડક્યાં છે ! આ દેહમાં તો ઉપર ચર્મ મઢ્યું છે, બાકી વિષ્ટા છે. તો મોહ કાઢી નાખવો.'

અહીંથી નાના રાજકોટ પધાર્યા. ગામડાના પ્રેમઘેલા ભક્તોએ સામૈયું કરી સેવા-સમાગમનો સારો લાભ લીધો. રાત્રે જુવાનિયાઓએ અદ્‌ભુત રાસ જમાવી સ્વામીશ્રીને રાજી કર્યા.

બીજે દિવસે શરદોત્સવ કરવા સ્વામીશ્રી ગોંડલ આવી પહોંચ્યા.

ખમિયાણાના તીર જેવી ગુણાતીતવાણી

તા. ૧૨-૧૦-'૫૬, સવારે અક્ષર દેરીમાં સ્વામીશ્રીએ વાત કરી :

'દાસત્વ રાખવું. જેમ-તેમ, જેવું-તેવું ચલાવી લેવું. સત્સંગમાં ધણી થાવું. નીલકંઠ સ્વામી ડોસા હતા. ઉધરસ અને દમ બહુ. સાધુમાં બાર વરસ અહીં રહ્યા. વધ્યું-ઘટ્યું ખાઈ લે. દાળ પીને રહેતા. છાનામાના વાસણ ઊટકે, કોઈ ન ભાળે તેમ. સેવા કરે તો મેવા મળે.

'સેવામાં ત્રણ વાનાં ન આવવાં દેવાં : માન, ઈર્ષા, ક્રોધ. 'હું કરું છું' એમ ન થાવા દેવું. સેવામાં કજિયો, વાદ અને કંટાળો આ ત્રણ વાનાં પણ ન કરવાં. મધ્યના ૨૫ વચનામૃતમાં મહારાજે ધારણાં-પારણાં કે તપ ન બતાવ્યું; કહે અને સેવા કરે એમ નહિ, કહ્યા વિના કરે એ રાજીપો જુદો. કલાક - બે કલાક, ક્ષણમાત્ર હવા વિના, જમ્યા વિના રહેવાય છે ? તેમ સેવા વિના ન રહેવાય. મલિન વિચાર - વાસના બળીને ભસ્મ થઈ જાય. સેવા કરે, દાખડો કરે, તેની વાત.

'સર્વ પૃથ્વીનું રાજ આવે તોપણ સંતની આગળ જેવો કંગાલ હતો ને ચાકરી કરતો, એવો ને એવો મોટો હોદ્દો મળે ને કર્યા કરે એ દીનતા. આપણે સાધારણ અધિકાર મળે તો ગાંઠતા નથી. 'ચલ બે !' નિર્માનીપણું છોડે નહિ, એના ઉપર બાપાનો રાજીપો થાય. ત્યાગી થવા કેટલી ગરજ હોય, ટેલ-ચાકરી કરે, એવી રીતે સામર્થ્ય આવે તોપણ એમ વર્તે.'

સારંગપુરના ૯મા વચનામૃતના અનુસંધાનમાં કહ્યું : 'કળિયુગમાં સત્યુગ શું ? કથાવાર્તા, કીર્તન, એકબીજાનો મહિમા. અવગુણની વાત જ નહિ.'

તા. ૧૩-૧૦-'૫૬, રાતે ૧૦ વાગે યુવકોને સંબોધતાં કહ્યું :

'સાધુ થવા માટે હું કોઈને કહીશ નહિ. જેને ઈશક હોય એ આવી જાય. અમે સ્વામીની પાછળ પડતા કે 'સ્વામી ! સાધુ કરો.' અમે તો ના પાડીએ પણ તમારે પાછળ મંડવું જોઈએ. અમને તો કહેતાં બહુ બીક લાગે. મોટાપુરુષ ના પાડે, પણ તમે ઘેરથી ભાગીને આવો, પાછા જાવ, એમ સાધુ થઈ જવાય. સાધુ થાવ એમાં ખરેખરો રાજીપો ! પણ અનુવૃત્તિ પાળવી પડે. જાડાં કપડાં પહેરવાં

પડે. પાંચ દિવસે ઉપવાસ. એક વાર ખાવું પડે. કામ, ક્રોધ જીતવા પડે. ગુણિયા પર સૂવું પડે.

'અમે શાસ્ત્રીજી મહારાજ સાથે રહેતા. તે જેમ કહે તેમ કરીએ. જમતા હોઈએ ને બોલાવે તો તરત કોળિયો મૂકીને ઊભા થઈ જઈએ. પ્રદક્ષિણા કરવાનું કહે તો તરત પ્રદક્ષિણા કરીએ. માળાનું કહે તો માળા ફેરવીએ. સ્વામી સૂતા હોય ત્યારે જરાપણ અવાજ ન કરીએ. શાસ્ત્રીજી મહારાજ સાથે બધા ફરતા, પચીસ-પચાસ માણસો; તે બધાનું સાચવીએ, બધાને સંભારીને જમાડીએ, નાસ્તા-પાણી કરી આપીએ, શરબત વગેરે કરી આપીએ, બધાને આસન મળ્યું છે કે નહિ તેની તપાસ કરીએ, આસન પાથરી આપીએ. એટલે શાસ્ત્રીજી મહારાજે બધાની સંભાળ રાખવી ન પડે, એટલે બહુ રાજી થાય. ૧૨ વાગે સૂઈએ, ૪ વાગે ઊઠીએ. ૧૩ કલાક કામ કરતા. પછી ઊંઘ તો એવી ચડી જાય પણ ૪ વાગે તરત ઊઠી જઈએ. થાક ને ઊંઘ તો માર્યાં ફરે. એનું નામ નહિ. છાનામાના સેવા કરીએ, તેથી કોઈ રોકે નહિ. એમ સ્વામીની અનુવૃત્તિ સાચવી. 'ભક્ત્યાનુવૃત્યા' - એમ સૂત્રમાં સમજી જવું. એનાં કાંઈ નગારાં ન વગાડાય. એમ ૪૦ વર્ષ દાખડો કર્યો ત્યારે મહારાજની દૃષ્ટિ પડી. રાજીપો કાંઈ એક દિવસમાં થતો નથી. એ કાંઈ એમનેમ મળે છે ? અત્યારે એવા અનુવૃત્તિમાં રહેનાર પણ છે. એ કાંઈ વંશ જતો નથી.'

'અને રજા ન આપે તો મુક્તાનંદ સ્વામીની જેમ કરવું. મા-બાપના પગ દાબવા, સેવા કરવી. પાછા બે દિવસ ભાગી જવું. કોઈને ત્યાં સૂઈ રહેવું. ઘરમાં કનડગત કરવી; ખાટલા આડા મૂકી દેવા, ઘોડિયાં ઉછાળવાં, ભાગી આવવું. મા-બાપને હા હા કરવી. 'મારે જવું છે, પણ સ્વામી મને કહેતા નથી.'

'સાધુ થયા પછી ભેગા ફરવાનું મન ન રાખવું, પણ સ્વામી જેમ કહે તેમ કોઠાર, રસોડું, પૂજારી - જેમ કહે તેમ કરવું. બધો ભીડો વેઠવો પડે.

'ત્રણ વાનાં રાખે તો હું રાજી થાઉં. સંપ હોય તો પાંચ જણા પાંચસોનું કામ કરે. અમે ૧૦ સાધુનું મંડળ ફરતા, તે બધા એક એક કામ ઉપાડી લે; એમ સંપથી કામ કરવું. સુહૃદપણું, એકતાપણું, દિવ્યતા રાખી કોઈનું વાંકું ન બોલવું; આ ત્રણ વાનાં હોય તો હું બહુ જ રાજી થાઉં અને હું એની માળા ફેરવું.

'મોટાપુરુષ ગમે એવી ક્રિયા કરે, પણ જો તે ગમે તો ગુણ આવે ને સમાગમમાં રહેવાય. માટે જ્ઞાન પ્રધાન રાખવું. અહીં સેવા કરવા આવ્યા છીએ, પણ સેવા પેટામાં છે અને જ્ઞાન મુખ્ય છે. કારણ, જ્ઞાન હોય તો સેવા થાય. ત્રણ

વાનાં મુખ્ય રાખવાં : નિર્દોષબુદ્ધિ, સત્સંગ વધારવો અને એકાંતિક થવું. 'દ્રોહ શું ?' ન હોય તે કહે. જાણે-અજાણે પણ... અજાણે શું ? આપણે ન જાણતા હોઈએ એના વિષે પણ કહીએ.'

જ્યારે સ્વામીશ્રી આવી વાતો રેલાવતા ત્યારે યુવકો-સંતોને શબ્દે-શબ્દને પી જવાનું મન થતું. ત્યાગ-વૈરાગ્યનો કાંટો ચડી જતો. ભગવાન ભજવાનો વેગ લાગી જતો, કારણ કે આ વાતોમાં જગતના લોચા કાઢી નાખવાની ખમિયાણાના તીર જેવી વેધકતા હતી.

ગુણાતીત સંતની નિશ્રામાં શરદોત્સવની ઝાકમઝોળ

સ્વામીશ્રીના સાંનિધ્યમાં ઊજવાતા આ અતિ અલૌકિક અક્ષર મહોત્સવનું આકર્ષણ સંપ્રદાયમાં વર્ષોવર્ષ વધતું જતું હતું. પૂર્ણિમાનો શરદચંદ્ર જેમ પૂર્ણ કળાએ ખીલી ઊઠતો, તેમ સ્વામીશ્રી પણ અક્ષર દેરીમાં પૂર્ણ સ્વરૂપે શોભતા, ભક્તોને બ્રહ્મસુખની લહાણ કરવામાં જરાપણ કચાશ રાખતા નહિ.

આ વખતે અમે બધા યુવકોએ મળીને મંડપની સુંદર સજાવટ કરી હતી. નાનાં પ્રવેશદ્વારો, સુંદર કમાનો, નાનાં ઝુમ્મરો તથા દીપમાળાઓથી મંડપ અલૌકિક શોભતો હતો. ધજા-પતાકાઓથી મંદિર ખૂબ શોભાયમાન કર્યું હતું. મંદિર સામે સુવર્ણમંડિત કાષ્ઠનો સ્તંભ દાજી બાપુની ઇચ્છાથી રોપવામાં આવ્યો હતો. હજારો ભક્તો દેરીમાં પ્રદક્ષિણા, ધૂન-ભજન કરતા આનંદમાં ગરકાવ હતા. આ દૃશ્ય જોઈ આફ્રિકાના શાહ-સોદાગર નાનજી કાલીદાસ પણ પ્રભાવિત થઈ ગયા; નહિ તો એમની આર્યસમાજી વિચારધારામાં આ બધું ઓછું બંધબેસતું આવે ! પણ સ્વામીશ્રીની સાધુતા એમને સ્પર્શી ગઈ હતી.

ઉત્સવ નિમિત્તે ભાઈલાલભાઈ તેમની સુંદર શૈલીમાં ભગતજી મહારાજનું જીવનચરિત્ર રોજ સભામાં વાંચતા. પૂનમને દિવસે સવારે યુવક મંડળોએ ગુરુવંદના કરી સ્વામીશ્રીનું અભિવાદન કર્યું. સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા.

રાતની સભામાં રાજકોટ તથા અમદાવાદ યુવક મંડળનાં ભજનો બાદ ખેંગારજીભાઈ તથા ચંપકભાઈએ પ્રગટનો મહિમા ગાયો. ચંદુભાઈ વિદ્યાધિકારીએ જણાવ્યું : 'સત્સંગ-પ્રચાર અને સાહિત્ય-વિકાસ માટે ખાસ પ્રયત્નો થવા જોઈએ. આવતી શરદ પૂર્ણિમા સુધી જરૂર તે અંગે કંઈ થાય તો સારું. હું આ સંપ્રદાયનો નથી, છતાં વેદ-ઉપનિષદનું સૂક્ષ્મ જ્ઞાન આટલું સરળતાથી ભગતજી મહારાજના જીવન ચરિત્ર દ્વારા બહાર પડ્યું ત્યારે મેં જાણ્યું.

હું ગર્વ લઉં છું કે સ્વામિનારાયણ ભગવાને જે અદ્‌ભુત કાર્યો કરેલાં છે ને જે મોટા ગ્રંથો સિદ્ધહસ્ત કવિઓ અને બ્રહ્મચારીઓ થકી બહાર પડેલા છે, તે સર્વ સાહિત્ય સુલભ થવું જોઈએ.'

હરમાનભાઈએ તેમના પ્રવચનમાં તેમને ખાતરી આપી હતી કે આવતાં નજીકનાં વર્ષોમાં આ અંગે જરૂર પ્રગતિ થશે.

ચંદુભાઈ વિદ્યાધિકારી વર્ષોથી ગોંડલ મંદિરને કારણે શાસ્ત્રીજી મહારાજ અને સ્વામીશ્રીના પરિચયમાં હતા. મંદિરને મદદરૂપ થવામાં રાજ્ય તરફથી એમણે ઘણો સહકાર અપાવેલો, પણ પ્રાગજી ભક્તના જીવન ચરિત્રની પ્રસ્તાવના લખવાની સ્વામીશ્રીએ તેમને આજ્ઞા કરી. એ પુસ્તક તેમણે વાંચ્યું અને ખૂબ પ્રભાવિત થયા. ત્યારથી સાહિત્ય-પ્રચાર માટે તેઓ હંમેશાં આગ્રહ રાખતા અને કહેતા કે શંકરાચાર્યે જેમ ચાર પીઠ કરી, તેમ અહીં અક્ષરપીઠ થશે.

આણંદના જાણીતા કાર્યકર્તા અને સત્સંગી સત્યનારાયણ દવેએ જણાવ્યું : 'હું વાડામાં નથી માનતો. શ્રીજીમહારાજ અને એમના સંતો જેમ વર્તતા અને ભજન કરતા, તેવાં જ વર્તન અને ભજન શાસ્ત્રીજી મહારાજના મંડળમાં ચાલે છે, તે જોતાં જ હું આમાં રસ લેતો થયો છું. અને ખાતરીપૂર્વક જણાવી શકું છું કે સંપ્રદાયનું સાચું જ્ઞાન અને એકાંતિક ધર્મ, વર્તનમાં મૂકીને યોગીજી મહારાજ પ્રવર્તાવી રહેલા છે. તેનો સર્વે કોઈ મુમુક્ષુઓએ લાભ લેવો જોઈએ.'

ત્યારબાદ હરિભક્તોએ સ્વામીશ્રીનું પૂજન કર્યું હતું. પછી ત્રીજી આરતી થઈ. મોટાસ્વામી અને પ્રમુખસ્વામીનાં પ્રવચનો પછી રાત્રે ૧૨-૦૦ વાગે સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા હતા, જેમાં યુવકોને વિશેષ આશીર્વાદ આપ્યા અને જણાવ્યું કે 'આવતી શરદ પૂનમે ૫૦૦ યુવકો સેવામાં હાજર થાય.' આ વખતે સમૈયાનો મોટો સેવાભાર યુવકોએ ઉપાડી લીધો હતો. રાત્રે દૂધ-પૌંઆનો પ્રસાદ વહેંચાયો. મોડી રાત્રે ઘણાં મંડળોએ ભજન-કીર્તનો સાથે રાસ લીધા હતા.

વચનામૃતના સિદ્ધયોગી

તા. ૨૫-૧૦-'૫૬, સભા પ્રસંગમાં સ્વામીશ્રીએ કહ્યું :

'ખપ બે વાતનો રાખવો. એક તો મોક્ષનો અને બીજો સ્વભાવ ટાળવાનો. વચનામૃત મધ્યનું ૩૭મું. હું જ્યારે સાધુ થવા પ્રથમ કૃષ્ણચરણદાસ સ્વામી પાસે આવ્યો, ત્યારે તેમણે આ વચનામૃત મોઢે કરાવેલ અને સિદ્ધ કરાવેલ. સત્પુરુષના વચનમાં વિશ્વાસ, દૃઢ શ્રદ્ધા અને ગમે એવું વચન કહે તેને પોતાનું

હિતકારી માની વાતના કરનારાનો ગુણ જ લે.’

એકાએક સ્વામીશ્રીના મુખકમળમાંથી સરી પડેલાં વચનો કે ‘મધ્યનું ૩૭મું વચનામૃત સિદ્ધ કરાવેલ.’ જેમાં ગુરુને મોટપ આપી દીધી. કૃષ્ણચરણદાસ સ્વામી સાથે પોતે લગભગ દોઢથી બે વર્ષ રહ્યા એટલામાં જ શું સિદ્ધ થઈ ગયું ? એ તર્કસંગત જણાતું નથી. અને તેથી એ પોતે જ સ્વયંસિદ્ધ હતા એમ જણાયા વગર રહેતું નથી. જે જે એમના સંપર્કમાં આવ્યા તેમને, અજાણમાં નીકળેલા એમના આ ઉદ્‌ગારો, એમના આચરણમાં આજીવન જોવા મળ્યા. ભગવાન અને સંત સ્વભાવ ટાળ્યા સારુ ગમે તેટલા તિરસ્કાર કરે ને ગમે તેવાં કઠણ વચન કહે તોપણ કોઈ રીતે દુખાય નહિ ને કહેનારાનો ગુણ જ લે. એ શ્રીજીનાં વચનો એમણે ગુરુ વિજ્ઞાનદાસ સ્વામી પાસે રહીને સિદ્ધ કરી બતાવ્યાં. બેહદ તિરસ્કાર, મારઝૂડ અને તીખાં બાણ જેવાં વચનોની સતત વર્ષા વચ્ચે રહીને પણ પૂર્ણ પ્રસન્નતા અને કહેનારા-ટોકનારાનો ગુણ જ ગ્રહણ કરતા રહ્યા, ત્યારે આજે એ શબ્દો અજાણતાં જ સરી પડ્યા કે ‘વચનામૃત સિદ્ધ કરેલ છે.’

અહીંથી સ્વામીશ્રી રાજકોટ, બંધિયા તથા ગુંદાસરા વગેરે ગામોમાં પણ પધાર્યા. આસો વદ બારસે અક્ષર દેરીમાં પ્રાતઃકથામાં સ્વામીશ્રીએ સનાતન સ્વામી પાસે *‘માવજી મુજ પર ખૂબ અઢળક ઢળ્યા...’* એ પ્રભાતી-પદ ગવરાવ્યું. તે સમજાવતાં પોતે કહ્યું :

‘*માહરું મંદિર ધામ કીધું,* શું ? ચૈતન્યમાં ભગવાન બિરાજ્યા તે.

‘બિરદ શું ? અનંત જીવોને ધામમાં લઈ જવા તે.

‘અધિક સુખ શું ? ખાવા-પીવાનું ? ના. બ્રહ્મરૂપ કરવા અને એકાંતિકનું સુખ આપવું તે.’

પછી એક સેવાભાવી હરિભક્તને સંબોધતાં કહ્યું કે ‘માત્ર સેવા કરવી, એમ ન માનવું. જ્ઞાન પણ શીખવું, તો દેશકાળ ન લાગે. જૂનાગઢમાં હરિભક્ત આવ્યા હતા તે પંગતમાં જમવા બેઠા. બ્રહ્મચારી ખીચડીમાં ઘી આપવાનું ભૂલી ગયા. તે કહે : ‘જોયું ને ! આપણે દૂધપાક જમાડીએ છીએ ને આપણને ઘી ન આપ્યું.’ સભામાં આવી સ્વામીને કહે : ‘લો આ કંઠી.’ સ્વામીએ કારણ પૂછ્યું. તો કહે : ‘ખીચડીમાં ઘી ન આપ્યું.’ સ્વામી કહે : ‘ઘી ખાવા સત્સંગ કર્યો છે !’ કંઠી પાછી લઈ લીધી. પછી કૃષ્ણચરણ સ્વામીએ વાતો કરી તેને સમજાવ્યો અને સત્સંગમાં રાખ્યો. માટે જ્ઞાન શીખવું.

‘બે વાત છે : સંસારમાંથી ઉદાસ થાય તો ભગવાનમાં હેત થાય ને

સંસારમાં હેત થાય તો ભગવાનથી છૂટો રહે. બેમાંથી એક થાય.' પછી પંક્તિ આવી, *'વિવિધ વિનોદ કરતાં વિહારી...'* એટલે પૂછ્યું : 'વિનોદ એટલે શું ?' પોતે જ કહ્યું : 'ભગવાનને હાર પહેરાવવા, થાળ કરવા, તે વિનોદ કહેવાય.'

'*આડ સર્વે ટળી.* એ આડ શું ? જગતની, મનની બધી આડ છોડી દીધી.'

✧

નવા વર્ષમાં અક્ષર દેરીમાં ચોપડા-પૂજન સારી રીતે કર્યું. હરિભક્તોના અસંખ્ય ચોપડાઓમાં સ્વામીશ્રી હસ્તાક્ષર પાડી આપતા હતા, એ માટે સૌ પડાપડી કરી રહ્યા હતા. અક્ષર દેરી આગળ થાંભલાની ઓથે એક પગનો પાટીની જેમ ટેકો લઈ, માથે પાઘ અને હાથમાં બરુનો કિત્તો લઈ, સહી કરતા સ્વામીશ્રીના મુખ પર ભજનનો વેપાર કરનાર વેપારીની શોભા હતી. બધી વિધિ આટોપી સ્વામીશ્રી રાજકોટ પધાર્યા. અહીંના હરિભક્તોના ચોપડાઓનું પૂજન કર્યું અને મોડી રાત્રે ગોંડલ આવ્યા. અન્નકૂટોત્સવ સારો ઊજવાયો.

રામોદ, માંડવા, ખોખરી, વડિયા, થાણાદેવળી તથા દેવચડી વગેરે ગામોમાં અન્નકૂટનો પ્રસાદ વહેંચવા સ્વામીશ્રી જાતે નીકળ્યા હતા. માંડવા જતાં રસ્તામાં એક પ્રણામીની જગ્યા છે, જ્યાં મહારાજ પધારેલા અને મહંતની ગાદી ઉપર બેસી ગયેલા, તે જગ્યાએ સ્વામીશ્રી અચૂક દર્શને જતા.

ગોંડલ આવી ડાંગરા, જાયવા થઈ ભાદરા દર્શન કરી, ઊંડ નદીમાં સ્નાન કરી, રાજકોટ થઈ સ્વામીશ્રી અમદાવાદ પધાર્યા.

કારતક સુદ એકાદશી અમદાવાદમાં કરી. અહીંથી બારેજડી, નડિયાદ, આણંદ, વડોદરા, અટલાદરા થઈ કાર્તિક પૂર્ણિમાનો સમૈયો બોચાસણ કર્યો.

પછી ગાના થઈ ખાંધલી પધાર્યા. અહીં ભીખાભાઈ લાલભાઈ પટેલે 'સત્સંગિજીવન'નું પારાયણ યોજ્યું હતું. વાજતે-ગાજતે ગામલોકોએ સ્વામીશ્રીનું સ્વાગત કર્યું. પારાયણના વિશાળ મંડપમાં જ સભા થઈ. જેમાં હરમાનભાઈએ સ્વામીશ્રી તથા સંતોનો પરિચય આપ્યો હતો. બીજે દિવસે પ્રમુખસ્વામીએ પારાયણનો પ્રારંભ કર્યો.

આત્મસત્તારૂપની વ્યવહારુ વ્યાખ્યા

તા. ૨૦-૧૧-'૫૬, સ્વામીશ્રી ઝારોળા પધાર્યા. અહીં હાઈસ્કૂલનું ઉદ્ઘાટન કરવાનું હતું. શાળાના ચેરમૅન રાવજીભાઈ રણછોડભાઈ તથા મંત્રી શંકરભાઈ ગોકળભાઈએ સ્વામીશ્રીનું સ્વાગત કર્યું. સ્વામીશ્રીએ આશીર્વાદ

આપ્યા. શાળામાં બધે ફરી પુષ્પ છાંટ્યાં. ગામમાં ઘણી પધરામણીઓ થઈ. ગામના તળાવે પણ પુષ્પ છાંટ્યાં.

અહીં સ્વામીશ્રીએ સર્વે યુવકોને ઉપવાસની આજ્ઞા કરી કહ્યું : 'ગઢડા મધ્યનું ૫૧મું વચનામૃત મોઢે કરજો.' સર્વે યુવકોએ આજ્ઞા મુજબ વચનામૃત મોઢે કરવા માંડ્યું.

સ્વામીશ્રી પધરામણી કરીને પધાર્યા. બધી પ્રવૃત્તિમાંથી પરવારી યુવકો સાથે બેઠા. દરેકનો વચનામૃતનો મુખપાઠ લીધો. પછી કહે : 'તમે બધાએ આ વચનામૃત મોઢે કર્યું છે તો સૌ આત્મસત્તારૂપે વર્ત્યા છો.' એમ કહી બાજુમાં જ ટેબલ ઉપર પડેલી ઘંટડી બતાવી કહ્યું : 'સત્પુરુષની આજ્ઞાથી જો ઘંટડી ખખડાવે તોપણ આત્મસત્તારૂપે વર્ત્યા ગણાય.' સાદી અને સરળ શૈલીમાં સ્વામીશ્રીએ એક જબરદસ્ત સિદ્ધાંત યુવકોનાં હૃદયમાં ઉતારી દીધો ! વાતને ભાર આપવાની સ્વામીશ્રીની શૈલી જ અનોખી હતી !

રાત્રે ખાંધલી પધાર્યા. રોજ સ્વામીશ્રી નિત્ય વિધિથી પરવારી સ્થાનિક મંદિરમાં દર્શને પધારતા. પછી કથાનો પ્રારંભ થતો અને સ્વામીશ્રી પધરામણીએ જતા. સવાર-સાંજના આ સાત દિવસના કાર્યક્રમમાં ખાંધલી ગામમાં ઘરે ઘરે પધરામણીઓ થઈ ગઈ. સાંજની કથા પછી રોજ રાત્રે ગાના યુવક મંડળ આવતું અને રાસમંડળી સાથે કીર્તન-ભજનની રમઝટ બોલાવતું. આમ, સાત દિવસ ક્યાં પૂરા થઈ ગયા તેની કોઈને ખબર રહી નહિ. કથા પછી મોટાસ્વામી તથા સ્વામીશ્રી પણ પ્રસંગોપાત્ત વાતો કરતા.

ભીખાભાઈએ જનરેટર લાવી વીજળીની ખાસ વ્યવસ્થા કરી હતી. બપોરે એમના તરફથી જ સંતો, હરિભક્તો તથા મહેમાનોને પ્રસાદ લેવાનો રહેતો. રેવનદાસ, મોતીભાઈ, રણછોડભાઈ વાડીવાળા વગેરે ભક્તોએ પણ સારી મદદ કરી હતી.

આફ્રિકાના પ્રથમ યુવક-અધિવેશનને પ્રેરણા પત્ર

આજથી થોડા દિવસ પછી તા. ૨૩, ૨૪, ૨૫ ડિસેમ્બર, નાતાલની રજાઓમાં સમગ્ર પૂર્વ આફ્રિકાનાં યુવક મંડળોનું પ્રથમ અધિવેશન નૈરોબીમાં યોજાનાર હતું, તેને ઉદ્દેશીને સ્વામીશ્રીએ ખાંધલી પારાયણમાંથી એક સુંદર આશીર્વાદ પત્ર લખ્યો. જેનાથી સ્વામીશ્રીનાં દિવ્ય કાર્ય અને યુવકો ઉપરના રાજીપાનો ખ્યાલ આવે છે :

તા. ૨૧-૧૧-'૫૬, ખાંધલી.

સ્વસ્તિ શ્રી નૈરોબી મહાશુભ સ્થાને પરમ ભગવદી, એકાંતિક, સ્વામીશ્રીજી તથા શાસ્ત્રીજી મહારાજના લાડીલા રા. રા. સ્વધર્મનિષ્ઠ નૈરોબી હોલ(whole) આફ્રિકા યુવક મંડળની ચડતી કળા સ્વામીશ્રી અખંડ રાખે. પ્રત્યે સાક્ષાત્ ગાના પાસે ખાંધલી ગામથી લિ. આપને સંભારનાર સાધુ જ્ઞાનજીવન-દાસજી તથા મોટાસ્વામી તથા નારાયણસ્વામી તથા મોતીભાઈ તથા વેલજીભાઈ ઝીંઝાવાળા તથા હરમાનભાઈ તથા રણછોડભાઈ વાડીવાળા તથા સર્વેના ઘણા જ હેતથી સ્વામિનારાયણ વાંચશો. આશીર્વાદ સાથે લખવાનું કે અહોહો ! આફ્રિકામાં યુવક મંડળનું સંમેલન ભરાશે, તેમાં અમારા રૂડા આશીર્વાદ છે. હે યુવક મંડળો, તૈયાર થાવ ને સૌ બળ રાખો.

૧. ધર્મનિયમ-તિલક-ચાંદલા : શિક્ષાપત્રી પ્રમાણે વર્તન રાખવું, જેથી આપણો સૌને ગુણ આવે કે અહોહો ! સ્વામિનારાયણવાળા યુવક મંડળ આવું સાફ વર્તન રાખે છે, તો તેમનાં માબાપ તથા ગુરુ તથા હરિભક્તો કેટલું સર્વોપરી વર્તન રાખતાં હશે ! તેમ સૌને ભાર પડે. માટે હે યુવકો ! કટિબદ્ધ, તૈયાર થાઓ. ભણવામાં હોશિયાર થાઓ, કોઈ દિવસ પરીક્ષામાં નાપાસ ના થાવું તે ખાસ ભલામણ છે. તો હવે ડંકો વગાડો.

૨. પોતાના આત્માને બ્રહ્મરૂપ માનવો. બ્રહ્મરૂપ એટલે ગુણાતીત - પોતાના આત્માને સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ ત્રણ દેહથી પર માનીને વર્તવું. શિક્ષાપત્રીનો ૧૧૬ શ્લોક પાળવો. તે શીખવવા સૌને પ્રયત્ન કરવો. આવો અવસર-સંમેલન પહેલું - તે હવે ડંકો વાગશે.

૩. તા. ૨૩, ૨૪, ૨૫ ત્રણ દિવસ અમો દેશમાં માળા ફેરવીશું, જેથી સંમેલન નિર્વિઘ્ને થઈ જાય. તેમનો ડંકો આખા નૈરોબી શહેરમાં વાગે. વાહ સ્વામિનારાયણ યુવક મંડળ ! એમ સૌ બોલે, જયજય નાદ થાય.

૪. અહોહો ! આ સંમેલનમાં ડંકો વાગશે. હવે જો બને તો વરસોવરસ નાતાલના દિવસોમાં એક વર્ષ નૈરોબી, તો એક વર્ષ મોમ્બાસા, તો એક વર્ષ ટરોરો, તો એક વર્ષ કંપાલા, એક વરસ બીજા ગામ, એમ વારાફરતી ગામોમાં લાભ મળે. જે જે ગામના યુવકો જુએ તો તે તે ગામના જ્ઞાનમાં તૈયાર થાય.

૫. આ સંમેલન ભરવાનો એક જ ઈરાદો છે. જે તે એક જ નિષ્ઠા, ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિમાં સૌ તૈયાર થાય, તો કોઈ યુવકો ખરાબ રસ્તે ન જાય, મા-બાપની આજ્ઞા પાળે, આજના જમાનામાં ન ભળે ને આનંદ થકા ધર્મ પાળે,

અભ્યાસ કરે, ફેલ-વ્યસનોનો ત્યાગ કરે ને શૂરવીર થાય, તે જ હેતુ છે.

૬. આ સંમેલનમાં સ્વામીશ્રીજી તથા સ્વામી જાગા સ્વામી તથા સ્વામી ભગતજી મહારાજ, કૃષ્ણજી અદા તથા ગુરુ સ્વામી શાસ્ત્રીજી મહારાજ તથા નિર્ગુણદાસ સ્વામી તથા મગનભાઈ, મોટાસ્વામી તથા પૂજ્ય ભગતજીના શિષ્ય વિજ્ઞાનદાસજી તથા પુરુષોત્તમદાસજી સ્વામી હાજર રહેશે, તે નક્કી ખાતરી છે. અમો બધા તેમની સેવામાં હાજર રહીશું અને ભારે ડંકો વાગશે.

૭. અહોહો ! આફ્રિકા સામી સ્વામીની નજર છે તો દેશકાળ સુધરશે. આખો દેશ વેવારે સુખી થાશે ને જયજયકાર થઈ જાશે. માટે સ્વામી શાસ્ત્રીજી મહારાજની દૃષ્ટિ આફ્રિકા દેશ ઉપર છે, તો સૌ સુખી થાશો, રૂડો આશીર્વાદ છે.

૮. આ સંમેલનનો બીજો હેતુ એ કે સંપ તથા સુહૃદભાવ વધારવાનો છે. એક જ બાપના દીકરા સ્વામિનારાયણ ભગવાનના છીએ એમ. ગુણાતીત સ્વામી ને મહારાજ બાપા છે. આ હેતુ છે. તો માયા નીકળી જાય ને દિવસે દિવસે દિવ્ય ભાવ વધતો જાય. ને પછી ગામડે ગામડે રજાના દિવસોમાં યુવકોને ફરવા મોકલવા. જ્ઞાન આપે, વાતું બોલે, હેઠા સૂઈ રહે, ટાઢે પાણીએ નાહી લે; પણ ત્યાં ટાઢ સખત પડે છે તો ઊના પાણીએ નાહી લે તેનો બાધ નથી, પણ પાંચ વાગે ઊઠે ને ૧૦ાા વાગે લેસન કરીને આરામ કરે. ક્રોધ ન કરે. નીચી દૃષ્ટિ રાખીને મહારાજની મૂર્તિ ધારીને ચાલે. કદી પ્રાણ જાય પણ જૂઠું ન બોલે - તે નિયમ ધારે - આ હેતુ છે.

૯. આ સંમેલન સારામાં સારું ભરાશે. તો દેશના યુવકો તે પ્રમાણે કરે એ અમારો હેતુ છે. દેશના યુવકો તૈયાર કરીએ છીએ. તો ગોંડળમાં શરદ પૂર્ણિમા પહેલાં સંવત ૨૦૧૩ની સાલમાં યજ્ઞ કરવાનો છે તથા શિબિર યુવકોની ભરવાની છે. તે તમારો રિપોર્ટ આવ્યા પછી તે પ્રમાણે કરીશું. તો મંત્ર જેને લખવા હોય તે લખશો.

૧૦. હવે આ સંમેલનમાં સ્વામી, શ્રીજી તથા શાસ્ત્રીજી મહારાજના રૂડા આશીર્વાદ છે. વરસોવરસ યુવકોનું સંમેલન ભરો, ઓછામાં ઓછા ૫,૦૦૧ યુવકો આફ્રિકામાં તૈયાર થાય, આવી રીતે આશીર્વાદ છે.

૧૧. અગિયાર કલમ લખી છે તો તે પ્રમાણે થઈ જાશે. તેમનું મહાફળ મોટા મોટા હરિભક્તો આફ્રિકામાં વિચરે છે. સ્વામીના લાડીલા યુવકોને જે ટેકો આપશે ને તેમને મદદ કરશે તેમને શ્રીજીમહારાજ તથા શાસ્ત્રીજી મહારાજ સેવામાં બેસારશે. તે સદાય તેમને અંતઃકરણમાં ટાઢું રહેશે. મોટા મોટા

હરિભક્તો સૌ યુવકોને જમાડશો, મદદ આપશો ને કોઈ ગરીબને ભણવામાં મદદ આપજો. તેમને મહાફળ થશે, મહારાજ મળશે. બોલો સ્વામિનારાયણની જય, બોલો મૂળ અક્ષર સ્વામીની જય, બોલો ભગતજી મહારાજની જય, સ્વામી જાગા સ્વામીની જય, બોલો કૃષ્ણજી અદાની જય, બોલો સ્વામી શાસ્ત્રીજી મહારાજની જય, બોલો નિર્ગુણદાસ સ્વામીની જય, બોલો મગનભાઈની જય, બોલો રણછોડભાઈ સુણાવવાળા તથા ત્રિભોવનદાસ તથા સી.ટી. પટેલ તથા ભટેસા સાહેબ, હરમાનભાઈ સાહેબ તથા આફ્રિકાના નાના-મોટા હરિભક્તો સ્વામીના સંબંધવાળા તથા તમામ યુવક મંડળની જય, જય, જય, જય, જય, જય, સદા જય - દા. સેવક સાધુ જ્ઞાનજીવનદાસના પ્રેમ સાથે સ્વામિનારાયણ વાંચશો. આ સાથે દેરીનાં પુષ્પો મોકલ્યાં છે, તે સંમેલનમાં રસોઈ કરો તેમાં એક એક પાંખડી તમામ ભોજનમાં ઠાકોરજી જમાડ્યા બાદ નાંખશો. એટલે પ્રસાદી તમામ થઈ જાશે. જે જમશે તે બળમાં આવશે.

૨૦૧૩, કાર્તિક વદિ ૩, વાર બુધવારે ૪ાા વાગે સાંજના પત્ર લખ્યો છે, તે સભામાં સૌને સંભળાવજો. આ પત્ર પારાયણમાં બેસીને લખેલ છે.'

આ અદ્‌ભુત પ્રેરણા પત્રમાં સ્વામીશ્રીના સમગ્ર જીવન-કાર્યનું સ્પષ્ટ પ્રતિબિંબ ઝિલાયું છે. જે પત્ર દ્વારા એમણે અનેકને શ્રીહરિની પરાવિદ્યાના પાઠ ભણાવ્યા છે.

નાદાનીથી થયેલ ગુરુઅપરાધ પણ અસહ્ય

તા. ૨૬-૧૧-'૫૬, સાંજે અંધારામાં નાપા ગામે એક પધરામણી કરી સ્વામીશ્રી ગાના પધાર્યા. ગામમાં ઘણી પધરામણીઓ થઈ. મંદિર બહાર ચોકમાં રાત્રે જાહેર સભામાં મોટાસ્વામી, હરમાનભાઈએ વાતો કરી હતી. સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા.

અહીં યુવકો સ્વામીશ્રીના પગ દાબતા હતા. એક યુવક કહે : 'આપ શાસ્ત્રીજી મહારાજ કરતાં પણ અધિક લાગો છો...'

સ્વામીશ્રીએ તરત જ પગ ખેંચીને પલાંઠી વાળી દીધી. પગ બીડી દીધા. બધા યુવકોને ખસેડી દીધા, ટટ્ટાર થઈ ગયા. અને એકદમ બોલ્યા : 'કોણ કહે છે એવું ?' સ્વામીશ્રીના શબ્દોમાં કોઈ મહાન ગુનો થઈ ગયા પછીની મનોવેદના હતી. બધા ડઘાઈ ગયા.

સ્વામીશ્રી ફરી બોલ્યા : 'તમે સ્વામીને જોયા છે ? જોયા હોય તો આવો

સંકલ્પ જ ન થાય. આવું સાંભળ્યું તો હવે મારે ચાદ્રાયણ કરવુ પડશે.' એમ કહેતાં સ્વામીશ્રી ઊઠીને ઠાકોરજીના સિંહાસન પાસે જઈને ધ્યાનમાં બેસી ગયા.

વાતાવરણમાં ગંભીરતા છવાઈ ગઈ. ઓરડામાં પ્રસરેલું મૌન વધુ વિષાદયુક્ત બની ગયું.

પાંચ-સાત મિનિટ પછી બધા યુવકોએ સ્વામીશ્રીની માફી માગતાં કહ્યું : 'બાપા ! આવું કોઈ દિવસ અમે નહિ બોલીએ અને એવું સમજીશું પણ નહિ.'

એટલે જાણે માફી આપતા હોય તેમ સ્વામીશ્રી બોલ્યા : 'શાસ્ત્રીજી મહારાજનું સ્વરૂપ કહેવાય. એમાં બાધ નહિ.'

તે દિવસે બપોરે બાઈઓના મંદિરમાં જમવાનું હતું. સ્વામીશ્રી જમીને ઊભા થયા ને માથે લાકડાની ખીંટી વાગી. સ્વામીશ્રી 'ઠાકર, ઠાકર' એમ બોલ્યા. પછી માથે હાથ ઘસીને હસવા લાગ્યા. તે વખતે વિનુભાઈ વગેરે સૌ યુવકોને થયું કે 'અમારી ભૂલનું અમારા વતી પ્રાયશ્ચિત્ત તો નહીં કર્યું હોય !'

અહીંથી નગીનભાઈ તથા મોરારજીભાઈ આદિ હરિભક્તોના આગ્રહથી સ્વામીશ્રી પ્રથમ વાર સીસ્વા પધાર્યા. અહીં બે-ચાર નવા હરિભક્તો હતા છતાં ઘણા ઘરે પધરામણીઓ થઈ. સાંજે મંદિર બહાર જાહેર સભામાં હર્ષદભાઈ, મોટાસ્વામીનાં પ્રવચનો પછી સ્વામીશ્રીએ સરળ છતાં સચોટ રીતે સ્વામિનારાયણ સંપ્રદાયનું રહસ્ય સમજાવ્યું.

અહીંથી ભાદરણ થઈ પેટલાદ અંબાલાલભાઈને ત્યાં પધાર્યા. સાંજે પધરામણીઓ ચાલુ જ હતી, પણ વાડીમાં જાહેર સત્સંગ સભા યોજેલી અને ભાવિક જનતા સ્વામીશ્રીની વાટ જોતી હતી, તેથી પધરામણી અધૂરી મૂકી સ્વામીશ્રી વાડીમાં પધાર્યા. સૌ પ્રથમ હર્ષદભાઈએ 'ભાગવત ધર્મ' ઉપર પ્રવચન કર્યું. પછી સ્વામીશ્રીએ ઉપદેશામૃતનું પાન કરાવી, 'સાચો ભાગવત ધર્મ શું અને એના ધારક સંત કેવા હોય ?' એ વિગતો અસરકારક રીતે સમજાવી સભાને મંત્રમુગ્ધ કરી દીધી. આવું અદ્‌ભુત વ્યાખ્યાન જીવનમાં પહેલી જ વાર સાંભળવા મળ્યું, એવો પેટલાદની જનતાનો સૂર નીકળ્યો.

અહીંથી આણંદ પધાર્યા.

તમને સિંહ જેવા કરવા છે

સવારે દસ વાગે સ્વામીશ્રી રૂમમાંથી બહાર આવ્યા ત્યારે યુવકો બેઠાં બેઠાં વાતો કરી રહ્યા હતા.

સ્વામીશ્રી ત્યાં પધાર્યા એટલે બધા યુવકો આસપાસ બેસી ગયા. સ્વામીશ્રી કહે : 'એક વાત કરીએ, સૌ સાંભળો.

'એક સિંહનું બચ્ચું ઘેટાંના ટોળામાં આવી ગયું. આથી તેનું વર્તન ઘેટા જેવું થઈ ગયું. એક વખત બીજા એક સિંહે આ બચ્ચાને ઘેટાં સાથે જોયું. આથી તે બચ્ચાને પકડીને પાણીના તળાવ પાસે લઈ ગયો અને તેનું પ્રતિબિંબ બતાવ્યું અને ગર્જના કરી. આથી સિંહનું બચ્ચું કે જે પોતાને ઘેટા જેવો માનતું હતું તેને પોતાના અસલી સ્વરૂપનું જ્ઞાન થઈ ગયું. એટલે તે ઘેટાંના ટોળામાંથી બહાર નીકળી ગયું.'

એમ કહી દરેક યુવકના હાથ વારાફરતી પકડીને બોલવા લાગ્યા કે 'તમને સિંહ જેવા કરવા છે - તમને સિંહ જેવા કરવા છે.'

સ્વામીશ્રીને રાત-દિવસ એક જ તાન રહેતું કે પોતાના સંબંધમાં આવે તે સર્વેને પોતાના સંબંધે બ્રહ્મરૂપ - ગુણાતીત બનાવવા અને પુરુષોત્તમમાં જોડી દેવા.

રવિવાર, તા. ૨-૧૨-'૫૬, આણંદથી મોટરમાં ૧૦-૩૦ વાગે તીર્થસ્થાન વડતાલમાં સૂર્યગ્રહણ નિમિત્તે સ્વામીશ્રી પધાર્યા. આજુબાજુનાં ગામોથી લગભગ ૨૦૦ જેટલા હરિભક્તો એકત્રિત થયા હતા. અમદાવાદ અને વડોદરાથી પણ હરિભક્તો આવી પહોંચ્યા હતા.

'અક્ષર ભવન'માં દર્શન કર્યાં. ઠાકોરજીનાં દર્શનને વાર હતી, એટલે દરવાજા પાસે ઓટલા ઉપર બેસી સ્વામીશ્રીએ મહારાજનાં લીલાચરિત્રોની વાતો કરી. દર્શન ખૂલતાં ત્રણે શિખરોમાં સ્વામીશ્રીએ દર્શન કર્યાં.

હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ પાસે સ્વામીશ્રી હંમેશાં બહુ વાર સુધી દર્શન કરતા, જાણે મૂર્તિમાં લીન થઈ ગયા હોય એવા એકતાર જણાતા હતા. વળી, અહીં કોઈ ને કોઈ શુભ સંકલ્પ કરી અવશ્ય ધૂન કરે. કોઈ મોટો ઉત્સવ ઊજવવાનો હોય કે કોઈ મંદિરનો આદર કર્યો હોય, કોઈપણ સારાં કાર્યો ચાલતાં હોય, એ નિમિત્તે જરૂર બધા પાસે ધૂન કરાવે. સાથે કોઈ મોટા હરિભક્ત હોય તો તેમની સુખાકારી ને સિદ્ધિ માટે ધૂન કરે. દર્શન કરતાં અને પ્રાર્થના કરતાં સ્વામીશ્રી એટલા નીચા વળી જાય કે આપણે એમને બગલમાં હાથનો ટેકો આપ્યો હોય, પણ શરીરનો સમગ્ર ભાર આપણા ઉપર મૂકી દે, એટલે આપણે નમી જઈએ. તરત જ સ્વામીશ્રી આપણો હાથ ખેંચી ટટ્ટાર કરે, સાથે આપણને પણ ખેંચે અને આંખનો ઈશારો કરતાં કહે : 'દર્શન કરી લ્યો.' એમની હાજરીમાં સાક્ષાત્ મહારાજ મૂર્તિમાં પધાર્યા હોય, એટલે કદાચ કહેતા હશે કે આ પળે દર્શન કરી લ્યો, તક ચૂકશો નહિ. મહારાજ સાક્ષાત્ પધાર્યા છે. અહીં સાષ્ટાંગ પ્રણામ કરીને બહાર નીકળ્યા.

ભાઈલાલભાઈના સંબંધી વિઠ્ઠલભાઈના પીઠામાં સભા કરી. અર્જુનભાઈ, હર્ષદભાઈ, રામચંદ્રભાઈ તથા હરમાનભાઈએ સત્સંગ-પ્રચાર, સત્સંગ-શુદ્ધિ અને સંગઠન ઉપર દૃષ્ટાંતો સહિત સુંદર વાતો કરી. મોટાસ્વામી તથા પ્રમુખસ્વામીએ પણ વડતાલનો મહિમા અને સાચો સત્સંગ જાળવવા, ગુરુની લાજ રાખવા ઉપર હૃદયસ્પર્શી વાતો કરી. આ પ્રસંગે સ્વામીશ્રીએ સંપ્રદાયની પ્રણાલી અને મહારાજની આજ્ઞા સંબંધી વાત કરતાં ભારપૂર્વક જણાવ્યું :

'આપણે જય બોલાવવામાં વિવેક રાખવો. સંપ્રદાયની પ્રણાલિકા મુજબ જય બોલાવવી. અમારી જય બોલાવો એ અમને ગમતું નથી. આપણે તો સેવક છીએ. સત્સંગની સેવા કરવાનું આપણે તાન છે. માટે ભલા થઈ જય બોલાવવામાં વિવેક રાખવો. સમૈયા વખતે જમવાની પંક્તિમાં વર્ણાશ્રમ ધર્મ બરાબર પાળવો. મહારાજ રાજી થાય. સત્સંગીનો એકબીજાનો પક્ષ રાખવો. ઈર્ષા, રાગદ્વેષ ન રાખવાં. કોઈના દોષ જોવા નહિ. માંહોમાંહી ખટપટ કરવી નહિ. એકબીજાનો મહિમા સમજવો. શાસ્ત્રીજી મહારાજના મળેલા છે તેનો મહિમા સમજવો. હજુ આપણે સત્સંગ ખૂબ ફેલાવવો છે. મહારાજની એવી ઈચ્છા છે. જો આપણે સંગઠન, પક્ષ અને સુહૃદભાવ રાખીશું, તો આ કામ થશે. આ સ્થાન મહાપ્રસાદીનું છે. મોટા પર્વના દિવસે વડતાલ પણ જરૂર દર્શને જવું.'

પછી સ્વામીશ્રી સૌ સંતો-હરિભક્તો સાથે ગોમતી કાંઠે સ્નાન કરવા પધાર્યા. સ્નાનક્રિયા કરી બેઠકે પાછા આવ્યા, પૂજા કરી, જનોઈ બદલી. ફરી સભા થઈ. હરિભક્તોએ ઠાકોરજી તથા સ્વામીશ્રીનું પૂજન કરી ધોતિયાં ઓઢાડ્યાં.

અહીં ગોમતી ઉપર એક પ્રસાદીનો આંબો છે, ત્યાં દર્શને ગયા. સ્વામીશ્રી કહે : 'બધા આ આંબાનો મહિમા સમજે છે, કેમ કે શ્રીજીમહારાજનો એને સંબંધ થયો છે. તે ભજન કરતો નથી કે નિયમ પાળતો નથી. પણ તેના થડમાં રોજ દસ શેર દૂધ રેડી જવાનું કહે તે કઠણ ન પડે, પણ એક ભક્તને એક પ્યાલો ચા પાવાનું કહે તો તે ન થાય. માટે દરેકનો મહિમા સમજવો.'

હરિભક્તો મંદિરે દર્શન કરી લાકડાંના પીઠામાં આવ્યા. કેળાં તથા પપૈયાનો પ્રસાદ અને ઉકાળા-પાણી કરી, સ્વામીશ્રીના આશીર્વાદ લઈ સૌ વીખરાયા. સ્વામીશ્રી આણંદ પધાર્યા.

સ્વામીશ્રીએ ત્રણ ધામ યાત્રા-પ્રવાસની ટ્રેન માટે પ્રેરણા કરીને હરિભક્તોને માટે યાત્રા-પ્રવાસનું આયોજન કર્યું હતું. તેમાં બે-ત્રણ દિવસ અગાઉ મણિભાઈ સલાડવાળાને સ્વામીશ્રીએ હાથનું લટકું કરીને પૂછ્યું : 'મણિભાઈ ! સલાડ

અને ઠીકરિયાના કેટલા હરિભક્તો આવે છે ?'

ત્યારે તેઓ બોલ્યા : 'બાપા ! કોઈ આવવા તૈયાર નથી. વેપાર અને ખેતીના કામકાજમાં બધા વ્યસ્ત છે.'

તે જ રાત્રે સ્વામીશ્રીએ નરહરિભાઈને દર્શન આપ્યાં અને મીઠો ઠપકો આપતાં કહ્યું : 'વેપાર-ધંધા પછી થશે, પણ ફરી અમારી સાથે યાત્રામાં જવાનું નહિ મળે. માટે બધા હરિભક્તોને તૈયાર કરીને આવી જાવ.'

એ વખતે રાત્રે ૧૨-૩૦ થયા હતા. તેમણે સવારે બધા હરિભક્તોને સ્વામીશ્રીએ આપેલાં સ્વપ્નદર્શનની વાત કરી અને સ્વામીશ્રીની આજ્ઞા કહી સંભળાવી. ટ્રેન ઊપડવાના આગલે દિવસે જ સલાડ અને ઠીકરિયાનો સંઘ લઈને નરહરિભાઈ આવ્યા. મણિભાઈ તો આશ્ચર્યચકિત થઈ ગયા. સૌએ જ્યારે આ વાત કહી ત્યારે મણિભાઈ સ્વામીશ્રીની અલૌકિક કળા અને ઐશ્વર્યથી ખૂબ આનંદ આપ્યા.

❀ ❀ ❀



દ્વિતીય તીર્થયાત્રા - પરમ ચેતનાની પ્રયોગશાળા

આજથી ત્રણેક વર્ષ ઉપર તીર્થયાત્રા માટે સ્પેશિયલ ટ્રેનનું આયોજન થયું હતું. તે વખતે યાત્રામાં સ્વામીશ્રી સાથે જે જોડાયા તેમને ખૂબ લાભ મળ્યો હતો. ઘણા હરિભક્તો બાકી રહી ગયા હતા. તેમને યાત્રાના સુખનું વર્ણન સાંભળી ફરી વાર આવી યાત્રામાં જોડાવાનો તીવ્ર સંકલ્પ હતો. પણ આવું મોટું આયોજન કરે કોણ ? ભાદરણના કૃષ્ણાભાઈ હાથીભાઈ તથા મગનભાઈ છોટાભાઈએ આ વિચાર ઝડપી લીધો. સ્વામીશ્રીને યાત્રામાં જોડાવા વિનંતી કરી. કેવળ હરિભક્તોના ભાવની પૂર્તિ કરવા, આ નિમિત્તે તેમને સમાગમનું સુખ આપવા, સત્સંગને અનુરૂપ તેમનું ઘડતર કરવા, યાત્રાની અનેક મુશ્કેલીઓને જાણવા છતાં, સ્વામીશ્રીએ સંમતિ આપી અને જાહેરાત થઈ ચૂકી.

આ વખતે સંપૂર્ણ ભારતની ત્રણ ધામની યાત્રા. એટલે દક્ષિણનાં તીર્થો સાથે ૪૫ દિવસનું આયોજન થયું. મણિભાઈ ભટ્ટ, રણછોડભાઈ વાડીવાળા, ઈશ્વરભાઈ દાજી, નારણભાઈ મહીજીભાઈ તથા કાનજીભાઈ સોની વગેરે ભક્તોએ સત્સંગમાં ફરીને લગભગ ૬૫૦ યાત્રિકો નોંધ્યા. સ્વામીશ્રીના સતત સાંનિધ્યને કારણે સૌ કોઈ જવા ઉત્સુક હતા.

નારાયણજી મહારાજ પાસે સ્વામીશ્રીએ મુહૂર્ત કઢાવ્યું. દરેક સારા કામમાં સ્વામીશ્રી તેમની પાસે સારું મુહૂર્ત જોવડાવીને જ કાર્યનો પ્રારંભ કરતા. તેઓ વિદ્વાન જ્યોતિષી હતા, છતાં સ્વામીશ્રીને વિષે અનન્ય નિષ્ઠાને કારણે મુહૂર્ત કાઢવામાં સ્વામીશ્રીની રુચિ પ્રમાણે હંમેશાં બાંધછોડ કરતા અને સમજતા કે સ્વામીશ્રી દ્વારા જ્યારે જે કાર્ય થાય તે મુહૂર્ત શુભ જ હોય. છતાં સ્વામીશ્રીની ઇચ્છા પ્રમાણે જ્યોતિષ-શાસ્ત્રનાં પ્રમાણો અને આધારો મેળવી, સ્વામીશ્રીની ભાવના હંમેશાં પૂર્ણ કરતા. સ્વામીશ્રી પણ શાસ્ત્રની મર્યાદાઓ પ્રમાણે જ ચાલવાનું હંમેશાં પસંદ કરતા.

શુક્રવાર, તા. ૭-૧૨-'૫૬, માગશર સુદ ૫ના મંગલ દિવસે બપોરના ૩-૦૦ વાગે આયોજકો તથા મોટેરા હરિભક્તોએ પ્રથમ હરિકૃષ્ણ મહારાજનું પૂજન કરી, સ્વામીશ્રી અને સંતોનું પૂજન કર્યું. તે સમયે વડોદરાનું પ્રખ્યાત 'દરબાર બૅન્ડ' મંગલ સૂરાવલિઓ રેલાવી રહ્યું હતું. સ્ટેશન ઉપર લગભગ ૫,૦૦૦ હરિભક્તો સ્વામીશ્રી તથા ભક્તોને વળાવવા આવ્યા હતા. અક્ષર-પુરુષોત્તમ મહારાજ અને શાસ્ત્રીજી મહારાજના ગગનભેદી જયનાદો સાથે યાત્રા-ટ્રેન ઊપડી.

વચ્ચે ફર્સ્ટ ક્લાસના ડબ્બામાં સ્વામીશ્રી સાથે મોટાસ્વામી તથા પ્રમુખ-સ્વામી હતા. સેવામાં બાલમુકુન્દ સ્વામી તથા વલ્લભભાઈ હતા. બીજા એક ડબ્બામાં અન્ય સંતો હતા. મંગળવારે હરિભક્તોને ડબ્બાઓ ફાળવ્યા હતા. આમ, અતિ ઉત્સાહ અને આનંદમાં, દરેક ડબ્બામાં ધૂન-ભજનના ઝપાટા સાથે યાત્રા-ટ્રેન - 'સ્વામિનારાયણ સ્પેશિયલ ટ્રેન' - હરતાં-ફરતાં મંદિર સમાન શોભતી હતી.

ટ્રેન ઉજ્જૈન આવી પહોંચી. સ્વામીશ્રી સંતો સાથે અહીં સર્વ સ્થળોએ દર્શને ગયા. ક્ષિપ્રા નદીમાં ઠાકોરજીને સ્નાન કરાવ્યું. અગાઉના યાત્રા-પ્રવાસમાં સ્વામીશ્રીએ આ નદીનું નામ 'અક્ષર નદી' પાડ્યું હતું. એટલે 'જય અક્ષર નદી' એમ નદીને જયનાદથી વધાવી. જાણે મૂર્તિમાન નદીને આવકારતા હોય એવો ભાવ દેખાતો હતો. તીર્થોમાં રહેલી નાની-મોટી નદીઓનું સ્વામીશ્રી બહુ માહાત્મ્ય સમજતા અને સમજાવતા.

અહીં સ્વામીશ્રીએ સંકલ્પ કર્યો કે 'આ નદીમાં જે જે સ્નાન કરે, જીવજંતુ તેમાં રહે, પક્ષી તેના ઉપરથી ઊડે તે સર્વને સત્સંગમાં જન્મ મળે, પ્રગટ ભગવાન અને સંતનો યોગ થાય અને અક્ષરધામને પામે.' આવા અલૌકિક સંકલ્પોના શ્રવણમાત્રથી જ હરિભક્તોને પણ સ્વામીશ્રીમાં રહેલી પરોપકાર અને કરુણાદૃષ્ટિની અપારતાનો સહેજે અનુભવ થતો.

સાંખ્ય દૃષ્ટિનો હૃદયસ્પર્શી અભિગમ

ઉજ્જૈનથી ટ્રેન આગ્રા તરફ દોડી રહી હતી. સ્વામીશ્રી આરામથી બિરાજ્યા હતા. સાંજે લગભગ ૫-૩૦ વાગે સ્વામીશ્રીએ હર્ષદભાઈને પૂછ્યું : 'હવે ક્યાં મુકામ થશે ?'

આ પણ સ્વામીશ્રીની એક આગવી રીત. આવું નિર્લેપપણું સ્વામીશ્રી અનેક વાર સહેજે બતાવતા. જેમના નામથી આખી યાત્રાનું આયોજન થયું છે,

તે સ્વામીશ્રી ટ્રેનનો કાર્યક્રમ, યાત્રાની વિગતો વગેરે બાબતોમાં અજાણતા બતાવતા. ત્યારે સમજાતું કે એમને તીર્થોનાં સ્થળોમાં એટલો રસ નથી, જેટલો તીર્થોના સર્જક ભગવાનના ભજનમાં અને સ્મરણમાં છે. આ હરતાં-ફરતાં મંદિરમાં, યાત્રા-પ્રવાસમાં, અખંડ કથાવાર્તા-ભજન થાય એ જ એમનું લક્ષ્ય જણાતું હતું.

'આગ્રા.' હર્ષદભાઈએ કહ્યું.

'ઓલું અઢાર કરોડનું કબ્રસ્તાન છે એ આગ્રાને ?'

'હા.'

'અહો ! પંચ વિષયમાં કેવા રાગ હોય છે ? ભગવાનને માટે આવું કોઈ કરતું નથી. અરે ! થોડું જ કોઈ ભજન કરે તો ભગવાન તો મોજ આપી દે...' સ્વામીશ્રી ભાવમાં બોલ્યા. જગતની વિષય-વાસનાથી ક્યાંય દૂર, ભગવાનમાં જ સદા સંલગ્ન સ્વામીશ્રીની મુખાકૃતિ આ સમયે ભગવત્ પ્રતિકૃતિ સમાન વિશેષ ઝળહળી રહી હતી.

આગ્રામાં સ્વામીશ્રીને રાધાસ્વામી મંદિર બતાવવાની હરમાનભાઈની ખાસ ઇચ્છા હતી, પણ વાહનની વ્યવસ્થા ન થઈ શકી. સ્થાનિક હરિભક્તોને ત્યાં પધરામણી કરી. સ્ટેશન પાસે હનુમાનજીના મંદિરમાં દર્શન કર્યાં. હનુમાનજી છાતી ચીરીને રામચંદ્રજીની મૂર્તિ હૃદયમાં બતાવે છે એ ભાવની સુંદર મૂર્તિ જોઈ સ્વામીશ્રી કહે : 'જ્યારે આવી રીતે અંતરમાં 'સ્વામિનારાયણ, સ્વામિનારાયણ' અખંડ ભજન થાય ત્યારે ભક્ત થવાય. ભક્ત થવું કાંઈ સહેલું નથી.'

આ યાત્રા-પ્રવાસમા મુખ્ય આકર્ષણ સ્વામીશ્રીના સમાગમનું હતું. યાત્રા કાર્યક્રમ ગોઠવનાર વ્યવસ્થાપકોએ પણ, યાત્રિકોને સ્વામીશ્રીનાં દર્શન અને સમાગમનો લાભ મળે, એ માટેની તમામ સગવડો રાખી હતી. દરેક સ્ટેશને ગાડી ઊભી રહે એટલે તુરત જ સ્વયંસેવકો સભા માટેનું યોગ્ય સ્થાન નક્કી કરી, પાથરણાં પાથરી ઠાકોરજીની મૂર્તિઓ ગોઠવી દેતા. વાસણા મંડળના હરિભક્તોએ આ સેવા ઉઠાવી લીધી અને ખૂબ જ ખંતથી પોતાની જવાબદારી સમજી, તેઓ સભા ગોઠવી દેતા. હરિભક્તો પણ નાહી, પૂજા વગેરે નિત્યકર્મથી પરવારી સભા માટે તૈયાર થઈ જતા. આ પ્રમાણેની સભામાં સ્વામીશ્રી તથા મોટાસ્વામી મુખ્યત્વે વાતો કરતા. કોઈ કોઈ વખત અર્જુનભાઈ, હરમાનભાઈ, ખેંગારજીભાઈ, કાનજીભાઈ વગેરે પણ વાતો કરતા. એમ અનેકવિધ વાનગીઓ સભામાં પીરસાતી.

સ્વામીશ્રીની તો સચોટ વાતો, અંતરમાં આરપાર ઊતરી જાય અને પ્રસંગ અનુસાર જ, રામના બાણ જેવી, નિશાન અચૂક પાડે તેવી જ હોય; પરંતુ પ્રસંગ ને વાતાવરણને સમજનારને જ સ્વામીશ્રીની વાતોનું હાર્દ હાથમાં આવે, બીજાને તો એમ જણાય કે સ્વામીશ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતો જ બોલ્યે જાય છે.

ઉજ્જૈન અને આગ્રા સ્ટેશને યાત્રાળુઓની કેટલીક તકલીફો દૂર કરવાની હોવાથી સભા ગોઠવી શકાઈ ન હતી. સ્વામીશ્રી તો પોતાના નિયમ પ્રમાણે *'વ્યર્થકાલો ન નેતવ્યો ભક્તિં ભગવતો વિના ।'* એમ એક ક્ષણ પણ નકામી ન જવા દેતા. પોતાના ડબ્બામાં તો પ્રસંગ અનુસાર વાતો કરતાં જ સ્વામીશ્રી વચનામૃતમાંથી મુદ્દા ઉપર વાતો કરતા.

પ્રથમ સભા મથુરાના સ્ટેશન ઉપર થઈ. સોમવાર, તા. ૧૦-૧૨-'૫૬ના સવારના સૌ મથુરા પહોંચ્યા. આગલાં બે સ્ટેશને સભા નહિ થયેલી, એટલે અહીં પણ નહિ થાય એમ જાણી, ઘણા સ્ટેશન બહાર નીકળી ગયા. સ્વામીશ્રીએ તો ડબ્બે ડબ્બે કહેવરાવ્યું કે 'સભા થશે, કોઈ બહાર જશો નહિ.' એ વાતનો ખ્યાલ ન રહેતાં ઘણા બહાર નીકળી ગયા, પરંતુ સ્ટેશન બહાર નીકળ્યા પછી જણાયું કે મોટર-બસો હજુ આવી જ નથી. એટલે સ્ટેશન બહાર મેદાનમાં જ સભા થઈ. સૌ શિસ્તબદ્ધ ગોઠવાઈ ગયા. સ્વામીશ્રીએ વચનામૃત ગ.પ્ર. ૭૬ ઉપર વાત કરી, ત્યાં બસો આવવા લાગી.

આગ્રાનું રાધાસ્વામી મંદિર દેખાડવાનું આગલા દિવસે શક્ય નહોતું બન્યું, તેથી હરમાનભાઈએ અહીંથી ફરી આગ્રા જવા વિચાર્યું. તેમને 'દયાળ બાગ' દેખાડવાની ઈચ્છા ઘણી હતી. કારણ, ગઢડામાં આરસના મંદિરનું કામ ચાલતું હતું અને દયાળ બાગમાં પણ રાધાસ્વામી સંપ્રદાયનું ભવ્ય આરસ મંદિર તૈયાર થઈ રહ્યું હતું. એટલે તેમણે સ્વામીશ્રીને કહ્યું : 'આપની ઈચ્છા હોય તો ટૅક્સી કરી દયાળ બાગ જોઈ આવીએ.' પણ હસતાં હસતાં સ્વામીશ્રીએ જણાવ્યું કે 'હજુ એક વાર સ્પેશિયલમાં આવવાનું થશે ત્યારે જોવાશે. હમણાં એ સંકલ્પ બંધ રાખો.' એમ કહી સ્વામીશ્રી પણ સૌ સાથે બસમાં ગોકુળ જવા નીકળ્યા.

સર્વ સ્થળોએ દર્શન કરી ગોકુળનાથજીની બેઠકનાં દર્શન કર્યાં. યમુના ઘાટ ઉપર જઈ યમુના-જળ સ્વામીશ્રીએ શિર ઉપર ચઢાવ્યું. દરેક હરિભક્તને પ્રસાદી આપી. પવિત્ર યમુનાજી પણ સ્વામીશ્રીના પુનિત સ્પર્શથી મલકાતી સંતપદ-કમળનો સ્પર્શ કરી ગઈ. એ જ રીતે વૃંદાવન તથા મથુરાનાં સકળ તીર્થ-દર્શનનો લાભ સ્વામીશ્રીએ લીધો.

હરિભક્તોની સેવા ઉઠાવી લઈએ એ તીર્થ

મથુરા, તા. ૧૧-૧૨-'૫૬, મંગળવારે સ્વામીશ્રી પૂર્વાભિમુખે બિરાજમાન થયા હતા. માથે ગરમ ધૂંસો ઓઢ્યો હતો. સૂર્યનાં સુકોમળ કિરણો મુખારવિંદ ઉપર પડતાં હતાં. કેમ જાણે આ કિરણોથી સ્વામીશ્રીનો સ્પર્શ કરી તુષ્યમાન થતો હોય એમ સૂર્ય વાદળમાં દોડતો ગતિ કરતો હતો અને કિરણો પણ ઘડીક મુખારવિંદ ઉપર તો ઘડીક બીજાં અંગો ઉપર એમ ફરતાં સ્વામીશ્રીની મૂર્તિના સ્પર્શથી સુખ અનુભવતાં હતાં. પુરુષોત્તમની ઉપાસનાએ કરીને માખીમાંથી આ સૂર્ય થયો છે. એ ઉપાસના અને સેવકભાવની ઝાંખી કરાવતો સૂર્ય સ્વામીશ્રીને પોતાનાં કિરણો વડે જાણે અર્ઘ્ય દેતો હોય એમ જણાતું હતું. સ્વામીશ્રી બે ઘડીક સૂર્યનાં કિરણો સામું જોઈ થોડું હસ્યા અને પછી વાત કરી કે –

'હજુ સુધી કોઈ પરવાર્યું નથી. જે તીવ્ર શ્રદ્ધાવાન હોય તે ઝટપટ કથાવાર્તા-દર્શનમાં તૈયાર થઈ જાય. એ સિવાય કામમાંથી પરવારી પ્રભુ ભજવા એવી તો કોઈએ આશા જ ન રાખવી. આપણે તીર્થ કરવા નીકળ્યા છીએ. તે તીર્થ એટલે શું ? જ્યાં ભગવાન કે મોટાપુરુષ ફર્યા હોય, એ પવિત્ર ભૂમિ એ જ તીર્થ. એવા સ્થાનમાં જઈને તીર્થ કરીએ એટલે સ્વભાવ મૂકીએ, ભીડો વેઠીએ, હરિભક્તની સેવા ઉઠાવી લઈએ, એ જ તીર્થ; બીજું તો બધું જોવાનું અને ફરવાનું છે.

'શ્રીજીમહારાજે વન-વિચરણ કરી બધાં તીર્થો પાવન કર્યાં, સંપ્રદાયો જોયા, મતો જોયા અને દરેકમાંથી જે સારતત્ત્વ હતું તે શોધી કાઢી, આ સર્વોપરી સંપ્રદાય સ્થાપ્યો છે. અહીં આપણે દર્શન કર્યાં, પણ મૂર્તિઓ બહુ જ ઊંડે અને વળી અંધારું, એમાં દર્શનનું સુખ ન આવે. આપણાં મંદિરોમાં ઉઘાડાં દર્શન, મૂર્તિઓ મોટી, તેજાયમાન, દર્શનનું સુખ આવે.

'અડસઠ તીર્થ તો ભગવાનના સંતનાં ચરણમાં રહ્યાં છે. પર્વતભાઈના દીકરા મેઘાભાઈ અગત્રાઈના સંઘ ભેળા જાત્રા જવા વિચાર કરતા હતા. પર્વતભાઈએ કહ્યું કે 'સર્વ તીર્થનું મૂળ તો મહારાજ ગઢડે બિરાજે છે, એ છે. માટે જવું હોય તો ગઢડે જાઓ.'

'ગામને પાદર આવ્યા ત્યાં અડસઠ નાનાં દિવ્ય બાળકો જોયાં. તેમણે મેઘાભાઈને પૂછ્યું : 'આ ગામમાં પર્વતભાઈ રહે છે ને ?' ત્યારે મેઘાભાઈએ કહ્યું : 'હા છે, પણ તમે કોણ છો ?' ત્યારે તેમણે કહ્યું : 'અમે અડસઠ તીર્થો

છીએ અને પર્વતભાઈનાં દર્શને જઈએ છીએ.' એ સાંભળી મેઘાભાઈને થયું કે 'અહો ! આ તીર્થો જ્યારે મારા બાપનાં દર્શને જાય છે, ત્યારે હું નાહકના ફાંફાં મારવા જાઉં છું.' એમ વિચારી પાછા વળ્યા. આમ, જેને દૃષ્ટિ હોય તેને સમજાય, પણ એ સિવાય તો ફાંફાં જ માર્યા કરે.

'કલ્યાણ તો આ સત્પુરુષના હાથમાં જ છે, પણ જેમ મેઘાભાઈને પર્વતભાઈનો મહિમા સમજાયો એમ મહિમા સમજાય ત્યારે કામ થાય.'

મથુરા, ગોકુળ અને વૃંદાવનની કુંજગલીમાં ફરીને બુધવાર, તા. ૧૨-૧૨-'૫૬, નવી દિલ્હી આવ્યા. દરેકને થયું કે નવી દિલ્હીમાં ટાઢ સખત હશે, પરંતુ ટાઢને તો સંકલ્પમાત્રે સ્વામીશ્રીએ ઉડાડી મૂકી હતી, એટલે આવી શિયાળાની ઋતુ છતાં ટાઢ નહિ. એવી સાક્ષાત્ રક્ષા દરેક સ્થાને મહારાજ અને સ્વામીએ કરી.

અનુવૃત્તિ અને સેવાથી દૃષ્ટિ પડે

નવી દિલ્હીના સ્ટેશનના યાર્ડમાં ખુલ્લા મેદાનમાં સભા કરી. સ્વામીશ્રીના આસનની સામે પૂર્વાભિમુખે સૂર્યનારાયણને દર્શન દેવા જ જાણે બેઠા હોય તેમ સ્વામીશ્રી બિરાજમાન થયા હતા. પાસે મોટાસ્વામી, પ્રમુખસ્વામી તથા અન્ય સંતો બિરાજ્યા હતા. સ્વામીશ્રીની સામે સભામાં હરમાનભાઈ, ખેંગારજીભાઈ, નારણભાઈ, શેઠ કેવળચંદભાઈ, છોટુભાઈ વકીલ તથા હરિભક્તો પણ હતા. સ્વામીશ્રી ખુશખુશાલ હતા. દરેક જગ્યાએ નવીન વાત - નવીન પ્રસંગ, પણ હાર્દ એકનું એક – ભગવાન અને સંત – મુખ્યપણે આ બે જ રાખવા.

સ્વામીશ્રીએ વાત કરી :

'ભગવાન મળ્યા, સાધુ મળ્યા. હવે હૈયામાં દુ:ખ આવવા દેવું નહિ અને પ્રારબ્ધનું આવે તે ભોગવી લેવું. આ તો મોટાની નજર પડી ગઈ છે - દૃષ્ટિ પડી ગઈ છે. શ્રીજીમહારાજ એક વખત ગઢડામાં સભામાં બિરાજમાન હતા. તે વખતે મહારાજે સભાને કહ્યું : 'મારા ઉપર દૃષ્ટિ રાખજો.' ત્યારે હરિભક્તોએ પૂછ્યું કે 'મહારાજ ! આપના ઉપર દૃષ્ટિ એટલે શું ?' ત્યારે મહારાજ કહે : 'હું અક્ષરધામથી આવ્યો છું, પણ તમે શુદ્ધ વર્તન રાખી જો એકાંતિક ધર્મ સિદ્ધ કરો તો મારો દાખડો સફળ થાય અને એમ વર્તો તો મારા ઉપર દૃષ્ટિ રાખી કહેવાય. માટે શુદ્ધ વર્તન રાખજો.

'મોટાની દૃષ્ટિ પડી જાય તો માયાના લાગમાં ન અવાય. જૂનાગઢમાં

નવાબ સાહેબે ગુણાતીતાનંદ સ્વામીની પધરામણી પોતાના બાગમાં કરી. સ્વામી હંમેશાં નીચી દૃષ્ટિએ જ ચાલતા. બાગમાં આવીને સ્વામી ગાદી-તકિયે બિરાજ્યા. તેવામાં ઝાડ ઉપર એક મોર બેઠો હતો તેના ઉપર સ્વામીશ્રીની દૃષ્ટિ પડી ગઈ. થોડી વારે પૂજન વિધિ પછી સ્વામી ઊઠ્યા અને મંદિરે પધાર્યા. ત્યારપછી એક પારધી તે બાગમાં આવ્યો અને મોર ઉપર બંધૂકના ભડાકા કરવા લાગ્યો. તે જોઈ તે બાગનો માળી જે સત્સંગી હતો તેણે કહ્યું કે 'એલા નકામો ઘા કરે છે, મોર તારા લાગમાં નહિ આવે; તેના ઉપર તો ગુણાતીતની દૃષ્ટિ પડી ગઈ છે.' પારધીએ પણ વિચાર કર્યો કે 'અઢાર ભડાકા કર્યા. મારો એક ઘા ખાલી ન જાય અને આજે આ મોર તસુવા ખસી જાય છે. માટે જરૂર આ માળીની વાત સાચી છે.' પછી તેણે ભડાકા કરવા બંધ કર્યા.

'એમ જેના ઉપર મોટાની દૃષ્ટિ પડી હોય, તેનો માયા પરાભવ કરી શકે નહિ અને મહાકાળ આવ્યો હોય તે પણ ઊડી જાય. આપણા ઉપર મોટાપુરુષની દૃષ્ટિ પડી ક્યારે કહેવાય ? જ્યારે મોટાપુરુષ સહેજે આપણને સંભારે ત્યારે જાણવું કે મોટાની નજરમાં હવે આવ્યા છીએ. ભગવાન અને ભગવાનના ભક્તનો એવો મહિમા હોય તો તેમ થાય.

'શાસ્ત્રીજી મહારાજ જ્યારે સારંગપુરની મહંતાઈ કરતા, તે અરસામાં જ્યારે જૂનાગઢ પધારે ત્યારે જાગા સ્વામી તેમની પાસેથી ગુજરાતના એકાંતિક ભક્તોનાં નામની યાદી કરાવી, ખરડો કરાવતા અને તેનો નિત્ય પોતે પાઠ કરતા, એવો અપાર મહિમા તેમને હતો. મોટાપુરુષ તો કાગળથી ખબર રાખે, અંતરથી ખબર રાખે, એમ અનેક પ્રકારે ખબર રાખે. પણ શુદ્ધ વર્તન અને મહિમા હોય તો. આ ગોરિયાદના રણછોડભાઈ ઉપર શાસ્ત્રીજી મહારાજની દૃષ્ટિ પડી ગઈ, તો બહારવટિયા મારવા આવ્યા તોપણ બંધૂક ન વાગી.

'મોટાપુરુષની દૃષ્ટિ ક્યારે પડે ? જ્યારે હરિભક્તોનો ભીડો વેઠીએ, એક-બીજાની ખબર રાખીએ, મોટાપુરુષની અનુવૃત્તિ સાચવીએ, એમ અનેક પ્રકારે સેવા કરીએ ત્યારે મોટાપુરુષની દૃષ્ટિ પડે.

'શ્રીજીમહારાજ પોતે સાધુઓની કોપીનો ધોતા. મુક્તાનંદ સ્વામી પણ સેવા કરતા અને લોજની આજુબાજુ ઝોળી માગવા જતા. મહારાજ સંતો માટે રોટલા ઘડતા. શાસ્ત્રીજી મહારાજે પણ હરિભક્તોની સેવા જ કરી છે અને સેવાની જ વાતું કરતા, ત્યારે આ સત્સંગ વધ્યો છે. આપણે સેવા કરીશું તો મહારાજ જમે કરશે.

'જેટલી ઘડી ભજન-ભક્તિમાં જાય છે તેને કાળ ખાતો નથી. ભજન-ભક્તિથી મહારાજ રાજી થાય છે. શ્રીજીમહારાજ અને સ્વામી આપણી સાથે ગાડીમાં ફરે છે. શાસ્ત્રીજી મહારાજ આપણી સંભાળ રાખે છે. અને દેવતાઓ પણ સાનુકૂળ છે, તેથી આગળ આગળ ટાઢ ઉડાડી મૂકે છે.

'જો ભગવાન રક્ષા ન કરે, તો કાળ મારી નાખે. પૃથ્વી ફાડીને અંદર નાખી દે એવી માયા ખીજી છે. માટે આ તીર્થે આવ્યા છીએ અને દર્શન, સમાગમ અને વાતો થાય છે તે ભક્તિ છે, માટે વિહિત ભોગનો સંકોચ કરીને ભક્તિ કરવી. તે ઉપર બોલ્યા કે -

'તીર્થે જવું તે તપને જ કાજે, ખાવા-પીવા કે નહિ લોક લાજે.'

'ઘેર તો બધું મળે. અહીં પણ મળે છે પણ વખતસર ન સચવાય. પણ મુદ્દો જે દેવનાં દર્શન અને પ્રગટ સંત અહીં જ છે. આ જોગમાં આવ્યા છીએ તે કાંઈ બાકી નહિ રહે. સુહૃદપણું વધારવું, સંગઠનભાવ રાખવો; અને એવો ભાવ જો રહેશે, તો આપણે ૫૦૦ છીએ પણ ૨,૦૦૦ કરતાં વધુ બળ રહેશે. મનને મારવું અને કહેવું કે જો ઉંબાડો કર્યો તો આટલો લાભ મળ્યો છે તે પણ જતો રહેશે.

'આ સ્પેશિયલમાં આવ્યા છીએ તે મહારાજ *'કરું છાયા કર દોઈ'* એમ હાથની છાયા કરીને સાક્ષાત્ રક્ષા કરે છે, પણ આપણને દેખાતું નથી.'

આજે દિલ્હી સત્સંગ મંડળના સભ્યો મણિભાઈ પટેલ, કિશોરભાઈ ગઢિયા, હિંમતભાઈ જોશી, પ્રતાપભાઈ વગેરે સ્ટેશન ઉપર સ્વામીશ્રી અને ભક્તોનું સ્વાગત કરવા દોડી આવ્યા હતા. એમણે સ્વામીશ્રી અને સંતોનું હાર-તોરાથી સ્વાગત કર્યું. દિલ્હી જેવા દૂરના સ્થળે, આવો અલભ્ય લાભ ઘેર બેઠાં મળતાં એમના આનંદનો પાર નહોતો. મણિભાઈ તથા કિશોરભાઈને બે દિવસ સ્વામીશ્રી અને સંતોને જમાડવાનો લાભ મળ્યો. બીજા હરિભક્તોને ત્યાં પધરામણીઓ થઈ. રાત્રિ-રોકાણ નંદાજીને ત્યાં હતું. તેમને બંગલે કૉંગ્રેસ-પ્રમુખ ઢેબરભાઈ સહિત ઘણા સરકારી અમલદારોએ સ્વામીશ્રીનાં દર્શન તથા આશીર્વાદનો લાભ લીધો હતો.

સત્સંગનું સુખ સિદ્ધ કરવા યાત્રા

શુક્રવાર, તા. ૧૪-૧૨-'૫૬, ભાખરા-નાંગલ સ્ટેશનની બહાર ખુલ્લા મેદાનમાં સભા ગોઠવી. સભા સ્થાન ખરેખર ઘણું જ સુંદર હતું અને આ સત્પુરુષની વાતો સ્થિર રીતે ઝીલી શકાય તેવું શાંત વાતાવરણ હતું. કોઈ જાતનો

કોલાહલ નહિ અને વિક્ષેપ થાય એવી ધમાલ પણ નહિ. સૌને અહીં કથાવાર્તાનું સારું સુખ આવ્યું.

સ્વામીશ્રી તથા સંતો સભામાં બિરાજમાન હતા. અહીં સ્વામીશ્રી 'સત્સંગ એટલે શું, સંગ એટલે શું અને સુખ એટલે શું ?' તે ઉપર વાત કરીને બોલ્યા કે 'આ બધી વાતો અહીં યાત્રામાં સિદ્ધ થાય છે. મોટાપુરુષનો પ્રસંગ, દર્શન, સ્પર્શન, સમાગમ વગેરે થાય છે. વળી મનને મારવું પડે છે. માટે આ તો બહુ જ મોટો લાભ છે. આમ જે માનવું, એ જ સત્સગનું સુખ છે.

'આવું જ્ઞાન મેળવવું એ કઠણ છે, પણ ભગવાન કે સંતની કૃપા થાય તો જ્ઞાન પ્રાપ્ત થઈ જાય. એ કૃપા કેમ થાય ?'

તે ઉપર સારંગપુર-૧૧ વચનામૃતની વાત કરી :

'સ્વભાવ, કામ, ક્રોધ, માન વગેરે મૂકવાં. સમાગમનું એ જ ફળ છે. મહાપુરુષદાસ સ્વામી કહેતા કે 'ભગતજીએ કોઈ દિવસ અમને વખાણ્યા નથી અને સન્માન પણ કર્યું નથી, પણ અખંડ ટોકતા અને અમને તે ગમતું, તો સુખ આવ્યું.' માટે સત્પુરુષના સમાગમથી જ દોષ ટળે છે અને જીવને શાંતિ થાય છે. પછી તો દેહનિર્વાહ થાય એટલું જ રળે, પણ આખો દિવસ વલોપાત કરે નહિ.

'આત્મનિષ્ઠા એટલે *'મરને આતશ કા વરસે મેહા રે, તોય ન ભીંજે મેરા દેહા રે'* એવું વર્તે ત્યારે સિદ્ધ થઈ કહેવાય. એકાંતિકનો સમાગમ કરે તો જીવ બેંબેં કરતો મટી જાય અને 'મારા રોમમાં અસંખ્ય બ્રહ્માંડ ઊડતાં ફરે છે' એવો નિશ્ચય થઈ જાય. માટે –

'બળભરી વાતો મુખે કરવી, મોળી વાત કે'દી ન ઉચ્ચરવી;
મુખોમુખ થઈ ઓળખાણ, કોઈ વાતની ન રહી તાણ.'

'આ જ્ઞાનમાં જ સુખ છે. અક્ષર સાથે એકતા થઈ અને આ જ્ઞાન સિદ્ધ થયું, પછી એમ મનાશે કે આપણા જેવા કોઈ ભાગ્યશાળી નથી. નિત્યે ગ.પ્ર. ૧૭નું વચનામૃત વિચારવું અને મોળી વાત થઈ જાય તે દિવસ એક ઉપવાસ કરવો.'

આ વખતે બંધનું કામકાજ ચાલતું હતું. સ્વામીશ્રી તે સ્થળે પધાર્યા હતા. પાયાનું ખોદકામ ચાલતું હતું તે નિહાળ્યું. ઠાકોરજી પધરાવી, પ્રસાદીનાં પુષ્પો પાયામાં નાખ્યાં તથા આ બંધના પાણીનો જે જે ઉપયોગ કરે તે સર્વેનું શ્રેય થાય - એવો શુભ સંકલ્પ કરી, સ્વામીશ્રીએ અહીં ધૂન કરાવી. બંધને લગતી તમામ હકીકત, સાથે આવેલા 'ગાઈડ' પાસેથી સ્વામીશ્રીએ રસપૂર્વક સાંભળી અને રાષ્ટ્રના આ શુભ કાર્યમાં પોતાના રૂડા આશીર્વાદ વરસાવતા, ૪-૦૦ વાગે

સ્ટેશને પધાર્યા. ઠાકોર જમાડી થોડો આરામ કર્યો.

તા. ૧૫-૧૨-'૫૬, શનિવારે સવારે હરદ્વાર આવ્યા. હિમાલયની તળેટીમાં વસેલું આ હરદ્વાર અથવા ગંગાદ્વાર ઉન્મત્ત ગંગાને સ્થિર કરતું, પ્રકૃતિના સૌંદર્યથી અન્વિત, મનને સ્થિર કરતું, મોટું તીર્થ મનાય છે. હરિ અને હરની એકતાના માર્ગદર્શકરૂપ આ તીર્થસ્થાનનો અલૌકિક મહિમા છે.

અહીં પ્લૅટફૉર્મ ઉપર સભા કરી. બાદ સૌએ ગંગા-સ્નાન કરવા સંઘમાં સાથે જવું, તેવો નિર્ણય બહાર પાડ્યો.

'કાળ, કર્મ, માયા ને સ્વભાવથી પર ભગવાનને કેમ જાણવા ?'

નિયમ પ્રમાણે સ્વામીશ્રી સાથે સૌ સંતો સભામાં બિરાજ્યા. સ્વામીશ્રીને તો આ જીવને અનેક પ્રકારે જ્ઞાન આપીને સુખિયો જ કરવાની ઇચ્છા, એટલે જીવના સાચા સુખની જ વાત કરી :

'હરિભક્તો તો અનેક ઉપાધિમાં રહીને ભગવાન ભજે છે. તે સત્પુરુષને વિષે હેત છે એટલે જ થાય છે. એવું હેત એ જ જ્ઞાન, અને એવું જ્ઞાન થાય એ મોટાપુરુષ સાથે સંબંધ થયો કહેવાય, ત્યારે અંતરાય ટળી જાય, એકતા થઈ જાય અને એક જ જીવ થઈ જાય. એવો સંબંધ થયો હોય ત્યારે મોટાપુરુષના ગુણ આવે અને એકાંતિક ધર્મ સિદ્ધ થઈ જાય. એટલા માટે રાત-દિવસ કથાવાર્તા કરીને જીવને બ્રહ્મરૂપ કરવા છે.

'ભગવાનના ભક્તને 'ગાળ્યું ઘીની નાળ્યું' એવું થઈ જવું જોઈએ. માટે ગુણ લેતાં શીખવું. જેમ જેમ સમાગમ થતો જાય, તેમ તેમ હૃદય પલટાતું જાય. પછી દેહભાવ ટળે, અને ત્યારે બ્રહ્મરૂપ થવાય. દેહભાવ ઊડે એટલે શબ્દ ન લાગે.'

ત્યારે એક હરિભક્તે પ્રશ્ન પૂછ્યો કે 'દેહભાવ ઊડી ગયો છે એમ શી રીતે જણાય ?'

સ્વામીશ્રીએ ઉત્તર કર્યો : 'એવાને ખારું, ખાટું તો જણાય, પણ ફૂંફાડા ન મારે. જેમ-તેમ, જેવું-તેવું ચલાવી લે. માટે ગમે તેવા સારા-નરસામાં જીવની જાળવણી કરી લેવી, તો સુખિયા રહેવાય. જ્ઞાનમાં સુખ છે અને અજ્ઞાનમાં દુઃખ છે.

'રાજા બી દુખિયા, રંક બી દુખિયા, ધનપતિ દુખિત વિકારમેં;
વિના વિવેક ભેખ સબ દુખિયા, જૂઠા તન અહંકારમેં,
ઉધો સંત સુખી સંસારમેં.'

'ભગવાં પહેર્યાં હોય પણ વિવેક ન હોય તો તેને ભેખ કહ્યા. આપણે

ભેખડ ખોદીએ તો ઉપરથી પડીને દબાવી દે, તેમ ભેખનું પણ એવું છે. જરાક ખોદ્યું તો ઉડાડી જ દે.

'મોટાપુરુષને નિર્દોષ જાણવા, સર્વજ્ઞ જાણવા અને તેમની સાથે અંતરાય ન રાખવો, તો મોટાપુરુષ રાજી થાય અને તેમના ગુણ આવે. સંબંધ થાય તો ગુણ આવે. સબંધનુ વચનામૃત ગ.પ્ર. ૬૨.'

તે ઉપર એક હરિભક્તે પ્રશ્ન પૂછ્યો : 'આ વચનામૃતમાં મહારાજે કહ્યું કે 'ભગવાનને કાળ જેવા ન જાણે, કર્મ જેવા ન જાણે, સ્વભાવ જેવા ન જાણે, માયા જેવા ન જાણે, પુરુષ જેવા ન જાણે અને સર્વ થકી ભગવાનને જુદા જાણે.' તે કાળ, કર્મ, સ્વભાવ અને માયા જેવા ભગવાનને જાણ્યા ક્યારે કહેવાય ?'

તે પ્રશ્નનો ઉત્તર કોઈથી થયો નહિ. ત્યારે સ્વામીશ્રીએ ઉત્તર કર્યો કે 'કાળ છે તેની નાશ કરવાની શક્તિ છે. તે શક્તિ ભગવાને આપી છે. પણ જો એમ સમજે કે કાળ આવ્યો અને મોત થયું, તો ભગવાનને કાળ જેવા જાણ્યા કહેવાય; પણ ભગવાનની ઈચ્છાએ કાળ આવ્યો અને મૃત્યુ થયું એમ સમજે, તો ભગવાનને કાળ જેવા જાણ્યા ન કહેવાય.

'વળી કર્મ છે તે ઊંચ-નીચ ગતિને આપે છે. માટે જે એમ સમજે કે ઊંચ-નીચ કર્મે કરીને એ પ્રમાણે ગતિ થાય છે, તો ભગવાનને કર્મ જેવા જાણ્યા કહેવાય; પણ ભગવાનને કર્મફળપ્રદાતા જાણે તો કર્મથી ન્યારા જાણ્યા કહેવાય. મહારાજે તો ગ.મ. ૪૫ વચનામૃતમાં કહ્યું છે કે 'ભગવાન ને ભગવાનના સંતને કુરાજી કરે અને તેણે જો સ્વર્ગમાં ગયા જેવું કર્મ કર્યું હોય તોપણ તેનો નાશ થઈ જાય છે; અને ભગવાન ને ભગવાનના સંત રાજી થાય એવું કર્યું હોય અને તેને જો નરકમાં જવાનું પ્રારબ્ધ હોય તોપણ તે ભૂંડા કર્મનો નાશ થઈ જાય અને પરમપદને પામે.'

'એમ ભગવાનની ઈચ્છા આગળ એકલું કર્મ છે તે ઊંચ-નીચ ગતિ આપી શકતું નથી એમ સમજે, પણ એકલા કર્મથી જ ઊંચ-નીચ ગતિ મળે છે એમ ન સમજે, તો ભગવાનને કર્મ જેવા જાણ્યા ન કહેવાય.

'માયાનું કાર્ય લીન કરવાનું છે, તે જીવની અને ઈશ્વરની ઉપાધિ પ્રલય-કાળે માયામાં લીન થઈ જાય છે. પણ ભગવાન માયામાં અન્વય રહ્યા થકા વ્યતિરેક રહે છે, પણ ભગવાનને એમ બીક નથી લાગતી કે 'રખે હું માયામાં જાઉં અને અશુદ્ધ થઈ જાઉં.' એમ માયા લીન કરી શકતી નથી. ભગવાન તો માયાને વિષે આવે ત્યારે માયા પણ અક્ષરધામરૂપ થઈ જાય છે અને ચોવીસ

તત્ત્વને વિષે આવે તો ચોવીસ તત્ત્વ પણ બ્રહ્મરૂપ થઈ જાય છે.

'એમ જે સમજે તે ભક્ત ભગવાનને માયા જેવા નથી જાણતા. પણ જે ભક્ત ભગવાનની મૂર્તિને વિષે પણ પંચ ભૂતના દેહનું આરોપણ કરે છે, તે ભક્ત ભગવાનને માયા જેવા જાણે છે; પણ ભગવાનના સ્વરૂપમાં પંચ ભૂત છે જ નહિ એમ નથી સમજી શકતા.

'જ્યારે ભગવાનને કર્તા થકા અકર્તા સમજે, ત્યારે ભગવાનને સ્વભાવ જેવા જાણ્યા ન કહેવાય. ભગવાનને તો કોઈ કાર્ય અડતું જ નથી, જડ અને ચૈતન્ય પ્રકૃતિનું કાર્ય અડતું જ નથી. તે તો સદાય ન્યારા છે, અને જડ અને ચૈતન્ય પ્રકૃતિના આધાર છે, પણ તે રૂપ નથી. આમ, ચોખ્ખી સમજણ લોયા-૭ પ્રમાણે થાય ત્યારે ભગવાનનું સ્વરૂપ સમજાય.'

આ પ્રમાણે સ્વામીશ્રીએ અદ્‌ભુત ઉત્તર કર્યા. પછી કહ્યું : 'જે ભક્તને ભગવાનનો સાક્ષાત્ સંબંધ થયો હોય અને અપરોક્ષ જ્ઞાન સિદ્ધ થયું હોય તેને જ ઉપર પ્રમાણે સમજતાં આવડે; બીજો તો પ્રસંગે ભગવાનનું સ્વરૂપ સમજવામાં ગોથાં ખાઈ જાય અને અખંડ દિવ્યતા અને પર થકી પર, તે થકી પણ પર ભગવાનના સ્વરૂપને ન સમજી શકે.'

ત્યારપછી સર્વ યાત્રિકો સ્વામીશ્રી સાથે સવારે ૯-૦૦ વાગે નીકળી, ધૂન-ભજન કરતાં, 'હર કી પૈડી' ઉપર ગંગાજીમાં સ્નાન કરવા આવ્યા. સૌએ સ્નાન કરી સ્વામીશ્રી તથા સંતોનું પૂજન કર્યું.

તા. ૧૬-૧૨-'૫૬, રવિવારે હૃષીકેશ, લક્ષ્મણ-ઝૂલા વગેરે સ્થળે જવાનું હતું, પરંતુ પ્રથમ સભા થયા પછી જ આ કાર્યક્રમ અમલમાં મૂકવાનો હતો. એટલે સ્વામીશ્રીની આજ્ઞા પ્રમાણે પ્રથમ સભા થઈ. આટલા દિવસની કથાના શબ્દો કેટલા અંતરમાં ઊતર્યા છે તેની કસોટીરૂપ વાત સ્વામીશ્રીએ કરી :

'મોટાપુરુષના અભિપ્રાયમાં ભળી જઈએ તો રાજી કરતાં આવડ્યું કહેવાય. સુધન્વા અને અર્જુન બંને ભક્ત હતા. સુધન્વા તો ત્રિકાળદર્શી હતા. એવી સ્થિતિવાળા, પણ ભગવાનનો અભિપ્રાય ન સમજ્યા તો ભગવાને માથું ઉડાડ્યું. માથું 'કૃષ્ણ કૃષ્ણ' કરતું શ્રીકૃષ્ણનાં ચરણ પાસે પડ્યું. આવી નિષ્ઠા, પણ ભગવાને તો અભિપ્રાયમાં ભળે એને જ ભક્ત કહ્યો છે. અર્જુન અભિપ્રાયમાં ભળ્યા અને કુરુક્ષેત્રમાં લાખોનો સંહાર કર્યો તોપણ ભક્ત કહેવાયા અને ભગવાનની સાથે પૂજાવા લાગ્યા.

'આજે શાસ્ત્રીજી મહારાજનો અભિપ્રાય આ અક્ષરપુરુષોત્તમની નિષ્ઠા

પ્રવર્તાવવી; માન-અપમાન, હાણ-વૃદ્ધિ વગેરે સહન કરવું; ખમવું પણ સામું થવું નહિ, તેમાં સુખ-દુઃખ ગણવું નહિ; એ છે. શ્રીજીમહારાજ, સ્વામી, ભગતજી મહારાજ, જાગા સ્વામી, શાસ્ત્રીજી મહારાજ વગેરે મોટા મોટાએ સેવા કરી આ નિષ્ઠા પ્રવર્તાવી છે. તેમાં સુખ-દુઃખ ગણ્યાં નથી. આપણે પણ તે અભિપ્રાયમાં ભળવું, પણ નોંખું તાણવું નહિ.'

અહીં પ્રમુખસ્વામી અને અન્ય સંતો હરમાનભાઈ સાથે ગંગા-કિનારે શિવાનંદ સ્વામીનો આશ્રમ જોવા ગયા હતા. આશ્રમની સુંદર વ્યવસ્થા, સ્વચ્છતા, શિસ્ત વગેરે જોઈ પ્રમુખસ્વામી ઘણા રાજી થયા હતા. સ્વામી શિવાનંદજી પણ ખાસ પ્રમુખસ્વામીને મળ્યા હતા. સ્વામિનારાયણ સંપ્રદાય સંબંધી તેમજ યોગીજી મહારાજ સંબંધી કેટલીક વાતો તેમની સાથે થઈ હતી. આફ્રિકામાં ભરાતા યુવક અધિવેશન માટે પ્રેરક સંદેશો આપવા એમણે હરમાનભાઈને વચન આપ્યું.

'જય નર્મદામૈયા'

સ્વામીશ્રી લક્ષ્મણ-ઝૂલા પધાર્યા. અહીં સાથેના ચાર યુવકો લક્ષ્મણ-ઝૂલાની પાસે ગંગા નદીના ઘાટમાં નાહીને પાછા ફરતા હતા. ત્યાં સ્વામીશ્રી આવી પહોંચ્યા. સ્વામીશ્રી કહે : 'ક્યાં જાવ છો ? પાણી ઠંડું છે, પણ સ્નાન કરવું પડશે.'

'બાપા ! અમે તો નાહી લીધું.' યુવકોએ કહ્યું.

'લે ! ગુરુને પડતા મૂક્યા ને એકલા એકલા નાહી લીધું ? ચાલો ફરી નાવ.'

પાણી ઠંડું બહુ હતું, શિયાળાના દિવસો હતા, યુવકોનાં કપડાં ભીનાં હતાં, પણ બધા ફરીથી નાહ્યા.

સ્વામીશ્રીએ પણ સ્નાન કર્યું. પછી ઊભા થઈને કહે : 'અમારા વતી ત્રણ ડૂબકાં ખાવ.' યુવકો એક ડૂબકી ખાઈને બહાર આવ્યા, ત્યાં સ્વામીશ્રીએ 'સહજાનંદ સ્વામીની જય' બોલાવી. પછી ગુણાતીતાનંદ સ્વામીની અને છેલ્લે શાસ્ત્રીજી મહારાજની જય બોલાવી. પછી કહે : 'શરદી થઈ જશે. કટ કટ લૂગડાં પહેરી લો.'

હરિભક્તોએ પૂજન કર્યું. પછી સ્વામીશ્રી બે યુવકોના હાથ ઝાલી અહીંથી ઠેઠ કાલી કમલીવાળાના આશ્રમ સુધી લગભગ એકાદ માઈલ ચાલતા ગયા. આખો રસ્તો રેતીવાળો હતો. તેમાં ચાલવું બહુ કઠણ પડે. છતાં ચાલતાં ચાલતાં સ્વામીશ્રીએ યુવકો પાસે સ્વામીની વાતો બોલાવી. વિનુભાઈએ મોઢે કરેલી

વાતો પૂરી થઈ ગઈ, તેથી તેઓ એ જ વાતો ફરી ફરી બોલવા લાગ્યા. સ્વામીશ્રી કહે : 'આ વાતો તો આવી ગઈ. સારું, વાંધો નહિ, બોલો. સાકરના કટકા છે, અમૃત છે, વચનામૃત છે.'

વાતો પૂરી થતાં સ્વામીશ્રી પોતે વાતો બોલવા માંડ્યા. હાંફ ચડતો હતો, છતાં સ્વામીશ્રીએ વાતો બોલી સુખ આપ્યું.

કાલી કમલીવાળા આશ્રમના સંતો તેમજ કાર્યકર્તાઓને મળીને નાવમાં બેસીને પાર જવા નીકળ્યા. નાવ કાંઠે આવ્યું. તે વખતે સ્વામીશ્રી બોલ્યા : 'જય નર્મદામૈયા !'

એટલે હરમાનભાઈ કહે : 'આ તો ગંગામૈયા છે.'

સ્વામીશ્રી કહે : 'હા ભૂલ્યા, જય ગંગામૈયા !'

હરમાનભાઈ કહે : બાપા ! નર્મદામૈયા કેમ યાદ આવ્યાં ? બધા ગંગા, ગંગા કરી રહ્યા છે ને !'

સ્વામીશ્રી કહે : 'નર્મદા નદીમાં શાસ્ત્રીજી મહારાજ બહુ નાહતા. બહુ પ્રસાદીની નદી એટલે યાદ આવી.'

સ્વામીશ્રીને પ્રત્યેક પળે, પ્રત્યેક ક્રિયામાં ગુરુની અખંડ સ્મૃતિ રહેતી !

મોટી જાત્રા છપૈયાની

અયોધ્યા, તા. ૧૮-૧૨-'૫૬. શ્રીજીમહારાજની રમણરેતી સમું આ સ્થાન તો સાક્ષાત્ અક્ષરધામ સમું સંકલ્પ-વિકલ્પને વિરામ પમાડી દે તેવું છે. અહીં મંદિરમાં તમામ પ્રસાદી સ્થળોએ દર્શન કરી, મેડી ઉપર સભા કરી. મોટા-સ્વામી, ખેંગારજીભાઈ વગેરેએ વાતો કરી. પછી સ્વામીશ્રીએ હૈયાનું દુઃખ ઉડાડવાની મુદ્દાની વાતો કરી.

પછી કહે : 'આ જાત્રામાં આવ્યા છીએ તે બહુ જ મોટો લાભ થયો છે. જાત્રાનું ફળ શું ? સ્વભાવ ટળે, દોષો દૂર થાય. માટે અહીં સ્વભાવ મૂકવા, પણ વધારવા નહિ. આગળ મોટી જાત્રા છપૈયાની છે. સાક્ષાત્ શ્રીજીમહારાજની જન્મભૂમિ. તે ઉપર તાન રાખવું અને ત્યાં એવો સંકલ્પ કરવો કે ક્રોધ, માન વગેરે ટળી જાય.

'સ્વરૂપનિષ્ઠા અને મહિમા એ બે વરને ઠેકાણે અને સાધન સર્વે જાનને ઠેકાણે છે. વળી, સમજણ એ બસેં બખતરિયાને ઠેકાણે છે અને વિષય એક બહારવટિયાને ઠેકાણે છે. જેને સ્વરૂપનિષ્ઠા છે તેનો જ મહિમા છે; બાકી તો

એકડા વગરનાં મીંડાં છે. સ્વરૂપનિષ્ઠા એટલે સર્વોપરી, સર્વ અવતારના અવતારી શ્રીજીમહારાજ અને સ્વામી અક્ષર; અને એ બે સ્વરૂપને ધરનારું સંતનું સ્વરૂપ સમજવું એ મહિમા. આવી નિષ્ઠા હોય અને બસો બખતરિયારૂપી સમજણ હોય તો વિષય (લુટારો) લૂંટી શકે નહિ. માટે આ બે મુદ્દા રાખવા.'

તે જ દિવસે સ્વામીશ્રી ઠાકોર જમાડી સંતો સાથે મોટરમાં છપૈયા જવા નીકળ્યા. વચ્ચે સરયૂ-ગંગાનાં દર્શન કર્યાં અને લક્કડમંડી સ્ટેશન પાસે થઈને છપૈયાની વાટે ચડ્યા. રસ્તામાં સ્વામીશ્રી કહે : 'આ તો મહાપ્રસાદીનો રસ્તો. આની તો રજ માથે ચડાવવી જોઈએ.' એટલામાં ટાયરમાં પંકચર પડ્યું અને મોટર ઊભી રાખવી પડી. રસ્તા ઉપર આવી સ્વામીશ્રીએ આ દિવ્ય ભૂમિની રજ માથે ચડાવી અને રસ્તા ઉપર જ બેસી જઈ મહારાજના મહિમાની કેટલીક વાતો કરી. ૪-૦૦ વાગે છપૈયા પહોંચ્યા.

મંદિરના મહંત કોઠારી સ્વામી હરજીવનદાસજીએ બૅન્ડ-વાજાં તથા શણગારેલા હાથીઓ, ગાડીઓ તૈયાર રાખી સ્વાગતની અપૂર્વ તૈયારીઓ કરી હતી. સૌએ ઘણી પ્રતીક્ષા કરી, પણ સ્વામીશ્રીનો આવવાનો સમય ચોક્કસ ન હતો. તેથી નિરાશ થયા. સ્વામીશ્રી સાંજે ૪ વાગે એકાએક આવી પહોંચ્યા. કોઠારી સ્વામી અને સંતોનો ભાવ જોઈ રાજી થયા અને 'આ જન્મ સ્થાનમાં તો એક રાત રહેવું પડે,' એમ બોલી સૌની સાથે દર્શને નીકળ્યા. જન્મ સ્થાનમાં અંદર ઊતરી, પ્રસાદીની રજ માથે ચડાવી, મંદિરની આજુબાજુ તમામ સ્થાનોનાં દર્શન કર્યાં. સાંજે અંધારું થતાં મંદિરે આવ્યા.

રાત્રે સ્વામીશ્રીએ ખૂબ જ અલૌકિક વાતો કરી. રાત્રિની નીરવ શાંતિમાં નાદબ્રહ્મના શબ્દની જેમ સ્વામીશ્રીના શબ્દો ગુંજતા હતા. સા. ૩જું વચનામૃત વંચાવીને સ્વામીશ્રીએ વાત કરી :

'આ વચનામૃતમાં મહારાજે કહ્યું છે કે 'પ્રેમે કરીને, અતિ રોમાંચિત ગાત્ર થઈને તથા ગદ્‌ગદ કંઠે થઈને જો ભગવાનની પ્રત્યક્ષ પૂજા કરે અથવા એવી જ રીતે માનસી પૂજા કરે, તે ભક્ત શ્રેષ્ઠ છે.' અતિશય શ્રદ્ધા અને પ્રેમમગ્ન થઈ સેવા કરવી, એવી જ રીતે ભગવાન-ભાવે હરિભક્તોની પણ સેવા કરવી. એવી સેવાને મહારાજ રાજી થઈ ગ્રહણ કરે છે.'

બીજે દિવસે સ્વામીશ્રી સંતો સાથે છપૈયાથી ત્રણ ગાઉ દૂર ગોઘાટ દર્શને ગયા હતા. છપૈયા ધામનો મહિમા વર્ણવતાં સ્વામીશ્રી કહેતા : 'આ સ્થાન ભવિષ્યમાં આપણે હાથ નહિ આવે, બહુ મહિમા વધી જશે.'

સાંજે સૌ અયોધ્યા પાછા ફર્યા. સરયૂ-ગંગા ઉપર મહારાજના પ્રસાદીના સ્થાન લક્ષ્મણ-ઘાટે જઈ પ્રસાદી જળ ચઢાવ્યું.

ત્રિવેણી સંગમે હૃદયંગમ લાભ

અયોધ્યા તથા છપૈયા શ્રીજીમહારાજના સાક્ષાત્ સંબંધવાળા સ્થાનમાં દર્શન કરી, યાત્રા-ટ્રેન તા. ૨૦-૧૨-'૫૬, અલ્હાબાદ આવી.

અત્રે ત્રિવેણી સંગમમાં સ્નાન કરવાનું માહાત્મ્ય છે. શ્રીજીમહારાજ પણ આ સ્થાનમાં પધાર્યા હતા અને પ્રાગ વડ અથવા અક્ષય વડની ગુફા જોવા ગયા હતા. આ સ્થાને સ્વામી શાસ્ત્રીજી મહારાજ પણ પધાર્યા હતા અને સ્વામીશ્રી પણ યાત્રા-સંઘ લઈને ત્રણ વર્ષ પહેલાં અહીં આવ્યા હતા. એવું આ મહા-પ્રસાદીનું સ્થાન છે. અહીં કુંભનો મેળો ભરાય છે.

અહીં પહેલાં પ્લેટફૉર્મ ઉપર સભા થઈ. સ્વામીશ્રીને તો અખંડ ભગવાન ભજાવવાનું જ તાન. તેમાં જીવને સોપો ન પડી જાય, એટલા માટે ભગવાન ભજવામાં કેટલો લાભ છે તે ઉપર વાત કરી :

'ભગવાન ભજીએ છીએ તે બહુ જ મોટો લાભ થયો છે, તે એક બ્રહ્માંડ જેટલો ન કહેવાય અને સો બ્રહ્માંડ જેટલો પણ ન કહેવાય.'

તે ઉપર સ્વામીશ્રીએ પૂછ્યું : 'આ લાભ વ્યવહારનો કે જ્ઞાનનો ?'

'આ તો જ્ઞાનનો લાભ થયો છે. તે સો બ્રહ્માંડોનું રાજ્ય મળે તે કરતાં પણ અધિક લાભ કહેવાય. સો બ્રહ્માંડનું રાજ્ય મળે પણ તે ક્ષણિક છે, પણ જ્ઞાનનું સુખ - ભગવાન ભજવાનું સુખ - અખંડ અને અલૌકિક છે. પણ તેનો મહિમા સમજાય તો જ એ સુખનો સ્વાદ આવે. માટે ખરું સુખ જ્ઞાનમાં છે.

'જ્ઞાની, વિશ્વાસી ને ધીરજવાળો હોય તેની તોલે તો કોઈ આવી શકે નહિ. ધીરજ એ મોટું ધન છે, વિશ્વાસીને મહારાજે શ્રેષ્ઠ ભક્ત કહ્યા છે, અને જ્ઞાનીને પોતાનો આત્મા કહ્યો છે. આવા ભક્તનું કામ ભગવાન કરે છે. સ્વામીએ વાતમાં કહ્યું કે 'કોઈ ભગવાન સંભારે તેને મારે બેઠાં ખાવા દેવું અને લૂગડાં મારે ધોવરાવવાં.'

'સ્વામી બાલમુકુન્દદાસ સ્વામી ચલાલામાં બિરાજમાન હતા, ત્યારે આ વાતનો પ્રસંગ નીસર્યો. બધા સંતોએ નક્કી કર્યું કે 'આજે ભજન કરીએ અને ભંડાર બંધ રાખીએ. સ્વામીએ વાતમાં કહ્યું છે તે સાચું ઠરે છે કે કેમ ?' એટલે બાલમુકુન્દદાસ સ્વામીએ કહ્યું કે 'તમોને શ્રદ્ધા, વિશ્વાસ અને ધીરજ હશે તો

મોટાપુરુષ તો જરૂર સહાય કરશે. સ્વામીના શબ્દો ખોટા નથી; પણ સંકલ્પ રહિત સૌ ભજન કરજો.' પછી સૌ ભજન કરવા મંડી પડ્યા.

'એ અરસામાં આંકડિયાવાળા પીતાંબરભાઈ ત્યાંથી જાન લઈને પસાર થતા હતા અને તેમને ખબર પડી કે બાલમુકુન્દદાસ સ્વામી અહીં મંદિરમાં બિરાજમાન છે, એટલે સ્વામીને જમાડવા દૂધના સાટા, જલેબી, ગાંઠિયા વગેરેના કંડિયા નોકર પાસે ઉપડાવીને મંદિરમાં આવ્યા. આ વખતે લગભગ ૧૧-૦૦ થયા હતા અને ઠાકોરજીને થાળનો વખત થઈ ગયો હતો. પીતાંબરભાઈએ આવીને સ્વામીશ્રીને દંડવત્ કર્યા ને કંડિયા સામે મૂક્યા. ત્યારે બાલમુકુંદદાસ સ્વામી કહે : 'સંતો ! ઊઠો, મહારાજે સ્વામીનું વચન સાચું ઠરાવવા થાળ મોકલ્યા છે.' આમ, બાર વાગ્યા પહેલાં 'હરે' થયા.

'માટે જો આસ્થા રાખીશું અને સંકલ્પ નહિ કરીએ, તો ભગવાન આપી જ દેશે. આ તો સ્વામિનારાયણની ગાડી છે, સ્વામી શાસ્ત્રીજી મહારાજની ગાડી છે; પણ સામાન્યની નથી.

'એક રાજા એક બાવાનાં દર્શને વાજતે-ગાજતે જતો હતો. બાવાને એમ થયું કે આ વાજતે-ગાજતે કોણ આવે છે ? એટલે પોતે જોવા માટે ઝાડે ચડ્યો. તેને ઝાડ ઉપર જોઈ રાજાએ દીવાનજીને પૂછ્યું કે 'આ ઝાડ ઉપર કોણ ચઢ્યું છે ?' ત્યારે દીવાનજી કહે : 'તમે જેનાં દર્શને જાઓ છો તે બાવો છે.' એટલે રાજાને એમ થયું કે 'જ્યારે બાવો આપણને જોવા વલખાં મારે છે ત્યારે તેમાં શું માલ હશે ?' એમ વિચારી રાજા પાછો વળી ગયો.

'તેમ આપણે જો ખાવા-પીવા માટે વલખાં મારીશું, તો મહારાજ આપણને દર્શન દેવા આવતા હશે તોપણ પાછા વળી જશે. માટે કથાવાર્તા-કીર્તનમાં સૌએ તૈયાર થઈ જવું. અહીં તો આપણને લાડવા મળે છે, પણ શ્રીજી-મહારાજ કારિયાણીમાં તળાવ ગળાવતા હતા ત્યારે સંતોને બાજરો પલાળીને આપતા, અને સંતો પણ મહારાજને રાજી કરવા સેવા કરતા.

'આ ભગવાન આપણું કાર્ય આગળ આગળ કર્યે જાય છે, પણ આપણને વિશ્વાસ નથી. જ્યાં બીક હોય ત્યાં બીક મટાડે છે; અશાંતિ હોય ત્યાં શાંતિ કરી દે છે; એમ સર્વ પ્રકારે મહારાજ આપણી રક્ષા કરે છે. અહીં અક્ષરધામના જેવું સુખ વર્તે છે, પણ તેમાંય કેટલાક દુખિયા વર્તે છે. તેમાં દેહનું દુઃખ ઓછું અને મનનું ઝાઝું.

'સંપ ત્યાં જંપ છે અને કુસંપ હોય ત્યાં માયા છે. માયા તો રાહ જોઈને

બેઠી છે. માટે અખંડ જાણપણું - જ્ઞાનનું - બ્રહ્મપણાનું રાખવું.'

એટલી વાત કરી. ત્યાં ત્રિવેણી સ્નાનનો સમય થયો એટલે સભા વિસર્જન કરી સૌ ઊઠ્યા.

રાત્રે સ્ટેશન ઉપર અલ્હાબાદ હાઈકોર્ટના બૅરિસ્ટર તથા જુદી જુદી હિંદુ સંસ્થાઓના અધિકારીઓ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. સ્વામીશ્રીએ પોતાની લાક્ષણિક શૈલીમાં સત્સંગનો મહિમા કહ્યો, જે સાંભળી એમણે અહોભાવથી કહ્યું : 'મેં ઘણા મહાત્માઓનાં દર્શન કર્યાં છે, ઘણાની વાણી સાંભળી છે, ઘણાની સાથે સત્સંગની ચર્ચા-વિચારણા કરી છે, પણ આશ્ચર્યપૂર્વક જણાવવું પડે છે કે સ્વામીશ્રીનાં દર્શન અને વાણીથી મને અંતરમાં વિશેષ શાંતિનો અનુભવ થયો છે. હું ગુજરાતી સમજી શકતો નથી; પણ અંગ્રેજી અનુવાદ સાંભળીને પણ મારી કેટલીક શંકાઓનું નિવારણ થયું છે, સ્વામીશ્રીની વાણી એવી અનુભવ યુક્ત છે.' એમણે સંપ્રદાયનું સાહિત્ય પણ માગ્યું હતું.

બનારસ, તા. ૨૧-૧૨-'૫૬, કાશી-વિશ્વનાથના ધામ સમું આ શહેર આજે ભારતના અનેક છેડાઓથી યાત્રિકોને આકર્ષે છે, પરંતુ આવા અલૌકિક યાત્રાના સ્થાનમાં પણ જીવની વૃત્તિ કુંઠિત થતી નથી અને આ લોકના મનસૂબા થયા કરે છે. એટલે સભામાં સ્વામીશ્રીએ એ જ વાત કરી :

'આ જીવને મૂવા સુધી આ લોકના જ મનસૂબા છે, તે મૂકવા અને પરલોકના કરવા. પરલોકના મનસૂબા એટલે શું ? અક્ષરધામમાં જવું છે અને આ લોકમાં નથી રહેવું, એવું અખંડ અનુસંધાન રાખવું; અને આત્મા અને પરમાત્મા એ બે વાત જ રાખવી અને વચનામૃત છે. ૩૯ પ્રમાણે એ બે વાતનો વેગ લગાડી દેવો. એમ વેગ લગાડી દઈએ તો અંતર બદલાઈ જાય, પણ એવો વેગ તો સમાગમ અને મહિમાથી લાગે.

'વચનામૃત કા. ૭માં આત્યંતિક કલ્યાણને પામીને જે સિદ્ધદશાને પામ્યો હોય, તેનાં લક્ષણ કહ્યાં છે. તે આત્યંતિક કલ્યાણ તો પ્રત્યક્ષ પુરુષોત્તમને વિષે જે દૃઢ નિષ્ઠા હોય તેને જ કહ્યું છે. એવા આત્યંતિક કલ્યાણને પામીને જે સિદ્ધ-દશાને પામ્યો છે, તે તો સ્થાવર અને જંગમ જ્યાં જ્યાં દૃષ્ટિ જાય, ત્યાં ભગવાનની મૂર્તિ સિવાય બીજું અણુમાત્ર દેખે નહિ.

'વળી સિદ્ધદશાનો આથી પણ સૂક્ષ્મ ઉત્તર ગ.પ્ર. ૩૯માં કર્યો છે. તેમાં બે પ્રકારની સિદ્ધદશા બતાવી છે. સવિકલ્પ સ્થિતિ અને નિર્વિકલ્પ સ્થિતિ. સવિકલ્પ સ્થિતિવાળા હોય તે તો સ્થાવરમાં જીવ, ઈશ્વર, માયા તથા બ્રહ્મ બધું

જુદું જુદું દેખે; પણ જે નિર્વિકલ્પ સ્થિતિવાળા હોય, તે તો જંગમ જે સત્પુરુષ તેને વિષે ભગવાન અખંડ રહ્યા છે એમ જ દેખે અને સ્થાવર જે ભગવાનની મૂર્તિ તેમાં ભગવાનને સાક્ષાત્ દેખે, પણ તે બે વિના બીજે દૃષ્ટિ જાય જ નહિ. આ ગુણાતીત સ્થિતિ છે અને છેલ્લી કોટીની વાત છે. માટે જ્યાં સુધી સ્થાવરમાં બધું દેખાય છે, ત્યાં સુધી મોટાપુરુષમાં ભગવાન દેખાશે નહિ, મનાશે ખરા.'

અહીં કાશી-વિશ્વનાથનાં દર્શન કરી, મંદિરના આચાર્યના નિવાસ સ્થાને એમની વિનંતિથી સ્વામીશ્રીએ પધરામણી કરી. એમણે મહિમાપૂર્વક સ્વામીશ્રીનું પૂજન અને સ્વાગત કર્યું. અહીંથી સૌ સ્વામિનારાયણ મંદિરે આવવા નીકળ્યા. સ્વામીશ્રી તથા સંતો શણગારેલી મોટરમાં બિરાજ્યા હતા. આગળ બૅન્ડ-વાજાં ને પાછળ હરિભક્તો ધૂન-ભજન કરતાં ચાલતા હતા. મંદિરના મહંત શાસ્ત્રી ગોપીનાથદાસજીએ સ્વામીશ્રીનું ભાવપૂર્ણ સ્વાગત કર્યું. મંદિરમાં દર્શન કર્યાં બાદ ચોગાનમાં સભા થઈ, જેમાં હરમાનભાઈએ યાત્રા અંગે વાતો કહી. સ્વામીશ્રીએ વાતો બોલી નિરૂપણ કર્યું. પછી સંતો-ભક્તો સાથે ગોઘાટ સ્નાનાર્થે પધાર્યા.

નિયમરૂપી લીટો લોપવો નહિ

આટલી આટલી વાતો કર્યા છતાં પણ, મોટાપુરુષને વિષે સદ્ભાવ થયો છે કે નહિ અને સદ્ભાવ થયો હોય તે કેવી રીતે વર્તે ? તે ઉપર વાત કરતાં સ્વામીશ્રીએ કહ્યું : 'મોટાપુરુષમાં જેને સદ્ભાવ છે તે જ આજ્ઞા પાળે છે અને એવા ભક્તને ભગવાન ઉગારી લે છે. શ્રીજીમહારાજે જે પ્રથા બાંધી તેમાં જો વર્તે તો સારધાર પાર પડી જાય. સાધુઓને મહિને દિવસે હજામત કરાવવાનો નિયમ છે, તે જો દસ દિવસે કરાવે તો ઘર જાય.'

આ વાત સાંભળીને સભા થંભી ગઈ. એટલે એક હરિભક્તે પૂછ્યું : 'આવા નાના નિયમમાં જો ભંગ થાય તેમાં આટલો બધો દંડ ?'

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : 'મહારાજે જે જે નિયમો કર્યા છે તે વિચારીને જ કર્યા છે. માટે જેમ સીતાજીએ લીટો ઓળંગ્યો અને દુ:ખ થયું, તેમ આપણે જો જરાક નિયમ બહાર વર્તીશું તો દુ:ખ આવશે. માટે લીટો લોપવો નહિ.

'એક ગામમાં વહીવટદારે જમાદારને હરિજનોને બોલાવવા મોકલ્યો. જમાદારે કમરે સરકારી પટો બાંધ્યો હતો. તે હરિજનવાસમાં જઈ ગાળો ભાંડવા લાગ્યો ને કહે : 'ચાલો સાહેબ બોલાવે છે.' હરિજનો કહે : 'આવીએ છીએ, પણ તેમાં ગાળો શું કામ ભાંડો છો ? આ સરકારી પટો પહેર્યો છે તેથી ખમવું

પડે છે.' જમાદારને કેફ આવી ગયો, તે પટો ફેંકી દીધો ને પછી ગાળો દેવા માંડ્યો. એટલે લોકોએ પકડ્યો ને ખૂબ ધમધમાવ્યો, તે જમાદાર માંડ ભાગ્યો ને વહીવટદારને ફરિયાદ કરી. પછી હરિજનોને પૂછ્યું, ત્યારે કહે : 'એણે અમને ગાળો દીધી તે તમારા પટાને લઈને ખમ્યા, પણ પટો કાઢીને ગાળો દીધી એટલે માર્યો.' વહીવટદાર કહે : 'ડબલ મારવો'તો ને ! સરકારી પટો ફેંકાય જ નહિ.'

'એમ આપણે નિયમ-ધર્મ પાળીએ તેનું માન છે, તે કાઢી નાખીએ તો કોઈ ઊભાય ન રહેવા દે. ૫૦૦ પરમહંસો મહારાજ કેમ રાજી થાય, તે ઉપર જ દૃષ્ટિ રાખતા, તો કેવું શોભ્યું ! અત્યારે પણ મહારાજ વહ્યા ગયા નથી, સ્વામી ગયા નથી, એકાંતિક ગયા નથી, પણ બધા છે; તો સેવા કરી લેવી અને ખપ રાખવો. જે ખપવાળો હોય તે સમાગમ અને સેવા ખોળે.

'શાસ્ત્રીજી મહારાજ જેવા મહાન પુરુષ આપણને મળ્યા તો આપણે એમના ગુણ શીખવા. શાંતિ રાખવી એ આપણો ધર્મ છે. તો ગુરુનું શોભાડવું. જે રાજાના રાજ્યમાં ચોરી થાય તે રાજાની પ્રતિષ્ઠા ઘટે, તેમજ ગુરુના શિષ્ય ગાફેલ રહેતા હોય તો ગુરુની શોભા ઘટાડે. દેશકાળે સ્થિતિ રહે ત્યારે જ્ઞાન સિદ્ધ થયું કહેવાય. માટે સમજણે કરીને સદાય સુખિયા રહેવું. મોટાપુરુષના આશીર્વાદથી શાંતિ મળે. તો આજ્ઞા હંમેશાં પાળવી.'

'સભાની વાતો બહુધા ન લાગે' – એમ જે સ્વામીએ વાતોમાં કહ્યું છે તે ખરેખર સત્ય છે. સભામાં તો સર્વદેશી – આજ્ઞા પાળવાની, પંચ વિષયમાંથી રાગ ટાળવાની વાતો થાય, અને તે સભાને સંબોધીને હોય, પરંતુ એકાંતમાં વાત થાય તે તો નિશાન ઉપર જ હોય. એવા પોતાના લાડીલા વિનુભાઈ વગેરે મુખ્ય યુવકોને ડબ્બામાં બોલાવી, સ્વામીશ્રી ઘણી વખત સ્થિતિ કરવાની અદ્‌ભુત વાતો કરતા.

ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિની વાતો મોટાપુરુષનાં દૃષ્ટાંતો સહિતની કહી, એકાંતિક ધર્મ સિદ્ધ કરવો એ જ આ મનુષ્ય-જન્મનું કર્તવ્ય છે એવો નિર્દેશ કરીને, લગભગ રાત્રે ૧૧ થઈ ગયા એટલે સૌને પોતપોતાના ડબ્બે સૂવા જવાની આજ્ઞા કરી પોતે પોઢી ગયા.

રાત્રે કરેલી એકાંતિક ધર્મની વાતોના વિચારમાં ને વિચારમાં સવાર થવા આવ્યું. સ્વામીશ્રીને શું કરાવવાનું તાન છે તે તો અખંડ તેમની વાતો સામે અનુસંધાન રાખીએ તો જ જણાય. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ સિદ્ધ કરવાં જ પડશે, બ્રહ્મરૂપ થવું જ પડશે, દેહભાવ ટાળવો જ પડશે, આ જ વાતો. તેમાં

દેહભાવે વર્તનારા અથવા તો પ્રસંગે દેહભાવમાં આવી જનારા તમામની સાથે સ્વામીશ્રી કેવી અદ્‌ભુતતાથી સમર્થ થકા જરણા કરી મેળ મેળવે છે, અને ધીરે ધીરે એ દેહભાવ દૂર કરે છે. એવી અલૌકિક રીત જોઈને એવું લાગે કે ખૂબ જ આશ્ચર્યકારી રીતે આપણને તેઓ પરમ ચેતનાને માર્ગે દોરી રહ્યા છે.

અહીં પણ સવારની સભાની વાતમાં એ જ ગલિતાર્થ હતો. સ્વામીશ્રીએ વાત કરી કે 'દેહભાવ ટાળવાનો ઉપાય મહારાજે ગ.મ. ૩૧ના વચનામૃતમાં બતાવ્યો છે. આ જીવ છે તેને દેહ, ઇન્દ્રિયો અને વિષય તેનો સંગ ઘણો થયો છે, માટે સંગદોષે કરીને આ જીવ દેહાદિકરૂપ થઈ ગયો છે. તે એના સંગને મૂકીને એ જીવ જો એમ સમજે કે મારું સ્વરૂપ તો માયા થકી મુક્ત ને પર એવું બ્રહ્મ તે છે. એવી રીતે નિરંતર મનન કરતો સતો બ્રહ્મનો સંગ કરે, તો એ બ્રહ્મનો ગુણ એ જીવને વિષે આવે.

'મનન દ્વારા સંગ કેમ કરવો ? રાત-દિવસ જે સત્પુરુષ આપણને મળ્યા છે તેનું રટણ કર્યા કરવું, એમ જો શ્રવણ, મનન, નિદિધ્યાસ થાય તો સાક્ષાત્કાર થઈ જાય, એટલે બ્રહ્મરૂપ થઈ જવાય.

'જેતલપુર ૧લા વચનામૃતમાં કહ્યા પ્રમાણે પ્રગટ ભગવાન જેને મળ્યા હોય એવા જે સંત, તેને વિષે આત્મબુદ્ધિ રાખવી ને તેને જ પોતાનું સ્વરૂપ માનવું. એમ નિરંતર સત્પુરુષને પોતાનો આત્મા માની રટણ કર્યા કરવું. તો તેવી સ્થિતિ થઈ જાય. તેવી સ્થિતિ થયા વિના તો બ્રહ્મના ગુણ આવે જ નહિ. જેનામાં બ્રહ્મના ગુણ આવ્યા હોય, તેને તો પ્રકૃતિ-પુરુષ પર્યંત સર્વે નાશવંત અને તુચ્છ જ મનાય.

'શ્રીજીમહારાજે ગ.પ્ર. ૪૪માં કહ્યું છે જે, દેહને પોતાનું રૂપ માને છે ત્યાં સુધી એની સર્વે સમજણ વૃથા છે. દેહને પોતાનું રૂપ માન્યું કેમ કહેવાય ? જ્યાં સુધી ભાવમાં, શબ્દમાં લેવાઈ જાય છે, ત્યાં સુધી દેહના ભાવથી પર થવાયું નથી.

'અહીં આ કથામાં બોલાવવા પડે છે, એ દેહાભિમાન નડે છે એટલે બોલાવવા પડે છે. એ મોટી ખોટ છે. માટે એ ખોટ સૌએ ટાળવી. વળી આ જ વચનામૃતમાં આગળ મહારાજે કહ્યું છે કે વર્ણ અને આશ્રમનું માન લઈને ફરે છે ત્યાં સુધી એને વિષે સાધુપણું આવતું નથી.

'માટે દેહ ને દેહના સંબંધીને વિષે અહં-મમત્વનો ત્યાગ કરીને, પોતાના આત્માને બ્રહ્મરૂપ માનીને, સર્વે વાસનાનો ત્યાગ કરીને, સ્વધર્મમાં રહ્યો થકો જે કોઈ ભગવાનને ભજે છે તે સાધુ કહેવાય છે. અને જેને એવું સાધુપણું આવ્યું તેને

અને પુરુષોત્તમ ભગવાનને કાંઈ છેટું રહેતું નથી... અને એવો સાધુ તો હું છું – એટલે એવા સાધુ ગુણાતીત સહજાનંદરૂપ છે અને એ રૂપે પોતે વર્તવાનું છે.'

આવી અદ્‌ભુત બ્રહ્મરૂપ થવાની વાતો ઝીલી શકવાને બધા સમર્થ ન હોય એટલે ઘણા શૂન્યમનસ્ક થઈ ગયા. તેમની સર્વેની સ્થિરતા જોઈ, સ્વામીશ્રીએ પણ 'આ બ્રહ્મરસના આગળ આ સર્વમાં ઝાડ થશે,' એમ આશીર્વાદ આપી, હાલ એટલું રહેવા દઈ સભા વિસર્જન કરી.

અહીં ગયાજીમાં યાત્રિકોનો સંઘ સ્વામીશ્રી સાથે સ્ટેશનથી ધૂન-ભજન કરતાં નીકળી ફલ્ગુ નદીએ પહોંચ્યો. સ્વામીશ્રી સાથે સૌએ ફલ્ગુમાં સ્નાન કર્યું, પિતૃતર્પણ કર્યું અને સંતોની પૂજા કરી. સ્વામીશ્રી અહીં સભામાં કહે : 'આવો મહિમા જો પ્રવર્ત્યો છે, તો લાખો માણસ અહીં શ્રાદ્ધ કરવા આવે છે અને વિષ્ણુ ભગવાનનાં દર્શન કરે છે. અને એ દર્શન કરતાં, અહીં આવા સત્પુરુષનાં પણ દર્શન થઈ જાય છે. તુલસીદાસજીએ કહ્યું છે,

'તુલસી આ સંસાર મેં, સબસે મિલિયે ધાય;
ના જાને કિસ બેષ મેં, નારાયણ મિલ જાય.'

અહીંથી સાત માઈલ દૂર આવેલા બુદ્ધગયામાં પણ સ્વામીશ્રી સંતો સાથે પધાર્યા. અહીં બુદ્ધ જયંતી ઉત્સવ નિમિત્તે ઘણા યાત્રિકો ભેગા થયા હતા. ઉત્સવની શોભા અને આનંદ જોઈ સ્વામીશ્રી રાજી થયા.

બૈજનાથધામ, તા. ૨૪-૧૨-'૫૬. અહીં પણ નિયમ પ્રમાણે સભા થઈ. સભા સ્થાન માટે સ્ટેશન-માસ્તરે સારી સગવડ કરી આપી. સ્વામીશ્રીએ તેમનો સેવાભાવ જોઈ આશીર્વાદ આપ્યા. આ પ્રમાણે જુદે જુદે સ્થળે, સ્ટેશન ઉપર જ સભા રાખવાનો સ્વામીશ્રીનો ઉદ્દેશ તો અનેકને આ રીતે દર્શન થાય, વળી મુમુક્ષુ હોય તે વાતું પણ સાંભળે, તે હતો. એ પ્રમાણે દરેક સ્ટેશને મુમુક્ષુઓ આવતા, સ્વામીશ્રીનાં દર્શન કરતા, આશીર્વાદ લેતા, અને જો રસ પડે અને સમજાય તો સભામાં પણ બેસતા. આમ, હજારો મુમુક્ષુઓએ સ્વામીશ્રીનાં દર્શન અને કથામૃતનો લાભ લીધો.

આત્માની તબિયત બગડવા ન દેવી

સ્વામીશ્રીની વાતોમાં તો ભગવાન અને સંતનું જ પ્રધાનપણું હોય અને શાસ્ત્રમાં પણ આ જ વાત છે. ચાર વેદ, ષટ્‌શાસ્ત્ર, અઢાર પુરાણ અને ભારતાદિક ઈતિહાસ, એ સર્વેમાં ભગવાનનાં ચરિત્ર છે, કાં સંતનાં ચરિત્ર છે.

માટે આ બે મુખ્ય રાખી, આ જીવને કઈ રીતે ભગવાન કે સંત વશ થઈ જાય, તેવી યુક્તિઓ પોતાની વાતમાં બતાવતા. અત્રે વાત કરી :

'પ્રહ્‌લાદજીએ નારાયણ સાથે ઘણા દિવસ યુદ્ધ કર્યું પણ ભગવાન જિતાણા નહિ. પછી ભગવાને પ્રહ્‌લાદને કહ્યું કે યુદ્ધે કરીને તો હું જિતાઉં તેવો નથી. ને મને જીતવાનો ઉપાય તો એ છે જે, જીભે કરીને મારું ભજન કરવું ને મનમાં મારું ચિંતવન કરવું ને નેત્રમાં મારી મૂર્તિ રાખવી. એ પ્રમાણે નિરંતર મારી સ્મૃતિ રાખવી. પછી એવી રીતે પ્રહ્‌લાદે અભ્યાસ કર્યો ત્યારે ભગવાન છ માસમાં વશ થઈ ગયા.

'આ વાતમાં સ્વામીએ સર્વોપરી વાત કરી દીધી, પણ આપણે શું સમજવાનું છે ? આપણે ભગવાન વશ થયા કેમ જણાય ? જ્યારે ભગવાન પાછળ ફરે ત્યારે જાણવું જે, ભગવાન વશ થયા છે. વચનામૃત કા. ૧૧ પ્રમાણે - એવો ભક્ત ભગવાનની આજ્ઞાએ કરીને જ્યાં જ્યાં જાય છે, ત્યાં ભગવાનની મૂર્તિ પણ એ ભક્ત ભેળી જ જાય; અને જેમ એ ભક્તને ભગવાન વિના રહેવાતું નથી તેમજ ભગવાનને પણ એ ભક્ત વિના રહેવાતું નથી.'

પછી નરસિંહ મહેતાનું કીર્તન બોલ્યા :

'બેઠો બેઠો ગાય ત્યાં હું ઊભો ઊભો સાંભળું, ઊભો ઊભો ગાય ત્યાં હું નાચું રે,
પ્રાણ થકી મુને વૈષ્ણવ વહાલા.'

'પ્રહ્‌લાદે આમ દાખડો કર્યો, તેમ જો આપણે પણ એકચિત્તે મંડી પડીએ, તો છ મહિનામાં નહિ પણ એક કલાકમાં વશ થઈ જાય.

'એક વખત સ્વામીએ રામદાસભાઈને વંથલી કલ્યાણભાઈને કાગળ દેવા મોકલ્યા અને કહ્યું કે 'જતાં ને આવતાં એકચિત્તે અખંડ ભજન કરજો.' એમ સ્વામીની આજ્ઞા પ્રમાણે અખંડ ભજન કરતા ગયા. અને વંથલી આવ્યું ત્યાં તો વંથલીના કોટના દરવાજાના કાંગરે કાંગરે મહારાજનાં દર્શન થયાં. પણ સ્વામીને વચને કર્યું તો થયું, પોતાની મેળે ગમે તેટલું કરે તો ન થાય. માટે મનગમતું કરવું કનિષ્ઠ અને સંતને વચને કરવું શ્રેષ્ઠ.

'આપણે આવી સ્થિતિ કરવા માટે બજારના ભાવ છોડવા પડે, ખેતી છોડવી પડે, બૈરાં-છોકરાંને અહીં સંભારાય જ નહિ. એમ કરીએ તો આ સ્થિતિ થઈ જાય. કારણ, અહીં સુગમતા છે. પણ અહીં બજાર સંભારીએ, ખેતી સંભારીએ, ઘર સંભારીએ તો ચિત્ત ડોળાઈ જાય. 'ચિત્તકી વૃત્તિ એક હે.' માટે આ છેલ્લી કોટીની વાત છે.

'આપણે ભગવાનને વશ કરવા છે તો ગ.પ્ર. ૭૬ સિદ્ધ કરવું પડશે. પંચ વર્તમાનમાં કોઈ રીતે ખોટ ન હોય અને ગમે તેવા વચનના ભીડામાં લઈએ અને એનું મનગમતું મુકાવીને અમારા ગમતામાં વર્તાવીએ તોપણ દેહપર્યંત ન મૂંઝાય. માટે મૂંઝવણ આવવા ન દેવી. તબિયત બગડવા દેવી નહિ. શબ્દથી તબિયત બગડે છે. આત્માનો ખોરાક જ્ઞાનનો છે. માટે જ્ઞાન શીખીને આત્માની તબિયત બગડવા ન દેવી. એ બ્રહ્મની સ્થિતિ છે.

'પરિપૂર્ણ ભક્તિ - પરા ભક્તિ - ભીડો વેઠવાની. લાડુબા, જીવુબા રોજ ૫૦૦ માળા ફેરવતાં, પણ જ્યારે અન્નકૂટ આવે ત્યારે વડી મૂકતાં જાય અને નામ લેતાં જાય, એમ માળા ગણતાં. એ વખતે માળા ફેરવવા બેસે તો અન્નકૂટ થાય નહિ. ભગવાનના ભગતની સેવા એ જ માળા છે. પણ સેવા ટાણે સેવા, રસોઈ ટાણે રસોઈ, એમ સર્વદેશીપણું હોય તો વિઘ્ન ન આવે. આજે બધાને ભીડામાં લેવા છે. આગળ અવતારમાં ત્રણ ત્રણ ભીડામાં આવ્યા, પણ આજ તો સૌને ભીડામાં લીધા છે.

'આપણે સત્સંગ કરી લેવો. જો ગુણાતીતાનંદ સ્વામીના દીકરા આપણે હોઈએ તો શબ્દથી મૂંઝાવું નહિ. તો જ સ્વામીનો સાચો વંશ રાખ્યો કહેવાય. તો બ્રહ્મની સ્થિતિ થઈ જાય. આપણે આ જાત્રામાં દર્શન કરવા આવ્યા છીએ, તો દર્શન કરી લેવાં અને એવો દૃઢ સંકલ્પ રાખવો કે ઠેઠ વરતાલ પૂગવું છે તો વચ્ચે બડવાળ શા માટે રાખવો ? જેટલા કજિયા ખાધાના-પીધાના, એટલા બડવાળ કાઢી નાખવા.

'શાસ્ત્રીજી મહારાજ બોચાસણમાં હતા ત્યારે બે હરિભક્તો સોજિત્રાના આવ્યા. તેમને જમાડીને વાસણ પોતે ઊટકી નાખ્યાં. સારંગપુરમાં નારાયણ સ્વામી હતા તે ભક્તોની ખૂબ સેવા કરતા. વાસણમાં નાની તપેલીઓ હતી, એટલે આખો દિવસ ભંડાર ચાલુ રાખી રસોઈ કરી સૌને જમાડતા, પણ થાકતા નહિ. અમે માંગરોળમાં ગયા ત્યારે સૌને ડૉક્ટર ઝાલા સાહેબે રસોઈ આપી. શાસ્ત્રીજી મહારાજે અને અમે રસોઈ બનાવી નાખી. બીજા બધા થાક્યા-પાક્યા સૂઈ ગયા. એમ મોટાપુરુષ તો ભક્તના ભક્ત થાય છે. તેમાં એમનું કાંઈ ઓછું થતું નથી. આપણે પણ એ જ માર્ગે ચાલવું, તો ગ.પ્ર. ૭૬ સિદ્ધ થશે.'

આટલી વાત કરી. ત્યાં હરમાનભાઈએ બૈજનાથધામમાં દર્શનનાં સ્થાનોની યાદી આપી અને સર્વેએ ચાલીને પદયાત્રા સ્વરૂપે સાથે જ જવાનું છે, એમ સૂચના કરી. એટલે સભા વિસર્જન કરી સૌ ઊઠ્યા.

અહીં મંદિરમાં ભીડ ઘણી રહે છે, પણ મંદિરના અધ્યક્ષે સાથે ફરીને સ્વામીશ્રી અને સંતોને દર્શન કરાવ્યાં. અધ્યક્ષની ઈચ્છાથી શિવગંગા સરોવરને કાંઠે ગણપતિ મંદિરમાં દર્શન કરી, સ્વામીશ્રીએ અહીં સભા કરી. હરિભક્તોએ પૂજન કર્યું. સ્થાનિક હરિભક્તોને ત્યાં પધરામણીએ નીકળ્યા. પોરડાવાળા હસમુખભાઈ ઉમેદભાઈના દેવઘરમાં પધાર્યા. ભાગલપુરથી રાવજીભાઈ તથા મોંઘીરથી જશભાઈ પણ અહીં ખાસ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા.

બૈજનાથધામથી ટ્રેન ઊપડી અને તા. ૨૫-૧૨-'૫૬, કલકત્તા આવી પહોંચી. સિલ્હાદ સ્ટેશને, સ્થાનિક હરિભક્તો મણિભાઈ મહેતા, નવાગામના કેશવલાલ શેઠના નાના ભાઈ કાનજીભાઈ શેઠ તથા એમના દીકરા પ્રવીણભાઈ કેશવલાલ શેઠ તથા અમૃતભાઈ વાઢેર વગેરે ભક્તોએ સ્વામીશ્રીનું સ્વાગત કર્યું.

સ્વામીશ્રીના આકર્ષણથી જૂના મંદિરના હરિભક્તો પણ સેવામાં જોડાઈ ગયા હતા. તેઓએ ઠરાવ કરેલો કે 'કોઈએ સ્વામીશ્રીનાં દર્શને જવું નહિ અને તેમના કાર્યક્રમમાં ભાગ પણ ન લેવો.' પણ માધવલાલ ઠક્કર જૂના મંદિરના ટ્રસ્ટના પ્રમુખ હતા, તેમની ઉપર ગુલઝારીલાલ નંદા સાહેબનો પત્ર હતો. જેથી તેમણે સંપૂર્ણ સહકાર આપ્યો. આથી બીજા હરિભક્તોએ પણ લાભ લીધો. આમ, સ્વામીશ્રીએ સૌનાં અંતર પકડીને પોતાના સ્વરૂપમાં સૌને ખેંચી લીધા.

મહારાજ સાક્ષાત્ સત્સંગમાં બિરાજમાન છે

કલકત્તાના સત્સંગ મંડળનો અપૂર્વ ઉત્સાહ હતો. તેમણે ખાસ સભા માટે જ કોટન સ્ટ્રીટમાં જૈન વિદ્યાલયના હૉલની ગોઠવણી કરી હતી. લગભગ બે હજાર માણસોની વ્યવસ્થાવાળો આ આલીશાન હૉલ તદ્દન નવો જ તૈયાર થયેલો, તે સ્વામીશ્રી તથા સંતોના પાદસ્પર્શથી પુનિત અને તીર્થીભૂત બની ગયો. કલકત્તા સત્સંગ મંડળ, કલકત્તાની ભાવિક જનતા તથા યાત્રાળુ હરિભક્તોથી હૉલ ચિકાર થઈ ગયો.

સભાની શરૂઆત મણિભાઈ હરગોવિંદભાઈ મહેતા, જે કૃષ્ણજી અદાના કૃપાપાત્ર ભક્તરાજ હરગોવિંદભાઈના પુત્ર થાય, તેમણે કરી. સભાને સ્વામીશ્રીની ઓળખાણ કરાવી અને ત્યારબાદ હરમાનભાઈએ ટ્રેનના યાત્રા-પ્રવાસનું વર્ણન આપ્યું, તેમજ સ્વામીશ્રીની બ્રહ્મસ્થિતિ અને પ્રભાવની સચોટ વાતો કરી. ત્યારબાદ ખેંગારજીભાઈના પ્રવચન પછી સ્વામીશ્રીએ પોતાની અનોખી શૈલીમાં અદ્‌ભુત વાતો કરી સભાને મંત્રમુગ્ધ કરી દીધી.

આટલી મોટી સભા એટલે કોલાહલ ઘણો થતો અને શાંત ચિત્તે વાતો સાંભળવાનું મળતું નહોતું, પરંતુ સ્વામીશ્રીએ *'જન્મ્યા કૌશલ દેશ'* એ મંગલાચરણના શ્લોકથી પ્રારંભ કર્યો કે તરત જ સભા શાંત થઈ ગઈ. સ્વામીશ્રીએ કહ્યું :

'શ્રીજીમહારાજ વરતાલમાં મોટા ઉત્સવો કરતા ત્યારે ત્રણ ત્રણ લાખ હરિભક્તો ભેગા થતા. તે વખતે આજનાં જેવાં લાઉડ-સ્પીકરોની વ્યવસ્થા નહોતી, પણ મહારાજ બોલે કે તમામ સભા શાંત થઈ જતી અને ટાંકણી પડે તોપણ અવાજ આવે એવી શાંતિ સભામાં રહેતી. આપણે એવી શિસ્ત શીખવી જ જોઈએ, અને એવી શાંતિ રાખીએ તો જ સભામાં કથાવાર્તાનું સુખ આવે.' આ પ્રમાણે ટકોર કરી અને સભામાં નીરવ શાંતિ પ્રસરી ગઈ.

પછી સ્વામીશ્રીએ આગળ વાત કરી કે 'આ સભા અક્ષરધામની સભા છે. આ સભામાં શ્રીજીમહારાજ અખંડ વિરાજમાન છે. માટે તેમની મર્યાદા જાળવવી. આ સ્પેશિયલ ટ્રેનમાં પણ મહારાજ અને સ્વામી અખંડ ભેગા છે. માટે જેને અક્ષરધામમાં આવવું હોય અને શ્રીજીમહારાજની સેવામાં રહેવું હોય, તેણે આ સ્પેશિયલ ટ્રેનનો મહિમા સમજવો. આ સેવા અને આ સમાગમ ફરી નથી મળવાનો. વળી આ મનુષ્ય દેહ પણ વારંવાર મળતો નથી.

'માણસનો અવતાર મોંઘો નહિ મળે ફરી.'

'શ્રીજીમહારાજ સાક્ષાત્ સત્સંગમાં બિરાજમાન છે, શાસ્ત્રીજી મહારાજ પણ બિરાજમાન છે, એ જતા નથી. જો જાય તો બ્રહ્માંડની સ્થિતિ ન રહે.'

આમ શ્રીજીમહારાજના સત્સંગમાં પ્રગટપણાની અને તેમના દ્વારા બ્રહ્મસ્થિતિ કરી લેવાની અદ્ભુત વાતો કરી. ભોજનનો સમય થયો હોવાથી સભા વિસર્જન કરી.

તે જ દિવસે સાંજે પણ જાહેર સભા જેવું ગોઠવ્યું હતું. સ્વામીશ્રીની સવારની વાતોથી કલકત્તાની મુમુક્ષુ જનતાને ઘણું આકર્ષણ થયું હતું. એટલે સાંજની સભા પણ ચિકાર થઈ ગઈ હતી. સભામાં હરમાનભાઈ વગેરે વક્તાઓએ સ્વામીશ્રી સંબંધી કેટલાક પ્રસંગો અને પોતાના અનુભવો કહ્યા. ત્યારબાદ સમય ઘણો થયો હોવાથી સ્વામીશ્રીએ ટૂંકું પણ મુદ્દાસરનું પ્રવચન કર્યું :

'વાતો કરે પણ પોતાનું વર્તન ન હોય તો કાંઈ સમાસ ન થાય. માટે વર્તન હશે તો જ ભાર પડશે. સંત તો બધા કહેવાય, પણ સંત અને અસંત ઓળખી લેવા. ભગવાંમાં ભરમાવું નહિ. સાકર અને ચિરોડી બંને દેખાવમાં સરખાં, પણ સાકર ખાય ત્યારે ગળી લાગે. તેમ સમાગમ કરીએ ત્યારે સંત-અસંતની ખબર

પડે. સાચા સંત મળે તો મોક્ષ સુધારી દે.'

તે ઉપર નિષ્કુળાનંદ સ્વામીનું પદ બોલ્યા :

'એવા સંત મળ્યે મળ્યા સ્વામી, ખામી કાંઈ નવ રહી;
કહે નિષ્કુળાનંદ શીશ નામી, સાચી સહુને કહી.'

પછી સ્વામિનારાયણ મંદિરમાં દર્શન કરવા જવાનું હોવાથી સભા સમાપ્ત કરી.

સ્વામીશ્રીનો ઉતારો સેન્ટ્રલ એવેન્યુમાં રહેતા કલકત્તાના જાણીતા સત્સંગી શેઠ માધવજીભાઈને ત્યાં હતો. તેમણે તમામ સંતો તથા કેટલાક હરિભક્તોને પોતાને ઘેર ઉતારી સારી સેવા કરી. તા. ૨૬-૧૨-'૫૬, રાત્રે તેમને ત્યાં સારી સભા થઈ અને સ્વામીશ્રીએ પણ સંત-સમાગમ ઉપર સુંદર વાતો કરી :

'જેમ જેમ વાતો સાંભળે તેમ તેમ અંતઃકરણ શુદ્ધ થાય અને જેમ અંતઃકરણ શુદ્ધ થાય તેમ ભગવાનનો નિવાસ થાય. માટે સર્વથી મોટા સંત છે, તેનો મહિમા જાણી તેમનો સમાગમ કરવો. શ્રીજીમહારાજ જે સર્વોપરી ભગવાન તેને જે સંતે અખંડ ધારી રાખ્યા હોય, તેથી એ સંત પણ મોટા છે. એવા સંત એ સૂર્યને ઠેકાણે છે અને મુમુક્ષુ એ નેત્રને ઠેકાણે છે. સૂર્ય વિના નેત્ર હોય તોપણ અંધારું ટળે નહિ.

'સંસાર એવો છે કે ચોંટ્યા વિના રહેવાય જ નહિ, પણ જો સારા સાધુનો સમાગમ કરે તો સંસારમાંથી ઊખડાય. એવા સાધુ તો સંસારમાં દુઃખ, દોષ અને નાશવંતપણું છે તે જણાવી દે. એવા સાધુ બાહ્ય દૃષ્ટિએ ઓળખાતા નથી. તેમને તો અંતરની આંખે ઓળખવા જોઈએ !' તે ઉપર –

'તમે અંતરની આંખે ઓળખી, કરો સદ્‌ગુરુ સંતનો સંગ,
ઓળખવું અંતરે.
ગાયે ગીતા-ભાગવત સંતને, એવાં લક્ષણ હોય જેને અંગ,
ઓળખવું અંતરે.'

આ કીર્તન બોલીને કહ્યું : 'આમાં કહ્યા એવા સંતને અંતરની આંખે ઓળખી, મહિમા સમજી, સમાગમ કરવો, તો મહારાજ આપણને અક્ષરધામમાં બેસારશે.' એટલી વાત કરી ત્યાં રાતના ૧૧-૦૦ વાગ્યા એટલે નિયમ-ચેષ્ટા કરી સૌને સૂવા જવાની આજ્ઞા કરી.

આજે સવારે તથા સાંજે હરિભક્તોને ઘેર પધરામણીઓ થઈ હતી. સ્વામીશ્રી સંતો સાથે કાલી મંદિર, દક્ષિણેશ્વર, બેલૂરમઠ તથા જૈન મંદિર વગેરે

સ્થળોએ દર્શને પધાર્યા હતા. એક દિવસ કલકત્તા સત્સંગ મંડળે તથા બીજે દિવસ અમૃતભાઈ વાઢેરે સમગ્ર યાત્રા-સંઘને રસોઈ આપી હતી. મારવાડી શેઠ ગજાનન પાલીવાલે પણ પોતાને બંગલે પધરાવી સારી સેવા કરી હતી. આમ, બે દિવસ કલકત્તાના હરિભક્તોને સ્વામીશ્રીનાં દર્શન-સમાગમનો લાભ મળ્યો. યાત્રિકો પણ તેમની સરભરા અને રસોઈથી ઘણા રાજી થયા.

જગન્નાથપુરી જતાં એક વિશિષ્ટ અનુભવ થયો. કલકત્તાથી પુરીની મોટી મજલથી પુરીધામ પહોંચવાને વાર હતી, પરંતુ કોણ જાણે કેમ પુરી પહોંચવાની સ્વામીશ્રીની ઉત્સુકતા તીવ્ર જણાતી હતી. તેથી તેઓ વારે વારે પૂછતા કે 'જગન્નાથપુરી આવ્યું ?' વર્ણીવિશે મહારાજ અહીં સૌથી વધુ સમય - છ માસ ને છ દિવસ - રહ્યા અને અસુરોનો સંહાર કર્યો હતો. આવા મહાપ્રસાદીના તીર્થમાં જવાનું હતું, તેથી કદાચ સ્વામીશ્રી પહોંચવાની ઉતાવળ કરી રહ્યા હશે.

'અમે તો દેવા જ બેઠા છીએ, કોઈ માગતું નથી'

જગન્નાથપુરી, તા. ૨૮-૧૨-'૫૬. આ મહાપ્રસાદીનું ધામ. જગન્નાથપુરીની યાત્રા કર્યા સિવાય બીજી યાત્રાનું ફળ ન મળે, એવો મોટો મહિમા આ ધામનો છે. હરદ્વાર પછી આ અગત્યનું બીજું ધામ યાત્રાની દૃષ્ટિએ હતું, એટલે દરેકને દર્શનની ઉતાવળ હોય જ; પરંતુ સ્વામીશ્રીને તો થોડું પણ જ્ઞાનનું ભાથું આપવાની ઇચ્છા, એટલે સભા કરી સૌને રોક્યા. સ્વામીશ્રીએ વાત કરી :

'આપણે યાત્રા કરવા આવ્યા છીએ એમાં પણ એક જાતનો ફરવાનો, જોવાનો આનંદ છે. એ ઇન્દ્રિયો, અંતઃકરણનો આનંદ છે. એટલે જીવ સામું જોઈએ છીએ તો મુમુક્ષુતા જાણે છે જ નહિ. માટે મુમુક્ષુતા કેળવવી, કથાવાર્તામાં બેસવું. જેમ ચા-નાસ્તા માગીએ છીએ, એમ કથાવાર્તાની ઉઘરાણી કરવી. અમે તો દેવા જ બેઠા છીએ પણ કોઈ માગતું નથી, માટે તીવ્ર મુમુક્ષુતા કેળવવી. ભગવાનના સંત વિના સુખ અને શાંતિ ક્યાંય નથી. માટે સાચું સુખ અહીં છે, તો બધું નિમિત્ત ઊભું કર્યું છે. પણ ખરા ખપવાળાની ખોટ છે.'

પછી દર્શને જવા માટેનો સમય થયો, એટલે સભા વિસર્જન કરી.

સ્વામીશ્રીએ અહીં જગન્નાથજીનાં દર્શન કર્યાં. અગણોતેરા કાળમાં શ્રીજીમહારાજ આ મૂર્તિને વિષે પ્રવેશ કરીને રહ્યા હતા અને પૂજારીનાં છળ-કપટ અને ભક્તિભાવ વગેરે જોયાં હતાં (ગ.પ્ર. ૬૮). એવી મહાપ્રસાદીની ચમત્કારી મૂર્તિનાં દર્શન કર્યાં. પ્રસાદીનો ગરુડસ્થંભ જ્યાં મહારાજ બેસતા તથા

વડ નીચે ભાગવતની કથા સાંભળવા બેસતા, આ બંને સ્થાનોનાં પણ દર્શન કર્યાં. પછી સમુદ્ર-સ્નાન કર્યું. કેટલાકને સ્નાન કરવાની ઈચ્છા ન હતી, પરંતુ સ્વામીશ્રીએ સૌને આજ્ઞા કરી કે 'મહારાજે છ માસ સુધી આ સમુદ્રમાં સ્નાન કર્યું છે; માટે મહાપ્રસાદીનો સમુદ્ર છે, તો દરેકે સ્નાન કરવું જ. આવો લાભ ફરી નહિ મળે.'

ઈન્દ્રદ્યુમ્ન સરોવરનાં દર્શન કર્યાં પછી સ્ટેશને પધાર્યા.

જગન્નાથપુરીથી મદ્રાસ જવા માટે, વિશાખાપટ્ટમ્ અને બેઝવાડા - બે વિરામ સ્થાન રાખ્યાં હતાં. વિશાખાપટ્ટમ્‌માં કાંઈ દર્શનનું સ્થાન ન હોવાથી સૌને નિરાંત હતી, પણ જીવને એવો સ્વભાવ છે કે પોતાનાં ઈન્દ્રિયોના રાગને પોષવા, હરવા-ફરવા કાંઈનું કાંઈ શોધી કાઢે છે. એટલે વિશાખાપટ્ટમ્‌ના બંદરમાં રશિયન સ્ટીમર જોવાનું તૂત ઊભું થયું, પરંતુ સ્વામીશ્રી તો કથાવાર્તા કરી સૌના સંકલ્પ બંધ કરી દે, એટલે પ્રથમ જ સભા ગોઠવી દીધી અને સૌને હુકમ કરી દીધો કે 'સભા શરૂ થઈ ગઈ છે, માટે સૌ પધારો.'

જીવમાં રહેતી આ લોકની જ મોટાઈ અને આ લોકમાં જ રહેવાનું છે, એવા દૃઢ નિર્ધારને તોડવા સ્વામીશ્રીએ વાત કરી :

'જ્યાંથી અચાનક ઉચાળા ભરવા છે તેને અર્થે ઉદ્યમ કરે છે અને જ્યાંથી કોટિ કલ્પે ઉચાળા ભરવા નથી તેને અર્થે ઉદ્યમ નહિ, એ જ અજ્ઞાન છે.'

'અહીં અક્ષરધામ જેવું સુખ વર્તે છે, પણ આ લોકના સંકલ્પથી જીવ દુખિયો રહે છે, તે મનનું દુ:ખ મોટું છે. મનનો સનેપાત જ્ઞાન થાય તો મટે. જૂનાગઢમાં ૩૦૦ સાધુઓ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી પાસે રહેતા. તેમાં પણ મનના દુખિયા ઘણા હતા. તેનું કારણ, પોતપોતાના રાગ. એટલે સ્વામી કહે તેમ થાય નહિ અને વર્તાય નહિ.

'આપણને અહીં જાત્રાનાં જ સંકલ્પ અને દર્શન તથા કથાવાર્તાનું સુખ - એ મોટું સુખ છે. તેમાં પણ ઈન્દ્રિયો-અંતઃકરણ વલખાં માર્યા કરે છે, પણ એટલીય ખબર નથી કે ઈન્દ્રિયોનું કોઈ કાળે પૂરું થયું નથી અને થવાનું પણ નથી. પાતાળ સુધી પૃથ્વી ફાટી હોય, પછી ઘડે ઘડે ભરવા ધારીએ તો ભરાય ? તેમ ઈન્દ્રિયો-અંતઃકરણનું એવું છે. માટે ઘરના, વહેવારના, વેપારના સંકલ્પ અહીં ન કરવા. જો સુખ લેવું હોય તો.

'ઝીણાભાઈ ગઢપુર મહારાજ પાસે રહેતા અને ઘેરથી કાગળો આવે તો ગાદી નીચે દબાવી દે અને વાંચે નહિ, એમ નવ મહિના કર્યું. પછી તો

ઘરવાળાંએ મહારાજ ઉપર કાગળ લખ્યો કે 'ઝીણાભાઈ ત્યાં છે કે નહિ ? અમે કાગળો લખીએ છીએ તેનો જવાબ જ મોકલતા નથી.' પછી મહારાજે ઝીણાભાઈને કહ્યું : 'ઘરે કાગળ કેમ લખતા નથી અને પૂછે છે તેનો જવાબ કેમ આપતા નથી ?' ત્યારે ઝીણાભાઈએ કહ્યું : 'મહારાજ ! મેં ઘેરથી આવેલા કાગળો વાંચ્યા જ નથી. કાગળ આવે એટલે ગાદી તળે મૂકી દઉં છું. જો વાંચું તો ઘરના સંકલ્પ થાય.' એવી સ્થિતિવાળા હતા. તેથી મહારાજ પણ તેમનો ખપ જોઈને રાજી થયા. પણ અહીં તો આપણે ટપાલ માટે પૂછપરછ કરીએ છીએ, પણ ટપાલ તો ન આવે એ જ સારું, સુખે ભજન થાય.

'લાકડાં, પાણા અને ઇંટાળા એમાં સૌને દેવની માયાનો મોહ છે, પણ કથા છે એ ભગવાનની મૂર્તિ છે, માટે એમાં મોહ રાખવો.'

આમ, ગર્ભિત સૂચન કર્યું કે 'રશિયન સ્ટીમર હોય કે સાદું વહાણ હોય, પણ લાકડાં, પાણા અને ઇંટાળા જે દેવની માયા તેમાંથી જ બનેલું છે; પણ તેમાં સૌનું મન આકર્ષાય છે, કારણ કે માયા સજાતિ સ્વરૂપ છે. પણ કથાવાર્તારૂપી ભગવાનની મૂર્તિમાં તો આત્માને સજાતિ થવાય તો જ થાય.'

બ્રહ્મવિદ્યાનાં બીજ વાવવાની કળા

અહીં સૌને સ્ટીમર જોવાની રજા આપી. આ તો આપણે જેમ નાના છોકરાને ભણાવીએ, વળી રમાડીએ, એમ ફોસલાવીને વિદ્યા શીખવાડી દઈએ છીએ, તેમ સ્વામીશ્રી પણ ફોસલાવી-પટાવી બ્રહ્મવિદ્યાનાં બીજ અંતરમાં મૂકી દેતા.

બેઝવાડામાં કથાનો સમય ન રહ્યો, એટલે રાત્રે મદ્રાસ જતાં ડબ્બામાં કેટલાકને બોલાવ્યા. તેમાં પણ વિનુભાઈ વગેરેને તો ખાસ. ભેગા બીજા ઘણા યુવકો હતા. આવા પ્રસંગે અલૌકિક વાતો જ નીકળે. ગ.છે. ૧૭મું વચનામૃત 'ભરતજીના ચમત્કારી આખ્યાન'નું વંચાવ્યું અને વાત કરી :

'આમાં ભરતજીનું આખ્યાન ચમત્કારી કહ્યું, તે ચમત્કાર કયો ? ભરતજીએ રાજ્ય મૂક્યું, સગાંવહાલાં મૂક્યાં, અને પોતે ઋષભદેવ ભગવાનના પુત્ર હતા, તોપણ એક તુચ્છ એવી મૃગલીમાં દયાએ કરીને બંધાયા. દયા કરતાં પણ આવડવી જોઈએ, અને સાધારણ ઘટે તેમ રાખવી, પણ તેમાં બંધાવું નહિ. ભગવાનના ભક્તને ભગવાન સિવાય બીજે વૃત્તિ રહે એ મોટું પાપ છે. ખરેખરા મોટાપુરુષ હોય તે તો ક્રિયામાં બંધાય જ નહિ અને કોઈને બંધાવા પણ દે નહિ.

'સ્વામી જૂનાગઢના મહંત હતા પણ ઝોળી ખીંટીએ ટીંગાડી રાખતા, તે

જો મહારાજનો ગઢડાથી કાગળ આવે કે તરત જ લઈને ગઢડા જવાની તૈયારી રાખતા. નિષ્કુળાનંદ સ્વામીએ ધોલેરાનો વ્યવહાર કર્યો પણ સાલેમાળ માથે નાખ્યો એમ કહેતા. આજ્ઞાએ કરીને વ્યવહાર તો કરવો, જોડાવું પૂરેપૂરું, પણ તેમાં નિર્બંધ અને નિર્દોષ રહેવું. વ્યવહાર બંધનકારી ન થવો જોઈએ. એનું નામ જ સ્થિતિ કહેવાય.

'વ્યવહારના સંકલ્પ થાય, જગતના સંકલ્પ થાય, ત્યાં સુધી વાસના ટળી નથી. વાસના ટળે ત્યારે ભગવાનના જ સંકલ્પ રહે. વ્યવહારના સંકલ્પ ભગવાનની મૂર્તિ ભુલાવી દે અને ભક્તિમાં મોટું વિઘ્ન કરે.'

એટલી વાત ભગવાનની મૂર્તિમાં જોડાવાની કરી. તે સિવાય બીજે વૃત્તિ રહે તે અતિ મોટું પાપ છે એમ સમજાવી, લગભગ ૧૧ વાગે સૌને સુવાની રજા આપી.

મદ્રાસમાં રાયપુર સ્ટેશને ગાડીનો મુકામ હતો. સત્સંગ મંડળે સ્વામીશ્રીનું સ્વાગત કર્યું. સૌને ધૂન-ભજન કરતાં સ્વામિનારાયણ મંદિરે લઈ જવાની એમની ઈચ્છા હતી, પણ તે કાર્યક્રમ મુલતવી રહ્યો.

રાયપુર સ્ટેશન સમુદ્ર સામે જ છે. અહીં સ્ટેશનના વિશાળ ચોગાનમાં સભા-વ્યવસ્થા ગોઠવવા સ્વામીશ્રીએ આદેશ આપ્યો અને હર્ષદભાઈનો હાથ પકડી કહે : 'ચાલો, આપણે દરિયો જોવા જઈએ.'

માછીમારોની પ્રવૃત્તિથી દરિયા કાંઠો ધમધમતો હતો, છતાં સ્વામીશ્રી ઠેઠ દરિયા કિનારા સુધી પહોંચ્યા અને 'જય દરિયા' એમ બોલી આશીર્વાદ આપ્યા. સમુદ્રનાં મોજાંના લોઢના લોઢ ઊછળતા હતા. અહીં સ્વામીશ્રીએ સંકલ્પ કર્યો કે 'આ સમુદ્રમાં જેટલાં જીવ-જંતુ છે, તે સર્વનું મહારાજ કલ્યાણ કરો.'

આમ, ભક્તોથી ઊભરાતું તીર્થ હોય કે લોકોને મહાલવાનો દરિયા કિનારો, પણ સ્વામીશ્રીની વિશાળ કલ્યાણ-ભાવના અસ્ખલિત વહેતી રહેતી. તીર્થોમાં આવતા સર્વ ભક્તોને 'પ્રગટ ભગવાન ને સંતનો યોગ થાય' એવો સંકલ્પ કર્યો, તો અહીં દરિયા કિનારે 'સમુદ્રનાં તમામ જીવ-જંતુને મનુષ્ય દેહ સાથે સત્સંગ પ્રાપ્ત થાય' એવો સંકલ્પ કર્યો.

સ્વામીશ્રી સભામાં પધાર્યા. સૌને શહેર જોવાની ઉત્સુકતા હતી. સ્વામીશ્રીને શહેરના પાશ ન લાગે તે જોવાની તાલાવેલી હતી. એવા શબ્દ મૂકી દે કે જીવના હૈયામાં સોંસરા ઊતરી જાય. પછી પંચ વિષય તરફ દાઢો અંબાઈ જ જાય. અહીં પણ પ્રસંગ અનુરૂપ એ જ વાત કરી :

'સત્સંગે કરીને ભગવાન વશ થાય છે. તે સત્સંગ એટલે શું ? તો મોટા-

પુરુષને હાથ જોડવા અને તે કહે તે કરવું એ જ સત્સંગ. આ પૃથ્વીનાં પણ કેવાં ભાગ્ય કે અહીં મોટાપુરુષ બેઠા છે અને કથા થાય છે. ભગવાન ભજવાનો માર્ગ કોઈને આવડતો નથી. જૂનાગઢની સભામાં સ્વામીએ પૂછ્યું : 'માવા ભગત ! આ દુનિયા શું કરે છે ?' માવા ભગત જ્ઞાની હતા. તે કહે : 'ધૂળમાંથી ધાન ને ધાનમાંથી ધૂળ કરે છે.' પ્રભુ ભજવા એ મારગ જુદો. કોઈને તે મારગ ગમતો નથી. ખાય-પીવે ને ખાતર કરે. તેમાં હવે ત્રીજી વસ્તુ મહારાજે પ્રવર્તાવી કે પ્રભુ ભજવા; એકાંતિક થાવું; દેહના લાગમાં ન આવવું. એ રસ્તો કોઈએ પાડ્યો નહોતો, તે શ્રીજીમહારાજે પાડ્યો. મહારાજે પોતે રાત-દી' વાતો કરી, તો એકાંતિક ધર્મ પ્રવર્ત્યો. તે અંતે શીખ્યા સિવાય છૂટકો નથી.'

એટલી વાત કરી. ત્યાં શહેરમાં પધરામણી માટે નિમંત્રણ આવ્યું, એટલે સભા વિસર્જન કરી સૌ ઊઠ્યા.

દ્રાવિડી મુમુક્ષુને પુરુષસૂક્તના પુરુષની પ્રાપ્તિ

પધરામણીઓ ઘણી હતી તેથી જાહેર સભાનો કાર્યક્રમ રદ થયો. સ્વામીશ્રી સૌ પ્રથમ વડતાલ તાબાના સ્વામિનારાયણ મંદિરે પધાર્યા, દર્શન કર્યાં. મંદિર ઘણું નાનું હોવાથી સ્વામીશ્રીએ સ્થાનિક હરિભક્તોને અહીં મોટું મંદિર થાય તેવા આશીર્વાદ આપ્યા.

પછી મદ્રાસમાં આવેલા વિખ્યાત બાલાજી મંદિરમાં દર્શન કરી, પાર્થ-સારથિના મંદિરે પધાર્યા. ભવ્ય મૂર્તિનાં દર્શન કરી સ્વામીશ્રી રાજી થયા.

મંદિર બાજુના વિશાળ સરોવરમાં હરિકૃષ્ણ મહારાજને સ્નાન કરાવ્યું. પોતે પ્રસાદી જળ શિરે ચઢાવી, સૌ હરિભક્તોને પણ તે લાભ આપ્યો.

એક દ્રાવિડી ભૂદેવ અહીં સ્નાન કરતા હતા, તે પણ સ્વામીશ્રીનાં દર્શનથી આકર્ષાઈ નાહતાં-નાહતાં નજીક દોડી આવ્યા ને પ્રસાદી-જળનો શિર ઉપર સ્પર્શ મેળવી, પુરુષસૂક્તના આહ્‌વાન મંત્રો બોલવા લાગ્યા. સાથે સાથે પોતે પણ સ્વામીશ્રીનાં ચરણકમળ ઉપર જળથી અભિષેક કરવા લાગ્યા. મંત્રોચ્ચાર પૂરો થતાં તેમણે સ્વામીશ્રીનાં ચરણો પકડી લીધા. સ્વામીશ્રીને શું કહેવું એ ભાષા તેમને નહોતી આવડતી, પણ તેમની ભક્તિની ભાષાનો સંદેશ સ્વામીશ્રીને મળી ગયો. સ્વામીશ્રીએ એમના માથે બે હાથ મૂક્યા ત્યારે જ તેમણે સ્વામીશ્રીનાં ચરણો છોડ્યાં, ગુણાતીત સંતની એક ભાવપૂર્ણ દૃષ્ટિ તેમને મળી ગઈ. આ સરોવરનું ખાસ કોઈ માહાત્મ્ય નથી, પણ જાણે એક ભક્તને

પોતાનો સંબંધ પમાડવા માટે જ સ્વામીશ્રી અહીં સુધી પધાર્યા હોય એમ સૌએ જાણ્યું. એ ભક્ત પણ સ્વામીશ્રી મોટરમાં બેસીને નીકળ્યા ત્યાં સુધી પાણીમાં જ ઊભા ઊભા બે હાથ જોડી અનિમેષ દૃષ્ટિએ દર્શન કરતાં રહ્યા.

કપિલેશ્વર મંદિરે દર્શન કરી અદિયારમાં આવેલા 'થિયોસોફિકલ સોસાયટી'ના કેન્દ્રમાં પધાર્યા. અહીંના પ્રેમી હરિભક્તો રમણભાઈ કોટડિયા તથા પુરુષોત્તમદાસ સ્વામીશ્રીને ગાંધીમંડપ જોવા પણ લઈ ગયા હતા. સાંજે હરિભક્તોને ત્યાં પધરામણીઓ કરી.

સ્પેશિયલ ટ્રેનનો અહીં બે દિવસનો મુકામ હતો, પણ સ્વામીશ્રી મોટાસ્વામી, પ્રમુખસ્વામી, હરમાનભાઈ વગેરે ભક્તો સાથે બીજે દિવસે સવારે સ્થાનિક હરિભક્તોની મોટરોમાં ભૂતપુરી, શિવકાંચી, વિષ્ણુકાંચી અને પક્ષીતીર્થ દર્શને નીકળ્યા. આ યાત્રાઓ મોટરમાં ઝડપથી થઈ શકે એમ હતી, જેથી પાછળથી સ્વામીશ્રીને થોડો આરામ મળે.

વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંતના પ્રવર્તક રામાનુજાચાર્યના જન્મ સ્થાન ઉપર મદ્રાસના પ્રધાને સુંદર મંદિર બંધાવ્યું છે. આ વાત સાંભળી સ્વામીશ્રી એકદમ બોલ્યા : 'મહેળાવમાં શાસ્ત્રીજી મહારાજના જન્મ સ્થાન ઉપર આવું મંદિર કોઈ કરાવે તો તેનું કામ નીકળી જાય.' આ મંદિરમાં રામાનુજાચાર્ય આદિ કેશવ અને એમના ૭૪ શિષ્યોની મૂર્તિઓ છે. મહારાજ વર્ણીવેશે અહીં પધારેલા.

શિવકાંચીમાં એકામ્રેશ્વર ભગવાન શંકરનું મુખ્ય મંદિર છે. પાર્વતીજીએ શિવજીને પ્રસન્ન કરવા અહીં આંબાના વૃક્ષ નીચે તપ કર્યું હતું. એ વૃક્ષ પૂજારીએ સ્વામીશ્રીને બતાવ્યું અને કહ્યું : 'આ આંબાને બારે માસ કેરી આવે છે.' સ્વામીશ્રી ખૂબ જ ઉત્સુકતાથી એ વૃક્ષ તરફ જોઈ રહ્યા. એ દૃષ્ટિમાં પૂજારીના વચનમાં વિશ્વાસ હતો; જ્યારે બીજાને જરૂર શંકા થાય કે અત્યારે એ વૃક્ષ ક્યાંથી હોય ?

આ જ એમની વિશેષતા હતી. મહારાજ વર્ણીવેશે અહીં બધે ફર્યા હશે – એ ભાવથી સ્વામીશ્રી ઘણે સ્થળે દર્શન કરતાં સ્થિર થઈ જતા. આ જોતાં પ્રતીતિ આવે કે એ જ સ્થળે મહારાજ બિરાજ્યા હશે અગર હર્યા-ફર્યા હશે.

વિષ્ણુકાંચી દર્શન કરી સ્વામીશ્રી સૌ સાથે પક્ષીતીર્થ પધાર્યા. સ્વામીશ્રી ડોળીમાં બેસી પહાડ ઉપર આવ્યા હતા.

પક્ષીઓ જે કોઈપણ હો, તેમનું કલ્યાણ થાઓ

પક્ષીતીર્થમાં તો લગભગ ૧૦-૪૫ વાગ્યે પહોંચી ગયા. પક્ષીઓને

આવવાનો સમય લગભગ ૧૧-૦૦નો હતો. તે દરમ્યાન નકામો સમય ન ગાળવો, એટલે તે સ્થળે ડુંગરાના ઊંચાણ ભાગમાં જ્યાં સ્ત્રીઓની અવરજવર ન થાય, એવી જગ્યા શોધીને બેઠા.

સ્વામીશ્રીએ અહીં વાત કરી કે 'જેમ છે તેમ ઓળખવું કઠણ, અને ઓળખે તો સમાગમમાં રહેવું કઠણ; બે આની પણ કો'કનો પક્ષ રહી જાય. દેહાભિમાન સોતો કથાવાર્તા કરે તેમાં સમાસ નહિ; પણ 'આ દેહ તે હું નહિ અને હું તો આત્મા છું, અક્ષર છું, બ્રહ્મ છું અને મારે વિષે પુરુષોત્તમ નારાયણ પ્રગટ પ્રમાણ બિરાજમાન છે,' એમ માની, અખંડ બ્રહ્મપણાનું જાણપણું રાખી કથા કરે, તો સામાનું અંતર ભેદાય.

'ગામ પીઠવાજાળમાં વાત કરી કે 'કોઈ કહેશે કે અક્ષરધામ કેવું હશે ?' તો આપણે તો ભગવાન દીઠા છે, અક્ષરધામમાં રહેનારા દીઠા છે, ભગવાનની હજૂરના અને ભગવાનની પાસે રહેનારા દીઠા છે, ને કાનમાં વાતું કરી છે, હવે તો તેજ દેખાતું નથી એટલું જ બાકી છે. પણ આ સાધુ છે તેમાં જ ભગવાન રહ્યા છે, એમ વિશ્વાસ રાખજો.

'જે જે સમયમાં જેને હાથ કલ્યાણ કરવાનું ભગવાને સોંપ્યું હોય તેનાથી જ કલ્યાણ થાય છે; જેમ પરીક્ષિતને શાપ થયો ત્યારે વ્યાસજી આદિ ઘણા મોટા હતા, પણ શુકજી આવ્યા ત્યારે તેમને હાથે કલ્યાણ થયુ.'

તે ઉપર એક હરિભક્તે પૂછ્યું : 'રામાવતારની, કૃષ્ણાવતારની અને મહારાજની રીત શી હતી ?'

સ્વામીશ્રી કહે : 'રામાવતારની રીત એકપત્ની-વ્રતની; વાંદરા ભગવાનને ભેટવાને ઇચ્છયા તોપણ તે સુખ ન મળ્યું. કૃષ્ણાવતારની રીત સંબંધની; તેમાં ગોપીઓ, પૂતના અને અનેક અસુરો, તે બધાંને ભગવાનનો સંબંધ થયો ને કલ્યાણ થયું. ઋષભદેવ ભગવાનની રીત અલમસ્ત વર્તવાની. અને મહારાજની રીત બ્રહ્મરૂપ થઈ પુરુષોત્તમની ભક્તિ કરવાની. માટે જે સમે ભગવાન ભજવાની જેવી રીત હોય, તે પ્રમાણે ભગવાન ભજી લેવા; પણ આગળનું જોઈ તાણાતાણી કરીશું, તો રહી જઈશું.

'એક ગામમાં કોળી પટેલ રહે. બુદ્ધિશાળી બહુ. તેમણે એવો વિચાર કર્યો કે 'માળું ! ઘણા કાળનું અંધારું આપણા ઘરમાં ગરી જાય છે, તે હવે બરાબર ખબર રાખવી ને પેસવા ન દેવું.' પછી કોઈએ લાકડિયું, ધોકા, સાંબેલાં એમ હથિયાર લીધાં. કોઈએ તો અંધારું ઉલેચવા સૂપડાં લીધાં. પછી વાળુ-પાણી કરી,

ખાટલા ઢાળીને તૈયાર થઈને બેઠા.

'ધીરે ધીરે સૂર્ય આથમ્યો ને સંધ્યા ફૂલી. ત્યાં એક જણ ઘરમાં પાણી પીવા ગયો ને જોયું તો ઘરમાં અંધારું ગરી ગયેલું. તેણે પડકારો કર્યો : 'ઊઠો, ઊઠો, ત્યાં શું જોઈ રહ્યા છો ? અંધારું ઘરમાં ગરી ગયું !'

'પછી બધા પટેલિયા લાકડી, ધોકા, સૂપડાં લઈને મંડ્યા, તે અંધારામાં કેટલાંય માટલાં ફોડી નાખ્યાં, માથાં ભાંગ્યાં. આમ, આખી રાત દાખડો કર્યો. સવારે સૂર્ય ઊગ્યો ને અંધારું ગયું, ત્યારે પટેલિયાએ મૂછે તા દીધો, ને કહે : 'કેવું ધોકાવીને કાઢ્યું !' એમ બળમાં આવી ગયા.

'ધોકાવવાથી કાંઈ અંધારું ન જાય. સૂર્યથી જાય. એમ પ્રગટ સત્પુરુષ વગર અજ્ઞાનરૂપી અંધારું ટળે નહિ. લોકો પોતાની મેળે કલ્યાણ માની લે છે, પણ તેમાં પાછા પડવાનું થાય.

'જેમ સૂર્યના ઉદયથી કોઈ દેશમાં અંધારું રહે નહિ. અત્યારે એવા સત્પુરુષ પ્રગટ છે. તો તેમના સંબંધથી અજ્ઞાન ટળી જશે, પણ આ સાધુ વિના અજ્ઞાન ટળશે નહિ.'

થોડી વારે પક્ષીઓને આવવાનો સમય થયો એટલે સૌ એ ડુંગર ઉપરથી ઊઠ્યા. આ બે પક્ષીઓ જે નિયમિત ૧૧-૦૦ વાગે ભોજન લેવા આવે, તેને જોવા ઘણા પરદેશી યાત્રાળુઓ જિજ્ઞાસાવશ આવ્યા હતા.

થોડી વારમાં પક્ષીઓ આવ્યાં અને નિયત સ્થળે પૂજારીએ રાખેલ પ્રસાદી જમીને ઊડી ગયાં. તે પછી સ્વામીશ્રી કહે : 'આપણે પક્ષીઓ બેઠાં હતાં, ત્યાં જવું છે,' એમ કહી ત્યાં પધાર્યા અને એ શિલા ઉપર હરિકૃષ્ણ મહારાજની પધરામણી કરી; ત્યાં પક્ષીઓ આકાશમાં ચક્કર મારતાં ફરીથી એ જ જગ્યા ઉપર ઊડવા લાગ્યાં. એ જોઈ પૂજારીને ખાસ નવાઈ લાગી અને કહે કે 'સ્વામીજી બહુ પ્રતાપી પુરુષ લાગે છે, નહિ તો પક્ષીઓ એક વાર ગયા પછી ફરી દેખાતાં નથી. વળી આજે બંને પક્ષીઓ સમયસર આવી ગયાં.' સ્વામીશ્રીએ અહીં શુભ સંકલ્પ કર્યો કે પક્ષીઓ જે કોઈપણ હો, પણ તેમનું કલ્યાણ થાઓ.'

મોડી બપોરે મદ્રાસ પહોંચી ગયા. સાંજે હરિભક્તોને ત્યાં સ્વામીશ્રીએ પધરામણીઓ કરી.

'જેને રે મળે આવા જોગિયા, પામે તે ભવપાર જી'

મદ્રાસમાં બે દિવસ રહીને, શ્રીજીમહારાજે જે સ્થાનોમાં વિચરણ કર્યું હતું

તે શિવકાંચી, વિષ્ણુકાંચી, ભૂતપુરી વગેરે સ્થળોએ સ્પેશિયલ ટ્રેનના યાત્રિકોને દર્શન બાકી હતાં, એટલે ગાડી તારીખ ૧લીએ રાત્રે મદ્રાસથી ઊપડી અને કાંજીવરમ્ આવી. અહીંથી શિવકાંચી અને વિષ્ણુકાંચી દર્શને જવાનું હતું. સ્વામીશ્રીએ તો દર્શન કર્યાં હતાં એટલે આરામ હતો.

રોજના નિયમ પ્રમાણે પ્રથમ સભા થઈ. સ્વામીશ્રીને વચનામૃત વંચાવવાની ઇચ્છા હતી, પરંતુ ચોપડો સમયસર ન આવ્યો. એટલે જેમ ભગતજી મહારાજ કહેતા કે 'હું ચોપડો;' એમ સ્વામીશ્રી ગ.પ્ર. ૬૭મું વચનામૃત કંઠે બોલ્યા અને વાત કરી કે 'મોટાપુરુષના ગુણ લાવવા માટે દીન-આધીન થઈને પોતાના દોષનો પરિતાપ કરવો પડે અને તેમના અનેક ગુણો સામી દૃષ્ટિ રાખવી પડે; પણ પોતાનાં જ્ઞાન અને ડહાપણનો ડોળ રાખે તો મોટાપુરુષના ગુણ ક્યારેય આવે નહિ.

'મોટાપુરુષ તો ક્રિયામાં જોડે, પણ ક્રિયારૂપ ન થવા દે. જ્યારે પોતે આવા સમર્થ હોય ત્યારે પોતાને તો ક્રિયા બંધન શી રીતે કરી શકે ? પણ એમની વ્યવહાર કરવાની રીત એવી હોય કે બાહ્ય દૃષ્ટિવાળાને તો એમ જ લાગે કે સ્વામી વ્યવહારરૂપ થઈ ગયા છે.

'સ્વામી જૂનાગઢમાં હતા ત્યારે મંદિરના બળદ સાંજે કોઈ વખત મોડા આવતા, તો વારે વારે પૂછે : 'હજુ બળદ કેમ ન આવ્યા ? નીરણનું ખાણનું મોડું થશે,' - એમ કહ્યા કરે. એટલે એક સાધુ જે પોતાને જ્ઞાની કહેવરાવતા હતા, તેણે સ્વામીને કહ્યું : 'સ્વામી ! તમે આવા મોટા થઈને બળદ કેમ સંભારો છો ?' ત્યારે સ્વામીએ કહ્યું : 'ઠાકોરજીના બળદ છે, તે આપણે ચિંતા તો રાખવી પડે ને ?' પણ પેલા જ્ઞાની સાધુને તો એમ થયું કે સ્વામી હવે વ્યવહારમાં ખૂંતી ગયા છે.

'બીજે દિવસે તે સાધુની કલમ ઉપર કોઈકનો પગ પડ્યો અને કલમ ભાંગી ગઈ. એટલે તે સાધુએ કેટલોક ઊહાપોહ કર્યો અને કજિયો કર્યો. પછી સ્વામીએ તેમને કહ્યું કે 'તમને નવી બે કલમ આપીએ, પણ આ કજિયો છોડો.' પણ તોય માન્યું નહિ. આમ, મોટાપુરુષની ક્રિયામાં કાંઈ જો દોષ પરઠ્યો, તો તે પોતા ઉપર જ આવે છે અને દોષ પરઠનારનું સ્વરૂપ ઉઘાડું પડી જાય છે. સિદ્ધાંત એ છે કે મોટાપુરુષની આજ્ઞાએ કરીને ક્રિયા કરવી પણ ક્રિયારૂપ થવું નહિ, અને મોટાપુરુષમાં કોઈ દોષ પરઠવો નહિ. તે ઉપર બોલ્યા કે –

'હરિ-ઇચ્છાએ હરે-ફરે, કરે જીવનો ઉદ્ધારજી,
જેને મળે એવા જોગિયા, પામે તે ભવપારજી...જડભરતની જાતના.

એવા જોગીને આવીને મળે, જાણે-અજાણે જે જનજી,
નિષ્કુળાનંદ એ નરને, કરે પળમાં પાવનજી...જડભરતની જાતના.

'મોટાપુરુષનો આવો મહિમા સમજે તો ગુણ આવ્યા વગર રહે જ નહિ. કોઈ દિવસ દુઃખ ન ગાવું. રડવું નહિ. જો એકાંતિક ધર્મમાંથી પડીએ, તો દુઃખ લગાડવું. આ માર્ગમાં તો જે શ્રદ્ધાવાન હોય તેનું જ નભે છે, श्रद्धावान् लभते ज्ञानम्।

'આપણે તો સો-બસો માણસને પાંખમાં લઈ ઊડી જઈએ એવા છીએ, અને તે કરતાં આખા બ્રહ્માંડના જીવને પાંખમાં લઈ ઊડી જઈએ એવા છીએ, અને તે કરતાં અનંત કોટિ બ્રહ્માંડના જીવને પાંખમાં લઈને ઊડી જઈએ એવા છીએ, પણ એવો મહિમા ન સમજાય, કારણ કે મનુષ્યાકૃતિ છે. એમ મનુષ્યભાવ રહે ત્યાં સુધી આવો મહિમા ન સમજાય.'

આમ, મહિમા સમજવાની અને ગુણ ગાવાની વાતો કરી. ત્યાં 'વાસુદેવ હરે' થયા એટલે જમવા પધાર્યા.

ટ્રેનના યાત્રિકોને આજે પક્ષીતીર્થ જવાનું હતું. તેથી યાત્રા-સ્પેશિયલનો ચીંગલપેટ મુકામ થયો. સૌને પક્ષીઓ ક્યાંથી અને કેવી રીતે આવે છે, કેવાં છે વગેરે જોવાની ઉત્સુકતા, એટલે કથાવાર્તાનો કાર્યક્રમ જલદી શરૂ કરી દીધો. સ્વામીશ્રીને તો યાત્રિકોને બધે સ્થળે દર્શન કરાવવાં હતાં, પરંતુ વૃત્તિ તો ભગવાન ને સંતમાં જ રખાવવાનું તાન હતું. એટલે આવા સંત મળ્યા પછી મોક્ષને માટે ફાંફાં મારવાનાં નથી, એ વાતનું હાર્દ પોતાની વાતમાં લાવીને બોલ્યા કે –

'આજ તો આપણને છેલ્લો જન્મ થઈ ગયો છે, તે છેલ્લો જન્મ શું ? તો પ્રકૃતિના કાર્યમાં મને કરીને માલ ન માનવો તે જ છેલ્લો જન્મ છે. મને કરીને માલ નથી માન્યો એમ કેમ સમજવો ? જ્યારે મહારાજની મૂર્તિ સિવાય બીજે માલ ન મનાય, ત્યારે છેલ્લો જન્મ થયો કહેવાય. ગ.મ. ૨૪મું વચનામૃત સિદ્ધ કર્યે જ છૂટકો.

'પ્રકૃતિ-પુરુષ પ્રલયમાં આવે, ભવ-બ્રહ્મા ન રહે કોઈ રે,
ચૌદ લોક ધામ ન રહેવા પામે, સર્વેનો સંહાર હોય રે;
જેમ કઢાયામાં કણ ઊછળે છે, ઊંચા-નીચા અગ્નિઝાળે રે,
તેમ જો તનધારી બળે છે, સ્વર્ગ મૃત્યુ ને પાતાળ રે.'

પછી વચનામૃતનો ચોપડો આવ્યો, એટલે વર. ૧૯મું વચનામૃત વંચાવ્યું

અને વાત કરી કે 'આમાં મહારાજે કહ્યું કે સાંભળો, ભગવાનની વાર્તા કરીએ છીએ. એટલી વાત કરી એટલે સૌ સાવધાન થઈ ગયા. ભગવાન તો પોતે હતા, પણ પરોક્ષપણે મહારાજે વાત કરી તેનું કારણ એ છે કે આ જીવને જેટલી પરોક્ષને વિષે પ્રતીતિ છે એટલી પ્રત્યક્ષ વિષે નથી. પણ ભગવાન ને ભગવાનના સંત તો જરૂર પૃથ્વી ઉપર વિચરતા જ હોય છે, એમ મહારાજે કહ્યું કે એ તો પરોક્ષ થાય એવા નથી, પણ ઓળખાય નહિ.

'જ્યારે પ્રગટ વિચરતા ભગવાન કે સંતની ઓળખાણ થશે, ત્યારે પંચ વિષય સારુ વલખાં મારવાં નહિ પડે. અને એવો ભક્ત ભગવાનનો પાર્ષદ થઈ ગયો, પણ જો પંચ વિષય સારુ વલખાં મારે તો પાર્ષદ મટી જાય. માટે ભગવાનના ભક્ત થવું બહુ કઠણ છે, પણ જેને યથાર્થ ઓળખાણ થઈ હોય તેને માટે કઠણ નથી. કારણ, એવાને તો કામ-ક્રોધાદિક દોષ સહેજે જિતાઈ જાય છે.'

એટલી વાત થઈ ત્યાં પક્ષીતીર્થ જવા માટે બસો આવી. એટલે સભા વિસર્જન કરી પોતે ડબ્બામાં પધાર્યા. ટપાલનું કામ શરૂ કર્યું.

ચીંગલપેટથી ચિદમ્બરમ્ આવ્યા. નટરાજ મંદિર તથા ગોવિંદરાજ મંદિરોમાં દર્શન કરી, મંદિર પાછળ શિવગંગા સરોવરની આસપાસ ભવ્ય સ્તંભ-પંક્તિઓ અને વિશાળ ફરતો ઘાટ જોઈ સ્વામીશ્રી બોલ્યા : 'અહો ! પરોક્ષવાળા પણ દેવનો મહિમા સમજી આવા ઘાટ બંધાવે છે, જ્યારે આપણે અનાદિ મૂળ અક્ષરના સ્થાન ઉપર ગોંડલીમાં ઘાટ બાંધવો છે તે કેટલાક સંકલ્પ થાય છે !' એમ કહી દાજી બાપુને બોલાવ્યા અને કહ્યું કે 'જોયોને ઘાટ ! જોઈ લેજો બરાબર. આપણે ગોંડલી ઉપર આવો ઘાટ કરવો છે.'

મહિમાની ચરમ સીમા

ચિદમ્બરમ્થી સેતુબંધ રામેશ્વર જતાં પહેલાં ઘણાના આગ્રહથી પોંડિચરી જવાનું નક્કી થયું. પોંડિચરીમાં સૌ યાત્રિકો અરવિંદ આશ્રમ જોવા ગયા હતા. સ્વામીશ્રી ટ્રેન ઉપર રોકાયા હતા. ટ્રેનમાં સ્વામીશ્રી, જોડના એક સાધુ તથા વિનુભાઈ અને જશભાઈ - એ ચાર જ હતા.

થોડી વાર પછી સ્વામીશ્રીએ સ્નાન કર્યું. પછી કહે : 'હાલો, પ્રસાદીની ગાડીની પ્રદક્ષિણા કરીએ.' મીટરગેજના લાંબા લાંબા ૧૮ ડબ્બા હતા. પ્રદક્ષિણા ઘણી મોટી થઈ. દોઢ પરકમ્મા પછી સ્વામીશ્રી ટ્રેનને દંડવત્ કરવા લાગ્યા.

જશભાઈ કહે : 'બાપા ! દંડવત્ કોને કરો છો ?'

સ્વામીશ્રી કહે : 'હરિભક્તોને દંડવત્ કરું છું.'

'તે તો એકેય નથી. બધા આશ્રમ જોવા ગયા છે.'

સ્વામીશ્રીએ તરત જ કહ્યું : 'હરિભક્તોનો સામાન તો છે ને !' જોડના સાધુ તથા બન્ને યુવકો મહિમાની આ પરાકાષ્ઠા નિહાળતાં સ્તબ્ધ બની ગયા !

અહીં નારિયેળીનાં ઘણાં બધાં વૃક્ષો જોઈ સ્વામીશ્રીએ પૂછ્યું : 'આ શેનાં ઝાડ છે ?'

'બાપા ! નારિયેળી છે.' જશભાઈએ કહ્યું.

'અહોહો, આટલાં બધાં ! આપણને સાધુને ભેટ ન આપે ?'

'આપે ને !'

સ્વામીશ્રીએ તેમને લેવા મોકલ્યા ને કહે : 'જાવ, કહેજો કે સાધુ આવ્યા છે, તે આપો.'

જશભાઈએ જઈને નારિયેળ ખરીદ્યાં અને સ્વામીશ્રીને ચરણે મૂક્યાં. સ્વામીશ્રી કહે : 'હું કહેતો હતો ને કે આપણને આપશે, તો આપ્યાં ને ? સાધુનો મહિમા સમજે.'

જશભાઈ મરજી સમજનારા, હોશિયાર બહુ. તે કહે : 'હા બાપા ! એ તો કહેતો હતો કે હજુ પણ બીજાં જોઈતાં હોય તો કહેજો.' જશભાઈ સ્વામીશ્રીનાં વેણમાં ભળી ગયા, પણ ખરીદીને લાવ્યા હતા તે વાત ન કહી.

સ્વામીશ્રીનું વચન અધ્ધર ઝીલી જશભાઈએ સ્વામીશ્રીને રાજી કરી લીધા.

તીર્થકો નયા રૂપ દીજિયે

અહીંથી તા. ૩-૧-'૫૭, સેતુબંધ રામેશ્વર જવાનું હતું, પણ કાર્યક્રમ પ્રમાણે પહોંચાયું નહિ. લગભગ બપોરે બે વાગે પહોંચ્યા. એટલે સૌને લાગ્યું કે હવે સભા નહિ થાય, પરંતુ સ્વામીશ્રીને તો એક દિવસ ચિદમ્બરમ્માં કથાની ખોટ થઈ એટલે અહીં થોડી પણ કથા તો કરવી જ એવો અભિપ્રાય, એટલે તુરત સભાની વ્યવસ્થા કરી દીધી.

સ્વામીશ્રી પોતે ગ.પ્ર. ૫૪મું વચનામૃત મોઢે બોલ્યા અને વાત કરી કે 'આ વચનામૃત સ્વામીએ પાંચ વખત વંચાવ્યું અને પછી કહ્યું કે 'અહો ! આમાં તો મહારાજે મોક્ષનું દ્વાર જ બતાવી દીધું. આ વચનામૃત જેને નહિ સમજાય તેનાં કરમ ફૂટ્યાં જાણવાં.' આ લોકમાં હજારો પ્રકારનાં ઐશ્વર્ય અને પ્રતાપવાળા છે, તોપણ અપમાન સહન કરે, તિરસ્કાર સહન કરે, એ અતિ મોટા જાણવા.

સમર્થ થકા જરણા કરે તે જ મોટા.

'અને એ સમર્થ તો કેવા છે ? કે બ્રહ્માંડના જીવોને ચાલવાની, કામ કરવાની વગેરે શક્તિ ભગવાનના પ્રતાપે કરીને, પોતે આપે છે; છતાં નાડી-પ્રાણ બંધ કરી દેતા નથી, અને તુચ્છ જીવનું માન-અપમાન સહન કરે છે અને તેનું રાખે છે. એ ઉપર ગ.પ્ર. ૨૭મું વચનામૃત વાંચવું અને સૌએ વિચારવું.'

એટલી વાત કરીને સૌને દર્શને જવાની આજ્ઞા કરી.

અહીં લક્ષ્મણ-તીર્થનાં દર્શન કરી સ્વામીશ્રી રામેશ્વર મંદિરમાં પધાર્યા. મંદિરના પૂજારી સાથે હતા, એટલે વિધિપૂર્વક સર્વ સ્થળોએ દર્શન કરાવ્યાં. અહીં પ્રદક્ષિણામાં કેટલાંક તીર્થના કુંડ છે. પૂજારીની વિનંતીથી આ તીર્થકુંડમાં સ્વામીશ્રીના વરદ હસ્તે જળ રેડવાનો વિધિ થયો. તીર્થોને તીર્થત્વ સત્પુરુષ જ આપે છે, એવું માહાત્મ્ય સમજતા પૂજારીએ કહ્યું : 'આપ યે તીર્થોમેં જલ ડાલકર નયા રૂપ દીજિયે.' બ્રહ્મહત્યા-વિમોચનતીર્થ, સૂર્યતીર્થ, ચંદ્રતીર્થ, ગંગાતીર્થ, યમુનાતીર્થ, ગયાતીર્થ આ સર્વે કુંડોમાં સ્વામીશ્રીએ વિધિપૂર્વક જળ રેડ્યું અને પૂજારીની ઇચ્છા પૂરી કરી.

અહીં દર્શન કરી સ્વામીશ્રી સમુદ્રનાં દર્શન કરવા પધાર્યા. આ સમુદ્રમાં બે માસ સુધી મહારાજે સ્નાન કર્યું છે. તે પ્રસાદી-જળ શિરે ચઢાવી, બાજુમાં એક વૃક્ષ નીચે સભા કરી. સમુદ્ર-સ્નાન કરી રામેશ્વર મંદિરે જવાના રસ્તે સ્વામીશ્રીએ સ્મૃતિ કરી કે 'આ જ રસ્તે મહારાજ રોજ જતા-આવતા હશે.' એમ કહી અહો-ભાવમાં બોલ્યા કે 'આપણાં કેટલાં અહોભાગ્ય કે આ દિવ્ય સ્થાનનાં અને આ મહાપવિત્ર રસ્તાનાં, પ્રસાદીના સમુદ્રનાં આપણને દર્શન થયાં.'

ધનુષકોટીમાં પણ મહારાજનું સ્મરણ કરી, સૌએ સ્વામીશ્રી સાથે સમુદ્ર-સ્નાનનો લાભ લીધો.

ત્રણ ધામની યાત્રા પૂરી થઈ, હવે ઘર તરફ પ્રયાણ થયું છે - એમ માની, ફક્ત થોડા જ દિવસો સ્વામીશ્રી સાથે સમાગમમાં રહેવાનું છે, એટલે સભામાં સૌ તૈયાર થઈ ગયા. મદુરાના હરિભક્તો સ્વામીશ્રીનાં દર્શન માટે આવ્યા હતા અને આવી રીતે પ્લૅટફૉર્મ ઉપર સભા જોઈને આશ્ચર્ય પામ્યા કે આવું તો આગળની યાત્રામાં પણ જોયું નથી. સ્વામીશ્રીની વાતોથી તેમને બહુ જ આનંદ થયો.

આત્માની પરિપકવતા

અહીં મીનાક્ષી મંદિરમાં દર્શન કરી, સ્વામીશ્રી બોડી જવા નીકળ્યા.

બોડીમાં 'મેસર્સ માણેકચંદ ગાંધી એન્ડ સન્સ'ની પેઢી છે અને એલચીનો વેપાર છે. આ તરફ ડુંગરા ઉપર એલચીનો સારો પાક થાય છે. છોટુભાઈ શેઠ જેઓ અહીંની દુકાનનો કારભાર સંભાળતા, તેમને પોતાના દીકરાની માનતા પ્રસંગે ખાસ પધરામણી કરાવવાની ઇચ્છા હતી. સ્વામીશ્રીએ તેમનો અત્યંત ભાવ જોઈ બોડી જવાનું કબૂલ કર્યું.

૪૫ માઈલ મોટરમાં મુસાફરી કર્યા છતાં પણ સ્વામીશ્રી તો નવયુવાનને શરમાવે એવી તાજગી દેખાડતા હતા. અહીં પૂજન થયા પછી પ્રથમ વાત સ્વામીશ્રીએ કરી કે –

'ભગવાન અંધારામાં બેઠા હોય અને આપણે તેજે ભગવાનનાં દર્શન થાય, ત્યારે સમજવું કે એ તો એમનું જ કર્યું થાય છે. આમ, સમજે તો ઉપાસના સમજ્યા કહેવાય... સ્વરૂપનિષ્ઠા અને મહિમા એ વરને ઠેકાણે છે અને બીજાં સાધન સર્વે જાનને ઠેકાણે છે. સ્વરૂપનિષ્ઠાનું વચનામૃત ગ.મ. ૯ અને ગ.છે. ૩૮ એ બે વચનામૃત સમજાશે ત્યારે નિષ્ઠા દૃઢ થશે. સ્વરૂપનિષ્ઠા અને આશરો દૃઢ રાખવો.

'આશરાનું વચનામૃત વર. ૫. અર્જુનને શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું કે તારા મનના માનેલા સર્વે ધર્મોને તું ત્યાગ કર. એ પ્રમાણે અર્જુન વર્ત્યા તો ભગવાનનો રાજીપો થયો. એમ ભગવાનની મરજી પ્રમાણે વર્તે તો ભગવાન રાજી થાય. આશરો એ જ ભક્તિ છે. આ જોગ થઈ ગયો એ મોટાં ભાગ્ય, નહિ તો લાખો વરસ તપ કરે તોપણ આ જોગ ન મળે. શ્રીજીમહારાજ આ દેશમાં ફર્યા હતા, પણ આટલું બાકી રહી ગયું હતું તે આજે પૂરું થયું.'

બોડીથી લગભગ સાડા અગિયાર વાગે નીકળ્યા. લગભગ એકાદ માઈલ ગયા એટલામાં સ્વામીશ્રી જે મોટરમાં બેઠા હતા તેની હોઝ પાઈપ તૂટવાથી સૌ મોટરમાંથી ઊતરી ગયા. સાથેની બીજી મોટરને નવી હોઝ પાઈપ લેવા બોડી મોકલી. સ્વામીશ્રી બીજી મોટરમાં બિરાજ્યા અને બીજા સૌ ગયેલી મોટરની આવવાની રાહ જોવા લાગ્યા.

એટલામાં હર્ષદભાઈએ મોટાસ્વામી પાસેથી ડાંગરના ખેતરમાંથી તોડેલું ડાંગરનું ડૂંડું લીધું અને શાળ ફોલીને જોયું તો અંદર ચોખો ન મળે. એટલે તેમણે સ્વામીશ્રીને પૂછ્યું કે 'આમ કેમ ? આમાં ચોખો નથી.'

ત્યારે સ્વામીશ્રીએ હસતાં હસતાં કહ્યું કે 'હજુ પરિપક્વ થયું નથી. આમાં હજુ દૂધ થશે. એ દૂધ જામી જાશે એટલે તેનો ચોખો થશે.'

વળી કહ્યું કે 'આ આત્મા-પરમાત્માના જ્ઞાનનું પણ એવું જ છે. જ્યાં સુધી અપરિપક્વ દશા હોય, ત્યાં સુધી દેહરૂપે જ વર્તાય. પણ જેમ જેમ ઉપાસના-ભક્તિ થતી જાય તેમ ભક્તિ-રસનું દૂધ જામે અને તે બ્રહ્મના સંગે પરિપક્વ થાય એટલે એ દૂધરૂપી એકરસ ચૈતન્યમાંથી ભગવાનની મૂર્તિ બંધાય, ત્યારે ખરું સુખ આવે.' આમ, આટલી નાની વાતમાંથી પણ સિદ્ધાંત-દર્શન કરાવી દીધું. એટલામાં મોટર આવી ગઈ અને હોઝ પાઇપ ગોઠવી સૌ મદુરા તરફ ચાલ્યા.

મદુરામાં ચીમનભાઈને ત્યાં બપોરે ઠાકોરજીને થાળ જમાડી, ૪-૦૦ વાગે સ્વામીશ્રી સંતો સાથે અહીંથી વૃષભાદ્રિ તીર્થનાં દર્શન કર્યાં. આ પ્રાચીન તીર્થમાં મહારાજ પધાર્યા હતા.

મદુરાથી તીનેવેલી જવાનો કાર્યક્રમ રદ થયો અને સૌ સીધા તાંજોર પહોંચ્યા. અહીં તો ખાસ કંઈ તીર્થધામ ન હતું, પરંતુ સ્વામીશ્રીએ તો જ્યાં મંદિર હોય ત્યાં દર્શને જવું જ એમ નક્કી કરેલું. એમ કરતાં જેને જેને સહેજે આ સંતવર્યનાં દર્શન થઈ જાય તો તેનું પણ કલ્યાણ થઈ જાય. સવારમાં સ્નાન-પૂજા આદિક ક્રિયાથી પરવારી સ્વામીશ્રી *'ધીર ધુરંધરા શૂર સાચા ખરા, મરણનો ભય તે મનમાં ન આણે...'* એ પ્રભાતી બોલ્યા. સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામીના આ સિંધુડા, પ્રભાતમાં જે હલકથી સ્વામીશ્રી ગાતા, તે સાંભળી ગમે તેવાને પણ વૈરાગ્યની ચટકી લાગે, અને સાચા સદ્‌ગુરુને સેવી, કામ-ક્રોધાદિક દોષથી નિવૃત્ત થઈ, મહારાજની અખંડ ભક્તિમાં જ નિમગ્ન થઈ જવાય.

પછી પોતે ગ.છે. ૭મું વચનામૃત મોઢે બોલ્યા અને વાત કરી કે 'આ વચનામૃતમાં મહારાજે ભગવાન ને ભગવાનના ભક્તને વિષે આત્મબુદ્ધિ રાખવાનું અને ભગવાનના ભક્તનો પક્ષ દૃઢ કરીને રાખવાનું કહ્યું; આત્મબુદ્ધિ અને પક્ષથી જ કામ-ક્રોધાદિક દોષની નિવૃત્તિ થઈ જાય એમ કહ્યું. રાજાભાઈને સંતને વિષે એવી આત્મબુદ્ધિ હતી. પોતે બહારગામ ગયા હતા અને પાછળથી સંતો આવ્યા તેમને ઘરવાળાએ બશેર લોટ ન દીધો. એટલે ઘરવખરી બધી વેચી-સાટીને મહારાજ પાસે આવ્યા અને મહારાજને કહ્યું કે મને સાધુ કરો. એમ સંસારનો ત્યાગ કર્યો. એવી આત્મબુદ્ધિ જ્યારે સંત સાથે થઈ જાય, ત્યારે દોષ પરાભવ ન કરી શકે અને સુખ આવે.'

અહીં સૌ પોતપોતાની રીતે સ્ટેશનની બહાર નીકળી ગયા એટલે સભા તો થઈ શકી નહિ, પણ સ્વામીશ્રીએ તો નિયમ પ્રમાણે ડબ્બામાં કથા કરી

લીધી. પછી પોતે પણ તૈયાર થઈને દર્શને નીકળ્યા.

બૃહદીશ્વર ભગવાનના મંદિરમાં દર્શન કર્યાં. દક્ષિણનાં દરેક મંદિરનાં દર્શન કરતાં સ્વામીશ્રી કહેતા : 'અહીં દરેક મંદિરમાં ભક્તનો કેટલો મહિમા છે ! વળી એક જ મોટા મંદિરમાં બીજાં પણ કેટલાંક મંદિરો. શિવકાંચી અને વિષ્ણુકાંચી સામે સામે જ, પણ લાખો ભક્તો મહિમા સમજી કેવાં દર્શન કરે છે ! કેવી મોટી ભાવના !'

મહારાજે જ્યાં જ્યાં વિચરણ કર્યું છે, ત્યાં સર્વ સ્થળે આવાં ભવ્ય મંદિરો થવાં જોઈએ, તો જ પુરુષોત્તમ નારાયણનો મહિમા સર્વત્ર પ્રવર્ત્યો કહેવાય. એવો કાંઈક ભાવ એમના ઉદ્‌ગારોમાંથી ફલિત થતો જણાતો હતો.

પ્રકૃતિ પરિવર્તનના પ્રયોગમાં ગુરુનો સહારો

રાત્રે તાંજોરથી ગાડી ઊપડવાના સમયે યુવક મંડળ સ્વામીશ્રીના ડબ્બામાં દાખલ થયું. તે વખતે સ્વામીશ્રીએ સૌનાં મન પકડી વાત કરી કે –

'આપણે અક્ષરધામમાં જવું છે' એવા સંકલ્પ થાય છે, પણ અક્ષરધામમાં રહેવાય એવા સ્વભાવ કરવા. મહારાજના મોટા એકાંતિક મુક્ત અહીં છે, તેના તે જ ત્યાં છે. અહીં જો તેમની સાથે રહેવા જેવા સ્વભાવ થશે, તો જ અક્ષરધામમાં અક્ષર મુક્તોની સભામાં બેસાશે, પણ અહીં જો સ્વભાવ રહેશે તો અક્ષરધામમાં બેસાશે નહિ. માટે મનનાં અને દેહનાં દુઃખને ગણવાં નહિ.

'શ્રીજીમહારાજે કા. ૧૦માં કહ્યું છે કે 'ભગવાનને પ્રસન્ન કરવાને અર્થે નારદજીએ કેટલાક યુગપર્યંત ટાઢ-તડકાને તથા ભૂખ-તરસને સહન કરીને મહા-તપ કર્યું અને તે તપ કરીને ભગવાનને રાજી કર્યા. એવી રીતે જે વિવેકી હોય, તે તો જાણીને પોતાનાં દેહ-ઇન્દ્રિયોને દમીને તપ કરે છે. માટે ભગવાનની ઇચ્છાએ કરીને જો કાંઈ દુઃખ આવી પડે, તો તેને ટાળવાને ભગવાનનો ભક્ત હોય તે શીદ ઇચ્છે ? એમ સહન કરવાનો સ્વભાવ હોય તો અક્ષરધામમાં બેસાશે.'

એટલી વાત કરીને પછી પોતે કહ્યું કે 'આજે તો બહુ ફર્યા એટલે થાક લાગ્યો છે, માટે હવે સૂઈ જવું છે.' એમ કહીને બાલમુકુંદ સ્વામીએ પથારી તૈયાર કરી હતી તે ઉપર બેઠા અને પોઢવાની તૈયારી કરી. સૌ યુવકો ગાડી ઊભી રહી, એટલે આનંદ પામતા પોતાના ડબ્બામાં પહોંચી ગયા.

પણ આજનો પ્રસંગ જુદો હતો.

સ્પેશિયલ ટ્રેનમાં સેવા કરતા યુવકોને કેટલાક હરિભક્તો ગણકારતા નહિ

અને અપમાન કરતા. તેમજ કોઈ કોઈ વાર જાહેરમાં એકદમ ઉતારી પાડતા. તેથી યુવકોએ બે-ત્રણ વખત મનમાં વિચારેલું કે 'આપણે ઘરે જતા રહેવું. સ્વામીશ્રીનો લાભ તો મળતો નથી. સેવા કરીએ તોપણ કાર્યકર્તાઓ આપણને વઢ્યા જ કરે છે કે તમે તો ફર્યા જ કરો છો.'

સ્વામીશ્રી ક્યારેક સમય મળે ત્યારે આ યુવકોને પોતાના ડબ્બામાં બોલાવીને વાતો કરતા અને યુવકો બળમાં આવી જતા. આમ છતાં આજે તો યુવકોની સહન-શક્તિની હદ આવી ગઈ હતી, તેથી બધા બિસ્ત્રા-પોટલાં બાંધી સ્વામીશ્રીની રજા લેવા જ આવ્યા હતા.

સ્વામીશ્રીએ જાણે તૈયારી કરી રાખી હોય તેમ ઊભા થઈને યુવકોને પ્રેમપૂર્વક આવકાર આપ્યો. બધાને ભેટ્યા, થાપો આપ્યો અને બેઠા. પછી ઉપર પ્રમાણે ઘણી બળની વાતો કરી અને કહે : 'તમે બધા ખરેખરા યુવકો છો, એકાંતિક છો, આવો ભીડો કોઈ વેઠી ન શકે. કેટલું અપમાન થાય તે હું જાણું છું. આવું કોઈ સહન ન કરી શકે. તમે બધાએ મને ખૂબ ટેકો આપ્યો છે.'

સ્વામીશ્રીએ યુવકોની ઘણી ઘણી પ્રશંસા કરી. યુવકો સૌ ટાઢા જ પડી ગયા. સૌની આંખોમાં સ્વામીશ્રીનો પોતાના પ્રતિ પ્રેમભાવ જોઈને આંસુ આવી ગયાં.

યુવકોએ પોતાના ડબ્બામાં જઈ બિસ્ત્રા-પોટલાં છોડી નાખ્યાં અને નક્કી જ કરી લીધું કે હવે ગમે તેવું અપમાન થાય તોપણ જવાનો સંકલ્પ કરવો જ નથી. સ્વામીશ્રીની આજ્ઞા પ્રમાણે જ વર્તવું છે, એમને ઓશિયાળા કરવા નથી; મનધાર્યું કરવું જ નથી.

ત્યારપછી કોઈ પ્રશ્ન આ યાત્રા-ટ્રેનમાં ઉપસ્થિત થયો ન હતો અને સ્વામીશ્રીએ પણ સૌને વિશેષ ને વિશેષ સુખ આપ્યું. હર્ષદભાઈ દવે પણ સૌ યુવકોને બળભરી વાતો કરી, સ્વામીશ્રીની રુચિ પ્રમાણે સેવાથી રાજી કરી લેવાનો ઉપદેશ કરતા.

ત્રિચિનાપલ્લી, તા. ૯-૧-'૫૭. શ્રીજીમહારાજની પ્રસાદીનું આ ધામ શ્રીરંગક્ષેત્ર, જ્યાં મહારાજ પધાર્યા હતા અને જ્યાં રામાનંદ સ્વામીને રામાનુજાચાર્યે સ્વપ્નમાં ભાગવતી દીક્ષા આપી હતી, તે ધામનાં દર્શન માટે સૌ ઉત્સુક હતા. વળી, અહીં રહેતા ગુજરાતી હરિભક્તો પણ દર્શને આવ્યા હતા. તેમને સ્વામીશ્રીની પધરામણી કરાવવી હતી. એટલે સૌ ઉતાવળમાં હતા. પરંતુ સ્વામીશ્રી તો બીજાની ઉતાવળ જોઈ પોતે સ્વસ્થતા રાખતા અને બીજા ક્યાં સુધી મનની ખોટી ઉતાવળને રોકી શકે છે, એ જોતા. આવી રીતે પણ

સત્પુરુષના પ્રસંગમાં મનની અવળાઈ ટળી જાય છે. સ્વામીશ્રીએ સભા કરવાની આજ્ઞા કરી અને પોતે ગ.છે. ૩૮મું વચનામૃત બોલ્યા અને વાત કરી કે 'આવી રીતની સર્વોપરી દૃઢ નિષ્ઠા સહિતની જો શ્રીજીમહારાજની ઉપાસના હોય તો જ બ્રહ્મરૂપ થવાય.' તે ઉપર વાત બોલ્યા કે 'મહારાજને પુરુષોત્તમ જાણ્યા વિના અક્ષર-ધામમાં જવાય નહિ અને બ્રહ્મરૂપ થયા વિના મહારાજની સેવામાં રહેવાય નહિ. ત્યારે શિવલાલભાઈએ પૂછ્યું : 'બ્રહ્મરૂપ કેમ થવાય ?' આજે તો સત્સંગમાં બધા એમ માને છે કે આપણે જાતે બ્રહ્મરૂપ થઈ જઈશું, અક્ષરનું કાંઈ કામ નથી; પણ બ્રહ્મને સંગે જ બ્રહ્મ થવાશે. આ સાધુને બ્રહ્મરૂપ જાણીને, મન-કર્મ-વચને જો સંગ કરીએ, તો અંતરાય ન રહે અને બ્રહ્મના ગુણ આવે; પણ સંગ તો કરવાનો કહ્યો જ. તે તો આપણે કરવાનો છે. બ્રહ્મરૂપ જાણતા હોઈએ, પણ સંગ ન થાય તો બ્રહ્મરૂપ નહિ થવાય.

'સંગ પણ જોઈને કરવો. સાચા સંત તો ધન્વંતર વૈદ્ય જેવા છે. તે જેવો રોગી હોય તેવી દવા આપે છે અને રોગ ટાળી નાખે છે. એટલા માટે કથા-વાર્તાથી અંગ બદલી નાખવું, તો શાંત સ્વભાવ થઈ જશે.

'યોગેશ્વરદાસ સ્વામી એક ગામમાં જતા હતા, ત્યાં કૂતરો તેમને જોઈને ભસ્યો. એટલે એક સાધુએ હાથમાં પથરો લીધો. ત્યારે સ્વામી બોલ્યા કે 'કૂતરાને જો આપણી સાથે પૂર્વનું વેર હશે તો જરૂર કરડશે અને જો વેર નહિ હોય તો નહિ કરડે, પણ જો પથરો મારશું તો નવું વેર બંધાશે. માટે પથરો મારીને નવું વેર ન બાંધવું.' એમ સંતોના સંગે તો અનેક દોષો સમજણ આવવાથી ટળી જાય છે.

'ભગવાનના મોટા સંતના સમાગમમાં રહીએ, પણ એ સંતમાં નિર્દોષ-બુદ્ધિ ન હોય તો સંગ કર્યો ન કહેવાય. આવા મોટા સંતમાં નિર્દોષબુદ્ધિ એ જ સાચો સંગ છે. આપણે તો સૌનો એવો મહિમા સમજવો કે *'તુલસી જાકે મુખનસે ભૂલે નિકસે રામ'* એવો મહિમા દરેકનો સમજવો. કમઢિયાના કાયાભાઈ ગઢડાના કૂતરાને પણ દંડવત્ કરતા. આપણે સૌ અહીં જાત્રામાં આવ્યા અને અનેક અગવડ વેઠી, તો સ્વભાવ ઘસાઈ ગયા. માટે સ્વભાવ ઘસાવા ઉપર જ તાન રાખવું. મોટપ તેમાં છે.

'સર્વગુણ-સંપન્ન હોય, અને કોઈ તુંકારા કરે અને છતાં ખમે, એ જ મોટપ. પણ આંખો કાઢીને કોઈને બીવરાવતો હોય અને પોતાને મોટો કહેવરાવે, એ મોટાઈ છે જ નહિ. શિવલાલભાઈ આવા મોટા હતા પણ ભોંય-પથારીએ સૂઈ રહેતા અને દાળ-રોટલા ખાઈ લેતા, તો સ્વામીની દૃષ્ટિમાં આવી

ગયા અને સ્વામી 'શિવલાલ, શિવલાલ' ભજન કરતા.

'મહારાજે કહ્યું છે કે 'આપત્કાળ આવે તો લીલા તૃણને દંડવત્ કરજો, તેમાં રહીને પણ હું તમારી રક્ષા કરીશ.' ત્યારે જો લીલા તૃણમાં ભગવાન રહે તો સંત કે ભગવાનના ભક્તમાં તો ભગવાન હોય જ, પણ એવો ભાવ થવો જોઈએ. એવા ભગવાનના સંતનો સંગ કરવાનો આજે અવસર મળ્યો છે, તો ગ.પ્ર. ૬૨મું વચનામૃત સિદ્ધ કરી લેવું. સંગ શુદ્ધભાવે કર્યો હશે તો જ ગુણ આવશે.'

એટલી બ્રહ્મરસની વાતોનો મેઘ વર્ષાવીને પોતાની મૂર્તિમાં સૌને લીન કરી નાખ્યા, અને જ્યારે પોતે 'શ્રીપતિમ્' કર્યું ત્યારે જ સૌને ત્રિચિનાપલ્લી સ્ટેશનના પ્લૅટફૉર્મમાં બેઠા છીએ એવું લાગ્યું. આમ, બ્રહ્મરૂપ થવાની અને સાધુને ઓળખવાની સર્વોપરી વાતો કરી, સર્વનાં અંતઃકરણ ઠારી દીધાં.

પછી સ્વામીશ્રી સાથે શ્રીરંગક્ષેત્રમાં શ્રીરંગનાં દર્શન કરવા ગયા અને ત્યાં દર્શન કરી જંબુકેશ્વરના મંદિરમાં દર્શન કરવા ગયા. શ્રીરંગનું મંદિર અને જંબુકેશ્વર મંદિર દક્ષિણની પદ્ધતિએ બાંધેલ, ખૂબ જ આકર્ષક અને વિશાળ છે; જે જોતાં કોઈની પણ દૃષ્ટિ ખેંચાયા વિના ન રહે. આથી જ્યારે જંબુકેશ્વરના મંદિરમાં દર્શન કરી બહાર નીકળવા માટે સભામંડપ પાસેથી પસાર થયા, ત્યારે બધાની વૃત્તિ જે આ મંદિરમાં ખેંચાઈ ગઈ હતી, તે જોઈ પોતે એક સ્થાને જાણે થાકી ગયા છે એમ કહી બેઠા અને વાત કરવાનું નિમિત્ત કાઢ્યું. એ દરમ્યાન એક ભાઈ મોટરને પાસેના દરવાજે લઈ આવવા માટે ગયા. મોટરો આવે ત્યાં સુધી સ્વામીશ્રીએ જીવની વૃત્તિને કેવળ ભગવાનની મૂર્તિમાં જ રાખવાની ઘણી વાતો કરી અને બોલ્યા :

'અમે જે જે આજ્ઞા આપીએ છીએ તેમાં મહારાજની મૂર્તિ આપીએ છીએ, પણ જેને જ્ઞાન નહીં તેને એ વાત સમજાય નહીં. ને મહારાજનો અને મોટા સાધુનો એ જ સિદ્ધાંત છે. મહારાજને તો પોતાની મૂર્તિનું જ સુખ દેવું છે, પણ ઐશ્વર્યનું સુખ આપવું નથી, કેમ જે, જીવ ઐશ્વર્યાર્થી થઈ જાય. તેમજ મોટા સાધુનો પણ એ જ મત છે જે, મહારાજની મૂર્તિને વિષે જ જોડવા છે, પણ વિષયને વિષે કે દેહને વિષે જોડવા નથી. તે માટે જેને ભગવન્નિષ્ઠ થવું હોય, તેને મહારાજની મૂર્તિ વિના બીજું કાંઈ સુખ ઇચ્છવું નહિ, એ સિદ્ધાંત વાત છે.'

આટલી વાત કરીને ઊઠ્યા, ત્યાં મોટર પણ બાજુના દરવાજે આવી ગઈ એટલે સૌ મોટરમાં બેસી પધરામણીએ ગયા.

આ મંદિરના વિશાળ પ્રાંગણમાં રામાનુજાચાર્યનું મંદિર છે. એમાં એમની

મૂર્તિ પધરાવી છે. અહીં આવ્યા ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'આ જગ્યાએ રામાનુજાચાર્યે સ્વપ્નમાં રામાનંદ સ્વામીને ભાગવતી દીક્ષા આપી હતી.' એમ કહી ઐતિહાસિક સત્યતાને સમર્થન આપી, સંપ્રદાયની પરંપરાની પ્રણાલીનો મહિમા વધાર્યો.

બેંગ્લોર, તા. ૧૦-૧-'૫૭. ગાડી ધાર્યા કરતાં ઘણી જ મોડી આવી. બેંગ્લોરના હરિભક્તો પ્રાગજીભાઈ, પ્રભુદાસ, વિઠ્ઠલભાઈ, દાદાભાઈ વગેરે સાથે મુંબઈથી પ્રતાપસિંહ ઇનામદાર, બાલુભાઈ ત્રિવેદી વગેરે પણ સ્ટેશન ઉપર સ્વાગત માટે તૈયાર હતા. સ્વામીશ્રી તથા સંતોને ફૂલહાર કરી, પ્લૅટફૉર્મ ઉપર જ સભા ગોઠવી. પાશ્ચાત્ય ઢબ અને શિસ્તમાં માનનારા કેટલાકને આ ન ગમ્યું, પરંતુ સ્વામીશ્રીનું કાર્ય તો ગમતું મુકાવવાનું અને જગતનું અસ્તિત્વ આપણી દૃષ્ટિએ નથી જ, એ જ સમજાવવાનું હતું. એટલે સભામાં વાત કરી : 'મોટા-પુરુષને સેવ્યા કેમ કહેવાય ? મોટાપુરુષમાં નિર્દોષબુદ્ધિ રહે. આપણે બધા ભેગા રહ્યા છીએ પણ સેવ્યા નથી, સેવ્યા હોય તો અંતરાય નીકળી જ જાય. અને અંતરાય ટળ્યો એટલે ગુણ આવ્યા વિના ન રહે. મોટાપુરુષ તો કેવા છે ? તો જો કોઈ સાચો થઈને મન અર્પે તો કસર રહેવા દે નહિ.

'મન આપ્યું કેમ કહેવાય ? ગ.પ્ર. ૩૭માં લખ્યા પ્રમાણે, જ્યારે એવાને કહેતાં બીક ન લાગે ત્યારે જાણવું કે મન સોંપ્યું છે.

'એક વખત જનક રાજાએ પોતાના ગુરુ અષ્ટાવક્રને કહ્યું : 'હું તમને મારું રાજ્ય અર્પણ કરી દઉં છું.' ગુરુ કહે : 'તેં આ નિર્ણય શેણે કરીને કર્યો ?' જનકે કહ્યું : 'મનથી.' ગુરુ કહે : 'મારે રાજ જોઈતું નથી. જેના વડે તું મને રાજ્ય અર્પણ કરવાનો સંકલ્પ કરે છે, તે તારું મન મને આપી દે.' જનકે કહ્યું : 'ભલે, મન આપ્યું.'

'થોડી વારે જનક ઊઠ્યા. ગુરુ કહે : 'જનક ! કેમ ઊઠ્યો ? ઊઠવાનો સંકલ્પ કરનાર તો મન છે, અને મન તો તેં મને આપી દીધું છે.' જનક તરત જ બેસી ગયા. ગુરુ પણ પ્રસન્ન થયા ને કહ્યું : 'જા તું વિદેહી.'

'દાદાખાચરે મહારાજને તન, મન, ધન આપ્યું તે વિદેહી.

'શ્રીજીમહારાજે ગ.મ. ૪૫માં કહ્યું છે કે તમે સર્વે મારા કહેવાઓ છો, તો મારે તમારામાં કસર રહેવા દેવી નથી. એટલે ભગવાન અને સંતને તો નિરંતર એમ જ રહ્યા કરે છે કે પોતાના આશ્રિતમાં કોઈ પ્રકારની કસર રહેવા ન દેવી, પણ આપણે વર્તવાનો અભ્યાસ રાખવો જોઈએ.' આ પ્રમાણે ઘણી વાતો કરી.

વૃંદાવન ગાર્ડનમાં કલ્યાણની ફોરમ

તા. ૧૧ ને ૧૨ સ્વામીશ્રી ટીપટુર ગયા હતા. અત્રેના હરિભક્તોનો અપાર પ્રેમ ને આગ્રહ, એટલે સ્વામીશ્રીને ખાસ તેડવા હિંમતભાઈ દોશી તથા હરજીવનભાઈ આવ્યા હતા. મુંબઈથી આવેલા ઈનામદાર સાહેબ પણ સાથે હતા, એટલે ટીપટુરમાં તા. ૧૧ની રાત્રે અને તા. ૧૨ની સવારના લગભગ ૧૨-૦૦ સુધી રોકાવાનું થયું. સૌરાષ્ટ્રમાંથી આવી અત્રે વસેલા પ્રેમભીના હરિભક્તોને સત્સંગનું સુખ આપી, તા. ૧૨મીએ મૈસુર જવા નીકળ્યા અને સાંજે લગભગ ૯-૦૦ વાગે મૈસુર પહોંચ્યા. રસ્તામાં મોટરને ભયકર અકસ્માત નડ્યો હતો, પણ કેવળ સ્વામીશ્રીની કૃપાથી જ સૌ બચી ગયા હતા.

મૈસુરમાં 'વૃંદાવન ગાર્ડન' જોવા પધાર્યા અને તે બાગની શોભા તથા રંગીન ઝરામાંથી આવતું પાણી જોઈને ઘણા જ રાજી થયા અને બોલ્યા : 'અહો ! આ તો અક્ષરધામની શોભા ખડી કરી દીધી છે.'

પછી પોતે ઠાકોરજીને ત્યાંના સ્વચ્છ પાણીમાં સ્નાન કરાવ્યું, એટલે તે પાણી પ્રસાદીનું થયું. પછી બોલ્યા :

'શ્રીજીમહારાજ આવા સુંદર નદી-તળાવના કાંઠા હોય તેવી જગા શોધી બેસતા અને પછી સંકલ્પ કરતા કે અહીં આવીને બેસે તેનું કલ્યાણ. જેમ અડાલજની વાવે ગયા ત્યારે વાવ કરનાર તથા તેને માટે પથ્થર, ચૂનો આદિ માલ લાવનાર, વળી તેમાં જે જીવ-જંતુ હોય તે સર્વનું કલ્યાણ કર્યું.

'તેમ આપણે અહીં સંકલ્પ કરો કે આ બગીચો બનાવનાર, અહીં જોવા આવનાર, અહીંના માળી વગેરે સર્વેનું કલ્યાણ થાય !'

મોટાપુરુષની તો દૃષ્ટિ જ વિશાળ અને સર્વનું કલ્યાણ કરવા જ પોતે જન્મ ધર્યો હોય, એટલે તેમનાં કર્મને સુસંગત એવો આ સંકલ્પ સાંભળીને સૌએ પાંચ મિનિટ ધૂન કરી. પછી સૌ મૈસુર સ્ટેશને રાત્રે ૧૦-૦૦ વાગે આવ્યા.

મૈસુરથી રાત્રે નીકળી તા. ૧૩મીએ સવારના બેંગ્લોર આવ્યા. અહીંથી બપોરે બે વાગે નીકળવાનું હતું. વળી અહીં તા. ૧૦મીએ આવ્યા ત્યારે દોઢ દિવસ રોકાવાનું હતું. કોઈને ખાસ ફરવા જવાની ઉતાવળ ન હતી, તેથી સભા સારી થઈ.

સભામાં ગ.પ્ર. ૬૭મું વચનામૃત વાંચીને વાત કરી કે 'મોટાપુરુષના ગુણ મુમુક્ષુમાં આવવાનો જે ઉપાય મુક્તાનંદ સ્વામીએ બતાવ્યો, તે ઉપરાંત બીજો મોટો ઉપાય બતાવતાં મહારાજે કહ્યું કે મુક્તાનંદ સ્વામીએ ઉત્તર તો કર્યો પણ

તેમાં પરિતાપ શબ્દ ન આવ્યો. માટે જ્યાં સુધી મુમુક્ષુના હૈયામાં પોતાના દોષનો પરિતાપ ન થાય અને મોટાપુરુષના ગુણનું મનન ન થાય, ત્યાં સુધી મોટાપુરુષ જેવા ગુણ મુમુક્ષુમાં આવે જ નહિ.

'પરિતાપ છે એ બહુ જ મોટું સાધન છે. 'ભગવાન ને ભગવાનના ભક્ત આગળ પોતે અત્યંત ન્યૂન છે' એમ સમજીને, ભગવાન કે મોટાપુરુષના ગુણ ગાઈએ, તો સર્વે ગુણ આવે. પોતાને વિષે ન્યૂનતા, દાસત્વ અને મોટાપુરુષનો મહિમા, આટલાં વાનાં હોય તો ગુણ આવે જ.

'જ્યાં સુધી માન છે, ત્યાં સુધી વૈરાગ્ય આવતો નથી અને એકાંતિકપણું પણ સિદ્ધ થતું નથી, એટલે મોટાપુરુષના ગુણ ક્યાંથી આવે ? મગ્નિરામને મહારાજે સાધુ કર્યો, પણ તેની જટા ઉતરાવી સાધુના પગમાં નંખાવી અને માથે સાધુના જોડા ઉપડાવ્યા. એવું તેનું માનખંડન કર્યું, પણ તે ખપવાળો અને દૈવી જીવ હતો તો કર્યું. માટે નિર્માનીપણે વર્તવાનો અભ્યાસ રાખવો. જ્યાં સુધી માન છે, ત્યાં સુધી ગુણ આવશે જ નહિ.

'શ્રીજીમહારાજને જૂનાગઢમાં હાટકેશ મંદિરમાં ૧૮ વખત જમતાં ઉઠાડ્યા, પણ મહારાજે એ સહન કરી નિર્માની થઈને જમી લીધું. તો આપણે હાટકેશ પ્રસાદીના સ્થાનમાં જઈ દર્શન કરીએ છીએ અને મહારાજના એ ગુણ સંભારીએ છીએ. માટે નિર્માનીપણું આવશે તો જ સત્પુરુષ પારસો મેલશે.

'સેવાથી દેહને ઘસી નાખવો, કહે તેમ કરવું. વર્તનમાં આવવું જોઈએ. સમ્યક્ પ્રકારે સત્પુરુષનો સમાગમ થાય, તો મનુષ્યભાવ આવે જ નહિ. અને એવો સમાગમ થયો હોય તો સત્પુરુષના સંબંધવાળાનો પણ મહિમા સમજાય.'

પછી ગ.પ્ર. ૭૬મું વચનામૃત બોલ્યા અને વાત કરી કે 'હઠ, માન અને ઈર્ષ્યા એ ત્રણ તો મૂકવાં જ. મનગમતું મુકાવે એ ભીડો. એવો ભીડો વેઠવો. સંતના દાસાનુદાસ થઈ રહેવું, એ જ ભક્ત. સંતની સેવા એ મહારાજની સેવા છે.'

'સંત માનજો મારી મૂરતિ રે, તેમાં ફેર નથી એક રતિ રે,
સંત હું ને વળી હું તે સંત રે, એમ શ્રીમુખે કહે ભગવંત રે.'

આજે રાત્રે ડબ્બામાં યુવક મંડળને બોલાવીને વાત કરી કે –

'સેવા તમે કરો છો, પણ જ્ઞાન શીખ્યા વિના સેવા કરી હોય તે જમે થાય નહિ. તો જ્ઞાન એટલે શું ? કે આપણને મહારાજના સંબંધવાળા સત્પુરુષ મળ્યા છે અને તેમના સંબંધવાળા આ બધા હરિભક્તો છે, એમ મહિમા સમજવો. એ જ્ઞાન છે. અને એમ સમજીને સેવા કરીએ, તો મહારાજ જમે કરે છે.

'વળી એમ સમજીને દેહ અને આત્મા જુદા માનવા, એ જ્ઞાનને અમલમાં મૂક્યા બરોબર છે. આ દેહને અને જીવને સૂંઢલ છે, એટલે દેહ સાથે આત્મબુદ્ધિ થઈ ગઈ છે. તે તોડવી અને સત્પુરુષ સાથે કરવી.' એમ કહી સૌને સૂવાની આજ્ઞા આપી.

રેણીગુંટા, તા. ૧૪-૧-'૫૭. અહીંથી બાલાજીનાં દર્શન કરવા જવાનું હતું; પરંતુ ઉત્તરાયણ પર્વ હતું એટલે સૌની ઇચ્છા સ્વામીશ્રી તથા સંતોની પૂજા કરી, ધોતિયાં ઓઢાડવાની હતી. એટલે પ્રથમ સભા કરી. સ્વામીશ્રીએ વાત કરી કે –

'આજ તો સંક્રાંત છે, મહાપવિત્ર પુણ્ય કરવાની પર્વણી છે. માટે આજ તો કથાવાર્તા સાંભળી ઠાકોરજીની પૂજા કરવી.

'શ્રીજીમહારાજે ઉત્તરાયણનો સમૈયો જેતલપુરમાં કર્યો અને બ્રાહ્મણોને ચોરાસી જમાડી. એમ ભેગા કરી કરીને પણ પોતાની મૂર્તિનું જ્ઞાન આપવાનો જ ઠરાવ. એમ આપણે અહીં આટલા દિવસ ભેગા રહ્યાનો અવસર આવ્યો, પણ તેમાંય જો જ્ઞાન લેવાનો ઠરાવ રાખ્યો હોત, તો સુખ ઘણું આવત. મોટાપુરુષના સંબંધથી જ અજ્ઞાન જાય.

'આ રાત-દિવસ ખાધા-પીધાના જ ઝઘડા. તેને લઈને આવા સુખના સમુદ્રરૂપ સત્સંગનું સુખ ન આવ્યું, એ જ અજ્ઞાન. મોટાપુરુષની દૃષ્ટિ તો જે સંસ્કારી હોય એવા ઉપર જ પડે છે. શ્રીજીમહારાજનો ઉત્તરમાં છપૈયામાં જન્મ, પણ છપૈયામાંથી પીપળા ઉપર ચડીને પશ્ચિમ તરફ દૃષ્ટિ કરી, કારણ કે ત્યાં ઘણા સંસ્કારી જીવ હતા. તો પશ્ચિમમાં સત્સંગ થયો. આ દેશમાં એવી દૃષ્ટિ પડી ન હતી, તો સત્સંગનું નામનિશાન નથી. પણ હવે આ સ્પેશિયલના જોગે દૃષ્ટિ પડી, તો સત્સંગ ઘણો જ થશે.'

'ગ.પ્ર. ૭૬ - હઠ, માન અને ઈર્ષ્યાનો ત્યાગ કરવાનું અને ભીડો વેઠવાનું વચનામૃત તથા ગ.મ. ૨૨ - નિશાનનું; આ બે વચનામૃત સિદ્ધ કરવાં. આપણે અક્ષરધામનું નિશાન લેવું છે. જાણે-અજાણે પણ આપણો ગુણ આવી જાય, તેનું પણ કામ થઈ જાય. માટે એવું વર્તન રાખવું. ભીડો વેઠવો, પણ ભીડો આપવો નહિ. મધ્ય-૨૨માં જીત કરવાનું લખ્યું. તે જીત કરવી એટલે મહારાજ અને સ્વામીની શુદ્ધ ઉપાસના સમજવી અને બીજાને સમજાવવી. આ દક્ષિણ ભારતમાં તો કેવળ ભક્તની જ ઉપાસના; કામાક્ષી, મીનાક્ષી આ બધા ભક્તો. જ્યારે આપણે ત્યાં ભક્ત સહિત ભગવાનની ઉપાસના છે, એ શ્રેષ્ઠ ભક્તિ છે. અને સો જન્મે કસર ટળવાની હોય, તો આવી શુદ્ધ ઉપાસનાથી એક જન્મે કસર

ટળી જાય છે.' એટલી વાત કરી, પછી સૌને પૂજા કરવાની આજ્ઞા કરી.

સૌને પ્રગટ ભગવાન અને સંત ઓળખાવજો

મદ્રાસથી રમણભાઈ કોટડિયા સ્વામીશ્રીને બાલાજીનાં દર્શન કરાવવા ખાસ આવી પહોંચ્યા હતા. એક દિવસ અગાઉથી આવી, મંદિરમાં એક બંગલો રાખી, સ્વામીશ્રીને માટે ઉતારાની વ્યવસ્થા કરી હતી. એમની મોટરમાં જ સૌ રેણીગુંટાથી બાલાજી આવી પહોંચ્યા.

અહીં પુષ્કરિણી સરોવરના પશ્ચિમ ભાગે વારાહ ભગવાનનું મંદિર છે. ત્યાં દર્શન કરીને પછી જ બાલાજી ભગવાનનાં દર્શન કરવાનો રિવાજ છે. મંદિરની બાજુમાં વડ નીચે મહારાજ બિરાજ્યા હતા, તે પ્રસાદી સ્થાનનાં દર્શન સ્વામીશ્રીએ સૌને કરાવ્યાં. પછી મુખ્ય અધિકારી અને પૂજારીની સાથે મંદિરમાં બાલાજી ભગવાનનાં દર્શન કરી સ્વામીશ્રીએ સંકલ્પ કર્યો કે 'અહીં આવતા હજારો યાત્રાળુઓ સત્સંગમાં જન્મ ધરે અને પ્રગટ ભગવાન પૂર્ણ પુરુષોત્તમ નારાયણ સહજાનંદ સ્વામી એમના સંબંધવાળા સંતના યોગમાં આવે.' આવો મહાન સંકલ્પ અનંત જીવો ઉપર અત્યંત કરુણાએ કરીને કર્યો.

પછી હસતાં હસતાં બાલાજી ભગવાનને પણ ભલામણ કરી કે 'અહીં બેઠા છો, અનેકને દર્શન આપો છો, તો હવે પ્રગટ ભગવાન અને પ્રગટ સંત સૌને ઓળખાવજો.'

મુખ્ય પૂજારીએ ભાવથી સ્વામીશ્રીને નિજમંદિરમાં લઈ જઈ દર્શન કરાવ્યાં અને પ્રસાદ આપ્યો.

તા. ૧૪મીએ રાત્રે રેણીગુંટાથી ઊપડ્યા. બીજે દિવસે સાંજે સોલાપુર પહોંચી જવાની ધારણા હતી, પરંતુ રાત્રે લગભગ બે વાગે ગાડી સોલાપુર પહોંચશે એમ જણાયું. તા. ૧૫મીએ આખો દિવસ કથાવાર્તાનો યોગ આવ્યો જ નહિ, એટલે રાત્રે પોતાના ડબ્બામાં યુવક મંડળને બોલાવીને પોતે વાતો કરી :

'ગોપાળાનંદ સ્વામીની વાતોમાં લખ્યું છે કે જાણપણું અખંડ રાખવું. તે જાણપણું એટલે શું ? સા. ૧૪ના વચનામૃતમાં જે પ્રમાદ અને મોહ કહ્યા છે તે જે ન રાખે, તો અખંડ જાણપણું રાખ્યું કહેવાય. પ્રમાદ એટલે કરવાનું ન કરે અને ન કરવાનું કરે. અને મોહ એટલે સત્યમાં અસત્યની ભાવના અને અસત્યમાં સત્યની ભાવના. એમ ન કરવાનું કરે તો જાણપણું ગયું કહેવાય. અને સત્યમાં અસત્યની ભ્રાંતિ પડે તોપણ જાણપણું ગયું કહેવાય. માટે ગાફેલ ન રહેવું.

'વળી વિચાર કરવો કે સત્પુરુષનો સમાગમ કરીએ છીએ પણ સાક્ષી કેમ ભેદાતો નથી ? જ્યાં સુધી સાક્ષી નથી ભેદાતો, ત્યાં સુધી હૈયામાં જ્ઞાન ઊતરતું નથી. જેમ ગોળ અને સાકર ઉપરથી ઓગળે, અને સોનું હોય તે અંદરથી ઓગળે; તેમ આપણું અંતઃકરણ જ્યારે અંદરથી ઓગળે, ત્યારે સોના જેવા થયા કહેવાઈએ. માટે સુવર્ણ જેવા થવું, જેથી અંતઃકરણ પીગળી જાય અને એકરસ થઈ જાય, પણ જો અંતરાય ન રાખીએ તો કામ થઈ જાય.

'ગોપાળ સ્વામી કહેતા કે 'શિક્ષાપત્રી'ને મીણિયા કપડામાં વીંટીને કૂવામાં રાખીએ તો પલળે નહિ; તેમ આપણું અંતઃકરણ ઓગળશે નહિ. એ આવરણ કાઢી નાખશું તો જ એકાંતિક ધર્મ સિદ્ધ થશે. એવી રીતે વર્તો તો જ અંતરમાં બળ આવશે.

'બળ પામવાનો ઉપાય ગ.મ. ૬૩માં કહ્યો છે : સેવાને વિષે અતિશય શ્રદ્ધા, સંતને વિષે પ્રીતિ અને માહાત્મ્યે યુક્ત નવધા ભક્તિ. આ ત્રણ દૃઢ કરીને રાખવાં અને શુદ્ધભાવે સત્સંગ કરવો. તે શુદ્ધભાવ એટલે, જે અક્ષરધામમાં મહારાજ બિરાજમાન છે, તે આજે આપણને સંત દ્વારા પ્રત્યક્ષ મળ્યા છે; એવી નિષ્ઠાએ સહિત સત્સંગ એ જ શુદ્ધભાવે સત્સંગ. તે થાય ત્યારે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ સિદ્ધ થઈ જાય. એવા એકાંતિક પુરુષ મળે તો જ એવો ધર્મ સિદ્ધ થાય. માટે ઓળખીને ભજન કરી લેવું.' એટલી વાત કરીને સૌને સૂવાની આજ્ઞા કરી.

ભક્તને ભાવથી પ્રતિભાવ

સોલાપુર, તા. ૧૬-૧-'૫૭, પોષ સુદ ૧૫. અહીંના હરિભક્તો આગલા દિવસથી જ સ્વામીશ્રીની રાહ જોતા હતા અને રાત્રે બે વાગે સ્વામીશ્રીનાં દર્શન પામ્યા.

સવારે સ્વામીશ્રી પૂજાપાઠ કરી પરવાર્યા. સ્વામીશ્રીની પધરામણી કરાવવાની તેમની ઘણી જ અધીરાઈ હતી. તેથી 'ચાલો જલદી પધરામણીમાં,' એમ ત્યાંના હરિભક્તો ઉતાવળ કરતા હતા. સ્ટેશનના એક ભાગમાં સભા ગોઠવવાની વ્યવસ્થા કરી દીધી, એટલે સભા સ્થાન તુરત જ ગોઠવાઈ ગયું અને રોજના નિયમ પ્રમાણે સભા થઈ. તે સમયે સ્વામીશ્રીએ વાત કરી :

'આજે તો મહાપુણ્યનો અતિ પવિત્ર દિવસ છે, કારણ કે આ જ તિથિએ સં. ૧૮૬૬માં અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીને મહારાજે ડભાણમાં દીક્ષા

આપી હતી. એવો અદ્‌ભુત સમૈયો આજે સોલાપુરમાં થાય છે. માટે આજ તો આપણને અલભ્ય લાભ મળ્યો છે, અને સત્સંગની ભરજુવાની છે. તે સત્સંગની ભરજુવાની એટલે સંત-હરિભક્તોમાં દિવ્યભાવ. સર્વોપરી અક્ષરે સહિત પુરુષોત્તમની નિષ્ઠા અને એ બે સ્વરૂપને ધરનાર પ્રગટ સંતનો જોગ એ સત્સંગની ભરજુવાની છે.

'માટે હવે આપણને ભગવાન અને સાધુ મળ્યા, તેથી હૈયામાં દુઃખ આવવા દેવું નહિ. તે હૈયાનું દુઃખ સંકલ્પ-વિકલ્પનું. તે દુઃખ કોઈનું મટતું નથી. પણ આવું સર્વોપરી સુખ જે અક્ષરધામની પ્રાપ્તિ, તેમાં જો દુઃખ રહેશે તો દુઃખ ટાળવાનું બીજે ક્યાં મળશે ?

'માટે બહુ જ મોટો લાભ થયો છે એમ જો મનાય, તો બીજું જોવા-સાંભળવાનું કાંઈ ન રહે; અને એમ મનાઈ જાય કે જે જોવાનું છે, પૂજવાનું છે, સેવા કરવાનું છે, તે તમારી ભેગું છે, માટે તેના સામું જોઈ રહેવું.

'પણ આ વાત સમજાય તેવી નથી. માટે સમજવાનું એટલું છે કે હાલ મહારાજ પ્રગટ છે, તેમજ જ્ઞાન આપે છે, નિયમ પળાવે છે અને ઉપદેશ આપે છે. એમ પ્રગટ બિરાજે છે. એમ સમજીએ તો બીજું કાંઈ કરવાનું રહેશે નહિ. ફક્ત એના થઈને એને જીવ સોંપી દેવો એટલું જ કરવાનું છે.'

એટલી વાત કરી, ત્યાં મોરારકા શેઠના સેક્રેટરી મિલમાં પધરામણી કરવા સારુ તેડવા આવ્યા, એટલે સંતોને લઈને પધરામણીએ પધાર્યા.

પધરામણીઓ પછી સ્વામીશ્રીએ વિઠ્ઠલભાઈને ઘેર ઠાકોરજી જમાડ્યા. નટુભાઈએ સ્વામીશ્રીનું પૂજન કર્યું. ત્યારે દૂરથી સ્વામીશ્રીનાં દર્શન કરતાં નટુભાઈનાં માતુશ્રીને આંખોમાં હર્ષનાં અશ્રુ વહેવા લાગ્યાં. વાત એમ બની હતી કે તેમને લકવાની અસર હતી અને પગ પણ માંડી શકાતો ન હતો, પરંતુ સ્વામીશ્રીનાં દર્શનની તેમને તીવ્ર ઇચ્છા. 'સ્વામિનારાયણ પ્રકાશ'માં સ્વામીશ્રીનો કાર્યક્રમ વાંચ્યો તે દિવસથી સ્વામીશ્રીનાં દર્શનની ઝંખના કરતાં અને પ્રાર્થના-સ્તુતિ કરતાં.

ટ્રેનનો રૂટ નક્કી થઈ ગયો હતો. સ્પેશિયલ ટ્રેન પંઢરપુર આવવાની હતી, પણ ત્યાંથી વીસ માઈલ દૂર સોલાપુર આવવાનો કાર્યક્રમ નહોતો. આથી નટુભાઈને તેમનાં માતુશ્રીએ, સ્વામીશ્રીનાં દર્શન અહીં થઈ જાય તેવી વ્યવસ્થા કરવા વારંવાર કહ્યું, પણ તે શક્ય જ ન હતુ.

એક સ્ત્રી-ભક્તના પવિત્ર હૃદયની દર્શનાભિલાષા અંતર્યામી પુરુષથી ક્યાં

અજાણ હતી ? એકાએક સ્વામીશ્રીએ વ્યવસ્થાપકોને કહ્યું કે ‘સોલાપુર મોરારકા શેઠની મિલ છે ત્યાં અમારે જવું છે, તો એક દિવસનો કાર્યક્રમ ગોઠવો.’

વ્યવસ્થાપકોએ કહ્યું : ‘બાપા ! રેલવેવાળા હવે ફેરફાર કરી આપશે નહિ.’

સ્વામીશ્રી કહે : ‘ગમે તેમ કરીને ગોઠવણ કરો.’

પછી પંઢરપુરનો એક દિવસ કાપી, સોલાપુર જવાનો નિર્ણય થયો. રેલવે બૉર્ડની મંજૂરી પણ આશ્ચર્યવત્ મળી ગઈ.

એ વખતે નટુભાઈના પિતાશ્રી મોરારકા શેઠની મિલમાં નોકરી કરતા. તેમને જાણ થઈ કે ટ્રેન નીકળી ગઈ છે અને સાંજે આઠ વાગે સોલાપુર આવશે.

સોલાપુરમાં નટુભાઈનું કુટુંબ જ સત્સંગી. તેથી સ્વામીશ્રી, સંતો તથા હરિભક્તોનો સંઘ આવે તે માટે સ્વાગત તેમજ સભા વગેરે વ્યવસ્થા માટે તેમણે ત્યાના અગ્રગણ્ય વૈષ્ણવોનો સંપર્ક સાધ્યો. બધાનો સાથ મળ્યો. નટુભાઈનાં માતુશ્રીના આનંદનો પાર ન રહ્યો.

ટ્રેન રાત્રે બે વાગે આવી. બધા જ આગેવાન વૈષ્ણવો ત્યાં સુધી રોકાયા ને સ્વામીશ્રીનું સ્વાગત કર્યું. મોરારકા શેઠ આવ્યા ન હતા, પરંતુ તેમના સેક્રેટરીને મોકલ્યા હતા અને તેમની મોટર સેવામાં આપી હતી.

બીજે દિવસે રસોઈનો પ્રશ્ન હતો. ગુજરાતી બ્રાહ્મણ રસોયા અહીં મળે નહિ અને સો-દોઢસો સંતો-હરિભક્તોનું રસોડું કરવાનું ! સીધું-સામગ્રી તૈયાર હતાં. એ મૂંઝવણ સ્વામીશ્રીએ ટાળી દીધી. સ્વામીશ્રીએ રસોઈ કરવા માટે સતોને મોકલ્યા.

રસોઈ બપોરે બાર વાગે તૈયાર થઈ ગઈ. સ્વામીશ્રી બધા વૈષ્ણવોને ઘરે પધરામણી કરીને એક વાગે આવી ગયા.

પંગત માટે મકાનની લોબી ઘણી મોટી હતી. સ્વામીશ્રી કહે : ‘આપણા પાટલા લોબીમાં નાંખો.’ નટુભાઈનાં માતુશ્રીની ઈચ્છા પૂરી થઈ. ઓરડામાં અંદર બેઠાં બેઠાં સ્વામીશ્રીનાં દર્શન થતાં જ એમના આનંદનો અવધિ ન રહ્યો.

સ્વામીશ્રીએ ચકલી માટે બ્રહ્માંડ બોળ્યું ! એક ભક્તની ભક્તિ-ભાવના પરિપૂર્ણ કરી.

બપોરે આરામ પછી થોડી પધરામણી કરી સ્વામીશ્રીએ વિદાય લીધી.

કુર્દુવાડી થઈ પંઢરપુર જવા નાની ગાડીમાં બેઠા. સ્વામીશ્રી બે ગાદલાંની બેઠક ઉપર બિરાજ્યા હતા. માથે ભગવી પાઘ, કપાળમાં ઊર્ધ્વપુંડ્ર તિલક સાથે, સવારમાં મગનભાઈ તથા કૃષ્ણાભાઈએ પૂજન કરી ચંદનની અર્ચા કરી હતી, તે

શોભતી હતી. કંઠમાં ગુલાબનો હાર, હાથમાં માળા. વહેલી સવારે સ્વામીશ્રી ગરવા ગુલાબી મિજાજમાં શોભતા હતા. સંતો બ્રહ્માનંદ સ્વામી રચિત *'તારા મુખની લાવણતા મીઠી રે...'* એ પદો ગાતા હતા. સ્વામીશ્રી એ પદોને આધારે મહારાજની મૂર્તિનું આબેહૂબ વર્ણન કરતા હતા. સ્વામીશ્રીનું શબ્દચિત્ર-આલેખન એટલું અદ્‌ભુત હતું કે જાણે મહારાજ જ એમનામાં રહીને બોલતા હોય તેવો અનુભવ સૌને થતો હતો. બે કલાક ક્યાં પસાર થયા તે ખબર રહી નહિ. ટ્રેન પંઢરપુર આવી પહોંચી.

મંદિરમાં ભીડ ઘણી હતી એટલે શરૂઆતમાં સ્વામીશ્રી એક ભક્તની દુકાનમાં બેઠા. ત્યાં ચોઘડિયાં વગાડનાર આવ્યા અને એ જ દુકાનના ઓટલા ઉપર બેસી ચોઘડિયાં વગાડવા લાગ્યા. એ સાંભળી સ્વામીશ્રી ઘણા જ પ્રસન્ન થયા અને વગાડનારને હાર પહેરાવ્યા.

ઠાકોરજી આગળ ચોઘડિયાં વાગે એ સ્વામીશ્રીને બહુ જ ગમતું. ગોંડલમાં પણ સવાર-સાંજ મંદિરમાં ચોઘડિયાં વાગે એવી એમણે વ્યવસ્થા કરી હતી. એને માટે વગાડનારને મોં-માગ્યાં મૂલ્ય આપતા. એ ઠરડાય તો વધુ રીઝવતા, પણ ચોઘડિયાં ચાલુ રખાવતા. પાછળથી રેકોર્ડિંગની વ્યવસ્થા શરૂ થઈ પછી સારાં ચોઘડિયાં-વાદનનું રેકોર્ડિંગ કરાવી, સવાર-સાંજ મંદિરમાં વગાડવાનો આગ્રહ રાખતા.

મંદિરમાં ભીડ ઓછી થઈ એટલે સ્વામીશ્રીએ વિઠોબાનાં દર્શન કર્યાં. આ દર્શન માટે સ્વામીશ્રી અને સંતોને માટે પણ પૂજારીને પૈસા ચૂકવવા પડ્યા હતા. પછી ચંદ્રભાગામાં હરિકૃષ્ણ મહારાજને સ્નાન કરાવી, પ્રસાદી-જળ સૌને શિરે ચઢાવી, નદીની રેતીમાં જ સભા કરી. સૌએ સ્વામીશ્રીનું પૂજન કર્યું.

ટ્રેનમાં બેસી કુર્દુવાડી પાછા આવ્યા.

તા. ૧૮-૧-'૫૭; નાસિક આવ્યું એટલે સૌને ઘરના સંકલ્પ થવા માંડ્યા અને ખરીદેલી વસ્તુઓ તથા સામાન વગેરે ઠીક કરવાની તૈયારી કરવામાં પડ્યા, પરંતુ સ્વામીશ્રીની વાતનું અનુસંધાન કે આ લોકના મનસૂબા મૂકવા અને પરલોકના કરવા, એ ન રહ્યું. જેમ પાણીમાં શેવાળ હોય તે લાકડીએ કરીને છૂટી પડે, પણ પાછી તુરત ભેગી થઈ જાય; તેમ આ જીવનો સ્વભાવ તો આ લોકમાં ચોંટવાનો જ છે, આ સત્પુરુષ મળ્યા છે તે વાતો કરીને જીવને શુદ્ધ કરે છે, એટલે કાંઈક ઠેકાણું પડે છે.

સભાના નિયમ પ્રમાણે સભા થવી જ જોઈએ, એમ સ્વામીશ્રીએ યાત્રાના

તમામ સ્થળે અતિ આગ્રહ રાખ્યો, તો સમાગમનું સુખ મળ્યું. પરંતુ, જેમ ગામમાં ફરીને જગતના પદાર્થો ખરીદાય છે, કારણ કે તેમાં રાગ છે, તેમ જો કથાવાર્તામાં રાગ હોય, તો સત્પુરુષ પાસે તેની માગણી કર્યા જ કરે, અને આવો અલૌકિક યોગ મળ્યો, તેનો પૂરેપૂરો લાભ લેવાય. મોટાપુરુષની દયાનો તો પાર નથી કે જીવની ગમે તેટલી અવળાઈ હોય, પરંતુ પોતાનું બિરુદ જે કલ્યાણ કરવું, તે પોતે ચૂકતા નથી. નાસિકમાં આ પ્રસંગ ઉપર સ્વામીશ્રીએ ઘણી વાતો કરી.

ત્યાં સંઘને દર્શને જવાનો સમય થયો, એટલે સભા વિસર્જન કરી પોતે પણ તપોવનમાં, બ્રહ્મચારી બાલકૃષ્ણાનંદજીના આશ્રમમાં પધાર્યા. અહીં સંતોને જમવાની ગોઠવણ હતી. સૌ સંતો પણ ગામમાં દર્શન કરી તપોવનમાં પધાર્યા.

બ્રહ્મચારીજીએ સ્વામીશ્રી અને સંતોનું સારી રીતે સ્વાગત કર્યું. સ્વામીશ્રીને બધે ફેરવીને આશ્રમ બતાવ્યો. ઈશ્વરભાઈ દાજી તરફથી અહીં રસોઈ આપવામાં આવી.

મુંબઈ, તા. ૧૯-૧-'૫૭. મુંબઈમાં તો મુંબઈ મંડળ તરફથી યાત્રા-સંઘ માટે, સ્વામીશ્રીના ઉતારા માટે, જમવા માટે, ગાડીની સાચવણી વગેરે માટે તમામ વ્યવસ્થા ગોઠવાઈ ગઈ હતી. સ્વાગત સભા શેઠ ગોકુલચંદ મોરારકાને બંગલે, નેપિયન્સી રોડ, મોરારકા હાઉસમાં ગોઠવી હતી. રસોઈ પણ મોરારકા શેઠ તરફથી હતી, એટલે તમામ યાત્રાળુઓ સમયસર પાંચ વાગે હાજર થઈ ગયા. સભા બરાબર વ્યવસ્થિત ગોઠવાઈ ગઈ હતી.

સ્વામીશ્રી તથા સંતો અને યાત્રાળુ હરિભક્તોનું પ્રેમભર્યું સ્વાગત મુંબઈ સત્સંગમંડળને કરવાનો દુર્લભ અવસર પ્રાપ્ત થયો. બાળ-યુવક મંડળ તરફથી રાસનો કાર્યક્રમ રજૂ થયો. એ કાર્યક્રમ પછી હરમાનભાઈ વગેરેનાં પ્રવચનો થયાં અને ત્યારબાદ સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા.

યુવાનોને મનનીય આદેશ

સંતો ને યાત્રાળુ હરિભક્તોની સેવા કરવાનો અપૂર્વ લાભ મુંબઈ યુવકમંડળને મળ્યો. સેવાકાર્યમાં ડૂબેલા સંતો તથા યુવકોને દર્શન અને વાતોનો લાભ બહુ ઓછો મળ્યો. આથી સ્વામીશ્રીએ સેવાના ફળરૂપે યુવકોને વાતો કરી, સુખ આપવાનો સંકલ્પ બીજે દિવસે સવારથી જ કર્યો હતો. સ્વામીશ્રીના ઉતારે ભેગા થવાની સૌને સૂચના મળી ગઈ. ચાર વાગે સૌ આવી પહોંચ્યા. પણ જેમ

જેમ વિદાયની ઘડી પાસે આવતી ગઈ, તેમ તેમ આવી કોઈ સભા થવાની શક્યતા ઓછી જણાતી હતી, કારણ કે બહાર દર્શનાતુર ભક્તોની ભીડ જામતી જતી હતી. પણ સ્વામીશ્રી પોતાના વહાલા યુવકોને નિરાશ કરે તેમ ન હતા. નાહીને સીધા જ બાજુના ઓરડામાં દાખલ થઈ ગયા. બધા જ યુવકો પણ દોડી આવ્યા. બારણાં બંધ કરાવી સ્વામીશ્રીએ તો ઉપદેશ-ધોધ વહાવ્યો; જેમાં નીતિ-નિયમના સામાન્ય ધર્મથી માંડી ઉપાસના સુધીનાં બધાં જ ક્ષેત્રો આવરી લીધાં. આ સંદેશો દરેક યુવકે જીવનમાં ઉતારી તે પ્રમાણે વર્તવાની સ્વામીશ્રીની ખાસ આજ્ઞા હતી.

સ્વામીશ્રીએ કહ્યું : 'આપણે સૌ એક ગુરુના ચેલા, માટે એકબીજા વચ્ચે અંતરાય ન રાખવો, સંપ ત્યાં જંપ. આપણે 'રેગ્યુલર' (નિયમ પ્રમાણે) વર્તવું. તિલક-ચાંદલા કરવા, તેથી છાપ પડે. આપણે સ્વામિનારાયણ છીએ એમ સૌ જાણે; તિલક-ચાંદલો ન કર્યો હોય તો આપણે માર્ગીના, માતાજીના, વૈષ્ણવ કે બીજા ધર્મના છીએ તેમ લાગે, પણ સ્વામિનારાયણના છીએ એમ કોઈ ન જાણે. અમે દક્ષિણમાં ગયા ત્યાં સૌ ધોળાં તિલકની વચ્ચે લાલ લીટી એવું કરે. તેમ આપણે પણ તિલક-ચાંદલા કરવા.

'આપણું ધ્યેય શું ચાલ્યું આવે છે તેનો વિચાર કરવો. યુવકોનો વંશ હશે તો સત્સંગ વધશે. હવે જમાનો બદલાઈ ગયો છે. છોકરાઓમાં પાન, બીડી-બાકસની કુટેવો પડી ગઈ છે. તેમને સારે માર્ગે ચડાવીએ તો પુણ્ય મળે. કેટલાક મુમુક્ષુઓ હોય છે, જે સંગદોષથી જ બગડતા હોય છે. તેમને સારો સંગ મળે તો જરૂર સુધરી જાય. આપણે પણ મોટાપુરુષના ગુણો શીખવા. નીચી દૃષ્ટિ રાખી ચાલવું, બજારમાં રૂપ-કુરૂપ જોવાં નહીં. જોઈએ તો વાંચવામાં વિક્ષેપ થાય ને ઊંઘમાં-સ્વપ્નમાં આવે. માટે નિયમમાં બરાબર વર્તવું.

'શિક્ષાપત્રીના અગિયાર નિયમમાં ફેર ન પડે. માહાત્મ્યથી દાઢો અંબાઈ જવી જોઈએ, તો નિયમ બરાબર પળે. ખાવા-પીવામાં આસક્તિ ન જોઈએ. સ્વાદ કાઢી નાખવો. આ તો ત્રણ ત્રણ લાડવા ઝાપટે, એવું ન કરવું. સ્વાદ એક ભગવાનની મૂર્તિનો રાખવો. પંચ વિષયનો નિરંતર અભાવ રાખવો. આજ્ઞા વિરુદ્ધ એકે ક્રિયા ન કરવી. જેમ-તેમ, જેવું-તેવું, જ્યાં-ત્યાં ચલાવી લેતાં શીખવું.

'માબાપ સામે ન થવું. માબાપને ભગવાન-તુલ્ય માનવાં. વગર વાંકે વઢે તોય ખમી લેતાં શીખવું. સેવા કરતાં શીખવું. નાનપણમાં જ જાળવવું પડે. છોડ નાનો હોય ત્યારે બકરું ખાય, તેમાંથી બચે તો પાડો ખાઈ જાય ને તેમાંથી બચે

તો ઊંટ ખાઈ જાય ને તેમાંથી બચ્યું તો 'વીઘાવરહ' થઈ જાય; તેમ મોટી ઉંમરે જાળવવાનું નથી, નાનપણમાં જ સંભાળવાનું છે.

'માબાપ નાનપણથી છોકરાંને સમાગમમાં રાખે તો ફેલફતૂરે ન ચડે, ને ન રાખે તો બગડી જાય ને અમારી પાસે ફરિયાદ કરે. આજે જ એવી ફરિયાદ આવી હતી. અમે તો એ જીવને પહેલેથી જ ઓળખ્યો હતો; ને જાણ્યું હતું કે આ સુધરે એમ નથી. હવે મહારાજની દયાથી સુધરી જશે. પણ કહેવાનું એટલું જ કે નાનપણથી જ સારા સંસ્કાર પાડવા જોઈએ.

'નીચે સૂવું - કોથળા પર, ઓશીકાં ન રાખવાં. ટાઢે પાણીએ નાહવું. રસના ન ભોગવવી. હૉટલમાં ખાવા ન જવું. હૉટલમાં જવાની ટેવ પાડી હોય, તો પૈસા ન મળે ત્યારે છાનામાના લઈને ખાવાનું મન થાય; પણ એવી ટેવ કાઢી નાખી હોય તો કોઈ ખર્ચ થાય જ નહિ. ને જે કાંઈ જોઈએ તેનું ખરચ માબાપ આપે ને ચોરી ન કરવી પડે.

'માટે જ્ઞાન શીખવું. જ્ઞાનમાં સુખ છે, અજ્ઞાનમાં દુઃખ છે. નાની ઉંમરમાં જ્ઞાન થાય તેવું મોટામાં ન થાય. નાથજીભાઈના સો શિષ્ય છે, પણ નિયમ-ધર્મમાં કડીતોડ વર્તે છે. આપણે પણ તેમ વર્તવું. મૂર્તિનાં કીર્તન શીખવાં ને ગાવાં.

'મંદિરમાં મૂર્તિઓ ગોઠવવી તેમાં પણ પહેલાં મહારાજ ને સ્વામીની મૂર્તિ ગોઠવવી. પછી ભગતજી મહારાજ ને શાસ્ત્રીજી મહારાજની મૂર્તિઓ ગોઠવવી. પછી બીજી મૂર્તિ ગોઠવવી. આ તો પહેલી જ આપણી મૂર્તિ ખડી કરે. મહારાજ ને સ્વામીની મૂર્તિ અધ્ધર લટકાવે ને અમારી વચ્ચે રાખે, એમાં અમે રાજી ન થઈએ. અમારી ઉપાસના એવી નથી. સંતની મૂર્તિ છેલ્લી રાખવી એ અમારી પ્રણાલિકા છે.

'વળી માહાત્મ્યને ઓથે પાપ કરે તે પણ અમને ન ગમે. જુઓ, ગુણાતીતાનંદ સ્વામી, ભગતજી મહારાજ, જાગા સ્વામી, શાસ્ત્રીજી મહારાજ મહાત્મા હતા તોય શુદ્ધ વર્ત્યા, તો આપણે તો વર્તવું જ જોઈએ. માટે યુવકોએ નિયમ બરાબર પાળવા ને આઠ કલાક વાંચવું - અભ્યાસ કરવો.

'નિયમ નહિ પાળો તો શહેરમાં બગડી જવાશે. માટે યુવકોએ તો શુદ્ધ વર્તી, બીજાને પણ સત્સંગની વાત કરી રંગી નાખવા. કૉલેજવાળાને વાતું કરવી. આપણો માલ સાચો છે, તેથી સૌ લેશે. ખોટો માલ કોઈ ન લે. પણ તમે તો વાતું જ કરતા નથી. દરેકે ભાઈબંધ દોસ્તારોને વાત કરી, પાંચ પાંચ યુવક કરવા જોઈએ. તેમ કરીએ તો પાંચસો થાય. પણ આપણે એ લાઇન લેતા જ

નથી. વાતું કર્યે જ થાય. જેમ જગતની વાત લાગે છે, તેમ આ વાત પણ લાગે. પણ વાતું કરવી જોઈએ.

'માટે બળ રાખવું. દરેકે તિલક-ચાંદલા કરવા ને નિષ્ઠા ચોખ્ખી રાખવી. શ્રીજીમહારાજ ને ગુણાતીતાનંદ સ્વામીનો આશરો, નિયમ-ધર્મ ને સંપ-સુહૃદભાવ – આ ચાર રાખવાં. પછી રજા પડે ત્યારે ભાડું અપાવીને વીસ જણને ફરવા - પ્રચાર કરવા મોકલવા છે ને 'ફ્રન્ટ' કાઢવી છે. મન જીતેલા વીસ જણા જાય તો ભાર પડે. એમ પ્રચાર કરીએ તો પાંચસો થાય, ને પછી પાંચ હજાર થાય, ને પછી ચાલીસ હજાર થાય.

'શાસ્ત્રીજી મહારાજ કેવો દાખડો કરતા ! તેમને તો કાઢતા, મારતા - કેવું દુઃખ ? તોપણ થાક્યા નહિ. એમ કર્યું, તો અત્યારે 'આવો ભાઈ' એમ થાય છે. માટે આપણે હાથે રાંધતા શીખી લેવું - 'સ્વયંપાકી' થવું, જેથી પ્રચાર કરવા જઈએ ત્યારે ચાર-પાંચ જણ થઈ એક કલાકમાં રાંધી લેવાય. એક જણ પાણી ભરી લાવે, એક જણ રાંધે, એક જણ વાસણ ઊટકી નાખે. સવારે દાળ-રોટલા ને સાંજે ખીચડી-કઢી. પાકી રસોઈ આપે તો ન લેવી. ને એક કલાકમાં બધું કરીને ચોરે પ્રચાર કરવા જવું ને ચોરે ઊભા રહી જાહેરમાં પ્રચાર કરવો.

'એમ કરીશું તો આપણું ગાડું ચાલશે. આ કરવાની જરૂર છે. ખાઈ-પીને પડી રહીશું ને ઇન્દ્રિયુંને લાડ લડાવીશું, તો સત્સંગ નહિ વધે. 'માથું વાઢે ઈ માલ ખાય.' ને દાખડો ન કરીએ તો આપણા એક જીવનું જ કલ્યાણ થાય. આપણે તો હજારોને સત્સંગી કરવા છે, તેથી સૌ શૂરવીર થઈ જાય. બીડી-પાનની ટેવ છોડી દેવી. પ્રસાદીનું પાન આપીએ તો જ ખાવું. બજારનાં પાન ન ખાવાં; પાનમાં ઝીણાં જીવડાં આવે છે, ત્રણને માર્યા ઈ છાપામાં આવ્યું. એવા સ્વભાવ રાખ્યા હોય, તો સાધુ ખોદે તો સાધુનો સંગ છોડે. એમ સ્વભાવ બગાડે છે, તેથી સ્વભાવ કાઢવા.

'મારો મત તો એ છે કે તૈયાર થવું. આ દેહનો નિર્ધાર છે નહિ, પચાસ વર્ષ, કાંઈ કહેવાય નહિ. માટે નિયમ-ધર્મ બરાબર પાળવા. ગળણાં રાખવાં, ગાળ્યા વિનાનું પાણી ન પીવું. પાણી અધ્ધરથી પીવું. વાસણ મોઢે માંડી એંઠું ન કરવું. આ તો સામાન્ય ધર્મ છે, ઈ તો પાળવા જ જોઈએ. જેથી અંતર શુદ્ધ રહે. ત્રણ ભાગ જમવું - એક ભાગ પાણીનો ખાલી રાખવો.

'કથાવાર્તા કરી હજારોને માયાથી પર કરવા. તમે સૌ ભલે શહેરમાં રહો છો, પણ બધા સનકાદિક જેવા છો - પૂર્વના છો, કેમ કે બધાને સમાગમની

તાણ રહે છે. માટે શ્રદ્ધા રાખવી, કથાવાર્તા કરવી. આખી કૉલેજ રંગી નાખવી.

'સ્વામીની વાતમાં કહ્યું છે : સત્સંગ થાય ત્યારે પ્રથમ વિવેક આવે; પછી વિમોક આવે, એટલે પંચ વિષયની વાસના ટળે; પછી સત્સંગમાં મળતી ક્રિયા કરતાં આવડે, જેથી સવારે પાંચ વાગે ઊઠી જવાય. બહુ મોડું થાય તો સાડા પાંચે ઊઠવું, માનસી પૂજા કરવી, પૂજામાં ટટ્ટાર બેસવું, પૂજા કરતાં બોલવું નહિ. પૂજામા પાંચ પ્રદક્ષિણા, પાંચ દંડવત્ ને ઓછામાં ઓછા પાંચ શિક્ષાપત્રીના 'અર્થ' (શ્લોક) વાંચવા. પૂજા કરતી વખતે વૃત્તિ ભગવાનમાં રહેવી જોઈએ. 'શ્રીજીમહારાજ, ગુણાતીતાનંદ સ્વામી ને શાસ્ત્રીજી મહારાજ મારા અંતરમાં અખંડ બિરાજે છે,' એમ માનીએ તો મૂર્તિનું બહુ સુખ આવે.

'દિશાએ જવું તો સુરવાળ (પાયજામો કે પાટલૂન) પહેરીને ન જવું. ધોતિયું પહેરીને જવું, જેથી શુદ્ધિ રહે. ડાબો હાથ ક્યાંય અડાડવો નહિ. હાથ ધૂડથી ધોવા, સાબુથી નહિ. મોટાપુરુષ આવું બધું શિખવાડે છે.

'આમ, બ્રહ્મની સ્થિતિ કરવી, બ્રહ્મના ગુણ શીખવા, એકાંતિક સ્થિતિ કરવી. આપણે એકબીજા ભાઈઓ છીએ. ગુણાતીત જ્ઞાન સિદ્ધ કરી - સંપ, સુહૃદભાવ રાખવા, બળ રાખવું. તમને સૌને એકાંતિક કરવા છે, જગતના લોચા ન નડે એવા આશીર્વાદ આપવા છે. આ જોગ ફરી મળે તેમ નથી. આ ફેરે જ મળ્યો છે.

'કથાવાર્તાની તો તૃપ્તિ જ ન થાય. હું પણ પહેલાં ચાર ચાર કલાક વાતું કરતો. કોઈ સાંભળવાવાળું ન હોય તો કીર્તન બોલતો, પણ બાર વાગ્યા પહેલાં સૂતો જ નહિ. સૂવામાં પણ કોથળો જ નાખવાનો ને હાથનું ઓશીકું કરી સૂતો. તે વખતે ઘડિયાળ નહોતાં, તેથી રાત્રે સૂતી વખતે મહારાજને સ્તુતિ કરું કે વહેલા ઉઠાડજો. તે ચારને ડંકે આંખ ઊઘડી જાય. મહારાજ જગાડે. એમ પુરુષ-પ્રયત્ન કર્યા, તપ-ત્યાગ કર્યા, તો શાસ્ત્રીજી મહારાજ રાજી થયા ને દૃષ્ટિ કરીને અમને થાપો માર્યો. નહીં તો આપણામાં શું છે ? અમે તો કાળા અક્ષરને કુહાડે મારીએ એવા છીએ, પણ દૃષ્ટિ પડી તો ચાલ્યું. એમ તપ-ત્યાગ કરે તો મોટાની દૃષ્ટિ થાય. હજીય અમારે વાસણ ઊટકવાની સેવા કરવી એ જ રુચિ છે, દાસના દાસ રહેવું છે, દાસત્વની મોટપ લેવી છે, એ મોટપ મેદાનમાં પડી છે, એ જ મોટપ લેવી છે. કોઈ દંડવત્ કરે, પૂજાઈએ, ઈ ધંધો નથી કરવો. એમાં થાક્યા છીએ. હાથીએ બેસાડે એ ન ગમે, હાથીએ બેસીએ તો કો'ક દી પડીએ ને મરી જઈએ. એમાં આપણી ઇચ્છા નથી, આ તો સૌ મેળે કરે છે. કથાવાર્તા, તપ-ત્યાગ ને સંપ-સુહૃદભાવનો સત્સંગ વધારવાની જ રુચિ છે.

'આફ્રિકામાં ગયા ત્યાં પણ એ જ પ્રવૃત્તિ કરી. બધે યુવક મંડળો સ્થાપી સો મંડળ કર્યાં. કમ્પાલામાં ૬૦-૭૦ યુવકો કર્યા. દસ-પંદર તો સાધુ થવા તૈયાર થયા છે. મંદિરમાંય જુવાનિયાની જરૂર પડશે. ઘરડા ડોહા શું કામ કરે ? એમ મંડળો સ્થાપી વજુભાઈને સોંપ્યાં, તે ચલાવે છે. એમ અમારી રુચિ છે, તો તમારે સૌએ મંડળ વધારવું. એક જીવને આ માર્ગે ચડાવે તો એક બ્રહ્માંડ ઉગાર્યાનું પુણ્ય થાય, ને એક જીવને આ માર્ગથી પાડે તો એક બ્રહ્માંડ ડુબાડ્યાનું પાપ લાગે. માટે બળમાં રહેવું. અંતરના આશીર્વાદ છે. આ ઉપદેશ વિચારીને તે પ્રમાણે વર્તવું.'

એક યુવકે પ્રશ્ન પૂછ્યો : 'સ્વામી ! દૃષ્ટિ કેમ થાય ?'

ત્યારે સ્વામી બોલ્યા : 'જે ભગવાન ને ભગવાનના ભક્તનો ભીડો વેઠે ને દેહને ન ગણે, ને અતિશય સેવા કરે, તો એના ઉપર દૃષ્ટિ થાય; એમ ને એમ દૃષ્ટિ થતી નથી.' તે ઉપર ગ.મ. ૭ ટાંકીને બોલ્યા : 'જે વૈરાગ્યહીન હોય તે તો જે મોટા સંત હોય, તેની અતિશય સેવા કરે અને પરમેશ્વરની આજ્ઞામાં જેમ કહે તેમ મંડ્યા રહે. પછી પરમેશ્વર તેને કૃપા-દૃષ્ટિ કરે, તો વિકારમાત્ર ટળી જાય. અને સાધને કરીને તો બહુકાળ મહેનત કરતાં કરતાં આ જન્મે અથવા બીજે જન્મે ટળે.'

આમ, એકધારી વાતો કરી યુવકોને અપાર બળ પ્રેર્યું, જેનો આનંદ દરેક યુવકના મુખ ઉપર તરવરતો હતો. બહાર ઊભેલા દર્શનાર્થીઓ તો યુવકો પ્રત્યેનો સ્વામીશ્રીનો આ પક્ષપાત અને આનંદમાં હિલોળાતા યુવકોને જોતા જ રહ્યા.

મુંબઈના હરિભક્તોને બે દિવસ દર્શન-સમાગમનો લાભ મળ્યો.

અહીંથી ટ્રેન વડતાલ આવી. મંદિરના વ્યવસ્થાપકોએ 'નરેન્દ્ર બાગ'માં ઉતારો આપ્યો. સીધા-સામગ્રીની તમામ સગવડ કરી આપી. ઉતારે આવી સ્વામીશ્રીએ સભા કરી. આ સ્થાનના મહિમાની તેમજ શ્રીજીમહારાજનાં લીલાચરિત્રોની કેટલીક વાતો કરી, સંઘ સાથે સ્વામીશ્રી ગોમતી તળાવે પધાર્યા. સ્નાન કરી સૌએ સ્વામીશ્રી અને સંતોની પૂજા કરી. મંદિરે દર્શન કર્યાં. ઉતારે ઠાકોરજી જમાડી સૌ સ્ટેશને આવ્યા. ગુજરાત તથા સૌરાષ્ટ્રના ઘણા હરિભક્તો સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. દોઢ માસ પછી સ્વામીશ્રીનાં અલૌકિક દર્શન મેળવી સૌ આનંદિત થયા.

ટ્રેન ડાકોર પહોંચે તે પહેલાં ચંપકભાઈ શેઠે અહીં આવી બધી વ્યવસ્થા કરી હતી. સવારમાં સ્વામીશ્રીના વરદ હસ્તે રણછોડરાયનો અભિષેક થયો.

મુખ્ય બેઠકમાં સ્વામીશ્રીની પધરામણી કરી. અહીં પણ હજારો યાત્રાળુઓ, 'યોગીજી મહારાજ પધાર્યા છે' એમ જાણી, દર્શન માટે પડાપડી કરતા હતા. સૌને શાંતિપૂર્વક આશીર્વાદ આપી, સ્વામીશ્રી ઠાસરા પધરામણી કરી આવ્યા.

અહીંથી ટ્રેન વડોદરા આવી. અહીં યાત્રા-પ્રવાસ પૂરો થયો. સ્વામીશ્રી સાથે ૪૫ દિવસનો અતિ અણમૂલ અને દિવ્ય પ્રસંગ સૌનાં અંતરમાં સદાને માટે જડાઈ ગયો. આ પ્રવાસમાં જે જે યાત્રિકો આવ્યા હતા, તેમને પણ પ્રતીતિ થઈ કે યાત્રા તો ઘણી જ થાય છે અને થશે, પરંતુ સ્વામીશ્રી સાથેનો આ યાત્રા-પ્રવાસ અને તેમની જ્ઞાનગંગાનો અખંડ સ્રોત, એ જીવનનો એક ધન્ય પ્રસંગ 'ન ભૂતો ન ભવિષ્યતિ' એવો થઈ ગયો.

અટલાદરાથી સ્વામીશ્રી ચાંગા પધાર્યા. અહીં પારાયણ હતું. પારાયણ દરમ્યાન સ્વામીશ્રી મહેળાવ તથા કરોલી દર્શને ગયા હતા. પછી અમદાવાદ થઈ રાજકોટ આવ્યા.

અહીં કલેક્ટર ગોવિંદસિંહજી ચુડાસમા વગેરે હરિભક્તોના ઉત્સાહથી સૌએ સ્વામીશ્રીનું ઉમળકાથી સ્વાગત કર્યું. સ્વામીશ્રીએ પહેલાં મોટા મંદિરે દર્શન કર્યાં. અહીં હરિભક્તોએ ફૂલહાર કર્યા. પછી બે ઘોડાની રાજ્યની બગીમાં ઠાકોરજી તથા સંતો સાથે બિરાજ્યા. નોબત, શરણાઈ તથા ધૂન-ભજન કરતા ઓચ્છવિયા સાથે શોભાયાત્રા શહેરમાં ફરી. કલેક્ટર સાહેબના પ્રમુખપણા નીચે સ્વાગત-સભા થઈ, જેમાં હરમાનભાઈ, વજુભાઈ નૈરોબીવાળા વગેરે ભક્તોએ યાત્રાની ટ્રેનના દિવ્ય અનુભવો વર્ણવ્યા. રાતની સભામાં સોની મંડળે ભજન-કીર્તન કર્યાં હતાં. ઘણી પધરામણીઓ થઈ.

❀ ❀ ❀

સ્વામીશ્રીના સંકલ્પના શ્રીગણેશ



ગોંડલના ટૂંકા નિવાસ દરમ્યાન એક અભૂતપૂર્વ પ્રસંગ બની ગયો. ઘણાને એની જાણ પણ ન થઈ. ઘણાને જાણ થઈ તો એની નોંધ લીધી નહિ. પણ સ્વામીશ્રીના અંગત જીવનનો આ સર્વોત્તમ પ્રસંગ હતો. છેલ્લાં પાંચેક વર્ષથી સ્વામીશ્રી યુવકોને પ્રેરણા આપતા કે આપણે ગઢપુર મંદિર ઉપર સુવર્ણકળશ ચઢે, ત્યારે ૫૧ ભણેલા-ગણેલા યુવકોને ત્યાગીની દીક્ષા આપવી છે. એ માટે દિવાળી અને ઉનાળાની રજાઓમાં સાથે ફરતા યુવાનોને સ્વામીશ્રી હંમેશાં શ્રીજીમહારાજના મહિમાની અને એમને રાજી કરવાના એકમાત્ર ધ્યેયની વાતો નિશદિન કરતા. ધીરે ધીરે યુવકોનાં માનસ ઉપર એની ધારી અસર થવા લાગી.

યુવકોનો યક્ષ-પ્રશ્ન હતો કે ‘અમારામાં વૈરાગ્ય નથી અને અમારો ત્યાગ કેમ પાર પડશે ? શું પંચ વિષયમાં રાગ, સગાં-સંબંધીમાં હેત, જીવનની મહત્ત્વાકાંક્ષાઓ, દોષો, સ્વભાવ, પ્રકૃતિ, વાસના વગેરે અમને ફજેત તો નહિ કરે ને ? ત્યારે સત્સંગ અને સમાજ અમને ફિટકારશે ત્યારે અમારી ગતિ ‘નહિ ઘરના, નહિ ઘાટના’ જેવી થશે. ઉભયભ્રષ્ટ થઈશું. સત્સંગ અને સમાજ અમને ફેંકી દેશે તેનું શું ?’

પણ સ્વામીશ્રી રાત-દિવસ એક જ હૈયાધારણ આપતા કે ‘તમે એકાંતિક ધર્મ સિદ્ધ કરવા માટે જ જન્મ્યા છો. ગુણાતીતાનંદ સ્વામીએ જાગા સ્વામીને કહેલું કે ‘મેં ૨૦૦ જણને બ્રહ્મવિદ્યા ભણાવેલી છે.’ તે માંહેલા તમે છો. તમે જગતના જીવ નથી, ભગવાન ભજવા જ આવ્યા છો. અને હમણાં વૈરાગ્ય નથી એવું કદાચિત્ જણાય છે, પણ મોટાપુરુષમાં હેત છે તો વૈરાગ્ય આવશે અને ત્યાગ સારધાર પાર પડશે. તમે ચિંતા કરો નહિ, મહારાજ બધું સારું કરશે.’

આવા બળના શબ્દો સ્વામીશ્રીએ અનેક વાર યુવકોને કહ્યા અને સતત પ્રેરણા આપતા રહ્યા.

જેને કારણે યુવકોનાં માનસનું જબરું પરિવર્તન થવા લાગ્યું. જેમણે ભગવાનના માર્ગે જવાની કોઈ દિવસ કલ્પના સુધ્ધાં કરેલી નહિ; જેનાં વિચાર, વાણી ને વર્તનમાં જગત પ્રધાન હતું; એવા અનેક નવલોહિયા યુવાનો સ્વામીશ્રીના સંકલ્પ ઉપર કુરબાન થવા તૈયાર થયા.

બધા યુવકોને સ્વામીશ્રીની આવી બળપ્રેરક વાતો સાંભળીને, તુરત એમનાં વચનમાં વિશ્વાસ આવી ગયો એવું પણ કાંઈ નહોતું, પણ સ્વામીશ્રીનો અસાધારણ નિર્દોષ પ્રેમ તથા વાત્સલ્ય ધારાનો સ્પર્શ ઘણા યુવાનોમાં શ્રદ્ધા અને વિશ્વાસનાં કિરણો જન્માવી શક્યો.

અને એ સ્વામીશ્રીની યુવાન અક્ષર-સેનામાં પ્રથમ ડગ ભરવાનું બહુમાન વિનુભાઈ મણિભાઈ પટેલ નામના ચરોતરના એક ગુણિયલ પણ આધુનિક યુવાને પ્રાપ્ત કર્યું. ગુજરાતથી ક્યાંય દૂર, મધ્ય પ્રદેશમાં જન્મ અને મિશનરી સ્કૂલમાં કેમ્બ્રીજ સુધી આધુનિક અંગ્રેજી શિક્ષણ એમણે મેળવ્યું હતું. યુવાનીની પૂરેપૂરી મસ્તી, રાગરંગમાં તરબોળ થઈ ચૂકેલા વિનુભાઈને, પિતા મણિભાઈ નારાયણભાઈના સંસ્કારોનો સ્પર્શ સુધ્ધાં ન હતો. ઘરમાં મંદિર, પૂજાપાઠ, કથા-કીર્તન, ઉત્સવો થાય, પણ વિનુભાઈ એનાથી દૂર ભાગતા અને વખત આવે આ બધી ભક્તિની ઘેલછા અને સંતોની મજાક પણ ઉડાવતા.

પણ વધુ અભ્યાસ માટે કુટુંબ સાથે તેમને ગુજરાતમાં આણંદ આવવાનું થયું. ત્યાં પણ શરૂમાં એ જ વૃત્તિ રહી. ગુજરાતનાં ગામડાં, રહેણી-કરણી, રીતરિવાજમાં એ ગૂંગળાઈ ગયા. વળી, અંગ્રેજી અને હિંદી આ બે ભાષા સિવાય ગુજરાતી ભાષાની ફાવટ નહિ. ભાંગ્યું-તૂટ્યું ગુજરાતી બોલે, પણ લખતાં-વાંચતાં તો આવડે જ નહિ. ગુજરાતનું વાતાવરણ જ એમને બધી રીતે પ્રતિકૂળ લાગ્યું.

એવામાં આણંદ મંદિરમાં પિતાશ્રીના પ્રયત્નથી સ્વામીશ્રીનાં તેમને પ્રથમ દર્શન થયાં. શરૂમાં આ યોગી એમને 'જોગી' જ લાગ્યા. એમનાં જાડાં કપડાં, જાડું આચરણ, કાઠિયાવાડી જાડી બોલી - આ બધી બાબતોનું એમને કોઈ આકર્ષણ થયું નહિ. ઊલટી થોડી નફરત થઈ. પણ એમનું હાસ્ય, એમની આંખો અને એની પાછળની નિર્દોષતાએ આ યુવાન ઉપર વશીકરણ મંત્ર નાખી દીધો. સ્વામીશ્રીની સાધુતાના જાદુએ, પૂર્વના કોઈ સંસ્કારી આ યુવાનને ધીરે ધીરે વશ કરી લીધો.

પછી તો એમનું ઘેલું લાગ્યું. એમના વગર ચેન ન પડે. એમનાં દર્શન અને સાંનિધ્ય માટે મન તરફડિયાં મારવા લાગ્યું. રજાઓમાં સાથે ફરવાનું શરૂ

થયું. પહેલાં સ્વામીશ્રી એમની સંભાળ રાખતા. એમને પથારી કરી આપે, જમાડે. પછી સ્વામીશ્રી ધીરે ધીરે એમને સેવામાં જોડવા લાગ્યા. નિષ્કામ ધર્મ આદિક વ્રતપાલનના ઉપવાસ આપવા લાગ્યા. સ્વામીશ્રીએ તેમનાં તન અને મનને બરાબર કસણીમાં લીધાં. સાથે કાનમાં મંત્ર ફૂંક્યો કે ‘સંસાર ઝેર છે, એમાં પડવાનું નથી. સાધુ થવાનું છે, એકાંતિક ધર્મ સિદ્ધ કરવાનો છે.’ અને આ ગુરુમંત્ર એમણે ઝીલી લીધો. મન સાથે જબરદસ્ત યુદ્ધ માંડ્યું. મન પાછળ રહી માયાએ બધાં જ વેધક બાણ મારી જોયાં, પણ સ્વામીશ્રીએ રક્ષા કરી. પિતાનું મન મલકાયું, કુટુંબીઓએ થોડી પરીક્ષા કરી. સત્સંગ પચાવીને જીવનની સંધ્યાએ પહોંચેલા કેટલાક ધીર વડીલ ગૃહસ્થ સત્સંગીઓએ પરીક્ષા કરતા કહ્યું : ‘ત્યાગાશ્રમ પાર પાડવો મુશ્કેલ છે. ઘણા પાછા આવ્યા છે. ગૃહસ્થાશ્રમમાં રહીને ભગવાન ભજો.’ પણ વિનુભાઈ અણનમ રહ્યા. સ્વામીશ્રીએ સમજણનું બખતર ઘડી આપ્યું હતું. વળી એમની આણ હતી તેથી માયાનું કાંઈ ચાલ્યું નહિ, વિનુભાઈનો વિજય થયો.

અને સ્વામીશ્રીની ઇચ્છા અને આજ્ઞાથી, ખેતીવાડીમાં સ્નાતકની ઉપાધિ લઈ કરીને, મહા સુદ ૨, તા. ૨-૨-’૫૭ના શુભ દિવસે બ્રાહ્મમુહૂર્તમાં સ્વામીશ્રીના ખોળે સદાને માટે બેસી ગયા. બહુ જાહેરાત કર્યા સિવાય, સ્વામીશ્રીએ એમને અક્ષર દેરીમાં તિલક કરી, કાનમાં ગુરુમંત્ર આપી, પાર્ષદ દીક્ષા આપી દીધી.

સ્વામીશ્રીના આનંદની આ સર્વોચ્ચ ક્ષણ હતી ! જેમ કોઈ રાજા વાંઝિયા હોય અને એને ૬૦ વર્ષે દીકરો આવે અને જે આનંદ પ્રાપ્ત થાય, તેના કરતાં અનેક ગણો આનંદ સ્વામીશ્રીને પોતાના આ માનસપુત્રની પ્રાપ્તિથી થયો. હજારો યુવાનોને એકાંતિક ધર્મને માર્ગે ચડાવવાનો, સ્વામીશ્રીના અલૌકિક મિશનનો સૂર્યોદય આજે ઝળહળી રહ્યો હતો.

સ્વામીશ્રી અટલાદરા પધાર્યા.

વસંત પંચમીના સમૈયાની રોનક હવે વધતી જતી હતી. કોઠારી અક્ષરસ્વરૂપ સ્વામીના સહકારથી યુવકોએ લાઈટો તથા ધજા-પતાકાઓથી મંદિર શણગાર્યું હતું. વિશાળ મંડપ બાંધ્યો હતો. હરિભક્તોની સંખ્યા પણ વર્ષોવર્ષ વધતી રહી હતી. સભામાં હરમાનભાઈ, વજુભાઈ નૈરોબીવાળા, ખેંગારજીભાઈ, અંબાલાલભાઈ બકરી પોળ, મગનભાઈ સેક્રેટરી, શંકરલાલ ઠાકર તથા મોટાસ્વામી અને સંતસ્વામીએ શાસ્ત્રીજી મહારાજનો અપરંપાર મહિમા ગાયો.

અંતમાં આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું :

'આજે શાસ્ત્રીજી મહારાજનો જન્મ દિવસ હોવાથી આપણે સંકલ્પ કરો કે (૧) આખો હિન્દુસ્તાન સ્વામિનારાયણનું ભજન કરે. (૨) સૌ એકાંતિક ધર્મ સિદ્ધ કરે. (૩) દેશમાં દિગ્વિજય થાય.

'મંડળો ગામોગામ વધારવાં. સ્વામી શાસ્ત્રીજી મહારાજનો સંકલ્પ હતો કે ગામડે ગામડે, શહેરે શહેરે ફરી સત્સંગ વધારવો. તેથી અત્યારે વધે છે. આફ્રિકામાં સત્સંગ ચાલે છે, તેવું યુરોપ, અમેરિકા બધે થવાનું છે. એક સંગઠન રાખવું. પોતાના દોષ મૂકવા. બીજાના ગુણ લેવા, અવગુણ ન લેવો. અભાવ લેવાથી પુણ્ય બળી જાય છે.

'ગ.મ. ૪૬, એકાંતિક ધર્મમાંથી પડાય તે જ મરણ. ભગવાનના ભક્તમાં અખંડ દિવ્યભાવ રહે એ બ્રહ્મસ્થિતિ છે. જેટલી સ્થિતિ છતી દેહે થઈ હશે, તેટલી જ દેહ મૂક્યા કેડે કામમાં આવશે. માટે છતી દેહે નિર્વાસનિક થવા માટે મંડી પડવું.

'મોટાની આજ્ઞા પાળવી. આજ્ઞા લોપીને પડાપડી ન કરવી. ધીરે રહીને દર્શન સારાં થાય, આશીર્વાદ સારા મળે.'

પછી પાંચ મુદ્દા કહ્યા : 'પહેલો ઠરાવ, આવકનો દસમો-વીસમો ભાગ ધર્માદાનો સૌએ કાઢવો. બીજો, સંપ-સુહૃદભાવ વધારવો. ત્રીજો, કોઈ સાજો-માંદો ભક્ત હોય તેની ખબર રાખવી. કોઈનો વેપાર દૂબળો હોય તથા દેશકાળ સારા ન હોય, તેને દાણા, રૂપિયાની મદદ કરવી. ચોથો, સ્વામીએ જે મંદિરો બાંધ્યાં તેની પુષ્ટિ કરવી. પાંચમો, એકાંતિક ધર્મ બ્રહ્મરૂપ થઈ સિદ્ધ કરવો.'

અહીંથી વલાસણ જતાં રસ્તામાં છાણીને પાદર મહારાજની પ્રસાદીની છત્રીનાં દર્શન કર્યાં. અહીંથી પસાર થતાં લગભગ દરેક વખતે સ્વામીશ્રી આ છત્રીએ અવશ્ય દર્શન કરતા. વાસદ થઈ આણંદ દર્શને પધાર્યા.

એ વખતે અમદાવાદથી રમેશભાઈ દલાલ અને નડિયાદથી કૃષ્ણાભાઈ પણ સ્વામીશ્રીનાં દર્શને આવેલા. સ્વામીશ્રીએ બંનેને જોઈને કહ્યું : 'તમે બંને ભગતજી મહારાજ વખતે હતા અને શાસ્ત્રીજી મહારાજના વખતે પણ હતા. બસ હવે છેલ્લો જન્મ થઈ જશે.' આ પ્રમાણે કહીને સ્વામીશ્રીએ બંનેની જોડ બાંધી દીધી.

વલાસણ, સી.ટી. પટેલના નવા મકાનનું વાસ્તુ કર્યું. બોચાસણ, રાસ થઈ નંદાજી સાથે મહી નદીના પુલનું ઉદ્‌ઘાટન કર્યું.

‘શાસ્ત્રીજી મહારાજનું ધ્યાન કર્યું ?’

પછી અટલાદરા થઈ સોખડા પધાર્યા. અહીં મંદિરે ઉતારો હતો. બપોરે ૪-૦૦ વાગે ઠાકોરજી જગાડી સ્વામીશ્રી ધ્યાન કરવા બેઠા. સાથે ફરતા યુવકો પણ ધ્યાન કરવા લાગ્યા.

ધ્યાન પછી સ્વામીશ્રીએ પૂછ્યું : ‘ધ્યાન કેવી રીતે કર્યું ? ધ્યાન એટલે શું ?’

યુવકો કહે : ‘શ્રીજીમહારાજનું ધ્યાન કર્યું.’

સ્વમીશ્રીએ ફરી પૂછ્યું : ‘શાસ્ત્રીજી મહારાજનું ધ્યાન કર્યું ?’

બધા યુવકો કહે : ‘હા બાપા !’

સ્વામીશ્રીએ એક હરિભક્તને પૂછ્યું : ‘તમે શાસ્ત્રીજી મહારાજને જોયા છે ?’

તે હરિભક્તે સ્વામીશ્રીને નિર્દેશી કહ્યું : ‘આપણે આ જ શાસ્ત્રીજી મહારાજ. એમનું ધ્યાન કરવું. બાપા પોતાની વાત ન કરે.’

સ્વામીશ્રીએ યુવકોને આ હાર્દ સમજાવવું હતું તેથી કહ્યું : ‘ધ્યાન એટલે મહિમાનો વિચાર. આપણે સેવા કરતા હોઈએ, ત્યારે મહિમાનો વિચાર કરીએ, તે ધ્યાન જ છે. મહિમા વિચારતાં ખેતરે, નોકરીએ, ધંધે જતા હોઈએ તે ધ્યાન જ છે.’

બીજે દિવસે સવારે સ્વામીશ્રી રસોડામાં ઉકાળા-પાણી કરવા પધાર્યા. એક હરિભક્ત માખણ લાવ્યા હતા. તે સ્વામીશ્રીને આપવા લાગ્યા. તેથી સહજતાથી સ્વામીશ્રી કહે : ‘મને નહિ, મને ન ફાવે. આ સ્વામીને આપો.’ એમ કહી, એક સાધુ તરફ નિર્દેશ કરી બોલ્યા : ‘એ માંદા છે ને દવા ખાય છે, તે ગરમ ન પડે એટલે માખણ જોઈએ.’

એ સાંભળીને હંમેશાં દંભમાં રાચતા તે સાધુ ક્રોધથી ભભૂકી ઊઠ્યા : ‘હું ક્યાં માખણ ખાઉં છું ? મારા માથે ખોટું તૂત નાખો છો ?’

સ્વામીશ્રી ઉકાળો પીતા હતા, તે પડતો મૂકીને ઝડપથી ઓરડાની બહાર નીકળી ગયા ને સભામાં જઈને બેસી ગયા. સ્વામીશ્રીની પાછળ બીજા સંતો-યુવકો પણ બહાર નીકળી ગયા. ફક્ત તે સાધુ એકલા બેસી રહ્યા.

થોડી વારે વિનુ ભગત પાણી પીવા રસોડામાં ગયા ને જોયું તો તે સાધુ મોટા મોટા કોળિયા લેતાં મોંમાં માખણ ભરી રહ્યા હતા. એવામાં બીજા બે-ત્રણ યુવકો પણ આવી પહોંચ્યા. બધાએ આ જોયું. સૌને તેમને માટે અત્યંત તિરસ્કાર

ઉત્પન્ન થયો. જો કે કોઈ યુવક સ્વામીશ્રીને આ વાત કરી શક્યા નહિ. કારણ, મિથ્યાભિમાની દુર્જન માણસોની પણ નિંદા સ્વામીશ્રીને ગમતી નહિ. તેઓ કદી કોઈની કુથલીમાં પડતા નહિ. કોઈના પણ દ્રોહથી તેઓ હજાર ગાઉ દૂર રહેતા.

ઠાકોરજી માટે

બાદ વાસણા, કુણપાટ થઈ અંજેસર આવ્યા.

અહીં હરિમંદિરમાં સ્વામીશ્રી ઠાકોરજીની બાજુમાં બેસી ટપાલ લખી રહ્યા હતા. બપોરે બાર વાગી ગયા હતા. થાળ ધરાવવા હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ ઉપર લઈ જવાની હતી.

સ્વામીશ્રીએ એક પાર્ષદને કહ્યું : 'ઠાકોરજી ઉપર લઈ જાવ.' પરંતુ તે રમતિયાળ સ્વભાવના. 'જો ભૂલમાં ઠાકોરજીને પાડે તો ?' એમ વિચારી સ્વામીશ્રીએ વિનુ ભગત તરફ જોયું. તેઓ ઠાકોરજી લેવા ઊભા થયા. તે જ ક્ષણે સ્વામીશ્રી પણ ઝડપથી ઊભા થઈ ગયા અને ઉતાવળે સિંહાસન પાસે આવ્યા. પોતે જ ઠાકોરજીને લઈ દાદર ચઢવા લાગ્યા. ઠાકોરજીનું મુખ પોતા તરફ રાખ્યું ને દર્શન કરતાં ધીરે ધીરે દાદર ચઢી ગયા. દાદર ખૂબ સાંકડો હતો, તેથી સ્વામીશ્રીને પોતાનું અને ઠાકોરજીનું બંનેનું સંતુલન જાળવવાનું હતું. ઉપર પહોંચ્યા પછી સ્વામીશ્રીએ ગઢ જીત્યો હોય તેવી 'હાશ' અનુભવી, કેમ કે કોઈનાય ટેકા વગર ચઢવું સ્વામીશ્રી માટે મુશ્કેલ હતું. તેથી આવા સાંકડા અને સીધા· દાદર એકલા તો ભાગ્યે જ ચડતા, પણ આજે તો ઠાકોરજી માટે ચડવાનું હતું ને !

ઠાકોરજીને પાટલા ઉપર પધરાવીને પોતે થાળ બોલવા બેસી ગયા. ખૂબ કેફમાં થાળ બોલતા જાય. કોઈ પંક્તિએ ધીમે અવાજે, આંખ મીંચીને, હાથનાં લટકાં કરતા, હાથ જોડતાં થાળ બોલે.

સ્વામીશ્રીના આ સ્વરૂપનાં દર્શન કરવાં એ પણ એક લહાવો જ હતો. થાળ બોલતી વખતે સ્વામીશ્રીની દાસત્વ-ભક્તિ, પ્રેમલક્ષણા-ભક્તિનું અનેરું દર્શન સંતો-ભક્તોને થતું.

અહીંથી સ્વામીશ્રી મીરસાપુરા, સાંકરદા થઈ તારાપુર પધાર્યા.

અહીં સ્વામિનારાયણ હરિમંદિરમાં સભા ચાલતી હતી. પ્રસંગ નીકળતાં તારાપુરના આશાભાઈએ સ્વામીશ્રીને કહ્યું : 'આપ જ્યારે પહેલાં આ મંદિરમાં આવતા, ત્યારે પેલા ખૂણામાં બેસીને માળા ફેરવતા.'

સ્વામીશ્રી ખૂબ જ કેફમાં આવીને બોલી ઊઠ્યા : 'તે વખતે અમારે

સેવાનો ચાર્જ હતો !' એમ કહેતાં ખડખડાટ હસી પડ્યા.

આખી સભામાં હાસ્યનું મોજું ફરી વળ્યું. દિવ્ય આનંદ છવાઈ ગયો.

વડતાલનાં નિત્ય દર્શનનું મૂલ્ય

પછી પીપલગ આવી પહોંચ્યા. અહીં મનુભાઈ ઉમેદભાઈ પટેલ મંદિરે સ્વામીશ્રીનાં દર્શને આવ્યા.

સ્વામીશ્રીએ ધબ્બો માર્યો અને પૂછ્યું : 'બીડી પીવો છો ?'

'દરરોજની ૧૦૦ પિવાય છે.' તેમણે જવાબ આપ્યો.

'બંધ કરો તો સારું !' સ્વામીશ્રીએ હેતપૂર્વક કહ્યું.

'સ્વામી ! બંધ તો નહિ થાય, કારણ કે દરરોજ અઢાર કલાક મહેનત કરું છું.'

'ડુંગળી, લસણ બંધ કરશો ?' સ્વામીશ્રીએ ફરી એટલા જ હેતથી કહ્યું.

'એ પણ મૂકી ન શકાય. મારે તો ડુંગળીનાં ભજિયાં ખાધા વિના ચાલે જ નહિ. બીજું કાંઈ મૂકવું ન પડે તેવું કહો.' તેમણે કહ્યું.

સ્વામીશ્રી હસી રહ્યા હતા. સહેજ પણ ધીરજ ગુમાવ્યા વગર સ્વામીશ્રીએ ફરી કહ્યું : 'વડતાલમાં તમારી લાતી છે. તે દરરોજ મંદિરમાં જશો ?'

ત્યારે તેમણે કહ્યું : 'આ જરૂર થશે. કારણ, આમાં કાંઈ મૂકવાનું નથી કે પૈસા ખર્ચવાના નથી.'

સ્વામીશ્રીએ રાજી થઈને તેમને મગજના લાડુનો પ્રસાદ આપ્યો, આશીર્વાદ આપ્યા.

મનુભાઈને જીવનમાં પ્રથમ વાર જ આવા સંત મળ્યા હતા, જેમણે નિયમો પાળવાની ના પાડી છતાં સહેજ પણ ગુસ્સો કે નારાજી ન બતાવી; ઊલટા રાજી થઈ પ્રેમ વરસાવ્યો.

તેઓ કંઠી બાંધીને સત્સંગી થયા. તેમના જીવનમાં સુખ-દુ:ખના ઘણી વાર પલટા આવ્યા, પરંતુ સ્વામીશ્રીનો એક આધાર તેમના જીવનનું કેન્દ્ર બન્યું અને તેમની સત્સંગની દૃઢતા પણ દિન-પ્રતિદિન વધવા લાગી. વ્યસનો છૂટી ગયાં અને ચુસ્ત સત્સંગી થયા.

નડિયાદ, આણંદ, અમદાવાદ થઈ નાયકા રણછોડભાઈને વાગ્યું હતું, તેમને મળીને આશીર્વાદ આપ્યા. ત્યાંથી સારંગપુર, તાજપુર, ગઢપુર થઈ સરધાર આવ્યા.

સાક્ષાત્ સ્થાનની બસ

અહીં બધાં પ્રસાદી સ્થાનોએ દર્શન કરવા પધાર્યા. સંધ્યા-સમય વીતી ગયો હતો. અહીંથી રાજકોટ જવાનું હતું. સૌ નીકળવાની તૈયારીમાં હતા, ત્યાં એક બસ થોડે દૂર આવીને ઊભી રહી. બસ ક્યાંની છે તે અંધારામાં વંચાતું ન હતું. છતાં સ્વામીશ્રી વિનુ ભગતને કહે : 'જુઓ, ગોંડલની બસ આવી. દંડવત્ કરો.'

વિનુ ભગતે બસ પાસે જઈ પાટિયું વાંચ્યું તો સાચે જ તે ગોંડલની બસ હતી ! તેમણે સ્વામીશ્રી સામે અહોભાવથી જોયું તો તેઓ હાથ જોડી બસને નમન કરતા હતા. વિનુ ભગત નજીક આવ્યા ત્યારે કહે : 'બે દંડવત્ કરો. ગોંડલની - સાક્ષાત્ સ્થાનની - બસ છે !'

સ્વામીશ્રીને ગોંડલનો ખૂબ મહિમા. રોજ અક્ષર દેરીની સ્તુતિ કરે અને બીજા પાસે પણ કરાવે.

અહીંથી રાજકોટ, ગોંડલ થઈ ઘોઘાવદર પધાર્યા.

સ્વામીશ્રીનો ઉતારો હરિભાઈના ઘેર હતો. જગ્યા બહુ નાની, તેથી ગાયો, બળદો ને ભેંસોને બાંધવાની જગ્યા પાસે એક ઢાળિયામાં ઉતારો રાખવામાં આવ્યો. છાણ, મૂતર ગંધાય તેવી જગ્યા હતી, પરંતુ નાછૂટકે આ ઉતારો આપવો પડ્યો હતો, કારણ કે બીજી કોઈ સારી ઓરડી સુધ્ધાં ન હતી.

બીજે દિવસે બપોરે સ્વામીશ્રીએ જમી, આરામ કરી, બંધિયા જવા વિદાય લીધી. ત્યારે હરિભાઈએ કહ્યું : 'બાપા ! દૃષ્ટિ કરો તો વહેવાર સુધરે. બીજું તો નહિ, પણ સંતો પધારે અને આપ પધારો ત્યારે રહેવા પૂરતી તો સારી જગ્યાની સગવડ કરી શકીએ. આપને આ જગ્યામાં ડાંસલા (મચ્છર) કરડ્યા હશે. માફ કરજો.'

ત્યારે સ્વામીશ્રી હસીને બોલ્યા : 'મોટા બંગલામાં ઊંઘ ન આવે તેવી ઊંઘ આવી ગઈ. તમે સગવડ બહુ સારી કરી. અમને કોઈ તકલીફ પડવા દીધી નહિ. હવે મેડીબંધ મકાન થઈ જશે.'

હરિભાઈએ ફરીથી કહ્યું : 'પણ બાપા ! અહીં તો ભૂતનો વાસ છે.'

ત્યારે સ્વામીશ્રી ખડખડાટ હસી પડ્યા : 'જ્યાં સંતોનો વાસ થાય છે ત્યાંથી ભૂત ભાગી જાય છે. લાવો પાણી, તમારો વહેમ મટાડીએ.'

સ્વામીશ્રી પાણીની અંજલિ છાંટતા બોલ્યા : 'જે હોય તે જાઓ બદરિકાશ્રમમાં તપ કરવા.' પછી હરિભાઈ સામે દૃષ્ટિ માંડીને કહ્યું : 'ભૂતને

બદરિકાશ્રમમાં મોકલી દીધા. હવે સુખેથી રહેવાશે.'

સ્વામીશ્રીના આશીર્વાદથી થોડા સમયમાં તેમના દેશકાળ સુધરી ગયા અને મેડીબંધ મકાનો પણ થઈ ગયાં. આજે હરિભાઈના દીકરા બચુભાઈ દઢ સત્સંગી છે.

અહીંથી બંધિયા, રામોદ થઈ મોટા માંડવા આવ્યા.

અહીં નવાં મકાનોમાં ઉતારો હતો. સવારે પૂજાપાઠ-કથાવાર્તા કરી સ્વામીશ્રી પધરામણીએ નીકળતા. આ એમનો હંમેશનો નિયમ હતો. બે યુવકોના હાથનો ટેકો લઈ સ્વામીશ્રી ગામડાની ખાડા-ખડિયાવાળી શેરીઓમાં ચાલતાં ચાલતાં હરિભક્તોનાં ઘરે ઠાકોરજી હરિકૃષ્ણ મહારાજની પધરામણી કરતા. વર્તમાન, નિયમ-ધર્મ સૌ બરાબર પાળે છે કે નહિ, તે અંગે પૂછપરછ કરી, સત્સંગના મહિમાની વાતો કરી, સૌને જાગ્રત રાખવાનું સ્વામીશ્રીને બહુ તાન. પધરામણી કરવામાં એમને સમયનો, ભૂખ-તરસનો કોઈ ખ્યાલ રહેતો નહિ. બપોરના એક તો વાગી જ જાય.

અહીં એક-બે કરતાં ત્રીસ પધરામણીઓ થઈ ગઈ. સ્વામીશ્રી જૂઠાભાઈના ઘેર પધાર્યા. સમય ઘણો થઈ ગયો, તેથી તેઓ જલદી જલદી ઠાકોરજીની આરતી ઉતારવા તૈયાર થયા.

'તમારા દીકરાને બોલાવી લાવો.' સ્વામીશ્રીએ એકાએક સંભાર્યું.

'બાપા ! તેમને દીકરો નથી.' કોઈ હરિભક્ત ધીમે રહીને બોલ્યા : 'દીકરા થાય છે પણ મરી જાય છે.'

'આપણે તેમને દીકરો આપવો છે.' સ્વામીશ્રીએ સહર્ષ પોતાની ઇચ્છા વ્યક્ત કરી. જૂઠાભાઈને આશીર્વાદ આપ્યા અને સ્વામીશ્રીના આશીર્વાદથી તેમને ત્યાં પુત્રજન્મ થયો.

બાદ દેવચડી, ખોખરી થઈ, ગોંડલ આવી, તા. ૧૦-૩-'૫૭ જેતપુર થઈ જૂનાગઢ પધાર્યા.

સ્વામીશ્રી સાથે સખાભાવ રાખનાર નટુભાઈ જીકાર નાગર ગૃહસ્થને ત્યાં જમવાનું હતું.

નટુભાઈ જીકારે પોતાના મિત્ર કુસુમરાય દીવાનને પણ સ્વામીશ્રીનાં દર્શન માટે બોલાવ્યા હતા. સ્વામીશ્રીએ તેમને સામેથી જ આશીર્વાદ આપતાં કહ્યું : 'તમારી મુશ્કેલી ટળી જશે અને છ માસમાં જ સંકલ્પ પૂરો થઈ જશે.'

કુસુમરાયને એ વખતે કલેક્ટર તરીકેની બઢતીની તક અટકી ગઈ હતી.

તેનો પાંચ માસમાં જ ઓર્ડર આવી ગયો.

સ્વામીશ્રીની પાસે વર્તમાન ધરાવીને તેઓ સત્સંગી બન્યા. એ પછી સ્વામીશ્રીની વચનસિદ્ધિના ઘણા અનુભવ એમના જીવનમાં થયા.

પછી વંથળી, માણાવદર, પીપલાણા, બોડકા, સરદારગઢ, ગણોદ, વરજાંગ જાળિયા, ઉપલેટા, ધોરાજી, ફણેણી થઈ સ્વામીશ્રી ગોંડળ આવ્યા.

આત્મીયતાનો જાદુ

અહીં મૂળ દેવળિયાના વતની ભાસ્કરભાઈ, જામનગરથી તેમના ત્રણે મામા ભીખુભાઈ, બટુકભાઈ તથા કાકુભાઈને લઈ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. આમ તો ત્રણે શૈવધર્મી, પણ ભાસ્કરભાઈની બદલી રેલવેમાં તાર-માસ્તર તરીકે જામનગર થઈ. તેથી તેમના દ્વારા ત્રણેને સ્વામીશ્રીની તથા સત્સંગની વાતોમાં રસ પડવા લાગ્યો. ક્યારેક તેમાં વાદવિવાદ અને ચર્ચા પણ નીકળતી, પણ એક વાર ગોંડળ જઈ સ્વામીશ્રીનાં દર્શન કરવાની ઇચ્છા થતાં તેઓ ગોંડલ આવી પહોંચ્યા.

સ્વામીશ્રી સભામંડપમાં વિરાજમાન હતા. ભાસ્કરભાઈએ દંડવત્ કરી પગે લાગી પરિચય આપ્યો : 'બાપા ! આ ત્રણેય મારા મામા છે.'

સ્વામીશ્રી આ સાંભળી તરત જ હસતાં હસતાં બોલી ઊઠ્યા : 'આપણા પણ મામા !'

આખી સભામાં હાસ્ય રમી રહ્યું. સ્વામીશ્રીએ ત્રણેને આશીર્વાદ આપી ધબ્બા આપ્યા. ગળે હાથ ફેરવતાં પ્રેમથી કહે : 'બહુ કાટ ચડી ગયો છે. તે ઉખાડવો છે !'

સ્વામીશ્રીની આત્મીયતાની તેમના ઉપર જાદુઈ અસર થઈ અને તેઓનું જીવન શુદ્ધિના પંથે વળી ગયું. ધીરે ધીરે ચુસ્ત સત્સંગી થયા. સાચે જ સત્પુરુષની દૃષ્ટિ ચમત્કારિક હોય છે.

અદ્વિતીય પ્રેરણામૂર્તિ !

તા. ૧૫-૩-'૫૭, રાજકોટથી નીકળી સરધાર દર્શન કરી, બોટાદ થઈ સારંગપુર પધાર્યા.

આજથી બરાબર ૧૫ દિવસ પહેલાં તા. ૧-૩-'૫૭, ગઢપુરથી રાજકોટ આવતાં સ્વામીશ્રી સરધાર દર્શને ગયા હતા. ફરી પાછા આજે પણ દર્શન કર્યાં. પ્રસાદીનાં સ્થાનોમાં વારંવાર દર્શન કરવાનો સ્વામીશ્રીને અત્યંત ઉમંગ. ચાલુ

મુસાફરીમાંથી ગાડીમાંથી ઊતરવું, પ્રસાદીનાં સ્થાનોમાં જવું, દર્શન કરવાં, દંડવત્ કરવા, સ્થાનનો મહિમા સાથેના હરિભક્તો કે સંતોને કહેવો, એમાં જ એમણે ભક્તિ, સેવા, આનંદ - બધું જ માનેલું હતું.

સરધારમાં મુક્તાનંદ સ્વામી જે ચોરામાં રહેતા ત્યાં દર્શન કરે, રામાનંદ સ્વામી ઊતરતા તે ઘરનાં દર્શન કરે, મુક્તાનંદ સ્વામી નવેળામાં રહીને કથા સાંભળતા તે નવેળામાં પણ ડોકિયું કરીને દર્શન કરે, તળાવમાં માછલાંને સમાધિ થતી તેનાં પણ દર્શન કરે, આમ એક પણ પ્રસાદી સ્થાન છોડે નહિ. વારે વારે એકના એક સ્થાનનાં દર્શન કરવાનો લેશપણ કંટાળો નહિ. અધિક ને અધિક ઉત્સાહ-આનંદ એમના અંતરમાંથી ઊભરાતો જણાય. ત્યારે એમ થઈ જાય કે ભક્તિનું ઉદ્‌ગમ સ્થાન જો કોઈ હોય તો તે સ્વામીશ્રી જ છે ! પુરાણો અને શાસ્ત્રોમાં ન જડે એવી પરાભક્તિનાં દર્શન સ્વામીશ્રીમાં પળે પળે થતાં !

એ જ રીતે, છાણીને પાદર મહારાજની પ્રસાદીની દેરી હોય કે પછી અમદાવાદ પાસે અશ્લાલી, રસ્તામાં આવતા કોઈપણ શ્રીજીમહારાજના પ્રસાદીના સ્થાનમાં, પછી ભલેને ઘણું મોડું થયું હોય, પણ અવશ્ય દર્શન માટે ઊભા રહેવાનું. પૂરો સમય લઈને શાંતિથી દર્શન કરવાનાં, દંડવત્-પ્રદક્ષિણા કરવાનાં, મહારાજનાં ચરણારવિંદનાં ચિહ્નો જોવાનાં. એમની આ રીત જોઈને આપણને થાય કે આ બધાં સ્થાવર તીર્થો પણ એમને માટે તો મહારાજનાં સાક્ષાત્ સ્વરૂપ સમાન છે. સહેજ પણ ન્યૂનભાવ જોવા ન મળે. પ્રત્યક્ષ મહારાજનાં દર્શન કરતા હોય એટલો પૂરેપૂરો ભાવ. ત્યારે એમના રોમરોમમાં આપણને પરાભક્તિનાં દર્શન થાય. એ સમયે સ્વામીશ્રીનાં દર્શન જો કોઈ સહેજ પણ ભાવથી કરે, તો એ દર્શન કરનારનું હૃદય કદાચિત્ કાળમીંઢ પથ્થર જેવું કઠણ હોય, પણ તેમાં ભક્તિની સરવાણી ફૂટ્યા વગર રહે નહિ. આવા હતા એ દર્શક ! અદ્વિતીય પ્રેરણામૂર્તિ !

ફાગણ સુદ પૂનમનો સમૈયો સારંગપુરમાં સારી રીતે ઊજવાયો. અહીંથી સ્વામીશ્રી લીંબડી પધાર્યા. ભક્તરાજ છગનભાઈનો છેલ્લાં ૪૦ વર્ષથી પારાયણ કરાવવાનો સંકલ્પ હતો. તેનો યોગ આ વખતે આવ્યો અને ફાગણ વદ ૩, સોમવાર, તા. ૧૮-૩-'૫૭થી અહીં પારાયણનો પ્રારંભ થયો. ભક્તરાજ છગનભાઈ ગગાભાઈ ખત્રી ઝાલાવાડમાં એક અગ્રગણ્ય અને સ્થંભ જેવા હરિભક્ત. સારંગપુર મંદિરની તેમણે ખૂબ સેવા કરી. ઝાલાવાડના સત્સંગ-વિકાસમાં પણ કુબેરભાઈ, બાલુભા સાહેબ, મેરુભા દરબાર વગેરે સ્થાનિક

હરિભક્તો સાથે તેમનો પણ ઘણો ફાળો. સ્થાનિક લીંબડીમાં પણ રાત-દિવસના તેમના કથાવાર્તાના પ્રસંગથી રામજીભાઈ, ચીમનભાઈ, મૂળજીભાઈ, નથુભાઈ સોની વગેરે હરિભક્તોને પોષણ આપ્યું. યુવક મંડળની પ્રવૃત્તિ પણ અહીં શરૂ થઈ હતી. એકંદરે સૌના ઉત્સાહ અને આગ્રહથી સ્વામીશ્રીએ અહીં પારાયણનો સુંદર યોગ ગોઠવી દીધો.

સવારે પ્રમુખસ્વામી એમની મિષ્ટ અને ધીરગંભીર શૈલીમાં કથાનું પાન સૌને કરાવતા. એમની કથાશૈલી અને નિરૂપણ પદ્ધતિથી અહીંના કેટલા વિદ્વાન બ્રાહ્મણોને એમની સાધુતા અને વિદ્વત્તા માટે ખૂબ માન થયું. સાંજે વચનામૃતની કથા થતી અને રાત્રે સંતો અને સ્વામીશ્રીની અમૂલ્ય વાણીનો લાભ સૌને મળતો.

સભા પ્રસંગમાં સ્વામીશ્રી 'ખરેખરું જ્ઞાન થાય તો માયાના પેચમાં ન આવે....' (૩/૨૭) આ વાત બોલ્યા અને કહ્યું :

'ત્રણ જાતના માયાના પેચ છે : એક, અભાવ-અવગુણ લેવાય. બીજું, વર્તમાનમાં ફેર પડે તોપણ માયાના પેચમાં આવ્યો કહેવાય. ગુણાતીતાનંદ સ્વામી અક્ષરબ્રહ્મનો અવતાર હતા તોપણ ઠેઠ સુધી પત્તરમાં જમ્યા. મોટા મોટા નંદ સાધુને મહારાજ બાથ ભીડીને મળતા, એવો વર્તમાન પાળ્યાનો રાજીપો થતો. ગમે તેમ, નિયમ-ધર્મમાં ફેર પડ્યો તોપણ માયાના પેચમાં આવ્યો કહેવાય. ત્રીજું, સંપ અને સુહૃદભાવમાં માયા ન વ્યાપે, પણ બખેડો કરે તો માયાના પેચમાં આવી જાય.

'પહેલી કલમમાં ફેર પાડે તો બહુ ભૂંડું થાય. એ બહુ કઠણ છે. સ્વામી જાગાભગત કહેતા કે 'હું બધાને સ્વામીસ્વરૂપ દેખું છું. માટે કોનો અભાવ લઉં ?' માટે મોટા મોટા જે માર્ગે ચાલ્યા હોય, તે માર્ગ આપણે લેવો.'

અહીંથી સ્વામીશ્રીએ એક દિવસ ખારવા પધારી નવા જિનનું ઉદ્‌ઘાટન કર્યું તથા એક દિવસ ચોકી જઈ પધરામણીઓ કરી.

પૂર્ણાહુતિને દિવસે બપોરે ૧૨-૦૦ વાગે ગ્રંથ સાથે સંતોની શોભાયાત્રા કાઢવામાં આવી. પૂર્ણાહુતિની પૂજામાં, શોભાયાત્રામાં, જમાડવાની વ્યવસ્થામાં તથા અન્ય કાર્યક્રમોમાં યુવકોએ શિસ્તપૂર્વક ખૂબ જ સેવા કરી, પ્રસંગને ખૂબ શોભાવ્યો હતો.

રવિવારે પૂર્ણાહુતિ કરી ટીપટુરના હિંમતભાઈ દોશી તથા બીજા હરિભક્તોને લઈને સ્વામીશ્રી ગઢપુર દર્શને પધાર્યા. હરિભક્તોને સર્વ પ્રસાદી સ્થાનોનાં દર્શન કરાવી સોમવારે મેલમાં પાછા લીંબડી આવી પહોંચ્યા.

અહીંથી શિયાણી પધાર્યા. અહીં ૮૦ વર્ષના વયોવૃદ્ધ રિટાયર્ડ પોલીસ અમલદાર, નિષ્ઠાવાન અને ઉત્સાહી હરિભક્ત નાગરદાસભાઈ દવેને ત્યાં સ્વામીશ્રીનો ઉતારો હતો. યુવાનને શરમાવે એવી તેમની કાર્યશક્તિ હતી. લીંબડીના હરિભક્તોના પ્રયાસથી અહીં સારું સત્સંગ મંડળ ચાલતું હતું. મંડળના પ્રમુખ ગાંડાભાઈએ ગામના સરપંચ-પદમાંથી રાજીનામું આપી, સત્સંગની સેવા ઉપાડી લીધી હતી.

અહીં મહારાજની પ્રસાદીનાં ઘણાં સ્થાનો છે તેનાં દર્શન કર્યાં તથા પધરામણીઓ થઈ. સાંજે કથાવાર્તામા સ્વામીશ્રીએ મુક્તાનદ સ્વામીએ મહારાજને શાંતિનો ઉપાય પૂછ્યો એ પ્રસંગ વર્ણવી કહ્યું :

'આપણે ગમે તેટલાં શાસ્ત્રો વાંચીએ, પણ શાંતિ તો ભગવાન અને સંતના ગુણ ગાવામાં જ છે. એમ કરવાથી જગતના ઘાટ-સંકલ્પ બંધ થઈ જાય. શાસ્ત્રીજી મહારાજ 'ભક્તચિંતામણિ'ની કથા કરાવે, રોજ દસ પ્રકરણ વંચાવે. માટે શાંતિનો ઉપાય - સત્સંગમાં નિર્દોષબુદ્ધિ રાખવી. પણ ખટપટ ઊભી કરવાથી શાંતિ થતી નથી. તેમાંથી તો ઊલટી ઉપાધિ વધે. પોતે પોતાના અવગુણ જોવા અને ભગવાનના ભક્તના ગુણ ગાવા. કોઈને સમજણમાં ફેર હોય તોપણ આપણે ધડાકા ન કરવા. અમોઘાનંદ સ્વામીને સમજણમાં ફેર હતો, પણ મહારાજે તેમને સમજાવવાનો આગ્રહ ન રાખ્યો. બીજો જન્મ લેશે. આગળ સમજાશે. પોતાનું કલ્યાણ પૂરેપૂરું કરવું. મોટાનો સિદ્ધાંત શું ? કે જ્ઞાન સમજવું અને સમજાવવું, પણ સમજાવતાં ન સમજે તો ઉતાવળા ન થવું. ધીરે ધીરે ઘેડ બેસે, પણ ઉતાવળા થઈએ તો મુમુક્ષુ ઘેર જ જાય. સુથાર જેમ લાકડાને ઓળખે, લુહાર જેમ લોઢાને ઓળખે, તેમ સત્પુરુષ જીવને ઓળખે છે. સંસ્કાર વિના જોગ થતો નથી. આખા સત્સંગમાં લક્ષાવધિ મનુષ્ય છે, પણ આ સમજણ ક્યાં છે ?'

આમ, સત્સંગ-પ્રચારની એક સર્વદેશીય દૃષ્ટિ સ્વામીશ્રીએ સૌને આપી. કોઈ જૂની ઘરેડના હોય અથવા સમજણ ઠીક ન હોય તેને સમજાવવા પ્રયત્ન તો જરૂર કરવો જ, પણ તેનો સત્સંગ તૂટી જાય એવો આગ્રહ ન રાખવો. સત્સંગમાં સૌને નભાવવા અને ધીરે ધીરે આગળ વધારવા કોશિષ કરવી, એમ સ્વામીશ્રીએ નિર્દેશ કર્યો.

બીજે દિવસે મેમકામાં પ્રસાદીનાં સ્થાનોનાં દર્શન કરી, સ્વામીશ્રી ડોળી તળાવડી, જેનું નવું નામ પોતે 'અક્ષર તળાવડી' પાડ્યું હતું, ત્યાં પધાર્યા. સ્વામીશ્રીની આજ્ઞાથી લીંબડી તથા આજુબાજુના હરિભક્તોએ મળીને આ

પ્રસાદી સ્થાનનો જીર્ણોદ્ધાર કર્યો હતો. આજે સ્વામીશ્રીએ તળાવડીનું વિધિપૂર્વક પૂજન કર્યું. લગભગ ૩૦૦ જેટલા હરિભક્તોને મોહનથાળ-પૂરીનો પ્રસાદ જમાડ્યો.

દેવળિયા બાપુના આગ્રહથી સ્વામીશ્રી ત્યાં પધાર્યા. અહીં પ્રસાદી સ્થાનોનાં દર્શન કરી, તાવી, ભલગામડામાં દર્શન કરી, લીંબડી થઈ, તા. ૨૮મીએ રાત્રે સ્વામીશ્રી મોજીદડ આવી પહોંચ્યા.

આ બાજુ ઈશ્વરભાઈ ચુનીભાઈ ભટ્ટના નાના ભાઈનાં ધર્મપત્ની ધામમાં જવાથી, તેઓ રસોઈ આપવા ગઢડા આવેલા. અહીં તેમને ઇચ્છા થઈ કે સ્વામીશ્રીનાં દર્શન કરવાં છે. એટલે તપાસ કરતાં જાણ થઈ કે સ્વામીશ્રી મોજીદડ છે. તેથી સીધા જ મોજીદડ જવા ઊપડ્યા. રસ્તામાં તેમને એક વણકર મળ્યો. તેણે કહ્યું કે સ્વામિનારાયણના સાધુઓ મોજીદડમાં રામજીભાઈ ખત્રીને ઘેર હતા. ને હું ત્યાંથી આ બાજુ નીકળ્યો અને સંતો એક ભાર-ખટારામાં ભાલ તરફ ગયા, પણ કયા ગામ ગયા તે ખબર નથી. ઈશ્વરભાઈ તો સ્વામિનારાયણનો મંત્ર રટતાં રટતાં સ્વામીશ્રીની સ્મૃતિ સહિત મોજીદડ રામજીભાઈ ખત્રીને ઘેર પહોંચ્યા. સંધ્યા-સમય થઈ ગયો હતો.

રામજીભાઈએ તેમને આવકાર આપ્યો અને ચા-પાણી મૂકવા ઘરમાં સૂચના આપી, પરંતુ તેમણે કહ્યું કે 'સ્વામીશ્રીનાં દર્શન કર્યાં પછી જ પાણી પીવાનો નિશ્ચય કર્યો છે. માટે ચા-પાણી કંઈ કરશો નહિ.'

રામજીભાઈએ કહ્યું : 'સ્વામીશ્રી હમણાં જ અહીંથી ગયા.'

હજુ તો આ વાક્ય તેઓ પૂરું કરે છે ત્યાં જ એક હરિભક્ત ત્યાં આવ્યા અને બોલ્યા : 'અહીંથી સ્વામીશ્રી જે ખટારામાં ઊપડ્યા તે ખટારો બગડ્યો છે, તો પેટ્રોમેક્ષ બત્તી મોકલો. સ્વામીશ્રી અને સંતો અહીં પાછા આવે છે અને રાત્રિ-રોકાણ અહીં કરશે !'

પેટ્રોમેક્ષ લઈને જનારા હરિભક્તની સાથે ઈશ્વરભાઈ ગયા, તો સ્વામીશ્રી અને સંતો રસ્તામાં એક ઝાડની નીચે આરતી-અષ્ટક બોલતા હતા. આ અણધાર્યાં દર્શન થતાં ઈશ્વરભાઈ અતિ આનંદથી હરખાઈ ગયા.

ઈશ્વરભાઈને જોઈ સ્વામીશ્રી બોલ્યા : 'ઈશ્વરભાઈ ! તમારા માટે જ રોકાવાનું થયું છે. તમે ખેંચ્યા તેથી જ અમારો ખટારો હાલ્યો નહીં !'

પછી રાત્રે મોજીદડ પાછા ફર્યા. સ્વામીશ્રીએ ઈશ્વરભાઈને જાતે પીરસીને ખૂબ આગ્રહથી જમાડ્યા અને તેમનો સંકલ્પ પૂરો કરવા માટે જ જાણે આ

લીલા કરી, તેમને ધન્ય બનાવી દીધા !

વાત્સલ્યની હૂંફમાં સેવાના પાઠ

પછી નવાગામ થઈ સ્વામીશ્રી ચચાણા પધાર્યા. હરિભક્તો ઘોડા ઉપર બેસી એક માઈલ સામે લેવા આવ્યા. સ્વામીશ્રીને શોભાયાત્રાના રૂપમાં ગામમાં પધરાવ્યા. સ્વામીશ્રીના સ્વાગતનો આ એમનો હંમેશનો ક્રમ હતો. શ્રીજી-મહારાજ સાથે કાઠી દરબારો, ઘોડેસવારો ફરતા ને જે શોભા થતી, તેવી શોભાનાં દર્શન અહીં ચચાણામાં હંમેશાં થતાં.

અહીં મંદિરમાં સ્વામીશ્રી જમ્યા પછી કથા કરતા હતા. ત્યારે તાજપુરવાળા મોટાસ્વામીએ વિનુ ભગતને કહ્યું : 'ચોકો કરી નાખ.'

તેમણે છાણ ને પાણી લીધાં, પણ કાંઈ ફાવટ આવી નહિ. તેઓ કહેવા લાગ્યા : 'બુડથલ જેવો છે, કાંઈ આવડતું નથી.' એમ કહી સ્વામીશ્રીને કહે : 'આવાને શું સાથે ફેરવો છો ?'

સ્વામીશ્રી કંઈ ન બોલ્યા. ઊભા થઈને તેમની પાસે આવ્યા અને નીચે બેસી વિનુ ભગતને શીખવવા લાગ્યા, 'છાણમાં બહુ પાણી ન નાખવું, તેમ ઓછું પણ ન નાખવું, માપનું નાખવું. અને રગડો થાય - આવું થાય પછી લીંપી નાખવું.' એમ જાતે કરી બતાવ્યું.

અને કહે : 'એંઠું હોય તેટલું જ નહીં, પણ આખો પટ્ટો લઈ લેવો. કદાપિ છાણાં ન મળે તો પાણી છાંટીને અને જૂનું લીંપણ હોય તે સાથે પાણી મેળવીને લીંપી નાખવું.'

આમ, હેતપૂર્વક સ્વામીશ્રીએ તેમને લીંપવાની ક્રિયા શિખવાડી.

અહીંથી કંથારિયા પધાર્યા. બપોરે આરામ કરી સ્વામીશ્રી જાગ્યા, ત્યારે યુવકો સ્વામીશ્રીની આજુબાજુ વીંટળાઈને બેસી ગયા. એક યુવકે પ્રશ્ન પૂછ્યો : 'બાપા ! સંપ, સુહૃદભાવ આપણે રાખીએ, પણ સામેનો ન રાખે તો શું કરવું ?'

સ્વામીશ્રી હસી પડ્યા અને કહે : 'પરસ્પર સંપ-સુહૃદભાવ રાખવો જોઈએ. એક જણ ન રાખે, તોય આપણે તો રાખવો. કારણ, ભોજનની થાળી પીરસી હોય, તેનાં ગમે તેટલાં વખાણ કરે તોય ભૂખ ન જાય; તે તો જેટલું ખાય તેટલી ભૂખ જાય. તેમ જે સંપ રાખે તેને લાભ થાય; ન રાખે તેને ખોટ જાય.'

આજે એકાદશી હતી, તેથી સ્વામીશ્રીએ બપોરે આરામ કર્યો નહીં. આવા દિવસે સ્વામીશ્રી ટપાલ લખે કે યુવકોને વાતો કરે.

આજે બપોરે પત્રલેખન ચાલુ રાખ્યું. વિનુ ભગત પત્રમાં સ્વામીશ્રીના અક્ષરો ઉકેલીને તેના પર સુવાચ્ય અક્ષરે લખતા જાય. તેમાં થોડા શબ્દો ઊકલ્યા નહીં, તેથી સ્વામીશ્રીને પૂછવા ગયા.

સ્વામીશ્રીએ શબ્દો જોયા. તે પોતાને પણ ઊકલ્યા નહિ. તેથી બધું ચેકી નાખ્યું અને હસતાં હસતાં કહે : 'મને પણ ઊકલતા નથી !'

બાજુમાં બેઠેલા એક યુવકે કહ્યું : 'બાપા ! શાસ્ત્રીજી મહારાજના અક્ષર આવા ગરબડિયા હતા.'

સ્વામીશ્રીએ તરત જ કહ્યું : 'કોણ કહે છે ? સ્વામીના અક્ષર તો મોતીના દાણા જેવા હતા, પણ આપણને ઊકલતા નહોતા.'

સ્વામીશ્રી ગુરુભક્તિમાં તો જરાય મોળા ઊતરે નહિ.

અહીંથી વાગડ થઈ ઊંચડી - મહોબતસિંહ બાપુના દરબારમાં ઊતર્યા. પછી જાળિયા થઈ અડવાળ પધાર્યા.

સાધુતાનો અલૌકિક વિવેક

સ્વામીશ્રી વર્ષોવર્ષ ચૈત્ર સુદિ પડવે અથવા બીજને દિવસે અડવાળ પધારતા અને આઠ દિવસનો મુકામ કરતા. અડવાળના બે જૂના સત્સંગીઓએ ઈર્ષ્યાથી મૂળીના તે સમયના મહંત બાલમુકુંદદાસને પત્ર લખ્યો કે 'ચૈત્ર સુદિ બીજના રોજ ઘઉંના ખરડા માટે તમે અડવાળ નહિ આવો, તો પછીથી તમારો ખરડો થશે નહિ અને મૂળી મંદિરને ધર્માદાના ઘઉં મળશે નહિ. માટે વહેલી તકે આવી જવા વિનંતી.'

આ પત્ર મળતાં જ મૂળીના પાંચ સંતો મોટર લઈ અડવાળ આવી પહોંચ્યા. તેઓ મંદિરમાં પ્રવેશતાં જ સ્વામીશ્રી તે સંતોને દંડવત્ કરવા લાગ્યા. સંતો તો સ્થિર જ થઈ ગયા અને જે આવેગથી તેઓ આવ્યા હતા તે શાંત પડી ગયો. તેમણે સ્વામીશ્રીને દંડવત્ કરતા અટકાવ્યા. મૂળીના મહંત બાલમુકુંદ-દાસજીને સ્વામીશ્રીએ ખૂબ જ આગ્રહથી પોતાની ગાદીએ બેસાડ્યા અને પોતે બાજુના સાધારણ આસન ઉપર સંતો સાથે બેસી ગયા.

આ બંને મંડળો ભેગાં થવાથી સત્સંગીઓને મૂંઝવણ થઈ. મંદિર નાનું છે. જો મૂળીના સંતો આ સંતોની રસોઈ ન જમે, તો સગવડ કેમ કરવી ? તેની વિમાસણમાં પડ્યા. બાપુભાએ જામભાને બહાર બોલાવ્યા કે 'ધર્મસંકટ આવ્યું. આ સંતો આપણા સંતોનું રાંધેલું ખાશે નહિ. તેથી જુદો ભંડાર કરવો પડે અને

મંદિરમાં તો સગવડ નથી, તો શું કરીશું ?'

પછી સ્વામીશ્રીને બહાર બોલાવી જામભાએ કહ્યું : 'બાપા ! ઘરધણી આવ્યા છે અને આપણે વટેમાર્ગુ છીએ. માટે આપણે રસોઈ બનાવીને તેમને જમાડવા અનુકૂળ રહે કે નહિ ?'

સ્વામીશ્રી એકદમ ઉમળકાથી બોલી ઊઠ્યા : 'આપણાં એવાં મોટાં ભાગ્ય ક્યાંથી કે આ સંતોની સેવા આપણને મળે ! આપણે સેવા ઉઠાવી લેશું.'

એટલે જામભાએ તરત પૂછ્યું : 'બાપા ! એ સંતો રસોઈ કરે તો આપણે જમવામાં હરકત ખરી ?'

'લે, ઈ તો ઉત્તમ !' સ્વામીશ્રીએ આનંદથી કહ્યું : 'સંતના હાથની બનાવેલી રસોઈ મળે, ત્યારે આપણાં અહોભાગ્ય કહેવાય.'

જામભા કહે : 'હવે મૂળીના મહંતને પૂછીએ.' એટલે સ્વામીશ્રી તરત જ પોતાના આસને જતા રહ્યા.

પછી જામભાએ બાલમુકુંદદાસને પૂછ્યું : 'તમે આવ્યા તે અમે બહુ રાજી થયા છીએ, પણ રસોઈ માટેનું તમારા બેઉ પક્ષોએ શું કરવું તે મૂંઝવણ છે. તમારા સંતો રસોઈ કરવા તૈયાર હોય, તો યોગીબાપા તથા તેમના સંતોને જમવામાં કોઈ બાધ નથી. અને આ પ્રમાણે ન કરવું હોય, તો યોગીજી મહારાજનું સંતમંડળ પણ રસોઈ બનાવવા તૈયાર છે, તે તમારે અને સંતોએ જમી લેવું.'

ત્યારે મૂળીના મહંત સ્વામીએ ભળતું જ પૂછ્યું : 'ઘઉંનો ખરડો ક્યારે કરવાનો છે ?'

ત્યારે બાપુભા કહે : 'ચાર-પાંચ દિવસ પછી શરૂઆત થશે. જ્યારે યોગીબાપાનો ખરડો થશે, ત્યારે દર સાલ મુજબ મૂળીનો ખરડો પણ સાથે સાથે જ થઈ જશે.'

પછી મૂળીના મહંત સ્વામીએ ફોડ પાડ્યો : 'અડવાળના બે સત્સંગીઓનો એવી મતલબનો પત્ર આવ્યો છે કે તમે બીજ-ત્રીજમાં નહીં આવો, તો તમારો ખરડો નહિ થાય.'

આ સાંભળી બંને ભક્તોને આશ્ચર્ય થયું. તેઓ કહે : 'આવી કોઈ બાબત અમારે ચર્ચાઈ પણ નથી. અમે દર સાલ તમારા સંતો હાજર ન હોય, છતાં પણ તમારા ઘઉં મૂળી પહોંચતા કરીએ જ છીએ; તેમ આ સાલ પણ થશે. આમાં ક્યાં આપવા - ન આપવાનો પ્રશ્ન છે ?'

વાસ્તવિક પરિસ્થિતિ જાણતાં મૂળીના મહંત બાલમુકુંદદાસજી થોડા ભોંઠા

પડી ગયા. તેમને ખાતરી થઈ કે કોઈ ઈર્ષાળુ હરિભક્તે પત્ર લખ્યો હોવો જોઈએ. તેઓએ જમ્યા વગર તરત જ રજા માગી અને બરોળ ગામે જવા રવાના થયા.

સર્વે હરિભક્તો સ્વામીશ્રીના નિર્માનીપણાનો ગુણ વિચારતા રહ્યા. મૂળી દેશના હરિભક્તોને પણ પ્રતીતિ થઈ કે યોગીજી મહારાજ અજાતશત્રુ સંત છે.

બીજે દિવસે સવારે યુવકો સાથે ગોષ્ઠિ કરતાં સ્વામીશ્રીએ વાત કરી : 'આપણે તો અમેરિકા, જાપાન, જર્મની બધે સત્સંગ કરાવવો છે, માટે તૈયાર થાવ.' સ્વામીશ્રી ઘણી વાર કેફમાં આવી આ વાત કરતા અને યુવકોને જુદી જુદી ભાષાઓમાં પ્રવચન કરવા પ્રેરતા.

આંથી સ્વામીશ્રી સાથે વિચરણ કરતા કેટલાક આનંદી યુવકો મજાકમાં કહેતા કે 'બાપા ! આપણું અડવાળ એ અમેરિકા, ઝમરાળા એ જર્મની ને જાપાન, અને રોહિશાળા એ રશિયા !'

સ્વામીશ્રી આ સાંભળી હસી પડતા અને કહેતા : 'તમે બધા આ દેશોને ડોલી જતા નજરે જોશો.'

(સ્વામીશ્રીનાં આ વચનો સિદ્ધ થયાં. આજે પ્રમુખસ્વામી મહારાજ દ્વારા દુનિયાભરના ઘણાખરા દેશોમાં અક્ષરપુરુષોત્તમ મહારાજની પ્રતિષ્ઠા થઈ છે.)

અહીંથી હરિજયંતીના સમૈયા ઉપર સ્વામીશ્રી અમદાવાદ પધાર્યા. આમ, સ્વામીશ્રીએ ઝાલાવાડની પંચતીર્થીમાં ફરી તથા બીજાં કેટલાંક ગામોમાં વિચરણ કરી, પધરામણીઓ તથા કથાવાર્તાથી ઝાલાવાડના મુખ્યત્વે દરબાર હરિભક્તોને સારો લાભ આપ્યો.

યુવકોના ઉમંગથી ઉત્સવોમાં નવો ઓપ

સ્વામીશ્રીની આજ્ઞાથી શરૂ થયેલી યુવક પ્રવૃત્તિ હવે ઝડપથી વિકસતી જતી હતી. અમદાવાદ યુવક મંડળે સારી પ્રગતિ કરી હતી. આ વખતે તા. ૯-૪-'૫૭, હરિજયંતીના ઉત્સવની તૈયારીમાં યુવકોએ સારો ભાગ લીધો હતો. મંદિરનું પ્રવેશદ્વાર તથા વિશાળ મંડપ ધજાપતાકા તથા સૌરાષ્ટ્રની ભાતીગળ પિછવાઈઓ, ચાકળા અને તોરણોથી શણગાર્યા હતાં. શ્રીહરિ જયંતી નિમિત્તે સ્વામીશ્રીના સાંનિધ્યમાં સુંદર સભાનું આયોજન થયું હતું.

સૌ પ્રથમ શાહપુર ટ્યુટોરિયલ હાઈસ્કૂલના બૅન્ડે સ્વામીશ્રી તથા સંતોનું સ્વાગત કર્યું. યુવક મંડળના મંત્રી દિનેશ ભગતે મહેમાનોનો પરિચય આપ્યો. ત્યારબાદ ધીરુભાઈ પરીખના સ્વાગત-પ્રવચન પછી હર્ષદભાઈ દવે, ચીમનલાલ

શાસ્ત્રી પણ બોલ્યા. સંસ્કૃત કૉલેજના પ્રધાન આચાર્ય અને પરમ વૈષ્ણવ ભક્તરાજ પ્રો. બાંભણિયાએ તેમના પ્રવચનમાં જણાવ્યું :

'હું તો સો વાતની એક વાત કહીશ કે આજે સાક્ષાત્ બિરાજતા યોગીજી મહારાજ છે, તેમને ઓળખી લો. આપણું લૌકિક જીવન લૂખા લોટ જેવું છે. લોટ ફકાતો નથી. લોટરૂપી જીવનમાં ભગવાનના ભજનરૂપી ખાંડ નાખીએ તો જ લાડુ થાય. બધાય ભૌતિક લાડુ તો ખાઓ છો, પણ અલૌકિક લાડુ કોઈ ખાતા નથી. લૌકિક જીવનમાં કુમાશ આપનારા સંતો જ છે. શ્રીકૃષ્ણના બે અવતાર. ભાગવત અવતાર અને ભક્ત અવતાર. ભક્ત અવતાર નિત્ય જ છે, જેનાથી આ જીવનમાં આપણે ઉચ્ચ માર્ગે સંતો દ્વારા આગળ વધી શકીશું.'

સંસ્કૃતના પ્રો. ભગવતીપ્રસાદ પંડ્યા, ગોહેલ સાહેબ, અંબાલાલભાઈ, મણિશંકર પુરાણી તથા નરેન્દ્રકુમાર બોડીવાળા વગેરે મહાનુભાવોએ પ્રવચનો કર્યાં. યુવક મંડળના પ્રમુખ હરિકૃષ્ણભાઈએ મંડળની પ્રગતિનો ખ્યાલ આપતાં જણાવ્યું કે 'યુવક મંડળે મંદિરમાં ઊજવાતા દરેક ઉત્સવ-સમૈયાની ઉજવણીમાં સારો ભાગ લીધો હતો. ગોંડલ તથા બોચાસણના સમૈયાઓમાં પણ જઈને સારી સેવા કરી હતી. નારાયણ ઘાટ 'આનંદ-પર્યટન' યોજ્યું હતું. 'બ્રહ્માનંદ' નામનો હસ્તલિખિત અંક પણ તૈયાર કર્યો હતો.'

મુખ્ય મહેમાન શેઠ શ્રી નંદુભાઈ મંછારામે ખૂબ જ લાગણીપૂર્વક કહ્યું : 'શાસ્ત્રીજી મહારાજના પ્રસંગમાં હું ૧૫ વર્ષની નાની વયે આવ્યો. ત્યારે મારી સ્થિતિ સામાન્ય હતી, પણ એમના આશીર્વાદથી આજે ખૂબ પ્રગતિ કરી, જીવન સફળ બનાવ્યું છે.'

પ્રમુખ સ્થાનેથી ખેંગારજીભાઈ તથા મોટાસ્વામીનાં પ્રવચનો બાદ સ્વામીશ્રીએ આશીર્વાદ આપી સૌને શાંતિ પમાડી.

સાંજે શેઠશ્રી ચંપકભાઈ બૅંકરના પ્રમુખપદે તથા ગોહેલ સાહેબના મુખ્ય મહેમાનપદે બીજો સમારંભ યોજાયો, જેમાં યુવક મંડળે 'જીવન નૈયા' નામનો સંસ્કાર કાર્યક્રમ સુંદર રીતે રજૂ કર્યો હતો. રાત્રે જન્મોત્સવની આરતી સ્વામીશ્રીએ ઉતારી. હરિભક્તોને શ્રદ્ધા અને ભક્તિમાં ચકચૂર કરી દીધા.

સાધુધર્મ ઉજાળે તેવી સાદાઈ

આજે નિર્જળા ઉપવાસ હતો. સ્વામીશ્રી બપોરે પત્ર લખી રહ્યા હતા. આફ્રિકાના એક હરિભક્તે પોતાની પેન લખવા માટે આપી.

પત્ર લખ્યા પછી સ્વામીશ્રીએ તે પેન હરિભક્તને પાછી આપી. તેઓ કહે : ‘બાપા ! એ આપની પાસે રાખો. ત્રણસો રૂપિયાની કિંમતની છે. લખવામાં બહુ સુગમતા રહેશે.’

સ્વામીશ્રી કહે : ‘અમારે આવી મોંઘી પેન રખાય જ નહિ. તાલમેલ કરાય જ નહિ. લખાવું જોઈએ. સારી પેન, કલમથી અમારે કાંઈ કામ નહિ.’

સ્વામીશ્રી કેસરી રંગની જાડી સસ્તી પેન રાખતા. અડધો ખડિયો શાહી સમાઈ જાય. તે લીક થાય, હાથ બગાડે, પણ સ્વામીશ્રી એવી જ પેન હંમેશાં વાપરતા.

પેલા હરિભક્તનો પ્રેમ ઘણો હતો, પરંતુ સ્વામીશ્રીની સાદાઈ પણ સાધુના ધર્મને ઉજાળે તેવી હતી.

આજના શુભ દિવસે સ્વામીશ્રીએ મુંબઈના યુવકોને એક પ્રેરણાત્મક પત્ર લખ્યો :

‘આપણે શું કરવા આવ્યા છીએ તે વિચાર કરવો. પદાર્થ નાશવંત છે. સ્ત્રી-ધન નાશવંત છે. આ તો મે’માન તરીકે રહ્યા છીએ તે જાણપણું રાખવું. ઇન્દ્રિયું-અંતઃકરણને જીતી લેવાં. જો ઘાટ કર્યો તો તારા ભુક્કા કરી નાખીશ, એમ મહારાજનું બળ રાખીને ઈ જીતી લેવાં.

‘જે કરવાનું છે તે કરી લેવું. અક્ષરધામમાંથી આપણે આવ્યા છીએ. તે બે શત્રુ ટાળવા. તેમનાં નામ પ્રમાદ અને મોહ. એ બે શત્રુ નડે છે, તો ટાળવા.

‘તો બે શત્રુ ટાળવાને માટે સમાગમ છે. તે સંતમાં આત્મબુદ્ધિ રાખવાથી એ બે શત્રુ ટળે છે. તો હવે બળ રાખવું. ગઢડા મધ્યનું ૬૩મું વાંચવું.

‘તો હવે સમૈયે ગોંડલ પધારો. દેહે નોખા છીએ પણ અંતરમાં ભેગા છીએ. માટે ડંકો વગાડવાનો. મંડળ વધારો. ૫૧ યુવકો કરો, તો થઈ જાશે.’

આવા પત્રો સ્વામીશ્રી વારંવાર પોતાના લાડીલા યુવકોને લખતા રહેતા. આ સાદા સીધા લાગતા પત્રો જ્યારે યુવાનોના હાથમાં પહોંચતા, ત્યારે તેમને કોઈ અલૌકિક ખુમારી આવી જતી. સ્વામીશ્રીના હસ્તાક્ષર અને બળના, મહિમાના શબ્દો યુવકોના રોમેરોમને જાગ્રત કરી દેતા. માયાને વિદારવાનું કોઈ અદૃશ્ય બળ સ્વામીશ્રીના આવા પત્રોથી સૌને પ્રાપ્ત થતું.

હૃદયસ્પર્શી વત્સલતા

બીજે દિવસે સાંજે અહીં સત્સંગ સભા ભરાઈ હતી. તે વખતે સ્વામીશ્રી

કોઈ જાણે નહિ તેમ, મંદિરના જૂના મકાનના મેડે પોતાના ઉતારાના ઓરડામાં પધાર્યા. અહીં વિનુ ભગતને તાવ આવ્યો હતો તેથી તેઓ માથે ઓઢીને સૂતા હતા. સ્વામીશ્રીને તેમની ચિંતા હતી, તેથી તેમની પાસે બેસી ધીરે ધીરે પગ દાબવા લાગ્યા. વિનુ ભગતને સારું લાગ્યું, પણ તેમને ખ્યાલ નહિ કે સ્વામીશ્રી જ પગ દાબી રહ્યા છે. તેમને થયું કે 'કોઈ દાબતું હશે. સારું લાગે છે તો ભલે દાબે.'

એવામાં ચંપકલાલ શેઠ ઓરડામાં આવી પહોંચ્યા ને કહે : 'બાપા ! નીચે સભામાં સૌ આપની વાટ જુએ છે.'

આ સાંભળી વિનુ ભગત ચમક્યા, એકદમ બેઠા થઈ ગયા. તેમના મોં પર અપરાધ થઈ ગયાની વેદના છવાઈ ગઈ ને ગભરાઈને સ્વામીશ્રીને હાથ જોડી દીધા. સ્વામીશ્રી કહે : 'તમે સૂઈ જાવ. બહુ તાવ છે; શરદી લાગી જશે.'

પણ હવે કેમ સુવાય ? તેમને ખૂબ ગ્લાનિ થઈ કે આ શું થઈ ગયું. પછી સ્વામીશ્રી શેઠને કહે : 'તમે ભગતના પગ દાબો તો હું સભામાં જાઉં !'

વિનુ ભગત આનાકાની કરતા રહ્યા ને સ્વામીશ્રી શેઠને કહેતા ગયા : 'એ ભલે ના પાડે, તમે દાબો. હું નીચે જઈ બીજા યુવકને મોકલું છું.'

સ્વામીશ્રી સભામાં પધાર્યા. વિનુ ભગત તો ઊભા જ થઈ ગયા. શેઠને પગ કેમ દાબવા દેવાય ?

થોડી જ વારમાં બીજા યુવકો આવી પહોંચ્યા અને શેઠને વિનંતી કરી સભામાં મોકલ્યા. વિનુ ભગત તો આટલી સારસંભાળ અનુભવતા ગદ્‌ગદ થઈ ગયા. માંદાની સેવા અને ખબર રાખવામાં, સ્વામીશ્રીની વત્સલતા માતા કરતાંય અનેક ગણી અધિક હૃદયસ્પર્શી રહેતી.

આ અરસામાં કડીના ડૉ. રામભાઈ એમ. પટેલ અભ્યાસ કરી રહ્યા હતા ને સ્વામીશ્રી જ્યારે અમદાવાદ પધારતા ત્યારે અચૂક આવતા. તેમને સ્વામીશ્રીના સાંનિધ્યમાં અને સેવામાં એટલો આનંદ આવતો કે ઇન્ટર સાયન્સની પરીક્ષા, જેના માર્ક્સથી જ મૅડિકલમાં પ્રવેશ મળે, તેના આગલા દિવસે પણ સ્વામીશ્રી અમદાવાદમાં હોવાથી આખો દિવસ પીરસવાની, પતરાવળાં ઊંચકવાની બધી જ સેવા માટે ગાળેલો. તેમને પરીક્ષાનો ભાર કે ચિંતા બિલકુલ લાગી નહિ. પરીક્ષામાં પણ સ્વામીશ્રીના આશીર્વાદથી ગુજરાતમાં સારો નંબર આવ્યો. સિવિલ હૉસ્પિટલના અભ્યાસકાળ દરમ્યાન પણ, સ્વામીશ્રી અમદાવાદ આવે ત્યારે વહેલી સવારે સ્વામીશ્રીના મંગળ પ્રવચનમાં નિયમિત જતા, તેમને દિવ્ય આનંદ આવતો. આવો સ્વામીશ્રીનો નેડો અનેક વિદ્યાર્થીઓને લાગતો.

હતાશ હૈયાને હામ

ચૈત્રી પૂનમનો સમૈયો બોચાસણ કર્યો. અહીં એક હરિભક્ત સ્વામીશ્રીનાં દર્શન કરતાંની સાથે જ રડવા લાગ્યા અને કહે : 'હું બહુ પાપી છું.'

સ્વામીશ્રી કહે : 'એવું બોલશો નહિ. સંત તો બહુ પુણ્યવાળાને મળે છે. પાપીને તો મળે જ નહિ.'

પરંતુ પેલા હરિભક્ત તેમનો ભાવ અને અશ્રુ ખાળી શક્યા નહિ.

સ્વામીશ્રીએ પૂછ્યું : 'તમે કોઈનું લીધું છે ? તમે કોઈને અન્યાય કર્યો છે ?' વગેરે પ્રશ્નો પૂછ્યા. પેલા હરિભક્ત ના પાડતા જાય.

સ્વામીશ્રી કહે : 'તમે કોઈ પાપ કર્યું નથી. દોષ તો હોય, પણ આપણા દોષ બીજાને ન નડવા જોઈએ.'

પેલા હરિભક્તના અંતરમાં શાંતિ થઈ ગઈ. દુઃખ ઓસરી ગયું અને મુખ પર પશ્ચાત્તાપ સાથે પ્રાયશ્ચિત્તની પ્રસન્નતા છવાઈ ગઈ.

સ્વામીશ્રી હરિભક્તોમાં એટલી સરળતાથી બળ અને ઉત્સાહ પ્રેરતા ને તેમને ભગવાનમાં શ્રદ્ધા કરાવી દેતા કે હરિભક્તને પોતામાં થયેલો ફેરફાર સ્વાભાવિક જ લાગતો.

હરિભક્તોનાં સુખ-દુઃખ તેઓ એકચિત્તે સાંભળતા. તેઓ અતિ શ્રદ્ધાવાન શ્રોતા હતા. કાંઈપણ તથ્ય વિનાની, નાખી દેવા જેવી એકની એક વાત કોઈ દસ વખત કરે, તોપણ શાંતિથી સાંભળવી અને તેમના મનનું પૂર્ણ સમાધાન કરવું, એ કાર્ય શ્રદ્ધા અને સરળતા બંને ગુણો માગી લે તેવું કઠિન હોય છે, જે સ્વામીશ્રીને સહજ હતું.

અહીંથી ટ્રેનમાં ભાદરણ આવ્યા. રજાઓ પડવાથી યુવકો સ્વામીશ્રી સાથે ફરવા આવવા લાગ્યા હતા. આજુબાજુનાં ગામોના હરિભક્તોને પણ સ્વામીશ્રીએ બોચાસણથી સાથે લીધા હતા. યુવકોની જેમ હરિભક્તોને પણ સ્વામીશ્રી વિચરણમાં સાથે લાવતા. હરિભક્તોને વ્યાવહારિક જવાબદારીઓ હોય, તેથી સમૈયા-ઉત્સવમાં આવે પણ સમય કાઢીને સ્વામીશ્રી સાથે વિચરણમાં ન ફરી શકે; છતાં સ્વામીશ્રી આગ્રહ કરી તેમને પણ સાથે ફેરવે. સાથે ફરવામાં સૌ તન-મનનો થોડો ભીડો વેઠતાં શીખે એ જ એમને તાન; તો જ દેહનો અનાદર થાય, સમાગમનો લાભ મળે અને વ્યવહારનાં બંધનો તૂટે. સ્વામીશ્રી સાથે ફરતાં નાના-મોટા સૌ કોઈના જીવનમાં આ બધા હેતુઓ, એક યા બીજી

રીતે જરૂર સિદ્ધ થતા જ. સ્વામીશ્રીને એનો જ સંતોષ હતો. કારણ, જે હેતુ માટે એમનું પ્રાગટ્ય અને વિચરણ હોય તે ગુણાતીત સંત જરૂર સિદ્ધ કરે જ. વળી, જે વિચરણમાં સાથે ન આવી શક્યા હોય, તેને યાદ કરી સ્વામીશ્રી પત્ર લખે, પ્રેરણા આપે અને હેત-પ્રીતથી અધ્યાત્મનાં સંસ્કાર-બીજ રોપે.

હરિભક્તોના પત્રોનો મહિમા !

આજે ઝાડેશ્વરના નટવરભાઈ શુક્લનો પત્ર આવ્યો હતો. આમ તો તેઓ રોજ એક પત્ર સ્વામીશ્રીને લખે. જેમાં કોઈ વિશેષ સમાચાર ન હોય. ઘણી વાર તો ટપાલમાં તેમના એકસાથે એક જ સરખા લખાણના ત્રણ-ચાર કે પાંચ પાંચ પોસ્ટકાર્ડ ભેગાં મળતાં. એવી જ રીતે એકસરખા લખાણના તેમના પાંચ પત્રો આજે ભેગા થઈ ગયા હતા, તેથી વિનુ ભગતે તેમાંથી એક જ પત્ર સ્વામીશ્રીને આપ્યો. તે વાંચી સ્વામીશ્રી કહે : 'બીજી ટપાલ નથી ? બધી ન આપી ?'

'બાપા ! બધી આપી છે.' વિનુ ભગતે કહ્યું.

સ્વામીશ્રીએ અત્યંત કરુણાથી આર્દ્ર થઈ વિનુ ભગત સામે દૃષ્ટિ માંડી. કહે : 'શુક્લ સાહેબની બધી ટપાલ ક્યાં છે ? એક જ પત્તું આપ્યું છે.'

'પણ બાપા ! એ બધી એકસરખી જ ટપાલ છે, એટલે એક જ પત્તું વાંચવા આપ્યું છે.'

સ્વામીશ્રીએ ફરી એટલી જ આર્દ્રતાથી કહ્યું : 'ભઈસા'બ, એવું ન કરવું. બધાં પત્તાં લાવો.' પછી તેમણે આપ્યાં, ત્યારે સ્વામીશ્રીએ પ્રેમથી એક પછી એક પાંચેય પત્રો વાંચ્યા અને આંખે અડાડ્યા. પછી કહે : 'શાસ્ત્રીજી મહારાજ રાજી થયા. આપણે હરિભક્તની સેવા થઈ ગઈ !' એમ કહી વિનુ ભગતને કહ્યું : 'તમારે બધાં પત્તાંનાં દર્શન કરાવવાં ! રહી ગયાં હોય તો સામેથી કહેવું.'

સ્વામીશ્રીની આ ભાવના અને લાગણીથી વિનુ ભગત તો દિંગ થઈ ગયા.

સ્વામીશ્રીની આ ખાસિયત હતી. ઘણી ટપાલોમાં તો એટલા વિચિત્ર અક્ષરો હોય તોપણ સ્વામીશ્રી મથ્યા કરે, આમતેમ ફેરવે, ચશ્માં સુધી પત્ર લાવે, આંગળી ફેરવતાં નિર્દોષતાથી પત્રમાં મગ્ન બની જાય, પણ પત્રનો એકેએક અક્ષર ઉકેલે ખરા. હરિભક્તના પત્રની ઝીણામાં ઝીણી વિગત તેઓ યાદ રાખતા.

એક વાર તો વિનુ ભગતને એક પત્ર બરાબર ઊકલ્યો નહિ, પણ જ્યારે સ્વામીશ્રીએ તેનો ઉત્તર લખ્યો ત્યારે તે મુદ્દો આવી ગયો હતો !

સ્વામીશ્રી આખો પત્ર વાંચે, બધું યાદ રાખે, સેવકો જવાબ લખે તે પણ

વાંચે અને બાકી રહેલો મુદ્દો આવરી લઈ ઉત્તર લખે. ખાનગી પત્રો પોતે જ વાંચતા અને તરત જ ફાડી નાખતા. વળી તેવા પત્રોનો ઉત્તર લખી, જાતે બીડી, એવી રીતે મોકલે કે કોઈ વાંચી શકે નહિ.

પત્રલેખન એ સ્વામીશ્રીના લાગણીસભર વ્યક્તિત્વની અસાધારણ અભિવ્યક્તિ હતી.

મહારાજે આપણો સ્વાદ ટાળ્યો

અહીં સાંજે એક હરિભક્તને ત્યાં ઉકાળા-પાણી માટે જવાનું હતું. ઘણી બધી વાનગીઓ ઠાકોરજી માટે બનાવી હતી. ઠાકોરજીનો થાળ થઈ રહ્યો હતો. ભક્તોની ભીડ પણ વધી રહી હતી.

એટલામાં અંબુભાઈ હીરાભાઈ એક બાળકીને લઈને છેક સ્વામીશ્રી પાસે પહોંચ્યા. કહે : 'બાપા ! આને આશીર્વાદ આપો.' સૌને જાણ થઈ કે 'આ તો દીકરી છે.'

તેથી મોટાસ્વામી અને સૌ હરિભક્તો અંબુભાઈ ઉપર ગુસ્સે થયા અને ઘડીભર કોલાહલ મચી ગયો. સૌને એક જ ચિંતા હતી કે જેને માટે આ બધું ગોઠવ્યું છે, તે સ્વામીશ્રી હવે જમશે નહિ. પણ તેઓ તો તદ્દન શાંતિથી બેઠા હતા. જ્યારે સૌ શાંત પડ્યા ત્યારે એટલું જ બોલ્યા : 'મહારાજે આપણો સ્વાદ ટાળ્યો.' સારાયે પ્રસંગને સ્વામીશ્રીએ ગુણદર્શનમાં ફેરવી નાખ્યો.

સ્વામીશ્રી તથા સંતો હવે જમશે નહિ તે જાણી, પેલા હરિભક્તને અત્યંત નિરાશા વ્યાપી ગઈ. સ્વામીશ્રીએ તેમના મનનું સમાધાન કરતાં કહ્યું : 'બધા હરિભક્તો અમારા વતી બમણું ખાજો; તમારામાં રહીને મહારાજ-સ્વામી અને શાસ્ત્રીજી મહારાજ જમી જશે. જો જો જમવામાં કોઈ પાછા પડશો નહિ.'

સાંજે ટ્રેક્ટરમાં સીસ્વા જવા નીકળ્યા. રસ્તામાં એંજિન બગડ્યું, પેટ્રોલ ખૂટ્યું, પણ જેમ-તેમ પહોંચ્યા ખરા. ચરોતરના ગાડાના ચીલામાં દોડતા ટ્રેક્ટરથી દડ ખૂબ ઊડતો હતો. ટ્રેક્ટરમાં ઠબલાતા, ખૂંદાતા, ઊછળતા પણ ભજન કરતાં ને કરાવતાં, આનંદ આપતાં સ્વામીશ્રી કહે : 'આ તો દડ નહિ, પણ ગુલાલ ઊડે છે !' વિપરીત સંજોગોને, નાની-મોટી મુશ્કેલીઓને, અડચણોને પણ સવળી રીતે વિચારવાનો સ્વામીશ્રીનો સ્વભાવ હતો.

સામાન્ય રીતે ઉનાળાના તાપમાં, ટ્રેક્ટરની અથડામણ, ધૂળના ઊડતા ગોટેગોટા, જેનાથી નાક, ગળું, આંખ, કાન, માથું બધું જ ધૂળ ધૂળ થઈ જાય,

ત્યારે આપણને દેહાભિમાનીને કંટાળો આવે, મૂંઝવણ થાય, વિચરણ પડતું મૂકી દેવાનું મન થાય; પણ સ્વામીશ્રીનો તો એ જ ઉત્સાહ ! શાસ્ત્રીજી મહારાજના કાર્યને, અક્ષરપુરુષોત્તમની ઉપાસનાના પ્રવર્તનને વેગ આપવામાં જરાપણ શિથિલતા નહિ. ઊલટાનો અધિક આનંદ. એટલે જ તેઓ ધૂળને ગુલાલ માની શકતા હતા. તેઓ અંતરમાંથી બોલેલા. દેહની કોઈ પરવા નહોતી ત્યારે જ આવા સવળા વિચારો આપી શકતા હતા. દેહાભિમાનમાં સાંગોપાંગ ડૂબેલા દુનિયાના ડાહ્યા માનસશાસ્ત્રીઓ, પોઝિટિવ થિંકિંગની, સવળા વિચારની ફિલસૂફી શું આપી શકે ? દેહાતીત અવસ્થામાં વર્તતા આવા વિરલ સંતો જ સવળા વિચારને જીવનમાં અપનાવી, આચાર દ્વારા જ અનેક ગણો ઉપદેશ આપી શકે.

સાથે ફરતા યુવાનોની આ હરતી-ફરતી શાળા હતી. સ્વામીશ્રીનો પહેલો પાઠ : 'જ્યાં-ત્યાં, જેવું-તેવું, જેમ-તેમ ચલાવતાં શીખવું' – આવા કષ્ટદાયક વિચરણમાં આપોઆપ સિદ્ધ થતો. બહારથી એવું લાગે કે આ તો એક ગામથી બીજે ગામ જાય છે, ખાય-પીએ છે, હરે-ફરે છે, યુવકોને ફરવાનું મળે છે; પણ સ્વામીશ્રીનો સ્વભાવ હતો કે વિચરણમાં અસુવિધાઓ ઊભી કરવી અને એમાં આનંદથી પાર ઊતરવું. રસોઈ કરવી, વાસણ ઊટકવાં, ગંદકી સાફ કરવી, પાણી ભરવું વગેરે સેવાઓ પણ ગામોગામ સ્વામીશ્રી યુવકો પાસે કરાવતા. આ બધી આકરી કવાયતથી મન સરકી જવા પ્રયત્ન કરે, પણ સ્વામીશ્રીનો શુદ્ધ પ્રેમપાશ સૌને અદૃશ્ય રીતે એમની સાથે જકડીને બાંધી રાખતો. કોઈ એ બંધનમાંથી છૂટી શકતા નહિ.

સીસ્વામાં રાત્રે ૧૦-૦૦ વાગ્યા સુધી પધરામણીઓ થઈ. યુવકોને પણ સ્વામીશ્રી પધરામણીમાં ધૂન-ભજન કરતાં ફેરવતા. અંટોલીવાળા જેઠાભાઈને ત્યાં ધાડ પડી હતી, તેથી સ્વામીશ્રી કાર્યક્રમમાં ફેરફાર કરી, અટલાદરા થઈ અંટોલી આવી એમને મળ્યા. આશ્વાસન આપ્યું. પછી મોહનભાઈને ત્યાં વાઘોડિયા પધાર્યા.

આત્મનિષ્ઠા અને ભક્તિની અશબ્દલીલા

શાળા-કૉલેજના વૅકેશનને કારણે ઘણા યુવકો અહીં સ્વામીશ્રી સાથે હતા. સ્વામીશ્રી સૌ યુવકોને મંદિરમાં જુદી જુદી સેવા સોંપતા. મુંબઈના કિશોરભાઈ, નિરંજનભાઈ તથા અમે સૌ બ્રાહ્મણ યુવકો રસોઈ સેવામાં જતા.

વાઘોડિયામાં સાંજે સભા બાદ સ્વામીશ્રીએ નિરંજનભાઈ દવેને આજ્ઞા કરી : 'ખીચડી, શાક અને ઉકાળો બનાવો. ઠાકોરજીને ધરશું.' એમ કહી ચુની ભગતને પણ સાથે મદદમા મોકલ્યા.

શાકનો વઘાર મૂક્યો હતો ત્યાં જ મોટાસ્વામી પધાર્યા. કહે : 'શાક તું ના વઘારીશ. હું વઘારીશ.'

'સારું.' નિરંજનભાઈએ કહ્યું.

મોટાસ્વામી આવ્યા. વઘાર મૂક્યો. મરચું વઘારમાં જ નાખ્યું. નિરંજનભાઈ કહે : 'સ્વામી ! બાપા માટે મોળું શાક કાઢવાનું છે.'

મોટાસ્વામી કહે : 'ગોંડાના ભઈ, આ તીખું ના લાગે !' એમ કહેતાં વઘાર કરી જ નાખ્યો.

થાળ થતાં સ્વામીશ્રી, મોટાસ્વામી, પ્રમુખસ્વામી વગેરે જમવા બિરાજ્યા. સ્વામીશ્રીએ શાક લીધું પણ ઘણું તીખું લાગ્યું. પોતે ક્યારેય આવું જમતા નહિ, વળી તેમની પ્રકૃતિને પણ આવું માફક નહીં. અને પેટની તકલીફને કારણે પોતે હંમેશાં સાવ ગળી ગયેલું અને જરાપણ સ્વાદ ન આવે તેવું ફિક્કું જમતા. તે છતાં મોટાસ્વામીના આગ્રહથી થોડું શાક લીધું હતું, પણ તીખું હોવાથી વારે વારે પાણી પીએ. મોટાસ્વામીએ પૂછ્યું : 'શાક કેવું છે ?'

'સર્વોપરી ! બીજા કોઈ બોલે તે પહેલાં સ્વામીશ્રી બોલી ઊઠ્યા અને પાણી મોંએ માંડ્યું. બે-ત્રણ વાર પાણી પીધું ને કહે : 'શાક સર્વોપરી ! શાક બહુ સારાં.'

પ્રમુખસ્વામી આ લીલા જુએ. રાતે સૌ અટલાદરા પાછા આવ્યા.

બીજે દિવસે નિરંજનભાઈ રસોઈ બનાવતા હતા ત્યાં પ્રમુખસ્વામી પધાર્યા અને કહે : 'જો ધ્યાન રાખજે. મોળું કાઢજે. કાલની જેમ ન થાય.'

સ્વામીશ્રીના સ્વાસ્થ્ય માટે, અન્ય અનુકૂળતા અને સગવડો માટે પ્રમુખ-સ્વામી ખાસ મન દઈને ભક્તિપૂર્વક કાળજી રાખતા. કારણ કે સ્વામીશ્રીને તો પોતાની પ્રતિકૂળતા કોઈનેય જણાવવાનું અંગ જ નહીં. આમ, ગુરુ-શિષ્યની આત્મનિષ્ઠા અને ભક્તિની અશબ્દલીલાનો અનોખો સંગમ રચાતો.

રાત-મધરાત ન જોતા, યુવકોના સાચા હમદર્દી

અમારી સાથે અમદાવાદના જગદીશ ત્રિપાઠી પણ સેવામાં જોડાઈ ગયા હતા. આજે જગદીશભાઈને તાવ આવ્યો. સ્વામીશ્રીને એક યુવકે વાત કરી. એટલે કહે : 'તેમને સુવાડી દો.'

તાવ ધીરે ધીરે વધતો જતો હતો. મોડી રાત્રે તો શરીર જાણે તાવથી બળી જશે એવું તેમને લાગવા માંડ્યું. જગદીશભાઈ તો ઓઢીને સૂનમૂન સૂઈ રહ્યા. શરીરમાં અંદરથી લૂ ફેંકાતી હોય એવી બળતરા થતી હતી. માથું સખત દુઃખતું હોવાથી તેમનાથી ધીમા સિસકારા નીકળી જતા હતા.

રાત્રિના બે વાગ્યાનો સુમાર થયો હશે. તેમનું માથું ખોળામાં લઈને ધીમું ધીમું કોઈ દબાવી રહ્યું હતું. તેમને ઘણી શાંતિ થઈ. આમ ને આમ અડધો કલાક વીતી ગયો હશે.

એકાએક પડખું ફેરવી, માથું કોણ દાબે છે તે જોવા તેમણે આંખો ખોલી, તો સ્વામીશ્રી ! તેઓ સફાળા બેઠા થઈ ગયા અને સ્વામીશ્રીનો હાથ પકડી એકદમ રોકી દીધા. સ્વામીશ્રી કહે : 'તમે સૂઈ જાવ. માથું દાબવા દ્યો. સવારે તાવ ઊતરી જશે. ચિંતા કરશો નહિ.'

સ્વામીશ્રીનું આવું હેત જોઈને તેઓ રડી પડ્યા. ગળે ડૂમો ભરાઈ ગયો અને વાણી બંધ થઈ ગઈ.

થોડી વારે તેમણે બે હાથ જોડી કહ્યું : 'બાપા ! હું તમારી સેવા માટે આવ્યો છું ને આવું થઈ ગયું. પણ હવે આપ પોઢી જાવ. ઊલટી મારે આપની સેવા કરવાની હોય ને તમે...'

સ્વામીશ્રીએ કહ્યું : 'તમે શ્રીજીમહારાજ અને અમારા માટે થાળ કરીને જમાડો છો. તમે અમારી સેવા રોજ કરો છો, તો સાજે-માંદે અમારે તમારી સેવા કરવી જોઈએ.'

પરતુ જગદીશભાઈએ આંખમાં આંસુ સાથે બહુ વિનંતી કરી, ત્યારે સ્વામીશ્રી કહે : 'શાસ્ત્રીજી મહારાજ તાવના ભુક્કા કાઢી નાંખશે. કાલે શિખંડની રસોઈ છે. તમને બે વાટકા શિખંડ જમાડવો છે.' એમ કહી સ્વામીશ્રી એક અમીદૃષ્ટિ કરીને સૂવા માટે પધાર્યા. એ અંધકારમાં સ્વામીશ્રીનાં નેત્રોમાંથી શીતળ, શાંત વાત્સલ્ય અને કરુણા વરસાવતો પ્રકાશ વહી રહ્યો હતો.

એ જ મિનિટે જગદીશભાઈને ઊંઘ આવી ગઈ. સવારે તાવ ઊતરી ગયો હતો. શરીરમાં તાજગી આવી ગઈ. તેઓ સ્વસ્થ થઈ ગયા અને સેવામાં પણ જોડાઈ ગયા.

સ્વામીશ્રી ઠાકોરજી જમાડી બધા યુવકોને પીરસવા નીકળ્યા. સૌને એક એક મોટો વાટકો ભરીને શિખંડ આપ્યો. જગદીશભાઈને બે મોટા વાટકા શિખંડ આપી કહે : 'તાવ ક્યાંય નાસી ગયો છે. માટે ભગવાનને સંભારીને જમી જાવ.'

સ્વામીશ્રીના પ્રેમે બે વાટકા શિખંડ ખવાઈ ગયો.

આજે વરસો પછી સ્વામીશ્રીનો પ્રેમભર્યો નિર્દોષ ચહેરો અને તેમાંથી અંધારી રાતે ટપકતું અમીમય વાત્સલ્ય જગદીશભાઈ માટે સ્મૃતિ-પાથેય બની ગયું છે.

સ્ત્રી-ધનના ત્યાગથી જ મહારાજ અખંડ ભેગા રહેશે

અહીં સૌએ શેરડી ઉત્સવ કરવા વિચાર્યું, તેથી સ્વામીશ્રીને વાત કરી; પરંતુ પ્રતિકૂળ સ્વાસ્થ્યને કારણે સ્વામીશ્રીએ બીજાને જવા કહ્યું અને પોતે, એક સંત તથા વિનુ ભગત મંદિરે જ રોકાયા.

સાંજે ચાર વાગે ઠાકોરજી જાગ્યા પછી સ્વામીશ્રી ટપાલ વાંચતા હતા. એ વખતે વિનુ ભગતે પૂછ્યું : 'બાપા ! વડતાલ જેવી સંસ્થા, પૂર્ણ પુરુષોત્તમ નારાયણે મંદિરો કર્યાં, ત્યાગ-વૈરાગ્યવાળા સંતો બનાવ્યા, સૌથી વિશિષ્ટ શાસ્ત્રો, અલૌકિક નિયમો - બધું સ્થાપી ગયા, છતાંય આવી શિથિલતા કેમ દેખાય છે ? ભવિષ્યમાં આપણું પણ એવું નહિ થાય ?'

સ્વામીશ્રી એકદમ ભાવમાં આવી ગયા અને કહેવા લાગ્યા : 'અહીં ભગવાન પ્રગટ બિરાજે છે. તેથી ધર્મ-નિયમનું હોય જ. કોઈ દિવસ મોળું ન પડે. સ્ત્રી-ધનના નિયમો સંતો પાળશે ને દુનિયાને છેડે ફરશે તોપણ શ્રીજીમહારાજ ભેગા જ રહેશે. માટે તૈયાર થઈ જાવ. એકાવન સાધુ બનાવી દેવા છે. જગતમાં સ્વામિનારાયણનો વાવટો ફરકાવી દેવો છે.'

સાંજે ગાડામાં અંબાલાલને ત્યા ભાયાપુરા આવ્યા.

ચૈત્રી પૂનમના સમૈયા ઉપર સૌ પ્રથમ વિસનગરના યુવાન મુમુક્ષુ નારણભાઈ નટવરભાઈ પટણી[૮] યોગાનુયોગ સ્વામીશ્રી પાસે બોચાસણ દર્શને આવ્યા. તેઓ ફક્ત બે દિવસ માટે જ દર્શને આવ્યા હતા, પણ જાણે પૂર્વની ઓળખાણ હોય એમ સ્વામીશ્રી સાથે અસાધારણ હેત બંધાઈ ગયું. ઉનાળાની રજાઓ હોવાથી સ્વામીશ્રીએ તેમને સમજાવીને વિચરણમાં સાથે લીધા અને લગભગ બે મહિના સુધી, ઉનાળાનું વૅકેશન પૂરું થયું ત્યાં સુધી સાથે ફેરવ્યા અને અપાર હેત કર્યું. આ વિચરણમાં સૌ પ્રથમ ભાયાપુરામાં સ્વામીશ્રીએ તેમને સાધુ થવાની વાત કરી.

તેમના પિતાશ્રી નટવરભાઈ પટણી જૂના મંદિરના ચુસ્ત સત્સંગી અને

---

૮. હાલ, વિવેકસાગર સ્વામી.

સંપ્રદાયમાં આગળ પડતા. અમદાવાદ દેશના મોટા મોટા સદ્‌ગુરુ સંતો તેમને ઓળખે. એ સંજોગોમાં નારણભાઈને ત્યાગી થવા માટે પરવાનગી મળે એમ હતું જ નહિ. પોતે ઘરમાં મોટા, અભ્યાસમાં પ્રવીણ. આ સાથે કેટલાંક કૌટુંબિક કારણોને લીધે પણ આ તદ્દન અશક્ય હતું. સ્વામીશ્રી આ બધી પરિસ્થિતિ જાણતા હતા, છતાં એમણે શબ્દ નાખ્યો. ત્યારે એમ વિચાર થાય કે આ સર્વજ્ઞ પુરુષ આવા યોગભ્રષ્ટ આત્માઓને ક્યાં ક્યાંથી ખેંચી લાવે છે !

નારણભાઈનો સ્વામીશ્રી સાથેનો યોગ[૯] શરૂ થઈ ગયો. નટવરભાઈને આ બધું ગમ્યું નહિ, પણ જૂના, નિષ્ઠાવાન અને સમજુ સત્સંગી એટલે વિરોધ કર્યો નહિ.

ભાવનાનું જતન

અહીં ભાયાપુરામાં એક કબીરપંથી ભક્તે પોતાના ઘરે સ્વામીશ્રીની

---

૯. ૧૯૫૮માં નારણભાઈનું ઇન્ટર સાયન્સનું પરિણામ આવ્યું, તે વખતે સ્વામીશ્રીએ તેમને મુંબઈની વી.જે.ટી.આઈ. કૉલેજમાં જ ભણવા જવાનો આગ્રહ રાખ્યો. અહીં અમદાવાદના રણછોડભાઈ અને તેઓ, બંને સ્વામીશ્રીના સંકેતથી ભેગા થઈ ગયા. બંનેએ ટેક્ષ્ટાઈલ ઍંજિનિયરિંગમાં પ્રવેશ મેળવેલો. હૉસ્ટેલમાં પણ બંનેને એક જ રૂમમાં સાથે રહેવાનું ગોઠવાયું. અહીં નિરંજનભાઈ તથા કિશોરભાઈનો યોગ થયો. સૌ યુવકોનાં પરસ્પરનાં હેત-પ્રીત અને કથાવાર્તાના પ્રસંગથી, સ્વામીશ્રીના મહિમાની અને એમના આજ્ઞાપાલનની દૃઢતા તેમને વધવા લાગી.

આ અરસામાં જ, ઉનાળાની રજાઓમાં સ્વામીશ્રી સાથેના સમાગમમાં, અમરેલીમાં સ્વામીશ્રીએ તેમને એકાએક ખૂબ જ પ્રેમથી સાધુ થવા માટે આગ્રહપૂર્વક કહ્યું, ત્યારે તેમણે મન આગળ ઊભેલી અનેક મુશ્કેલીઓ અને વિઘ્નોને ન ગણકારતાં, તુરત હા પાડી. સ્વામીશ્રી અત્યંત રાજી થયા અને આશીર્વાદનો મેઘ વરસાવી પ્રેમપાશમાં જકડી લીધા.

ત્યારપછી નારણભાઈનું મન અભ્યાસમાંથી સંપૂર્ણ ઊઠી ગયું. ભાવિના મનના મિનારાઓને તત્કાળ જમીનદોસ્ત કરી નાખ્યા. કૌટુંબિક તેમજ પિતા તરફથી ઊભી થયેલી અનેક મુશ્કેલીનો, શૂરવીરતાથી પણ વિવેકપૂર્વક સામનો કર્યો. તેમની નિષ્ઠાના બળથી અને સ્વામીશ્રીની પ્રેરણાથી એકાએક બધી અનુકૂળતા થઈ. નટવરભાઈને સાચી વાત સમજાઈ અને સ્વામીશ્રી પાસે આવી રાજી-ખુશીથી પોતાના યશસ્વી પુત્રને સ્વામીશ્રીના ખોળે સમર્પિત કર્યા, પણ પોતાની એક અભિલાષા વ્યક્ત કરી કે 'બાપા ! તેમને સંસ્કૃત ખૂબ ભણાવજો.' સ્વામીશ્રી બહુ રાજી થયા, તેમની ઇચ્છા પૂર્ણ કરવાની ખાતરી આપી.

પધરામણી કરાવવાની ઇચ્છા દર્શાવી. સ્વામીશ્રી, મોટાસ્વામી તથા મોતીભાઈ પ્રજાપતિ વગેરે હરિભક્તો તેમના ઘેર ગયા.

તેમના ઘેર કબીરજીનું મંદિર હતું. સ્વામીશ્રીએ તેમાં જ હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ પધરાવી આરતી કરી. તેથી તેમને ઘણો ગુણ આવ્યો ને રૂપિયા પોણા બસોની સેવા કરવા ઇચ્છા દર્શાવી. મોટાસ્વામીને વધુ સેવા કરાવવાનું તાન. તેથી કહે : 'ભગત ! કાંઈ વધો, આ સેવા ઓછી છે.'

ત્યારે તેમણે કહ્યું : 'બાપજી ! હાલ મારી પાસે વધારે રકમ જ નથી, તેથી હું કેવી રીતે વધારે સેવા કરી શકું ?'

સ્વામીશ્રી તેમનો નિષ્કપટ ભાવ જોઈને અત્યંત રાજી થયા અને બોલ્યા : 'આપણે આ ભગતની સેવા ફક્ત સવાસો રૂપિયા લેવી છે, વધુ નથી લેવી.'

સ્વામીશ્રીના વચન અનુસાર તેમણે ભેટ મૂકી. મોટાસ્વામી આકળા થતાં કહે : 'આ પોણા બસો રૂપિયા આપે છે ને તમે સવા સો રૂપિયા માગો છો, તે કશી ખબર પડતી નથી ?'

સ્વામીશ્રી મંદમંદ હસી રહ્યા હતા. પેલા ભગતને તાકો ઓઢાડવાની ઇચ્છા હતી, તેથી તાકો લાવેલા તે ઓઢાડ્યો અને સ્વામીશ્રીનાં ચરણોમાં વંદન કરતાં કહ્યું : 'બાપા ! આપ સ્વયં ભગવાન છો. મારો હાથ ઝાલ્યો છે તે કાયમ ઝાલી રાખજો.' સ્વામીશ્રી પણ તેમના તરફ અનિમેષ દૃષ્ટિએ જોઈ રહ્યા અને અંતરના આશીર્વાદ આપ્યા.

સ્વામીશ્રી કેવળ સેવા કરાવવાનો જ આગ્રહ રાખતા નહિ, પણ મુમુક્ષુને પોતાના સ્વરૂપમાં હેત થાય અને તેનો વ્યવહાર સુધરે તેનું હંમેશાં જતન કરતા.

અહીંથી અંટોલી થઈ એકાદશીએ સ્વામીશ્રી ઢોલાર પધાર્યા. અહીં મંદિરનો જીર્ણોદ્ધાર કરવાનો નિર્ણય કર્યો.

પરભાવની ક્ષણોમાં અક્ષરનું સામીપ્ય

તા. ૨૬-૪-'૫૭, આનંદપુરા પધાર્યા. રાત્રે ૧૦-૧૦ વાગે યુવકોને વાત કરી : 'વાતો થાય તેનું મનન, નિદિધ્યાસ અને સાક્ષાત્કાર કરવો. ભગવાન સાક્ષાત્ બિરાજે છે. સત્સંગમાં શબ્દો ધારી લઈએ; તેમાંથી સ્થિતિ થાય છે. પૃથુ રાજાએ દસ હજાર કાન માગ્યા. તીવ્ર વેગ - શ્રદ્ધાથી કથા સાંભળીએ, તો શબ્દો હૃદયમાં બેસી જાય. મહારાજના વખતમાં સંતો કહેતા : 'હજુ વાતો કરો.' ચંદ્રમા સામું જુએ એમ સંતો મહારાજ સામે જોઈ રહેતા; કથા થાય ને દર્શન પણ થાય.

'આજ તો અલભ્ય લાભ મળ્યો છે...'

'એક છોકરો છઠ્ઠી અંગ્રેજીમાં ભણતો હોય પછી તેને બોલાવીને તેની ચોપડીમાંથી પૂછીએ ને આવડે, ત્યારે એ ભણે છે એમ કહેવાય. પણ અમથો બેઠો હોય ત્યારે ભણતો ન કહેવાય. એમ જ્યારે અક્ષરધામના સાધુ હોય ને અક્ષરધામની વાતું થતી હોય, ત્યારે અક્ષરધામની સભા કહેવાય.'

આવા પરભાવના શબ્દો સ્વામીશ્રી ક્યારેક બોલી જતા, ત્યારે સાંભળનારાને ભાન થતું કે આપણે કોની સામે બેઠા છીએ ! સૌ સંત દ્વારા મહારાજની પ્રાપ્તિ થઈ છે એવો આનંદ અનુભવતા.

બીજે દિવસે અહીં ભક્તચિંતામણિ, પ્રકરણ ૪૮મું વંચાતું હતું. એમાં વાત આવી કે રામાનંદ સ્વામી ધામમાં ગયા પછી મહારાજે વાત કરી કે 'હવે પ્રત્યક્ષનું ભજન કરો.' આ લીટી આવી ત્યારે સ્વામીશ્રી હસ્યા અને બોલ્યા કે 'મહારાજે મરમની વાત મૂકી દીધી.'

ભક્તચિંતામણિમાં આગળ સમાધિની વાત આવી, ત્યારે સ્વામીશ્રીએ એક યુવકને પૂછ્યું કે 'તમને સમાધિ થાય છે ? આપણે જ્ઞાનની સમાધિ કરવી. તે દી' ચમત્કારની જરૂર હતી. અત્યારે જ્ઞાનની જરૂર છે. ભાદરણના પ્રભુદાસ બારોટને ભગતજીએ દર્શન દીધાં અને કહ્યું કે 'હવે સમાધિનું પ્રકરણ ચલાવવું છે.' ત્યારપછી સ્વામી શાસ્ત્રીજી મહારાજે સમાધિનું પ્રકરણ શરૂ કર્યું. પહેલી સમાધિ સારંગપુરમાં ધર્મકુળના આચાર્ય રાધારમણપ્રસાદને થઈ.

'આ જીવ છે તે કોઈ દિવસ ભગવાનને માર્ગે ચાલ્યો નથી. સાવ નવો આદર છે.' રાવણ જેવો રાજવી એક લાખ એંશી હજાર વર્ષ જીવ્યો. તેના મનસૂબા હતા : 'સ્વર્ગની નિસરણી કરવી. ચંદ્રમા ઊગે-આથમે નહિ. તથા માણસને મરવા દેવો નહિ.' એની તૃષ્ણાનું પૂરું થયું નહિ. આપણે અમેરિકામાં જન્મ લીધો હોત તો 'બમ' (બૉમ્બ) મારતાં શીખત, પાપ કરત. તો પ્રભુ ક્યાંથી ભજત ? ભગવાને દયા કરીને ભરતખંડમાં, સત્પુરુષના જોગમાં જન્મ દીધો. ભગવાનની કેટલી દયા !

'આપણે જાતે પ્રભુ ભજાય નહિ, પણ ખેવટિયા જોઈએ. નિશાળ વિના છોકરા ક્યાં ભણવા જાય ? તે સાધુ ભગવાન ભજાવે. તે ધર્મના બારિસ્ટર છે. તે આપણો કેસ જન્મ-મરણનો છોડાવી દે. સાચા સંત હોય તેનું હાલે.'

આજે સવારે ૧૦-૫૫ વાગે સભામાં સ્વામીશ્રીએ જૂની સ્મૃતિ કરાવતાં કહ્યું : 'પહેલાં હું બધું કામ કરતો. એકેય કામ મારા કર્યા વિના નો રે. તે દી'

ચૈતન્યશક્તિ બહુ હતી. ચૈતન્યશક્તિ તે શું ? ટાઢ નહિ, તડકો નહિ, માન નહિ, અપમાન નહિ, ષડ્ઊર્મિ રહિત. મિરસાપરા (બાજુનું ગામ) મંડપ નીચે હું સૂતો'તો. નીચે સાપ ભરાઈ રહ્યો. આખી રાત એના ઉપર સૂતો. સવારે ઊઠ્યો ને જોઉં તો મોટો સાપ.'

પછી જ્ઞાનની પણ વાત કરી : 'આપણા મંડળમાં જેવું જ્ઞાન છે તેવું ક્યાંય નથી. ગુણાતીતાનંદ સ્વામી છતાં આવા શિષ્યો બહુ હતા. નિષ્કામ ધર્મ પાળતા. સૂતી સ્ત્રીને સરપ દેખે. સંકલ્પ થાય તો ઉપવાસ કરે. જગતના પ્રવાહમાં સૌ જાય છે. એથી જુદા જાય તે જ એકાંતિક કહેવાય.

'જુમો ખત્રી હતો. તે પરણવા જતો હતો. મુક્તાનંદ સ્વામીએ મહારાજને કહ્યું કે 'આ જુમો પગે લાવવા આવ્યો છે.' એમ ત્રણ વાર કહ્યું પણ મહારાજે જોયું નહિ અને બોલ્યા જે, 'જીવને પરણેતર વળગ્યાં છે તે શું ભગવાન ભજે ?' એમ વચન મહારાજે માર્યું. પછી દીકરા મોટા થયા ત્યારે વહેવાર મૂકીને મહારાજને રાજી કરી લીધા. માટે શુદ્ધ વર્તન ને પંચ વિષયનો અભાવ – એ બે જ મુદ્દા છે. માયાના લોચામાં ન આવવું.'

અહીંથી સુવાચારી ભાઈલાલભાઈને ત્યાં આવ્યા.

સુવાચારીથી નીકળતાં નવલકથાનાં બે પુસ્તકો એક યુવકની થેલીમાં આવી ગયાં હતાં. પછી ચિઠ્ઠી આવી એટલે સ્વામીશ્રીએ પૂછ્યું. તેણે પુસ્તકો બતાવ્યાં. સ્વામીશ્રી વઢવા લાગ્યા કે 'આવી ચોપડીઓ ન વાંચવી.' સ્વામીશ્રીએ ચોપડીઓ હાથમાં લીધી અને મથાળું વાંચ્યું : 'તરણા ઓથે ડુંગર' અને 'જીવનદીપ.' 'આ તો પરોક્ષનું આખ્યાન' એમ કહી ફરી બોલ્યા કે 'આવી ચોપડી ન વાંચવી.'

અભિપ્રાયના ઉદ્ગારો

અહીંથી લલ્લુભાઈને ત્યાં વ્યારા થઈ, નરસિંહભાઈ જેઠાભાઈને ત્યાં જેસિંગપુરા પધાર્યા.

નાનાં ગામડાંના વિચરણમાં ઘણી વાર સવારે કોઈ હોય નહિ. સાથે ફરતા યુવકો એકલા પાસે બેઠા હોય, એક-બે ઘરડેરા દૂર બેઠા હોય. સ્વામીશ્રી યુવકોને નજીક બોલાવીને ધીમે સાદે, પણ અતિ ઉત્સાહથી વાતો કરતા.

અહીં જેઠાભાઈના ઘરે સ્વામીશ્રીએ *'અનુભવી આનંદમાં...'* આ ચાર પદ ગાઈ અદ્ભુત નિરૂપણ કર્યું. સૌ સમય અને સ્થળ ભૂલી કથામાં મગ્ન થઈ ગયા.

તા. ૧-૫-'૫૭. સવારે ૯-૪૫ વાગે જેસિંગપુરામાં યુવકોને સંબોધીને

સ્વામીશ્રી કહે :

'સત્સંગ વધારવો. ભીડો વેઠવો. મારા અંતરનો રાજીપો ૫૦ આવી જાવ એમાં છે. બધાને ભણાવવા છે. માટે તૈયાર થાવ. મા-બાપ, બૈરાં, ભાઈને છોડીને આવી જાવ. મારો અભિપ્રાય કોઈ જાણતું નથી. કોઈ સારા સાધુ મદદમાં નથી. શાસ્ત્રીજી મહારાજના વખતમાં અમે પચાસ હતા. આજ્ઞામાં ટૂક ટૂક વર્તતા. દાસત્વનું અંગ રાખતા. તો આટલો સત્સંગ વધ્યો.

'તમે સાધુ થાવ પછી માથું જાય કે કકડા કરી નાખે, પણ દીક્ષા ન છોડવી. સાધુનો ને શબ્દનો ભીડો વેઠવો. મારે, ટોકે, ગમે એમ કરે, પણ પાછા ન હઠવું. દેહના દોષો હું ટાળીશ. સંકલ્પ નહિ ઊઠે એવી રક્ષા કરશું.

'ભાષણ કરવું તેમાં ઉપાસના, પ્રણાલિકા ને નિયમ-ધર્મની વાતો કરવી. રાત્રે બેસીને ગોષ્ઠિ કરવી. રોજ એક એક જણે વાતો કરવી. કારિયાણીનું ૧૦મું સિદ્ધ કરવું. ત્રણ વાર વાંચવું. છેલ્લી લીટીઓ વિચારવી. યુવકોએ સાથે ઊઠવું. બાળકપણું છોડવું. સૂચનામાં સમજી જવું.

'સ્વામી બોલ્યા, આંબો સુકાય છે. એટલું બોલ્યા ત્યાં તો ભગતજી મહારાજ છેલ્લે બેઠા હતા તે ઊઠીને, બે દેગડા લઈને ૩૦૦ ઝાડને પાઈ દીધાં. ત્રણ કલાક સેવા કરી. સ્વામીએ દાણા આપીને દોષો ટાળી નાખ્યા.

'મને વાતો નહોતી આવડતી. પછી સ્વામી વાતો કરાવતા, એટલે વાતો કરતાં આવડે છે. નહિ તો કાળો અક્ષર કુહાડે મારીએ એવા છીએ. મારે કહેવાનો ખૂબ ઊભરો આવે છે, પણ કહું કોને ?'

એટલામાં મધુ કહે : 'અમને કહો.'

ત્યારે કહે : 'તમે બહુ નાના છો. જો કહીએ તો કહેશો કે 'આ જોગી તો આવો છે.' એમ હાથનું લટકું કરતાં બોલ્યા.

યુવકોને અંત્યના ૨૩મા વચનામૃત પ્રમાણે પાંચ સમયની માનસી ઋતુ-ઋતુ પ્રમાણે કેમ કરવી ? તે વાતો ઘણી વાર સ્વામીશ્રી કરતા. જાણે પોતે પ્રત્યક્ષ મહારાજની પૂજા-સેવા કરતા હોય, એવા ભાવમાં આવીને સ્વામીશ્રી નવા યુવકોને વિગતે સમજ પાડતા.

અહીંથી સ્વામીશ્રી સયાજીપુરા પધાર્યા.

અહીં અમદાવાદથી એક શેઠ સ્વામીશ્રીને એકાંતમાં મળવા અને આશીર્વાદ લેવા માટે આવેલા. સ્વામીશ્રીએ તેમને આવકાર આપી સભામાં બેસાડ્યા અને કહ્યું : 'શેઠ સાહેબ ! પાંચ વાતો બોલી લઈએ. પછી આપણે ખાનગી કરીએ.'

સ્વામીશ્રીએ વાતો શરૂ કરી. તેમાં એક વાત એવી બોલ્યા : 'અમને દીકરા દેતાં નથી આવડતું, ધન દેતાં નથી આવડતું, પણ એક જન્મ-મરણનો રોગ ટાળતાં આવડે છે.' તે વાત ઉપર વિસ્તારથી નિરૂપણ કર્યું.

પછી મોટાસ્વામીને કથાવાર્તા કરવાનું કહી, શેઠને ખાનગીમાં લઈ ગયા. તેઓ ઢીલા પડી ગયા હતા. તેમણે કહ્યું : 'ખાનગીમાં બેસવું નથી.'

સ્વામીશ્રી આશ્ચર્ય પામી કહે : 'કેમ ?'

શેઠ કહે : 'મને તો તમારા શિષ્યોએ એવી વાત કહેલી કે 'આપ સિદ્ધ-પુરુષ છો. આપના આશીર્વાદથી મનોકામના પૂર્ણ થાય છે.' મારે જે જોઈએ છે તેની આપે હમણાં ના કહી દીધી. એ બધું આપવાનું આપને આવડતું નથી.'

સ્વામીશ્રી કહે : 'વાત સાચી છે, પણ તમે અહીં સુધી આવ્યા છો તો ખાનગીમાં બેસી લઈએ. આપને શું દુઃખ છે ? ભગવાનને પ્રાર્થના કરીએ. અમારા ગુરુ શાસ્ત્રીજી મહારાજ સર્વે સારાં વાનાં કરશે.'

સ્વામીશ્રી સાથે શેઠ એકાંતમાં બેઠા. સ્વામીશ્રીએ તેમને ખૂબ ખૂબ આશીર્વાદ આપ્યા અને તેમનો સંકલ્પ પૂરો કરવા મહારાજને પ્રાર્થના કરી.

અહીં બીજા એક હરિભક્તને સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા અને કહ્યું : 'સંતના આશીર્વાદમાં શંકા ન કરવી, તો કામ થઈ જાય.'

'શું કામ થાય ? તો અક્ષરધામ મળી જાય, નિર્દોષબુદ્ધિ થઈ જાય, જગત નીકળી જાય ! વ્યવહારનું કામ થાય કે ન થાય, પણ જગત નીકળી જાય એ મોટું કામ થઈ જાય.'

'પ્રગટ બ્રહ્મસ્વરૂપ'નું રહસ્ય

આ વિચરણમાં સ્વામીશ્રી સાથે પ્રૉફેસર અંબાલાલ પટેલ, દિનુભાઈ અમીન, કિશોરભાઈ તથા અમે સૌ મુંબઈના યુવકો હતા.

તેમાં 'પ્રગટ બ્રહ્મસ્વરૂપ' શબ્દપ્રયોગ આપણે શા માટે લખીએ છીએ ને બોલીએ છીએ, તે પ્રશ્ન નીકળ્યો.

સ્વામીશ્રીએ તેનો ખુલાસો કરતાં કહ્યું : 'મહારાજ પુરુષોત્તમ છે. શ્રીજી-મહારાજનું ધામ જે ગુણાતીતાનંદ સ્વામી, એ સદાય પૃથ્વી પર છે, છે ને છે; એ જતા જ નથી.'

તેના પર સ્વામીશ્રી સ્વામીની ઘણી વાતો બોલ્યા : 'હવે દસ-વીસ પેઢી સાધુ દ્વારે રહીશું. એ અક્ષરબ્રહ્મનો વારસો આજે હયાત છે. એટલા માટે આપણે

શાસ્ત્રીજી મહારાજને પ્રગટ બ્રહ્મસ્વરૂપ કહીએ છીએ.'

આ વાત સાંભળી સૌને આનંદ થયો અને સ્વામીશ્રીના સ્વરૂપમાં પ્રગટપણાનો નિશ્ચય ઉત્તરોત્તર વૃદ્ધિ પામ્યો.

અહીંથી ડમણિયામાં વ્યારા જવાનું હતું. તેમાં સ્વામીશ્રી પોતાની જોડના સાધુ સાથે બેઠા અને બીજામાં મોટાસ્વામી જોડના સાધુ સાથે બેઠા.

રસ્તામાં ડમણિયાવાળાને શૂરાતન ચડ્યું. તેથી બન્ને હરીફાઈમાં ઊતર્યા ને દોડાવવા લાગ્યા. રસ્તો કાચો, ખાડાખડિયાવાળો, ને ધૂળની ડમરીઓ ઊડે. આવે રસ્તે આમેય ઘણી વાર સ્વામીશ્રીની પિચોટી ખસી જતી. તેમાં આજે તો વધુ હડદો લાગવા માંડ્યો.

મોટાસ્વામી સાથે લાકડી રાખતા. તેમણે તો બૂમ પાડી, પણ હાંકનારે તે સાંભળી - ન સાંભળી કરી. તેથી તેને એક લાકડી ફટકારી દીધી. તેણે પોતાનું ડમણિયું ઊભું રાખી દીધું અને મોટાસ્વામી બરાબર ખિજાયા. તે મૂક બનીને સાંભળી રહ્યો. આ જોઈ બીજાએ પણ પોતાનું ડમણિયું ઊભું રાખ્યું.

એવામાં સ્વામીશ્રીએ દુ:ખ વ્યક્ત કરતાં કહ્યું : 'મોટાસ્વામી, આકાશ-પાતાળ એક થઈ ગયું. મહારાજે રક્ષા કરી, નહીંતર આજે ગબડી પડત.'

મોટાસ્વામી વધુ ખિજાયા. તેથી સ્વામીશ્રી હસી પડ્યા. આ જોઈને મોટા-સ્વામીને ગુસ્સામાં પણ હસવું આવી ગયું.

બંને ડમણિયાના હાંકનારાઓને પણ થયું કે આ પુરુષ તદ્દન નિરાળા છે, ગુસ્સાનું નામ નથી ને આનંદથી ખડખડાટ હસી રહ્યા છે ! આવી લીલા ક્યારેક જ થતી, પણ તેની સ્મૃતિ અને તેમાંથી ઊપસતું સ્વામીશ્રીનું વ્યક્તિત્વ, વ્યક્તિના હૃદય પર ચિરંજીવ છાપ પાડી જતું.

સ્વામીશ્રી સંઘ સાથે અટલાદરા આવી પહોંચ્યા.

વૈશાખ સુદ ૩, અખાત્રીજ ને તા. ૨-૫-'૫૭, સ્વામીશ્રી સંતમંડળ સહિત સવારે સેજાકૂવા અંબાલાલભાઈને ત્યાં આવી પહોંચ્યા. શોભાયાત્રારૂપે સ્વામીશ્રીને સૌએ મંદિરમાં પધરાવ્યા. અહીં નવા સિંહાસનમાં અક્ષરપુરુષોત્તમ મહારાજ અને શાસ્ત્રીજી મહારાજની ચિત્રપ્રતિમાઓની સ્વામીશ્રીએ પ્રતિષ્ઠા કરી, આરતી ઉતારી. ગામમાં ઘણી પધરામણીઓ થઈ.

સાંજે ગોરિયાદ પધાર્યા. અહીં રણછોડભાઈને ત્યાં લગ્ન પ્રસંગે આમંત્રણ હતું. ઘરે લગ્ન પ્રસંગ છતાં રણછોડભાઈ તો સ્વામીશ્રીની સેવામાંથી ખસતા જ નહોતા, એવા એ પ્રેમી ભક્તરાજ હતા.

સમાગમના ફળની નિશ્ચિતતા

અહીં સ્વામીશ્રીએ યુવકોને કંસારમાં ઘી પીરસીને ખૂબ જમાડ્યા હતા. યુવકો પાસે સેવા કરાવે, ઉપવાસ કરાવે, આમ અનેક પ્રકારે ભીડા સાથે લાડ પણ એટલાં જ કરે. ભારોભાર ઘીથી લસલસતો કંસાર સ્વામીશ્રીએ યુવકોને જમાડ્યો. આટલું જમાડ્યા પછી વાસણ ઊટકવાનાં, પાણી ખેંચવાનું, સેવા કરવાની, વળી રાત્રે મોડે સુધી કથા, સ્વાભાવિક ચેષ્ટા પછી મોડી રાત્રે ગોષ્ઠિમાં પણ બેસવાનું ! જો કે કોઈને આ બધું આકરું લાગતું નહિ.

સવારે ફાનસ કે બૅટરી લઈ સ્વામીશ્રી યુવકોને ઉઠાડવા નીકળે. ઉનાળાને લીધે યુવકો છૂટાછવાયા ખુલ્લામાં સૂઈ ગયા હોય, તે બધાને શોધી કાઢે અને પ્રેમથી ઉઠાડે. પ્રભાતના આછા અજવાળામાં એમનું દર્શન અને કોમળ સ્પર્શ જ યુવકોને ગાઢ નિદ્રાનો ત્યાગ કરવા માટે પૂરતાં હતાં. સૌને ભેગા કરી વાતો કરે. પછી ગામ બહાર કૂવે નાહવા-ધોવા મોકલે.

બ્રાહ્મણ યુવકો - કિશોરભાઈ, નિરંજનભાઈ તથા મને સ્વામીશ્રી રસોડામાં ગોઠવતા. ગાળેલા પાણીથી માટલાં ધોવાં, ભરવાં, સીધું સાફ કરવું, વાસણોને કંટેવાળો કરી તૈયાર કરવાં – આ બધી ક્રિયા સ્વામીશ્રી જાતે શીખવતા. એઠાંજૂઠાંનો ખૂબ જ ખ્યાલ રખાવતા. વારે વારે હાથ ધોવા પાણીનો મોટો લોટો ખાસ બાજુએ રખાવતા. હંમેશાં ધોતિયું પહેરીને રસોઈ કરાવવાનો અને પિરસાવવાનો તેમનો અત્યંત આગ્રહ રહેતો.

અહીં બીજે દિવસે સવારે ૪-૧૫ વાગે યુવકોને સંબોધીને કહ્યું : ‘સમાગમનું ફળ એક-બે કે પચીસ વર્ષે પણ મળ્યા વગર રહેતું નથી. બ્રહ્મરૂપ થવાય, સુહૃદભાવ વધે, અભાવ-અવગુણ ટળી જાય, એવા કેટલાય લાભ છે.

‘કૃપા કેમ થાય ? અભિપ્રાયમાં ભળી જાય, ઈશારાથી સમજી જાય. ચાર પ્રકારના સેવક : ઈશારાથી સમજે, કહે એમ કરે, ફેર પાડે અને ઊંહ, ઊંહ કરે.

‘એક ઉમા હતી. તેને તેની મા કહે : ‘ઉમા, જરા ઝાડુ કાઢને.’ તો ઉમા કહે : ‘મેરી કમર દુઃખતી હૈ’ અથવા કહે : ‘મેરા વાંસા ફાટતા હૈ.’ પછી મા કહે : ‘ઉમા, પાણી ભરી આવને.’ તો કહે : ‘મેરા સર દુખતા હૈ.’ જમવાનો વખત થાય ત્યારે મા પૂછે : ‘ઉમા, કુછ ખાયગી ?’ તો ઝટ ઊભી થઈને કહે : ‘હા, બડી તગારી મેરી !’

‘આમાં સ્વામીનો સિદ્ધાંત શું કે દેહાભિમાન ઘટાડવું. જેને દેહભાવ નહીં

તે આત્મારૂપ થયો. સેવામાં ઊંહ, ઊંહ ન કરવું.'

એક લાખમાં લાધે નહીં ને એક ટકાના તેર

આમ વાત કરી પાછા અટલાદરા આવી પહોંચ્યા. પાદરા, જંબુસર, નોંધણા, ટુંડજ થઈ કિમોજ આફ્રિકાવાળા કાન્તિભાઈને ત્યાં આવ્યા. પછી કાવી-જંબુસર થઈ, તા. ૭-૫-'૫૭ અટલાદરા આવી, આણંદ થઈ, ગઢપુર પધાર્યા. દશમનો પાટોત્સવ ઊજવ્યો, ઘેલા-સ્નાન કર્યું.

આજે બપોરે ગોપીનાથજી મહારાજના મંદિરે દર્શન કરીને સંતો-યુવકો સાથે લક્ષ્મીવાડીએ ચાલીને જતા હતા. રસ્તામાં પોસ્ટ ઑફિસ પાસેથી પસાર થતાં જ પોસ્ટ માસ્તરે સ્વામીશ્રીના નામની બૂમ પાડી, અંદર બોલાવ્યા.

સ્વામીશ્રી તેમને જોતાં જ હસી પડ્યા ને હાથની તાળી આપી.

પોસ્ટ માસ્તર બોલ્યા : 'અરે જોગી ! તમે તો મોટા મહાત્મા થઈ ગયા અને હું તો રહી ગયો !'

સ્વામીશ્રી માથા પરની પાઘ એક હાથમાં રાખી, બીજો હાથ માથે ઘસતા ખૂબ જ હસ્યા. સર્વે સંતો-યુવકોને આશ્ચર્ય થયું. ત્યાં સ્વામીશ્રી બોલ્યા : 'અમે હારે ભણતા !'

થોડી વાતચીત કરી સ્વામીશ્રીએ વિદાય લીધી, ત્યારે સૌને થયું કે ક્યાં આ કેવળ જગતપ્રધાન જીવ અને ક્યાં આ મહાપુરુષ !

સ્વામીશ્રી સાથે ભણેલા હોય તેનાં કેવાં ભાગ્ય મનાય ?! પરંતુ અજ્ઞાની અને મંદમતિ જીવને આ વાતનો અમલ ચડતો નથી.

સ્વામીશ્રી જ ઘણી વાર આ શબ્દોમાં ભેદ જણાવતાં :

'એક લાખમાં લાધે નહિ. ને એક ટકાના તેર'

અહીં એક મોટેરા હરિભક્તે સ્વામીશ્રીને કહ્યું : 'તમારે આ બધા છોકરાઓને સાધુ કરવા હોય તો તમે ગ્રેજ્યુએટ થવાનું શું કામ કહો છો ?'

સ્વામીશ્રીએ કહ્યું : 'મારે તો એમને (સાધુ બનાવીને) વિલાયત મોકલવા છે !' સ્વામીશ્રી ઘણી વાર અલૌકિક ઉત્તરો આપતા. જેનો મર્મ એમના સિવાય કોઈ સમજી ન શકે !

સમો વરતે સાવધાન

ગોષ્ઠિમાં યુવકોને સંબોધતાં કહે :

'સાચા સત્પુરુષને દિવ્ય જાણવા; બીજું, જીવ સોંપવો; ત્રીજું, અનુવૃત્તિ પાળવી. આ ત્રણ મુદ્દા રાખીએ તો ધામમાં બેસાય. બધું થાય, પણ અનુવૃત્તિ નથી પળાતી. થોડુંક મનગમતું થઈ જાય. માટે મનગમતું મૂકવું.'

'અમે ઈશારાથી વર્ત્યા તો શાસ્ત્રીજી મહારાજની કૃપા થઈ ગઈ. તો સુખ વર્તે છે. જેણે જેણે શાસ્ત્રીજી મહારાજને રાજી કર્યા હશે, તે હાલમાં એને કેફ વર્તતો હશે. એ જ આપણી ભક્તિ. બીજા આડાઅવળી ફર્યા, વચનમાં ફેર પાડ્યો, (તે) કોરા કડાક રહી ગયા. હવે પસ્તાતા હશે.

'ટાણું વરતે એ ભક્તિ કહેવાય. હયાતીમાં જે થઈ જાય એ જુદું. પછી ફળ મળે, પણ હયાતી જેવું નહિ. હયાતીની વાત જ જુદી. જૂનાગઢમાં ગુણાતીતાનંદ સ્વામીને દરવાજો મોટો કરવો હતો ને ઉપલી પરસાળને હાનિ ન પહોંચે તે જોવાનું હતું. બધા મિસ્ત્રીઓએ 'એ નહિ બને' - એમ કહેલું. પછી સ્વામી એક દિવસ હજામત કરાવતા હતા, ત્યાં સવજી મિસ્ત્રી આવ્યા. તેમણે દરવાજો મોટો કરવો, છતાં ધર્મશાળા સાથે મોતિયો મળે એ રીતે કામ કરી આપવા કહ્યું. સ્વામી બહુ રાજી થયા અને અડધી હજામતે ભેટ્યા. ત્યારે દસ જણા કહે : 'અમે પણ કરી આપીશું.' પણ ટાણું વીતી ગયા પછી શું કામનું ? સમો વરતે સાવધાન.'

એક વખત વિનુ ભગતે સ્વામીશ્રીને કહ્યું : 'બાપા ! મેં શાસ્ત્રીજી મહારાજનાં દર્શન કર્યાં નથી.'

સ્વામીશ્રીએ કહ્યું : 'આ જોગી મળ્યા છે, તે જ શાસ્ત્રીજી મહારાજ જાણો !'

એકાદશીએ ભગવાનજીભાઈને ત્યાં ઉગામેડી પધાર્યા. સાથે ઘણા હરિભક્તો અને યુવકો હતા.

અજાતશત્રુની વિશાળતા

એકાદશીનો દિવસ હતો તેથી બપોરે સૂવાનું તો હતું નહીં. સૌ સંતો-યુવકો ગમ્મત કરતાં બેઠા હતા. એવામાં નિરંજનભાઈ દવેએ સ્વામીશ્રી સાથે ફરતા એક ઢોંગી અને દંભી સંતની આબેહૂબ નકલ કરી સૌને ખૂબ હસાવ્યા. સૌ તે સંતનો મલિન આશય જાણતા, તેથી તેની આવી ઠેકડીથી ખુશ થયા ને આનંદ લૂંટ્યો.

સાંજે સૌ ગઢપુર પહોંચ્યા. રાતે સ્વામીશ્રીએ જાણ્યું કે નિરંજને પેલા સંતની નકલ કરી, બપોરે તેની મજાક કરી છે. તેથી તેમને બોલાવ્યા ને કહે : 'બપોરે શું કર્યું હતું ?' નિરંજનભાઈએ બધી વાત યથાતથ કરી દીધી. સ્વામીશ્રી જરા ઉદાસ થઈ ગયા. કહે : 'તે સંત બહુ સારા છે.'

'બાપા ! એ આપની પથારીમાં કુચવાળી ટોપી મૂકી જાય ને હેરાન કરે તે વળી કેવી રીતે સારા ?' તેમણે એ સંતની જૂની ભૂલને અત્રે યાદ કરતાં દલીલ કરી.

સ્વામીશ્રી કહે : 'ઈ વાત નો કરવી. દાટી જ દેવી. કાલે ઉપવાસ કરી નાખજો. કો' કરશો ? આપણે ઈ સંભારવું જ નહીં.'

નિરંજનભાઈએ નતમસ્તકે આ અજાતશત્રુ મહાપુરુષની આજ્ઞા શિરોધાર્ય કરી. સ્વામીશ્રીની ભદ્રભાવના, વિશાળતા અને મહાનતા વિચારતા તેમને સ્વામીશ્રીના વિશેષરૂપનું દર્શન થયું.

જો કે પેલા સંત પાછળથી પોતાના સ્વભાવને કારણે સત્સંગમાં ટકી શક્યા નહીં અને બહાર ગયા પછી પણ સંસ્થા વિરુદ્ધ પ્રવૃત્તિ કરતા રહ્યા.

સેવા એ જ સમાગમ

સવારે ઢસા થઈને ગોંડળ જવા માટે કોઠારી હરજીવનદાસ સ્વામીએ યુવકોને ટ્રેક્ટર જોડી આપ્યું હતું. સ્વામીશ્રી ગોંડળ વહેલા પહોંચી ગયા હતા. આ બાજુ આખો સંઘ ઢસા જવા નીકળ્યો. ગુંદાળા આવતાં ટ્રેક્ટર બગડ્યું, તેથી સૌએ ચાલતા પ્રયાણ કર્યું. હરિભક્તોએ ગાડાં જોડી આપ્યાં. રસ્તામાં ગાડાંવાળા હરીફાઈમાં ઊતર્યા. તેમાં એક ગાડાનું પૈડું નીકળી ગયું અને યુવકોને ઇજા પણ થઈ. સૌ માંડ માંડ ઢસા સ્ટેશને પહોંચ્યા.

બીજે દિવસે બપોરે સૌ ગોંડળ આવ્યા. સ્વામીશ્રીને અકસ્માતની જાણ થતાં જ યુવકોના ઉતારે આવી પહોંચ્યા. આશીર્વાદ આપ્યા. અને પાટોત્સવના સમૈયા પછી પોતે વિચરણમાં જવાના હતા, તેથી નિરંજન દવે અને બીજા એક હરિભક્તને બોલાવી સ્વામીશ્રી કહે : 'તમે અહીં સેવા કરવા રોકાજો. જેને વાગ્યું છે તેને કાંઈ જોઈતું કરતું અહીં ઉતારામાં લાવી દેવું. જમવાનું અહીં ઉતારે જ કરજો.'

પછી કહે : 'મારી સેવા સૌ કરે, પણ આ સેવા તમને રાજી થઈ આપી છે. તો મારી સેવા કરતા હો તેમ કરશો. મને શાસ્ત્રીજી મહારાજ માંદા સાધુની સેવા કરવાનું સોંપતા. હું એવી સેવા કરું, સ્વામી રાજી થઈ જાય. સહેજે ફરિયાદ આવવા ન દઉં. મને સેવાનો બહુ જ ઉમંગ.'

એમ વાત કરી કહે : 'તમારે આજ સમાગમ.'

સુહૃદભાવના પુરસ્કર્તા સ્વામીશ્રી સંબંધનો મહિમા જોઈ સૌની સેવા

કરતા, કરાવતા, અને કાયમ માટે અંતરમાં ગેડ બેસારી આપતા કે સંબંધવાળાની સેવા કોઈપણ ભોગે થવી જ જોઈએ. આવી સેવા તેમને મન 'સમાગમ' હતો.

અહીં તેરસનો પાટોત્સવ વિધિપૂર્વક ઊજવ્યો. પૂનમે ગ્રહણ હતું, તેથી રાત્રે બે વાગે ભજન-કીર્તન શરૂ કર્યાં. ગ્રહણ મુકાયા પછી સૌ ધૂન-ભજન કરતાં ચાલતા ઉપરવાસ હાથિયે ધરે ગયા. આશરે ૨૦૦ હરિભક્તો સાથે હતા. સ્નાન કર્યું. ગઢડા તથા આફ્રિકાનાં મંદિરો જલદી પૂર્ણ થાય તથા સૌના દેશકાળ સુધરે એ નિમિત્તે સ્વામીશ્રીએ ધૂન કરાવી. આશાપુરી માતાએ જ્યાં મહારાજ બે મહિના રહેલા, ત્યાં દર્શન કરી મંદિરે પધાર્યા.

તા. ૧૪-૫-'૫૭, સ્વામીશ્રી ગોંડલથી નીકળી ડાંગરા જવા હડમતિયા ઊતર્યા. હડમતિયા સ્ટેશને એક-બે યુવકોએ હૉટલવાળા પાસે તપેલી ઉટકાવી, પાણી ગળાવી, ચા બનાવરાવીને પીધી. આગલે દિવસે તેમને ઉપવાસ હતો, તેથી પારણાં કરવાની ઉતાવળ હતી. એ વાત જ્યારે સ્વામીશ્રીએ જાણી ત્યારે એકદમ અકળાઈ ગયા અને એ યુવકોને ઉપવાસ આપ્યો અને કહે : 'સાત સાત વર્ષથી મારી ભેગા ફરો છો, પણ મારો અભિપ્રાય ન સમજ્યા ? હૉટલની ચા પીવાય જ કેમ ? ધર્મ-નિયમ કદી પણ ન લોપવા !'

સ્થિતપ્રજ્ઞની સરળતા

પછી સ્વામીશ્રી ખટારામાં ડાંગરા પધાર્યા. અહીં નદીમાં સ્નાન કરી, દર્શન કરી, જાગા સ્વામીની દેરી પાસે બિરાજ્યા. સાથે મોટાસ્વામી, સંતસ્વામી પણ બિરાજ્યા હતા. વૅકેશનમાં સાથે ફરતા યુવકો પણ કથા પ્રસંગ માણવા ડાયરી-પેન લઈને બેઠા હતા. એવામાં એક પ્રસંગ બની ગયો.

સ્વામીશ્રીની આજ્ઞાથી હર્ષદભાઈ દવેએ 'બ્રહ્મસ્વરૂપ પ્રાગજી ભક્ત'નું જીવન ચરિત્ર લખ્યું હતું. જે શાસ્ત્રીજી મહારાજે સ્વયં નિર્ગુણદાસ સ્વામી પાસે લખાવેલ ૧૦૦ પાનાં તથા શાસ્ત્રીજી મહારાજના મુખે સાંભળેલ અનેક પ્રસંગોના આધારે તૈયાર કર્યું હતું. આ પ્રસિદ્ધ થતાં જ કેટલાક હરિભક્તોએ કેવળ તેજોદ્વેષથી તેનો સખત વિરોધ કર્યો. આ અંગે પત્રિકા બહાર પાડી સત્સંગમાં વહોંચી.

અહીં ડાંગરામાં તેનો વિરોધ કરવા કેટલાક લોકો આવી પહોંચ્યા હતા. એમાંથી એક હરિભક્ત ઊભા થયા અને ઊંચે સાદે દ્વેષપૂર્વક બોલવા લાગ્યા : 'શું લખે રાખો છો ! મનફાવે તેમ લખીને છાપો છો, ભગતજીના ચરિત્રમાંય

મનફાવે તેમ ખોટે ખોટું છાપી નાખ્યું છે...'

આ સાંભળતાં જ શાસ્ત્રીજી મહારાજનો પ્રત્યક્ષ સમાગમ કરનાર શૂરવીર સંત મોટાસ્વામી મોટેથી બોલી ઊઠ્યા : 'અલ્યા, તું શું જાણું ? હેં ! શાસ્ત્રીજી મહારાજનો મેં સમાગમ કર્યો છે. તારો તો તે વખતે સત્સગમાં જનમેય નહોતો. તેં શાસ્ત્રીજી મહારાજ, ભગતજી મહારાજને સેવ્યા છે ? મેં શાસ્ત્રીજી મહારાજને સેવ્યા છે ને એમના મુખથી સાંભળીને આ ચરિત્ર લખ્યું છે. એમણે જેમ ભગતજી થકી સાંભળેલી ને જોયેલી, તેમજ વાત લખી છે. માટે ડહાપણ કરવાનું બંધ કરી બેસ છાનોમાનો !'

સંતસ્વામીએ પણ આ બાબતમાં સાઈદી પૂરાવી. બીજા એક સંત પણ ઉગ્ર થયા કે 'તમને લોકોને ભગતજી મહારાજનો શું મહિમા હોય ? તમે તેમનું જીવન ચરિત્ર ખોટું, મૂર્તિ ખોટી - એમ પ્રતિપાદન કરો છો, પણ અહીં શાસ્ત્રીજી મહારાજને સામી છાતીએ સમાગમ કરનારા બેઠા છે.'

આમ, વાતાવરણ તંગ થઈ ગયું. ઉગ્ર ચર્ચા સામસામે ચાલી.

સ્વામીશ્રી સ્થિતપ્રજ્ઞ બેસી નિર્લેપભાવે પ્રસંગ જોઈ રહ્યા હતા. એવામાં તે હરિભક્ત હર્ષદભાઈને પણ ફાવે તેમ બોલવા લાગ્યા. જાહેરમાં ઠપકો આપી તેમને ઉતારી પાડવાનો તેમનો આશય હતો.

એવામાં સ્વામીશ્રી હાથ જોડીને બોલી ઊઠ્યા : 'આમાં હર્ષદભાઈનો વાંક નથી. એમણે તો અમને પૂછીને લખ્યું છે. શાસ્ત્રીજી મહારાજનું કહેલું લખ્યું છે. વાંક મારો છે, એ તો અમારી ભૂલ છે...'

સ્વામીશ્રી એવા તો દીનભાવે બોલી રહ્યા હતા કે કોઈ કાંઈ બોલી શક્યું નહીં. વાત ત્યાં જ સમેટાઈ ગઈ. કેટલાક હરિભક્તો પણ વાત થાળે પાડવા મથી રહ્યા, આખરે બધું શાંત થઈ ગયું. સભા વિખરાઈ.

થોડી વારે સ્વામીશ્રીએ હર્ષદભાઈને બોલાવ્યા ને કહે : 'હર્ષદભાઈ ! તમે મનમાં લાવશો નહીં, એ બોલનારા પાછા પડશે. આપણે જે લખ્યું છે તે બરાબર છે, પણ મહિમા નહીં તેથી ઉપાધિ કરે.'

હર્ષદભાઈને સાંત્વન મળી ગયું. સ્વામીશ્રીએ બંને સાચવ્યું, દાસત્વ અને હરિભક્તનું મન. વળી ભગતજીનાં ચરિત્રની પ્રામાણિકતા પણ જણાવી દીધી.

રાત્રે ભાદરા આવી પહોંચ્યા. આ વખતે દિવસ દરમ્યાન મુકામ ઊંડ નદીને કિનારે ઘાટ ઉપર જ રાખ્યો હતો. પ્રસાદીના ઘટાદાર વડ નીચે આખો દિવસ છાંયો રહેતો. તે સ્થળ તથા ઘાટ સહિત બધી જગ્યાઓ યુવકોએ સાફ

કરી નાખી હતી. લગભગ ૩૭ યુવકો સાથે હતા. દરેકને સ્વામીશ્રીએ જુદી જુદી સેવાની સોંપણી કરી હતી.

ભાદરામાં ગુણાતીત-સ્મૃતિ

સ્વામીશ્રીના સાંનિધ્યમાં ભાદરામાં આનંદ-પર્યટનનું આયોજન આપો-આપ થઈ ગયું હતું. સ્વામીશ્રી ખૂબ જ પ્રસન્ન હતા. પોતે જાતે રસ લઈ, બધા યુવકોને આદેશ આપી, જુદી જુદી સેવામાં પ્રેરતા. એક બાજુ કથાવાર્તા પણ ચાલતી હતી. સ્વામીશ્રી ઘડીક ત્યાં બેસે, વળી ઊભા થઈ યુવકોને માર્ગદર્શન આપે અને સેવાકાર્યમાં જોડે.

બ્રાહ્મણ યુવકો તથા હરિભક્તો રસોઈ કરતા હતા. એવામાં સ્વામીશ્રી જાતે કછોટો વાળી રસોઈમાં જોડાઈ ગયા. યુવકો ના પાડતા રહ્યા ને સ્વામીશ્રી ઝડપથી રોટલી-રોટલા બનાવવા લાગ્યા. જ્યારે અમે બહુ કહ્યું ત્યારે સ્વામીશ્રી કહે : 'અમે જો ન કરીએ તો તમને સ્મૃતિ ક્યાંથી રહે ?' એમ કહેતાં ક્રિયા ચાલુ રાખી, સુંદર રોટલા બનાવ્યા. નદી કિનારો અને વૃક્ષોને લીધે પવન સારો ફૂંકાતો હતો. તેમાં તાપ એકધારો સાચવવાનો, બાજરીનો લોટ મસળી પિંડા વાળી રોટલા હાથે ઘડવાના તથા માટીની તાવડી ઉપર એકસરખો ચોડવવાનો, ફુલાવવાનો, શેકવાનો. આ બધી પ્રક્રિયાઓ સ્વામીશ્રી આ ઉંમરે પણ એકદમ ચપળતાથી કરતા હતા. કાઠિયાવાડી મોટા આકારના રોટલા સ્વામીશ્રી બે હથેળી વચ્ચે બહુ ઝડપથી ઘડતા હતા. એ જોઈ ચોક્કસ અનુમાન થાય કે એમણે આજ સુધીના જીવનમાં રોટલા ઘડવાનો - રસોઈ કરવાનો સારો એવો અનુભવ લીધો હશે. પૂરા ૩૦ રોટલા થોડી વારમાં તૈયાર કરી દીધા. પછી સૌની વિનંતીથી બાકી રોટલાનું કામ અમને યુવકોને સોંપ્યું.

બીજા યુવકો સ્વામીશ્રીની આજ્ઞાથી ખાખરાના પાનના પડિયા તથા પતરાવળાં બનાવવા બેસી ગયા હતા, તો કેટલાક વાસણ ઊટકવા, પાણી ભરવું વગેરે બીજી નાની-મોટી તૈયારીઓ કરતા હતા. આમ, અલૌકિક વાતાવરણ જામ્યું હતું. સૌ ખૂબ આનંદમાં હતા. સ્વામીશ્રીએ ઠાકોરજીને ભાવથી થાળ જમાડ્યો.

પોતાના લાડીલા યુવકો તથા હરિભક્તોને માટે પ્રેમથી રસોઈ કરી-કરાવી હોય એમાં કેટલી મીઠાશ હોય ! સ્વામીશ્રીને એ મીઠાશ પીરસવાનો પણ એટલો જ ઉત્સાહ. બધાને જમાડવાનું બહુ તાન. આ ઉંમરે પોતે ગુરુ થઈને દર્શન તથા આશીર્વાદ આપે એ જ પૂરતું હતું. એમણે તો સૌથી પહેલાં જમી

લેવું જોઈએ, પણ સ્વામીશ્રીને જમવા કરતાં જમાડવામાં વધુ આનંદ આવતો. તેથી આજે પણ પહેલાં બધા યુવકો-ભક્તોની પંક્તિ કરાવી, અને પોતે જાતે રોટલા અને અડદની દાળ પીરસવા નીકળ્યા.

ગુણાતીતના જન્મ સ્થાન ભાદરામાં, ઊંડ નદીને કાંઠે, ગુણાતીતાનંદ સ્વામીના પ્રસાદીના ખેતરનો વાયરો લેતા, ગુણાતીત-સંતના હાથે બનાવેલું, એમને હંમેશાં પ્રિય એવું સાદું ભોજન, ગુણાતીત-સંતના હાથે જ પ્રેમથી અને આગ્રહથી પીરસાય, એ પ્રસંગની અલૌકિકતા અને એ આનંદની અવધિ કેમ વર્ણવી શકાય ? અલૌકિક આનંદમાં સૌ ગરકાવ થઈ ગયા હતા. સ્વામીશ્રીએ સૌને આગ્રહ કરી કરીને રોટલા જમાડ્યા અને ગુણાતીત સ્થાનમાં ગુણાતીત-સ્મૃતિ આપી.

આમ, સૌને રોટલાનો અદ્‌ભુત સ્વાદ ચખાડ્યો. કછોટો વાળીને પીરસતી એ મૂર્તિ, એ ચપળતા, એ આગ્રહ, કોઈ ના પાડે તો પોતાના ગળે હાથ મૂકી 'મારા સમ' - એમ ઇશારાથી કહેતા; બોલતા નહિ. કરુણાસભર નેત્રો, નાજુક અને કોમળ હાથે દરેકના પાત્રમાં પીરસવાની મોહક કળા ! ખરેખર, આ બધું અદ્‌ભુત હતું. સ્વામીશ્રી આગ્રહ કરે પણ કોઈ વસ્તુ પાત્રમાં ઝડપથી નાંખે નહિ, બહુ ધીરેથી મૂકે. મૂકવામાં પણ પ્રેમ નીતરતો જણાય. સૌને જમાડીને પોતે પણ જમ્યા.

બપોર પછી ઊંડ નદીમાં સ્નાનનો કાર્યક્રમ પણ રહેતો. હરિકૃષ્ણ મહારાજને પ્રેમથી સ્નાન કરાવવું, બધાને માથે પ્રસાદી-જળ ચડાવવું, શુભ સંકલ્પો કરી ધૂન કરવી – આવી સાત્ત્વિક જળ-લીલાઓ પોતે કરતા. કોઈ દિવસ તરતા નહિ, પણ બીજાને ભવજળમાંથી તારવામાં અતિ કુશળ એવા સ્વામીશ્રી શ્રીજીમહારાજ, સ્વામી, ૫૦૦ પરમહંસો, સંતો, મુક્તોને સંભારીને મોટા લોટાથી સ્નાન કરતા. સાથેના યુવકો-હરિભક્તો સ્નાન કરે, તરે, ડૂબકાં ખાય એ જોઈ ખુશ થતા. બહુ રાજીપામાં આવી જાય તો કહે : 'ભારે લીલા કરી.' નાના નાના યુવકોની માનુષી ક્રિયાને પણ લીલા જ જોતા; આવો દિવ્યભાવ એમને ભક્તોમાં હતો.

આમ, ઊંડ નદીને કાંઠે, ભાદરામાં બે દિવસ સૌને અલૌકિક આનંદ કરાવ્યો.

અહીં કથાવાર્તાના પ્રસંગમાં સ્વામીશ્રી કહે :

'સત્પુરુષને વિષે અખંડ સદ્‌ભાવ એ જ મોક્ષ અને નિર્વાસનિકપણું. સદ્‌ભાવ તે શું ? તો ધામમાં જે મૂર્તિ છે તે મને પ્રત્યક્ષ મળ્યા છે. અને એવું સમજે તો જ મનુષ્યભાવ ન આવે. હવે તપાસ કરવી કે મનુષ્યભાવ આવે છે કે નહિ ? મોટાપુરુષની કોઈપણ ક્રિયામાં અભાવ આવે, તેની કોઈ ક્રિયા ન ગમે,

તો જાણવું જે મનુષ્યભાવ આવ્યો અને એ જ અસદ્ભાવ. માટે અખંડ સદ્ભાવ રાખવો, જેથી અંતરે અપાર સુખ આવશે અને બ્રહ્મરૂપે વર્તાશે – આટલું જ સમજવાનું છે.'

એક વખત ઊંડ નદીના કિનારે ખેતરમાં સ્વામીશ્રી શૌચવિધિ કરી આવ્યા. પછી હાથ ધોવરાવતી વખતે નારણભાઈ પટણીએ પૂછ્યું : 'સ્વામી ! કથાવાર્તા સાંભળું છું પણ યાદ રહેતું નથી, તેનું કારણ શું હશે ?'

સ્વામીશ્રી કહે : 'રજોગુણ વર્તતો હોય તો યાદ ન રહે. સંકલ્પ ન કરવા !'

ફરીથી તે જ દિવસે શૌચ પછી હાથ ધોયા પછી, ત્રિવેન્દ્રમવાળા જશભાઈએ પૂછ્યું : 'સ્વામી ! પ્રભુ ભજવાનો વેગ અત્યારે નથી લાગતો. જેમ પરીક્ષાના પંદર દિવસ બાકી રહ્યા હોય અને મંડીએ છીએ, તેમ મોડે મોડે પ્રભુ યાદ આવે છે તેનું કેમ ?'

સ્વામીશ્રી કહે : 'મહિમા હોય તો શરૂઆતથી ભજાય અને અક્ષરધામ નજીક લાગે.'

ભેંસદડમાં યુવકોનું અલૌકિક સાધના-સત્ર

પછી આફ્રિકાના પ્રેમી હરિભક્ત રામજીભાઈ મેપાભાઈના આગ્રહથી સ્વામીશ્રી ભેંસદડ પધાર્યા. તેમના મોટા દીકરા પુરુષોત્તમભાઈનાં લગ્ન તથા નવા મકાનના વાસ્તુ પ્રસંગે તેમણે 'સત્સંગિજીવન' તથા 'સ્વામીની વાતો'નું પારાયણ ગોઠવ્યું હતું. તા. ૧૮-૫-'૫૭, સ્વામીશ્રીએ પારાયણનો પ્રારંભ કરાવ્યો. ઘરે લગ્ન પ્રસંગ હોવા છતાં રામજીભાઈ સ્વામીશ્રીની સેવામાં ખડે પગે રહેતા. એટલા ઉદાર દિલથી સેવા કરી કે પાણીની જગ્યાએ દૂધ હાજર કરતા. સ્વામીશ્રી જેવા પ્રગટ પુરુષની પધરામણીથી તેમને મન આનંદના ઓઘ વળ્યા હતા.

સાથે ફરતા યુવકોને માટે પણ સ્વામીશ્રીએ સાત દિવસનો કાર્યક્રમ ઘડી આપ્યો. સમય સમય પ્રમાણે આયોજન કરી, સ્વામીશ્રી યુવકોને તાલીમ આપવાનું ચૂકતા નહિ. વિચરણ, પધરામણી, સભા, કથાવાર્તા, પત્રલેખન, મુલાકાતો – આ બધાં કાર્યોની વચ્ચે પણ સ્વામીશ્રી યુવકોની ખૂબ જ સંભાળ લેતા અને કોઈ યુવક કાંઈપણ શીખ્યા વગર નવરો ન બેસી રહે તે બહુ જોતા. જુદી જુદી પ્રકૃતિના યુવકોને પણ વશ રાખી, સ્વામીશ્રી તેમને એકસૂત્રતાએ ભગવત્ સન્મુખ રાખતા. ૩૭ જેટલા યુવકોની સ્વામીશ્રીએ ૩ ટુકડીઓ પાડી હતી. એક ટુકડી કથા સાંભળવા બેસે ત્યારે બીજી ટુકડી સ્વામીની વાતો,

વચનામૃત તથા કીર્તન મુખપાઠ કરે, તો ત્રીજી ટુકડી ગામ બહાર કૂવે જઈ પોતાનાં કપડાં ધોવાં, નાહવું, ધોવું – એ બધું કાર્ય પતાવે. સાથે વાસણ ઊટકવાં, સાફસૂફ કરવું વગેરે પણ કરે. આમ, કથાવાર્તા, મુખપાઠ અને સેવા તથા સ્વાશ્રય બધું જ સારી રીતે સચવાતું. દરેક ટુકડીના ઉપરી નીમેલા, જે દરેક જવાબદારી પૂરી કરવાની ચીવટ રાખે. સૌના ઉપરી સ્વામીશ્રી તો વારાફરતી બધાની ખબર રાખે જ.

સ્વામીશ્રી પણ સાંજે યુવકો સાથે ગામના કૂવે પધારતા અને સ્નાન કરી યુવકોને સ્મૃતિ આપતા.

એક દિવસ સ્વામીશ્રી કહે : 'જેને તરતાં આવડતું હોય તે તરીને બતાવો.' તેથી જેને જેને આવડતું હતું તે યુવકો ઉત્સાહથી કૂવામાં કૂદી પડ્યા અને તર્યા.

પછી રમેશભાઈ દવે કહે : 'બાપા ! આપને તરતાં આવડે ?'

'ના', સ્વામીશ્રીએ કહ્યું : 'મને તરતાં નથી આવડતું, તારતાં આવડે !'

પછી વિનુ ભગતને પણ તરવા કહ્યું. તેઓ તર્યા ત્યારે આશ્ચર્ય છલકતી આંખે સ્વામીશ્રી કહે : 'હા... ભઈ... કેવી રીતે શીખ્યા ? મને કહો... શીખવું નથી, જાણવું છે !'

પારાયણ પછી અને રાતની સભામાં યુવકો પ્રવચનો કરે એ માટે સ્વામીશ્રીનો બહુ આગ્રહ. એટલે વારાફરતી યુવકો પાસે જુદા જુદા વિષયો ઉપર પ્રવચનો પણ કરાવે.

એક દિવસ એમણે ગામમાં જાહેર સભાનું આયોજન વિચાર્યું. આમ તો કથામાં સવાર-સાંજ ગામના મોટા ભાગના લોકો હાજરી આપતા જ હતા, પણ સ્વામીશ્રીએ યુવકોને આજ્ઞા કરી કે 'જાહેર સભા માટેની પત્રિકા તૈયાર કરી ગામમાં બધે વહેંચવી, બધાને આમંત્રણ આપી બોલાવવા; એમ પદ્ધતિસર આયોજન ગોઠવવું.'

ગામડામાં છાપખાનું તો હોય નહિ; પત્રિકા છપાવવી કઈ રીતે ? તો સ્વામીશ્રીએ યુવકો પાસે હાથે લખાવીને આમંત્રણ-પત્રિકાઓની અનેક નકલો તૈયાર કરાવી. પછી યુવકોને જ ગામમાં પત્રિકા વહેંચવા મોકલ્યા અને રાત્રે સુંદર જાહેર સભા થઈ. જેમાં યુવકો પાસે જ પ્રવચનો કરાવ્યાં. પોતે આશીર્વાદ આપ્યા અને યુવકોના કાર્યની પ્રશંસા કરી. યુવકોને માર્ગદર્શન આપી શીખવનાર-કરાવનાર પણ પોતે જ અને આવા સારા કાર્યના પ્રશંસક પણ પોતે જ.

સ્વામીશ્રી ઘણી વાર કહેતા કે 'ગાંધીજીએ જેમ સ્વરાજ માટે સૌને જાગ્રત

કર્યા, તેમ આ મોક્ષનું સ્વરાજ મેળવવાનું છે. તેમાં આવી બધી પૉલિસી કરવી પડે.'

આ બધી એમની નિર્દોષ ક્રિયામાં એમને તો એક જ તાન હતું કે 'મારા યુવકો બધી વાતે તૈયાર થાય; સાત સમેલિયા થાય; બધી ક્રિયામાં પ્રવીણ. સેવા કરે, સ્વાશ્રયી બને; કીર્તનો બોલે, કથાવાર્તા કરે અને પ્રવચન પણ કરે; સેવક બને અને આયોજક પણ બને. ક્યાંય તેમનું ગાડું અટકે નહિ.' એવું એમને જોઈતું હતું.

આમ, સાત દિવસ ભેંસદડમાં આપોઆપ તાલીમ શિબિર યોજાઈ ગઈ.

સાથે ફરતા યુવકોને પાળવાના નિયમો પણ સ્વામીશ્રીએ ઘડી આપ્યા હતા :

૧. સવારે વહેલા ઊઠી જવું. ગોષ્ઠિનો લાભ લેવો.

૨. જ્યારે કથા થાય ત્યારે બેસી જવું. રાત્રે કથામાં અને ચેષ્ટામાં ફરજિયાત હાજરી આપવી.

૩. નિત્ય નવીન શીખવું. વાતું, વચનામૃત અને કીર્તન.

૪. પધરામણીમાં જવું; નહિ તો ગોષ્ઠિ કરવી.

૫. સ્વાશ્રયી રહેવું, નકામો સમય ગુમાવવો નહિ. ફાજલ સમયમાં સંતો તથા હરિભક્તોની સેવા કરવી.

નોંધ : ઉપરના નિયમોનો ભંગ થતાં પ્રાયશ્ચિત્ત સ્વામીશ્રીને પૂછીને કરવું.

આમ, દરેક યુવકને સ્વામીશ્રીએ પ્રેમનું ફરમાન કરેલું. સૌ ઉત્સાહથી એ પ્રમાણે વર્તતા. એ પણ એમના પ્રેમને જીતવા ખાતર જ. આમ, પરસ્પર પ્રેમનું-આનંદનું વાતાવરણ સર્જાતું.

યુવાનોને પ્રેમભીનો પ્રતિસાદ

અહીં સ્વામીશ્રી સવારે અને સાંજે ૪-૦૦ વાગે યુવકોને ગામ બહાર કૂવે સ્નાન કરવા મોકલતા. ક્યારેક પોતે પણ પધારે અને યુવકોને સ્નાન કરતા જોઈને રાજી થાય.

એક દિવસ યુવકો સ્નાન કરીને આવ્યા. ત્યારે સ્વામીશ્રીએ પૂછ્યું : 'સ્નાન કરી આવ્યા ?'

'હા, બાપા !'

'ઉપરથી ધૂબકા માર્યા હતા કે નીચે ઊતરીને નાહ્યા ?'

'ધૂબકા પણ માર્યા હતા.' યુવકોએ કહ્યું.

'આપણે નીચે ઊતરીને નાહવું. ધૂબકા ન મારવા. એ રજોગુણ કહેવાય.'

સ્વામીશ્રીએ શીખ આપી.

બીજે દિવસે સાંજે કેટલાક યુવકો સ્નાન કરવા ગયા હતા. નિરંજનને જોઈને કહે : 'તમે નાહવા ન ગયા ?'

નિરંજનભાઈએ ગમ્મત ખાતર હસતાં હસતાં કહ્યું : 'બાપા ! આપે કહ્યું હતું કે નીચે ઊતરીને નાહવું. ધૂબકા ન મારવા. તેમાં મજા ન આવે, એટલે નાહવા ન ગયો.'

સ્વામીશ્રી કાંઈ બોલ્યા નહીં. લઘુ કરીને આવ્યા પછી કહે : 'જાવ, નાહવા જાવ. બે ધૂબકા મારજો, વધુ ન મારશો !'

નિરંજનભાઈ તો આ પ્રેમાળ પ્રકૃતિ અનુભવતા વિસ્મિત થઈ ગયા. બીજા એક યુવકને સાથે લઈ તેઓ કૂવે પહોંચ્યા. ત્યાં સ્વામીશ્રી પણ પધાર્યા. દિશાએ ગયા. એ દરમ્યાન નિરંજનભાઈએ અને અન્ય યુવકોએ સ્વામીશ્રી માટે ઝીણી રેતીનું આસન બનાવ્યું. સ્વામીશ્રી દિશાએ જઈને હાથ ધુએ ત્યારે પાણી નીચે પડે ત્યાં ખાડો કર્યો અને બાજુમાં ધૂળ મૂકવા અને લોટો રાખવા જુદી બેઠક બનાવી. સ્વામીશ્રી પધાર્યા. ધૂળ અને રેતીનું આસન, ખાડો વગેરે જોઈને કહે : 'જો રજોગુણ કાઢ્યો !' એમ કહી યુવકો પર રાજીપો દર્શાવ્યો.

પછી કૂવાનાં જળ સુધી નાહવા પધાર્યા. નિરંજનભાઈને ખાસ યાદ કર્યા. અને કહે : 'જાવ, ઉપરથી ધૂબકો મારો ! મારે દર્શન કરવાં છે !' એમ બધા પાસે બબ્બે ધૂબકા મરાવ્યા. અલૌકિક સ્મૃતિ આપી.

✧

ભેંસદડથી નીકળી સ્વામીશ્રી લતીપુર પધાર્યા. અહીં આત્માનંદ સ્વામીનું પ્રસાદીનું નાનું મંદિર છે. રામાનંદ સ્વામીના ગુરુ આત્માનંદ સ્વામીનું શરૂમાં સંપ્રદાયમાં બહુ મહત્ત્વ નહિ, છતાં સ્વામીશ્રીએ આ મંદિરનો જીર્ણોદ્ધાર કરવાનો આદેશ આપ્યો અને હરિભક્તો પાસે સેવા કરાવી. જાણે પુરાતત્ત્વના રસજ્ઞ હોય એમ સ્વામીશ્રી જૂનાં પ્રસાદી સ્થાનો સાચવવાં-સુધારવાં બહુ જ આગ્રહ રાખતા અને બને ત્યાં બધી જ મદદ કરતા. શુભ સંકલ્પો કરતા, પ્રાર્થના કરતા. સંપ્રદાયનો ઇતિહાસ જાળવવાની એમની ધગશ અનેરી હતી. ભવિષ્યના સંશોધકો અને બુદ્ધિજીવીઓને શંકાનું કાંઈ સ્થાન ન રહે – આવી દીર્ઘદૃષ્ટિ પણ કદાચ એમના આ કાર્યમાં હોઈ શકે.

ધ્રોળ, રાજકોટ થઈ સ્વામીશ્રી ગોંડલ પધાર્યા. અહીં સીદીભાઈના અક્ષરનિવાસ નિમિત્તે કુટુંબીઓ તરફથી પ્રમુખસ્વામીએ 'સત્સંગિજીવન'નું

પારાયણ કર્યું. સંતસ્વામી 'ભગતજી મહારાજનું જીવન ચરિત્ર' વાંચતા. સીદીભાઈએ શાસ્ત્રીજી મહારાજને રાજી કરવા ઘણી સેવા કરી હતી. ગોંડલ મંદિરના તેઓ અંગભૂત સેવક હતા.

લોકહૃદયના સિંહાસને

સ્વામીશ્રી એક વાર ગોંડલમાં કોઠારની પાછળના ચોકમાં, શાસ્ત્રીજી મહારાજના પ્રસાદીના લીંબડા નીચે ઊભા હતા. તેવામાં ઇલેક્ટ્રિકનો એક તૂટી પડેલો વાયર સ્વામીશ્રીએ ભૂલમાં પકડી લીધો. સ્વામીશ્રીનો બીજો હાથ મધુભાઈ જસાણીએ પકડ્યો હતો. તેમને સ્વામીશ્રીના સ્પર્શથી કરંટ લાગ્યો. તેઓ દૂર ફેંકાઈ ગયા અને એકદમ ગભરાઈ ગયા.

તેમણે જોયું તો સ્વામીશ્રીને કશું જ થયું ન હતું. વાયર પડતો મૂકી સ્વામીશ્રી મધુભાઈ પાસે આવ્યા અને તેમના શરીરે હાથ ફેરવીને ખબર પૂછવા લાગ્યા. તેમને ગભરાયેલા જોઈને બહુ દિલગીર થઈ ગયા.

ઇલેક્ટ્રિકના આવા પ્રચંડ પ્રવાહથી સ્વામીશ્રીને કશું જ ન થયું એ જોઈને સાથેના સૌ યુવકો આશ્ચર્યચકિત થઈ ગયા.

આ દિવસોમાં સ્વામીશ્રીએ નારણભાઈને વચનામૃતો મોઢે કરવા આજ્ઞા આપી હતી. જે વચનામૃત તેમને ગોખવાનું હોય તે પોતે જ તેમને જણાવતા.

અહીં એક દિવસ નારણભાઈએ સ્વામીશ્રીને પૂછ્યું કે 'હવે કયું વચનામૃત ગોખું ?'

સ્વામીશ્રીએ કહ્યું : 'અમે ૨૬૨ વચનામૃત મોઢે કરવાનો નિર્ધાર કરેલો, તેમાં શરૂઆતના ૬૬ મોઢે કર્યાં. હાલ અમને લગભગ દોઢસો મોઢે છે. માટે હવે તમારે ગમે તે વચનામૃત કરવાં. ૨૬૨ કરવાનાં છે.'

સ્વામીશ્રીના જીવનની પળેપળ ઊંડા ઉપદેશની કથારૂપ હતી. તેમના પ્રત્યેક શબ્દે જીવનની ઉચ્ચતમ પ્રેરણાનો સંદેશો મળતો.

ગોંડલમાં રાત્રી-કથા પછી સ્વામીશ્રીની આજ્ઞા હતી કે 'હંમેશાં યુવકોએ નિયમ-ચેષ્ટા કર્યા પછી જ સૂવું.'

એક વાર કથા પછી યુવકો ખૂબ જ ઝડપથી ચેષ્ટાનાં પદો બોલવા લાગ્યા. એ ઝડપ એટલી બધી હતી કે શું બોલાય છે તે પણ સમજી ન શકાતું. આથી સ્વામીશ્રીએ તરત જ યુવકોને ચેષ્ટા બોલતાં રોક્યા અને પોતે જ ધીરેથી શરૂ કરતાં કહ્યું : *'પ્રથમ શ્રીહરિને રે, ચરણે શીશ નમાવું...* આ પ્રમાણે ધીરેથી

બોલવી જોઈએ. મહારાજની મૂર્તિનું ધ્યાન કડીએ કડીએ કરવું જોઈએ.' એમ હાથનું લટકું કરીને સમજાવ્યું : 'દરેક લીટીએ મહારાજની મૂર્તિની સ્મૃતિ કરવી જોઈએ; પણ આમ ઊધડું ન લેવું.'

એ પછી સૌએ મહારાજની મૂર્તિની સ્મૃતિ સહિત ધીરે ધીરે ચેષ્ટા બોલવાની ટેવ પાડી.

અહીં સ્વામીશ્રીનાં દર્શને એક મુમુક્ષુ આવેલા. તેમને મૌનવ્રત હતું. પાટીમાં લખીને પૂછે; તેનો ઉત્તર પણ લખીને જ આપે.

સ્વામીશ્રી તેમના મૌનવ્રતથી બહુ રાજી થયા. સ્વામીશ્રી કહે : 'આ ભક્ત બહુ સારા છે. જગતની વાત કોઈ પૂછે નહિ, એટલે મૌન રાખે છે.'

પછી કહે : 'કથાવાર્તા કરવી એ પણ મૌન જ છે. ભગવાનના નામથી આત્માની શક્તિ પ્રગટે છે. મૌનનો ગુણ બહુ સારો.'

સ્વામીશ્રી તેમને આશીર્વાદ આપતાં કહે : 'ભગવાનનું ભજન કરજો. જાવ, આશીર્વાદ છે. ખૂબ સુખી થશો.'

સ્વામીશ્રી પાસે હૃદય જીતવાની અનોખી કળા હતી. નાના-મોટા દરેકની કોઈપણ ક્રિયામાં ગુણ શોધી કાઢી, એવી વખતસર પ્રશંસા કરે કે તે વ્યક્તિના અંતરમાં સ્વામીશ્રી માટે અદ્વિતીય સ્થાન નિશ્ચિત થઈ જાય. દરેકની કદર, દરેકનો આદર, એ સ્વામીશ્રીના વિશાળ હૃદયનો આવિષ્કાર હતો.

ડૉ. રમણભાઈ જ્યારે સ્વામીશ્રીને પત્ર લખતા ત્યારે ઉત્તર પાઠવતાં સ્વામીશ્રીએ તેમને એક વાર આ શબ્દો લખ્યા હતા : 'તમારા જેવા અક્ષર થાય તેવા આશીર્વાદ આપજો.'

તેમનો એક પત્ર તો સ્વામીશ્રીએ પોતાના ચશ્માંના કેસમાં રાખી મૂક્યો હતો અને જ્યારે રમણભાઈ સ્વામીશ્રીને રૂબરૂ મળ્યા ત્યારે સ્વામીશ્રીએ તેમનો પત્ર કાઢ્યો ને બતાવતાં કહે : 'તમારા અક્ષરો મને બહુ ગમે છે !'

આટલા સ્નેહ-આદર પછી સ્વામીશ્રી લોકહૃદયના સિંહાસને બેસે તેમાં શી નવાઈ !

❀ ❀ ❀

ભગતજીના સમાધિ સ્થાને પ્રતિષ્ઠા



ગોંડલમાં પારાયણની પૂર્ણાહુતિ કરી સ્વામીશ્રી, લગભગ ૧૦૦ જેટલા સંતો, હરિભક્તો તથા યુવકોનો સંઘ લઈ તા. ૧-૬-'૫૭, મહુવા જવા નીકળ્યા. બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજના સમાધિ સ્થાને માલણ નદીને કાંઠે સુંદર દેરીમાં શ્રીજીમહારાજનાં ચરણારવિંદ પ્રતિષ્ઠિત કરવાનું શુભ મુહૂર્ત જેઠ સુદ ૫, સં. ૨૦૧૩, સોમવાર, તા. ૩-૬-'૫૭ નિર્ધાર્યું હતું.

આ બાજુ ઢસા સ્ટેશને ગુજરાત તેમજ મુંબઈના હરિક્તો પણ તે જ ટ્રેનમાં ભેગા થઈ ગયા. આખી ટ્રેનમાં જ્યાં નજર કરો ત્યાં હરિભક્તો જ દેખાતા હતા અને મોતીકાકા, મગનભાઈ, હર્ષદભાઈ, હકાભાઈ, ચંપકભાઈ શેઠ વગેરે હરિભક્તો, યુવકો તથા સંતો જુદા જુદા ડબ્બામાં ભગતજી મહારાજના જ ગુણગાન ગાતાં નજરે પડતા હતા.

બપોરે ૧-૦૦ વાગે મહુવા સ્ટેશને નાગરદાસભાઈ, ભગવાનજીભાઈ, ઠાકરશીભાઈ, કાનજીભાઈ, પંડિતભાઈ બધેકા વગેરે ભક્તોએ સ્વામીશ્રી અને સંતોનું ફૂલહારથી સ્વાગત કર્યું. સ્વામીશ્રીનો ઉતારો નાગરદાસભાઈને ત્યાં હતો. અહીં સુંદર મંડપ બાંધ્યો હતો.

ઈશ્વરભાઈ દાજી તથા રણછોડભાઈ વાડીવાળા રસોડાની વ્યવસ્થામાં હતા તેથી મોટા ભાગના હરિભક્તોને સીધા જમાડવા લઈ ગયા. કપોળ બોર્ડિંગ, બાલાશ્રમ તથા નિશાળમાં સૌ હરિભક્તોના ઉતારા હતા.

સાંજે શોભાયાત્રા કાઢવામાં આવી; જેમાં બેન્ડ, રાજુલા તથા કુંડલાની ભજન મંડળીઓ પછી, શણગારેલા ખટારામાં પાટ ઉપર સ્વામીશ્રી, મોટાસ્વામી તથા પ્રમુખસ્વામી અને અન્ય સંતો, પાછળ ધૂન-ભજન કરતા હરિભક્તો અને છેલ્લે બહેનો હતાં. શોભાયાત્રા ભગતજી મહારાજના ઘર આગળ વિરમી. સ્વામીશ્રીએ ઘરમાં પધારી બધે દર્શન કર્યાં અને ઓસરીમાં બિરાજ્યા. ભગતજી

મહારાજના ભત્રીજા નારણભાઈ, તેમના પુત્ર ભગવાનજીભાઈએ, ભગતજીએ સીવેલાં કપડાં, લખેલા પત્રો, સ્વામીનું વતું કર્યું હતું તે સાધનો વગેરે પ્રસાદીની વસ્તુઓનાં સ્વામીશ્રીને દર્શન કરાવ્યાં.

રાત્રે ઉતારા પાસે મંડપમાં સભામાં અંબાલાલ બ્રહ્મભટ્ટે પ્રાર્થના ગાઈ. નાગરદાસભાઈએ કાર્યક્રમની વિગત આપી. કાનજીભાઈ, શિવશંકરભાઈ, હર્ષદભાઈ, સંતસ્વામી, પ્રમુખસ્વામી તથા મોટાસ્વામીએ પ્રવચનો કર્યાં. મેં *'માગો માગો ભગતજી આજ'* એ કીર્તન ગાયું.

સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં જણાવ્યું :

'શાસ્ત્રીજી મહારાજ અને નિર્ગુણ સ્વામી સાથે અમે આ સ્થાનમાં આવ્યા હતા. શાસ્ત્રીજી મહારાજે અમને ભગતજી મહારાજના અગ્નિસંસ્કારનું આ સ્થાન બતાવ્યું હતું. આ સ્થાનમાં પ્રાર્થના કરીએ તો કોઈનો અવગુણ ન આવે. મહારાજે સારંગપુરમાં ફગવાં આપેલાં, તે તાજાં રાખવાં.'

સોમવાર, તા. ૩-૬-'૫૭, સવારે સ્વામીશ્રી મંદિરે પધાર્યા. દર્શન કરી સભામંડપમાં આવ્યા ત્યારે કોઠારી હરિપ્રસાદજીએ સ્વાગત કર્યું. મોટાસ્વામી તથા સ્વામીશ્રીએ વાતો કરી.

પછી માલણ નદીને કાંઠે, નારિયેળીની વાડીઓની વચ્ચે દેરીએ પધાર્યા. નદીમાં પાણીનું વહેણ વહી રહ્યું હતું. હરિયાળીનો શીતળ છાંયો અને સુગંધીમાન પવનથી વાતાવરણ આહ્‌લાદક હતું. શેઠ હરિલાલભાઈ, વકીલ તુલસીભાઈ ઈશ્વરભાઈ પટેલ વગેરે પૂજામાં બેઠા.

પછી બરાબર ૯-૩૦ વાગે સ્વામીશ્રીએ શ્રીજીમહારાજનાં ચરણારવિંદની દેરીમાં પ્રતિષ્ઠા કરી, આરતી ઉતારી. આ વખતે બહાર બહેનોમાં દર્શનની ખૂબ ભીડ જામી હતી અને ધૂન-ભજનની ઝડી વરસતી હતી. તેમાં કેટલીક બહેનોને સમાધિ થઈ હતી અને ભગતજી મહારાજ તથા મહારાજ, સ્વામી અને શાસ્ત્રીજી મહારાજનાં દર્શન થયાં હતાં. સ્વામીશ્રી દ્વારા ભગતજીના પ્રગટપણાનો દિવ્ય અનુભવ અનેકને થયો અને વાતાવરણમાં અલૌકિકતા પ્રસરી ગઈ.

બાજુમાં પ્રભુદાસભાઈની વાડીમાં સભા થઈ, જેમાં સંતોએ કીર્તનો ગાયાં. ખેંગારજીભાઈ, હકાભાઈ, નગરશેઠ હરિલાલભાઈ, અર્જુનભાઈ, ચંપકભાઈ શેઠ વગેરેએ પ્રવચનો કર્યાં. આફ્રિકાથી આવેલ તથા અન્ય તાર-સંદેશાનું વાચન થયું. શાસ્ત્રીજી મહારાજનો ૪૦ વર્ષ પહેલાંનો મનસુખભાઈ મિસ્ત્રી ઉપર આવેલો પત્ર પુરુષોત્તમદાસ મિસ્ત્રી લાવેલા. તે મગનભાઈ સેક્રેટરીએ વાંચ્યો.

તેમાં આ સ્થાને કાયમી સ્મારક રચવા રૂપિયા ૩,૦૦૦ શાસ્ત્રીજી મહારાજે મંગાવ્યા હતા, તે વિગત હતી. મોટાસ્વામીએ તે વાત વિસ્તારથી કરી. પછી સૌએ સ્વામીશ્રી તથા સંતોનું પૂજન કર્યું.

રાતની સભામાં સંતો તથા ગઢડાના કમળ લહેરી પ્રાસંગિક કીર્તનો બોલ્યાં હતા. મોતીભાઈએ પોતાની જોશીલી શૈલીમાં ભગતજીનું ચરિત્ર અને કીર્તન ગાયાં. નિષ્ઠા અને મહિમાના બળથી તેમણે સભાને રંજિત કરી દીધી હતી. સ્વામીશ્રી બહુ પ્રસન્ન થયા. જુસ્સાથી વર્ણવાતાં પ્રગટનાં લીલાચરિત્રોમાં સ્વામીશ્રીને હંમેશાં બહુ આનંદ થતો. મોતીભાઈનાં શૂરવીરતાનાં કીર્તનો એમને ગમતાં. સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા પછી હકાભાઈએ ભગતજીના આદેશને અનુસરાય એવી પ્રાર્થના કરી.

બીજે દિવસે મહુવામાં ઘણી પધરામણીઓ થઈ. સ્વામીશ્રી બપોરે બે વાગે ભાદરોડ પહોંચ્યા. ભદ્રેશ્વર મહાદેવનું મંદિર તથા મેડી, જ્યાં ભગતજીને ચંદન અર્ચી શાસ્ત્રીજી મહારાજ ભેટ્યા હતા, ત્યાં દર્શન કર્યાં. મહારાજની પ્રસાદીની ભાદરોડી ગંગાના કિનારે પધાર્યા.

શૌચ બાદ યુવકો સ્વામીશ્રીને હાથ ધોવડાવતા હતા. ત્યારે હાથ ધોતાં ધોતાં સ્વામીશ્રી કહે : 'સાધુ થાવું, સાધુતા શીખવી અને સ્વભાવ મૂકવા...'[10]

ત્યારપછી સ્નાન કર્યું. હરિભક્તોએ પણ આજ્ઞાથી સ્નાન કર્યું. અહીં પણ ઘણી પધરામણીઓ થઈ. સાંજે સભા કરી, રાત્રે મહુવા પધારી સ્વામીશ્રીએ યુવકોને ખીચડીમાં ખૂબ ઘી પીરસી જમાડ્યા અને અલૌકિક સ્મૃતિ આપી.

અહીં ભગતજીની દેરીની સામે નારિયેળની વાડીમાં સ્વામીશ્રીએ એક વખત બપોરે આરામ કર્યો.

ચાર વાગે વાડીના માલિકે સ્વામીશ્રીને વાડીમાં પગલાં કરવા વિનંતી કરી. ફરતાં ફરતાં એક નારિયેળી બતાવી તેણે કહ્યું : 'આને કોઈ દિવસ એકે ફળ ઊતર્યું નથી.'

સ્વામીશ્રીએ તેનો સ્પર્શ કર્યો. બે વખત થાબડીને કહે : 'હવે થશે.' અને

---

૧૦. તા. ૧૩-૧-'૬૫ના રોજ સવારે મંગળ પ્રવચનમાં સ્વામીશ્રી આ વાત બોલ્યા અને કહ્યું કે 'આઠ વર્ષ પહેલાં ભાદરોડમાં ભાદરોડી નદીના કિનારે અમે આ વાત બોલ્યા હતા, ત્યારે આણંદના મોતીભાઈ ભગવાનદાસે પ્રશ્ન પૂછેલો કે સાધુતા એટલે શું ?'

સ્વામીશ્રીની આવી અદ્‌ભુત સ્મૃતિ જોઈ સૌ આશ્ચર્યમુગ્ધ થઈ ગયા.

તે વૃક્ષ ફળવા લાગ્યું, જે આજે પણ મોજૂદ છે.

પછી ભગતજી મહારાજની દેરીએ દર્શન કરી સ્વામીશ્રી માલણ નદીએ સ્નાનાર્થે પધાર્યા. શૌચ બાદ હાથ ધોઈ, પલાંઠી વાળીને, નદી કિનારાની રેતી પર બિરાજ્યા અને ફરીથી એ જ વાત કરી : 'આટલું જ કરવાનું છે. સાધુ થાવું, સાધુતા શીખવી અને સ્વભાવ મૂકવા.' પછી એક એક યુવક પાસે આ વાત બોલાવડાવી ! આ વાતનો કેટલો આગ્રહ !

અહીં સ્નાન કરી ઉતારે આવ્યા. શાસ્ત્રીજી મહારાજના સંકલ્પ અનુસાર ભગતજીના સમાધિ સ્થાને નાનું સ્મારક બની ગયું અને ગામમાં 'પ્રાગા પ્રભુ' નામે ઓળખાતા ભગતજીનો ફરી એક વાર જયજયકાર થઈ ગયો. ભગતજીના સમાધિ સ્થાને સ્વામીશ્રીએ યુવકો તથા હરિભક્તોને એકાંતિક ધર્મ સિદ્ધ કરવાના રૂડા આશીર્વાદ આપ્યા હતા.

✧

સ્વામીશ્રી મહુવાથી હીરજીભાઈ શેઠને ત્યાં તળાજા થઈ તણસા પધાર્યા.

સ્ટેશન માસ્તર ઈશ્વરભાઈ ભટ્ટના ઘરે ઉતારો હતો. રાત્રે ૧૨-૦૦ વાગ્યા સુધી કથાવાર્તા થઈ. આખા ગામના ભાવિકો સત્સંગનો લાભ લેવા આવ્યા હતા. ડૉ. રમણભાઈએ અહીં સભામાં સુંદર પ્રવચન કર્યું, તેથી સૌ રાજી થયા.

ત્યારે શાસ્ત્રીજી મહારાજના વખતના એક જૂના સાધુ વિનુ ભગતને કહેવા લાગ્યા : 'વાસણ ઊટકીને સેવા કરે છે, પણ પ્રવચન કરતાં આવડે છે ? કોઈ ભાવ નહીં પૂછે ! માટે આવું બધું શીખી લે. સ્વામી સેવાનું કહે તો કહેવું : 'મારે પ્રવચન શીખવું છે.' તો તને પ્રવચન કરતાં શીખવાડશે. નહિ તો કોઈ પૂછશે નહિ. અમેય રહી ગયા. પથરા ઊંચક્યા, કોઈ પૂછતુંય નથી.'

આ વાત વિનુ ભગતે સ્વામીશ્રીને કરી. ત્યારે આવી મોળી વાતથી તેઓ હસી પડ્યા અને કહે : 'સાત સમેલિયા કરવા છે. શાસ્ત્રીજી મહારાજની આજ્ઞાથી અમે વાસણ જ ઊટક્યાં છે, સેવા જ કરી છે. નિર્દોષબુદ્ધિ હોય તો કાંઈ બાકી જ ન રહે.'

મહાવ્યક્તિત્વનો સ્પર્શ

જેઠ સુદ ૧૦, શ્રીજીમહારાજની તિથિ સ્વામીશ્રીએ ભાવનગરમાં ઊજવી.

અહીં કાળુભાઈ બશિયા સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. જગતપ્રવાસી કાળુભાઈ બશિયાએ આખા વિશ્વનો પ્રવાસ પગપાળા કરેલો, જેમાં અનેક સંત-

મહાત્માઓ, સિદ્ધપુરુષોનાં દર્શન કરેલાં, અનેક રાજકીય નેતાઓ અને સમાજ-સુધારકોના પરિચયમાં આવેલા, પરંતુ સ્વામીશ્રીના વિશિષ્ટ વ્યક્તિત્વનું વર્ણન કરતાં તેઓ કહેતા :

'સ્વામીશ્રી યોગીજી મહારાજ પ્રેમ અને પવિત્રતાની સાક્ષાત્ મૂર્તિ અને વચનસિદ્ધ મહાપુરુષ છે. એમના મહાવ્યક્તિત્વને માપવાને આપણી બુદ્ધિનો ગજ બહુ નાનો પડે. છતાં મને એમનાં દર્શન, સહવાસ અને ચરિત્રમાંથી જે અનુભવ થયો છે, તે પરથી કહું છું કે યોગીજી મહારાજ દૈવી પુરુષ છે. સ્વામિ-નારાયણ ધર્મને ખૂબ વિસ્તૃત બનાવનાર, તેનું માહાત્મ્ય ખૂબ વધારનાર અને મોટા જન-સમુદાયને ધર્મના પવિત્ર પંથે ચડાવનાર યોગીજી મહારાજ છે.

'એમના ચમત્કારનું અદ્ભુત દૃષ્ટાંત એ છે કે કેટલોક સમય ભારતના ગૃહપ્રધાન રહેલા માનનીય ગુલઝારીલાલ નંદાજીને મેં હકાભાઈ ખાચરની હાજરીમાં પ્રશ્ન પૂછ્યો હતો કે 'આપ બિનમજહબી ભારત સરકારના પ્રતિનિધિ સ્વામિનારાયણ ધર્મમાં કેમ પ્રવેશ્યા ?'

'નંદાજીએ કારુણ્યભાવે જણાવ્યું કે 'ધર્મની અત્યારે જેટલી જરૂર છે, તેટલી બીજા કોઈ યુગમાં હતી નહિ. જો ધર્મ જશે તો સત્યાનાશ વળી જશે. એમ જાણી મેં ધર્મ અંગીકાર કર્યો છે. પણ સ્વામિ-નારાયણ ધર્મને સૌથી અગત્યનો અને સૌથી પવિત્ર માની તેમાં દાખલ થયો છું. યોગીજી મહારાજ ધર્મરૂપ છે. એમણે જેટલો સદાચાર, સદ્ધર્મ ફેલાવ્યો છે, તેટલો બીજા કોઈએ ફેલાવેલ હું જાણતો નથી. યોગીજી મહારાજે દૂર દૂરના આફ્રિકા જેવા મોટા દેશોમાં પહોંચી ત્યાં સ્વામિનારાયણનો વિજયધ્વજ ફરકાવ્યો છે. મુંબઈ અને ગુજરાતમાં એમણે ઠેકઠેકાણે ભવ્ય મંદિરો અને પાઠશાળાઓ સ્થાપ્યાં છે. તે ખરાં ઐતિહાસિક સ્મારકો છે.'

'યોગીજી મહારાજની વચનસિદ્ધિનો મને ખરો પરચો મળ્યો છે, તે જણાવું છું : હું રશિયાના પ્રવાસે જતો હતો, ત્યારે મારી ડાયરીમાં આશીર્વાદ લખી આપવાની યોગીજી મહારાજને નમ્ર વિનંતી કરતાં, એમણે લખી આપ્યું હતું : 'જાવ, ડંકો વાગશે.' અને ખરેખર ડંકો બજ્યો હતો.

'યોગીજી મહારાજના જેવી મુક્ત હાસ્યભરી કરુણા ઊભરાતી બીજી મૂર્તિ હજુ ક્યાંયે દેખાતી નથી. એ જ યોગીજી મહારાજની શ્રેષ્ઠ વિશિષ્ટતા છે એમ હું માનું છું.'

અલ્પ પરિચયમાં જ સ્વામીશ્રી વ્યક્તિના હૃદય પર આ રીતે છવાઈ જતા.

સાચી શીખવે રામકી રીત કું જી

અહીં એક મુમુક્ષુ સ્વામીશ્રીનો મહિમા જાણી, એક કળશમાં પવિત્ર જળ ભરીને આવ્યા અને સ્વામીશ્રીનાં દર્શન કરીને કહ્યું : 'બાપજી ! આ જળમાં આપનો અંગૂઠો બોળો.'

આ સાંભળતાં જ સ્વામીશ્રીએ પગ ખેંચી લીધા અને ઠાકોરજીની મૂર્તિ મંગાવીને બોલ્યા : 'ઠાકોરજીનાં ચરણારવિંદ તેમાં પખાળો.'

પેલા મુમુક્ષુએ ચરણ પખાળવાનો આગ્રહ કર્યો ને કહે : 'અમારે ત્યાં મોટા મોટા મહાત્મા આવે છે, તેમનાં ચરણ ધોઈને અમે બધાનું ચરણામૃત લઈએ છીએ.'

સ્વામીશ્રી પ્રત્યુત્તરમાં હસ્યા. ઠાકોરજીની પ્રસાદીનું જળ કરી આપી સ્વામીશ્રી બ્રહ્માનંદ સ્વામીની સાખી બોલ્યા :

'સાચે સંત મિલે કમી કાહુ રહી; સાચી શીખવે રામકી રીત કું જી.
પરાપાર સો હી પરિબ્રહ્મ હૈ, તામેં ઠેરાવે જીવ કે ચિત્ત કું જી...'

'સાચા સંત છે તે શું કરે ? પોતાથી પર જે પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ છે તેમાં જીવને જોડે છે; પરંતુ પોતાના સ્વરૂપમાં જોડતા નથી. એ જ સાચા ગુરુ છે.'

સ્વામીશ્રીની વાત તે મુમુક્ષુના હૃદય સોંસરવી ઊતરી ગઈ અને તે રાજી થઈને ઘરે ગયા.

અહીંથી સ્વામીશ્રી પાલિતાણા પધાર્યા અને રેલવે ક્વાટ્ર્સમાં હરગોવિંદ-દાસ માસ્તરના ક્વાટ્ર્સમાં ઊતર્યા. માસ્તરે સ્વામીશ્રીને રસોઈ માટે પૂછ્યું. સ્વામીશ્રી કહે : 'અમે બે વર્ષ પહેલાં જગજીવનભાઈ અને ચંદુભાઈને કોલ આપ્યો છે, એટલે તેમને ત્યાં જ રસોઈ લેશું.'

પરમાર ભાઈઓ ખૂબ રાજી થયા અને ખાસ તો તેમના કાકા દુર્લભજીભાઈ પરમારને સ્વામીશ્રી સાથે ખૂબ હેત; તેથી તેમણે રસોઈમાં ઘણી જ જુદી જુદી સામગ્રીઓ, મીઠાઈ વગેરે બનાવી હતી. સ્વામીશ્રી રસોઈ જોઈને કહે : 'અહોહો... દુર્લભજીભાઈએ તો આજે અન્નકૂટ પૂર્યો છે !'

તેમણે પોતાનું ઘર તોરણો, ભરતગૂંથણનાં ભીંતચિત્રો મૂકીને શણગાર્યું હતું. ઘરના એક રૂમમાં પાટિયા ઉપર એક લીલું વસ્ત્ર અને શ્રીફળ પડ્યાં હતાં. તે જોઈને સ્વામીશ્રીએ પૂછ્યું, ત્યારે દુર્લભજીભાઈ કહે : 'બાપા ! તે શિકોતર માતાજી છે.'

સ્વામીશ્રી તુરત જળ મંગાવીને તેના ઉપર છાંટીને બોલ્યા કે 'આને બદરિકાશ્રમમાં મોકલીએ છીએ. માટે તમે નારિયેળ અને કપડું નદીમાં પધરાવી દેજો.' એમ કહી વાત કરી : 'આપણે શ્રીજીમહારાજની સર્વોપરી નિષ્ઠા રાખવાની હોય. બીજામાં કંઈ માલ નથી. ઉપાસના શુદ્ધ રાખવી, એમાં ગડબડ ચાલે નહિ. તો જ શ્રીજીમહારાજ સર્વે પ્રકારે આપણી રક્ષા કરે. બીજાં ક્ષુદ્ર દેવ-દેવીઓમાં રક્ષા કરવાની શક્તિ નથી; એ તો રાંકાં જેવાં છે. માટે આપણે તો શ્રીજીમહારાજનો જ આશરો રાખવો.'

પછી દુલર્ભજીભાઈ કહે : 'બાપા ! ઘરમાં વરસોથી સાપ નીકળે છે અને પુરુષો કામે બહાર જાય પછી જ નીકળે છે; તો આપ દૃષ્ટિ કરીને આ દુ:ખ દૂર કરો.' પછી સ્વામીશ્રી ઘરમાં બધે ફર્યા, પ્રસાદીનું જળ બધે જ છાંટ્યું અને બોલ્યા કે 'જાવ, આ ભૂમિ પવિત્ર થઈ ગઈ. હવે અહીં સાપ નીકળશે નહિ.'

ત્યારબાદ તે ઘરમાં કદી પણ સાપ જોવામાં આવ્યો નહિ. સૌને હૃદયમાં શાંતિ થઈ અને સ્વામીશ્રીની શક્તિનો પરિચય પણ થઈ ગયો. સ્વામીશ્રીએ બે વરસ જૂનો કોલ પાળ્યો, જાણે કે બધાને અક્ષરપુરુષોત્તમની સર્વોપરી નિષ્ઠા પાકી કરાવવા માટે જ સ્વામીશ્રી તેમને ત્યાં પધાર્યા ન હોય !

મનગમતું મેલી કરી, મત મોટાનો મન ધારીએ

બીજે દિવસે બપોરે હરિભાઈ મિસ્ત્રીને ત્યાં જમવાનું ગોઠવેલું, તેથી ત્યાં પધાર્યા. હરિભક્તો કહે : 'બાપા ! બાજુમાં એક પધરામણી છે, તો જઈ આવીએ.'

સ્વામીશ્રી કહે : 'જમીને કરીશું.'

હરિભક્તો કહે : 'બાપા ! જમવાને હજુ થોડી વાર છે. માટે પહેલાં પધરામણી કરી લઈએ તો ?'

સ્વામીશ્રી ફરી કહે : 'જમીને નિરાંતે પધરામણીએ જઈશું.' પણ હરિભક્તો સમજ્યા નહિ.

સ્વામીશ્રી પધરામણી કરી બહાર નીકળી ગયા. બે સંતો અને વિનુ ભગત પાછળ રહી ગયા. હરિભક્તો બાઈઓને દર્શન કરાવવા ઠાકોરજી લઈ ગયા હતા. વિનુ ભગતે ઠાકોરજી લઈને પાછું જવાનું હતું. એ વખતે એક બાળકી પાથરણા ઉપર આવી ગઈ. બન્ને સંતો તથા વિનુ ભગતને ઉપવાસ થયો.

પછી હરિભક્તો આગ્રહ કરવા લાગ્યા : 'આ ત્રણેય સંતોને જમવાનું કહો અને ઉપવાસ ન કરે.'

સ્વામીશ્રી કહે : 'એ લોકો જાણે; અમે ન કહીએ. અમે તેમને જમાડીએ તો અમારે ઉપવાસ કરવો પડે.' એમ કહેતાં સ્વામીશ્રી બોલ્યા : 'રહેવા દો. અમારા નિયમ પ્રમાણે ઉપવાસ કરવો જ પડે.'

જમ્યા પછી સ્વામીશ્રી વિનુ ભગતને કહે : 'હરિભક્તો આપણું માન્યા નહિ ને બધા દુઃખી થયા.'

મોટાપુરુષની મરજી સદાકાળ સમજવી એ મુદ્દો છે, પણ ભોળપણ અથવા ડહાપણમાં જીવ ભૂલી જાય છે.

પછી શિહોર, ઉમરાળા થઈ દેવરાજભાઈને ત્યાં વલ્લભીપુર(વળા) પધાર્યા. આ અતિ ઉત્સાહી અને પ્રેમી ભક્ત સ્વામીશ્રીના આગમનથી ઘેલા ઘેલા થઈ ગયા હતા. સ્વામીશ્રીનો અહીં બે દિવસ મુકામ હતો પણ ઉમરાળા જવાનો આગ્રહ થવાથી એમણે અહીં સંત સ્વામીને રોકીને કથાવાર્તાનો લાભ અપાવ્યો. પોતે રવિશંકરભાઈ તથા કાળીદાસભાઈને ત્યાં ઉમરાળા જઈ આવ્યા. અહીં મંડળની સ્થાપના કરી. પાછા વળા આવી, પછેગામ થઈ રોહીશાળા આવ્યા.

દસ બળદથી શણગારેલા ગાડામાં સ્વામીશ્રીને પધરાવી ભજન-કીર્તન કરતાં સૌએ સ્વામીશ્રીનું સામૈયું કર્યું. મંદિરે દર્શન કરી ઉતારે પધાર્યા. દર્શન-સમાગમનો સૌને સારો લાભ મળે તેથી સુંદર મંડપ બાંધ્યો હતો. કાનજીભાઈ, ઠાકરસીભાઈ, હરજીભાઈ, ત્રિભોવનભાઈ વગેરે ભક્તોને ઉત્સાહ ખૂબ જ હતો. અહીં ઘણી પધરામણીઓ થઈ. કથાવાર્તાનો લાભ પણ સૌને સારો મળ્યો.

ઘેલા કાંઠે દર્શનઘેલા

તા. ૧૬-૬-'૫૭, સ્વામીશ્રી સંતો-હરિભક્તો સાથે ટ્રેક્ટરમાં ગઢડા પધાર્યા. ગઢડાના અમલદારો તથા ભાણભાઈ વગેરે દરબારોએ સારો લાભ લીધો. પ્રસાદીનાં સ્થાનોએ દર્શન કરી સ્વામીશ્રીએ મંદિરમાં થયેલા નવા ઉતારાઓ - ગેસ્ટ હાઉસમાં પધરામણી કરી.

સૌ મંડળ સાથે સ્વામીશ્રી ઘેલામાં સ્નાન કરવા પણ જતા. ગઢડામાં એ વરસોમાં પાણી હંમેશાં રહેતું. વૈશાખ-જેઠ મહિનામાં પણ મંદિર નજીક જે ખળખળિયો, જ્યાં ઘાટ બાંધ્યો છે, ત્યાં પાણી ખળખળ વહેતું રહેતું. તેથી સ્વામીશ્રી આ સમયે અહીં સ્નાન કરતા. આ વખતે એક વરસાદ થઈ ગયો હતો, તેથી વહેણ સારું હતું. સામે કાંઠે દિશાએ જઈ સ્વામીશ્રી અહીં સ્નાન કરતા. હરિભક્તોને માથે પ્રસાદીનું જળ ચઢાવી સૌને સ્મૃતિ આપતા અને પછી

ખળખળિયામાં લોટાથી સ્નાન કરતા. પોતે બહુ વાર સુધી નાહતા નહિ, પણ બીજા નાહાય તે જોઈ રાજી થતા. પોતે તૈયાર થઈને ઘાટ ઉપર બેસે, તે સ્નાન કરતા મુક્તોને જોયા કરે, આનંદ પામે.

સામે કાંઠે, રમા ઘાટ પાસે એક ઘૂનો હતો. તે સ્થળે પણ 'મહારાજ બહુ નાહ્યા છે' – એમ સ્વામીશ્રી કહેતા. ચોમાસા પછી પણ ત્યાં સારું પાણી રહેતું, તેથી ઘણી વાર ત્યાં પણ નાહવા જતા. આમ, સંતો-હરિભક્તો સહિત ઘેલામાં સ્નાન કરવા જવું, પ્રસાદીનાં સ્થળોએ દર્શને જવું, કથા-કીર્તન કરવાં વગેરે કાર્યક્રમો સૌને ભગવત્સન્મુખ કરવા સ્વામીશ્રી અવિરત યોજતા.

ગઢડામાં સ્વામીશ્રીનો મુકામ બે દિવસનો હતો, પણ એમને ડાબે હાથે ગૂમડું થવાથી ડૉ. ભાલચંદ્રભાઈ તથા કોઠારી હરિજીવન સ્વામીના આગ્રહથી સાતેક દિવસનું રોકાણ થયું. સ્વામીશ્રીને વધુ આરામ મળે એવું કોઠારી તથા સંતોને પણ તાન હતું, પણ સ્વામીશ્રી સૌને 'હા-હા' કરી રાજી રાખે પણ આરામ કરે નહિ. સવારે વચનામૃતની કથા કરે. દર્શનનો એમને એટલો ઇશક કે સાતેય દિવસ મોટા મંદિરે તથા લક્ષ્મીવાડીએ દર્શને પધાર્યા. હાથે ગૂમડું થયેલું, છતાં બધાં પ્રસાદી સ્થળે દંડવત્ કરવાના જ. એમાં કોઈ રોકી શકે નહિ. કોઈ રોકવા જાય તો કહે : 'ભાઈસા'બ, કરવા દો ને ! મને કાંઈ થવાનું નથી.' એમ કહી પોતાની ભક્તિ છોડે નહિ. એક દિવસ વિનુ ભગતે દંડવત્ ગણ્યા, તો ૧૫૦ દંડવત્, જુદાં જુદાં સ્થળે મળીને સ્વામીશ્રીએ કર્યા હતા, આમ, રોજ લગભગ ૧૫૦ દંડવત્, સાત દિવસ કર્યા. હાથે ગૂમડાનું દરદ તો ચાલુ જ હતું, પણ તેને ગણકાર્યું જ નહિ. સાતેય દિવસ ઘેલામાં સ્નાન કરવા પણ પધાર્યા. ગામમાં પધરામણીઓ કરી. વળી, મંદિરમાં કામ ચાલતું હોય ત્યાં કારખાનામાં પણ કારીગરો તથા મિસ્ત્રીને મળવા જાય, તેની સાથે કામની પૂછપરછ કરે, આશીર્વાદ આપે. દેવની સેવા માટે સૌને ખૂબ ઉત્સાહ અને મહિમા પ્રેરે.

બપોરે ૪-૦૦ વાગે ઉત્થાપનનાં દર્શન કરવા જાય અને અહીં રોજ એક કલાક ધૂન કરે. સૌના દેશકાળ સુધરે, વરસાદ સારા થાય, સર્વત્ર શાંતિ થાય, રોગ-ઉપદ્રવ ન થાય અને સત્સંગ ખૂબ વધે એવા શુભ સંકલ્પો કરી, ખુલ્લાં નેત્રે મૂર્તિમાં લીન થઈ, માળા ફેરવતાં સ્વામીશ્રી ધૂન કરતા. એક કલાક સુધી આસન બદલે નહિ, ક્યાંય આડી-અવળી નજર જાય નહિ; મૂર્તિમાં પરોવાઈ જઈ, એક ધ્યાને માળા સાથે ધૂન કરતા. સ્વામિનારાયણ મંત્રનું ધીમા અવાજે, એક શ્વાસે ભજન ચાલુ રહેતું. ત્યારે એમ જણાય કે ધ્યાન અને ભજનમાં આ

યોગી સિદ્ધ લાગે છે. કારણ, વૃત્તિનું આવું જોડાણ અને ધૂનનો અતૂટ દોર સિદ્ધયોગી વિના બીજાથી બને નહિ. આજુબાજુનાં ગામેથી હરિભક્તો આવતા, તેથી કથાવાર્તા-સત્સંગનો સાત દિવસ સારો અખાડો જામ્યો.

'...તો અમોને ધક્કો લાગે'

અહીંથી સ્વામીશ્રીએ એક યુવકને પ્રેરણાત્મક પત્ર લખ્યો હતો. નિષ્કામાદિક વ્રત-નિયમની યુવકોનાં જીવનમાં સ્વામીશ્રી કેટલી કાળજી રાખતા, તે પત્રમા જણાય છે.

'જેઠ વદ ૮, વાર ગુરુવાર, સવારના ૮-૩૦, ગઢપુર, તા. ૨૦-૬-'૫૭.

'આપણે સીધાંત એક જ રાખવો. બ્રહ્મચર્ય પાળીને, ત્યાગી થઈને, મહારાજની સેવામાં રહેવું તે દૃઢ સંકલ્પ રાખવો; તો જ વચન પાળ્યું કે'વાય. માટે જેમ બને તેમ વે'લી તકે તે વાત સીધ કરવાની છે. ત્યાં સંસારમાં ફેરફાર થીયા જ કરે. તમારે મનને રોકવું. વિ. આપે લખ્યું તે મુને ઘણો જ આઘાત લાગ્યો કે આપણા સ્વામીના નિષ્ઠાવાળા થઈને આવું અઘટિત કામ ન જ કરવું જોઈએ. છતાં મનને વશ થઈને ફેર પડ્યો તો આપને પશ્ચાત્તાપ ઘણો થીયો. તો હવે પ્રાયશ્ચિત્ત માટે એક જ ઉપાય જે, આપને ત્યાગી થાવું ને તમારા સાથે બીજા ચારને એકાંતિક કરીને સાધુ બનાવવા; તે ખરું પ્રાયશ્ચિત્ત છે. તો હવે આપ ધારશો. પાંચ જણને વહેવાર છોડાવીને ત્યાગી કરવા તે સંકલ્પ દૃઢ ધારશો. ઘરનો ત્યાગ કરવો તે જ વાત સાચી છે, છતાં બીજે રસ્તે તો જવાય જ કેમ ? તે ખોટું થઈ ગીયું છે. તો હવે જો બને તો ધારણાં-પારણાં ૮ દિવસનાં કોઈ બીજા ગામમાં જઈને, કોઈ ન જાણે તેમ કરી લેવાં; તો શુદ્ધ થઈ જવાશે. એક દિવસ ઉપવાસ ને એક દિવસ બે વખત જમવું. અત્યારે જોગ ન હોય તો અષાઢ સુદી ૧૫ પછી ચાર ઉપવાસ કરી લેવા. એક વખત ખાવું ને એક દિવસ ઉપવાસ કઠણ નહિ પડે. સે'જે સે'જે થઈ જાશે. માટે બળ રાખીને કરવું.

'હે મારા જીવનપ્રાણ, તમે શિષ્ય થીયા પછી મારી લાજ જાય તો અમોને ધકો લાગે. તો હવે કોઈ દિવસ તે ખોટે મારગે જવું જ નહિ. આ વખતે માફ છે ને પાપ બળી જાશે. ને આપના જીવને શાંતિ થઈ જાશે, ને હૃદયમાં પ્રકાશ થશે.

'તો હે મારા જીવનપ્રાણ, તમો બળ રાખો. ગુરુનું શોભાડો. પાંચેય દોષો જીતી લેવા. મહારાજ-સ્વામી જીતાવશે. આપણે તેના બળે બળ છે. તો હવે આપ રાજી રહેશો. યુવક મંડળ વધારશો. યુવકોને ભેગા કરીને વાતું કરશો.

મંડળ સર્વોપરી કરવું છે તે થઈ જાશે. સત્સંગ વધારશો તો ડંકો વાગી જાશે.

'હવે એક જ વાત રાખો. દોષ નહિ નડે, પણ હવે તે મારગથી છેટા રહેવું. સ્વામી કે'તાં જે 'વિષયને મારગે આંધળા થાવું ને બહેરા થાવું ને લૂલા થાવું; તે મારગે ન ચાલવું.' ૫૦ હાથ દૂર રહેવું. જોગ થીએ કોઈનું સમું રહે તેમ નથી, માટે જોગ ન કરવો. દરરોજ ૫ વાગે ઊઠશો. ગાદલું ન પાથરશો. મેળાવીને જમશો. હાથનું ઓસીકું રાખજો.'

આ શબ્દો ગમે તેવા ગુનેગારનેય સાંત્વન અને બળ પ્રેરે તેવા હતા.

ખમી ખાધું તો લાભ મળ્યો

તા. ૨૩મીએ સ્વામીશ્રી કેરિયા પધાર્યા. સવારે રસોઈ તૈયાર થતી હતી. ગઢડા જૂના મંદિરે ખબર પડતાં બે સાધુઓને મોકલ્યા. તેમણે આવીને તુરત કહ્યું : 'અમારે અહીં ઊતરવું છે, મંદિર ખાલી કરો.'

હરિભક્તો અકળાઈ ગયા. તેમણે સાધુઓને કહ્યું : 'તમે ઉપર ઊતરો. આ સંતો અહીં રહેશે.'

પરંતુ સ્વામીશ્રીએ હરિભક્તોને વાર્યા અને જમી-પરવારીને બપોરે ગાડામાં બેસીને સારંગપુર જવા નીકળી ગયા. સંતસ્વામી, સનાતન સ્વામી તથા વિનુ ભગત સાથે હતા.

ગાડું નીંગાળા પહોંચ્યું ને સ્વામીશ્રી લઘુ કરવા નીચે ઊતર્યા; ત્યાં પેલા બેય સાધુઓ સ્ટેશન ઉપર દેખાયા. સ્વામીશ્રીએ તેમને 'જય સ્વામિનારાયણ' કહ્યા, પણ તેમણે મોં ફેરવી લીધું. છતાં સ્વામીશ્રીએ વિનુ ભગતને કહ્યું : 'તમે 'જય સ્વામિનારાયણ' કહી તેમને પગે લાગી આવો.' તેમને જવાની ઇચ્છા ન હતી, પરંતુ આજ્ઞાથી ગયા; જો કે પેલા સાધુઓએ કાંઈ ગણકાર્યું નહિ.

આ સાધુઓને કેરિયા રહેવું ન હતું, પરંતુ મંદિર ખાલી કરાવવા જ આવ્યા હતા.

સ્વામીશ્રી ગાડામાં જ પોઢી ગયા. બીજા ગાડામાં સંતસ્વામી, સનાતન સ્વામી વગેરે બેઠા હતા. ખાડા-ટેકરા આવતા હતા. ગાડું ઊંચું-નીચું થાય. વળી સખત પવન અને થોડા વરસાદના છાંટા પણ પડે. ઘણી તકલીફ પડી, પણ રાત્રે અઢી વાગે સારંગપુર પહોંચ્યા. હરિભક્તો સાથે મૂકવા આવેલા. એકાદશી હોવાથી વહેલી સવારે પરવારી સ્વામીશ્રી પૂજામાં બેસી ગયા. મંગળા આરતીનો ઘંટ વાગતાં આરતીનાં દર્શન કર્યાં.

સ્વામીશ્રી કહે : 'જો આપણને કાઢ્યા તો સારંગપુરમાં મંગળા આરતીનાં દર્શન થયાં; નહિ તો ક્યાંથી થાત ? ખમી ખાધું તો આવો લાભ મળ્યો !' એમ સ્વામીશ્રીએ પેલા વિરોધી સાધુઓનો કેવળ ગુણ જ લીધો.

આજે એકાદશી હતી. સ્વામીશ્રી સવારે દેરીએ પધાર્યા. દર્શન કરી, શુભ સંકલ્પો કરીને ધૂન કરી; માળા ફેરવતાં પ્રદક્ષિણા કરી. સ્વામીશ્રી કહે : 'આ શાસ્ત્રીજી મહારાજનું સ્થાન છે. અહીં બે માસ રહેવાનું મન થાય છે. આજે એકાદશી છે, બધા સંકલ્પો સિદ્ધ થશે.'

અહીં સાત થી આઠ દિવસ રોકાયા. તેથી તાજપુર, ઝમરાળા, રોહિશાળા, તુરખા, અડવાળ વગેરે ગામોના હરિભક્તો દર્શન-સમાગમમા આવતા. સ્વામીશ્રી સૌને સવાર-સાંજ કથાવાર્તાનો લાભ આપતા. દિવસમાં બે વાર દેરીએ જતા. ત્યાં ધૂન તથા પ્રદક્ષિણા કરતા.

બોટાદ તાલુકામાં તેમજ સારંગપુરમાં જોઈએ તેવો વરસાદ થયો ન હતો. સૌએ સ્વામીશ્રીને પ્રાર્થના કરી. સ્વામીશ્રીએ એક હરિભક્તને કહ્યું : 'બહાર જઈ જુઓ તો, વાદળાં છે કે નહિ ?'

હરિભક્ત આવીને કહે : 'બાપા ! દૂર ઈશાનમાં એક નાની વાદળી છે, પણ વાદળાં ઘેરાયાં નથી.

સ્વામીશ્રી એકદમ કહે : 'જાવ, તેને બોલાવો. 'વરસાદ પાડ' એમ ગર્જના કરો.'

હરિભક્તે અક્ષરશઃ એ આજ્ઞાનું પાલન કર્યું. અડધા કલાકમાં તો ક્યાંયથી વાદળાં ચઢી આવ્યાં ને ગાજવીજ સાથે વરસાદ તૂટી પડ્યો. મંદિરમાં ઢીંચણ સુધી પાણી ભરાયાં. મંદિર અને શાસ્ત્રીજી મહારાજની દેરી વચ્ચેના ભાગમાં છાતી સમાણાં પાણી ભરાયાં. સભામંડપની પાછળ બગીચાને ફરતી દીવાલ હતી તે પડી ગઈ. એમ ખૂબ વરસાદ થયો. સૌ રાજી રાજી થઈ ગયા.

સાંજે સ્વામીશ્રીને દેરીએ દર્શન તથા પ્રદક્ષિણાનો નિયમ. તેથી સ્વામીશ્રીને જવાની બહુ ઇચ્છા હતી, પણ સૌએ આવા વરસાદમાં જવા ન દીધા. તેથી પેલા હરિભક્ત તથા વિનુ ભગતને કહે : 'તમે જાવ. મારા વતી પાંચ દંડવત્ કરજો અને અગિયાર પ્રદક્ષિણા ફરજો.'

આટલી ભલામણ પછીયે તેમને અસંતોષ હતો કે આજે નિયમ તૂટ્યો.

બીજા દિવસે સ્વામીશ્રી મંદિરનાં ખેતરો તથા વાડીમાં ફર્યા અને નારાયણ કુંડે દર્શને ગયા. વરસાદને લીધે બધે કીચડ થઈ ગયો હતો. સ્વામીશ્રીએ નદીનું

જળ માથે ચડાવ્યું. ચારે તરફ અને પગ નીચે ગારો થઈ ગયો હતો. તે જોતાં સ્વામીશ્રી કહે : 'એક વાર શાસ્ત્રીજી મહારાજ, એક ભગત અને હું, જાળીલા રોડ સ્ટેશનથી ગારો ખૂંદતાં ખૂંદતાં, માથે દોઢ મણનું પોટલું લઈને, એકાદશીને દિવસે સાંજે આવેલા તે હજુ યાદ છે.'

રથયાત્રાનો સમૈયો અહીં ઊજવ્યો. અમદાવાદના ખેંગારજીભાઈ તથા ચંપકલાલ શેઠની રસોઈ હતી. દેરી ફરતાં પ્રદક્ષિણામાં સૌને જમવા બેસાર્યા હતા. 'એમ નો હાલે, જમવું પડે. આ તો શેઠબાપાની રસોઈ છે, અમને ઠપકો મળે...' એમ કહેતાં, આગ્રહ કરતાં, સ્વામીશ્રી સૌને પીરસતા હતા.

કૃપાલક્ષ્ય

સોજિત્રાના મગનભાઈ શંકરભાઈ પટેલ અહીં સ્વામીશ્રીનાં દર્શન કરવા આવ્યા હતા. આમ તો તેમને વિદ્યાર્થી અવસ્થામાં શાસ્ત્રીજી મહારાજનો યોગ થયેલો, પરતુ ૧૯૩૦માં ઇંગ્લેન્ડમાં એન્જિનિયર થઈને આવ્યા તે દરમ્યાન વિચારધારા બદલાયેલી. વળી, મહર્ષિ અરવિંદના પ્રખર અનુયાયી તેમજ રમણ મહર્ષિ, સ્વામી શિવાનંદજી તથા યોગી કૃષ્ણપ્રેમના સંસર્ગમાં પણ આવ્યા હતા. તેમને સ્વામીશ્રીનાં પ્રથમ દર્શને જ વિરલ અનુભૂતિ થઈ.

આ વખતે હર્ષદભાઈ દવે, રમણભાઈ અંબાલાલ તથા સૂર્યકાંતભાઈ પણ તેમની સાથે હતા.

બપોરે સ્વામીશ્રી સાથે પ્રથમ મુલાકાતનો લાભ મળ્યો. હર્ષદભાઈએ જ્યારે વાત કરી કે મગનભાઈ યોગ વિષે પણ જાણે છે, ત્યારે સ્વામીશ્રીએ રાજીપો બતાવતાં કહ્યું : 'બપોરે શાસ્ત્રીજી મહારાજની રૂમમાં બેસાડજો.'

બપોરે ૩-૦૦ વાગ્યાના સુમારે તેઓ હર્ષદભાઈ સાથે શાસ્ત્રીજી મહારાજના ઓરડામાં બેઠા. બારણું બંધ કર્યું. જાણે વાતાવરણ બદલાવા લાગ્યું. મગનભાઈને થયું કે હું શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ બંનેના દિવ્ય સાંનિધ્યમાં બેઠો છું. ઇન્દ્રિયો-અંતઃકરણની વૃત્તિ કુંઠિત થઈ ગઈ. સ્થળ-કાળનું ભાન ભુલાઈ ગયું. કોઈ સંકલ્પ-વિકલ્પ રહિત, આ નિર્વિકારી ધ્યાનની અવસ્થાનો મગનભાઈનો પ્રથમ અને અભૂતપૂર્વ અનુભવ હતો. એક કલાક ચાલીસ મિનિટ સુધી ચાલેલું એ ધ્યાન, મગનભાઈના કહેવા મુજબ તેમણે હિમાલયના આશ્રમોમાં અને મહાત્માઓના સંપર્કમાંયે અનુભવ્યું નહોતું. તેઓ બોલી ઊઠ્યા : 'આજે ભગવાનના સાંનિધ્યનો આનંદ શું હોય તેની ઝાંખી થઈ !'

સ્વામીશ્રી તો કલ્પતરુ હતા. યોગવાળાને યોગાનુભૂતિ અને જ્ઞાનીને જ્ઞાનસમાધિ તથા ભગવદ્‌-અનુભૂતિના ઇચ્છુકને તેની રીતે અનુભૂતિ કરાવી, સૌને ભગવત્સન્મુખ કરવાનું એમને તાન હતું. મગનભાઈ પોતાના અનુભવને શબ્દદેહ આપતા ત્યારે ભાવવિભોર થઈ જતા અને કહેતા : 'મોટા મોટા જોગી જોયા, પણ ખરા જોગી તો યોગીજી મહારાજ ! જેમાંથી મેં કાંઈક મેળવ્યું. He is one who has light and who can give light ! એવી લાગણી મને એમનાં પ્રથમ દર્શને થઈ.'

તા. ૩-૭-'૫૭, રાત્રે ટ્રેક્ટર ટ્રોલી બરાબર નહિ હોવાથી તાજપુર મોડા પહોંચ્યા. ગોકુળિયું ગામ એટલે કથાવાર્તા, પ્રેમ-ઉત્સાહમાં પૂરું. રાત્રે ૧૨-૩૦ સુધી ભજન-કીર્તન થયાં. ગામોગામ લગભગ રાત્રે ૧૨-૦૦ સુધી કથા-કીર્તન થતાં. ઘેર ઘેર પધરામણીઓ થઈ. સ્વામીશ્રી કહે : 'અમે જ્યારે વિજ્ઞાન સ્વામી સાથે હતા, ત્યારે અહીં ખેતરમાં બાજરી લણતા, ખેતરમાં નીંદતા, વગેરે સેવા અહીં બહુ કરેલી.' વળી કહે : 'શિષ્ય થઈને સેવા કરીને ગુરુપદે આવે તો પાકો ગુરુ કહેવાય; તે વિના એમનેમ ગાદીએ ચઢી બેસે એ ગાદી શોભાવી ન શકે. આપણા ગુરુ ભગતજી મહારાજે અને શાસ્ત્રીજી મહારાજે તો જિંદગીપર્યંત સેવા જ કરી છે. નીચી ટેલ મળે તો મહાભાગ્ય માનતા.'

અહીંથી બોટાદ આવ્યા. ૭૦ ઘરે પધરામણીઓ થઈ. રોજ રાત્રે સત્સંગ સભામાં ઘણા મુમુક્ષુઓ લાભ લેતા. સુરેન્દ્રનગર થઈ એક દિવસ હર્ષદરાય હરગોવિંદભાઈને ત્યાં ધ્રાંગધ્રા પધરામણી કરી. નિયમની દેવશયની એકાદશી અમદાવાદ કરી, ગુરુપૂનમે બોચાસણ જવા નીકળ્યા.

ટ્રેનના સમય પહેલાં એક કલાક વહેલા જવું તેવી સ્વામીશ્રીની પ્રકૃતિ હતી. સ્વામીશ્રી પ્લૅટફૉર્મ પર આવી પહોંચ્યા.

બરાબર તે જ દિવસે મુક્તિજીવનદાસ સ્વામીને ભુજ જવાનું હતું, તેથી તેઓ પણ સ્ટેશને આવ્યા હતા.

સ્વામીશ્રીને આ ખબર પડી. તેથી તેમણે એક હરિભક્તને કહ્યું : 'તમે જઈને તેમને પૂછી આવો કે આપણે તેમનાં દર્શને આવવું છે તો આવીએ ?'

હરિભક્તે પૂછ્યું કે તરત જ તેઓ આદરથી ઊભા થઈ ગયા ને કહે : 'એમ હોય ? હું જ ત્યાં આવું છું.'

તેઓ સ્વામીશ્રી પાસે આવ્યા. બંને સદ્‌ગુરુઓનું સ્ટેશન પર અભૂતપૂર્વ મિલન થયું. બંને સ્નેહથી ભેટી પડ્યા. પાસે બેસીને ખબર-અંતર પૂછ્યા.

સ્વામીશ્રીએ તેમને ગોંડલ આવવાનું નિમંત્રણ આપ્યું. મુક્તિજીવનદાસ સ્વામીએ પણ થોડા વખત પછી સાધુ-સમાજનું અધિવેશન યોજાવાનું છે તે વાત કરી અને તેમાં પધારવા સ્વામીશ્રીને આમંત્રણ આપ્યું. પાછળથી જો કે આમંત્રણ આપવા તેઓ જાતે ગોંડલ આવ્યા હતા અને એ રીતે સ્વામીશ્રીનું નિમંત્રણ સ્વીકાર્યું હતું.

વરસાદ સારો થયો હતો. હરિભક્તો બહુ મોટી સંખ્યામાં આવ્યા હતા. બોચાસણ ગુરુપૂનમના સમૈયા ઉપર વર્ષોવર્ષ ગુરુપૂજનનો લાભ લેવા ઘણા હરિભક્તો દોડી આવતા.

આ વખતે અમદાવાદના શિવલાલ પરમાર સાથે આવેલ એક અમેરિકન વિદ્યાર્થી ક્રાફર્ડ શૉએ સ્વામીશ્રી સાથે ત્રણ-ચાર દિવસ રહી, નજીકથી સ્વામીશ્રીના સાંનિધ્યનો લાભ લીધો હતો.

સગવડ-અગવડમાં અભેદ

ગુરુપૂનમનો સમૈયો કરી સ્વામીશ્રી રાજકોટ જવા નીકળ્યા. વાસદ-કઠાણા લાઈનમાં બોચાસણથી વાસદ જવા ટ્રેનમાં ચડ્યા. બેસવાની કોઈ જ વ્યવસ્થા થઈ શકી નહીં. તેમાંય સ્વામીશ્રીને તો છેક બારણાં પાસે ઊભા રહેવાની જગ્યા મળી. થોડા કલાક ઊભા જ રહેવાનું હતું. અધૂરામાં પૂરું, ધોધમાર વરસાદ તૂટી પડ્યો. સ્વામીશ્રી તો વાછટ અને ઠંડા પવનના સૂસવાટા ખમતા, કોઈ જ ગ્લાનિ વગર ઊભા રહ્યા હતા. પોટલાં પલળી ગયાં. સ્વામીશ્રી પણ ભીંજાઈ ગયા. થોડી વારમાં તો સ્વામીશ્રીને ઠંડી ચડી ગઈ અને થર થર ધ્રૂજવા લાગ્યા.

આ પરિસ્થિતિ એટલી મર્મવેધક અને કરુણ હતી કે જેને સાક્ષાત્ ગુરુહરિ માની પૂજીએ છીએ, એ 'યોગીબાપા' માટે સાથેના યુવકો-સંતો કંઈ જ કરી શકે તેમ નહોતા. સૌને બળતરા થઈ કે આ સંતને આટલી ઉંમરે પણ આટલી બૂરી રીતે ભીડો વેઠવો પડે છે !

સાથેના બળવંત ભટ્ટ, વિનુ ભગત વગેરેને સૌ પ્રથમ વિચાર આવ્યો : 'સ્વામીશ્રી માટે હવે પોતાનું વાહન હોવું જોઈએ.' પરંતુ સ્વામીશ્રીને મન સગવડ-અગવડના ભેદ જ જાણે કે ટળી ગયા હતા.

રાજકોટમાં સવારે ઠાકોરજીને ઉકાળો ધરાવતા પહેલાં એક સંતે પેંડા ધરાવ્યા. સ્વામીશ્રીની નજર બહાર કશું જાય નહિ. એમણે આ જોયું. તેઓ તરત જ બોલી ઊઠ્યા : 'ગુરુ ! ઠાકોરજીને ઉકાળો મોળો લાગશે. પહેલાં ઉકાળો ધરાવવો, પછી પેંડા ધરાવવા. ધ્યાન રાખવું, ખબરદાર રહેવું. ઠાકોરજી તો જમી

લે, પણ આપણી ભક્તિ અધૂરી ગણાય.'

અહીંના હરિભક્તોને ગુરુપૂજનનો લાભ આપી સ્વામીશ્રી ગોંડલ પધાર્યા. અહીં ક્રાફર્ડ શૉએ સ્વામીશ્રીની આજ્ઞાથી દેરીમાં દંડવત્-પ્રદક્ષિણાઓ કરી, વર્તમાન ધરાવી કંઠી ધારણ કરી.

'દેહનું દુઃખ દેહ ભેળું જશે'

બપોરે સ્વામીશ્રી આરામમાં હતા ત્યારે ઓરડામાં કેશુભાઈ સ્ટેશન માસ્તર સ્વામીશ્રીને કેડે દવા ચોળતા હતા. રાજુલાના ગોવિંદભાઈ કહે : 'લાવો, હું દવા ચોળું; તમે પગ દબાવો.' વલ્લભભાઈ તથા કેશુભાઈ પગ દાબવા બેઠા ને ગોવિંદભાઈ સ્વામીશ્રીની કેડ ચોળવા લાગ્યા.

દસ-પંદર મિનિટ થઈ ત્યાં સ્વામીશ્રીએ પાછળ જોતાં ધીરેથી કહ્યું : 'ગોવિંદભાઈ ! કેમ બળે છે ?' એટલે તેમણે જોયું તો કેડ ઉપર લોહીના ટશિયા આવી ગયા હતા ! ગોવિંદભાઈ કડિયા-કામ કરે, તેથી તેમના હાથ બરછટ કાનસ જેવા હતા. તેથી સ્વામીશ્રીની કોમળ ચામડી છોલાઈ ગઈ હતી.

ગોવિંદભાઈનું ધ્યાન ગયું એટલે તેમણે સ્વામીશ્રીની માફી માંગતાં કહ્યું : 'બાપા ! મારા હાથ બરછટ, તેથી ઘસીને ચોળવા જતાં લોહી નીકળવા માંડ્યું છે; મને માફ કરો. મારે તો સેવા કરવા જતાં આ અસેવા થઈ ગઈ.' એમ કહેતાં તેઓ ગળગળા થઈ ગયા.

સ્વામીશ્રી પ્રેમથી કહે : 'આત્માને ક્યાં દુઃખ છે ? દેહને છે, તે દેહ ભેળું જશે. માટે તમે ઓછું ન લાવશો. તમે તો ભાવપૂર્વક સેવા કરી છે, તેથી અમે તમારા પર બહુ રાજી છીએ !'

કેશુભાઈ તથા વલ્લભભાઈ સ્વામીશ્રીની આવી આત્મારૂપ સ્થિતિ જોઈને વિસ્મિત બની ગયા !

આ અરસામાં, કેશવદાસ નારણભાઈ પટેલ વડુથી ગોંડલ અક્ષર મંદિરે દર્શને ગયા હતા. અમદાવાદ મંદિરેથી પ્રમુખસ્વામીએ સ્વામીશ્રી પર ભલામણ પત્ર લખી આપ્યો હતો.

ટ્રેન બપોરે એક વાગે ગોંડલ પહોંચે. તેઓ મંદિરે પહોંચ્યા ત્યારે સ્વામીશ્રી, સંતો તથા અંબાલાલભાઈ અમદાવાદવાળા જમીને રસોડામાંથી બહાર આવતા હતા. કેશવભાઈએ સ્વામીશ્રીને પત્ર આપ્યો. તેમને જોઈ અંબાલાલભાઈ પણ રાજી થયા. સ્વામીશ્રી તેમને જમાડવા માટે જાતે રસોડે લઈ ગયા અને સામે

બેસી અતિશય હેતપૂર્વક ખૂબ પીરસાવ્યું અને બોલ્યા : 'પ્રમુખસ્વામી મંદિરના ધણી છે. એમની ભલામણ હોય પછી અમારે તમને બહુ સાચવવા પડે.' એમ હેતપૂર્વક કહ્યું. જ્યાં સુધી તેઓ રહ્યા, ત્યાં સુધી ખૂબ જ ખબર રાખી.

ગોંડલથી સીધા નાવલી મોહનભાઈને ત્યાં થઈ, અટલાદરા આવ્યા. અહીં મનુભાઈ સારિંગવાળાના ભત્રીજા હરિશ્ચંદ્ર છોટાભાઈએ એક હજાર જેટલા હરિભક્તોને આમંત્રી સ્વામીશ્રી સાથે જમાડવાની સેવાનો લાભ લીધો.

'જ્ઞાનવાન શુદ્ધબોધે શૂરા'

તા. ૧૯-૭-'૫૭, સ્વામીશ્રી મુંબઈ આવી પહોંચ્યા. કપોળ વાડીમાં સ્વામીશ્રીનો ઉતારો હતો. ભાઈલાલભાઈ મોદી તરફથી તેમના પિતાશ્રીના મોક્ષાર્થે આ વખતે 'હરિલીલાકલ્પતરુ' ગ્રંથનું પારાયણ શ્રાવણ સુદ બીજથી ગોઠવ્યું હતું. અમદાવાદના નિષ્ઠાવાન સત્સંગી અને વિદ્વાન શાસ્ત્રી ચીમનલાલ-ભાઈએ સુંદર શૈલીમાં પારાયણ કર્યું. પારાયણની પૂર્ણાહુતિ પ્રસંગે સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં જણાવ્યું કે 'આજે કથામાં પ્રમુખસ્વામી પધાર્યા છે, તે સાક્ષાત્ શાસ્ત્રીજી મહારાજનું સ્વરૂપ છે.' અમદાવાદથી આવેલા અંબાલાલભાઈ તથા અર્જુનભાઈ પણ સવાર-સાંજ સત્સંગનો લાભ આપતા.

પારાયણ દરમ્યાન કથા પ્રસંગમાં સ્વામીશ્રી અનેરો લાભ આપતા. તા. ૨૧-૭-'૫૭, અમૃત વાણી વરસાવતાં સ્વામીશ્રીએ કહ્યું :

'ભગવાનના ભક્તમાં આત્મબુદ્ધિ એ જ સત્સંગ છે. આત્મબુદ્ધિ એટલે શું ? ભગવાનના ભક્તના દુઃખે દુખિયા થવું. 'એ જ લાગનો છે, ઠીક હાથ આવી ગયો છે,' એમ કહીએ, એ આત્મબુદ્ધિ ન કહેવાય. ભગવાનના ભક્તને કોઈ દુઃખ આવી પડ્યું હોય, તો આપણે જાતનો ભોગ આપવો જોઈએ. એ આત્મબુદ્ધિ ! તો ઘણા શું કહે છે ? 'એવા તો ઘણા ભક્ત હોય; આપણે કેટલો ભોગ આપવો ?' એમ શંકા કરે. પણ સ્વામિનારાયણનું નામ લે એ ભગવાનના ખરા ભક્ત ! તેમને અર્થે તને, મને, ધને ગમે એવો ભોગ આપવો. *'તુલસી જાકે મુખન સે...'* આ તુલસીદાસ મહાત્મા ૩૦૦ વર્ષ પહેલાં થઈ ગયા. તેમની આ સાખી છે કે ભૂલે પણ 'સ્વામિનારાયણ' નામ લેતો હોય, તો આપણા શરીરના જોડા સિવડાવી દેવા જોઈએ; તો પાંચ રૂપિયાના બજારમાંથી અપાવવા શું કઠણ પડે ? આ તો શરીરના જોડાની વાત ચાલે છે, એમાં મહિમાની કાંઈ વાત આવી ? શરીરના જોડાની વાત આવી ! એવો મહિમા સમજાય, પછી માહાત્મ્ય

સમજ્યા કહેવાય કે ન કહેવાય ? ને ગમે તેવો જીવ હોય તોપણ ભગવાનના ભક્તમાં આત્મબુદ્ધિ એ જ સત્સંગ છે. ને ગમે તેટલી ભક્તિ કરે તોય શું ? મંદિરના પાણા ઉપાડે, રોટલા ઘડે, આખા દેશમાં સત્સંગ કરાવે, પણ જ્યાં સુધી આત્મબુદ્ધિ નથી, ભગવાનના ભક્તમાં પોતાપણાની બુદ્ધિ નથી, તો શું ? હવે એવા ભક્ત આપણે બની જઈએ, તો ભગવાન આપણને નિરંતર સંભારે. પછી કોઈ દિવસ ભગવાન આપણને ભૂલે નહિ. પણ...,

'ભક્ત થાવું ભગવાનના, છે જો કઠણ કામ.'

'ત્યારે આમાં સિદ્ધાંત શું ચાલ્યો આવે છે ? કે ભક્તમાં જો આત્મબુદ્ધિ હશે, એનો પક્ષ જો રાખશું, કદાપિ પાંચ માળા ઓછી ફેરવતા હોઈશું, મંદિરે ઓછા-વત્તા જવાશે, એની મહારાજ કહે ફિકર નથી; પણ જો આવી નિષ્ઠા ભગવદ્-ભક્તમાં હોય કે આત્મબુદ્ધિ હોય, તો મહારાજ કહે એનો છેલ્લો જન્મ થઈ ગયો છે. એને કહેવું, જાણવું, સમજવું કાંઈ રહેતું નથી.

'મહારાજ કહે : 'દેહ જીવો કે મરો, આબરૂ વધો કે ઘટો, માન થાઓ કે અપમાન થાઓ, પણ ભગવાનના ભક્તનો પક્ષ રાખવો; એનો અભાવ કે અવગુણ આવવા દેવો નહિ. પણ પક્ષ કેમ રખાય ? આત્મબુદ્ધિ હોય તો. આત્મ-બુદ્ધિ ન હોય તો 'જે સ્વામિનારાયણ ! તું તારે ઘેર અને હું મારે ઘેર.' થઈ રહ્યું. છેટો ને છેટો ફર્યા કરે એ આત્મબુદ્ધિ ન કહેવાય. માટે આપણે એક મત રાખવો.

ત્રણ પ્રકારનાં ધ્યાન

તા. ૨૩-૭-'૫૭, કથા પ્રસંગમાં સ્વામીશ્રીએ અમૃત વચનો કહ્યાં :

'એકાંતિક ધર્મનો વંશ મહારાજ સાથે લઈ ગયા નથી, એકાંતિક ધર્મનો વંશ મૂકી ગયા છે; પણ સમજવું પડે. નિશ્ચયરૂપ ધ્યાન કોને કહીએ ? આપણે ઊંઘી ગયા હોઈએ, પણ કોઈ પૂછે કે 'તમે કોના ભક્ત છો ?' તો આપણે 'સ્વામિનારાયણના ભક્ત છીએ' એમ ઊંઘમાં પણ કહીએ. તે નિશ્ચય કોઈ ફેરવે તોય ન ફરે, એ નિશ્ચયરૂપી ધ્યાન; ને સર્વોપરીપણાનો નિશ્ચયરૂપી મહારાજનો આશરો એ પણ ધ્યાન.

'આશરો કોને કહ્યો ? વડતાલનું ૫મું વચનામૃત. અર્જુન પ્રત્યે ભગવાને કહ્યું કે 'હે અર્જુન ! તારા મનના માનેલા ધર્મને મૂકી દે. મારું જે વચન, તે જ પરમ ધર્મ છે : 'સર્વધર્માન્ પરિત્યજ્ય...' હવે એમાં શું ? આ આશરામાં શું વાત આવી ? મહારાજે એવો જવાબ આપ્યો કે બ્રહ્માંડમાં મહાપ્રલય જેવું દુઃખ

આપણને આવી પડે; હવે એવું દુઃખ તો મહારાજ આપણને દેતા નથી. ચાર પ્રકારના પ્રલયમાં મહાપ્રલય બહુ મોટો છે. એવું દુઃખ આપણને કદાપિ આવી પડે, પણ રક્ષાના કરનારા ભગવાન વિના બીજાને ન જાણે; અને જે જે સુખ જોઈતું હોય તો ભગવાન થકી જ ઇચ્છે; અને ભગવાનની મરજી પ્રમાણે વરતે. વડતાલના ૫માં મહારાજે આશરાનું આ રૂપ કહ્યું. તે સિદ્ધાંત જો આપણે સમજીએ, તો આપણો પગ ટકશે. એમાં પછી કાંઈ આઘુંપાછું ન થવું જોઈએ.

'મુંબઈની હાઈકોર્ટમાં પુસ્તકો વાંચીને તૈયાર થઈને જાય ને કહે કે 'હું વકીલ છું' તો એને ઊભા રહેવા દેશે ? ભણ્યે કંઈ બાદશાહી નથી મળતી. એ તો સનદ મેળવવી જોઈએ, ત્યારે કામ સિદ્ધ થાય. તેમ ભક્તની સનદ મેળવવી જોઈએ. તો બાપા રહેવા દેશે; નહિ તો 'જય સ્વામિનારાયણ !' થાઓ ઊભા.

'પણ જ્યારે પ્રગટ વિચરતા હોય તેની ઓળખાણ થાય, ત્યારે ભક્ત થવાય. એને જ ભક્ત કહ્યો.

'ભગવાનના ભક્તને ત્રણ પ્રકારનું ધ્યાન છે. એમાં સમાગમરૂપી ધ્યાન છે એ સ્વામી વિશેષ બતાવે છે. સમાગમથી વાતોચીતો કરીને મોટાપુરુષ એવું સમજાવી દે કે અવગુણ નીકળી જાય. પછી આપણને એવો પ્રેમ આવી જાય કે ઓહો ! પ્રાણ પાથરી દઈએ.

'જ્યાં સુધી ધૂંધવાયા કરે, ત્યાં સુધી અંતઃકરણમાં શાંતિ ન રહે. તે એવું અંતઃકરણ ભગવાનના સંબંધથી વાસિત થઈ જાય, ત્યારે અવગુણ જે હોય તે નીકળી જાય ને જીવને શાંતિ બહુ રહે. આપણે ક્યાંય કજિયો કરીને આવ્યા હોઈએ, ત્યારે કેવી અશાંતિ થઈ જાય ? પણ ખમીને આવ્યા હોઈએ તો શું અશાંતિ થાય ? આપણને કો'કે બે ટુંકારા કર્યા હોય ને આપણે સામું ન બોલીએ, તો અશાંતિ થઈ જાય ? સમાગમમાં બેઠા હોઈએ ને ત્યારે જેનું મન શાંતિ પામે, એ મોટો !

'એટલા માટે સ્વામીએ ત્રણ પ્રકારનાં ધ્યાન બતાવ્યાં : (એક) નિશ્ચયરૂપ કે હું ભગવાનનો ભક્ત છું; (બીજું) મારે દૃઢ આશરો છે; અને (ત્રીજું) મારે સમાગમમાં જાવું છે; એ ત્રણ પ્રકારનું ધ્યાન. તેમાંથી એક કાયમ કરીએ તો આપણે ખરેખરા સત્સંગી થઈ જઈએ.'

ભગવાનના ભજનનો તાલ

પ્રતિદિન સ્વામીશ્રી અમૃતલાભથી સૌને તૃપ્ત કરતા. શનિવાર,

તા. ૨૭-૭-'૫૭, કથા પ્રસંગમાં કહ્યું :

'વચનામૃતમાં ૨૬૨, બધાંય ઉત્તમ છે, પણ આ એક વચનામૃત સિદ્ધ થઈ જાય એવું આ વચનામૃત, તેનો સિદ્ધાંત અંતરમાં ઉતારી દીધો હોય તો નાસ્તિકભાવ આવે નહિ અને પરિપક્વ નિશ્ચય દૃઢ થાય – ગ.પ્ર. ૬૮.

'ભગતજીના શિષ્ય વિજ્ઞાનદાસ સ્વામી હતા, તે મટકાં રહિત દર્શન કરતા. ડોક પણ વાંકી વળી ગઈ હતી. દેહક્રિયા ઉતાવળી કરી લેતા, એવી શ્રદ્ધાવાળા હતા. આવી રીતે આપણે જોડાયા છીએ કે નહિ તે ખબર પડે.

'ગ.મ. ૬૨ પ્રમાણે ઈષ્ટદેવનો સ્વભાવ ગમે, તેની પાસે રહેવું ગમે, તેની વાતું ગમે અને દર્શન ગમે - એવું થાય ત્યારે રજકણ બદલાઈ જાય.

'હેત - કા. ૧૧ પ્રમાણે, વિશ્વાસ- ગ.અં. ૧૧ પ્રમાણે, નિષ્કપટ - લો. ૫ પ્રમાણે. એ ત્રણ સિદ્ધ થાય તો બ્રહ્મરૂપ થવાય.

'આવો જોગ અને પ્રાપ્તિ બહુ જ મોટી થઈ છે અને સંબંધ મોટો થયો છે, એવું મનાય તો કામ થઈ જાય. જેવા સાધુ મળ્યા છે તેવા ઓળખાય, તો બીજા સાધુ ખોળવા નહિ પડે. ખરો લાભ મળ્યો. શાસ્ત્રીજી મહારાજ જેવા પુરુષ આપણને સાક્ષાત્ મળ્યા.

'જ્ઞાનનો અર્થ શું ? સબીજ શબ્દ ઝીલવા. બ્રહ્મભાવ વધે, પ્રેમ વધે, મહિમા વધે, છેલ્લી પંક્તિનો હોય તેને નમે, સુહૃદપણારૂપી ચીકાશ આવે, મહિમા દરેકનો સમજાય, ત્યારે જ્ઞાન વર્યું કહેવાય.

'મૂળ અજ્ઞાન શું ? જ્યાં સુધી પોતાને બ્રહ્મરૂપ ન મનાય અને મહારાજને સર્વોપરી ન જાણે, તે મૂળ અજ્ઞાન.'

અહીં એક દિવસ બાલુભાઈ ટી.ટી. દર્શને આવ્યા. તેઓ વિલેપાર્લે રહેતા હતા. તેમને જોઈને સ્વામીશ્રી કહે : 'વિરલા-પારલાના બધા વિરલા હરિભક્તો હોય.' એવામાં અંધેરીના હરિભક્તો આવ્યા. સ્વામીશ્રી કહે : 'અંધેરી ન કહેવાય. 'પ્રકાશપુરી' કહેવું.' આવી નાની નાની વાત કરી, સૌને અપાર ઉત્સાહ અને મહિમા પ્રેરતા.

નાતાલની રજાઓ આવે ત્યારે કહે : 'બધાને તાલ ન આવે ત્યારે આપણને (રજાઓને લીધે) ભજનનો તાલ આવે એ નાતાલ. જગતનો તાલમેલ મૂકી દેવો.'

'બે શું, પાંચ દાદરા ચડી જઈશું'

આ અરસામાં ડૉ રમણભાઈ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. ત્યારે

સ્વામીશ્રીએ ડૉ. ઈન્દ્રવદન મહેતાના સમાચાર પૂછ્યા. રમણભાઈએ કહ્યું : 'બાપા ! તેમને કમળો થયો છે અને હૉસ્પિટલમાં દાખલ કર્યા છે.'

સ્વામીશ્રી કહે : 'અમારે તેમની તબિયત જોવા જાવું છે. આવતીકાલે મોરારકા શેઠને બંગલે જમવા જાવાનું છે. એટલે તમે ત્યાં આવજો. એટલે ત્યાંથી હૉસ્પિટલ જા'શું.'

બીજા દિવસે ડૉ. રમણભાઈ મોરારકા શેઠના બંગલે પહોંચી ગયા. જમ્યા પછી સ્વામીશ્રી નીકળતા હતા. રમણભાઈ સ્વામીશ્રીની નજીક જવામાં સંકોચ અનુભવતા દૂર ઊભા હતા. સ્વામીશ્રીએ તેમને નજીક બોલાવ્યા અને મોટરમાં સાથે બેસાડીને ડૉ. મહેતાને જોવા માટે ઊપડ્યા.

રસ્તામાં રમણભાઈએ સ્વામીશ્રીને વાત કરી : 'બાપા ! હૉસ્પિટલમાં બે દાદરા ચડવાના છે; ત્યાં લિફ્ટની સગવડ નથી.'

સ્વામીશ્રી તુરત જ કહે : 'બે શું, અમે પાંચ દાદરા પણ ચડી જા'શું.'

સ્વામીશ્રીએ હૉસ્પિટલમાં જઈ ડૉ. મહેતાને આશીર્વાદ આપ્યા. તેઓ અત્યંત રાજી થઈ ગયા. હૉસ્પિટલમાં અન્ય દર્દીઓને જોઈને કરુણાસાગર સ્વામીશ્રી બોલ્યા કે 'મહારાજ, કોઈને આવું દુઃખ ન આપશો.'

સ્વામીશ્રીના હૃદયમાં કરુણાનો મહાસાગર હંમેશાં હિલોળા લેતો અને તેથી જ એમના હૃદયના ઊંડાણમાંથી તેઓ સૌના હિત અને કલ્યાણાર્થે મહારાજને પ્રાર્થના કરતા !

હૃદ્‌ગત અભિપ્રાય

આગલે દિવસે તા. ૨૬-૭-'૫૭ના સ્વામીશ્રીએ મોમ્બાસાના હરિભક્તો, સી.ટી. પટેલ તથા દાસભક્તને અહીંથી પત્ર લખ્યો, જેમાં પોતાનો અભિપ્રાય જણાવ્યો :

'સાધુ જ્ઞાનજીવનદાસજીના ઘણા હેતથી સ્વામિનારાયણ વાંચશો. સી.ટી. સાહેબનો પત્ર, રા.રા. દાસભક્તનો પત્ર મળ્યો છે. વાંચીને ખૂબ આનંદ થીયો છે. તો હવે સી.ટી. સાહેબ આપ કથાવારતા ઘણી કરો છો, તો ત્રણ વાત મુખ્ય રાખવાની છે. ઉપાસના સંબંધી - પુરુષોત્તમ નારાયણ સહજાનંદ સ્વામી છે; ને તેમને રહેવાનું ધામ, અનાદિ બ્રહ્મ મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી; ને તે બન્નેને ધરી રહેલા એવા જે સત્પુરુષ સાક્ષાત્‌ આપણા ગુરુ સ્વામી શાસ્ત્રીજી મહારાજ મોક્ષનું દ્વાર છે; તેમ કરવી. સત્પુરુષના પ્રધાનપણાની વાત કરવી; પણ

સત્પુરુષ છે તે ભગવાન છે તેમ વાત લાવવાની નથી, પણ સત્પુરુષમાં ગ.પ્ર. ૨૭ના પ્રમાણે ભગવાન અખંડ રહ્યા છે તે વાત કરવી. વરતાલ ત્રીજા પ્રમાણે વડવાનલ જેવા મોટાપુરુષ છે ને ખારા જીવને મીઠા કરે છે તે વાત લાવવી. આવી રીતે સ્વામી શાસ્ત્રીજી મહારાજનો સિદ્ધાન્ત છે. તે સિદ્ધાંત મેં આપને લખી જણાવ્યો છે. માટે આખા આફ્રિકા દેશમાં આ વાત સૌને કરવાની છે ને સમજાવવાની છે. ભગવાન કહે કોઈની મોટપ કહેવાતી નથી.

'તો હવે લખવાનું કે આપ સૌ રાજી રહેશો. મુને કોઈ મોટપ આપે કે મારાં વખાણ કરે તથા હાર પહેરાવે, તે મુને જરાય ગમતું નથી; તેમ મારી જે બોલે કે મુને મોટો કરે, તે મુને ગમતું નથી. મેં મારો અભિપ્રાય લખ્યો છે. વરઘોડા કાઢે તે પણ ગમતું નથી. મને તો સૌ સંતો-હરિભક્તોની સેવા કરવી, વાસણ ઊટકવાં તથા વાસીદું વાળવું તથા હરિભક્તોને પ્રેમથી જમાડવા, તે મુને અતિશે રુચે છે. તે મારા અંતરનો અભિપ્રાય જણાવું છું. કોઈ મારી જે બોલે તો હું ના પાડું કે 'આ રહેવા દ્યો.' પણ પરમ પૂજ્ય મહારાજ તથા સ્વામી તથા ભગતજી મહારાજ, પૂજ્ય સ્વામી જાગા સ્વામી, પૂજ્ય કૃષ્ણજી અદા, પૂજ્ય બાલમુકુન્દ સ્વામી, પૂજ્ય સ્વામી શાસ્ત્રીજી મહારાજ, પૂજ્ય નિર્ગુણદાસ સ્વામી, પૂજ્ય મગનભાઈની જય બોલાવે, તે મુને અતિશે ગમે છે. તો હવે આ વાત અંતરની – આફ્રિકા દેશમાં પ્રવર્તાવજો. સૌને ગુણ આવશે ને રાજી થશે ને ડંકો વાગશે. યુવકોને ભેગા કરીને સમૈયો કરાવશો. અધિવેશન મોમ્બાસા ભરશો.

– એ જ સાધુ જ્ઞાનજીવનદાસજીના આશીરવાદ સાથે જય સ્વામીનારાયણ.'

કપોળ વાડીમાં આશરે ૫૦ જેટલા યુવકો અને હરિભક્તો સંતો સાથે રાત રહેલા. વહેલી સવારે પાંચ વાગે પણ હરિભક્તો દૂર દૂરથી દર્શને આવી જતા. મોડેથી સૌ શાળા-કૉલેજમાં તથા ઑફિસે-દુકાને જતા અને બપોર પછી સૌ પાછા આવવા લાગતા. રાત્રે ૧૨-૦૦ વાગતાં સુધી કથાવાર્તા ગોષ્ઠિ ચાલતાં. નાના-મોટા સૌનો દર્શન-સમાગમ માટે અનેરો ઉત્સાહ હતો. દિવસે સ્વામીશ્રી મુંબઈ શહેર અને દૂર દૂર પરાંઓમાં પધરામણીએ જતા. આમ, એમને સતત પ્રવૃત્તિ અને ભીડો રહેતો.

એક દિવસ અહીં શાન્તકુંઝમાં ધીરુભાઈને ત્યાં ઠાકોરજી જમાડવાના હતા. તે દિવસે ઘણી પધરામણીઓ હતી, તેથી સ્વામીશ્રી બપોરે મોડે મોડે ૨-૩૦ વાગે પધાર્યા. રસોઈ તૈયાર હતી. ધીરુભાઈ કહે : 'બાપા ! રસોઈ તૈયાર છે.'

સ્વામીશ્રીએ પૂછ્યું કે 'ઠાકોરજીને થાળ ધર્યો ?'

'હા, બાપા !'

સ્વામીશ્રીએ ફરી તેમને પૂછ્યું કે 'આપણા ઠાકોરજીને ?' એટલે કે હરિકૃષ્ણ મહારાજને ધર્યો ? પરંતુ એ મૂર્તિ સંતો સાથે હતી અને તેમની મોટર રસ્તામાં બગડી જતાં સંતો હજી આવ્યા ન હતા. લગભગ એક કલાક પછી સંતો ઠાકોરજીને લઈને આવી પહોંચ્યા, થાળ ધરાવ્યો અને ૪-૦૦ વાગે સ્વામીશ્રીએ ભોજન લીધું !

સ્વામીશ્રી ઠાકોરજી પ્રત્યેની પરાભક્તિ આવા પ્રસંગોમાં એટલી સહજ બતાવતા કે તેમનો દાસત્વભાવ, કોઈ ઉપદેશ આપ્યા વિના સૌને સહેજે દેખાતો.

શુક્રવાર, તા. ૨-૮-'૫૭, સવારે કથા પ્રસંગમાં સ્વામીશ્રીએ જણાવ્યું :

'મોટાપુરુષને સેવ્યા એટલે શું ? અખંડ અનુવૃત્તિ જેણે પાળી હોય, તે સેવ્યા કહેવાય. પણ ઘડીક સેવે અને ઘડીક ઓશિયાળા કરે, તે સેવ્યા ન કહેવાય.

'પ્રગટ ધર્મ એટલે શું ? સત્પુરુષના વચને જે નિષ્કામ, નિર્લોભ આદિક ધર્મ પાળે તે પ્રગટ ધર્મ.

'સારામાં સારું સત્પુરુષનો સંબંધ થાય તે. આપણને સંબંધ થયો છે તે સાચવી રાખવો. સુહૃદપણું રાખવું, તો સંબંધ રહે. આ સંબંધ બહુ જ પુણ્યના યોગે થયો છે.' તે ઉપર વૃંદાવનના લક્ષ્મીચંદ શેઠની વાત કરી.

'જીવ સામું જોઈએ છીએ તો મુમુક્ષુતા તો જાણે છે જ નહિ. મુમુક્ષુતા એટલે ખપ, મોક્ષનો ખપ રાખવો.'

મોક્ષની કૂંચી

અમૃત વાણી વરસાવતાં, સોમવાર, તા. ૫-૮-'૫૭, રાત્રે સ્વામીશ્રીએ કહ્યું :

'અક્ષરધામમાં જવાય એવા સ્વભાવ કરવા એટલે નિર્દોષબુદ્ધિ કરવી. એવા એકાંતિક ધર્મ ધારણ કરનાર પુરુષ ઓછા.

'*નિર્ગુણ બ્રહ્મ સુલભ અતિ...*' બ્રહ્માને મોહ થઈ ગયો. ભગવાનનાં ચરિત્રમાં મોહ ન થાય એ જ એકાંતિક ધર્મ. ભગવાનને ધારણ કરનાર સંતમાં મનુષ્યભાવ આવવા ન જોઈએ.

'મોટાપુરુષની કોઈ ક્રિયામાં મનુષ્યભાવ ન આવે એ દિવ્યભાવ. સમાગમ કરે તો દિવ્યભાવ અખંડ રહે. મોક્ષની કૂંચી.

'જ્ઞાનકૂંચી ગુરુગમ સે, ગયા તાલા ઊઘડી.'

'સમાગમથી તાળાં ઊઘડી જાય છે. જ્ઞાનીને અનંત આંખો છે. એ ભૂલો

ન પડે. ભગવાનથી નોખું ન રહે. ભગવાનના પ્રાણ બની જાય. જ્ઞાનનો અંત બ્રહ્મ અને પરબ્રહ્મનો સાક્ષાત્ અનુભવ થાય તે. જાણપણારૂપ દરવાજે રહેવાય. નાની-મોટી આજ્ઞામાં ફેર પડવા ન દેવો, એ બ્રહ્મભાવ.

'નિયમ-ધર્મ પાળવા. તેનો હઠ રાખવો, પણ સામાન્ય વાતમાં હઠ ન રાખવી, સરળ થવું.'

મંગળવાર, તા. ૬-૮-'૫૭, રાત્રે વિશાળ સભામાં સંબોધન કરતાં કહ્યું : 'ભગવાનના ભક્તના દુઃખે દુઃખી, એ આત્મબુદ્ધિ. મહિમાની ખાધ છે એટલે આ બધા ઝઘડા છે. એનું કારણ સમાગમ થતો નથી એ છે. નિયમ, ધર્મ, ત્યાગ, વૈરાગ્ય પળાવવા નહોતાં એમ નથી, પણ આત્મબુદ્ધિ એ એકડો છે, એમ સ્વામીનો સિદ્ધાંત છે. કૃપા કરીને અખંડ મૂર્તિ દેખે તો મહિમા ઘણો વધે અને લોકો દંડવત્ કરે; પણ આત્મબુદ્ધિ ન હોય તો ખોટ મહારાજે બતાવી. ગ.મ. ૫૪ અને ગ.અં. ૧૧ પ્રમાણે, સમાધિ વિના સદાય શાંતિ આત્મબુદ્ધિ હોય તો રહે. ભગવાનના ભક્તનો પક્ષ અને આત્મબુદ્ધિ હશે, તો છેલ્લો જન્મ થઈ રહ્યો છે. આત્મબુદ્ધિ હોય તો પક્ષ રહે.'

બીજે દિવસે પણ સ્વામીશ્રીએ અમૃત વાણીનો લાભ આપ્યો :

'મનના સંકલ્પ પૂરા ન થાય એટલે દુઃખ થાય છે. સુખમાં સુખ તો ભગવાનનાં ચરણારવિંદમાં છે. સુખનું ઠેકાણું અને માયાથી ભાગવાની બારી, અક્ષરધામની પ્રાપ્તિ સારા સાધુના સમાગમમાં છે. કદરજે કહ્યું છે કે દુઃખનું કારણ મન છે.

'બોટાદથી સારંગપુર જતાં રસ્તામાં સ્વામીએ વાત કરી કે 'જેને સુખિયા રહેવું હોય, તેણે પોતાથી દુખિયા સંભારવા. સુખ તો પ્રારબ્ધ અનુસાર છે.' એટલા માટે ગમે તેટલી આધિ, વ્યાધિ, ઉપાધિ હોય, પણ હૃદયમાં પેસવા ન દેવાં. સત્પુરુષની દૃષ્ટિ પડી જાય તો દુઃખ ટળી જાય અને શાંતિનાં ગાડાં ઘેર છૂટે.

'જીવાત્માનું સાક્ષાત્ દર્શન તે શું ? આ દેખાય છે તે આત્મા છે; પણ મનાતું નથી. જેતલપુરના ૧લા વચનામૃતમાં લખ્યા પ્રમાણેના સંતમાં આપોપું કરવું.'

શનિવાર, તા. ૧૦-૮-'૫૭, કથામાં, 'દેહ મૂક્યો ક્યારે કહેવાય ?' તે સમજાવતાં કહ્યું : 'ગુણ ગવાય તો ગાવા; પણ અવગુણ તો ગાવા જ નહિ. મહારાજ એકલા નથી આવ્યા. અક્ષરધામ, સમગ્ર ઐશ્વર્ય વગેરે લઈને આવ્યા છે. અનંત જીવનાં મૂળ અજ્ઞાન કાઢવાં, બ્રહ્મરૂપ કરવા આવ્યા છે. તે એવા ને એવા છે. અહીં આવ્યા તે ઓછા નથી થયા. દેહ મૂકીને જેને પામવા હતા, તે છતી દેહે

જ મળ્યા છે. દેહ મૂક્યો એટલે શું ? અજ્ઞાન ટળ્યું ત્યારે દેહ મૂક્યો કહેવાય. સમાગમ કરીને કરવાનું શું ? બ્રહ્મની સ્થિતિ કરવાની. દરેકના ગુણ લેવા. દત્તાત્રેયે ૨૪ ગુરુ કર્યા.'

આ વાતને ઝીલનારાને જોતાં સ્વામીશ્રી પોતાના અનુભવ-જ્ઞાનથી બધાને રસબસ કરી નાખતા. બળનાં, કેફનાં ગાડાં છૂટતાં અને બ્રહ્માનંદ છવાઈ જતો.

તા. ૧૩-૮-'૫૭, અહીંથી નીકળી નારણભાઈ વૈજનાથભાઈ વ્યાસને ત્યાં વલસાડ, શાંતિભાઈ શેઠને ત્યાં બિલીમોરા, સુરત થઈ ભરૂચ વિઠ્ઠલભાઈને ત્યાં પધાર્યા. અહીંથી ઝાડેશ્વર ખાસ નર્મદા-સ્નાન માટે ગયા હતા, પણ નદીના અતિશય ઠંડા પાણીમાં સ્નાન ન કરવા હરિભક્તોએ ખૂબ સમજાવ્યા પછી, નર્મદા-જળ ગરમ કરાવી નર્મદા કાંઠે નાહ્યા.

અહીં કથા પ્રસંગમાં સ્વામીશ્રીએ કહ્યું : 'મહારાજના વખતમાં રેલગાડી વગેરે વાહનની સગવડ હોત, તો આજ કોઈ ગામ સત્સંગ વિના બાકી ન હોત.' મહારાજની શક્તિ અને સામર્થ્ય માટે આ એમનો અહોભાવ હતો ! અને પોતે કહેતા કે 'આજે જે રેલગાડી તથા પાકા રસ્તા વગેરે થયાં છે, તે આપણે માટે જ મહારાજે સગવડ ઊભી કરી આપી છે. તેથી ગામડે ફરાય અને સત્સંગ-પ્રચાર થાય.'

સ્વામીશ્રી ટ્રેનમાં ભરૂચથી અટલાદરા જઈ રહ્યા હતા. મિયાંગામ સ્ટેશને પ્રમુખસ્વામી સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. હજુ તેઓ ડબ્બામાં ચડે તે પહેલાં તો સ્વામીશ્રી દંડવત્ કરવા લાગ્યા. એમણે પણ દંડવત્ કર્યા. સ્વામીશ્રી ખૂબ રાજી થયા. પછી મળીને કહે : 'અહોહો ! આપ બહુ ભીડો વેઠો છો !'

પછી જોડેના સાધુને મળ્યા. થોડી વિચરણ સંબંધી તથા આનંદ-ગમ્મતની વાતો થઈ.

તા. ૧૯-૮-'૫૭, જન્માષ્ટમીનો સમૈયો અટલાદરામાં ઊજવ્યો. રાત્રે ૧ વાગ્યા સુધી કથા-કીર્તન થયાં. મોટાસ્વામી, ઘનશ્યામ સ્વામી તથા સ્વામીશ્રી વારાફરતી સતત કથા કરતા હતા.

ક્યાં રાજા ભોજ ને ક્યાં ગાંગો તેલી ?

અહીંના જૂના સંત વિષ્ણુ સ્વામી માટે સ્વામીશ્રી હંમેશાં મુંબઈનો હલવો, ધોતીજોટો વગેરે લાવતા. આજે પણ તેમને ખાસ યાદ કરી, બોલાવીને બધું આપ્યું.

અહીં વિષ્ણુ સ્વામી સાથે યુવકોને એકાએક ચર્ચા થઈ, તેમાં વાત આગળ વધી. યુવકોએ સ્વામીશ્રીને ફરિયાદ કરી : 'વિષ્ણુ સ્વામી આપનું વાંકું બોલે છે કે 'જોગી શાસ્ત્રીજી મહારાજ જેવા નહિ. એમના જેવું જોગીને શું આવડે છે ?'

સ્વામીશ્રી હસી પડ્યા ને બોલ્યા : 'ગુરુનો મહિમા કહ્યો તેમાં શું ખોટું કહ્યું ! શાસ્ત્રીજી મહારાજ મોક્ષના દાતા છે, મહારાજ અખંડ રહ્યા છે. આપણે સાબિત કરી દઈએ. વાંચો પ્રથમનું ૨૭મું વચનામૃત.'

પછી નિષ્કુળાનંદ સ્વામીનું કીર્તન બોલ્યા : *'સંત તે સ્વયં હરિ...'*

યુવકો સૌ શાંત પડી ગયા. કેવળ ગુણગ્રાહી દૃષ્ટિ અને મહિમા સિવાય એમના જીવનમાં કશું ન હતું.

એક યુવક કહે : 'આપની વાત સાચી, પણ એ તો શાસ્ત્રીજી મહારાજ જેવા કોઈ નહિ તેમ કહે છે !'

સ્વામીશ્રી કહે : 'સ્વામી ગયા જ નથી. પંડે જ સત્સંગમાં ફરે છે.' એમ કહી યુવકને દલીલ જ ન કરવા દેવી હોય તેમ બોલવાનું ચાલુ રાખ્યું : 'વિષ્ણુ સ્વામી બહુ મોટા. તેમના જેવી કઢી કોઈને ન આવડે. આંગળાં કરડી ખાય. સ્વામી...'

'બાપા ! આપ તો તેમની કઢી જમતા નથી.' યુવકોએ વચ્ચે જ કહ્યું.

સ્વામીશ્રી કહે : 'તીખી લાગે ને ! એટલે ખાઈ ન શકાય.'

સ્વામીશ્રીના જવાબથી યુવકો હસી પડ્યા અને અભાવની આખી વાત બદલાઈ ગઈ.

સ્વામીશ્રીને એક વાર વિષ્ણુ સ્વામીએ પૂછેલું : 'શાસ્ત્રીજી મહારાજ જેવું તમને આવડે ?'

સ્વામીશ્રી કહે : 'ક્યાં રાજા ભોજ ને ક્યાં ગાંગો તેલી ! એમના જેવા કોઈ ન થઈ શકે.'

સ્વામીશ્રીના ઉત્તરમાં નરી નમ્રતા તરી રહેતી અને નમ્રતાને કોણ પહોંચી વળે ? સૌ સ્વામીશ્રીની આ લાક્ષણિકતાથી તેમના ઉપર પ્રસન્ન જ રહેતા.

બીજે દિવસે સાંજે વડોદરામાં પધરામણીઓ એટલી થઈ કે રાતે અમદાવાદની ટ્રેન ચૂકી ગયા. પછી ટૅક્સી દ્વારા મોડી રાત્રે અમદાવાદ પહોંચ્યા. કારણ, બીજે દિવસે અહીંના શિખરબદ્ધ મંદિરનું ભૂમિખનનનું મુહૂર્ત સાચવવાનું હતું.

બીજે દિવસે ખૂબ આનંદની લાગણી સાથે અનેક હરિભક્તોએ આ

વિધિમાં ભાગ લીધો. સ્વામીશ્રીએ પણ શિખરબદ્ધ મંદિરની આ રીતે શુભ શરૂઆત કરાવી. જેમાં મોટાસ્વામી, પ્રમુખસ્વામી તથા સંતસ્વામી વગેરે સદ્‌ગુરુઓ પણ ઉપસ્થિત રહ્યા.

આજે સવારથી 'હરિલીલાકલ્પતરુ'ના ત્રીજા સ્કંધની પારાયણનો પ્રારંભ સંપ્રદાયના વિદ્વાન ચીમનલાલ શાસ્ત્રીએ કર્યો. યુવકોએ મંદિર સુંદર શણગાર્યું હતું તેમજ પારાયણ પ્રસંગે પધારતા હજારો હરિભક્તોને પાણી પાવું, હરિભક્તોનાં જોડાં સાચવવાં, વાહનો મુકાવવાં તથા સાચવવાં, અન્ય વ્યવસ્થા જાળવવી વગેરે કામો યુવકોએ ઉપાડી લીધાં હતાં. આમ, જ્ઞાનયજ્ઞ અને સેવા-યજ્ઞ ઉભય યજ્ઞોનો યુવકો લાભ લઈ રહ્યા હતા.

બપોરે યુવકોને બોલાવ્યા ને કહે : 'આ બધાં વાસણ ક્યારનાં પડી રહ્યાં છે ! ચાલો, આપણે ઊટકી નાખીએ. મને એવી સેવા કરવાનું મન થાય છે.'

સાંજે પણ સૌ હરિભક્તો પારાયણનો લાભ લેતા. દિવસ દરમ્યાન સ્વામીશ્રી મંદિરે દર્શન તથા પધરામણીઓ કરતા. રાત્રે ૮-૩૦ થી ૯-૦૦ એમની અમૃત વાણીનો લાભ સૌને મળતો. ઉપરાંત મોટાસ્વામી, સંતસ્વામી, અંબાલાલભાઈ, અર્જુનભાઈ, પ્રતાપભાઈ વગેરે સંતો તથા હરિભક્તો પણ પ્રસંગોપાત્ત કથાવાર્તા કરતા. રાત્રે ૧૨-૦૦ વાગ્યા સુધી યુવકો તથા હરિભક્તો રોકાતા. લગભગ ૧૧-૩૦ વાગે સ્વામીશ્રી પાંચ સ્વામીની વાતો બોલતા. પછી ચેષ્ટા બોલી સૌ રજા લેતા, પણ દરેકનાં મન સ્વામીશ્રી પાસે જ રહેતાં. આનંદ-ઘન મૂર્તિ સ્વામીશ્રીને છોડીને જવાનું મન કોઈને થતું નહિ. એમની મૂર્તિ એવી મનોહર હતી.

અખંડ વૃત્તિ એ મોટું ઐશ્વર્ય !

એક દિવસ સવારે ઠાકોરજીની બાજુના નાના સભાખંડમાં સ્વામીશ્રી, મોટાસ્વામી વગેરે સંતો તથા હરિભક્તો બિરાજ્યા હતા.

સ્વામીશ્રીએ ચંપકભાઈ શેઠને સંબોધીને કહ્યું : 'યુવકોને પ્રશ્ન પૂછો, પાકા થાય.'

શેઠે પૂછ્યું : 'મોટું ઐશ્વર્ય કોને કહેવાય ?'

સ્વામીશ્રીએ વિનુ ભગતને પાસે બોલાવી કાનમાં ધીમેથી કહ્યું : 'અખંડ વૃત્તિ એ મોટું ઐશ્વર્ય.'

બધા જોઈ રહ્યા હતા કે સ્વામીશ્રી વિનુ ભગત સાથે જાહેરમાં 'ખાનગી'

કરી રહ્યા છે, પણ કેટલાક કાંઈ સમજ્યા નહીં. એ પછી વિનુ ભગત બોલ્યા : 'ભગવાનમાં અખંડ વૃત્તિ એ મોટું ઐશ્વર્ય.' ખાનગીમાં સ્વામીશ્રીએ જ આ ઉત્તર આપી દીધો હતો !

પણ શેઠ તો દંગ જ થઈ ગયા. ખરો ઉત્તર કર્યો ! સ્વામીશ્રી કહે : 'કહો મોટાસ્વામી ! કેવો ઉત્તર કર્યો ?'

મોટાસ્વામી કહે : 'હા ભઈ ! કે'વું પડશે !'

જો કે કેટલાકને ખબર પડી ગઈ હતી કે બાપાએ કાનમાં ઉત્તર કરી દીધો હતો અને કેટલાકને સમજ પડી ન હતી.

સ્વામીશ્રીની આ ગમ્મતથી બધાને ખૂબ આનંદ થયો.

પછી સ્વામીશ્રીએ યુવકોને ઉદ્દેશીને કહ્યું :

'શબ્દનો ત્યાગ કર્યો કેમ કહેવાય ? કુવખાણ સારાં લાગે ત્યારે શબ્દનો ત્યાગ કર્યો કહેવાય. સ્પર્શનો ત્યાગ કર્યો કેમ કહેવાય ? પંચ વિષય સડેલ કૂતરું અને નરક લાગે, ત્યારે સ્પર્શનો ત્યાગ કર્યો કહેવાય.'

અમાસ, ગણેશ ચતુર્થી તથા પૂર્ણાહુતિને દિવસે સવારે ૫-૩૦ વાગે સ્વામીશ્રી સંતો-હરિભક્તો સાથે નારાયણ ઘાટ સાબરમતીમાં નાહવા પધારેલા. ત્યાં સ્નાનાદિક પ્રાતઃવિધિ, પૂજાવિધિ, દર્શન તથા ઉકાળા-પાણી કરીને ૮-૦૦ વાગે સંઘ સાથે મંદિરે પધારતા. એક તો તીર્થોમાં સ્નાનાદિકનો સ્વામીશ્રીને ભારે મહિમા. વળી, હરિભક્તોને સ્મૃતિ રહે અને મંદિરના સંતો પણ રાજી થાય. મંદિરના કાર્યકર્તાઓને વ્યવસ્થામાં મુશ્કેલી તથા ભીડો ન પડે તેની સ્વામીશ્રી બહુ કાળજી રાખતા. તેથી અહીં હંમેશાં યુવકો તથા હરિભક્તોને વહેલી સવારે સાબરમતીએ નાહવા જવાનું કહેતા. શ્રદ્ધાવાળા જ આવી આજ્ઞા ઝીલતા. કારણ, સવારના પહોરમાં બે માઈલની મજલ કાપવાની કેટલાકને વસમી પણ લાગે. એટલે ઘણી વાર સ્વામીશ્રી જાતે જ ચાલતાં નદીએ નાહવા જતા. એમની સાથે આંખો સંઘ હોંશે હોંશે નીકળતો. વળી, નારણ ઘાટ રહેતા રત્ના ભગતને પણ સ્વામીશ્રીને વિષે બહુ ભાવ હતો. તેથી તેઓ પણ ખાસ આમંત્રણ આપતા અને મહિમાથી સ્વામીશ્રીની સેવા કરતા.

ભાદરવા સુદ ૪, બુધવાર, તા. ૨૭-૮-'૫૭, પારાયણની પૂર્ણાહુતિ થઈ. બે કલાક પૂજન ચાલ્યું. હજારો હરિભક્તોએ ઠાકોરજીનો પ્રસાદ લીધો. અંબાલાલભાઈ, બેચરભાઈ માસ્તર, સોમચંદ શેઠ વગેરે વ્યવસ્થામાં હતા. યુવકોએ પીરસવાની સેવા બજાવી.

સાંજે ૪-૦૦ વાગે યુવકોએ સ્વામીશ્રીના સાંનિધ્યમાં વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કર્યું હતું. ચંપકભાઈ શેઠ તથા ખેંગારજીભાઈ નિર્ણાયકો હતા. પ્રથમ ત્રણ આવેલા યુવકો નવીન સ્વામિનારાયણ, હરિકૃષ્ણ પટેલ તથા મહેન્દ્ર ઠાકરને સ્વામીશ્રીના હસ્તે 'સ્વામીની વાતો' તથા 'શિક્ષાપત્રી' ભેટ અપાયાં. આ અંગે સારી તાલીમ લેવા સ્વામીશ્રીએ સૌ યુવકોને આશીર્વાદ આપ્યા હતા. પછી સ્વામીશ્રી આચાર્ય દેવેન્દ્રપ્રસાદજી મહારાજની તબિયત જોવા પધાર્યા.

બીજે દિવસે સવારે ટ્રેનમાં ડભાણ જવા નીકળ્યા.

બ્રહ્મ નિરૂપણના વ્યસની

અમદાવાદ પારાયણમાંથી વચ્ચે બે દિવસ સ્વામીશ્રી વાસણા-કોતરિયા પધાર્યા હતા. રણોલી રાત રોકાઈ, સોખડા દર્શન કરી, વાસણા આવ્યા.

અહીં બે દિવસ કથાવાર્તાનો સારો લાભ હરિભક્તોને આપ્યો. એક જ દિવસમાં જુદા જુદા સમયે લગભગ આઠ વચનામૃતોનું નિરૂપણ સ્વામીશ્રીએ કર્યું હતું અને છેલ્લી કક્ષાની બ્રહ્મરૂપ થવાની અદ્‌ભુત વાત અહીં કરી હતી :

'અતિ સાચે ભાવે સત્સંગ કરવો; તે સાચો ભાવ એટલે શું ? તો ભગવાન કે સંતના વચનમાં દૃઢ શ્રદ્ધા અને વિશ્વાસ. પોતાનું ગમે તેટલું આંચકી લે, દીકરો લઈ લે, સર્વસ્વ લઈ લે, તોપણ 'મારા હિતમાં જ કરે છે,' એમ જે સમજે, તે વિશ્વાસી અને શ્રદ્ધાળુ.

'ગ.મ. ૬૧માં લખ્યું કે ગૃહસ્થ હોય તે પોતાનું સર્વસ્વ આપી દે અને આજ્ઞા કરે તો તત્કાળ પરમહંસ પણ થાય. શ્રીજીમહારાજે જેમ જંતરડામાં તાર ખેંચે તેમ સૌને તાવ્યા છે, પણ કોઈએ કોઈ દિવસ મહારાજનો અભાવ લીધો નથી. આવું વર્તાય ત્યારે મોક્ષ થાય. પંચ વિષયમાં દાઢ્યો અંબાઈ જવી જોઈએ. ગ.પ્ર. ૨૪ સિદ્ધ થવું જોઈએ.'

બાળકોને સત્સંગ કરાવવાનો પણ સ્વામીશ્રીને એટલો જ ઉત્સાહ. પોતે કીર્તનો બોલે અને બાળકો પાસે કીર્તનો ઝિલાવે. એમ બાળ મંડળને પણ લાભ આપ્યો. આજુબાજુનાં ગામોનાં બાળકો, યુવકો તથા હરિભક્તોએ સારો લાભ લીધો.

✧

ડભાણમાં જેઠાભાઈ મંગળભાઈને ત્યાં ઉતારો હતો. ગુણાતીતાનંદ સ્વામીને મહારાજે દીક્ષા આપી હતી તે યજ્ઞ સ્થળ તથા મહારાજે ચોરાશી જમાડી વગેરે પ્રસાદીનાં સ્થળોએ દર્શન કર્યાં. લગભગ ૫૦ જેટલી પધરામણીઓ થઈ.

અહીં સત્સંગ મંડળની શરૂઆત હોવાથી, મગનભાઈ સેક્રેટરી તથા હકાભાઈએ સિદ્ધાંતની ઘણી વાતો કરી.

અહીંથી પીજ પધાર્યા. મંદિરે દર્શન કરી, તપસ્વી સંત શાસ્ત્રી હરિકૃષ્ણ-દાસજીનાં ઓટે દર્શન કર્યાં. પ્રદક્ષિણા કરતાં સ્વામીશ્રી બોલ્યા : 'તમારા જેવા ગુણ આવે એવા આશીર્વાદ આપજો.'

તપ, ત્યાગ, વૈરાગ્યના અખૂટ સ્રોત સમાન સ્વામીશ્રી દરેકમાંથી પૂજ્ય-ભાવ સાથે ગુણ લેવાની તત્પરતા હંમેશાં રાખતા. સૌને મોટપ આપતા. પોતે નાનપમાં આનંદ માણતા.

મહારાજની પ્રસાદીની તળાવડીએ સ્વામીશ્રી પધાર્યા. અહીં ઓટો છે. તળાવડીનું પાણી ગંદું હોવા છતાં સ્વામીશ્રીએ તે ગાળીને માથે ચડાવ્યું. પછી ઓટે પધાર્યા. તે ખૂબ ગંદો થઈ ગયો હતો, તેથી સ્વામીશ્રી પોતાના ગાતરિયાથી સાફ કરવા લાગ્યા. દંડવત્ કરી પ્રદક્ષિણા કરી. પછી સ્થાનિક હરિભક્તોને કહે : 'રોજ અહીં દર્શને આવવું. ઓટાની સાફસૂફી રાખવી. ચોખ્ખું રાખવું. ખૂબ સુખ-શાંતિ મળશે.'

ટ્રેનમાં મલાતજ સ્ટેશને ઊતરી, શિવાભાઈ ગાડાં લાવ્યા હતા તેમાં બેસી ગામમાં પધાર્યા. આફ્રિકાથી આણેલા નવા ટેપરેકોર્ડરમાં શિવાભાઈએ સ્વામીશ્રીની અમૃત વાણી ઉતારી. અહીં સ્વામીશ્રીએ સૌને ખૂબ દૂધપાક જમાડ્યો.

'સ્થિર મતિ અતિશય ધીર'

સ્વામીશ્રી નડિયાદથી જળઝીલણીના સમૈયે સારંગપુર પહોંચવા અમદાવાદ જઈ રહ્યા હતા. ફર્સ્ટ કલાસના ડબ્બામાં જોડના સાધુ તથા વિનુ ભગતને કહે : 'હરે ! કીર્તન ઉપાડો.' એમ કહી પોતે પણ કીર્તન-ભક્તિમાં લીન થયા.

મહેમદાવાદ આવ્યું. એક સામટા ત્રણ ટિકિટ ચેકર સ્વામીશ્રીના ડબ્બામાં આવી ગયા ને ટિકિટ માગવા લાગ્યા. જે હરિભક્ત પાસે ટિકિટ હતી તે બીજા કોઈ ડબ્બામાં બેઠેલા. સંતે ટિકિટ બીજા પાસે છે તે વાત કરી, પણ તે માન્યા જ નહીં અને જેમ-તેમ બોલી દમદાટી આપવા લાગ્યા.

સ્વામીશ્રી હાથ જોડીને તેને કરગરવા લાગ્યા : 'અમારી ભૂલ થઈ ગઈ.' તેથી તેમને વધુ શંકા થઈ કે આ સાધુઓ ટિકિટ વિના જ મુસાફરી કરી રહ્યા છે. તેથી સાંકળ ખેંચવા સુધીની ધમકી આપી.

સ્વામીશ્રી કહે : 'અમે તમને જરૂર બીજા સ્ટેશને ટિકિટ દેખાડીશું.'

ત્યારે તે કહેવા લાગ્યા : 'ચમત્કાર દિખાના હો તો, અભી દિખાઓ. દૂસરા સ્ટેશન ક્યૂં ?' એમ હેરાન-પરેશાન કરી દીધા.

આ વાર્તાલાપમાં જ અમદાવાદ આવી ગયું. સ્ટેશન પર સ્વામીશ્રીના ડબ્બા પાસે સેંકડો હરિભક્તો દર્શન માટે આવ્યા હતા. ટિકિટ તપાસનારા રેલવેના માણસો સૌને જોઈને ખસિયાણા બની ગયા. તેઓ જતા રહેતા હતા, પરંતુ સ્વામીશ્રીએ તેમને પ્રેમથી રોકીને કાગળના પડીકામાં પ્રસાદ બાંધી આપ્યો. 'અમે સાચા ને તમે ખોટા' તેવો કોઈ ભાવ દેખાડ્યો નહિ. તે સૌને સ્વામીશ્રીની અનેરી સાધુતાનું દર્શન થયું અને તેમને ઘણો ગુણ આવ્યો.

સ્ટેશનની બહાર આવતાં જ સ્વામીશ્રી બોલ્યા : 'હાશ, માંડ છૂટ્યા. ભુક્કા બોલાવી દીધા !'

આ સાંભળી હરિભક્તો સૌ હસી પડ્યા. સ્વામીશ્રી પણ હસવા લાગ્યા.

સારંગપુરમાં જળઝીલણીનો સમૈયો સારો ઊજવ્યો. સવાર-સાંજ બે વખત દેરીએ દર્શન-પ્રદક્ષિણા કરતા.

શ્યામ વિના કાંઈ કામ ન સૂઝે

અહીંથી ઘોડાગાડીમાં ઝમરાળા જવાનું હતું.

જ્યારે સ્વામીશ્રી મોટા મંદિરમાંથી ગામડે વિચરણમાં નીકળે, ત્યારે ઠાકોરજીનાં દર્શન અવશ્ય કરે. ઠાકોરજીની રજા લઈને જ નીકળે. બપોરનો ચાર વાગ્યાનો તાપ હજુ તીખો હતો. સ્વામીશ્રી મંદિરનાં ઊંચાં પગથિયાં ચડી ઠાકોરજી સમક્ષ પહોંચી ગયા. એકતાર થઈ દર્શન-દંડવત્ કર્યાં. હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ આગળ સ્વામીશ્રી વિશેષ મુજરા-દૃષ્ટિ અને હૃદયથી કરતાં. નીચે આવી સૌને મળ્યા. લઘુ કરી હાથ ધોઈ, ઘોડાગાડીમાં બેસવાની તૈયારી કરતા હતા, ત્યાં ફરી કંઈક યાદ આવ્યું એટલે પોતે દોડ્યા અને એ જ મહાકાય પગથિયાં ચઢી દર્શનમાં લીન થઈ ગયા. એ જ તાલાવેલી, એ જ ભક્તિભાવ !

'ચાલો, બાપા ! ગાડી તૈયાર છે.' કોઈનો અવાજ સંભળાયો અને દર્શન-સમાધિ તૂટી. સ્વામીશ્રી દંડવત્ કરી હસતાં હસતાં નીચે ઊતર્યા.

આ ઉંમરે પણ સ્વામીશ્રીની આ શ્રદ્ધા અને ભક્તિ, નિરાડંબરી, સહજ પ્રભુમય જીવન ભાવના જોઈ સંતસ્વામી બોલી ઊઠ્યા : 'આ સત્પુરુષ કહેવાય. પંખા નીચે બેસીને જ્ઞાન કથવાથી કાંઈ ન વળે !'

માર્ગમા કારિયાણી મંદિરે દર્શન કર્યાં. ઝમરાળામાં વાલજીભાઈ,

દેવશીભાઈ, મોહનભાઈ વગેરે ભક્તોએ ખૂબ સેવા કરી. કથાવાર્તા તથા પધરામણીઓ ઘણી થઈ. ભૂતા શેઠના જિનમાં પધરામણી કરી. નીંગાળા સ્ટેશને જવા નીકળ્યા. રસ્તામાં ફરીથી કારિયાણીમાં તથા મહારાજનાં બીજાં પ્રસાદી સ્થાનોના દર્શન કર્યાં. આગળ જતાં રસ્તામાં જીવા ભગત મંદિરનું ટ્રેક્ટર લઈ સામા મળ્યા. એમાં બેસી સીધા ગઢડા જવા નીકળ્યા. નદીમાં ટ્રેક્ટર ખૂંતી ગયું. તેથી મહામહેનતે બહાર કાઢ્યું. એટલી વાર નીંગાળા ધર્મશાળામાં રોકાયા. સ્વામીની વાતો બોલી નીંગાળાના હરિભક્તોને લાભ આપ્યો. રાત્રે ૧૨-૦૦ વાગે ગઢડા પહોંચ્યા.

'મુંબઈના શેઠિયા શું હિસાબમાં ?'

તુરખા ગામના હરિભક્તો ડાહ્યાભાઈ, ઝવેરભાઈ વગેરે હરિભક્તોના આગ્રહથી બોટાદ થઈને સ્વામીશ્રી તુરખા જવા નીકળ્યા. તુરખાના હરિભક્તો પુરુષોત્તમ ભગત, મગનભાઈ વગેરે સ્વામીશ્રીને તેડવા ટ્રેક્ટર લઈને બોટાદ આવ્યા હતા. સ્વામીશ્રી બોટાદ પધાર્યા ત્યારે વીજળીના કડાકા સાથે ધોધમાર વરસાદ તૂટી પડ્યો. સંધ્યા સમય થતાં સ્વામીશ્રી તથા સંતોએ આરતી-અષ્ટકો કર્યાં, ત્યાં ગોબરભાઈએ ઉકાળા-પાણીની વ્યવસ્થા કરી. ઘોર અંધારું થઈ ગયું હતું. વરસાદ તો કહે મારું કામ. બધા હરિભક્તોએ સ્વામીશ્રીને બોટાદ રોકાઈ જવા આગ્રહ કર્યો, પરંતુ તુરખાના હરિભક્તોએ કહ્યું કે 'બાપા ! ત્યાં હરિભક્તોએ ખૂબ તૈયારીઓ કરી છે અને આખું ગામ ઝાંપે રાહ જોઈને ઊભું હશે. આપ જો આજે નહીં પધારો, તો ગામલોકોનો ઉત્સાહ પડી ભાંગશે.'

ભક્તવત્સલ સ્વામીશ્રીએ તેમની વાત સ્વીકારી લીધી અને ટ્રેક્ટર દ્વારા તુરખા જવા તૈયાર થયા.

ભડલીવાળા લુહાર છગનભાઈ તથા શાંતિલાલ માસ્તરે કહ્યું : 'રસ્તે બધે પાણી ભરાઈ ગયાં છે. માટે બોટાદથી ઢાંકણીઆના માર્ગ વચ્ચે ડુંગરોમાં જવાનો પાણાનો રસ્તો છે, ત્યાં ટ્રેક્ટર ચલાવીને જવામાં વાંધો નહિ આવે.'

જીવાભાઈ ટ્રેક્ટર ચલાવતા હતા. ઝવેરભાઈના પુત્ર પુરુષોત્તમ ભગત તો માર્ગમાં આગળ દોડે અને તેની પાછળ ટ્રેક્ટર ચાલે. ટ્રેક્ટરમાં સંતો ધૂન-ભજન-કીર્તનની રમઝટ બોલાવતા હતા. સૌનાં મનમાં હતું કે આવી મેઘલી રાતે સ્વામીશ્રી વિચરણ કરે છે, તો કોઈ જગ્યાએ પાણીના વોંકળામાં અટવાઈ જવાશે કે ગારામાં ખૂંચી જવાશે તો શું થાશે ?

પરંતુ સ્વામીશ્રી તો હાથમાં માળા લઈને બેસી ગયા હતા. રસ્તામાં સૌ નિયમ-ચેષ્ટા બોલ્યા. થોડી વારમાં ટ્રૅક્ટર તુરખાની સડકે ચડી ગયું.

એવામાં તુરખા ગામને સીમાડે વિઠ્ઠલભાઈ રાંગમાં ઘોડી અને ખભે બંધૂક લઈને સામા મળ્યા. સ્વામીશ્રીએ દૂરથી ઘોડેસવાર આવતો જોઈને પૂછ્યું : 'ઈ ઘોડીવાળા પટેલ કોણ છે ?' હરિભક્તોએ ઓળખાણ આપી. ગામલોકોએ સ્વામીશ્રી અને સંતોનું ઉમળકાભેર સ્વાગત કર્યું. નાના-મોટા સૌ ઉમંગથી નાચવા-કૂદવા તથા કીર્તનો ગાવા લાગ્યા.

અહીં પાળિયાદ બાપુની બે ઘોડાની બગી સ્વાગત માટે લાવ્યા હતા. તેમાં સ્વામીશ્રી તથા પ્રમુખસ્વામી આદિ સંતો બિરાજ્યા.

સ્વામીશ્રીએ ઘણી પધરામણીઓ કરી. જ્યારે વાલજીભાઈના ઘરે પધરામણી કરી ત્યારે સંતોએ *'આજ મારે ઓરડે રે...'* એ કીર્તન ઉપાડ્યું. સાથે તેમનો પુત્ર જેરામ પણ બોલવા લાગ્યો. એક પદ પૂરું થયું તો જેરામે બીજું ઉપાડ્યું. સંતોએ ઈશારો કર્યો કે હવે બસ. જેરામે બંધ કર્યું. ત્યાં સ્વામીશ્રી કહે : 'બોલો, બોલો!'

જેરામે એક પછી એક ચારે પદ સ્વામીશ્રીની આજ્ઞાથી મોઢે બોલીને પૂરાં કર્યાં. સ્વામીશ્રી રાજી રાજી થઈ ગયા અને જેરામને નજીક બોલાવી ખૂબ આશીર્વાદ આપ્યા ને કહે : 'સાધુ થાય એવા છે !'

આ એક જ વાક્યે બાળકના સુષુપ્ત સંસ્કારો જાગી ઊઠ્યા અને સાધુ થવાની લગની લાગી. એ પછી 'અમૃત મહોત્સવ'માં દીક્ષા લેવા ઘરેથી રજા માગી, પણ કોઈ પ્રકારે સફળતા ન મળી. ત્યારબાદ એક વાર સારંગપુરમાં સ્વામીશ્રીની પૂજામાં જેરામે *'ધન્ય ધન્ય એ સંત સુજાણને'* એ કીર્તન જૂના રાગ-ઢાળમાં સુંદર હલકે ગાયું. સ્વામીશ્રી ખૂબ રાજી થયા ને ફરી કહ્યું : 'આમને સાધુ બનાવવા જ છે !'

ત્યારે તુરખાના પુરુષોત્તમ ભગતે વિશેષ ઓળખાણ આપતાં સ્વામીશ્રીને કહ્યું : 'બાપા ! આ છોકરાને ૪૦૦ કીર્તન કંઠસ્થ છે.'

સ્વામીશ્રી આશ્ચર્યથી જોઈ રહ્યા ને રાજીપો બતાવતાં કહે : 'રાગ-ઢાળ કોણે શીખવાડ્યા ?'

જેરામ કહે : 'જૂના મંદિરના હરિભક્ત સાથે ગઢડા જતો, ત્યારે ત્યાંના ત્રિકમચરણદાસ પુરાણીએ શીખવ્યાં છે.'

સ્વામીશ્રી કહે : 'અહોહો ! તો તો બનાવવા જ છે ?'

આમ, યુવાનોને આકર્ષી સ્વામીશ્રી પોતાની મૂર્તિનું ઘેલું લગાડી દેતાં,

એવી જ સ્થિતિ જયરામની પણ થઈ.[૧૧]

તુરખામાં પુરુષોત્તમભાઈના ઘરે ઉતારો હતો. સ્વામીશ્રીએ તેમને પૂછ્યું : 'ગોંડલનાં મરચાં તૈયાર છે ?' ત્યારે તેમણે બૂંગણ ઊંચું કરીને, દસ મણ ખાંડેલાં મરચાંનો ઢગલો બતાવ્યો ને કહે : 'બાપા ! આપને રાજી કરવા માટે જ આ મરચું તૈયાર કરેલ છે. આપની ગોંડલ માટેની આજ્ઞા છે, તો મારી સેવા અંગીકાર કરો.'

આવી ભક્તિભાવના જોઈને સ્વામીશ્રી બોલ્યા : 'આવા ભક્ત પાસે મુંબઈના શેઠિયા શું હિસાબમાં ?' એમ નાની પણ સાચી સેવાની મોટી પ્રશંસા કરી, સ્વામીશ્રી પોઢી જવા માટે ઊઠ્યા.

બીજા દિવસે સ્વામીશ્રી માવજીભાઈની રસોઈ જમીને, સર્વ ભક્તોને લાભ આપીને, બોટાદને રસ્તે નીકળ્યા. માર્ગમાં પુરુષોત્તમભાઈની વાડી આવી ત્યાં ગયા અને ડોલ ઊટકાવી સ્વચ્છ કરીને, કૂવામાંથી પાણી કઢાવીને, કૂવાના થાળામાં હરિકૃષ્ણ મહારાજને સ્નાન કરાવ્યું. એ પ્રસાદીનું પાણી ફરી કૂવામાં પધરાવ્યું. આમ, તુરખાના હરિભક્તોને અપાર સુખ આપીને સ્વામીશ્રી બોટાદ થઈને સારંગપુર પધાર્યા.

શાસ્ત્રીજી મહારાજના શ્રાદ્ધ નિમિત્તે દેરીમાં પ્રદક્ષિણામાં ભક્તોની પંક્તિ કરી સૌને ખૂબ જમાડ્યા. સ્વામીશ્રી સંતો સાથે ખીજડા નીચે જમ્યા અને શાસ્ત્રીજી મહારાજની સ્મૃતિ કરી. અહીં કથાવાર્તાના પ્રસંગમાં સ્વામીશ્રીએ એક સરસ વાત કરી કે 'જ્યાં ભગવાનના એકાંતિક સંત વિચરતા હોય, ત્યાં કથા-વાર્તારૂપી સદાવ્રત ચાલે છે. ત્યાં આશરારૂપી માળામાં વિરામ કરવો.'

તા. ૧૪-૯-'૫૭, રાતના ટ્રેનમાં રાણપુર પધાર્યા. પેટ્રોમેક્સ બત્તીના અજવાળે સો જેટલા હરિભક્તોએ સ્વામીશ્રીનું સ્વાગત કર્યું. રાત્રે સ્ટેશન ઉપર સભા થઈ. હકાભાઈએ વાતો કરી. પછી મંદિર પાસે કચરાભાઈ ખત્રીના મકાનમાં ઉતારે પહોંચ્યા. મગનભાઈ ખત્રી, વજુભાઈ ખત્રી, નાનુભાઈ વકીલ તથા જીવાલાલ ચૌહાણ વગેરે ભક્તોએ સારી સેવા કરી. રાત્રે મોઢ મહાજનની ભોજનશાળામાં જાહેર સભા થઈ હતી જેમાં હકાભાઈ, મોહન બગડ, સંત-સ્વામી તથા સ્વામીશ્રીએ વાતો કરી હતી. રાત્રે ૧૨-૩૦ વાગ્યા તોપણ સૌ રસપૂર્વક સમાગમ કરી રહ્યા હતા.

---

૧૧. એ પછી સ્વામીશ્રી ધામમાં પધાર્યા ત્યાં સુધી તેમને ઘરેથી રજા ન મળી. છેવટે મહેળાવની પારાયણમાં પ્રમુખસ્વામી મહારાજના હસ્તે યુવકમાંથી સીધી જ ભાગવતી દીક્ષા મેળવવાનું તેમને ભાગ્ય મળ્યું. હાલ, સાધુ જ્ઞાનપ્રિયદાસ.

અહીંથી સ્વામીશ્રી સંઘ લઈને લોયા તથા નાગડકા દર્શને ગયા. રાણપુરમાં ભાદર નદી ત્રિવેણીમાં, જ્યાં મહારાજ ઘણી વાર નાહ્યા છે, ત્યાં સ્વામીશ્રીએ સંતો સહિત સ્નાન કર્યું. પછી ટ્રેનમાં રાજકોટ થઈ ગોંડલ પધાર્યા.

આગામી શરદ પૂર્ણિમા મહોત્સવ અંગેની કાર્યવાહી દરેકને સોંપી, તા. ૨૧-૯-'૫૭, સ્વામીશ્રી મોજીદડ જવા નીકળ્યા.

અલૌકિક કાર્યદક્ષતા

વઢવાણ સ્ટેશને યુવકો તથા હરિભક્તો મળવા આવ્યા હતા. યુવકોને પ્રેમથી પાસે બોલાવી, સ્વામીની વાતોનો પાઠ સ્વામીશ્રીએ સ્ટેશન ઉપર જ લીધો; ત્યારે એમની સ્થિતપ્રજ્ઞતાનો ખ્યાલ આવે. વિચરણમાં ઠેર ઠેર સ્ટેશન ઉપર સેંકડો હરિભક્તો મળવા આવે, બધાને પ્રેમથી મળે, ખબર-અંતર પૂછે, હરિભક્તોના પત્રો આવ્યા હોય તે સંબંધી ખુલાસા પણ એટલી બધી ભીડમાં સહજતાથી આપી દે, આશીર્વાદ આપે. વળી, હરિભક્તો હાર પહેરાવવા પડાપડી કરે, તો રાજી થકા હાર અંગીકાર કરે. તેમાં મહારાજને હાર પહેરાવી પ્રસાદી કરવાનું ભૂલે નહિ. કોઈ ઉકાળો લાવે તો ઠાકોરજીને ધરાવી, સ્પર્શ કરી, બધાને પ્રસાદી વહેંચે. યુવકોને યાદ કરી બોલાવે. વાતું, વચનામૃત મોઢે કર્યાં હોય, તેના પાઠ લઈ લે. આમ, સ્ટેશન ઉપરના ટ્રેનના ૧૦-૧૫ મિનિટના રોકાણમાં તો કેટકેટલું કામ કરી લે. સ્ટેશન ઉપરની દોડધામ, ઘોંઘાટ, ઉતાવળ એમને કાંઈ નડે નહિ. જે શાંતિથી એક પછી એક કામ આટોપે, ત્યારે જણાય કે કેવળ મહારાજમાં જ જેની વૃત્તિ સ્થિર થઈ હોય તે જ આમ કરી શકે, બીજાનું મન ક્યાંય ડહોળાઈ જાય.

ચુડા, નવાગામ થઈ અમાસની વહેલી સવારે સ્વામીશ્રી નારાયણ ધરે પહોંચી ગયા. આ વખતે ગોંડલમાં મોટો ઉત્સવ હતો, ઘણી તૈયારીઓ કરવાની હતી, સ્વામીશ્રીની હાજરીની ગોંડલમાં જરૂર હતી, છતાં બધાં કામ ઠેલીને સ્વામીશ્રી અહીં પધાર્યા. સભામાં સ્વામીની વાતો - બીજા પ્રકરણની કથા પોતે કરી. વાતો વાંચે અને નિરૂપણ કરે. પછી અચારડા થઈ મોજીદડ પધાર્યા. નારાયણ ધરે આવેલા સૌ હરિભક્તોને અહીં જમાડ્યા.

સ્વામીશ્રીના યોગમાં આવનાર સૌ હરિભક્તો-યુવકો તિલક-ચાંદલો કરે, તે માટે સ્વામીશ્રી ખૂબ જ આગ્રહ રાખતા. આજે વિચરણમાં સાથે ફરતા યુવકોને સંબોધતાં સ્વામીશ્રીએ કહ્યું : 'તિલક-ચાંદલો કરતાં કોઈની ટીકાથી ડરવું નહિ. તિલક-ચાંદલો કરીને જ નિશાળે જવું. નાથજીભાઈ ઉમરેઠવાળાના શિષ્યો મોટા

વકીલો છે, મોટા ન્યાયાધીશ છે, પણ બધા તિલક-ચાંદલો કરીને જ કામે જાય.'

એક યુવકે પૂછ્યું : 'બાપા ! ચાંદલો કરતાં શરમ આવે તો શું કરવું ?'

સ્વામીશ્રી કહે : 'જેમ ભરવાડ હોય તે બકરાં ચરાવતાં હોય, તે એમ માને કે હું મનુષ્ય છું અને આ બધાં પશુ છે. એમ આપણે માનવું, તો શરમ ન આવે.'

બીજા યુવકે પૂછ્યું : 'તિલક-ચાંદલો કરવાથી લાભ શું ?'

સ્વામીશ્રી કહે : 'રાજાની આજ્ઞાથી સિપાઈ કૂવામાં ત્રણ વાર પડ્યો અને ત્રણેય વાર પલળીને બહાર આવ્યો. આમ, આજ્ઞા પાળી તો ગામ આપ્યું. તેમ આજ્ઞા પાળીએ તે પછી લાભ જણાય.'

મંદિરમાં સંતો રસોઈ કરતા હતા. સવારના સમયે સ્વામીશ્રી સભામાં વાતો કરતા હોય કે પત્ર લખતા હોય, પણ એકાદ વાર રસોડામાં ડોકિયું કરવા તો જરૂર પધારે જ. આખી જિંદગી જેણે રસોડાની ધુમાડી ખાધી છે, ચૂલા ફૂંકી ફૂંકીને આંખો રાતી અને ભીની કરી છે અને સો-બસો માણસોની રસોઈ સહેજ સહેજમાં કરી બાવડાં કૂણાં કર્યાં છે, એ પુરુષ રસોડા સામે નજર માંડ્યા સિવાય કેમ રહી શકે ! કારણ, આ બધું એમણે અતિ ઉમંગથી કર્યું હતું; ઠાકોરજીને નવધા ભક્તિથી રીઝવવા કર્યું હતું; હરિભક્તોને ભાવતાં ભોજન જમાડી રાજી કરવા કર્યું હતું. એટલે આજે પણ એમના પગ જ્યાં રસોઈ થતી હોય, વાસણ ઊટકાતાં હોય, ભગવાન અને ભક્તોની નીચી ટેલ થતી હોય, ત્યાં બધાયને છેતરીને દોડી જતા.

ઠાકોરજીનો થાળ પવિત્રતાથી થાય છે કે કેમ ? કંઈ ખામી તો રહી જતી નથી ને ! આવું સૂક્ષ્મ અવલોકન કર્યા વગર એ રહી શકતા નહિ અને હેતથી સૂચન પણ કરતા.

રસોડામાં સંતો પૂરી તળતા હતા. આ જોઈ સ્વામીશ્રી કહે : 'અમે સવા મણની પૂરી કટકટ કરી દેતા. લોટ બાંધી, લોયા વાળી, પગના અંગૂઠે દોરી બાંધી, ગુલ્લાં કાપતાં ને ઝડપથી વણી દેતા.'

અનુભવની સરાણે ચડીને નીકળેલા આ શબ્દોનો રણકાર પણ એવો જ હતો.

ભગવાનના પુત્ર પણ સંત થકી જ નિર્વાસનિક !

શિયાણી, લીંબડી થઈ જનકસિંહની મોટરમાં વઢવાણ ચંદુભાઈ હરગોવિંદભાઈ મહેતાને ત્યાં પધાર્યા. સ્વામીશ્રી કહે : 'અહોહો... આ પ્રસાદીનું ઘર ! ગુણાતીત જ્ઞાન અને અક્ષરપુરુષોત્તમની મૂર્તિઓ પધરાવવાની અહીં ઘણી

વાતો થઈ હતી.' કૃષ્ણજી અદા વિષે અત્યંત હેતવાળા હરગોવિંદભાઈ અક્ષર-પુરુષોત્તમની દૃઢ ઉપાસનાવાળા હતા.

સ્વામીશ્રી અહીં પધારે, ત્યારે સંતો-હરિભક્તોને લઈને અચૂક સ્વામિ-નારાયણ મંદિરે દર્શને જાય. બ્રહ્મચારી સ્વામીશ્રીનું ફૂલહારથી સ્વાગત કરતા. સ્વામીશ્રી સભામંડપમાં દર્શને જતા અને હરિભક્તો પાસે ભેટ કરાવતા. સંતોને મળતા તથા આચાર્ય મહારાજની મેડીએ પણ દર્શને જતા.

સ્વામીશ્રી આવે તેથી આચાર્ય રાજેન્દ્રપ્રસાદજી મહારાજ બહુ રાજી થાય. સ્વામીશ્રીને મળે. સ્વામીશ્રી આચાર્ય મહારાજને વાતો કરવા કહે. આ વખતે તેમણે વાત કરતાં કહ્યું : 'ઋષભદેવ ભગવાનના પુત્ર ભરતજી હતા, પણ મૃગલામાં આસક્તિ થઈ તેથી બંધાઈ ગયા. અમે ભગવાનના પુત્ર છીએ, છતાં બંધાઈ જઈએ, પણ આપ જેવા સત્પુરુષ જ છોડાવી શકે.' આમ, તેમણે સ્વામીશ્રીનો અપાર મહિમા કહ્યો. સ્વામીશ્રીએ હરિભક્તો પાસે આચાર્ય મહારાજને ભેટ મુકાવીને વિદાય લીધી.

કલેક્ટર ગોવિંદસિંહ ચુડાસમા તથા ત્રિકમભાઈને ત્યાં સુરેન્દ્રનગર પધરામણી કરી, સ્વામીશ્રી મૂળી મંદિરે દર્શન કરવા નીકળ્યા. ખાસ તો મંદિરમાં એક વયોવૃદ્ધ સંત ગુણાતીતદાસ બીમાર હતા. તેમની ખબર કાઢવા સ્વામીશ્રી જઈ રહ્યા હતા. મૂળીના હરિભક્તોને ખબર પડતાં, ખત્રી તુળસીભાઈ તથા રૂપસંગજી વગેરે ભક્તો સામૈયું લઈને સામે આવ્યા. વાજતે-ગાજતે સ્વામીશ્રીને પધરાવ્યા. પધરામણીઓ થઈ. મંદિરમાં ગુણાતીતદાસજીને મળી, તબિયતની ખબર લઈ, સ્વામીશ્રી રાજકોટ થઈ ગોંડલ પધાર્યા. અહીંથી તા. ૨૯-૯-'૫૭, કેશવલાલભાઈને ત્યાં વડિયા પધારી સાંજે પાછા આવ્યા હતા.

સોમવાર, તા. ૩૦-૯-'૫૭, અક્ષર દેરીમાં સવારની કથામાં સ્વામીશ્રી બોલ્યા કે 'પોતે પોતાના ગુરુ થવું. કૃષ્ણજી અદા વાત કરતા કે સત્સંગમાં આગળ વધવું હોય તો -

'નાને સે હો નાના રહીએ, જૈસી નાની દૂબ,
ઘાસફીસ સબ ઊડ ગયે, દૂબ ખૂબ કી ખૂબ.'

'દાસત્વ-ભક્તિ રાખવી અને એકાંતિક ભક્તના દાસના દાસ થવું. શાસ્ત્રીજી મહારાજ વાસણ ઊટકવાની સેવા નાના હતા ત્યારે કરતા. સેવા પરમ ધર્મ છે. મલિન વાસના ટળી જાય. સેવક થાવું, જાતે નિર્માની થવું, તુંકારા ખમવા.

'સ્વામીએ બીજા પ્રકરણની ૧૪૩ની વાતમાં કહ્યું : 'સાધુ થવું અને

સાધુતા શીખવી.' ખમવાનો ગુણ શીખવો અને ક્રોધ ન કરવો, એ સાધુતા. માન તથા બીજા દોષ મૂકે તો સ્વભાવ મૂક્યા કહેવાય.

'મોટાપુરુષને સેવ્યા કેમ કહેવાય ? ગુણ આવે ત્યારે સેવ્યા કહેવાય. મોટાપુરુષનો રાજીપો લીધો હોય તો હૈયામાં ટાઢું રહે.

'મોટામાં જોડાણા કેમ કહેવાય ? અક્ષરપુરુષોત્તમની નિષ્ઠા પ્રવર્તાવવા મોટા જે પ્રયત્ન કરતા હોય, તેમાં ભળવું તે મરજી. અત્યારે જ્ઞાન પ્રવર્તાવવું, સેવા કરવી અને મંડળો બાંધવાં, તે મરજી.'

એકાદશીના દિવસે ઠાકોરજીને પૂરી, શાક, શીરો, દૂધ વગેરે ધરાવ્યું હતું. ફરાળી શીરો, સાબુદાણાની ખીચડી વગેરે ફરાળી વાનગી થાળમાં મુકાઈ ન હતી. સ્વામીશ્રીએ તે પણ થાળમાં મુકાવી અને કહે : 'ઠાકોરજી ફરાળ ચાખશે તો ખરા, દૃષ્ટિ-પ્રસાદી કરશે. આપણો ભાવ જોઈને અંગીકાર પણ કરશે. ભાવથી બધું ધરવું.'

અહીં સભામંડપમાં એક યુવક રજાઈની ચાર ગડી વાળીને તે ઉપર બેઠો હતો. સ્વામીશ્રી આ જોઈ ગયા, તેથી તેમને પ્રેમપૂર્વક કહ્યું : 'ઊઠો, આમ ચાર ગડી વાળી, ગોદડા ઉપર આપણે ન બેસાય. કોઈ પ્રકારની ટેવ તો એક સહજાનંદ સ્વામીને ન પડે.' પ્રસંગોપાત્ત આવો સૂક્ષ્મ વિવેક પણ સ્વામીશ્રી યુવકોને સમજાવી દેતા. એમના વગર આવી નાની વાતનો ખટકો કોણ રખાવી શકે ?

અક્ષર દેરીમાંથી બહાર નીકળતાં એક વાર સ્વામીશ્રીએ એક ખેડૂત ભક્તને પૂછ્યું : 'તમારા ગામનો ધર્માદો મોકલ્યો ?'

ખેડૂત ભક્ત કહે : 'ના સ્વામી ! હું માંદો થયો છું.'

તેથી સ્વામીશ્રી હસતાં હસતાં કહે : 'એટલે ધર્માદોય માંદો થયો છે.'

આ નિર્દોષ વાર્તાલાપથી સૌ હસી પડ્યા, પણ સ્વામીશ્રીની ધર્માદાની ટકોર સૌનાં અંતરમાં રમી રહી.

સંતો-મહંતોના પૂજનીય

શરદ પૂનમના સમૈયાની તૈયારીઓ ધામધૂમથી થઈ રહી હતી. હરમાનભાઈ આદિ આફ્રિકાના હરિભક્તો પણ આ પ્રસંગે અગાઉથી આવ્યા હતા.

સ્વામીશ્રી કહે : 'આપણે ગિરધરબાપાને આમંત્રણ આપવા વીરપુર જવું જોઈએ.' તે સમયે જલારામબાપાની ગાદીના વારસ ગિરધરલાલ બાપા હતા.

છોટુભાઈ વકીલને અગાઉથી વીરપુર મોકલ્યા. ગિરધરબાપાએ સ્વાગત

માટે સર્વે તૈયારી કરી રાખી.

સ્વામીશ્રી પધાર્યા ત્યારે શરણાઈ, નોબત, ઢોલ, ત્રાંસાં વાગવા લાગ્યાં. ગિરધરબાપાની તબિયત નરમ રહેતી, તેથી તેમના સેક્રેટરીએ ફૂલહાર કર્યા. સ્વામીશ્રી મેડા ઉપર ગિરધરબાપાની તબિયત જોવા પધાર્યા. બન્નેએ પરસ્પર ફૂલહાર કર્યા. સ્વામીશ્રીએ પણ તેમને ઘનશ્યામ મહારાજનો ગુલાબનો મોટો સુંદર હાર પહેરાવી, મગજના લાડુ તથા સાકરના બે થાળ ભેટ મૂક્યા અને શરદ પૂર્ણિમાના સમૈયે ગોંડલ પધારવા આમંત્રણ આપ્યું.

ગિરધરબાપાએ કહ્યું : 'પૂનમના સમૈયે જરૂર આવીશ, પણ તબિયત સારી થઈ જાય તેવા આશીર્વાદની માગણી કરું છું.'

સ્વામીશ્રીએ તેમને આશીર્વાદ આપ્યા અને બે મિનિટ ધૂન કરાવી. પછી ગિરધરબાપાએ પૂજન કરી, ઠાકોરજીની આરતી ઉતારી ભેટ મૂકી, ત્યારે સ્વામીશ્રી કહે : 'તમારી ભેટ ન હોય. તમારી સેવા અમારે કરવી છે.'

ગિરધરબાપા કહે : 'અમારે આપના પ્રતાપે ઘણી ભેટ આવે છે અને ભેટ મૂકવા યોગ્ય આપ ઈશ્વરમૂર્તિ સંત છો. માટે મારી અલ્પ ભેટ જરૂર સ્વીકારો.'

તેમના આગ્રહથી સ્વામીશ્રીએ ભેટ સ્વીકારી અને જલારામબાપાના મંદિરે દર્શને આવ્યા, ત્યારે સ્વામીશ્રીએ એકસો એક રૂપિયા તેમાં ઉમેરો કરાવીને દાજી બાપુના હાથે ભેટ મુકાવી. તરત જ ગિરધરબાપાના પુત્ર બટુકભાઈએ ગિરધરબાપા પાસે જઈને સ્વામીશ્રીની ભેટની વાત કરી.

ગિરધરબાપા તબિયત નરમ હોવાને લીધે નીચે આવતા ન હતા, પણ તેઓ તરત જ નીચે આવ્યા. બીજા એકસો એક ઉમેરીને બધી રકમ સ્વામીશ્રીનાં ચરણકમળમાં મૂકી અને ગદ્ગદભાવે કહે : 'બાપા ! આ અમારી ભેટ આપે સ્વીકારવી જ પડશે.'

છેવટે તેમનો વિનય-વિવેક જોઈ સ્વામીશ્રીએ દાજી બાપુને તે લઈ લેવા કહ્યું. ગિરધરબાપાએ કહ્યું : 'ગુણાતીતાનંદ સ્વામીને જલારામબાપાએ રસોઈ આપી જમાડ્યા હતા. તેમનો આશીર્વાદ મળ્યો કે તમારું સદાવ્રત ખૂબ જ ચાલશે. તે અમારો આપની સાથેનો સંબંધ ગુરુપરંપરાનો છે. આપ પણ એવો ને એવો પ્રેમ રાખો છો.'

આ સાંભળી સૌ સંતો-હરિભક્તો બહુ રાજી થયા. સ્વામીશ્રીએ બહુ હેતપૂર્વક તેમને ભેટીને ત્યાંથી વિદાય લીધી.

સૌને સાથે લઈ ત્યાંના સ્વામિનારાયણ મંદિરે દર્શને ગયા. કૂવામાંથી

પાણી મંગાવીને ઠાકોરજીને જળપાન કરાવ્યું. પોતે જળપાન કર્યું.

પછી જેતપુર શયન આરતીમાં દર્શન કરીને, ચાંપરાજપુર પાસે ભીડભંજનની જગામાં પધાર્યા. અહીંના મહંતનું ભાવભીનું આમંત્રણ હતું અને છોટુભાઈ વકીલે આ કાર્યક્રમ ગોઠવ્યો હતો.

મહંતશ્રી તથા સાધુઓએ સ્વાગત કર્યું. મહંતશ્રી સાથે ત્યાંના શિવ મંદિરમાં દર્શન કરી, સ્વામીશ્રી ભીડભંજનની રમણીય જગ્યામાં બધે ફર્યા. સંધ્યાના આછા પ્રકાશમાં વાતાવરણની રમણીયતા સ્વામીશ્રીની ઉપસ્થિતિથી દિવ્ય બની ગઈ હતી.

મહંતે સાથે રહી મંદિર, બગીચો, ગૌશાળા વગેરે બતાવ્યું. બધે સ્વામીશ્રીનાં પગલાં કરાવ્યાં. પછી સભામાં સ્વામીશ્રીને ગાદી પર બિરાજવા માટે વિનંતી કરી. સ્વામીશ્રી સભામાં બિરાજ્યા અને મહંતને ઉપદેશના બે શબ્દો કહેવા કહ્યું, ત્યારે તેમણે ગુરુમહિમાના શ્લોકો બોલી સ્વામીશ્રીને સંબોધીને કહ્યું :

'આ છોટુભાઈ ઘણી વાર આપના મહિમાની વાતો કરતા, પરંતુ આજે આપનાં પ્રત્યક્ષ દર્શન થયાં. આપ જેવા ભગવત્સ્વરૂપ સંતનો પરિચય આપવો પડતો નથી. ફૂલની સુવાસની વાત કરવી પડતી નથી, પાસે જવાથી સુવાસનો પરિચય થઈ જાય છે; તેમ આપના સાંનિધ્યમાં આવતાં જ મનને શાંતિ મળે અને સંકલ્પ-વિકલ્પ વિરામ પામે, એ જ આપની ઓળખ છે.'

પછી સ્વામીશ્રીએ ઠાકોરજીને ધરાવીને થોડો ઉકાળો અંગીકાર કર્યો.

સર્વે હરિભક્તોએ પણ ઉકાળા-પાણી લીધાં. સ્વામીશ્રીએ જગ્યાના સર્વે સાધુને આશીર્વાદ આપ્યા. સ્થાનની તથા સાધુઓના ભાવની બહુ પ્રશંસા કરી, વિદાય લીધી અને મોડી રાત્રે ગોંડલ પધાર્યા.

ચાલુ વર્ષના નવેમ્બર માસમાં અમદાવાદ ખાતે 'ભારત સાધુ સમાજ'નું અધિવેશન યોજાવાનું હતું. તેનું આમંત્રણ આપવા સ્વાગતાધ્યક્ષ મણિનગરવાળા સ્વામી મુક્તિજીવનદાસજી તથા અન્ય બે અગ્રણી સંતો, 'યોગસાધના આશ્રમ'ના સંસ્થાપક મનુવર્યજી મહારાજ તથા 'સાધુ સમાજ'ના મંત્રી મહામંડલેશ્વર અતુલાનંદજી મહારાજ ગોંડલ આવી પહોંચ્યા.

બપોરે ઠાકોરજી હજુ હમણાં જ જાગ્રત થયા હતા. સ્વામીશ્રી રોજના નિયમ મુજબ ઉત્થાપનનાં દર્શન કરી, નિજમંદિર સામે કોળીમાં માનસી-ધ્યાનમાં મગ્ન થયા હતા. આ ત્રણે સંતોને અહીં પ્રવેશતાં જ સ્વામીશ્રીની 'ભગવન્નિષ્ઠા અને શીઘ્ર અંતર્મુખ થવાની શક્તિ' જોઈ ખૂબ જ અહોભાવ થયો.

સ્વામીશ્રી જાગ્યા બાદ ત્રણે સંતોનું અભિવાદન કર્યું. ભાવપૂર્વક ખબર-અંતર પુછાયાં. અધિવેશનના આમંત્રણની વાત સાંભળી સ્વામીશ્રીએ પોતાની નાદુરસ્ત તબિયતને કારણે, પોતા વતી પ્રમુખસ્વામી પધારશે - એમ કહી સૌને રાજી કર્યા.

આ મુલાકાતે વર્ષો સુધી સ્મૃતિ-મંજૂષામાં રાખનાર મનુવર્યજી મહારાજને તો સ્વામીશ્રીના પ્રેમપાવક ધબ્બાનો પણ અનુભવ હતો. તેઓ કહેતા : 'એ ધબ્બો જેને મળે તેનું શ્રેય અને પ્રેય નિશ્ચિતપણે થાય.' તેમને બીજું પણ આશ્ચર્ય રહ્યા કરતું કે સ્વામીશ્રીની સંનિધિમાં ગમે તેવાં મોટાં સમૈયા, સંમેલનો કે અધિવેશનો થાય પણ ક્યારેય અઘટિત પ્રસંગ બનવા ન પામે, એવી એમની અલૌકિક પ્રતિભાનો પ્રભાવ હતો.

ઉત્સવની તૈયારીઓ પૂરજોશમાં ચાલતી હતી. દાજી બાપુ છેલ્લાં ૪૦ વર્ષથી હરિજયંતી અને પૂર્ણિમાના નિર્જળા ઉપવાસ કરતા હતા. તેની પૂર્ણાહુતિ નિમિત્તે ઊજવણી કરવા તેઓ ઘણા વખતથી સ્વામીશ્રીને કહેતા હતા : ગોંડલમાં શરદ પૂનમના સમૈયા ઉપર હરિયાગ કરવો અને ધામધૂમથી વ્રતની ઊજવણી કરવી.

દિવસે દિવસે ગોંડલમાં સ્વામીશ્રીના સાંનિધ્યમાં શરદ પૂનમના સમૈયાનું આકર્ષણ વધતું જતું હતું. એમાં પણ હરિયાગની જાહેરાત થાય તો માણસોની ભીડ અનેક ગણી વધી જાય. તેને પહોંચી વળવા આર્થિક અને વ્યાવહારિક રીતે ઘણી વ્યવસ્થાઓ ઊભી કરવી પડે. આ નિમિત્તે હજારો હરિભક્તોને શરદોત્સવનો અલૌકિક લાભ મળે એવા ઉદાત્ત હેતુથી, આ વર્ષે સ્વામીશ્રીએ દાજી બાપુની ઇચ્છા પૂર્ણ કરવા ઉત્સવની તૈયારીઓ કરાવી. આવા ઉત્સવોથી અક્ષર દેરીનો મહિમા વધે અને હરિભક્તોમાં પણ શ્રદ્ધા-ભક્તિ વધે, એ લાગણીથી પણ કદાચ સ્વામીશ્રીએ આ ઉત્સવને સંમતિ આપી હશે.

છેલ્લો વરસાદ પડ્યો ન હતો, તેથી સૌરાષ્ટ્રમાં થોડી દુષ્કાળ જેવી પરિસ્થિતિ હતી. વળી યુવકોને પરીક્ષાઓ હોય તેથી તેઓ અગાઉથી તૈયારીમાં આવી ન શકે. આવા અનેક પ્રશ્નો હતા. છતાં સ્વામીશ્રીએ ઉત્સવની તૈયારીઓ શરૂ કરાવી. 'સમૈયો શોભાડવો છે,' એવા પત્રો ગામોગામ મંડળોને લખ્યા, જે હાકલથી હરિભક્તો તથા યુવકોની સ્વયંસેવક ફોજ ગોંડલમાં ઊતરી પડી.

ઘનશ્યામ સ્વામી, સંતસ્વામી, રણછોડભાઈ વાડીવાળા, નારણભાઈ મહેળાવવાળા, કાનજીભાઈ સોની તથા નાવડા, તુરખા વગેરે ગામોમાં મંડળોએ

યજ્ઞ માટે અનાજ તથા રોકડ સેવા ઉઘરાવવાનું કેટલાક માસ અગાઉથી ચાલુ કરી દીધું હતું. સ્વામીશ્રી પણ વિચરણમાં ગુજરાત અને કાઠિયાવાડમાં ઠેર ઠેર હરિભક્તોને આ અંગે પ્રેરણા આપતા. તેથી સૌનો ઉત્સાહ અનેક ગણો વધી ગયો હતો.

❀ ❀ ❀

સેવા-ભક્તિનો ઉત્સાહ પ્રેરતા ઉત્સવો



સંવત ૨૦૧૩, આસો સુદ ૧૩, ૧૪, ૧૫, ગોંડલ - અક્ષર દેરીમાં હરિયાગ અને અક્ષર જન્મોત્સવની જાહેરાત થઈ ગઈ.

આકર્ષક પ્રવેશદ્વારો, કલાત્મક કમાનો, ધજા-પતાકા, સૂત્રોનાં બેનરો અને ઈલેક્ટ્રિક રોશનીથી મંદિર અને સમગ્ર પ્રાંગણ સુશોભિત થઈ ચૂક્યાં હતાં.

છોટુભાઈ વકીલ તથા સ્થાનિક હરિભક્તોએ શહેરમાં કેટલાક ઉતારાની વ્યવસ્થા કરી. તેમજ મંદિરની વાડી અને ખેતરોમાં તંબુ, રાવટી તથા અન્ય કામચલાઉ ઉતારાઓની તૈયારી કરી, વિશાળ 'યોગીનગર'ની રચના કરી હતી. ગામોગામથી હરિભક્તોનાં મંડળો આવી રહ્યાં હતાં. સ્ટેશનથી હરિભક્તોને મંદિરે પહોંચાડવા મોટર તથા ખટારાની ગોઠવણ કરી હતી. નાથાલાલ બ્રહ્મભટ્ટ તથા વડોદરા મંડળ સ્ટેશન ઉપર સતત હાજર રહી હરિભક્તોને મદદ કરતા હતા.

તા. ૫-૧૦-'૫૭, મુંબઈ હાઈકોર્ટના જસ્ટીસ કે.ટી. દેસાઈ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. અક્ષર દેરી તથા મંદિરનાં દર્શન કરી તેમણે પ્રસન્નતા વ્યક્ત કરી. સ્વામીશ્રીનાં દર્શનથી ખૂબ શાંતિ અને આનંદ અનુભવ્યાં. હરમાનભાઈએ આફ્રિકાના સત્સંગનો પરિચય આપ્યો.

રવિવાર, તા. ૬-૧૦-'૫૭, હરિયાગનો પ્રારંભ થયો. દાજી બાપુ સાથે તેમના ત્રણ સુપુત્રો ભગવત્‌સિંહજી, ધીરુભા તથા પૃથ્વીસિંહજી યજ્ઞમાં બેઠા હતા. સંપ્રદાયના ઋત્વિજ ઉમરેઠના નિષ્ઠાવાન સત્સંગી કરુણાશંકર કેશવલાલ, અમદાવાદના ચીમનલાલ શાસ્ત્રી તથા અન્ય ૨૫ થી ૩૦ વિદ્વાન બ્રાહ્મણો હતા. યજ્ઞની મધ્યે સિંહાસનમાં અક્ષરપુરુષોત્તમ મહારાજની મૂર્તિ તથા આજુબાજુ ગુરુપરંપરાની મૂર્તિઓ સુંદર રીતે ગોઠવી હતી. તેની જમણી બાજુ આફ્રિકાથી આવેલા ચાર કરોડ 'સ્વામિનારાયણ' મંત્રો તથા ડાબી બાજુ દેશમાંથી આવેલા

ત્રણ કરોડ મંત્રો ગોઠવ્યા હતા. બીજે દિવસે મંત્ર લખનારના પ્રતિનિધિ તરીકે હરમાનભાઈ, આશાભાઈ, નારણભાઈ તથા વાઘજીભાઈ બારોટ પાસે બ્રાહ્મણોએ પૂજાવિધિ કરાવ્યો.

ઠાકરશીભાઈની દોરવણી નીચે સુંદર સભામંડપ તૈયાર થયો હતો. વ્યાસપીઠ શણગારવામાં આવી હતી, જ્યાં પ્રમુખસ્વામીએ વચનામૃતનું પારાયણ શરૂ કર્યું હતું. સુશોભિત ઊંચા આસન ઉપર સ્વામીશ્રી તથા મોટાસ્વામીની બેઠક ગોઠવી હતી. બાજુમાં આચાર્ય રાધારમણપ્રસાદ તથા સંતો-પાર્ષદોનાં આસનો રાખ્યાં હતાં.

અમદાવાદના બેચરભાઈ માસ્તરની દોરવણી પ્રમાણે, આ વખતે રસોડાની ઉત્તમ વ્યવસ્થા ગોઠવી હતી. વર્ણાશ્રમ ધર્મ સચવાય તે પ્રમાણે રસોડાં અને જમવાનાં મંડળો જુદાં ગોઠવ્યાં હતાં. પીરસનાર સ્વયંસેવકો પણ તે જ રીતે મૂક્યા હતા. બહેનોને પીરસવાની વ્યવસ્થા બહેનોએ જ સંભાળી લીધી હતી. સભામંડપ અને યજ્ઞમંડપમાં બહેનોની વ્યવસ્થામાં બહેનોને જ સ્વયંસેવિકાઓ નીમી હતી. ભોજનમંડપમાં પાણીની પણ પૂરતી સગવડ ગોઠવી હતી.

જમવાની પંગત પડતી ત્યારે સ્વામીશ્રી, મોટાસ્વામી તથા પ્રમુખસ્વામી ખાસ મંડપમાં પધારતા. રસોડામાં તથા પંગતમાં ફરીને દૃષ્ટિ કરી સ્વામીશ્રી જમવાના મંડપમાં પાટ ઉપર બેસતા, જેથી હજારો હરિભક્તોને જમતાં જમતાં પણ સ્વામીશ્રીનાં દર્શનનો લાભ મળતો. સ્વામીશ્રીની આજ્ઞાથી મોટેરા હરિભક્તો ઠાકરશીભાઈ, હરમાનભાઈ, રણછોડભાઈ, ઈશ્વરભાઈ દાજી વગેરે પંગતમાં ફરતા અને સૌને બરાબર પીરસાય છે કે નહિ તે ધ્યાન રાખતા. પછી બ્રાહ્મણોના રસોડે દર્શન આપી સ્વામીશ્રી ઉતારે જતા.

સાંજે ફરી પારાયણનો આરંભ થતો. કેટલાક હરિભક્તો કથાનો લાભ લેતા, તો કેટલાક મંદિર તથા દેરીમાં દર્શન-પ્રદક્ષિણા કરતા. કેટલાક યજ્ઞ-શાળામાં દર્શન કરતા હોય, તો કેટલાક ગોંડળી નદીના તટ પર ઉપર નાહવા-ધોવાની ક્રિયા આટોપતા હોય. કેટલાક નાની-મોટી સેવા કરતા હોય. આમ, સૌ દર્શન, સેવા, સમાગમમાં મશગૂલ રહેતા.

રાય સાહેબ, છગનભાઈ તથા ચુનીભાઈ સોની ઑફિસમાં સૌની મહાપૂજા તથા સેવાઓ નોંધતા હોય, મગનભાઈ સેક્રેટરી તથા રસિકભાઈ સૌને દોરવણી આપતા હોય, જ્યારે પ્રમુખસ્વામી સમગ્ર આયોજનની વ્યવસ્થા સાચવતા હોય. એમના માર્ગદર્શન નીચે આ વખતે ઉતારાની સેવામાં હર્ષદભાઈ તથા રાજુલા

મંડળ હતું. પાગરણમાં જી.કે. સ્વામી તથા દેવશીભાઈ ઝમરાળાવાળા, સ્વચ્છતામાં શાંતિભાઈ શાહ અને અમદાવાદ યુવક મંડળ, દવાખાનું ડૉ. મધુભાઈ દેસાઈ તથા શંકરભાઈ પટેલ સંભાળતા હતા. ચા-નાસ્તાની વ્યવસ્થામાં મુંબઈ તથા રાજકોટ મંડળ હતું. સુશોભનની સેવામાં દર વર્ષની જેમ અમે કેટલાક યુવકો હતા. થાળ-ભેટ મણિભાઈ બ્રહ્મભટ્ટ તથા રમેશ દલાલ સ્વીકારતા હતા. સેજાકૂવા મંડળ પ્રસંગોપાત્ત બૅન્ડ વગાડવાની સેવા આપી રહ્યું હતું. પુસ્તક વેચાણમાં રામજીભાઈ મેપા હતા. સ્વયંસેવકોની વ્યવસ્થામાં કાંતિભાઈ શાહ હતા. આમ, પ્રમુખસ્વામીની દોરવણી પ્રમાણે સેંકડો સ્વયંસેવકો સેવા કરતા હતા. સૌના પ્રેરણામૂર્તિ સ્વામીશ્રી હતા. લગભગ ૭૦૦ જેટલા યુવકો-હરિભક્તો અને ૩૦૦ જેટલી બહેનો સ્વયંસેવક અને સ્વયંસેવિકાઓ તરીકે સેવા બજાવી રહ્યાં હતાં.

સ્વામીશ્રી સભામાં બેઠેલા હોય છતાં ચારે બાજુ કામ બરાબર થાય છે કે નહિ તેની દેખરેખ રાખતા. વારંવાર મુખ્ય કાર્યકર્તાને બોલાવી કામ વિષે પૂછતા અને સૌને જરૂરી સૂચના પણ આપતા. કથાવાર્તા-ચેષ્ટા પછી રાત્રે ૧૨-૦૦ કે ૧-૦૦ વાગે સ્વામીશ્રી આરામમાં પધારતા. પાછા સવારે ૩-૩૦ વાગે ઊઠી જતા. સ્નાન કરી ૪-૦૦ વાગે દેરીમાં પધારતા. દેરીની પૂજા કરી સ્વામીશ્રી પોતાની પૂજા કરતા. મંગળા આરતી પછી દેરીમાં સભા થતી, ત્યારે ખપવાળા સેંકડો હરિભક્તો સભામાં આવી ગયા હોય. શણગાર આરતી પછી સ્વામીશ્રી દેરીમાં મહાપૂજા કરવા ખાસ પધારતા. ઉત્સવના દિવસોમાં હરિભક્તો સ્વામીશ્રીના વરદ હસ્તે મહાપૂજા કરાવવાનો લાભ ચૂકતા નહિ. આમ, હજારો મહાપૂજાઓ નોંધાઈ જતી.

પૂર્ણિમાના દિવસે સવારે ૯-૦૦ વાગે કથાની સમાપ્તિ થઈ. દાજી બાપુ તેમના સુપુત્રો તથા ભાણેજ બિલાડા દીવાન સાહેબ માધવસિંહજીએ પૂજા કરી આરતી ઉતારી. હરિભક્તોએ સ્વામીશ્રી તથા પ્રમુખસ્વામીની પૂજા કરી. સ્વામીશ્રીએ મુંબઈ યુવક મંડળ રચિત હસ્તલિખિત અંક 'જ્ઞાનયજ્ઞ'નું ઉદ્‌ઘાટન કર્યું. દાજી બાપુને સાફો તથા શાલ અર્પણ કરાયાં. સ્વામીશ્રીએ યજ્ઞમંડપમાં પધારી, યજ્ઞની પૂર્ણાહુતિ કરી આરતી ઉતારી.

સાંજે શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું. પ્રથમ સેજાકૂવા યુવક મંડળનું બૅન્ડ, ધ્વજ લહેરાવતા યુવકો, સંતો તથા હરિભક્તો અને શણગારેલી વિક્ટોરિયામાં સ્વામીશ્રી, મોટાસ્વામી, પ્રમુખસ્વામી બિરાજ્યા હતા. સાથે નંદાજી

હતા. પાછળ દાજી બાપુ ઊભા હતા. બાલુભાઈ બ્રહ્મભટ્ટ, હકાભાઈ, ભગવત્-સિંહજી વગેરે શોભાયાત્રાની વ્યવસ્થામાં હતા. સીદીભાઈને ત્યાં પધરામણી કરી, મોટી બજાર તથા નાની બજાર થઈ, મંદિરે દર્શન કરી, છોટુભાઈ વકીલને ત્યાં પધરામણી કરી, ૭-૩૦ વાગે શોભાયાત્રા મંદિરે પહોંચી હતી.

રાત્રે ૯-૦૦ વાગે અક્ષર જન્મોત્સવની મુખ્ય સભા શરૂ થઈ. સભા ચિકાર ભરાઈ ગઈ. અંબાલાલ બ્રહ્મભટ્ટે ધૂન-પ્રાર્થનાથી સભાની શરૂઆત કરી. મુંબઈ બાળ મંડળના સભ્ય પિનાકિન બ્રહ્મભટ્ટે મહારાજનું વનવિચરણ સુંદર રીતે રજૂ કર્યું.

શોભાયાત્રા પછી રાત્રે સંચાલકોએ હરિભક્તો માટે ભોજનની વ્યવસ્થા રાખી ન હતી. સ્વામીશ્રીએ રસોડાની વ્યવસ્થામાં રહેલા બેચરભાઈને બોલાવી આજ્ઞા કરી કે 'આ અક્ષરધામમાં સૌને સાંજે જમાડ્યા વગર ચાલે જ નહિ; માટે હમણાં જ તૈયારી કરો.'

સભા ચાલુ હતી ને સમાચાર આવ્યા કે રસોઈ તૈયાર થઈ ગઈ છે. તેથી ચાલુ સભાએ સ્વામીશ્રીએ માઈક ઉપર 'વાસુદેવ હરે'નો સાદ કરાવ્યો. ચાલુ સભાએ સ્વામીશ્રીના આદેશથી સભામાં નિર્દોષ આનંદ છવાઈ ગયો. જે નહોતા જમ્યા તે ઊઠ્યા. સભા ચાલુ રહી. આમ, કથાવાર્તા-સભા પ્રસંગના આગ્રહી સ્વામીશ્રી એક ટંક પણ હરિભક્તોને જમાડવાનું ચૂકતા નહિ. ભક્તોની સેવા એમનું જીવન હતું.

પ્રથમ આરતી સ્વામીશ્રીએ ૯-૩૦ વાગે ઉતારી. હરમાનભાઈના ખમીરવંતા પ્રવચન પછી ગોંડલ રાજ્યના કેળવણી અધિકારી ચંદુભાઈ પટેલે એમના પ્રવચનમાં જણાવ્યું હતું કે 'ગુણાતીતાનંદ સ્વામી જેવા મહાન પુરુષની જયંતી ઉજવાય છે. તેમની ગાદી આજે ખાલી નથી. આજે યોગીજી મહારાજ એમના સ્થાને છે. શાસ્ત્રીજી મહારાજે અપાર ઐશ્વર્ય બતાવી એક જ વર્ષમાં મંદિર તૈયાર કર્યું. યોગીજી મહારાજ અહીં લાખો રૂપિયા ખર્ચશે. કાઠિયાવાડમાં 'યોગી ભગવાન જેવા સંત છે' - એમ માનિનતા પ્રચલિત થઈ છે. આ સ્થાન પણ એમને લીધે જ ખૂબ પ્રખ્યાત બન્યું છે.'

૯-૫૦ વાગે મોટાસ્વામીએ બીજી આરતી ઉતારી હતી. નંદાજી થોડી વાર સભામાં બેઠા, આરતી પછી નાદુરસ્ત તબિયતને કારણે આરામ કરવા ગયા. રસશાળાના વૈદ્યરાજ ચરણતીર્થ મહારાજ પણ સભામાં આવી સ્વામીશ્રીને ભેટ્યા હતા. પોતાનું સ્થાન લીધું હતું. ગોંડલ મહારાજા વિક્રમસિંહજી પણ

સહકુટુંબ આવ્યા હતા. ખેંગારજીભાઈ તથા અજાગિયા સાહેબનાં પ્રવચન પછી ૧૦-૩૦ વાગે ત્રીજી આરતી પ્રમુખસ્વામી તથા મહારાજાએ ઉતારી.

પછી પૂજન વિધિ શરૂ થયો. અમદાવાદ યુવક મંડળે તથા શંકર કવિએ કીર્તનો ગાયાં. ૧૧-૩૦ વાગે ચોથી આરતી ઘનશ્યામ સ્વામીએ ઉતારી. દુર્લભજી શુક્લ, દાજી બાપુ, મોટાસ્વામી પછી સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા હતા :

'ભગવાન મળ્યા, સાધુ મળ્યા, હવે હૈયામાં દુઃખ આવવા દેવું નહિ. સંત છે ત્યાં નિયમ છે, ધર્મ છે, ભગવાન છે. મનુષ્યભાવ ન આવે તો આવો સંબંધ જળવાઈ રહે છે. આજે નિર્વિઘ્ને ઉત્સવ પૂરો થયો છે. શાસ્ત્રીજી મહારાજ, ભગતજી મહારાજ, ગુણાતીત સ્વામી અને શ્રીજીમહારાજની દૃષ્ટિથી થયું છે. સૌએ બળ રાખવું; મોળી વાત કરવી નહિ. અહીં સ્વામીનો પ્રતાપ છે; આ સ્થાન સંભારજો. અક્ષરધામ મળશે, ગુણ ગાજો.'

સંસ્થાના સેક્રેટરી મગનભાઈએ આભાર વ્યક્ત કર્યો હતો. ૧૨-૦૦ વાગે સ્વામીશ્રીએ પાંચમી આરતી ઉતારી હતી. પછી શંકર કવિએ કીર્તનો ગાયાં ને બીજી બાજુ દૂધ-પૌંઆનો પ્રસાદ સૌને છૂટથી વહેંચાયો. સમૈયાની વિશિષ્ટ સેવા બદલ સ્વયંસેવકોને ચંદ્રકો તથા પુસ્તકો ભેટ અપાયાં. રાજુલા મંડળે આગળ પડતી સેવાઓ કરી હતી.

સમૈયાની અનેક વિશેષતાઓમાં સ્વામીશ્રીનો પ્રૌઢ પ્રતાપ નજરે પડતો હતો. સમૈયામાં અસંખ્ય હરિભક્તો આવ્યા હતા, પણ તેઓ જાણે શિસ્તના પાઠ શીખીને આવ્યા હોય તેમ જ્યાં-ત્યાં, જેવું-તેવું, જેમ-તેમ ચલાવી લેતા જણાયા. ક્યાંય ધક્કામુક્કી નહિ, પડાપડી નહિ; સૌ શાંતિથી વર્તતા હતા. ઉતારામાં એક એક ઓરડીમાં ૫૦ થી ૬૦ માણસોનો સામાન પડ્યો રહેતો. બહેનો ઉતારામાં સૂતાં, જ્યારે પુરુષો સભામંડપમાં, મંદિર ઉપર, તંબુઓમાં કે બહાર ખુલ્લામાં ગમે ત્યાં જગ્યા શોધી સૂઈ રહેતા. તંબુઓ, રાવટીઓ તથા મંડળની ઓરડીઓ ૨૪ કલાક ખુલ્લી રહેતી, છતાં કોઈનું કાંઈ ખોવાયું નહિ. ક્યાંય કોઈ ખૂણે મન-દુઃખ કે ક્લેશના પ્રસંગો બન્યા નહિ. ત્યારે જણાયું કે સ્વામીશ્રીનો પ્રૌઢ પ્રતાપ સર્વત્ર છાઈ રહ્યો હતો.

સ્વામીશ્રી જ સૌનું આકર્ષણ હતા. તેઓ જ્યાં પધારે ત્યાં યુવકો અને હરિભક્તોનું મંડળ સાથે હોય જ. એમની આજ્ઞા ઉઠાવવા સૌ કોઈ તૈયાર રહેતા. લગભગ ૧૮ થી ૨૦ હજાર જેટલા ભક્તો આ સમૈયામાં આવ્યા હતા. તેમાં સ્વામીશ્રીએ દરેક હરિભક્તને અંગત અને અનેરું સુખ આપ્યું હતું. હજારો

મનુષ્યના સમૂહમાં સ્વામીશ્રી દરેક વ્યક્તિને ક્યારે મળ્યા ? ક્યારે એમના ખબર-અંતર પૂછ્યાં ? ક્યારે એમની સાથે અંગત વાત કરી ? તે બધા સમયનો સરવાળો મૂકીએ તો સ્વામીશ્રીના સમય સાથે બુદ્ધિનું ગણિત તાળો મેળવી શકે નહિ. એટલું જ કબૂલ કરવું પડે કે સ્વામીશ્રીએ અનેક રૂપો ધારણ કરી સૌને અંગત સુખ આપ્યું ! અથવા તો કાળને થંભાવી દીધો ! મોટાપુરુષની લીલા અકળ છે. અરે ! છેલ્લે દિવસે બપોરે રસોઈયાઓને પણ મળ્યા અને ખૂબ આશીર્વાદ આપ્યા. દરેકને ધબ્બા મારી ખુશ કરી દીધા. યજ્ઞમંડપના બ્રાહ્મણોને પણ તે જ રીતે મળીને રાજી કર્યા અને સમૈયા દરમ્યાન હરતાં-ફરતાં સભામંડપમાં કે યજ્ઞમંડપમાં, રસોડામાં કે મંદિરમાં અનેક સ્વયંસેવકોને પણ અનેક રીતે મળી લીધું હતું.

સમૈયો અલૌકિક રીતે ઊજવાઈ ગયો. છેલ્લા ત્રણ દિવસો તો આંખના પલકારાની માફક પસાર થઈ ગયા. હજારો માણસો ક્યારે આવ્યા, ક્યાં ઊતર્યા, ક્યારે જમ્યા, પાગરણની વ્યવસ્થા કેવી રીતે થઈ, તેની સ્વામીશ્રીની દૃષ્ટિથી જાણે બધી વ્યવસ્થા થઈ ગઈ હોય એમ કોઈને ખબર પડી નહિ. સાક્ષાત્ અક્ષરધામમાં જ સૌ આવ્યા હોય, આપમેળે જ બધી વ્યવસ્થા થઈ જતી હોય, એમ સૌ સ્વામીશ્રીના વ્યક્તિત્વમાં ખેંચાઈ ગયા હતા. અહીં જગત ભુલાતું હતું. બ્રહ્મના સાક્ષાત્ સંબંધને લીધે સર્વ બ્રહ્મરૂપે વર્તતા - મુક્ત-સ્થિતિમાં માલૂમ પડતા હતા.

ભીડો વેઠવો એ જ નિર્દોષબુદ્ધિ

સમૈયા પછી સંતો-હરિભક્તોનો સંઘ લઈ સ્વામીશ્રી બંધિયા પધાર્યા હતા. શરદ પૂનમ પછી બીજ-ત્રીજે અહીં હરિભક્તો સાથે દર્શને આવવાનો કાર્યક્રમ હવે નિયત થઈ ગયો હતો. આગલે દિવસે બેચરભાઈને કહેલું કે 'ત્યાં ૫૦ જણના રસોડાની વ્યવસ્થા કરજો.' પણ માણસો વધવા લાગ્યા. ગોંડલથી મણ દૂધ મગાવ્યું. તે લાવનાર ચાર મણ લઈ આવ્યા અને માણસો પણ તેટલા જ, લગભગ ૨૫૦ જેટલા થઈ ગયા. સ્વામીશ્રીએ ગામજનો આમંત્ર્યા તે જુદા. મુંબઈના ભૂતા શેઠની રસોઈ હતી.

આજે સ્વામીશ્રીએ મૂળાનાં કૂણાં કૂણાં આખાં પાન ધોવડાવી, સાફ કરી, નાસ્તાના થાળમાં ખાસ મુકાવ્યાં. શ્રીજીમહારાજે કહ્યું છે કે 'પોતાને જે વસ્તુ ગમે તે ઠાકોરજીને ધરવી.' સ્વામીશ્રીને તો ઠાકોરજીની ભક્તિ એ જ જીવન હોઈ, આવા પ્રસંગોમાં તેમની ભક્તિ તો નિત્ય નવીન જ રહેતી.

ગોંડલથી અહીં આવતાં ઘોઘાવદરમાં નદી કાંઠે દેરીમાં તથા બંધિયામાં

પ્રસાદી સ્થળોએ સ્વામીશ્રી સંઘ લઈ દર્શને પધાર્યા. હરમાનભાઈએ બંધિયાનો મહિમા કહ્યો. રામોદના મોહન ભગતે સ્વરચિત ભજનો કાઠિયાવાડી ઢાળમાં ગાઈ સૌને વિશેષ આનંદ કરાવ્યો.

બપોરે બે વાગે લગભગ ૨૫૦ જેટલા ભક્તોને સ્વામીશ્રીએ દૂધપાકથી તરબોળ કરી દીધા. બપોરની કથામાં હર્ષદભાઈ પાસે આફ્રિકા, જર્મની તથા અન્ય દેશો-વિલાયતથી આવેલા પત્રો સભામાં વંચાવ્યા.

સ્વામીશ્રીની આ એક વિશિષ્ટ રીત હતી. દેશ-વિદેશથી હરિભક્તોના મહિમાના, ઉત્સાહના પત્રો આવે, તે સ્વામીશ્રી જાહેરમાં સભામાં વંચાવતા; જેથી અનેક હરિભક્તોને દેશ-વિદેશના ભક્તોની ભક્તિનો - મહિમાનો સહેજે ખ્યાલ આવે, ઘણાને પ્રેરણા મળે. કોઈ વાત ખાનગી નહિ; બધું જ જાહેર, એવું સ્વામીશ્રીનું સાર્વજનિક જીવન હતું. સવારે ૯ થી ૪ સુધી બ્રહ્મયજ્ઞ ચાલ્યો.

કથાવાર્તાના પ્રસંગમાં સ્વામીશ્રીએ કહ્યું :

'કૃપા બે પ્રકારની થાય છે : એક તો કૃપા છે જ, ત્યારે તો આવો જોગ મળે છે. અને કૃપા રહેશે તો અંતરમાં સુખ-શાંતિ રહેશે. પણ બ્રહ્મસ્થિતિ થઈ જાય અને મોજ આપી દે, એવી કૃપા માટે તો પુરુષપ્રયત્ન કરવો જ પડે (સા. ૧૧). તેના માટે જ આવા પ્રસંગો - સમૈયાઓ ગોઠવાય છે. તેમાં આવીને તનતોડ સેવા કરી લેવી ને શોભાડવું, તો સમૈયો કર્યો કહેવાય. ભીડો વેઠવો એ જ નિર્દોષબુદ્ધિ.'

'અમારો સ્વભાવ પણ એ જ છે અને અમારી પ્રકૃતિ પણ એ જ છે કે રાજાના કુંવર જેવો હોય, પણ અમારો સંગ કરે તેને ભીડો આપવો. આ ભીડો આપીએ છીએ તો મળે છે. નહિ તો આ ભીડો ક્યાંથી ? આમાંથી સ્થિતિ થઈ જાય, જો પ્રેમથી અને મહિમા સમજીને ભીડો વેઠે તો.'

પછી ગોંડલ પધાર્યા. ઉત્સવ પૂરો થઈ ગયો હતો. મોટા ભાગના લોકો વિખરાઈ ગયા હતા. કેટલાક સંતો મંદિરોમાં જઈ રહ્યા હતા. સ્વામીશ્રી એમને વળાવવા ઠેઠ ફુવારા સુધી આવ્યા. ઘણી વાર સ્વામીશ્રી મંદિરમાંથી પાછા ફરતા સંતો અથવા યુવકો કે હરિભક્તોને વળાવવા દરવાજા સુધી આવતા. ઘોડાગાડી દરવાજો વટાવીને આગળ નીકળે પછી પોતે સભામંડપ તરફ વળે. આમ, એમની પ્રેમવર્ષા છેવટ સુધી વરસતી રહેતી.

આજે સંતોને વળાવીને સ્વામીશ્રી જઈ રહ્યા હતા, ત્યાં અમદાવાદથી ગોરધનભાઈ તથા બાલુભાઈ બ્રહ્મભટ્ટે મંદિરમાં પ્રવેશ કર્યો. તેમને જોઈને સ્વામીશ્રી કહે : 'અહો ! બંને આવી પહોંચ્યા. બહુ સારું થયું. અમે તમારી રાહ

જોતા હતા. રાજકોટ, જામનગર જાવું છે.'

બંને ભાઈઓને આશ્ચર્ય થયું. કારણ, બંનેનાં મનમાં હતું કે સ્વામીશ્રી હાલાર તરફ વિચરણમાં નીકળી ગયા હશે; મંદિરમાં નહિ મળે. વળી, ગોરધનભાઈ તો ખાસ સ્વામીશ્રી સાથે હાલારની પંચતીર્થી કરવા જ આવ્યા હતા. એવામાં મંદિરમાં પ્રવેશતાં જ સ્વામીશ્રીનો પ્રેમભર્યો આવકાર અને 'તમારી રાહ જોતા હતા' એ શબ્દો, કોને આશ્ચર્યમાં ન મૂકી દે ?

'હાલો, દેરીએ દર્શન કરીએ.' એમ કહેતાં બંને ભાઈઓના હાથનો ટેકો લઈ સ્વામીશ્રી તેમને અક્ષર દેરી તરફ લઈ ગયા અને ગોરધનભાઈને સામેથી કહ્યું કે 'તમારો ભાદરા-ડાંગરાની પંચતીર્થી કરવાનો ચાર-પાંચ વર્ષનો જૂનો સંકલ્પ છે, તે આ વખતે પૂરો કરવો છે.'

એટલામાં અમદાવાદથી ચંપકભાઈ શેઠ આવી પહોંચ્યા. બધે દર્શન કરાવી સ્વામીશ્રી ચંપકભાઈ શેઠને ઘાટ બતાવવા લઈ ગયા. ગોંડલી નદી ઉપર, મંદિર પાછળ બંધાતા આ ઘાટની બધી વિગત સ્વામીશ્રીએ તેમને સમજાવી. ગંગા ઉપરના કેટલાક વિશાળ સુંદર ઘાટોને યાદ કરી કહે કે 'એવો ઘાટ કરવો છે.' ઘાટ ઉપર જ મોટી પારાયણ કરવાનો સંકલ્પ જણાવ્યો. કડિયાઓને કામની દોરવણી આપી. પથ્થરો બતાવ્યા. એના ગુણદોષ સમજાવ્યા. 'શાસ્ત્રીજી મહારાજને આવા પથ્થરોનાં કામ કરાવવાં બહુ ફાવે,' એમ ગુરુને સંભાર્યા. જો કે અત્યારે તો સ્વામીશ્રીમાં જ શાસ્ત્રીજી મહારાજની કાર્યકુશળતાનાં દર્શન હરિભક્તોને થઈ રહ્યાં હતાં.

હાલારની યાદગાર પંચતીર્થી

લગભગ ૧-૩૦ વાગે સ્વામીશ્રી રાજકોટ પધાર્યા. અહીં આફ્રિકા જતા રામજીભાઈ મેપાભાઈ મિસ્ત્રીને સ્વામીશ્રીએ વિદાય આપી. સાથેના હરિભક્તો ગોરધનભાઈ તથા યુવકોને સ્વામીશ્રીએ ટ્રેનમાં જામનગર મોકલ્યા. સાંજે ૬-૩૦ વાગે સ્વામીશ્રી સંતો તથા અજાગિયા, દાજી બાપુ વગેરે ભક્તો સાથે રામજીભાઈ મિસ્ત્રીને ત્યાં જામનગર આવી પહોંચ્યા. સ્વામીશ્રી અન્નકૂટનો પ્રસાદ સાથે લાવેલા. તેથી રામજીભાઈ પાસે જામનગરના હરિભક્તોની યાદી તૈયાર કરાવી. સાથેના યુવકોને પ્રસાદનાં પડીકાંઓ વાળવાની આજ્ઞા કરી. રાત્રે કથાવાર્તાનો લાભ આપ્યો.

સવારે સ્વામીશ્રી સંઘ સાથે મંદિરે દર્શને પધાર્યા. અહીં કોઠારી કૃષ્ણ-

વલ્લભાચાર્ય મળ્યા. તેઓ બહુ રાજી થયા. દર્શન કરી સ્વામીશ્રી પધરામણીએ પધાર્યા. થોડા યુવકોને સીધું-સામાન લઈ અગાઉથી તૈયારી કરવા ભાદરા મોકલ્યા.

બીજે દિવસે સવારે ૯-૦૦ વાગે બે મોટરો લઈ સ્વામીશ્રીએ હાલારની પંચતીર્થીનો આરંભ કર્યો. ખેતરના રસ્તાઓ વટાવતાં ૧૦-૦૦ વાગે શેખપાટ આવી પહોંચ્યા. નિષ્કુળાનંદ સ્વામીના ઘર પાસેના પ્રસાદીના મંદિરમાં દર્શન કરી, બધાને બેસાડીને સ્વામીશ્રીએ આ સ્થાનનો મહિમા કહ્યો, લેખ વંચાવ્યો, આરતી કરી, પ્રસાદ ધરાવી ગામમાં સૌને વહેંચ્યો. અહીં નિષ્કુળાનંદ સ્વામીએ ઘડેલું એક લાકડાનું પૈડું છે, તેનાં દર્શન સ્વામીશ્રીએ સૌને કરાવ્યાં અને તેની આરતી ઉતારી. અહીં રહેતા ટપુભાને પાંચ રૂપિયા ભેટ અપાવ્યા અને 'નત દીવો કરવા' આજ્ઞા કરી. નિષ્કુળાનંદ સ્વામીની ઘડેલી વસ્તુનો આટલો મહિમા જોઈ, સાથેના હરિભક્તો તો સ્વામીશ્રીની મહિમા-દૃષ્ટિ ઉપર ગદ્ગદ થઈ ગયા.

ગાદીના ખરા વારસ તો પ્રમુખસ્વામી છે

બાણુંગાર ૧૧-૦૦ વાગે પહોંચ્યા. અહીં મંદિર માટે અર્પણ થયેલી જમીન ઉપર ખાતમુહૂર્ત કરવાનું હતું, તે ખેતરમાં આવ્યા. ખાત કરવાની જગા સ્વામીશ્રીએ નક્કી કરી આપી. ખાડો ખોદવાનું શરૂ કરાવ્યું. મંદિરની હદ નક્કી કરવા રામજીભાઈને આજ્ઞા કરી. ગામમાંથી હરિભક્તો આવ્યા. ખરા તાપમાં ૧૧-૩૦ વાગે સ્વામીશ્રીએ જામનગરના રામજીભાઈ, મેઘરાજભાઈ તથા બાણુંગારના ખીમજીબાપા અને માધવજીભાઈ પાસે ખાત વિધિ કરાવ્યો. અડધું સંસ્કૃત તથા અડધું ગુજરાતીમાં પણ જુસ્સાથી બોલી પોતે હરિભક્તોને સંકલ્પ કરાવ્યો. શ્લોકો બોલ્યા અને પૂજા કરાવી વિધિ સમાપ્ત કર્યો. બોલવાની છટા અને ઘેરો મીઠો અવાજ, એટલે મંત્રોચ્ચાર કરતાં વેદિયા બ્રાહ્મણો કરતાં પણ વાતાવરણ વધુ અલૌકિક લાગતું હતું. વિધિ બાદ મંદિરની સમજ આપી કામ જલદી પૂરું કરવા ભલામણ કરી અને 'એક વર્ષ બાદ જ્યારે અમે અહીં પાછા આવીએ ત્યારે મૂર્તિપ્રતિષ્ઠા થાય,' એમ તૈયારી કરવા જણાવ્યું.

ત્યારબાદ સૌ સ્વામીશ્રીને વાજતે-ગાજતે ગામમાં લાવ્યા. ગામના હરિભક્તોએ સારી એવી રકમ સ્વામીશ્રીની આજ્ઞાથી લખાવી. પછી આ માટે લેખનું લખાણ કરવા ગોરધનભાઈ બ્રહ્મભટ્ટને કહ્યું. તેમને આવો લેખ લખવાનો અનુભવ ન હોવા છતાં, સ્વામીશ્રીની આજ્ઞા થઈ તેથી તેમણે લખાણ લખ્યું. સ્વામીશ્રીએ આ લખાણ મોટેથી વાંચવા આજ્ઞા કરી, તેથી તેમણે લેખનું લખાણ

વાંચ્યું : 'બાણુંગારના સમગ્ર સત્સંગ મંડળે, આ જમીન સ્વામિનારાયણ મંદિર કરવા માટે, પૂજ્ય યોગીજી મહારાજને કૃષ્ણાર્પણ કરેલ છે.'

આ લખાણ સાંભળી સ્વામીશ્રી તુરત જ બોલી ઊઠ્યા કે 'યોગી મહારાજનું નામ ન હોય. આ યોગી તો ગુરુની ગાદી ઉપર ચડી બેઠા છે; પણ ગાદીના ખરા વારસ તો પ્રમુખસ્વામી છે. માટે લેખમાં શાસ્ત્રી નારાયણસ્વરૂપ-દાસજી એમ લખો.'

ત્યારબાદ સ્વામીશ્રીએ આ લેખ વ્યવસ્થિત ફરી વાર દાજી બાપુ પાસે તૈયાર કરાવ્યો. ગોરધનભાઈને થયું કે સ્વામીશ્રીની દાસત્વ-ભક્તિ કેવી મહાન છે ! પોતે મહાસમર્થ હોવા છતાં પોતાની દાસત્વ-ભક્તિમાં જરાપણ ન્યૂનપણું ન આવે, એ અનુસંધાન એમને સ્વાભાવિક હતું.

લેખમાં સ્વામીશ્રીએ સાક્ષીની સહીઓ લીધી. ઉકાળો લીધા બાદ ૧૨-૩૦ વાગે વિદાય થયા. જતાં જતાં ગામમાં એક-બે પધરામણીઓ કરી.

ભાદરા મંદિરે સૌ ૧-૩૦ વાગે પહોંચ્યા. સ્વામીશ્રીએ દર્શન કરી, મંદિરનો ઇતિહાસ કહ્યો. શાસ્ત્રીજી મહારાજ, નિર્ગુણ સ્વામી જ્યાં આસન કરતા તે જગ્યાનાં દર્શન કરાવ્યાં. યુવકોને બોલાવી થાળ કરાવ્યો. સૌને જમાડ્યા. એક કલાકમાં તો બધું કામ પતાવી, હરિભક્તોને એક કલાક આરામ કરવા કહ્યું. દરમ્યાન અન્નકૂટની પ્રસાદીનાં પડીકાં વાળી તૈયાર કર્યાં. સ્થાનિક હરિભક્તોને વહેંચ્યા. ૩-૩૦ વાગે ઘાટ ઉપર જવા તૈયારી કરી. થોડા યુવકોને ટ્રેનમાં જાયવા મોકલ્યા.

રસ્તામાં જૂના મંદિરે પધાર્યા. લેખ વંચાવ્યો અને મહારાજનાં ભાદરાનાં લીલાચરિત્રો કહ્યાં. મેડા ઉપર શાસ્ત્રીજી મહારાજ, નિર્ગુણ સ્વામી અને પોતે ઊતરતા તે જગ્યાઓ બતાવી. બારીમાંથી સામે જન્મ સ્થાનનું મંદિર દેખાતું, તે પણ બતાવ્યું. પછી સૌ સાથે ચાલતાં સ્વામીશ્રી ઊંડ નદી પધાર્યા. સૌએ સ્નાન કર્યું. સ્વામીશ્રીએ સૌને માથે પ્રસાદી-જળ ચઢાવ્યું અને આશીર્વાદ આપ્યા. મોટા મોટા હરિભક્તોને યાદ કરી, ધૂન કરાવી. સૌના દેશકાળ સારા થાય તે માટે પણ ધૂન કરાવી. આમ, સ્વામીશ્રી તીર્થોમાં પધારતા, ત્યારે સાથે ન હોય તે સંતો-હરિભક્તોને પણ સંભારી દર્શન કરતા, ત્યારે એમના હરિભક્તો ઉપરના પ્રેમની સીમા બાંધવી મુશ્કેલ બની જતી.

પાંચ વાગે મંદિરે આવ્યા. ભાદરા મંદિરમાં સેવા કરતા કાના ભગત તથા હરિભક્તો માંડણ ભગત, દેવશીભાઈ બધાને મળ્યા. મંદિરમાં સેવા-પૂજા કરવા

કાના ભગતને સૂચના આપી જાયવા જવા નીકળ્યા.

સ્વામીશ્રી પહેલાં ભેંસદડ આવી પહોંચ્યા. ૭-૩૦ વાગ્યા હતા. હરિમંદિરમાં આરતી ઉતારી. હરિભક્તો સૌ ભેગા થઈ ગયા. એમના આનંદનો પાર ન રહ્યો. અન્નકૂટનાં પ્રસાદીનાં પડીકાં સ્વામીશ્રીએ તૈયાર કરાવ્યાં અને સૌ હરિભક્તોને વહેંચ્યાં.

વર્ષોથી અન્નકૂટ પછીનો સ્વામીશ્રીનો આ કાર્યક્રમ. અન્નકૂટનો પ્રસાદ માપસર લઈ, કાગળનાં પડીકાં વાળવાની એમની ફાવટ અને ચપળતા આશ્ચર્ય પમાડે એવાં હતાં, જાણે યંત્રમાં કામ થતું હોય એટલી સુઘડતાથી અને વ્યવસ્થિત રીતે કેટલાંય પડીકાંઓ સ્વામીશ્રી થોડી વારમાં વાળી લેતા. સાથે મદદ કરતા યુવકો તો આ જોઈ જ રહેતા. યાદી પ્રમાણે બધાને પ્રસાદનાં પડીકાં જાતે વહેંચતાં. સાક્ષાત્ સ્થાન અક્ષર મંદિરના અન્નકૂટનો પ્રસાદીનો કણેકણ પોતાના વહાલા હરિભક્તોને પહોંચે, એવી હેતની રેખાઓ ત્યારે સ્વામીશ્રીના મુખારવિંદ ઉપર સહેજે ઊપસી આવતી.

એક હરિભક્તે નવા મકાનમાં પધરામણી કરવા પ્રાર્થના કરી. સૌને ખબર પડી કે સ્વામીશ્રી પધરામણીએ નીકળ્યા છે. આશરે ૨૫ થી ૩૦ પધરામણીઓ થઈ ગઈ. રાતના ૧૦-૦૦ વાગી ગયા. કોઈએ ઘરમાં પ્રસાદીનાં જળ અને પુષ્પ છંટાવ્યાં, તો કોઈએ કોઠીએ સ્પર્શ કરાવી તે પાવન કરાવી. રસ્તામાં રામજીભાઈ મેપાનું ઘર આવ્યું. તે સ્વામીશ્રીએ સાથેના હરિભક્તોને બતાવતાં કહ્યું કે 'અહીં છ મહિના ઉપર રામજીભાઈ કંપાલાવાળાએ પારાયણ કરાવ્યું હતું.' ત્યારે પણ ગામમાં ઘરે ઘરે પધરામણી કરી હતી. આટલા ટૂંકા ગાળામાં ફરી પાછા સૌને ઘરે પધારતાં સ્વામીશ્રીને લેશપણ કંટાળો નહિ. હરિભક્તોને રાજી કરવા એ જ પોતાનું પરમ કર્તવ્ય અને ભક્તિ જેણે જાણી છે, એવા સ્વામીશ્રી કદાપિ કોઈને નારાજ કરી શકતા નહિ.

સાથેના હરિભક્તો ગામના લોકોને સમજાવવા લાગ્યા કે 'હજુ તો સ્વામીશ્રીને જાયવા પહોંચવાનું છે, માટે પધરામણીઓ બંધ રાખો તો સારું.'

સ્વામીશ્રી તે સાંભળી ગયા. તેથી સાથેના હરિભક્તોને વારવા લાગ્યા કે 'અહીંના હરિભક્તો બહુ જ પ્રેમાળ છે. માટે મોડું થાય તો કંઈ વાંધો નહિ. તમે ઉતાવળ કરતા જ નહિ.'

સવારથી સતત વિચરણમાં નીકળેલા સ્વામીશ્રીએ ક્યાંય જરા સરખો પણ આરામ લીધો નહોતો. રાત્રે ૧૦ વાગી ગયા તોપણ પોતાના દેહની પરવા કર્યા

સિવાય સૌને રાજી કર્યા.

મંદિરે આવી, થોડો ઉકાળો લઈ રામજીભાઈના વૃદ્ધ પિતાશ્રીને આશીર્વાદ આપી, રાત્રે ૧૦-૩૦ વાગે સ્વામીશ્રી જાયવા આવી પહોંચ્યા. રસ્તામાં મોટરના માલિક મગનભાઈને સત્સંગની વાતો કરી વર્તમાન ધરાવ્યાં.

આરામ હરામ

અહીં આવી સ્વામીશ્રીએ સાથેના હરિભક્તોને ખીચડી-કઢી જમાડ્યાં. કથાવાર્તા કરી, આરામની તૈયારી કરી. અહીંના હરિભક્તોએ બીજે દિવસે જમીને જ આગળ જવા સ્વામીશ્રીને પ્રાર્થના કરી. ગામડાંની વ્યવસ્થાના અનુભવી સ્વામીશ્રીએ રાત્રે જ બ્રાહ્મણ પાસે રસોઈ શરૂ કરાવવા આજ્ઞા કરી, ત્યારે બીજે દિવસે બપોરે ૧-૩૦ વાગે સૌ જમવા ભેગા થયા અને ૨-૩૦ વાગે ખારવા આવ્યા.

ચના પટેલ, શના પટેલ વગેરે ભક્તોએ સ્વામીશ્રીનું સ્વાગત કર્યું. મંદિરની પરસાળમાં ઉતારો આપ્યો. સ્વામીશ્રી ખૂબ જ થાકેલા જણાતા હતા. દાજી બાપુ જમીને નીકળેલા તેથી મોટરમાં પણ ઊંઘતા હતા અને અહીં પણ ઝોકાં ખાતા હતા. તેમની ઊંઘ ઉડાડવા સ્વામીશ્રી એમને કહે : 'બાપુ ! વાત કરો.'

બાપુ કહે : 'મોહનભાઈ વાત કરશે.'

ફરી હસતાં હસતાં સ્વામીશ્રી તેમને કહે : 'આપણે ઊંઘવું નથી, વાત કરો.'

આમ થોડો વખત સ્વામીશ્રીએ બાપુ સાથે ગમ્મત કરી, સૌને આનંદ કરાવ્યો. સૌને વાતે વળગાડ્યા અને બાપુને ઊંઘવા દીધા નહિ.

પછી શેરડીનો પ્રસાદ સૌને વહેંચ્યો, થોડી વાતો કરી, ૩-૩૦ વાગે થોડા હરિભક્તોને ત્યાં પધરામણી કરી, એમને અન્નકૂટનો પ્રસાદ વહેંચ્યો. ધર્માદો લખાવ્યો અને ડાંગરા જવા નીકળ્યા.

મોટરમાં સ્વામીશ્રીએ મગનભાઈને મોટરની બનાવટ, તેનાં યંત્રો, કારખાનાં, કાચ વગેરે અંગે ઘણી પૂછપરછ કરી. તમે કેટલું ભણ્યા છો ? મોટર કેવી રીતે શીખ્યા ? કુટુંબની સ્થિતિ વગેરે પૂછી. 'આટલી નાની ઉંમરે, આવી સરસ મોટર ચલાવો છો !' એમ કહી આશીર્વાદ આપ્યા. ત્યાં હડમતિયા સ્ટેશન આવ્યું. સ્વામીશ્રીએ મૂળી દેશ તથા વડતાલ દેશની હદ બતાવી અને ખારવા મૂળી દેશનું કહેવાય, એમ ઘણી વાતો કરી.

ડાંગરા ૫-૧૫ વાગે પધાર્યા. મંદિરે દર્શન કરી ગામમાં જૂના મંદિરે

પધાર્યા. અહીં જાગા સ્વામીના દેહોત્સર્ગ સ્થાનનાં સ્વામીશ્રીએ સૌને દર્શન કરાવ્યાં. સંધ્યા સમય થઈ ગયો હતો, પણ સ્વામીશ્રી સૌને ઘેલ નદીએ સ્નાન કરવા લઈ ગયા.

અહીં નાની કુંડીમાં પાણીનું ઝરણું વહે છે, તે બતાવી સ્વામીશ્રી કહે : 'શાસ્ત્રીજી મહારાજ, નિર્ગુણ સ્વામી અહીં નાહવા આવતા અને આ સ્થળે બેસતા. શ્રીજીમહારાજ અને ગુણાતીતાનંદ સ્વામી પણ સંતો સહિત અહીં સ્નાન કરવા આવતા. આ તો ભારે પ્રસાદીનું સ્થાન છે.'

સ્વામીશ્રીએ અહીં સ્નાન કર્યું. એક પછી એક હરિભક્તને બોલાવી માથે લોટાથી પ્રસાદીનું જળ રેડ્યું. અમદાવાદથી પંચતીર્થી કરવા આવેલા ગોરધનભાઈને પણ સ્વામીશ્રીએ નજીક બોલાવી માથે પ્રસાદી-જળ રેડ્યું, આશીર્વાદ આપ્યા. આ વખતે અમદાવાદના હરિભક્તો ચંપકભાઈ શેઠ સાહેબ, ખેંગારજીભાઈ, મણિભાઈ, અંબાલાલ, બબુભાઈ, રસિકભાઈ, રમેશભાઈ વગેરેને સંભારીને પણ તેમને માથે બેત્રણ વધુ લોટા રેડ્યા. ગોરધનભાઈ તો આ લાભથી રોમાંચિત થઈ ગયા, દિવ્ય ઊર્મિઓનો તેમને અનુભવ થયો.

ભગવાન ને ભગવાનના ભક્તનું જ જાણે રટણ કરતા હોય, તેમ સ્વામીશ્રી ભક્તોને પણ આવે પ્રસંગ કદી ભૂલતા નહિ. ગોરધનભાઈની સાથે અમદાવાદના ભક્તોને પણ યાદ કરી તેમને તીર્થનું ફળ આપ્યું. આફ્રિકા, મુંબઈ કે સુરત જેવાં કોઈ શહેરોના કે પછી લીંબડી, મોજીદડ કે અડવાળ જેવાં કોઈ ગામડાંના હરિભક્ત પણ સાથે હોય, તો સ્વામીશ્રી તેમની સાથે ત્યાંના બીજા હરિભક્તોને યાદ કરવાનું ભૂલે નહિ.

બાજુના એક ઊંચા પથ્થર ઉપર સ્વામીશ્રીએ ઠાકોરજી પધરાવ્યા, પૂજા કરી, હરિભક્તોના દેશકાળ સુધરે તે માટે ધૂન કરાવી. પછી જાગા સ્વામીની દેરીએ આવી આરતી કરી. હરિભક્તો પાસે પણ આરતી ઉતરાવી. એમ સૌને સ્મૃતિ અને લાભ આપી, ગામના મંદિરે પધારી આરતી ઉતારી. કથાવાર્તા કરી.

બધા બહુ જ થાકી ગયા હતા, તેથી ધીરે ધીરે સૌ જ્યાં ખૂણો મળે ત્યાં આરામ કરવા લાગ્યા. થોડી વાર પછી સ્વામીશ્રી બધાને ઉઠાડતાં કહે : 'અરે ઊઠો, જમવાનું તૈયાર થઈ ગયું છે, જમી લો. બહુ ઊંઘાય નહિ. અહીં કથાવાર્તા ચાલુ છે. આપણે સમાગમ કરી લેવો. ધમાધમ ન કરવો. એમાં પોલ ન હાલે...' એમ મીઠાં વચનોથી સ્વામીશ્રી સૌને ઉઠાડવા લાગ્યા. બધાને એટલી બધી ઊંઘ આવતી હતી કે ભૂખ મરી ગઈ હતી, ખાવાની ઇચ્છા ટળી ગઈ હતી.

જ્યારે સ્વામીશ્રી તો આસક્તિપૂર્વક કથાવાર્તા કરતા હતા. બધા કરતાં ઉંમરમાં મોટા, વૃદ્ધાવસ્થાએ પહોંચેલા સ્વામીશ્રીને પણ થાક લાગ્યો તો હશે જ, પણ તે જણાવા દેતા નહોતા; જાણે કાંઈ મુસાફરી કરી જ નથી એમ તાજા થઈને કથા-કીર્તન સંભળાવતા હતા. મહારાજે કહ્યું કે 'માર્ગે ચાલીને થાકી ગયો હોય તોપણ જો કથાવાર્તાનો પ્રસંગ નીકળે તો જાણે થાક લાગ્યો જ નથી.' ભગવાનમાં આસક્તિનું એ લક્ષણ આ ક્ષણે સૌને સ્વામીશ્રીમાં તાદશ થતું હતું. પોતાની દેહાવસ્થા અને સ્વામીશ્રીની દિવ્ય મૂર્તિ સામું જોતા. સાથે આવેલા સૌને જીવ અને બ્રહ્મ ભેદ સમજાયો.

જમ્યા પછી તુરત બધા સૂવા જઈ રહ્યા હતા, ત્યાં વળી સ્વામીશ્રીએ તેમને રોક્યા અને કહે : '૧૦-૦૦ વાગ્યા પહેલાં સુવાય નહિ. આપણે સત્સંગ કરવો પડે. બાપાનું કામ ન કરીએ અને ખાઈ-પીને દેહને પંપાળીએ તે કામનું નહિ. સૌ કથામાં આવો.'

સ્વામીશ્રીએ દાજી બાપુ પાસે વાતો કરાવી અને તેમની ઊંઘ ઉડાડી દીધી. વિજ્ઞાન સ્વામી સાથે આ મંદિર કરવા આવેલા ત્યારની પરિસ્થિતિ અને આજની પરિસ્થિતિની સરખામણી કરી સ્વામીશ્રીએ સૌને ખૂબ ગમ્મત કરાવી. સૌને ગોંડલની અન્નકૂટની પ્રસાદી આપી, કથાની પૂર્ણાહુતિ કરી.

બીજે દિવસે સવારે પધરામણીઓ કરી, પુંજાજી બાપુના દીકરા જશવંતસિંહ, તેમના સુપુત્ર પ્રભાતસિંહ, નાનુભા, જોરૂભા વગેરેને રાજી કર્યા. સં. ૧૯૭૨-૭૩માં જૂનું મંદિર નવું કરવા માટે સ્વામીશ્રી વિજ્ઞાન સ્વામી સાથે અહીં રહેલા અને ખૂબ સેવા કરેલી. તેથી બધા દરબારોને સ્વામીશ્રી પ્રત્યે ખૂબ ભાવ.

દેરીએ દર્શન તથા આરતી કરી, સ્વામીશ્રી રાજકોટ જવા નીકળ્યા.

જામનગર જિલ્લાનું ધુંવાવ ગામ સદ્. આત્માનંદ સ્વામીનું પ્રસાદીનું ગામ છે. ત્યાં એક હરિભક્તને નવું ઘર બાંધવાનું હતું તે સ્થાને ખાતમુહૂર્ત કરવાનું હતું. વિધિમાં કોઈ બ્રાહ્મણ ન હતો, તેથી સ્વામીશ્રીએ વિધિ શરૂ કર્યો. નાડાછડી હતી નહીં. સૂતરની નાડાછડી સ્વામીશ્રીએ જાતે બનાવી ને કંકુમાં બોળીને મુખ્ય યજમાનને કાંડે બાંધતા સ્વામીશ્રી, *'મહાધ્યાનાભ્યાસમ્'* એ શ્લોક બોલતાં વિધિ કરાવવા લાગ્યા. એકનો એક શ્લોક સ્વામીશ્રી ત્રણ-ચાર વખત બોલ્યા પછી, વિનુ ભગત પાસે એક નવા પ્રકારની વિધિ કરાવી.

સ્વામીશ્રી કહે : 'ભગત ! દેગડો ઉપાડો અને પાણી ઢોળતાં ઢોળતાં ૧૧ ડગલાં ભરો અને પાછાં ઢોળતાં ઢોળતાં આવો.' આવી રીતે વિધિ પૂરો થયો.

પેલા હરિભક્ત પણ અત્યંત રાજી થઈ ગયા. તેમને મનમાં થયું કે સ્વામીશ્રીએ કેવા શાસ્ત્રોક્ત વિધિથી ખાત કર્યું ! પરંતુ સત્પુરુષની બધી જ ક્રિયા દિવ્ય માનનારા સંતો-યુવકોને તો દિવ્યાનંદ જ થયો.

વૃક્ષોને અભયદાન

રાજકોટ જતા, બે માઈલ દૂર ગયા હશે ત્યાં સ્વામીશ્રી કહે : 'ગાડી પાછી લ્યો, પેલા પટેલના ખેતરમાં પગલાં કરવાં રહી ગયાં.'

બધા કહે : 'બાપા ! પટેલ ભૂલી ગયા ને આપણેય ભૂલી ગયા. જવા દો ને ! રાજકોટ ભેગા થઈ જઈએ.'

સ્વામીશ્રી કહે : 'ના, જવું પડે. જાવું જ છે.'

સ્વામીશ્રી ખેતર પર આવ્યા. પેલા ખેડૂત ભક્ત તો રાજી રાજી થઈ ગયા.

સ્વામીશ્રી વિનુ ભગતનું કાંડું ઝાલીને ખેતરમાં ઢેફાંમાં ચાલતાં ખેતરના બીજે શેઢે પહોંચ્યા. ઢેફામાં ચાલવું બહુ કઠણ પડે તેવું હતું.

સામે પહોંચ્યા પછી બે મજાના નાના નાના આંબા હતા. તેના થડને હાથ અડાડીને કહે : 'દસ હજાર વર્ષથી તપ કરે છે.'

એમ કહી આંબાને સ્પર્શ કરી પાછા ફર્યા. જાણે તેનું કલ્યાણ કરવા જ આટલે દૂર સુધી મુશ્કેલી વેઠીને પધાર્યા હતા ! એમની આ ક્રિયા કોણ સમજી શકે ?

'હું બધામાં શાસ્ત્રીજી મહારાજ ભાળું છું'

બપોરે રાજકોટ પહોંચ્યા.

અહીં અવલબાવાળા હરિમંદિરે બિરાજમાન હતા. મંદિરના મેડે ઉકાળા-પાણી થઈ રહ્યાં હતાં. ચુનીભાઈ ચાતુર્વેદી કહેવા લાગ્યા : 'બાપા ! હરિભક્તોનો પ્રેમ બહુ છે. માટે ખૂબ નાસ્તો કરો, ઉકાળો પીઓ.'

સ્વામીશ્રી ખડખડાટ હસી પડ્યા ને બોલ્યા : 'ગુરુ ! આ બધા હરિભક્તોને પીરસી દ્યો. એમાં રહીને શાસ્ત્રીજી મહારાજ જમે.'

સૌને એવી ઇચ્છા કે સ્વામીશ્રી વધુ જમે તો સારું. સ્વામીશ્રી થોડા મમરા તથા ઉકાળો પીને ઊઠી ગયા ને કહે : લાવો, હું પીરસું.'

હરિભક્તો સમજી ગયા કે સ્વામીશ્રીને તપની જ રુચિ છે. સ્વામીશ્રી કહે : 'હું બધામાં શાસ્ત્રીજી મહારાજ ભાળું છું. સ્વામી કેવા જમી રહ્યા છે ! અહોહો, અહોહો ! થાય.'

આવી દિવ્ય દૃષ્ટિ જોઈને હરિભક્તોને જાણે દિવ્ય પ્રેરણા મળી અને પરસ્પર મહિમા પણ સમજાયો.

બીજે દિવસે ગોંડલ આવ્યા. કાર્તિક એકાદશીનો સમૈયો અમદાવાદ કરી બોચાસણ પધાર્યા.

ગુરુવાર, તા. ૬-૧૧-'૫૭, પૂર્ણિમાની સવારે ચતુર્ભુજ સ્વામીએ 'ભક્તચિંતામણિ'નું ૭૬મું પ્રકરણ વાંચ્યું. તે ઉપર મોટાસ્વામી વાતો કરતા હતા. આજે ગ્રહણ હોવાથી સભામંડપ આખો દિવસ કથા-કીર્તનથી ગાજતો રહ્યો. મોતીભાઈએ શાસ્ત્રીજી મહારાજના મહિમાનાં કીર્તનો ગાયાં. સંતોએ વાતો કરી. રાત્રે ૧૦-૦૦ વાગે સ્નાન કરી સૌએ સ્વામીશ્રીનું પૂજન કર્યું. પડવાને દિવસે સ્વામીશ્રીએ નવા ભોજનાલયનું ખાતમુહૂર્ત કર્યું. હરિભક્તોને જમવાની વ્યવસ્થા આ વખતે વાડીમાં રાખી હતી. સમૈયામાં ઈશ્વરભાઈ ધનજીભાઈ તથા શનાભાઈ વાઘજીભાઈ વગેરે ભક્તોએ તથા મહેળાવ, ઝારોળા વગેરે યુવક મંડળોએ સારી સેવા કરી હતી. અહીંથી સ્વામીશ્રી સીસ્વા પધાર્યા.

જ્ઞાનની સ્થિતિ

બિલિમોરાના પ્રાણલાલભાઈનું આમંત્રણ સ્વીકારી સોમવાર, તા. ૧૮-૧૧-'૫૭, એકાદશીને દિવસે વલસાડ લોકલમાં સ્વામીશ્રી અટલાદરાથી બિલિમોરા પધાર્યા.

અમદાવાદના અંબાલાલભાઈના યોગથી મૂળ ઊંઝાના પ્રાણલાલભાઈને સ્વામીશ્રીનો મહિમા સમજાયો અને પોતાને ત્યાં સમૈયો ગોઠવ્યો. સ્ટેશન સામેનો એમનો વિશાળ બંગલો સંતો-હરિભક્તોને ઊતરવા ખાલી કર્યો હતો. મુંબઈથી વજુભાઈ શેઠ, હર્ષદભાઈ, પ્રતાપસિંહ ઇનામદાર વગેરે ૪૦ જેટલા ભક્તો તથા સુરતથી આશાભાઈ વગેરે ઘણા હરિભક્તો આવ્યા હતા.

આ પ્રસંગે ચીમનલાલ શાસ્ત્રીએ 'હરિલીલાકલ્પતરુ' ગ્રંથના સ્તુતિ અને મહિમાના કેટલાક અધ્યાયોની બે દિવસ કથા કરી હતી. કથા પ્રસંગમાં મેંગણીના માનસિંહ રાજાને ગોપાળાનંદ સ્વામીનાં દર્શનથી સમાધિ થઈ અને આસુરી વિકારો ટળી ગયા, તે પ્રસંગ ઉપર સ્વામીશ્રીએ હસતાં હસતાં પૂછ્યું કે 'આજે એવું કેમ થતું નહિ હોય ?'

મોટાસ્વામી કહે : 'આજે પણ હજારો મુમુક્ષુ જીવો આપનાં દર્શન કરી, તુરત વર્તમાન ધરાવી સત્સંગી થાય છે, નિયમ-ધર્મ પાળે છે, એ ઓછો પ્રતાપ છે ?'

સ્વામીશ્રી કહે : 'આજે તો મહારાજ અને સ્વામીની દૃષ્ટિથી બહુધા જ્ઞાનની સ્થિતિ પ્રવર્તી છે.'

'જ્ઞાનની સ્થિતિ એટલે શું ?' એક હરિભક્તે પૂછ્યું.

સ્વામીશ્રીએ ઉત્તર આપ્યો : 'મહારાજ સર્વોપરી ભગવાન, અને સ્વામી અક્ષર, અને એકાંતિક સત્પુરુષ મોક્ષનું દ્વાર. આ ત્રણ નિષ્ઠા પરિપક્વ હોય, તેને જ્ઞાનની સ્થિતિ થઈ કહેવાય. ગઢડાવાળા ઠક્કર નારણ પ્રધાને સ્વામીને પૂછ્યું કે 'આત્યંતિક કલ્યાણ એટલે શું ?' ત્યારે સ્વામી બોલ્યા કે 'આ સાધુને ઓળખે તે જ આત્યંતિક કલ્યાણનું સાધન છે અને એ જ જ્ઞાનની સ્થિતિ છે.'

પછી કહે : 'જેને જ્ઞાનની સ્થિતિ કરવી હોય, તેણે મહારાજની કોઈ આજ્ઞા લોપવી નહિ. આજ્ઞા લોપે તો સ્થિતિમાં ખામી આવી જાય. માટે આજ્ઞામાં દૃઢપણે વર્તવું.'

બે દિવસ અલૌકિક વાતો થઈ. પ્રાણલાલભાઈએ સૌની ઉત્તમ આગતા-સ્વાગતા કરી. મોડી રાત સુધી ભજન-કીર્તનનો લાભ પણ સ્થાનિક ભજન મંડળીએ આપ્યો. સાધુરામભાઈએ પણ આગળ પડતી સેવા કરી તેમજ વાહન-વ્યવહારની ગોઠવણ કરી આપી હતી.

'શાસ્ત્રીજી મહારાજ ધખે'

એક દિવસ શાંતિલાલ શેઠને ઘરે પણ સ્વામીશ્રીએ ઠાકોરજી જમાડ્યા. શેઠે દૂધપાકની રસોઈ કરાવી હતી. તેઓ જાતે જ સ્વામીશ્રીના પત્તરમાં દૂધપાક નાખવા ગયા, ત્યાં સ્વામીશ્રી એકદમ ઝડપથી કોઈનો પણ હાથ ઝાલ્યા વગર ઊભા થઈ ગયા. સ્વામીશ્રીને આવી ઝડપથી અને એકલા ઊભા થતા કોઈએ જોયેલા નહીં. સૌ હેબતાઈ ગયા. હાથમાં ખાલી પત્તર જેટલું ઊંચું લઈ શકાય તેટલા હાથ ઊંચા કરીને સ્વામીશ્રી ગર્જના કરીને બોલી ઊઠ્યા :

'શાસ્ત્રીજી મહારાજ ધખે, શાસ્ત્રીજી મહારાજ ધખે !' એમ બોલતાં ગળા ઉપર હાથ ફેરવતા જાય ને ગળાના સમ ખાતા જાય.

પછી શેઠે દૂધપાક નીચે મૂકી દીધો ત્યારે સ્વામીશ્રી આસને બિરાજ્યા. શેઠને રાજી કરવા બીજું બધું પત્તરમાં લીધું અને જમ્યા, પણ દૂધપાક તો લીધો જ નહીં. શાંતિભાઈ શેઠને સ્વામીશ્રીનો એવો ગુણ આવી ગયો કે 'સ્વામીશ્રી ખરા વૈરાગી સંત છે !'

ત્રણ-ચાર મોટરોમાં સંતો-હરિભક્તો સાથે સ્વામીશ્રી ગુરુવારે સવારે

દોણજા જવા નીકળ્યા. રસ્તામાં ઉનાઈ માતા, જ્યાં મહારાજની પ્રસાદીના કુંડ છે ત્યાં પધાર્યા. સ્નાન કરી સાધુરામભાઈની ઑફિસમાં પધરામણી કરી. ઉકાળો લઈ વાંસદા જવા નીકળ્યા.

શ્રીજીમહારાજની પ્રસાદીનું આ સ્થાન અતિ મનોહર છે. સ્વામીશ્રી કહે : 'ચાલીસ વર્ષથી અહીં દર્શન કરવા આવવાનો સંકલ્પ હતો, તે આજે ફળ્યો.'

પછી અવશેષ સમાન ઊભેલા જૂના દરબારગઢને જોતાં કહે : 'આ બધા સ્થાનમાં મહારાજ ફર્યા છે, એટલે બધું જ રમણરેતી સમાન છે.' એમ કહી નીચા નમી રજ લીધી અને પોતાને શિરે ચઢાવી. કેવો મહિમા ! માહાત્મ્યજ્ઞાને સહિત ભક્તિનું જાણે મૂર્તિમાન સ્વરૂપ ! આ દર્શનમાત્રથી જ ભક્તિની ઊર્મિઓ હૃદયમાં જાગ્યા વગર ન રહે.

ધરમપુરનાં ભક્તરાજ રાણી કુશળકુંવરબાના ભત્રીજાજમાઈ - મહારાજ રાયસિંહજી - એમના આગ્રહથી મહારાજ અહીં પધાર્યા વગેરે ઈતિહાસ સ્વામીશ્રીએ કહ્યો. અહીં જ મહારાજે રાયસિંહજીને એમના સાફા ઉપર ૪૦ ચરણારવિંદની છાપ પાડી આપી હતી અને અપાર રાજીપો બતાવ્યો હતો. શાસ્ત્રીજી મહારાજ અહીં પધારેલા અને દીવાન ઝવેરભાઈ નાથાભાઈ અમીનને ભગતજી મહારાજનો મહિમા સમજાવ્યો હતો. તે પછી જ દીવાન સાહેબે ભગતજી મહારાજને વાંસદા તેડાવ્યા અને એક મહિના સુધી કથાવાર્તાનો અલૌકિક લાભ લીધો હતો. તે દીવાન સાહેબના બંગલાનાં પણ દર્શન કર્યાં.

કારભારીને બંગલે પધરામણી કરી ત્યારે સ્વામીશ્રી કહે : 'અહીં તો મહારાજ પંડે પધાર્યા હતા. અહીં સાત દિવસની પારાયણ કરવા જેવું છે. સૌ સંકલ્પ કરો. અહીં પારાયણ થાય અને સત્સંગ વધે.'

બપોરે બે વાગે દોણજા ઝીણાભાઈને ત્યાં ઠાકોરજી જમાડ્યા. પધરામણીઓ કરી મંડળની સ્થાપના કરી. ચીખલી એક પધરામણી કરી બિલિમોરા આવી ગયા.

ઉજ્જડ નહિ, ચૈતન્ય ભૂમિ !

બીજે દિવસે ધરમપુર પધાર્યા. જે દરવાજેથી મહારાજ દરબારગઢમાં હાથી ઉપર સવારી કરી પધાર્યા હતા અને જે દરવાજા ઉપર હવેલીમાં ઉતારો કર્યો હતો, એ સારી સ્થિતિમાં હતો. તેથી સ્વામીશ્રી સંઘ લઈને ત્યાં દર્શન કરવા ગયા અને દંડવત્ કરવા લાગ્યા. ત્યારે દરબારગઢની વેરાન સ્થિતિ જોઈને પ્રતાપસિંહ ઈનામદારે કહ્યું કે 'આ તો બધું ઉજ્જડ થઈ ગયું છે.'

તરત સ્વામીશ્રી બોલ્યા : 'ઉજ્જડ ન કહેવાય. આ તો બધી ચૈતન્ય ભૂમિ, મહારાજના સંબંધવાળી છે. તેજ છૂટે છે. અહીં તો મોટી પારાયણો થશે અને હજારો ભક્તો આવશે.'

શ્રીજીમહારાજના સંબંધવાળું જે કાંઈ હોય, પછી તે પદાર્થ હોય કે સ્થાન હોય, પરંતુ સ્વામીશ્રીની દૃષ્ટિમાં તે ચૈતન્ય સ્વરૂપ જ હતું. એવી ચૈતન્યમય દૃષ્ટિથી જ સર્વ સ્થળનાં દર્શન કરતાં હર્ષદભાઈનો હાથ પકડી, સામેની એક બીજી હવેલી બતાવતાં કહ્યું કે 'આમાં કુશળકુંવરબા ચક નાખીને બેસતાં અને ભાગવતની કથા સાંભળતાં. ત્રીસ વર્ષ પહેલાં નિર્ગુણ સ્વામી સાથે અમે અહીં આવ્યા હતા, ત્યારે આ બધાં સ્થાનનાં દર્શન કર્યાં હતાં.'

પછી દરબારગઢની ડેલી પાસે ઊંચા ઓટા ઉપર પોતે બિરાજ્યા અને ત્યાં દંડવત્ કરી, ધૂન કરાવી કે આ દેશમાં સત્સંગ ખૂબ વધે.

પછી રામજી મંદિર, રાધાકૃષ્ણ મંદિરે દર્શન કરી, ગામ બહાર પ્રસાદીના હનુમાનજીના મંદિરે દર્શન કર્યાં, આરતી ઉતારી. પ્રસાદીની વાવ પાસે છાંયામાં પોતે બિરાજ્યા. સૌને ચણાની પ્રસાદી આપી. વાવનું પ્રસાદીનું પાણી સૌને માથે ચઢાવ્યું. ગાળીને ઠાકોરજીને ધરાવી સૌને પાયું. આજુબાજુના રહેવાસીઓ સ્વામીશ્રીનાં દર્શનથી ઘેલા થઈ ગયા અને એક પછી એક પ્રસાદીની ભેટ લાવવા લાગ્યા. તેમનો ભાવ જોઈ સ્વામીશ્રી બોલ્યા : 'એ તો વાવના પ્રસાદીના પાણીનો એમને સંબંધ થયો, એટલે સંસ્કાર ઉદય થઈ ગયા. આ વાવમાં મહારાજ અને સંતો રોજ નાહતા, તે કેટલી પવિત્ર ! આમનાં મોટાં ભાગ્ય કે રોજ વાવમાં નાહવા મળે છે.'

નર્મદા પરકમ્માના યાત્રીનો મહિમા

અહીંથી વલસાડ થઈ રાત્રે બિલિમોરા આવી પહોંચ્યા. બીજે દિવસે વલસાડ લોકલમાં સ્વામીશ્રી ભરૂચ જઈ રહ્યા હતા. ટ્રેનમાં એક મુમુક્ષુ સ્વામીશ્રીને ભેગા થઈ ગયા. તેઓ નર્મદાની પરકમ્મા કરવા નીકળ્યા હતા. સ્વામીશ્રીને ખૂબ ઉત્સુકતા થઈ અને આશ્ચર્યથી વિગતો પૂછવા લાગ્યા.

પેલા ભાઈ પણ કહેવા લાગ્યા : 'હું એક કિનારે કિનારે ચાલીને દરિયા સુધી જઈશ, ત્યાંથી ઓળંગી સામે કિનારે જઈશ. પછી કિનારે કિનારે ચાલી નદીના મુખ સુધી જઈશ અને સામા કિનારે આવી, જ્યાંથી શરૂઆત કરી હતી ત્યાં પહોંચીશ.'

'ઓહોહો, બહુ દાખડો !' સ્વામીશ્રી બોલી ઊઠ્યા : 'કેટલા ગાઉ ચાલવાનું થશે ?'

'૯૦૦ ગાઉ. એટલે કે લગભગ ૧,૮૦૦ માઈલ ચાલીશ.'

'ભારે કે'વાય ! જમવાનું શું કરશો ?' સ્વામીશ્રીએ ચિંતા વ્યક્ત કરી.

'સાથે જ સીધું છે. તેની રસોઈ કરીશ. સામાન જાતે જ ઉપાડવાનો.'

'ઓહોહો ! આવો દાખડો કરો છો તો જાવ આશીર્વાદ છે, જાત્રા નિર્વિઘ્ન પૂરી થાય.'

પછી પ્રસાદી આપી કહે : 'બહુ ખપવાળા. આપણે આવો ખપ નથી.' એમ કહી, પેલા ભાઈના બે હાથ લઈ, પોતાના મસ્તક પર મૂકી દીધા ! પેલા મુમુક્ષુ તો ગદ્‌ગદ થઈ ક્ષુબ્ધ બની ગયા. હાથ પાછા ખેંચી લીધા અને સ્વામીશ્રીનાં ચરણે પડી ગયા. એવામાં સ્વામીશ્રી હાથ જોડી દીન સ્વરે કહે : 'યાત્રાનું થોડું પુણ્ય આપજો !'

પેલા ભાઈ વિદાય થયા પછી સ્વામીશ્રી કહે : 'સાંભળો, કેટલી અપાર શ્રદ્ધા કહેવાય ! આવી શ્રદ્ધા ભગવાન ભજવામાં હોય તો શું બાકી રહે ?'

ભરૂચમાં ઈશ્વરભાઈ મસાલાવાળાને ત્યાં સ્વામીશ્રી સૌ સંતો-હરિભક્તો સાથે ઠાકોરજી જમાડવા પધાર્યા. થાળમાં ઘણી વાનગીઓ બનાવી હતી. સ્વામીશ્રીએ મોટો થાળ બોલીને ઠાકોરજી જમાડ્યા. એવામાં ઈશ્વરભાઈ જાતે બનાવેલાં મોટાં પાનબીડાં ઠાકોરજીને ધરાવવા લઈ આવ્યા. તે જોઈ સ્વામીશ્રી બહુ રાજી થયા અને કહે : 'ઠાકોરજીને પાનબીડાં ધરાવવાનું મને બહુ મન થાય, પણ ચોખ્ખા મસાલા ન મળે. સાથે રાખીએ તો કોઈ મસાલા-સોપારી ખાતાં શીખી જાય; એટલે માનસીમાં બનાવીને ધરી લઈએ. એવાં મોટાં બીડાં ઠાકોરજીને ધરાવું કે પિચકારી છૂટે ને આખું મુખ સુગંધથી ભરાઈ જાય.'

વિનુ ભગત તથા ઈશ્વરભાઈ વગેરેને એ વાતનું બહુ આશ્ચર્ય થયું કે સ્વામીશ્રી રોજ માનસીમાં પાનબીડાં ધરાવે છે !

અહીંથી નટવરભાઈ શુક્લને ત્યાં ઝાડેશ્વર પધાર્યા. અહીં ચાર દિવસ રહ્યા. ધર્મશાળામાં ઉતારો હતો. રોજ નર્મદા-સ્નાન કરતા અને કથાવાર્તા, ધૂન-ભજન કરતા. પછી ભરૂચથી નડિયાદ થઈ, આણંદ આવ્યા.

જીવની જડતા, શિવની સરળતા

અહીં મંદિરમાં બિરાજતા હતા ત્યારે કરમસદના એક હરિભક્ત પોતાના

પુત્રને સ્વામીશ્રીને અર્પણ કરવા આવ્યા હતા.

સ્વામીશ્રીએ પૂછ્યું : 'કેમ સાધુ બનાવવો છે ?'

'બાપા ! ગાંડો છે !'

'કેટલા દીકરા છે ?' સ્વામીશ્રીએ પૂછ્યું.

'એક વડોદરામાં એન્જિનિયર છે. બીજો કૉલેજમાં ભણે છે.'

'પહેલાં બેમાંથી એક આપો ને !' સ્વામીશ્રીએ પરીક્ષા લેતા હોય તેમ કહ્યું.

'બાપા ! એ બંને તો મારે કામના છે.' હરિભક્તે કેવળ પોતાનો સ્વાર્થ જ આગળ ધર્યો ને કહે : 'આને તમે રાખો ને સુધારો.'

સ્વામીશ્રીએ હસતાં હસતાં કહ્યું : 'અમારે તો એવાય કામમાં લાગશે. મંદિરમાં કંઈક સેવા કરશે.'

આ વાર્તાલાપ સાંભળતાં એક હરિભક્ત બોલ્યા : 'બાપા ! આવા ગાંડા શું કામ લાગે ?'

સ્વામીશ્રી મુક્તપણે હસી પડ્યા. પછી કહ્યું : 'ભગવાન ભજશે.' એમ કહીને મર્મમાં કહે : 'ધર્માદામાં બધું આવું જ હોય !'

ત્યારપછી આ યુવકને પાર્ષદી દીક્ષા આપી, નારાયણ ભગત નામ આપ્યું. સ્વામીશ્રીની કૃપાથી ત્રણ મહિનામાં તે ડાહ્યો થઈ ગયો. આ જાણી તેના પિતા તેને તેડવા આવ્યા.

સ્વામીશ્રી કહે : 'તેને ભગવાન ભજવા દો ! ભગવાનના પ્રતાપે ડાહ્યો થયો છે, તો સંસારમાં ન પડવા દેવો...' એમ ઘણું સમજાવ્યા, પણ તે ન જ માન્યા અને ઘરે તેડી ગયા.

ક્યાં પરોપકારી સંત અને ક્યાં પોતાના સ્વાર્થમાં અને મોહમાં ગળાડૂબ બૂડેલો કૃતઘ્ની જીવ ! આ લોકની કેવી વિચિત્રતા છે !

જગન્નાથી તાકાની માગણી

ખાંધલી, બોચાસણ તથા ઝારોળા થઈ, ગાડામાં ભાદરણ આવ્યા.

તા. ૨-૧૨-'૫૭, પૂર્વ આફ્રિકામાં 'રામેશી સુગર મિલ'ના માલિક લક્ષ્મીદાસ માધવાણી સ્વામીશ્રીનાં દર્શન કરવા ઠેઠ ભાદરણ આવ્યા. તેમને લઈને સ્વામીશ્રી બોચાસણ ગયા અને મંદિરમાં સારી રીતે દર્શન કરાવ્યાં.

સાંજે ડમણિયામાં પાછા ભાદરણ આવ્યા. આણંદ થઈ અમદાવાદ પધાર્યા.

અહીં ધર્મનગરમાં નવી બનતી સોસાયટીમાં નવનીતભાઈ દેસાઈને ત્યાં

ઠાકોરજી જમાડ્યા. આરામ કરીને નરનારાયણ દેવની ટેમ્પલ કમિટીના સભ્ય, શેઠ હરિભાઈ હાથીભાઈને ત્યાં પધરામણીએ ગયા. તેઓ કાપડની મોટી પેઢી ધરાવતા હતા. તેમના જૈન ભાગીદાર હઠીસિંહ પણ સ્વામીશ્રીનાં દર્શને આવેલા.

હરિભાઈએ સ્વામીશ્રીનું પૂજન કરીને મુલાયમ ધોતિયાંનો તાકો સ્વામીશ્રીને ભેટ મૂક્યો. સ્વામીશ્રી કહે : 'આ તાકો ઠાકોરજીનાં ધોતિયાં માટે કામમાં આવશે. અમારા સાધુને તો જગન્નાથી માદરપાટનો જાડો તાકો જોઈએ.'

સ્વામીશ્રીની આવી વૈરાગ્ય-ભાવનાથી તેમના જૈન ભાગીદાર ઘણા વિસ્મિત થયા. તેમણે જોયું તો આ સંતોએ એવાં જ જાડાં લૂગડાં ગેરુથી રંગીને પહેરેલાં હતાં. તેમને ખૂબ જ સદ્ભાવ થયો અને પોતે જ જાડા માદરપાટનો તાકો સ્વામીશ્રીને અર્પણ કર્યો.

તા. ૭-૧૨-'૫૭, સ્વામીશ્રી ચાંદખેડા પધાર્યા હતા. સાંજે ગાડામાં કાળી આવી પહોંચ્યા. રણછોડભાઈ મુખીનો ખૂબ આગ્રહ હતો તેથી ત્રણ દિવસ કથાવાર્તાનું સુખ આપ્યું.

અહીંથી આફ્રિકામાં એક હરિભક્ત ઉપર સ્વામીશ્રીએ શુદ્ધ ઉપાસના સંબંધી સુંદર પત્ર, તા. ૯-૧૨-'૫૭ના રોજ લખ્યો :

'...જ્ઞાન સંબંધી શ્રીજીમહારાજ સર્વ અવતારના અવતારી, સર્વ કારણના કારણ ગ.મ. ૯ ને છે. પ્ર. ૩૮ વચનામૃત તથા સ્વામીની વાતું ત્રીજા પ્રકરણની ૧૧મી વાત વિચારવી. ઉપાસ્ય મુરતી સ્વયં શ્રીજીમહારાજ, ને તેમને રહેવાનું ધામ અનાદિ મૂળ અક્ષર ગુણાતીતાનંદ સ્વામી અક્ષરબ્રહ્મનો અવતાર, જેમાં શ્રીજીમહારાજ અખંડ બિરાજી રહ્યા છે તે પરમ એકાંતિક મોક્ષનું દ્વાર. ગ.મ. ૫૪ના વચનામૃત પ્રમાણે ચાર પ્રકારની બુદ્ધિ એકાંતિક સંતમાં કરવી; જો નથી કરી તો ગોખર; તે ભાગવતમાં વાત છે. તે મોક્ષનું દ્વાર. આવી સમજણ સ્વામી જાગા સ્વામી, ભગતજી મહારાજ, રાજકોટના કૃષ્ણજી અદા, જૂનાગઢના સ્વામી બાળમુકુંદદાસજી, પરમ પૂજ્ય સ્વામી શાસ્ત્રીજી મહારાજ, બધા ગુણાતીત સ્વામીના તમામ સંતનો સમાગમ કર્યો છે, તે આવી રીતે વાત કરતા. 'મહાજનો યેન ગતઃ સ પથા.' મોટા જે માર્ગે ચાલ્યા હોય, તે જ મારગે ચાલવું. આ જ્ઞાન સનાતન છે. કોઈને અવગુણ આવે નહિ, બધા વાત સાચી માને. તો હવે આપણે સૌએ એક સમજણ શીખવી. ભગવાન તો એક જ સહજાનંદ સ્વામી; બીજા કોઈ ભગવાન થયા નથી ને થવાના નથી. એક જ ભગવાન સહજાનંદ સ્વામી ભગવાનના ભગવાન છે ને સર્વોપરી છે. આ વાત લખી છે. માટે સૌ રાજી થકા

જ્ઞાન સિદ્ધ કરવું. ભગતજી પોતે વાત કરતા જે, 'મુને પરમ એકાંતિક કહેવા' એમ વાત કરતા. સ્વામી શાસ્ત્રીજી મહારાજ કે'તા જે, એકાંતિક સંત કહો તેમાં બધું. કૃષ્ણજી અદા વાત કરતા કે એક રતિ બીન એક રતિકો. એક અનાદિ ભગવાનને લઈને બીજાને ઉપમા દેવાય છે. આવી રીતે સમજણ છે. તો સૌ બળમાં રહેશો. આશરો ને આધાર સ્વામી-શ્રીજીનો છે, તે રાખવો ને આનંદમાં રહેવું. આફ્રિકા દેશમાં સ્વામીને પ્રતાપે એવી સમજણવાળા છે. તો તેમનો સમાગમ કરવો...'

અમદાવાદથી હરિભક્તો તથા યુવકો પણ અહીં લાભ લેવા આવ્યા હતા. મંગળવારે રાણીપ મંદિરમાં રાત્રે ૧૨-૦૦ વાગ્યા સુધી કથાવાર્તા થઈ. યુવક મંડળની સ્થાપના કરી.

બુધવારે ડૉ. મધુભાઈને ત્યાં રામનગરમાં જાહેર સભામાં સાબરમતીની જનતાએ સારો લાભ લીધો. ધર્મનગર વિદ્યાલયમાં વિદ્યાર્થીઓને આશીર્વાદ આપ્યા. અહીંથી નીકળતાં સ્વામીશ્રીએ ૪૨ નવાં મકાનોમાં ફૂલ છાંટી, ઠાકોરજી પધરાવી પાવન કર્યાં. પાવર હાઉસમાં હરમાનભાઈને ત્યાં પધરામણી કરી, શાહીબાગ આવી પહોંચ્યા. રાત્રે ૧૨-૦૦ સુધી કથાવાર્તા કરી.

શુક્રવારે વલસાડ લોકલમાં અટલાદરા પધાર્યા. અહીંથી એક દિવસ નવા સત્સંગી નટવરલાલ જેઠાલાલ બ્રહ્મભટ્ટને ત્યાં લગ્ન પ્રસંગે જાસપુર પધાર્યા હતા.

સોમવાર, તા. ૧૬-૧૨-'૫૭, અમદાવાદ થઈ સારંગપુર જવા નીકળ્યા. અમદાવાદ સ્ટેશને સેંકડો ભક્તો દર્શને આવ્યા હતા. સ્વામીશ્રીનાં દર્શનની તાણ સૌને ખૂબ રહેતી. જેમ લોહચુંબક લોઢાને ખેંચે એમ કોઈ વિશિષ્ટ ગુરુત્વાકર્ષણથી દરેક ખેંચાતા અને સ્વામીશ્રી પસાર થવાના હોય ત્યારે સ્ટેશનો ઉપર, રસ્તાઓ ઉપર, વહેલી સવારે કે મોડી રાત્રે પણ હરિભક્તોનાં ટોળેટોળાં દર્શન માટે ઊમટી પડતાં. ત્યારે જણાતું કે સ્વામીશ્રીમાં રહેલા મહારાજ સૌને ખેંચે છે. યુવકો સાબરમતી સ્ટેશન સુધી સાથે રહ્યા. સ્વામીશ્રીએ તેમની પાસે કીર્તનો ગવરાવ્યાં.

સફલા એકાદશી સારંગપુર ઊજવી. તા. ૧૯-૧૨-'૫૭, તાજપુરથી ગાડામાં લાઠીદડ થઈ નિંગાળા સ્ટેશને આવ્યા. અહીં ઠાકરશીભાઈ, હકાભાઈ વગેરે ભક્તો મળ્યા. સ્વામીશ્રી તેમને ભેટી પડ્યા. પછી ગઢડા થઈ ટ્રેક્ટરમાં ઢસા આવ્યા. અહીંથી ટ્રેનમાં સાવરકુંડલા પધાર્યા. સ્ટેશન ઉપર મેઘજી ઉકા મિસ્ત્રી તથા દાદાભાઈ વગેરે ભક્તો તેડવા આવ્યા હતા. વાજતે-ગાજતે ઉતારે આવ્યા. રસ્તામાં ઘણા ભાવિકોએ ફૂલહાર કરી સ્વામીશ્રીના આશીર્વાદનો લાભ લીધો.

સાંખ્ય તે શું ?

તા. ૨૧-૧૨-'૫૭થી પ્રમુખસ્વામીએ 'સત્સંગિજીવન'ના બીજા ભાગની પારાયણ શરૂ કરી. સ્વામીશ્રી, કાનજીભાઈ, મોહન બગડ તથા હરમાનભાઈ વગેરે વાતો કરતા. બાઢડા અને મહુવાના બાળ-યુવકો અષ્ટકો, શ્લોકો, કીર્તનો તથા સ્વામીની વાતો મોઢે બોલતા. મૂકસેવક મેઘજીભાઈએ સૌની ઉત્તમ સેવા કરી. પાછળથી મોટાસ્વામી પણ પારાયણમાં આવ્યા હતા. આજુબાજુનાં ગામોના ઘણા ભક્તોએ આ લાભ લીધો. બધાને ખૂબ નવચેતન મળ્યું અને સ્વામીશ્રીને પોતાને ગામ પધરાવવાનો ઉત્સાહ જાગ્યો. સાવરકુંડલામાં જ ૬૦ જેટલી પધરામણીઓ થઈ. શનિવાર, તા. ૨૮-૧૨-'૫૭, પારાયણની પૂર્ણાહુતિ થઈ.

સ્વામીશ્રીએ અહીં પારાયણમાં નાગરદાસ વકીલને પ્રશ્ન પૂછ્યો : 'સાંખ્ય તે શું ?' નાગરદાસભાઈએ જવાબ આપ્યો કે 'પ્રકૃતિના કાર્યને નાશવંત સમજવું તે સાંખ્ય.' સ્વામીશ્રી હસતાં હસતાં કહે : 'તેમાં તમારો શો દહાડો વળ્યો ? પણ બીમાર પડાય ત્યારે ધીરજ રહે, મન મોળું ન પડે ને ભગવાનનું ભજન થયા કરે, તો સાંખ્ય સિદ્ધ થયો કહેવાય.'

પારાયણ પછી નાગરદાસભાઈ મહુવા ગયા અને તરત જ તેમને સખત તાવ ચડ્યો. ત્યારે નાગરદાસભાઈને સમજાયું કે સ્વામીશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો હતો તે પોતાને જે તાવ આવવાનો હતો તેમાં ધીરજ આપવા તથા શાંતિથી સત્સંગ કરવા માટેનું રહસ્ય સમજાવવા માટે હતો. સ્વામીશ્રી મહુવા પધારે તે પહેલાં તેમનો તાવ બે દિવસમાં ઊતરી ગયો. સર્વે કામકાજ શાંતિથી ઊકલી ગયું.

'ભગવાનને પણ આવવું પડે'

સાવરકુંડલાથી પૂર્ણાહુતિને દિવસે સાંજે ૪-૦૦ વાગે નીકળી સ્વામીશ્રી સંતો સાથે સેંજળ દરબારને ત્યાં પધાર્યા. ગામમાં લગભગ ૧૫ પધરામણીઓ થઈ. અહીંથી સેલણા થઈ ભમોદરા પહોંચ્યા. અહીંના દરબારે વાજતે-ગાજતે સ્વામીશ્રીનું સ્વાગત કર્યું. ગામના જુવાનિયા ડાંડિયા-રાસ લેતા સામૈયામાં આગળ ચાલતા હતા. હરિલાલ માસ્તર તથા ગોરધનભાઈ મિસ્ત્રી વગેરે ભક્તોએ પ્રેમથી સેવા કરી. દરબારને ત્યાં મહારાજનાં પ્રસાદીનાં ચરણારવિંદ, નખ-કેશ વગેરેનાં દર્શન કર્યાં. રાત્રે ૧-૦૦ વાગે સાવરકુંડલા જવા નીકળ્યા.

રસ્તામાં પીયાવા ગામના હરિભક્તો પેટ્રોમેક્સ લઈને રાતના ૯-૦૦

વાગ્યાથી કડકડતી ઠંડીમાં સ્વામીશ્રીની પ્રતીક્ષા કરતાં ઊભા હતા. સ્વામીશ્રીને ગામમાં પધરાવવાનો સૌનો ખૂબ ભાવ અને આગ્રહ હતો. મોડું ઘણું થયું હતું, છતાં સ્વામીશ્રી તેમનો ભાવ અને શ્રદ્ધા જોઈ હસતાં હસતાં બોલ્યા : 'ઓહોહો ! આટલો દાખડો કરી ટાઢમાં ઊભા રહ્યા ! કેમ ન આવીએ ? ભગવાનને પણ આવવું પડે !' રાત્રે સાત ઘેર પધરામણી કરી, ૨-૩૦ વાગે સાવરકુંડલા પહોંચ્યા.

બીજે દિવસે સવારે ૮-૦૦ વાગે ૬૦ જેટલા સંતો-હરિભક્તો સાથે બસમાં, સ્વામીશ્રી ચલાલા જવા નીકળ્યા. રસ્તામાં કેરાળા ગામમાં મંદિરે દર્શન કર્યાં. કૃષ્ણચરણદાસ સ્વામી સાથે સ્વામીશ્રી પાર્ષદ તરીકે અહીં આવેલા, ત્યારે આ મંદિર-નિર્માણમાં તથા કૂવો ખોદવામાં ઘણી સેવા કરી હતી. અહીં સભા કરી, ૧૨-૦૦ વાગે ધારગણી પધાર્યા. વલ્લભભાઈએ સારી સેવા કરી. રાત્રે બાર વાગ્યા સુધી પધરામણીઓ થઈ. સવારે નિશાળમાં બાળકોને પતાસાં વહેંચી ગાડામાં ચલાલા જવા નીકળ્યા. રસ્તામાં મંદિર માટે પ્લોટ ઉપર ફૂલ છાંટી, જલદી મંદિર કરવા ચલાલાના ભક્તોને આજ્ઞા કરી. બપોરે ત્રણ વાગ્યા સુધી પધરામણી કરી. પછી ઠાકોરજી જમાડી ચાર થી છ સત્સંગ સભા કરી. સ્વામીશ્રીએ ધર્મ-નિયમ ઉપર વાતો કરી. સંતોનાં વાણી ને વર્તનથી ગામલોકો બહુ પ્રભાવિત થયા. રાત્રે પણ ઘણી પધરામણીઓ થઈ.

વળતે દિવસે ખાંભા પહોંચ્યા. ચિત્તલના રામજી શેઠે સૌની સારી સેવા કરી. સાંજે વાડીએ નાહવા-ધોવા ગયા હતા. અહીં મંદિર નાનું હોવાથી વાડીમાં જ સત્સંગ થતો. સાંજે પધરામણીઓ કરી, ઠાસરાના ફોજદાર હરિભક્તને ત્યાં ઠાકોરજી જમાડી, તા. ૧-૧-'૫૮, સવારે તુલસીશ્યામ જવા નીકળ્યા.

અહીં મહારાજની પ્રસાદી સ્થાનોનાં દર્શન કરી, ઊંટવાડા થઈ, રાજુલા પધાર્યા. રાત પડી ગઈ હતી. છતાં સૌએ શોભાયાત્રા કાઢી સ્વાગત કર્યું અને ભૂતા શેઠને બંગલે ઉતાર્યા. રાત્રે જાહેર સત્સંગ સભા યોજાઈ. બીજે દિવસે હાઈસ્કૂલમાં વિદ્યાર્થીઓને સ્વામીશ્રીએ સંબોધન કર્યું હતું.

ભક્તની ટેકથી મીરા શેખ નાસે છે

અહીંના ખોડીદાસ વિઠ્ઠલદાસનાં બહેન જીવીબહેનને ભૂત વળગેલું. તેથી સાસરેથી પિયરમાં તેડી લાવ્યા હતા. ખોડીદાસને ભગવાન સ્વામિનારાયણમાં તથા સ્વામીશ્રીમાં અપાર શ્રદ્ધા અને દૃઢ નિષ્ઠા; એટલે બીજા દેવ-દેવી, ભૂવા-ડાકલામાં માને નહીં; પરંતુ તેના પિતાશ્રી વિઠ્ઠલભાઈએ તો દોરા-ધાગા શરૂ

કર્યા. વિઠ્ઠલભાઈને કોઈએ સલાહ આપી કે બાઈને રાજુલાથી બે માઈલ દૂર 'મીરા-દાતાર'ની દરગાહ આવેલ છે, ત્યાં લઈ જાવ. આથી તેને સવારે ત્યાં લઈ જતા અને સાંજે પાછા ઘેર લાવતા.

ખોડીદાસને આ જરાય પસંદ પડ્યું નહીં. તેમણે તેને સારંગપુર હનુમાન લઈ જવાની સલાહ આપી, કારણ કે સદ્. ગોપાળાનંદ સ્વામીનું આ અતિ પ્રસાદીનું સ્થાન છે. તેમણે પિતાને સાચું સમજાવતાં કહ્યું કે 'તમે મુસલમાન મુજાવર પાસે ભૂત કઢાવવા શા માટે જાવ છો ?' છતાં તેના પિતા માન્યા નહીં અને જીવીબહેનને લઈને અઠવાડિયું મીરા દાતારની જગ્યામાં રહી આવ્યા.

જે દિવસે રાજુલા ઘેર આવ્યા, તે દિવસથી જીવીબહેન ધૂણીને બોલવા લાગ્યાં કે 'હું મીરા શેખ છું.' ખોડીદાસ આ વખતે મેડા ઉપર વચનામૃત વાંચતા હતા. તેને બધાએ નીચે બોલાવ્યા. જીવીબહેનમાં જે મીરા શેખે પ્રવેશ કરેલો તેણે ડોળા કાઢી ખોડીદાસનો હાથ પકડ્યો અને હચમચાવ્યો અને કહે કે 'તું મારી નિંદા કેમ કરે છે ? અને ઇષ્ટદેવ સિવાય બીજાને માથું નહિ નમાવું, તેમ કેમ કહે છે ?' આમ કહી ફરી વાર તેનો હાથ ખેંચીને બોલ્યો કે 'બોલ, મને માથું નમાવે છે કે નહીં ?'

ખોડીદાસને તો જીવમાં બળ હતું તેથી તે બોલ્યા કે 'માથું તો ફક્ત મારા ભગવાન અને ગુરુને જ નમશે. તારા જેવા લબાડને નહીં, સમજ્યો ?'

આથી તે એકદમ ખીજાયો અને ખોડીદાસનાં માતુશ્રીને સંબોધીને બોલ્યો કે 'તારા દીકરાને સમજાવ, નહીં તો તારું ધનોત-પનોત કાઢી નાખીશ.'

આથી તેમનાં માતુશ્રી રડવા લાગ્યાં. ઘરનાં સગાં-સંબંધી મળી ૪૦ માણસો ભેગાં થઈ ગયાં હતાં, તે બધાં ખોડીદાસને સમજાવવા લાગ્યાં કે 'મીરા દાતાર કોપાયમાન થયા છે, માટે તેમનું કહ્યું માની જાવ અને માથું નમાવીને માફી માગી લો.'

ખોડીદાસે તરત જ તાળી પાડીને મોટેથી સૌને કહ્યું કે 'મારી વાત સાંભળો. મારા ઇષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાનની ઇચ્છા વિના એક સૂકું પાંદડું પણ હાલી શકે તેમ નથી. અને એમનું સાક્ષાત્ સ્વરૂપ હાલ યોગીજી મહારાજ છે. માટે જો આ પીરમાં શક્તિ હોય, તો તેનાથી જે થાય તે મારું ભૂંડું કરી લે.'

આથી તેમના પિતાશ્રી વિઠ્ઠલભાઈ જોડો લઈને ખોડીદાસને મારવા દોડ્યા અને બોલ્યા કે 'તને કંઈ ભાન છે કે નહીં ? દેવની સામે આમ બોલાય ?'

ખોડીદાસે મીરા શેખની સામે તિરસ્કારથી જોઈને કહ્યું કે 'મારી સાથે

બાથ ભીડવી રહેવા દે અને જ્યાંથી આવ્યો છે ત્યાં સીધી રીતે જતો રહે, નહીં તો મારા ગુરુ મહાસમર્થ છે. હું ફક્ત સંકલ્પ કરીશ તોપણ તારું ધનોત-પનોત નીકળી જશે અને હજી આનાથી ઊતરતી કોટિમાં જઈશ.'

આમ કહી ખોડીદાસ સત્સંગ સભામાં ચાલ્યા ગયા. જે હાજર હતા તે તો ખોડીદાસની હિંમત અને દૃઢતા જોઈ જ રહ્યા. મીરા શેખનું મોઢું પડી ગયું અને થોડી વારમાં જીવીબહેનના શરીરમાંથી તે વિકરાળ પ્રેતે વિદાય લીધી. ત્યારબાદ જીવીબહેનના દેહમાં કોઈ દિવસ ભૂત-પ્રેતનો વળગાડ થયો નહીં.

સ્વામીશ્રીએ જ્યારે આ વાત જાણી ત્યારે ખોડીદાસની નિષ્ઠાથી ખૂબ જ પ્રસન્ન થયા અને ખોડીદાસે પણ સ્વામીશ્રીને નમ્રભાવે પ્રાર્થના કરી કે 'આપે બહેનની ઘણી રક્ષા કરી છે, તો આવી ને આવી નિષ્ઠાનું બળ તેને પણ રહે અને અંતકાળે આપ અમને લેવા પધારો.'

સ્વામીશ્રીએ રાજી થઈને આશીર્વાદ આપ્યા. સૌને સમજાયું કે નિષ્ઠા વિના જ વહેમ અને અંધશ્રદ્ધાની પોલ રહે છે. આને કારણે જ પીર, દાતાર કે ભૂતાદિ અથવા મલિન દેવ-દેવીઓ દુ:ખ આપે છે; માટે હવે સર્વોપરી નિષ્ઠાનું બળ રાખવું. આ પછી તેમનું આખું કુટુંબ સત્સંગી થયું અને સ્વામીશ્રી પાસે વર્તમાન ધરાવ્યાં. વળતે દિવસે સવારની ૫-૦૦ વાગ્યાની ટ્રેનમાં મહુવા પધાર્યા.

સમે સમે સંભાળ લેતા

સ્ટેશનથી ઘોડાગાડીમાં બેસીને ગામમાં ઉતારે જવાનું હતું. ઘોડાગાડીમાં ચાર જણાથી વધારે બેસાડાય નહીં એવો કાયદો. તેથી બે ઘોડાગાડી કરેલી, પણ સંતો નવ હતા. તેથી પાર્ષદ વિનુ ભગતને ચાલતા જવું પડે એ સ્થિતિ હતી.

સ્વામીશ્રી વિનુ ભગતને કહે : 'તમે બેસી જાવ.' પછી ઘોડાગાડીવાળાને કહે : 'દંડ અમે ભરી દઈશું.'

મોટાસ્વામી આકળા થઈને કહે : 'પોલીસ પકડશે તો દંડ કરશે ને આપણે હેરાન થઈશું.'

'પોલીસ કંઈ નહીં કરે. એને બેસી જવા દો. એકલો કેવી રીતે આવશે ?' સ્વામીશ્રીએ કહ્યું.

રસ્તામાં પોલીસ મળ્યો ને ગાડી ઊભી રખાવી. વધારે બેઠા હતા તેથી દંડ કર્યો. બે રૂપિયા લઈને ખિસ્સામાં મૂકી દીધા. મોટાસ્વામી ખિજાયા : 'હું કહેતો હતો પણ મારું માન્યું નહીં. દંડ ભોગવવો પડ્યો.'

સ્વામીશ્રી કહે : 'તમારી વાત સાચી. બે રૂપિયા ભલે લઈ લે, પણ ભગતને એકલા ચાલવું પડે ને !'

તે વખતે વિનુ ભગત એકલીયા પાર્ષદ હતા. છતાંય સ્વામીશ્રીનો આટલો આદરભર્યો વર્તાવ અદ્‌ભુત હતો.

સ્વામીશ્રી બોલી રહ્યા હતા ત્યારે વિનુ ભગત મનોમન ભાવવિભોર બની ગયા. તેમને નિષ્કુળાનંદ સ્વામીની પંક્તિઓ યાદ આવી ગઈ :

'વળી સમે સમે સંભાળ, જાણો કરે હરિજનની રે,
બીજું એવું કોણ દયાળ, કાં રે મનાય નહિ મનને રે.'

બાળકને માતા-પિતા ઉછેરે એવા લાડકોડથી, હેતથી, સ્વામીશ્રી નાના સંતો-પાર્ષદોને સત્સંગમાં નભાવતા, આગળ વધારતા ને વહાલ વરસાવતા. તેમને કોઈ પ્રકારનું ઓછું ન આવવા દેતા.

ત્રણ દિવસના મુકામ દરમ્યાન સ્વામીશ્રી રોજ ભગતજી મહારાજનાં જન્મ સ્થાન તથા સમાધિ સ્થાને દર્શને જતા ને આરતી-પ્રદક્ષિણા કરતા. એક દિવસ ભાદરોડ પણ પધાર્યા હતા.

વૃત્તિ કે જ્ઞાનનો સાક્ષાત્કાર ?

અહીં ગામની પવિત્ર નદીએ સ્વામીશ્રીએ ભક્તો સાથે સ્નાન કર્યું. ભગતજી મહારાજની અનન્યભાવથી શાસ્ત્રીજી મહારાજે બે માસ સેવા કરેલી તથા જે જ્ઞાનમાર્ગની સ્પષ્ટતા થયેલી, તે સંબંધી મુક્તરાજ મોતીભાઈ સાથે વાર્તાલાપ ચાલતો હતો. સાધુ થાવું, સાધુતા શીખવી તથા સ્વભાવ ટાળવા એ જ સાચા સત્સંગનું તથા સમાગમનું ફળ ગણાય, તેમ યુવક વર્ગને સંબોધીને સ્વામીશ્રી માર્મિક વચનો બોલી રહ્યા હતા. સૌ હરિભક્તો પર રાજીપો બતાવી પપૈયાનો તથા કેળાંનો પ્રસાદ હસતે મુખે આપી રહ્યા હતા.

તે વખતે મહુવાના એક સંસ્કારી યુવકે આગ્રહભરી વિનંતી કરી કે તેને સમાધિ સિદ્ધ થાય અને મહારાજની મૂર્તિ અખંડ દેખાય.

ત્યારે હસતાં હસતાં સ્વામીશ્રીએ તે યુવકને સમજણ આપી, ભારપૂર્વક જ્ઞાન-સમાધિનો મહિમા સમજાવ્યો કે –

'ગુણાતીત જ્ઞાન તથા નિર્વિકલ્પ નિશ્ચય એ જ સાચી સમાધિ છે, નિર્ગુણ સમાધિ છે. બીજી બધી સ્થિતિમાં દેશકાળ લાગે, દૈવી માયામાં લેવાઈ જવાય અને પ્રસંગે સત્સંગ મૂકીને પણ ચાલ્યા જાય તેવું બને. પણ તત્ત્વે કરીને સાચા

સત્પુરુષ થકી જેમ ભગતજી મહારાજે નિર્માનીપણે, નિષ્કપટભાવે ગુણાતીત જ્ઞાન સિદ્ધ કર્યું ને હજારોને તે જ્ઞાન આપી સુખિયા કરી દીધા, તેમ જ સાધુ-સમાગમમાં આજ્ઞા પ્રમાણે વર્તીને માયા પરનું નિર્દોષબુદ્ધિનું જ્ઞાન શીખી લેવું, જેથી કદીય દેશકાળ લાગે જ નહિ.

'સમાધિ વિજ્ઞાનદાસજીને થતી ને ત્રણ ઘર કર્યાં તથા કેટલાયને મહારાજની મૂર્તિ અખંડ દેખાતી પણ સત્સંગ મૂકીને ચાલ્યા ગયા છે; પણ સંતને સેવીને અનુવૃત્તિ પ્રમાણે વર્તનારને અચળ નિશ્ચય રહ્યો છે ને નિર્ગુણ ભક્તિને પ્રાપ્ત કરી છે. માટે વૃત્તિના સાક્ષાત્કાર કરતાં જ્ઞાનનો, આત્મા-પરમાત્માના સ્વરૂપના દૃઢ જાણપણાનો સાક્ષાત્કાર સિદ્ધ કરવો, જેથી માયા પરાભવ ન કરે. ને એવા ગુણાતીત જ્ઞાનના ધારક સર્વ યુવકોને કરવા છે, એવા રૂડા આશિષ તમો બધાને આપીએ છીએ.'

આવો વાર્તાલાપ સાંભળીને તે યુવકની ભડકો જોવાની, પ્રકાશ દેખવાની કે સમાધિમાં પ્રસાદી માગી રાજી થવાની ભ્રમણાઓ ટળી ગઈ. પ્રત્યક્ષ સત્પુરુષને વિષે જ દિવ્યભાવ કેળવીને, આજ્ઞામાં ટૂક ટૂક વર્તીને, તેવો દૃઢ નિશ્ચય કરવાના રૂડા આશિષ તેણે પ્રાપ્ત કર્યા.

ઘોડાગાડીઓ કરી એક દિવસ સ્વામીશ્રી કુંદનપુર પધાર્યા. અહીં ભગતજી મહારાજનો સમાગમ કરવા શાસ્ત્રીજી મહારાજ આવતા. જે મેડી ઉપર ઊતરતા ત્યાં દર્શન કર્યાં. તથા રુક્મિણી-હરણ થયું એ મંદિરનાં દર્શન કરી, સૌ સાથે સમુદ્ર-સ્નાન કર્યું.

તા. ૬-૧-'૫૮, હીરજીભાઈને ત્યાં તળાજા આવી પહોંચ્યા. અહીં ટેકરી ઉપર મહારાજ ત્રણ દિવસ રહેલા, તે પ્રસાદી સ્થાનનાં દર્શન કર્યાં.

તણસા થઈ ભાવનગર ત્રણ દિવસ સૌને કથાવાર્તાનો લાભ આપ્યો. દરેડ બાપુ મહિપતસિંહજીને ત્યાં તેમના જન્મદિન નિમિત્તે પધરામણી કરી ત્યારે વળા, લાઠી તથા લીંબડી વગેરે સ્ટેટના ઘણા દરબારોએ સ્વામીશ્રીનાં દર્શન અને આશીર્વાદનો લાભ લીધો હતો.

તા. ૧૨-૧-'૫૮, ભાવનગરથી નીકળી શિહોર, સોનગઢ, પાલિતાણા, આટકોટ થઈ રાત્રે ગોંડલ પધાર્યા.

ગોંડલી નદી ઉપર ઘાટનું કામ ચાલતું હતું. ગોંડલ પધારે એટલે સ્વામીશ્રી કામકાજનું નિરીક્ષણ કરતા. જરૂરી સૂચના અને વ્યવસ્થા કરતા. જો કે એમની ગેરહાજરીમાં પણ દાજી બાપુ તથા છોટુભાઈ વકીલ વગેરે કામ બરાબર જોતા.

પૂરે હૈડાની હામ

અહીં એક દિવસ રામોદના મોહનભાઈ, પ્રેમજીભાઈ મિસ્ત્રી, ભૂરાભાઈ આદિ હરિભક્તો સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. સ્વામીશ્રી સભામંડપમાં બિરાજી પત્રલેખન કરતા હતા. થોડી વારમાં 'વાસુદેવ હરે' થયા. સ્વામીશ્રીએ સૌને કહ્યું : 'જમવા જાવ, પછી સભામાં આવજો.'

સંતોએ સૌ હરિભક્તોને સારી રીતે જમાડ્યા. દાળ-ભાત પીરસાઈ ગયાં. ભૂરાભાઈને સંકલ્પ થયો : 'જો સ્વામીશ્રી પીરસવા આવ્યા હોત, તો પ્રસાદી મળત. પણ હવે શું ? સ્વામીશ્રી તો સભામંડપમાં ટપાલ લખી રહ્યા છે.'

ત્યાં જ તેમણે સ્વામીશ્રીને હાથમાં લાડુની કથરોટ લઈને સામે ઊભેલા જોયા ! સ્વામીશ્રીએ બાલમુકુન્દદાસ સ્વામીને કહ્યું : 'આ ભૂરાભાઈ, મોહનભાઈ બધાને ભાત જલદી ન પીરસાય, પહેલા લાડુ પીરસવા જોઈએ.' એમ કહીને પોતે લાડુ પીરસવા લાગ્યા.

બધાએ કહ્યું : 'બાપા ! બહુ તૃપ્ત થયા છીએ.'

છતાં સ્વામીશ્રીએ એક એક લાડુ બધાને પીરસ્યો ને બોલ્યા : 'પ્રસાદીનો લાડુ છે, જમો.' એમ કહીને ભૂરાભાઈને પીરસતાં કહે : 'લ્યો, સંકલ્પ પૂરો થયો.'

સ્વામીશ્રીએ અંતર્યામીપણે જાણીને સભામંડપમાંથી આવીને તેમની ઇચ્છા પૂરી કરી હતી. આવા એમના અદ્‌ભુત પ્રેમનો લાભ કોઈ ભેદભાવ વગર ભક્તોને સદાય મળતો રહેતો. જેના અનુભવમાં સૌ ભક્તો મહાલતા રહેતા.

રાજકોટ જતા રસ્તામાં ગુરુકુળ આવ્યું. એટલે 'જય ગુરુકુળ' એમ જયનાદ બોલાવી, પ્રણામ કરી, મોટર થોભાવી. સ્વામીશ્રી ગુરુકુળમાં પધાર્યા. સંતો તથા બાળકોને મળ્યા પછી, શહેરમાં કડિયા શેરીના મંદિરે ઉતારે પધાર્યા. સત્સંગમાં ચાલતી વિદ્યાદાનની પ્રવૃત્તિઓ સ્વામીશ્રીને બહુ જ ગમતી અને આવાં વિદ્યાક્ષેત્રોમાં સ્વામીશ્રી અચૂક પધારતા, આ પ્રવૃત્તિ કરતા સૌને પ્રોત્સાહન આપતા.

રોજ સવારે નિત્યકર્મથી પરવારી સ્વામીશ્રી અદાની દેરીએ પધારતા. અહીં પ્રદક્ષિણા, ધૂન, કથાવાર્તા કરી મોટા મંદિરે દર્શને પધારતા. પછી પધરામણીઓ કરતા. મોડી બપોરે ઠાકોરજી જમાડવાના. સાંજે પણ પધરામણીઓ થતી. રાત્રે મંદિરમાં કથા-સમયે પધારતા. પાંચ દિવસના અહીંના મુકામ દરમિયાન લગભગ ૨૦૦ પધરામણીઓ થઈ. ઘણા નવા નવા મુમુક્ષુઓ

સત્સંગમાં જોડાયા.

એક દિવસ રાત્રે ઝવેરકાકાને ત્યાં પણ કથાવાર્તાનો કાર્યક્રમ યોજાયો હતો. રાતની સભામાં ધૂન-ભજન સાજ સાથે થતાં, તેથી સૌને ખૂબ આનંદ આવતો. ધૂન-ભજનની રમઝટમાં સ્વામીશ્રી પણ ડોલતા અને તાળી વગાડી સાથ આપતા.

ભગવાનના બળનો પ્રભાવ

તા. ૧૬-૧'-૫૮ના સવારે ૭-૪૫ વાગે ગ.મ. ૨૮મું વચનામૃત વંચાવી બોલ્યા કે 'આ વચનામૃતમાં મહારાજે કહ્યું છે - ભગવાનના ભક્તનો અભાવ ન આવવા દેવો ને અવગુણ ન લેવો.'

'અભાવ, અવગુણ તે શું ? ક્યાંથી આવતા હશે ? અંતરમાંથી આવે છે કે બહારના સંગથી આવે છે ?' પછી પોતે જ ઉત્તર કર્યો : 'અભાવ એટલે કોઈક હરિભક્તથી કાંઈ ભૂલ થઈ ગઈ હોય અગર કાંઈ થોડું બન્યું હોય, તેનો ફજેતો કરે અને વિસ્તારથી બીજાને સંભળાવે, એનું નામ અભાવ; અને જે એમ કરે તેને એ હરિભક્ત દીઠો ન ગમે અને આંટી પડે. હવે અવગુણ એટલે કાંઈ દોષ ન હોય ને આઘુંપાછું ન કરતો હોય, તેનામાં પણ દોષ કહે તે અવગુણ.

'આસુરી જીવના હૃદયમાં તો અભાવ, અવગુણ વસેલા જ હોય; અને બીજાને તો આવે અને ટળી જાય, એ મનની અસ્થિરતા છે. કોઈનું વાંકું સાંભળે તો પંડે જોયું ન હોય તોપણ હૈયામાં ગરી જાય; અને ઝાઝો કુસંગ કરે તો હડકાયા કૂતરાની લાળથી જેમ હડકવા ચાલે અને મોત થાય, તેમ જીવ નાશ પામે, એટલે આસુરીભાવને પામી જાય.

'મોટાપુરુષ એક વાર કહે કે 'આ નિર્દોષ છે' અને એ વચન જો મનાઈ જાય, તો એમ કરતે કરતે બુદ્ધિ સ્થિર થઈ જાય, દિવ્યભાવ આવે અને સેવા કરવી ગમે. પણ મોટાપુરુષ ચાર-પાંચ વાર કહે ને કરે, તેમાં શું વળે ? મોટાનો મત એ જ છે અને શ્રીજીમહારાજે પણ પાને પાને કહ્યું છે જે, અભાવ-અવગુણમાં પડશો નહિ. પછી આપણને જોવાનો અધિકાર જ નથી. મહારાજ પંડે પણ જોતા નથી. માટે એ બારી જ બંધ કરવી. આ તો જીવનદોરીનું વચનામૃત છે. દોરી તૂટે તો મોત થશે. જેમ નાડી તૂટે તો દેહનું મોત થાય છે, તેમ આ જીવનું મોત સમજવું.

'જ્યાં સુધી સાધનનું બળ છે, ત્યાં સુધી અભાવ-અવગુણ રહ્યા કરે છે. જો મહારાજનું બળ હોય તો અભાવ-અવગુણ આવે જ નહિ. કોઈ વધારે જમતો

હોય અને આપણે ત્યાગ રાખતા હોઈએ તો તે ન જોવું.

'મહારાજ કહે : જો કોઈ અમારી અખંડ ભક્તિ કરતો હોય, પણ જો કોઈ ભગવાનના ભક્તનું ઘસાતું બોલતો હોય, તો એવા ભક્ત ઉપર હેત રાખવા જાઉં, ભેટવા માટે અંતર ઊભરાઈ આવે, તોપણ એમ થાય જે, 'જવા દે, ટાઢે કોઠે બલા છે ! શું મોઢું જોઉં !' એટલો બધો અભાવ અમને આવી જાય છે. કોઈ કાન ભેરવા આવે તે હું ન સાંભળું, પણ હું જાતે જોઉં અને તે પણ ઝાઝા દિવસ સુધી, ત્યારે અવગુણ આવે છે.

'આપણે તો નાના-મોટા જોયા સિવાય સેવા કરવા મંડી પડવું. મહારાજે સેવા જ બતાવી છે. ઉકાખાચરની જેમ સેવાનું વ્યસન પાડી દેવું. વ્યસન નહિ પડે ત્યાં સુધી સેવા ગમશે નહિ. મનના ભુક્કા બોલાવવા, ત્યાં સુધી મંડી પડવું. મરજી જાણીને એક વાર કહ્યે મંડી પડે તે ઉત્તમ. તો ધામમાં જ બેઠા છે. અમારી પાસે જ છે. એમ મહારાજ કહે છે. વૈતરું ન કરવું, પણ સેવા કર કર કરવી. એ અખંડ રાજીપાનું સાધન છે.'

તા. ૧૮-૧-'૫૮, સાંજે સ્વામીશ્રી ગોંડલ આવી પહોંચ્યા. બીજે દિવસે જેતપુર, જૂનાગઢ, વંથળી થઈ, સાંજે માણાવદર આવ્યા.

સૌ પ્રથમ મંદિરમાં ઠાકોરજીનાં દર્શન કરી, ઈશ્વરાનંદ બ્રહ્મચારીને મળ્યા. જ્યારે જ્યારે સ્વામીશ્રી માણાવદર પધારે, ત્યારે સ્વામીશ્રી જૂના પ્રસાદીના બ્રહ્મચારી મહારાજને દર્શને જાય. સ્વામીશ્રી મંદિર અને ઠાકોરજી જેવો જ મહિમા, આવા જૂના સંતો-હરિભક્તોને પણ સમજતા. તેમને મળતા. ખબર-અતર પૂછતા. તેમની પાસેથી જૂની પ્રસાદીની વાતો સાંભળતા. પોતે ખૂબ આદર આપતા અને સાથે ફરતા સંતો-હરિભક્તો તથા યુવકોને પણ તેમનો મહિમા સમજાવતા ! સ્વામીશ્રી સત્સંગ-પ્રણાલી તથા જૂના સંતો-હરિભક્તો પ્રતિ આદર રાખતા. તેમનું ગૌરવ હંમેશાં વધારતા.

અહીંથી તા. ૨૧-૧-'૫૮, સ્વામીશ્રીએ 'સ્વામિનારાયણ પ્રકાશ' દ્વારા સમગ્ર સત્સંગ ઉપર બળનો પત્ર લખ્યો :

'અહોહો ! લાભ મોટો મળ્યો છે. પણ ખોટ્ય જ્યાં નડે છે, તે સમાગમ નથી થાતો તેની નડે છે. ને વહેવારની ગૂંચવણી નડે છે. તે ગૂંચવણી કેમ ટળે ? તો મોટાપુરુષના આશીર્વાદ થાય તો ટળે. તે આશીર્વાદ કેમ થાય ? તો ત્રણ વાનાં હોય તો આશીર્વાદ થાય.

'નાનપણમાં સંસ્કાર થાય ને પછી મુમુક્ષુતા ઉત્પન્ન થાય, તે પછી

આશીર્વાદ મળે છે. માટે આપણે સંસ્કાર તો ઘણા છે, પણ મુમુક્ષુતા ઉત્પન્ન થવી કઠણ છે. તે મોટાપુરુષ દયા કરે, તો મુમુક્ષુતા જાગે. ખપ જાગે. માટે આપણે ખપ ઉત્પન્ન કરવો. પ્રાપ્તિ મોટી છે. તે ન સમજાય તો ખોટ ઘણી જ છે.

'માટે હે ભાઈઓ ! ખપ જગાડો, બળ રાખો. આ જન્મ ફરી ફરી મળે તેમ નથી. માટે અત્યારે મોટાપુરુષનો સમાગમ કરીને, જીવનું આત્યંતિક કલ્યાણ કરો તે આશીર્વાદ છે.'

સત્પુરુષ એટલે ગુણાતીત

માણાવદરમાં તા. ૨૩-૧-'૫૮ના દિવસે સ્વામીશ્રીએ લગભગ પોણો કલાક સુધી એકધારી વાતો કરી હતી અને તે પ્રસંગે વચનામૃતમાં જ્યાં જ્યાં સંત કે સત્પુરુષનો સમાગમ કરવાનું મહારાજે કહ્યું છે, તે સંત ગુણાતીત જ અર્થાત્ ગુણાતીતના સંપૂર્ણ સાધર્મ્યપણાને પામેલા તત્સ્વરૂપ સત્પુરુષ ! આ મુદ્દા ઉપર સ્વામીશ્રીની આ રહસ્યમય વાતો હતી :

'ગ.મ. ૭ વચનામૃતમાં મુક્તાનંદ સ્વામીએ વિકાર ટાળવાનો ઉપાય મહારાજને પૂછ્યો, ત્યારે મહારાજે કહ્યું, 'કોઈ મોટા સંત હોય તેની અતિશય સેવા કરે અને પરમેશ્વરની આજ્ઞામાં મંડ્યો રહે, તો પરમેશ્વરની કૃપા થાય અને વિકારમાત્ર ટળી જાય.' મુક્તાનંદ સ્વામી જેવા સર્વોપરી સાધુતાના ગુણે યુક્ત સાધુને પણ મહારાજે કોઈ મોટા સંત બતાવ્યા. એવા મોટા સંત કોણ હશે ? તે જ ગુણાતીત ! મુદ્દો એ છે કે સંતની સેવાથી જ ભગવાનની કૃપા થાય છે અને વિકાર ટળે છે.

'છે. ૨ વચનામૃતમાં પણ મહારાજે કહ્યું છે કે 'પૂર્વ જન્મનો સંસ્કાર હશે તે પણ સત્પુરુષના યોગે થયો હશે અને આજ પણ જેને સંસ્કાર થાય છે તે પણ સત્પુરુષના યોગે કરીને જ થાય છે.' મહારાજનો સંગ તો સૌને હતો, છતાં સંત કેમ બતાવ્યા ? અને એ સંત કોણ ? એ આપણે સમજવું જોઈએ. એટલું જેને નથી સમજાતું, તેને મહારાજે આ વચનામૃતમાં અતિશય મંદબુદ્ધિવાળો કહ્યો છે.

'પ્રેમાનંદ સ્વામી '*વંદુ સહજાનંદ...*'નાં આઠ પદ બોલ્યા. ત્યારે મહારાજ રાજી થઈ ગયા અને કહ્યું કે 'આ સાધુને ઊઠીને દંડવત્-પ્રણામ કરીએ એવું મનમાં થાય છે.' પછી પ્રેમાનંદ સ્વામીને મહારાજે માગવાનું કહ્યું ત્યારે તેમણે માગ્યું કે 'આપની મૂર્તિ અખંડ અંતરમાં રહે.' એટલે મહારાજે કહ્યું : 'સાધુરામ ! એનાં તો સાધન જુદાં કરવાં પડે.' આ સાધન તે ગુણાતીતનો પ્રસંગ.

ગુણાતીત અથવા તે ભાવને પામેલા સત્પુરુષ કેવા હોય ?

'સદ્‌ગુરુ શબ્દાતીત પરમ પ્રકાશ હૈ;
જા કે શરણે જાય અવિદ્યા નાશ હૈ.'

'જાગા સ્વામી કહેતા કે 'ભગવાન પરોક્ષ મનાય છે, ગયા મનાય છે, મારું કાંઈ જાણતા નથી એમ મનાય છે, તે અજ્ઞાન છે.' જામનગરના મંદિરમાં ગુણાતીતાનંદ સ્વામી પોઢ્યા હતા ત્યારે જાગા સ્વામી નિષ્કુળાનંદ સ્વામીના શ્રીજીમહારાજના વિરહનાં પદ બોલ્યા કે -

'સખી શીયો કરું રે ઉપાય, પિયુ પરદેશ રે.'

'ત્યારે સ્વામી બેઠા થઈ ગયા અને બોલ્યા કે આ પણ મારા ગુરુનું એક અજ્ઞાન હતું કે પિયુ પરદેશ મનાયા. જ્યારે ભગવાન પ્રત્યક્ષ - નયનગોચર મનાશે, ત્યારે જ્ઞાન સિદ્ધ થશે.

'ગઢડાવાળા ઠક્કર નારણપ્રધાને સ્વામીને પૂછ્યું કે 'પંચ વિષય શી રીતે ટળે ?' ત્યારે સ્વામીએ કહ્યું : 'આત્યંતિક જ્ઞાન થાય ત્યારે વિષય ટળે. તે આત્યંતિક જ્ઞાન તો આ સાધુને ઓળખ્યા તે જ છે.'

'ગઢડામાં સંતો અંદર અંદર પ્રશ્ન-ઉત્તર કરતા હતા કે 'મહારાજ કૃપાસાધ્ય કે ક્રિયાસાધ્ય ?' ત્યારે કેટલાકે મહારાજ ક્રિયાસાધ્ય છે તેમ કહ્યું. એટલે મહારાજે કહ્યું : 'તમારું એવું કિયું સાધન છે જેથી હું રાજી થાઉં. સાધન તો સુષુપ્તિમાં લીન થાય છે, પણ મને પહોંચતું નથી. માટે ભગવાન કૃપાસાધ્ય છે.'

'જામનગરમાં સ્વામી પોઢતા હતા. તે વખતે એક મોટા ભક્ત સ્વામી પાસે આવ્યા. ત્યારે સ્વામીશ્રીએ પૂછ્યું : 'આ ટાણે કેમ ?' પછી સ્વામી ઊઠ્યા અને કહ્યું : 'તમારે વાતું સાંભળવી છે એટલે ઊઠ્યા છીએ, પણ આ સાધુને સંબંધે અન્ન પણ અન્નમય બ્રહ્મ બની જાય છે.' એમ એમની બધી ક્રિયા બ્રહ્મરૂપ છે. એટલે ગુણાતીત સૂતા છે તે દર્શન કરીએ અને તેમાં પણ વાતો સાંભળ્યા જેવું સુખ આવે, તો સાક્ષાત્ ગુણાતીત મનાયા કહેવાય; અને ત્યારે જ ગુણાતીત રાજી થાય.'

આ પ્રમાણે સ્વામીશ્રીએ અનહદ વાતો કરી. સ્પષ્ટ સમજાવ્યું કે વચનામૃતોમાં સત્પુરુષ, સંત કે ભક્તને મહારાજે ગુણાતીતની જ સંજ્ઞા આપી છે, અને ગુણાતીતાનંદ સ્વામીને સંબોધીને જ સંદિગ્ધ રીતે મહારાજે શબ્દો કહ્યા છે, કારણ કે કલ્યાણ માટે તો મહારાજે ભગવાન કાં સંત જ બતાવ્યા છે.

વંથળીમાં ૩૦ પધરામણીઓ કરી. વીરપુર થઈ તા. ૨૩મીએ બપોરે

ગોંડલ આવ્યા. અચાનક ગોંડલી નદીમાં સ્નાન કરવા પધાર્યા. પછી જ ઠાકોરજી જમાડ્યા. ત્યારપછી સભામંડપમાં બપોરની કથા કરવા આવ્યા, ત્યારે લંડનના હરિભક્ત સુમનભાઈના છ-સાત વરસના પુત્ર કિરણને રડતો જોયો. તેથી સ્વામીશ્રી તેની પાસે ગયા અને ધીમે રહીને કહ્યું : 'જો, જો, કીડીની મા મરી ગઈ !'

કિરણ તરત જ જોવા લાગ્યો ને ચૂપ થઈ ગયો. પછી તેણે સ્વામીશ્રી સામે જોયું. સ્વામીશ્રી મંદ મંદ હસતા હતા. કિરણ આ નિર્મળ હાસ્ય નિર્દોષભાવે જોઈ રહ્યો. તેનું મોં પણ મલકી ઊઠ્યું. બે નિર્દોષતાએ અહીં પ્રેમની ગોઠડી માંડી હતી !

સાંજે ટ્રેનમાં અમદાવાદ જવા નીકળ્યા. રાત્રે ૨-૩૦ વાગે વાંકાનેર, સુરેન્દ્રનગર વગેરે સ્ટેશનોએ હરિભક્તો સ્વામીશ્રીનાં દર્શને આવતા.

અમદાવાદથી લોકલમાં વડોદરા થઈ, અટલાદરા આવી પહોંચ્યા.

સાધુ થશો ?

શનિવાર, તા. ૨૫-૧-'૫૮, વસંત પંચમીના શુભ દિને સવારે, ગુજરાત કૉંગ્રેસ સમિતિના પ્રમુખ મગનભાઈ શંકરભાઈ પટેલ સાથે રહી, સ્વામીશ્રીએ અટલાદરામાં નિશાળનું ખાતમુહૂર્ત કર્યું. મગનભાઈએ શાસ્ત્રીજી મહારાજ તથા સ્વામીશ્રીના કાર્યની પ્રશંસા કરી અને ધાર્મિક સંસ્થાના શિક્ષણ કાર્યના ફાળાને બિરદાવ્યો. મહુધાવાળા હરિકૃષ્ણભાઈ અમીને પણ શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજની સાધુતાની પ્રશંસા કરી. દેશમાં તથા આફ્રિકામાં થતું ધર્મ-પ્રચારનું કાર્ય સાંભળી બહુ રાજી થયા. સ્વામીશ્રીએ પણ સુહૃદભાવ, પક્ષ અને ઉપાસના સંબંધી વાતો કરી. પાંચ થી છ હજાર જેટલા ભક્તોએ આ ઉત્સવનો લાભ લીધો હતો.

કંપાલામાં સિનિયર કેમ્બ્રીજ સુધીનો અભ્યાસ પૂરો કરીને મહેન્દ્રભાઈ વધુ અભ્યાસ માટે દેશમાં આવ્યા હતા. સ્વામીશ્રીનાં દર્શન થશે એ ભાવથી વસંત પંચમીના સમૈયા ઉપર તેઓ અટલાદરા આવ્યા. અહીં હરિભક્તોની ભીડ ઘણી હતી. સ્વામીશ્રીનાં દર્શન માટે આ બધા હરિભક્તો સાથે તેઓ લાઇનમાં ઊભા રહ્યા. તેમનો વારો આવ્યો. 'સાધુ થશોને ?' સીધો જ પ્રશ્ન સ્વામીશ્રીએ પૂછ્યો. 'ક્યારે દેશમાં આવ્યા ? આફ્રિકામાં બધા શું કરે છે ?' વગેરે કોઈ પ્રશ્નોત્તરીમાં ન પડતા એ જ જૂનો પ્રશ્ન; જે સ્વામીશ્રીએ ૧૯૫૫માં તેમને આફ્રિકામાં પૂછ્યો હતો. મહેન્દ્રભાઈ ફરી વિમાસણમાં મુકાઈ ગયા.

ત્રણ વર્ષના ગાળામાં તો મહત્ત્વાકાંક્ષાના કંઈક અવનવા મિનારાઓ બંધાઈ ચૂક્યા હતા. ત્યાગાશ્રમની અને સાધુ-જીવનની કઠિનાઈઓની વાતો એમણે ઘણી સાંભળી હતી. એ સંજોગોમાં કંઈક હિંમત બાંધીને બોલતાં તેમણે ના પાડી.

'પહેલાં તો હા પાડી હતી અને હવે કેમ ના પાડો છો ?' ત્રણ વર્ષ પહેલાં આફ્રિકા-જિન્જામાં મહેન્દ્રભાઈએ જે હા પાડેલી, તે વાતને આજે તાજી કરતા સ્વામીશ્રીએ તેમના ભીતરને ઢંઢોળ્યો. આંખોમાંથી અને હાથમાંથી જ્યાં હેતના હિંસોરા છૂટતા હોય, તેવા સ્વામીશ્રીના પ્રેમપાશમાં બંધાઈ ચૂકેલા મહેન્દ્રભાઈ અવાક્ બની ગયા. દર્શન માટે ઊભેલા હરિભક્તોની કતાર આગળ વધી અને એ પ્રશ્નનો ઉત્તર ન આપી શકાયો.

જમાત કરામત

અહીંથી એક પ્રેરક પત્ર સ્વામીશ્રીએ બધાં મંડળો ઉપર પત્રિકા દ્વારા લખ્યો હતો. જેમાં રવિસભા ભરવાનો સૌને આગ્રહપૂર્વક આદેશ આપ્યો હતો :

'અહોહો ! હર્ષદરાયભાઈ તથા મુંબઈ મંડળ દાખડો કરીને પત્રિકાઓ પરમ પૂજ્ય સ્વામી શાસ્ત્રીજી મહારાજને રાજી કરવા લખે છે; તો હવે સૌ હરિભક્તો તે પ્રમાણે દાખડા સામું જોઈને રવિવારે સભા ભરો. સ્વામી-શ્રીજી તથા શાસ્ત્રીજી મહારાજને રાજી કરવા સભા ભરો, તેટલી અમારી આગ્રહભરી વિનંતી છે; કારણ કે આ યુવક મંડળો કરીને આખો દેશ ડોલાવવાનો છે. ને જ્ઞાન સંપૂર્ણ આપીને સુખિયા કરવા છે, જેથી દેશકાળ ન લાગે ને આનંદના ફુવારા છૂટે ને કાયમ જ્ઞાનનું બળ રહે ને સ્થિતિ એકાંતિકની થઈ જાય; તે આખો સત્સંગ દિવ્ય લાગે. તે માટે રવિવારે સભા ભરો ને તેટલો આવરદાનો ભોગ આપો. ફક્ત એક જ કલાક પણ સભા ભરો. ને બીજા મુમુક્ષુને બોલાવીને સભામાં દાખલ કરો, તો સ્વામી-શ્રીજી સેવા માનશે.

'એક જીવને જો ભગવાન ભજાવે તો બ્રહ્માંડ ઉગાર્યાનું પુણ્ય મળે. તો હવે બળ રાખીને એકાંતિક ધર્મ સીધ કરો. આપણો તો મોટો આશય છે. અમેરિકા, લંડન, એશિયા ને આખા હિન્દુસ્તાનમાં સ્વામિનારાયણ નામ ગાજતું થાવ. તે સ્વામી પંડે બોલેલા છે કે પાંદડે પાંદડે સ્વામિનારાયણનું નામ ગાજતું થશે. તે સંકલ્પ, સ્વામીનો સંકલ્પ સીધ થાય છે. તેવો મોટો આશય સૌ રાખો તો જ આ કામ થાશે. સ્વામી શાસ્ત્રીજી મહારાજ વાત કરતાં જે જમાત કરામત.

'આવી રીતે સ્વામી વાત કરતાં. તો જમાત કરામતથી સંપ ને સુહૃદભાવ

આપણામાં એકતાપણું આવશે, તો બ્રહ્માંડ ડોલશે. મોટાના સંકલ્પ સીધ થાય છે. તો જેટલાં મંડળો છે તેટલાં મંડળો નિયમિત સભા ભરો. આટલી આજ્ઞા અવશ્ય પાળજો, જરૂર પાળજો. કામ તો સદાય કરવા છે, પણ આ કામ સભાનું મુદ્દાનું છે. તો કિંમતી મોક્ષની વસ્તુ છે, તેમ માનીને સભા ભરો. એ જ વિનંતી.

'તા. ૨૭-૧-'૫૮, અટલાદરા, મહા સુદિ ૭, સવારના ૯ાા વાગે સ્વામીની પ્રેરણાથી બે શબ્દ લખાણા છે તે માન્ય કરશો. સૌ હરિભક્તો-સંતો રાજી રહેશો.'

અહીંથી સ્વામીશ્રી કરાલી, સલાડ, આમલિયારા, પાલેજ, ઠીકરિયા થઈ કેલોદ પધાર્યા હતા. અહીં સ્ટેશન નજીક જ્યાં શ્રીજીમહારાજે વૃક્ષ નીચે માણકી ઘોડી બાંધી હતી, ત્યાં આવતાં-જતાં બે વાર દર્શન કર્યાં હતાં.

માત્રોજ, સારીંગ થઈ ૧૦ ગાડાંઓમાં મોટી કોરલ પધાર્યા.

સ્વામીશ્રીના આગમનથી પુનિત મહારાજ બહુ રાજી થયા. આજે પૂનમ હતી. સંતો-હરિભક્તો સાથે સ્વામીશ્રીએ નર્મદામાં સ્નાન કર્યું અને જુદા જુદા શુભ સંકલ્પો કરી એક કલાક ઉપર ધૂન કરી હતી. રાત્રે આશ્રમમાં સભા થઈ. હરમાનભાઈ, મણિભાઈ, મોટાસ્વામી, પુનિત મહારાજ સર્વેએ પ્રવચનો કર્યાં હતાં. અંતમાં સ્વામીશ્રીએ સૌને આશીર્વાદ આપ્યા.

તા. ૫-૨-'૫૮, વહેલી સવારે ટ્રેનમાં ચોરંદા આવ્યા. મંદિરે દર્શન કરી ઘણી પધરામણીઓ કરી. રાત્રે સત્સંગ સભા સારી થઈ.

બીજે દિવસે બપોરે ટ્રેનમાં આણંદ આવ્યા. ખંભાતની ગાડી ઘણી મોડી ઊપડી. ત્યાં સુધી સ્વામીશ્રીએ ટ્રેનના ડબ્બામાં કથા-કીર્તન કર્યાં. લગભગ ૧૫૦ જેટલા હરિભક્તો એકત્રિત થઈ ગયા હતા.

છોટાભાઈ બારોટને ત્યાં વાજતે-ગાજતે નાર પધાર્યા. આજુબાજુનાં ઘણાં ગામોમાંથી હરિભક્તો દર્શને આવ્યા હતા. સ્વામીશ્રી કહે : 'આ છોટાભાઈને ત્યાં ખૂબ રહેલા છીએ. શાસ્ત્રીજી મહારાજ ભેળા આવતા અને અહીંથી પંડોળી વગેરે સ્થળે ઝોળી માગવા જતા.' ઈનામદારના સુપુત્ર મહેન્દ્રસિંહજીના લગ્ન પ્રસંગે અહીં તેમના આગ્રહથી આવવાનું થયું. જ્યાં જુઓ ત્યાં સત્સંગીઓને લીધે સમૈયા જેવું વાતાવરણ થઈ ગયું હતું.

બીજે દિવસે પંડોળી, લક્ષ્મીદાસભાઈને જોવા ગયા. માંદાની ખબર કાઢવા આવ્યા એમાં ૩૦ પધરામણી થઈ. હજુ ઘણાનાં આમંત્રણ બાકી હતાં, પણ ફરી આવવાનો વાયદો આપી નિશાળનું ઉદ્‌ઘાટન કર્યું.

નારમાં સાંજે ૪૦ પધરામણીઓ થઈ.

વહેલી સવારે ૩-૩૦ વાગે ઊઠી, પરવારી, ઘોડાગાડીમાં પ્રભાતિયાં, સ્વામીની વાતો બોલતાં બોલતાં સ્ટેશને આવ્યા. અડાસ પધાર્યા. વડોદથી છોટાભાઈ તેડવા આવ્યા હતા. ત્યાં પધરામણી કરી. અડાસમાં નવો સત્સંગ, પણ મંદિર કરવાના સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા. આશાભાઈ, ચુનીભાઈ, રાવજીભાઈ વગેરે ભક્તોનો ઉત્સાહ અપાર હતો.

ઉમરેઠમાં ઐશ્વર્ય મોકળું મૂક્યું

તા. ૯-૨-'૫૮ના સવારે ૧૧-૦૦ની લોકલમાં ઉમરેઠ જવા અડાસ સ્ટેશને આવ્યા. ગાડી ૨-૩૦ કલાક મોડી હતી. તે સમાચાર જાણી સ્વામીશ્રીએ સ્ટેશન ઉપર આંબાના વૃક્ષ નીચે કથાવાર્તા શરૂ કરી.

એટલામાં ઉમરેઠના હરિભક્તો મોટર લઈને સ્વામીશ્રીને તેડવા આવ્યા. ઉમરેઠ સ્ટેશને હજારો હરિભક્તો સ્વામીશ્રીના આગમનની રાહ જોતા હતા. અહીં વાજતે-ગાજતે શોભાયાત્રા કાઢી સ્વામીશ્રીને ગામમાં પધરાવ્યા. શેઠ સોમેશ્વર રાજારામને ત્યાં સ્વામીશ્રીનો ઉતારો હતો.

અહીં જૂના મંદિરે દર્શને ગયા ત્યારે ત્યાંના પૂજારીએ દરવાજા બંધ કરી દીધા હતા. સ્વામીશ્રી મંદિરના દરવાજાને સ્પર્શી, સાંકળને આંખે અડાડી, ફરી દરવાજાને પગે લાગી પાછા ફર્યા.

પછી તો ગામમાં સ્વામીશ્રીની પધરામણી શરૂ થઈ. સ્વામીશ્રીએ એવું ઐશ્વર્ય વાપર્યું કે એક પછી એક પધરામણી વધવા લાગી ને ગામમાં ગોકિરો થયો કે 'બહુ મોટા સંત પધાર્યા છે.' સૌને ખૂબ જ ભાર પડી ગયો. જૂના મંદિરના સત્સંગીઓ પણ પધરામણી કરાવવા લાગ્યા. અને જેણે દરવાજા બંધ કરી દીધા હતા તેની સૌ ટીકા કરવા લાગ્યા.

રાત્રે જાહેર સભામાં આખું ગામ ઊમટ્યું. સ્વામીશ્રીનાં દર્શન કરી અને વાણી સાંભળીને સૌ ધન્યતા અનુભવી રહ્યા. જેમાં જૂના મંદિરના સત્સંગીઓ પણ ઉમંગભેર આવી પહોંચ્યા હતા.

પધરામણીમાં ઘણે સ્થળે મહારાજની પ્રસાદીની વસ્તુઓનાં દર્શન કર્યાં. સ્વામીશ્રીએ ઘણે સ્થળે પ્રસાદીની વસ્તુની આરતી ઉતારી. બહુ રાજી થયા. પછી ડૉ. ઇન્દ્રવદન મહેતાને ત્યાં ઠાકોરજી જમાડ્યા. સ્વામીશ્રી કહે : 'આ એક પુરુષ પાક્યા તે ગામને સંસ્કાર થયા.' એમનાં લગ્ન પ્રસંગે આશીર્વાદ આપવા જ

સ્વામીશ્રી ખાસ પધાર્યા હતા. બળવંત ભટ્ટે સારી વ્યવસ્થા ગોઠવી, જેથી ૪૧ જેટલી પધરામણીઓ શાંતિથી થઈ તથા તેમને ઘેર સત્સંગ સભા પણ સારી થઈ.

સ્વામીશ્રી ટ્રેનમાં આણંદ પધાર્યા. ફાસ્ટને થોડો સમય હતો, તેથી રણછોડભાઈની વાડીમાં નિર્ગુણ સ્વામીની દેરીએ આવી દર્શન કર્યાં. સભા કરી. હરમાનભાઈએ નિર્ગુણ સ્વામીની સ્મૃતિ કરાવી. આફ્રિકાથી આવેલા બળના પત્રોનું વાંચન કર્યું.

અમદાવાદ આવતા, શહેરમાં ચંદુભાઈ પરમારના દીકરા પ્રિયકાંતભાઈ તથા ચીમનભાઈ ગજ્જર તથા ધીરૂભાઈ બગડના ભાઈ જશવંતની તબિયત જોયા પછી શાહીબાગ મંદિરે પધાર્યા. સોમાભાઈ ચાવાળાને એક વર્ષ પહેલાં વચન આપેલું, તે પ્રમાણે બીજે દિવસે તેમના મકાનનું વાસ્તુ કર્યું.

ચરણ અને સ્વરૂપની પ્રાર્થના-વિક્તિ

અહીં અર્જુનભાઈ, હર્ષદભાઈ દવે, ચંપકલાલ શેઠ વગેરે હરિભક્તો સ્વામીશ્રીની હાજરીમાં ગોષ્ઠિ કરી રહ્યા હતા.

એમાં પ્રશ્ન ઉપસ્થિત થયો કે શ્રીજીમહારાજનાં ચરણમાં મન રહે અથવા શ્રીજીમહારાજના સ્વરૂપમાં મન રહે એવી પ્રાર્થના આપણે કરીએ, તે બેય એક જ કે કંઈ ભિન્નતા છે ?

આ પ્રશ્નનું સંતોષકારક સમાધાન થયું નહીં, તેથી સ્વામીશ્રીને પૂછ્યું. ત્યારે સ્વામીશ્રીએ ઉત્તર આપ્યો : 'બેય એક નથી. શ્રીજીમહારાજ સદાય દિવ્ય સાકાર છે. ચરણ અને સ્વરૂપ બેય એક કહેવાય જ નહીં. આપણે સેવક છીએ, 'તમારા દાસના દાસ છીએ' એવી પ્રાર્થના કરવી હોય, 'રક્ષા કરજો' એમ પ્રાર્થના કરવી હોય, ત્યારે કહેવું : તમારા ચરણમાં મન રાખજો; પણ મૂર્તિનું સુખ ચહ ચહ લેવું હોય, ત્યારે સ્વરૂપમાં મન રાખવાનું માગવું; એમ વિક્તિ સમજવી.'

સ્વામીશ્રીના આવા સચોટ ઉત્તરથી અર્જુનભાઈ, હર્ષદભાઈ દવે અને ચંપકલાલ શેઠ જેવા જ્ઞાની હરિભક્તો તથા સંતો સૌ વિચારમાં પડી ગયા. આવો ઉત્તર તેમણે ધાર્યો ન હતો. સ્વામીશ્રીએ એક પળમાં સુંદર ઉકેલ લાવી દીધો. અનુભવની સ્થિતિ વિના આવો ઉત્તર કદી સંભવે નહીં.

પછી મુંબઈ લોકલમાં મિયાંગામ ઊતરી કંડારી પધાર્યા.

ચાર દિવસ છૂટા પડ્યા પછી, મિયાંગામ સ્ટેશન ઉપર જ મોટાસ્વામી તથા પ્રમુખસ્વામી વગેરે સંતો ભેગા થયા. સૌ દંડવત્ કરવા લાગ્યા. સ્વામીશ્રીએ

પણ સામે દંડવત્ કર્યા અને સૌને ભેટી પડ્યા. મોટાસ્વામીને સ્વામીશ્રી હંમેશાં બહુ જ આદર આપતા. 'શાસ્ત્રીજી મહારાજના આવા કૃપાપાત્ર ભક્ત ક્યાંથી ?' એવો મહિમા સદા સમજતા ને બીજાને સમજાવતા. જ્યારે જ્યારે ભેગા થાય ત્યારે દંડવત્ કરે. મોટાસ્વામી દંડવત્ કરવા લાગે એટલે એમને બાથમાં લઈ ઊભા કરી દે, પણ દંડવત્ કરવા ન દે.

તા. ૧૩-૨-'૫૮, ગાડામાં ધાવટ પધાર્યા. બીજે દિવસે વિજયા એકાદશી હતી. મંગુભાઈ તથા આશાભાઈની વાડીમાં પધરામણી કરી. ઘણા નવા મુમુક્ષુને વર્તમાન ધરાવ્યાં. આરતી કરી. ઠાકોરજીને ફળ-ફળાદિ ધરી, સર્વેને પ્રસાદ વહેંચ્યો. કથાવાર્તા કરી.

ગામડાંના વિચરણમાં સ્વામીશ્રી જ્યાં અનુકૂળતા હોય ત્યાં, નમતે પહોરે ગામ બહાર હરિભક્તોની વાડીઓમાં પધારતા. ગામમાં ઘર સાંકડાં ને ઊંડાં; વળી લાઇટ-પંખા હોય નહિ, તેથી અંધારું રહે. સૌને ઘામ થાય, એટલે સૌ સત્સંગ ટાળે. પણ, સ્વામીશ્રી સૌની રુચિ સમજી જઈ, બીજાના સુખને માટે આમ વાડી-ખેતરમાં જઈ સભા કરતા. અહીં સૌ સાથે સ્નાનાદિક ક્રિયા કરતા, એથી પણ સૌને વિશેષ આનંદ આવતો. આનંદમૂર્તિ સ્વામીશ્રીના સાન્નિધ્યમાં લૌકિક આનંદમાં પણ સૌ દેહભાન ભૂલી જતા. સ્વામીશ્રીમાં ખોવાઈ જતા. અલૌકિક સ્મૃતિ પામતા.

વળી, નાહી-ધોઈ ઠાકોરજીને લીલો મેવો ધરે. સૌને જાતે પ્રસાદ વહેંચે. પગ ઉપર પગ ચઢાવી, પણ કોઈ જાતના દમામની છટા વગર, બ્રહ્માનંદમાં ડોલતાં ડોલતાં સ્વામીની વાતો બોલી સરળતાથી સમજાવે. પ્રશ્નો પૂછે. સૌને હોંકારા કરી ધ્યાન કેન્દ્રિત કરે. નાના-મોટા સૌને યાદ કરે. 'નાહ્યા કે નહિ ?' 'પ્રસાદ લીધો કે નહિ ?' વગેરે ખબર-અંતર પૂછે. સૌને પોતાના સ્વરૂપમાં પકડી રાખે. પગ ઉપર પગ ચઢાવી બેસવાની એમની આ વિશિષ્ટ અદામાં પણ નમ્રતા. પોતે અનુશાસક છે એવું લેશપણ અક્કડપણું નહિ. ઊલટું સૌના હિતેચ્છુ છે, દાસ છે, એવું નરમપણું રોમ-રોમમાંથી ઊછળતું. એમની દરેક અંગમુદ્રામાં, વાણીના દરેક શબ્દમાં, નિર્માનિતા સદાકાળ નિર્ઝરતી.

તા. ૧૫-૨-'૫૮, ગાડામાં મિયાંગામ સ્ટેશને પહોંચ્યા. લોકલમાં વિશ્વામિત્રી થઈ, નાની ગાડીમાં વાઘોડિયા આવ્યા.

દરેક સ્ટેશને દર્શનાર્થી હરિભક્તોની ભીડ જામતી. હજુ કાલે જ સ્વામીશ્રીને મળ્યા હોય, પણ જો સ્વામીશ્રી ટ્રેનમાં નીકળતા હોય તો સ્ટેશન ઉપર

એમનાં દર્શને દોડી જવાની ત્વરા કોઈ રોકી શકતું નહિ. નાના-મોટા, બાઈ-ભાઈ, સૌને કોણ જાણે કેમ પણ સ્વામીશ્રીનાં દર્શનથી તૃપ્તિ જ થતી નહિ તથા એમને મળવાની આકાંક્ષા પણ ક્યારેય પૂરી થતી નહિ. સ્વામીશ્રી પાસે દોડી જઈ દર્શન કર્યાં જ કરીએ, એવી અત્યંત અધીરાઈ સૌ અહર્નિશ અનુભવતા.

અહીં યુવક મંડળ સારું ચાલતું. યુવકોએ જાતે જ બૅન્ડવાદન કરી સ્વામીશ્રીનું સ્વાગત કર્યું. બીજે દિવસે ભાઈલાલભાઈની વાડીમાં શિવરાત્રિનો શેરડી-ઉત્સવ કર્યો હતો. ગ્રામપંચાયતે તૈયાર કરેલા બાગનું સ્વામીશ્રીએ ઉદ્‌ઘાટન કર્યું. મણિભાઈ સાથે મોહનભાઈ, દેસાઈભાઈ, ભાઈલાલભાઈ તથા ધનજીભાઈ વગેરે ભક્તો શાસ્ત્રીજી મહારાજના મહિમાની વાતો કરતા. મોટા-સ્વામી પણ અખંડ કથાવાર્તા કરતા. સ્વામીશ્રી પ્રસંગોપાત્ત લાભ આપતા. ત્રણ દિવસ અહીં રોકાયા.

માવતર માફી માંગે !

સાથે ફરતા યુવકોને સેવા, મુખપાઠ સિવાય સ્વામીશ્રી ઉપવાસ પણ હંમેશાં કરાવતા. ઘણા યુવકોને આજે ઉપવાસ હતો. અહીં કંપાલાવાળા મહેન્દ્રભાઈને નિર્જળા ઉપવાસ બહુ જ લાગેલો. ઊંઘ આવે નહિ. ચેન પડે નહિ. તેથી રાત્રે નાહીને, પૂજા કરીને પારણાં કરી સૂઈ જવાનું તેમણે વિચાર્યું. તેઓ અંધારામાં કૂવા પાસે સ્નાન કરતા હતા. એવામાં લઘુ કરવા ઊઠેલા સ્વામીશ્રી ત્યાં આવી પહોંચ્યા. મોડી રાત્રે સ્નાન કરવાનું કારણ પૂછ્યું. 'ઉપવાસ ખૂબ લાગ્યો છે. ઊંઘ નથી આવતી.' મહેન્દ્રભાઈએ જણાવ્યું. જાણે પોતાનાથી અપરાધ થઈ ગયો હોય, એવા ભાવથી સ્વામીશ્રી મહેન્દ્રભાઈની માફી માગવા લાગ્યા.

મોડી રાત હોય કે ભરબપોર, ક્ષણે ક્ષણે માતાની જેમ યુવકોની દેખભાળ લેતા સ્વામીશ્રીને જોઈ, યુવકોનું હૈયું દ્રવી જતું. હજારો ભક્તો નિશદિન જેમનાં દર્શન ને સેવા ઝંખે છે, એવા આ વિરલ પુરુષ એક નાના યુવકની માફી માંગે ! મહેન્દ્રભાઈના દિલમાં સ્વામીશ્રીની લાગણી અવિસ્મરણીય બની ગઈ.

ગાડામાં ભાયાપુરા પધાર્યા. અહીં ખૂબ જીર્ણ થઈ ગયેલું હરિમંદિર છે. સ્વામીશ્રીએ મંદિરમાં જ ઉતારો કર્યો. અંબાલાલભાઈએ પોતાના મકાનમાં ઉતારો રાખવા સ્વામીશ્રીને ઘણો આગ્રહ કર્યો, પણ સ્વામીશ્રીએ તેમને પ્રેમથી સમજાવ્યા. ગામડાંઓમાં જ્યાં હરિમંદિર હોય, પછી ભલે નાનાં કે સાંકડાં હોય, જીર્ણ થઈ ગયાં હોય, અવાવરાં હોય, પણ જો મંદિરમાં ઉતારો મળી શકતો હોય

તો સ્વામીશ્રી ગૃહસ્થોને ઘેર ક્યારેય ઊતરતા નહિ. યુવકો તથા હરિભક્તો પાસે મંદિર સાફ કરાવતા. રસોડું તથા મેડો સાફ કરાવતા. વાસણ ઊટકાવતા. ગાદલાં-ગોદડાં પણ સરખાં કરાવતા. મંદિરની અગવડ એમને મન હંમેશાં સગવડ જ હતી. એવું દેવ અને મંદિરનું મમત્વ રાખતા. મહારાજની આજ્ઞાનું મહત્ત્વ સમજાવતા.

અહીં ગામડાંઓમાં આરતી પછી સ્વામીશ્રી સૌ બાળકો, યુવકોને સભામાં બેસાડતા. *'સ્વામી અને નારાયણ, અક્ષર અને પુરુષોત્તમ'* એ ધૂન પ્રેમથી ઝિલાવતા. તે સમયે એમનો ઉત્સાહ અને પ્રેમ જોઈ એમ લાગતું કે ભગવાનનું ભજન કરવું અને નાના-મોટા સૌને કરાવવું, એ વગર આ પુરુષને કોઈ બીજું તાન જ નથી. ભજન, ભક્તિ અને ધર્મ-નિયમના સંસ્કારોનું વાવેતર નિત્ય કરતા રહેતા. એમાં કોઈ હવામાન કે ટાણું-કટાણું જોતા નહિ. દેહમાં કોઈ થાક અનુભવતા નહિ. આળસ તો એમનાથી જોજનો દૂર ફેંકાઈ જતી.

'દયાળુ પ્રભુ ! અક્ષરપુરુષોત્તમ' એ કીર્તન મીઠી હલકે બાળકો-યુવકો પાસે ઝિલાવતા, વાતું મોઢે કરાવતા, ત્યારે કોઈ ગામડાની શાળાનું દૃશ્ય ખડું થઈ જતું. પણ આ શિક્ષક જુદા હતા; કોઈ સ્વાર્થ નહિ, માન નહિ, કેવળ ભગવાનમાં ખોવાઈ જઈ, બાળકોમાં રહેલા ભગવત્ તત્ત્વને - સાક્ષીને ઢંઢોળી, જાગ્રત કરી, બ્રહ્મવિદ્યાના અગમ પાઠો સરળતાથી સિદ્ધ કરાવવાની તાલાવેલી. એમની આ શક્તિ અને ધગશ અવર્ણનીય હતાં.

નિષ્કપટપણું, દિવ્યતાની ચાવી

તા. ૧૯-૨-'૫૮, ૪-૦૦ વાગે ગાડામાં અંટોલી જવા નીકળ્યા. રસ્તામાં કાગળાપુરા રોકાયા. અહીં ૧૦ થી ૧૨ ભીલ કુટુંબોમાં પધરામણી કરી. વર્તમાન ધરાવ્યાં. જેઠાભાઈના આમંત્રણથી અંટોલી પધાર્યા.

જયનાદો, ઢોલ, ત્રાંસા તથા ભજન-કીર્તનની રમઝટ અને બંદૂકોના ભડાકાઓ કરતા ગામલોકોએ બહુ ઉત્સાહથી સ્વામીશ્રીનું સામૈયું કર્યું. મંદિર સ્વચ્છ કરી ખૂબ શણગાર્યું હતું. સંતો-હરિભક્તોના આગમનની તમામ તૈયારીઓ ખૂબ કરી હતી. આજુબાજુનાં ગામોમાંથી પણ ઘણા હરિભક્તો આવી પહોંચ્યા હતા.

પોતાના ગામમાં કે ઘરે સ્વામીશ્રીની પધરામણી હરિભક્તો માટે જીવનનો એક અમૂલ્ય લહાવો બની જતો. તેથી સૌ એકબીજા ગામના સત્સંગીઓને તેડાવતા. ઘણી વાર તો સૌ સ્વામીશ્રીનો લાભ લેવા એમનેમ પહોંચી જતા.

ભક્તો એકબીજાને મળીને ખૂબ આનંદ પામતા. સ્વામીશ્રી પણ જેમ વધુ ભક્ત-સમુદાય એકત્રિત થાય, એમ વિશેષ રાજી થતા. પ્રેમ અને મહિમાની ગાંઠે સૌ એકબીજાથી સતત બંધાયેલા રહે, એ જોવાનું સ્વામીશ્રીને બહુ ગમતું. પુષ્કરરાજ તીર્થની ફરતી સંતમંડળી અહીં સ્વામીશ્રીનાં દર્શને આવી હતી.

કથાવાર્તાના પ્રસંગમાં મુદ્દાની વાત કરતાં સ્વામીશ્રીએ કહ્યું હતું કે –

'સત્પુરુષ, જે અંતર્યામી હોય તેમને પણ કહે નહિ તે ખાનગી કપટ. સત્પુરુષ પાસે નિષ્કપટ થઈ જાય, તો બ્રહ્મરૂપ થયા વગર રહે નહિ એ સિદ્ધાંત વાત છે.

'વિશ્વાસ, નિષ્કપટપણું વગેરે કર્યા વગર માળા ફેરવે, નિયમ પાળે, પણ મુદ્દો રહી જાય છે તે બહુ ખોટું કહેવાય. નિષ્કપટ થાય પછી તો સત્સંગ ગુણાતીત લાગે.

'ત્રણ ઠેકાણે કાળ આવે છે : એક તો દીકરી કે બહેનને પૈસા કે જણસ કરાવવી પડે ત્યારે; બીજું ગાય કે બળદને ખવરાવવું પડે તેમાં; અને ત્રીજું ધર્માદો આપવો પડે તે. પણ ફોજદારી આવે ત્યારે ગમે તેવો દેશકાળ હોય પણ વયો જાય. બધું દિવ્ય લાગે, ગમે તે સાંભળીએ અને કોઈ ગમે તે વાત કરતા હોય, પણ બધા દિવ્ય લાગે તો કોઈ દેશકાળ નડે નહિ. 'આ સત્સંગ ગુણાતીત બાગ છે' એમ સમજાય, તો દોષમાત્ર જતા રહે. કોઈ શત્રુ જ નથી.

'મોટાસ્વામીની પૂર્વાશ્રમમાં લાખ રૂપિયાની હવેલી બળી ગઈ. ઉપરથી શાસ્ત્રીજી મહારાજે સેવા માગી તોપણ ગુણ જ લીધો. તો દૃષ્ટિ પડી ગઈ અને સર્વ દેવું બળી ગયું અને શાંતિ શાંતિ થઈ ગઈ. અને સારંગપુર-ગઢડા સેવા થઈ અને જીવ સુખિયો થઈ ગયો. સ્વામીની ક્રિયામાં શંકા ન કરી તો આવું થયું.

'આશરો દૃઢ હોય તો સંત ગમે તેવી મનુષ્યલીલા કરે, તોપણ શંકા ન થાય. શું લીલા કરતા હશે ? કર્તા છે, તોપણ અસમર્થ જણાય અને આ લોકમાં કાંઈ ચાલે નહિ એ મનુષ્યલીલા. તોપણ શંકા ન થાય. અગ્નિને ઊધઈ ન અડે, તેમ ભગવાન અલમસ્ત જાતિ, તે ગમે તે લીલા કરે. એ તો સાધુ દાખડો કરીને સમજાવે. પછી પાછો પડે નહિ. સદાય ચડતી કળા સંતના સમાગમથી જ છે.'

કરમાલિયાપુરાથી વિશ્વામિત્રી થઈ, ફાસ્ટમાં સ્વામીશ્રી આણંદ થઈ ગાના પધાર્યા. સાંજનો સમય થઈ ગયો હતો. ગાનાના પ્રેમી ભક્તોએ મહારાજના સમયથી ચાલી આવતી પ્રણાલી મુજબ ઘીની મશાલો પ્રગટાવી શોભાયાત્રારૂપે સ્વામીશ્રીનું સ્વાગત કર્યું. હરમાનભાઈના પ્રયત્નથી થોડા સમય પહેલાં જ ગામમાં વીજળી આવી હતી. તેથી વીજળી-દીવાઓથી શોભતો સુંદર મંડપ

પ્રથમ વાર ગામમાં બંધાયો.

તા. ૨૩-૨-'૫૮, સ્વામીશ્રીએ 'વારિગૃહ'નું ખાતમુહૂર્ત કર્યું. ધૂન કરાવી, ગામની ઉન્નતિ માટે આશીર્વાદ આપ્યા. સ્વામીશ્રી કહે : 'હવે સત્સંગ એટલો વધ્યો છે કે અમારે ગાનામાં પધરામણીઓ કરવાની, આણંદમાં જમવાનું અને અટલાદરામાં સૂવાનું – એવું થઈ ગયું.'

આટલી બધી દોડધામ કાંઈ મોટરોમાંથી થતી નહોતી, પણ મોટે ભાગે સ્વામીશ્રી ટ્રેન અને ગાડામાં જ મુસાફરી કરતા.

વસંત પંચમી પછી સ્વામીશ્રીએ કાનમમાં વિચરણ શરૂ કર્યું હતું. તે દરમ્યાન બે વાર સ્વામીશ્રી ઠેઠ ચરોતરમાં આવી ગયા. હરિભક્તોના આગ્રહને વશ થઈ, વ્યાવહારિક કે ગમે તે પ્રસંગે આમંત્રણ હોય, પણ સ્વામીશ્રી કોઈને નારાજ કરી શકતા નહિ. કાનમમાં વિચરણ શરૂ કર્યું ને ૧૦ દિવસમાં જ - ઈનામદારને ત્યાં નાર લગ્ન પ્રસંગે પધાર્યા, સાથે પંડોળી, અડાસ, ઉમરેઠ થઈ અમદાવાદ જઈ સોમાભાઈના મકાનનું વાસ્તુ કરી, ફરીથી ટ્રેનમાં કાનમ પહોંચી ગયા. કાનમમાં ગાડામાં મુસાફરી, ધૂળિયા ખડખડિયા રસ્તા, તેથી સ્વામીશ્રીની પિચોટી અનેક વાર ખસી જતી. ગાડામાં ધૂળ બહુ ઊડતી, તેથી શરદી તથા ઉધરસ થઈ જતાં. વળી, સમૂહમાં તીખું-તમતમતું ને તેલવાળું ખાવાનું, પધરામણીની પરંપરા, રાત્રે મોડે સુધી કથાવાર્તા થાય; આમ, દેહનો અસહ્ય ભીડો સ્વામીશ્રીને પડતો, પણ તે પોતે ગણકાર્યો નથી.

અહીંથી આણંદ ભુલાકાકાના પૌત્ર ઘનશ્યામભાઈના લગ્ન પ્રસંગે આશીર્વાદ આપી, ટ્રેનમાં અટલાદરા, ઈટોલા આવી, ગાડામાં પોર તથા વરણામા ગામે પધાર્યા.

અહીં ચીમનભાઈ, શશિકાંતભાઈ, અંબાલાલ મુખી, કાંતિભાઈ વગેરેના આગ્રહથી ચાર દિવસ રોકાયા. ધામધૂમથી મૂર્તિપ્રતિષ્ઠા થઈ. ગામમાં તથા આજુબાજુમાં ઘણી પધરામણીઓ થઈ. જાહેર સત્સંગ સભાઓ પણ સારી થઈ.

સાધુતાની અકલ્પ્ય ઊંચાઈએથી

અહીં એક સાંજે સ્વામીશ્રી ઉતારામાં બિરાજ્યા હતા. બીજા સંતો હરિભક્તને ઘરે ઠાકોરજી જમાડવા ગયા હતા. સ્વામીશ્રીને દાઢ દુ:ખતી હતી તેથી રોકાયા હતા. સાથે જોડમાં વિનુ ભગત પણ હતા. તે વખતે મચ્છરને લીધે ઘરમાં લીંબડાની ધુમાડી કરી હતી. સ્વામીશ્રી તેની બાજુમાં બેસી, લીંબડાની ધુમાડીથી

દાઢના દુઃખતા ભાગને ઉપરથી શેક આપતા હતા. બીજું કોઈ ત્યાં હતું નહિ.

વિનુ ભગત સ્વામીશ્રીના પગ દાબી રહ્યા હતા. સ્વામીશ્રી સાથે આવી એકાંતની પળો ભાગ્યે જ સાંપડે. તે તક મળતાં ઘણા વખતથી મનમાં ઘોળાતો પ્રશ્ન તેમણે સ્વામીશ્રીને પૂછ્યો :

'આ પગની પિંડીમાં આટલો મોટો કાળો ડાઘ કેવી રીતે થયો ?'

સ્વામીશ્રી કાંઈ બોલ્યા નહિ. તેથી વિનુ ભગતે પૂછવાનું ચાલુ રાખ્યું અને જવાબનો ઘણો આગ્રહ રાખ્યો. ત્યારે સેવક નારાજ ન થઈ જાય એ ભાવથી જ, સ્વામીશ્રી કોઈ ન સાંભળે તેમ ધીરેથી બોલ્યા :

'વિજ્ઞાન સ્વામીએ સાણસીથી ચિંટિયો ભરી, લોચો બહાર કાઢી નાંખેલો.'

આ સાંભળતાં જ વિનુ ભગતને અરેરાટી થઈ ગઈ અને આંખે કમકમાં આવી ગયાં. પછી વિજ્ઞાન સ્વામીએ એમને આપેલાં કષ્ટની કેટલીક વાતો સ્વામીશ્રી પાસેથી જાણવા ઘણી કોશિશ કરી. બહુ પૂછપરછ કરી ત્યારે સ્વામીશ્રીએ થોડી વિગત કહી અને બોલ્યા :

'સો વાર ધુંબાપાટુ, લાકડી, વેલણથી માર્યો હશે.'

'સો વાર ! ખરેખર !'

'હા ગુરુ ! સોથી ઉપર.'

'તો કોઈ હરિભક્તને - સંતોને કહો નહિ ?'

'ગુરુ ! ઈ નો કે'વાય, કહીએ જ નહિ. કોઈ પૂછે તો કહીએ : 'એવું કાંઈ છે જ નહિ. મારા સારા માટે ટોકે, વઢે છે.' તો વધાય.' સ્વામીશ્રીએ સહજતાથી આ બધી વિગત જણાવી.

'એક વાર તો સોખડા મંદિરના મેડા ઉપરથી ધક્કો મારીને નીચે ફળિયામાં ફેંકેલા; સવારે ૪-૦૦ વાગે. રક્ષા થઈ, કાંઈ થયું નહિ...' આવી કેટલીક વાતો સ્વામીશ્રીએ વિનુ ભગતને દુઃખતી દાઢે, શેક કરતાં કરતાં કરી.

વિજ્ઞાન સ્વામી સાથે વીતેલાં સત્તર-સત્તર વર્ષોની સ્વામીશ્રીની આવી અપ્રગટ વાતો જાણી, વિનુ ભગત આશ્ચર્ય સાથે વેદનામાં ડૂબી ગયા. સ્વામીશ્રીએ સહન કરેલા ત્રાસની તેઓ કલ્પના કરી શક્યા નહિ. સ્વામીશ્રીની સાધુતાના મહિમામાં તેમનું મન ખોવાઈ ગયું.

એટલામાં સંતો-હરિભક્તો જમીને પાછા આવ્યા. એટલે સ્વામીશ્રી ઊઠીને એટલી જ સાહજિકતાથી સભામાં પધાર્યા. એમના મનમાં વીતેલી પળોનો કોઈ ભાર નહોતો. સાધુદાવાનો કોઈ દર્પ નહોતો.

પણ વિનુ ભગતને તો ક્યાંય ચેન જ પડ્યું નહિ. સ્વામીશ્રીની આપવીતીના વિચારમાં જ તેમની રાત વીતી ગઈ. તેમણે એકાંતમાં બેસી સ્વામીશ્રીએ કહેલી વાતો એક કાગળમાં ટપકાવી લીધી. લગભગ ૧૭ પાનની વિગત થઈ. તેમને વિચાર આવ્યો કે મુંબઈ યુવકો ઉપર આ પત્ર મોકલવો. જેથી સૌને સ્વામીશ્રીની અલૌકિક સાધુતાનો ખ્યાલ આવે કે એમણે કેટલાં કેટલાં દુઃખો સહન કર્યાં છે.

સવારે એ પત્ર તેમણે સ્વામીશ્રીને સહી કરવા માટે આપ્યો. આટલો મોટો પત્ર જોઈ સ્વામીશ્રી તે જોવા લાગ્યા, તો પોતાની જ વાત - જે રાત્રે તેમણે વિનુ ભગતને કરી હતી તે બધી તેમાં વર્ણવી હતી.

સ્વામીશ્રીએ વિનુ ભગતને પૂછ્યું : 'આ શું છે ?'

તેઓ કહે : 'બધા યુવકોને બળ મળે, તેથી આ પત્ર લખ્યો છે.'

ત્યારે સ્વામીશ્રી એટલું જ બોલ્યા : 'આ તો મેં તમારા પૂરતી જ વાત કરી હતી. કોઈને જણાવવા માટે નહિ.' એમ કહેતાંની સાથે એકદમ પત્ર ફાડી નાંખ્યો. વિનુ ભગત જોતાં જ રહી ગયા. આટલું પૂરતું ન હોય તેમ 'આ વાત કોઈને નહીં કરવાનું' સ્વામીશ્રીએ તેમની પાસેથી વચન લીધું. જાણે સ્વપ્નું જોઈ રહ્યા હોય એમ વિનુ ભગત સ્વામીશ્રીની અસીમ સાધુતાના પ્રદેશમાં ખોવાઈ ગયા. અવાક્ થઈ ગયા !

❀ ❀ ❀



૧૯૩૦થી આરંભેલી યુવક પ્રવૃત્તિ

અહીં યુવક મંડળની સ્થાપના કરી, સ્વામીશ્રીએ સૌને રવિસભાની આજ્ઞા કરી. વળી, એક મનનીય પત્ર વિદ્યાનગરના યુવકો ગોરધનભાઈ, જીવાભાઈ તથા ચંદુભાઈ પ્રતિ સ્વામીશ્રીએ લખ્યો :

તા. ૨-૩-'૫૮, વરણામા

'...હવે સિદ્ધાંતના શબ્દો : તમામ યુવકોને બ્રહ્મજ્ઞાન આપવું, તેમાં સાકાર ભગવાન સર્વોપરી ઉપાસનાની વાત કરવી. અત્યારે યુવકોમાં જાગૃતિ આવેલી છે. મોક્ષ મેળવવા તૈયાર થયેલા છે. આજથી ૨૮ વર્ષ સુધીમાં અમો મથતા તોપણ કોઈ યુવકો તૈયાર થતા ન હતા. ઊલટા નિંદા કરતા. તે ગામોગામ જોવામાં આવતું. પહેલાં સ્વામી ધામમાં જતાં આશીર્વાદ લીધો કે 'સ્વામી ! દયા કરો તો યુવકો સત્સંગી થાય.' તે આશીર્વાદે યુવકોમાં અત્યારે પલટો થવા લાગ્યો છે. નહીં તો કૉલેજવાળા અને સર્વે સ્કૂલવાળા ન જ માને. તેમના જીવનમાં ધર્મભાવના ઉત્પન્ન થઈ. સ્વામી જૂનાગઢમાં બોલેલા કે 'મેં ૨૦૦ને બ્રહ્મવિદ્યા ભણાવી છે.' તે પ્રતાપે યુવકોમાં પલટો આવ્યો છે. કોઈ યુવકો નિંદા ન કરે; સામું જોઈ રહે ને ભાવના પ્રગટે.

'તે હવે રણ રમવાનો વખત આવ્યો છે. તો અત્યારે જ જો આપણે સાવધાન નહીં રહીએ, તો વખત જાતો રહેશે. માટે જેટલા યુવકોમાં સબીજ શબ્દ નાખશો તેટલા ઊગશે; કારણ કે તેઓને જાણપણું હોય, તેના જ સંકલ્પ હોય ને ધર્મભાવના હોય, બ્રહ્મચર્ય પાળતા હોય ને સંસારનો ઘાટ ન હોય. તેમાં જો સબીજ જ્ઞાનના શબ્દ પડે, તો તુરત ઊગી નીકળે. માટે હે ભાઈઓ ! તમો જેટલા શબ્દો જ્ઞાનના મુમુક્ષુ યુવકોને નાખશો, તેટલા તુરત ઊગશે. આપણે તો કેવળ શ્રીજીમહારાજ તથા સ્વામીનું બળ તથા શાસ્ત્રીજી મહારાજના વચનનું બળ છે. માટે, દરેક કૉલેજ, સ્કૂલને રંગી નાખો.

'જુઓ આફ્રિકામાં... જે દેશ અપવિત્ર, દારૂ-માંસમાં ભરપૂર હોય, તેમાં આવા શુદ્ધ રતન નીકળે તે મહારાજની કેવી દયા ! જુઓ, લંડનમાં યુવકો જાગ્રત થયા છે. જે લોકો આપણી સ્વામિનારાયણની ટીકા કરતા હતા, તે યુવકો કંઠી બંધાવીને તિલક-ચાંદલો કરે છે, પૂજા કરે છે. કેવું વાતાવરણ ચાલ્યું છે !

'માટે હવે રંગ જમાવવાનો વખત છે. માટે સૌ યુવકો તૈયાર થાવ ને ડંકો વગાડો. સ્વામી શાસ્ત્રીજી મહારાજનો આશીર્વાદ છે, તે જરૂર ફળીભૂત થયો છે. તો હવે આપણે એવા યુવકો વધારવાની કોશિશ કરો. બોલો સહજાનંદ સ્વામીની જય ! બોલો યુવક મંડળ ભક્તોની જય ! જય ! જય !'

આ પત્રમાં સ્વામીશ્રી જણાવે છે તે પ્રમાણે, આજથી લગભગ ૨૮ વર્ષ પહેલાં એમણે યુવકોને સંસ્કારવાની પ્રવૃત્તિ શરૂ કરેલી. એટલે લગભગ સને ૧૯૩૦ની સાલથી એમનો આ માટે સતત પ્રયત્ન હતો. તે સમયે પણ ઘણા સત્સંગી યુવાનો એમનાથી આકર્ષાયા હતા, પણ સત્સંગ સમુદાય ઘણો નાનો તેથી તે સંખ્યા જણાય નહિ. છતાં પોતે પત્રમાં લખે છે કે પહેલાં યુવકો તૈયાર થતા નહિ. ઊલટું નિંદા કરતા. પછી શાસ્ત્રીજી મહારાજને પ્રાર્થના કરી, એના બળે આજે યુવકોમાં પલટો આવ્યો છે. પોતાની પ્રવૃત્તિ ને પરિશ્રમનો સમગ્ર યશ સ્વામીશ્રીએ ગુરુને આપ્યો. તેમજ ગુણાતીતાનંદ સ્વામીના સંકલ્પથી પણ આ કાર્ય થઈ રહ્યું છે, એમ ભક્તિપૂર્વક જણાવ્યું. બધાંને બ્રહ્મજ્ઞાન આપવું છે, બ્રહ્મચર્યાદિક ધર્મનું પાલન કરાવવું છે, એવો આદેશ આપ્યો. રણ રમવાનો વખત આવ્યો છે, માટે સૌ યુવાનો મંડી પડો; એવી હાકલ એમણે આ પત્રમાં સૌને કરી.

જેમના આંખના ઈશારે સેંકડો યુવાનો મરણિયા થવા તૈયાર થાય છે, તે પુરુષ ડગલે ને પગલે ગુરુ શાસ્ત્રીજી મહારાજને કેટલા આગળ રાખે છે ! એવો એમના અંતરનો નિર્મળ ભક્તિભાવ આ પત્રમાં પ્રગટ થાય છે.

'મહારાજ ફગવા આપે છે'

અટલાદરા, અમદાવાદ થઈ, તા. ૫-૩-'૫૮, સવારે સ્વામીશ્રી ફૂલદોલના સમૈયા પ્રસંગે સારંગપુર આવી પહોંચ્યા. આફ્રિકા, મુંબઈ, અમદાવાદ, ભાવનગર તથા ગામડાંના ઘણા હરિભક્તો આવ્યા હતા.

ફૂલદોલને દિવસે સ્વામીશ્રીએ શાસ્ત્રીજી મહારાજના સમાધિ સ્થાને, પોતે મહાપૂજા કરી અને આદેશ આપ્યો કે 'અહીં મહાપૂજા કાયમ ચાલુ રહેશે. તેથી સૌએ મહાપૂજા કરાવવી. સ્વામી અને મહારાજ સર્વના સંકલ્પ સિદ્ધ કરશે.'

ફૂલદોલના દિવસે સવારે ઉત્સવની સભામાં સૌએ પ્રવચન કર્યાં. બપોરે ઉત્થાપન પછી ઠાકોરજી આગળ સ્વામીશ્રીએ સભા કરી. 'ભક્તચિંતામણિ' ૬૪મું ફગવાનું પ્રકરણ પોતે મોઢે બોલ્યા અને ઠાકોરજી સામું જોઈ સ્વામીશ્રી કહે : 'જુઓ, એ જ ફગવા અને આશીર્વાદ મહારાજ સૌને આપે છે.'

બીજે દિવસે રાત્રે ઈશ્વરભાઈ દાજી તથા રમણભાઈ શેઠના આગ્રહથી પુરુષોત્તમપુરા પધાર્યા. એમના વેવાઈ નાગજીભાઈના મકાનનું ઈશ્વરપુરામાં વાસ્તુ કર્યું. ત્રણ દિવસ પુરુષોત્તમપુરામાં સારી કથાવાર્તા થઈ. પછી રઢુ, ખેડા થઈ ડભાણ આવ્યા.

આણંદના મથુરભાઈ મોતીભાઈને પેટની ભયંકર બીમારી થઈ હતી. 'મિશન હૉસ્પિટલ'માં ઑપરેશન કરાવ્યું હતું, પણ શરીરમાં લોહી જ ન હતું. તેથી ઑપરેશન પછી પણ ડૉક્ટરોને બચવાની આશા દેખાતી ન હતી. અઠવાડિયા પછી ડૉક્ટરોએ તેમને ઘરે લઈ જવાની સૂચના આપી, કારણ કે દર્દીને લોહી આપવા છતાં પણ લોહી શરીરમાં ટકતું ન હતું.

સ્વામીશ્રી આવ્યા ત્યારે કોઈએ મથુરભાઈની ગંભીર માંદગીના સમાચાર તથા બચવાની આશા નથી, તેવું સ્વામીશ્રીને જણાવ્યું. આ સાંભળી સ્વામીશ્રી તુરત જ માથા ઉપર પાઘ મૂકીને બોલ્યા : 'ચાલો, આપણે હમણાં જ હૉસ્પિટલમાં તેમની ખબર કાઢવા જાવું છે.'

સ્વામીશ્રી હૉસ્પિટલમાં પધાર્યા ત્યારે મથુરભાઈને ઘેનમાં રાખવામાં આવ્યા હતા; કારણ કે ટાંકા લીધા હતા, તેથી તેનો દુખાવો સખત થતો હતો. સ્વામીશ્રી મથુરભાઈની પથારી પાસે આવ્યા અને તેમના પેટ તથા શરીર ઉપર હાથ ફેરવ્યો; અને પછી ધૂન કરાવી બોલ્યા કે 'મથુરભાઈને કંઈ થવાનું નથી. તેમને કોઈ રોગ શરીરમાં રહેશે નહીં. તેઓ લાંબું આયુષ્ય ભોગવશે. અમારે હજી તેમની પાસેથી મોટી સેવા લેવાની છે.'[૧૨]

સ્વામીશ્રીના આશીર્વાદથી સૌને શાંતિ થઈ ગઈ. ત્યારપછી દિવસે દિવસે

---

૧૨. આણંદમાં હાલ મંદિર છે તે જમીન મથુરભાઈના પિતાશ્રી મોતીકાકાએ ભેટમાં આપેલી. બાજુમાં તેમનાં બે ઘર હતાં. તેની માગણી સ્વામીશ્રી યોગીજી મહારાજે પાછળથી કરી. મથુરભાઈએ પુત્ર નરેન્દ્રભાઈની સંમતિ લઈ અતિ ભક્તિભાવપૂર્વક તે ઘર કૃષ્ણાર્પણ કર્યાં, ત્યારે મથુરભાઈને સ્મૃતિ થઈ આવી કે સ્વામીશ્રીએ મિશન હૉસ્પિટલમાં કહેલું કે 'અમારે મથુરભાઈ પાસેથી હજી મોટી સેવા લેવી છે,' તે આ સેવા થઈ ગઈ.

મથુરભાઈની તબિયતમાં અસાધારણ સુધારો થવા લાગ્યો. ક્રિશ્ચિયન મિશનરી ડૉક્ટરોને પણ આ કેસમાં ચમત્કાર જેવું લાગ્યું. અને તેમને સ્વામીશ્રીમાં જાણે કે ઈસુ ખ્રિસ્તનાં દર્શન થયાં હોય તેવો ભાવ થયો.

નડિયાદ, અટલાદરા થઈ, સ્વામીશ્રી ચાણસદ આવ્યા.

ભગતજી મહારાજ આ ગામમાં ૧૧ વખત પધારેલા, તેનો સ્વામીશ્રીને અત્યંત મહિમા. મૂળજીભાઈ વૈદ્યને ત્યાં ભગતજી મહારાજની પૂજાનાં દર્શન કર્યાં. પ્રસાદીની ચીજોમાં પણ સાક્ષાત્ ભગતજી મહારાજને જોતા હોય, તેમ સ્વામીશ્રીએ ખાસ આરતી તૈયાર કરાવી, પ્રસાદીની વસ્તુઓની આરતી ઉતારી. બીજાં ત્રણ થી ચાર ઘરે ભગતજી પધારેલા, ત્યાં પણ દર્શન કર્યાં. એક ઘરે ભગતજી મહારાજ કડવી દૂધીનું શાક જમી ગયેલા. એ સ્થળ ઉપર તો સ્વામીશ્રી એટલા વારી ગયા કે દંડવત્ કરવા લાગ્યા. મંદિરમાં પણ જે થાંભલાને અઢેલીને ભગતજી બેસતા, તેની હંમેશ મુજબ પ્રદક્ષિણા કરી. આમ, પ્રસાદી સ્થાનોનાં ખૂબ ધરાઈ ધરાઈને દર્શન કર્યાં. ચાર દિવસ સૌને કથાવાર્તાનું સારું સુખ આપ્યું. મોતીકાકા તથા ભાઈલાલભાઈ, મોહનભાઈ, કાંતિભાઈ, બાબુભાઈ વગેરે યુવકોએ ખડે પગે સેવા કરી. જો કે આ યુવકો જંબુસર વિભાગના વિચરણમાં સ્વામીશ્રી સાથે સેવામાં હતા.

ખરડો ફાડી નાખ્યો

વરતાલના એક માસિકમાં અક્ષરપુરુષોત્તમ સંસ્થાની પ્રવૃત્તિ તેમજ શાસ્ત્રીજી મહારાજ તથા સ્વામીશ્રી વિશે મિથ્યા આક્ષેપો સાથે હલકા પ્રકારનું લખાણ પ્રકાશિત થયું હતું. આ વાંચીને સર્વે હરિભક્તોને ઘણું દુઃખ થયું. સમાજના અન્ય અગ્રણીઓનો અભિપ્રાય હતો કે આ બાબતે કાયદેસર કાર્યવાહી કરવી જોઈએ. આપણી સંસ્થાના જનરલ સેક્રેટરી મગનભાઈ નરસિંહભાઈ પટેલે, આ લખાણના અનુસંધાનમાં જવાબ આપવા ખરડો તૈયાર કરી, સ્વામીશ્રીને વાંચવા અહીં મોકલ્યો.

સુરતના અંબાલાલભાઈએ આ ખરડો સ્વામીશ્રી સમક્ષ વાંચવાનો પ્રારંભ કર્યો. થોડું લખાણ માંડ વંચાયું ત્યાં સ્વામીશ્રીએ તે જોવા માગ્યું અને તરત જ બાજુમાં બેઠેલા હરિભક્તને આપી કહે : ‘લ્યો ફાડી નાખો.’ પેલા તો દિગ્મૂઢ થઈ ગયા. એ ખરડો ફડાવી નાખ્યો ત્યારે જ સ્વામીશ્રીને નિરાંત થઈ.

પછી કહે : ‘આપણે ભગવાન ભજવા અને ભજાવવા નીકળ્યા છીએ.

શાસ્ત્રીજી મહારાજ ઉપર તો ઘણું ઘણું વીત્યું છે. છતાં સહન જ કર્યું, પણ કોઈ દિવસ કોર્ટ-કચેરીમાં ગયા નથી. આપણે પણ તે માર્ગે જવું નથી.'

શબ્દે શબ્દમાં સ્વામીશ્રીની અપાર સાધુતા, ગજબની સહનશીલતા અને અજાતશત્રુપણાનાં સૌને દર્શન થયાં.

પછી શાસ્ત્રીજી મહારાજનો શિર સાટે પક્ષ રાખનાર ભક્તરાજ રણછોડભાઈને ત્યાં ગોરિયાદ લાભ આપી, સ્વામીશ્રી જંબુસર પધાર્યા.

ગોપાળજી મંદિરમાં જેશંકરભાઈને ત્યાં ઉતારો હતો. લાઉડ સ્પીકરની વ્યવસ્થા કરી હતી, તેથી કથા-કીર્તનાદિક શ્રવણનો લાભ સૌને સંતોષકારક મળ્યો.

ખાસ કરીને સ્વામીશ્રીના વિચરણમાં ગામોગામ સભાઓ વગેરે થાય, પણ ભાગ્યે જ કોઈ ગામમાં માઈકની વ્યવસ્થા રહેતી. તેથી સંતોની કથાવાર્તાનો લાભ સૌને બરાબર મળે નહિ. ગામડાંમાં ઘોંઘાટ ઘણો થતો હોય. લોકો દૂર બેઠાં વાતો કરતા હોય. છોકરાઓ દોડાદોડ કરતા હોય. કૂતરાં આંટા મારતાં હોય. છતાં સંતો તથા સ્વામીશ્રી એમની રીતે કથા-કીર્તન તો કરે જ. એમના મનમાં તો આ કોઈ વિક્ષેપનો ખ્યાલ જ રાખે નહિ. અને મહારાજને સંભારીને, મહારાજના મહિમાની વાર્તા સ્થળ-કાળના સંકોચ વગર સ્વામીશ્રી અવિરત કરતા. ભગવાનને માર્ગે સૌને વાળવાનું એમનું તાન ત્યારે સહેજે જણાઈ આવતું. લૌકિક સુવિધાઓનો ક્યારેય વિચાર કરતા નહિ. સહેજે સહેજે ગોઠવાઈ હોય તો ઉપયોગ કરી લેતા. ખૂબ સાહજિક રીતે એમનું વિચરણ ચાલતું, પણ પ્રભાવ ઘણો ઘેરો ને ઊંડો રહેતો.

૫૦ ઘરે પધરામણી થઈ. ડાહ્યાભાઈ તથા ડૉ. પુરુષોત્તમદાસે સારી સેવા કરી. એક એક દિવસ નોંધણા અને ટુંડજના હરિભક્તોને લાભ આપ્યો. ટુંડજમાં યુવક મંડળની સ્થાપના કરી.

કાવી જતાં સ્ટેશન ઉપર ટ્રેનને વાર હતી, તેથી ત્યાં જ બેસી જઈ કથાવાર્તા કરી. કાવી બંદરે, દરિયા કિનારે સૌ ભક્તોને માથે જળ ચઢાવ્યું. શુભ સંકલ્પો કરી સૌને રૂડા આશીર્વાદ આપ્યા.

સ્વામીશ્રી સાથે એમના આશીર્વાદની ગંગા પણ સતત વહેતી રહેતી. આશીર્વાદનો અસ્ખલિત પ્રવાહ એમની આંખોમાંથી, વાણીમાંથી અને કરકમળોમાંથી થાપારૂપે વહેતો. નાત-જાત, ધર્મના ભેદભાવ વગર, 'ભગવાન સૌનું ભલું કરો' આ એમના હૃદયોદ્‌ગારો, એમની ચોતરફ પવિત્ર આંદોલનો દ્વારા પ્રસરતા રહેતા.

કિમોજ તથા કનગામ થઈ ફરી જંબુસર આવ્યા. જજ સાહેબ બી.જે. શેલત, રતિલાલ દયાલજીને ત્યાં પણ પધરામણીઓ થઈ. આ વખતે તેમણે સત્સંગનો સારો લાભ લીધો.

અટલાદરા થઈ, અમદાવાદ સ્ટેશને ઊતરી, સીધા વી.એસ. હૉસ્પિટલમાં શંકરલાલ ઠાકરની ગંભીર તબિયત હોવાથી દર્શન દેવા પધાર્યા. અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના નિષ્ઠાવાન પ્રચારક શંકરભાઈને છેલ્લી સ્થિતિમાં જોઈ, સ્વામીશ્રીએ અતિ કરુણાભાવે દૃષ્ટિ કરી. તેમની વૃત્તિ પોતાના સ્વરૂપમાં ખેંચી લીધી. આશીર્વાદ આપ્યા. રાજી કર્યા. મોટા પુરુષના આશ્રયનો આ જ મહિમા. અંત અવસ્થાએ નિર્વાસનિક કરી, ભગવાનમાં જોડી દે.

હૉસ્પિટલમાંથી જ ગાંધીગ્રામ સ્ટેશનથી સોમનાથ મેલમાં બેસી રાત્રે ૧-૦૦ વાગે ધંધુકા ઊતર્યા. કાનજીભાઈ શેઠની મોટરમાં ૨-૩૦ વાગે અડવાળ પહોંચ્યા. મોટાપુરુષોને તો કોઈ પ્રિય-અપ્રિય હોતું નથી. છતાં અડવાળ માટે સ્વામીશ્રીને મમતા વધારે. વર્ષોવર્ષ પધારી, કથાવાર્તા કરી, અહીંના દરબારોને રાજી કરવાનો સ્વામીશ્રીને ઢાળો પડી ગયો હતો.

અહીં તળાવ કાંઠે વૃક્ષ નીચે મહારાજ ઊતરેલા, તે સ્થાને સ્વામીશ્રીની આજ્ઞાથી હેમુભાએ તથા ટેમુભાએ ઓટો તૈયાર કર્યો હતો. અહીં ઉદ્‌ઘાટન વિધિ સ્વામીશ્રીએ કરી, સૌને શીખ આપી : 'દર એકાદશીએ ઉત્સવ કરવો અને દુરિજનોથી ઓટાની રક્ષા કરવી. તો સંપ આવશે ને સુખી થશો.'

'હેત છે તો ભીડો આપીએ છીએ'

અહીં પ્રમુખસ્વામી ટ્રેનમાં અમદાવાદ જઈ રહ્યા છે, એવો પત્ર આવેલો. સ્વામીશ્રીએ રાયકા સ્ટેશને પાણી લઈ જવા વિનુ ભગત તથા શંકર ભગતને આજ્ઞા કરી. દિલાવરસિંહજી કહે : 'મારી ઘોડાગાડી જાય છે, એમાં ભગતોને બેસાડી દઉં.'

'એમ તો હુંય જઈ શકું. પહેલાં બધાં હાલીને જતાં.' સ્વામીશ્રીએ ઠાવકાઈથી કહ્યું.

'માથે છત્રી રાખીને જાય તો સારું. તાપ બહુ પડે છે.' ભઈલુભાએ વિનંતી કરી.

સ્વામીશ્રી કહે : 'માટલામાં પાણીની ઠંડક હોય, તેથી તાપ નહીં લાગે !'

'બાપા ! પગમાં જોડા પહેરવાની તો આજ્ઞા કરો.' બંનેએ ફરી ભાવના

વ્યક્ત કરી.

'કંઈ નહીં થાય, સાજા-નરવા પાછા આવી જશે.' સ્વામીશ્રીએ જણાવ્યું.

વિનુ ભગત તથા શંકર ભગત ભજન-કીર્તન કરતાં રાયકા સ્ટેશને પહોંચ્યા. ગાડી આવી, પણ પ્રમુખસ્વામી સંજોગવશાત્ તે ટ્રેનમાં નીકળી શક્યા ન હતા. સ્વામીશ્રીએ આજ્ઞા કરેલી કે 'વધે તે પાણી ઢોળી ન દેતા. પાછું લાવજો.' તેથી બંને પાર્ષદો ભરેલી માટલી સાથે પાછા આવ્યા.

વિનુ ભગતને આગલા દિવસે ઉપવાસ હતો અને હર્ષદભાઈએ પારણાંમાં બપોરે દૂધપાક બહુ પીરસેલો. વળી, તાપમાં બહુ ચાલ્યા. તેથી ઝાડા થઈ ગયા અને અશક્તિ આવી ગઈ. એટલે તેઓ સૂઈ ગયા.

રાત્રિ કથામાં સ્વામીશ્રીએ તેમને યાદ કરીને બોલાવ્યા અને કહ્યું : 'ગમે તેમ થાય પણ કથામાં બેસવું જ. હેતનું લક્ષણ શું ? દુઃખ લગાડીને પણ હિત કરવું. તે માટે તમને ભીડો આપીએ છીએ.' એમ કહી સાંત્વન આપ્યું, પણ આરામ તો ન જ કરવા દીધો.

અહીંથી નીકળી નાગભાને ત્યાં જાળિયા પધરામણી કરી. ધંધુકામાં સત્સંગ સભા કરી. રાત્રે ૧-૦૦ વાગે ધંધુકાથી ટ્રેનમાં બેસી, સવારે ૮-૩૦ વાગે સ્વામીશ્રી જેતપુર પધાર્યા.

સ્ટેશને છોટુભાઈ લેવા આવ્યા હતા. એમની સાથે મંદિરે દર્શન કરી, ભાદર નદીમાં સ્નાન કર્યું. અહીં નદી કાંઠે જ પૂજા કરી. મહારાજને જેમ વન-પર્વત ગમતાં, એમ એમના ધારક ગુણાતીત પુરુષને પણ નદી-તળાવના આરાએ ઉતારો કરવો વધુ ગમતો. મહારાજનું સ્મરણ-સુખ લેતાં દેહક્રિયા કરતા.

ગોંડલ આવતાં રસ્તામાં વીરપુરના મહંત ગિરધરબાપાને મળ્યા. ગોંડલ આવી ઘાટ જોવા પધાર્યા. સ્નાન કરી, સભા માટે જે વિશાળ પ્લૅટફૉર્મ બનાવ્યું છે, ત્યાં જ બેસી વાતો કરી. આમ, અનૌપચારિક રીતે ઘાટનું ઉદ્‌ઘાટન પણ કર્યું.

તા. ૨૮-૩-'૫૮, સાંજે ગોંડલથી નીકળી, ભક્તિનગર સ્ટેશને ઊતરી બદરિનાથભાઈની તબિયત જોવા પધાર્યા. ઘણા સમય પછી સ્વામીશ્રી આ બાજુ પધારતા હોવાથી, અમદાવાદ સુધી આખી રાત દરેક સ્ટેશને દર્શનાર્થી હરિભક્તોની ભીડ જામતી.

હરિજયંતી નિમિત્તે પુરુષોત્તમદાસ મિસ્ત્રીને મેડે સવારે સારી સભા થઈ. પછી સ્વામીશ્રી પધરામણીએ નીકળી પડ્યા. ચૈત્રના તાપમાં, નિર્જળા ઉપવાસમાં પણ અમદાવાદમાં સ્વામીશ્રીનો પધરામણીનો કાર્યક્રમ અવશ્ય રહેતો.

હરિભક્તોને પણ પધરામણી કરાવવાનો લોભ, એટલે સ્વામીશ્રીની પરિસ્થિતિનો ખ્યાલ કરે નહિ. કદાચિત્ હરિભક્તો ના પાડે, તો સ્વામીશ્રીને પણ સામે એટલો જ ઉત્સાહ રહેતો.

નવા મુમુક્ષુઓને ત્યાં પધરામણી હોય તે સમજાય, પણ જૂના હરિભક્તો પણ મોહ છોડી શકતા નહિ અને કોઈ ને કોઈ નિમિત્તે પધરામણી કરાવતા. એનાં એ ઘર, એ જ હરિભક્તો, પણ સ્વામીશ્રી જાણે પ્રથમ વાર જ પધરામણીએ આવતા હોય એટલા ઉત્સાહથી પધારતા. આશીર્વાદ આપતા. લેશપણ ઉત્સાહ-ભંગ નહિ. ભક્તોને રાજી કરવાનું - રાખવાનું બહુ જ તાન.

શિષ્યના શિષ્ય !

એકાદશીને દિવસે નારાયણ ઘાટે આનંદ-ઉત્સવ કર્યો. રત્ના ભગત તથા નારણ ભગતે સારી સેવા કરી.

તા. ૧-૪-'૫૮, સ્પેશિયલ બસમાં, જેતલપુર દર્શન કરી, મહીજડા કાશીકાકા તથા અંબાલાલભાઈને ત્યાં પધાર્યા. હકા બાપુએ સારી વાતો કરી.

બીજે દિવસે વહેલી સવારે ૪ વાગે એક હરિભક્ત અમદાવાદ જતા હતા. સ્વામીશ્રી પાસે ફાનસ ધરીને તેમણે સ્વામીશ્રીને આશીર્વાદ લખી આપવા કહ્યું.

સ્વામીશ્રી કહે : 'શું લખું ?'

પેલા હરિભક્ત કહેવા લાગ્યા : 'તમે ૯૦ વરસ જીવશો.' સ્વામીશ્રીએ લખ્યું. તે કહે : 'માંદા નહિ પડો. સાજા રહેશો.' એ બોલતા ગયા તે પ્રમાણે સ્વામીશ્રી શબ્દશઃ લખતા ગયા અને હરિભક્તને રાજી કર્યા.

કેટલી સરળતા ! આ સેવકનાં લક્ષણ કે ગુરુનાં લક્ષણ ?

દવા સ્વામીશ્રીને માફક ન આવી !

અહીંના હરિભક્તો કાશીભાઈ તથા અંબાલાલભાઈ બહુ શૂરવીર અને પ્રેમી હરિભક્તો. સ્વામીશ્રીને પહેલાં બીમારી આવેલી, તે સંભારતાં કાશીભાઈ કહે : 'બાપા ! હું આપને દવા બતાવું.'

'બતાવો, બતાવો.' સ્વામીશ્રીએ આશ્ચર્યથી કહ્યું.

'શરીરમાંથી રોગમાત્ર નીકળી જશે.'

'તો તો જલદી બતાવો.'

'આપને દવા કરવી જ પડશે.' તેઓ ભારપૂર્વક કહેવા લાગ્યા.

સ્વામીશ્રી કહે : 'અમારી ક્યાં ના છે ? દવા જલદી બતાવો.'

કાશીકાકા કહે : 'રોજ સવારે ઘીમાં લચલચતો શીરો અડધો શેર, ઓછામાં ઓછો પાશેર તો ગરમ ગરમ ખાઈ જ જવો. એકેય રોગ ઊભો ન રહે.'

સ્વામીશ્રી ખડખડાટ હસી પડ્યા અને બોલ્યા : 'આ દવા તો બળિયા માટે છે. આપણે તો ફોશી છીએ.'

આ સાંભળીને સર્વે સંતો-હરિભક્તો ખૂબ જ હસી પડ્યા.

બીજે દિવસે સવારે કાશીકાકા તથા અંબાલાલભાઈ ગરમ ગરમ શીરો લઈને આવ્યા. સ્વામીશ્રીને કહે : 'દવા આવી ગઈ. હવે આપે લેવી જ પડશે.'

સ્વામીશ્રી કહે : 'ઠાકોરજીને ધરાવો. સંતોને આપો, હરિભક્તોને જમાડો. ખૂબ પ્રેમથી જમાડો. અમારી દવા થઈ ગઈ.'

અહીંથી વસઈ પધાર્યા. ભરતાપમાં ૩૦ થી ૩૫ પધરામણીઓ કરી. સૌ થાકી ગયા હતા, પણ સ્વામીશ્રી તો એકધારા ઉત્સાહથી સૌને લાભ આપતા હતા.

બપોરે મહીજડા આવી ઠાકોરજી જમાડ્યા. બાકી પધરામણીઓ પૂરી કરી. રાત્રે ધરોડા પધાર્યા. મંડળની સ્થાપના કરી. નાયકા થઈ, નડિયાદથી લોકલ પકડી, વાસદ થઈને સાંજે બોચાસણ આવી પહોંચ્યા.

પૂનમનો સમૈયો સારો ઊજવાયો. લગભગ ૪,૦૦૦ જેટલા ભક્તોએ લાભ લીધો. સાંજે ગામમાં ૫૦ ઘરે પધરામણીઓ થઈ. બીજે દિવસે ભાદરણમાં છોટાભાઈની તબિયત જોઈ.

અહીં પધરામણીઓ કરી સ્વામીશ્રી પાછા મંદિરે પધાર્યા. સંતો ઠાકોરજીનો થાળ બોલતા હતા. સ્વામીશ્રી સિંહાસનની સામે જ નીચે બેસી ગયા અને સંતો સાથે આનંદપૂર્વક થાળ બોલવા લાગ્યા.

એક સંતે આવીને ધીમેથી સ્વામીશ્રીના માથેથી પાઘ લઈ લીધી. થાળ પૂરો થયા સુધી સ્વામીશ્રી કેફથી થાળ બોલ્યા. બીજો ગમે તેવો હોય તોપણ બહારથી આવીને થોડો વિસામો ખાય, પરંતુ આટલી બધી પધરામણીઓ પછી પણ ભગવાન સંબંધી પ્રવૃત્તિ એ જ સ્વામીશ્રીનું લક્ષ્ય; અને એમના માટે એ જ આરામ હતો.

થાળ પૂરો થયા પછી સ્વામીશ્રીએ લળી લળીને દર્શન કર્યાં ને બોલ્યા : 'મહારાજ ! ભાદરણના હરિભક્તોનો થાળ જમ્યા ને ? રાજી થયા ને ?'

પછી આણંદ પધાર્યા. મણિભાઈ તથા જીવાભાઈ સાથે બે દિવસ શહેરમાં હરિભક્તો તથા વેપારીઓને ત્યાં ફરી દાળનો ધર્માદો ભેગો કર્યો. વાડીમાં

નિર્ગુણ સ્વામીની દેરીએ સભા કરી. શંકરભાઈની રસોઈ જમી, લોકલમાં અમદાવાદ આવ્યા.

યોગીના રાજીપામાં અમારો રાજીપો

ચૈત્ર વદ ૫, તા. ૮-૪-'૫૮, વી.એસ. હૉસ્પિટલમાં સનાતન સ્વામી બીમાર હતા. તેમને જોવા સ્વામીશ્રી પધાર્યા. ચાર દિવસ પહેલાં જ તેમને ઑપરેશન કરાવેલું. ત્યારે શાસ્ત્રીજી મહારાજે દિવ્ય દર્શન આપી કહ્યું કે 'આ સત્સંગમાં મહારાજ સત્પુરુષ દ્વારે અખંડ રહે છે. યોગીજી મહારાજ જેવા પુરુષ સત્સંગમાં પ્રગટ વિચરે છે. એ દ્વારે મહારાજ સુખ, સામર્થ્ય ને પ્રતાપ જણાવે છે. તો આ લાભ લઈ લેવો. એમની આજ્ઞા પાળી લેવી. યોગી સ્વામીના રાજીપે અમારો રાજીપો છે. અમારો અભિપ્રાય એ જાણે છે.'

શંકરલાલ ઠાકરના અક્ષરવાસ નિમિત્તે મંદિરમાં રસોઈ હતી. એમના સુપુત્ર મહેન્દ્રભાઈને સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા. અને સાંજની લોકલમાં રાત્રે રણોલી સ્ટેશને ઊતરી વાસણા પધાર્યા.

મોડું ઘણું થયું હતું. છતાં રસ્તામાં મીરસાપરા સ્વામિનારાયણ મંદિરમાં દર્શન કરી, હરિભક્તોને મળ્યા. વાસણામાં ચતુરભાઈ તથા છોટાભાઈ વગેરે ભક્તોને સારો લાભ આપ્યો. અહીં રાત્રે સભા પ્રસંગમાં સુંદર વાત કરી :

'સાંભળો, મુદ્દાની વાત કરીએ. શાસ્ત્રો વાંચીને, મોટાનો સમાગમ કરીને, એકતાપણું રાખીને, સમતા રાખીને, મહિમા સમજીને કરવાનું શું ? તો ત્રણ વાનાં : (૧) નિયમ, (૨) નિશ્ચય, (૩) પક્ષ.

'નિયમથી ઇન્દ્રિયોને આઘીપાછી ન જવા દઈએ. એમાં સારા ગુણ રહેલા છે. નિશ્ચય - એક જ આશરો. ભગવાન મારા બાપ. આ સંબંધની વાત છે. પક્ષ એટલે આપણા કોઈપણ સત્સંગીને કોઈ રીતનું દુઃખ આવી પડે, માંદા-સાજા હોય, તો તેને અર્થે ખર્ચ કરી નાખીએ. ગમે તેમ કરીને સગાં માટે દેવું કરીને પણ લગ્ન વગેરે કરે છે. એમ પક્ષ રાખવો. એ ત્રણે વાનાં મેળવવાનાં છે. તે મેળવવા માટે બધું કરવાનું છે. પછી ભલેને આપણને કોઈ પ્રશ્ન પૂછે ને ઉત્તર દેતાં ન આવડે. કાંઈ વિદ્યાભ્યાસ ન કર્યો હોય, શાસ્ત્ર ન વાંચ્યાં હોય અને શાસ્ત્રના અર્થ ન આવડતા હોય; પણ આ ત્રણ વાનાં સિદ્ધ કર્યાં અને સત્પુરુષનાં ચરણારવિંદમાં મનને નિમગ્ન કર્યું છે, તો બધું આવી ગયું. અને એ નથી તો કાંઈ નથી કર્યું. અને અનાદિની શાંતિ થાય નહિ. બધું આ ત્રણ વાનાં માટે છે. માટે સુહૃદભાવ રાખવો.

'આપણાં કેટલાં પુણ્ય ! ત્યારે આ સત્સંગ મળ્યો. નહિ તો વૈભવ-વિલાસ, મોટર આપીને પતાવી દીધું હોત, તો ખામી રહી જાત. આપણે મર્યા પછી ક્યાં જઈશું ? તે મૂંઝવણનો પાર ન રહ્યો હોત. આખી દુનિયા અને મોટા મોટા તો વધારે મૂંઝાય છે. પૂછીને તપાસ કરી જુઓ, તો ખબર પડે. આપણને મોટાનો આશરો મળી ગયો છે. પછી ગરીબ દેખાઈએ, લોકની દૃષ્ટિમાં દુઃખી દેખાઈએ, પણ ટેક જબરી છે તો સર્વ શાસ્ત્રના પારને પામ્યા છીએ અને અર્થ પણ સમજી ગયા છીએ.'

અક્ષરપુરામાં દૂર દૂર ખેતરોમાં ચાલીને પધરામણી કરી. સોખડામાં વાઘરી વાડામાં સારી સભા થઈ. સૌ ભાવિકોને પવિત્ર જીવન જીવવા આશીર્વાદ આપ્યા. શીશના ગામે બે વાળંદ ભગતને ત્યાં પધરામણી કરી, સાંકરદા પધાર્યા. પુરુષોત્તમદાસ ગાંધીએ સારી સેવા કરી. સાંજે ફાજલપુર પધરામણી કરી, વાસદથી ફાસ્ટમાં નડિયાદ આવી, રઢુ પહોંચ્યા.

દેના બૅંક ! લેના બૅંક નહિ

ચૈત્ર વદ ૧૧, તા. ૧૪-૪-'૫૮, વૌઠામાં શ્રીજીમહારાજ અને ૫૦૦ પરમહંસોના પ્રસાદી સ્થાને, સાત નદીઓના સંગમ ઉપર, અભૂતપૂર્વ સમૈયો ઊજવાયો. આજુબાજુનાં ગામોમાંથી આશરે હજારેક જેટલા ભક્તો એકત્રિત થઈ ગયા હતા. સૌએ સ્નાન કર્યું. સ્વામીશ્રીએ સૌના માથે જળ ચઢાવ્યું. ધૂન, ભજન, કીર્તન પછી સૌને આશીર્વાદ આપ્યા. પેંડા ને સાકરટેટીનો પ્રસાદ સૌને ખૂબ વહેંચાયો. ગામમાં સભા થઈ.

મહાદેવના દેરામાં મહારાજ પધારેલા, ત્યાં દર્શન કર્યાં. અહીંના પૂજારીના વડવાને શ્રીજીમહારાજ મળ્યા હતા. આ વાત જાણી સ્વામીશ્રી રાજી થયા અને બકરી પોળવાળા અંબાલાલભાઈને કહે : 'પૂજારી મહારાજને દસ રૂપિયા આપો.'

અંબાલાલભાઈએ આપ્યા તે લઈ પૂજારી ઓરડામાં ગયા. એટલે મોટા-સ્વામી અકળાયા. સ્વામીશ્રીને કહે : 'તમે દરેક જગ્યાએ રૂપિયા શું અપાવો છો ? તે કાંઈ મફત આવે છે ? રાત-દિવસ મહેનત કરે, ત્યારે બે રૂપિયા મળે છે.'

એવામાં એક લોહાણા મુમુક્ષુ આવ્યા. તેઓ પૂજારીના મિત્ર. તેથી પૂજારીએ સ્વામીશ્રીનો મહિમા કહ્યો અને તે મુમુક્ષુને સ્વામીશ્રીની પધરામણી કરાવવાની પ્રેરણા થઈ. સ્વામીશ્રીની સંમતિ માગી. ત્યારે સ્વામીશ્રી કહે : 'અમે આવશું, તમે જઈને તૈયારી કરો.'

આમ તો સમય નહોતો, પણ નવા મુમુક્ષુનું દિલ ન દુભાય તેથી, સ્વામીશ્રી તથા સંતો થોડી વારે તેના ઘરે આવ્યા. તે તો રાજી રાજી થઈ ગયા. ઠાકોરજી તથા સંતોનું પૂજન કરી, તેમણે રૂપિયા ત્રીસ ભેટ મૂકી. સ્વામીશ્રી તેને આશીર્વાદ આપી, બે ઉપદેશના શબ્દો કહી, વિદાય થયા.

સ્વામીશ્રી રસ્તામાં મોટાસ્વામીને સંબોધીને કહે : 'કેમ મોટાસ્વામી ! ઠાકોરજીની સેવા થઈ કે નહીં ?' એમ કહી અંબાલાલભાઈને પણ કહ્યું : 'કેમ અંબાલાલ ! કેવી સેવા થઈ !' એમ કહેતાં ખૂબ હસ્યા. સ્વામીશ્રી કહે : 'આપણે તો દેના બૅંક ! લેના બૅંક નહીં. દસ રૂપિયા પૂજારીને દીધા તો ગુણ આવ્યો ને ઓલ્યાને બે વાત સમજાવી, તે ઠાકોરજીને વધુ ભેટ આવી. એમ રીંગણી પાકી !'

મોટાસ્વામી ઘડીભર વિચારવા લાગ્યા કે ખરેખર તો જેની આપવાની શક્તિ હોય તે જ લઈ શકે છે. અને એ પણ ખરું કે સ્વામીશ્રીમાં જેટલી લેવાની ક્ષમતા અને પાત્રતા છે, તેથી વધુ તો આપવાની ઉદારતા છે.

રઢુમાં જાહેર સભામાં કૉંગ્રેસ કાર્યકર રાવજીભાઈએ સ્વામીશ્રીને હારતોરા કરી, આરતી ઉતારી. વિઠ્ઠલભાઈની રસોઈ જમી, સૌ બસમાં સારસા આવ્યા.

સારસા આવતાં સ્વામીશ્રી કહે : 'આ તો મોટા અક્ષર સ્વામીનું ગામ. શાસ્ત્રીજી મહારાજે અહીં ખૂબ રસોઈયું કરી છે. ઈદમ્ સાંભરે છે.'

અહીં બાબુભાઈ રેવનદાસને ત્યાં લગ્ન પ્રસંગ હોવાથી આશીર્વાદ આપવા આવેલા. સત્સંગી હરિભક્તો તથા યુવાનો ઘણા આવ્યા હતા અને સ્વામીશ્રીએ કથાવાર્તાનો અખાડો ચાલુ રાખ્યો હતો. લગ્ન પ્રસંગમાં પણ કોઈને જગતનો ફેર ચડે નહિ, તેવું વાતાવરણ સ્વામીશ્રીના સાંનિધ્યમાં અનુભવાતું. બાબુભાઈને પણ પાસે બેસાડી, સ્વામીની વાતો સંભળાવી. સ્વામીશ્રીએ તેમની વ્યાવહારિક અને માનસિક ચિંતા ટાળી નાખી અને કહેવા લાગ્યા કે 'અમે તો તમને શાંતિ આપવા આવ્યા છીએ, તો ફિકર કરશો મા. રસોઈ અમે કરી લઈશું. અમારી ચિંતા કરતા નહિ. તમે લગ્નનું કામ સંભાળી લ્યો.'

વહેરા કાળીદાસભાઈની ખળીમાં પધરામણી કરી, વાસદ સ્ટેશને આવી, રાત્રે બાજવા આવ્યા. લાકડાંના પીઠાવાળા ભાઈકાકા તથા જેસંગપુરાવાળા નરસિંહભાઈ વગેરેએ બધી વ્યવસ્થા કરી હતી. ડાકોર જતી રણછોડરાયની મંડળીએ સ્વાગત કર્યું. એક દુકાનમાં બેસી તેમનાં ભજન સાંભળ્યાં. સૌને લાડુની પ્રસાદી વહેંચી. સ્વામીશ્રી કહે : 'ભગવાનનો આશરો કરવો. ભજન-ભક્તિનો સમય કાઢવો. સિનેમા-નાટકમાં વ્યર્થ કાળ ન ખોવો...' વગેરે

ઉપદેશનાં વચનો કહ્યાં.

રાત્રે કોયલી ભાઈલાલભાઈ, દેસાઈભાઈ તથા ગોવિંદભાઈને ત્યાં આવી પહોંચ્યા. કથાવાર્તા થઈ. નવા હરિભક્તોને વર્તમાન ધરાવ્યાં. મંડળની સ્થાપના કરી. બીજે દિવસે પધરામણીઓ ઘણી થઈ.

મોટાની પાંખમાં બેસવાની કળા

અમાવાસ્યા ગ્રહણનો સમૈયો કરવા સ્વામીશ્રી અટલાદરા પધાર્યા.

તા. ૧૯-૪-'૫૮, વહેલી સવારે મંદિરના કેળના ખેતરમાં સભા થઈ. સ્વામીશ્રીએ તો આવીને તુરત ધૂન શરૂ કરાવી. પછી *'અનુભવી આનંદમાં બ્રહ્મરસના ભોગી રે...'* તથા *'હરિગુણ ગાતાં...'* પદ બોલી અદ્ભુત નિરૂપણ કર્યું.

સ્વામીશ્રીએ વાત કરી કે –

'આ કીર્તનમાં સુખ-દુઃખ મનમાં ઉતારવાનું કહ્યું નથી; પણ આપણે એ જ કરીએ છીએ, એટલે દુઃખ થાય છે. પરોક્ષના ભક્તોએ જો ધીરજ રાખી, તો મુક્તાનંદ સ્વામીએ તેમનાં આખ્યાનો લખી દીધાં. તે મુજબ આપણે ચાલવાનું છે.

'વર્તમાન ન લોપીએ, ભગવાન ને ભગવાનના ભક્તનો અભાવ ન આવે અને સુહૃદપણું રહે, તો માયાના પેચમાં અવાય જ નહિ. સગા ભાઈ અને મા-બાપ વિશે પ્રીતિ રહે છે, તેવી હરિભક્તમાં રહે તો સુહૃદપણું થયું ગણાય. આ ચાર વાત જીવનું જીવન છે : ઉપાસના, આજ્ઞા, એકાંતિકમાં પ્રીતિ અને સુહૃદપણું. સ્વામી કહેતા કે આગળ સુહૃદપણાને ધક્કો લાગશે. સુહૃદપણું હોય તો જ મોટાપુરુષ આપણને પાંખમાં બેસારે. આપણે સેવા કરવી.

'સત્સંગમાં અખંડ દિવ્યભાવ રહે એ જ ભક્તિ. ભગવાનના ભક્તને દિવ્ય જ સમજવા. સત્સંગ એટલે સત્પુરુષ. પ્રગટ સત્પુરુષ જ જીવના હૈયામાં પ્રધાન હોય, એટલે જીવનો માયાનો વળગાડ કાઢી નાખે; અને સંપૂર્ણ સત્સંગ ત્યારે જ થાય. આત્મા અને પરમાત્માનો સંગ થાય, ત્યારે જ સત્સંગ થયો ગણાય. દેહભાવે સત્સંગ કરે તેનો અંતે વિશ્વાસ નહિ.'

આમ, સૌને ખરેખર બ્રહ્મરસમાં તરબોળ કરી દીધા. ગ્રહણ મુકાતાં, સ્નાન-પૂજા કરી સૌ મંદિરે આવ્યા.

મુંબઈમાં મંદિરની હાકલ

છગનભાઈના સુપુત્ર કિરીટભાઈનાં લગ્ન પ્રસંગે તા. ૨૦-૪-'૫૮,

સ્વામીશ્રી સંતસ્વામી વગેરે સંતો સાથે મુંબઈ આવી પહોંચ્યા. કૃષ્ણ બાગમાં ઉતારો હતો. ત્રણ દિવસ મુંબઈના હરિભક્તોને કથાવાર્તાનો લાભ આપ્યો. વૈશાખ સુદ ૪, શાસ્ત્રીજી મહારાજની તિથિ જશભાઈને ત્યાં ઊજવવામાં આવી. બુઆકાકાને ત્યાં રામજી મંદિરમાં પધરામણી કરી, મરાઠી ભાઈઓને સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા. રવિવારનો આખો દિવસ કથા-કીર્તનનો સારો લાભ સ્વામીશ્રીએ સૌને આપ્યો. ચોકસી સાહેબ તથા માનસિંહજી ચુડાસમા પણ લાભ ચૂક્યા ન હતા. સ્વામીશ્રીએ મહિમા અને નિષ્ઠાની ઉચ્ચ કક્ષાની વાર્તા કરી હતી :

'ભગવાન અને સંતને વચને થોડું કરો, ઝાઝું ફળ મળે. દર રવિવારે ભેગા થવું. કીર્તન-ઉચ્છવ કરવાં. આ તો જાશું પછી બધા સૂઈ રહેશે. અહીં મંદિર બાંધીએ તો સત્સંગ વધે. અમે દસ વર્ષથી નળ દુખાડીએ છીએ, પણ કોઈ સાંભળતું નથી. ફૂલ છાંટ્યાં છે. નહિ તો પછી લાવો અમારાં ફૂલ પાછાં. એકાદો શૂરવીર જાગે તો ભગવાન ભળે. સ્વરાજ લીધું તે છોકરાએ લીધું. 'અંગ્રેજો ચાલ્યા જાવ.' આપણે અક્ષરધામનું રાજ્ય લેવું છે કે સૂવાનું ? ઉત્સાહ હોય તો થાય. સ્વામી પાસે કાંઈ નહોતું, પણ ભગવાન હતા તો થયું કે નહિ ? ઝોળી ઉપર મંદિર કર્યાં. લાખો રૂપિયાનાં ભગવાને બાંધી દીધાં.'

તે ઉપર પૈસાદાર લોભીની વાત કરી : 'મહારાજે દર્શન દઈને કીધું કે 'તને ધામમાં નહિ લઈ જાઉં. જો બાઈ-ભાઈનાં મંદિર કર, તો લઈ જાઉં.' પછી ઊઠીને દસ-દસ હજારનાં બે મંદિર કર્યાં. આપણે સૌ ઘર બંધાવીએ છીએ. સ્વામીએ પાયામાં પૈસા ન નાખ્યા. (અર્થાત્ પાયા ખોદવા મજૂરો ન રાખ્યા). એમાં પચાસ હજાર બચાવ્યા અને ધર્મશાળા બંધાવી. મહારાજ છતાં એક શેઠિયો કહે : 'સાધુને કામ ન કરાવો. હું પૈસા આપું. મજૂર રાખો.' મહારાજ કહે : 'હું જમીનમાંથી મંદિર ઊભું કરું, પણ સાધુને સેવા આપવી છે.'

'સત્સંગ શું ? હાથ જોડવા અને કહે એમ કરવું. દસ વર્ષે કરવું એમ તે ? તત્કાળ કરવું. સત્સંગ કરવા અને એકાંતિક ધર્મ સિદ્ધ કરવા દેહ ધર્યો છે. અખંડ ભજન કરવું ને દોષ મૂકવા. અખંડ ભજન નથી થાતું. એ સમાગમે થાય. ભગવાનનું મંદિર બાંધીએ, તો આપણું ચૈતન્ય મંદિર થઈ જાય. સ્વામી કહે - મને જ્યાં ખેંચ કરે ત્યાં ઓછો જાઉં અને જ્યાં ખેંચ ન કરે ત્યાં બમણો જાઉં.'

સ્નેહકુંભ ઢળી પડ્યો !

આ જ અરસામાં, છેલ્લા દોઢ-બે માસથી સ્વામીશ્રીએ કંપાલાના યુવક

મહેન્દ્રભાઈને વિચરણમાં સાથે લીધા હતા. સ્વામીશ્રી સાથે ફરવાનો આ તેમનો પહેલો જ પ્રસંગ. ગુણાતીતાનંદ સ્વામીની મૌક્તિકો સમી વાતો તથા મહારાજની લીલા-ચેષ્ટાનાં પદ મોઢે કરવાનો પાઠ સ્વામીશ્રીએ તેમને આપ્યો હતો.

આ વિચરણમાં એક મોડી રાત્રે સ્વામીશ્રી સાથે મહેન્દ્રભાઈ પુરુષોત્તમપુરા આવ્યા હતા; ત્યારે તેમની આંખોમાં સખત ઊંઘ ભરાયેલી. બીજા કોઈ ઓળખે નહિ, તેથી તેઓ મૂંઝાતા એક બાજુ ઊભા રહેલા. સંતો સામાન તથા બીજી ગોઠવણમાં રોકાયેલા હતા.

એવામાં સ્વામીશ્રી એકદમ એક ગોદડું લઈ તેમની પાસે આવ્યા, તે પાથર્યું. તેના ઉપર ચાદર પાથરી અને મહેન્દ્રભાઈને કહે : 'સૂઈ જાવ.' થોડી વારે બીજું ગોદડું લઈ આવ્યા. તેમને ઓઢાડીને જતા રહ્યા.

એ જ વિચરણમાં સારિંગ ગામમાં મંદિરમાં સવારે સંતો સાથે ઉકાળા-પાણી કરી મહેન્દ્રભાઈ નવરાશથી બેઠા હતા. એ જ સમયે બીજા કેટલાક હરિભક્તો આવ્યા. સ્વામીશ્રીએ તેમને નાસ્તો કરવા બેસાર્યા, પણ ઉકાળો આપવા વાટકીઓ નહિ. ખૂણામાં એંઠી વાટકીઓ પડેલી. એ તરફ ઇશારો કરી સ્વામીશ્રીએ મહેન્દ્રભાઈને વાટકીઓ ઊટકી લાવવા જણાવ્યું. પૂર્વના કોઈ બલિષ્ટ સંસ્કારને લીધે, સેવાનો આ અવસર સાંપડતાં મહેન્દ્રભાઈને મનમાં આનંદ થયો અને વિવિધ સેવાઓમાં તેમનું મન લાગી ગયું. મંદિરનો કૂવો બહુ ઊંડો હતો, પણ તેઓ હોંશે હોંશે પાણી ખેંચતા. પાણી ભરવું, વાસણ ઊટકવાં, સૌને સ્નાન કરાવવું વગેરે ક્રિયાઓમાં તેઓ ઉત્સાહભેર જોડાઈ ગયા.

આ રીતે લગભગ બે મહિના તેમને સ્વામીશ્રી સાથે ગામડાંઓમાં ફરવાનું થયું. આ સમય દરમ્યાન દિવસમાં લગભગ બે થી ત્રણ વાર સ્વામીશ્રી તેમને કહેતા : 'કો', સાધુ થઈશ.' અને મહેન્દ્રભાઈ એટલી જ મક્કમતાથી ના પાડતા. પણ સ્વામીશ્રી ક્યારેય તેમને પૂછતા કંટાળ્યા નહિ, તેમજ અંશભાર નારાજગી પણ જણાવી નહિ. એ જ ભાવ-વાત્સલ્ય !

દરરોજ હરિભક્તોને ઘરે પધરામણીએ જવાનું હોય, ત્યારે સ્વામીશ્રી અચૂક તેમને સાથે લઈ જાય.

બપોરના ભાગમાં સ્વામીશ્રી થોડા આડે પડખે થતા. ગામડાંમાં માખીઓ બહુ હોય, તેમજ ઘામ પણ થાય. ગમે તેવી ગરમી કે ઉકળાટ તો સ્વામીશ્રીએ કોઠે પાડી દીધાં હતાં, પણ સેવાનો લાભ મળે એવા જ કોઈ અગમ્ય હેતુથી સ્વામીશ્રી યુવકોને માખી ઉડાડવા બેસાડતા. સ્વામીશ્રી પડખાભર સૂતા હોય ને

જરાપણ પવનની લહર ન આવે એનો પૂરો ખ્યાલ રાખી, યુવકો હળવે હાથે પંખો નાખતા. ફક્ત ઊડતી આવતી માખી જ ઊડવી જોઈએ. જો જરા સરખો પણ પવન એમને સ્પર્શે, તો તરત તેઓ પડખું ફરતા.

નહિવત્ ઓશિંગણ ઉપર હાથનો ટેકો લઈ સ્વામીશ્રી માથું ઢાળતા. બહુધા જમણે પડખે જ સૂવાની એમની ટેવ. એક પગ સીધો ને બીજો પગ ટટ્ટાર પગના ગોંઠણ સુધી ખેંચાયેલો સ્વાભાવિક રહેતો. ક્યારેય નિદ્રાધીન તો થતા જ નહિ. વારાફરતી પડખાં ફેરવે, પણ પગની સ્થિતિ પણ એ જ રીતે ફરતી રહે. ક્યારેક કદાચ સીધા સૂવે તોપણ એક પગ તો ગોઠણથી વળી ગયેલો, બીજા પગના સાથળ ઉપર ખેંચાયેલો, ટેકવેલો હોય. નાનપણથી જ ગોરખ આસન વાળીને સૂતેલા સ્વામીશ્રીની આ અવસ્થા સ્વાભાવિક હતી. થોડી થોડી વારે મોઢેથી ચપ ચપ એવો અવાજ કરતા, ત્યારે નિદ્રા સાથે સંતાકૂકડી રમતા, ઝોલાં ખાતા યુવકને ખ્યાલ આવે કે હું ક્યારનો પંખો નાખું છું, પણ સ્વામીશ્રી તો હજુ જાગે જ છે ! શું મારી સેવામાં કંઈ ખામી હશે ? આમ, હૃદયમાં ફફડાટ સાથે એ યુવક જાગ્રત થઈ જાય. બપોરના આ પંખો નાખવાની સેવા પણ સ્વામીશ્રી મહેન્દ્રભાઈને આપતા.

રાત્રે સત્સંગ સભાનો કાર્યક્રમ મોડે સુધી ચાલતો. પ્રોસ્ટેટની જૂની તકલીફને કારણે સ્વામીશ્રી સભા દરમ્યાન લઘુશંકા કરવા જતા. રાત્રે ગામડાંમાં અંધારું હોય ને બીજી કોઈ ખાસ સગવડ હોય નહિ, તેથી તે માટે અગાઉથી વ્યવસ્થા કરી રાખવાની પણ એક નાની પણ અંગત સેવા, સ્વામીશ્રીએ મહેન્દ્રભાઈને સોંપી હતી.

તેમજ સંધ્યા પછી સ્વામીશ્રી હંમેશાં પાણી ખૂબ પીતા. તેથી સભા દરમ્યાન પીવાનું પાણી સમયસર તુંબડીમાં લઈ આવવાનું રહેતું. સ્વામીશ્રીની સેવામાં રહેતા સંતને યાદ કરાવવાનું પણ બીજું નાનું અંગત કામ એમણે મહેન્દ્રભાઈને સોંપ્યું. આમ, નાની અંગત સેવામાં જોડીને સ્વામીશ્રીએ મહેન્દ્રભાઈને અજાણ-પણે પોતાની નજીક ખેંચી લીધા. સંતોનો વિશેષ મહિમા નહિ હોવા છતાં, ધીરે ધીરે તેમના અંતરમાં સ્વામીશ્રી પ્રત્યે લાગણી જન્મવા લાગી.

અને આ વિચરણમાંથી એકાએક સ્વામીશ્રીને કિરીટભાઈનાં લગ્ન નિમિત્તે આશીર્વાદ આપવા મુંબઈ આવવું પડ્યું. ત્યારે પણ સ્વામીશ્રી મહેન્દ્રભાઈને પોતાની સાથે મુંબઈ લાવ્યા. કૃષ્ણ બાગમાં સાંજે સત્સંગ સભા ચાલતી હતી. એ સમયે સ્વામીશ્રીને સ્નાન કરવા જવાનું થયું. મહેન્દ્રભાઈ સેવામાં સાથે હતા.

દિશાએ જઈને આવેલા સ્વામીશ્રીને માટીથી હાથ ધોવડાવ્યા. સ્નાન કરતાં કરતાં એકદમ સ્વામીશ્રીએ મહેન્દ્રભાઈને કહ્યું : 'કો', સાધુ થઈશ.' અમી ઝરતી સ્વામીશ્રીની આંખો સાથે આંખો મળતાં, હૃદયના ઊંડાણમાંથી કોઈ ઠેસ વાગતાં, આટલા બધા દિવસોની એકઠી થયેલી લાગણીઓનો સ્નેહકુંભ ઢળી પડ્યો અને મહેન્દ્રભાઈના મોઢામાંથી 'હા' નીકળી ગઈ. બે માસના સતત સત્સંગથી મહેન્દ્રભાઈને સેવા સાથે સમજણની દૃઢતા પણ, સ્વામીશ્રીએ આપોઆપ કરાવી હતી. એનું જ કદાચ આ પરિણામ હશે ?

મહેન્દ્રભાઈનો હાથ સ્વામીશ્રીએ એકદમ પકડ્યો, ખેંચ્યો ને પોતાની છાતી સરસો ચાંપ્યો. જાણે કોઈ ગાઢ આશ્લેષ ન આપતા હોય ! એટલો બધો હેતનો ઉમળકો સ્વામીશ્રીએ ઠાલવી દીધો. સ્નાનની ક્રિયા અધવચ્ચે અટકી ગઈ અને સ્વામીશ્રીએ મહેન્દ્રભાઈના વાંસામાં હેતના થાપાની ઝડીઓ વરસાવી. સ્વામીશ્રીના વાત્સલ્ય ધોધમાં ભીંજાયેલા મહેન્દ્રભાઈ દેહનું ભાન ભૂલી ગયા. થોડી ક્ષણો પછી જાગ્રત થયા ત્યારે જ ખ્યાલ આવ્યો કે 'એ સુખ ક્યાં ગયું ? શું આ જ સાચું સુખ ?' શાશ્વત સુખની અનુભૂતિ થઈ હતી. જે અનુભવ આજે પણ તેમને વિરલ લાગે છે ![૧૩]

વિચરણની વણથંભી દોટ

મુંબઈથી નીકળી, તા. ૨૪-૪-'૫૮ના રોજ આણંદ થઈ, મણિભાઈ તથા જીવાભાઈની મોટરોમાં સ્વામીશ્રી બોચાસણ પધાર્યા. આજ રોજ વૈશાખ સુદ પાંચમના શુભ દિને, સ્વામીશ્રીના શુભ હસ્તે મંદિરના ભવ્ય પ્રવેશદ્વારની ખાત વિધિ સેંકડો હરિભક્તોની હાજરીમાં થઈ. નવા ભંડારનું પણ વાસ્તુ થયું.

બપોરે સુણાવ પુરુષોત્તમદાસના નવા મકાનનું વાસ્તુ કરી, રાત્રે ૧૧-૩૦

---

૧૩. ત્યારપછી 'બાપાને કેમ રાજી કરું ?' એવી એક ઝંખના તેમને નિરંતર રહેવા લાગી. સેવામાં અદમ્ય ઉત્સાહ વર્તાવા લાગ્યો. આખો દિવસ સેવા કરે, પણ થાક કે કંટાળો નહિ. રજાઓ પૂરી થતાં કૉલેજ શરૂ થઈ. એટલે પાછું તેમને ભણવા માટે મુંબઈ રહેવાનું થયું, પણ અભ્યાસમાં ચિત્ત ચોંટે નહિ. ક્યારે વૅકેશન પડે ? અને બાપા પાસે પહોંચી જઈએ, એવી તાલાવેલી દિન-પ્રતિદિન થવા લાગી. વળી, સ્વામીશ્રી મુંબઈ પધારે ત્યારે પણ કપોળ વાડીમાં આખો દિવસ સેવામાં પસાર થઈ જાય. અહીં પણ સૌ ભક્તોનાં જોડાં સાચવવાની નીચી સેવા તેઓ ખડે પગે કરતા. (હાલ પૂજ્ય ત્યાગવલ્લભ સ્વામી)

વાગે પ્રહ્‌લાદભાઈ હિંમતસિંહજીના આમંત્રણથી તારાપુર આવી પહોંચ્યા.

ભક્તોનાં કેવળ વ્યાવહારિક કાર્યો અને મનોરથોને પૂર્ણ કરવા, સ્વામીશ્રી ૬૮ વર્ષની ઉંમરે ગુજરાતને ખૂણે ખૂણે ને ઠેઠ મુંબઈ સુધી ભાગંભાગ કરતા જણાતા હતા. મહારાજના તથા શાસ્ત્રીજી મહારાજના સંબંધવાળા હરિભક્તોનો કેવળ મહિમા સમજી, તેમને રાજી કરવા આ એમની વણથંભી દોટ હતી.

સવારે ૫-૦૦ વાગે તારાપુરથી નીકળી, ટ્રેનમાં આણંદ આવતા પેટલાદ, કરમસદ વગેરે સ્ટેશનોએ પણ એ જ દર્શનઘેલા હરિભક્તોની ભીડ. ૮-૩૦ વાગે આણંદ આવી, વાડીમાં નિત્યકર્મથી પરવારી, નિર્ગુણ સ્વામીની દેરીએ પ્રદક્ષિણા કરી. એક કલાકમાં પાછા સ્ટેશને આવી, ફાસ્ટમાં ૧૨-૩૦ વાગે ભરૂચ આવી પહોંચ્યા. ચીમનભાઈ અનાજવાળાના બંગલાનું વાસ્તુ કરી, તા. ૨૬-૪-'૫૮ના સાંજે અમદાવાદ પધાર્યા.

અહીં યુવકોને સંબોધતાં સ્વામીશ્રીએ કહ્યું : 'ભગવાનના સ્વરૂપમાં જોડાવું કેવી રીતે ? જેમ ગાયનું વાછરું ખીલીએ બાંધ્યું હોય પછી તે ખસી શકે નહિ, પણ આપણે છોડીએ ત્યારે છૂટે. તેમ મૂર્તિમાં જોડાઈ જવું. નાપાસ થઈએ તો કેવી બળતરા થાય છે ? તેમ આ લાભ ચૂકી જવાય તો બળતરા થવી જોઈએ. ત્યારે મહિમા સમજાયો કહેવાય. જેમ પોતાનો દેહભાવ જરાયે ભૂલાતો નથી, તેમ ભગવાનની મૂર્તિ ભુલાવી ન જોઈએ. ભગવાનની મૂર્તિ વિના બીજો સંકલ્પ ન થવો જોઈએ. આ તો કથાવાર્તા પૂરી થઈ એટલે, 'કેમ દોસ્ત ! બજારમાં ભાવ-તાલ કેમ છે ?' એમ ગામગપાટાં શરૂ થઈ જાય ને ભણનારા અભ્યાસ સંબંધી પૂછે; પણ આજે સ્વામીએ શું વાતો કરી ? કથાવાર્તા શું થઈ ? એમ કોઈ ન પૂછે.'

પછી બેચરભાઈ માસ્તરના સુપુત્ર નારણભાઈનાં લગ્ન પ્રસંગે આશીર્વાદ આપી, રાત્રે ૯-૦૦ વાગે નડિયાદ જયાનંદભાઈના દીકરા તથા વજુભાઈ નૈરોબીવાળાના ભત્રીજાને લગ્ન નિમિત્તે આશીર્વાદ આપી, રાત્રે ૧૨-૦૦ વાગે ચાંગા પધાર્યા. અહીં પણ લગ્ન પ્રસંગે હરિભક્તને આશીર્વાદ આપવા જ આવ્યા હતા. મહેળાવ શાસ્ત્રીજી મહારાજના જન્મ સ્થાને દર્શન કરી, પ્રાર્થના કરી. અહીં નારણભાઈએ યુવક મંડળ સારું તૈયાર કર્યું હતું. ફરી ચાંગા થઈ મોટરમાં ધોળકા આવ્યા. રાત્રે ૧૧-૧૫ વાગે સોમનાથ મેલમાં બેસી, નિંગાળા સ્ટેશને ઊતર્યા. રાત્રે ૩-૦૦ વાગ્યા હતા. ગઢડા જવા ટ્રૅક્ટરની રાહ જોતા હતા, ત્યાં એસ.ટી. બસ મળી ગઈ. એમાં બેસી ૫-૩૦ વાગે ગઢડા ભેગા થયા.

વૈશાખ સુદ ૧૦નો પાટોત્સવનો સમૈયો સારો ઊજવાયો. બે દિવસ

ઘેલા-સ્નાન, મોટા મંદિર તથા લક્ષ્મીવાડીનાં દર્શનનો લાભ લીધો. મંદિરથી ઘેલા સુધીનાં ૯૦ પગથિયાં સ્વામીશ્રી યુવાનની માફક ચડી જતા. મંદિરમાં તથા લક્ષ્મીવાડીમાં પ્રસાદી સ્થાનોમાં પણ લગભગ ૧૦૦ જેટલા દંડવત્ તો વિરમ્યા વગર સહેજે સહેજે કરી નાખતા. એ જોઈને નાના-મોટા સૌમાં ચેતન પુરાતું. સૌ શ્રદ્ધાપૂર્વક દંડવત્ કરતા. મોટાપુરુષની ક્રિયા બીજાને પ્રેરણારૂપ હોય છે તે સમજાતું.

દાજી બાપુ ગોંડલથી મોટર લઈ સ્વામીશ્રીને તેડવા આવ્યા હતા. એકાદશીને દિવસે શયન આરતી સમયે સ્વામીશ્રી ગોંડલ પહોંચ્યા. બારસનો ક્ષય હતો. તેથી બીજે દિવસે જ પાટોત્સવ ધામધૂમથી ઊજવાયો. રાજકોટ મંડળે ધૂન-કીર્તનની ઝડી વરસાવી હતી. સ્વામીશ્રી પંગતમાં પણ જાતે પીરસવા નીકળતા ને સૌને આગ્રહ કરી પીરસતા. સાંજે ઘાટમાં સ્નાન કર્યું હતું.

એ આજ્ઞા કોઈ પાળતું નથી

તા. ૨-૫-’૫૮, સવારે અક્ષર દેરીમાં સંબોધન કરતાં સ્વામીશ્રી બોલ્યા :

‘જ્ઞાન શીખવાનું વચનામૃત લોયા ૭ અને ગ.પ્ર. ૫૧ ઈન્દ્રિયો, અંતઃકરણ પુરુષોત્તમરૂપ થઈ જાય, પછી બીજી વાત ક્યાં રહી ?

‘ગ.પ્ર. ૭૧, અક્ષર સહિત પુરુષોત્તમ આવ્યા એમ સમજવું અને બીજા આગળ એમ વાત કરવી. આપણે તો દસ લાખ સત્સંગી છે. જો બધા વાત કરે તો ૫૦ લાખ સત્સંગી થાય; પણ એ આજ્ઞા કોઈ પાળતું નથી. ભગતજી મહારાજ કહેતા : ‘આ સૂતું છે એ અક્ષર છે...’ એમ સ્વામીના મહિમાની વાત પ્રવર્તાવી. આ રીતે આખો સત્સંગ વાત કરે, તો કેવો સત્સંગ વધે !

‘મહારાજે બધા સાધુને આઠ મહિના ભેળા રાખ્યા. પોતાની પુરુષોત્તમ-પણાની વાત બધાને સમજાવી, મહારાજે સાધુને ફરવા મોકલ્યા અને કહ્યું કે ‘અમને નારદ-સનકાદિક જેવા કહેજો.’ સાધુ ફરીને આવ્યા. મહારાજે પૂછ્યું : ‘મારું સ્વરૂપ કેવું સમજાવ્યું ?’ સાધુ કહે : ‘નારદ-સનકાદિક જેવા કહ્યા.’ મહારાજે ઠપકો દીધો કે ‘મારું સ્વરૂપ ખરેખરું સમજાણું હોય તો મોળી વાત કેમ થાય ? કબૂતર જેવા રહ્યા.’ એમ કહ્યું. સ્વરૂપની વાત પેઠી હોય, તો એ વાત બહાર નીકળ્યા વગર રહે નહિ. માટે આપણે તો મહારાજ, સ્વામી ને સંત મોક્ષનું દ્વાર; એ ત્રણ વાત રાખવી. પણ કોઈને ભગવાન થવાથી સુખ આવ્યું છે ?

‘એક આંધળાએ વાત ફેલાવી કે આ ઝાડ નીચે ભૂત છે. એમ કરતાં રાજા

પાસે વાત પહોંચી. પછી વાત સમજાણી કે આ તો પાન ખખડ્યું હતું. એ તો એવું ધાકડે ધાકડ હાલ્યું. મહારાજ, સ્વામી અને ગ.પ્ર. ૫૪ પ્રમાણે એકાંતિક સંત મોક્ષનું દ્વાર; આ ત્રણ વાત ચાલે છે. એમાં કોણ ભગવાન થાય છે ? આ તો હોય નહિ કાંઈ, અને લોલે લોલ ચલાવે. આચાર્ય આરતી ઉતારે અને સંતે ભગવાન રાખ્યા છે તે પણ આરતી ઉતારે. એમ સ્વામીએ વાતુંમાં કહ્યું છે.

'ચોકા પાટલાનું વચનામૃત વાંચો તો પછી લોચો ન રહે. *'પ્રકૃતિ-પુરુષ પ્રલયમાં આવે, ભવ-બ્રહ્માદિક ન રહે કોઈ રે...'* આમાં કોઈ દેવનો સાંધો રાખ્યો ? આવી ઉપાસના સમજાઈ જાય તો લોચો ન રહે.'

વલાસણના ડાહ્યાભાઈ કિશોરભાઈ અહીં સેવા કરવા આવ્યા હતા.

તેમણે એક વાર સ્વામીશ્રી પાસે નિષ્કપટ થતાં આંતરિક દોષો બાબત વાત કરી કહ્યું : 'આપ દયા કરો ને તે પીડા ટાળો.' ત્યારે સ્વામીશ્રીએ કહેલું : 'ગોંડળ આવજો, શાંતિ થઈ જશે.' તેથી તેઓ આવ્યા હતા.

તેઓ એક દિવસ મંદિરનો ચોક સાફ કરતા હતા ત્યારે સ્વામીશ્રીની દૃષ્ટિ પડી ને ડાહ્યાભાઈને બોલાવી એકદમ રાજીપો બતાવી ધબ્બો આપ્યો ને કહે : 'હવે ૫૫૧ પ્રદક્ષિણા અક્ષર દેરીમાં ફરજો.'

તે જ રાતે તેમણે પ્રદક્ષિણા કરી લીધી. જ્યારે તેઓ ફરી દર્શને આવ્યા, ત્યારે ફરી ૨૫૧ પ્રદક્ષિણા કરવા કહ્યું. અને ત્રીજે દિવસે ૧૫૧ પ્રદક્ષિણા આપી. આ ત્રણ દિવસમાં તો તેમને લાગ્યું કે દોષો જાણે ગળી ગયા છે ! તેમને અંતરમાં ઘણી શાંતિ થઈ ગઈ. ઉદ્વેગ અને સંકલ્પ-વિકલ્પ શમી ગયા. ફરી ઉદ્‌ભવ જ ન થયો. જે દોષો કોટિ સાધનથી નથી ટળતા તે મોટાપુરુષના રાજીપાથી ટળી શકે છે, એવો અપ્રતિમ અનુભવ તેમને થયો.

શ્વાસોશ્વાસે સ્વામિનારાયણ

આ દરમ્યાન ઘણા યુવકો વૅકેશનને કારણે સ્વામીશ્રીના સમાગમનો લાભ લેવા અહીં આવી પહોંચ્યા હતા. તેમાં સુરતના હરિકૃષ્ણભાઈ પણ હતા. સ્વામીશ્રી બપોરે આરામ કરે ત્યારે કંપાલાવાળા મહેન્દ્રભાઈ હંમેશાં હળવે હાથે પંખો નાખતા. એક દિવસ હરિકૃષ્ણભાઈને પણ સંકલ્પ થયો કે આ સેવા મને મળે તો સારું.

બીજે જ દિવસે સ્વામીશ્રીએ મહેન્દ્રભાઈને કહ્યું : 'તમે હરિકૃષ્ણભાઈને પંખો કેમ નાખવો તે શીખવજો.' પછી પોતે જ પંખો લઈ ધીરે ધીરે હલાવતાં

કહે : 'આમ હળવે હળવે નાખવો.'

બપોરે સ્વામીશ્રી પોઢી ગયા. થોડી જ વારમાં નસકોરાં બોલવા લાગ્યાં. સાથે સાથે 'સ્વામિનારાયણ' મહામંત્રનો મધુર ગુંજારવ તેમને સતત સંભળાયા કર્યો. અડધો કલાક વીતી ગયો પણ એ મંત્રની ધૂન ચાલુ રહી !

જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિમાં પણ શ્રીહરિનું જ રટણ રાખનાર આ પુરુષની અલૌકિક સ્થિતિ જોઈ, હરિકૃષ્ણભાઈને અત્યંત આશ્ચર્ય થયું. સ્વામીશ્રીને જ્યારે સાંજે તેમણે આ અનુભવ કહ્યો ત્યારે સહજપણે મર્મમાં હસતાં સ્વામીશ્રી કહે : 'તમને સર્વે યુવકોને આવી એકાંતિક સ્થિતિ પમાડવી છે. તે માટે આ દાખડો કરીએ છીએ. અને તમને હેત કરીએ છીએ.'

તા. ૪-૫-'૫૮, રાજકોટ થઈ સ્વામીશ્રી ડાંગરા પધાર્યા. રાત્રે મંદિરના ચોગાનમાં સભા થઈ. નારણભાઈ બાઢડાવાળાએ સંત-મહિમાનાં કીર્તનો સુંદર હલકે ગાયાં.

પછી ભાદરા આવ્યા. સમૈયાની તૈયારી કરવા જશભાઈ, નટુભાઈ, અમે સૌ યુવકો અગાઉથી અહીં આવી ગયા હતા. અમે આવ્યા ત્યારે નદીમાં પાણી તદ્દન ઓછું હતું, પણ સ્વામીશ્રી પધાર્યા તેના થોડા સમય પહેલાં ઉપરવાસમાં વરસાદ થયો અને ઊંડ નદીમાં પાણી સારું આવ્યું. નદી કાંઠે ઘાટ ઉપર જ નિત્યકર્મથી પરવારી સ્વામીશ્રીએ કથાવાર્તા કરી. રસોઈ કરવી, પાણી ભરવું, પાણી છાંટવું, પતરાવળાં બનાવવા વગેરે સેવાકાર્યમાં યુવકો લાગી ગયા. હરિભક્તો કથાવાર્તાનો લાભ લેતા હતા.

સ્મૃતિરૂપ અધ્યાત્મ કૂંચી

અહીં નિરંજન દવે વગેરે અમને બ્રાહ્મણ યુવકોને સ્વામીશ્રીએ મોતૈયા લાડવા બનાવવા આજ્ઞા કરી. વળી કહ્યું કે 'તમારે યુવકોએ ઉપવાસ કરવો !'

યુવકો રસોઈ કરી, સ્વામીશ્રીને જમાડી, બપોરની કથામાં બેસવા ગયા. સ્વામીશ્રીએ ઉપવાસ આપેલો તેથી જમવાનું તો હતું નહીં. એવામાં દાજી બાપુએ સ્વામીશ્રીને વિનંતી કરી : 'બાપા ! યુવકોને જમાડો.'

સ્વામીશ્રી કહે : 'ભલે ઉપવાસ કરે.'

'ના બાપા ! જમાડવા પડે. આપ આજ્ઞા કરો.' દાજી બાપુએ ફરી કહ્યું.

અંતે થોડી રકઝક પછી સ્વામીશ્રીએ કહ્યું : 'બધા જમી લ્યો.' એમ કહી રાજી થકા સૌને પીરસવા જાતે જ આવી પહોંચ્યા. સૌને ચાર-ચાર મોતૈયા લાડુ

આપ્યા ને કહે : 'જમો.'

સૌને અલૌકિક સ્મૃતિ મળી. જમીને સૌ કથામાં પહોંચ્યા ત્યારે સ્વામીશ્રી કહે : *'સુખસાગર હરિવર સંગે સુખ માણજો !'* શું સુખ ? આ લાડુ જમાડ્યા એ અક્ષરધામનું સુખ. ઘરે દૂધપાક જમો પણ આવું સુખ ન આવે. આ સંભારવું. સ્વામી આમ બેઠા'તા ને વાતો કરીં'તી ને જમાડ્યા'તા; એ સંભારવું.'

સ્વામીશ્રીએ સ્વ-સંબંધનો મહિમા સમજાવી, મૂર્તિની સ્મૃતિ ઉતારવા શીખ આપી. હસતાં, રમતાં અને જમાડતાં સ્વામીશ્રી આવી અધ્યાત્મ કૂંચીઓ આપી દેતા. જે જીવનભરનું અમૂલ્ય સંભારણું બની રહેતું.

✧

આખો દિવસ ઘાટ ઉપર દર્શન-કથાવાર્તાનો અનેરો આનંદ સૌએ લૂંટ્યો. સ્વામીશ્રીએ શુભ સંકલ્પો કર્યા કે 'સત્સંગીઓના દેશકાળ સુધરે, ગઢપુર મંદિર જલદી પૂરું થાય, ભાદરામાં શિખરબદ્ધ મંદિર થાય તથા ભાદરામાં ફ્લેગ સ્ટેશન અને પાકી સડક થાય.'

બીજે દિવસે પણ ઘાટ ઉપર એ જ રીતે ઉત્સવ થયો. સ્વામીશ્રીએ સૌ હરિભક્તો તથા યુવકોને મોતૈયા લાડુ ખૂબ આગ્રહ કરી કરીને જમાડ્યા.

ભૂખલડી શું ભાંગી ?

તા. ૮-૫-'૫૮, રાજકોટમાં અજાગિયા સાહેબને ઘરે પધરામણી પ્રસંગે કીર્તનના અનુસંધાનમાં સ્વામીશ્રી કહે :

'ભૂખલડી શું ભાંગી ? મોટાપુરુષની દૃષ્ટિ પડી ગઈ. દેહાભિમાની ઉપર દૃષ્ટિ થતી નથી. દૃષ્ટિ જણાય છે તે રહેતી નથી. ભગવાન ને સંત સિવાય બીજે માલ ન મનાય, એ ભૂખલડી ભાંગી. અનાદિ કાળના જગતના લોચા મટી જાય અને જગતની તૃષ્ણા મોળી પડે, ત્યારે ભૂખ ભાંગે. એવા પુરુષ મળ્યા વિના એ થાય નહિ. એટલા માટે સમાગમ.

'ભગવાનનું ધામ ગુણાતીત છે અને ભક્તોને પણ ગુણાતીત કરવા છે. તો એ ભક્તની વૃત્તિ કેવી હોય ? ત્રણ મુદ્દા : (૧) આખો સત્સંગ દિવ્ય લાગે, (૨) પોતાના દોષ કાઢવા તાન રહે અને (૩) ભગવાનના સંતનો મહિમા અપાર સમજે.'

એ જ રાત્રે રાજકોટ મંદિરમાં સારંગપુરના ૧૮મા વચનામૃત ઉપર વાત કરી :

'શ્રદ્ધાવાન પુરુષ હોય ને સાચા સંતનો સંગ મળે અને એના વચનમાં વિશ્વાસ આવે, તો સ્વધર્મ, વૈરાગ્ય, વિવેકાદિ ગુણ આવે.

'સ્વધર્મ શું ? વર્ણાશ્રમનો ધર્મ અને પતિવ્રતાની ટેક. સહજાનંદ સ્વામી આપણા ઈષ્ટદેવ છે.

'વૈરાગ્ય શું ? રાગ ઊપડી ગયા. આજ્ઞા વિરુદ્ધ એકે ક્રિયા ન થાય એ વૈરાગ્ય. મોટો વૈરાગ્ય શું ? પ્રકૃતિ-પુરુષ સુધી ક્યાંય સાંધો ન હોય.

'વિવેક શું ? છેલ્લાનું ૨૪મું વચનામૃત. સભ્યતા-વિવેક જતો રહે તો ધર્મ જતો રહે. ગઢડા પ્રથમનું ૬ અને ૧૬ વચનામૃતો. વિવેક દશમો નિધિ. મોટા-પુરુષના સંગથી વિવેક આવે.

'જ્ઞાન શું ? છેલ્લા જન્મનું. હંસલો હાલ્યો. મધ્યનું ૨૪ અને છેલ્લાનું ૩૮, એ બધાં જ્ઞાનનાં સર્વોપરી વચનામૃતો છે.

'ભક્તિ શું ? હરિભક્તને દેખે ત્યાં હિંસોરા છૂટે. શું કરી નાંખીએ ? એ જ ભક્તિ. આપણા જીવનપ્રાણ થઈ જાય એટલે હેત. એ થઈ જાય, પછી ભગવાનના ભક્તને અર્થે પ્રાણ પથરાઈ જાય.

'સાચા સંત મળ્યા હોય તો આ પાંચ ગુણ આવે છે.

'ભૂંડા સ્વભાવ ટળે કે નહિ ? ખટક્યા જ કરે, સ્વભાવ ઉપર રીસ કર્યા કરે, તો ટળે. વાણિયો નામું રાખે છે. સત્સંગ તો બાળપણથી હોય; પણ જ્યારથી સત્પુરુષ મળ્યા ત્યારથી જાણપણું રાખે તો સ્વભાવ ટળે. 'પહેલાં મારે ક્રોધ હતો, ઓણ ઓછો છે;' એમ અનુભવ થાય. સાચો વેગ હોય તો ભગવાન ભળે.'

પછી ગોંડલ થઈ વડાલ પધાર્યા. અહીંથી સ્વામીશ્રીએ તા. ૧૧-૫-'૫૮, હરમાનભાઈ ઉપર પત્ર લખ્યો :

'એક કલમ એ છે કે, એક તો યુવક મંડળની પ્રવૃત્તિ કરવી. પાંચ વર્ષમાં ૫,૦૦૦ યુવકો કરવાના છે. ભવિષ્યમાં તે યુવકો ૫૦,૦૦૦ યુવકો તૈયાર કરશે. જૂનાગઢમાં સ્વામીએ જાગા સ્વામીને મોઢે વાત કરી કે બસો છોકરાંને બ્રહ્મવિદ્યા ભણાવી છે. તે એક એક બસો-બસો યુવકોને બ્રહ્મવિદ્યા ભણાવશે. તે અત્યારે સાક્ષાત્ મૂળ અક્ષરબ્રહ્મનું વચન સિદ્ધ થાય છે. તેમનો આશીર્વાદ ફળે છે. તો આપણે જેમ બને તેમ તે પ્રવૃત્તિ કરવી. તે સ્વામીશ્રીજીના વચન પ્રમાણે.'

પછી જૂનાગઢ કલ્યાણજીભાઈ બીમાર હતા, તેમને જોવા પધાર્યા. મહારાજને પ્રાર્થના કરી, તેમની પાંચ વર્ષની આવરદા વધારી આપી.

ગુણાતીતના સંબંધે માથાના મુગટ

અહીં મંદિરમાં દર્શન કરતી વખતે સ્વામીશ્રીએ કિશોરભાઈ દવેનો હાથ પકડ્યો હતો. સ્વામીશ્રી મંદિરમાં તેમજ દરેક પ્રસાદી સ્થાને ઉત્સાહપૂર્વક દંડવત્ કરે, શુભ સંકલ્પો કરે ને પૂરા થવા માટે ધૂન કરે-કરાવે; હરિભક્તોનાં દુઃખ ટાળવા ધૂન કરાવે. આમ, સ્વામીશ્રીની અપ્રતિમ શ્રદ્ધા, મહિમાયુક્ત ભક્તિનાં ઠેર ઠેર દર્શન થાય.

સ્વામીશ્રી કેટલાક વૃદ્ધ સાધુઓના આસને મળવા જાય તેમજ દરેક સાધુને 'જય સ્વામિનારાયણ' કહીને નીચા નમે. તે વખતે કેટલાક જુવાનિયા સાધુઓ સ્વામીશ્રીની હાંસી ઉડાવતા, ઉપહાસ કરતા હતા. આ જોઈને સૌ યુવકો મનમાં ને મનમાં એકદમ રોષે ભરાયા, પણ સ્વામીશ્રીની આણ એટલે કાંઈ બોલી શક્યા નહિ.

કલ્યાણજી શેઠને ઘરે ઉતારે ગયા ત્યારે કિશોરભાઈએ પૂછ્યું : 'બાપા ! આપ 'જય સ્વામિનારાયણ' કહો છો, તેના પ્રત્યુત્તરમાં પેલા સાધુઓ અપમાન-જનક શબ્દો બોલે છે. તેને શા માટે 'જય સ્વામિનારાયણ' કરવા જોઈએ ? અમે બધા તો ગુસ્સે થઈ ગયા હતા, પણ આપની મર્યાદાને લીધે અમે કાંઈ કરી શક્યા નહિ.'

સ્વામીશ્રી તરત જ બોલ્યા : 'ગુરુ ! આ બધા સંતો તો જૂનાગઢ સ્થાનના છે, સાક્ષાત્ ગુણાતીત સ્થાનના; એ તો આપણા માથાના મુગટ છે. આપણને 'જય સ્વામિનારાયણ' ન કહે, આપણી ઉપેક્ષા કરે ને અપમાન કરે, પણ આ સ્થાનમાં રહેવાનું ક્યાંથી મળે ? અહીં તેમના સ્થાનનો મહિમા છે. એટલે આપણે તેમનાં મોટાં ભાગ્ય સમજીને 'જય સ્વામિનારાયણ' કહીએ છીએ.'

સ્વામીશ્રીની દૃષ્ટિમાં મહિમા સિવાય બીજી કોઈ વાતને સ્થાન ન હતું.

પછી ડૉ. ઝાલા તથા જીકાર સાહેબને આશીર્વાદ આપી, ગોંડલ થઈ ભાવનગર પધાર્યા.

ભાવનગરના ભાવિકો જન્મોત્સવ મનાવે છે

સ્વામીશ્રીના જન્મ મહોત્સવ પ્રસંગે, ભક્તરાજ કુબેરભાઈ નિમિત્તે, 'હરિલીલાકલ્પતરુ'ના બીજા પ્રકરણની કથાનું પારાયણ ભાવનગર મંડળે યોજ્યું હતું. મોટાસ્વામી, પ્રમુખસ્વામી વગેરે સંતમંડળ તથા ગામોગામથી હરિભક્તો

આ પ્રસંગે આવી પહોંચ્યા હતા. કુબેરભાઈના મકાનના ચોકમાં ઉત્સવનું આયોજન થયું. તા. ૧૦-૫-'૫૮, સવારે ચીમનભાઈ શાસ્ત્રીએ પારાયણનો પ્રારંભ કર્યો. સોમવાર તા. ૧૨-૫-'૫૮, રાતે ૯-૦૦ વાગે સ્વામીશ્રીએ કથા પ્રસંગમાં જણાવ્યું :

'ત્રણ વાનાં હોય તો મોક્ષ મેળવ્યો કહેવાય. (૧) કોઈનો અભાવ-અવગુણ ન આવે, (૨) સત્સંગ દિવ્ય મનાય અને (૩) શુદ્ધ ઉપાસના સમજાય. શ્રીજીમહારાજ સર્વોપરી, સ્વામી મૂળ અક્ષર અને એકાંતિક સંત મોક્ષનું દ્વાર. પણ હું ભગવાન છું, બે માણસ માને અને ફોટા પાડે. એમ માને મોક્ષ ન થાય. વાસણ ઊટકે, કપડાં ધૂએ, ગરીબ હરિભક્તની સેવા કરે, એ દાસત્વ-ભક્તિની મોટપ ઉત્તમ. મોક્ષ મેળવવો હોય તો નિર્માની થાવું.

'જ્ઞાનનો, કથાવાર્તાનો કાંટો ચડવો જોઈએ. આ તો ભૂવો, ભરાડી અને ભગત ત્રણે ભેળા. ભલે નાના હોઈએ તોપણ એકાંતિક ધર્મ સિદ્ધ કરવો. છોણિયાપણું, ઠઠ્ઠા-મશ્કરી ન થાય. પાપ લાગે. દાંત ન કઢાય. કથાનો કેફ બાર મહિના સુધી ન ઊતરવો જોઈએ. નરકનો સ્વાદ - સિનેમાનો સૌ લે છે. જ્ઞાનનો-કથાવાર્તાનો સ્વાદ આવે, જગતનાં સુખ મિથ્યા થાય, એવો જીવને રંગી નાંખવો.'

આજે બપોરે જમતી વખતે ભેળું કરીને ન ખાવા બદલ, કેટલાક યુવકોને સ્વામીશ્રીએ ઉપવાસ આપ્યો હતો. હરિભક્તોનો આગ્રહ હોય, છતાં મહારાજની આજ્ઞા પ્રમાણે પોતાના ધર્મમાંથી ન ચૂકવા સ્વામીશ્રીએ સૌને પ્રેમથી સમજાવ્યું હતું અને પ્રાયશ્ચિત્તરૂપે ઉપવાસ આપ્યો હતો.

વૈશાખ વદ ૧૨, ગુરુવાર, તા. ૧૫-૫-'૫૮. પ્રભાતથી જ વાતાવરણ અલૌકિક બની ગયું હતું. સભા સ્થળને આસોપાલવ ને પુષ્પોથી સુંદર રીતે શણગારવામાં આવ્યું હતું. વહેલી સવારે સ્વામીશ્રીએ બધા ભક્તોની હાજરીમાં મહાપૂજા કરી હતી. ત્યારપછી ષોડશોપચાર વિધિથી હરિકૃષ્ણ મહારાજનું પૂજન કર્યું.

ખેંગારજીભાઈ, અંબાલાલભાઈ, છોટુભાઈ વકીલ, દાજી બાપુ વગેરે હરિભક્તોએ સ્વામીશ્રીના ગુણાનુગાન કરતાં કહ્યું કે 'યોગીજી મહારાજ મહાન દિવ્ય મૂર્તિ છે, પણ મનુષ્ય જેવા જણાય છે. એમની આજ્ઞામાં ટૂક ટૂક થઈ જવાય. એમના સંકલ્પ પ્રમાણે ગઢપુર કળશ મહોત્સવમાં ૫૧ નવયુવાનો દીક્ષા લઈ, જગતભરમાં સત્સંગનો દિગ્વિજય કરશે. આ અક્ષરધામનો મહોત્સવ છે. આવા મહાન સંતની સેવાનું ફળ સો જન્મની કસર એક જન્મે ટાળી દે એમ છે.'

દાજી બાપુએ આ ઉત્સવ, આવતી સાલ ગુણાતીતાનંદ સ્વામીના જન્મ સ્થાન ભાદરામાં ઊજવવા સૌને હાકલ કરી હતી. કાનજીભાઈ સોનીએ બહુ ભારપૂર્વક જણાવ્યુ હતું કે 'છેલ્લાં ૪૦ વર્ષથી હું યોગીજી મહારાજના સમાગમમાં છું. શ્રીજીમહારાજની એક-એક આજ્ઞા તેઓ યથાર્થપણે પાળે છે.'

મોટાસ્વામી તથા પ્રમુખસ્વામીનાં વક્તવ્યો પછી સ્વામીશ્રીએ સૌને આશીર્વાદ આપ્યા હતા. ઠાકરશીભાઈ તથા પીતાંબરભાઈએ સ્વામીશ્રી તથા સંતોનું પૂજન કર્યું હતું. માનનીય નંદાજી, ભોગીલાલ ડી.ટી.એસ. તથા ચોકસી સાહેબ વગેરે ભક્તોના દેશોદેશથી આવેલા સંદેશાઓનું વાચન થયું હતું. ઉત્સવની ખુશાલીમાં સુંદર અન્નકૂટ ઠાકોરજીને ધર્યો હતો.

ભાવનગરના જૂના હરિભક્તો શેઠ મુગટલાલ કામદાર, ડૉ. રસિકલાલ, કામદાર, શેઠ હરિભાઈ કામદાર તથા શહેરના અગ્રણીઓ, લાઠીના કુમાર હરિશ્ચંદ્રસિંહજી, શેઠ ઇન્દુભાઈ, શેઠ નંદલાલ પરીખ, વકીલ પુરુષોત્તમભાઈ, વકીલ ચીમનલાલ, શેઠ દામુભાઈ તથા શેઠ મનોરદાસ વગેરેએ આ પ્રસંગે હાજરી આપી હતી. વેકેશનના કારણે ઘણા યુવકો પણ આ પ્રસંગે હાજર હતા. જેમાંથી કિશોરભાઈ દવે તથા ડૉ. રમણભાઈએ યુવક મંડળો વતી પ્રવચનો કરી, સભાને રંજન કરી હતી. આથી ભાવિ પેઢીના સત્સંગ-વારસાની વડીલોને પ્રતીતિ આવી. બીજે દિવસે પારાયણની પૂર્ણાહુતિ થઈ. આ રીતે સ્વામીશ્રીનો ૬૮મો જન્મોત્સવ ભાવનગરને આંગણે ધામધૂમથી ઊજવાયો.

ભાગ્યની એરણ ઉપર પ્રહાર

એક દિવસ સ્વામીશ્રી અહીં પધરામણીએ જતાં કણબીવાડમાં પધાર્યા. સાથેના હરિભક્તે કહ્યું : 'બાપા ! અહીં કરસનભાઈની દુકાન છે. બહુ ગરીબ હરિભક્ત છે. માટે આપ આશીર્વાદ આપો તો સુખી થાય.'

સ્વામીશ્રી કહે : 'આપણે દુકાનમાં પગલાં કરવાં છે.' એમ કહી ઊંચા ઓટલાવાળી દુકાન પર ચઢવા લાગ્યા. બે હરિભક્તોએ હાથ ઝાલ્યા.

સ્વામીશ્રીને જોઈ કરસનભાઈ રાજી રાજી થઈ ગયા. તેમની આંખોમાં હર્ષનાં આંસુ આવી ગયાં. સ્વામીશ્રી કરસનભાઈની બેઠક પર બેસી ગયા અને પ્રેમથી કહે : 'કરસન ! તારા એરણ પર મારે હાથે હથોડો મારીને તારું દળદર કાઢવું છે. પ્રારબ્ધમાં તો રામપાતર પણ નથી ! પણ તારા પૂરતું મળી રહેશે.' સ્વામીશ્રી એકદમ સ્નેહવશ, ભાવવશ બોલી રહ્યા હતા.

પછી હથોડો લઈને એરણ પર ધીરેથી ઠપકાર્યો. જાણે તેના જન્મ-જન્માન્તરનાં પ્રારબ્ધ પર એક મહાપ્રહાર કર્યો ! કરસનનાં ભાગ્ય ખૂલી ગયાં !

મોટા મોજ આપે ત્યારે આ લોક અને પરલોકનું સુખ બંને એક સાથે આપી દે છે, એ અનુભવતાં સૌ મુગ્ધ બની જોઈ રહ્યા હતા. એ પછી કરસનભાઈને સ્વામીશ્રીએ કહ્યું હતું તેમ અન્ન, વસ્ત્ર અને આબરૂનું દુઃખ ક્યારેય આવ્યું નહીં.

સૈનિકમાંથી સત્સંગી

અહીંના જે.એમ. ચૌહાણ પહેલાં લશ્કરમાં સૈનિક હતા. અંગ્રેજ સરકારના રાજ્યમાં જર્મન-જાપાનની લડાઈમાં તેઓ બર્મા, આંદામાન, મલાયા, સિયામ, આસામ વગેરે સ્થળોએ મોરચા પર લડ્યા હતા. લડાયક મિજાજથી તેઓ સંપૂર્ણ નાસ્તિક બની ગયા હતા. અને દારૂ-માંસનું સેવન સહજ થયું હતું. લડાઈમાં મલાયા ફરી બ્રિટનના હાથમાં આવતાં હારી ગયું. એ વખતે આબાલ-વૃદ્ધોની હજારોની સંખ્યામાં કતલ થઈ. એ કાતિલ દશ્યો તેમની આંખો સામેથી ખસતાં ન હતાં. તેમને એ યાદ આવતાં જ કંપારી છૂટી જતી. તેમના હૃદયને કારમો ઘા લાગી ગયો હતો. આથી તેમણે લશ્કરની નોકરી છોડી દીધી અને ભાવનગર રેલવેમાં નોકરીએ જોડાયા.

એવામાં સ્વામીશ્રીના સમાચાર 'નૂતન સૌરાષ્ટ્ર'માં વાંચતાં જ એકાએક તેમના અંતરમાં શાંતિ થઈ. અને એ કારમા ઘાની વેદના શમાવવા માટે તેમણે ભાવનગરમાં કાનજીભાઈ સોનીનો સંપર્ક સાધ્યો. જેથી સ્વામીશ્રીનાં દર્શન થાય અને આશીર્વાદ મેળવી શકાય.

અહીં સ્વામીશ્રી બિરાજતા હતા, ત્યારે કાનજીભાઈ સોનીએ તેમને સ્વામીશ્રીનાં દર્શન કરાવ્યાં અને પરિચય આપ્યો. સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં કહ્યું : 'લશ્કરમાં થયેલાં પાપ આજથી માફ. તમે દારૂ અને માંસ છોડી દેજો.'

તેઓ ક્યારે સત્સંગી થયા અને ક્યારે આ બધું છૂટી ગયું એ સમજ તેમને પડી નહિ, પણ જીવણસિંહ ચૌહાણ સૈનિકમાંથી સત્સંગી બની ગયા !

✧

અહીંથી નીકળી વલ્લભીપુર, ઝમરાળા થઈ, રાતે ૧૨-૦૦ વાગે સ્વામીશ્રી સારંગપુર પહોંચ્યા. બીજે દિવસે રાતે બોટાદથી અમદાવાદ જવા સ્ટેશને આવી પહોંચ્યા.

ટ્રેનો ઘણી વાર મોડી હોય જ, પણ એ સમયે સ્વામીશ્રી સ્ટેશન ઉપર

વેઈટિંગ રૂમમાં કે વૃક્ષ નીચે એકાંત સ્થળે જરૂર સભા ભરી લેતા. ગુજરાત-સૌરાષ્ટ્રમાં ઘણાં સ્ટેશનો ઉપર સ્વામીશ્રીએ આ રીતે સમયનો સદુપયોગ કરી, કથા-કીર્તન કરી, હજારો હરિભક્તોને વિવિધ સ્મૃતિ આપી છે. થોડા રોકાણની સભામાં સ્વામીશ્રી જાતે જ સ્વામીની વાતો બોલી, નિરૂપણ કરતા. કોણ બોલશે ? શું બોલશે ? એની રાહ જોતા નહિ. જો કોઈ વાચાળ, ચતુર હરિભક્ત વક્તા હાજર હોય તો તેની પાસે પણ બોલાવે. ને પોતે પોટલા ઉપર કે ખુરશી ઉપર બેઠાં બેઠાં તેની સામું ઊંચું જોઈને સાંભળતા રહે. જો પ્રસંગ ગંભીર બની જાય તો વચ્ચે કાંઈક પ્રશ્ન પૂછીને, કોઈ પ્રસંગ ઊભો કરીને જરૂર ગમ્મત કરાવે. ત્યારે પોતે પણ નિર્દોષતાથી ખૂબ હસી પડે, એ દર્શન ભક્તોને અમૂલ્ય બની જતું.

સવારે અમદાવાદ આવી, બપોરની ગાડીમાં ધર્મજ આવી પહોંચ્યા. આફ્રિકાથી આવેલા અડગ નિષ્ઠાવાન ભક્તરાજ રમણભાઈ અંબાલાલે સ્વામીશ્રીને તેડાવ્યા હતા. ઉતારો મંદિરમાં હતો, પણ પોતાને આંગણે સુંદર મંડપ બાંધી સ્વામીશ્રીનાં દર્શન-સમાગમનો લાભ તેમણે લીધો હતો.

અહીંથી સ્વામીશ્રી યુવકો સાથે વીરસદ પધાર્યા. વીરસદ ગામનું મંદિર શાસ્ત્રીજી મહારાજે વડતાલમાં હતા ત્યારે બાંધેલું, તે મંદિર સ્વામીશ્રી સૌને ઉત્સાહપૂર્વક બતાવતા.

શાસ્ત્રીજી મહારાજનું એક એક કાર્ય, એમના જીવનનો એક એક પ્રસંગ, સ્વામીશ્રીને મન અહોભાવનું ચરમ સ્વરૂપ હતું ! એ બધાંની પાછળ સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજની અલૌકિક મૂર્તિ જ અનિર્વચનીય ભાવે જોઈ રહ્યા હતા, એમ જણાયા વગર રહે જ નહિ. શાસ્ત્રીજી મહારાજ પ્રત્યેનો એમનો ભક્તિ-ભાવ અહર્નિશ છલકાતો રહેતો.

સ્વામીશ્રી વીરસદ મંદિરમાં દર્શન કરી, નારાયણજી મહારાજ કે જેમની પ્રેરણાથી વીરસદના હરિભાઈ અમીને ગોંડલની જમીન લીધી, તેમની દેરીએ અચૂક દર્શન કરતા. એમ લાગતું કે અક્ષર દેરીનું સ્થાન અપાવવામાં નિમિત્ત બનનાર આ ભક્તરાજનું ઋણ સ્વામીશ્રી ભૂલી શકતા નથી. જો કે એનું પ્રેરક-બળ તો શાસ્ત્રીજી મહારાજ જ હતા.

કદી કોઈનો તિરસ્કાર કરવો નહિ

બોચાસણ દર્શન કરી, ધર્મજ આવી સ્વામીશ્રીએ ઠાકોરજી જમાડ્યા. ૨-૩૦ વાગે ગાડી પકડી ડભોઉ આવવા નીકળ્યા. પેટલાદ સ્ટેશન ઉપર વડના

ઝાડ નીચે બેસી, સવા કલાક કથાવાર્તા કરી.

એટલામાં ત્યાં એક ગાંડા જેવો મેલોઘેલો માણસ દૂરથી બૂમો પાડી રહ્યો હતો કે ‘મને પ્રસાદ આપો. મને પ્રસાદ આપો.’

તેની બૂમો સાંભળી ઝારોળાના જશભાઈ અકળાઈ ગયા અને ગુસ્સાથી તેને ખેંચીને દૂર લઈ જવા લાગ્યા.

આ જોઈ સ્વામીશ્રીએ તુરત જ જશભાઈને બોલાવ્યા અને કહ્યું : ‘તે ભલે ત્યાં ઊભો રહે, તે પ્રસાદ માગે છે તો તેને પ્રસાદ આપી આવો ! આપણે કદી કોઈનો તિરસ્કાર ન કરવો.’

ત્યાં બેઠેલા સર્વે હરિભક્તો તથા જશભાઈને સ્વામીશ્રીએ જીવનનો એક અમૂલ્ય પાઠ ભણાવી દીધો કે કદી કોઈનો તિરસ્કાર કરવો નહીં.

સ્વામીશ્રીએ જાતે કાગળમાં પ્રસાદ કાઢી, એક યુવક સાથે પેલા માણસને મોકલ્યો.

✧

મોમ્બાસા યુવક મંડળના સંચાલક મધુભાઈના આમંત્રણથી સ્વામીશ્રી ડભોઉ પધાર્યા. લગભગ ૧૦૦ જેટલા હરિભક્તો તથા યુવકોનો સંઘ સ્વામીશ્રી સાથે હતો. મધુભાઈનો ઉત્સાહ ખૂબ જ, તેથી છોટા ભગતના માર્ગદર્શન પ્રમાણે તેમણે સારી સેવા કરી. અહીંથી હરિકૃષ્ણભાઈના આગ્રહથી સ્વામીશ્રીએ યુવક મંડળને તા. ૨૨મીની રાત્રે વસો મોકલ્યું હતું.

રાત્રે ૧૨-૩૦ સુધી સૌને ડભોઉમાં કથાવાર્તાનો લાભ આપ્યો.

તા. ૨૩-૫-’૫૮, સાંજે સ્વામીશ્રી યુવક-સંઘ સાથે અમદાવાદ આવી પહોંચ્યા.

❀ ❀ ❀



વશીકરણના વિશારદ

વૅકેશન હોવાથી ઠેઠ મુંબઈ સુધીના યુવકો સ્વામીશ્રી સાથે વિચરણમાં લાભ લેવા આવી પહોંચ્યા હતા. ભાગવતની ગોપીઓની વાત તો કોઈ જાણતું નહોતું; કારણ, એવો કોઈ ધર્મભાવ કે શાસ્ત્રનો અભ્યાસ યુવકોને નહોતો. પણ ઉનાળાનું વૅકેશન પડવાની ઘડી આવી પહોંચતાં પહેલાં, યુવકોનાં મનમાં સ્વામીશ્રીની એ રમણીય, કમનીય, મનોહર મૂર્તિના ચમકારા વીજળીની જેમ ઝબકવા લાગતા. કોઈ અદશ્ય બળનું અદમ્ય ખેંચાણ યુવકોનાં હૃદયમાં શરૂ થઈ જતું : 'સ્વામી ક્યાં હશે ? સ્વામી જ્યાં હોય ત્યાં મારે પહોંચી જવું છે.' સ્વામીશ્રીની એ હસતી નિર્દોષ મૂર્તિ ચોવીસ કલાક આંખ આગળ ખડી દેખાતી, બોલાવતી દેખાતી...

મા-બાપ ભૂલાઈ જાય, મિત્રો ભૂલાઈ જાય, ઘર ભૂલાઈ જાય, જગત ભૂલાઈ જાય... એક જ પ્રબળ વિચાર. ક્યારે, કેમ કરી સ્વામીશ્રી પાસે ઝટ પહોંચી જઈએ ! પરીક્ષાનો બોજ માથે હોય, પણ એ પછીની સ્વામીશ્રી સાથેની ઘડીઓનાં સ્વપ્નાં, પરીક્ષાની મથામણને પણ હળવી કરી નાખતાં. જ્યારે સેંકડો યુવાનો ઉનાળાના લાંબા વૅકેશનમાં, હરવા-ફરવાની ને મોજ-મજાની યોજનાઓ ઘડતા હોય, ત્યારે સ્વામીશ્રીના વશીકરણથી અભિમંત્રિત થયેલા યુવાનો, જગતથી ક્યાંય દૂર, માયાને અવગણીને સ્વામીશ્રીનો ખોળો ખૂંદવા થનગની રહેતા. એ જ સ્વામીશ્રીનું ઐશ્વર્ય હતું.

યુવકો પ્રત્યે સ્વામીશ્રીના અગાધ સ્નેહનું વર્ણન કરતાં એક વખત નિરંજનભાઈએ કહેલું કે 'એમના વાત્સલ્યનું કહેવું જ શું ? જગતને વિશે જેટલી સ્ત્રીઓ છે, એટલી સ્ત્રીઓ વચ્ચે એક જ પુત્ર હોય અને જે વાત્સલ્ય પુત્રને મળે, તેથી અનંત ગણું અધિક વાત્સલ્ય તો એમના નેણકટાક્ષ વરસાવે છે. એ વાત્સલ્યથી તેઓ યુવકોનાં દિલ હરી લે છે અને મહારાજમાં જોડે છે. પછી યુવાનોને શી રીતે ઘરે જવું ગમે ? મહારાજનું અવિનાશી સુખ મૂકી દુઃખરૂપ

જગતમાં પડવું કેમ ગમે ?'

વૅકેશન પડ્યું નથી ને સમુદ્રને મળવા ધસમસતી નદીની જેમ સ્વામીશ્રી પાસે યુવકો દોડી આવે. સ્વામીશ્રી પણ જાણે એમની રાહ જોઈને જ બેઠા હોય એમ બોલી ઊઠે : 'મારા જીવનપ્રાણ ! આવી ગયા.' આ સાંભળતાં યુવકોમાં નવું ચેતન પ્રગટતું. સ્વામીશ્રીના અંતરના ઊંડાણમાંથી આવતા વિશુદ્ધ પ્રેમનું નિઃસીમ સામ્રાજ્ય છાઈ રહેતું. ચાર આંખો મળતી. પ્રેમનું જીવતું જાગતું મૂર્તિમાન સ્વરૂપ એમની આંખમાંથી નીતરતું. યુવકોનાં ગાત્રો શિથિલ થઈ જતાં. આ અમીપાનથી તૃપ્ત થાય - ન થાય ત્યાં,

'દોહ્યલા મળવા દાસ, ભલા ભક્ત ભગવાનના...'

– એ હૃદયોદ્ગારો સ્વામીશ્રીના મુખમાંથી વરસે. કોઈ અલૌકિક ભાવમાં યુવકોને મૂકી દે. આ પ્રત્યેક યુવકનો અનુભવ.

સ્વામીશ્રી કાનમાં આંગળી નાખી, ગળા ઉપર હાથ ફેરવી, દિવ્ય સ્પર્શ સાથે એવું હેત કરે કે જાણે એ સુખ લેતાં ધરાઈએ જ નહિ. એમનામાં મા-બાપ, ભાઈ-બહેન દરેકનું હેત દેખાતું. એ હેત આગળ બીજાં હેત ઝાંખાં પડી જતાં. જે શબ્દમાં વર્ણવી ન શકાય.

વૅકેશનના બે-ત્રણ મહિના, સ્વામીશ્રીના સાંનિધ્યમાં, જાણે અક્ષરધામમાં જઈ ચડ્યા હોઈએ એમ લાગે. જગત ખોટું થઈ જાય. બધું જ ભૂલી જવાય. મારું-તારું, માન, ક્રોધ, ઈર્ષા બધું જ આથમી જાય; અને સંપ, સુહૃદભાવ, એકતા ને એકબીજા પ્રત્યે કદી પણ ન અનુભવેલી આત્મીયતા ઉદય થાય.

અલમસ્ત ઑલિયાની લાક્ષણિક તસવીર

વિચરણમાં સવારે ચાર વાગતાં સ્વામીશ્રીનો પ્રણવનાદ સરીખો મધુર અવાજ યુવકોના કાને પડે : 'એ નારણભાઈ ! ઊઠો ચાર વાગી ગીયા, ગોષ્ઠિ કરવી છે !' એમ સવારના બ્રાહ્મમુહૂર્તના વાતાવરણમાં જ બ્રહ્મનાદની ઘંટડી વાગે. સ્વામીશ્રી યુવકોની શેતરંજી ઉપર જ બેસી જાય. યુવકો એમને વીંટળાઈ વળે.

'મહેન્દ્રભાઈ ! તમે કેડ્ય ઉપર આવો (કેડ દાબો), તમે પગ દાબી લ્યો,' એમ કહેતાં એમનો પરાવાણીનો ધોધ છૂટે.

'શ્રદ્ધા, ખપ અને સમાગમ. શું કહ્યું ? શ્રદ્ધા ! એવી શ્રદ્ધા રાખવી કે છતી દેહે જ અક્ષરધામનું સુખ વર્તે, મોળી વાત જ નહિ. એ રણછોડભાઈ ! ઝોલું

આવ્યું ! શું કહ્યું ? ટટ્ટાર બેસવું. ઝોલું ન આવવા દેવું, ઝોલાં ખાઈએ તો શબ્દ વરણીય ન થાય. મરતી મરતી કાન ન હલાવવા. આપણે તો એવું મંડવું કે *'અર્થં સાધયામિ વા દેહં પાતયામિ.'* ફરીથી આવવું જ નથી.'

પછી વિષય-ખંડનની વાતો ઊપડે.

'હવે નિરંજનભાઈ ! તમે અડધો કલાક વાતું કરો. હું નાહી લઉં. બધા કથામાં બેસજો. ઝોલું ન ખાતાં. એક જ જણ સેવામાં આવે.' આમ, સવારની સુસ્તીમાં સ્ફૂર્તિ ભરી, સ્વામી નાહવા પધારે.

નાહતી વખતે પણ ખૂબ જ આનંદ કરાવે : 'બધું કામ કટકટ થવું જોઈએ. એ મધુભાઈ ! ગરમ પાણી લાવો. બાપલા ! આમ કાં કરો ? સેવામાં ખટકો રાખવો. રોમ-રોમ સેવાનો ખટકો જોઈએ.'

નાહીને પૂજા કરવા બેસે ને યુવકો પાસે વાતું બોલાવે : 'ગુરુ ! ઈ પોલ નહિ હાલે. પાંચ વાતું મોઢે કરીને જ જમવું, એમ નીમ લ્યો. આપણે તો દેશ-દેશાવરમાં ડંકો મારવો છે.'

પૂજા કરતી વખતે સ્વામીશ્રીનાં દર્શન અલૌકિક હોય. જ્યારે એક પગે ઊભા રહીને હાથ ઊંચા રાખી માળા ફેરવતા હોય, એ દર્શન તો કર્યાં જ કરીએ.

ત્યારબાદ કથા શરૂ કરાવે.

'એ મોટાસ્વામી ! વાતું કરી ? મોટાસ્વામી બહુ મોટા. વાતું કરતાં થાકે જ નહિ. એ વિનુ ભગત ટપાલ લાવો, નોકરી તૂટશે.'

'હાલો ઉકાળા પીવા, હાલો. એ નહિ હાલે. પ્રસાદી તો લેવી પડશે. બાલમુકુન્દ સ્વામી ! તમે ઉપવાસી. વાતું કરો, સોપો પડવા ન દેવો. ઉકાળા બહુ સારા. પ્રમુખસ્વામીને વધુ દ્યો, શું મોટાસ્વામીની વાતો !'

આમ, પોતે તો થોડું જમે ને બધી પ્રસાદી હરિભક્તોને વહેંચી દે.

સભામાં આવી ટપાલ સંભાળે. 'એ કિશોરભાઈ ! આ ટપાલમાં તારીખ કેમ નથી નાખી ? ચશ્માં પહેરાવી દેવા જોઈએ. કટકટ ટપાલ આપવી. રમણભાઈ ! તમારા અક્ષર બહુ સારા. મારા અક્ષર રોળાઈ જાય !'

દરમ્યાન વચનામૃત ઉપર નિરૂપણ ચાલે : 'એ વજુભાઈ ! ક્યાં વિચાર ગયો ? એ તો હાલ્યા કરશે !' વચ્ચે કોઈ પ્રશ્ન પૂછે તો ટપાલ લખતાં કહે : 'એ સંતસ્વામી ! પ્રશ્ન થયો, આપ ઉત્તર કરો. ના, ના, સંતસ્વામી ! તમે જ કરો. ગુરુ લીલા બહુ કરે.'

પાછા ટપાલ લખવામાં ડૂબી જાય. પછી અચાનક પૂછે : 'શું ઉત્તર થયો ?'

પછી પોતે ટૂંકો પણ સચોટ ઉત્તર આપી દે.

વાત કરતાં આનંદમાં આવી જાય ત્યારે હાથ માથા ઉપર ઘસવા માંડે. તે સમયે કપાળ ઉપરની ધોરી નસ - નલવટ રેખા ઊપસી આવે. હસે તો એટલું બધું કે શબ્દો હાસ્યમાં ડૂબી જાય ! પાસે જે બેઠા હોય તેનો હાથ વારે વારે ખેંચે. વળી, કોઈ વખત આનંદમાં આવી જતા પોતે ઓઢેલું ગાતરિયું પછાડે. વચ્ચે કોઈ હરિભક્ત દર્શને આવે તેને તરત પૂછી લે : 'આપને ન ઓળખ્યા. હાં, હાં, આપણે આણંદ સ્ટેશને મળ્યા હતા. થાપો લ્યો.' પછી ધીરે ધીરે ગળામાં હાથ નાખે : 'ગુરુ ! કંઠી ક્યાં ?'

બાર વાગે 'હરે' થાય એટલે, 'રમેશભાઈ ! ધોતિયાં પહેરો. ઠાકોરજીને થાળ ધરાવો.' એમ કહી પોતે થાળ બોલવા બેસે. ડોલતા જાય ને બોલતા જાય : *'આવજો છોગલાંધારી...'*

'એ નિર્ગુણ સ્વામી ! પત્તર, લોટા તૈયાર કરો.' જમણા પગને ઊભો રાખીને તે ઉપર જમણો હાથ રાખીને જમે. 'ધૂન બોલો...' મહારાજ ! જમો, શાસ્ત્રીજી મહારાજ ! જમો. માલ બહુ સારા. બત્રીસ કોઠા ટાઢા થઈ જાય. વિનુ ભગતને બે દ્યો, કાલના ઉપવાસી છે. ના, બે લ્યો. અક્ષર ને પુરુષોત્તમ.'

પોતાને જ્યારે પીરસવા આવે ત્યારે કહે : 'સંતસ્વામીને પીરસો. સંત-સ્વામી મગ લ્યો. આવા તો કદી ખાધા જ નહોતા. આ મહેન્દ્રભાઈ તો જમતા જ નથી. તાણ કરી જમાડવા.'

જમ્યા પછી પંગતમાં નીસરે. 'લાવો હું પીરસું. સૂર્યકાંતભાઈ ! અડધો લ્યો, રાજીપાનો. આ તો જમે એવા છે. બે દઈ દ્યો. હું નાનો ત્યારે ચાર ઝાપટી જતો !' એમ આનંદ કરાવતાં કરાવતાં હરિભક્તોને જમાડે.

પછી સભામાં પધારે. 'એ મધુભાઈ ! બીયાં લાવો. એ અનુપમભાઈ ! બીયાં લ્યો. બે વચનામૃત વાંચી લ્યો !' પછી પોતે જ વચનામૃત મોઢે બોલે. ખાસ કરીને ગ.પ્ર. ૬૭ અને ગ.પ્ર. ૭૬ બોલે. પછી 'શ્રી પતમ્... હાલો થોડી વાર સૂવા દ્યો. યુવકો બધા સાડા ત્રણ સુધી ગોષ્ઠિ કરે. મહેન્દ્રભાઈ ! તમે પાંચ જણા વાસણ ઊટકવા જાવ. મને પણ એમ થાય છે કે હું પણ વાસણ ઊટકવા આવું. હરિભક્તોની સેવા કરીએ, એમ બહુ મન થાય. રમણભાઈ ! ટપાલ લખવા માંડો. કિશોરભાઈ ! તમે પંખો લ્યો.'

લગભગ અડધો કલાક સુધી ડાબા પડખે સૂઈ રહે. પછી પડખું ફેરવે. પછી પાંચ-પાંચ મિનિટે પડખાં ફેરવ્યા કરે. પછી ડાબો પગ અડધો ઊંચો કરી, જમણા

પગને ડાબા પગના ઢીંચણ ઉપર ટેકવે. સૂતાં સૂતાં માથું ઓશીકા પરથી સરી પડે. ઊઠીને કહે : 'મધુભાઈ ! પાણી લાવો. મારો વ્હાલો ! ગાળીને લાવવું.'

બપોર પછી સ્વામીશ્રી પાણી ફરીથી ગળાવતા. પાણીથી જમણા હાથે મોઢું ધોઈ, એક-બે નાના કોગળા કરી, એક યુવકનો હાથ બગલમાં નાખી, પગની આંટી વાળી પાણી પીવે. અને પાણી પીતાં પીતાં તૂંબડીના બધા કાંઠા ફેરવે. પછી તૂંબડી ઊંધી કરી, હાથથી ખંખેરી, ગરણાથી લૂછી, સાચવીને મૂકવાનું કહે...

પ્રસાદી નિષ્કામી કરી દે

સ્વામીશ્રી પોતાની સાથે વિચરણ કરતા યુવકોને ખૂબ હેત કરી બ્રહ્મચર્ય, સંયમ-નિયમના પાઠો ભણાવતા.

એક વાર બે-ત્રણ યુવકોને એમણે ગળ્યું-ચીકણું ન ખાવાનો નિયમ આપ્યો. દસેક દિવસ સુધી રોજ પૂછપરછ કરે : 'નિયમ બરાબર પળાય છે કે નહીં ?' યુવકો 'હા' કહે, એટલે બહુ રાજીપો બતાવે.

એક દિવસ જલેબીની રસોઈ હતી. સ્વામીશ્રી જાતે પીરસવા નીકળ્યા. યુવકોને પ્રસાદીની લાલચ રહે, પણ નિયમ આપેલો તેથી મનમાં દ્વિધા ચાલી રહી હતી. યુવકોએ વિચાર્યું કે 'આપણે પ્રસાદી લેવી જ નથી, મન છેતરે છે.'

એવામાં સ્વામીશ્રી યુવકો પાસે આવી ગયા. કહે : 'લ્યો પ્રસાદી !'

'બાપા ! નિયમ છે ને !' એક યુવક બોલી ઊઠ્યો.

'ઈ વાત હાચી, પણ આ પ્રસાદી તો નિષ્કામી કરી દે. માટે જમી જાવ.' સ્વામીશ્રીએ આગ્રહ કરીને બમણી પ્રસાદી આપી. યુવકોને મહિમા સમજાવ્યો કે રાજીપાની પ્રસાદી દોષમાત્રને જીતવાની અપાર શક્તિનો સ્રોત બની રહે છે.

કેટલાય યુવકોને દોષ પીડવા છતાં, સ્વામીશ્રીની કૃપાથી અને એમના હેતના સથવારે યૌવન નિર્વિઘ્ને અને નિષ્કલંક રીતે પાર ઊતરાઈ ગયું ! કારણ કે જ્યાં વિક્ષેપ આવે ત્યાં પોતે માર્ગદર્શન પણ આપી દેતાં અને આશ્રિતની રક્ષા કરતા.

આત્મીયતામાં જગદંબાનાં દર્શન

જાસ્કા(જિ. મહેસાણા)ના વતની અમથાલાલ બારોટ પ્રખર જ્ઞાની. આધ્યાત્મિક તત્ત્વજ્ઞાનમાં ઊંડા ઊતરેલા. જુદા જુદા સંપ્રદાયના ઘણા સાધુ-સંતો સાથે રહીને જ્ઞાન સંપાદન કરેલું. વળી, નિરાંત પંથ, કબીર પંથ, શક્તિ પંથ અને છેલ્લે વૈષ્ણવ સંપ્રદાયના અનુભવી સંતોનો સમાગમ પણ કરેલો. પરંતુ

પોતે મા જગદંબાની દૃઢ ઉપાસના કરતા. જાસ્કાના પુસ્તકાલયમાં એક પણ ધાર્મિક પુસ્તક એવું ન હતું જેનો તેમણે અભ્યાસ ન કર્યો હોય !

અનેક સમ્પ્રદાય અને ધર્મના લોકોને તત્ત્વજ્ઞાન સંબંધી પ્રશ્નોત્તરમાં તે પાછા પાડી દેતા અને પોતાની વાત સિદ્ધ કરતા; પરંતુ ઉનાવાના તેમના ભાણેજ અંબાલાલ તથા પ્રતાપભાઈ સાથે તેઓ ચર્ચા કરવા બેસતા, ત્યારે બેઉ ભાઈઓ વચનામૃતના આધારે તેના પ્રશ્નોનું સરળતાથી નિરાકરણ કરતા અને સ્વામીશ્રીના મહિમાની વાતો કરતા. આ બંને બંધુઓ સ્વામિનારાયણ ભગવાનનાં અને સંત-મહિમાનાં એવાં સુંદર કીર્તનો ગાતાં કે અમથાલાલને તે સાંભળવાં બહુ જ ગમતાં. બંને ભાઈઓએ પોતાના ગુરુ યોગીજી મહારાજનાં દર્શને એક વાર આવવા માટે તેમને ખૂબ જ સમજાવ્યા. તેઓ સમત થયા.

આ વખતે સ્વામીશ્રી અમદાવાદ, શાહીબાગ મંદિરે બિરાજતા હતા ત્યારે બંને ભાઈઓ સાથે તેઓ દર્શને આવ્યા. સ્વામીશ્રી અંબાલાલ તથા પ્રતાપભાઈ પાસે હંમેશાં પ્રથમ કીર્તન બોલાવે, પછી જ સભાનો પ્રારંભ કરે. બંને ભાઈઓએ પોતાના મામાનો સ્વામીશ્રીને પરિચય આપ્યો. સ્વામીશ્રી પોતાની લાક્ષણિકતા-સહજતાથી બોલી ઊઠ્યા : 'આપણા મામા આવ્યા. મામા બહુ સારા.' અને પીઠમાં આશીર્વાદનો ધબ્બો માર્યો. એક જ ધબ્બાના પ્રતાપે અમથાલાલભાઈની કુંડલીની શક્તિ જાગૃત થઈ ગઈ અને સ્વામીશ્રીના વાત્સલ્યમાં તેમને સાક્ષાત્ જગદંબાનાં મૂર્તિમાન દર્શન થયાં ! સ્વામીશ્રીનાં દર્શન-સમાગમનો ખૂબ લાભ લીધો અને 'વચનામૃત' અને 'સ્વામીની વાતો'ના પ્રખર અભ્યાસી બની ગયા. સ્વામીશ્રીની કૃપાથી ધીરે ધીરે અક્ષરપુરુષોત્તમ ઉપાસના પણ સમજાઈ.

અહીં કેટલાક પ્રેમી ભક્તો રસની કેરીઓ લાવ્યા હતા. કેરી બહુ મીઠી હતી. તેથી સ્વામીશ્રીને ખાસ વિનંતી કરી કે 'બાપા ! આજે તો આપ કેરી ચૂસીને જમો.' સ્વામીશ્રીએ પોતાની સાથે સંતો તથા યુવકોને પણ જમવા માટે બેસાડ્યા.

ઠાકોરજીને થાળમાં ધરાવેલી કેરી આવી. સ્વામીશ્રીએ સર્વેને પોતાના હાથે ચાર ચાર કેરી આપી અને પોતે પણ ચૂસવા લાગ્યા. સ્વામીશ્રી તો એક પછી એક કેરી ચૂસીને બોલે : 'અહોહો ! શું મીઠી ! મધ જેવી છે. આવી કેરી ન મળે.' અને કેરી ચૂસતા જાય. થોડી ચૂસીને આપતા જાય. અને કહે : 'શેરડીનો રસ અને કેરીનો રસ બેય અવિકારી કહેવાય. માટે આજે ખૂબ જમો.' એમ સંતો તથા યુવકોને કેરી જમાડી અને પોતે પણ આઠ કેરી સહેજ સહેજ

ચૂસી. પાછળથી તેની પ્રસાદીની ગોટલી લઈ, શેકીને સૌને પ્રસાદીરૂપે વહેંચી હતી. આમ, સ્વામીશ્રીએ ભક્તોના મનોરથ પૂર્ણ કર્યા.

ગુણાતીત સ્વરૂપોની ચરિત્ર-એકતા

આ અરસામાં, સ્વામીશ્રીના વિશિષ્ટ પ્રસંગોની વિનુ ભગતની લખેલી બે નોટબુક ખોવાઈ ગઈ હતી. તેમના અંતરમાં ઘણું દુ:ખ થયું. આ વાત સ્વામીશ્રીને એક પાર્ષદે કરી. તેથી સ્વામીશ્રીએ વિનુ ભગતને બોલાવ્યા ને બધી વિગત જાણી. પછી કહે : 'એમાં શું ?' એમ કહી, તેમની છાતી પર હાથ ફેરવીને કહે : 'અહીં લખાયું તે સાચું !'

તેમણે કહ્યું : 'યાદી રાખીને બીજા હરિભક્તોને પણ વાત કરી શકાય.'

ત્યાં સ્વામીશ્રી વચ્ચે જ બોલી ઊઠ્યા : 'બીજાનું શું કામ છે ? શાસ્ત્રીજી મહારાજનું જીવન ચરિત્ર વાંચો, ભગતજી મહારાજનું જીવન ચરિત્ર વાંચો, એમાં મારું આવી જાય.'

સ્વામીશ્રીએ ગુણાતીત પુરુષોની સાથે પોતાના સ્વરૂપની એકતા બતાવી.

✧

સ્વામીશ્રી સાથે સ્પેશિયલ ટ્રેનમાં યાત્રાનો લાભ લીધા પછી ગંગાપૂજન નિમિત્તે ઉનાવાના ત્રિકમભાઈ ઘણા સમયથી સ્વામીશ્રીને પોતાને ગામ તેડાવવા આગ્રહ કરતા હતા. અગાઉ સ્વામીશ્રી ઉનાવા પધારેલા ત્યારે ગામમાં જે સમાસ થયો હતો અને આખું ગામ ભક્તિને હિલોળે ચડેલું, તે સ્વાદ હજુ સૌ કોઈની દાઢમાં રહી ગયો હતો.

લગભગ ૧૦૦ જેટલા હરિભક્તો તથા યુવકોના મંડળ સાથે શનિવાર, તા. ૨૪-૫-'૫૮, બપોરે ૩-૦૦ વાગે સ્વામીશ્રી ઉનાવા સ્ટેશને પહોંચ્યા. પ્લેટફૉર્મ ઉપર જ લીંબડીના વૃક્ષ નીચે ત્રિકમભાઈ, મગનભાઈ, કેશુભાઈ, આદરભાઈ, મોતીભાઈ વગેરે ભક્તોએ સ્વામીશ્રીનું સ્વાગત કર્યું. સ્ટેશન સામે ભૂલાભાઈની કંપનીના વિશાળ કંપાઉન્ડમાં ઉતારો હતો. ભવ્ય સભામંડપ બાંધ્યો હતો.

ગંગાપૂજન નિમિત્તે ત્રિકમભાઈએ આખું ઉનાવા ગામ તથા આજુબાજુનાં ગામોમાંથી લગભગ ૧૧ હજાર જેટલા ભાવિકોને પ્રસાદ સાથે સ્વામીશ્રીનાં દર્શનનો લાભ આપી, ઉનાવાના ઈતિહાસમાં અભૂતપૂર્વ ઉત્સવ કર્યો.

રવિવારે સાંજે કેશુભાઈ શેઠના આગ્રહથી અહીંથી થોડે દૂર ઉપવનમાં વૈજનાથ વાસણિયા સ્વયંભૂ મહાદેવના પ્રાચીન મંદિરનાં દર્શને ગયા હતા.

પૂજારીએ સ્વામીશ્રીનું ભાવથી સ્વાગત કરી, સ્થાનનો મહિમા કહ્યો હતો. ઠાકોરજીને ગાયનું દૂધ અર્પણ કર્યું હતું. જે ધરાવીને સ્વામીશ્રીએ સૌને પ્રસાદરૂપે આચમન કરાવ્યું હતું.

અહીંથી સ્વામીશ્રીએ બાલવા, ચૌધરી ભાઈઓના આગ્રહથી પધરામણી કરી હતી. ઉનાવામાં પણ સાંજે લગભગ ૪૦ જેટલી પધરામણીઓ થઈ. રાત્રે સત્સંગની ફિલ્મનો કાર્યક્રમ નિહાળવા લગભગ આખું ગામ અને આજુબાજુના હજારો ભાવિકો ઊમટ્યા હતા. તે પછી શંકર કવિએ કીર્તન ઝિલાવ્યું :

યોગી આવો તે રંગ મુને શીદ લગાડ્યો;
બીજો ચડતો નથી એકે રંગ....યોગીરાજ....આવો તે૦ ટેક
હું તો ગોંડળ ગયો ને મારું મન મોહ્યું;
મારી જાગી પૂરવની પ્રીત....યોગીરાજ....આવો તે૦ ૧
મારે રહેવું અહીંયાં ને મેળ તારો થયો;
હવે કેમ કરી, દહાડા જાય....યોગીરાજ....આવો તે૦ ૨
રંગ છાંટ્યો તો છાંટી હવે પૂરો કરો;
નિત્ય તારા તો થઈને રહેવાય....યોગીરાજ....આવો તે૦ ૩
તારું મુખડું જોયું ને મેં તો ભાન ખોયું;
મારા તૂટે છે દિલડાના તાર....યોગીરાજ....આવો તે૦ ૪
રંગ એવો ઊડ્યો કે મારું હૈયું રંગ્યું;
હૈયું રહેતું નથી મારે હાથ....યોગીરાજ....આવો તે૦ ૫
તમે પ્રગટ મળ્યા ને સર્વ તાપ ટળ્યા;
ભાંગી જનમોજનમની ભૂખ....યોગીરાજ....આવો તે૦ ૬
દાસ શંકર રંગાયો તારા રગમા;
જેણે જીવન સમર્પણ કીધું....યોગીરાજ....આવો તે૦ ૭

આ કીર્તનથી સભામાં દિવ્ય વાતાવરણ છવાઈ ગયું. રાતે ૧૨-૦૦ વાગ્યા સુધી અર્જુનભાઈ તથા અંબાલાલભાઈએ વાતો કરી, સૌને સ્વામીશ્રીનો મહિમા સમજાવ્યો હતો.

દિવ્ય જ્યોતનાં દર્શન

ભોજન સમારંભ પહેલાં હરિભક્તો સ્વામીશ્રીને પાકશાળામાં દૃષ્ટિ કરવા લઈ ગયા હતા. કારણ, સ્વામીશ્રીના નામથી હજારો ભાવિકો દર્શને ઊમટ્યા

હતા. આયોજકોને થયું કે આટલી રસોઈમાં, આ માનવ મહેરામણ કોઈ સંજોગોમાં જમી ન શકે. તેથી સ્વામીશ્રી પાસે પ્રાર્થના કરી. સ્વામીશ્રીએ પાક-શાળામાં મહારાજની મૂર્તિ મુકાવી, ઘીનો દીવો કરાવ્યો. હજારો માણસો તૃપ્ત થયા. પછી ત્રીજે દિવસે કેશુભાઈએ પાકશાળામાં જઈને જોયું, તો વાટકીમાં કરેલો દીવો હજુ ચાલુ હતો. નજીક જઈને તપાસ કરી તો વાટકીમાં દિવેટ પણ નહિ ને ઘી પણ નહિ, પણ જ્યોત પ્રગટતી હતી. કેશુભાઈ વગેરે નવા ભક્તોને ખૂબ આશ્ચર્ય થયું. ને સ્વામીશ્રીની દિવ્ય શક્તિની પ્રતીતિ આવી.

મંગળવારે સવારે મોટરોથી માણસા પહોંચ્યા. ભગતજી મહારાજના શૂરવીર ભક્ત નડિયાદના દત્તરામ બારોટના દીકરા પ્રભુદાસભાઈનો છેલ્લાં ૨૦ વર્ષનો સંકલ્પ કે સ્વામીશ્રીને માણસા પધરાવવા, તે આજે પૂર્ણ થતો હતો.

આખા ગામમાં વાજતે-ગાજતે શોભાયાત્રા કાઢી, સંતોને મદ્રાસના ચુનીભાઈ ભાવસારના વિશાળ મકાનમાં ઉતાર્યા. માણસાના આગેવાન શેઠિયાઓ નરોત્તમ ચુનીલાલ, વાડીલાલ ચુનીલાલ, પ્રેમચંદભાઈ, ડૉ. દ્વારકાદાસ વગેરે આગેવાનો તથા રાજપૂત સમાજ તથા મ્યુનિસિપાલિટીના પ્રમુખ ચંદુભાઈ તથા સેક્રેટરી રમણભાઈ બ્રહ્મભટ્ટ, સર્કલ ઑફિસર, મામલતદાર, તલાટી વગેરેએ સારો લાભ લીધો.

બપોરે ૪-૦૦ વાગે સ્વામીશ્રી પધરામણીએ નીકળ્યા. પ્રભુદાસભાઈએ વ્યવસ્થિત આયોજન કર્યું હતું, પણ એક પછી એક નવી પધરામણીઓ ઉમેરાતાં રાત્રે ૧૧-૦૦ વાગે પધરામણીઓ પૂરી થઈ. પૂરા સાત કલાક સતત પધરામણીઓ ચાલી. તાપ કે દેહની પરવા કર્યા વગર સ્વામીશ્રી એક પછી એક ભાવિકોને ઘરે પગલાં કરતા જતા હતા. ગામ ઘણું મોટું, એક ઘરેથી બીજે ઘરે, એક શેરીથી બીજી શેરી, એક છેડેથી બીજે છેડે જવાનું, એમાં પણ ઘણો સમય લાગે. શોભાયાત્રામાં સ્વામીશ્રીની અલૌકિક મૂર્તિનાં દર્શન કરી સૌને એવું આકર્ષણ થયું કે, દરેક કહેવા લાગ્યા કે મારે ઘરે સ્વામીશ્રીને લાવો. પહેલી વાર ગામમાં પધારતા હોવાથી સ્વામીશ્રીએ મોટા ભાગના મુમુક્ષુઓના ભાવ પૂરા કર્યા.

અહીંથી બદપુરા ગામ થઈ, સાંજે વરસોડા પહોંચવાનું હતું, તેને બદલે રાત અહીં જ પડી ગઈ. રાત્રે બે એસ.ટી. બસોમાં નીકળ્યા. બદપુરા ગામના લોકોએ ૧૦-૦૦ વાગ્યા સુધી વાટ જોઈ. વરસોડાના ભક્તોએ ૧૧-૦૦ વાગ્યા સુધી વાટ જોઈ. લોકો સંધ્યા સમયના ઊભા રહેલા તે ત્રણ થી ચાર કલાક સતત પ્રતીક્ષા કરતા ઊભા રહ્યા.

પુણ્યનું ગણિત

વરસોડામા રાત્રે ૧-૦૦ વાગે ભક્તોએ સામૈયું કર્યું. રસોઈ તૈયાર હતી. સ્વામીશ્રીની આજ્ઞાથી સૌ ભક્તો તથા યુવકો જમ્યા.

બીજે દિવસે જેઠ સુદ ૧૦, મહારાજની તિથિ નિમિત્તે અહીં ગામની નજીકમાંથી વહેતી સાબરમતી નદીએ સ્નાન કરવાનો સ્વામીશ્રીએ શુભ સંકલ્પ કર્યો અને સંતો-હરિભક્તો સાથે ત્યાં જવા નીકળ્યા. કેટલાક રસ્તો ભૂલ્યા. કેટલાક સ્વામીશ્રી સાથે ગાડા રસ્તે આવ્યા. ત્યાં પહોંચ્યા ત્યારે સ્વામીશ્રી ગમ્મતમાં કહે : 'રસ્તો ભૂલેલાને બમણું ફળ, પગે ચાલનારાને દોઢું અને ગાડે આવનારાને સરખું ફળ.' એમ પુણ્યનું ગણિત માંડી, સૌને સવારના પહોરમાં જ ખૂબ આનંદ કરાવ્યો અને રાતનો ઉજાગરો, વહેલી સવારમાં રેતાળ ટેકરાળ પ્રદેશમાં ચાલવાનો થાક એકદમ વિસરાવી દીધો.

સ્નાનાદિકથી પરવારી, આજના પવિત્ર દિવસની મહત્તા સમજાવી, સ્વામીશ્રીએ સૌને શિરે પ્રસાદી જળ ચઢાવ્યું. અને કામ, ક્રોધ, લોભ, રસાસ્વાદ જિતાય એવા આશીર્વાદ સૌને આપ્યા. દેશ-પરદેશના નાના-મોટા ભક્તોને સંભારીને સૌને માથે જળ ચઢાવ્યું.

પ્રસંગોપાત્ત સ્વામીશ્રી ભક્તોને સહજભાવે આશીર્વાદ આપતા. ત્યારે એમ થાય કે કામ-ક્રોધાદિક તિમંગળોને જીતવા કેટલા દુષ્કર છે ! તેને મહાત કરવાના આશીર્વાદ સ્વામીશ્રી કેમ સુલભ બનાવી દે છે ? પણ કદાચ આપણને એ દોષો જીતવાનું જાણપણું રહે અને એનો સામનો કરવાનું બળ મળી રહે, તે માટે જ સ્વામીશ્રી આશીર્વાદરૂપી ગંગા વરસાવતા હશે. એમના આશીર્વાદથી તો ક્ષણવારમાં દોષોના ભુક્કા બોલી જાય, પણ આપણા પુરુષાર્થની તેઓ ધીરજથી પ્રતીક્ષા કરે છે. અને ખપ જોઈને સહાય કરે છે.

પ્રભાતનાં પવિત્ર અને સાત્ત્વિક વાતાવરણમાં સાબરમતી નદીના રેતાળ પટમાં સ્વામીશ્રીની આસપાસ મહાલતો ભક્ત-સમુદાય, શ્રીજીની પ્રસાદીભૂત સાબરમતીનાં જળથી સ્વામીશ્રી દ્વારા અભિષિક્ત થયાથી, આનંદથી તરબોળ થયો હતો.

નદીના પટમાં ગાડાંના છાંયામાં રેતીના તૈયાર કરેલા એક ચોતરા ઉપર સ્વામીશ્રી પૂજા કરવા બિરાજ્યા. સવારના સૂર્યનાં કોમળ કિરણોની છત્રછાયામાં, નદીના વહેતા પ્રવાહ ઉપરથી વાતા વાયુના શીતળ સ્પર્શમાં, કોઈ એવો અગમ્ય

અનુભવ સૌને થતો હતો કે જેઠ સુદ દશમે મહારાજ અંતર્ધાન થયા ત્યારે ગઢપુરમાં ગુણાતીતાનંદ સ્વામીને મૂર્છામાંથી જાગ્રત કરતાં કહ્યું હતું કે 'હું ક્યાં ગયો છું ? હું તો તમારામાં અખંડ રહ્યો છું,' એ જ ગુણાતીત સંતની સંનિધિમાં આપણે બેઠા છીએ.

મહારાજનું અનુસંધાન અને પ્રસંગની મહત્તા સમજાવવાની સ્વામીશ્રીની સમય સૂચકતા પણ ગજબની હતી. જ્યારે સૌનાં મન સ્વામીશ્રીના સ્વરૂપમાં તલ્લીન થઈ ગયાં હતાં, ત્યારે સ્વામીશ્રીએ પોતાની પૂજામાંથી મહારાજની પ્રસાદીનો માળાનો મણકો, અસ્થિ, વસ્ત્ર વગેરે સાબરમતીના ગાળેલા નિર્મળ નીરમાં બોળી, ધોયાં. સૌને સ્મૃતિ આપી.

સૌને આચમન આપ્યું, ત્યારે સૌને અલૌકિક અનુભૂતિ થઈ.

આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ કહ્યું : 'આજે જેઠ સુદ ૧૦, મહારાજની અંતર્ધાન તિથિ, મહાન પવિત્ર દિવસ કહેવાય. અહીં સાબરમતી તટે, વરસોડા ગામની પાસે આપણે બેઠા છીએ. શંકરભાઈએ ભારે સમૈયો કર્યો છે અને સૌને અપૂર્વ લાભ આપ્યો છે. ધન્ય છે તેમને ! આ સાબરમતીમાં મહારાજ અને સંતો ઘણી વાર નાહ્યા છે. આપણે અહીં સ્નાન કર્યું, આપણાં મોટાં ભાગ્ય છે.'

પછી 'સ્વામીની વાતું' બોલતાં કહ્યું : 'અક્ષરધામ સહિત ભગવાન પૃથ્વી ઉપર છે. જાદવ જેવા ન થવું. ઉદ્ધવજી જેવા થવું. ગ.પ્ર. ૭૧ વચનામૃત પ્રમાણે શ્રીજી અક્ષર સહિત આ પૃથ્વી ઉપર આવ્યા છે. તે છે, છે ને છે.

'એક મસ્જિદમાં બહુ મુસલમાન ભેગા થયા. તે ભીડમાં એક જણ પડી ગયો. ને ઊભો થવા ગયો ત્યાં પડખેવાળાને તેની કોણી વાગી ગઈ. તેણે બીજાને મારી. ત્યારે કહે : 'આ શું ?' ઓલ્યો હાજર જવાબી હતો. તે કહે : 'અલ્લાની કોણી છે.' એટલે આણે એની પડખેવાળાને મારી. એણે પૂછ્યું : 'કોણ છે ?' તો કહે : 'અલ્લાની કોણી છે.' એમ કોણીએ કોણી હાલી. એમ કરતાં છેલ્લા મુસલમાનને વાગી, એટલે પૂછ્યું : 'આ શું છે ?' 'અલ્લાકી કોણી ઠેઠથી ચલી આતી હૈ.'

'એમ આપણે પણ અલ્લાની કોણી ઠેઠથી ચાલી આવે છે. શ્રીજીમહારાજ સંત દ્વારા પ્રગટ, અખંડ પ્રગટ રહ્યા છે. તે શાસ્ત્રીજી મહારાજે આપણને સમજાવી દીધું. મોટપ સમજાઈ ગઈ છે. વિવેક શીખવો. એકબીજાની મર્યાદા સાચવવી. નિયમ રાખવા, કથાવાર્તા કરવી, મહિમા સમજવો. સંગઠન અને સુહૃદભાવ રાખવાં. સૌ અંતરે સુખિયા થાઓ. દોષમાત્ર બળી જાય. સૌનાં

હૃદયમાં ભગવાન રહો.’ એમ રૂડા આશીર્વાદ આપી ધૂન કરાવી.

આશીર્વાદની સિદ્ધિ માટે ધૂન કરવાનું, પ્રાર્થના કરવાનું તો સ્વામીશ્રી ક્યારેય ચૂકતા નહિ. આશીર્વાદ આપ્યાનો ભાર વહન કરવાનું તો મહારાજને જ સોંપે. મહારાજને જ સર્વ ક્રિયામાં ધણી કરે. પોતે સદા દાસભાવ ભૂલે નહિ. આવું નિર્લેપપણું ગુણાતીત સંત વિના બીજે ક્યાં જોવા મળે ?

મંદિરે આવી કથાવાર્તા કરી. આજની તિથિ નિમિત્તે સ્વામીશ્રીએ ઠાકોરજી માટે રસ-પૂરીનો થાળ કરાવ્યો હતો. બધા સંતો-હરિભક્તો, યુવકોને સ્વામીશ્રીએ ખૂબ હેતથી જાતે પીરસીને જમાડ્યા. મનુવાર કરવાની મહારાજની રીત, સ્મૃતિ આપવા સ્વામીશ્રીએ પણ ચાલુ રાખી હતી. આગ્રહ તો ઘણા કરી શકે, પણ એમનો હૃદયનો શુદ્ધ પ્રેમ, ભક્તોને એમના પ્રતિ વધુ આસક્ત કર્યા વગર રહેતો જ નહિ. વ્યવહારમાં એકબીજાને કરાતો આગ્રહ, પ્રસંગની સમાપ્તિ સાથે, અગર થોડા સમયે ભૂલાઈ જતો હોય છે. જ્યારે સ્વામીશ્રીએ કરેલો આગ્રહ ભક્તોને આજીવન સંભારણું બની જતું, સુખ-શાંતિનું કારણ બની જતું. એટલે જ સ્વામીશ્રી આવા પ્રસંગોનું અકર્તાભાવે, સાહજિક રીતે આયોજન ઊભું કરી, પોતાના ભક્તોને સ્મૃતિનું ભાથું બંધાવવાનું ચૂકતા નહિ.

અહીં ઘણી પધરામણીઓ થઈ. નવા મુમુક્ષુઓને વર્તમાન ધરાવ્યાં. બાઈઓના મંદિરમાં ભૂત-પ્રેતની ઉપાધિને સ્વામીશ્રીએ પ્રસાદી-જળ છાંટી દૂર કરી. પ્રેતાદિકને બદરિકાશ્રમમાં મોકલ્યા.

રાત્રે જાહેર સભા સારી થઈ. ડૉ. મધુભાઈ, મંદિરના કોઠારી નારણભાઈ તથા ગિરિજાશંકરભાઈએ સારો સાથ આપ્યો.

અહીં શંકરભાઈના પિતાશ્રીએ ધામમાં લઈ જવા સ્વામીશ્રીને પ્રાર્થના કરી. ત્યારે સ્વામીશ્રી કહે : ‘હજુ પાંચ વરસ રાખવા છે.’ આ પછી તેઓ બરાબર પાંચ વર્ષે ધામમાં ગયા.

એકાદશીએ ગાડામાં બદપુરા પહોંચ્યા. મંદિરે દર્શન કર્યાં. લગભગ ૪૫ પધરામણીઓ થઈ. મકાખા થઈ, લોકલમાં બપોરે કલોલ આવ્યા. ‘મેટ્રો વુડ વર્ક્સ’ના એન્જિનિયર સાહેબ ગોવિંદભાઈને બંગલે ઉતારો કર્યો.

સાંનિધ્યમેં પરમાત્માકા મિલન

અગિયારસ હોવાથી મિસ્ત્રી ચુનીલાલભાઈને ત્યાં ફરાળ લીધું. બારસને દિવસે કેશવલાલ નારણદાસ પટેલના ઘરે પધરામણીએ પધાર્યા.

એ વખતે તેઓ નાયકના મકાનમાં ભાડે રહેતા હતા. તે નાયકના ગુરુ સાણંદ રોડ, સરખેજ આશ્રમના સિદ્ધ ગુરુ લંબેનારાયણદાસ ત્યાં આવ્યા હતા. સ્વામીશ્રીની પધરામણી વખતે બંને સંતોનું મિલન થયું. સ્વામીશ્રીનાં દર્શન થતાં તેઓ સાષ્ટાંગ પ્રણામ કરવા જતા હતા, ત્યાં સ્વામીશ્રીએ તેમને રોક્યા અને બંને એકબીજાને ભેટી પડ્યા. જાણે બહુ જૂની ઓળખાણ હોય તે રીતે સ્વામીશ્રીએ તેમના પર પ્રસન્નતા દર્શાવી.

સ્વામીશ્રીના વિદાયમાન પછી નાયકને ત્યાં સભા થઈ, ત્યારે લંબેનારાયણદાસે તેમના શિષ્યો સમક્ષ સભામાં કહ્યું : 'યોગીજી મહારાજ તો બડે સદ્‌ગુરુ હૈ. ઉનકે સાંનિધ્યમેં પરમાત્માકા મિલન જૈસા આનંદ હમને પાયા. વે આનંદ બટોરતે હૈં. જહાં જાતે, વહાં પુષ્પ સી સુવાસ ફેલાતે હૈં.'

બપોરે ગ.મ. ૭ તથા ૮ વચનામૃતો સ્વામીશ્રીએ સમજાવ્યાં હતાં. સાંજે ફેક્ટરીના અધિકારીઓને આશીર્વાદ આપ્યા. થોડી પધરામણીઓ કરી. યુવક મંડળની સ્થાપના કરી, ચુનીભાઈને પ્રમુખ બનાવ્યા.

લોકલમાં રાત્રે અમદાવાદ પહોંચ્યા.

ઢંઢાવ્ય દેશના ફક્ત ત્રણ દિવસના વિચરણમાં જ સ્વામીશ્રીએ હજારો નવા મુમુક્ષોને શ્રીજીમહારાજનો યોગ કરાવ્યો, વર્તમાન ધરાવી સત્સંગી કર્યા. સાથેના સમાજને અદ્‌ભુત સ્મૃતિ આપી.

નવા મુમુક્ષુઓને વર્તમાન ધરાવી, શુદ્ધ કરી, મહારાજનો આશરો કરાવવાની સ્વામીશ્રીની પ્રવૃત્તિ સતત ચાલતી રહેતી. તેઓ ઘણી વાર કહેતા : 'અમારી મોક્ષની દુકાન ચાલુ, બંધ પડે જ નહિ. એમાં રવિવારની રજા નહિ.' પધરામણીમાં કે સભામાં મુમુક્ષુને વાંસામાં થાપો મારી, ખોળા પાસે બેસાડે. 'બીડી-સીડીનું વ્યસન છે કે કેમ ?' એ પૂછે. 'એ પાપ કાઢો, લ્યો થાપો, મહારાજનો આશરો કરો...' આવા સાદા પણ અંતરના ઉદ્‌ગારોથી સામેના મનુષ્યનું હૃદય વીંધાઈ જતું. ભવોભવથી ખોજતા કોઈ અંતરાત્માના સ્વજનની ભાળ જાણે થઈ ગઈ હોય, એમ એનો માંહ્યલો સ્વામીશ્રીના ખોળામાં ઢળી પડતો. સ્વામીશ્રીની આંખમાં આંખ પરોવી, અવાક્ બની, એ ગુરુમંત્ર સ્વીકારી, શરણે આવી જતો. ક્ષણવારની આ પ્રક્રિયા ઘણી જ દિવ્ય રહેતી. માયાનાં આવરણો ખસી જતાં, ત્યારે જણાતું કે ઘરોઘર, ગામોગામ યોગી નથી ફરતા, પણ શ્રીજીમહારાજ એમનામાં રહીને વિચરે છે. સૌને પાવન કરે છે, અક્ષરધામના અધિકારી બનાવે છે.

'મારો અભિપ્રાય કોઈ જાણતું નથી'

આણંદ થઈ સ્વામીશ્રી નાપાડ આવી પહોંચ્યા. યુવાન અને ઉત્સાહી ભક્ત ગોરધનભાઈના આગ્રહથી તૈયારીઓ માટે સ્વામીશ્રીએ ૧૫ યુવકોને બે દિવસ વહેલા મોકલ્યા હતા. ભૂલાકાકા તથા ગોરધનભાઈએ સૌ સંતો, ભક્તો તથા યુવકોની ખૂબ સેવા-સરભરા કરી. તે જોઈ સ્વામીશ્રી કહે : 'આ તો જેમ જનક વિદેહી અર્જુનનો મહિમા સમજ્યા હતા તેમ કર્યું.'

બે દિવસ જાહેર સત્સંગમાં કિશોરભાઈ તથા રમણભાઈ વગેરે યુવકોએ પણ લાભ આપ્યો. અહીંના એક કબીર ભક્તને સ્વામીશ્રીનાં દર્શનથી ખૂબ જ ભાવ થયો. તેથી તેમના ભાવવશ એક દિવસ ઠાકોરજી જમાડવા સ્વામીશ્રી વધુ રોકાયા. ગામમાં પધરામણીઓ પણ ઘણી થઈ.

તા. ૩૧-૫-'૫૮, અહીં મંદિરના સિંહાસનની પાછળ કેટલાક યુવકોને સંબોધીને સ્વામીશ્રીએ કહ્યું હતું કે 'તમે બધા મારી સાથે ફરો છો પણ મારો અભિપ્રાય હજુ કોઈ જાણતું નથી.' એમ કહી પરભાવમાં આવીને બોલ્યા કે 'મારે ઘણું જ્ઞાન આપવું છે અને ભગતજી મહારાજ જેવી સ્થિતિ સૌની કરવી છે. પણ તમે હજુ કાંઈ સમજ્યા જ નથી.' વગેરે મીઠા પણ કડક શબ્દોમાં વચનો કહી, સાથે ફરતા યુવકોને જાગ્રત કર્યા.

યુવકો પણ સ્વામીશ્રીના મુખે સ્પષ્ટ શબ્દોમાં આ વાત સાંભળી આશ્ચર્ય સાથે સભાન થયા કે 'આપણે માનીએ કે આપણે બહુ કરીએ છીએ અને સ્વામીશ્રીને રાજી કરી રહ્યા છીએ, પણ એમનો અભિપ્રાય તો આપણે જાણતા જ નથી. દેહે કરીને થોડી-ઘણી સેવા કરીએ, સાથે ફરીએ અને ભીડો વેઠીએ, પણ તે તો હજુ પાશેરામાં પહેલી પૂણી સમાન છે. સ્વામીશ્રીને રાજી કરવા ભગતજી મહારાજની જેમ મરણિયા થવું પડશે,' એમ સૌને દૃઢ થયું.

સમર્થ સત્યવાદી સરેશ

યુવાન ભક્ત નરેન્દ્ર ડાહ્યાભાઈના આગ્રહથી સ્વામીશ્રી કરમસદ પધાર્યા. ડાહ્યાભાઈ તથા શિવાભાઈએ સારી વ્યવસ્થા કરી હતી. જાહેર સત્સંગ સભા થઈ. લગભગ ૭૯ ઘરે પધરામણીઓ થઈ.

સ્વામિનારાયણ મંદિરમાં સ્વામીશ્રી ઊતર્યા હતા. સાથે યુવકો ઘણા હતા. સંધ્યા સમયે સભામાંથી કંટાળતા યુવકો મંદિરની અગાશી ઉપર જતા રહ્યા.

થોડી વાર પછી સ્વામીશ્રીએ જોયું તો સભામાં એક-બે યુવક જ હતા. તેથી તેમનો હાથ પકડી સ્વામીશ્રી અગાશીમાં પધાર્યા. અંધારું થઈ રહ્યું હતું.

સ્વામીશ્રી અગાશીમાં નીચે બેસી ગયા. તેથી યુવકો તેમને વીંટળાઈ વળ્યા. સ્વામીશ્રીએ જાણ્યું કે યુવકો કંટાળ્યા છે. તેથી સૌને હેત કરતાં વાત કરવા લાગ્યા. તે વખતે ડૉ. રમણભાઈના મિત્ર ડૉ. જે.સી. પટેલ પણ ત્યાં જ હતા. સ્વામીશ્રીએ લોયાના ૧૨મા વચનામૃતની વાત કરતાં કહ્યું કે 'અષ્ટાવરણે યુક્ત એવા જે કોટાનકોટિ બ્રહ્માંડો, જે અક્ષરને એક રૂંવાડે ઊડતાં ફરે છે, એવું જે પુરુષોત્તમ નારાયણનું ધામરૂપ અક્ષર, તે અક્ષરરૂપે રહ્યો થકો પુરુષોત્તમ નારાયણની ભક્તિ કરે એ ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય... એવા મારે તમને સર્વને કરવા છે.' એમ કહી, ડૉ. જે.સી.નો હાથ ખેંચવા લાગ્યા ને તેમને હેતથી કહેવા લાગ્યા. એક પછી એક દરેક યુવકનો હાથ પકડી ખેંચતા જાય ને તેને કહેતા જાય કે 'એવા અક્ષરરૂપ તમને કરવા છે...' ડૉ. જે.સી. તદ્દન નવા હતા. તેમને આ સિદ્ધાંતની લેશપણ સમજ ન હતી, પણ સ્વામીશ્રી તેમને વારે વારે તે પ્રમાણે કહેતા હતા અને બોલતા હતા કે 'મારે તમને બધાને એવા કરવા છે.' પોતાના સંબંધે કરીને શું પ્રાપ્તિ થઈ શકે છે ! તેની સૌને પ્રતીતિ કરાવતાં સ્વામીશ્રીએ સૌને અલૌકિક સ્મૃતિ આપી. સાથે સાથે સાવધાન પણ કર્યા.

સ્વામીશ્રી ગાના પધાર્યા. ઘીની મશાલોથી સામૈયું તો ખરું જ. આ વખતે મુંબઈના ડાહ્યાભાઈ તથા તેમના ભાઈ આફ્રિકાના મોતીભાઈના આમંત્રણથી સ્વામીશ્રીએ સૌને સારો લાભ આપ્યો. અહીં હર્ષદભાઈ દવેએ અક્ષર દેરીના માહાત્મ્યની એક પુસ્તિકા તૈયાર કરી હતી. તેની હસ્તપ્રત તેમણે સ્વામીશ્રી સમક્ષ વાંચી સંભળાવી. સતત ચાર કલાક સ્વામીશ્રીએ આ પુસ્તિકાનું શ્રવણ કર્યું. તેમાં જરૂરી ફેરફારો પણ સૂચવ્યા.

એકાએક વરતાલનાં દર્શને

તા. ૬-૬-'૫૮, સાંજે ખાંધલી ભીખાભાઈને ત્યાં પધારી, બીજે દિવસે આણદ, વાડીમાં નિર્ગુણ સ્વામીની દેરીએ પધાર્યા. અહીં કથા-કીર્તનનો કાર્યક્રમ હતો.

તા. ૯-૬-'૫૮, સવારે ૧૦-૦૦ વાગે સભા ભરાઈ હતી. કથાવાર્તા ચાલતી હતી. એકાએક સ્વામીશ્રી ઊભા થયા ને ઈશ્વરભાઈ મસાલાવાળાને કહે : 'અડધો મણ સાકરટેટી, કાકડી, પેંડા, ખજૂર વગેરે બધું લઈ આવો. વરતાલ

દર્શને જવું છે.'

સર્વે હરિભક્તોને થયું : 'આ શું ? એકાએક ! કાંઈ જાણ નહીં, કાર્યક્રમ નહીં.' પરંતુ સ્વામીશ્રીની આજ્ઞાથી બધું લઈ, હરિભક્તો પણ સ્વામીશ્રી સાથે વડતાલ દર્શને ગયા.

સ્વામીશ્રી સીધા જ ઠાકોરજી આગળ પહોંચ્યા અને હરિભક્તો સાથે લાવેલી ફરાળી સામગ્રી - મેવા-મીઠાઈ વગેરે પૂજારી મહારાજને આપીને કહે : 'લો, ઠાકોરજીને આ ધરો.'

બ્રહ્મચારી મહારાજે સ્વામીશ્રીનો ખૂબ જ આભાર વ્યક્ત કરતાં, આનંદ સાથે બધી ફરાળી વસ્તુઓનો સ્વીકાર કર્યો અને બોલ્યા : 'આજે ઠાકોરજીને થાળ ધરવાનો હતો જ નહીં. અહીં ભંડારી સંતો અને રસોઇયાઓએ હડતાલ પાડી છે !'

સ્વામીશ્રી તો એકદમ હબકાઈ ગયા. બધા હરિભક્તોને પણ ઘણું દુઃખ થયું. તેમને થયું : સ્વામીશ્રીએ અંતર્યામીપણું વાપરી આ સામગ્રી ધરી ન હોત, તો કદાચ ઇતિહાસમાં પ્રથમ વાર હરિકૃષ્ણ મહારાજ થાળ જમ્યા વિના રહ્યા હોત !

સૌ સ્વામીશ્રીની પરાભક્તિને નમી પડ્યા. હરિભક્તોને ખ્યાલ આવ્યો કે સ્વામીશ્રીએ વરતાલ આવવાનો નિર્ણય એકાએક કેમ લીધો હતો !

સત્પુરુષ પોતાનાં ઐશ્વર્યનો પણ ક્યારે, કેવો સદુપયોગ કરે છે, તે વિચારતાં સૌને લાગ્યું કે જ્યાં-ત્યાં, જેમ-તેમ તેનો ઉપયોગ કરતા નથી. અને એવો ઉપયોગ કરનારને આવાં ઐશ્વર્યો સુલભ પણ નથી.

અહીંથી ઈશ્વરભાઈ માસ્તરને ત્યાં બોરીઆવી પધાર્યા.

રાત્રે સ્વામીશ્રીએ નીચે જ પથારી કરેલી. રૂમ સાંકડો હતો. વિનુ ભગતને કહે : 'તમે પાટ ઉપર સૂવો.'

તેમણે કહ્યું : 'એમ કેમ થાય ? આપ પાટ ઉપર સૂવો.'

પાટ નીચે પોટલાં હતાં. તે પાટ પર ચઢાવી દીધાં અને વિનુ ભગત નીચે સૂતા.

સ્વામીશ્રીની દૃઢતા-ટેક જોઈને સૌનું મસ્તક નમી પડતું.

બીજે દિવસે ૫-૪૫ની ટ્રેનમાં અમદાવાદ જવાનું હતું, પણ સૌને ૬-૧૫ વાગ્યાનો ખ્યાલ હતો. તેથી મોડું થઈ જતાં સૌ પોટલાં લઈને સ્ટેશને દોડ્યા. એ વખતે યુવકોમાં નવીનભાઈ સ્વામિનારાયણ તથા અમે સૌ સાથે હતા.

ટ્રેન આવતી દેખાઈ. તેથી સૌ દોડ્યા. કારણ, તે અહીં બે મિનિટ જ ઊભી

રહે. સ્વામીશ્રી પણ દોડવામાં બાકી નહીં. માંડ પહોંચ્યા. ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'હાશ ! મહારાજે દયા કરી પહોંચાડી દીધા.'

પ્રવચનોથી ઈતિશ્રી નહીં, આચરણથી આરંભ

ગુજરાતના આ વિચરણમાં લગભગ ૫૦ જેટલા યુવકો અને હરિભક્તો મળી, ૧૦૦ થી ૧૫૦ ભક્તોનો સંઘ સ્વામીશ્રી સાથે ફરતો. રોજ ૫૦૦ થી ૧,૦૦૦ ભક્તો જમતા. સ્વામીશ્રી ૬૦ થી ૭૦ ઘરે રોજ પધરામણીઓ કરતા અને નવા નવા મુમુક્ષુઓને સત્સંગ કરાવતા.

જેમ વધુ ભક્તો તેમ સ્વામીશ્રીને વધુ આનંદ આવે. ભક્તોની ભીડ એમને બહુ જ ગમતી. કોઈ ફક્ત દર્શન કરવાં આવ્યા હોય તેને રોકી પાડે. યુવકોને રોકે. સાથે ફેરવે. કથા-કીર્તનનો અખાડો ચાલતો જ હોય. સ્વામીશ્રી પધરામણીએ જાય તો બીજા જૂના હરિભક્તો પાસે કથાવાર્તા કરાવે. કેટલાક યુવકોને પધરામણીમાં સાથે પણ લઈ જાય. આમ, આખો સંઘ ભગવદ્-ભક્તિમાં જોડાયેલો રહેતો. આટલા મોટા સમૂહમાં અગવડ પણ ભોગવવી પડે. એટલે સ્વામીશ્રીના અભિપ્રાય મુજબ જ્યાં-ત્યાં, જેવું-તેવું, જેમ-તેમ ચલાવી લેવાના, દેહાસક્તિ તોડવાના, સ્વભાવનો સુમેળ કરવાના પાઠો અહર્નિશ સૌને મળતા.

આવો ૧૦૦ થી ૧૫૦ આબાલવૃદ્ધ ભક્તોનો સંઘ કુશળતાપૂર્વક દોરવામાં સ્વામીશ્રી નિષ્ણાત હતા. સૌને નભાવી લઈ, અજબ રીતે હેત, પ્રીત ને મહિમાની કડીથી જોડી રાખતા. ભીડા-ભક્તિ દ્વારા સમૂહ પ્રકૃતિ રૂપાંતરના શિક્ષણનું દુર્ગમ કાર્ય, તેઓ સુગમતાથી, સામે ચાલીને હોંશથી કરતા. આ એમની એક વિશેષતા હતી. નહીં તો સતત વિચરણની આટલી સખત પ્રવૃત્તિમાં, આટલા બધાને સાથે ફેરવી, તેમની અનેક જવાબદારીઓ નાહકની કોઈ ગુરુ માથે લે જ નહીં. કથાવાર્તા ને આશીર્વાદ આપી પોતાના કામની ઈતિશ્રી માની લે. પણ ગુણાતીત-શિક્ષણ પદ્ધતિ પ્રમાણે, આ બધો ભાર સ્વામીશ્રી સ્વેચ્છાએ સ્વીકારી લેતા.

આમ, જોઈએ તો પ્રભુ ભજવા કોઈ સામે ચાલીને નવરું થાય એમ છે નહિ. વળી, સ્વામીશ્રી પણ વિચરણની આટલી સખત જવાબદારી વચ્ચે સમય કાઢીને, કોઈ એક સ્થળે, શાંતિથી તો કોઈને જ્ઞાનોપદેશ કરી શકે એમ હતું નહીં. તેથી, ગામોગામ ફરીને, ભક્તોને જાગ્રત રાખીને તેમજ આવી રીતે જેને અનુકૂળતા હોય તેને સાથે ફેરવીને, સૌને ગુણાતીત કરવાનું પોતાનું મિશન

તેઓ સિદ્ધ કરતા હતા. સાથે ફરતા એક-એકની પોતે વ્યક્તિગત ખબર રાખતા. સ્વામીશ્રીના પ્રેમ ને આદરથી સૌ તૃપ્ત રહેતા. એમાં પણ તરેહ તરેહની પ્રકૃતિવાળા જુવાનિયાઓનાં હૃદય જીતવાની એમની કુશળતા જ એમના શુદ્ધ સંતહૃદયની સાક્ષી પૂરતી. આનો ખ્યાલ તો ત્યારે જ આવતો, જ્યારે યુવકો સ્વામીશ્રીથી છૂટા પડતા.

કોઈ પરણેતર પિયર છોડીને સાસરે જતાં જે વેદના અનુભવે, એનાથી પણ અનેક ગણી વેદના આજકાલના ભણેલા, મોજીલા યુવાનો સ્વામીશ્રીથી છૂટા પડતાં અનુભવતા. સંસારમાં સ્વામીશ્રી સિવાય કોઈ આપણું છે જ નહીં, એવી સ્નેહની ગાંઠ પડ્યા પછી એ કેમ છૂટે ? ત્યારે યુવકોની આંખમાંથી દડ દડ અશ્રુધારા વહી જતી. કેટલાક તો હૈયાફાટ રડી પડતા. વજ્ર છાતીના યુવાનો બાળકની જેમ રડી પડતા. સ્વામીશ્રી એમનો હાથ પકડી, મંદિર કે ઉતારાના દ્વાર સુધી વળાવવા જતા. આશ્વાસન આપતા : 'આપણે જ્ઞાનથી ભેગા રહેવું...' એવું સમજણનું ભાથું બંધાવી, હળવા કરી, છૂટા પડતા.

બોરીઆવીથી ઘણા યુવકો છૂટા પડ્યા. આ દૃશ્ય હૃદયદ્રાવક હતું. વૅકેશન પૂરું થતું હતું, એટલે ગયા વગર છૂટકો જ નહોતો. સ્કૂલ-કૉલેજો શરૂ થયા પછી સ્વામીશ્રી એક દિવસ પણ કોઈને વધુ રોકતા નહીં. મારો સ્નાતક સુધીનો અભ્યાસ પૂરો થયો હતો. તેથી હવે કાયમ માટે સ્વામીશ્રીની સેવામાં જોડાઈ ગયો હતો. અગાઉ ૧૯૫૬માં સેવામાં આવવા વિનંતી કરેલી, પણ સ્વામીશ્રીએ જણાવ્યું કે 'તમે ગ્રૅજ્યુએટ થાવ, પછી જ મારે તમને સેવામાં લેવા છે. તમારા બધાનાં સર્ટિફિકેટ મારે મઢાવીને ટિંગાડવાં છે.' એમ આશ્વાસન આપી અભ્યાસ પૂરો કરાવ્યો.

અમદાવાદ, રાજકોટ થઈ, તા. ૧૨-૬-'૫૮, ગુરુવાર, સાંજે સ્વામીશ્રી ગોંડલ આવી પહોંચ્યા.

મૂર્તિનું સુખ, અંતરે ટાઢું રહે તે

અક્ષર દેરીમાં તા. ૧૭-૬-'૫૮, સવારે ૬-૦૦ વાગે, સ્વામીશ્રી રાઘવદાસ રચિત મૂર્તિનાં પદ બોલ્યા. પછી કહ્યું : 'મૂર્તિ મળી એટલે બીજો સંકલ્પ જ ન ઊઠે. કથાવાર્તાની રુચિ રાખી જગતના ઘાટ ઓછા કરવા. સેવામાં જ વૃત્તિ રાખવી.'

ત્યારે કોઈએ પ્રશ્ન પૂછ્યો કે 'શુકદેવજીએ રાજા પરીક્ષિતને સાત દિવસમાં મોક્ષની પ્રતીતિ કરાવી હતી. તો આજે ચાર દહાડામાં મૂર્તિ સિદ્ધ કરાવી દે

ખરા ? તે થાય કે નહિ ?'

સ્વામીશ્રી કહે : 'ત્રણ દિવસમાં થાય.' એમ કહી વાત કરી : 'મૂર્તિ એટલે મૂર્તિનું સુખ, સામર્થી અને પ્રકાશ તથા અંતરે ટાઢું રહે તે.'

પછી વચનામૃત કા.૧૧ વંચાવી કહ્યું : 'આજ્ઞામાં વર્તે તો મૂર્તિ સાથે જાય. આવા ભક્તની દરેક ક્રિયા ભગવાન સંબંધી જ હોય; અને તે જે જે કાર્ય કરે તેમાં મહારાજ તેની ગૂંચો કાઢતા જાય ને તેને અંતરમાં સમજાઈ જાય. મૂર્તિ એટલે તેને અંતરે નિરંતર ટાઢું રહે. ગૂંચ, ક્લેશ આવે કે ઉકલે, એમાં મહારાજનું પ્રગટપણું રહે.

પછી તે જ દિવસે દેવચડી, શિવરાજગઢ થઈ, સ્વામીશ્રી વશરામભાઈના આગ્રહથી કમરકોટડા પધાર્યા.

કમરકોટડાના વશરામભાઈ લાધાભાઈ પટેલ ગામના સરપંચ હતા અને બે જોટાળી બંધૂક રાખતા. કદાવર બાંધાના વશરામભાઈ કરડાકીભરી આંખોથી ખૂંખાર લાગે. તેમને ત્યાં ભાવનગરના હરિભાઈ પટેલ મહેમાન થયા અને તેમણે આખી રાત્રિ જાગીને વશરામભાઈને સ્વામીશ્રીનો અલૌકિક મહિમા કહ્યો.

બીજા દિવસે જ તેઓ ગોંડલ આવ્યા અને સ્વામીશ્રીના નિર્દોષ બાળક જેવા પ્રેમાળ મુખારવિંદનાં દર્શન થતાં જ વશરામભાઈએ વર્તમાન ધરાવીને કંઠી બાંધી લીધી. જ્યારે તેઓ પાછા આવ્યા ત્યારે બંધૂકને બદલે હાથમાં માળા જોઈને ગામલોકો અત્યંત આશ્ચર્ય પામ્યા. સ્વામીશ્રીએ વાઘ જેવા માનવીને ગાય જેવો બનાવી દીધો હતો.

એ પછી વશરામભાઈએ પોતાના પુત્ર વલ્લભભાઈને, સ્વામીશ્રીને કમર-કોટડા આવવા આમંત્રણ આપી, સાથે જ લઈ આવવા ગોંડલ મોકલ્યા.

સ્વામીશ્રી પધાર્યા અને આખા ગામમાં તોરણ બાંધીને વાજતે-ગાજતે ભવ્ય સ્વાગત કર્યું. ગામમાં ઘરોઘર પધરામણી થઈ ને આ રીતે એક શૂરવીર ભક્તે આખા ગામને સાચા સત્સંગનો આસ્વાદ કરાવ્યો.

'આપણે તો સેવક છીએ'

બપોરે સ્વામીશ્રી સંતો-ભક્તો સાથે અહીંથી દોઢ માઈલ દૂર ભાદર નદીએ સ્નાન કરવા પધાર્યા. જ્યાં સ્નાન કરી હરિભક્તોને માથે જળ ચઢાવ્યું એ નદી કિનારાના સ્થળને સ્વામીશ્રીએ 'અક્ષર ઘાટ' નામ આપ્યું. સૌને અલૌકિક સ્મૃતિ આપી. રાત્રે જાહેર સત્સંગ સભામાં ગામમાં સૌને સારો ગુણ

આવ્યો અને મંડળની સ્થાપના થઈ.

તા. ૧૮-૬-'૫૮, સાંજે સ્વામીશ્રી વીસાવદર પધાર્યા હતા. ધારી, અમરેલી, ખાંભા, ચલાલા વગેરે ગામોના ભક્તો પણ દર્શને આવી પહોંચ્યા હતા. ગામમાં ઘણી પધરામણીઓ થઈ. જૂનાગઢ દેશના લાડીલા અને સંપ્રદાયમાં ખૂબ જ પ્રતિષ્ઠિત, વયોવૃદ્ધ, ભક્તરાજ કમળશીબાપાની છેલ્લી ઇચ્છા સ્વામીશ્રીનાં દર્શન કરવાની હતી. તેથી છોટુભાઈ વકીલ સ્વામીશ્રીને ખાસ અહીં તેડી લાવ્યા હતા. અતિ સંકોચપણે સ્વામીશ્રી પધાર્યા. સ્વામીશ્રીની પૂજા-આરતી કરી, ધોતિયાં ઓઢાડ્યાં. ગામમાં બાઈ-ભાઈનાં બંને મંદિરોનાં દર્શન કરી, સ્વામીશ્રી ઉતારે પધાર્યા.

ધારી મંડળ વતી જીવરાજભાઈ તથા હરજીવનભાઈએ સ્વામીશ્રીને ધારી પધારવાની આગ્રહભરી વિનંતી કરી. ત્યારે પોતાના ગળે હાથ દઈ, વારંવાર ના કહેતાં સ્વામીશ્રી બોલ્યા : 'મહારાજની આજ્ઞાનું ઉલ્લંઘન થાય નહિ. આપણે તો સેવક છીએ. અને જેમ મહારાજની આજ્ઞા હોય એમ વર્તવું જોઈએ.'

અમરેલી મંડળ વતી પુરુષોત્તમભાઈએ સ્વામીશ્રીને વિનંતી કરી, ત્યારે ચોમાસા પછી અમરેલી આવવાનું સ્વામીશ્રીએ કહ્યું.

રાત્રે પોપટભાઈને ત્યાં સરસાઈ પધાર્યા. સવારે ભક્તરાજ રોહીદાસ ચમારના કુંડમાં સ્નાન કરી, તીર્થરૂપ-પાવન કર્યું.

બપોરે કાળસારી થઈ, સાંજે જૂનાગઢના મંદિરમાં દર્શન-આરતી કરી, કલ્યાણજી શેઠની તબિયત જોઈ, એમને છેલ્લાં દર્શન આપી, સ્વામીશ્રી રાત્રે ૧૦-૦૦ વાગે ગોંડલ આવ્યા.

લગભગ ૧૫ દિવસ જેટલું સ્વામીશ્રી ગોંડલ રહ્યા. દેશોદેશના હરિભક્તો આવી પહોંચ્યા હતા. રોજ સવારે દેરીમાં કથાવાર્તા થતી. પ્રભાતિયાં તથા કીર્તનો પછી મુદ્દાનાં વચનામૃતો સ્વામીશ્રી સમજાવતા. ડોલતા, હસતા સ્વામીશ્રી અક્ષરધામના સુખનો પ્રત્યક્ષ અનુભવ સૌને કરાવતા. ગોંડલની અનેકવિધ પ્રવૃત્તિઓ પણ પોતે સંભાળી લેતા. જ્યારે જ્યારે ગોંડલ પધારે, પછી ભલેને થોડા કલાકોનું રોકાણ હોય, પણ સ્વામીશ્રી અનેક કાર્યોની સૂચનાઓ આપી દેતા. આમ, ગુણાતીતાનંદ સ્વામીની જેમ વ્યવહાર અને મોક્ષ બંનેનું કુશળતા-પૂર્વક સંચાલન સ્વામીશ્રી કરતા. કથાવાર્તામાં અહર્નિશ શૂરા સ્વામીશ્રીની પ્રવૃત્તિમાં વ્યાવહારિક ભાર લેશમાત્ર દેખાતો નહિ. નિર્લેપભાવે કાર્ય કરીને કથા-કીર્તનની આનંદછોળોમાં જ સૌને મગ્ન કરી રાખતા.

‘તમને સુખિયા કરવા છે’

ગાંડુભાઈ નામના એક મજૂર, સાથી તરીકે અક્ષર મંદિરની ખેતીમાં ખૂબ સેવા કરતા. તે સમયે ભીડો ઓછો, તેથી નવરાશની પળોમાં સ્વામીશ્રી ગાંડુભાઈને બોલાવે. ગાંડુભાઈ પણ સ્વામીશ્રીના હેતને કારણે આવે, પગ ચાંપે ને ખેતીના કામ ઉપરાંત વાસણ ઊટકવાની, ટાંકી ભરવાની વગેરે સેવાઓ કરે. જ્યારે યુવકો આવે ત્યારે ગાડું લઈ તેડવા પણ જાય. સ્વામીશ્રીની સૂચના પ્રમાણે યુવકોનો સામાન પણ ઉપાડી લે.

એક વાર સ્વામીશ્રી ખેતરે પધાર્યા. ગાંડુભાઈ હળ હાંકતા હતા. તે જોઈ સ્વામીશ્રીએ લહેકાથી પૂછ્યું : ‘ગાંડુભાઈ, મઝામાં ને !’

ગાંડુભાઈ પ્રેમઘેલા થઈ દોડતાં સ્વામીશ્રીને પગે લાગ્યા. કહે : ‘બાપા ! આપની દયા છે. પણ બાપા ! મને પગારમાં પાંચ રૂપિયા વધારી દ્યો ને !’

ગાંડુભાઈને રૂપિયા ૪૦/-નો પગાર હતો. પરંતુ તે સમયે ખેતી સંભાળતા ખીમા ભગતને મંદિરનું મમત્વ બહુ. તેથી તેઓ પગાર વધારી ન આપે. સ્વામીશ્રીએ કહ્યું : ‘ગાંડુભાઈ ! તમને રાજી કરવા છે. હમણાં ભલે ૪૦/- રૂપિયા આપે. મહારાજ સુખિયા કરી દેશે. તમને ખેડુ બનાવવા છે. કો’ રાજી છો ને ?’

‘હા બાપા ! આપ કહો તેમ.’ ગાંડુભાઈએ હાથ જોડ્યા.

બીજે દિવસે સવારે સ્વામીશ્રી નિયમ મુજબ શણગાર આરતી બાદ ભંડારે પધાર્યા. ગાંડુભાઈ રોટલો ને છાશ જમતા હતા. સ્વામીશ્રી તેમને જોઈ ભંડારમાંથી બે લાડુ લઈ આવ્યા ને ગાંડુભાઈને આપતાં પ્રેમથી કહ્યું : ‘ગાંડુભાઈ ! આ જમી જાવ. મનમાંથી ઓલ્યો વિચાર કાઢી નાખો. તમને સુખિયા કરવા છે. ખીમા ભગત જેમ રાજી થાય તેમ કરજો.’ ગાંડુભાઈ ખુશ થતાં પ્રસાદી જમી ગયા.

સ્વામીશ્રીના આશીર્વાદથી તેમણે સરકારમાં જમીન માટે અરજી કરેલી, તે અનિડા ગામ પાસે રૂા. ૮,૦૦૦/-માં ત્રીસ વીઘાં જમીન ત્રણ-ચાર માસમાં જ મળી ગઈ. સ્વામીશ્રીના વચને તેઓ ખેડુ થઈ ગયા. તેમનું આખું કુટુંબ નિષ્ઠા-પૂર્વક સ્વામીશ્રીમાં જોડાઈ ગયું અને તેઓ ખૂબ સુખી થયા.

શરણાગતના દાતા હંમેશ

એક દિવસ મંદિરમાં એક ભૂખ્યો ફકીર આવેલો, તે રાયણના ઝાડ સુધી

આવી ગયો. ચોકીદાર તેને બહાર કાઢતો હતો. છતાં એ કાકલૂદી કરી રહ્યો હતો કે 'મુઝે ખાના દીજિયે, મૈં બહુત ભૂખા હું, મુઝે ભૂખ લગી હૈ.' પણ તેની વાત કોઈએ ધ્યાન પર ન લીધી. એનો પહેરવેશ જ એવા પ્રકારનો હતો કે એમ થાય કે મંદિરની કોઈ વસ્તુ ચોરીને જતો રહેશે.

સ્વામીશ્રીએ દૂરથી આ જોયું અને તરત જ અનુમાન કરી લીધું કે જમવાનો સમય છે, માટે જમવાની આનાકાની થતી હશે.

એમણે યુવકો પાસેથી ફકીરની વિગત જાણી કહ્યું : 'અરે, જાઓ જાઓ, તેને બોલાવી લાવો. તેને જમાડી દ્યો.'

અર્જુનકાકા ત્યાં ઊભા હતા. તેમણે નીરખીને જોયું કે સ્વામીશ્રીના મુખ પર અજંપો હતો. જ્યારે ફકીરને લાવ્યા અને જમવા બેસાડ્યો, ત્યારે જ સ્વામીશ્રીના અંતરમાં 'હાશ' થઈ.

જે દરેકમાં ભગવાનની જ ભાવના રાખતા હોય, તેમને કોઈનીયે આંતરડી કકળે તે કેમ જોવાય ? સ્વામીશ્રી દરેક સાધુ-સંન્યાસીને પ્રેમથી જમાડતા. વિશાળ સમુદ્ર સરખું દિલ હોવાથી અન્નદાન, વિદ્યાદાન અને અભયદાન, આમ ત્રણેય દાનની પ્રવૃત્તિ સ્વામીશ્રી પાસે સતત ચાલતી.

'તે નો'ય આપણા બાપનો !'

એક દિવસ સ્વામીશ્રીએ એક પછી એક પત્રો વાંચી, ઉત્તરો લખી, તે પત્રો વિનુ ભગતને આપી દીધા. કોઈ દિવસ નહીં ને આજે સ્વામીશ્રીએ એક પત્ર ઉપર ચોડેલી ટિકિટ જોઈ. તે એક્સપ્રેસ ડિલીવરીની ટપાલ હતી. તે સમયે તેના પર ૧૩ પૈસાની ટિકિટ લગાડવી પડતી. આ પત્ર ઉપર ૧૪ પૈસાની ટિકિટ લગાડી હતી. તે જોઈ સ્વામીશ્રીએ પૂછ્યું : 'કેમ એક પૈસાની વધારે ચોડી છે ?'

'બાપા ! બાર પૈસાની ટિકિટનો મેળ મળે છે, ચૌદનો મળે છે, પણ તેરનો મેળ મળતો નથી.'

'૧૩ પૈસાવાળી નથી ?'

'ખલાસ થઈ ગઈ છે.'

'એમ નો હાલે ગુરુ ! આપણે રાખવી. એક પૈસાની, બે પૈસાની, પાંચ પૈસાની બધી રાખવી. ખલાસ ન થવા દેવી.' સ્વામીશ્રી પ્રેમથી કહેવા લાગ્યા : 'એક પૈસો મફતમાં જાય છે, તે નો'ય આપણા બાપનો ! ઠાકોરજીનો છે. જોઈ-

વિચારીને વાપરવું.'

સ્વામીશ્રી લેશમાત્ર બગાડ કે બેકાળજી ચલાવતા નહીં. પ્રત્યેક વાતમાં ખટકો. સંસ્થાનું, ઠાકોરજીનું હૃદયપૂર્વક મમત્વ.

✧

રાજકોટથી વિરમગામ જતાં ટ્રેન રસ્તે વાકાનેર, સુરેન્દ્રનગર વગેરે સ્ટેશનોએ મોડી રાત્રે ગામડાંના અનેક ભક્તોને મળીને વિરમગામ પધાર્યા.

જીવરાજભાઈ, પ્રેમચંદભાઈ વગેરે સોની ભક્તોએ તેડાવી મંદિરમાં ઉતાર્યા હતા. સૌનો સહકાર સારો હતો. પધરામણીઓ થઈ. કથાવાર્તાથી મંડળમાં સારી જાગૃતિ આવી.

સંબંધવાળા માથાના મુગટ

મુંબઈથી આવેલા ભક્તોનો સમુદાય પણ સાથે હતો. રાત્રિસભા બાદ સૌ ચેષ્ટા બોલી આરામમાં ગયા.

રાત્રે બે વાગ્યાનો સુમાર થયો હશે. વલાસણના ડાહ્યાભાઈ કંઈક અવાજ સાંભળતાં બેઠા થઈ ગયા. ઝીણી આંખો કરી અંધારામાં જોયું તો સ્વામીશ્રી પોતાના ગાતરિયાના છેડાથી જમીન પર પડેલી ધૂળ વાળતા હતા. ડાહ્યાભાઈ તરત જ દોડી ગયા. સ્વામીશ્રીને પૂછ્યું : 'બાપા ! આ શું કરો છો ?'

'ગુરુ ! બોલશો નહીં.' સ્વામીશ્રીએ એકદમ ધીમેથી કહ્યું : 'હરિભક્તો જાગી જશે.'

'પણ બાપા ! આપ અત્યારે શું કરતા હતા ?' ડાહ્યાભાઈએ ધીમેથી ફરી પ્રશ્ન દોહરાવ્યો.

સ્વામીશ્રી સહજભાવે કહે : 'ઈ તો અહીં હરિભક્તો સભા કરીને બેઠેલા, તે એમની ચરણરજ ભેગી કરી માથે ચઢાવવી છે.'

ડાહ્યાભાઈને તો આશ્ચર્ય સમાતું નહોતું. તેમણે પૂછ્યું : 'આમ કેમ ?'

'હરિભક્તો બધા કેવા મહિમાવાળા ! ઘરબાર, બૈરાં-છોકરાં મૂકીને અહીં આવી આપણો સમાગમ કરે, સેવા કરે, કેવું બળ ! કેવી આત્મબુદ્ધિ !'

પછી કહે : 'જાવ, હવે સૂઈ જાવ. કોઈને કહેવું નહીં, દાટી દેવું !' એમ કહેતાં જ પોતે પોઢવા માટે ઊભા થઈ ગયા.

ડાહ્યાભાઈને આ ભક્તોનો મહિમા સમજતા પુરુષનો મહિમા વિચારવામાં આખી રાત જાગ્રત અવસ્થામાં જ વીતી ગઈ !

સેવાનો લહાવો !

તા. ૨૭-૬-'૫૮, અષાઢ સુદ ૧૧ને દિવસે સવારે નીકળી સ્વામીશ્રી, બાલમુકુંદ સ્વામી, વિનુ ભગત તથા અમે સૌ અમદાવાદ આવ્યા.

સામાન્ય રીતે, સ્વામીશ્રી ગોંડલ અથવા રાજકોટથી ટ્રેનમાં અમદાવાદ આવવાના હોય, ત્યારે અમદાવાદના હરિભક્તો વિરમગામ સ્ટેશન સુધી સામે લેવા જતા. એ વખતે મોટરો ઓછી. તેથી સ્વામીશ્રી ટ્રેનમાં જ મુસાફરી કરતા. અમદાવાદથી ગોરધનભાઈ બ્રહ્મભટ્ટ, રમેશ દલાલ, પ્રભાશંકર પંડ્યા, કનુભાઈ જોશી વગેરે હરિભક્તો સામે વિરમગામ લેવા આવતા.

આ વખતે અમદાવાદ સ્ટેશને ગાડી આવી ત્યારે સૌ હરિભક્તોએ સામાન તથા સંતોનાં પોટલાં ઉપાડ્યાં અને ચાલવા લાગ્યા. એક પોટલું ભૂલમાં પડી રહ્યું હતું તે સ્વામીશ્રીએ ઉપાડ્યું અને સંતોની પાછળ પાછળ ચાલવા લાગ્યા.

એવામાં કનુભાઈની નજર પાછળ ગઈ, તો સ્વામીશ્રીએ પોટલું ઊંચક્યું હતું. તેઓ તરત જ પાછા ફર્યા અને સ્વામીશ્રીના હાથમાંથી પોટલું લઈ ક્ષમા માગી. ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'અમને પણ સેવાનો લાભ દ્યો !'

કનુભાઈ કહે : 'બાપા ! આપે તો ઘણી સેવા કરી છે. હવે અમારાથી તમને પોટલું ઊંચકવા ન દેવાય.'

ધારણાં-પારણાંથી દર્દ દૂર કર્યું

આજે નિયમની એકાદશી હોવાથી સ્વામીશ્રીએ એક પછી એક સૌને ઉત્સાહથી નિયમો ગ્રહણ કરાવતા હતા. એવામાં મધુભાઈ જસાણી આવ્યા.

સ્વામીશ્રીની સેવામાં હંમેશાં ખબરદાર અને નમ્ર તેમજ રુચિપૂર્વક સેવા કરનાર યુવક હતા મધુ જસાણી. તેમને કેડનું ખૂબ પીડાકારક દર્દ શરૂ થયું હતું. ઘણા ડૉક્ટરોને બતાવ્યું. કોઈ કહે : 'સ્લીપ ડીસ્ક છે.' તેથી પટ્ટો પહેરવો શરૂ કરાવ્યો. કેટલાકે બે મહિના સૂઈ રહેવા જણાવ્યું, પણ કેડનો દુખાવો મટવાનાં કોઈ ચિહ્ન જણાયાં નહીં.

એક રાત્રે ગોંડલમાં તેમણે સ્વામીશ્રીને કહ્યું : 'બાપા ! કેડ બહુ દુઃખે છે, તે સેવા થતી નથી.'

'એમ !' સ્વામીશ્રીએ ચિંતા વ્યક્ત કરી. પછી આશ્વાસન આપ્યું.

બે દિવસ પછી આજે નિયમની એકાદશી હોવાથી, તેઓ જ્યારે

સ્વામીશ્રી પાસે નિયમ લેવા આવ્યા ત્યાં સ્વામીશ્રીએ તેમને કહ્યું : 'જુઓ, તમે બે મહિના ધારણાં-પારણાં કરો, તો તમારું કેડનું દરદ મટી જાય. તેમાં એક મહિનો તમારા અને એક મહિનો અમારા વતી. આમ, બે મહિના કરો.'

મધુભાઈએ આ આજ્ઞા સહર્ષ સ્વીકારી લીધી. અને ખરેખર તેમનો દુખાવો બે મહિનામાં ક્યાંય ગાયબ થઈ ગયો.

શંકરલાલ ઠાકરના અક્ષરવાસ નિમિત્તે એમના સુપુત્ર મહેન્દ્રભાઈને ત્યાં પધરામણી કરી. એ નિમિત્તે નારાયણ ઘાટ ઉપર હરમાનભાઈ, ગોરધનભાઈ, પન્નાલાલ શેઠ, ગિરિજાશંકર શાસ્ત્રી, શાંતિલાલ સ્વામિનારાયણ, કનુભાઈ વગેરે ભક્તોના સહકારથી સારો સમૈયો ઊજવાયો.

આગલી રાત્રે વરસાદ ખૂબ પડ્યો. તેથી સાબરમતીમાં પાણી ડહોળાઈ ગયું. સૌ મૂંઝાયા. વળી, લીમડાની કડવી ગંધથી કૂવાનું પાણી પણ મોઢામાં જાય એવું રહ્યું નહોતું. પણ સવારે જોયું તો સ્વામીશ્રીની દયાથી બધું સાનુકૂળ ! નદીનાં નીર સ્વચ્છ થવા લાગ્યાં. અને કૂવાનાં પાણીમાંથી વાસ ક્યાં ચાલી ગઈ, એ તો કોઈ કલ્પી શક્યું જ નહિ. ત્યારે બધાનાં મનમાં થયું કે આ કૂવાનાં પાણીમાં સ્વામીશ્રીએ જ સ્વાદ ફેરવ્યો ને પીવા લાયક અમૃત બનાવી દીધું.

'નારણ ઘાટે સ્વામીશ્રીનો લાભ મળવાનો છે' - એ સમાચારે સૌ દોડી આવ્યા. ૨૦૦ માણસની રસોઈ બની હતી, પણ ૫૦૦થી પણ વધુ હરિભક્તો તૃપ્ત થયા. ત્યારે ચમત્કારોની પરંપરા જોઈ સૌ વધુ મુગ્ધ થયા.

આમ તો સ્વામીશ્રીના ચમત્કારિક દર્શનથી જ પ્રગટ ઉપાસી ભક્તો સદાય તૃપ્ત રહેતા. તેથી લૌકિક આશ્ચર્યોની તેમને મન ઓછી અસર હતી. છતાં આવા ચમત્કારિક અનુભવો સ્વામીશ્રીની મહત્તા બીજાને સમજાવવામાં સહાયરૂપ બનતા. પ્રભાશંકર પંડ્યા, બળવંત ભટ્ટ, હરિકૃષ્ણભાઈ, નવીનભાઈ સ્વામિનારાયણ તથા આંબલી પોળ યુવક મંડળે સારી સેવા કરી. ચંદ્રકાંતભાઈ જગાવાળા તથા ગોહિલ સાહેબ પણ આવ્યા હતા.

સ્વભાવ મૂકે તો સમાગમ થાય

કથામૃતનો લાભ આપતાં સ્વામીશ્રીએ કહ્યું : 'ચાર ઘાંટી છે. (૧) પુરુષોત્તમ ઓળખવા, (૨) સાધુ ઓળખવા, (૩) દેહ અને આત્મા નોખાં સમજવા અને (૪) ઉત્તમ વિષયમાંથી રાગ ટાળવો. તેમાં ઉત્તમ વિષયના સંકલ્પ તો થઈ જ જાય. રાગ ટાળવા બહુ કઠણ છે. જુઓને, આંબલી સારુ

ઉમરેઠવાળા ગંગાધરે સમાગમ છોડ્યો. પંચ વિષયમાં રાગ હોય તો સમાગમમાં આડે આવે. સમાગમથી કેટલાય જન્મની કસર ટળી જાય, પણ સ્વભાવ નડે છે. 'હું ૧૧-૦૦ વાગે જમવાવાળો, બધું સારું સારું જોઈએ;' તો સમાગમ ખોઈએ. રાગ લઈને ફરીએ તો સમાગમ થાય જ નહિ. એ બધું છોડી દેવું જ જોઈએ.

'બોટાદના શિવલાલ શેઠે બધું છોડ્યું. કેવા રજોગુણી હતા ! પણ સમાગમથી પલટાઈ ગયા. પછી બહુ સુખ આવ્યું. સમાગમમાં શીખ્યા હોઈએ, તે વર્તનમાં મૂકવું જોઈએ. એમ સ્વભાવ ટાળીએ તો સુખિયા થઈએ. ખોટી ટેવો માનની, ક્રોધની, ઈર્ષાની, ઊંઘની હોય તે ટાળવી. કોઈપણ સ્વભાવ હોય તે સમાગમમાં નડે છે.

'લવો ને બાદશાહ બે બેઠા હતા. બાદશાહના સંગે બિલાડી કુરાન વંચાય ત્યારે દીવો ઝાલી રાખે. એક દી' બાદશાહ કહે : 'લવા, સ્વભાવ બડા કે સંગ બડા ?' લવો હોશિયાર. તે કહે : 'પછી કહીશ.' સાહેબ કહે : 'સંગ બડા, કેમ કે મારા સંગે બિલાડી દીવો ધરી રહી છે.' લવો કહે : 'હવે પરીક્ષા દેવી પડશે. બાપુ આપણને છોડશે નહીં.' પછી કુલડામાં સાત-આઠ ઉંદરડી પકડીને લઈ આવ્યો.

'લવા !' બાદશાહે થડકારો કર્યો.

'જી સાહેબ !'

'જો બિલાડીને કેવો સંગ લાગ્યો ! તે દીવો ધરે છે.'

'એટલામાં લવાએ કુલડાનું લૂગડું છોડી નાખ્યું. ને તરત સભામાં ઉંદરડીઓ વહેતી થઈ ગઈ. બિલાડી ઉંદરડીને જોઈ એકદમ પકડવા દોડી ને દીવો કુરાન પર પડતો મેલ્યો. લવો કહે : 'જુઓ સાહેબ, ટાણે જે જીવમાં હતું તે ઝળકવા લાગ્યું.'

'એમ મોટાના સમાગમમાં રહે, પણ વિષય એવા છે કે લાગ આવે તો ઝાલ્યું ન રહેવાય. માટે કાઢવા. આવો અમૂલ્ય સમાગમ પણ સ્વભાવને લઈને ખોઈ નાખીએ. સમાગમ વખતે બીજા બધા વિચાર છોડી દેવા. ઘરબારના કાંઈ સંકલ્પ જ નહિ.

'સ્વભાવ મૂકે તો રાજીપો થાય. દૃષ્ટિ પડી જાય. આપણે સારા કુળના. 'આપણા ગુરુ કેવા !' એવા વિચાર આવે તોપણ સ્વભાવ છૂટે. સમાગમથી સુધરાય. માનભા, જોબન પગી, તખો પગી વગેરે સુધરી ગયા. ગુરુના પ્રતાપનો વિચાર કર્યો તો સુધર્યો. ખટકો રાખવો, તો મોટા રાજી થાય અને દૃષ્ટિ પડી જાય.'

બપોરે આરામ પછી સ્વામીશ્રી સંતો-હરિભક્તો સાથે નદીએ સ્નાન કરવા પધાર્યા. નદી કાંઠે સ્વામીશ્રી સાથે સ્નાનનો લાભ અલૌકિક મળતો.

સ્વામીશ્રી ઘણુંખરું નદી કાંઠે જ સ્નાન કરતા. પહેલાં ઠાકોરજીને ખૂબ ભાવથી સ્નાન કરાવે. પછી જ પોતે કાંઠા ઉપર નદીમાં ઘૂંટણ જેટલાં પાણીમાં ઊભા રહી લોટાથી સ્નાન કરી લે. જો કે ભક્તો બધા વીંટળાઈ વળે ને ખોબે ખોબે જળ રેડી સ્નાન કરાવવાનો, શરીર ચોળવાનો લાભ ચૂકે નહિ; પણ પાણીમાં બહુ રહેવું સ્વામીશ્રીને ગમતું નહીં. ખાસ તો એ નિમિત્તે ઠાકોરજીને ઠંડા જળમાં સ્નાન કરાવવાનો લાભ મળે અને ભક્તોને સ્મૃતિ રહે, એવા હેતુથી જ સ્વામીશ્રી સ્નાનોત્સવો યોજતા.

નારણ ઘાટની આજુબાજુ નદી કિનારે ત્યારે સારું એવું જંગલ હતું. સ્વામીશ્રી બહુધા અહીં જ શૌચવિધિ કરી સ્નાન કરતા. શૌચવિધિ કરી, સેવકનો હાથ પકડી, નદી કિનારે સ્નાન કરવા ચાલ્યા આવતા સ્વામીશ્રી, સાચે જ દર્શનીય હતા. સૌ ભક્તો નાહવાની તૈયારીઓ કરતા હોય, કોઈ નાહી રહ્યું હોય, કોઈ જળમાં રમત રમતું હોય, આ બધું નિહાળતાં સ્વામીશ્રી ચાલ્યા આવતા. કોઈના આનંદમાં વિક્ષેપ ન પડે એમ, પોતાના અસ્તિત્વનો દિવ્ય આનંદ, દૃષ્ટિ દ્વારા, હાથના લટકાં દ્વારા યા બીજી રીતે સૌને આપી દેતા.

આજે નદીના તટમાં સ્વામીશ્રી બોલ્યા : 'ભગવાન ને ભગવાનના ભક્ત – આ બે જ મુખ્ય છે. સુહૃદભાવ રાખવો. ભીડો વેઠવો. સંત-સમાગમ કરવો. તો શાંતિ શાંતિ પ્રવર્તશે. અક્ષરધામનું સુખ દેહ છતાં અનુભવાશે. બોલો સત્સંગ મંડળની જય !' એમ 'જય' બોલાવી સૌને ઉત્સાહનાં પૂરમાં મૂકી દીધા.

બારસનો આ સમૈયો દિવ્યાનંદમાં ઊજવાઈ ગયો.

હાં હાં ગડથલ !

તા. ૨૯-૬-'૫૮ના રવિસભામાં વાત કરતાં સ્વામીશ્રીએ કહ્યું :

'એક જંગલમાં એક હાથી ને સસલાને ભાઈબંધી થઈ. સસલો રોજ હાથી પર ચઢે, ગુલાંટ ખાય, આનંદ કરે. એક વાર સસલો હાથીને કહે : 'હાથીભાઈ, આજે મારે ઘેર તમારી પધરામણી કરાવવી છે.' 'હાથી હસીને કહે : 'તું શું પધરામણી કરાવવાનો છે ?' 'સસલો કહે : 'સરભરા કરશું. માટે ચાલો.'

'પછી હાથી તો ડોલતો ડોલતો પહોંચ્યો. સસલો તેના દર આગળ ઊભો હતો. ને હાથીને આવતો જોઈ ગુલાંટો ખાવા માંડી ને આનંદમાં આવી ગયો. હાથી કહે : 'એલા, આ શું કરે છે ?' 'સસલો કહે : 'હાં હાં ગડથલ ! ક્યાં તમારું ઘર ને ક્યાં મારું ! માટે હાં હાં ગડથલ કરું છું.' હાથી રાજી થઈ ગયો.

ને તેને પીઠ ઉપર બેસાડી જંગલમાં ફરવા લઈ ગયો.

'એમ ભગવાન ને સંતની આપણે શું સેવા કરવી ? પૈસા ધરીએ કે દેહથી સેવા કરીએ, એ બધું 'હાં હાં ગડથલ' જેવું છે. તેઓ કેવળ કૃપાથી એટલું પણ ગ્રહણ કરે છે. આવકનો દશમો-વીસમો ભાગ કાઢવો, એટલે 'હાં હાં ગડથલ' જેવું થયું.

'અમાયિક અને દિવ્ય એવા સંત મળ્યા છે, અને આપણે માયિક અને સસલા જેવા તુચ્છ છીએ; પરંતુ એવા મોટા સંતને રાજી કરવાની ઇચ્છા છે. પણ આપણી પાસે એવું શું સાધન છે, જે તેમને રાજી કરી શકીએ ? પણ સસલાની જેમ 'હાં હાં ગડથલ' કરીએ એટલે એ રાજી થઈ જાય.

'આ અમારી આજ્ઞાથી રવિવારની સભા ભરી, તે 'હાં હાં ગડથલ' થયું. તે રાજીપો થઈ ગયો. તેમાં ફક્ત તમે દોઢ કલાકનો ભોગ આપ્યો. બીજો કશો ભીડો વેઠવો પડતો નથી. અને તેમાં સંતનો રાજીપો મળી જાય છે. એમ સત્પુરુષના વચને કરીને અલ્પ વર્તવાથી રાજીપો થઈ જાય. માટે આટલો દાખડો તો કરવો જ. રવિવારની સભા અચૂક ભરવી જ. કાલા-ઘેલા જેવા આવડે તેવા ગુણ ગાવા; એ જ 'હાં હાં ગડથલ'. આજ્ઞા પાળવામાં અત્યારે મોટાપુરુષનો અત્યંત રાજીપો. સત્પુરુષની આજ્ઞાએ દોઢ કલાક સભામાં આવ્યા, તે જગત મિથ્યા થઈ ગયું એમ માનવું.'

અમદાવાદથી ટ્રેનમાં આણંદ, પેટલાદ થઈ સ્વામીશ્રી બોચાસણ પધાર્યા.

વરસાદ હતો છતાં ગામોગામથી હરિભક્તો ગુરુપૂર્ણિમા નિમિત્તે આવ્યા હતા. પ્રમુખસ્વામી તથા મોટાસ્વામી અટલાદરાથી આવ્યા હતા. કથાવાર્તા ઉપરાંત આ વખતે યુવક મંડળે ભજન-કીર્તનની ખૂબ રમઝટ બોલાવી. તા. ૧-૭-'૫૮ના ગુરુપૂનમને દિવસે પ્રાસંગિક પ્રવચનો પછી ગુરુપૂજન લગભગ ત્રણ કલાક ચાલ્યું.

અહીં ત્રણ દિવસ દરમ્યાન સ્વામીશ્રી સવાર-સાંજ મોટા અક્ષર સ્વામીને મળવા જતા. જૂના સભામંડપના પાછળના સંતોના ઉતારાના મંડપમાં તેઓ હંમેશાં બેસતા. અને સ્વામીશ્રીનાં દર્શનની ઝંખના કરતા. તે સ્વામીશ્રી સામે ચાલીને પૂરી કરતા. શાસ્ત્રીજી મહારાજના સંબંધવાળા, વળી વયોવૃદ્ધ તથા જ્ઞાનવૃદ્ધ. આમ, અનેક રીતે એમનો મહિમા સ્વામીશ્રી ગાતા.

ખાનદેશી મોટા પુરુષોત્તમ સ્વામીની દેરીએ પણ જવાનો ખાસ નિયમ. ત્યાં દંડવત્-પ્રદક્ષિણા કરે. આમ, કથાવાર્તા તથા વર્તનમાં મહિમાસભર

સ્વામીશ્રી અખંડ મહિમા-દૃષ્ટિ રેલાવતા રહેતા.

સર્વજીવહિતાવહ

બપોરે ટ્રેનમાં વાસદ થઈ સ્વામીશ્રી અમદાવાદ આવી પહોંચ્યા. અહીં પણ આ વખતે મોટા મંદિરે મૂર્તિઓનાં તથા સર્વ પ્રસાદીનાં સ્થાનનાં દર્શન કરી, સ્વામીશ્રી મહારાજની અનન્ય નિષ્ઠાવાળા ભક્તરાજ દામોદરભાઈના પ્રસાદીના ઘરનાં દર્શને ગયા. આખું ઘર મહારાજની પ્રસાદીનું પૂર્વવત્ સ્થિતિમાં જ છે. ઉપરાંત શ્રીજીની પ્રસાદીની બીજી કેટલીક અમૂલ્ય ચીજો છે. જેને સ્વામીશ્રીએ હૃદયસરસી ચાંપીને દર્શન કર્યાં અને આરતી ઉતારી. પછી તુરત ઠાકોરજી જમાડીને રાજકોટ જવા ટ્રેનમાં નીકળ્યા. સુરેન્દ્રનગર, વાંકાનેર વગેરે સ્ટેશનોએ ટ્રેનમાં હરિભક્તોએ ગુરુપૂજનનો લાભ લીધો.

સુરેન્દ્રનગરથી રાજકોટ જતાં રસ્તામાં ચમારજ સ્ટેશન આવે છે. આજથી લગભગ દોઢ માસ ઉપર આ સ્થળે 'કીર્તિ એક્સપ્રેસ'નો ભયંકર અકસ્માત થયો હતો. જે હોનારતમાં સેંકડો માણસો માર્યાં ગયાં હતાં. તે વાત જાણી સ્વામીશ્રી અચાનક ડબ્બામાં ઊભા થયા અને તે સ્થળે પ્રસાદીનું જળ છાંટવાની ઇચ્છા દર્શાવી. હું પાણી આપતો ગયો અને ચાલુ ટ્રેને સ્વામીશ્રી હોનારતની જગ્યાના લગભગ એક માઈલના વિસ્તારમાં સ્વહસ્તે જળ છાંટતા ગયા અને શુભ સંકલ્પ કર્યો : 'જે જે અવગતિને પામ્યાં છે, તે બધાંની સદ્ગતિ થાઓ. સત્સંગમાં જન્મ થાઓ. અને ધામમાં જાઓ.'

રાજકોટમાં અદાની દેરીએ ગુરુપૂર્ણિમા પ્રતીક ઉત્સવ ઊજવ્યો. વરસાદ ઘણો હતો. દેરીએ સંકડાશ ખરી, પણ સ્વામીશ્રીનો ઉત્સાહ જબરો. રોજ સવારે સ્વામીશ્રી અદાની દેરીએ તથા મંદિરે દર્શને જતા. કડિયા શેરીના મંદિરમાં સવાર-સાંજ સભા થતી. રાજકોટ મંડળ ધૂનમાં પાવરધું. રાત્રે ધૂન થતી. પધરામણીઓ પણ વરસતા વરસાદમાં જ થતી. ચુનીભાઈ સાઇકલ ઉપર પલળતાં પલળતાં પણ સ્વામીશ્રીની ઘોડાગાડીની આગળ રહેતા અને અતિ ઉતાવળે પધરામણીની વ્યવસ્થા કરતા.

ભગવાન ફોસલાય એવા નથી

તા. ૫-૭-'૫૮, અહીં કથા પ્રસંગમાં સ્વામીશ્રીને ચુનીભાઈએ પ્રશ્ન પૂછ્યો : 'કોઈ જીવ ખોટું કરતા હોય, એનું ભગવાન કેમ હાલવા દે ?'

સ્વામીશ્રી : 'ઈ તો તમે ઓલી વાત સાંભળી છે ? મહારાજે બ્રહ્માનંદ સ્વામીને અંતર્યામીપણું આપ્યું અને ગાદીએ બેસાર્યા. તેમણે બધાને જમવાનું આપ્યું પણ એક પાપીને ન આપ્યું. મહારાજે કહ્યું : 'ખાવા તો બધાને આપવું પડે.' ઐશ્વર્ય પાછું લઈ લીધું. ભગવાનનું મોટું પેટ; તે બધાને નભાવે. ને ટાણું આવે તો બંદૂક ફોડી લે. ભગવાન ફોસલાય એવા નથી. સિદ્ધાંતમાં ફરે નહિ. ઈચ્છા પ્રમાણે જીવને હાલવા દે, પણ પોતે ધાર્યું હોય તેમ જ થવા દે.'

રાત્રે ઉકાળો પીતી વખતે સ્વામીશ્રીએ એક યુવકને બોલાવ્યા. તેમને સુસ્તી જેવું હતું. 'શું જણાય છે ?' સ્વામીશ્રીએ પૂછ્યું.

તે કહે : 'સ્વામી ! માથું દુ:ખે છે.'

સ્વામીશ્રી કહે : 'એવાં માથાં તો અમારે રોજ દુ:ખે છે. માટે દેહની બહુ ખબર ન રાખવી. દેહની ખબર રાખવા જઈએ તો મરી જઈએ.'

અહીં સભામાં એક વખત નથુભાઈ ટાંકે કહ્યું હતું કે 'અમે ગોંડલ જઈએ ત્યારે ઘણી વાર અડધી રાત્રે છોકરાં ઊઠે, ને ભૂખ્યાં થાય એટલે રોવે. ત્યારે રાત્રે ૨-૦૦ વાગે ઊઠીને યોગીજી મહારાજ અમને કોઠારમાંથી દૂધ આપતા. આવું સ્વામીશ્રીનું સેવાનું અંગ હતું. રાત્રે પણ મુખારવિંદ ઉપર એ જ આનંદ ! મહિમા !'

રાતની સભામાં સ્વામીશ્રીએ વાત કરી : 'સુરતમાં વિજ્ઞાન સ્વામી બે મહિના રહ્યા હતા. ત્યાં બધા સભામાં આવે. 'જેસ્' કહેવાનો રિવાજ. ઉતાવળે બોલે. વિજ્ઞાન સ્વામી કહે : 'અમે જૂનાગઢમાં રહેતા ત્યાં નવાબને સલામાલેકુમ કહેતા. તો આ 'જેસ્' શું છે ? પૂરું કેમ નથી બોલતા ?' એમ પૂછ્યું. પછી બધા સમજી ગયા. આવી રીતે જો ટોકનાર હોય તો જીવ સમજી જાય.'

'આપણા સંપ્રદાયમાં 'જે નારાયણ' બધા કહે છે. સ્વામી કહેતા : 'ભેંસ કહે તો કાંઈ થડકો ન લાગે, ઉપરથી શબ્દ આવ્યો; પણ ડોબું કહે તો છાતીએ ધક્કો લાગે.' એમ સ્વામિનારાયણ શબ્દથી છાતીએ ધક્કો લાગે છે. સ્વામિનારાયણ શબ્દ મહાન છે ને એનો અર્થ 'સ્વામી સ્વરૂપ થઈ નારાયણ ભજવા' – એવો શાસ્ત્રીજી મહારાજે ઉત્તર કરેલો.'

ધીરજાખ્યાનનો સાર

એક હરિભક્તે પ્રશ્ન કર્યો : 'કસોટીમાં પાસ કેમ થવાય ?'

સ્વામીશ્રી કહે : 'ભીડો વેઠવો પડે. ટોકણી ખમવી પડે. કહે એમ કરવું

પડે. જંતરડામાંથી પસાર થવું પડે. ત્યારે પાસ થવાય. પાસ થાવા તો દુકાન ખુલ્લી જ રાખી છે.

'કોઈ આપણું બગાડે તોય આપણે એનું ન બગાડવું. પોતાના સ્વાર્થ સારુ બીજાનું ન બગાડવું. શાસ્ત્રીજી મહારાજને વડોદરામાં હેરાન કર્યા ને બંગલા પર પથરા નાખ્યા. પછી સિપાઈ આવ્યા ને કહે : 'હેરાન કરનારનાં નામ દ્યો. ફોજદારી કરીએ.' સ્વામી કહે : 'આપણે કાંઈ ન કરવું. આપણે ખમી ખાવું. ધોબીએ ધોબી ન થાવું.'

'સહન કરવું. કોઈ આપણું બગાડે તો આપણે સામું બગાડવું નહિ.'

આ એક લીટીમાં સ્વામીશ્રીએ ધીરજાખ્યાનનો સાર આપી દીધો.

સ્વામીશ્રી કહે : 'બ્રહ્માએ ૫૦ વર્ષ તપ કર્યું, ત્યારે પુરુષોત્તમ નારાયણ આ પૃથ્વી ઉપર પધાર્યા. એ તો મહારાજને આવવું હતું તે આવ્યા. નહિ તો બ્રહ્મા એવા અનંત કોટિ વર્ષ તપ કરે તોપણ આ મૂર્તિ આવે તેમ નથી.'

સ્વામીશ્રીએ શાસ્ત્રથી વિશિષ્ટ ખુલાસો કર્યો. સાથે મહારાજને માટે 'આ મૂર્તિ' એવો શબ્દ-પ્રયોગ કરી, મહારાજ સાથે પોતાની એકતા પણ દર્શાવી દીધી.

હુકમ કરવાની ટેવ જ નહિ

તા. ૮-૭-'૫૮, સ્વામીશ્રી અક્ષર દેરીમાંથી નીકળી, ઑફિસ પાસેના પગથિયેથી રસોડા તરફ જઈ રહ્યા હતા. કોઈ સેવક સાથે નહોતું. કોઈએ હાથનો ટેકો આપ્યો નહોતો. એટલે પગથિયાં ઊતરતાં ચૂકી જવાથી પગ મરડાઈ ગયો.

રાત્રે સ્વામીશ્રી પગે શેક કરતા હતા. ત્યારે દાજી બાપુ જોવા આવ્યા અને કહેવા લાગ્યા : 'બાપા ! તમારે સભામાં બેસી રહેવું ને કામ હોય તો કોઈને હુકમ કરવો.'

સ્વામીશ્રી કહે : 'હુકમ કરવાનું મારું અંગ ઓછું. જાતે કામ કરવાનું અંગ. હુકમ કરવાની તો મારે ટેવ જ નહિ.'

આજ દિવસ સુધી સ્વામીશ્રી ખાસ કોઈનો ટેકો લેતા નહિ. પછી જેમ જેમ યુવકો સાથે ફરવા લાગ્યા, તેમ તેમ યુવકો સાથે હેત કરતા અને સ્વામીશ્રી તેમના હાથનો ટેકો લઈને ચાલતા.

કૃપા માટે એક જ ઉપાય

તા. ૧૦-૭-'૫૮, અક્ષર દેરીમાં સવારે અમૃત વાણી રેલાવતાં કહ્યું :

'એકાંતિક ધર્મ સિદ્ધ કરવામાં ત્રણ વાનાં નડે છે. એક તો મન. મન ના પાડે છે અને જીવ હા પાડે છે. તેમાં જે બળવાન હોય એ જીતી જાય. બીજાં – સગાંવહાલાં. ત્રીજા દોષ – હઠ, માન ને ઈર્ષા.

'દોષ કેમ ટળે ? ગ.મ. ૭મું વચનામૃત. અતિશય સેવા કરે તો કૃપા થાય. કૃપા થવા માટે આ એક જ ઉપાય છે.

'જુવાન અવસ્થા નડે છે. બરોબરિયાની સોબત ન રાખવી. વૃદ્ધ હોય પણ ઠઠ્ઠા-મશ્કરી કરતો હોય, તો તેની સોબત ન કરવી. નાનો હોય પણ સ્થિતિવાળો હોય, તો તેની સોબત રાખવી. શાંત સ્વભાવ રાખવો.

'ભીડો વેઠાય ત્યારે સમાગમ કર્યો કહેવાય. આળસ અને અજ્ઞાન ન રાખવાં. આળસ શું ? થાય છે, કરાય છે. અને અજ્ઞાન શું ? સત્પુરુષ જે વાત કરે એ સમજાય નહિ.

'ભીડો વેઠે. સંત આવે કે હરિભક્ત આવે, બધાનો સરખો ભીડો વેઠે. સંતને જમાડે અને હરિભક્તને ન જમાડે એમ નહિ. પોતાની રસોઈ આપી દે. પોતે ફરી વાર કરીને જમે. સંતમાં નિર્દોષબુદ્ધિ રાખે - 'ગુણાતીત છે, બ્રહ્મરૂપ છે, મહારાજ અખંડ રહ્યા છે,' પણ મનુષ્યભાવ ન આવવા દે. પોતામાં મનુષ્યભાવ લાવે કે 'હું દોષોથી ભરપૂર છું,' એમ. એવી રીતે હરિભક્તોમાં પણ નિર્દોષબુદ્ધિ રાખે.'

આજે બપોરે રાજકોટથી નીકળી, ટ્રેનમાં રાત્રે ૧૨-૦૦ વાગે નડિયાદ આવ્યા. ધીરુભાઈ સોલંકીને ત્યાં સ્ટેશનમાં જ ક્વાર્ટર્સમાં રાત રોકાઈ, સવારે છોટાભાઈ આફ્રિકાવાળા અડધિયું લઈને આવ્યા હતા તેમાં બેસીને, પલાણા થઈ વસો પધાર્યા.

મંદિરમાં સારી સભા થઈ. ગામના સૌ પ્રતિષ્ઠિત ભક્તો સ્વામીશ્રીનાં દર્શને ખાસ આવ્યા હતા. 'મોટાની દૃષ્ટિ મોટી' એ સાર ઉપર સ્વામીશ્રીએ વાતો કરી. મગનભાઈનું જન્મ સ્થાન વર્ણવી, સ્થાનનો મહિમા કહ્યો. મહારાજે માણકી ઘોડી બાંધેલી, જે બારીએ મહારાજ બેઠેલા, દાદાભાઈ દવે તથા જમનાબાઈનાં ઘર વગેરે દરેક પ્રસાદી સ્થાને સ્વામીશ્રી, ચાલવાની તકલીફ છતાં દર્શને ગયા.

નડિયાદ થઈ ચકલાશી પધાર્યા. અહીં સ્વામીશ્રીએ આજ્ઞા કરી : 'કોઈ યુવકે સૂવા માટે ગાદલું-ગોદડું ન લેવું.' નિશાળમાં ઉતારો હતો. તેથી સૌને કહ્યું : 'બાંકડા ઉપર સૂઈ રહેશો.'

મોડી રાત્રે સૌ સૂવા માટે ગયા. સ્થાનિક હરિભક્તોએ ગાદલાં-ગોદડાંની સારી સગવડ કરી હતી. સૌ થાક્યા હતા. સામે જ ગાદલાં-ગોદડાંનો ઢગલો પડ્યો

હતો, પણ એક પછી એક - એમ બધાએ નક્કી કરી લીધું કે 'આપણે સ્વામીશ્રીને રાજી કરવા આજ્ઞાનું પાલન કરવું જ છે.' સૌ બાંકડા ઉપર સૂઈ ગયા.

સવારે મંગલ પ્રવચનમાં સ્વામીશ્રીએ યુવકોને પૂછ્યું : 'ક્યાં સૂતા હતા ?' સૌએ રાત્રિની વાત કરી. તેથી સ્વામીશ્રી રાજી થયા. અને બોલ્યા : 'જો આજ્ઞાનું પાલન કર્યું તો સારી ઊંઘ આવી ગઈ અને અક્ષરધામનું સુખ આવ્યું. આમ સત્પુરુષની આજ્ઞા પાળવાથી, ભીડો વેઠવાના ગુણ આવી જાય છે. પછી તે બધે સારધાર પાર પડી જાય છે અને આત્મનિષ્ઠા દૃઢ થઈ જાય છે.'

નિર્દોષબુદ્ધિનું તીર્થસ્થાન

તા. ૧૩-૭-'૫૮, રાત્રે મહેળાવ આવ્યા. મોટરમાંથી ઊતરીને સીધા જ જન્મ સ્થાને પધાર્યા. ત્યાં આરતી-ધૂન કરી, પાંચ વાર શાસ્ત્રીજી મહારાજની જય બોલાવી. અંબાલાલભાઈને બંગલે ઊતર્યા હતા.

ભીખાભાઈના ઘરે ઠાકોરજીને જમાડી, નિર્ગુણદાસ સ્વામીના પ્રસાદી સ્થાને પણ દર્શને ગયા.

બીજે દિવસે સવારે સ્વામીશ્રી કહે :

'આ સાક્ષાત્ સ્વામીનું સ્થાન છે. નિર્દોષબુદ્ધિનું તીર્થસ્થાન છે. એટલે જેવા ધામમાં છે એવા અહીં પ્રગટ થયા. અહીં કોટિ કોટિ તીર્થ શાસ્ત્રીજી મહારાજના તીર્થમાં માથાં ઘસે છે અને કહે છે કે 'હે શાસ્ત્રીજી મહારાજ ! અમને તમારા જેવા ગુણ આવે એવા આશીર્વાદ આપો.'

'અહીં આપણે શુભ સંકલ્પ કરવા : 'આળસ-પ્રમાદ કાઢવા છે, મધ્યનું ૭મું વચનામૃત સિદ્ધ કરવું છે, અતિશય સેવા કરવી છે. અખંડ નિર્દોષબુદ્ધિ રહે, કોઈનો અભાવ-અવગુણ ન આવે.'

'આપણે એવો સંકલ્પ કરવો કે 'સાધુ થયા પછી ગમે એટલો ભીડો આવે, પણ આપણે પાછા ન પડીએ.' જો કે એવું કોઈ કરવાનું નથી. આપણે એવો સંકલ્પ કરવો કે 'આજથી આત્મારૂપે વર્તવું છે.' અમે તમારા શિષ્ય છીએ. ભગવાન ભજવા આવ્યા છીએ. ભગવાન ભજવા સંસાર છોડ્યો છે. તો રક્ષા કરજો.'

પછી ૧૧-૪૦ વાગે સ્વામીશ્રીએ ફરી વાતો ઉપાડી : 'આ સાધુની ઓળખાણ થઈ ગઈ. ઓળખાણ એટલે ખાણ ભરી. એટલે કે દાણા ભર્યા હોય તો દુકાળમાં લહેરથી ખવાય. તેમ મોક્ષની ખાણ ભરી હોય, તો અંત સમે મહારાજ ને સ્વામી તેડવા આવે એ ઓળખાણ.'

આપણે ક્યાં નેતા છીએ ?

સંધ્યા વખતે સ્વામીશ્રી બાંકડા ઉપર બેઠા હતા. સ્વામીશ્રીના હાથે ગૂમડું થયું હતું. બે-ત્રણ યુવકો ડ્રેસિંગ કરતા હતા. સ્વામીશ્રી કહે : 'ત્રણ ડૉક્ટરો કામ કરે છે અને બે જણા પંખો નાખે છે.'

મધુ કહે : 'રાજાધિરાજ છે.'

સ્વામીશ્રી તુરત જ બોલ્યા : 'આપણે કાંઈ નથી. મહારાજ ને સ્વામીને લઈને બધું છે.'

'મિનિસ્ટરને કાંઈક થાય તો ડૉક્ટર ફૉરેનથી આવે.' મેં કહ્યું.

'આપણે ક્યાં એવા નેતા છીએ ! આપણે તો વાસણ ઊટકવાવાળા છીએ. આપણી મોટપ તો નીચા પ્રકારની સેવામાં છે.' સ્વામીશ્રીએ કહ્યું.

પટ્ટી ઉખાડતાં ચોંટેલા વાળ કાતરથી કાપતા હતા. તે જોઈ મધુ કહે : 'બહુ બ્રહ્માંડ કાઢી નાખ્યાં.'

'બહુ મહિમા,' એમ કહેતાં સ્વામીશ્રી સંમતિ-સૂચક હસવા લાગ્યા. આવી હળવી ને નિર્દોષ રમૂજી પળો ઊભી કરવામાં સ્વામીશ્રી નિપુણ હતા.

હલકું લોહી હવાલદારનું

રાત્રે સ્વામીશ્રી પગને શેક કરાવતા હતા. યુવકોએ પૂછ્યું : 'હજુ દુખાવો છે ?'

સ્વામીશ્રી કહે : 'પધરામણીમાં, ફરવામાં ઠેસ લાગી જાય છે; એટલે પાછો દુખાવો શરૂ થાય છે. હલકું લોહી હવાલદારનું...' એમ મર્મમાં બોલ્યા. અર્થાત્ આપણે સહન કરીએ એટલે રોગ પણ ઘર ભાળી ગયા છે.

આવું દરેક બાબતમાં બનતું. જે સ્વામીશ્રીએ દુખાવા નિમિત્તે કહી નાખ્યું. વ્યવહારમાં પણ સ્વામીશ્રીનો સહન કરવાનો સ્વભાવ, એટલે ઘણી વાર કેટલાક સંતો તથા હરિભક્તો સ્વામીશ્રીને સંભળાવી દેતા. આમન્યા ઓછી રાખતા. પણ સ્વામીશ્રીને એનો હરખ-શોક નહોતો. કારણ, કંઈપણ સહન કરવાની એમણે સ્વાભાવિક પ્રકૃતિ ધારી હતી. નહિ તો સહેજ ફૂંફાડો રાખે, તો કોઈ કાંઈ બોલી ન શકે. કારણ, હવે તો હજારો આબાલવૃદ્ધ ભક્તોના પૂજનીય અને નિયંતા હતા. જો કે સૌનું સહન કરી, રાજી કરી, સૌનું શ્રેય કરવું, એમાં જ એમણે નિયંતાપણું માન્યું હતું. દાસત્વમાં જ એમને આનંદ આવતો હતો. ખરેખર,

દેહાતીત, ગુણાતીત સંતમાં જ આ સંભવી શકે.

મહેળાવમાં ત્રણ દિવસ રહ્યા, પણ સવાર-સાંજ દુખતા પગે પણ જન્મ સ્થાને દર્શને જતા અને આરતી કરી, અડધો કલાક ધૂન કરતા.

તા. ૧૬-૭-'૫૮, વહેલી સવારે નીકળવાનું હતું. જવાની ધમાલ હતી, પણ સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજના જન્મ સ્થાને જવાનું કેમ ભૂલે ? છેલ્લાં દર્શન કરી, ગાડામાં બેઠા. પાડગોલ પધાર્યા. એડનવાળા તુળશીભાઈ તથા તેમના દીકરા રાવજીભાઈને લાભ આપ્યો. પધરામણીઓ થઈ. એડનવાળા ચુનીભાઈના આગ્રહથી સ્વામીશ્રી પોરડા પધાર્યા. તેમના ભાઈ મગનભાઈને એડનમાં સ્વામીશ્રીએ દર્શન દઈ નિશ્ચય કરાવ્યો, તે વાત ચુનીભાઈએ સભામાં કરી. પછી મોતીભાઈના પિતાશ્રીની તબિયત જોવા પધાર્યા. પાડગોલમાં રાત્રે જાહેર સત્સંગ સભા સારી થઈ. યુવક મંડળની સ્થાપના કરી.

રાત્રે ઉકાળા-પાણી કરતા હતા. વિનુ ભગત અને બે-ત્રણ યુવકો સામે બેઠા હતા. સ્વામીશ્રીએ જાતે બધા યુવકોને નાસ્તો પીરસ્યો. વિનુ ભગતને ધારણાં-પારણાં હતાં. નાસ્તો લેવાની ઇચ્છા નહોતી. સ્વામીશ્રીએ વિનુ ભગતને નાસ્તો આપતાં કહ્યું : 'હું આપું ત્યારે લેવાય. પછી અમદાવાદ છે જ ને ! સવારે મગ ને છાશ ખાઈ લેવાં અને બે વાગે પાકું જમી લેવું. થયું.'

હું સ્વામીશ્રીને બગલમાં હાથ આપી ઊભા કરવા જતો હતો, ત્યારે કહે : 'દર્શન કરવા દ્યો. જમતા જોયા છે, ના'તા જોયા છે, ખાતા જોયા છે... સૌને એકાંતિક કરવા છે...' વાત્સલ્યના કોઈ પ્રચંડ પ્રવાહ સાથે, સ્વામીશ્રી સૌ યુવકો તરફ જોઈ રહ્યા હતા અને હેતના ઉદ્‌ગારો કાઢતા હતા.

એટલે મધુએ સામે કહ્યું : 'જીવન બેઠા જોયા છે, પાટાપીંડી કરતા જોયા છે.'

'એવું કાયમ રહેવું જોઈએ...' સ્વામીશ્રીએ તરત નિર્દેશ કર્યો.

એક યુવકે કહ્યું : 'અમે આજ્ઞા નથી પાળતા એટલે અમારાં પાપે આમ થયું.'

'એમ ન કહેવાય. કોઈ ભગતનું લીધું છે. શૂળીનું દુઃખ કાંટે સર્યું.' સ્વામીશ્રીએ વાત ટાળી દીધી.

એ કોના હાથમાં છે ?

બીજે દિવસે સંજાયા દર્શન કરી, વડતાલ પધાર્યા. ગામમાં ઉતારો હતો. સૌ પ્રથમ, મંદિરે તથા પ્રસાદી સ્થળોએ દર્શન કર્યાં.

એવામાં નડિયાદથી ભાઈલાલભાઈ સ્વામીશ્રીને તેડવા એકદમ આવ્યા.

તેમના ભાઈ ઘનશ્યામભાઈ અત્યંત બીમાર હતા, છેલ્લી સ્થિતિ હતી. એટલે દર્શન દેવા સ્વામીશ્રી પધારે એવી તેમની ઈચ્છા હતી.

આ વખતે સ્વામીશ્રી કોઠાર ઉપર સભામંડપમાં, આચાર્ય મહારાજના આસન આગળ, જ્યાં બેસીને ગુણાતીતાનંદ સ્વામીએ શુકમુનિને ગ.મ. ૯ સમજાવ્યું હતું, તે જ જગ્યાએ બિરાજ્યા હતા. હાંફળા-ફાંફળા આવેલા ભાઈલાલભાઈની વાત સાંભળી સ્વામીશ્રી તેમને કહે : 'અમો જમીને ૪-૦૦ વાગે બપોરે આવીશું. ત્યાં સુધી મહારાજ તેમને રાખશે. માટે ફિકર કરો નહિ.'

ત્યારે તેમણે કહ્યું : 'બાપા ! એ તો છેલ્લાં ડચકાં લે છે. કદાચ ચાર વાગ્યા સુધી જીવિત ન રહે.'

ત્યારે સ્વામીશ્રી હાથમાં માળા ઊંચી કરીને કહે : 'એ કોના હાથમાં છે ? માટે ચિંતા ન કરો.'

કોઈના જીવન-મરણની વાત આટલા આત્મવિશ્વાસ સાથે કરવી, એ કોઈ માનવની મજાલ નથી. ખરેખર, સ્વામીશ્રી ગુણાતીતાનંદ સ્વામીની જગ્યાએ જ બેસીને આ શબ્દો ઉચ્ચારતા હતા; એટલે મહારાજ ગુણાતીત સંતનું કહ્યું કરે છે એ ભાવ, સ્વામીશ્રીના શબ્દોમાં ધ્વનિત થતો હતો. પોતાનું અને મહારાજનું ઐક્ય સ્વામીશ્રીએ જણાવ્યું.

અહીં નડિયાદ, ભાદરણ, પેટલાદ, આણંદ, વસો, ધર્મજ, મહેળાવ વગેરે ગામોના હરિભક્તો આવી પહોંચ્યા હતા. આટલી બધી ભક્ત મંડળી જોઈ સ્વામીશ્રી સૌ ઉપર ઘણા રાજી થયા. આશીર્વાદ આપ્યા અને હાથ ઊંચો કરી કહે : 'વડતાલને મેડે સૌનાં દર્શન થયાં.'

ભક્તોને જોઈ સ્વામીશ્રી બાળકની જેમ પુલકિત થઈ જતા. જેમ વધુ ભક્તો મળે, એમ વધુ રાજી થાય. ભક્તોની ભીડથી લેશ કંટાળો નહિ, ઊલટો આનંદ ! વળી, પ્રેમને નેમ ન હોય; તેમ ભક્તો પણ સ્વામીશ્રીની આસપાસ વીંટળાતા વધુ ભીડ કરે. પગમાં પડે, આથડે, અથડાય; પણ ભક્તોની અથડામણ સ્વામીશ્રીને સુંવાળી લાગતી. માત્ર મળ્યાનો જ આનંદ સ્વામીશ્રી માણતા નહીં, પણ આટલા બધા ભક્તો ભેગા થયા છે તો કથા-કીર્તનની મોજ ઉડાડીશું, બધાંને ખાંતે કરીને જમાડીશું-રમાડીશું, એ વાતનો પણ સ્વામીશ્રીને ભારે ઉમંગ !

ઉતારે રસોઈ તો ૪૦ થી ૫૦ માણસની કરી હતી. વરસાદ ચાલુ હતો. સૌએ સ્વામીશ્રીને વરસાદ બંધ રખાવવા વિનંતી કરી. 'કરો ધૂન,' સ્વામીશ્રીએ અમોઘ શસ્ત્ર વાપર્યું. થોડી વારમાં વરસાદ બંધ થયો. ૨૦૦ હરિભક્તોએ

પ્રસાદ લીધો.

બપોરે વડતાલના મુખ્ય કોઠારી રઘા ભગતને ત્યાં પધરામણી કરી. ગોમતીનું જળ માથે ચઢાવી, સ્વામીશ્રી નરસંડા ચતુરભાઈને ત્યાં થઈ, નડિયાદ પધાર્યા. રસ્તામાં નરસંડાના હરિભક્તોએ રોકાવા માટે સ્વામીશ્રીને પ્રાર્થના કરી. સ્વામીશ્રી કહે : 'એક ભગત બહુ બીમાર છે. માટે જલદી ગયા વિના ચાલે તેમ નથી. તો સૌ રાજી થઈને રજા આપો.'

સ્વામીશ્રી નડિયાદ પધાર્યા. પછી ઘનશ્યામભાઈના શરીરે હાથ ફેરવી કહ્યું : 'દુઃખ નહીં પડે. ચિંતા કરશો નહીં. મહારાજને પ્રાર્થના કરીશું.' એમ કહીને ધૂન કરાવી. અક્ષર દેરીનું પ્રસાદીનું જળ આપ્યું. પછી રામચંદ્રભાઈને કહે : 'તમે કાલે નહીં પણ પરમ દિવસે ગઢડા જજો.'

સ્વામીશ્રી ટ્રેનમાં અમદાવાદ પધાર્યા.

સ્વામીશ્રીએ વિદાય લીધી અને બીજે જ દિવસે ઘનશ્યામભાઈ ધામમાં ગયા. રામચંદ્રભાઈને સ્વામીશ્રીએ એટલા માટે જ એક દિવસ રોકાઈને જવા કહ્યું હતું. તેઓ ઘનશ્યામભાઈના અસ્થિ ઘેલામાં પધરાવવા સાથે લઈ ગઢડા ગયા.

તા. ૧૮-૭-'૫૮ થી તા. ૩-૮-'૫૮ સુધી ૧૫ દિવસનો જ્ઞાનયજ્ઞ અમદાવાદમાં આરંભાયો. નંદાજી પણ અચાનક જ આવી પહોંચ્યા હતા. તેમણે પ્રથમ પૂજન કર્યું. સવારે 'હરિલીલાકલ્પતરુ'ના બીજા સ્કંધની અને સાંજે આઠમા સ્કંધની પારાયણ ચીમનલાલ શાસ્ત્રી મધુર કંઠે, આકર્ષક શૈલીથી સમજાવતા. વહેલી સવારે ૫-૦૦ થી ૫-૩૦ સ્વામીશ્રી યુવકોને સંબોધતાં અને રાત્રે ૮-૩૦ થી ૯-૦૦ જાહેર સભામાં અમૃત વાણીનો લાભ આપતા. સવારે પારાયણ પછી મોટા મંદિરે તથા પ્રસાદીના દરેક સ્થાને રોજ દર્શન કરવા જવાનું જ. ક્ષણે ક્ષણે ઉત્કૃષ્ટ શ્રદ્ધાનું દર્શન સ્વામીશ્રીમાં થતું.

મારા વતી બે ડૂબકી મારજો

એકાદશી તથા પૂનમને દિવસે સંતો-હરિભક્તો સાથે સ્વામીશ્રી નારાયણ ઘાટ સ્નાનાર્થે પધાર્યા હતા. અધિક માસમાં તીર્થસ્નાનનો મહિમા સૌને સમજાવ્યો. હરિભક્તોએ પૂજન કર્યું. પારાયણ નિમિત્તે મંદિરમાં બહારગામથી ઘણા હરિભક્તો તથા યુવાનો લાભ લેવા આવેલા. રોજ વહેલી સવારે સ્વામીશ્રી સૌને નારાયણ ઘાટ સ્નાન માટે મોકલતા અને કહેતા : 'મારા વતી બે ડૂબકી મારજો.'

રોજ સવારે બે માઈલ સ્નાન માટે ચાલીને જવા-આવવાનું આકરું તો

લાગે; પણ સ્વામીશ્રીની હેતભરેલી આજ્ઞા, વળી એમના વતી બે ડૂબકી મારવાનો આગ્રહ ભક્તોને હોંશે હોંશે ઠેઠ સાબરમતીને આરે પહોંચાડતો. આ સંભારણું આજે પણ ભુલાતું નથી.

સેવાધર્મની ખટક

સત્સંગના બહોળા સમુદાયમાં ઘણી વાર કોઈ કોઈ ભક્તજનોના કામકાજ માટે તેમજ સંસ્થાનાં મંદિરોના કામકાજ અંગે, સરકારમાં પ્રધાનો અથવા અમલદારોને મળવું પડતું. આ કાર્યવાહીનો બધો ભાર સ્વામીશ્રીએ મણિભાઈ બ્રહ્મભટ્ટના શિરે સોંપેલો. તેમના મિલનસાર સ્વભાવથી સર્વ અમલદારો કાર્ય ત્વરિત કરી આપતા.

મણિભાઈને સવારે શણગારનાં દર્શન પછી સરકારી કામ અંગે જવાની આજ્ઞા હતી. સ્વામીશ્રી હંમેશાં સવારે ૮-૩૦ થી ૯-૩૦ વચનામૃતનું નિરૂપણ કરતા. મણિભાઈને થયું : 'આજે કથાવાર્તાનો લાભ લઈને જાઉં,' પરંતુ સ્વામીશ્રીની દૃષ્ટિ પડતાં પાસે બોલાવ્યા અને પૂછ્યું : 'કાં ગુરુ ! તમે ગયા નહીં ? આપણા કામ માટે નથી ગયા ?' સર્વને 'ગુરુ' તરીકે સંબોધવાની સ્વામીશ્રીની પોતાની આગવી લાક્ષણિકતા હતી.

મણિભાઈ કહે : 'બાપા ! આપ કથા કરો છો. કથામાં બહુ રસ પડે છે. સાંભળીને પછી તરત જઈશ.'

ત્યારે સ્વામીશ્રી કહે : 'ઊઠો ગુરુ ! અત્યારે જ જાઓ. સેવા એ જ આપણી કથા, સેવા એ જ જ્ઞાન, સેવા એ જ ભક્તિ; માટે અનુવૃત્તિ પાળો.'

સ્વામીશ્રીએ કરેલા સેવાના વિશિષ્ટ અર્થ સાંભળી, મણિભાઈને સ્વામીશ્રીની મંદિર તેમજ હરિભક્તો પ્રત્યે સેવાભાવના જોઈ ઘણું આશ્ચર્ય થયું.

કેવળ વાતો, ભાવના કે આદર્શને વાગોળવાથી કશું જ વળતું નથી. જીવનના આચારમાં એ મુકાય તો જ યથાર્થ અનુભવ કરી શકાય છે. 'સેવાધર્મ' શબ્દ બોલવો સહેલો, પણ વ્યવહારમાં મૂકવો ઘણો કઠણ છે. અને આ સેવા પણ ભક્તનો મહિમા સમજીને કરવી એમાં જ જીવન સાફલ્ય છે, એવો સ્વામીશ્રીના આદેશનો સૂર હતો. પોતાના સત્સંગી-હરિભક્તમાં આ આદર્શ મૂર્તિમંત બને, એવી ભાવના સ્વામીશ્રીના અંતઃકરણમાં રહેતી.

મણિભાઈ પણ એ હેતુ સમજી ગયા. શાસ્ત્રીજી મહારાજ અને સ્વામીશ્રી જીવનભર ભક્તોના સુખે સુખ અને દુઃખે દુઃખ અનુભવતા. હરિભક્તોના

જીવનમાં આવતી નાની-મોટી ઉપાધિ કેમ દૂર થાય, એ માટે પ્રયત્ન કરતા. સ્વામીશ્રીનો મહિમા વિચારતાં વિચારતાં મણિભાઈએ પ્રયાણ કર્યું.

જમ્યા પછી બપોરે ૧-૦૦ વાગે બબુભાઈ કોઠારી એક બાળકને આગળ ધરતાં સ્વામીશ્રીને કહે 'આ શાંતિભાઈનો બાબો યોગેશ ઠાકોરજીની જાળીમાંથી પેસી જાય છે. એનું માથું ભરાઈ જાય છે. તો શું કરવું ?'

સ્વામીશ્રી કહે : 'શું કરવું ? કાંઈ નહિ. ઠાકોરજીનાં દર્શન કરશે. કાંઈ ઠાકોરજી નહિ અભડાઈ જાય. નાનો બાળક ૮ વર્ષ સુધીનો હોય, ત્યાં સુધી ઠાકોરજીને બથ ભરે તોપણ ઠાકોરજી ન અભડાય. ઠાકોરજી રાજી થાય. ભલેને બથ ભરે.'

તા. ૨૧-૭-'૫૮ના રોજ સ્વામીશ્રી કથાવાર્તામાં કહે : 'અત્યારે બધાં કહે છે : 'મંદિરો ઉખાડી નાખો, હૉસ્પિટલો કરો;' પણ આ તો બ્રહ્મવિદ્યાની કૉલેજો છે. લોમશ ઋષિના આશ્રમમાં ૧૨ ગાઉ માયા ન વ્યાપે.'

બીજે દિવસે સવારે ૫-૦૦ વાગે મંગળ પ્રવચનમાં સ્વામીશ્રી કહે :

'જેમ છે તેમ ઓળખવું કઠણ. જીવ જોડીને અનુવૃત્તિમાં રહેવું વધારે કઠણ. બે આની કોઈનો પક્ષ રહી જાય.'

'બે આની પક્ષ શું ? નિશ્ચય હોય પણ ભગવાન કામ કરે નહિ એટલે બીજા પાસે જાય. નિશ્ચય તો રાખે, પણ આટલું જો મોટાપુરુષ ના કરે એટલે બીજે જાય. બીજા કાંઈ આપી દે તો એમનામાં બે આની હેત રાખે. માટે નિર્દોષ-બુદ્ધિથી અનુવૃત્તિ પાળવી, નિર્દોષબુદ્ધિથી સેવા કરવી, નિર્દોષબુદ્ધિથી સ્મૃતિ રાખવી, નિર્દોષબુદ્ધિથી ભજન કરવું.

'ભેગો રહે તો ગુણ ન આવે. પગચંપી કરે તોપણ ગુણ ન આવે. નિર્દોષ-બુદ્ધિથી સેવા કરે તો ગુણ આવે. મનુષ્યભાવ ન આવવા દેવો.

'અમે એક વાર સારંગપુરથી લીંબડી ગયા. સવારની કોર્ટ ચાલતી હતી. પછી કચેરીમાં દીવાન સાહેબે બોલાવ્યા. દીવાન સાહેબ કહે : 'પટાવાલે.' 'જી સાહેબ.' દસ ધક્કા ખવડાવ્યા, પણ તાજી ને તાજી સલામ. પગાર પાંચ રૂપિયા.

'સત્પુરુષની ભેગા રહે, કહે એમ કરે, પણ નિર્દોષબુદ્ધિ નહિ; 'આટલું ઠીક નથી કર્યું.' પછી ગુણ ક્યાંથી આવે ?

'નિર્દોષબુદ્ધિ રાખવી. નિર્દોષબુદ્ધિનું સાધન એ જ મુખ્ય છે. સાક્ષાત્કાર થઈ જાય. તેનું ફળ મળી ચૂક્યું. અક્ષરધામની પ્રાપ્તિ. છતી દેહે મુક્તિ. જ્યાં હોય ત્યાં ભગવાન અખંડ મનાય. મનુષ્યભાવ આવે તો પરોક્ષ. ભગવાન પરોક્ષ

મનાય ત્યારે ગીયા લાગે. મારું કાંઈ નથી જાણતા એ અજ્ઞાન. મુક્ત, પુરુષોત્તમ ને અક્ષર - ત્રણનું નિરૂપણ થાય એ પરાવાણી.'

ગ.પ્ર. ૫૮ ટાંકતાં કહ્યું : 'સંતનો ગુલામ થઈને રહે એટલે વેચ્યો વેચાય. શેઠને જાવું હોય ને કીચડ હોય તો સૂઈ જાય, ને પછી શેઠ એના ઉપર પગ દઈ ચાલ્યા જાય. આ સિદ્ધાંત ઉપર ચાલ્યા જઈએ તો કામ થાય, પણ વિશ્વાસ જોઈએ. વિશ્વાસ શું ? દિવસ કહો તો દિવસ. રાત કહો તો રાત.'

આખો દેશ ડોલાવવો છે

તા. ૧-૮-'૫૮, રાત્રે ૧૦-૦૦ વાગે યુવકોને સંબોધીને સ્વામીશ્રીએ ઉપદેશામૃત વહાવ્યું : 'અમદાવાદમાં ૫,૦૦૦ યુવકો કરવા છે. આખો દેશ ડોલાવવો છે. વીસ-વીસની ટુકડી ગામોગામ મોકલીએ. ભાષણો કરે, ધર્મ-નિયમ સારા પાળે, બૅન્ડ-વાજાં વગાડે. સ્વામી કહે : સો કરોડ મનવાર ભરવાની છે. મનની વાતો મનમાં રહી ગઈ. પાત્ર વગર કોને કહીએ ? ઝીલનાર પાત્ર હોય તો કહેવાય. કૉલેજો, હાઈસ્કૂલો રંગી નાખીએ. ભેખ લઈને મંડી પડીએ, તો બે વર્ષમાં ૫,૦૦૦ યુવકો થઈ જાય. મુંબઈવાળા મંડી પડ્યા છે, તો સારું દેખાય છે. બધા સેવાભાવી.

'સ્વામી-મહારાજને રાત-દી' પ્રાર્થના કર્યા કરું છું. આખો હિન્દુસ્તાન વશ કરવો છે. યુવકોનો સહકાર મળે તો કામ સિદ્ધ થાય. યુરોપ, અમેરિકા બધે સત્સંગ જાગ્રત કરવો છે. આફ્રિકામાં ૫,૦૦૦ યુવકો તૈયાર કરવા છે. આજે અધિક માસ છે. સાબરમતીને કાંઠે બેઠા છીએ. સાબરમતી વહી જાય છે. મહારાજ-સ્વામી નાહેલા છે.

'યુવકો તિલક-ચાંદલો, પૂજા કરે. માબાપની આજ્ઞા પાળે. 'કેમ દોસ્ત !' ન કરે. ૮ કલાક વાંચવું તો કોઈ દી' નાપાસ ન થવાય, એ ખાત્રી માનજો. ન વાંચીએ, તો ભગવાનનો વાંક કાઢવા જેવું નથી.

'આપણે બળ રાખવું. હું એમ ધારતો નથી કે ન થાય. ગ.મ. ૨૨ સિદ્ધ કરવું પડશે. મરણિયા થાશું તો માલ નીકળશે. આ તો 'થાય છે, કોઈ આવતું નથી,' તો કોણ આવે ? વિદ્યાનગરમાં ૫૧ યુવકો કરી નાખ્યા. ગોરધનભાઈની દોરવણી પ્રમાણે ચાલશે, તો ૫,૦૦૦ યુવકો પાંચ વર્ષમાં થશે.'

પૂર્ણાહુતિને દિવસે વરસાદ સારો પડ્યો. શાહીબાગ બંગલો હરિભક્તોથી ઊભરાતો હતો. લગભગ ૬,૦૦૦ જેટલા ભક્તોએ વરસતા વરસાદમાં જ

પ્રસાદ લીધો. સ્વામીશ્રીના સાંનિધ્યનો આનંદ જ કોઈ ઓર હતો. તેથી આવી અડચણો કોઈને જણાતી જ નહોતી. રવિસભા સારી થઈ.

તત્કાળ મળતું દ્રોહનું ફળ

અહીં એક દિવસ સ્વામીશ્રી જૂના મંદિરે દર્શને ગયા. એક હરિભક્તે સ્વામીશ્રીને કૃષ્ણસ્વરૂપાનંદ બ્રહ્મચારીનો મહિમા કહ્યો : 'બ્રહ્મચારી આસનજિત છે અને ત્રણ-ત્રણ કલાક એક આસને બેસીને ધ્યાનમાં રત રહે છે. સંતો-હરિભક્તોમાં પણ તેમનું બહુ ઉચ્ચ સ્થાન છે.'

તેથી સ્વામીશ્રી કહે : 'અહોહો ! ચાલો આપણે દર્શને જઈએ.'

સૌને સાથે લઈ, સ્વામીશ્રી તેમના મેડા પર બ્રહ્મચારીના આસને પધાર્યા અને દંડવત્ કરવા લાગ્યા. બ્રહ્મચારી ભાવહીન મુદ્રામાં બેસી રહ્યા.

પછી થોડા ટટ્ટાર થઈ પૂછ્યું : 'કોણ છે ?'

એક સેવકે કહ્યું : 'નવા મંદિરના 'જોગી' બંડિયા આવ્યા છે.'

આ સાંભળતાં જ બ્રહ્મચારીનો ક્રોધ ભભૂકી ઊઠ્યો : 'ચાલ્યા જાવ અહીંથી. કોને પૂછીને આવ્યા છો ?' એમ કહેતાં હડહડતા અપમાનજનક શબ્દોની ધારા વહાવી.

સ્વામીશ્રી જાણે કંઈ જ બન્યું નથી તેમ મેડેથી નીચે ઊતરી ગયા. મંદિરમાં બધે દર્શન કરી, ઉતારે પધાર્યા.

બીજે જ દિવસે કૃષ્ણસ્વરૂપાનંદ બ્રહ્મચારી મેડેથી નીચે ઊતરતા હતા. તે ઉપરથી પગ લપસ્યો ને દાદરેથી છેક નીચે પછડાયા. થાપામાંથી પગ ઊતરી ગયો અને હાડકું ભાંગી ગયું.

આ દુઃખ પ્રારબ્ધનું નહોતું, સંતના દ્રોહને કારણે આવ્યું હતું, એ તેમને કોણ સમજાવે ? તેમને પગ ઊતરી જતાં ખૂબ વેદના થઈ અને લાંબા સમય સુધી સારું એવું દુઃખ ભોગવવું પડ્યું.

અહીંથી સ્વામીશ્રી આણંદ જવા નીકળ્યા. સ્ટેશને ઊતરી સ્વામીશ્રી સીધા નિર્ગુણદાસ સ્વામીની દેરીએ પધાર્યા. દર્શન-પ્રદક્ષિણા કરી, મંદિરે આવી, મોહનભાઈ આફ્રિકા જતા હોવાથી મોતીકાકાએ રસોઈ આપી હતી, તે ઠાકોર જમાડી, આરામ લીધા સિવાય અટલાદરા જવા નીકળ્યા.

❀ ❀ ❀



અક્ષરે સહિત પુરુષોત્તમ

અધિક શ્રાવણ વદ ૫, વલસાડ લોકલમાં સુરત જવા નીકળ્યા. દરેક સ્ટેશને હરિભક્તો દર્શને આવી શકે એ હેતુથી, સ્વામીશ્રી લોકલ ગાડી જ પસંદ કરતા. હરિભક્તોને મળવાનું કેમ છોડાય? આજે પણ દરેક સ્ટેશને દર્શનાર્થીઓની ભીડ ઘણી રહી. ભરૂચ સ્ટેશને તો આખા વાકળ પ્રદેશના એટલા બધા ભક્તો આજુબાજુથી ભેગા થઈ ગયા કે સ્વામીશ્રીને ટ્રેનના ડબ્બાના દરવાજે આવી ઊભા રહેવું પડ્યું, ત્યારે સૌ દર્શન પામી શક્યા. સુરતમાં પણ એવું જ સ્વાગત પામ્યા પછી, સ્ટેશન નજીક વાડીમાં ઉતારે પધાર્યા. સ્વામીશ્રીની સાથે મણિભાઈ તથા તેમના ભાઈ નરહરિભાઈ તથા જેશંકરભાઈ, હર્ષદભાઈ, હકાભાઈ, જિન્જાના ઉત્સાહી યુવક પ્રફુલ્લભાઈ રાવજીભાઈ વગેરે ભક્તો હતા.

મહારાજના સમયથી જેમનો પ્રેમ પ્રસિદ્ધ છે, એવા સુરતના પ્રેમી ભક્તોએ, ઠાકોરજીને ભાત-ભાતના થાળ ધરી દીધા. મંદિરે તથા અરદેશર કોટવાળને ત્યાં પાઘનાં દર્શન કરવા સ્વામીશ્રી પધાર્યા, પાઘની આરતી ઉતારી.

પવિત્ર પુરુષોત્તમ માસ નિમિત્તે રાત્રે સભામાં ઘણા નવા નવા મુમુક્ષુઓ લાભ લેતા. હૉલ ચિક્કાર ભરાઈ જતો. અમૃતના મેહુલા વર્ષાવતા સ્વામીશ્રીએ અક્ષર અને પુરુષોત્તમનાં સનાતન દિવ્ય સાકાર સ્વરૂપો આજે પોતાના સ્વરૂપમાં પ્રત્યક્ષ છે, એવો ભાવ દર્શાવતાં જણાવ્યું કે –

'આજે ભગવાન અક્ષરધામ સહિત બિરાજમાન છે. એમના સ્વરૂપનો પરભાવ સમજાતો નથી, એ જ મોટું પાપ છે. પરભાવ એટલે મોટપ. મનુષ્ય જેવા દેખાતા હોય, પણ એમની જેમ છે તેમ મોટપ નથી સમજાણી એ જ પાપ છે. તેમાં મન, ઇન્દ્રિયો વગેરે નડે છે. એ પાંચમી ઘાટી છે. સાધુ-સમાગમ કરે, તો એ પાંચમી ઘાટી ઓળંગાય. દેહ અને આત્મા જુદા છે – એમ સંત સમજાવી દે. શુદ્ધ ઉપાસના સમજાવી દે.

'એક રાજાને ઈચ્છા થઈ કે આપણે હંસ પાળવા છે. દીવાન સાહેબ કહે : 'સાહેબ ! સત્યુગમાં ધોળા, ત્રેતામાં લીલા, દ્વાપરમાં પીળા અને કળિયુગમાં કાળા હંસ હોય.' હજૂર કહે : 'ભલે, પણ હંસ પાળવા છે.'

'દીવાન સાહેબે તો ભાલના ૨૦ કાગડા પાંજરામાં ગોઠવી દીધા ને હંમેશાં ખીર-પૂરી ખવડાવે. તેને એમ કે હંસ શોધવા ક્યાં જાવું ? આ હંસ સાચા.

'આ પોલ છ મહિના હાલી. શરદ પૂનમ આવી ત્યાં સાચા હંસ બગીચામાં આવી ચડ્યા. તે કાગડાએ ઓળખ્યા કે આપણા શત્રુ આવ્યા છે. તેણે સિપાઈને વાત કરી કે 'અમારા શત્રુને બંધૂકે ધો.' તે સાંભળી હંસ કહે : 'અમે તો રાતવાસો જ કરશું. અમારે કાંઈ ખપતું નથી.' સિપાઈ કહે : 'તમે કોણ છો ?' તે કહે : 'હંસ છીએ.' સિપાઈએ કહ્યું : 'હંસ તો આ પાળ્યા છે તે છે.'

'પણ હંસની મીઠી વાણી સાંભળી તેને ભ્રાંતિ થઈ. તેથી કારભારીને કહ્યું. તેણે રાજાને કહ્યું કે 'હંસ આવ્યા છે.' રાજા કહે : 'ચાલો જોવા.' પછી જોયું તો બધા હંસ શ્વેતધર્મી, રૂપાળા, રૂડી-રૂપાળી પાંખું, ચાંચ પણ બહુ સારી.

'રાજાને થયું કે આ વસ્તુ ઉત્તમ છે. પછી રાજા હંસને કહે : 'અમારા દીવાન કહે છે કે 'સત્યુગમાં હંસ ધોળા, ત્રેતામાં લીલા, દ્વાપરમાં પીળા ને કળિયુગમાં કાળા હોય. તે ખીર-પૂરી ખાય.'

'પછી હંસ કહે : 'સાહેબ ! એક પરીક્ષા રહી ગઈ. સાચા હંસ હોય તે દૂધ અને પાણી નોખું કરે.' રાજાને થયું કે 'આમાં છે કાંઈક સાચું.'

'પછી પાંચ શેર દૂધ ને પાંચ શેર પાણી મંગાવ્યું. તે સોનાની કૂંડીમાં ભેળું કર્યું. પછી હંસ કહે : 'તમારા પાળેલા હંસને કહો કે દૂધ ને પાણી નોખું પાડી દે.' કાગડા કહે : 'અડધો કલાક આપો, તો જુદું પડશે.'

'દીવાન કહે : 'નખ્ખોદ કાઢ્યું.' પછી દીવાને કાગડાને છૂટા મૂક્યા. તે તો આંબલીના કાતરા ને લીંબુ ચાંચમાં ભેગા કરી લાવ્યાં ને દૂધમાં લીંબુ નાખ્યું. એમને એમ કે ખટાશ આવે તો દૂધ નોખું પડી જાય, પણ કાંઈ થયું નહીં; એટલે એક કાગડો કૂંડીમાં પડ્યો ને કૂંડી ઊંધી વાળી દીધી.

'ત્યારે હંસ કહે : 'એમ નોખું ન પડે. બીજી કૂંડી લાવો.' પછી લાવ્યા. એક હંસ ઊતર્યો ને જ્યાં ચાંચ બોળી, ત્યાં તો દૂધમાં કોકડાં વળી ગયાં ને પાણી તરીને નોખું પડી ગયું. હંસ બોલ્યો : 'સાહેબ ! જોખી લ્યો, તમને ઊંઠાં કોણે ભણાવ્યાં ? યુગ પ્રમાણે હંસના રંગ હોય એમ કોણે કહ્યું ? હંસ તો ચારે યુગમાં સરખા જ હોય. તે દૂધ ને પાણી નોખું કરે. એ ખીરનો ચારો ચરવાવાળા નહીં, એ તો

મોતીનો ચારો ચરે. પછી સવાસો લાખનાં મોતી નાખ્યાં, તે હંસ ચરી ગયા.

'સિદ્ધાંત શું ? મહારાજ છતાં નંદ સાધુ હતા એ ધોળા હંસ. પણ અત્યારે પણ એવા હોવા જોઈએ. મહારાજ છતાં જેવા નિયમ-ધર્મ પાળવાવાળા, કથા કરવાવાળા હતા, એવું અત્યારે વર્તે તે ધોળા હંસ સાચા. દૂધ ને પાણી શું નોખું કરે ? પ્રકૃતિ-પુરુષનું કાર્ય – લોક, ભોગ, દેહ ને પક્ષ – તે એક ચાંચ બોળે ને નોખું કરી દે. એક શબ્દ સમજાવે ને જગત નોખું પાડી દે. અંતરમાં જગત રહેવા દે નહીં. ખારું કરી નાખે તે સાચા પરમહંસ.'

ક્યારેક ભાવમાં આવી જતાં આવી પરભાવની વાત સ્વામીશ્રી કરતા, ત્યારે ખરા મુમુક્ષુઓનો સાક્ષી ભેદાઈ જતો અને સમજતા કે આ જ મહારાજના સાચા ગુણાતીત સંત છે, અને એમના દ્વારા મહારાજ આજે પ્રત્યક્ષ સુખ આપે છે. આ પરભાવ અખંડ રહે અને આજ્ઞામાં જો કોઈ મરણિયો થાય, તો દેહભાવ દૂર કરી, ક્ષણવારમાં આ પુરુષ બ્રહ્મરૂપ કરી દે; એવી પ્રતીતિ સૌને આવી જતી.

અહીં તા. ૫-૮-'૫૮, રાત્રે વાત કરતાં સ્વામીશ્રી *'હરિજન થઈને, હાણ-વરધ સુખ-દુઃખ મનમાં નવ લાવીએ...'* એ કીર્તન બોલ્યા અને કહે : 'કેસનો ફેંસલો શું ? એકમના થઈ પ્રભુને ભજીએ.'

એક હરિભક્ત વચ્ચે બોલ્યા : 'ગળે બાઝી પડવું.'

સ્વામીશ્રી તુરત બોલ્યા : 'પણ પછાડવા નહિ.'

છેલ્લે દિવસે તાપી નદીને તીરે, અશ્વિનીકુમારના ઓવારે શ્રીજી-મહારાજના મહાપ્રસાદીના સ્થાન નારાયણ બાગમાં, જ્યાં મહારાજે અરદેશર કોટવાળને પાઘ અર્પણ કરી હતી એ અતિ દિવ્ય સ્થાનમાં, મગનભાઈએ સ્વામીશ્રી અને સંતોને જમાડવાનો કાર્યક્રમ યોજ્યો હતો. બીરંજ, પૂરી અને મઠાની ઉત્તમ રસોઈ તેમણે કરાવી હતી. શરૂમાં મોટાસ્વામી મઠો લેતા નહોતા, પણ સ્વામીશ્રીએ આગ્રહ કર્યો કે 'આ તો આંખનાં ચશ્માં ઠરી જાય એવો છે, માટે મોટાસ્વામી જમો.' મોટાસ્વામી જમ્યા ત્યારે તેમને મઠાનો અભાવ નીકળી ગયો. સ્વામીશ્રીએ તો બધાને આગ્રહ કરી પિરસાવ્યું, પણ પોતે તો માત્ર સ્પર્શ જ કર્યો. કારણ, પોતે લેશપણ ખટાશયુક્ત વસ્તુ લેતા નહિ. કપાળે હાથ દઈ સાનમાં સમજાવે કે 'માથું ચઢી જાય. ન ખવાય.' એમ પોતે છૂટી જાય, પણ સ્પર્શમાત્રથી વાનગીની મહત્તાનાં ભારોભાર વખાણ કરે. પોતાને માટે સંપૂર્ણ ત્યાગ અને બીજાને અતિ આદર કરાવી, આગ્રહથી ભાવપૂર્વક જમાડે; આ એમની વિલક્ષણતા !

બપોરની સભામાં સ્વામીશ્રી કહે : 'પ્રશ્ન પૂછો તો કાંઈ વાત નીકળે.'

આમ, સામેથી આહ્‌વાન મળ્યું, એટલે એક ભક્તે પ્રશ્ન પૂછ્યો કે 'સ્વામી ! ગઈકાલે આપે, 'આજે અક્ષરે સહિત પુરુષોત્તમ નારાયણ બિરાજમાન છે' એમ કહ્યું. એટલે અક્ષર અને પુરુષોત્તમ બંને બિરાજમાન છે તે કેવી રીતે ?'

સ્વામીશ્રી કહે : 'ગુણાતીતાનંદ સ્વામી અક્ષર હતા અને એમના સ્વરૂપમાં મહારાજ અખંડ બિરાજમાન હતા. એટલે 'અક્ષરે સહિત પુરુષોત્તમ બિરાજમાન છે' એમ કહ્યું.'

એ વખતે સત્સંગમાં એવી કેટલીક અણસમજણ પણ પ્રવર્તતી હતી કે અક્ષર અને પુરુષોત્તમ બંને જુદા જુદા સ્વરૂપે પૃથ્વી ઉપર પ્રગટ હોય છે; પણ ગુણાતીત સંત દ્વારા જ અક્ષર અને પુરુષોત્તમ બંને સ્વરૂપો પ્રગટ છે, એ સિદ્ધાંતને અવગણતા હતા. એ સંદર્ભમાં એવો પ્રશ્ન પુછાયો કે –

'આજે શી રીતે સમજવું કે અક્ષર અને પુરુષોત્તમ જુદા જુદા સ્વરૂપે છે ?'

સ્વામીશ્રીએ તેની સ્પષ્ટતા કરી : 'અક્ષરરૂપ સત્પુરુષમાં પુરુષોત્તમ નારાયણ અખંડ બિરાજમાન છે એમ સમજવું; પણ નોખા અક્ષર છે અને નોખા પુરુષોત્તમ છે તેમ નથી.'

સત્સંગમાં કેટલાક હરિભક્તો અણસમજણો ફેલાવતા, અને પોતાનો મનાવા-પૂજાવાનો સ્વાર્થ સાધવા કોશિશ કરતા; તેના અનુસંધાનમાં સ્વામીશ્રીએ સ્પષ્ટ કહ્યું. આમ, મોટાપુરુષ કથાવાર્તાના પ્રસંગમાં પોતાનો અભિપ્રાય સમજાવી દે, પણ કોઈનું ખંડન-મંડન કરે નહિ. જેને સત્પુરુષ જ પ્રધાન છે, એવા સાચા મુમુક્ષુઓ આ રહસ્ય સમજી શકે.

બ્રહ્મમાં લીન થાય ને નીકળે

સ્વામીશ્રીએ આગળ કહ્યું : 'મોટાપુરુષનો પરભાવ નથી સમજાતો, એ જ પાપ છે. સ્વામી ભગતજી મહારાજ અને જાગા સ્વામીનું વિશેષ રાખતા. તેમાં કેટલાકને સંકલ્પ થતા. આમ નહિ લેવા-દેવા, છતાં દિવ્યભાવની દઢતા મોટા-પુરુષના સ્વરૂપમાં ન થઈ હોય એટલે ગુણ-અવગુણ આવ્યા કરે. એમ બ્રહ્મમાં લીન થાય અને પાછો નીકળે. એટલે કે જ્યારે મોટાપુરુષનો ગુણ આવ્યો હોય અને સાત્ત્વિકભાવમાં વર્તતો હોય, ત્યારે મોટાપુરુષની મરજી પ્રમાણે વર્તે અને પોતાનો ભાવ એકે રાખે નહિ; વળી રજોગુણ-તમોગુણનો વેગ આવે, ત્યારે ક્રિયા જોઈને અભાવ આવે, એ બ્રહ્મમાંથી નીકળ્યો કહેવાય. પરંતુ એમ કરતાં

કરતાં જાણપણું જો દૃઢ થઈ જાય તો અવગુણ આવતા બંધ થઈ જાય, અને સ્વરૂપનિષ્ઠાની અખંડ દૃઢતા અને દિવ્યતા થઈ જાય.'

એમ ત્રણ દિવસના સુરતી ભક્તોનાં ઉત્તમ ભોજનથી પણ અનેક ગણી ચઢી જાય એવી બ્રહ્મજ્ઞાનની રસલહાણ સ્વામીશ્રીએ સૌને કરાવી. જિન્જાથી આવેલા યુવાન ભક્ત પ્રફુલ્લભાઈને તો બહુ મજા પડી ગઈ. તેમને થયું : 'આવી સ્પષ્ટ વાતો તો ક્યારેય સાંભળી જ નથી.' સ્વામીશ્રીના મુખથી મહિમાની આવી વાતો સાંભળતાં તેમને સમજણની સારી સ્પષ્ટતા થઈ. વજુભાઈ ટાંક પણ કથાવાર્તાના આવા સચોટ પ્રસંગથી સ્વામીશ્રીની વધુ નજીક આવ્યા.

અશ્વિનીકુમારને આરે સ્વામીશ્રીએ ભક્તો સાથે સ્નાન પણ કર્યું. આમ, સુરતમાં નાનો પણ યાદગાર ઉત્સવ ઊજવાઈ ગયો. મગનભાઈ સેક્રેટરી તથા આશાભાઈ વગેરે પ્રેમીભક્તોને સ્વામીશ્રીએ રાજી કર્યા.

મુંબઈગરાની માયા હડસેલી

રવિવાર, તા. ૧૦-૮-'૫૮, સવારે લોકલમાં સ્વામીશ્રી સુરતથી મુંબઈ પધાર્યા. બોરીવલીથી બોમ્બે સેન્ટ્રલ સુધી સ્ટેશનોએ સ્વાગત કરવા, દોડતા હરિભક્તોનું આગમન જ, અલબેલી પણ અજંપા નગરી મુંબઈનાં એંધાણ આપતું હતું. અહીં કપોળ વાડીએ આવી ઉતારો કર્યો. અહીં વહેલી સવારનાં સ્વામીશ્રીનાં દર્શન, સદાય સૌને આવકારતું હાસ્ય અને આશીર્વાદનો થાપો, મુંબઈગરાની માયાને જબ્બર હડસેલો મારી, સ્વામીશ્રીની અદૃશ્ય માયા લગાડી દેતા હતા.

બીજે દિવસે શ્રાવણ વદ એકાદશીથી જેસંગભાઈ બ્રહ્મભટ્ટના અક્ષરવાસ નિમિત્તે 'સત્સંગિજીવન'ના બીજા પ્રકરણનું પારાયણ પ્રમુખસ્વામીએ પોતાની મધુર અને ભાવવાહી શૈલીમાં શરૂ કર્યું. ગામોગામ કંકોત્રીઓ લખાવી સ્વામીશ્રીએ હરિભક્તોને તેડાવ્યા હતા.

ગુજરાતમાં રાત-દિવસ સમાગમનો લાભ લેતા હરિભક્તો કદાચ મુંબઈ સુધી દૂર આવવાનું ટાળે, તો સત્સંગના લાભથી વંચિત રહી જાય. વળી, મુંબઈના હરિભક્તોને તેમની સેવાનો લાભ ન મળે. બહારગામના હરિભક્તોને મુંબઈના ભક્તોનો પ્રેમ ચાખવા ન મળે. આમ, પરસ્પર એકબીજાનો ભીડો વેઠે, મહિમા સમજે, નજીક આવે, અને સુહૃદભાવરૂપી સત્સંગ મહોદધિમાં નિશદિન તરબોળ રહી, પ્રગટ સત્પુરુષને સૌ રાજી કરી લે; એટલે જ કદાચ સૌને આમંત્ર્યા હશે.

સ્વામીશ્રીનું આમંત્રણ મળતાં કોણ ઝાલ્યો રહે ! ગામોગામથી સૌ આવી પહોંચ્યા.

કથા પ્રસંગમાં વાત કરતાં સ્વામીશ્રીએ જણાવ્યું :

'બ્રહ્મરૂપ થવામાં દેહ આડો આવે છે. માટે તેના ભાવ મૂકવા. ગોપાળાનંદ સ્વામીને તાવ આવ્યો અને હરિભક્તો વાતો સાંભળવા આવ્યા, ત્યારે પોતે ઓઢેલી ગોદડીમાં તાવ મૂકી, ગોદડી બાજુએ મૂકી અને પછી વાતો કરી. આમ, દેહનો અનાદર હોય તો આ વાત સિદ્ધ થાય.

'ગ.મ. ૬૬માં લખ્યું છે કે 'જેને ભગવાન સાક્ષાત્ મળ્યા, તેને જીવતાં શી પ્રાપ્તિ ? અને મૂઆ કેડે શી પ્રાપ્તિ ?' મહારાજ કહે છે કે 'પ્રથમ તો કથાવાર્તા કરતાં થકાં રાત્રિ-દિવસ નિર્ગમન થાય. બીજું, અધર્મનો ત્યાગ કરી ધર્મમાં રહેવાય. ત્રીજું, પોતાના સ્વરૂપનું બ્રહ્મરૂપે દર્શન થાય.' જેમ કૂવો ગાળીએ ત્યારે પ્રથમ ભીનું આવે, પછી રેતી આવે, અને પછી પાણી આવે. કથાવાર્તા અખંડ થયા કરે તે ભીનું આવ્યું કહેવાય. દોષમાત્ર ટળી જાય તે રેતી આવી. અને બ્રહ્મરૂપે વર્તતાં આવડે અને મૂર્તિ મળી જાય, તે પાણી આવ્યું કહેવાય.

'જૂનાગઢમાં એક હરિભક્તે સ્વામીને કેરી આપી. સ્વામીએ કેરી ચૂસી અને ગોટલી હરિભક્તે લઈ લીધી. તે વાવીને પ્રસાદીનો આંબો કરવાની તેની ઇચ્છા હતી. પણ સ્વામી બોલ્યા કે 'આનું કારણ શરીર બળી ગયું.' તેમ એવા મોટાના સંબંધમાં આવી જાય, તો કારણ શરીરનો નાશ થઈ જાય. બોરડીનાં મૂળનાં કારણ શરીર સ્વામીએ દૃષ્ટિમાત્રે બાળી નાખ્યાં. તેથી જાગાભગત સ્વામીએ સ્વામીને પૂછ્યું કે 'સ્વામી ! મહારાજનું ધ્યાન અને વચનથી કારણ શરીર બળી જાય છે, તો બોરડીનાં ઠૂંઠાનાં કારણ શરીર શી રીતે બળી ગયાં ?' એટલે સ્વામીશ્રીએ ઉત્તર આપ્યો કે 'મોટાની દૃષ્ટિ પડે ત્યારે શાસ્ત્રોના શબ્દોની આડ રહેતી નથી.'

'ભાદરામાં વશરામ ભગતના સંકલ્પથી કીડીઓ ચતુર્ભુજ સ્વરૂપને પામી વૈકુંઠમાં ગઈ. પછી મહારાજને તે વાત કરી. એટલે મહારાજે કહ્યું : 'તમે મોળો સંકલ્પ કર્યો, અક્ષરધામની પ્રાપ્તિ થાય એવો સંકલ્પ કર્યો હોત તો કીડીઓ અક્ષરધામને પામત !' મોટાનો સંબંધ એવો છે. સંબંધ એટલે પ્રસંગ; ભીડો વેઠવો, તન-મન અને ધનથી સેવવા વગેરે સંબંધમાં આવી જાય.

'મહારાજ ગઢડેથી વરતાલ જતા હતા. આંબા નીચે બેસવા ગયા ત્યાં કોઈ શૌચ ગયું હતું. મહારાજ કહે : 'આંબાનો પૂર્વનો કોઈ શત્રુ હતો. તે આપણો સંબંધ થવા દીધો નહીં.' પછી બીજે બેઠા. કૂતરો સસલાની પાછળ

પડ્યો. સસલો દોડતો મહારાજના ખોળામાં પડી ગયો. મહારાજ કહે : 'કૂતરો સસલાનો મિત્ર હતો. તે સંબંધ કરાવી દીધો. પૂર્વનાં પુણ્ય હોય તો સંબંધ થાય.'

'રૂડા ગુણ હોય પણ ભક્તિ વગર નકામા છે. ભક્તિ એટલે – જેવા મહારાજ અક્ષરધામમાં બિરાજમાન છે, તેવા ને તેવા જ સંત દ્વારે પણ પ્રત્યક્ષ જ છે – એવી સત્પુરુષમાં નિષ્ઠા અને એવી નિર્દોષબુદ્ધિ એ જ ભક્તિ છે. આત્મ-નિવેદન એ છેલ્લા પ્રકારની ભક્તિ છે. તે વાતું સાંભળીને, સમાગમ કરીને સિદ્ધ થાય, તો નિર્દોષબુદ્ધિ સત્પુરુષમાં સર્વ પ્રકારે થઈ જાય. એ જ કરવાનું છે.

'સંચિત, ક્રિયમાણ અને પ્રારબ્ધ એ ત્રણ પ્રકારનાં કર્મ છે. પ્રારબ્ધનો થર કોણ તોડાવે ? સંત. ગ.પ્ર. ૫૮મું વિચારવું. અતિશય મોટા-વડવાનલ જેવા સત્પુરુષ હોય તેને ગોતવા પડે. વીજળી જેવા સત્પુરુષ ઝબકારા કરતા હોય, પણ તેવાથી આ કામ ન થાય.'

પ્રસંગોપાત્ત મોટાસ્વામી અને સંતસ્વામી પણ કથાવાર્તાનો સારો લાભ આપતા. સ્વામીશ્રીની આજ્ઞાથી હર્ષદભાઈ 'શાસ્ત્રીજી મહારાજનું જીવન ચરિત્ર' રોજ વાંચતા. સ્વામીશ્રી, મોટાસ્વામી, સંતસ્વામી તથા મણિભાઈ ભટ્ટ, હકાભાઈ વગેરે ભક્તો અચૂક હાજરી આપતા. સ્વામીશ્રી યુવકોને પણ બેસાડતા. કોઈને ઊઠવા દેતા નહિ. યોગ્ય સૂચનો કરતાં. આ જીવન ચરિત્રના શ્રવણથી સ્વામીશ્રી બહુ રાજી થયા અને સૌને શાસ્ત્રીજી મહારાજનો અપાર મહિમા સમજાયો.

શાસ્ત્રીજી મહારાજનાં જીવન ચરિત્રના પારાયણમાં સ્વામીશ્રી કહે :

'આચાર્યશ્રીએ વિજ્ઞાનાનંદ સ્વામીને રાજી કરવા જ ઉમરેઠથી વેદિયા બ્રાહ્મણોને બોલાવી વેદવિધિથી યજ્ઞ કરાવ્યો. સૌ પ્રથમ જ સ્વામીને બેસાડ્યા. બીજા એમનાથી ઉંમરમાં ઘણાય મોટા હતા. છતાં એમને માટે જ યજ્ઞ થયો. તેથી 'યજ્ઞપુરુષદાસ' નામ પાડ્યું.

'સ્વામી કહેતા કે 'અક્ષરની વાત જાણતો નહોતો, પણ અવતારીપણાની વાત જાણતો. તેથી ઢોલિયા નીચે સંતાઈને સાંભળી.' સ્વામી શાસ્ત્રીજી મહારાજને વડતાલમાં સોયો ખોંચ્યો હતો, તે શાસ્ત્રીજી મહારાજ પંડે કહેતા.'

આ અરસામાં, આફ્રિકામાં નૈરોબીથી એક સાધુ અને મણિભાઈ પટેલે કેટલાંક ચોપાનિયાં અને છાપાંનાં પાનાં ભરી ભરીને સ્વામીશ્રી અને સંસ્થા વિરુદ્ધ પ્રકાશિત કર્યાં હતાં. આથી મોટેરા હરિભક્તો રોષે ભરાયા અને જડબાતોડ જવાબ આપવા કટિબદ્ધ થયા. આ વાત જાણી ત્યારે સ્વામીશ્રી કહે : 'આપણે જવાબ આપવાની કાંઈ જરૂર નથી. આપણી ભૂલ હોય તો સુધારવી. ન હોય તો

ભવિષ્યમાં ન થાય તે માટે ચેતવે છે.' સ્વામીશ્રીએ સૌને શાંત પાડી દીધા.

જાહેરમાં નાનપનું સમર્થન

એક હરિભક્તે સ્વામીશ્રીને પોસ્ટકાર્ડ લખેલું. તે સભામાં વંચાય તેવી સ્વામીશ્રીની ઈચ્છા. તેથી વિનુ ભગતને કહ્યું : 'સવારવાળું પોસ્ટકાર્ડ સભામાં વાંચજો.'

તેમણે કહ્યું : 'બાપા ! એ તો ન વંચાય. એમાં તો બધું ઊંધું લખ્યું છે.'

સ્વામીશ્રી કહે : 'હું કહું છું, માટે વાંચજો.'

સ્વામીશ્રીના આગ્રહ પાસે વિનુ ભગતને નમતું જોખવું પડ્યું. ચિકાર ભરાયેલી રાત્રિ સભામાં આ પોસ્ટકાર્ડ વાંચવામાં આવ્યું.

એમાં લખેલું : 'સ્વામીબાપા ! મને આપે છ-છ વખત આશીર્વાદ આપ્યા, તોપણ ફળ્યા નથી. માટે હવે તો પહેલાંની બધી સેવા પાછી મોકલાવો, તો હું નવી મહાપૂજા કરાવું. મારું કામ હજી આપે કર્યું નથી.'

સ્વામીશ્રી ધ્યાનથી સાંભળતાં હસી પડ્યા ને કહે : 'આપણું ખાતું આવું છે. આશીર્વાદ આપીએ અને આશીર્વાદ ફળે નહિ, તોય લોકો પગનાં તળિયાં ઘસી નાખે છે.'

હકીકતમાં આશીર્વાદ ફળ્યાના ૯૯ પત્રો આવ્યા હોય તે દાબી દે અને એક, જેવો-તેવો ન ફળ્યાનો પત્ર જાહેર સભામાં વંચાવે. પોતાનો મહિમા ઘટી જશે કે લોકો શું ધારશે તેનો રંચમાત્ર પણ તેમને ભય નહોતો. કેમ કે, અનાદિની મોટપને કોઈ નાનપમાં ખપાવવા પ્રયત્ન કરે, તોપણ સૂર્ય એ સૂર્ય જ રહે છે.

રાત્રે ૮-૩૦ થી ૯-૦૦ સ્વામીશ્રીની અમૃત વાણીનો લાભ લેવા ઘણા મુમુક્ષુઓ દોડીને સમયસર આવી જતા. સ્વામીશ્રીની સરળ, સચોટ અને મોહક વાણી સાથે મૂર્તિમાં સૌ મુગ્ધ થઈ જતા. દેહ અને જગત ભૂલી જતા. આત્મ-જ્ઞાનનો સ્પર્શ સૌ કોઈ સ્વાભાવિકપણે અનુભવતા.

મોડી રાત્રે અને વહેલી સવારે, સ્વામીશ્રી યુવકોને ઉઠાડીને ભગવાન અને સંતના સ્વરૂપના બળની વાતો કરી ગોષ્ઠિ કરાવતા. કેટલાય યુવકો આ લાભ લેવા રાત્રે વાડીમાં જ સૂઈ રહેતા.

રાત્રે ચેષ્ટા વખતે યુવકો સ્વામીશ્રીના પગ દાબતા હતા. ત્યારે ઘૂંટણ નીચે જોયું તો ઘારું પડી ગયેલું. સ્વામીશ્રીને પૂછ્યું : 'આ શું છે ?'

તો કહે : 'દંડવત્ કરતાં કરતાં આવું થઈ ગયું છે.'

પુષ્કળ દંડવત્ કરવાથી ઘૂંટણ નીચેના ભાગમાં ચામડી ખૂબ જાડી અને બરછટ થઈ ગઈ હતી. ઝીણી ફોડલિયો પણ ઉપર તથા આજુબાજુ ઊપસી આવી હતી. સ્વામીશ્રી દંડવત્ બહુ કરતા. પચીસ-પચાસ દંડવત્ તો આખા દિવસમાં સહેજે કરી નાખે.

પછી ડૉક્ટરની સૂચનાથી ઘૂંટણ નીચેના એ ભાગમાં હું હંમેશાં 'નીકસોડર્મ' ઘસતો. ક્યારેક ભૂલી જાઉં તો સ્વામીશ્રી યાદ કરે અને બોલાવીને કહે : 'સપટ લોશન લાવો, બીટેક લાવો.' એમ બે-ચાર મલમનાં નામ બોલી યાદ કરાવે, ઘસાવે ને સેવા આપે. જો કે દંડવત્ તો એમણે ચાલુ જ રાખ્યા હતા અને એટલી જ સંખ્યામાં.

એ જ રીતે રોજેરોજ બહુ પત્રો લખવાથી સ્વામીશ્રીને જમણો ખભો વારંવાર બહુ જ દુઃખતો. તેથી રોજ સમય મળે ત્યારે ત્યાં માલિશ કરાવવાની સેવા પણ આપતા.

નંદાજી, જસ્ટીસ કે.ટી. દેસાઈ, શેલના લીગલ એડવાઈઝર બૅરિસ્ટર મહેતા, શેઠ રતનચંદ હીરાચંદ, ચોકસી સાહેબ વગેરે મહાનુભાવો ૧૫મી ઑગસ્ટે સાંજે આવ્યા હતા. આજે માટુંગા અને મુંબઈ શાખાનાં બાળ મંડળોનો સંવાદ, રાસ, કીર્તનો સહિત સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ થવાનો હતો.

વાણી-વિવેકની બારખડી

બાળકોને પણ સ્વામીશ્રીને રીઝવવાનું તાન. તેથી સૌ ખૂબ ઉત્સાહમાં હતા. પિનાકિન બ્રહ્મભટ્ટ, પ્રદીપ દવે વગેરે સાંજે ચારેક વાગે સ્વામીશ્રીના રૂમમાં આવ્યા. પિનાકિને એકદમ ઉત્સાહમાં બાળ મંડળના કાર્યક્રમની વાત કરી : 'બાપા ! આજે રાતે અમારા બાળ મંડળનું નાટક છે.'

'સંવાદ કહેવાય,' સ્વામીશ્રીએ સુધાર્યું : 'ઓલું ન બોલવું.'

સ્વામીશ્રીને મન 'નાટક' શબ્દ પણ બોલવો-સાંભળવો નિષિદ્ધ હતો. બાળકોને પણ તેની સૂગ રહે તે માટે કોઈ સીધા ઉપદેશથી નહીં, પણ અંગત અરુચિ જણાવી સ્વામીશ્રી તેમને શ્રીજીચીંધ્યા સદાચારના માર્ગે દોરી જતા.

રાત્રે બાળ મંડળે અદ્ભુત કાર્યક્રમ રજૂ કર્યા. સ્વામીશ્રી અને સંતો બહુ જ પ્રસન્ન થયા. દેશમાં સૌ પ્રથમ વાર જ આવો અદ્ભુત બાળ કાર્યક્રમ યોજાયો. સ્વામીશ્રીએ બાળકોને ઈનામ તથા આશીર્વાદ આપી રાજી કર્યા.

શ્રાવણ સુદ ૧૧, રવિવાર, તા. ૨૪-૮-'૫૮ના દિવસે પારાયણની

પૂર્ણાહુતિ થઈ. વરસાદ અનરાધાર હતો. મુંબઈનો વાહન-વ્યવહાર ખોરવાઈ ગયો હતો, તોપણ ઠેઠ બોરીવલીથી ભક્તો આવી પહોંચ્યા હતા. સ્વામીશ્રીનાં દર્શન, આશીર્વાદ અને પ્રસાદનો મોંઘેરો લાભ સૌએ લીધો. મેઘરાજાનું તાંડવ કોઈની શ્રદ્ધાને ડગાવી શક્યું નહિ. સ્વામીશ્રીનું આકર્ષણ જ એવું હતું. કારણ, રવિવારના રજાના દિવસે, સમગ્ર પરિવારને મળતો આ અલભ્ય લાભ છોડવા કોઈ તૈયાર નહોતું.

અહીંના મુકામ દરમ્યાન કપોળ વાડીમાં રવિવારની સભામાં ધીરુભાઈ ભટ્ટ પત્રિકાનું વાચન કરતા હતા. પત્રિકાના વાચન દરમ્યાન તેઓ 'સ્વામીશ્રીની તબિયત સારી છે' તેમ વાંચવાને બદલે ભૂલથી એમ બોલ્યા કે 'સ્વામી-શ્રીજીની તબિયત સારી છે.'

આ સાંભળીને સ્વામીશ્રી ખડખડાટ હસી પડ્યા અને પોતાનો હાથ માથે ઘસવા લાગ્યા. આખી સભામાં પણ હાસ્યનું મોજું ફેલાઈ ગયું. સ્વામીશ્રી કોઈ રીતે પોતાનું નિર્દોષ હાસ્ય રોકી શકતા ન હતા. આથી બધા હરિભક્તો પણ ખૂબ હસ્યા.

પછી સ્વામીશ્રી ધીરે રહીને બોલ્યા કે 'ગુરુ ! બહુ સારું વાંચ્યું.' આમ કહી, જ્યાં સુધી સભા ચાલુ રહી ત્યાં સુધી સ્વામીશ્રી મંદ મંદ હસતા જ રહ્યા. હરિભક્તોને બ્રહ્માનંદ મળ્યો, પણ એનો ભેદ કોઈ ઉકેલી શક્યું નહિ.

શરણાગત બંધ છેદ, જગ કો કિયો નિષેધ

એક દિવસ સ્વામીશ્રી સવારે ૧૦-૩૦ વાગે શૌચ બાદ સ્નાન કરવા જતાં એકદમ ઊભા રહ્યા. કપડું ઓઢવાનું પણ બાકી હતું અને મારો હાથ પકડીને એકાએક શૂરવીરતાની વાત કરવા માંડી : 'જાગા ભગત સાધુ થવા આવ્યા ત્યારે એમણે ગુણાતીતાનંદ સ્વામીને કહ્યું : 'દેહનાં દુ:ખ આવશે એ તો હું સહન કરી લઈશ, પણ મનમાં જે દુ:ખ આવે એનાથી સ્વામી ! મને જાળવજો.'

ત્યારે ગુણાતીતાનંદ સ્વામી બોલ્યા : 'તારી મનની ઉપાધિ ટાળવાની અમારા માથે.'

પછી કહે : 'રોજ સવારમાં ઊઠીને તમારે મન સાથે લડાઈ લેવી. મનને કહેવું : 'તું નીચ છો, તું લબાડ છો, તું મારા કલ્યાણના માર્ગે આડું આવે છે. તેં મને અનંત વાર જન્મ લેવડાવ્યા છે. તેં જ મને મોક્ષ સાધવા દીધો નથી. આ જન્મે મારે એકાંતિક ધર્મ સિદ્ધ કરવો જ છે. હું તારું નથી સાંભળવાનો. તારું જે

સાંભળે છે તે દુઃખી થાય છે.'

સ્વામીશ્રીએ આવી બળભરી વાતો કરી. આજુબાજુ ઊભેલા કિશોરભાઈ, વિઠ્ઠલભાઈ, રમેશભાઈ દવે વગેરે યુવકોને આ વાતનો કેફ ચડી ગયો. સ્વામીશ્રી યુવકોને હાલતાં-ચાલતાં બળની વાતો કરી દેતા.

અહીં કપોળ વાડીમાં ઝાડેશ્વરના રામજીભાઈ અમેરિકા જતા હોવાથી આશીર્વાદ લેવા આવ્યા હતા. તેમણે ભારતભરમાં આંકડાશાસ્ત્રીની અનુસ્નાતક પરીક્ષા આપી, સુવર્ણચંદ્રક મેળવ્યો હતો. વળી, તેમને સ્વામીશ્રીના આશીર્વાદથી, અમેરિકાની માતબર સંસ્થા 'રોકફેલર ફાઉન્ડેશન' તરફથી, પોતાના વિષયમાં પીએચ.ડી.નો અભ્યાસ કરવા ફેલોશિપ મળી હતી. તેથી વિદેશગમન પહેલાં તેમને સ્વામીશ્રીના આશીર્વાદની ખૂબ ઇચ્છા હતી. સ્વામીશ્રીએ હારતોરા કરી, વિદાયમાન આપતાં કહ્યું : 'જાવ, ડંકો વાગશે.' એમ કહી થોડા નિયમો વિશે વાત કરી.

તેઓ ત્યાં ગયા ત્યારે પણ સ્વામીશ્રીની આજ્ઞાથી ઘરમાં જ રવિસભા કરતા; અને વ્યસનો તથા ત્યાંની રહેણી-કરણી અપનાવ્યા વિના, ભારતીય પ્રણાલી પ્રમાણે સત્સંગના નિયમો પાળતા. આથી, તેમને અનુભવ થતો રહ્યો કે મહારાજના ધારક પ્રગટ સંતની આજ્ઞા પાળવાથી, જીવનમાં સદા પ્રગતિ થતી રહે છે.

ગુરુવાર, તા. ૨૮-૮-'૫૮, સવારે સ્વામીશ્રી કાંદિવલી, પુરુષોત્તમદાસ ફડિયાને ત્યાં પધાર્યા. તત્ત્વજ્ઞાનના ઊંડા અભ્યાસી, ક્યાંય જેનું મસ્તક નમે નહિ એવા ફડિયા શેઠ, સ્વામીશ્રીની સાધુતા આગળ ઝૂકી પડ્યા હતા. ગુજરાતના મૂર્ધન્ય સાહિત્યકાર સ્નેહરશ્મિએ એક વાર કહ્યું હતું કે 'આ ફડિયા, કોઈને નમે નહિ. તે યોગીજી મહારાજનો સેવક થયો છે. માટે, જરૂર યોગીજી મહારાજમાં કંઈક દૈવત હોવું જોઈએ.' એવું અનુમાન કરીને તેઓ અમદાવાદમાં પોતાના મિત્ર ફડિયા મામા સાથે સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા.

ભાણાઓએ મામાને સ્વામીશ્રીનો યોગ કરાવ્યો. તેથી તેઓ સત્સંગમાં ફડિયા મામા તરીકે ઓળખાતા.

ત્રણ દિવસ સ્વામીશ્રી કાંદિવલીમાં રહ્યા. ગીતા હૉલમાં સારી જાહેર સત્સંગ સભાઓ થઈ. મુમુક્ષુ જનતાએ લાભ લીધો. બળેવના શુભ દિવસે સ્વામીશ્રી ચંદ્રસિંહ ઇનામદાર તથા કુટુંબીજનોના આગ્રહથી, અંધેરી નજીક વરસોવા પધાર્યા હતા. સૌ સંતો-હરિભક્તો સાથે દરિયા-સ્નાન કરી, દરિયા કાંઠે

દરિયા મહેલમાં પધરામણી કરી હતી. બ્રાહ્મણ ભક્તોએ જનોઈ બદલાવી. અહીં પ્રવીણભાઈ બ્રહ્મભટ્ટ તથા ઈશ્વરભાઈ વગેરે મલાડ મંડળે તથા બોરિવલી મંડળે સારી સેવા કરી હતી.

રવિવારે વિલેપારલેમાં શોભાયાત્રા બાદ ટિળક હૉલમાં જાહેર સત્સંગ સભા થઈ. પારલાની મુમુક્ષુ જનતાએ સારો લાભ લીધો. બળવંતરાય બ્રહ્મભટ્ટ, દીનુભાઈ અમીન તથા ટાંકભાઈઓએ સેવા ઉપાડી લીધી હતી.

એક દિવસ શાંતાક્રુઝમાં લક્ષ્મીનારાયણ મંદિરમાં જાહેર સત્સંગ રાખવામાં આવ્યો. જીવણભાઈ શાહ, રતિભાઈ, કાંતિભાઈ વગેરે ભાઈઓ તથા ધીરુભાઈ ભટ્ટે સારું આયોજન કર્યું હતું.

અહીંથી પશ્ચિમે માટુંગામાં મહીજીભાઈને લાભ આપીને પૂર્વ માટુંગામાં રામબાગમાં ત્રણ દિવસ રોકાઈ, જાહેર કથા-કીર્તનનો સારો લાભ સૌને આપ્યો. આ બાજુની મુમુક્ષુ જનતા કૃતાર્થ થઈ. મહીપતભાઈ દવે તથા હર્ષદભાઈ, નારણભાઈ વગેરેએ આયોજન ગોઠવ્યું હતું.

આવી કૉલેજમાં શું ભણવું ?

માટુંગામાં પધરામણી દરમ્યાન સ્વામીશ્રીએ V.J.T.I. કૉલેજની હૉસ્ટેલમાં ઉત્સાહી યુવાનો રણછોડભાઈ પટેલ તથા નારણભાઈ પટણીની રૂમમાં ખાસ પધરામણી કરી.

સ્વામીશ્રી કૉલેજનાં બિલ્ડિંગો જોઈ પૂછવા લાગ્યા : ‘આમાં શું ભણાવે ?’

નારણભાઈ કહે : ‘આ કેમિકલ લેબોરેટરી. આ મિકેનીકલ વર્કશોપ. આ ઇલેક્ટ્રિકલ વર્કશોપ.’

સ્વામીશ્રીએ વચ્ચે જ પૂછ્યું : ‘આમાં બ્રહ્મવિદ્યા ભણાવે ?’

નારણભાઈએ કહ્યું : ‘ના, બાપા !’

તુરત જ સ્વામીશ્રી બોલ્યા : ‘તો પછી આવી કૉલેજમાં શું ભણવું ?’

આમ, બંને મુમુક્ષુ યુવાનોને સત્સંગનો અલૌકિક મહિમા પ્રેર્યો.

આ બંને યુવાનો જ્યારે સ્વામીશ્રી પાસે આવતા, ત્યારે સ્વામીશ્રી તેમને ધર્મ-નિયમની પણ દૃઢતા કરાવતા !

એક વાર સ્વામીશ્રીએ નારણભાઈને કહ્યું : ‘એક નિયમ લ્યો.’

‘ભલે બાપા ! કયો નિયમ ?’

‘તમારે મેળાવીને જમવું.’

'પણ બાપા ! હૉસ્ટેલમાં જમવાનું, તેથી બાજુના વિદ્યાર્થીઓને ગમે કે ન ગમે એટલે...' તેઓ ગૂંચાતા હતા.

સ્વામીશ્રીએ તરત જ કહ્યું : 'તે બાજુમાં કોઈ રાજા-મહારાજાઓ થોડા છે ? એમાં શરમ ન રાખવી.'

તેમણે તરત જ એ નિયમ લીધો, ત્યારે સ્વામીશ્રી ખૂબ રાજી થયા.

'કટ વળી જવું'નો પદાર્થપાઠ

ગુરુવાર, તા. ૪-૯-'૫૮, મુંબઈથી નીકળી બિલીમોરા ઊંઝાવાળા પ્રાણલાલ માધવદાસના બંગલે પધાર્યા. અહીં રેલવેના પાટાની બીજી તરફ તેમની નર્સરીમાં સ્વામીશ્રી પધરામણીએ ગયા હતા. ત્યાંથી તરત જ ઉતારે પાછા ફરવાનું થયું. કારણ, મુંબઈના હરિભક્તોને ટ્રેન પકડવાની હતી. પરંતુ ક્રૉસિંગનો ઝાંપો બંધ હતો. ટ્રેન જાય પછી જ ઝાંપો ખૂલે. એ જ ટ્રેનમાં મુંબઈના હરિભક્તોને જવાનું હતું. બે-ચાર મિનિટનું જ ટ્રેનનું રોકાણ હતું.

સ્વામીશ્રીને આવતાં વાર લાગી, તેથી સામેથી બે-ચાર હરિભક્તો પણ તે ક્રૉસિંગ પાસે આવી ગયા અને બીજા બધા સ્વામીશ્રીની રાહ જોતા બંગલે-ઉતારે રોકાયા.

હરિભક્તોએ સ્વામીશ્રીને હાથ ઝાલી, ચાલીને પાટા ક્રોસ કરવા કહ્યું ને સામેની બાજુએ ઊભેલી મોટરમાં બેસી જવા વાત કરી. તે પ્રમાણે સ્વામીશ્રી જઈ રહ્યા હતા. વિનુ ભગત સ્વામીશ્રીની પાછળ હતા ત્યાં સાંધાવાળો બોલ્યો : 'અરે ! સાધુ, મર જાયેગા. પાછા ફરો.' સ્વામીશ્રી તરત જ પાછા ફરી ગયા.

હજુ ટ્રેન પણ આવી ન હતી. સૌએ સ્વામીશ્રીને સામે પહોંચી જવા ઘણી વિનંતી કરી. ત્યારે સ્વામીશ્રી કહે : 'સાંધાવાળો સાચું કહે છે. એ કહે તેમ કરવું જોઈએ. નહીં તો મરી જઈએ.'

એવામાં કોઈએ તેને સ્વામીશ્રી કેવા પુરુષ છે, તે મહિમા સમજાવ્યો ને કહ્યું : 'જા, સ્વામીને પાટા ઓળંગવા વિનંતી કર.'

પછી તે ફાટક પાસે સ્વામીશ્રી ઊભા હતા ત્યાં આવ્યો ને બે હાથ જોડી વિનંતી કરતાં કહ્યું : 'મહારાજ ! આપ જા સકતે હૈં, ટ્રેન દેરીસે આયેગી.' પછી સ્વામીશ્રી સામે પધાર્યા.

સ્વામીશ્રીની આવી સરળતાથી કોણ એમને વશ ન થાય ?

✧

મુંબઈના હરિભક્તોના મોટા સંઘ સાથેની સ્વામીશ્રીની સંપૂર્ણ વ્યવસ્થા હીરાભાઈ પ્રાણલાલ શેઠે સંભાળી હતી. સુરત, અમદાવાદના હરિભક્તો પણ સાથે હતા.

સવારે કથા પ્રસંગમાં લોયાનું સત્તરમું વચનામૃત વંચાવ્યું. તે પૂરું થવામાં હતું ત્યાં મગનભાઈ સેક્રેટરી કહે : 'બાપા ! પ્રગટની વાત કરો.'

'સૂર્ય મધ્યાહ્‌ને આવી ગયો છે, હવે શું પૂછવાનું હોય ?' સ્વામીશ્રીએ કહ્યું.

એવામાં અંબાલાલભાઈ બકરી પોળવાળા જમવા બોલાવવા આવ્યા. સ્વામીશ્રી કહે : 'જો સૂર્ય મધ્યાહ્‌ને આવ્યો ! જમવાનો ટેમ થઈ ગયો તે સૂર્ય મધ્યાહ્‌ને.' સૌને આનંદ કરાવી પ્રેમથી પીરસવા પધાર્યા.

અહીંથી અટલાદરા આવી પહોંચ્યા. જન્માષ્ટમીનો ઉત્સવ ઊજવાયો.

પછી રણછોડભાઈનાં માતુશ્રીના અક્ષરવાસ નિમત્તે આણંદ પધાર્યા. વાડીમાં રસોઈ જમી, નિર્ગુણ સ્વામીની દેરીએ સભા કર્યા બાદ, કરમસદ પધરામણી કરી, સૌરાષ્ટ્ર મેલમાં સ્વામીશ્રી અમદાવાદ જઈ રહ્યા હતા.

આણંદ સ્ટેશને કોઈકે કહ્યું : 'આચાર્ય આનંદપ્રસાદજી મહારાજ બાજુના ડબ્બામાં બેઠા છે.' એટલે સ્વામીશ્રી પ્લૅટફૉર્મ ઉપર ઊતર્યા અને આચાર્ય મહારાજનો ડબ્બો હતો ત્યાં દંડવત્ કરવા લાગ્યા.

તરત કોઈએ આચાર્ય મહારાજને સમાચાર આપ્યા કે 'જોગી મહારાજ તેમને પ્લૅટફૉર્મ ઉપર દંડવત્ કરી રહ્યા છે.'

એ સાંભળીને આચાર્ય મહારાજ ઊભા થઈ ગયા અને બોલ્યા : 'જોગી મહારાજને મહિમા છે, એટલે દંડવત્ કરે જ.' એમ કહી સ્વામીશ્રીની નજીક આવ્યા. સ્નેહથી મળ્યા અને એકબીજાને ખબર-અંતર પૂછ્યાં.

એકાદશીએ 'અક્ષર કૉલોની'માં ખેંગારજીભાઈને ત્યાં વાસ્તુ કર્યું. ગોંડલ પધાર્યા. અહીં ફડિયામામા ખાસ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. તેમને અંતરમાં અલૌકિક પ્રેરણા થતાં અક્ષર દેરીમાં સ્વામીશ્રીના વરદ હસ્તે ગુરુમંત્ર સ્વીકારી, વર્તમાન ધરાવી, કંઠી ધારણ કરી, આશીર્વાદ લીધા.

આખો સત્સંગ એક કરવો છે

અક્ષર દેરીમાં સવારે સ્વામીશ્રી ભક્ત રાઘવદાસ રચિત શ્લોકો બોલ્યા અને અમૃત વાણી વરસાવતાં કહ્યું :

'આપણે તો આખો સત્સંગ એક કરવો છે. અહીં ગુણાતીત આગળ સૌ

માથાં ઘસે અને કહે : 'હે ગુણાતીતબાપા ! અમારા ગુના માફ કરો.' એમ માથાં ઘસે. કરો ધૂન... આપણને બોલાવશે, ગાદીએ બેસારશે. એવો દિગ્વિજય થશે. શ્રદ્ધા રાખવી. છાતી કાઢવી.

'ભગવાન જેના પક્ષમાં છે એને માયા શું કરે ? માયા પાસે આવી ન શકે. કદાપિ જોર કરશે તો ઊડી જાશે, પણ આપણે શૂરવીર થાવું પડશે.

'એક ગામમાં એક ગરાસિયો ને એક ઘાંચી રહે. ગરાસિયો પાતળો ને ઘાંચી ડિલમાં જાડો. તે બેયનાં બૈરાં સામસામાં બાટકે. ઘાંચીનાં બૈરાં કહે : 'તમારા ધણી તો ટેંટા જેવા છે. તે શું કરશે ?'

'એમ કરતાં ગામ ઉપર વાર આવી. આ ગરાસિયાને પણ શૂરાતન ચઢી ગયું. ત્યારે ગરાસિયાનાં બૈરાંએ તેને કહ્યું : 'આ ઘાંચીનાં બૈરાં મને રોજ ટોકે છે, તે તમે કાંઈ કરતા નથી. માટે કંઈક કરતા જાવ.' તે ગરાસિયો તો ગયો ને ઘાંચીની પાંચ-પાંચ શેર વજનની લોઢાની કોશ પડી'તી, તે વાળીને ઘાંચીના ગળામાં હાંસડી પહેરાવી દીધી.

'ઘાંચી તો વિચારમાં પડી ગયો : 'આ શું ?' પછી તે કાઢવા બહુ મથ્યો. પણ શેં નીકળે ? છેવટે ઘાંચીનાં બૈરાં ગરાસિયાનાં બૈરાંને કહે : 'તમારા ધણીને કહો જે હાંસડી કાઢે.' ત્યારે તે કટાક્ષમાં બોલે : 'મારા ધણી તો ટેંટા જેવા છે. તે શું કાઢે ?' ઘાંચીનાં બૈરાંને પસ્તાવો બહુ થયો. પણ શું કરે ? પછી ગરાસિયાનાં બૈરાં કહે : 'હવે ફરી જ્યારે વાર આવે ત્યારે વાત.'

'ઘાંચીના ગળામાં પાંચ શેર ભાર લબડે. સૂવામાં, ખાવામાં ભારે દુઃખ પડે. એમ બે વરસે વાર આવી ને ગરાસિયાને તેની સ્ત્રીએ યાદ કરાવ્યું, તે ગરાસિયાએ એકદમ હાંસડી કાઢી નાખી ને લડવા વયો ગયો.

'એમ શૂરવીરપણું આવે તો કામ થાય.'

નહિ તો તાળવું ફાટી જાય

અક્ષર દેરીમાં એક સવારે એક હરિભક્તે સ્વામીશ્રીને પ્રશ્ન કર્યો : 'તમે ક્રિયા કરતાં કેમ સ્મૃતિ રાખો છો ?'

સ્વામીશ્રી કહે : 'તમે તમારો દેહ ભૂલો છો ? જેમ માછલાંને જળ જીવન. જળમાં રહીને હાલવું-ચાલવું સર્વ ક્રિયા કરે છે. એમ અમે બોલીએ, ચાલીએ તે સર્વે ક્રિયા ભગવાનની મૂર્તિમાં રહીને કરીએ છીએ. નહિ તો તાળવું ફાટી જાય.'

'એવી ગુણાતીત સ્થિતિ કેમ થાય ?' હરિભક્તે પૂછ્યું.

સ્વામીશ્રી પ્રેમથી કહેવા લાગ્યા : 'બ્રહ્મ આકારે વૃત્તિઓ કરી દેવી, ઈ રૂપ આપણે માનવું. દેહભાવ ન મનાય. 'હું બ્રહ્મ છું, અક્ષર છું.' મારું-તારું નહીં. દિવ્યભાવ થઈ જવો જોઈએ. પદાર્થ મળે - ન મળે. શબ્દ ન લાગે. માન-અપમાન નહીં. ખાવું-પીવું પડે, પણ આસક્તિ નહીં.

'રયા ભગત સ્વામીને કહે : 'કોણ રયો ?' પણ શેરડી ન મળી ત્યારે અવળું પડ્યું. સ્વામી કહે : 'આ બોલે એ જ રયો.' દેહભાવમાં આવી જાય એ જ રયો. જ્ઞાન સૌ કરે, પણ ટાણું આવે ત્યારે જ્ઞાન રહે તે ખરું.'

'બાપા !' હરિભક્તે મૂંઝવણ જણાવી : 'દેહના ભાવ જોઈને અભાવ-અવગુણ આવી જાય છે.'

સ્વામીશ્રી કહે : 'સંબંધ સામું જોવું. મહિમા સમજવો. કોઈને ઊંઘતા જોઈએ, ખાતા જોઈએ, પણ એને સંબંધ કોનો છે, એમ સમજી મહિમા સમજવો.'

સોમવાર, તા. ૧૫-૯-'૫૮, રાજકોટ, અદાની દેરીએ પધાર્યા.

અહીં મંડળ તરફથી પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું. બાલ-મુકુંદ સ્વામીએ કથામૃતનો લાભ આપ્યો હતો. પ્રસંગોપાત્ત સ્વામીશ્રી વાતો કરતા. લક્ષ્મીદાસ ગણાત્રા, અનડા સાહેબ, નારણભાઈ શેઠ, ભાનુભાઈ ગઢિયા વગેરે ભક્તોનો ઉત્સાહ ખૂબ હતો. અદાની દેરીએ વિશાળ મંડપ બાંધી, પારાયણનું સમગ્ર આયોજન અહીં જ કરવામાં આવ્યું હતું. ચુનીભાઈ, મુગટભાઈ, ઘનશ્યામભાઈ વગેરે ઉત્સાહી યુવકો ખડે પગે સેવા કરતા. ભાદરવા સુદ ૯, રવિવારે પારાયણની પૂર્ણાહુતિ થઈ.

રાજકોટ, તા. ૨૧-૯-'૫૮, સવારના ૫-૩૦ વાગે સ્વામીશ્રીએ યુવકોને સંબોધતાં કહ્યું :

'સત્સંગમાં એમ વાત થાય છે જે, જીવ બ્રહ્મરૂપ થઈ જાય. સ્વામીનો સિદ્ધાંત શું છે ? દેહભાવ ટાળવો ને બ્રહ્મરૂપ થાવું. ક્યારે ટાળવો ? નાની ઉંમરમાં કે ઘડપણે ? જીવ તો 'ગરઢો' થતો નથી, એ તો અજર-અમર છે. જીવની એકતા બ્રહ્મ સાથે કરવી. પછી બ્રહ્મના ગુણ જીવમાં આવે. જેમ ભણવા માટે વિદ્યા સાથે એકતા કરીએ છીએ તેવી. ભણીએ નહિ, વાંચીએ નહિ, તો પાસ ક્યાંથી થવાય ? તેમ બ્રહ્મ સાથે એકતા ન કરીએ, તો બ્રહ્મના ગુણ ક્યાંથી આવે ?

'શબ્દ લાગે તો બ્રહ્મના ગુણ નથી આવ્યા. શબ્દ આકાશનો ભાગ થઈ જાય તો બ્રહ્મના ગુણ છે.

'દેહમાં શું છે ? નરકનો છે. 'ભગવાનભાઈ બહુ સારા,' પણ સારું છે શું ?

જીવ સોંપવો. મોટાપુરુષને જીવ સોંપ્યો હોય પછી એને ફકર. જગતના ઘાટ ન થાય. આ પથ્થરના મકાનને ઘાટ થાય ? સંકલ્પ મટી જાય. સ્વામીએ હરિશંકર-ભાઈનો હાથ પકડી કહ્યું : 'ખબડદાર સંકલ્પ કર્યો છે તો ?' છાતી કાઢી સમાગમમાં બેસવું. ખટકો રાખવો.

'સંશયગ્રંથિ એટલે શંકા ન થાય. હૃદયગ્રંથિ શું ? સ્ત્રી નીકળી જાય. બ્રહ્મવિદ્યા ભણાવવી છે તે શું ? બ્રહ્મને ઓળખ્યા તે. વખાણ સારા ન લાગે. દેહના શું વખાણ ? વખાણ થાય તો ઝાંખપ આવવી જોઈએ. કવાયત ચાલે છે. પાસ થઈ પહેલો નંબર લેવો. ક્રોધ ન આવવા દેવો. માન ન આવવા દેવું. સ્વાદ કાઢી નાખવો.

'આપણે પીરસવા રોકાણા હોઈએ ને લાડુ ન વધે, તો એમ ન કહેવું કે કેમ ન વધ્યા ? 'લાવો છાશ-રોટલો,' એમ કહી ખાઈ લેવું. આસક્તિ ન જોઈએ. ગાદલું પાથરી સૂઈએ તો ઊંઘ વધારે આવે ? હેઠા સૂઈ રહેવું. ક્રોધ મટી જાય. રીસ ચઢતી મટી જાય. ક્રોધ ગીયો એટલે બધું ગીયું.

'આપણે અત્યારે રાજકોટમાં ૫૦ યુવક કર્યા છે, પણ ૫૦૦ એવા કરો કે જ્ઞાનની સ્થિતિવાળા. કેવી શાંતિ થાય ! દેહભાવ નીકળી જાય. ગુણાતીતભાવ આવે. દેહભાવમાં શબ્દ લાગે. ભગતજી મહારાજને જમવા બેસાડેલા. ઊઠ, એમ કહી બીજે બેસાડે. એમ સો વાર બેસાડ્યા અને સો વાર ઉઠાડ્યા, પણ રીસ નહિ. આ તો થાળી પછાડી વયો જાય. મહારાજ કહે : 'હું હાટકેશ્વર મહાદેવ ગયો. ૧૫ વાર જમતાં ઉઠાડ્યો, ૧૬મી વાર જમીને ઊભો થઈ ગયો.' આ જ્ઞાનની સ્થિતિ.

'એમ થાય ત્યારે ગુણાતીત બચ્ચા થયા. કોના બચ્ચા ? દેહના બચ્ચા ? દેહના બચ્ચાને દેહભાવ રહે. રાજાનો દીકરો હોય તો કેટલો કાંટો રહે ! આ તો ગુણાતીત બચ્ચા. કેટલો કેફ રહે !

'બળભરી વાત મુખે કરવી...'

'તમે બધા મંડળ ચલાવો છો. સંપ અને સુહૃદભાવ રાખવો. સુખી થાવ અને એકાંતિક ધર્મ સિદ્ધ કરો, એવો અમારો અંતરનો આશીર્વાદ છે.

'તમે ગોષ્ઠિ કરો છો તો કેવો રાજીપો થાય છે ! અંદરોઅંદર ગોષ્ઠિ કરી, અંતરની વાત કરીએ, તો દોષ ન વધે. શ્રદ્ધા રાખવી. શ્રદ્ધા એટલે સત્પુરુષના વચનમાં ટૂક ટૂક. આપણે ત્રણ વાનાં કરવાનાં છે : (૧) યુવકો વધારવા, (૨) ભગવાનના સ્વરૂપનું જ્ઞાન દેવું અને (૩) ધર્મ-નિયમ પળાવવા, એટલે ચારિત્ર્ય

ચોખ્ખું થાય. નીચી દૃષ્ટિ કરી ચાલવું. કાનની વૃત્તિ, આંખની વૃત્તિ નિયમમાં રાખવી. જગતના આઘાપાછા આકાર જોવા નહિ.'

દીનબંધુ દયાના છો સાગર

બરાબર આ જ સમયે, લિલિયા પાસે દાડમામાં, સમૈયા-ઉત્સવોમાં અનોખી શૈલીમાં મહારાજના પ્રસંગો તથા સત્સંગનો મહિમા વર્ણવી, ઇતિહાસની દિલચસ્પી લગાડનાર ભક્તરાજ નારણજી મહારાજ અંતિમ અવસ્થામાં હતા, પણ 'યોગીજી મહારાજ'નું તેમનું સ્મરણ-રટણ ચાલુ હતું. વારે વારે સ્વામીશ્રીને યાદ કરે. તેથી તેમના દીકરા ફૂલચંદભાઈએ તેમના ખોળામાં યોગીજી મહારાજની મૂર્તિ મૂકી. તે જોઈ કહે : 'પ્રગટ રોટલા વગર ભૂખ ભાંગે નહિ.'

છેવટે ફૂલચંદભાઈ સ્વામીશ્રીને તેડવા રાજકોટ આવ્યા. બધી વાત કરી.

ચોમાસાના દિવસો. રસ્તા સારા નહિ. છતાં સ્વામીશ્રી ભાનુભાઈની મોટરમાં તા. ૧૫-૯-'૫૮ સાંજે જવા તૈયાર થયા. હું અને એક સંત સાથે હતા. પૂજા લેવા સ્વામીશ્રીએ કહ્યું. ગોંડલ દર્શન કરી આગળ નીકળ્યા. ત્યાં મોટરનું બંપર તૂટી ગયું. મંદિરે પાછા આવ્યા. ભાનુભાઈ રાજકોટ જઈ સારી ટેક્સી તથા સ્વામીશ્રીના પત્તર વગેરે લઈને આવ્યા.

બીજે દિવસે વહેલી સવારે ૫-૩૦ વાગે નીકળ્યા. આગલા દિવસનો થાક, તેથી થોડી વાર સ્વામીશ્રી પોઢ્યા. પછી કથાવાર્તા કરતાં આગળ ચાલ્યા. ૧૨૦ કિ.મિ. જવાનું હતું. બાબરા હરિભક્તોને મળીને, દાડમાથી એક માઈલ દૂર સડક ઉપર ગાડી ઊભી રાખી.

હવે રસ્તો કાચો હતો. ભાનુભાઈ તથા સંતે એક-એક પોટલું લીધું. એક પોટલું મેં ઊંચક્યું ને બીજા હાથે સ્વામીશ્રીને ટેકો આપ્યો. વરસાદ ઘણો પડી ગયો હતો. તેથી કાચા રસ્તામાં જ્યાં-ત્યાં કાંટા-કાંકરા, ઉપર આવી ગયા હતા, પણ સ્વામીશ્રી ઝડપથી ચાલતા હતા. વચમાં મારા હાથમાંથી પોટલું લેવા તૈયાર થઈ ગયા અને કહે : 'અવસ્થા થઈ એટલે સેવક જોઈએ; નહિ તો અમે પણ મણ મણના ભાર ઉપાડી ચાલતા જતા !'

ઘડીક પાણીનાં ખાબોચિયાં આવે તો ઘડીક કઠણ જમીન આવે. એટલે ચાલવાના ભોમિયા હોય એમ, ઝડપથી બાવળની વાડ ખસેડી સ્વામીશ્રી ખેતરના શેઢે ચાલવા લાગ્યા. રસ્તો કપાતો હતો પણ ઓછો થતો નહોતો. ભૂલા પડ્યા એમ લાગ્યું. તેથી વળી નીચે ગાડાના ચીલે ચાલવા માંડ્યું. જમીન પોચી

હતી. પગ બહુ ખૂંપતા હતા. તેથી સ્વામીશ્રીએ જોડા કાઢી નાખ્યા ને ધોતિયાનો કછોટો મારીને ચાલવા લાગ્યા. કાંકરા વાગતા હતા, પણ તેની પરવા કર્યા વગર સ્વામીશ્રી ઝડપથી ચાલતા હતા. નારણજી મહારાજને જલદી ભેગા થવાની ઉતાવળ ચાલમાં જણાતી હતી. રસ્તામાં કોઈને પૂછીએ : 'કેટલું દૂર ?' તો કહે : 'એક ખેતરવાં;' પણ અંતર જાણે ઓછું થાય જ નહિ. તેથી સ્વામીશ્રી હસતા જાય ને અડવાણે પગે આગળ ધપે જાય.

એવામાં વળી વરસાદ શરૂ થયો. સ્વામીશ્રી કહે : 'રહી જા,' પણ ચાલુ રહ્યો. પગ કાદવમાં એટલા બધા ખૂંપતા હતા કે અમે બંને એકબીજાના આધારે જ આગળ વધતા હતા. ગામમાં આવ્યા. હાથ-પગ ધોયા. ત્યાં સમાચાર મળ્યા કે નારણજી મહારાજ તો સવારે ૪-૦૦ વાગે દેહ મૂકી ગયા. તે જાણી સ્વામીશ્રી ઉદાસ થઈ ગયા.

વરસાદ ચાલુ જ હતો. પલળતાં પલળતાં ગામના સીમાડે સ્મશાને પહોંચ્યા. નારણજી મહારાજનાં પાલખીમાં દર્શન કર્યાં. સ્વામીશ્રીએ દંડવત્ કર્યા. આરતી ઉતારી. ધૂન કરી સૌને શાંતિ આપતાં કહે : 'નારણજી મહારાજ તો ગયા જ નથી. એ તો છે, છે ને છે જ. મારે દર્શનનો ઉમંગ હતો તે પૂરો થયો.'

પછી સૌને વિધિ કરવાની આજ્ઞા કરી, ગામમાં આવ્યા. વરસાદ ચાલુ હતો. સૌ સંપૂર્ણ પલળી ગયા હતા. સ્વામીશ્રી વરસાદ સાથે વાત કરવા લાગ્યા : 'હમણાં રહી જા. અમને કનડ મા. તું સેવા કરવા આવ્યો તો ભલે આવ્યો, પણ હમણાં રહી જા. મહારાજ તારી ઉપર રાજી થશે.'

પછી અમને સૌને કહે : 'મને નારણજી મહારાજે લાડુ ખવરાવીને સાધુ થવા મોકલ્યો હતો. મને આશીર્વાદ આપ્યા હતા કે 'સુખી થઈશ અને હજારો મુક્તો તારા શિષ્યો થશે.' આજે ૫૦ વર્ષ થયાં. એટલે મારે તેમનાં દર્શનની ઈચ્છા હતી, તો દર્શન થઈ ગયાં. એક મહાન પુરુષ સત્સંગમાંથી ગયા. બહુ સમર્થ હતા. તેમની યાદશક્તિ જબરદસ્ત. દાદાખાચરના વિવાહનું તો આબેહૂબ વર્ણન કરે. મારા જીવનપ્રાણ હતા.'

વરસતા વરસાદમાં, કીચડમાં ચાલતાં ચાલતાં સ્વામીશ્રીએ એક ભક્તને ભાવાંજલિ આપી. પોતે જે પરિશ્રમ ને કષ્ટ વેઠી અહીં પહોંચ્યા હતા, એ જ એમના હૃદયોદ્ગારની પ્રતીતિ હતી.

મંદિરે આવી નાહ્યા. જવાની ઉતાવળ હતી, પણ સ્વામીશ્રીએ અચાનક યાદ કરાવ્યું કે 'સાથે ઠાકોરજી છે, તે ભૂખ્યા રહેશે.' તરત મેં ખીચડી, શાક ને

રોટલી બનાવ્યાં. ઠાકોરજીને થાળ ધરી, સ્વામીશ્રીને જમાડ્યા. 'આવી સાદી રસોઈ રોજ હોય તો મજા પડે. આ તો રોજ મિષ્ટાન્ન.' એમ જમતાં જમતાં પોતાની રુચિ જણાવી. જો કે પોતે કદી મીઠાઈ લેતા જ નહિ.

થોડો આરામ કરી, નારણજી મહારાજે જ્યાં દેહ મૂક્યો હતો તે ઘરમાં પધાર્યા. પથારી સામે તેમણે સ્વામીશ્રીની મૂર્તિ દર્શન માટે રખાવી હતી. ભાઈશંકરભાઈએ તે સ્વામીશ્રીને બતાવી. તે જોઈ સ્વામીશ્રી કહે : 'આ તો શ્રીજીમહારાજ.' એમ બે વાર બોલ્યા. ગુણાતીતાનંદ સ્વામી નથુ ભટ્ટને ત્યાં આવતા. તેથી સ્વામીશ્રી કહે : 'આ તો ગુણાતીત ગોકુળિયું ગામ.'

ગાડામાં બેસી સડકે આવ્યા. મોટરમાં કથાવાર્તા કરતાં ૪-૦૦ વાગે રાજકોટ પહોંચ્યા. ભક્તનું સાચું રટણ ભગવાનની શાશ્વત સંનિધિ કરાવી આપે છે, એની આ પ્રતીતિ હતી.

અહીંથી એક દિવસ, અમદાવાદમાં ચંપકભાઈ શેઠને ત્યાં ભાગવત-પારાયણની પૂર્ણાહુતિમાં હાજરી આપી, સ્વામીશ્રીએ સારંગપુર પધારી, જળઝીલણીનો સમૈયો જાળિયે ધરે કર્યો.

ગામમાં પધરામણીઓ કરતાં સ્વામીશ્રી હકાભાઈના ઘરે પધરામણીએ આવ્યા. પૂજા-વિધિ પછી હકાભાઈનાં માતુશ્રીએ કહેવડાવ્યું : 'બાપાને કહો, 'પ્રસાદીનો લીંબડો સુકાઈ ગયો છે તે સજીવન કરે.'

સ્વામીશ્રીને વાત કરી, ત્યારે લીંબડા પાસે ગયા અને થડ પર હાથ મૂક્યો. પછી ધીરેથી લીંબડાને બાથમાં લઈને મળ્યા અને બોલ્યા : 'હવે લીંબડો ફરી સંબંધને પામ્યો. નવજીવન મળશે.'

થોડા જ સમયમાં લીંબડો સજીવન થઈ ગયો અને લીલાંછમ પાનની કૂંપળો ફૂટવા લાગી.

આ લીંબડો શ્રીજીમહારાજે, જે લીંબડાની ડાળને હાથ અડાડી પ્રસાદીનો કર્યો હતો, તેની ડાળ રોપીને ઉછેરેલો. તે ફરી સ્વામીશ્રી દ્વારા શ્રીજીમહારાજના સંબંધને પામ્યો અને નવપલ્લવિત થઈ ગયો.

એક પ્રચલિત લોકવાણી

આ વખતે લાલજીભાઈ, શિવાભાઈ, અમરશીભાઈ, માવજીભાઈ આદિ સર્વ હરિભક્તોએ સ્વામીશ્રીને ખાંભડા પધરાવ્યા. એ સમયે વરસાદની બહુ ખેંચ હતી. તેથી ગામલોકોએ સ્વામીશ્રીને પ્રાર્થના કરી.

'વરસાદ વરસાવે એક યોગીજી મહારાજ, બીજા કોઈની શક્તિ નથી' – એવી એક લોકવાણી એ વખતે પ્રચલિત બની હતી. સ્વામીશ્રીની શક્તિમાં લોકોને ગજબનો વિશ્વાસ હતો. સ્વામીશ્રીએ આટલા બધા ભાવિકોની પ્રાર્થના સાંભળી, સભામાં જ આકાશ તરફ ઊંચો હાથ કર્યો ને ધૂન શરૂ કરાવી. ઘડીભરમાં વાદળાં જામી ગયાં અને ધોધમાર વરસાદ શરૂ થઈ ગયો. નદીમાં પૂર આવી ગયું.

ગામના દરબારો સ્વામીશ્રીના આ ઐશ્વર્યથી બહુ જ પ્રભાવિત થયા. અને જ્યાં સ્વામીશ્રીનો ઉતારો હતો, ત્યાં દર્શને આવ્યા. પરિણામ એ આવ્યું કે લાંબા વખતથી દરબારો અને પટેલો વચ્ચે જે વૈમનસ્ય હતું, તેનો સ્વામીશ્રીના સાંનિધ્યમાં જ અંત આવ્યો અને ગામલોકોએ શાંતિનો સુખદ અનુભવ કર્યો.

શુક્રવાર, તા. ૨૬-૯-'૫૮, બપોરે ગઢપુર પધાર્યા. ઘેલા-સ્નાન તથા મોટા મંદિરે તેમજ લક્ષ્મીવાડીએ દર્શનનો અહીંનો નિશ્ચિત ક્રમ હતો જ. ગઢપુર મંદિરનું કામ જલદી, સારી રીતે પૂરું કરવા ઈશ્વરભાઈ દાજીને આશીર્વાદ આપી ભલામણ કરી. નગરશેઠ મોહનભાઈ મોતીચંદને ત્યાં પધરામણી કરી, તેમના ચિ. મહેન્દ્રભાઈને સત્સંગ સારો થાય એવા રૂડા આશીર્વાદ આપ્યા.

આ પ્રસાદ અક્ષરધામનો છે

આ વખતે આફ્રિકાના સી.ટી. પટેલ સાથે હતા. સ્વામીશ્રીના સમાગમનો લાભ લેવા ઘણાં ગામડાંનાં મંડળો આવ્યાં હતાં. સ્વામીશ્રી ગોપીનાથજી મહારાજ, લીંબતરુ તથા અક્ષર ઓરડીનાં દર્શન કરી, લક્ષ્મીવાડીએ પધાર્યા. ત્યાંના બ્રહ્મચારી બાલકૃષ્ણાનંદજી સ્વામીશ્રી પ્રત્યે ખૂબ જ હેત રાખતા. સ્વામીશ્રીએ સર્વ હરિભક્તો પાસે ભેટ મુકાવી. બ્રહ્મચારીએ સ્વામીશ્રીને પુષ્પહાર પહેરાવ્યો અને પ્રસાદીના મગજના ચાર લાડુ આપ્યા.

સ્વામીશ્રી ડભાણિયા આંબાની જગ્યાએ સભા કરીને બેઠા અને બધા હરિભક્તોને અડધો અડધો લાડુ પ્રસાદી આપવા લાગ્યા. આ વખતે શ્રાવણ માસનાં એકટાણાં હતાં, પરંતુ સ્વામીશ્રીએ કહ્યું : 'બધા હરિભક્તોને એકટાણાં છે, પણ આ પ્રસાદ અક્ષરધામનો છે. તેથી આપણે પ્રસાદી લેવી.' એમ કહીને લગભગ ૧૫૦ હરિભક્તો હતા, તે સૌને લાડુ આપ્યા. છતાં ચારના ચાર લાડુ વધ્યા. એટલે સ્વામીશ્રી કહે : 'આટલી પ્રસાદી મંદિરમાં સેવકમાત્રને આપજો.' એમ કહી, સ્વામીશ્રીએ એ પ્રસાદી સેવામાં રહેતા એક યુવકને સોંપી.

પ્રમુખસ્વામીને રાજી કરી લેજો

અહીં રાત્રે ઉકાળો લેવા બેઠા, ત્યારે કોઠારી હરિજીવનદાસ પ્રમુખસ્વામીનું કાંઈક ઘસાતું બોલ્યા. ત્યારે સ્વામીશ્રી કહે : 'મારા ગળાના સમ, પ્રમુખસ્વામીનો અભાવ લાવશો નહીં. મને જે કહેવું હોય તે કહેજો.'

બીજે દિવસે કોઠારીએ વિનુ ભગતને પ્રમુખસ્વામીના અભાવની વાત કરી. તેમણે સ્વામીશ્રીને આ વાત કરી.

સ્વામીશ્રીએ કોઠારીને એકાંતમાં બોલાવ્યા ને હાથ જોડી કહે : 'પ્રમુખસ્વામીનો કાંઈ વાંક નથી. આવી અભાવની વાત ન કરવી. શાસ્ત્રીજી મહારાજે નીમ્યા છે, અલૌકિક સ્થિતિ છે. આપણે જે કામ હોય તે તેમને જ કહેવું. બીજાને ન કહેવું. તમે તો બુદ્ધિશાળી છો. વાતમાં બધું સમજી જાવ. પ્રમુખસ્વામીને રાજી કરી લેજો.'

સ્વામીશ્રીની પ્રેમાળ વાણી સાંભળી કોઠારીને ભૂલનો પસ્તાવો થયો. અને કહ્યું : 'આજથી અભાવ નહીં લઉં, પણ તમે રાજી રહો.'

અહીંથી હીરજીભાઈની તબિયત સારી ન હોવાથી, તેમને જોવા ભાવનગર પધાર્યા. મદ્રાસના ભૂતપૂર્વ ગવર્નર મહારાજા કૃષ્ણકુમારસિંહજીને બંગલે પધરામણી કરી. કથા-કીર્તન કરી, તેમને આશીર્વાદ આપી, શાંતિ પમાડી.

રાજકોટ થઈ, સીદીભાઈના શ્રાદ્ધ નિમિત્તે તા. ૩૦-૯-'૫૮, રાત્રે ગોંડલ આવ્યા. શરદ પૂનમના ઉત્સવની સૂચનાઓ આપી. શાસ્ત્રીજી મહારાજનું શ્રાદ્ધ કરવા બધાએ બહુ આગ્રહ કર્યો, પણ સ્વામીશ્રી સારંગપુરમાં જ એ શ્રાદ્ધ-ઉત્સવનો નિયમ સાચવવા, આગ્રહને વશ ન થતાં, સારંગપુર જવા નીકળ્યા.

બોટાદની ટિકિટનું રિઝર્વેશન થઈ ગયું. ભગવત્‌સિંહજી તથા અન્ય હરિભક્તો પણ સાથે હતા. સ્વામીશ્રીએ અચાનક ભગવત્‌સિંહજીને બોલાવ્યા ને કહે : 'આપણે જસદણ ઈશ્વરભાઈ માસ્તરને મળીને બોટાદ જવું છે. માટે રેલવેની ટિકિટ રદ કરાવો. મોટરમાં જાશું.'

'પણ બાપા !' ભગવત્‌સિંહજીએ વિનંતી કરી : 'ટ્રેનને દોઢ જ કલાકની વાર છે. વળી, તેમને વળતાં મળીએ તો ?'

સ્વામીશ્રીએ જરા ઉતાવળા થતાં કહ્યું : 'ઈશ્વરભાઈ આપણને બહુ સંભારે છે ને એમને હૈયામાં અશાંતિ બહુ છે. તે દુઃખ ભાંગવું છે. મોડા ગયે નો હાલે. વહેલા જવું જોઈએ.'

સ્વામીશ્રીની આટલી તાલાવેલી અને મરજી જોઈ કોઈ બોલી ન શક્યું, પરંતુ આટલો આગ્રહ વધુ રહસ્યમય લાગ્યો.

સૌ બીજે દિવસે વહેલી સવારે ચાર વાગે ગોંડલથી નીકળી છ વાગે તો જસદણ આવી પહોંચ્યા. અહીં આવતાં ઈશ્વરભાઈની ઉદાસી જોઈ સૌને ખ્યાલ આવ્યો કે ભક્તવત્સલ સ્વામીશ્રી અહીં કેમ દોડી આવ્યા હતા.

થોડા જ દિવસ પહેલાં તેમનાં પત્ની પ્રાઈમસ પેટાવતાં સખત દાઝી અક્ષરનિવાસી થયાં હતાં. તેનો આઘાત તેમના દિલને દઝાડતો-ઉદ્વેગ પમાડતો હતો. તેઓ શૂન્યમનસ્ક થઈ ગયા હતા. સ્વામીશ્રીએ તેમને આશીર્વાદ અને સાંત્વન આપતાં કહ્યું : 'બધું સારું થશે.' તેઓ તો સ્વામીશ્રીની આગતા-સ્વાગતા કેવી રીતે કરવી એ વિચારમાં હતા. ત્યાં સ્વામીશ્રીએ હેતથી તેમની છાતી ઉપર હાથ ફેરવ્યો. ઈશ્વરભાઈને પરમ સુખનો અનુભવ થયો. શોક ટળી ગયો. અને સ્વામીશ્રી ઉકાળા-પાણી કરી, ભૂપતસિંહજીને ત્યાં પધરામણી કરી, સારંગપુર જવા નીકળી ગયા.

રસ્તે ભગવત્સિંહજી કહે : 'બાપા ! આપ ન આવ્યા હોત તો ઈશ્વરભાઈ આઘાત અને દુઃખમાં કદાચ ગાંડા થઈ જાત. વળી, બાળકો પણ દુઃખી દુઃખી થઈ જાત.'

'હા,' સ્વામીશ્રીએ મર્મમાં કહ્યું : 'સંસારમાં બહુ દુઃખ છે, પણ જીવને વાસના અને મમતા તે સૌથી મોટાં દુઃખ ! જીવ બધા એને સુખ માનીને ઈતરડીની જેમ વળગ્યા છે. આપણો જોગ થઈ જાય તો શાંતિ થઈ જાય, મમત્વ ટળી જાય ને વાસના નિર્મૂળ થઈ જાય.'

સ્વામીશ્રી જે શાંતિ આશીર્વાદ અને સ્પર્શમાત્રે આપી શકે તેમ હતા, તે શાંતિ આપવા ભક્તની સમજણ પણ ચકાસતા. જ્ઞાન-સમજણ વિના શાંતિ કદી પ્રાપ્ત થતી નથી, એ વાતની સ્વામીશ્રીએ આ ઉપદેશ દ્વારા ચોટ લગાડી હતી.

બોટાદ આગળ મોટર માંદી પડતાં એકાદ કલાક ખોટી થયા, તે રાત્રે ૧-૩૦ વાગે સારંગપુર આવી પહોંચ્યા.

ભાદરવા વદ ૪, દેરીએ ગુરુના શ્રાદ્ધ નિમિત્તે દૂધપાકની રેલમછેલ કરી, સૌને સુખ આપી, બોટાદ પધરામણી કરી, ટ્રેનમાં ચૂડા થઈ નવાગામ પધાર્યા.

વર્ષોવર્ષ આ સમયે સ્વામીશ્રી આ ભાલ પ્રદેશમાં વિચરતા. અહીં મહારાજ અને પરમહંસો બહુ વિચરેલા. સત્સંગ જૂનો. સત્સંગની પ્રણાલિકાઓ પણ અહીં જીવંત. કારણ, હરિભક્તો પણ એવા નિયમ, નિશ્ચય ને પક્ષવાળા. તેથી સામાન્ય

સંતોનો તો આ વિસ્તારમાં જરાય પ્રભાવ પડે જ નહિ. ત્યાગ-વૈરાગ્યની છટાવાળા સાચા સંતો જ આ ભૂમિના માણસોને હૈયે વસી શકે. તેથી આ બાજુના હરિભક્તોને સ્વામીશ્રીની બહુ જ ખેંચ રહેતી. કથાવાર્તામાં પારંગત કાનજીભાઈ સોની અને મોહનભાઈ બગડને સ્વામીશ્રી આ પ્રદેશમાં સાથે ફેરવતા.

નવાગામમાં એક હરિભક્તને ત્યાં મહારાજનાં પ્રસાદીનાં ચરણારવિંદ જેવી-તેવી હાલતમાં હતાં; તેને મઢાવી, સારી રીતે ટાકામાં પધરાવવા સ્વામીશ્રીએ આજ્ઞા કરી. તે સમયે સ્વામીશ્રીએ ચરણારવિંદની આરતી ઉતારી.

સાધુતાનું વિરાટ દર્શન

શનિવાર, તા. ૪-૧૦-'૫૮, સાંજે મોજીદડ પધાર્યા. ચાર દિવસ રોકાયા. રોજ કથાવાર્તા, કીર્તન અને રાસની રમઝટ બોલતી. ગણેશ ભગત સાથે સ્વામીશ્રી જ્ઞાનગોષ્ઠિ કરતા. બાલુભા, કસળચંદ શેઠ, રામજીભાઈ વગેરે ભક્તોએ સારી સેવા કરી.

અહીં કથા પ્રસંગમાં મુદ્દાની વાત કરતાં સ્વામીશ્રીએ કહ્યું : 'મોટાપુરુષ રાત-દિ' પડકારા કરનારા મળ્યા છે. ચાર વાત જીવનું જીવન. એમાં સુહૃદપણું રાખવું. આપણી લાખ ભૂલો કાઢે, તો કબૂલ રાખવી. 'તું મને કોણ કહેવાવાળો ?' એમ ન કહેવું. પક્ષે કરીને સુહૃદપણું રહે છે. વ્યવહારને લીધે સુહૃદપણું જતું રહે. મોટાપુરુષ અને ભગવાનનો મહિમા હોય, તો સહેજે રહે.'

આ પ્રદેશના વિચરણમાં સ્વામીશ્રી બ્રાહ્મણ યુવકો પાસે રસોઈ કરાવતા. સંતો મદદ કરે. પોતે પણ રસોડામાં પધારી, સેવા કરવા લાગી જાય. રસોઈની ઝીણી સૂઝ આપે. મંદિરના કૂવામાંથી પાણી ખેંચવાનું, રસોઈ કરવાની, ચોખ્ખાઈ રાખવાની વગેરે સુંદર તાલીમ સ્વામીશ્રી યુવકોને આપતા.

ખાસ કરીને બપોરે વાસણ ઊટકવા માટે મંદિર પાછળ નદીએ જવું પડતું. ભાદરવામાં પણ બપોરે નદીની રેત સારી તપતી. તેમાં દોટ મૂકીને યુવકોને જવું પડતું. ભાગંભાગમાં મંદિરનું એકાદ નાનું વાસણ પણ રહી ન જાય, તેની સ્વામીશ્રી ખાસ દરકાર રખાવતા. વાસણ ઊટકાઈ જાય પછી તપેલાં, થાળી, વાટકા, લોઢી, તાવેથો, ચમચા વગેરે નાની ચીજો પણ સાવચેતીથી ગણાવતા. ગામડામાં મંદિરનું કે હરિભક્તનું કાંઈ નુકસાન ન થવું જોઈએ, તેની પૂરી કાળજી લેતા. અને પોતાનો દાખલો આપતા કે 'અમે તો આ બધું વર્ષો સુધી એકલા હાથે કર્યું છે. તે વખતે કયો યુવક મદદમાં હતો ?'

તે વખતે સ્વામીશ્રી સાથેના સાધુ વૃદ્ધ હોય, તેથી તેમની પણ સેવા કરવાની રહે. પોતાને તો લેશપણ સારું જમવાની ઇચ્છા નહિ; પણ હરિભક્તોને રાજી કરવા સ્વામીશ્રી ગામોગામ, લાકડાંના બળતણના ધુમાડા ખાઈખાઈને લાડુ, દાળ, ભાત, શાક તથા ફૂલકા બનાવતા. અને બાર એક વાગ્યા સુધી રસોડાની ધૂણીમાં ભજન કરતાં કરતાં, શાંતિથી, આનંદથી ઠાકોરજીનો થાળ બનાવી, ખૂબ ઉત્સાહથી અને પ્રેમથી ઠાકોરજીને મનોમન વારંવાર આગ્રહ કરી કરીને જમાડતા. ઓછામાં ઓછા પાંચ થાળ તો ઊંચે સાદે ડોલતાં ડોલતાં ગાય, ત્યારે સાક્ષાત્ મહારાજને જમાડતા હોય એવી પ્રતીતિ થયા વગર રહે નહિ. અને પછી એથી અધિક વાત્સલ્યથી પહેલાં નાના-મોટા બધા હરિભક્તોને આગ્રહ કરી કરીને જમાડે. પછી જેની રસોઈ હોય, તેના ઘરનાં માણસોને માટે પૂરેપૂરી રસોઈ જુદી કાઢી આપે. અને છેલ્લે વધ્યું-ઘટ્યું, ઊભા પગે બેસી, જેમ-તેમ જમી લેતા ભક્તોએ તેમને જોયા હતા.

હરિભક્તો આગ્રહ કરે ત્યારે, 'બહુ સારી રસોઈ થઈ, સાક્ષાત્ મહારાજ જમ્યા, તમે બહુ સેવા કરી, જાવ કથા કરો, હું હમણાં આવું છું,' – એવા પડકારા કરી બધાને દૂર મોકલી દે. મિષ્ટાન્નને તો અડકવાનું પણ નહિ. કોઠીમાં દાણા ભરે તેમ બધું ચોળીને, પાણીની અંજલિ નાખી, ગળા નીચે ઉતારી દેવાનું. સ્વાદની કોઈ તમા નહિ. સેવાનો આનંદ ! મૂર્તિનો આનંદ ! જાતે વાસણ ઊટકવાનાં, ચોકો કરવાનો, ચૂલા લીંપવાના. બધું એટલા જ આનંદથી કરવાનું. અને પછી કથાવાર્તા-મુખપાઠ. ત્યાં ૩-૩૦ વાગે ઠાકોરજીના ઉત્થાપન પહેલાં ધ્યાન-માનસી. નદીએ સ્નાન. સાંજે આરતી. ધૂન-કીર્તનના ઝપાટા પણ પોતે જ બોલાવે. મોડી રાત્રે કથાવાર્તા, ચેષ્ટા કરી, ગોરખ આસન વાળી આરામ કરવા રજા આપે. આ સેવા અને ભક્તિનાં પૂરમાં આળસ, નિદ્રા ને થાક તો ક્યાંક તણાઈ જાય.

આવું કડીતોડ વર્તન અને ભજનની ખુમારી જેનામાં હોય, તેવા પુરુષનાં વચનો જ શહેરના એશ-આરામી યુવાનોનાં કાળજાંને વીંધી શકે. સૌ યુવાનો એમના ઇશારા પર ન્યોછાવર થઈ જતા. છતાં સૌને મનમાં એમ રહ્યા કરતું કે ત્યાગ, વૈરાગ્ય, સેવા, ભક્તિની મૂર્તિ સમા આ પુરુષને આપણે શું રાજી કરવાના છીએ ? એમની સાધુતાના વિરાટ સ્વરૂપ આગળ સૌ અતિ વામણા લાગતા. તેથી જ તો સૌ એમની પાછળ કુરબાની કરી રહ્યા હતા.

આ સૂકા ને સાદા પ્રદેશમાં ફરવાનું સ્વામીશ્રીને બહુ ગમતું. વહેલી સવારથી મોડી રાત સુધી સેવા, ભજન, ભક્તિ, ધ્યાનનો કાર્યક્રમ સતત ચાલે.

બબે ત્રણ-ત્રણ દિવસે ઉપવાસ તો ખરા જ. આથી આ પ્રદેશના ભક્તોમાં પણ સ્વામીશ્રીની ઊંડી છાપ. એટલે સ્વાભાવિકપણે હેત અને નિષ્ઠા થયા વગર કેમ રહે ! આમ, ઉપદેશ કરતાં પણ સાધુતાના અદ્ભુત પ્રતિભાવથી જ સ્વામીશ્રીએ ગામોગામ, પછી તે કાઠિયાવાડ હોય કે ગુજરાત, કે પછી સુરત, અમદાવાદ કે મુંબઈ જેવાં શહેર હોય, લોકોને આધ્યાત્મિક માર્ગની સતત પ્રેરણા આપી.

અહીં સ્વામીશ્રીએ વાત કરી હતી કે શાસ્ત્રીજી મહારાજે મોજીદડ, ચચાણા અને કેરિયા – આ ત્રણ ગામો માટે સારંગપુર મંદિર કર્યું.

અડચણો એ જ આનંદ !

મંગળવાર, તા. ૭-૧૦-'૫૮, સાંજે સુદામાની વહેલ જેવી મોટરમાં સ્વામીશ્રી મોજીદડથી કંથારિયા જવા નીકળ્યા. એ જમાનામાં રાજા-મહારાજાઓએ ઘસી નાખેલી ખખડધજ મોટરો કાઠિયાવાડનાં ગામડાંમાં ક્યારેક મળી આવતી, ત્યારે સોનાનો સૂરજ ઊગેલો સૌને લાગતો. સ્વામીશ્રી તો જૂનાં સાધનો, ગાડાં વગેરે વાહનોના જ હિમાયતી અને પ્રેમી હતા. જ્યાં પગ તળે હજારો ગાઉ ખેડી નાખ્યા હોય, ત્યાં ગાડાની પણ એમને તો અપેક્ષા રહેતી જ નહિ.

બન્યું પણ એવું જ. મોજીદડથી એક માઈલ ઉપર જ મોટરને ઝાડ સાથે ઠીક અકસ્માત થયો. જો કે કોઈને વાગ્યું નહિ. અહીં એક જીર્ણ કૂવાના થાળામાં સભા કરી સ્વામીશ્રી બિરાજ્યા. જૂની સ્મૃતિ કરતાં બોલ્યા કે 'આ તો મોતી સવાનું ખેતર. અહીં અમો પોંકનો ઉત્સવ કરવા આવતા.' પછી ચાલુ માસના 'સ્વામિનારાયણ પ્રકાશ'નો પાઠ કરાવ્યો. ગોડી બોલી, આરતી કરી. અંધારું થતાં મોજીદડના હરિભક્તો પેટ્રોમેક્સ અને પાણી લઈને આવી પહોંચ્યા. બીજી બાજુ કંથારિયાથી એક પછી એક ઘોડેસવારો, દરબારો, સ્વામીશ્રીને મોડું થવાથી ખબર કાઢવા આવવા લાગ્યા. મોટર સમી થાય એમ નહોતું. તેથી સૌનાં મંતવ્યો લઈ સ્વામીશ્રી પાછા મોજીદડ પધાર્યા. બીજે દિવસે વહેલી સવારે ગાડામાં કંથારિયા આવ્યા.

આગલે દિવસે મોટરને અકસ્માત થયો ત્યારે સ્વાભાવિક સૌનાં મન ઉદ્વિગ્ન થઈ ગયાં, પણ સ્વામીશ્રી તો સ્વસ્થતાથી ભજન-કીર્તન કરવા લાગ્યા. જેથી સૌને અકસ્માત થયો, તકલીફ પડી, મોડું થયું, સામે ગામ કઈ રીતે પહોંચવું, એ બધી ચિંતાઓ ક્યાંય વિસરાઈ ગઈ. 'અહીં તો પોંકનો ઉત્સવ કરતા' એમ કહી સ્થળ અને વાતાવરણને સ્વામીશ્રીએ આનંદમાં મૂકી દીધાં.

ગામડાંમાં સ્વામીશ્રી ફરતા ત્યારે સાંજના ભાગમાં હરિભક્તોનાં ખેતરમાં કે વાડીએ નાહવા જતા. પછી પોંક, મગફળી કે શેરડીના ઉત્સવો કરતા. એમને મન આ કાંઈ ઉજાણી નહોતી, પણ અહીં હરિકૃષ્ણ મહારાજને સ્નાન કરાવી, ખેતરનો આ મેવો ઠાકોરજીને ધરવામાં જ સ્વામીશ્રીને અધિક આનંદ અને ઉત્સવ હતો. પછી સૌને સ્મૃતિ રહે એમ સ્વામીશ્રી ખોબે ખોબે પ્રસાદી વહેંચતા. તેથી હરિભક્તોને પ્રસાદની ઉજાણી થતી. સ્વામીશ્રી તો પ્રસાદના બે-ત્રણ દાણા મોઢામાં મમળાવી, ઉત્સવનો આનંદ લેતા ને આપતા.

ભક્તિનો અખૂટ ખજાનો

કંથારિયાના દરબારોએ હંમેશ મુજબ ઘોડાઓ ઉપર અસવાર થઈ, શણગારેલાં ગાડાંઓમાં સ્વામીશ્રી તથા સંતો-હરિભક્તોને બેસાડી, ઢોલ-ત્રાંસા વગાડતાં દરબારી ઠાઠથી સ્વાગત કર્યું. દશમની તિથિએ શ્રીજીમહારાજનું શ્રાદ્ધ સ્વામીશ્રીએ અહીં કર્યું. સૌ દરબારોને જમાડ્યા, રમાડ્યા.

એકાદશીને દિવસે નિર્જળા ઉપવાસ હતો. તેથી સવારથી જ સૌ યુવકો ઢીલા પડી ગયા હતા. પણ સ્વામીશ્રીએ કહ્યું : 'ઠાકોરજીને તો થાળ ધરવો પડે.'

પછી હરિકૃષ્ણ મહારાજ માટે શીરો, પૂરી, શાક, દૂધ વગેરે અમારી પાસે તૈયાર કરાવ્યું. પછી ખૂબ ભાવથી જાતજાતના થાળ બોલી ઠાકોરજીને જમાડ્યા. સ્વામીશ્રીને પણ નિર્જળા ઉપવાસ જ હતો, પણ ઠાકોરજીને જમાડતાં એમના મુખ ઉપર સતત ભક્તિરસ-બ્રહ્મરસ ઢળતો હતો, તે સૌએ નજરે નિહાળ્યું. નવધા ભક્તિનો આનંદ સ્વામીશ્રી બહુ લૂંટતા, ત્યારે સાથે ફરતા યુવકોને પ્રતીતિ થતી કે 'આ બાવા પાસે ભક્તિની કોઈ અખૂટ મૂડી છે. તે એનો હરખ ક્યારેય ખૂટતો નથી. લૌકિક પરિબળોની એના ઉપર કોઈ આણ નથી. ભાદરવાના તાપમાં, ગામડાંનાં એ ગારમાટીનાં મંદિરો ને ઘરોમાં, ભક્તિનો આનંદ માણતા એ થાકતા નથી.' આ કુતૂહલ યુવકોના અંતરાત્માને ઢંઢોળી જતું. સ્વામીશ્રીમાં એમની આસ્થાને વધુ મજબૂત કરતું.

તા. ૧૦-૧૦-'૫૮, એકાદશીએ કંથારિયામાં રાત્રે ૮-૦૦ વાગે સ્વામીશ્રીએ ગાદીના છેડે બેસીને પ્રેમથી વાતો કરી; જાણે ઉપવાસ કર્યો જ નથી. એમના જ શબ્દોમાં કહીએ તો બે વાટકા સુરતી દૂધપાક ચડાવ્યો હોય ને જેવો કેફ હોય, તેથી અધિક કેફમાં વાતો કરતા હતા :

'આપણે કથાવાર્તા કરીએ, મંદિરે જઈએ, પણ લોયાનું ત્રીજું વચનામૃત

સિદ્ધ કેમ થતું નથી ?

'નિશ્ચય ને મહિમા નથી. તન, મન, ધન 'યાહોમ' થઈ જાય. દાદાખાચરને મહારાજ સિવાય કોઈ વહાલું નહોતું.

'શૂળી ઉપર શયન કરાવે, તોય સાધુને સંગે રહીએ રે...'

'આ સાખી સાંભળી હોય તો દેશકાળ ન લાગે. આ સાખી સમજાણી હોય, તો સત્પુરુષ ટોકણી કરે તો અભાવ ન આવે. ભીડો વેઠવો ગમે. બાયડી-છોકરાંનો કેમ ભીડો વેઠીએ છીએ !'

પગના કૂચા થઈ જાય છે

આમ, એકાદશીએ આખો દિવસ કથાવાર્તા થઈ. અહીં ગામના પાદરે, તળાવે, સ્વામીશ્રી ભક્તો સાથે નાહવા પધારતા. સાથે ફરતા યુવકોના ઉપવાસના થાક ને ભૂખને હળવા કરતા. એકાદશીને દિવસે રાત્રે ૧૨-૩૦ વાગતા સુધી કથાવાર્તા થઈ. નિર્જળા ઉપવાસમાં કોઈને રાત્રે ઊંઘ તો આવે નહિ. તેથી વહેલી સવારે ૩-૦૦ વાગે સ્વામીશ્રી જાગ્યા અને યુવકોને બોલાવી મહિમા અને બળની વાતો કરાવી.

પછી કહે : '૧૭ રોગ છે. તે દાબીને વર્તીએ છીએ. ત્યારે પધરામણી થાય છે. પગના કૂચા થઈ જાય છે. બીજા તો મંદિરમાં પડ્યા રહે. ગામડે ફરે નહિ.'

રાત્રે પારણાનાં લીંબુ આવ્યાં નહિ. તેથી ભાઉભા અને સામંતસિંહે મોડી રાત્રે ત્રણ ગાઉ દૂર જઈ, લીંબુ આણ્યાં. સવારે આ વાત જાણી ત્યારે સ્વામીશ્રી ખૂબ રાજી થયા અને કહ્યું : 'શાસ્ત્રમાં તમારાં નામ લખાશે.'

અખંડ પરચો

અહીં મોડભા તથા ઓધુભાએ સારી સેવા કરી. પારણાં કરી, સવારે વાગડ જવા નીકળ્યા. રસ્તામાં સોનઠા ગામે પધરામણી થઈ. તાપ ઘણો હોવાથી ઠાકોરજીને જળ ધરાવ્યું તથા સૌ સંતો-હરિભક્તોએ પીધું.

એવામાં દાજી બાપુ આવી પહોંચ્યા. તેઓ પાણી પીવામાં રહી ગયા હતા. કૂંજો ખાલી થઈ ગયો હતો. એક ટીપું પાણી નથી તેમ સેવકે જણાવ્યું. છતાં સ્વામીશ્રીએ કૂંજાના મોઢા આગળ હાથ મૂકી, દાજી બાપુના લોટામાં કૂંજો નમાવ્યો અને બોલતા ગયા કે 'મહારાજ ! પરચો પૂરો. પરચો પૂરો.'

સૌના આશ્ચર્ય વચ્ચે કૂંજામાંથી બરાબર લોટો ભરાય એટલું જ પાણી

નીકળ્યું. દાજી બાપુના આનંદનો પાર ન રહ્યો. સંતસ્વામી, સનાતન સ્વામી, કાનજીભાઈ સોની, મોહનભાઈ બગડ, મધુ તથા હું અમે સૌ તાજુબ થઈ અહોભાવમાં ડૂબી ગયા.

આગળ ખારવામાં આ પરચાની વાત નીકળી. ત્યારે કાનજીભાઈ સોનીએ સ્વામીશ્રીના વચનથી ભાવનગરમાં બોરતળાવ ભરાઈ ગયું હતું, તે પરચાની વાત કરી. તે સાંભળી સ્વામીશ્રી જરા ખિન્ન વદને કહેવા લાગ્યા : 'એ તો મહારાજ પરચા પૂરે. આપણે કાંઈ ન કરી શકીએ. આપણે સ્તુતિ કરી જાણીએ. માટે પરચાની વાત ન કરવી, નહિ તો બધા પરચો માગશે. આપણે તો કથાવાર્તા-સેવા કરી, છેલ્લો જન્મ કરી લેવો; એ અખંડ પરચો.'

પછી વરસતા વરસાદે વાગડ પધાર્યા. અહીં સદ્‌ગુરુ ભાઈઆત્માનંદ સ્વામીનું પ્રસાદીનું જૂનું મંદિર છે. અહીં તેઓ ત્રીસ વર્ષ રહેલા. વળી, મહારાજ પણ પધાર્યા હતા.

સ્વામીશ્રીએ યુવકો પાસે આખું મંદિર સારી રીતે સાફ કરાવ્યું. વાસણ ઊટકાવ્યાં. ગાદલાં-ગોદડાં સરખાં કરાવ્યાં. સાંજે સૌ યુવકો સાથે નદીએ સ્નાન કરવા પધાર્યા.

સ્નાન-લીલા સ્વામીશ્રી યુવકો-ભક્તોને રાજી કરવા માટે જ ગોઠવતા. કારણ, પોતે તો બહુ ઊંડાં જળમાં સ્નાન કરતા નહિ. કિનારે લૂગડાં સાથે શરીર પલાળી લેતા, પણ સૌના મસ્તકે મહારાજ-સ્વામીને સંભારીને પ્રસાદી-જળ રેડવાનો અલૌકિક લાભ સૌને આપતા. એટલું આકર્ષણ પણ જબરું હતું. કોઈને નાહવું ન હોય તોપણ આ લાભ માટે અવશ્ય સ્નાન કરતા.

રાત્રે ૧૧-૦૦ વાગે પણ પધરામણી થઈ. સાથે કથાવાર્તા તો ખરી જ. બીજે દિવસે વહેલી સવારે સ્વામીશ્રીએ સૌને નાહ્યા-ધોયા વગર જ નીકળી જવાની સૂચના આપી. પહેલાં તો સૌને સમજાયું નહિ, પણ રસ્તામાં વરસાદ બહુ પડ્યો ત્યારે જ સૌને સમજાયું કે જો વાગડ નિત્યકર્મ કરવા રોકાયા હોત તો નીકળી શકત જ નહિ. આમ, કંથારિયા સહીસલામત પહોંચી ગયા.

મોડભાનો ભાવ પૂરો કરી મેરુભાને ગામ ચચાણા આવી પહોંચ્યા. ગુણાતીતાનંદ સ્વામી તથા મેરુભાની આજે શ્રાદ્ધતિથિ હતી.

અમાસનો સમૈયો નારાયણ ઘરે કર્યો. આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ કહ્યું : 'આપણે અહીં સ્નાન કરવા આવ્યા તે તીર્થનું ફળ લેવું. શુભ સંકલ્પ કરવા. આખો સત્સંગ દિવ્ય જાણવો. ભગવાનના ભક્તોનો ગુણ લેવો. અક્ષર-

પુરુષોત્તમને ઉપાસ્ય મૂર્તિ રાખવા. આજ્ઞામાં રંચમાત્ર ફેર પડવા ન દેવો. આજ્ઞા-ઉપાસના બે પાંખો. મહારાજ વિના કોઈ ભગવાન નથી. મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી એમને રહેવાનું ધામ. ગઢડા પ્રથમ ૫૪ પ્રમાણે સંત મોક્ષનું દ્વાર. એ કાંઈ ભગવાન નથી; ભગવાન એનામાં રહ્યા છે. એવાં લક્ષણ છેલ્લાના ૨૬ વચ. પ્રમાણે જોઈએ.' પછી સૌએ પૂજન કર્યું.

અચારડા સુખડીનો પ્રસાદ લઈ, મોજીદડ આવી જમ્યા. સાંજે પાનડી જવા ગાડામાં નીકળ્યા. ત્યાં રસ્તામાં કલેક્ટર ગોવિંદસિંહજી મળી ગયા. તેઓ સ્વામીશ્રીનાં દર્શને મોજીદડ આવતા હતા. પછી તેમની મોટરમાં પાનડી પહોંચ્યા.

દિવાળી વૅકેશન પડી ગયું હતું. તેથી મુંબઈના પાંચ યુવકો અહીં સમાગમ માટે આવી પહોંચ્યા હતા. તેમને જોઈને સ્વામીશ્રી હંમેશની રીત મુજબ બોલી ઊઠ્યા : *'દોહ્યલા મળવા દાસ, ભલા ભક્ત ભગવાનના.'* પછી યુવકોને ભેટ્યા ને બહુ રાજીપો બતાવ્યો.

પોતાના વહાલા યુવકોને જોઈને સ્વામીશ્રીને હેતનો ઉમળકો આવી જતો. જ્યારે અન્ય યુવકો ખેલકૂદ અને વિષય પાછળ આંધળા થતા હોય, ત્યારે આ યુવાનો સંસારના મોહને તોડી-ફોડીને સ્વામીશ્રીને ખોળે દોડી આવતા. જેનો સ્વામીશ્રીને આનંદ અને સંતોષ હતો.

પાકશાળાના પ્રાધ્યાપક

અહીં રાત્રે સ્વામીશ્રીએ અમને શીરો બનાવતાં શીખવ્યો. પહેલાં તો સ્વામીશ્રીએ સૂચના આપી દીધી કે 'આમ આમ કરવું,' પણ પ્રમાણ ઘણું મોટું હતું. વળી, ગામડાના માટીના ચૂલા, લાકડાંનો તાપ વધુ થાય ને સંકોરીએ તો સાવ ઓછો થઈ જાય. વળી, અંધારું પણ ઘણું હતું. આ બધી મથામણ જોઈ સ્વામીશ્રી જાતે અમારી વહારે આવ્યા અને લાકડાંનો તાપ સરખો કરતા, ઝડપથી શીરો હલાવતા, સ્વસ્થતાથી અમને શીખવવા લાગ્યા. લોટ શેકવાની એમની ચપળતા કાંઈ જુદી જ હતી. વર્ષોના અનુભવનો એમાં જુસ્સો હતો અને એ ફાનસને ઝાંખે અજવાળે પણ સ્વામીશ્રીએ થોડી વારમાં મઘમઘતો બદામી રંગનો શીરો તૈયાર કરી આપ્યો. આમ, બ્રહ્મવિદ્યાની કૉલેજની પ્રયોગશાળામાં યુવકોને રસોડાના પણ નવા-નવા પાઠો શીખવા મળતા. સ્વામીશ્રીએ સૌ ભક્તોને જાતે પીરસીને શીરો જમાડ્યો.

રાત્રે કથાવાર્તા સારી થઈ. ઘણા નવા મુમુક્ષુઓને વર્તમાન ધરાવ્યા.

મંડળની સ્થાપના કરી.

બે દિવસ લીંબડી છગનભાઈને ત્યાં કથાવાર્તાનો લાભ સૌને આપ્યો. બાળ-યુવક મંડળે મુખપાઠ અને સંવાદ સાથે સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો હતો.

વળતે દિવસે સાંજે ટ્રેક્ટરમાં ખારવા જતાં રસ્તામાં જૂની વાતો કરી : '૪૦ વર્ષ પહેલાં મને વિચાર થયો હતો કે 'વઢવાણમાં અક્ષરપુરુષોત્તમની મૂર્તિનાં સૌ ખૂબ વખાણ કરે છે, તે કેવા હશે ?' તે સ્વપ્નમાં અક્ષરપુરુષોત્તમ મહારાજનાં દર્શન થયાં. મહારાજે પીળાં પીતાંબર પહેરેલાં.'

સ્વામીશ્રી એક પછી એક પોતાના પ્રસંગો કહેતા હતા : 'હું પાર્ષદ હતો ત્યારે એમ થયા કરતું કે 'જાગા સ્વામી કેવા હશે ?' તે રાજકોટના જૂના મંદિરમાં રાત્રે દર્શન થયાં ! મોટી પાઘ પહેરેલી અને આસન ઉપર બેઠેલા. મેં જાગા સ્વામીને ખૂબ આગ્રહ કર્યો કે 'વાતો કરો.' ત્યારે બોલ્યા કે 'સત્પુરુષનો સંગ અને સત્‌શાસ્ત્રનું વ્યસન રાખજો.' ત્યાં આંખ ઊઘડી ગઈ. તે દિવસથી 'સ્વામીની વાતું' અને 'વચનામૃત'માં ખૂબ રસ આવ્યો. શાસ્ત્રીજી મહારાજનો યોગ થયો, તે આજ દિન સુધી સુખિયા છીએ.'

વળી કહે : 'હું આ માર્ગે ખૂબ ચાલ્યો છું. બબ્બે મણનાં પોટલાં લઈને ચાલતા. ઘણી વખત ઉપવાસ પણ હોય. શરીર બહુ સારું હતું, એટલે ખૂબ મજા આવતી.'

ટ્રેક્ટરના ખળભળાટમાં પણ ધેરે સાદે સ્વામીશ્રી વાતો કરી રહ્યા હતા. ત્યાં ખારવા મંદિરના દરવાજા પાસે ટ્રેક્ટર આવી પહોંચ્યું.

આ ભાલ દેશના ઘણાં ગામોમાં સ્વામીશ્રી વર્ષોવર્ષ મહિનો મહિનો રહેતા અને સેવા-ભક્તિની આહ્‌લેક લગાવતા.

નરસિંહભાઈ તથા હિંમતભાઈને ત્યાં પધાર્યા. જિનમાં પધરામણી કરી, પ્રસાદીના તળાવમાં સ્નાન કરી, ટ્રેક્ટરમાં જ વઢવાણ આવ્યા. મંદિરે દર્શન કરી, સંતો તથા આચાર્ય મહારાજને મળ્યા.

'તમે કોનો બાપ માર્યો છે ?'

સભામંડપમાં કથા થતી હતી. તેથી સ્વામીશ્રી સભામાં બેઠા. થોડી વારમાં ભુજ(કચ્છ)ના મોટા સદ્‌ગુરુ આવ્યા ને વચ્ચે મોટી ગાદી પર બેઠા. તેમની સાથેના બીજા સાધુઓ પણ સભામાં બેઠા.

'વચનામૃત' વંચાતું હતું. તેમાં અનંત કોટિ બ્રહ્માંડની વાત આવી. ત્યારે

એક સાધુ બોલ્યા : 'આ બંડિયાની વાત બંધ રાખો.'

ત્યારે વાંચનાર હરિભક્ત કહે : 'હું બંડિયો નથી, તમારો જ ચેલો છું.'

પરંતુ સ્વામીશ્રી વાતાવરણ કળી ગયા. ઝડપથી ઊભા થયા અને મંદિરની બહાર આવી ગયા.

પછી મોટરમાં પાછા ઉતારે જઈ રહ્યા હતા, ત્યારે સંતસ્વામી સાથે હતા. તેમણે સ્વામીશ્રીને કહ્યું : 'આ કચ્છના સાધુ બહુ ત્યાગ-વૈરાગ્યવાળા.'

કોઈ દિવસ નહીં ને આજે સ્વામીશ્રી બોલ્યા : 'તેમને ખબર પડે કે જોગી મારી બાજુમાં બેઠો હતો, તો એક હાથ જમીન ખોદાવી નાખે !'

સંતસ્વામી જરા આકળા થઈને કહે : 'તમે કોનો બાપ માર્યો છે ?' પણ સ્વામીશ્રી મૌન રહ્યા. ક્યાંય સુધી કોઈ બોલ્યું નહિ.

ગમે તેવા ત્યાગ-વૈરાગ્યની ખખા હોય, પણ આવા ગુણાતીત સંતનો દ્રોહ કરે તો કલ્યાણના માર્ગમાંથી પડી જાય – એ સિદ્ધાંત શ્રીજીમહારાજે વચનામૃતના પાને પાને જણાવ્યો છે.

ચંદુભાઈ મહેતાને ત્યાં ઉતારે પધાર્યા. દીવાન સાહેબની હવેલીમાં જાહેર સભા કરી. કલેક્ટર ગોવિંદસિંહજી ચુડાસમાને ત્યાં પધરામણી કરી.

તા. ૧૭-૧૦-'૫૮, સવારે સુરેન્દ્રનગરમાં ત્રિકમભાઈના મકાનનું ખાત કર્યું. રામજી મંદિરમાં ઠાકોરજી જમાડ્યા. સ્વામિનારાયણ મંદિરમાં સભા પ્રસંગમાં વઢવાણના પ્રેમપ્રકાશ સ્વામીએ સારો સહકાર આપ્યો.

રાત્રે ૧૨-૦૦ વાગે સ્ટેશને આવ્યા. ૨-૩૦ વાગે ગાડીમાં બેસી સવારે ગોડલ પહોચ્યા.

❀ ❀ ❀



અક્ષર ઘાટનું ઉદ્ઘાટન

ગોંડલી નદી ઉપર સ્વામીશ્રીના સંકલ્પે જ તૈયાર થયેલ સુંદર વિશાળ 'અક્ષર ઘાટ'નું ઉદ્ઘાટન, તે ઘાટ ઉપર જ 'હરિલીલાકલ્પતરુ' ગ્રંથનું પારાયણ, અને શરદોત્સવ, આ ઉત્સવ-ત્રિવેણીનું ભવ્ય આયોજન અહીં થયું હતું.

બ્રાહ્મમુહૂર્તમાં દેરીમાં પ્રદક્ષિણા તથા બે આરતી વચ્ચે સ્વામીશ્રીની અમૃત વાણીનો લાભ સૌને અચૂક મળતો. અનેક તૈયારીઓમાં માર્ગદર્શન આપતાં સ્વામીશ્રી સભામંડપમાં દર્શન-સમાગમનું સુખ પણ જરૂર આપતા. પ્રવૃત્તિ એમને વળગતી નહીં, ભજન કરતાં કરતાં ક્રિયા કરવાની ગુણાતીત રીત એમનામાં સાંગોપાંગ જોવા મળતી. ગમે તેવી ઉપાધિમાં પણ મનની સ્થિરતા, કથાવાર્તાનો ઈશક અને ભજનનો દોર અતૂટ. સૌને સહેજે અનુભવાતું કે આ પુરુષને કોઈ બંધન નથી, નિર્લેપ છે.

મંગળવાર, તા. ૨૧-૧૦-'૫૮, વિજયા દશમીના મંગળ દિવસે પારાયણનો પ્રારંભ થતાં પહેલાં, ગોંડલ નરેશના ભાઈ શિવરાજ બાપુના શુભ હસ્તે, વેદોક્ત વિધિથી અક્ષર ઘાટનું ઉદ્ઘાટન થયું. મહારાજ ભગવત્‌સિંહજીએ અક્ષર મંદિર માટે જમીન આપી એનું ઋણ ચૂકવતા હોય એમ, ઉદ્ઘાટનનો આવો અમૂલ્ય લાભ સ્વામીશ્રીએ તેમના પરિવારને આપ્યો. અક્ષર મંદિરના દરેક શુભ પ્રસંગે સ્વામીશ્રી રાજકુટુંબને યાદ કરતા અને આગળ રાખતા.

આ પ્રસંગે અક્ષર ઘાટ ઉપર ભવ્ય શમિયાણો બાંધવામાં આવ્યો હતો, અને ઘાટના વિશાળ પટાંગણની વચ્ચે પથ્થરના સ્ટેજ ઉપર જ પારાયણ અને મંચની ગોઠવણ કરી હતી. નદી કિનારે પવન ઘણો હતો, પણ મંડપનું આયોજન સુદૃઢ કરવામાં આવ્યું હતું. 'અક્ષર ઘાટ'ના ઉદ્ઘાટન પ્રસંગે, ગોંડલ નગરપાલિકાના પ્રમુખ અને વિદ્વાન વક્તા દુર્લભજીભાઈ શુક્લે અક્ષર મંદિર અને ઘાટનો મહિમા કહી જણાવ્યું હતું કે 'યોગીજી મહારાજમાં ભગવાનનો દિવ્ય પ્રેમ ઓતપ્રોત

થયેલો છે. તેથી જ તેમના પ્રસંગમાં આવનાર સર્વને તેઓ પ્રેમથી રંગી નાખે છે.'

માજી વિદ્યાધિકારી ચંદુભાઈ પટેલે કહ્યું : 'ભારતમાં ઘણા ઘાટો છે, કરોડો રૂપિયાના છે, પરંતુ આ અક્ષર ઘાટમાં આ સંતોએ પોતાના ઇષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાન પ્રત્યેના ભક્તિભાવનો પ્રાણ પૂર્યો છે, એ જ આ મંદિરની અને અક્ષર ઘાટની વિશિષ્ટતા છે. તેથી જ આ સ્થાનનાં દર્શનથી બ્રહ્મના આનંદનો અનુભવ અને શાંતિ થાય છે. કરોડો રૂપિયાની મોટી યોજનાઓની આ મંદિર કે અક્ષર ઘાટ પાસે કોઈ કિંમત નથી. સ્વામીશ્રી યોગીજી મહારાજે આ સ્થાનને પોતાના અદ્‌ભુત વ્યક્તિત્વથી સર્વોપરી બનાવી દીધું છે.'

હરમાનભાઈના પ્રાસંગિક પ્રવચન પછી સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા હતા. ચીમનલાલ શાસ્ત્રીએ સાત દિવસ કથામૃતનું પાન કરાવ્યું. સ્થાનિક ભક્તોમાં ડૉ. દેવશીભાઈ, શુક્લ સાહેબ, મનસુખભાઈ, છોટુભાઈ વકીલે સારો લાભ લીધો. દેશોદેશથી હજારો હરિભક્તો સ્વામીશ્રીની મીઠી ટહેલને માન આપી લાભ લેવા આવી પહોંચ્યા હતા. અક્ષર દેરીના અવધૂત એવા સ્વામીશ્રીના સાંનિધ્યમાં શરદોત્સવનો આનંદ અને આકર્ષણ જ અનેરાં હતાં. લોકો લોહ-ચુંબકની માફક તણાતા, દેશકાળ-કુટુંબની પરવા કર્યા વગર બહાવરા બની, સ્વામીશ્રીનાં દર્શને દોડી આવતા.

પારાયણની પૂર્ણાહુતિ થઈ. રાત્રે શરદોત્સવ પણ અતિ દિવ્ય વાતાવરણમાં ઉજવાયો.

જજ સાહેબ જજમેન્ટ ચૂકી ગયા

છોટુભાઈ વકીલે અહીંના સિવિલ જજ વી.સી. દવે સાહેબને શરદોત્સવમાં નિમંત્ર્યા હતા. સત્સંગની મર્યાદાઓથી તેઓ અપરિચિત હતા. શરદ પૂનમની રાત્રે જ્યારે ઉત્સવમાં તેમનાં પત્ની સાથે આવ્યાં, ત્યારે સ્વયંસેવકોએ સૂચના આપી કે ઉત્સવના સ્થળ - ઘાટ ઉપર જવા બાઈ-ભાઈની અલગ વ્યવસ્થા કરી છે. જજ સાહેબ મૂંઝાયા અને દૂરથી જ દેરીનાં દર્શન કરી પાછા વળ્યા.

બીજે દિવસે તેમને સ્વપ્નમાં સ્વામીશ્રીનાં દિવ્ય દર્શન થયાં. તે વર્ણન કરતાં તેઓ કહેતા : 'વહેલી સવારે લગભગ ૫-૦૦ વાગે યોગીજી મહારાજનાં મને દર્શન થયાં. હું ચમક્યો. આ પ્રથમ દર્શન જ હતાં. સ્વામીશ્રીએ મને ઠપકો આપતાં કહ્યું : 'ફુવારા પાસેથી કેમ પાછા વળી ગયા ? ઘાટ ઉપર કેમ ન આવ્યા ?' બસ આટલા જ શબ્દો. પરંતુ તે અતિ દિવ્ય અલૌકિક મૂર્તિની પ્રેમની

પકડ ! તેમની અતિ દિવ્યતાનું અદ્‌ભુત દર્શન ! આટલું જ મારા તેમના પ્રત્યેના આકર્ષણ માટે પૂરતું હતું. હું જાગી ગયો...' અનેક બુદ્ધિજીવીઓને આવા દિવ્ય અનુભવોથી સ્વામીશ્રીએ નજીક ખેંચ્યા હતા.

ક્રોધ અમારી દુકાનમાં જ નથી !

સ્વામીશ્રી ગોંડલ બિરાજતા હોય ત્યારે હરિભક્તોની સગવડ માટે યુવકો તેમના ઉતારે ઉતારે ચા-નાસ્તો આપી આવે. જેથી તેઓ સભામાં પણ સમયસર પહોંચી શકે, પરંતુ કેટલાક આ સગવડનો ખોટો લાભ ઉઠાવતા અને વધુ નાસ્તો અને વધુ ચા-ઉકાળો માગી યુવકોને પરેશાન કરતા. આવું ચારેક દિવસ ચાલ્યું. ત્યારે યુવકો અકળાયા અને સ્વામીશ્રી પાસે ફરિયાદ કરી કે આ લોકો ખોટો બગાડ કરે છે.

સ્વામીશ્રીએ પહેલાં તો બધી વાત શાંતિથી સાંભળી. પછી ધીરે રહીને કહે : 'સાંભળો, તમારે કાપડની દુકાન હોય ને ઘરાક એક તાકો માગે, બીજો માગે, ત્રીજો માગે, એમ ઊઠ-બેસ કરાવે, પણ તમે એમ કહો કે હવે નહીં આપું ! તમે એમ જ વિચારો કે આજે વેપાર સારો થાય તેમ છે. એમ મહિમા સમજીને સેવા કરવાની છે. આ બધું હરિભક્તોનું છે અને હરિભક્તો જ આપે છે. આપણે તો પેઢીના મુનિમ છીએ, તો તેમને રાજી કરવા. અકળાઈ ન જવું. ક્રોધ ન કરવો. નહીં તો સેવા થઈ, તે ન થઈ કહેવાય.'

'પણ બાપા !' એક યુવકે કહ્યું : 'આપ આઠ આના ભેટ આપે તેવા ભક્તને ત્યાંય પધરામણી કરો. એવા દાખડા કરી ઠાકોરજીની સેવા લાવો અને આમ હજારોની નુકસાની જાય, તે તમને ક્રોધ ચડે નહીં ?'

સ્વામીશ્રી તરત જ બોલ્યા : 'ક્રોધ અમારી દુકાનમાં જ નથી ! જે દુકાનમાં જે માલ ન હોય તે ક્યાંથી નીકળે ?' એમ કહી હસી પડ્યા.

યુવકો તો આશ્ચર્યવત્ આ નિર્વિકારી પુરુષના આત્મકથનનું મનન કરવા લાગ્યા : 'ક્રોધ અમારી દુકાનમાં જ નથી !' કેટલી અદ્‌ભુત સ્થિતિ ! સૌને સ્વામીશ્રીની રુચિ અને સ્થિતિ પ્રમાણે સેવા કરવાની ભાવના ઊભી થઈ અને મહિમાથી સેવા કરવાનું શરૂ કર્યું.

રામોદના વાળંદની સંભાળ

શરદ પૂર્ણિમાનો સમૈયો હતો. ડૉ. રમણભાઈ સભામંડપના પગથિયે બેઠા

હતા. બાજુમાં જ એક હરિભક્ત બેઠા હતા. તેઓ દેખાવે તો સાવ સામાન્ય હતા, પરંતુ તેમની વાત સાંભળીને ડૉ. રમણભાઈ સ્વામીશ્રી પ્રત્યે કૃતજ્ઞતાથી ગદ્‌ગદિત થઈ ગયા.

તે હરિભક્ત રામોદના વાળંદ હતા. તદ્દન ગરીબ અને રાંક. તેમને કમળો થયો હતો. તેથી સ્વામીશ્રીનાં દર્શન કરવા આવ્યા હતા. તેઓ સ્વામીશ્રી પાસે ગયા. તેને જોઈને જ સ્વામીશ્રી કહે : 'કમળો થયો લાગે છે.' એમ કહી એક સંતને બોલાવ્યા અને કહ્યું કે 'આ ડાહ્યાભાઈને કમળો થયો છે, તેથી તેમને માટે જમવામાં એકદમ સાદું ભોજન તૈયાર કરજો અને જમવામાં તેલ-ઘી, મરચું કે દૂધની કોઈ બનાવટ આપશો નહીં.'

થોડા દિવસમાં સ્વામીશ્રીના આશીર્વાદથી તેમને સંપૂર્ણ આરામ થઈ ગયો. સાવ ગરીબ જણાતા હરિભક્ત ઉપર પણ સ્વામીશ્રી કેટલી દયા અને અનુકંપા બતાવતા, તે અનુભવ્યા પછી કોઈપણ હરિભક્ત કદી પણ સ્વામીશ્રીને કેમ ભૂલી શકે ?

આવો ઠઠારો કરવો

આ સમૈયામાં તાજપુરના હરિભક્ત વેલજીભાઈ પ્રેમજીભાઈ ધોળકિયાને દીક્ષા આપી 'સ્વામીસ્વરૂપદાસ' નામ આપ્યું. મૂળ તેઓ તાજપુરના. જ્યારે તેઓ ઘરભંગ થયા હતા તે અરસામાં જ સ્વામીશ્રી તાજપુર પધાર્યા હતા અને કહેલું : 'બનાવવા છે.'

બીજી વાર ભાવનગરની પારાયણમાં પણ સ્વામીશ્રીએ તેમને સંભારી આપ્યું કે 'બનાવવા છે.' પછી ત્રીજી વાર જ્યારે સારંગપુરમાં સ્વામીશ્રીએ કહ્યું કે 'બનાવવા છે.' ત્યારે તેમણે પૂછ્યું : 'આ બનાવવા છે, એટલે શું ?'

સ્વામીશ્રી ખડખડાટ હસી પડ્યા અને માથે હાથ ઘસતાં કહે : 'લે, ઈ સમજણ નો પડી ? સાધુ બનાવવા છે !' એમ કહી ફરી હસી પડ્યા.

વેલજીભાઈએ લાચારી બતાવતાં કહ્યું : 'બાપા ! હું ભણેલ નથી. વળી, એક દીકરી પરણાવવાની છે.'

'એમાં શું ? તમે હા પાડો, તો બધું થઈ જશે.' સ્વામીશ્રીએ કેફથી કહ્યું.

તેમણે હા પાડી. થોડા જ સમયમાં પુત્રીનાં લગ્ન થઈ ગયાં. અને તેમણે પાર્ષદી દીક્ષા ગ્રહણ કરી. પછી આ સમૈયામાં સ્વામીશ્રીએ તેમને ભાગવતી દીક્ષા આપી.

સ્વામીસ્વરૂપ સ્વામીએ અમદાવાદ મંદિરના બાંધકામમાં ખૂબ સેવા કરી. સ્વામીશ્રીના આશીર્વાદથી ઠાકોરજીની પૂજા વગેરે કાર્યોમાં પ્રવીણતા આવતી ગઈ. કોઈક વાર ભૂલ થાય ત્યારે સ્વામીશ્રી મંદિરના ભોંયરામાં એકાંતે લઈ જઈ તેમને સમજાવતા.

તે સમયે ઠાકોરજીનાં સિંહાસન લાકડાંનાં. તેથી તેને સાડીઓ વગેરેથી શણગારી સ્વામીસ્વરૂપ સ્વામી ભક્તિ વ્યક્ત કરતા, ત્યારે સ્વામીશ્રી ખૂબ રાજીપો બતાવતા ને કહેતા : 'આવો ઠઠારો કરવો જોઈએ.' ઘણી વાર વહેવારમાં તેઓને કોઈ પ્રશ્નો થાય ત્યારે હંમેશાં સ્વામીશ્રી તેમને કહેતા : 'આપણે પ્રમુખસ્વામીની આજ્ઞામાં રહેવું અને તે કહે તેમ કરવું.'

મુખોમુખ મળ્યા એ જ બ્રહ્મસ્થિતિ

આ સમૈયામા આવેલા તમામ હરિભક્તોની પાગરણની વ્યવસ્થા સ્વામીશ્રીએ કેટલાક યુવાનોને સોંપી હતી. તેની જરૂરી સૂચનાઓ કરવા સ્વામીશ્રી અવારનવાર પાગરણ સાચવતા યુવકો પાસે જતા.

એક વાર ભાવનગરના નાગરદાસ રાજગુરુ અહીં ઊભા હતા. સ્વામીશ્રીએ ખબર-અંતર પૂછ્યાં. તેમણે કહ્યું : 'બાપા ! ખાનગી વાત કરવી છે.'

સ્વામીશ્રી તરત જ તેમને ગોદડાં-ગાદલાંના ઓરડામાં લઈ ગયા ને કહે : 'કહો, શું છે ?' તેમણે પોતાની વાત કરી. થોડી જ ક્ષણોમાં તેમના પ્રશ્નોનું સમાધાન કર્યું.

દાદરો ઊતરતાં સ્વામીશ્રીએ તેમનું કાંડું પકડ્યું અને કહે : 'હવે આમ ને આમ પકડીને અક્ષરધામ સુધી પહોંચાડશું. કાંડું પકડ્યું છે તે છૂટે ખરું ?'

નાગરદાસે વિનંતી કરી : 'છતી દેહ બ્રહ્મસ્થિતિનો લાભ આપો.'

સ્વામીશ્રી કેફમાં બોલી ઊઠ્યા : 'આ મુખોમુખ મળ્યા છે, એ જ બ્રહ્મ-સ્થિતિ થઈ ગઈ છે એમ માનવું. બ્રહ્માનંદ ક્ષણમાત્ર મોળો ન પડવા દેવો.'

દૃષ્ટિમાત્રે શાંતિ

ગોંડલી નદીના ઘાટ ઉપર પારાયણ ચાલતું હતું, ત્યાં સ્વામીશ્રીએ ઘાટ ઉપર રહીને ઘરધણીની જેમ સાચવે અને ભીડો વેઠે તેવા હરિભક્તોને સેવામાં રોકેલા. તેમાં નેણસીભાઈ ગણાત્રા પણ હતા.

સ્વામીશ્રીએ તેમને ઘાટ સાફ કરવો; સભા માટે તૈયારી કરવી; પાથરણાં

પાથરી દેવાં; આરતી, પ્રસાદ, પૂજનની સામગ્રી વગેરે બધું તૈયાર રાખવું; પાણી પાવું; તેમજ રાત્રે ઘાટ ઉપર જ સૂઈ રહેવું; વળી શરદ પૂનમનો સમૈયો પૂરો થાય એટલે પડવાને દિવસે બધી જ વસ્તુઓ, સામગ્રી ગણી લેવી ને મંદિરમાં પહોંચતી કરવી; આ સંપૂર્ણ જવાબદારી સોંપી હતી. તેમની સાથે બીજા ઘણા હરિભક્તો સેવામાં હતા.

આ પારાયણના સાત દિવસ દરમ્યાન તેઓ ઘાટથી બહાર મંદિરમાં કે અક્ષર દેરીમાં દર્શન-પ્રદક્ષિણા માટે ગયા ન હતા. તેમને મનમાં સંકલ્પ થયો કે 'પૂર્ણાહુતિ પછી તરત મુંબઈ જવાનું થશે. દર્શન-પ્રદક્ષિણા તો રહી જશે.'

એ જ વખતે સ્વામીશ્રી પોતાને ઉતારેથી ઘાટ ઉપર પધાર્યા ને બોલ્યા : 'ગણાત્રા ! શું સંકલ્પ કરો છો ?' એમ કહેતાં અમીદૃષ્ટિ કરી. તેમાં નેણસીભાઈના અંતરમાં આનંદની ઊર્મિઓ ઊછળવા લાગી. અને જાણે તેમણે અક્ષર દેરીમાં હજારો પ્રદક્ષિણા કરી હોય ને જેવી શાંતિ થાય, તેવી શાંતિ થઈ ગઈ.

તેઓ જ્યારે બધી સેવા પૂરી કરીને મુંબઈ ગયા ત્યારે સ્વામીશ્રીની નિર્મળ મૂર્તિ તેમના અંતરમાંથી ખસતી ન હતી. અલ્પ સેવાનું આટલું મહત્ ફળ સ્વામીશ્રીએ તેમને સહજમાં આપ્યું.

કરાચીથી આવેલ રાજકોટના સત્સંગી માસ્તર સાહેબ મોહનભાઈ અઢિયાએ તેમના અક્ષરનિવાસી સુપુત્ર ચંદ્રકાંતભાઈ નિમિત્તે ત્રણ દિવસનું પારાયણ કરાવ્યું હતું. જેમાં સંતસ્વામી કથામૃતનો લાભ આપતા.

જો કે ઉત્સવ પૂરો થયો હતો. તેથી ઘણા હરિભક્તો વિખરાયા. છતાં સ્વામીશ્રીનું સાંનિધ્ય ઘણા છોડી શક્યા નહિ. સાક્ષાત્ અક્ષરધામનું સુખ સૌને મળતું. વહેલી સવારે અક્ષર દેરીમાં સ્વામીશ્રી બે કીર્તનો બોલાવતા : *'વંદન કરીએ પ્રભુ ભાવ ધરી...'* તથા *'આજ પ્રગટ્યા પૂરણ બ્રહ્મ રે, સ્વામી સુખકારી...'* અને મૂર્તિમાન બ્રહ્મ એવા સુખકારી સ્વામીશ્રી સૌને બ્રહ્મરૂપ થવાની, છેલ્લો જન્મ કરવાની અને મહારાજમાં જોડાવાની અદ્‌ભુત વાતો કરતા. સૌ સ્વામીશ્રીની અલૌકિક મૂર્તિમાં લીન થઈ જતા. બપોરે પણ સ્વામીશ્રી ગમ્મત સાથે જ્ઞાન પીરસતા.

કથા પ્રસંગમાં ભક્તિરીતિ શીખવતાં સ્વામીશ્રી કહે :

'મૂર્તિનાં દર્શનથી કેવું સુખ વર્તે છે ?! એમ પાંચ વાર આરતીનાં દર્શન કરીએ તો રાત્રે દર્શન થાય.

'આપણે દેરીની પૂજા કરીએ તો શ્રીજી-સ્વામીની પૂજા કરીએ છીએ.

ઘનશ્યામ મહારાજના દર્શન કરીએ છીએ તો જાણે અક્ષરધામનું બારું ઉઘાડું થયું. માટે, આપણે પાંચ વખત દર્શન કરવાં જોઈએ. આપણે દંડવત્-સ્તુતિ કરીએ તો ઘનશ્યામ મહારાજ સાંભળે છે. ભાવ જોઈએ.

'વૈષ્ણવ હવેલીમાં નાની મૂર્તિઓ. છતાં દોડીને દર્શને જાય. આ તો મૂર્તિ મોટી કરી. સહેજે આનંદ થાય.'

પછી કેટલાક શબ્દોના આધ્યાત્મિક સંદર્ભ નિરૂપતાં રહે :

'બ્રહ્મવિદ્યા શું ? મૂર્તિમાન બ્રહ્મમાં જોડાઈ બ્રહ્મરૂપ થવું.'

'આત્મનિષ્ઠા શું ? શબ્દ સહન કરવા.'

'દૃઢ આત્મનિષ્ઠા શું ? બ્રહ્મ સાથે અખંડ જોડાણ રહે.'

'ધ્યાન શું ? મહિમાનો વિચાર.'

'વચન શું ? મહારાજનાં નાનાં-મોટાં વચન; મુખ્ય વચન – નિજાત્માનં બ્રહ્મરૂપં...'

✧

અમરેલીના હરિભક્તોને સ્વામીશ્રીએ વીસાવદરમાં વચન આપ્યું હતું કે 'ચોમાસા પછી અમે આવશું.' તેથી લગભગ ૪૦ જેટલા સંતો-હરિભક્તોના સંઘ સાથે સ્વામીશ્રી અમરેલી જવા નીકળ્યા. રસ્તામાં મોટર ખોટવાઈ. ત્યાં જ સભા કરી સ્વામીશ્રીએ મહારાજના મહિમાની પ્રસાદીની વાતો કરી.

અમરેલીમાં ગુણાતીતાનંદ સ્વામીએ મંદિર બંધાવેલું છે, ત્યાં દર્શન કરી, પુરુષોત્તમભાઈને ત્યાં ઉતારે પધાર્યા. સાંજે નાગનાથ મહાદેવમાં સારી જાહેર સભા થઈ. બંને દિવસ સ્વામીશ્રી મંદિરે દર્શને પધાર્યા હતા. પુરુષોત્તમભાઈ, દેવશીભાઈ, મનજીભાઈ, રણછોડભાઈ વગેરે ભક્તોએ ખૂબ સેવા કરી.

એનાં ઝાડવાં પણ ન જોવાય

અહીં ધારીના ભક્તો સ્વામીશ્રીને આમંત્રણ આપવા આવ્યા. કહે : 'બાપા ! ૨૦ માઈલ જ દૂર છે.' આમ, ઘણી વિનવણીઓ થઈ, પરંતુ સ્વામીશ્રી તો સાધુતાનું, ધર્મનું, વૈરાગ્યનું અને નિયમ-મર્યાદાનું મૂર્તિમાન સ્વરૂપ ! તેઓ કેમ તૈયાર થાય ? ઘણા સલાહ આપવા લાગ્યા કે 'સ્વામી ! આપ તો બ્રહ્મરૂપ ! આપને બાધ નહિ. ત્યાંના લોકોને લાભ આપો.'

સ્વામીશ્રી કહે : 'અમથી તો એનાં ઝાડવાં પણ ન જોવાય.' સૌ લાચાર બની ગયા.

સાથેના સંતો-હરિભક્તોને સ્વામીશ્રીના જન્મ સ્થાન ધારી તીર્થમાં દર્શનની ઘણી ઇચ્છા હતી. તેથી સૌ બસ કરી ધારી ગયા અને સ્વામીશ્રીનું જન્મ સ્થાન, મંદિર તથા નિશાળ, સ્નાન કરતા એ ગરમ પાણીનો ઝરો તથા નદીને સામે કાંઠે પુલ પાસે જ્યાં ઝીણા ભક્ત ધ્યાન કરતા તે ઘૂનો વગેરે પ્રસાદી સ્થાનોનાં દર્શન કર્યાં. સ્વામીશ્રીના જૂના મિત્ર દુર્ગાશંકરભાઈએ ઝીણાભાઈની બાળપણની અલૌકિક દિનચર્યા અને પ્રસંગો વર્ણવી સૌને મુગ્ધ કરી દીધા.

સાધનમાત્રની સમાપ્તિ

અમરેલીથી સ્વામીશ્રી મોટા ગોખરવાળા પધાર્યા હતા. ગુણાતીતાનંદ સ્વામી પધારતા તે જૂનું મંદિર તથા પ્રસાદીના સિંહાસન અને બોરડી વગેરેનાં દર્શન કર્યાં. સ્વામીશ્રીને શરીરે કસર તથા શરદી હોવા છતાં સાંજ-સવાર મળીને કુલ ૧૦૦ ઉપર પધરામણીઓ કરી, સૌને રાજી કર્યા.

અહીં ભાવસંગભાઈ તથા મિસ્ત્રી કુટુંબનો ખૂબ ભાવ. બીજે દિવસે સવારે ગામમાં બાકીની પધરામણીઓ કરી. મેરાઈ ભક્તોના આગ્રહથી સ્વામીશ્રી સોનારિયા પધાર્યા.

અહીં ઘણાં વર્ષો પહેલાં, વિજ્ઞાનદાસ સ્વામી સાથે સ્વામીશ્રી પધારેલા. નાનજીભાઈ, લક્ષ્મણભાઈ, દામજીભાઈ વગેરેને લાભ આપી, મોટા ગોખરવાળા થઈ બપોરે અમરેલી આવ્યા.

ઠાકોરજી રાજકોટ જમાડવાના હતા. રસ્તામાં ચિત્તલ પધરામણી કરી. શેઠ રામજીભાઈ તથા મુંબઈના શેઠ વજુભાઈને ત્યાં એક ઓઈલ મિલમાં પધરામણીઓ કરી, સ્વામીશ્રી રાજકોટ તરફ જવા નીકળ્યા.

સંધ્યા ટાણે સરધાર પાસે મોટર ખોટવાઈ. સૌને રાજકોટ પહોંચવાની ઉતાવળ હતી. કારણ, ત્યાં જઈને જમવાનું હતું. સંઘના સૌ ભક્તોએ તો ઉકાળા-નાસ્તા ઠીક ઠીક કરેલા. સ્વામીશ્રીએ કાંઈ લીધેલું નહીં. છતાં સરધાર આવ્યું ને મોટર અટકી, તેથી સ્વામીશ્રી હોંશે હોંશે ગામમાં પ્રસાદી સ્થાનોએ દર્શને ગયા. બપોરનું ભોજન ગુમાવવાથી જ્યારે સૌના હોશકોશ ઊડી ગયા હતા, ત્યારે સરધારના એક-એક પ્રસાદી સ્થાનમાં સ્વામીશ્રી શ્રદ્ધા અને ઉત્સાહ-પૂર્વક દર્શન માટે દોટ મૂકતા હતા.

રાત પડી ગઈ હતી. મોટર સમી થતાં ચાલી નીકળ્યા. રાત્રે ૯-૧૫ વાગે રાજકોટ પહોંચ્યા. આખો દિવસ સ્વામીશ્રીએ કાંઈ લીધું ન હતું. માત્ર થોડો

ઉકાળો ગ્રહણ કર્યો હતો. આવી હતી એમની હરિભક્તો માટેની કલ્યાણયાત્રા !

ચાર-પાંચ દિવસના આ ટૂંકા પણ અતિ ઝડપી વિચરણમાં, પહેલી વાર જ સહભાગી થનાર ખેંગારજીભાઈથી સહેજે ઉદ્‌ગારો નીકળી ગયા કે 'જેને બ્રહ્મસ્થિતિ સિદ્ધ કરવી હોય, તેણે વધુ નહિ પણ સ્વામીશ્રી સાથે થોડો સમય ફરવું. એટલામાં સાધનમાત્રની સમાપ્તિ થઈ જશે. એમ મારો છેલ્લા એક જ દિવસના પ્રવાસનો સ્વાનુભવ છે.'

અન્નકૂટમાં ઠાકોરજીની પ્રત્યક્ષ ભક્તિ

ગુરુવારે સવારે ગોંડલ પધાર્યા. અહીં અન્નકૂટોત્સવની તૈયારીઓ શરૂ થઈ ગઈ હતી. વર્ષોવર્ષ ઠાકોરજીનો અન્નકૂટ અધિક સુંદર થાય, એવું સ્વામીશ્રીને હંમેશાં તાન રહેતું. તેઓ અન્નકૂટની વાનગીઓની યાદી જાતે તપાસતા. દર વર્ષે એમાં પ્રમાણનો વધારો કરાવતા. કારણ, હરિભક્તોનો સમૂહ પણ વધતો જતો હતો. એકે એક મીઠાઈ સારી, ચોખ્ખી, માપસર ગળપણ સાથે સુંદર આકારમા તૈયાર થાય તેનો સ્વામીશ્રી ખટકો રખાવતા. તમામ વાસણો સારી રીતે ઊટકાવીને કાર્ય શરૂ કરાવતા. વારંવાર ઉપયોગમાં લેવાનાં વાસણો પણ દરેક વખતે વ્યવસ્થિત સ્વચ્છ કરાવતા. ઘી, દૂધ, તેલ વગેરે ગાળીને વાપરવાની પૂરી તકેદારી રખાવતા. દરેક પ્રકારના લોટ વગેરે પણ ચાળી કરીને સ્વચ્છ વપરાવતા. કંદોઈ સાથે ભંડારી સંતો અને અન્ય ઉત્સાહી સંતોને મદદમાં મૂકતા ને ઉપરની બધી તકેદારી રખાવતા. અન્ય મસાલા, સૂકા મેવા જે મીઠાઈમાં વપરાતા હોય તે પણ સુંદર રીતે તૈયાર કરાવતા. રાત-દિવસ અન્નકૂટની વાનગી બનાવવાનું કામ ચાલે, પણ તેમાં જરાપણ ભૂલ સ્વામીશ્રી ચલાવી લેતા નહિ. તેથી સવાર, સાંજ ને રાત્રે, દિવસમાં ત્રણ વાર પોતે રસોડામાં ઝીણવટથી તપાસ કરી નજર નાખતા રહેતા.

પુરુષોત્તમ ભગતની સાથે યુવકો ખેડૂતોના ખેતરે ખેતરે ફરી અન્નકૂટ માટે તાજું શાક-બકાલું ખેડૂતો પાસેથી સેવામાં લાવતા. ફરસાણ બધું કેળના પાણીમાં તૈયાર થતું. તેથી એક બાજુ યુવકો અને ભક્તો રાત-દિવસ કેળનું પાણી સંચામાં સારી રીતે કાઢતા રહેતા. અન્નકૂટની સેવાનો મહિમા સ્વામીશ્રી સૌ સંતો, યુવકો તથા ભક્તોને સમજાવતા. તેથી સૌ હોંશે હોંશે તે સેવામાં પહોંચી જતા. ખાસ કરીને જુદા જુદા પ્રકારના લાડુ વાળવાના હોય, પેંડા વાળવાના હોય, અડદિયા વાળવાના હોય, તેમાં સ્વામીશ્રી યુવકોને મોકલતા.

પોતે ઘણી વાર સાથે આવીને બેસતા. અને એટલી ચપળતાથી ને ઝડપથી બે હાથે લાડુ વાળે કે સૌ એ જોઈ રહેતા. એમના વાળેલા લાડુ હંમેશાં એકસરખા કદના જ હોય ! ગોળાકારમાં તેમજ એક પણ નાનો-મોટો નહિ. વળી, ભજન કરતાં કરતાં ક્રિયા કરાવવાનો એમનો ખૂબ આગ્રહ. તેથી યુવકો લાડુ વાળતા જાય ને નંદ સંતોનાં કીર્તનો ધીમી હલકે ગાતા જાય. આ દૃશ્ય અલૌકિક બનતું. ક્યારેક સેવા કરતા યુવકો પાસે સ્વામીશ્રી ગોષ્ઠિ પણ કરાવે અથવા 'સ્વામીની વાતું' 'વચનામૃત'નો મુખપાઠ લે. આમ, કલાકો સુધી સેવા થાય, પણ કોઈને સમયનું ભાન રહે નહિ અને થાક પણ લાગે નહિ. વળી, સ્વામીશ્રીનાં સાંનિધ્ય અને દર્શનનો પણ અવિસ્મરણીય લાભ મળતો રહે.

જેમ જેમ વાનગીઓ તૈયાર થાય, એમ એને સારી રીતે ગોઠવવાની પણ સ્વામીશ્રી પૂરી કાળજી રખાવતા. મોટા પ્રમાણમાં જ્યાં માલ તૈયાર થતો હોય ત્યાં થોડું-ઘણું બગડે, વેરાઈ જાય એવું બને, પણ સ્વામીશ્રી એ ચલાવી લેતા નહિ.

'ગુરુ ! આ તો ઠાકોરજીનો માલ ! બગડવો ન જોઈએ. બાપા ધખે !' એવા ઠપકાના મીઠા શબ્દોથી સૌને સતત જાગ્રત રાખે અને ચીવટથી કામ કરવાની પ્રેરણા આપે. જે માલ સારો થયો હોય એના વખાણ કરે અને કદાચિત્ કોઈ વસ્તુ બગડી જાય તો 'આવતી સાલ ધ્યાન રાખવું' એમ કહી આશ્વાસન આપે. જો કે ચાસણી વગેરેની પૂરી સૂચના તો સ્વામીશ્રીએ અગાઉ આપી જ હોય, તોપણ ક્યારેક ફેર પડી જાય. શરૂઆતમાં ગોંડલ શહેરમાંથી કંદોઈ આવતા, પણ પાછળથી રાજકોટના મનુ મહારાજ આવવા લાગ્યા. ત્યારથી સ્વામીશ્રી ઘણા નિશ્ચિંત રહેતા. સ્વામીશ્રીને રાજી કરવાની તત્પરતાવાળા મનુ મહારાજ, સ્વામીશ્રીની સૂચના પ્રમાણે મગ્ન રહીને મહિમાથી કાર્ય કરતા. એમની હથોટી અને પ્રસન્ન મુદ્રા સ્વામીશ્રીને ખૂબ ગમી ગયાં હતાં.

સમૈયા પછી બળેલું ઘી પડ્યું હતું. તેથી સુખડિયાએ કહ્યું : 'ચણાના લોટની એક ગુણ લાવો તો લાડવા કરી નાખીએ.'

એ વખતે રાજુલાના ગોવિંદ ભગત, વલ્લભભાઈ વગેરે કોઠારમાં સેવામાં હતા. તપાસ કરી તો આઠ ગુણ ઘઉંનો લોટ હતો, ચણાનો ન હતો. પછી સ્વામીશ્રી પાસે ગયા અને કહ્યું કે ચણા દળાવીને એક ગુણી લોટ તૈયાર કરાવવો પડશે.

સ્વામીશ્રી કહે : 'ચણાનો લોટ કોઠારમાં હશે.'

'નથી બાપા ! અમે તપાસ કરી છે. ઘઉંનો જ લોટ છે.'

'તમે જાવ, અમે કોઠારમાં આવીએ છીએ. ચણાનો લોટ હશે.' સ્વામીશ્રીએ કહ્યું. સૌએ ફરી તપાસ કરી, પણ ચણાનો લોટ ન હતો.

થોડી વારમાં સ્વામીશ્રી કોઠારમાં પધાર્યા અને વારાફરતી ત્રણ ગુણી પર હાથ મૂકીને કહે : 'જુઓ, આ ચણાના લોટની ગુણો છે. ગુરુ ! કેમ ન હોય ! અક્ષર મંદિરમાં તો બધુંય હોય. ક્યાંયથીયે લાવવું ન પડે !'

બધાએ જોયું તો ત્રણ ગુણ ચણાના લોટની હતી. તેઓ માની જ ન શક્યા, કારણ કે બે વખત બધાએ ઘઉંનો લોટ જોયો હતો ! પરંતુ આ અલૌકિક શક્તિ હતી !

દિવાળીના દિવસોમાં સ્વામીશ્રીને પ્રસન્ન કરવા યુવકો ધજા-પતાકાથી મંદિર શણગારતા. દીવાઓ ગોઠવતા અને ઠાકોરજી આગળ રંગોળીઓ પૂરતા. લક્ષ્મી-પૂજન, ચોપડા-પૂજન વગેરે વિધિપૂર્વક અને ઠાઠથી કરવાનું સ્વામીશ્રીને ગમતું. કોઈ વાત મોળી નહિ. ઉમંગથી ભાવ અને સાચા ભપકાથી દરેક કાર્ય કરવા સ્વામીશ્રી સૌને સતત પ્રેરતા.

ઠાકોરજી આગળ અન્નકૂટની વાનગીઓ ગોઠવવાનું પણ સ્વામીશ્રી યુવકોને શીખવતા. સૌથી આગળ મેસૂબ, જલેબી, સાટા, ઘેબર વગેરે વાનગીઓ વિપુલ પ્રમાણમાં સારી રીતે સજાવીને મુકાવતા. પછી બીજી મીઠાઈઓ. સ્વામીશ્રીને પ્રસન્ન કરવામાં યુવકોમાં પણ સ્પર્ધા થતી. જો કે સ્વામીશ્રી મંદિરમાં દરેક ખંડમાં થતી ગોઠવણીને આવકારતા, ઓછું-અધિક જણાવતા નહિ. એમને મન બધા જ સરખા. કોઈ દેખીતી રીતે વધુ હોશિયાર હોય, પણ સ્વામીશ્રી સૌને સરખું પ્રોત્સાહન આપતા. કોઈને પણ માનસિક હિંસા થાય, એવી રીતે ક્યારેય પણ એમનું હૈયું ઊભરાઈ જતું નહિ. દરેકને યોગ્યતા પ્રમાણે આગળ વધવાની સરખી પ્રેરણા મળતી રહેતી.

નોખા વાડા રાખવા નહિ

તા. ૧૦-૧૧-'૫૮, અક્ષર દેરીમાં સવારે ૫-૪૫ વાગે *'સંત તે સ્વયં હરિ'* એ કીર્તન સૌ બોલ્યા. સ્વામીશ્રી કહે :

'એ સંત તે ગુણાતીત. એવા સંત આપણને સાક્ષાત્ મળ્યા. ભેટંભેટા થઈ ગયા. જેટલો મહિમા સમજીએ તેટલા ગુણ આવે.

'સ્વામીની વાત ચોથા પ્રકરણની ૧૪૦. ભગવાનના ભક્તના ગુણ ગાવાથી જીવ બ્રહ્મરૂપ થઈ જાય. મહિમા કહેવો ને સાંભળવો.

'શુદ્ધ ઉપાસના સમજવા અને સમજાવવા ઉપર સૌએ ખાસ આગ્રહ રાખવો. પુરુષોત્તમ નારાયણ જે સહજાનંદ સ્વામી તેમને જ આગળ રાખવા. મહારાજ પુરુષોત્તમ અને સ્વામી મૂળ અક્ષર – એ આપણી ઉપાસના. તેમને લઈને ગ.પ્ર. ૨૭ અને ગ.પ્ર. ૩૭માં જે લક્ષણ સંતનાં કહ્યાં છે તેવાં હોય, તે સંત. તેવા સંતમાં ભગવાન અખંડ નિવાસ કરીને રહે છે. તેવા સંત પરમ એકાંતિક સ્થિતિના હોય અને વડવાનલ જેવા પણ કહેવાય. એવા સંતમાં મહારાજ રહ્યા છે એમ વાત કરવી. પરમ એકાંતિકમાં ભગવાન આવી જાય છે એ શાસ્ત્ર પ્રમાણે વાત છે, એમ સમજવું. અને બીજા આગળ પણ એમ જ વાત કરવી.

'બધા ગુણાતીત બાગના જ હરિભક્તો છે. માટે કોઈનાં નોખાં મંડળ, નોખા વાડા રાખવા નહિ. બધા એક જ મંડળના છે, એમ જ સૌએ સમજવું. સંપ રાખવો અને માયા કાઢી નાખવી. આપણે ક્રિયા એવી કરવી કે કુસંગી પણ સત્સંગી થઈ જાય, પરંતુ આપણી ક્રિયાને જોઈને બીજાને અભાવ આવે તે મોટી અસેવા છે.'

'આ નૂતન વર્ષે આપણે યુવક મંડળની સ્થાપના સંબંધી જે વિચારણા કરી છે તેમાં સૌએ ભળવું; તે મહારાજ અને સ્વામીની સેવા છે અને વર્તમાનકાળે મોટાપુરુષોનો પણ તેમા રાજીપો છે.'

એક-બે દિવસમાં દિવાળીની રજાઓ પૂરી થતી હતી. નિશાળો અને કૉલેજો શરૂ થતાં મુંબઈના કેટલાક યુવકો ઘર પ્રતિ પ્રયાણ કરવાના હતા. પણ કોના પગ ઊપડે ? ભણવાની જવાબદારી એટલે ગયા વગર તો છૂટકો જ નહિ. સ્વામીશ્રીથી છૂટા પડતાં કોઈનાં હૈયાં હાથ રહેતાં નહિ. કૉલેજના રંગે રંગાયેલા કઠણ કાળજાના યુવાનો સ્વામીશ્રીથી છૂટા પડતાં ધ્રુસકે ધ્રુસકે રડી પડતા. તો કોઈ વળી ધીરજ રાખી, ખૂણામાં મનોમન આંસુઓ સારી લેતા. 'ગાડીનો સમય થઈ ગયો છે. ચાલો, મોડું થશે...' એમ સ્વામીશ્રી હોંકારા કરે અને દરવાજા સુધી વળાવવા આવે ત્યારે સૌ મંદિરની બહાર નીકળી શકતા, પણ હૈયું તો સ્વામીશ્રી પાસે જ રહેતું. રસ્તામાં, ટ્રેનમાં અને ઘરે પહોંચ્યા પછી પણ કેટલાય દિવસ સુધી એમની પ્રેમાળ મૂર્તિ, વાત્સલ્ય દૃષ્ટિ, હેતલ વાણી યુવાનોનાં અંતરમાં પુરાઈ રહેતી. ફરી ક્યારે રજા પડે અને સ્વામીશ્રી પાસે પહોંચી જઈએ ! એ જ આશાએ સૌ બેસી રહેતા. ઘણાનું અભ્યાસમાં ચિત્ત ચોંટતું નહિ, પણ સ્વામીશ્રીની આજ્ઞા કે 'બરાબર અભ્યાસ કરજો, આઠ કલાક વાંચજો, 'ફસ્' નંબર લેવો છે...' વગેરે વચનો સૌને જેમ-તેમ અધ્યયનમાં ડુબાડતા.

આજ્ઞાથી સાથે જ હતા

આ વખતે એવું બન્યું હતું કે સમૈયા પહેલાં સ્વામીશ્રી ઉપર ગોંડલથી કોઠારી સ્વામીનો પત્ર આવ્યો કે 'શરદ પૂર્ણિમાના સમૈયાની તૈયારી કરવા, આપની સાથે ફરતા યુવકોને મોકલો.' તેથી કેટલાક યુવકો વહેલા ગોંડલ આવ્યા હતા.

તે પછી સ્વામીશ્રી ગોંડલ પધાર્યા અને અન્નકૂટ સુધી રોકાઈ સૌને ખૂબ સુખ આપ્યું. પછી કૉલેજ ખૂલતી હોવાથી ડૉ. રમણભાઈ વગેરે જઈ રહ્યા હતા. એ વખતે એકાએક સ્વામીશ્રીએ પૂછ્યું : 'આપણે કેટલા દિવસ ભેગા રહ્યા ?'

ડૉ. રમણભાઈએ સ્વામીશ્રી ગોંડલ પધાર્યા ત્યારથી યુવકો રહ્યા ત્યાં સુધીના દિવસો ગણાવ્યા. ત્યારે સ્વામીશ્રી કહે : 'તમે અહીં વહેલા આવી સેવામાં રોકાયા હતા, તે દિવસ કેમ ન ગણ્યા ?'

તેઓ કહે : 'તે વખતે આપ અહીં નહોતા !'

તરત જ સ્વામીશ્રી બોલી ઊઠ્યા : 'આજ્ઞાથી સેવા માટે આવ્યા, તેથી સાથે જ હતા !'

કીમિયાગરમાં વિશ્વાસ

ગોંડલમાં રોકાણ દરમ્યાન સ્વામીશ્રીની સાથે ફરતા નિરંજનભાઈ દવેને ખૂબ તાવ આવ્યો. દવા તો કરી, પણ તાવ ખસવાનું નામ ન લે. આમ ત્રણેક દિવસ ચાલ્યું. સ્વામીશ્રી રોજ યુવકોના ઉતારે આવે. માથે હાથ ફેરવે, ખબર પૂછે અને વહાલ કરે.

સ્વામીશ્રી એક વાર ખબર પૂછવા પધાર્યા, ત્યારે ભાદરાના પ્રાસાદિક વડની ડાળી છોટુભાઈ વકીલે આપી હતી તે સાથે લાવ્યા હતા. સ્વામીશ્રીએ સેવક સંતને તે ડાળી આપી રાખેલી અને કહેલું : 'આ સાચવી રાખજો. હું કાલે માગીશ.' આજે તે માગીને સાથે રાખી હતી.

નિરંજનભાઈ પાસે થોડી વાર બેઠા. પ્રસાદીના વડની ડાળખી પાન સાથે આખા શરીરે ફેરવી. પછી કહે : 'જુઓ, આ ટૂસકો (જાદુ-ટૂચકો) કર્યો. હવે તાવ ઊતરી જાશે.' એમ કહી નિરંજનભાઈને કહે : 'ઊતરશે કે નહીં ?'

તેમને થયું : 'આમ કાંઈ તાવ ઊતરે ?'

ત્યાં ફરી સ્વામીશ્રી કહે : 'વિશ્વાસ ન આવ્યો ?' એમ કહેતાં હસી પડ્યા ને ફરી ડાળખી ફેરવી. વળી બોલવા લાગ્યા : 'ઓમ ઘોમ તરિયો ચોકો તાવ

અને રોગમાત્ર જા...વ ગોંડળીમાં !' પછી વળી કહે : 'ગ્યો ! વિશ્વાસ આવ્યો ?' સ્વામીશ્રીએ આતુરતાથી પૂછ્યું.

'હા, બાપા ! તાવ ગયો.' નિરંજનભાઈ બોલ્યા.

આ પછી બરાબર કલાકે તાવ તદ્દન ઊતરી ગયો. જેનું આશ્ચર્ય ઘણાને ઘણા દિવસ સુધી રહ્યું. પ્રસાદીની ડાળખીને પણ એમણે ફક્ત નિમિત્ત જ બનાવી હતી...

✧

શુક્રવાર, તા. ૧૪-૧૧-'૫૮, રાત્રે સ્વામીશ્રી અન્નકૂટનો પ્રસાદ ગામડે વહેંચવા માટે ગોંડલથી નીકળ્યા. ઘોઘાવદર, રામોદ, માંડવા, મોવૈયા, શિવરાજગઢ, દેવચડી વગેરે ગામોમાં પધારી સ્વહસ્તે પ્રસાદનું વિતરણ કર્યું. રામોદ, માંડવા, દેવચડી વગેરે ગામોમાં સાંજે સ્વામીશ્રી વાડીએ સ્નાન કરવા પધારતા. ઠાકોરજીને સ્નાન કરાવી, શેરડી ધરતા. શેરડીનાં માદળિયાં સૌને ખોબે ખોબે વહેચતા અને પોતે પણ થોડા અંગીકાર કરતા.

સાંજનો નમતો પહોર હોય. સ્વામીશ્રીએ એક પગની પલાંઠી વાળી હોય અને બીજો પગ ઊભો રાખ્યો હોય, બંને હાથનાં કાંડાં ઊભા પગના ગોઠણ ઉપર ઉપરા-ઉપરી ટેકવ્યાં હોય અને મોકળે મને શેરડી જમતા હોય. ગામડાંના ભક્તો સૂડીથી સારી પોચી શેરડી છોલી સ્વામીશ્રીને આગ્રહ કરતા હોય, આ દર્શન અલૌકિક હતાં. શેરડીનાં માદળિયાંનું ચોથિયું સ્વામીશ્રી મોંમાં મમળાવે, ધીરે ધીરે સિસકારા કરતા રસ ઉતારે, પણ એમનું ધ્યાન તો હરિભક્તોને શેરડીનાં માદળિયાં આગ્રહ કરી કરીને વહેંચવામાં જ હોય. વસ્તુઓ વહેંચવાનો ઈજારો પોતે રાખતા અને એમાં ખૂબ આનંદ લૂંટાવતા.

આમ તો એ દેવા જ આવ્યા છે, પણ પ્રસાદી લેવાની ભક્તોને ટેવ પડે તો પછી ભગવાનની મૂર્તિરૂપી પ્રસાદી પણ લેવા ટેવાય. એટલે જ કદાચ તેઓ દેવાનું ચાલુ રાખતા હશે. ભક્તોને એ લેવામાં આનંદ આવતો. એનું વિશેષ કારણ તો એ હતું કે એમને કોઈ બદલાની આશા નહોતી. નિઃસ્વાર્થભાવે લૂંટાવવામાં જ એમને મજા આવતી.

વરસાદ સાથે વાત્સલ્યની આંધી

પ્રસાદ વહેંચવા સ્વામીશ્રી જાયવા પધાર્યા અને ત્યાંથી સાથે રહેલા કેટલાક યુવકોને ડાંગરા જવા માટે આજ્ઞા કરી. જાયવા રેલવેમાં હડમતિયા

જવાનું હતું. સ્વામીશ્રીએ જાયવા સ્ટેશને જવા બળદ ગાડું મોકલ્યું હતું.

કંપાલાવાલા મહેન્દ્રભાઈને[૧૪] બે ડિગ્રી તાવ હતો. છતાં સ્વામીશ્રીની આજ્ઞા હતી, તેથી હિંમત કરીને બપોરે ટ્રેનમાં જવા માટે નીકળ્યા.

અડધે રસ્તે ગયા ત્યાં ધોધમાર વરસાદ તૂટી પડ્યો. સાથે ઊડી જવાય એવી જબ્બર પવનની આંધી હતી. ગાડાવાળાના બળદ ભાગી ગયા. સૌ યુવકો ગાડા નીચે બેસી રહ્યા.

રાત પડી ગઈ હતી. વરસાદ ઓછો થયો. સ્વામીશ્રીએ યુવકોને લેવા સામા હરિભક્તોને બૅટરીઓ લઈને મોકલ્યા હતા. મહામહેનતે કાદવ-કીચડ ખૂંદીને સૌ રાત્રે જાયવા પાછા ફર્યા, ત્યારે સ્વામીશ્રી ધૂન કરાવતાં યુવકોની રાહ જોઈને બેઠા હતા. હજારો માતાની મમતા જાણે સ્વામીશ્રીની વાત્સલ્ય-મૂર્તિમાંથી વહી રહી હતી. યુવકોએ એ દર્શન કર્યાં અને સૌને શાંતિ થઈ ગઈ. સ્વામીશ્રીએ સૌને પાસે બેસાડીને ખૂબ હેતપૂર્વક સર્વે સમાચાર પૂછ્યા. બાળક ખોવાતાં બહાવરી બનેલી માતાને બાળક મળી આવે અને જે લાગણી વરસે, એવી લાગણી એમની વાતચીતમાંથી, હાવભાવમાંથી ઊભરાતી હતી.

સ્વામીશ્રીએ રાત્રે ૧૨-૦૦ વાગે યુવકોને ખીચડી-કઢી પીરસીને જમાડ્યા. મહેન્દ્રભાઈનો તાવ ક્યાંય દૂર ભાગી ગયો હતો. સ્વામીશ્રીએ જાણે કોઈ પ્રકારની યુવકોની કસોટી કરવા માટે જ પ્રસંગ ઉપસ્થિત કર્યો હોય અથવા તો પછી પોતાના અપાર વાત્સલ્ય-ધોધમાં સ્નાન કરાવવા પણ હોય !

અહીંથી ભાદરા-ગુણાતીતનગર જતાં રાત્રે ધ્રોળ બાપુના મહેલમાં સ્વામીશ્રીની પધરામણી હતી. હરિભક્તોમાં હર્ષદભાઈ દવે તથા આઠથી દસ યુવકો સાથે હતા. બાપુએ દીવાનખાનામાં સ્વામીશ્રીને પધરાવ્યા. પૂજા-આરતી કર્યાં. સ્વામીશ્રીએ આશીર્વચનો કહ્યાં. ધ્રોળ બાપુએ પણ સ્વામીશ્રીના મહિમાનું ગાન કર્યું.

એવામાં સ્વામીશ્રી લઘુ કરવા ઊઠ્યા અને બાજુના એક બહુ મોટા બાથરૂમમાં ગયા.

સ્વામીશ્રી લઘુ કરીને ઊઠ્યા. રમેશભાઈ દવે તથા એક યુવક હાથ ધોવરાવવા ગયા. ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'નળ માટીથી સાફ કરવો જોઈએ.'

તેમણે કહ્યું : 'હમણાં જ નળ ઊટક્યો છે.'

તેથી સ્વામીશ્રીએ હાથ ધોયા ને કહ્યું : 'અરે ! આપણે તો ધૂળથી બાપુનો

---

૧૪. હાલ પૂજ્ય ત્યાગવલ્લભ સ્વામી.

બાથરૂમ બગાડ્યો. હવે તમારો રૂમાલ હોય તો તેનાથી બાથરૂમ સાફ કરી નાખો.'

બન્ને યુવકો તો વિચારમાં પડી ગયા. સ્વામીશ્રીની આ લીલા કેવી ! પહેલાં કહે : 'માટીથી નળ ઊટકો.' પછી કહે : 'બાથરૂમ બગાડી નાખ્યો.'

પરતુ સ્વામીશ્રીની પ્રત્યેક ક્રિયામાં નિર્દોષભાવ જોનારા યુવકો તો બાથરૂમ સાફ કરવા લાગ્યા. બહુ મોટો બાથરૂમ અને ચીકણી માટી; તેથી બાથરૂમ સાફ કરતાં અને ધૂળ કાઢતાં ઘણી મુશ્કેલી પડી. સ્વામીશ્રીએ માથે ઊભા રહીને બાથરૂમ સાફ કરાવ્યો.

પછી બહાર નીકળ્યા ત્યારે કહે : 'આ તો મોટા માણસ કહેવાય. બાપુનો બાથરૂમ કહેવાય. આપણે મર્યાદા બહુ રાખવી જોઈએ. આપણે ચોખ્ખો કરીને નીકળવું જોઈએ.' યુવકોને ખ્યાલ આવ્યો કે આજે વિવેકબુદ્ધિનો એક વિશેષ પાઠ ભણવા મળ્યો.

યુવકોને એકાંતિક ધર્મ સિદ્ધ થઈ જાય, તેવો શુભ સંકલ્પ સ્વામીશ્રીએ ભાદરામાં યુવકોની હાજરીમાં કર્યો. સૌને પ્રેરણા આપી. આ ઝડપી ટૂંકા વિચરણમાં પણ સાંજે આરતી પછી સ્વામીશ્રી બાળકોને ભેગા કરતા. ધૂન બોલાવતા. બાળસુલભ ભાષામાં વાતો કરી, પ્રસાદ આપતા. નાના બાળકો પણ સ્વામીશ્રીના ધબ્બાની આકાંક્ષા રાખતા. તેમના નાનકડા મનમાં કોઈ કહી ગયું હતું કે 'બાપાનો ધબ્બો મળે, તો આપણે કોઈ દિ' નાપાસ ન થઈએ.'

જંગલમાં કે ગુફામાં શોધ્યા ન જડે

બીજે દિવસે સવારે મોટર રસ્તે ડાંગરા આવી પહોંચ્યા. રાજકોટ, જામનગરથી આવેલા હરિભક્તોને લાભ આપી, સાંજે રાજકોટ પધારી, મોજીદડના રામજીભાઈના આગ્રહથી ટ્રેન દ્વારા વિરમગામ આવી પહોંચ્યા.

અહીંથી પાટડી દરબારની મોટરમાં પાટડી પધાર્યા. દરબારમાં જ ઉતારો હતો. ઠાકોર સાહેબ પ્રતાપસિંહજી, યુવરાજ કિસનસિંહ તથા રાજકુટુંબે સ્વામીશ્રીના સેવા-સમાગમનો નમ્રભાવે સારો લાભ લીધો. બાપુ સ્વામીશ્રીનાં દર્શનથી ખૂબ પ્રભાવિત થયા હતા.

દરબાર સાહેબે પોતાના રહેણાંકના મકાનમાં સ્વામીશ્રીની પધરામણી કરાવી. તેઓ સંસ્કૃતના સારા વિદ્વાન હતા.

અહીં સ્વામીશ્રીએ 'સ્વામીની વાતો' બોલવાની શરૂઆત કરી. ત્યારે તેના અનુસંધાનમાં તેઓ સંસ્કૃતના શ્લોકો અને રામાયણની સાખીઓ બોલે.

સ્વામીશ્રી તો ડોલતા જાય.

સ્વામીશ્રી ફરી વાત બોલે ને દરબાર સાહેબ શ્લોક ને સાખી બોલે.

સભામાં બેઠેલા સૌને કંટાળો આવતો હતો કે સ્વામીશ્રી વાતો બોલે છે, તેમાં દરબાર સાહેબ શા માટે ઉખાણાં મૂકે છે ?

પરંતુ સ્વામીશ્રી જરાય કંટાળ્યા વિના વાતો બોલે ને અટકી જાય. દરબાર સાહેબને બોલવા દે. પોતે આનંદથી ડોલતા જાય.

પછી ચાંદીના કટોરામાં કેસર-બદામવાળું દૂધ આવ્યું. સ્વામીશ્રીએ પોતાના હાથે ઠાકોરજીને ધર્યું. પોતે તો લેશપણ લીધું નહિ, પણ સંતોને ચાંદીને બદલે પિત્તળની રકાબી મંગાવી પાયું. દરબાર સાહેબને અત્યંત આશ્ચર્ય થયું કે કોઈએ ચાંદીના કટોરાનો ઉપયોગ કેમ ન કર્યો ? તેમણે કહ્યું : 'અમારે ત્યાં બીજા ઘણા મહાત્મા આવે છે. તેઓ તો ચાંદીના થાળી-વાટકામાં જમે છે. તમારે શો બાધ છે ?'

સ્વામીશ્રી કહે : 'અમારે શ્રીજીમહારાજની આજ્ઞા છે. એટલે અમારાથી એમ ન થાય. લાકડાના પત્તરમાં પાણી નાખી, મેળાવીને જ જમાય.'

દરબાર સાહેબ તો અવાક્ થઈ ગયા. એમને આ સંતોનાં વર્તનની આટલી દૃઢતાનો પ્રથમ જ વખત પરિચય થયો. અને તેમને તથા તેમના સંબંધીઓને ખૂબ જ ગુણ આવ્યો. સ્વામીશ્રીની સાધુતા આગળ પોતાની વિદ્વત્તા બાપુને ઘણી વામણી લાગી ! તેઓ સ્વામીશ્રીના ગુણ ગાવા લાગ્યા : 'તમારા જેવા સાધુ જંગલમાં કે ગુફામાં પણ શોધ્યા ન જડે. મને આશીર્વાદ આપો. ૩૭ વર્ષથી ડાયાબિટીસનો રોગ છે ને પરેજી પાળું છું, પણ આજે આપે આપેલું આ સાકરવાળું પ્રસાદીનું દૂધ પીઉં છું. મને વિશ્વાસ છે મારો રોગ મટી જશે.'

પછી તેમના યુવરાજને આશિષ અપાવ્યા. તેમણે કહ્યું : 'આ દીકરા અમદાવાદ રહે છે, તો ત્યાં આપ બોલાવીને પણ આશીર્વાદ આપજો.'

કાર્તિક સુદ એકાદશીનો સમૈયો અમદાવાદ કરી, નડિયાદ રામચંદ્રભાઈ તથા ભાઈલાલભાઈને લાભ આપ્યો. તથા સંતોને જમાડવાનો ડૉ. ગોરધનભાઈનો જૂનો સંકલ્પ પૂરો કર્યો. બોચાસણ પૂનમનો સમૈયો કરી, બદલપુર પધરામણી કરી, સ્વામીશ્રી વિદ્યાનગર પધાર્યા.

ગુરુવાર, તા. ૨૭-૧૧-'૫૮, સાંજે વિદ્યાનગરના યુવાન ભક્તો ગોરધનભાઈ, જીવાભાઈ વગેરેના આમંત્રણને માન આપી સ્વામીશ્રી પધાર્યા. સૌ પ્રથમ જૂના આંબાના વૃક્ષ નીચે ઉપકુલપતિ ભાઈલાલભાઈએ હારતોરાથી

સ્વામીશ્રીનું સ્વાગત કર્યું. નટવરલાલ દવે, રતિલાલભાઈ, સી.કે. ભટ્ટ, હરમાનભાઈ વગેરે મહાનુભાવો હાજર હતા. સ્વાગત કરતાં ભાઈલાલભાઈએ જણાવ્યું હતું કે –

'મારું ચારિત્ર્ય અત્યાર સુધી શુદ્ધ રહ્યું હોય અને સારા સંસ્કારો જો મારામાં આવ્યા હોય, તો તે શાસ્ત્રીજી મહારાજના શુભ આશીર્વાદને આભારી છે. મારા ઉપર એમનો નાનપણથી જ રાજીપો હતો. અને એમના આશીર્વાદથી જ આ વિદ્યાનગરની આટલી પ્રગતિ થઈ શકી છે. આજે પણ સારા સંસ્કારો તો યોગીજી મહારાજ જેવા સંતોના પ્રસંગથી અને આશીર્વાદથી જ પ્રાપ્ત થાય છે.'

સ્વામીશ્રીના આશીર્વાદથી અહીં પણ સ્વામિનારાયણનું મંદિર, સંસ્કાર-ધામ બને, એવી ઇચ્છા તેમણે વ્યક્ત કરી હતી.

૨૦૦ જેટલા વિદ્યાર્થીઓએ સ્વાગતનો લાભ લીધો હતો. કૉંગો હાઉસમાં ઉતારો હતો. સંખ્યાબંધ વિદ્યાર્થીઓએ સ્વામીશ્રીના વ્યક્તિગત આશીર્વાદનો પણ લાભ લીધો. ૧૫૦ જેટલા યુવાનોએ કંઠી ધારણ કરી. દર ગુરુવારે થતી વિદ્યાનગર યુવક મંડળની સભામાં હાજરી આપવા સ્વામીશ્રીએ સૌને અનુરોધ કર્યો. બાદ સાંજે 'રામકૃષ્ણ મિશન'માં જાહેર સભા થઈ.

તા. ૨૯-૧૧-'૫૮, સવારે ભાઈલાલભાઈએ પોતાના નિવાસ સ્થાને સ્વામીશ્રીની પધરામણી કરાવી, ત્યારે અહીં છાત્રાલય બાંધવા અંગે વાત નીકળી. ભાઈલાલભાઈએ તુરત નકશા મંગાવી જમીન આપવા કબૂલ્યું અને સ્વામીશ્રીને પોતાની મોટરમાં બેસાડી પ્લૉટ બતાવ્યો. આમ, વિદ્યાનગરમાં છાત્રાલયનો પ્રથમ દૃઢ સંકલ્પ થયો.

ભાદરણના પ્રેમી હરિભક્તોએ પાંચ દિવસ કથાવાર્તાનો જ લાભ લીધો. સ્વામીશ્રીને સારી રીતે આરામ મળે એ રીતે કાર્યક્રમ ગોઠવ્યો હતો. દિવસમાં ત્રણ વાર તો મંદિરમાં કથાવાર્તાનો લાભ સૌ લેતા જ. વિનુભાઈ તથા પ્રમોદભાઈએ યુવક મંડળની પ્રવૃત્તિને સારો વેગ આપ્યો. યુવકો રોજ રાત્રે ૮-૦૦ થી ૧૧-૦૦ સ્વામીશ્રી આગળ કીર્તનોની રમઝટ બોલાવતા.

એક દિવસ અહીં મંદિરમાં બપોરે ઠાકોરજી જમાડીને સ્વામીશ્રી પોતાના આસન ઉપર બિરાજ્યા હતા. 'વચનામૃત' વાંચવાની શરૂઆત થતી હતી, ત્યાં ડાહ્યાભાઈ આવ્યા. સ્વામીશ્રી કહે : 'ડાહ્યાકાકા ! જમી લો.'

તેમણે કહ્યું : 'બાપા ! જમીને જ આવ્યો છું.'

ત્યારે સ્વામીશ્રી બોલ્યા ! 'એ તો હુંય જાણું છું. બધા જમીન ઉપર જ

હાલ્યા આવે છે. કોઈ આકાશમાર્ગે નથી જતો.' એમ બોલતાં ખડખડાટ હસી પડ્યા. જેઓ સમજ્યા તે પણ સ્વામીશ્રી સાથે હસી પડ્યા. ન સમજ્યા તે આશ્ચર્યવત્ જોઈ રહ્યા.

સ્વામીશ્રીએ શ્લેષ કર્યો. સ્વામીશ્રીનો ભાવ ગમે તે રીતે તેમને જમાડવાનો જ હતો. તેમાં એમની સાહજિક દલીલ ગમ્મતમાં પરિણમી.

આત્માનું વીજળી ઘર બતાવ્યું

તા. ૫-૧૨-'૫૮, સ્વામીશ્રી બોરસદ-વાસણા થઈ અટલાદરા આવ્યા.

મંદિરના ખેતરમાં કૂવા પાસે ઉપવનમાં સારો સત્સંગ થયો. એલેમ્બિકના મૅનેજર મણિભાઈ ભાઈલાલભાઈ પોતાની મોટરમાં સ્વામીશ્રીને વડોદરા મંદિરે લઈ ગયા હતા. રસ્તામાં તેઓ કુતૂહલથી સ્વામીશ્રીને ગુજરાતમાં ઈલેક્ટ્રિસિટી પહોંચાડતું મોટું વીજળી સંકુલ બતાવતા હતા. સ્વામીશ્રીએ રસપૂર્વક તેમની વાતો સાંભળી. પછી જણાવ્યું કે 'ગોંડલ અક્ષર મંદિરેથી જ્ઞાનનો પ્રકાશ બધે ફેલાવવો છે. તે સ્થાન પણ જોવા જેવું છે.'

આમ, વાતવાતમાં સ્વામીશ્રીએ તેમને ગુણાતીતાનંદ સ્વામી અને અક્ષર મંદિરનો મહિમા સમજાવી, ત્યાં દર્શને આવવા અનુરોધ કર્યો. શેઠના મનમાં સ્વામીશ્રીને વીજળી ઘર બતાવવાની ઇચ્છા હતી, પણ નિર્દોષમૂર્તિ સ્વામીશ્રીએ તેમને આત્માનું વીજળી ઘર, જે અનંત જીવોનાં અજ્ઞાનને દૂર કરી, અંતરમાં પ્રકાશ પાથરે અને શાશ્વત શાંતિનો અનુભવ કરાવે છે, એ જોવાની પ્રેરણા આપી.

વડોદરામાં ત્રણથી ચાર દવાખાનામાં બીમાર હરિભક્તો દાખલ કરાયા હતા. તેમને સર્વને મળ્યા. સાંજની સભામાં ન્યાયાધીશ સાહેબ, ડૉક્ટરો તથા અમલદારો મોટી સંખ્યામાં આવ્યા હતા. હરમાનભાઈએ દેશ-પરદેશના સત્સંગનો વિશિષ્ટ ખ્યાલ આપી, સ્વામીશ્રીનો મહિમા સમજાવ્યો.

એકાદશીને દિવસે કોયલી, બાજવા, અટલાદરા થઈ, સ્વામીશ્રીએ સાંજે જ્ઞાનમંદિર - વડોદરામાં નાથાલાલ યોગીનાના આગ્રહથી જાહેર સત્સંગ સભાને લાભ આપ્યો. શરદી અને ઉધરસ હોવા છતાં લગભગ અડધો કલાક સત્સંગના મહિમાની વાતો કરી, સ્વામીશ્રીએ સૌને બ્રહ્માનંદમાં ગરકાવ કરી દીધા.

વળતે દિવસે સાંજે સોખડા વાઘરીભાઈઓ તથા નાયકભાઈઓના વિસ્તારમાં સારી સભા થઈ. ઘણાએ દારૂનાં વ્યસનનો ત્યાગ કર્યો. રાત્રે ૧૧-૦૦ વાગે વાસણા આવી ૧-૩૦ વાગે આરામમાં પધાર્યા. નિશાળમાં ઉતારો હતો.

ચતુરભાઈ ચૂંથાભાઈ તથા પૂંજાભાઈએ સારી સેવા કરી.

ખેતરે ખેતરે પધરામણીઓ કરી, રણોલી સ્ટેશનથી બારેજડી આવી, લાલીગામ ઘનશ્યામભાઈ બ્રહ્મભટ્ટને ત્યાં પધરામણી કરી, મહીજડા પધાર્યા.

નિષ્ઠા, સર્વ સિદ્ધિનું મૂળ

કાશીભાઈ તથા અંબાલાલભાઈએ બે દિવસ વારાફરતી પોતાને ત્યાં ખૂબ જ ધામધૂમથી, વિધિપૂર્વક ગંગાપૂજન કરાવ્યું. આ પ્રસંગે તેઓએ પોતાનાં તમામ સગાંવહાલાં તથા મિત્રોને લાભ લેવા બોલાવ્યાં હતાં. તેમાંય અંબાલાલભાઈની ભાવનામાં હવે નિષ્ઠાનું તેજ ભળ્યું હતું. આંખોમાં સ્વામીશ્રી પ્રત્યે સદા કૃતજ્ઞભાવ છલકતો રહેતો. એનું પણ એક કારણ હતું.

વાત એમ હતી કે તેમના વીસેક વર્ષના પુત્ર રમણભાઈને ભૂતનો વળગાડ હતો. તેનું શરીર કાષ્ઠવત્ થઈ જતું. પોતે પગ પછાડતો અને બૂમો પાડી બોલતો : 'અમે ચીમન, રમાબા અને મધુ છીએ, ત્રણ છીએ અને ચાર થવું છે.'

આવા શબ્દોથી ઘરમાં ભયનું વાતાવરણ પ્રસરેલું રહેતું. અંબાલાલભાઈએ એક વાર આવી દશામાં રમણભાઈ સામે સ્વામીશ્રીની મૂર્તિ ધરી. ત્યારે ભૂત ગ઼ભરાઈને બોલવા લાગ્યું : 'આ બાવાને ઘરમાંથી જલદી કાઢો, તો હું તમારા ઘરનાં નળિયાં સોનાનાં બનાવી દઉં.'

અંબાલાલભાઈને અકસીર ઉપાય મળી ગયો. તેમણે તરત જ સ્વામીશ્રી પાસે પહોંચી વાત જણાવી. સ્વામીશ્રી કહે : 'ગભરાવું નહીં, આપણે તેમને બદરિકાશ્રમમાં તપ કરવા મોકલી દઈશું.' પછી ધૂન કરાવી કહે : 'જાવ, હવે રમણભાઈના દેહમાંથી ભૂત નીકળી ગયાં છે, અને બદરિકાશ્રમમાં જશે.'

જ્યારે અંબાલાલભાઈ ઘરે આવ્યા ત્યારે રમણભાઈ તદ્દન સાજા-સારા થઈ ગયા હતા, પરંતુ ગામલોકો કહેવા લાગ્યા કે 'બાજુમાં પીરાણા છે, ત્યાં દેખાડવું જોઈએ. ન કરે નારાયણ ને કાલે સવારે શું થાય, તે કહેવાય નહીં !'

આ બધું સાંભળી છેવટે અંબાલાલભાઈએ લોકલાજે પણ રમણભાઈને પીરાણા લઈ જવા પડ્યા. ત્યાંના મુજાવરે અમુક વિધિ કરી રમણભાઈને કડી પહેરાવી કે તરત જ પેલા ત્રણે ભૂતોએ ફરી રમણભાઈમાં પ્રવેશ કર્યો. તોફાન શરૂ કર્યું અને કહેવા લાગ્યા : 'તમારા ગુરુએ અમારું ભલું કરવા અમને બદરિકાશ્રમમાં તપ કરવા મોકલ્યા હતા, ને અમે હજુ માર્ગમાં જ હતા ત્યાં તમે પીરાણા કેમ આવ્યા ? અમારાથી આગળ જ વધી શકાયું નહીં. પાછા ખેંચાવા

લાગ્યા. કોઈ મહાન શક્તિથી અમે અહીં ધકેલાઈ ગયા. હવે તો અમે આનો જીવ લઈને જ જંપીશું.'

અંબાલાલભાઈના પસ્તાવાનો પાર રહ્યો નહીં. તેમને લાગ્યું કે નિષ્ઠામાં મહોબત રાખી તેનું આ પરિણામ છે. તેઓ ફરી સ્વામીશ્રીની પાસે પહોંચ્યા. ચરણોમાં માથું નાખી રડી પડ્યા અને ભૂલ બદલ ક્ષમા માગી.

સ્વામીશ્રી કહે : 'નિષ્ઠા મોટી વાત છે. નિષ્ઠાથી બધી વાત સિદ્ધ થાય છે. માટે તે ડગવા દેવી નહીં.' એમ કહેતાં પ્રસાદી-જળ આપ્યું અને કહે : 'પૂજાનું જળ લઈ જાવ. દીકરાને પાજો. ભૂત ફરી નહીં આવે.'

અંબાલાલભાઈએ સ્વામીશ્રીના વચન મુજબ કર્યું અને પુત્ર સાજો થઈ ગયો. ગામલોકો પણ આ અદ્‌ભુત અને પવિત્ર મૂર્તિ સંતના અદ્વિતીય પ્રભાવથી અચંબામાં પડી ગયા. સૌ સ્વામીશ્રીનો અપાર મહિમા સમજ્યા.

અશ્રદ્ધાળુમાં આદર

અહીં અમદાવાદ જિલ્લા પ્રમુખ ડૉ. છોટુભાઈ પટેલ તથા ખેડા જિલ્લા પ્રમુખ ગોરધનભાઈ શંભુભાઈ પણ ખાસ દર્શને આવ્યા હતા.

ઈશ્વરને કેવળ માનવતાવાદમાં જ નિહાળતા ગોરધનભાઈ પટેલને સ્વામીશ્રીની નિર્દોષ મુખમુદ્રા, મધુર વાણી, નિખાલસ સ્વભાવ અને સમાજના કલ્યાણની ઊંચી ખેવના જોઈને ખૂબ સદ્‌ભાવ થયો હતો. તેમની ધર્મમાં ડગુમગુ થતી શ્રદ્ધાની વાટને સંકોરીને સ્વામીશ્રીએ જાણે-અજાણે પ્રજ્વલિત કરી દીધી હતી.

સ્વામીશ્રીની આજ્ઞાથી પ્રવચન કરતાં તેમણે જણાવ્યું કે 'ભૂખ્યા પેટે ભજન થાય નહિ, તેવી આપણી કહેવત છે. અનેક પ્રકારની મૂંઝવણો અને તંગીઓથી ઘેરાયેલા માણસ માટે સંસ્કારો મેળવવાનું કામ મુશ્કેલ બને છે, અને એટલે જ તેની દુન્યવી વાતની પાયાની જરૂરિયાતોની પ્રાપ્તિ કરવામાં જે વ્યક્તિ યા પરિબળ સહાયક બને છે, તેના ઉપદેશની તેની ઉપર ધારી અસર પડે છે. યોગીસ્વામી આવી એક તપસ્વી વ્યક્તિ અને શ્રદ્ધેય સંત છે. એમણે સમાજને સંસ્કારિતા અને સદ્ધરતાના પંથે દોર્યો છે. એમના આવા વ્યક્તિત્વને કારણે ઘણી મોટી સંખ્યામાં શિક્ષિત નવયુવકોએ એમના આદેશ મુજબ ધર્મ અને સમાજની સેવામાં જીવન પરોવ્યાં છે. અને મારા જેવા કેટલાય અશ્રદ્ધાળુ (સ્કેપ્ટીકલ) લોકોનાં દિલમાં પણ આદરની ઊંડી લાગણીઓ ધરબી છે. 'શરીરમાદ્યં ખલુ

ધર્મસાધનમ્'ના સૂત્રને એમણે પોતાની લોક-કલ્યાણની પ્રવૃત્તિઓના કારણે વીસર્યું ને પોતાના આરોગ્યને કથળવા દીધું, એવી અમારા જેવાઓની ફરિયાદ છે. ખેર ! સાચા સંતો પોતાના સુખની પરવા કે ખેવના કરતા નથી. પછી યોગીસ્વામી જુદા કેમ પડે ? તેઓ પોતાની કામગીરી અસરકારક રીતે કરી રહ્યા છે. આપણા માટે સ્પષ્ટ પંથ ચીંધ્યો છે. તેની ઉપર આપણે ચાલવાનું છે.'

અહીં બારેજાના રાવ સાહેબ છોટાભાઈ તથા ચલોડાના ગોવિંદભાઈ તેમજ આજુબાજુના ઘણા હરિભક્તોએ લાભ લીધો હતો. હરમાનભાઈ તથા હકાભાઈનાં જુસ્સાદાર પ્રવચનો તથા શંકર કવિનાં ભજનોએ સૌને આનંદિત કર્યા હતા.

તા. ૧૩-૧૨-'૫૮, સવારે સ્વામીશ્રીએ કલેક્ટર ગોહિલ સાહેબની મોટરમાં અમદાવાદ આવી, મંદિરના નિર્માણ-કાર્યનો પ્રારંભ કર્યો. આ જગ્યામાં જે જૂનો બંગલો હતો, તેનો આગળનો ભાગ જે મંદિર-નિર્માણમાં દબાતો હતો, તે તોડવાની શરૂઆત કરી.

પાછા મહીજડા આવ્યા. ચિત્રાસરવાળા અંબાલાલભાઈ તથા કાસમભાઈએ સારી વ્યવસ્થા કરી. મહીજડામાં સેંકડો ભાવિકોને આ બ્રહ્મયજ્ઞનો લાભ અપાવ્યો હતો.

દરબાર કેસરીસિંહ તથા નટવરસિંહને ત્યાં ધરોડા થઈ, સ્વામીશ્રી વડાલા વિઠ્ઠલભાઈ, ગોરધનભાઈ તથા પુરુષોત્તમભાઈને ત્યાં માંગલિક પ્રસંગે લાભ આપ્યો. અગિયાર ડમણિયામાં અહીંથી રાત્રે શ્રીજીપુરા પધાર્યા.

શ્રીજીપુરામાં યુવક મંડળ સારું તૈયાર થયું હતું. સૌ કીર્તન-ભજન સારાં ગાતાં હતાં. તેમજ કેટલાકે વચનામૃતો તથા કીર્તનો મુખપાઠ પણ કર્યાં હતાં.

અહીંથી પાંચ ગાડાં જોડી સ્વામીશ્રી અંબાલાલભાઈના આમંત્રણથી ચિત્રાસર પધાર્યા. રસ્તામાં ઘણા ખેડૂતોનાં ખેતરોમાં પધરામણીઓ કરી. ગાડામાંથી વારેવારે ચડવા-ઊતરવાનું કષ્ટ અવગણી, ભક્તોને રાજી કરવાનું સ્વામીશ્રીને વિશેષ ગમતું. અંબાલાલભાઈનાં પ્રેમ અને ઉદારતાને લીધે બપોરે સ્વામીશ્રીએ પંગતમાં સૌ હરિભક્તોને ખૂબ દૂધપાક પીરસ્યો. ગામડાના ભક્તોને સુખમાં તરબોળ કરી દીધા.

નાયકા થઈ, સ્વામીશ્રી પુરુષોત્તમપુરા આવી પહોંચ્યા. અહીં બે દિવસ સારો ઉત્સવ થયો. મોટાસ્વામી શાસ્ત્રીજી મહારાજની પ્રસાદીની વાતો કરતા. મોતીભાઈ ભગવાનદાસ મહિમાનાં કીર્તનો બોલતા. ઈશ્વરભાઈ દાજી,

રમણભાઈ, તુલસીભાઈ વગેરે કુટુંબના સભ્યોએ સંતો-હરિભક્તોના મોટા સમુદાયને ખૂબ જમાડી આનંદ કરાવ્યો. એક દિવસ સાંજે જામફળની વાડીમાં સભા કરી હતી. સૌને તાજાં જામફળ પણ ખૂબ જમાડ્યાં.

નાગજીપુરા થઈ, રઢુ પધાર્યા. અહીં સભા ચાલતી હતી. તે દરમ્યાન ઉત્તરસંડામાં એક હરિભક્ત બહુ બીમાર હતા તેથી, કેટલાક ભક્તો ઉતાવળે સ્વામીશ્રીને તેડવા આવ્યા. તેમની બધી વાત સાંભળી, સ્વામીશ્રીએ તેમને સમજાવ્યું કે 'સભા પૂરી કરી, ઠાકોરજી જમાડીને જઈએ.' સ્વામીશ્રી જાણતા હતા કે ઉતાવળ કરવાનો કોઈ અર્થ નથી. વળી, એમના વગર બધા હરિભક્તો પણ મોડે સુધી જમ્યા વગર બેસી રહે. પણ ઉત્તરસંડાના ભક્તોએ આગ્રહ બહુ રાખ્યો. તેથી સ્વામીશ્રી તુરત જવા નીકળ્યા. ૧૫ મિનિટ પછી જ સમાચાર આવ્યા કે તે હરિભક્ત ધામમાં ગયા છે.

'મોટાપુરુષ અંતર્યામી છે' એમ આપણે સૌ બોલીએ છીએ, પણ ટાણે ભૂલી જઈએ છીએ અને એમને પણ સલાહ આપીએ છીએ. તે આવા પ્રસંગે ક્યારેક અનુભવાય છે. એમની આગળ તો બે હાથ જોડી, ડહાપણ અને ભોળપણ બંને મૂકીને દીનભાવે આજ્ઞાનું પાલન કરવું જોઈએ.

સ્વામીશ્રી ૩-૦૦ વાગે પાછા પધાર્યા અને ઠાકોરજી જમાડ્યા, પછી સૌ ભક્તો જમ્યા.

રવિવાર, તા. ૨૧-૧૨-'૫૮, વૌઠા નદીના સંગમમાં સમૈયો કર્યો. સ્નાન કરી, સૌને માથે પ્રસાદી-જળ ચઢાવી, અલૌકિક સ્મૃતિ સાથે આશીર્વાદ આપ્યા. જામફળ તથા પપૈયાંનો પ્રસાદ ખૂબ વહેંચ્યો.

વારસંગ ગામે સભા કરી. હરમાનભાઈ તથા હકાભાઈએ સત્સંગના મહિમાની વાતો કરી. ઘણા નવા મુમુક્ષુઓને વર્તમાન ધરાવી, રઢુ પધાર્યા.

એકાદશીનું જાગરણ અહીં કરી, માતર-વાસણા તથા શાંતિપુરા ચતુરભાઈને ત્યાં રાત રોકાઈ, સ્વામીશ્રી ખેડા પધાર્યા. ગિરધરભાઈ તથા છોટાભાઈની રસોઈ લઈ તેમની ઇચ્છા પૂર્ણ કરી.

અટલાદરા, કારવણ થઈ સ્વામીશ્રી લીંગસ્થળી પધાર્યા. અહીં રણછોડભાઈએ મોટું આયોજન કર્યું હતું. સભામાં મણિભાઈ સલાડવાળાએ ખૂબ જુસ્સાદાર વાતો કરી. રાત્રે ૧-૩૦ વાગ્યા સુધી સભા થઈ. બીજે દિવસે ગામમાં ૬૫ ઘરે પધરામણીઓ થઈ. આખા ગામને જમાડ્યું. સરપંચ જીવાભાઈ, ચતુરભાઈ, ડાહ્યાભાઈ વગેરે ભક્તોએ ખૂબ સેવા કરી.

કારવણ થઈ ટ્રેનમાં મિયાંગામ જવાનું હતું, પણ ટ્રેન મોડી હોવાથી સ્ટેશન સામે જિનમાં શેઠના આગ્રહથી પધરામણી કરી, સભા ભરી. ત્યાં ખબર મળ્યા કે 'ટ્રેન ઘણી મોડી છે ને મિયાંગામ સ્ટેશને વડોદરા જવા ફાસ્ટમાં કનેક્શન નહિ મળે.' જિનવાળા શેઠે સેવાની આ તક ઝડપી લીધી. સ્વામીશ્રીને પોતાની જીપમાં વડોદરા પહોંચાડ્યા. અહીંથી ફાસ્ટ પકડી સ્વામીશ્રી અમદાવાદ આવ્યા.

સુણી પારકા દોષને દાટે

આ અરસામાં અહીંના છાપામાં એક સંતની હલકી વાતો આવી હતી. સ્વામીશ્રી પાસે એક હરિભક્ત આ છાપું લાવ્યા. કંઈ સારા સમાચાર હશે એમ જાણી સ્વામીશ્રી કહે : 'વાંચો, શું આવ્યું ?'

પેલા હરિભક્ત વાંચવા લાગ્યા. તેમાં તે સાધુના ભ્રષ્ટ જીવન વિશે લખવામાં આવ્યું હતું. સ્વામીશ્રીએ કાનમાં આંગળી નાખી દીધી ને બોલ્યા : 'આવું અમારે સાંભળવું નથી. અમે તો સારું લખ્યું હશે, એમ જાણી વાંચવા કહ્યું. કોઈના પણ અભાવ-અવગુણની વાત કરવી નહિ અને સાંભળવી નહિ.'

અન્ય સંપ્રદાયના સંતોની નિંદાની વાતો સાંભળવા પણ તેઓ ક્યારેય રાજી નહોતા. એમની ગુણગ્રાહક દૃષ્ટિ જીવ-પ્રાણીમાત્ર સુધી વિસ્તરેલી હતી.

વૃક્ષની ઊર્ધ્વગતિ

અહીં એક વાર સ્વામીશ્રીએ રમેશભાઈ દલાલનો હાથ ઝાલ્યો અને બંગલાની આગળ ફુવારા પાસે આવેલા ઊંબરાના ઝાડને વર્તમાન ધરાવ્યાં.

ત્યારે બાજુમાં એક સંત ઊભા હતા. તેમણે કહ્યું : 'બાપા ! આ રમેશભાઈને ત્યાં સંતાન નથી, તો તેમને ત્યાં આ મંદિરના પવિત્ર વૃક્ષને દીકરા તરીકે મોકલો તો સારું.'

સ્વામીશ્રીએ રમેશભાઈની સામું જોયું. ત્યારે તેમણે કહ્યું : 'મારે આવું નબળું ઝાડવું નથી જોઈતું. કંઈ આંબો, પીપળો હોય તો વિચાર થાય.'

એટલામાં તાજપુરના મોટાસ્વામી કહે : 'બાપા ! આ નાનજીભાઈ વાઘેલાનેય દીકરો નથી. તેને ત્યાં મોકલો.'

રમેશભાઈની ઇચ્છા ન થઈ તેથી સ્વામીશ્રીએ નાનજીભાઈને આશીર્વાદ આપ્યા અને બરાબર એક વરસે તેમને ત્યાં પુત્રજન્મ થયો. તેઓ અત્યંત રાજી થઈ ગયા.

આપણે અક્ષરધામમાંથી આવ્યા છીએ

તા. ૧-૧-'૫૯, સ્વામીશ્રીએ મુંબઈના યુવકો ઉપર નીચે પ્રમાણે પ્રેરણાત્મક પત્ર લખ્યો :

'તમામ યુવકો, આપણે અક્ષરધામમાંથી આવ્યા છીએ. આપણે ગુણો અક્ષર જેવા શીખવા. પંચ વિષય તથા કામ, ક્રોધ, લોભમાં વાસના રહેવા દેવી જ નહિ. રૂપ તો જોવું જ નહિ. સાંખ્ય કરી નાખવું. પંચ વિષય હરામ જેવા કરી નાખવા. તો જ બળ રહે. આપણે વર્ષે, બે વર્ષે કે પાંચ વર્ષે એકાંતિક ધર્મ સિદ્ધ કરવો છે.

'મુંબઈ નગરીમાં રહેવું, પણ ડાઘ લાગવા ન દેશો. બળ રાખવુ. 'સ્વામીની વાતો' હંમેશાં સવારે બોલવી. બોલતાં બોલતાં દેહક્રિયા કરવી. 'વચનામૃત' મોઢે કરવાં. હર્ષદભાઈનો સમાગમ કરવો. તો જ બળ રહેશે. નવા પાંચ યુવકોને પત્ર વંચાવશો. તમો બધા આ લોકના નથી, પરલોકના છો. તેનો કેફ રાખવો. ગ.મ. ૬૩મું વાંચી વિચારવું. આનંદના ફુવારા છૂટશે. જયજયકાર થઈ જશે. બીજા યુવકો તમારો વાદ લેશે. તો આપણે તૈયાર થવું.'

સ્વામીશ્રીના સમાગમ માટે નંદાજી ખાસ અહીં આવી પહોંચેલા. તેઓ રોજ દિવસમાં ત્રણ વાર સ્વામીશ્રીનાં દર્શને આવતા અને સ્વામીશ્રીનાં દર્શન-સમાગમનો લાભ ઉત્સાહપૂર્વક લેતા.

સત્સંગમાં અંગત રીતે વૃદ્ધિ પામવા - સ્થિતિ કરવા માટે તેમણે સ્વામીશ્રી પાસે આશીર્વાદ માગ્યા. ત્યારે સ્વામીશ્રીએ ગ.મ. ૭મું વચનામૃત વિસ્તૃત રીતે સમજાવતાં કહ્યું : 'હદ ઉપરાંત સત્પુરુષની સેવા કરે. કહેતાં સત્પુરુષને નિર્દોષ જાણે, તો તત્કાળ રાજીપો થાય.'

અહીં કથા પ્રસંગમાં નંદાજીના કેટલાક પ્રશ્નોના ખુલાસા માટે સ્વામીશ્રીએ ગ.અં. ૫મું વચનામૃત વંચાવ્યું અને તે ઉપર વાત કરી કે 'મોટાપુરુષની સેવા અને પ્રસંગ તે બે સાધન થકી જ માહાત્મ્યે સહિત ભક્તિ ઉદય થાય છે. મોટાપુરુષનો પ્રસંગ કરવો એટલે અંતરાય રહિત મોટાપુરુષ સાથે વર્તવું. મોટાપુરુષના તમામ ગુણ જ્યારે મુમુક્ષુમાં આવે, ત્યારે જાણવું કે મોટાપુરુષ સાથે અંતરાય રહ્યો નથી. માટે પરમેશ્વર તથા સંતના વચનમાં અતિ દૃઢ શ્રદ્ધા અને વિશ્વાસ રાખીને, જે સાચે ભાવે સત્સંગ કરે છે, તે દેહ છતાં જ બ્રહ્મરૂપ થઈ જાય છે. ભગવાન કે સંત જો દિવસને રાત કહે અને રાતને દિવસ કહે તો તે તત્કાળ મનાય, ત્યારે વચનમાં વિશ્વાસ આવ્યો જાણવો. વળી, આજ્ઞામાં ટૂક ટૂક

વર્તે, ત્યારે શ્રદ્ધા દૃઢ થઈ જાણવી. જેમ ભગતજીને ગિરનાર લાવવા સ્વામીએ કહ્યું અને તત્કાળ દોડ્યા, કારણ કે તેમનામાં તીવ્ર શ્રદ્ધા હતી અને સ્વામીનું વચન હેઠું પડવા જ ન દેવું, તેવો વેગ હતો.'

એટલી વાત કરીને પછી બોલ્યા : 'પ્રત્યક્ષ ભગવાનનો નિશ્ચય હોય અને કામ-ક્રોધાદિક વિકાર હોય, છતાં પ્રત્યક્ષ ભગવાન સિવાય બીજી આત્મ-દર્શનાદિકની કામના જે ભક્તને ન હોય, તે ભક્ત નિષ્કામી ભક્ત કહેવાય. અને તેને અક્ષરધામમાં બહુ જ મોટા સુખની પ્રાપ્તિ થશે. પરંતુ જે ભક્તને પ્રત્યક્ષ ભગવાનનો નિશ્ચય છે અને દોષ ટળી ગયા છે, છતાં આત્મદર્શનાદિકની ઈચ્છા રહે છે, તે ભક્ત સકામ છે અને ન્યૂન છે. માટે, પ્રત્યક્ષ ભગવાનની પ્રાપ્તિ જ્યારે થઈ ત્યારે બીજી સર્વ કામનાનો ત્યાગ કરી દેવો.'

આ પ્રમાણે સ્વરૂપનિષ્ઠા, સેવા અને પ્રસંગ ઉપર કેટલીક મનનીય વાતો કરીને બીજે દિવસે જેતલપુર, ડભાણ અને વરતાલનો કાર્યક્રમ ગોઠવ્યો.

તીર્થોમાં સ્વામીશ્રી ને નંદાજીનું સ્વાગત

તા. ૨-૧-'૫૯, સવારના ૭-૦૦ વાગે સ્વામીશ્રી સાથે નંદાજી તથા બીજા સંતો-હરિભક્તોનો સંઘ ૧૮ જેટલી મોટરોમાં નીકળ્યો. પ્રથમ અસલાલી દર્શન કર્યાં. મોટરમાં સ્વામીશ્રી ગ.પ્ર. ૬૭ તથા ૭૬, મોઢે બોલ્યા.

સંઘ જેતલપુર આવ્યો. ત્યાં સ્વામીશ્રીના સ્વાગત માટે મંદિર સુંદર આસોપાલવનાં તોરણોથી શણગાર્યું હતું. મંદિરના મહંતજીએ સ્વામીશ્રી તથા નંદાજીને ઠાકોરજીનાં દર્શન કરાવ્યાં. બાદ સભામંડપમાં ખાસ બેઠક ગોઠવી રાખી હતી, ત્યાં સભા થઈ. સ્વામીશ્રી, મોટાસ્વામી વગેરે સંતો માટે ગાદી-તકિયા ગોઠવી સુંદર આસન બનાવ્યાં હતાં. મહંતજીએ સભામાં સૌનું સ્વાગત કર્યું અને પ્રથમ સભામંડપમાં ઠાકોરજીનાં દર્શન કરાવ્યાં. અહીં પધરાવેલ રાધાકૃષ્ણની મૂર્તિ મહારાજની પ્રસાદીની છે. શ્રીજીમહારાજના હસ્તે રોજ દૂધની કટોરી આ દેવ પી જતા. તેમજ આ મંદિરના નિર્માતા અયોધ્યાના રામગલોલા મહંતે, મહારાજ પાસે આવીને ભાગવતી દીક્ષા લઈ, 'આનંદ સ્વામી' નામ ધારણ કર્યું હતું. તેમનો પૂર્વાશ્રમનો ચીપિયો તથા તુંબડી સભામંડપમાં સાચવી રાખ્યાં હતાં. તેનાં સૌને દર્શન કરાવ્યાં. ત્યારબાદ સૌ સભામંડપમાં સભા સ્થાને બિરાજ્યા.

અત્રે મહંતજીએ શ્રીજીમહારાજ વનવિચરણ કરતાં જેતલપુર પધાર્યા હતા અને ગંગામાને ઘેર રહ્યા હતા, તે ચરિત્ર બહુ જ સુંદર શૈલીમાં કહ્યું.

જેતલપુરનો મહિમા કહ્યો. મંદિરમાં જ જ્યાં ઓટો અને મહારાજનાં ચરણારવિંદ પધરાવેલ છે, તે સ્થાને ગંગામાનું ઘર હતું, તે બધી વાત વિગતવાર કહી. પછી સૌ મહેમાનોનો દૂધ-ઉકાળાથી સત્કાર કરી, ઉતાવળ હોવાથી સૌને ભાવભીની વિદાય આપી.

જેતલપુરથી સૌ ડભાણ આવ્યા. શ્રીજીમહારાજનું મહાપ્રસાદીનું આ સ્થાન. જ્યાં મહારાજે યજ્ઞો કર્યા, અનાદિ મૂળ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીને દીક્ષા આપી. અમદાવાદમાં આગલે દિવસે જ સ્વામીશ્રીએ કહ્યું હતું કે 'સાહેબને ડભાણમાં ગુણાતીતાનંદ સ્વામીના દીક્ષા સ્થાનનાં દર્શન કરાવવાં છે.' ત્યાં મંદિરમાં ઠાકોરજીનાં દર્શન કર્યાં. પછી સૌ સભામંડપમાં આવ્યા.

સભામંડપમાં મહારાજની પ્રસાદીની પાટ છે. જેના ઉપર બેસી મહારાજ ઘણી વખત જમ્યા હતા. વળી, પ્રસાદીનું ઢોલક પણ છે. એક હરિભક્ત ઢોલક વગાડતા હતા. તેને બરાબર વગાડતાં આવડતું ન હોવાથી, મહારાજે તેની પાસેથી ઢોલક લઈ વગાડી બતાવ્યું અને કહ્યું : 'આમ વગાડાય !' તે પ્રસાદીનું ઢોલક પાટ પાસે જ રખાયું છે. સભામંડપને છેડે ડભાણમાં કરેલા યજ્ઞોમાં જે નાલિકા વડે ઘી હોમાતું હતું, તે પ્રસાદીની નાલિકા પણ છે. જેનું કદ જોતાં, તે સમયમાં યજ્ઞ-યાગાદિકમાં મહારાજે ઘીનો કેટલો છૂટથી ઉપયોગ કર્યો હશે, તે જણાય છે !

મંદિરમાં દર્શન કરી, સૌ વાડીએ આવ્યા. અહીં ગુણાતીતાનંદ સ્વામીને દીક્ષા આપી, તે સ્થાનનાં દર્શન કર્યાં. તે વખતે યજ્ઞ કર્યો હતો, તે યજ્ઞકુંડના અવશેષો પણ વાડીમાં સાચવી રાખ્યા છે. વાડીમાં પ્રસાદીનો કૂવો પણ છે. ડભાણમાં રહેતા વડતાલ ટેમ્પલ કમિટીના સભ્ય ભીખાભાઈને સ્વામીશ્રીને પોતાને ઘેર પધરાવવાની ઇચ્છા હોવાથી, સર્વ મંડળ તેમને ઘેર ગયું. અત્રે સ્વામીશ્રીનું અને સંતોનું ભાવપૂર્વક પૂજન કરી, તેમણે ધોતિયાં ઓઢાડ્યાં.

બરાબર ૧૧-૦૦ વાગે વરતાલ પહોંચ્યા. ત્યાં હરિભક્તોનો સમૂહ પણ મોટા પ્રમાણમાં, સ્વામીશ્રી પધારવાના હોવાથી આવી ગયો હતો. આખું મંદિર તથા ચોગાન હરિભક્તોથી ચિક્કાર ભરાઈ ગયું હતું. બ્રહ્મચારી પ્રભુતાનંદજી તથા મંદિરના કોઠારી સાધુ ચતુર્ભુજદાસજીએ સ્વામીશ્રીને તથા નંદાજીને ઠાકોરજીનાં દર્શન કરાવ્યાં.

ત્યારબાદ સૌ 'અક્ષર ભુવન'માં દર્શન કરવા ગયા. ત્યાં મહારાજના પ્રસાદીના ગુટકાનાં સાક્ષાત્ દર્શન કર્યાં. શ્રીજીમહારાજના અધ્યાત્મ-જ્ઞાનના પ્રમાણભૂત સિદ્ધાંતનું સૂચક સ્વરૂપ, વળી સર્વ શાસ્ત્રના રહસ્ય સાથેનો આ

ગુટકો એ સંપ્રદાયનું શ્રીજીના સાક્ષાત્ હસ્તાક્ષરથી લખાયેલું, અણમોલ ધન છે.

અહીંથી મહારાજની અક્ષર ઓરડીનાં દર્શન કર્યાં. પછી સભામંડપમાં ભગતજી મહારાજના પ્રસાદી સ્થાનનાં દર્શન કરી, સૌ સંતોની ધર્મશાળામાં સાઠી મંડળના આસને દર્શને ગયા. જ્યાં સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજનું આસન હતું, તે દિવ્ય પ્રસાદી સ્થાનનાં દર્શન કરી સૌ કૃતાર્થ થઈ ગયા.

આ એ જ દિવ્ય સ્થાન, જ્યાં અક્ષરપુરુષોત્તમની શુદ્ધ ઉપાસના પ્રવર્તનનાં અનેક સંકલ્પો-આયોજનો રચાયાં હશે ! જ્યાં મોટા મોટા મહામુક્તો એ તપસ્વી રમણીય મૂર્તિનાં દર્શન અને સમાગમનો લાભ લેતા હશે ! તે સ્થાનનાં દર્શન કરતાં જ એ ચિરઃસ્મરણીય રમ્ય મૂર્તિ દૃષ્ટિ સમક્ષ ખડી થઈ ગઈ ! એ સંબંધથી કૃતકૃત્યતા અનુભવતા સૌ આગળ ચાલ્યા.

પ્રસાદીનો લીંબડો જેની નીચે બેસી મહારાજે વચનામૃતો કહ્યાં હતાં તેમજ જે સ્થાનમાં બેસી મહારાજે શિક્ષાપત્રી આદિક ગ્રંથો લખાવ્યા હતા, તે સર્વ સ્થાનનાં દર્શન કરી, જોબન પગીની પ્રસાદીની મેડીનાં દર્શન કરી, જ્ઞાન બાગમાં આવ્યા. આ પ્રસાદી સ્થાનનો ઈતિહાસ બ્રહ્મચારી પ્રભુતાનંદજી કહેતા હતા.

અહીં દર્શન કરી, સંઘ ભાઈલાલભાઈના લાકડાંના પીઠામાં આવ્યો. અત્રે સ્વામીશ્રી તથા સંતોનો પૂજન વિધિ થયો. બાદ નરેન્દ્ર બાગમાં રસોઈ જમ્યા. લાલજી મહારાજ અહીં ખાસ ખબર કાઢવા આવ્યા હતા.

ગોમતીમાં સ્નાન કરી, ૪-૩૦ વાગે નીકળી, વાસદ થોડો વખત રોકાઈ, અટલાદરા પધાર્યા.

યોગી મહારાજ બધું જ કરશે

અટલાદરામાં સડક ઉપર જ ૫૦૦ હરિભક્તો તથા મંદિરના કોઠારી સ્વામી અક્ષરસ્વરૂપદાસજી વગેરેએ સ્વામીશ્રીને તથા નંદા સાહેબને હારતોરા કર્યા. ત્યારબાદ બૅન્ડ-વાજાંની સલામી સાથે સૌ વાજતે-ગાજતે મંદિરમાં આવ્યા.

આખું મંદિર આસોપાલવનાં તોરણો, ફૂલો અને વીજળીની રોશનીથી દેદીપ્યમાન બની ગયું હતું. હરિભક્તો પણ પુષ્કળ પ્રમાણમાં આવ્યા હોવાથી એક તસુ જેટલી પણ ચાલવાની જગ્યા રહી ન હતી. શાસ્ત્રીજી મહારાજ સાથેનાં અનેક પુણ્ય સ્મરણોનું આ સ્થાન નિહાળી નંદા સાહેબ ગળગળા થઈ ગયા. ઠાકોરજીનાં દર્શન કરી, સભામંડપમાં શાસ્ત્રીજી મહારાજના પ્રસાદીના ઓરડામાં આવ્યા. અહીં પ્રસાદીના ઢોલિયાનાં દર્શન કર્યાં. પ્રદક્ષિણા કરી સૌ

સભામાં આવ્યા. હરિભક્તોએ સ્વામીશ્રી, મોટાસ્વામી તથા નંદાજીને હારતોરા કર્યા. સભામંડપ પણ અપૂર્વ રીતે શણગાર્યો હતો. વ્યવસ્થા પણ સંપૂર્ણ હતી. ઈશ્વરભાઈ દાજી તથા મણિભાઈની મહેનત દેખાઈ આવતી હતી.

થોડી વારે કેન્દ્ર સરકારના રેલવે પ્રધાન લાલબહાદુર શાસ્ત્રીજી તથા વડોદરા કૉંગ્રેસ સમિતિના પ્રમુખ મગનભાઈ શંકરભાઈ પટેલ દર્શને આવ્યા. સ્વામીશ્રી સભામંડપમાં નીચે આસન ઉપર બેઠા હતા. તે સમયે પાટ રાખતા નહીં. શાસ્ત્રીજી આવતાં જ સ્વામીશ્રી ઊભા થઈ ગયા. સભા ભરાઈને બેઠી હતી. સ્વામીશ્રીનો કોઈ પરિચય નહીં, પરંતુ તેઓ આવ્યા કે તરત જ સ્વામીશ્રી તેમને ભેટી પડ્યા. શાસ્ત્રીજીના શુદ્ધ અને ભક્તહૃદયને પારખી ગયા હોય તેમ, સ્વામીશ્રીએ ખૂબ રાજીપો દેખાડ્યો. નહીં તો આવી ચેષ્ટા સ્વામીશ્રી ભાગ્યે જ કરે.

નંદાજીએ શાસ્ત્રીજીનો પરિચય આપ્યો : 'બાપા ! આ ભારતના રેલવે પ્રધાન છે.'

તરત જ સ્વામીશ્રીએ નંદાજીને પૂછ્યું : 'એમને એન્જિન ચલાવતાં આવડે ?'

આ નિર્દોષ પ્રશ્નથી શાસ્ત્રીજી તો હસીને બેવડ વળી ગયા. આખી સભામાં હાસ્યનું મોજું ફરી વળ્યું. થોડી વારે વાતચીત પછી શાસ્ત્રીજીએ નંદાજીને કહ્યું : 'તમારા ગુરુ સાચું કહે છે. રેલવે મિનિસ્ટર તરીકે મને એન્જિન ચલાવતાં તો આવડવું જ જોઈએ. હું ચલાવું કે ન ચલાવું એ જુદી વાત છે.'

શાસ્ત્રીજી મંદિરની વ્યવસ્થા, હરિભક્તોનો ઉત્સાહ વગેરે જોઈ અત્યંત રાજી થયા. સ્વામીશ્રીનાં દર્શનથી તો તેમને અપૂર્વ આનંદનો અનુભવ થયો. સ્વામીશ્રીએ પણ તેમને પાંચ 'વાતો' સંભળાવી.

ત્યારબાદ માનનીય નંદાજીએ પ્રવચનમાં જણાવ્યું :

'મને આ ધર્મ ઉપર કેવી રીતે પ્રીતિ થઈ ને મેં ક્યારે સ્વીકાર્યો તે કહું. અમદાવાદમાં જ્યારે હું મજૂર-મહાજનમાં હતો, ત્યારે મારે પ્રથમ પૂ. શાસ્ત્રીજી મહારાજ સાથે મેળાપ થયો. પૂ. શાસ્ત્રીજી મહારાજ મારા ઉપર ખૂબ જ હેત રાખતા. આથી મને પણ તેમના પ્રત્યે દિવસે દિવસે ખૂબ માન વધ્યું. પ્રથમ આમ હેતથી સંબંધ થયો. પછી મેં શિક્ષાપત્રી, વચનામૃત વગેરે ગ્રંથોનો અભ્યાસ કર્યો. શિક્ષાપત્રીના ગૃહસ્થોના, ત્યાગીઓના, વિધવાઓના ને આચાર્યોના, આમ વિભાગ વાર બસો ને બાર નિયમોનો અભ્યાસ કર્યો અને શ્રીજીમહારાજની વિદ્વત્તા જોઈને બહુ જ નવાઈ લાગી. આ શિક્ષાપત્રીને અનુસરીને જે ચાલે, તે કદી પણ દુ:ખી ન જ થાય.

'વચનામૃતના અભ્યાસ પરથી લાગ્યું કે આ ગ્રંથમાં અભણમાં અભણ માણસને તેમજ પંડિતને પણ સમજણ પડે તેવું છે. સવાલ પૂછાય ને જવાબ અપાય, તે પણ સરસ ગામઠી દાખલા સાથે. આમ, 'વચનામૃત' અને 'શિક્ષાપત્રી'ના અભ્યાસથી લાગ્યું કે શ્રીજીમહારાજે નીચલા થર પ્રત્યે ખૂબ જ મમતા બતાવી છે ને નીચલા થરને આગળ લાવવા માટે ઘણું જ લખ્યું છે. હું મજૂરો વચ્ચે હોવાથી મને લાગ્યું કે ધર્મ તો આ જ ખરો છે ! શ્રીજીમહારાજે કાઠી, કોળી અને કણબી વગેરેને આગળ લાવવા ખૂબ જ પ્રયત્ન કર્યો છે. આમ, છ વર્ષના અભ્યાસ અને ચિંતન બાદ તેમજ શાસ્ત્રીજી મહારાજની મમતા જોઈ તથા સંતોનાં દરેક લક્ષણ આ સંતમાં નિહાળી, મેં બોચાસણમાં શાસ્ત્રીજી મહારાજના હાથે કંઠી પહેરીને, સ્વામિનારાયણ ધર્મનો સ્વીકાર કર્યો ને શાસ્ત્રીજી મહારાજને ગુરુ કર્યા.'

તેમણે આગળ કહ્યું : 'આજે આ સત્સંગની વૃદ્ધિ જોઈને મને ઘણો જ હર્ષ થાય છે. પહેલા મને મનમા એમ થતું કે શાસ્ત્રીજી મહારાજના ગયા પછી આ ધાર્મિક સંસ્થાનું શું થશે ? પણ આજે શાસ્ત્રીજી મહારાજના ગયા બાદ મંદિરોનું કામ પુષ્કળ વધી ગયું છે તેમજ સંપ્રદાય ખૂબ જ વિશાળ થઈ ગયો છે. તે ઉપરથી મને સમજાયું કે શાસ્ત્રીજી ગયા નથી, પણ આપણી વચ્ચે જ છે. આજે જ્યારે હું દર્શન કરવા પગથિયાં ચઢી રહ્યો હતો, ત્યારે મને લાગ્યું કે શાસ્ત્રીજી મહારાજ સાથે જ હું ચઢી રહ્યો છું. શાસ્ત્રીજી મહારાજ ધામમાં ગયા તે સમયે તેઓશ્રી બીમાર હતા ને ખાટલાવશ હતા, પરંતુ મને જોયો કે તરત જ ઊભા થઈ ગયા, જાણે બીમાર જ નથી. પછી ખૂબ જ હેતથી હાથ પકડીને તેમની સાથે મને ખાટલા પર બેસાડ્યો. હું ખાટલા પર બેસતાં અચકાયો, પરંતુ તેમની આજ્ઞાને વશ થઈ બેઠો. પછી ખૂબ વાતો કરી કે 'બાપા ! તમારા ગયા બાદ મારું શું ?' તેમણે કહ્યું કે 'યોગી મહારાજ એ બધું જ કરશે.' આ પછી જ્યારે તે ધામમાં ગયા, ત્યારે મને દિલ્હી ખબર આપી. તરત જ હું સારંગપુર ગયેલો. આજે શાસ્ત્રીજી યોગીજી મહારાજમાં બિરાજે છે, ભલે ભૌતિક દેહે ન હોય; પરંતુ સંપ્રદાય તેમજ સંસ્થાની આટલી બધી પ્રગતિ ઉપરથી એ સાબિત થાય છે.

'શાસ્ત્રીજી મહારાજે આપેલી શક્તિ એમ ને એમ ઉપયોગ વગર રહી જાય તો તે નકામું છે. આપણે પાણીના ડેમમાંથી નહેર જેવો પ્રવાહ બની, કરોડોને એ શક્તિ પહોંચાડવાની છે, જેથી એ કરોડોને આ લાભ મળે. આપણે

માથે આ ઋણ છે, તે આપણે અદા કરવાનું છે. આપણે એમનું યોગ્ય વાહન બનીએ, પરંતુ એવા વાહક બનવા માટે આપણામાં વધારે શક્તિ હોવી જોઈએ. કોઈપણ જાતના દોષ ન હોય તો જ તે બની શકે, બીજા આપણું વર્તન જોઈને ગુણ લે. ચારિત્ર્યની ખામી હોય, તો કાંઈ થઈ શકે નહિ.

'હું ઘણા સંપ્રદાયોમાં ફર્યો, ઘણા ગુરુ પણ જોયા, પરંતુ કોઈ જગ્યાએ શ્રદ્ધા ઉત્પન્ન થઈ નહિ. શાસ્ત્રીજી મહારાજમાં સર્વ પ્રકારે ઉત્તમ ગુરુનાં લક્ષણો જોયાં, પછી તો અહીં ઘણું જાણવા મળ્યું. આપણા મહારાજ, તેમનું ચારિત્ર્ય, કથા, શિક્ષાપત્રી-નિયમ વગેરે ઉત્તમ છે. સામાજિક ન્યાય પણ મહારાજે કર્યો અને નીચલા થરને ઉપર લાવ્યા. આ બધું જ જાણ્યા પછી આપણે એ શક્તિને સ્થગિત કરી દઈએ અને વહેતી ન મૂકીએ, તો આપણો જ દોષ. આપણને સર્વને એવું બળ મળે તેવી યોગીજી મહારાજને પ્રાર્થના.'

નંદાજીના ભાવવાહી પ્રવચનથી સૌ શાંત થઈ ગયા. તેમણે એક પ્રકારની પ્રેરણા સૌને આપી દીધી. ઉત્તમ વસ્તુ પોતા પૂરતી સાચવી રાખવી એ સ્વાર્થ છે, એ તેમના પરમાર્થભાવને રુચે તેવું ન હતું. મહારાજે પણ પરમહંસો દ્વારા એ જ કાર્ય કરાવ્યું છે. ત્યારબાદ ગુણાતીતાનંદ સ્વામીથી જે ગુરુપરંપરા શરૂ થઈ, તે સર્વથી માંડી સ્વામીશ્રી સુધીના વર્તમાન યુગમાં પણ આ જ કાર્ય થઈ રહ્યું હતું. પણ સ્વામીશ્રીના કાર્યમાં યોગ્ય વાહક બની, સૌ આ કાર્યમાં મંડી પડે, તો બ્રહ્માંડમાં આ ઉપાસનાનો ડંકો વાગે.

સભા પછી નંદાજીને તથા આમંત્રિત ગૃહસ્થોને સુંદર ભોજન કરાવ્યું અને ત્યારબાદ રાત્રે નંદાજી મુંબઈ ગયા.

રવિવાર, તા. ૪-૧-'૫૯, સ્વામીશ્રી અટલાદરાથી અંજેસર પધારતા હતા ત્યારે એમની મોટરને ભયંકર અકસ્માત નડ્યો હતો. સ્વામીશ્રીની કૃપાથી સૌ ઊગરી ગયા હતા. અંજેસરમાં રાત્રે ૧૨-૦૦ સુધી કથા-કીર્તનની ધૂન જામતી. લગભગ ૭૦ ઘરે પધરામણીઓ થઈ.

તા. ૭-૧-'૫૯, સવારે મૂળજીભાઈ સોમાભાઈના ખેતરમાં ખીચડી-ઉત્સવ કર્યો. ખેતરમાં આંબા નીચે સભા થઈ હતી. સ્વામીશ્રી ડાબા પગની પલાંઠી વાળી, જમણો પગ ઊભો રાખી, ઉપર ડાબો હાથ આડો ટેકવી, જમણો હાથ માથા ઉપર ફેરવતાં બેઠા હતા. પાછળ ઘાસની મોટી ગંજી પડી હતી. આગળ હરિકૃષ્ણ મહારાજ પધરાવ્યા હતા.

રણોલીથી એક હરિભક્ત તથા ડૉક્ટર મોટર લઈને આવ્યા. સ્વામીશ્રીનાં

દર્શને ખેતરે આવી પહોંચ્યા. ઠાકોરજી તથા સ્વામીશ્રીને ગુલાબ, ગલગોટાના સુંદર હાર પહેરાવ્યા. સ્વામીશ્રી ફરીથી 'સ્વામીની વાતો' બોલ્યા.

મીરસાપુરા તથા ટુંડાવ કાળીદાસભાઈને ત્યાં થઈ, શુક્રવારે સાંજે વડોદરાથી રાજકોટ જવા ફાસ્ટ ઉપર આવ્યા.

ભગવાનનું કાર્ય ન કરી શકે

સાંજે ૫-૦૦ વાગે વડોદરાથી નીકળતા, રશિયાના પ્રથમ અવકાશ રોકેટના સમાચાર સ્વામીશ્રીને વંચાવ્યા. સ્વામીશ્રી કહે : 'મરણ, મેહ અને મોંઘું એના (વિજ્ઞાનના) હાથમાં નથી. ભગવાનની કળા આગળ શું હિસાબમાં ? મેહ વરસાવી શકે ?'

હકાખાચર કહે : 'મેહ વરસાવ્યો હતો.'

સ્વામીશ્રી કહે : 'આખી દુનિયામાં ન કરી શકે. ભગવાન કાંઈ બની શકે છે ? ભગવાનનું કાર્ય ન કરી શકે.'

સવારે ૬-૦૦ વાગે રાજકોટ પહોંચ્યા સુધી આણંદ, નડિયાદ, અમદાવાદ, સુરેન્દ્રનગર, વઢવાણ, વાંકાનેર વગેરે સ્ટેશનોએ દર્શન માટે હરિભક્તોની ભારે ભીડ જામી. સંક્રાંતિનું પર્વ નજીક આવતું હોવાથી દરેક સ્ટેશને ભક્તોએ સ્વામીશ્રીનું પૂજન કર્યું.

ગોંડલ થઈ રાજકોટ પધાર્યા. સંક્રાંતિનો સમૈયો વર્ષોવર્ષ મુજબ અહીં ભારે ઉત્સાહથી ઊજવાયો. પધરામણીઓ ખૂબ થઈ. બીજે દિવસે રાત્રે રાજકોટથી મેલમાં બેસી અમદાવાદ આવી પહોંચ્યા.

અહીં રમેશભાઈ દલાલે સ્વામીશ્રીને કહ્યું : 'બાપા ! આપે ઉત્તરાયણ અમદાવાદમાં કરવી જોઈએ. આપ શાસ્ત્રીજી મહારાજના વારસદાર છો. શાસ્ત્રીજી મહારાજ આ પર્વ અમદાવાદમાં ઊજવતા. તેથી આપે ઉત્તરાયણનો ઉત્સવ અહીં ઊજવવો જોઈએ.'

ત્યારે સ્વામીશ્રીએ તદન ભોળાભાવે રમેશભાઈ સામે દૃષ્ટિ માંડીને પૂછ્યું : 'અહીં ઉત્તરાયણમાં અક્ષર દેરીની સેવા થાય ?'

રમેશભાઈ ચૂપ રહ્યા, કારણ કે મંદિરના કોઠારીની આ બાબતમાં કદાચ અનુમતિ ન પણ મળે તો ! રમેશભાઈએ જવાબ ન આપ્યો. તેથી સ્વામીશ્રી ફરી સહજભાવે બોલ્યા : 'રાજકોટમાં તો ઉત્તરાયણની સેવા મળે છે, તે ગોંડલ અક્ષર દેરીએ જ જાય.'

સ્વામીશ્રીની રુચિ અને અભિપ્રાય પ્રાયઃ ગોંડલ, અક્ષર દેરીની સેવાના રહેતા. એમાં જે ભળી જતા અને સ્વામીશ્રીની બધી ક્રિયા દિવ્ય અને કલ્યાણકારી જાણતા, તે આ લોક અને પરલોકમાં ખાટી જતા, કારણ કે તેમને સ્વામીશ્રીનો વધુ લાભ મળતો અને રાજીપો મળતો.

વળી, અહીં કથા પ્રસંગમાં એક હરિભક્તે સ્વામીશ્રીને કહ્યું : 'આપ મનુષ્યભાવ નહિ, દિવ્યભાવ જ બતાવો.'

સ્વામીશ્રીએ સમજાવ્યું : 'મહારાજ હતા. તે સાંઠીકડાના ચાર કટકા કર્યા. મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું. મહારાજ કહે : 'બ્રહ્માંડોનો નાશ કર્યો અને સર્જન કર્યું.' તે અમાયિક દૃષ્ટિવાળા જાણે. તેમ મોટાપુરુષની ક્રિયાનું એવું છે. માટે પુરુષોત્તમ નારાયણ અને ગુણાતીત ધામ આપણને સંત દ્વારા મળ્યા છે. એમાં નિર્દોષભાવ રાખવો. એમના ભક્તમાં પણ નિર્દોષભાવ રાખવો.'

એ તો સમર્થ હતા !

મગનભાઈ સેક્રેટરી કહે : 'શાસ્ત્રીજી મહારાજ સ્પષ્ટ જવાબ આપતા. આપ હા, ના કરો છો.'

સ્વામીશ્રી કહે : 'એ તો સમર્થ હતા. એટલે સ્પષ્ટ કહી શકતા. આપણે ક્યાં એમના જેવા છીએ ! હવે આપણે સત્સંગ વધારવો કે પરચા વધારવા કે શું કરવું ?' પછી પોતે જ બોલ્યા : 'પરચા રોજ થાય છે, પણ અવળા-સવળા. હવે પંચોતેર ટકા પરચા કરવા છે અને પચીસ ટકા જ્ઞાન આપવું છે. માટે નિર્દોષભાવ રાખવો એ જ સિદ્ધાંત.'

આમ, ભક્તો સાથે ઘણી જ ગમ્મત કરી. મોટાપુરુષનાં ચરિત્રમાં મોહ ન પામતા, દિવ્યભાવ જ રાખવા વારંવાર સૂચન કર્યું.

❀ ❀ ❀



છેવટે કર્ણાવતી ઉપર કળશ ઢળ્યો !

કોઠારી બબુભાઈ અનેક વાર શાસ્ત્રીજી મહારાજને કહેતા કે 'તમે શ્રીનગરમાં મંદિર નહીં કરો, તો મારે ફરી જન્મ લેવો પડશે.' એવા પ્રેમી ભક્તરાજના સંકલ્પથી, શેઠ ભોગીભાઈ ચોકસી અને ચંપકભાઈ બૅંકરના પ્રયત્નથી, શાસ્ત્રીજી મહારાજે અહીં શાહીબાગમાં બંગલો લીધો. પોતે છેલ્લી અવસ્થામાં અહીં થોડું રહ્યા. કઈ રીતે મંદિર કરવું તેનું માર્ગદર્શન આપ્યું. પોતે ઘણી વાર કહેતા કે 'આ સ્થળ પ્રસાદીનું છે. હરિલીલામૃતમાં વાત આવે છે કે મહારાજ સંતો સાથે સાબરમતી - નારાયણ ઘાટ સ્નાન માટે પધારતા, ત્યારે રસ્તામાં એક વાડીનું વર્ણન આવે છે ત્યાં વિશ્રામ કરતા. તે જ આ મહારાજની પ્રસાદીની વાડી.' તેથી આ સ્થાન મહાપ્રસાદીનું જાણી, શાસ્ત્રીજી મહારાજે શહેરમાં તેમજ નદીને સામે પાર મળતી અનેક જગ્યાઓમાંથી આ જગ્યા પસંદ કરી. તે વખતે આ સ્થાન નિર્જન જેવું હતું. રાત્રે દિલ્હી દરવાજા પછી મંદિર તરફ આવવામાં લોકોને બીક લાગતી. તેથી હરિભક્તોએ સ્વામીશ્રીને વિનંતી પણ કરેલી કે 'અમને શહેરમાંથી અહીં આવવાનું દૂર પડશે.' ત્યારે શાસ્ત્રીજી મહારાજ કહે : 'આ સ્થાન શહેર વચ્ચે થઈ જશે.' અને આજે એવો વિકાસ થઈ ગયો.

આજે પોષ સુદ ૭, શુક્રવાર, તા. ૧૬-૧-'૫૯ના શુભ દિને સ્વામીશ્રીએ હજારો ભક્તોની હાજરીમાં એક સુંદર મંદિરનું ખાત કર્યું.

સ્વામીશ્રી સાથે મોટાસ્વામી, પ્રમુખસ્વામી, સંતસ્વામી વગેરે સંતો તથા હરિભક્તો પણ આ શુભ પ્રસંગે ઉપસ્થિત હતા. આબાલવૃદ્ધ સૌ હરિભક્તો આજે અતિ આનંદમાં હતા.

લાલજી પ્રતાપી અને ચમત્કારી છે

પાણી આવ્યું ત્યાં સુધી લગભગ ૪૦ ફૂટ ઊંડા મંદિરના પાયા ખોદાયા

હતા. પાયામાં ઊતરવા સાંકડો દાદરો માટીમાં જ ખોદી કાઢ્યો હતો. આ માટીના દાદરથી સ્વામીશ્રી વિનુ ભગતનો હાથ ઝાલી છેક નીચે ઊતર્યા. પછી કહે : 'જાવ, મોટા લાલજીને લઈ આવો.'

હાલ મંદિરમાં સુખશય્યામાં જે લાલજી મહારાજ છે, એમને ખાત વિધિમાં લાવવા સ્વામીશ્રીએ કહ્યું હતું. લાલજીની મૂર્તિ ઘણી વજનદાર હતી. સ્વામીશ્રી પાસે લઈ જતાં બહુ ભાર લાગ્યો. સ્વામીશ્રી હસ્યા : 'બહુ ભાર ખમ્યા.'

પછી મહિમા કહ્યો : 'આ લાલજી શાસ્ત્રીજી મહારાજની પ્રસાદીના છે. બહુ પ્રતાપી અને ચમત્કારી છે. સ્વામીએ કહેલું કે આ લાલજી રિદ્ધિ-સિદ્ધિ અને રૂપિયાના ઢગલા લાવશે. સેવા કરનાર બધાને અક્ષરધામ પમાડશે.'

પછી શિખરના પાયામાં વિધિવત્ પૂજન કર્યું.

તા. ૧૮-૧-'૫૯, જેતલપુર દર્શન કરી, શેઠ માણેકલાલભાઈના આગ્રહથી સ્વામીશ્રી કઠલાલ પધાર્યા. અહીંની હાઈસ્કૂલમાં સ્વ. નરહરિ પરીખના તૈલચિત્રની અનાવરણ વિધિ સ્વામીશ્રીએ કરી. સાંજે ટ્રેનિંગ કૉલેજમાં ૨૫૦ જેટલા શિક્ષકોને ધર્મમય જીવન જીવવા તથા શાળાઓમાં ભણતાં બાળકોમાં એ સંસ્કારો રેડવા સ્વામીશ્રીએ ઉપદેશ આપ્યો.

અહીં પ્રસાદીની લક્ષ્મીકૂઈ છે, જેમાં શ્રીજીમહારાજની પ્રસાદીનું જળ અહીંનાં સત્સંગી ડોશીએ રેડ્યું હતું. ત્યાં દર્શન કરી, સૌએ ચરણામૃત લીધું. મંદિરમાં આરતી કરી, મંડળની સ્થાપના કરી. આ ગામમાં સ્વામીશ્રી પ્રથમ વાર જ પધાર્યા હતા અને સમાસ પણ ઘણો થયો હતો.

મહેમદાવાદ થઈ નેનપુર પધાર્યા. કુબેરભાઈ, આત્મારામભાઈ તથા ચંદુભાઈ વગેરે ભક્તોએ બે દિવસ સેવા કરી, કથાવાર્તાનો લાભ લીધો.

અહીં કથા પ્રસંગમાં સ્વામીશ્રીએ અમૃત વચનો કહ્યાં. 'રાજીપો કેમ થાય ?' સ્વામી કહે : 'ગ.પ્ર. ૫૮ પ્રમાણે (૧) કામ-ક્રોધાદિક સંત જોડે ન રાખે, (૨) અંતરમાં માન ટળે ભાવે રહે, (૩) દેહે કરીને નમતો રહે, તો તો મોટાપુરુષ રાજીપો કરવા જ બેઠા છે.'

પછી ગ.પ્ર. ૨૧મું વંચાવ્યું. અને કહે : 'તેમાં રાજીપો તો થાય જો ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, માહાત્મ્યે સહિત ભક્તિ હોય તો.

'ધર્મ એટલે શ્રુતિ અને સ્મૃતિ. 'વચનામૃત' એ આપણા માટે શ્રુતિ અને પ્રત્યક્ષ વચન તે સ્મૃતિ. વિશેષ ધર્મ તે અહિંસા. જીવને એકાંતિક બનાવવો તે. કોઈ જીવનો જન્મ-મરણનો રોગ ટાળવો તે અહિંસા.

'અષ્ટ પ્રકારે સ્ત્રીઓનો ત્યાગ કરવો અથવા ગૃહસ્થાશ્રમના ધર્મ પ્રમાણે રહેવું, તે સામાન્ય બ્રહ્મચર્ય. શ્રીજીમહારાજના સ્વરૂપમાં પતિવ્રતાની ભક્તિ રાખવી તે વિશેષ બ્રહ્મચર્ય.

'શબ્દ લાગે નહીં, દેહના સુખમાં ન લેવાવું, તે સામાન્ય આત્મનિષ્ઠા. બ્રહ્મની સાખ લેવી ને પોતાને બ્રહ્મનું સ્વરૂપ માનવું, તે વિશેષ આત્મનિષ્ઠા.

'પંચ વિષયમાં અરુચિ તે સામાન્ય વૈરાગ્ય. ભગવાન વિના એટલે સહજાનંદ સ્વામી વિના કોઈનો ભાર નહિ, તે વિશેષ વૈરાગ્ય.

'ભગવાનની માહાત્મ્ય સહિત ભક્તિ. માહાત્મ્ય એટલે અનંત જીવો મુક્તદશાને પામ્યા તે એવું માહાત્મ્ય. આ ચાર વાનાં ન હોય તો રાજીપો થાય નહીં. સામાન્ય અને વિશેષ બંને પાળવાં જોઈએ. માહાત્મ્યે સહિત નિષ્કામ ભક્તિ એટલે મહારાજ સિવાય બીજા કોઈનો આધાર નહીં.'

અહીંથી અમદાવાદ લોકલમાં પંડોળી જવા નીકળ્યા. હવે તો સ્ટેશને હરિભક્તો સાથે યુવાન કૉલેજિયનો પણ સ્વામીશ્રીનાં દર્શન માટે ઊમટતા. વૅકેશનમાં સ્વામીશ્રીનો જેણે લાભ લીધો હોય, સમાગમનો સ્વાદ ચાખ્યો હોય, તે યુવાનો પણ સ્વામીશ્રીનાં દર્શન વગર રહી શકતા નહિ, અને આવી તક ઝડપી લેતા.

ઈશ્વરભાઈ મસાલાવાળા તથા ડૉ. કૃષ્ણાભાઈએ બે દિવસ ખૂબ ઉમંગથી સ્વામીશ્રી અને સંતોની સેવા કરી. માનપુરા તથા માનજ પધરામણી કરી, બોચાસણ પધાર્યા.

રાત્રે યુવકો સાથે અંગત વાર્તાલાપમાં પોતાના સ્વાસ્થ્ય વિશે ખબર રાખવા ભલામણ કરતાં કહ્યું : 'તમારો દેહ છે, એમ જાણીને ખટકો રાખવો.' એમ યુવકો સાથે આત્મીયતા બતાવી.

વાત બહાર પડી ગઈ છે

તા. ૨૪-૧-'૫૯, સવારે ૫-૩૦ વાગે યુવકોને સંબોધતાં સ્વામીશ્રી પ્રેમપૂર્વક કહેવા લાગ્યા : 'આપણે વાત બહાર પડી ગઈ છે. તો સૌએ તૈયાર થવાનું છે. બૈરાં, છોકરાં જે કાંઈ ઉપાધિ હોય, તે તોડીને તૈયાર થવાનું છે. તમે સૌ ગુણાતીતાનંદ સ્વામીએ ૨૦૦ને બ્રહ્મવિદ્યા ભણાવેલી, તે માહેલા છો. ગુણાતીતાનંદ સ્વામી કહેતા : 'મારો શિષ્ય દરેક સંતની સેવા કરે.' એમ તમે સાથે ફરો છો, તો બીજા સંતો-હરિભક્તોની સેવા કરવી. ગુણાતીતાનંદ

સ્વામીએ ૪૫ ગુરુ કરેલા અને તે સર્વેની તાંસળી ધોયેલી છે. તો આપણે પણ શીખવું. યોગેશ્વરદાસ સ્વામી કહેતા કે કૌપીન પહેરવી, ૫૧ માળા ફેરવવી, ભેગું કરીને ખાવું, આ ત્રણ વાનાં સાધુએ અવશ્ય પાળવાં જોઈએ.'

શાસ્ત્રીજી મહારાજ પાસે બેઠા છે

પૂનમને દિવસે સવારે, સેંકડો હરિભક્તોની હાજરીમાં સ્વામીશ્રીએ દરવાજાનું ખાતમુહૂર્ત કર્યું. મોટા અક્ષર સ્વામી ખૂબ બીમાર હતા. અને સ્વામીશ્રીનાં દર્શન ઝંખતા હતા. તેમને મળવા સ્ટેશન પાસેના દવાખાનામાં પધાર્યા. તેમને આશીર્વાદ આપી સાંત્વન આપ્યું અને જલદી સારું થઈ જાય તે માટે રોજની ૨૫ માળાનું પુણ્ય તેમને આપવાનો સ્વામીશ્રીએ સંકલ્પ કર્યો.

સ્વામીશ્રી તેમની પાસે બેઠા હતા. સ્વામીશ્રી કહે : 'શાસ્ત્રીજી મહારાજ તમારી પાસે બેઠા છે, તો તેમને સંભારવા.'

ભલો બનાવ

બીજે દિવસે સવારે ૪-૩૦ વાગે સ્વામીશ્રી યુવકોને કહે : 'ગુણાતીત ભેળા ફરીએ છીએ, તે કેફ રાખવો.' પછી *'ભલો બન્યો છે આજ બનાવ રે, સ્વામી મળવાથી.'* એ બોલતાં વાત કરી : 'એવો બનાવ એટલે શું ? એવા ગુણાતીત સૌને બ્રહ્મરૂપ કરવા પ્રગટ્યા છે, એ ભલો બનાવ.'

✧

આણંદમાં પુરુષોત્તમ ભગત બીમાર હતા. તેમને જોતાં સ્વામીશ્રી કહે : 'બધા સાધુઓને ભગવાન માંદા કેમ પાડે છે ? હાલો, આપણે મહારાજને પ્રાર્થના કરીએ !' એમ લૌકિક સહજભાવે બોલ્યા, પણ મહારાજની ઇચ્છા પોતે ક્યાં જાણતા નથી ! જો કે ભક્તોનાં દુઃખે પોતે પણ દુખિયા થાય છે, તેથી મહારાજને પ્રાર્થના તો કર્યા વગર રહી શકતા નથી.

વીતી હોય તે જાણે

દૂધવાળા રાવજીભાઈના મકાનનું ખાત કરી, ફાસ્ટમાં અમદાવાદ આવ્યા. દરેક સ્ટેશન પર હરિભક્તોની ભીડ હતી.

અહીં મોડી રાત સુધી સૌને દર્શન-સમાગમનું સુખ આપી, સ્વામીશ્રી આરામમાં જતા હતા. ત્યારે એક હરિભક્તે પોતાના રોગના દુઃખની વાત કરી.

ત્યારે સ્વામીશ્રી સાંત્વન આપતાં કહે : 'અમને પણ ઘણા રોગ છે. કોને કહીએ ? એ તો વીતી હોય તે જાણે !'

પોતાનું દુઃખ લેશપણ કોઈને જણાવ્યા વગર, બીજાનાં દુઃખની અનેક વાતો સાંભળવી, તે માટે ધીરજ અને આશ્વાસન આપવું, એ પણ સ્વામીશ્રીની એક વિશેષતા હતી.

કોઈપણ મંદિરમાં સ્વામીશ્રી પધારે અને મંદિરમાં રહેતા નાના-મોટા સેવકો, સંતો બીમાર હોય, તો સ્વામીશ્રી પહેલાં ખબર કાઢવા જાય. વિચરણમાં હોય ત્યારે પણ ગામડામાં કોઈ ભક્ત બીમાર હોય કે કોઈ શહેરની હૉસ્પિટલમાં હોય, તો તેને મળવાનું સ્વામીશ્રી ચૂકે નહિ. સમય ન હોય તોપણ પહોંચી જાય. એની નજીક બેસે. 'શું થયું ? કેમ થયું ?' વગેરે વિગતે પૂછે. પૂરી કુતૂહલતાથી અને હમદર્દીથી બધી વાત સાંભળે. ત્યારે સ્વામીશ્રીના મુખ ઉપર કરુણાની એક અદ્‌ભુત આભા છવાઈ ગઈ હોય. દરદીની આંખોમાં આંખ મેળવી જે રહેમનજરથી સ્વામીશ્રી જોતા, તેથી દરદીને જબરું આશ્વાસન મળી જતું. એમાં પણ પોતાના પવિત્ર સ્પર્શે એ બીમારના શરીર ઉપર હાથ ફેરવે, ત્યારે તો દરદીને એમ જ થાય કે એનો રોગ ગયો. પોતે દુઃખમુક્ત થઈ કોઈ અકલ્પ્ય રાહત અનુભવે. કોઈનું દુઃખ ખમી શકે નહિ, એવો પ્રતિભાવ કરુણાભીના સ્વામીશ્રીના રોમરોમમાંથી મળતો.

ક્યારેય આકળા થઈ સ્વામીશ્રી આશીર્વાદનો ધોધ વરસાવતા નહિ કે 'જા સારું થઈ જશે.' અતિ કરુણા અને પરમાર્થના આવેગમાં ઘણી વાર ભગવાનને ભૂલીને પોતે જ આશીર્વર્ષા કરવા લાગે કે બાંહેધારી આપી દે કે 'જલદી સારું થઈ જશે,' તેવું બનતું નહીં. અતિ કારુણ્યભાવમાં તરત આશીર્વાદ આપી દેવા સહજ છે, પણ સ્વામીશ્રી મહારાજની કર્તૃત્વ શક્તિ આગળ રાખતા, ક્ષણવાર માટે ભૂલતા નહિ, દાસ્યભાવ ચૂકતા નહિ.

'હાલો, મહારાજને પ્રાર્થના કરીએ,' એમ કહી ધૂન કરતાં ગરકાવ થઈ જતા. બધાને ધૂન કરવા કહેતા. સ્વામીશ્રીનો આ હતો મહારાજ સાથેનો સ્વામી-સેવકભાવ ! મહારાજને અંગોઅંગમાં ધારી રહ્યા છતાં ગુણાતીત સંતની વિરલતા આ હતી.

અમારે તો અખંડ દર્શન છે !

મુંબઈથી ભારતીય વિદ્યાભવન પ્રકાશિત 'Bhavan's Journal' નામના

અંગ્રેજી પખવાડિકમાં 'How God Came into my life' નામના મથાળા નીચે, જુદા જુદા સંતો-પરમહંસોને ભગવાનનો સાક્ષાત્કાર કેવી રીતે થયો, તેના પ્રસંગો આવતા. ઉપરની વાતનો ખ્યાલ સ્વામીશ્રીને આપતા મેં સ્વામીશ્રીને કહ્યું : 'આપને ભગવાનનાં દર્શન થયાં હોય એવા પ્રસંગો કહો. તો અમે ઉપરના પખવાડિકમાં મોકલીએ.'

સ્વામીશ્રીએ હસતાં હસતાં કહ્યું : 'અમારે તો અખંડ ભગવાનનું દર્શન છે.'

ખંભા તૂટી ગયા છે

તા. ૨૬-૧-'૫૯, સવારે સ્વામીશ્રીએ યુવકોને સંબોધન કર્યું :

'દરેકનું સહન કરવું. પાંચનું કરવું ને પાંચનું ન કરવું એમ નહિ. સંત છે તે આંખની શક્તિ ભગવાન તરફ વળાવે, તે દેખતા કર્યા. જ્ઞાનતંતુ આપી દે. શ્રદ્ધા આપે તેથી સમાગમમાં અવાય. એવી પગમાં શક્તિ આપી દે. (ગ.પ્ર. ૨૭). સેવા કરીને ખંભા તૂટી ગયા છે ત્યારે સમૈયા થાય છે, એમનેમ થતું નથી.'

નિત્યકર્મથી પરવારી, પધરામણીઓ કરી, મોટા મંદિરે દર્શન કર્યાં. ૧૨-૪૫ વાગે મંદિરે આવી, દસ મિનિટમાં જ જમી, ચંપકભાઈ શેઠને ત્યાં પધરામણી કરી, એલીસબ્રિજ સ્ટેશનથી ગાડીએ બેઠા.

રાત્રે બોટાદમાં વૈદ્યરાજ નટુભાઈને ત્યાં પધારી સ્નાન કર્યું.

અખંડ સમાધિ ! એક જ અવસ્થા

અહીં કાનજીભાઈ સોની વાત કરતા હતા. તેમાં વચ્ચે એક હરિભક્તે સ્વામીશ્રીને પૂછ્યું : 'આપને સ્વપ્નાં આવે છે ?' સ્વામીશ્રીએ ડોક હલાવી હા પાડી. પેલા હરિભક્તે ફરી પૂછ્યું : 'તો ત્રણ અવસ્થાથી પર કેમ કહેવાય ?'

સ્વામીશ્રી કહે : 'અખંડ સમાધિ ! એક જ અવસ્થા. પણ તમે નો સમજો એટલે કહીએ કે સપનાં આવે.'

એવામાં ઉકાળો તૈયાર થઈ ગયો. સેવકે સ્વામીશ્રીને વિનંતી કરી એટલે સ્વામીશ્રી તરત જ ઊભા થઈ ગયા. ત્યાં કોઈએ અંદરથી આવી કહ્યું : 'હજુ પાંચ મિનિટની વાર છે.'

સ્વામીશ્રી ફરી બેસી ગયા ને બોલ્યા : 'શાસ્ત્રીજી મહારાજની આજ્ઞા પાળવાની ટેવ પડી ગઈ છે. તેથી કટકટ ઊભું થઈ જવાય છે.'

પ્રત્યેક પળે સરળતા અને પ્રત્યેક ક્રિયા પાછળ ગુરુનું અનુસંધાન,

સ્વામીશ્રીની લાક્ષણિકતા હતી.

થોડો સમય મળવાથી સ્વામીશ્રીએ ટપાલ લખવાનું શરૂ કર્યું. અડધું પાનું લખાયું હશે ત્યાં સેવક આવ્યા, 'હરે' થયા એટલે લખવાનું બંધ રાખી ઊભા થયા. પછી કહે : 'સેવક કહે તેમ કરવું. સેવકનો મહિમા પણ સમજવો.'

આ સાંભળી સૌ હસી પડ્યા. ઉકાળો કે જમવાનો થોડો સમય હોય ત્યારે આપણે કામ શરૂ ન કરીએ, પરંતુ સ્વામીશ્રીને એવી કોઈ માનસિક પરવશતા જ નહીં.

સારંગપુર આવી બીજે દિવસે ઘનશ્યામ મહારાજના નવા ચાંદીના સિંહાસનની આરતી ઉતારી તથા ગ્રામ-પંચાયત ઑફિસનું ઉદ્‌ઘાટન કર્યું. પાળિયાદ બાપુને ત્યાં પધરામણી કરી, દેવગિરિ મહારાજના આમંત્રણથી ઘેલા સોમનાથ પધાર્યા.

વનવિચરણ

ગાઢ જંગલોની વચ્ચે આવેલા આ નિર્જન પૌરાણિક સ્થાનમાં સ્વામીશ્રી વિશેષ આનંદમાં જણાયા. રાત્રે ૧૨-૦૦ વાગ્યા સુધી કથાવાર્તા થઈ. અહીં કથાવાર્તામાં મુદ્દાની વાત કરી : 'સંતને ગુણાતીત સ્વરૂપ કહેવાય. બીજું કહીએ તો ડંડા પડે.'

રાતે આરામમાં જતાં સંતો-યુવકોને કહે : 'વહેલા ૪-૦૦ વાગે ઊઠીને નદીએ નાહવા જજો. ભગવાનના ભક્તને દીપડા કાંઈ ન કરે.'

અહીં મંદિર નજીક, ઘેલા નદીએ રાત્રે દીપડા રોજ પાણી પીવા આવતા. ક્યારેક તો મંદિરના દરવાજા નજીક આવી, કોઈ હરતા-ફરતા પ્રાણીનો શિકાર પણ કરતા. તેથી સૌનાં મનમાં એ ભડક હતી. પણ સ્વામીશ્રીએ તો આજે સૌને નિર્ભય કરવા અને એમના વચનમાં કેવો વિશ્વાસ છે એ જોવા, અંધારામાં ચાર વાગે નદીએ જવાની આજ્ઞા કરી દીધી.

તા. ૨૯-૧-'૫૯, નિત્યકર્મથી પરવારી સ્વામીશ્રીએ મંદિરમાં દર્શન કર્યાં. મહંત પાસેથી અહીંનો ઇતિહાસ રસપૂર્વક સાંભળ્યો. મહારાજ પરમહંસો સહિત અહીં નાહેલા, તે ઘેલા નદીના ઉદ્‌ગમ સ્થાને દર્શન કર્યાં.

સ્વામીશ્રી ખુશમિજાજમાં હતા. જંગલ હોવાથી રસ્તામાં ખૂબ પથરા પડ્યા હતા. સ્વામીશ્રીના પગે અનેક પથ્થરો અથડાતા હતા. પથ્થરો પણ સંતના દિવ્ય સ્પર્શથી કૃતાર્થ થઈ જાય છે, એ જણાવવા સ્વામીશ્રી કહે : 'આ બધા

પથ્થરોનું કલ્યાણ થઈ ગયું !'

આગળ મહાદેવનું એક પ્રાચીન દેરું હતું. તેની બાજુમાં ૧૫૦ વર્ષ જૂનું વૃક્ષ હતું. તેની તપશ્ચર્યાથી સંતોષ થયો હોય એમ સ્વામીશ્રી બોલ્યા : 'જા તારું પણ કલ્યાણ.' આમ, પોતાના સંબંધે ચેતન અને જડ સર્વનું કલ્યાણ કરતા સ્વામીશ્રી ગુણાતીત જુસ્સામાં અલૌકિક શોભતા હતા.

મહાપ્રસાદીની ઘેલા નદીના આગમ પાસે સ્વામીશ્રીએ સભા કરી. શુભ સંકલ્પ કર્યો : 'જેવી રીતે નર્મદા નદીની પ્રદક્ષિણા પરોક્ષના ભક્તો કરે છે, તેમ ઘેલા નદીને ફરતી ૪૦ માઈલની પ્રદક્ષિણામાં છાંયાવાળી પાકી સડક બાંધવી. રસ્તામાં ધર્મશાળાઓ અને પરબો બાંધવી. જે પાંચ દિવસમાં પ્રદક્ષિણા પૂરી કરે તે અક્ષરધામમાં જાય.'

મહારાજના સંબંધે અતિ પાવન થયેલી ઉન્મત્ત ગંગાના મહિમા અને વિકાસનો કેવો અદ્‌ભુત સંકલ્પ ! એકાએક બનેલી આ ઘટનાથી સૌ આશ્ચર્ય-ચકિત થઈ ગયા. જ્યાં ઘોર જંગલ હતું, દિવસે પણ માણસ એકલો ફરકવાની હિંમત ન કરે, ત્યાં ઘેલાના વિકાસનો આવો શુભ વિચાર, મહિમાના પારને પામેલા પુરુષ જ આપી શકે.

બાજુમાં આવેલી ટેકરી ઉપર દેવીઓની પુરાતન દેરીઓ આગળ સ્વામીશ્રીએ ફરી સભા કરી. *'અનુભવી આનંદમાં, બ્રહ્મરસના ભોગી રે...'* એ કીર્તન બોલાવ્યું. પછી બે યુવકોના હાથ પકડી, મંદિરે પાછા ફરતાં સ્વામીશ્રી કહે : 'મહારાજે સાત વર્ષ વનવિચરણ કર્યું. આપણે પણ આજે બે કલાક વન-વિચરણ કર્યું.' મહારાજને જેમણે અંગેઅંગમાં ધાર્યા હોય તે આમ બોલી શકે. સ્વામીશ્રી લગભગ બે ગાઉ જેટલું ચાલીને, જંગલમાં બધે ફર્યા.

સાંજે મહારાજે જ્યાં સ્નાન કર્યું હતું તે પ્રસાદી સ્થળે નાહ્યા. પછી આંબરડી પધરામણી કરી, ગઢપુર પધાર્યા.

બીજે દિવસે સવારે લક્ષ્મીવાડીમાં દર્શન કરી, પાછળના પ્રસાદીના કૂવા પાસે સભા ભરી. સાંજે દાદાભાઈ દરબાર સ્વામીશ્રીને પોતાની મોટરમાં ઢસા મૂકવા આવ્યા હતા. છેલ્લા બે-ત્રણ દિવસથી તેઓ મોટર સાથે સ્વામીશ્રીની સેવામાં જ હતા.

અહીંથી બાઢડા જવાનું હતું, પણ ભગુભાઈ સિનેમાવાળાના આગ્રહથી સ્વામીશ્રીએ કાર્યક્રમ ફેરવ્યો અને અચાનક રાત્રે કુંડલા ઊતરી ગયા. રામજી મંદિરમાં રાત રહ્યા અને તા. ૩૧-૧-'૫૯, સવારે બાઢડા પધાર્યા.

છેલ્લી ઘડીએ સ્વામીશ્રીએ જે કાર્યક્રમ બદલ્યો તેનું રહસ્ય સૌને બાઢડા પહોંચ્યા પછી સમજાયું. બાઢડામાં અમુક જૂના સત્સંગીઓનો સખત વિરોધ હતો. જો રાત્રે સંઘ આવે તો સ્ટેશન ઉપર ધમાલ કરવી. પણ રાતોરાત સૌનાં મનનું પરિવર્તન થયું. અને બીજે દિવસે સવારે બાઢડાના નારણભાઈ વગેરેની ઇચ્છા મુજબ સ્વામીશ્રીનું ભાવભીનું સામૈયું સ્ટેશન ઉપર જ થયું. સર્વત્ર જયજયકાર થઈ ગયો. જો કે ગામના જૂના મંદિરના દરવાજા બંધ રાખી કેટલાકે સંતોષ મેળવ્યો અને મહારાજના મળેલા સાચા સંતના સમાગમથી વંચિત રહ્યા, પણ વિશેષ કાંઈ કંકાસ કર્યો નહિ. જ્યારે કેટલાકે મન મોકળું રાખી સ્વામીશ્રીનો લાભ લઈ લીધો.

બે કાંકરી ભલે વાગે

સંધ્યા આરતી કરી, ગામ બહાર સ્વામીશ્રી બહિર્ભૂમિ જવા નીકળ્યા. દૂર જવાનું હતું. રસ્તામાં વોંકળામાંથી પસાર થતાં કાંકરા જોડામાં ભરાઈ ગયા ને વાગવા લાગ્યા. મેં જોડા કાઢી ખંખેરી નાંખવા કહ્યું, તો સ્વામીશ્રી કહે : ‘બે કાંકરી ભલે રહે. વાગે તે સારું.’

નાની નાની બાબતોમાં પણ એમનો આવો દેહનો અનાદર જણાઈ આવતો.

અંગ્રેજી તારીખ પ્રમાણે શાસ્ત્રીજી મહારાજનો જન્મોત્સવ સ્વામીશ્રીના સાંનિધ્યમાં અહીં ઊજવાયો હતો. નારાયણભાઈએ ૩૪ ગામોમાં આમંત્રણો મોકલી હરિભક્તોને તેડાવ્યા હતા. સૌને માટે સુંદર વ્યવસ્થા કરી હતી. ઉત્સવ નિમિત્તે જનરેટર લાવી માઇકની ગોઠવણ કરી હતી. સૌ પ્રથમ હરિભક્તોએ ઠાકોરજી તથા સ્વામીશ્રીનું પૂજન કરી, આરતી ઉતારી. રાજુલા મંડળે શાસ્ત્રીજી મહારાજના મહિમાનાં કીર્તનો ગાયાં. સાથે ફરતા યુવકોમાંથી કિશોરભાઈ તથા મેં શાસ્ત્રીજી મહારાજનાં જીવન અને કાર્યોનો ખ્યાલ આપ્યો. હકાભાઈ, કાનજીભાઈ, નાગરદાસભાઈ તથા સંતસ્વામીનાં પ્રવચનો પછી સ્વામીશ્રીએ આશીર્વાદ આપી, સૌને શાસ્ત્રીજી મહારાજનો મહિમા કહી, મુગ્ધ કરી દીધા.

અહીં જાગા સ્વામીનાં પ્રસાદીનાં ઘર તથા દુકાન છે, તેનાં દર્શનનો લાભ સ્વામીશ્રીએ સૌને બીજે દિવસે અપાવ્યો. તેમજ જાગા સ્વામીના જન્મ સ્થાન આંબરડીનાં પણ સૌને દર્શન કરાવ્યાં. અભરામપુરા પધરામણી કરી. બાઢડા પાછા આવતાં રસ્તામાં આવતી નદીમાં હાથ-પગ ધોઈ તીર્થરૂપ કરી.

નાના એવા બાઢડા ગામમાં ત્રણ દિવસ ન ધારેલો ઉત્સવ થઈ ગયો.

એનું મુખ્ય કારણ નારણભાઈની નિષ્ઠા અને સહિષ્ણુતા. ગામમાં પક્ષાપક્ષીને કારણે કેટલોક વિરોધ હતો, પણ નારણભાઈના સુહૃદયી સ્વભાવથી તે શમી ગયો. વિરોધ કરનારા જ સ્વામીશ્રીની સેવામાં જોડાઈ ગયા. નારાયણભાઈ મુખી, રામભાઈ, ખોડાભાઈ, પુરુષોત્તમભાઈ, લખુભાઈ દરબાર, મોહનભાઈ શેઠ, છોટાભાઈ વગેરેએ સારો સહકાર આપ્યો.

આપણે ક્યાં માથે સરકાર છે ?

તા. ૩-૨-'૫૯, સ્વામીશ્રી બાઢડાથી ઘાણલા ટ્રેનમાં જઈ રહ્યા હતા. એક યુવકે સ્વામીશ્રીને સૂચન કર્યું કે 'આપનો કાર્યક્રમ ગોઠવવા માટે એક સેક્રેટરી રાખવો જોઈએ.'

તુરત સ્વામીશ્રી બોલ્યા કે 'આપણે ક્યાં માથે સરકાર છે ? અને આપણે બધાંનો મોક્ષ કરવાનો છે. તેથી તેમ ન ચાલે.'

મહારાજ દાદાખાચરને લઈને ભટવદર પરણાવવા જતાં ઘાણલામાં રોકાયેલા, તે જગ્યાએ પ્રસાદીનો ઓટો છે.

સ્વામીશ્રી સૌ સંતો-હરિભક્તો સાથે અહીં દર્શને પધાર્યા. દર્શન, પ્રદક્ષિણા અને દંડવત્ કરી સ્વામીશ્રી કહે : 'ઈ તો આપણે મહાતમ જાણતા નથી. અહીં મહારાજ, સંતો અખંડ અંતરીક્ષમાં રહેતા હશે.'

અહીંના નાનજીભાઈ શામજીભાઈ વરીઆને જૂનો સત્સંગ. તેથી કૃપાનંદ સ્વામીનાં પ્રસાદીનાં ઘર બીજા પાસે કબજે હતાં, તે મળે તો જૂના મંદિરના સંતોને જમાડવાનો સંકલ્પ કર્યો હતો; પણ તે અધૂરો રહી ગયો. તે જ અરસામાં રાજુલાના નાગરદાસ વકીલ તથા મોહનલાલ શેઠનો યોગ થયો અને અક્ષર-પુરુષોત્તમના મહિમાની વાતો સાંભળી. સ્વામીશ્રીનો મહિમા વિચારી, સ્વામીશ્રીને જમાડવાનો સંકલ્પ કર્યો.

સ્વામીશ્રી તેમના ભાવથી રસોઈ જમવા પધાર્યા. ૧૫૦ની રસોઈમાંથી ૪૦૦ માણસો જમ્યા અને પ્રૌઢ પ્રતાપ બતાવ્યો.

પધરામણીની ના કહેશો નહિ

સાંજે પધરામણીએ જતાં સ્વામીશ્રીએ કાર્યકર હરિભક્તોને કહી દીધું કે 'અહીં કોઈ ચાર આના ભેટ મૂકે તોય પધરામણીની ના કહેશો નહીં. આ તો સાક્ષાત્ શ્રીજીમહારાજની પ્રસાદીનું ગોકુળિયું ગામ છે.' એમ કહી, સ્વામીશ્રીએ

ઘરે ઘરે પધારી, સૌને અલૌકિક સુખ આપ્યું.

સાંજે નદીએ સ્નાન કર્યું. અહીંના નિષ્ઠાવાન સત્સંગી ડોશીએ મહારાજની સેવા કરેલી. તે અંત સમયે પોતાના ધણીને કહેવા લાગી કે 'આ હાથે મહારાજને રોટલા કરી જમાડ્યા છે ને તને પણ ખવરાવ્યું છે. તે તારું કલ્યાણ થઈ ચૂક્યું.'

વીજપડી સ્ટેશનેથી ગાડીમાં બેસી સંતો-હરિભક્તોના મોટા સંઘ સાથે સ્વામીશ્રી રાજુલા જવા સ્ટેશને પહોંચ્યા. ટ્રેનને વાર હતી. તે દરમ્યાન સ્વામીશ્રીએ સ્ટેશન ઉપર જ પત્રો લખ્યા. કેટલાક મુમુક્ષુઓને વર્તમાન ધરાવ્યાં. ટ્રેનમાં પણ કેટલાક પત્રો ઉપર સ્વામીશ્રીએ સહી કરી.

પત્ર-વ્યવહારનો સ્વામીશ્રીને ખૂબ જ ખટકો. બાજુનાં દૂર દૂરનાં ગામડાંમાં ટપાલની સુવિધા ઓછી. દિવસમાં એકાદ વાર ટપાલ આવતી હોય અને જતી હોય, પણ સ્વામીશ્રીનો એ નિયમ કે પત્ર-વ્યવહાર તો તૂટવો જોઈએ જ નહિ. જે ગામમાં જાય ત્યાં પહેલાં ટપાલનો સમય પૂછી લે અને તે પ્રમાણે કાર્યક્રમમાં અનુકૂળતા કરી, ટપાલો લખીને તૈયાર જ રાખે. સભા ચાલતી હોય તો સભામાં ટપાલો પૂરી કરે. જમવાની સૌ રાહ જોતા હોય તો તે પણ મોકૂફ રાખી, પત્રો પહેલાં પૂરા કરે. ટપાલીને ખૂબ આદર અને આવકાર આપે. 'સાહેબ' કહી બોલાવે. સાથે પ્રસાદ અને આશીર્વાદ તો ખરા જ. ટપાલીને પણ થોડો સમય રોકી, ટપાલો પૂરી કરી, મોકલવાની ચોકસાઈ સ્વામીશ્રી ૩૬૫ દિવસ રાખતા. તેમાં કોઈ સેવક ગાફલાઈ રાખે તો જરા નારાજ થઈ જતા. આ પત્ર-આગ્રહ પાછળ ચીવટ જ કારણભૂત નહોતી, સ્વામીશ્રીની વત્સલ-આત્મીયતા અને ભક્તની ભાવના સંતોષવાની ખેવના હતી. કારણ, સામે ભક્તો પણ ચાતકની જેમ રાહ જોતા હોય.

રાજુલામાં મુંબઈના ભૂતા શેઠના વિશાળ બંગલામાં ઉતારો હતો. એકાદશીને દિવસે સ્વામીશ્રીએ ગ.મ. ૭ તથા ૮ વચનામૃતો સમજાવી, સુંદર વાતો કરી હતી.

અક્ષરપુરુષોત્તમની જાન

અહીંથી સ્વામીશ્રીએ અચાનક કોવૈયા જવાની ઇચ્છા દર્શાવી. રસ્તામાં ભટવદર દર્શન કરવા ઊતર્યા. ચાર ખોરડાનું ગામ. સૌ ભેગા થઈ ગયા. પ્રસાદીની વાવનું જળ ગાળીને સ્વામીશ્રીએ ચરણામૃત લીધું. સૌને કહે : 'લ્યો ગંગાજળ.' એમ કહી પાણી આપ્યું. સ્વામીશ્રી ઊભા થયા અને હાથમાં લોટી

લઈને સૌને માથે પાણી છાંટ્યું. પછી ગામના બધા લોકોને બોલાવીને કહે : 'અહીં આવો, મંડળ થાપવું છે.'

મેપા સાદુ, નાનજી, દંતો, કરસન ભીખા તથા પુંખા ભગવાન એમ પાંચ બાળકો હતા ને થોડા મોટેરા. ટપુભાના ઘરમાં બેઠા. કહે : 'અહીં મોટું મંદિર કરવું છે. આ ગામ તો મોટું શહેર થઈ જશે. આ પ્રસાદીના ગામમાં બે ખોરડાં ન હોય. કરો ધૂન ! અહીં અક્ષરપુરુષોત્તમની જાન લઈને આપણે આવ્યા.'

ચાર ખોરડાનું નાનકડું ગામ, પણ શ્રીજીમહારાજ પધારેલા એ મહિમા ! સ્વામીશ્રીને મન આથી બીજી મોટી વાત કોઈ નહિ. તે પ્રસાદી સ્થાનનો ઉત્કર્ષ થાય ને હજારો મુમુક્ષુઓ આવી દર્શન કરે, એ ભાવના એમના અતિ ઉચ્ચ મહિમાના વિચારોથી પ્રગટ થતી હતી.

દરબારોના દીકરાઓને માનથી બોલાવ્યા. જશુબા, દાદાખાચર અને મહારાજના સંબંધનો મહિમા એમને સમજાવ્યો. કોઈના ગળામાં કંઠી નહિ. તેથી સ્વામીશ્રીએ સૌને કંઠી પહેરાવતાં હેતથી સમજાવ્યું કે 'આ તો સોનાની કંઠી છે. પાપ દૂર થઈ જશે.'

એમને બાપડાને ક્યાં ખબર હતી કે આ સંતના વચનમાત્રે પાપ ભાગી જાય છે. સંત-સમાગમ વગર આ બધું સમજવા ટેવાયેલા નહિ એવા બાળકોને પણ, સત્સંગ સંસ્કાર આપવાનો સ્વામીશ્રીનો આગ્રહ અનેરો હતો. મહારાજના પાદસ્પર્શથી પુનિત થયેલી ભૂમિના માણસોને સ્વામીશ્રી એમ કેમ છોડે ? અહીં મંડળ સ્થાપી નિયમિત સત્સંગ કરવાની આજ્ઞા આપવાનું સ્વામીશ્રી ચૂક્યા નહીં. ભીતરના માણસને જોઈને સ્વામીશ્રી પોતાનું કાર્ય કરે જતા હતા. એમાં આપણી નજર પહોંચે નહિ, એવું જ લાગે.

દરિયાલાલ દર્શને

કોવૈયા પધાર્યા. આખું ગામ શૂરવીર આહિરોનું અને બધા સત્સંગી. મોડી રાત સુધી કથાવાર્તા થઈ.

બીજે દિવસે ગાડામાં વરાહ સ્વરૂપ, જ્યાં દરિયા કિનારે વરાહ ભગવાનનું પ્રાચીન મંદિર છે, ત્યાં દર્શને આવ્યા. મહારાજ વનવિચરણમાં અહીં પધારેલા, અને દરિયા કાંઠે, વડ નીચે ઓટા ઉપર રાત રોકાયેલા, તે સ્થાનનાં દર્શન કર્યાં.

ઉજ્જડ અને નિર્જન દરિયા કિનારે સ્વામીશ્રીએ ભક્તો સાથે સ્નાન કર્યું. કિનારે સ્વામીશ્રીનાં પગરખાં પડ્યાં હતાં. ત્યાં સુધી દરિયાલાલનાં મોજાં દોડી

આવ્યાં અને પગરખાં પલાળી દીધાં. તે જોઈ દૂર ઊભા સ્વામીશ્રી બોલ્યા : 'મૂર્તિમાન દરિયો આવ્યો.'

ક્વચિત્ નીકળતા સ્વામીશ્રીના આવા ઉદ્‌ગારો એમની મહત્તાની પારાશીશી સમાન હતા. તેઓ તો જાણે કાંઈ વિશેષ બન્યું જ નથી, એવું ઠાવકાઈથી બોલી જતા, પણ સાંભળનારા ભક્તોનાં હૃદયમાં શ્રદ્ધાની હેલી આવી જતી. પ્રગટના સંબંધની-આનંદની અનુભૂતિ થતી.

માયા ઊડી જાય, કરો ધૂન

સમુદ્ર-સ્નાન પછી વરાહ ભગવાનના મંદિર તરફ જતાં વચ્ચે સ્વામીશ્રીએ અચાનક બધાને રોક્યા ને કહે : 'આપણે એવો સંકલ્પ કરો; આખો સત્સંગ દિવ્ય થઈ જાય. કરો ધૂન. માયા ઊડી જાય. કરો ધૂન.'

વડ નીચે સભા કરી, સ્વામીશ્રી કહે : 'આ સમુદ્રમાં જેટલું પાણી છે એટલું જીવ માતાનું દૂધ ધાવ્યો છે.'

સામે દરિયો ઘૂઘવતો હતો. જાણે સ્વામીશ્રી પોતાના ઉદ્‌ગારોને પ્રત્યક્ષ બતાવતા હોય, તેમ સમયોચિત અને શ્રોતાગણ પ્રમાણે વાત કરવાની સ્વામીશ્રીની અજબ કળા હતી. પીઢ મનોવૈજ્ઞાનિકને પણ ટપી જાય, એ ઢબે સ્વામીશ્રી, એક સાથે અનેકનાં મન પકડીને વાતો કરી શકતા. બધાને આશ્ચર્યમાં ગરકાવ કરી, જ્ઞાનની અનુભૂતિ કરાવી શકતા. દૃશ્યની સાથે શ્રાવ્યનું સંયોજન કરી, મનુષ્ય-જન્મની દુર્લભતા અને સત્સંગની અનિવાર્યતા સ્વામીશ્રીએ સૌને દૃઢાવી દીધી.

ઠાકોરજી જમાડ્યા બાદ તુરત પ્રસાદીના કૂવે જઈ આવ્યા. માથે પાણી ચઢાવ્યું. દંડવત્ કર્યા. પાછા પધાર્યા અને બે વચનામૃતો બોલ્યા.

રાત્રે ૮-૦૦ વાગે કોવૈયામાં સભા હતી. તેમાં ચોસઠ પદી બોલ્યા. સ્વામીશ્રી કહે : 'વડતાલમાં યોગેશ્વરદાસજી ચોસઠ પદી બોલતા હતા, ત્યારે નિષ્કુળાનંદ સ્વામી કહે : 'અહીં ન બોલશો, જૂનાગઢમાં બોલાય.' તે જૂની વાત કરી, કહે : 'અમારા ગુરુ કૃષ્ણચરણદાસજી રોજ બોલાવતા. રોજ ચાર પદ પાઠ કરવાના.'

સભા પછી રમૂજ ચાલતી હતી. સ્વામીશ્રી કહે : 'અમે રાજપુર પારાયણમાં ગયા, તે નારાયણજી મહારાજને હરિભક્તો ગરમ પાણીએ નવડાવે. નારાયણજી મહારાજ કહે : 'ચામડું બળે છે.' તોપણ હરિભક્તો ઉત્સાહમાં *'મહાધ્યાનાભ્યાસં'* બોલતા જાય ને નવડાવતા જાય. ગોકીરો એટલો થાય કે કોઈ સાંભળે જ નહિ.' સ્વામીશ્રી ખૂબ હસતા જાય ને વાત કરતા જાય.

'આવી રીતે જંબુસરથી નહાર જતા પણ થયેલું. ગાડાંવાળા દોડાવે. એક છોકરો પડી ગયો. મોટાસ્વામીએ કેટલીયે ગાળ્યું ભાંડ્યું, પણ રોકે જ નહિ.' આ વાત કરતા પણ ખૂબ હસ્યા.

હાસ્યમૂર્તિ સ્વામીશ્રી ઘણી વાર આવા નિર્દોષ પ્રસંગો યાદ કરીને પણ ખૂબ હસતા. ભક્તો તો એમની હસતી મૂર્તિ જોઈને જ હસતા. કારણ, ઘણી વાર તો સ્વામીશ્રી શું બોલ્યા એ સમજાય નહિ, પણ નિર્દોષ હાસ્યનું મોજું સર્વત્ર ફરી વળતું. આ પણ એમના હાસ્યનો એક જાદુ હતો.

મહંતજીમાં મહારાજ બોલે છે

સાંજે રાજુલા પધાર્યા. નરસિંહભાઈએ વાહનોની સારી વ્યવસ્થા કરી હતી. બીજે દિવસે સાંજે જાજલ સાહેબની મોટરમાં 'પોર્ટ વિક્ટર'માં એમને બંગલે પધરામણી કરી, સ્વામીશ્રી પીપાવાવ પધાર્યા.

પીપા ભગતની આ જગ્યામાં દર્શન કરી, જગ્યાના મહંતને મળવા ગયા. તેઓ બીમાર હતા, પણ સ્વામીશ્રીનાં દર્શનથી રાજી થયા. સ્વામીશ્રીએ તેમને વાતો કરવા કહ્યું, ત્યારે દીનભાવે તેઓ બોલ્યા : 'ભક્ત વિના કોઈ દિવસ ભગવાનને ચાલી જ ન શકે. ભક્ત છે તો ભગવાન છે. ભગવાન અને ભક્તની એકતાથી સંપ્રદાય ચાલે છે.'

આ સાંભળી સ્વામીશ્રી બોલી ઊઠ્યા : 'આ તો આપણા પક્ષમાં બોલ્યા. અક્ષરપુરુષોત્તમની ઉપાસનાનો મુદ્દો પરોક્ષવાળાને પણ સમજાય છે. ભગવાન અને ભક્ત અનાદિ છે. મહંતજીમાં મહારાજ બોલે છે. તેમને કોણ કહેવા ગયું હતું ? ગુણાતીતાનંદ સ્વામી પણ કહેતા હતા કે 'જૂનાગઢના નાગરો જેવો ભક્તે સહિત ભગવાનનો મહિમા સમજે છે, તેવો માંહી રહી રોટલા ખાનાર સમજતા નથી. સામો દ્રોહ કરે છે.'

અહીં ૭૫૦ વર્ષ પહેલાં પીપા ભગત થઈ ગયા. મહારાજ અહીં પધારેલા. પ્રસાદીની વાવ છે. તે પ્રસાદી-જળનું સૌએ ચરણામૃત લીધું.

મહુવા જતા જંગલમાં રસ્તો ભૂલ્યા હતા. એક ભરવાડે આવી રસ્તો બતાવ્યો. રાત્રે ૯-૪૫ વાગે મહુવા પહોંચી, નાગરદાસભાઈને ત્યાં ઊતર્યા.

માલણને કાંઠે મલપતા

શનિવારે સવારે નિત્યકર્મથી પરવારી સ્વામીશ્રી નાગરદાસભાઈના ઘરેથી

ચાલતાં જ મંદિરે દર્શને જવા નીકળ્યા. હરિભક્તો મોટરની વ્યવસ્થા કરવા ગયા, પણ સ્વામીશ્રીને તો આ તીર્થમાં ચાલીને જ દર્શન કરવાનો ઉમંગ હતો. પછી સૌના આગ્રહથી મોટરમાં બિરાજ્યા. પહેલાં દેરીએ દર્શન કરી, ૫૧ પ્રદક્ષિણા કરી, શુભ સંકલ્પો કરી, જાતે સૌને પપૈયાં અને સાકરનો પ્રસાદ વહેંચ્યો. પછી દેરી ફરતા વંડાને એક બાજુ અઢેલીને સ્વામીશ્રી ઊભાં ઊભાં અહીં થોડી શેરડી જમ્યા. ભક્તોનો ભાવ પૂરો કર્યો.

ઘોડાગાડીમાં બેસીને મંદિરે પધાર્યા. દર્શન કરી, પાંચ પ્રદક્ષિણા કરી, મંદિરમાં ઘુમ્મટ નીચે ઠાકોરજીની સામે જમણી બાજુના થાંભલાને અઢેલીને ભગતજી મહારાજ અન્નકૂટના દિવસે બિરાજેલા, તે સ્થાનનાં સૌને દર્શન કરાવ્યાં. સભામંડપમાં બિરાજ્યા. થોડી વાતો કરી. અહીં ઠાકોરજીની બાજુના ગોખલા નીચે ભગતજી પૂજા મૂકતા, તે જગ્યાનાં પણ સૌને દર્શન કરાવ્યાં.

૧૨-૨૫ વાગે ઉતારે પધાર્યા. થાળને વાર હતી. બપોરે આરામ લેવાનો સમય ન હતો. સ્વામીશ્રી કહે : '૧૫-૨૦ મિનિટ વાતો કરો.' પછી અડધો કલાક પોતે જ વાતો કરી અને કહે : 'આજે મહોદય પર્વ છે, તે પોઢવું નથી.'

બપોરે ઘોડાગાડીમાં માલણ નદીમાં, શ્રીહરિ જ્યાં ત્રણ દિવસ રોકાયા હતા, તે કાંઠે મહોદય પર્વ નિમિત્તે સ્નાન કર્યું. વૃક્ષ નીચે સભા કરી, 'સ્વામીની વાતો' બોલ્યા. સ્વામીશ્રીએ બ્રહ્મનાદ સમી આશીર્વાણી ઉચ્ચારી :

'આ સ્થાનમાં બેઠા છો, તે એવો નિર્દોષભાવ કેળવવો કે જગત મિથ્યા થઈ જાય. પોતાને બ્રહ્મસ્વરૂપ માનવું, ભીડો વેઠવો, શબ્દ સહન કરવા અને આવા મોટા સ્થાનને ઉત્તેજન આપવું.'

'ભગતજી મહારાજ કહેતા : 'ધૂળનો અવગુણ આપણે ન લેવો.' બીજાને કોઈ મોટપ આપે તો આપણે બળવું નહિ; તો અભાવ ન આવે. આપણે ટેકા અડાડવા. ગોવર્ધન પાડી ન દેવો. ગોવાળ, ભરવાડ અને અસુર એમ ત્રણ ભેદ લખાયા.'

પછી દેરીએ આવ્યા. અહીં આરતી-થાળ કરી, સૌ હરિભક્તોને સ્મૃતિ આપવા શેરડી, પપૈયું, કેળાં, રામફળની પ્રસાદી વહેંચી.

રાત્રે સભામાં વાત કરી : 'સુરાખાચર અલૈયા ગામે જતા હતા. અંધારું હતું, તે ઘોડો પાણીમાં પડ્યો. પછી 'ત્રો ત્રો' અવાજ કર્યો. સૌ સમજ્યા કે છીછરું પાણી હશે. તે એકની પાછળ ૧૬ જણાના ઘોડા સાથે તણાયા. એમ આપણે 'ત્રો ત્રો' કરવું. આપણે એકલા એકાંતિક ધર્મ સિદ્ધ ન કરવો, પણ સોળે જણાએ સાથે

એકાંતિક ધર્મ સિદ્ધ કરવો. લેતા પડવું.'

આ બધી વાતો કરતાં સ્વામીશ્રી ખૂબ હસતા હતા. હસતા જાય ને વાત કરતા જાય. બ્રહ્મના નિર્દોષ આનંદમાં સૌને તરબોળ કર્યા. સાથે એ પણ સમજાવ્યું કે આવા અલૌકિક લાભમાં બધાને ભાગીદાર બનાવવા.

પછી કહે : 'નેતા થયા એણે એકદેશી ન થવું. ભલે થોડાં ગામ ફરીએ, પણ સ્વરૂપનિષ્ઠા પાકી કરાવવી. પહેલાં મૂળ સમજાવવું. 'અત્યારના સાધુ આવા છે' એ સમજાવ્યું હોય, પણ મૂળ ન સમજાવીએ તો નકામું.

'છેવટે ગામમાં તો એકને એવી પાકી નિષ્ઠા બેસાડી દઈએ, તો તે બીજાને સમજાવે. પહેલાં નિષ્ઠાની વાત કરવી : અક્ષર અને પુરુષોત્તમ. પછી 'શા માટે જુદા પડ્યા ?' 'શું ફેર છે ?' પછી સાધુના ગુણગાન. તો સમાસ થાય. નેતાને બહુ સાચવીને ચાલવું પડે. સ્વાર્થ ન રાખવો. હજારો-લાખો માણસ સત્સંગ કરે એટલું જ. નેતાને એકદેશી સમજણ ન રાખવી. સર્વદેશી સમજણ રાખવી. ભીડો વેઠી, દિવ્યભાવ રાખી, નિષ્ઠા પ્રવર્તાવે, તેને જેરામ કહે : હું તેને સ્વામીતુલ્ય માનું છું. દુષ્ટ જનથી ડરવું નહિ.'

સત્સંગ વધે એ આરામ !

મહા સુદ પડવાને દિવસે નિત્યકર્મથી પરવારી સ્વામીશ્રી તળાજા જવા નીકળ્યા. રસ્તામાં પ્રમુખસ્વામીને ભાદરોડમાં, ભદ્રેશ્વર મહાદેવનાં દર્શન કરાવ્યાં; જ્યાં શાસ્ત્રીજી મહારાજ ભગતજીનો સમાગમ કરતા.

તળાજા ગામમાં બધે ચાલીને પધરામણી કરી. પછી તણસા ઈશ્વરભાઈ માસ્તરને ત્યા પધાર્યા. ૫૦ જેટલા બાળકો તથા મુમુક્ષુઓને વર્તમાન ધરાવ્યાં. વડ નીચે સભા કરી, સૌને આશીર્વાદ આપ્યા.

આજે મહુવાથી નીકળી, ભાદરોડ, તળાજા, તણસા થઈને સ્વામીશ્રી ભાવનગર જઈ રહ્યા હતા. એક દિવસમાં આટલો બધો કાર્યક્રમ થયો, તેથી સ્વામીશ્રીને શ્રમ ખૂબ પડ્યો છે એમ જાણી, મોટરમાં એક સંતે કહ્યું : 'બાપા ! આજે આરામ ન મળ્યો.'

ત્યારે સ્વામીશ્રીએ તરત જ કહ્યું : 'સત્સંગ વધે એ જ આરામ.'

✧

રવિવારની સત્સંગ સભાનો લાભ ભાવનગર મંડળને આપી, મોટરમાં ગોંડલ જવા નીકળ્યા.

રસ્તામાં મહા સુદ બીજનો ચંદ્ર બે બાજુથી સરખો હોય તે સ્વામીશ્રીએ આકાશમાં બતાવીને કહ્યું : 'આજે બાલમુકુંદ સ્વામી ધામમાં ગયા હતા.'

આજે વાદળાંને લીધે અંધારિયું હતું. રાત્રે ૧૦-૦૦ વાગે સ્વામીશ્રી ગોંડલ પહોંચ્યા.

બીજે દિવસે સવારે દેરીમાં ચાર વચનામૃતો વંચાવી સુંદર વાતો કરી. વચનામૃત ગ.પ્ર. ૪૪માં વર્ણન આવ્યું : 'મહારાજે બોકાની વાળી હતી.'

સ્વામીશ્રી કહે : 'ટાઢ ખરીને ! બ્રહ્માનંદ સ્વામી મોટા કવિ, પણ મહારાજ કહે : 'દિશ ન જડી,' તો વયા ન ગયા. અખંડ દિવ્યભાવ. બીજા વયા જાય.'

પછી ગ.પ્ર. ૫૪મું સમજાવતાં કહે : 'ગુણાતીતાનંદ સ્વામીએ આ વચનામૃત ત્રણ વાર વંચાવ્યું. કર્મ ફૂટેલાં હોય તેને આ ન સમજાય. જો દિવ્યભાવ છે, તો કર્મ સારા છે. અતરાય તોડીને સંગ કરે એ પ્રસંગ. ગમે એવા વચનના ભીડામાં લે, પણ મન નોખું ન પડે. જેવો દેહને ને જીવને છે, તેવો સંબંધ.'

પછી ગ.પ્ર. ૫૫મું વંચાવ્યું અને વાત કરી : 'એક દઢાવ કેમ રહેતો નથી. માટે હવે જો...' ભાર મૂક્યો. 'ગાડી લેટ થઈ હોય, તો ઝડપ કરે તો ટાઈમસર થઈ જાય. તેમ મોટાપુરુષની સેવામાં ખબડદાર થઈને રહે. ખબડદાર શું ? જાગ્રતપણું. ટૂક ટૂક.'

પછી ગ.મ. ૫૬મું નિરૂપતાં કહે : 'ખમે એ નિર્માની. બે વેણ સામાં કહે એમ નહિ. તું એક કહે તો હું લાખ કહું. કોઈ કહે : 'તું આવો, તારામાં અક્કલ નથી.' તો ખમી લે. એ નિર્માની. ગમે એટલાં ઐશ્વર્ય આવે તોપણ ઢાંકીને રહે. નિર્માની ભક્ત બને એટલે પાત્ર બને. પછી કૃષ્ણનારાયણ નિવાસ કરીને રહે. અટંટ રહે તો ગુણ ન આવે. માટે નિર્માની અતિ શ્રેષ્ઠ છે.

'આજ્ઞામાં વર્તવું અને માન ન રાખવું, એ જ રાજી કરવાનો ઉપાય છે.'

ગોંડલમાં બપોરે ચુની ભગતે ઠાકોરજીને ધરાવેલી પ્રસાદીની શેરડી સ્વામીશ્રીને જમાડવા તૈયાર કરી, પણ હરિભક્તોની સતત અવરજવરને લીધે સ્વામીશ્રી જમી શક્યા નહિ. રાત્રે રાજકોટથી અમદાવાદ જતાં, ટ્રેનમાં યાદ આવતાં સ્વામીશ્રી કહે : 'અમને નાનપણથી શેરડી અને ચણા ઉપર પ્રીતિ છે, પણ તે અમારાથી દૂર ભાગે છે.' એમ કહી રમૂજ કરી.

આ મોટું તીર્થ છે

અમદાવાદથી અટલાદરા જતાં રસ્તામાં સંતસ્વામીને જેતલપુર તથા

ડભાણ દર્શન કરાવ્યાં. અહીં ગુણાતીત દીક્ષા સ્થાને દર્શન કરાવતાં સ્વામીશ્રી કહે : 'આ મોટું તીર્થ છે. સૌએ દર્શને આવવું.'

સ્વામીશ્રી પણ જો અમદાવાદથી મોટર રસ્તે ગુજરાતમાં પ્રવેશતા હોય, તો જેતલપુર ને ડભાણ અવશ્ય દર્શન કરવા રોકાય. દરેક જગ્યાએ બધાં જ પ્રસાદી સ્થાનોનાં દર્શન શાંતિથી કરે. આગળ ગમે એટલો કાર્યક્રમ હોય, પણ દર્શનમાં તે સ્વામીશ્રીને બાધ કરી શકે નહિ. મંદિરના કોઠારીને મળે, હરિભક્તો પાસે થાળ કરાવે, પ્રસાદીનું જળ અંગીકાર કરે. આ એમનો નિત્યક્રમ બની ગયો હતો. મહારાજનાં પ્રસાદી ધામો સ્વામીશ્રીને મન સર્વસ્વ સમાન હતાં. જેતલપુરમાં તો સામે મહોલ ઉપર પણ પધારે અને પ્રસાદીના તળાવનું જળ માથે ચઢાવે. આવી એમની દર્શનની ટેક સૌને ભક્તિભાવથી ભીંજવી જતી હતી. દરેક વખતે દર્શનની અધિકથી અધિક ઉત્કંઠા અને નવીન ને નવીન શ્રદ્ધા ! એમની ભક્તિની પરિસીમાઓની કાંઈ કલ્પના કરી શકાય એમ નહોતું. માત્ર 'નેતિ નેતિ' જ કહેવું પડે.

વરતાલમાં 'અક્ષર ભુવન'માં હરિકૃષ્ણ મહારાજનાં દર્શન કરતાં સ્વામીશ્રી કહે : 'હરિકૃષ્ણ મહારાજ કેમ છો ? રાજી છો ને ?' આમ, પ્રત્યક્ષ વાતો કરી, આરતી કરી, અંબાલાલભાઈના લાકડાંના પીઠામાં પધરામણી કરી, અટલાદરા જવા નીકળ્યા.

સંપ અને ધર્મ છે તો દીપે છે

રસ્તામાં મોટરમાં આરતી-સ્તુતિ વગેરે બોલ્યા. પછી વરતાલનો પ્રસાદ સૌને વહેંચ્યો અને ચપટી પોતે જમ્યા. પછી બોલ્યા : 'બાલમુકુન્દ સ્વામી સંપ અને ધર્મ રાખવા કહેતા. તેમ જો આપણે ત્યાં સંપ ને ધર્મ છે, તો દીપે છે. માટે સૌએ સંપ અને ધર્મ રાખી, સત્સંગ-પ્રચાર કરવો.'

આણંદ પુરુષોત્તમ ભગતને દર્શન આપી, અટલાદરા પધાર્યા. આમ, ચાર સ્થળે રોકાણ કરી દર્શનનો લાભ લીધો અને સૌને અપાવ્યો. નહિ તો મોટરમાં સડસડાટ અમદાવાદથી સીધા અટલાદરા પણ આવી શકત; પણ દર્શનનો આવો મહિમા, મહારાજ પ્રત્યેની એમની પરાભક્તિની સાખ પૂરે છે.

તા. ૧૨-૨-'૫૯, અટલાદરામાં વસંત પંચમીનો ઉત્સવ ભારે ઉત્સાહથી ઊજવાયો. ગામોગામનાં યુવક મંડળોએ આ વખતે સારી સેવા કરી. વ્યવસ્થા સાચવી. બીજે દિવસે સવારે ખેતરમાં મોટાસ્વામીએ ઊંધિયાની ઉજવણી

ગોઠવેલી. માટલામાં બાફેલા ઊંધિયા સાથે કાચું તેલ, તીખી ચટણી, કોઠાની ખટમધુરી ચટણી વગેરે હોય. આ બધું સ્વામીશ્રીની પ્રકૃતિથી તો તદ્દન વિરુદ્ધ; પણ મોટાસ્વામીનો ભાવ પૂરો કરવા સ્વામીશ્રી પધારતા અને અન્ય સૌને જમાડી આનંદ વહેંચતા. મોટાસ્વામીના આગ્રહથી બાફેલું ગળી ગયેલું શક્કરિયું નહિવત્‌માત્ર સ્વામીશ્રી અંગીકાર કરતા. કારણ, બટેટા-પાપડી વગેરે એમને જરાય ફાવતું નહિ.

સાંજે વડોદરામાં પધરામણીઓ કરી, લોકલમાં અમદાવાદ પાસે વટવા જવા નીકળ્યા. ટ્રેનમાં વીજળીના અજવાળે પરદેશની ઘણી ટપાલો ઉપર સહી કરી. આવા ઝાંખા દીવામાં પણ સ્વામીશ્રી પત્રનો ખૂણેખૂણો લખાણથી ભરી દેવાનું ચૂકતા નહિ. ઍર લેટરની તમામ ગડીઓ ઉપર તથા પાછળ કોરી જગ્યા પણ આખી ભરી દેતા.

ઈશ્વરભાઈને ત્યાં વટવા એક દિવસ લાભ આપી, બીજે દિવસે નેનપુર જવા નીકળ્યા.

આ પ્રસંગે એવું બન્યું કે સાંખેજના ભગવત્‌ભાઈ ડમણિયામાં મહેમદાવાદ જતા હતા. એ સમયે સ્વામીશ્રી, પ્રમુખસ્વામી તથા હકાભાઈ ખાચર મોટરમાં નેનપુર આવતા હતા અને વાત્રક નદી પાર કર્યા બાદ સામા કાંઠે તેમની મોટર ફસાઈ ગઈ, એટલે તેઓ વરખડાના ઝાડ નીચે બેઠા હતા.

હકાભાઈ ભગવત્‌ભાઈને ઓળખતા. તેમના પિતાશ્રી ભુલાભાઈ સત્સંગી; પરંતુ ભગવત્‌ભાઈને સાધુ-સંતો પ્રત્યે અણગમો. હકાભાઈએ સ્વામીશ્રીને ભગવત્‌ભાઈનો પરિચય આપ્યો. સ્વામીશ્રીએ દૃષ્ટિ કરી, ધબ્બો માર્યો. તેમનાં અંતરમાં શાંતિ પ્રસરી ગઈ. સ્વામીશ્રી પ્રત્યે તેમના હૃદયમાં ભક્તિભાવ જાગ્રત થયો ! તેઓ બોલ્યા : 'બાપા ! તમે મારું ડમણિયું લઈને જલદી નેનપુર પહોંચી જાવ.' પરંતુ એટલામાં તો ફસાયેલી મોટર ચાલુ થઈ ગઈ.

એ પછી ભગવત્‌ભાઈ સ્વામીશ્રીને નેનપુરથી સાંખેજ તેડી ગયા. બહુ ધામધૂમથી ઉત્સવ કર્યો. સ્વામીશ્રીને રાજી કર્યા. સ્વામીશ્રીની તેમના ઉપર દૃષ્ટિ પડી ગઈ. ઉમેદભાઈએ પણ સેવાનો લાભ લીધો.

ભગવત્‌ભાઈને ટી.બી.ની બીમારી હતી. તે પણ સ્વામીશ્રીએ કેવળ પ્રસાદીનાં પુષ્પ આપીને મટાડી દીધી. આમ, ભગવત્‌ભાઈના હૃદયમાંથી સાધુ-સંતો પ્રત્યે અભાવ-અણગમો તો ગયો જ, પરંતુ તેમના ગુણ ગાતા થઈ આદર્શ સત્સંગી બન્યા.

જીવ તદાશ્રિત અનુભવજ્ઞાન

બીજે દિવસે ગાડા રસ્તે સ્વામીશ્રી ભાલિયાપુરા આવી રહ્યા હતા. હર્ષદભાઈ, મગનભાઈ, હકાભાઈ વગેરે હરિભક્તો સાથે હતા. ગાડામાં સ્વામીશ્રી કહે : 'પ્રશ્નોત્તર કરો.'

ત્યારે હર્ષદભાઈએ પૂછ્યું : 'જીવ તદાશ્રિત જે અનુભવજ્ઞાન એટલે શું ?'

સ્વામીશ્રી કહે : 'આવતીકાલે રામચંદ્રભાઈના ખેતરમાં ચણાનો ઉત્સવ કરતાં કરતાં એ પ્રશ્નનો ઉત્તર સંતસ્વામી પાસે કરાવીશું.'

એમ કહીને પોતે બોલ્યા કે 'જેમ કોઈ જળમાં ડૂબકી મારે તેને સર્વ ઠેકાણે જળ જ દેખાય; તેમ આપણને મહારાજની મૂર્તિ સિવાય બીજું કાંઈ દેખાય જ નહિ, એ સ્થિતિ કરવાની છે. તમામ જ્ઞાનનો અંત તો એ છે. એ સિવાય વેદ, પુરાણના પોથા ઉથામવા, એ તો છાશબાકળા જેવું છે. તમામ શાસ્ત્રનું સાચું રહસ્ય તો ભગવાનના સ્વરૂપનું જ્ઞાન થાય એ જ છે.'

આમ, દિવ્ય વાર્તાલાપમાં ભાલિયાપરું આવી ગયું. અહીં એકાંતને લીધે રાત્રે કથાવાર્તા સારી થઈ.

બીજે દિવસે સવારે ઝવેરભાઈએ સૌને ઓળાનો ઉત્સવ પોતાના ખેતરમાં કરાવ્યો. સ્વામીશ્રી તો ઓળાની ખળીમાં જ બેસી ગયા હતા. ગાડાને છાંયે મોદ પાથરી આસન ગોઠવ્યું હતું, તે ઉપર બિરાજી સ્વામીશ્રી ગરમ ગરમ ઓળો જાતે ફોલીને જમતા હતા. કોઈ હરિભક્ત ફોલીને ઓળો આપે તો લે નહિ અને કહે : 'જાતે ફોલીને ખાવામાં બહુ મજા પડે.' એમ કહીને જમતા જાય. વળી, પોતે ફોલેલા ચણાના ઓળાની પ્રસાદી હરિભક્તોને પણ આપતા જાય.

સ્વામીશ્રી એકદમ કહે : 'હર્ષદભાઈ ! કાલવાળો પ્રશ્ન પૂછી નાખો.'

હર્ષદભાઈએ પ્રશ્ન પૂછ્યો. સંતસ્વામીએ તેનો ઉત્તર કર્યો કે 'યોગ અને સાંખ્ય એ બે પ્રકારનું જ્ઞાન છે. યોગે કરીને ઇન્દ્રિયો-અંતઃકરણ પુરુષોત્તમરૂપ થયાં હોય, ત્યારે મોટાપુરુષમાં અખંડ દિવ્યભાવ રહે. સાંખ્યે કરીને પ્રકૃતિ-પુરુષના કાર્યમાં માલ ન મનાય એવી સમજણ દૃઢ કરી હોય, તો અખંડ દિવ્યભાવ રહે.'

પછી સ્વામીશ્રીએ કહ્યું : 'વચનામૃત કા. ૧માં મહારાજે કહ્યું છે કે યોગ્ય-અયોગ્ય, પ્રિય અને અપ્રિય એ સર્વ ભગવાનમાં દેખાય અને શંકા ન થાય, ત્યારે ઇન્દ્રિયોમાં નિશ્ચય થયો કહેવાય. શમ-દમાદિક સત્ત્વગુણનું કાર્ય, કામ-ક્રોધાદિક રજોગુણનું કાર્ય અને આળસ-નિદ્રાદિક તમોગુણનું કાર્ય, એ જ્યારે

ભગવાનમાં દેખાય અને શંકા ન થાય, ત્યારે અંતઃકરણમાં નિશ્ચય થયો કહેવાય. અને ભગવાનમાં ગુણાતીત સ્થિતિ દેખાય, જેમ ઋષભદેવ દાવાનળમાં બળી ગયા એમ અલમસ્ત સ્થિતિ ભગવાન કે સંતમાં દેખાય અને નિશ્ચય રહે, ત્યારે જીવમાં નિશ્ચય થયો કહેવાય. ઇન્દ્રિયો, અંતઃકરણ અને અનુભવ ત્રણે પૂગે, ત્યારે જીવસત્તા તદાશ્રિત અનુભવજ્ઞાન થયું કહેવાય.'

એમ કહીને બોલ્યા કે 'મુક્તાનંદ સ્વામીએ વાતો કરીને એક ગામમાં સત્સંગ કરાવ્યો. તે બધા હરિભક્તો મહારાજનાં દર્શને આવ્યા. અને મહારાજે ચરિત્ર કર્યું, ત્યારે ભગવાનપણાનો ભાવ ન રહ્યો અને ઘરે જવા તૈયાર થયા. પછી મુક્તાનંદ સ્વામીએ મનુષ્યભાવ-દિવ્યભાવની વાતો કરી, ત્યારે દઢતા થઈ. એમ ભગવાન કે એમના સંબંધવાળા સત્પુરુષ ગુણાતીત સ્થિતિમાં ન વર્તે, ત્યારે ભાવ ઊખડી જાય. એવાં ચરિત્રોમાં પણ શંકા ન થાય, એ અનુભવજ્ઞાન. એમ જ્યારે સમજાય જે, આપણને જે સ્વરૂપ પ્રાપ્ત થયું છે એનું એ જ છે, ત્યારે અનુભવજ્ઞાન થયું કહેવાય.'

હર્ષદભાઈ કહે : 'એટલે જેવા ભગવાન અક્ષરધામમાં બિરાજમાન છે, તેવા ને તેવા જ આજે સત દ્વારા પ્રત્યક્ષ પ્રમાણ છે, એમ જે પં.૭માં કહ્યું છે, તેમ તત્ત્વે સહિત આ સ્વરૂપનું જ્ઞાન અખંડિત રહે, એ જ અનુભવજ્ઞાન કે ?'

સ્વામીશ્રી હસતાં હસતાં કહે : 'એમ સમજવું એ જ અનુભવજ્ઞાન.'

હર્ષદભાઈ કહે : 'સવારના ગ.પ્ર. ૫૮ના પ્રશ્નના ઉત્તર બાકી છે.'

સ્વામીશ્રી કહે : 'એ ઉત્તર થઈ ગયો છે.'

હર્ષદભાઈ કહે 'સામાન્ય રીતે ગુણાતીતાનંદ સ્વામી, ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ તથા વર્તમાનકાળે આપ એવાં ચરિત્ર નથી કરતા કે જેથી ઘર ભાંગે.'

સ્વામીશ્રી કહે : 'મહારાજના વખતમાં હોત તો જરૂર ઘર ભાંગત. અદા એમ કહેતા. આપણે સ્વરૂપ સમજવામાં ખોટ રહી ગઈ હશે, મનુષ્યભાવ રહેતો હશે, તેટલી ખોટને લીધે ત્રણ જન્મ લેવા પડ્યા છે. એક હરિભક્તે કહ્યું કે 'શ્રીકૃષ્ણ ભગવાને ૧૬,૧૦૮ રાણીઓ રાખી હતી; તેમ અમારા ભગવાન તેથી વિશેષ રાખે, તો વિશેષ મોટા જાણજો.' પણ પોતે જ્યારે લાડુબા, જીવુબાને મહારાજ સાથે જોયાં ત્યારે ઘર ગયું. વળી, આપણે સત્પુરુષને નિર્દોષ તો સમજીએ છીએ, પણ સમ્યક્ પ્રકારે નિર્દોષભાવ રહે તો નિષ્કામી, નિર્લોભી થઈ જઈએ !'

મગનભાઈ કહે : 'સ્વામીબાપા ! એવી નિર્દોષબુદ્ધિ કેમ થાય ?'

સ્વામીશ્રી કહે : 'એવી નિર્દોષબુદ્ધિવાળા પુરુષનો સંગ થાય, તો એવી નિર્દોષબુદ્ધિ થઈ જાય.' એટલી વાત કરીને પછી હસતાં હસતાં બોલ્યા કે 'જેની જેવડી ટાંકી તેને તેટલી જ આજ્ઞા કરાય, નહિ તો ટાંકી તૂટી જાય. માટે મોટા-પુરુષ બહુ જ જાળવે છે, ત્યારે આ સત્સંગ થાય છે.'

સંતસ્વામીએ પૂછ્યું : 'ઈન્દ્રિયો, અંતઃકરણ અને અનુભવ પૂગે એવા ભગવાન કયા ?'

હર્ષદભાઈ કહે : 'એવા તો પ્રગટ ભગવાન જ કહેવાય.'

સ્વામીશ્રીની કેડ દબાવતાં સનાતન સ્વામી રમૂજી શૈલીથી બોલ્યા : 'સ્વામીબાપા ! આપના સ્વરૂપમાં અમારું અંતઃકરણ તો પૂગતું જ નથી, એનું કેમ સમજવું ?' આ સાંભળી સ્વામીશ્રી ખડખડાટ હસી પડ્યા.

આમ, આવી નિર્દોષ છતાં અતિ ગહન તત્ત્વજ્ઞાનની, સ્વરૂપનિષ્ઠાની વાતને સરળ રીતે સમજાવી દેતાં સ્વામીશ્રીએ આ ઉત્સવ સમાપ્ત કર્યો. આ જ બ્રહ્મરૂપ થવાનું સાધન અને મનન દ્વારા બ્રહ્મરૂપ થવાનો અપૂર્વ યોગ !

ઉત્સવનું વિસર્જન કરી, બાજુમાં આવેલ તળાવ પાસે પધાર્યા. ત્યાં ઠાકોરજીને સ્નાન કરાવી, સ્વામીશ્રી કહે : 'આ તીર્થ થઈ ગયું.'

રામચંદ્રકાકાના ખેતરમાં ઘઉં ઉપર દૃષ્ટિ કરી. ત્યાં એક ખીજડાનું ઝાડ હતું. સ્વામીશ્રી તેને હાથ અડાડી કહે : 'શ્રીજીમહારાજનો ભક્ત થા !'

પછી ઉતારે પધાર્યા. બપોરે સ્વામીશ્રીએ સંતો-હરિભક્તો સાથે ખુલ્લામાં ઝાડના છાંયા નીચે ઠાકોરજી જમાડ્યા. આ દર્શન રમણીય હતું. કુદરતના સર્જન અને સર્જકનો અદ્‌ભુત યોગ સધાયો હતો. વડ નીચે જ બપોરની કથા કરી.

સાંજે વાત્રક નદીમાં સ્નાન કરીને ભવાનપરા, રાવજીભાઈને ત્યાં પધરામણી કરી. બીજે દિવસે સમાદરા અંબાલાલભાઈને ત્યાં લગ્ન પ્રસંગે આશીર્વાદ આપી, અમદાવાદ થઈ, રાત્રે ટ્રેનમાં રાજકોટ પધાર્યા.

ગોંડલથી માણાવદર જતાં રસ્તામાં જેતપુર દર્શન કર્યાં. સાંજે માણાવદરમાં પ્રસાદીની લક્ષ્મીવાડીમાં સ્નાન કર્યું. અહીંથી સરદારગઢ જવા જે ટૅક્સી સાથે લીધી હતી, તેનો ડ્રાઈવર ઘણી ઉતાવળ કરતો હતો. મોડું થતું હતું તેથી સ્વામીશ્રી વૃદ્ધાવસ્થા છતાં યુવકોના હાથ પકડી, ઉતાવળે પગે વાડીથી ચાલતાં ટૅક્સી પાસે આવ્યા. સ્વામીશ્રીની આ શ્રમિત છતાં ગરવી મૂર્તિ જોઈ તે ચૂપ થઈ ગયો અને ઉતાવળ કરાવવા બદલ સ્વામીશ્રીની માફી માગી.

જીંજરી થઈ સરદારગઢ પધાર્યા. ગ્રામ-પંચાયતના વિશાળ ચોકમાં જાહેર

સભા સારી થઈ. હર્ષદભાઈ, અર્જુનભાઈ તથા સંતસ્વામીનાં પ્રવચનો પછી સ્વામીશ્રીના આશીર્વાદથી સૌ ખૂબ પ્રભાવિત થયા.

નિષ્ઠાની સ્પષ્ટતા કરતા સંતસ્વામી

રવિવાર, તા. ૨૨-૨-'૫૯ની સવારે સરદારગઢમાં સ્વામીશ્રી, પ્રમુખસ્વામી, સંતસ્વામી વગેરે સંતોની સભામાં ઊંડાણ સાથે રહસ્યસભર અધ્યાત્મ વાર્તાલાપ થયો.

એક હરિભક્તે સ્વામીશ્રીને પ્રશ્ન પૂછ્યો કે 'સ્વામીજી ! પતિવ્રતાની ભક્તિ એટલે છતી દેહે જે સ્વરૂપ મળ્યું હોય તેની ટેક રાખવી કે કેમ સમજવું ?'

સ્વામીશ્રીએ પૂછ્યું : 'આપ કેમ સમજો છો ?'

હરિભક્તે કહ્યું : 'મને તો સ્વામીબાપા ! એમ સમજાયું છે કે ભગવાનનું સ્વરૂપ ગુણે કરીને સમજવું. મહારાજના ગુણ જેમાં દેખાય તે મહારાજનું પ્રગટ સ્વરૂપ માનવું. દેહ જુદો હોય પણ ગુણ જોવા.'

સ્વામીશ્રી કહે : 'સાકરનું નારિયેળ હોય તેમાં ભાગત્યાગ રહેતો નથી. તેમ ભગવાનના સ્વરૂપમાં ભાગત્યાગ સમજવો નહિ. ઇન્દ્રિયો, અંતઃકરણ બધું સંબંધે બ્રહ્મરૂપ થઈ જાય છે. મહારાજ તથા ગુણાતીતાનંદ સ્વામી પરોક્ષ થતા જ નથી. જેમાં અખંડ રહ્યા હોય, એટલે કે જેમાં મહારાજનાં ગુણ, ઐશ્વર્ય અને પ્રતાપ હોય, તે સ્વરૂપમાં મહારાજ પ્રગટ હોય. તે જ ભગવાનનું સ્વરૂપ કહેવાય.'

રામજીભાઈએ પૂછ્યું : 'સ્વામીજી ! સંપ્રદાયમાં આજે આ જ ઝઘડા છે. કોઈ કહે છે આ સ્વરૂપમાં પ્રગટ છે, કોઈ કહે છે આ સ્વરૂપમાં પ્રગટ છે, તેનું શું સમજવું ?'

સ્વામીશ્રી કહે : 'તેનું તો એમ સમજવું કે મહારાજ અક્ષરદ્વારાએ વિચરે છે. મહારાજે કહ્યું છે જે, તેવા સંત દ્વારે સૌ ભગવાનને પામે છે. કેમ સંતસ્વામી ! તમે શું સમજો છો ?'

સંતસ્વામી કહે : 'શાસ્ત્રીજી મહારાજ કહેતા કે અક્ષરના સાધર્મ્યપણાને પમાય છે, પણ પુરુષોત્તમના સાધર્મ્યપણાને પમાતું જ નથી. એ તો 'એકમેવાદ્વિતીયમ્ બ્રહ્મ !' ભગતજી મહારાજ સ્વામીના સાધર્મ્યપણાને પામી ગયા હતા. તદ્વત્‌ભાવને પામ્યા હતા. તેથી જેને જેને તેમનામાં હેત થયું, તે સૌને સ્વામીના ભાવને પમાડી દીધા હતા. એવા ગુણાતીતભાવને પામેલા સત્પુરુષને બીજાની અવજ્ઞા હોય નહિ.

'આ આપણા જોગી મહારાજ છે તેમનો દાખલો આપું છું. જો મહારાજનો સર્વોપરી ભાવ તેમને છે અને સ્વામીના ભાવને સાક્ષાત્ પામી ગયા છે, તો જ્યાં જ્યાં મહારાજનું સ્થાન છે, ત્યાં તેમને સત્તર આની ભાવ છે. અને પોતે ત્યાં દર્શને જાય છે, બીજાને પણ મોકલે છે અને સેવા પણ કરાવે છે. અમે ગઢડામાં લક્ષ્મીવાડીએ દર્શન કરવા ગયા. ત્યારે ત્યાંના બ્રહ્મચારી મહારાજે સ્વામીને કહ્યું કે 'અમારે અહીં થોડી નળની તકલીફ છે.' તરત જ સ્વામીએ બે-ચાર હરિભક્તોને આજ્ઞા કરી અને બ્રહ્મચારીને જોઈતી સેવા કરાવી દીધી. માટે સાચા ગુણાતીતભાવને સ્વામીજી પામ્યા છે, તો એવો સર્વોપરી ભાવ એમને મહારાજ માટે છે.

'તેમ જે એવા ગુણાતીતભાવને પામ્યા હોય અને ગુણાતીત સ્વરૂપ હોય, તો લક્ષ્મીવાડી જેવું જ સ્વામીનું સ્થાન અક્ષર દેરી છે, ત્યાં સોળ આના ભાવ થવો જોઈએ. અને પોતાને વિશે હેતવાળા હોય તેમને ત્યાં દર્શન કરવા, થાળ કરવા કે સેવા કરવા પ્રેરણા કરે, પણ નિષેધ તો કરે જ નહિ. અને એ સ્થાનનો નિષેધ કરતા હોય, તો ગુણાતીતભાવને પામ્યા જ નથી.

'એવા તો આ એક યોગીજી મહારાજ છે. મારા વીસ વર્ષના એમની સાથેના અનુભવની આ વાત છે. તેમને કોઈની અવજ્ઞા નથી. વળી, આપણા સંપ્રદાયમાં તો એવો ભાવ હોય એ સમજાય તેવું છે, પરંતુ પરોક્ષ દેવના મંદિરમાં પણ જો જાય તો ત્યાં પણ સેવા કરાવી, સૌને ગુણ આવે એવી તેમની સર્વજીવહિતાવહ ક્રિયા છે.

'શાસ્ત્રીજી મહારાજે પણ નંદા સાહેબને છેલ્લી વખતે કહ્યું હતું કે 'આ જોગી મહારાજ જેવા સંત અનંત કોટિ બ્રહ્માંડમાં પણ નથી. તે તમારી ખોટ ટાળશે.' માટે સિદ્ધાંત સમજવાનો તો એ છે કે આપણે પતિવ્રતાની ટેક તો એક શ્રીજીમહારાજને વિશે છે અને તે મહારાજ યોગીજી મહારાજ દ્વારા અખંડ પ્રગટ છે, તેથી મહારાજનું તે સાક્ષાત્ સ્વરૂપ પણ કહેવાય.

'બીજા મુક્તો કહેવાય, પણ જેમ સા. ૧૭માં કહ્યું છે તેમ, ખદ્યોત જેવા મુક્ત હોય તેને દીવા જેવા મુક્ત પર લાગે અને દીવા જેવા હોય તેને મશાલ જેવા મુક્ત પર લાગે. એમ ઉત્તરોત્તર જેમ મહિમા સમજાતો જાય, તેમ તેમ પરપણું પણ સમજાતું જાય. અને છેવટે વીજળી જેવા મુક્તના જેવી સ્થિતિ થાય, ત્યારે તેથી પરનો મહિમા સમજાય.'

એટલી વાત થઈ ત્યાં પધરામણીએ જવાનો સમય થયો, એટલે સ્વામીશ્રી

અને સંતો ઊઠ્યા. ઊઠતાં ઊઠતાં સ્વામીશ્રીએ સૌને કહ્યું : 'તમો બધા આ ગોષ્ઠિ ચાલુ રાખજો. અમે આવીએ છીએ !'

વડવાનળ જેવા સંતમાં જોડાવું

લગભગ ૧૧-૩૦ વાગે સ્વામીશ્રી અને સૌ સંતો પધાર્યા ત્યારે સ્વામીશ્રીએ પૂછ્યું : 'હર્ષદભાઈ ! પ્રશ્નનો ખુલાસો શું થયો ?'

હર્ષદભાઈ : 'બાપા ! સંતસ્વામીએ કરેલો ઉત્તર સૌને બેસી ગયો.'

સ્વામીશ્રી કહે : 'વીજળી જેવા અને વડવાનળ જેવા, એમ બે પ્રકારના મુક્ત છે. તેમને ઓળખીને વડવાનળ જેવા હોય તેમાં હેત કરવું. અમે જૂનાગઢમાં મોટા મોટા બાર સદ્‌ગુરુઓને સેવ્યા છે. ત્યાગવલ્લભદાસ સ્વામી, યોગેશ્વરદાસ સ્વામી, પુરાણી ધર્મતનયદાસ વગેરે વગેરે. યોગેશ્વરદાસ સ્વામી બહુ સમર્થ હતા. જૂનાગઢમાં ત્રણ દિવસનો સમૈયો આવ્યો, તે વખતે જૂનાગઢમાં કોગળિયું ચાલતું હતું. તેથી નવાબે સમૈયો બંધ રાખવાનું ફરમાન કર્યું. પણ યોગેશ્વરદાસ સ્વામી કહે : 'ત્રણ દિવસ કોઈની નસકોરી નહિ ફૂટે, માટે સમૈયાની છૂટ આપો.' તે ત્રણ દિવસ હજારો હરિભક્તો ભેગા થયા હતા. કોઈને કાંઈ થયું નહિ. શાસ્ત્રી ધર્મતનયદાસ એમ કહેતા કે 'વરતાલની સભામાં શાસ્ત્રોના આધારે 'સ્વામી અક્ષર છે એ હું પુરવાર કરી દઉં.' એવા મોટાપુરુષો સ્વામી અક્ષર અને મહારાજ પુરુષોત્તમ એમ પ્રતિપાદન કરતા.

'આપણે બધા એક જ છીએ. નોખા પડ્યાં એટલે કાંઈ બગડી ગયા ? પણ બીજા ગાયનો વાઘ કરીને ઊંધું મારે છે. તે શું કે 'આ તો ભગવાન થાય છે' એવી વાતું કરે છે. અમારે તો મહારાજ અને સ્વામીની શુદ્ધ ઉપાસના સમજાવવાનું જ તાન છે. પણ પેલા સો આંધળાને હાથમાં પથરા પકડાવ્યા અને પછી તેની સંપત્તિ લૂંટીને સમજાવ્યું કે 'જે મારગ દેખાડવા આવે તેને પથરા મારજો.' એમ કહી રઝળતા મૂકી દીધા. પછી ભૂલા પડેલા આંધળાને બીજા સાચો મારગ દેખાડવા આવ્યા, ત્યારે શીખવાડ્યું હતું તેમ પથરા મારવા લાગ્યા. પછી તેને કોણ રસ્તો બતાવે ? છેવટે રખડી રખડીને આંધળા ખુવાર થઈ ગયા. તેમ અજ્ઞાની જીવ હેરાન થાય છે !' એટલી વાત થઈ ત્યાં 'વાસુદેવ હરે' થયા, એટલે સભા ઊઠી.

✧

સણોસરા તથા ચુડાસણા ગામોએ પધરામણી કરી, સ્વામીશ્રી માણાવદર

પધાર્યા હતા. અહીં રાત્રે ચેષ્ટા પછી યુવકો સ્વામીશ્રીનાં ચરણ ચાંપી રહ્યા હતા. સ્વામીશ્રીના ગોઠણે હું ખરજવાની દવા ચોપડતો હતો. હંમેશાં ખૂબ સાષ્ટાંગ દંડવત્ કરવાથી સ્વામીશ્રીના પગે ખરજવા જેવું ચાઠું રહેતું. ત્યારે એક યુવકે સ્વામીશ્રીને પૂછ્યું કે 'ભગવાનને રોગ હોય ?'

સ્વામીશ્રી કહે : 'ભગવાનને ન હોય પણ સંતને હોય.' જરા અટક્યા પછી હસીને કહે : 'ઉપરથી તો તાજા-માજા લાગીએ છીએ, પણ અંદર તો શુંયે થતું હોય.'

ત્યારે બીજા યુવકે પૂછ્યું કે 'દવા કેમ લાગુ પડતી નથી ?'

સ્વામીશ્રી કહે : 'જુદા જુદા વૈદ્યોને સેવા મળે ને !' એ પ્રમાણે કહેતાં યુવકોને આનંદ કરાવ્યો. પોતે નિર્દોષભાવે ખડખડાટ હસી પડ્યા. પછી પોઢી ગયા.

બીજે દિવસે સવારે મંદિરે દર્શન કરી, છગનભાઈને ત્યાં મહારાજની પ્રસાદી વસ્તુઓનાં દર્શન કર્યાં.

અત્યારે સંતરૂપે પધાર્યા છે

સાંજે પીપલાણામાં સ્વામીશ્રી બહિર્ભૂમિ જઈ રહ્યા હતા. અહીં તુલસીનું વન હતું. સ્વામીશ્રી કહે : 'અહીં શ્રીજીમહારાજ પધારેલા.'

એક યુવકે ઉત્સાહમાં કહ્યું : 'અત્યારે પણ મહારાજ પધાર્યા.'

જાણે ઠપકો દેતા હોય તેમ એકાએક સ્વામીશ્રી કહે : 'તે વખતે મહારાજ પોતે પધારેલા અને અત્યારે સંતરૂપે પધાર્યા છે.'

પછી ઓઝત નદીમાં સ્નાન કરી, કાંઠે સભા કરી વાતો કરી. મંદિરમાં દર્શન-કથાવાર્તા કરી. બોડકા પધરામણી કરી, રાત્રે પાછા માણાવદર આવી પહોંચ્યા.

બીજે દિવસે પંચાળા દર્શને જવાનું હતું. રાત્રે સ્વામીશ્રી કહે : 'ઈશક હોય તો ચાલતા જવાય.' તેથી ઘણા ચાલીને જવા તૈયાર થયા. સાથે શહેરના હરિભક્તો અને યુવકોનો મોટો સંઘ હતો. કોઈ ગામડાંમાં, ખેતરોમાં ચાલવા બહુ ટેવાયેલા નહિ, તેમજ રુચિ નહિ. તેથી જ કદાચ સ્વામીશ્રીએ સૌને ચાલવાની પ્રેરણા આપી હશે. જેથી તીર્થનું ફળ વધુ મળે. પણ પછી સ્વામીશ્રીએ એકાએક સ્થાનિક હરિભક્તોને ગાડાં જોડવાની આજ્ઞા કરી અને બોલ્યા : 'બળદને પુણ્ય થાય ને !' એમ રમૂજ કરાવતાં રાત્રે ૨-૦૦ વાગે પોઢ્યા.

વળતે દિવસે કેટલાંક ઉંમરલાયક બાઈ-ભાઈ ગાડામાં, તો કેટલાક જુવાનિયા ચાલતાં પંચાળા આવી પહોંચ્યા. મંદિરે દર્શન કરી, નદીએ સ્નાન

કરી, ઓધવજીભાઈને ત્યાં સૌએ ઠાકોરજી જમાડ્યા.

પંચાળામાં પ્રસાદીનાં સ્થાનોએ બધે ફરી ફરીને દર્શન કરી, રાત્રે ૧૨-૦૦ વાગે જૂનાગઢ પ્રાગજીભાઈને ત્યાં ઉતારે આવી પહોંચ્યા. બીજા હરિભક્તો તથા યુવકો રાત્રે ૨-૦૦ વાગે ટ્રેનમાં આવ્યા. સ્વામીશ્રી ત્યારે ઊઠી ગયા ને સર્વેને હોંશથી મળ્યા. સંઘ તો બધો સાથે જ હતો, કોઈ નવા આગંતુકો નહોતા; પણ સૌ ભીડો વેઠી સાથે યાત્રા કરતા હતા, તેથી સ્મૃતિ આપવા જ કદાચ સ્વામીશ્રી આવી રીતે મોડી રાત્રે સૌને મળ્યા હશે.

પિતાશ્રી કલ્યાણભાઈ, જેમણે શાસ્ત્રીજી મહારાજની બહુ સેવા કરી હતી, તેઓ અક્ષરનિવાસી થતાં, તેમની પાછળ સ્વામીશ્રીને તેડાવી, જમાડી સેવા કરવાનો સંકલ્પ પ્રાગજીભાઈએ રૂડી રીતે પૂરો કર્યો. મંદિરમાં તથા સર્વ પ્રસાદી સ્થાનોએ સ્વામીશ્રીએ સંઘ સાથે સારી રીતે દર્શન કર્યાં. બાજુના ગામ ઈવનગર પધરામણી કરી.

સાંજે ગિરનારની તળેટીમાં દામોદર કુંડમાં સ્વામીશ્રીએ સૌ સંઘ સાથે સ્નાન કર્યું. પછી દામોદરજીના મંદિરે પધાર્યા, પણ દરવાજો બંધ હતો. તેથી સ્વામીશ્રી કહે : 'ચાલો બારણે હાથ અડાડીએ,' એમ કહી દરવાજે પગે લાગવા જતા હતા. ત્યાં પૂજારીને જાણ થઈ કે 'યોગીજી મહારાજ પધાર્યા છે;' તેથી તુરત મંદિરના દરવાજા ખોલી, સ્વામીશ્રીને દામોદર ભગવાનનાં દર્શન કરાવ્યાં. જાણે સાક્ષાત્ ભગવત્સ્વરૂપ સંત પોતાને દ્વારે પધાર્યા છે, એવો ભાવ પૂજારી અનુભવી રહ્યા હતા. ચોકી-સોરઠ થઈ, રાત્રે ૧૨-૦૦ વાગે ગોંડલ આવી પહોંચ્યા.

અહીં લંડનથી મેઘાણી સાહેબના દીકરા ભાનુભાઈ તેમના પરિવાર સાથે દર્શને આવેલા. સ્વામીશ્રીએ તેમને દર્શન કરાવી વર્તમાન ધરાવ્યાં. શેઠ કેવળચંદભાઈના શેરડીના વાઢમાં સ્વામીશ્રીએ પધરામણી કરી. તાજો રસ તથા ગરમાગરમ ગોળ જમી, અલૌકિક દર્શનનું સુખ સૌને આપ્યું. મંદિરે દર્શન કરી, ટ્રેનમાં રાજકોટ પધાર્યા.

બપોરનો તાપ ખરો તપતો હતો. મોડું ઘણું થયું હતું. સ્ટેશન ઉપર ઘોડાગાડીવાળો ગામમાં જવા આનાકાની કરતો હતો. સ્વામીશ્રી કહે : 'ચાલો, આપણે ચાલતા જઈએ.' એમ કહી ચાલીને જવા તૈયાર થયા.

એટલામાં ઘોડાગાડીવાળો તૈયાર થયો. પછી તેમાં બેસી, હરિભક્તને ઘરે બપોરે ૩-૦૦ વાગે ઠાકોરજી જમાડી, થોડો આરામ કરી, ટ્રેનમાં અમદાવાદ જવા નીકળ્યા. રસ્તામાં અડધી રાત્રે વાકાંનેર, સુરેન્દ્રનગર વગેરે સ્ટેશનોએ

હરિભક્તો દર્શન માટે આવેલા. સ્વામી એક અને ભક્તો અનેક. એમને તો દરેકના ભાવની પૂર્તિ કરવાનો ઉત્સાહ. તેથી પોતાના દેહની, ઊંઘની, આરામની લેશપણ પરવા, આ ઉંમરે પણ કરતા નહિ.

અમદાવાદ આવ્યા પછી એકાએક પુરુષોત્તમપુરા જવાનું નક્કી થયું. અમદાવાદના હરિભક્તો તથા યુવકોને પણ સ્વામીશ્રીએ સાથે લીધા. પોંકનો ઉત્સવ થયો. શહેરના યુવાનો તથા ભક્તો માટે આ નવીન હતું. તેથી સ્વામીશ્રી સૌને જમતા શીખવતા કે 'ચટણી સાથે બધું ચોળીને ખાઓ, તો મજા પડશે.' જેમ માતા બાળકને જે વહાલથી જમતાં શિખવાડે, તેથી પણ અધિક વહાલથી પોતાના અનેક બાળકોને સ્વામીશ્રી સમજાવી રહ્યા હતા. જો કે પોતે તો માત્ર દર્શનનો જ આસ્વાદ લેતા હતા. સૌ ભક્તોને જામફળની વાડીએ લઈ જઈ, જામફળનો પણ ઉત્સવ કર્યો. આમ, દાજી તથા રમણભાઈએ સૌને આનંદ કરાવ્યો.

બીજે દિવસે રઢુ આત્મારામભાઈને ત્યાં જમીને નડિયાદથી ટ્રેનમાં સ્વામીશ્રી અટલાદરા પધાર્યા. હર્ષદભાઈ, અર્જુનભાઈ વગેરે મુંબઈના ભક્તોએ એક માસ સાથે ફરી, ગામડાંઓના ભક્તોને સ્વામીશ્રીનો મહિમા સમજાવી સમાસ કર્યો હતો. તેઓ સૌ અહીંથી છૂટા પડ્યા. અટલાદરામાં પણ વાડીમાં પોંકનો સારો ઉત્સવ થયો.

તા. ૪-૩-'૫૯, મનુભાઈ મુંબઈવાળાને ત્યાં કરખડી પધાર્યા. અહીં એકાદશીને દિવસે યુવકોને ખૂબ જ બળની વાતો કરી :

'આજે ઉપવાસ કર્યો. મહાફળ મળશે. અમે ત્રણ દિવસે ઉપવાસ કરતા. ૧૦૦ માણસની રસોઈ કરતા. મણ-મણનાં પોટલાં ઊંચકતા. તૈંયે રાજીપો થયો. વિજ્ઞાનદાસ સ્વામીના ભીડામાં આવ્યા. ખરેખરી બહબહાટી બોલાવે.

'મોટાપુરુષ મળી ગયા છે. આપણે ૧૦,૦૦૦ યુવકો કરવા છે. શું શું ગામમાં ગયા, શું પ્રસંગ નીકળ્યો, એમ હજારો વાત થાય તે લખી લેવી. મહારાજનાં હજાર વચનામૃત લખાઈ ગયાં. ગુણાતીતાનંદ સ્વામીની હજારો વાત લખ લખ કરી. કાગળ નહોતા તે ધૂળમાં લખી. અત્યારે ઝોલાંમાં જાય છે. આપણે ભણેલા-ગણેલા, તો કેમ ન લખાય ! ખુમારી જોઈએ. જાણપણે દરવાજે રહેવું. સૂવું નહિ. ભગવાનની મૂર્તિનું સુખ લેવું છે, એ કેફમાં આવી જવું. સંસારનું સુખ ભોગવવું નહિ.'

અહીં સ્વામીશ્રી ઉપર એલેમ્બિકના ડિરેક્ટર મણિભાઈ ભાઈલાલભાઈએ ટપાલમાં કંકોત્રી મોકલી હતી. તેના જવાબમાં સ્વામીશ્રીએ જણાવ્યું :

'દા. સાધુ જ્ઞાનજીવનદાસના ઘણા હેતથી સ્વામિનારાયણ વાંચશો. આપનાં બધાં કામ ફળીભૂત થશે. અમો કોઈ પત્ર લખીએ તો અમલ કરવો. ગરીબના બેલી તમો છો. ભાઈલાલભાઈએ સ્વામીની સેવા ઘણી જ કરી છે. આપના ભાઈઓને સ્વામિનારાયણ કહેશો. આપના દીકરાને સ્વામિનારાયણ.'

બધી નદીઓ સમુદ્રમાં જ આવે

સ્વામીશ્રી રાતના ૧૨-૦૦ વાગે સ્નાન કરતા હતા. એક યુવક કહે : 'આપને રોજ રાતના ૧૨ વાગે સૂવું એ નિયમ છે.'

સ્વામીશ્રી કહે : 'શું કરીએ ? દખ (દુઃખ) છે, તેથી નાહવા (શૌચ) જવું પડે છે.'

ત્યારે તે યુવક કહે : 'શું કામ દખ લઈને ફરો છો ?'

પછી સ્વામીશ્રી હસીને બોલ્યા : 'બધી નદીઓ સમુદ્રમાં જ આવે ને !'

તે યુવકે સૌને દુઃખ વહેંચી આપવાની વાત કરી. ત્યારે સ્વામીશ્રી કહે : 'કોઈ અહીં ઊભો ન રહે. જુઓને, શ્રીજીમહારાજે રામપાતર ન માગ્યું ? 'મારા ભક્તને એક વીંછીનું દુઃખ થાય, તો મને રૂંવાડે રૂંવાડે વીંછીનું દુઃખ થાય. અને મારા ભક્તને નસીબમાં રામપાતર હોય તે મને આવજો.' એમ મહારાજે માગ્યું. આ પણ એવું છે.'

અહીં બપોરે પથારીમાં બેઠા. યુવકોને કહે : 'આપણે આ કૉલેજમાં દાખલ થવા મળ્યું તે બહુ મોટાં ભાગ્ય. જાગા સ્વામીને સ્વામીએ ૨૦૦ કહેલા, તે માંહેલા તમે છો. વિદ્યાનગરમાં ૫,૦૦૦ છોકરાઓ છે, પણ બધા એ...ઈ તાલમેલ કરે છે. ત્યારે આપણને હાલવું-મહાલવું, તેમાંથી ઉગારી લીધા. નાની ઉંમરમાંથી જ જોગમાં મૂકી દીધા. દેહનો અનાદર રાખવો. આ પ્રાપ્તિ થઈ માટે કેફ રાખવો. સત્પુરુષનો સંગ મળ્યો છે, તો એની અલમસ્તાઈ રાખવી.'

વળતે દિવસે કરખડીથી લતીપુર જવા સ્વામીશ્રી બપોરે ઠાકોરજી જમાડીને, કથા કરીને, તુરત મોટરમાં મોભા રોડ સ્ટેશને પધાર્યા. યુવકોને આજે ઉપવાસ હતો. સૌ એસ.ટી.માં મોભા રોડ આવી પહોંચ્યા.

ગાડીને આવવાની વાર હતી. સ્વામીશ્રી મારો હાથ પકડી, પ્લેટફૉર્મ બહાર લઘુ કરવા પધાર્યા. પછી પાછા ફરતાં મારો હાથ જોવા લાગ્યા અને બોલ્યા કે 'ગુણાતીતાનંદ સ્વામીએ એમના નાના ભાઈનો હાથ જોઈને કહ્યું હતું કે 'આ સાધુ થશે.' તે નાના શિવાનંદ સ્વામી થયા.'

એટલામાં વિનુ ભગતે હાથમાં એક રેખા બતાવતાં કહ્યું કે 'આ સાધુની રેખા છે.' પછી તો બધા યુવકો પોતાનો હાથ સ્વામીશ્રીને બતાવવા લાગ્યા. દરેકને સ્વામીશ્રી કહે : 'તમે સાધુ થશો... તમે પણ સાધુ થશો...'

એક હરિભક્ત ત્યાં ઊભા હતા. તેમણે પણ પોતાનો હાથ ધર્યો. તેમના હાથમાં પણ એવી જ રેખા હતી. છતાં સ્વામીશ્રી કહે : 'આ તમારી પૈસાની રેખા છે.' પછી બધા યુવકોના હાથની રેખાઓ બતાવતા જાય ને બોલતા જાય કે 'જોશી જોશ જુએ છે કે પ્રારબ્ધ ઊડી ગયા. હવે તમારે પ્રારબ્ધ - પૂર્વકર્મ રહ્યાં નથી. પૂર્વનાં કર્મ બળી ગયાં. તમારે માટે સંસાર-ગૃહસ્થાશ્રમ નથી. તમારે તો સાધુ થઈ એકાંતિક ભક્ત થવાનું છે.' આમ, યુવકો સાથે ખૂબ નિર્દોષ ગમ્મત કરતા હતા.

સિત્તેર વર્ષના એક વૃદ્ધ સાથે વીસ-વીસ વર્ષના યુવાનોને જોઈને જ પહેલાં તો સ્ટેશન ઉપર ઊભેલા ઘણાને નવાઈ લાગતી હતી. અને આ યુવાનો જગતના રંગથી વિપરિત એક વૃદ્ધ સાથે આટલા બધા ઓતપ્રોત થઈ જાય, આ રીતે ગમ્મત કરે, તે જોઈ સૌ આશ્ચર્ય પામતા હતા. કોઈ પ્રેયસી પોતાના પ્રિયતમમાં પાગલ બને એ તો સમજાય, પણ એથી વિશેષ આ યુવાનો આ સાધુ પાછળ આજે ઘેલા થયા હતા. સ્વામીશ્રી સિવાય એમને કાંઈ દેખાતું નહોતું. સ્વામીના રંગે રંગાવવા ઉત્સુક થયા હતા. એવું ઘેલું આ સાધુએ સૌને લગાડ્યું હતું.

આશરામાં તપની મહત્તા

લતીપુરથી સેજાકૂવા પધરામણી કરી, ગોરિયાદ આવ્યા. અહીં સાંજે મંદિરમાં યુવકોને કા. ૧૦ વચનામૃત સમજાવી બળની વાતો કરતાં કહ્યું : 'તપ અને આશરો એ પ્લેનમાં બેસીને આફ્રિકા જવા જેવું છે; અને એકલો આશરો એ સ્ટીમરમાં બેસીને આફ્રિકા જવા જેવું છે.'

સારાંશ કે યુવકોએ હંમેશાં તપની રુચિ રાખવી.

તા. ૬-૩-'૫૯. સ્વામીશ્રી સાથે ઘણા યુવકો ફરતા હતા. અહીં સવારે નિત્યકર્મથી પરવારી સ્વામીશ્રી જાતે યુવકોને વહેલી સવારે ઉઠાડવા આવ્યા. ઘણાખરાને ઉપવાસ હતો. સૌ તૈયાર થયા એટલે સ્વામીશ્રીએ યુવકોને પારણાં કરાવ્યાં. ફરીથી ઉકાળો-નાસ્તો પણ કરાવ્યો. અને યુવકોએ ઘણી ના પાડી, છતાં સૌને ગોળામાંથી લોટે લોટે ભરી પાણી પાયું. પછી યુવકોને બધાને ગોળા કેમ વીછળવા અને પાણી કેમ ભરવું, તે બધી ક્રિયા કરી બતાવી અને શીખવાડી.

પછી સભા કરી ગં.અં. ૭ અને ૮ મોઢે બોલ્યા અને નિરૂપણ કર્યું. ટપાલમાં સહી કરી. રસોઈમાં અમારી મદદે આવ્યા. જાતે દાળ-ચોખા જોવા બેઠા. બાદ યુવકો સાથે શાક સુધારવા લાગ્યા.

પછી સ્નાન કરવા પધાર્યા. સ્નાન કરી આવીને ધોતિયું પહેરતા હતા. ધોતિયું કમર ઉપર હજુ વીંટ્યું જ હતું, પાટલી પણ વાળી નહોતી, ત્યાં જ ટપાલી આવ્યો. તેને ટપાલ આપવાની ઉતાવળ હતી, એટલે અડધા પહેરેલે ધોતિયે જ સ્વામીશ્રી નીચે બેસી ગયા અને ટપાલ ઉપર સહી કરી ટપાલ મોકલાવી.

એ દિવસોમાં સ્વામીશ્રીનો આખા દિવસનો કાર્યક્રમ બહુ ત્વરિત રહેતો અને સૌ યુવકોને પોતે જાતે દરેક પ્રકારની શિક્ષા આપતા.

બે દિવસ પધરામણીઓ ઘણી કરી. મહાશિવરાત્રીને દિવસે બપોરે ૨-૦૦ વાગ્યા સુધી પધરામણી કરી. મંદિરે આવી, ફરાળ કરી, ટપાલ લખી. શનાભાઈએ સારી સેવા કરી.

'પોલું ભમ'

શનિવાર, તા. ૭-૩-'૫૯, સાંજે ગોરિયાદથી ગાડામાં સરસવણી આવ્યા. સરસવણી મંદિર અવાવરા જેવું હતું, તે સ્વામીશ્રીએ યુવકો પાસે સારી રીતે સાફ કરાવ્યું. ગામોગામ મંદિરો તો સ્વામીશ્રી યુવકો પાસે સાફ કરાવતાં. અંબાલાલભાઈ તથા ચીમનભાઈએ સારી સેવા કરી.

અહીં કથા પ્રસંગમાં સ્વામીશ્રીએ જૂની વાત કરી :

'ભાવનગરમાં ગઢડાવાળા ઉત્તમચરણદાસનું મંડળ માનસી કરે, અને વિજ્ઞાનદાસ સ્વામી અને અમે કીર્તન બોલીએ - *'દયાળુ પ્રભુ ! અક્ષર પુરુષોત્તમ...'* વિજ્ઞાન સ્વામી જોશથી પ્રગટના પડકારા કરે. એમાં 'પોલું ભમ' શબ્દ આવે. પછી સાધુએ યાદ રાખી લીધું હતું.

'અમે કેરિયા ગયા. ચાર સાધુ ને એક ભગત ૧-૩૦ની ગાડીમાં ઊતર્યા. રવજીભાઈ નામના એક હરિભક્ત સાથે સાધુને મારવા માટે મસલત કરીને, પછી મંદિરમાં આવીને, સાંકળ દઈને, બધાને ઊંચકી ઊંચકીને પછાડ્યા. હું જાગતો હતો. રાત્રે ૧-૩૦ વાગે ભગવત્સ્વરૂપદાસને જાળી સાથે ભટકાડ્યા. 'લે, પોલું ભમ, લેતો જા.'

'પછી (ખેતીની) મોસમ, તે ગામમાં હરિભક્ત નહિ. તે બૈરાંઓએ ગોકીરો કર્યો એટલે ઓધવજીભાઈ આચાર્ય કોદાળી લઈને આવ્યા, પણ સાંકળ

બંધ એટલે બાજુની વંડી ઉપરથી કૂદકો મારી ઊતર્યા. 'કોણ સાધુને મારે છે ?' ત્રાડ પાડી. સાધુ બધા ડરી ગયા. પછી સ્વામીએ ના પાડી. ભક્તિવલ્લભ તથા ધર્મજીવન સારંગપુરથી આવતા હતા. તે મોડા પહોંચ્યા. નહિ તો કહે : 'અમે એને પાર પાડત.'

'સાધુ ગભરાયા. ચારની ગાડીમાં ગઢડા ગયા. કોઠારીને આજીજી કરી. પણ તે કહે : 'મારું કાંઈ ન ચાલે. તમો શું કામ લડ્યા ?' ભાવનગરથી કુબેરભાઈ, ઠાકરશીભાઈ, દાજી મિસ્ત્રી એમ ચાર જણા ઊતર્યા. સાધુને નિંગાળા સ્ટેશન ઉપર મળ્યા. કુબેરભાઈ કહે : 'અમારા સાધુને માર્યા ને !' સાધુ ગભરાઈ ગયા. પછી બોટાદ હેમુ શેઠ પાસે ગયા. તેમણે પણ ના પાડી. પછી, 'આપણે ફોજદારી કેસ નથી કરવો,' એમ શાંત પડ્યું. માટે પહેલાં અક્ષરપુરુષોત્તમ માટે આવા ભીડા પડતા. હરિભક્તો પણ શૂરવીર.'

પછી આણંદ ખેતીવાડી કૉલેજમાં ભણતા અહીંના વિદ્યાર્થી સાથે વાતો કરી. ખેતીવાડીની વાતોમાં રસ લીધો : 'જમીન કેટલી ? શું ઉત્પન્ન ? નફો કે નહિ ?' એમ કેટલાય પ્રશ્નો પૂછ્યા.

રાત્રે બે વાર શૌચ ગયા. આંબોઈ ખસી ગઈ હતી. મોટાસ્વામીએ ઘણું કહ્યું : 'અત્યારે જોવડાવો.' ના પાડી. આંબોઈને લીધે પેટના દુ:ખાવાનું મુખારવિંદ ઉપર જરાપણ ચિહ્ન નહિ.

મંદિરમાં ઉતારો કર્યો હતો તેથી સ્વામીશ્રીને અનુકૂળ સગવડો હતી નહિ. કારણ, મંદિરમાં અલાયદો ઓરડો તો હોય જ નહિ. એટલે મંદિરના ખુલ્લા સભામંડપમાં જ સૂઈ રહેવાનું. શિયાળો એટલે ખુલ્લામાં ઠંડી પુષ્કળ લાગે. સવારે ખૂબ ઠંડી પડી. સ્વામીશ્રી ઠંડી જરાય સહન કરી શકતા નહિ. છતાં ચલાવી લેતા.

એ વખતે સ્વામીશ્રીનો બહુ મહિમા નહિ કે એમને માટે ખાસ સગવડ કરવી, જેથી એમને તકલીફ ન પડે. એવી કોઈ વ્યાપક સમજ હરિભક્તોમાં નહિ. મોટાં શહેરોમાં થોડા હરિભક્તો સમજે. બાકી ગામડાંમાં તો એક સાધુની જેમ સૌ જુએ. 'મોટા સંત છે, સાચા સાધુ છે,' એવો મહિમા; પણ એમની કેમ સેવા કરવી, એ સૂઝ બહુ ઓછાને.

'જે જે ધારી આવ્યા હતા વાત રે'

કથા પ્રસંગમાં જુદી જુદી વાતો નીકળી. નિષ્કુળાનંદ સ્વામી રચિત 'પુરુષોત્તમપ્રકાશ,' પ્રકરણ-૪૨ વંચાવતાં પંક્તિ આવી : *'જે જે ધારી આવ્યા*

હતા વાત રે...' તે સમજાવતાં સ્વામીશ્રી કહે : 'મહારાજ કહે છે, હું જે ધારીને આવ્યો હતો, તે હવે એકાંતિક સંત દ્વારા મોક્ષનો માર્ગ ખુલ્લો રાખ્યો છે, તે વાત પૂરી થઈ છે.'

પછી યુવકોએ *'અનુભવી આનંદમાં...'* એ પદ ગાયું. તેમાં પંક્તિ આવી : *'જે વડે આ જક્ત છે તેને કોઈ ન જાણે રે...'*

ત્યારે સ્વામીશ્રી કહે : 'જેને આધારે જક્ત છે તેને કોઈ ઓળખતું નથી. એ શું ?' ફરી પૂછ્યું : 'કોને આધારે જક્ત રહે છે ?'

'યોગીબાપાને આધારે.' એક યુવકે કહ્યું.

સ્વામીશ્રી કહે : 'એમ નામ નો પાડીએ. સત્પુરુષને આધારે એમ કહીએ.'

પછી કહે : 'વચનામૃત પ્ર.૨૭ પ્રમાણે અનંત પ્રકારનાં ઐશ્વર્ય જે આ સંત મળ્યા તેને આધારે છે. અષ્ટસિદ્ધિવાળો આવે તો કોણ સત્સંગ રાખે ? બાવા, ભગત, ભિખારી, ચમત્કારી, એસા-તેસા કરનારા આવે, એમાં ખેંચાઈ જવાય. મહારાજે ના પાડી. અષ્ટસિદ્ધિ-નવનિધિમાં માલ નથી.'

✧

અહીંથી પોસ્ટ રવાના કરવી હતી. કેટલાક કહે : 'બાજુના ગામમાંથી રવાના કરીએ તો જલદી પહોંચશે.'

ત્યારે સ્વામીશ્રી કહે : 'અહીંની પોસ્ટ પ્રસાદીની કરવા દો !'

સૌ આશ્ચર્યમાં પડી ગયા. જો સ્વામીશ્રીની ટપાલ રવાના કરતી પોસ્ટ ઑફિસ અને તેના કર્મચારીઓને સંસ્કાર થતા હોય, તો એ પુરુષની મહત્તા કેટલી હશે !

મંગળવાર, તા. ૧૦-૩-'૫૯, સાંજે ગાડામાં ઊંટિયા આવ્યા. ગાડા રસ્તો ખૂબ જ ખરાબ હતો. તેથી પછડાટને લીધે સ્વામીશ્રીની પિચોટી ખસી ગઈ હતી.

અહીં ઢાઢર નદી છે. બપોરે આરામ કરીને સ્વામીશ્રી સૌ સંતો-ભક્તો સાથે અહીં નાહવા પધાર્યા. સ્વામીશ્રી કહે : 'આ તો મહાપ્રસાદીની નદી છે. અહીં શાસ્ત્રીજી મહારાજ ખૂબ નાહેલા.' પછી નાહતાં નાહતાં હરિભક્તોને માથે પ્રસાદીનું જળ ચઢાવ્યું. હરિકૃષ્ણ મહારાજની મૂર્તિને સ્નાન કરાવ્યું.

નાહીને ઠાકોરજીને દંડવત્ કરી, સૌ યુવકોને ચાંદલા કર્યા. અને કહે : 'આ તો બ્રહ્મરૂપ થવાના અને દેહનો અનાદર કરવાના ચાંદલા છે.'

સાક્ષાત્ ગુણાતીત પુરુષ વગર આવા ચાંદલા કોણ કરી શકે !

અહીંથી ગાડામાં મેઢાદ થઈ, રણછોડભાઈ તથા ગિરધરભાઈને સેવાનો

લાભ આપી, બીજે દિવસે સિગરામમાં બેસી, ઈટોલા જવા નીકળ્યા.

રસ્તામાં વિશ્વામિત્રી નદી આવી. આ નદીમાં હાલ વડોદરા શહેરની ગટર વહે છે. તે જોઈ સ્વામીશ્રી બોલ્યા : 'હે વિશ્વામિત્રી ! તું આવી કેવી થઈ કે તારામાં નવાણું નહિ ? તને શાં પાપ નડ્યાં ?'

સિગરામમાં બેઠાં રસ્તામાં ખેતી તરફ દૃષ્ટિ કરતા જતા હતા. એટલામાં ઈટોલા આવ્યું. સિગરામમાંથી ઊતરતાં સ્વામીશ્રી કહે : 'બહુ તપ થયું.'

રસ્તો ઘણો ખરાબ હતો. સ્વામીશ્રીને ઘણા હડદોલા લાગ્યા હતા. ફરીથી પિચોટી ખસી ગઈ ! પેટ નીચે પેઢુના ભાગમાં ખૂબ દુખાવો થતો હતો. ઈટોલા સ્ટેશનના વિશ્રાંતિ કક્ષમાં સ્વામીશ્રીએ ઠાકોરજીની સંધ્યા આરતી કરી. થાળ ધરાવ્યો. સૌ યુવકો તથા ભક્તોને નાસ્તો કરાવ્યો.

સંતથી એવું ન થાય

રાતના ૮-૩૦ વાગે સ્ટેશનના વેઈટીંગ રૂમમાં સ્વામીશ્રી કહે : 'હવે બે માસમાં આફ્રિકા જવાનું થશે. માટે તમે બધા બે મહિના સમાગમ કરી લો. પછી અહીં ભજન-ભક્તિ કરવાં. અમે દિવાળી સોરા આવી જઈશું.'

શિવલાલે પૂછ્યું : 'પેલા સાધુ[૧૫] પાછા આવશે ?'

'હા, એ આવી જશે પણ વડતાલ જશે. આપણને મોઢું પણ નહિ બતાવે.' સ્વામીશ્રીએ કહ્યું.

પછી મેં કહ્યું : 'તો વડતાલમાં બધા ભેગા થશે ને ઉપાધિ કરશે.'

સ્વામીશ્રી તરત જ બોલી ઊઠ્યા : 'ભલે આખું જગત આપણી વિરુદ્ધમાં હોય, પણ આપણું સાચું, તે વાળ પણ વાંકો થવાનો નથી. જેમ વિરોધ કરશે, તેમ આપણુ વધશે.'

મધુ કહે : *'જો મેરે સંત કો રતિ એક દૂવે, તેહી જડ ડારુ મેં ખોઈ...'*

સ્વામીશ્રી કહેવા લાગ્યા : 'આપણે સંતથી એવો સંકલ્પ થાય જ નહિ. મહારાજે ૨૦૧મા શ્લોકમાં ના પાડી છે. એનું સારું ઇચ્છવું. મહારાજ ધારે એ કરે, પણ સંતથી એવું ન થાય.'

આ શબ્દો સાંભળી સૌ યુવકોને પ્રેરણા મળી કે અપકારી ઉપર પણ ઉપકાર કરવાવાળા આ અજાતશત્રુ સંત છે.

---

૧૫. એક સંતને સ્વામીશ્રીએ અગાઉ આફ્રિકા મોકલ્યા હતા અને તેમણે ત્યાં જઈ સ્વામીશ્રી વિરુદ્ધ કાર્ય કર્યું હતું.

ટ્રેનમાં વિશ્વામિત્રી સ્ટેશને ઊતરી, અટલાદરા પહોંચ્યા. મુંબઈથી ફડિયા મામા સ્વામીશ્રીનો લાભ લેવા આવ્યા હતા. તેમજ વડોદરા જિલ્લા કલેક્ટર પ્રદ્યુમ્નસિંહજી પણ દર્શને આવેલા.

આ પ્રવાસમાં સ્વામીશ્રીએ ગામોગામ યુવક મંડળોની સ્થાપના કરી. દરેક ગામમાં સંધ્યા આરતી પછી સ્વામીશ્રી બાળકો-યુવકોને પ્રેમથી બોલાવી બેસાડતા. ધૂન-પ્રાર્થના બોલાવતા. સાથે ફરતા યુવકો પાસે ચોસઠ પદી મોઢે બોલાવતા અને કીર્તન-ભજનની રમઝટ બોલાવતા.

સો ખાસડાંના સો ગુણ

તા. ૧૩-૩-'૫૯, સવારે ૫-૩૦ વાગે સ્વામીશ્રી કહે : 'સેવા જેવું કોઈ સાધન નથી. દરેક સાધુની સેવા કરવી. નિર્દોષભાવ રાખવો. ટોકણી ખમવી. સો ખાસડાં ખમીએ, તો સો ગુણ આવે. મોટાના શબ્દો ખોટા નથી. ભગવાનના ભક્તની સાજે-માંદે સેવા કરીએ, તો આપણામાં ગુણ આવે. મહારાજના ૫૦૦ પરમહંસો હતા તે કેવી સેવા કરેલી ?! આપણે તે માંહેલા હશું, તે પાછા આવ્યા છીએ.'

આજે સ્વામીશ્રી ચાણસદ પધાર્યા હતા. ગામડાંઓમાં સ્વામીશ્રી જ્યાં જ્યાં પધારતા, ત્યાં ત્યાં વાતાવરણ દિવ્ય બની જતું. સત્સંગમાં નવજીવન પુરાતું. જાગૃતિ આવી જતી.

અહીં બે દિવસ રોકાયા. મોતીભાઈ, મૂળજીભાઈ વગેરે ભક્તોએ સારી સેવા કરી.

અહીં સ્વામીશ્રી યુવકોને સંબોધતાં કહે : 'અહીં એક વર્ષ લાગટ રહેલો. હું ગુરુ, હું શિષ્ય, હું રસોઈ કરું, હું વાળું, બધું હું કરતો. સોળથી સત્તર વર્ષની ઉંમર. બીજા બધા (સાધુ) ઘરડા. હું જુવાન. પાવર બહુ, જોસ બહુ. કીર્તન બોલું તો નળિયાં ગાજે. રણછોડ ભક્ત કહે : 'જો જો નળિયાં ન ઊડે !' વાતું કરું તો અડધા મેલમાં (માઈલમાં) સંભળાય. લાઉડ સ્પીકર તૂટી જાય ! સવારે ઊઠી વણઝારિયે કૂવે નાહી આવતા. ચારથી સાડા પાંચ *'ધીર ધુરંધરા'*નાં પદ બોલીએ. અખંડ કથાવાર્તા થતી. કોઈની ઉપાધિ નહિ. આખો દિવસ વાતું, વચનામૃત, ચોસઠ પદી શીખીએ. કીર્તન ગાતાં થાકતા નહિ. અને ઉપવાસ કરીને દસ માઈલ મણનો ભાર લઈને ચાલતા.'

કેવું આત્મબળ !

સ્વામીશ્રીએ અહીં ગુરુસ્મૃતિ પણ કરી લીધી : 'શાસ્ત્રીજી મહારાજ અહીં બે વખત દવાનો પ્રયોગ કરવા રહેલા. દૂધ અને શેરડીનો પ્રયોગ કરેલો. સોના જેવું શરીર થયેલું.'

એવામાં મુંબઈના એક હરિભક્ત ત્રિભોવનદાસ સ્વામીશ્રીને કહે : 'યુવકોએ આખે રસ્તે કથાવાર્તા કરી હતી. એક મિનિટ પણ ગુમાવી નથી. ખરા ભાગ્યશાળી !'

સ્વામીશ્રી કહે : 'સત્સંગનું સુખ તો અહીં જ છે. બીજે બધે કૂચા.'

'આપની લીલા અપરંપાર છે.' ત્રિભોવનદાસ બોલ્યા.

સ્વામીશ્રી કહે : 'હા, લીલા અપાર છે. કળાય નહિ. આ યુવકો તો ગ્રામ્યવાર્તા કરે જ નહિ.'

❀ ❀ ❀



કોલ પૂરો કરવાનો છે

આ દિવસોમાં શાળા-કોલેજોમાં રજા પડતાં મુંબઈથી મહેન્દ્રભાઈ, પુરુષોત્તમભાઈ ચોટલિયા વગેરે યુવકો સ્વામીશ્રી પાસે સમાગમમાં આવી પહોંચ્યા. 'યુવકો આવ્યા છે' એવી સ્વામીશ્રીને ખબર પડે, એટલે ક્ષણના પણ વિલંબ વગર સ્વામીશ્રી તેમને મળતા. યુવકો પણ એટલા જ ઉત્સાહથી દોડતાં આવી પહોંચ્યા હોય. એથી પણ વિશેષ ઉમળકાથી સ્વામીશ્રી તેમને મળે. સ્વામીશ્રી અને યુવકોનું મિલન અવર્ણનીય રહેતું.

બપોરે સ્વામીશ્રી આરામમાં હતા. યુવકોના સમાચાર મળ્યા. ખખડાટ થયો. સ્વામીશ્રી આસનમાંથી ઊભા થઈ ગયા. બપોરે લગભગ પોતે આડે પડખે જ થયા હોય. તેથી સહેજ અવાજમાં જાગી જતા. એમાં પણ યુવકો આવવાના છે એની અગાઉથી જાણ હોય, એટલે પ્રતીક્ષા કરતાં જ સૂતા હોય. આસન ઉપરથી નીચે ઊતરી, સ્વામીશ્રી ભોંય ઉપર જ બેસી જાય. અથવા તો લઘુ કરવાનું નિમિત્ત કાઢી બહાર આવે અને સૌને મળે. બીજા સંતો જે સૂતેલા હોય, તે જાગી ન જાય તેની પણ સ્વામીશ્રી બહુ તકેદારી રાખે. ધીરેથી બોલે. યુવકો પગે લાગે એટલે સ્વામીશ્રી એનું માથું ડાબા હાથે પોતાના ખોળામાં દાબી રાખી, પછી જમણે હાથે જોશથી રાજીપાનો ધબ્બો મારે. 'મારો વા'લીડો આવી ગયો. બહુ રાહ જોવરાવી.' આવા હેતના હિંસોરા છૂટે. વહાલપનો વરસાદ થાય. વારે વારે માથું ખોળામાં દબાવી, થાપો મારે ને રાજીપો વરસાવે. હેતનો ઊભરો આશીર્વાદના થાપાથી પ્રગટ કરે. આજે દરેકને વ્યક્તિગત એ રીતે મળ્યા.

'કેવી રીતે આવ્યા ?' 'જમ્યા કે નહિ ?' વગેરે પ્રશ્નો પહેલાં પૂછે. દૂરથી આવ્યા હોય, જમવાનું બાકી હોય, તો જાતે જમાડવા જાય. આગ્રહ કરી જમાડે. 'નિયમ-ધર્મ પળાય છે કે નહિ ?' 'યુવક મંડળ ચાલે છે કે નહિ ?' વગેરે પ્રશ્નો પણ સહેજે પૂછી લે.

આજે યુવકોને સંબોધીને સ્વામીશ્રી કહે :

'અક્ષરધામમાં જેવા છે તેવા ને તેવા અહીં સમજાય, તો અક્ષરધામનું સુખ આવે. મનુષ્યભાવ આવે તો સુખ વયું જાય. આવા સાધુથી નોખા પડીએ તો નરકમાં પડવા જેવું દુઃખ થવું જોઈએ. નહિ તો જીવ બાંધ્યો છે જ ક્યાં ? જિવાડે તો ભલે, અપમાન કરે તો ભલે, ભીડો આપે તો ભલે, પણ ભગવાન અને સંતથી મોક્ષ મનાઈ જવો જોઈએ. સંસારમાં બાયડી સારું જીવે છે. કજિયા-કંકાસ કરે છે. સુરતમાં સ્વામી નાહવા જતા હતા. ધણીએ બાયડીને મારી તકરાર કરી. પછી નાહીને આવ્યા ત્યાં ઘરમાં ગાણાં ગવાય. સ્વામીએ પૂછવા મોકલ્યા, તો કહે : 'મારો પીટ્યો ગયો છે. તે ખાવા તો આપવું પડે ને ! મારી જીભ હાલી તો તેનો હાથ હાલ્યો.' કેવો દિવ્યભાવ !

'એવો મહિમા સત્પુરુષનો સમજાય, તો માથું કાપે, ધખે, વઢે તોપણ જવાય નહિ. કથાવાર્તાથી જીવને બળ આવે. શ્રદ્ધા રાખવી. તડકો પડે, ટાઢ પડે, ઉપવાસ કરાવે, પણ સમાગમ ન છોડવો.

'અક્ષરધામમાં કૉલ સ્વામીને આપીને આવ્યા છો, તે પૂરો કરવાનો છે... સંસારમાં ચોંટ્યા ન રહેવું. પંચ વિષય ઓછા ભોગવવા. જગતના પ્રવાહમાં ન પડવું. સત્પુરુષનો સમાગમ પછી મળે એવો છે ? હાથ ઘસવા પડે. આપણાં ભાગ્ય બહુ સારાં. અમારી વૃત્તિ તમારામાં જોઈન્ટ (Joint) હતી અને તમારી વૃત્તિ અમારામાં હતી. બે નદીઓ ભેગી થઈ ગઈ.

'શ્રદ્ધા, ખપ અને સમાગમ; ત્રણ વાનાં વધવાનાં. હઠ, માન, ઈર્ષ્યા ઘટવાનાં. એવું મંડવું, છેલ્લો જન્મ કરી નાખવો. ખાધું હશે, માણ્યું હશે, બૈરાં-છોકરાં કર્યાં હશે, તેનું સુખ છે ? નથી. આપણે તે ન ભોગવવું. આહાર, મૈથુન, ભય, નિદ્રા છે જ, પણ સંત-સમાગમ નવીન છે. વહાલો દીકરો આવે ને મળવું પડે.' એમ બોલતાં પાછા યુવકોના હાથ ખેંચે, માથું ખેંચે, આશીર્વાદ આપે... અસાધારણ હેત વરસાવે :

'સ્વામીએ કહ્યું છે તે શબ્દ સંભાર્યા કરવા. ૨૦૦ માંહેલા છીએ. આત્મબળ એવું રાખવું. પંચ વિષયમાં લેવાવું નહિ. મરણિયા થાવું. છેલ્લો જન્મ કરી નાખવો.

'કેસરી બાળને ભય નહીં કોઈનો...'

'ભગવાનનો સંગ મળ્યો છે તે બહુ મોટાં ભાગ્ય છે. આ લાભ એક બ્રહ્માંડ જેટલો ન કહેવાય... અક્ષરધામની પ્રાપ્તિ, છેલ્લો જન્મ. માટે ખૂબ ભણો.

સંસ્કૃતમાં, ઇંગ્લીશમાં, હિંદી-ઉર્દૂમાં વાતો કરવી. આપણે બળ રાખવું. બ્રહ્મ-નિરૂપણ જ હોય. અહીં તો મોક્ષની કૉલેજ ચાલે છે. તમો આવ્યા તે મારે ટાઢો કોઠો થઈ ગયો. વિનુભાઈને લઈને ૫૧ યુવકો થશે. એ પુણ્ય એમને મળશે. પે'લા નંબરમાં ઈ. મહારાજે ૫૦૦ કર્યા. આપણે ૫૧ કરશું. જોબન વડતાલો બધા રજોગુણી, પણ મહારાજે જીવન ફેરવી નાખ્યું. અંતે એકાંતિક ભક્ત પાકશે. ભગવાન ભજી લેવા. અજંપા નગરી જીતીને આવ્યા. તે કોઈથી ન જિતાય ! આપણે અજંપા નગરી એ દખના દરિયા અને બીજાને સખના દરિયા. ભગવાનની દયાથી આ નૈમિષારણ્ય ક્ષેત્રમાં આવી ગયા. ભગવાન ને સંત પાસે આવ્યા છો, અક્ષરધામમાં આવ્યા છો. અખંડ શાંતિ રહેશે. દેહનો અનાદર રાખવો.

'ખાન-પાન જો ના મિલે, તો બી જન આનંદ...'

'તમે ભલે આ કપડાં પહેર્યાં, પણ દેહે કરીને સાધુ થઈ ગયા.

'બાપુ ! એમ થયું, ચાલો યુવકોને મળી આવીએ. વૃત્તિ ખેંચાણી કે યુવકો પાસે જઈ આવીએ. સુખ લઈ આવીએ (એટલે આરામમાંથી આવ્યા).'

'હજારો કાગળ લખાય છે, સેવા આવે છે, તે નિર્ગુણ સ્વામીની ટપાલને લઈને આવે છે. સ્વામીની સેવામાં હું એકલો લખનારો હતો. દસ-પંદર કાગળ લખી, વંચાવી લઉં. સ્વામી સહી ન કરે. શાસ્ત્રીજી મહારાજ ઘણી વાર કહેતા, તેથી પેન, ચોપડી લઈને આપી દઉં. ઘણી વાર પોતે લખતા. તે દિ' અક્ષર બહુ સરસ. હવે તો મારા અક્ષર વિનુભાઈ ઉકેલે.'

પછી અચાનક પૂછ્યું : 'લેટર મારો ઉકલે છે ?' એમ કહી આગળ વાત કરી : 'અક્ષર સુધારવાની વૃત્તિ બહુ રહે છે, પણ સુધરતા નથી. ૪૦ વર્ષ પહેલાં અક્ષર બહુ ફાઇન. મોતીના દાણા જેવા. મોતીના દાણા જેવા નહિ, પણ સાધારણ આવે.'

સ્વામીશ્રીએ પોતાનું જ વિધાન ઝડપથી સુધાર્યું. કદાચ એમ લાગ્યું હશે કે મારા મોઢે જ મારાં વખાણ થઈ ગયાં !

પછી કહે : 'સ્વામીના, નિર્ગુણ સ્વામીના સારા. ઉતાવળ બહુ, તેથી સુધરે નહિ. એવું છે, બાપા. શાંતિ થઈ ! (તમે સૌ આવ્યા એટલે)

'દિવ્યભાવ રાખવો. મનુષ્યભાવ ન પરઠવો. બ્રહ્મકિલ્લોલ કર્યા કરવો. બે ઘડી બેઠા તે સંભાર્યા કરશું...'

આગલા વેકેશનમાં છૂટા પડ્યા હોય પછી ચાર-પાંચ મહિને સ્વામીશ્રીની મુલાકાત થાય. ત્યાં સુધીનો વિરહ, દર્શન-સમાગમ ને મળવાની ભૂખ સ્વામીશ્રી

પહેલી મુલાકાતમાં જ પૂરી કરી દે. એટલું સુખ આપી દે કે બધા ધન્ય ધન્ય થઈ જાય. પછી યુવકો વિચરણમાં જોડાઈ જાય ને વિવિધ સેવામાં વળગી જાય.

તા. ૧૫-૩-'૫૯, રવિવારે સાંજે ચાણસદથી નીકળતી વખતે, જે થાંભલે અઢેલીને ભગતજી બેસતા તેને ભેટવાની યુવકોને આજ્ઞા કરી. સ્વામીશ્રી કહે : 'બહુ બળ આવશે.' એવો મહિમા સમજાવી, ગાડામાં કીર્તન-ભજન કરતાં વરણામા પધાર્યા.

અહીં ચાર દિવસ રહેવાનું થયું. વચ્ચે ફત્તેહપુરા પધરામણી કરી આવ્યા. મુંબઈના કાંતિભાઈ, ડૉ. કાંતિભાઈ, અંબાલાલભાઈ મુખી તથા લાલાબાપાએ સેવાનો સારો લાભ લીધો.

આંબાનો રસ ચખાડવો છે

રાત્રે ૧૧-૦૦ વાગે આજુબાજુ વીંટળાઈને બેઠેલા યુવકોને સંબોધતાં સ્વામીશ્રી કહે : 'દોષને આદર ન આપવો, તો દૂર થઈ જાય. મહિમા સમજીએ તો માન જાય. આ જે સેવા મળી છે, તે બહુ મોટાં પુણ્યવાળાને મળે છે. મા-બાપની સેવામાં તો આખું જગત મંડ્યું છે. તે તો ઠીક છે. સત્સંગ કરાવવામાં બહુ પુણ્ય મળે છે. એક જીવને સત્સંગ કરાવવાથી એક બ્રહ્માંડ ઉગાર્યાનું પુણ્ય મળે, તો બાળ મંડળ, યુવક મંડળની પ્રવૃત્તિમાં કેટલું પુણ્ય મળે ? માટે દોષને ન ગણતા, 'હું આત્મા છું, અક્ષર છું' તેમ જાણી, દોષથી નોખા પડવું.'

પછી સ્વામીશ્રી એકદમ જ ખડખડાટ હસવા લાગ્યા. કહે : 'ખાખરાની ખિસકોલીને આંબાના રસનો સ્વાદ ન ખબર પડે.' વળી, હસવા લાગ્યા. પછી કહે : 'તમને બધાને એ આંબાનો રસ ચખાડવો છે.'

આ ક્ષણો અલૌકિક હતી. સ્વામીશ્રીના મુખારવિંદ ઉપર દિવ્યતા ઝળહળી રહી હતી. બ્રહ્મરસ ચખાડવાની ખાતરી આપતાં એમનાં વચનો, સામે બેઠેલા યુવકોને બ્રહ્મવિદ્યાની કૉલેજમાં પ્રવેશવા પ્રતીતિપૂર્વક પ્રેરતાં હતાં.

સ્વામીશ્રી કહે : 'મારે ઘણો ઉમંગ છે, પણ અંગ શિથિલ થઈ ગયાં છે. તમે બધા મારાં અંગો છો. તમારા જેવા ભણેલા-ગણેલા સેવકો ન મળે. માટે બળની જ વાતો કરવી. વિનુ ભગતને જે કૉર્સ આપ્યો છે (મુખપાઠનો) તેટલું હું બે મહિનામાં મોઢે કરી નાખું; પણ શ્રદ્ધા જોઈએ.'

તા. ૧૭-૩-'૫૯, બપોરે કથા પ્રસંગમાં સ્વામીશ્રીએ કહ્યું : 'હેત શું ? સંત વગર રહેવાય નહિ. અમે રસોઈ કરીએ છીએ, વાસણ માંજીએ છીએ,

વાળીએ છીએ, ગાદીએ બેસીએ છીએ; સાત સમેલિયા. આ તો મહાત્મા ! આપણા વડવા કેટલું કરી ગયા ! અત્યારે સોળ આની પણ પળાતું નથી. વઢવાણમાં સ્વામિનારાયણનો ધર્માદો કહે, તો જ આપે. રાધારમણનો ન આપે.

'સુહૃદભાવ શું ? પોતે ભૂખ્યો રહે ને બીજાને જમાડે. કપડાં આપે. સુહૃદ-ભાવવાળો એમ ન વિચારે કે 'હવે એ જ લાગનો છે,' 'ઠીક લાગમાં આવ્યો છે.' આજ્ઞા, ઉપાસના, સુહૃદપણું, પ્રીતિ – એમ ચાર કલમ લખી.

'આ તો કોઈ મંદિરમાં આવે તો કહે : 'જાવ, કોઠારી આપશે.' પણ આપણે પાણીનો પ્યાલો સૌને આપવો. અમે સ્વામી છતાં બાલમુકુંદ સ્વામી સાથે ફરતા. તે સો માણસ સાથે ફરે. સૌને ગોદડું પાથરી દઈએ. ચા-પાણી કરી દઈએ. સ્વામીને તસ્દી ન પડે. હરિભક્તો લહેરથી સમાગમ કરે. અને પાંચ-પચીસ ધર્માદો પણ કરે. સંપ્રદાય સ્થાપ્યો તે ભીડો ખમવો પડે. તે માટે મહારાજ કહે : 'મારે એવું નથી જોઈતું. મંદિર કરવાં છે ને સૌને ભીડો આપવો છે.' જાતે પથરા મહારાજે ઉપાડ્યા. સ્વામીએ જાતે ધર્મશાળા કરી.'

આજે સાંજે પીરસતી વખતે મેં ધોતિયું પહેર્યું નહિ. એક જૂના હરિભક્તે સ્વામીશ્રીને ફરિયાદ કરી કે 'યુવકો ધોતિયું પહેરીને પીરસતા નથી.' તેથી સ્વામીશ્રીએ રાત્રે મેડા ઉપર યુવકોને બોલાવ્યા. મને ઠપકો આપી વર્તમાન-ધર્મ બરાબર પાળવા કહ્યું. ભૂલ બદલ પ્રાયશ્ચિત્તનો એક ઉપવાસ પણ આપ્યો.

સ્વામીશ્રી કહે : 'બરાબર બ્રાહ્મણની રીત પ્રમાણે વર્તવું. 'હમ બી ડીચ' એમ દેખાવ કરવો. આપણો કોઈને અભાવ ન આવવો જોઈએ. શાસ્ત્રીજી મહારાજે ધોળકાવાળા રેવાશંકર ગાંધીવાદી, તેમને વર્તમાન આપીને વર્ણાશ્રમ ધર્મ પાળવા ફરજ પાડેલી.'

એમ કહી ભોળાભાવે સ્વામીશ્રી મને કહેવા લાગ્યા : 'મને ખબર નહિ, હું તો ભોળા જેવો. પણ બીજાએ મને આવીને કહ્યું.'

પછી આગળ કહે : 'બળની વાત કરવી. ૫૧નો સંકલ્પ મોળો ન પડવા દેવો.'

બીજે દિવસે સાંજે વડોદરામાં સ્વામિનારાયણ મંદિર તથા જ્ઞાનમંદિરે દર્શન કરી જેસીંગપુરા પધાર્યા.

અહીં સવારે સ્વામીશ્રી નિત્યકર્મથી પરવારી, એક બાજુ પડેલી ગાદલાંની થપ્પી ઉપર બેસી, ટપાલ વાંચતા હતા. ત્યારે વાતનો પ્રસંગ નીકળતાં સ્વામીશ્રી બોલ્યા : 'સાક્ષાત્કારની સ્થિતિવાળાને દેશકાળ લાગે ખરો. માટે જ્ઞાનની સ્થિતિ અધિક છે. (ગુણાતીતાનંદ) સ્વામી છતાં અક્ષરસ્વરૂપદાસજી કહે : 'સાડા સોળ

વર્ષમાં મેં સ્વામીને રૂંવાડે બ્રહ્માંડ ઊડતું નથી જોયું. જ્યારે ભગતજી મહારાજને તો સ્વામી મળ્યા એટલે સાક્ષાત્ પ્રાપ્તિ થઈ ચૂકી એમ રહેતું.' તે ઉપર ગ.અં. ૫મું વચનામૃત વિચારવા કહ્યું.

ચતુરભાઈ, ગિરધરભાઈ તથા નરસિંહભાઈની સેવા અંગીકાર કરી, સાંજે મોટરમાં સ્વામીશ્રી સોખડા થઈ સયાજીપુરા પધાર્યા. પુરુષોત્તમભાઈ સેવામાં હાજર હતા.

સાંજે ટપાલમાં એક હરિભક્તે પ્રગટનાં કીર્તનો રચીને મોકલેલાં, તે અંગે સૂચન કરતાં સ્વામીશ્રી કહે : 'પહેલાં મહારાજ-સ્વામીનો મહિમા લખી, પછી પ્રગટની વાત લખવી.' આ સૂચનમાં ઈષ્ટદેવ પ્રત્યે સ્વામી-સેવકભાવનું દર્શન હતું.

એક વાર બાળકોને ધૂન બોલાવતાં સ્વામીશ્રી વધુ ને વધુ જોશથી બોલવા પ્રેરતા હતા. જ્યારે બાળકો વધુ ઊંચે અવાજે ધૂનનું ગાન કરવા લાગ્યા, ત્યારે સ્વામીશ્રી કહે : 'હવે ધૂન દેવલોકમાં પહોંચી.' એમ બાળ-માનસને લક્ષમાં રાખી, ગમ્મત કરાવતાં તેમને વધુ ને વધુ ભક્તિમાં પ્રેરતા.

સોખડામાં બપોરે ભંડારમાં જમતા સ્વામીશ્રીએ પોતાની જૂની વાત કરતાં કહ્યું : 'મોટાસ્વામી ! આ ભંડારમાં બહુ રસોઈ કરેલી. રસોઈ કરીને ધૂડ થઈ ગયેલા. નાથાભાઈ, મોતીકાકા વગેરે હરિભક્તો સામે બેસતા. હું વાતો કરતો જાઉં અને રસોઈ કરતો જાઉં.'

અહીં બપોરે યુવકો સ્વામીશ્રીને સ્નાન કરાવતા હતા. અચાનક કહેવા લાગ્યા : 'ભડકો જોવો છે ?' થોડી વાર રહીને કહે : 'તે જોવામાં માલ નથી. સકામ થઈ જવાય. ગુણાતીતાનંદ સ્વામીને એક સાધુ તેજની મૂર્તિ દેખતા. એમ ઘણો વખત રહ્યું. પછી સત્સંગ છોડીને ઘરે જતા રહ્યા.'

મીરસાપુરા, લાલજીપુરા થઈ, રાત્રે ૧૨.૩૦ વાગ્યા સુધી વાસણામાં એકાદશીનું જાગરણ કરી, કથાવાર્તા કરી.

બે વચનામૃત સિદ્ધ કરવાં

તા. ૨૩-૩-'૫૯, સવારે ૫-૨૦ વાગે વાસણામાં સ્વામીશ્રીની આજુબાજુ યુવકો બેઠા હતા. સ્વામીશ્રીએ ધીમે સાદે વાત શરૂ કરી : 'જાગા સ્વામી કહેતા :

'૧. પહેલાં માણસ થવું. સત્ય, અહિંસા અને બ્રહ્મચર્ય પાળે, ત્યારે મનુષ્ય થવાય. પછી એકાંતિક.

'૨. અખંડ સારો ને સારો ક્યારે રહે ? લો. ૧૭મું વચનામૃત. દેહનો

અનાદર, દૃઢ આત્મનિષ્ઠા, પંચ વિષયને વિશે વૈરાગ્ય અને માહાત્મ્ય સહિત ભગવાનની ભક્તિ; એ ચાર વાનાં હોય તો કાયમ સારો ને સારો રહે. દેહનો અનાદર કર્યો જ જોઈશે. કોઈ વઢે, ટોકે, અપમાન કરે, જમતાં ઉઠાડે, ત્યારે શબ્દ આકાશનો ભાગ છે એમ માનવું.

'૩. પંચ વર્તમાને કોઈ વાતે ખોટ્ય ન હોય ને ગમે તેવા વચનના ભીડામાં લઈએ તોપણ દેહપર્યંત કોઈ રીતે મૂંઝાય નહિ, તે પાકો સત્સંગી છે; ગ.પ્ર. ૭૬ વચનામૃત પ્રમાણે. એવા થવાયું છે ? ભીડો વેઠવો. તેમાં આનંદ છે. કપૂરનું વૈતરું ને સોનાની દલાલી એવો સત્સંગ છે.

'૪. જેવા ભગવાન છે તેવા ને તેવા ઓળખાય, તો બીજા ભગવાન ખોળવા ન પડે. જેવી પ્રાપ્તિ થઈ છે તેવી ને તેવી ઓળખાય, તો બીજી પ્રાપ્તિ ખોળવી ન પડે. તેમજ સંબંધનું. જેવો દેહ ને આત્માનો સંબંધ છે, એકતા છે, તેવી સત્પુરુષ સાથે એકતા થવી જોઈએ.

'૫. ચાર ઘાંટી છે, પણ પાંચમી ઘાંટી - ભેળા રહીને મહિમા સમજવો. એ સૌથી મોટામાં મોટી ઘાંટી છે. સત્પુરુષના સમાગમે કરીને બધી ઘાંટી ઓળંગાય.

'૬. સારામાં સારું શું ને ભૂંડામાં ભૂંડું શું ? આ સાધુનો સંબંધ થયો છે, તે સૌથી સારામાં સારું છે. તેમને વિશે મનુષ્યભાવ એ જ ભૂંડામાં ભૂંડું.

'૭. કોઈ મોટા સત્પુરુષની અતિશય સેવા કરે, તો સત્પુરુષની દૃષ્ટિ પડે કે બીચારો વૈરાગ્યરહિત છે. અને કામ-ક્રોધાદિક દોષો તત્કાળ ટળી જાય. સાધને કરીને અનેક જન્મે કરીને દોષો ટળે; અને એક જ જન્મે દોષો ટળે, તે સત્પુરુષની દૃષ્ટિએ કરીને ટળે.

'૮. બે વચનામૃત સિદ્ધ કરવાં જેવાં છે. મધ્યનું ૭ અને છેલ્લાનું ૧૧ - સીતાજીના જેવી સમજણ. વગર વાંકે કાઢી મૂક્યાં છતાં અવગુણ ન લીધો. ભગતજી મહારાજ કહેતા : 'મને વિમુખ કર્યો. દુઃખ દીધું. છતાં મેં સ્વામીને કહેવડાવ્યું નથી.' તેથી ભગતજી મહારાજ સીતાજી કરતાં ચઢી જાય.

'૯. બધાં વચનામૃતો ખબર ન પડે, પણ પોતાનાં અંગનાં વચનામૃત શોધી રાખવાં ને તે સિદ્ધ કરવાં.'

આજે સવારની ગોષ્ઠિમાં સ્વામીશ્રીએ યુવકોને ઘણા મુદ્દાઓ ઉપર એક સાથે વાતો કરી. સવારની કે રાતની ગોષ્ઠિમાં સ્વામીશ્રી લગભગ ઉપરના જ ઘણા મુદ્દાઓ ખાસ ચર્ચતા અને બળ આપતા. પોતાને એટલો ઉત્સાહ કે યુવકોને બધી વાત કરી દઉં. તે એકના એક મુદ્દા વારંવાર સેંકડો વાર કહ્યા હશે,

છતાં કંટાળો નહિ. વાત કરતા પણ થાકે નહિ. એકમાંથી બીજી વાત, ત્રીજી વાત, એમ એક પછી એક મુદ્દાઓ લેતા જાય.

યુવકોને સંપ, સુહૃદભાવ અને એકતા રાખવા, ભગવાન અને સંતમાં અખંડ નિર્દોષબુદ્ધિ અને દિવ્યભાવ રાખવાં, કોઈનો પણ અવગુણ નહિ લેવા કે પછી નિર્માનીપણે ભક્તિપૂર્વક સેવા કરવી... આવા મુદ્દાઓ ઉપર બહુ ભાર મૂકતા.

ગોષ્ઠિમાં ગ.પ્ર. ૬૭મું વચનામૃત સ્વામીશ્રી મોઢે બોલ્યા હતા. અને સમજાવતાં કહ્યું હતું કે 'સત્પુરુષના ગુણ સૌને લેવા છે, પણ અનુતાપ નથી કરતા. અનુતાપ કરવો જોઈએ અને પોતાની ભૂલ ઓળખવી જોઈએ. વિવેક જ્યાંથી નીકળ્યો કહેતાં સત્પુરુષમાંથી, તેને કહે છે - વિવેક નથી. સત્પુરુષ જે કરે એમાં ગુણાતીતભાવ. એમ સમ્યક્ પ્રકારે નિર્દોષબુદ્ધિ સંતમાં રાખે, તો ગુણ આવે.'

અહીંથી વડોદરા આવી શહેરમાં પધરામણીઓ કરી, સ્ટેશને પહોંચ્યા ત્યારે ગાડી ઊપડવાનો સમય થઈ ગયો હતો. તેથી સ્વામીશ્રી સહિત સૌએ દોડીને ગાડી પકડી હતી. દરેક સ્ટેશને દર્શનાર્થી હરિભક્તોની ભીડ બહુ જામતી. તેથી ડબ્બાને દરવાજે આવી સ્વામીશ્રી દર્શન દેતા. મોડી રાત્રે ધંધુકા તથા ધોળકા સ્ટેશનોએ પણ ભક્તો દર્શને ઊમટ્યા હતા.

ફાગણ સુદ ૧૫, મંગળવારે સવારે ૩-૧૫ વાગે બોટાદ થઈ સારંગપુર પધાર્યા. સમૈયો અને ગ્રહણ હોવાથી હજારો ભક્તો આવ્યા હતા. કથાવાર્તા અખંડ ચાલુ હતી. સંધ્યા આરતી પછી ભજન-ભક્તિમાં ૧૧-૩૦ વાગ્યા બાદ સ્વામીશ્રીએ સૌને એક કલાકની વિશ્રાંતિ આપી. તે દરમ્યાન પોતે કોઠારી હરિકૃષ્ણ સ્વામીના આસને પધાર્યા અને શાસ્ત્રીજી મહારાજ સાથેના તેમના અનુભવ-પ્રસંગો સાંભળ્યા. સનાતન સ્વામી કહે : 'અત્યારની (પ્રગટના મહિમાની) વાત કરો.' ત્યારે સ્વામીએ કહ્યું : 'જે ચાલે છે તે ચાલવા દો.' એમ કહી પોતાની ગુંરુમહિમા-શ્રવણની તાલાવેલી જણાવી.

ગ્રહણનો સમય થતાં સ્વામીશ્રી સભામાં પધાર્યા. સૌ હરિભક્તો પણ આવી પહોંચ્યા. બોટાદના શાંતિલાલ માસ્તરના દીકરાઓ પ્રવીણભાઈ તથા અંબાશંકરે બે કલાક સુધી સતત ધૂન-કીર્તનની રમઝટ બોલાવી. અર્ધ રાત્રિએ પણ ધૂન-કીર્તનની હેલીમાં સ્વામીશ્રી મગ્ન થઈ ડોલતા હતા અને સાથે સૌને પણ ભક્તિના પૂરમાં હિલોળતા હતા. છેલ્લે સ્વામીશ્રીએ રાત્રિના એ છેલ્લા પહોરમાં બ્રહ્મભાવમાં આવી જઈ, સ્વરૂપનિષ્ઠાની અદ્ભુત વાતો કરી, ગુણાતીત સંતની ઓળખાણ કરાવી. સૌને મહિમા અને પ્રાપ્તિની મસ્તીમાં મૂકી દીધા.

રાત્રે ૨-૩૦ વાગે સ્નાન-પૂજા કરી, મંગળાનાં દર્શન કરી, થોડો આરામ કર્યો. સવારે દેરીએ દર્શન કરી સૌને સ્મૃતિરૂપે ધાણી-ખજૂરનો પ્રસાદ વહેંચ્યો. હનુમાનજીના મંદિરે દર્શન કરી પાછા મંદિરે પધાર્યા. હરિભક્તોએ સ્વામીશ્રીનું પૂજન કર્યું. આરતી પછી ફરીથી સૌને આજના ઉત્સવના આશીર્વાદ આપી ફગવા વહેંચ્યા.

ચંપકભાઈ શેઠ વગેરે સો જેટલા નાના-મોટા હરિભક્તો સાથે સ્વામીશ્રી તાજપુર પધાર્યા. શાસ્ત્રીજી મહારાજના 'ગોકુળિયા ગામ'નાં સૌને દર્શન કરાવી, બીજે દિવસે ગઢડા આવ્યા.

અહીં એક ભક્ત શ્રીહરિનું જીવન ચરિત્ર લખી લાવ્યા હતા. સાથે વન-વિચરણનો નકશો હતો. તે સ્વામીશ્રીએ બહુ જિજ્ઞાસાથી જોયો. બધાં ગામોનાં નામો સાંભળ્યાં અને મનોમન મહારાજની આ લીલાથી આશ્ચર્ય પામતા, નકશાને માથે ચઢાવ્યો. બે દિવસ જૂના મંદિરે તથા લક્ષ્મીવાડીએ નિયમિત દર્શને પધાર્યા. સ્થાનિક મંડળને નિયમિત સત્સંગ કરવા આજ્ઞા કરી.

જો હું ધારું તો...

તા. ૨૭-૩-'૫૯, સંધ્યા સમયે સ્વામીશ્રી પાસે વાત નીકળતા મેં સહજભાવે આશીર્વાદ માગ્યા કે 'આપના સ્વરૂપમાં અખંડ નિર્દોષબુદ્ધિ રહે.'

થોડી વાર પછી સ્વામીશ્રી મને એકાંતમાં, જૂની ઑફિસના મોટા ઓરડામાં લઈ ગયા. પોતે બાંકડાને ખૂણે બેઠા. હું નીચે બેઠો હતો. મારું કાંડું પકડતાં મૃદુતાથી કહે : 'અમારી એવી કઈ ક્રિયા છે, જેમાં તમને મનુષ્યભાવ આવે છે ?'

સ્વામીશ્રી દિવ્યભાવમાં આવી ગયા હતા. મને થયું : હમણાં કંઈક અલૌકિક દર્શન કરાવશે.

ભાવમાં આવી સ્વામીશ્રી બોલવા લાગ્યા :

'જો હું ધારું તો નીચે સૂઈ જાઉં; મારું શરીર દુઃખે નહિ. ઠંડે પાણીએ નહાઉં. જમું જ નહિ. હાથ-પગ ન દબાવરાવું, તોપણ કાંઈ ન થાય. અત્યારે તમે અમને ચાર ગાદલાં પર સૂતાં જુઓ છો અને બધા પાસે પગ દબાવીએ છીએ એ જુઓ છો. એમ દેહના ભાવ જણાવીએ પણ તે માનવા નહિ. તો પછી તમને સેવા ક્યાંથી મળે ?

'ગ.મ. ૭ અને ગ.મ. ૫૯ વચનામૃત પ્રમાણે સેવાથી જ વૃદ્ધિ પમાય. એટલે તમને હાથ-પગ દબાવવાની, નવડાવવાની, રસોઈ કરવાની સેવા આપીએ

છીએ. નહિ તો તમે બેસી રહો તો વૃદ્ધિ પામો નહિ.

'તમે કહો તો હું તમારી પાસે કોઈ સેવા કરાવું નહિ. દિવ્યભાવમાં વર્તું. પણ સેવા વિના વૃદ્ધિ પમાતું નથી. તમારે શું ભડકો જોવો છે ? તો સ્વામીને કહું : 'બધા યુવકોને ભડકો દેખાડો,' તો દેખાડે. પણ સકામ થઈ જવાય. માટે જ્ઞાનની સ્થિતિ ઇચ્છવી.

'તમને સાક્ષાત્ પ્રાપ્તિ થઈ ગઈ છે; પછી શું જોવાનું, દેખવાનું, અનુભવવાનું રહે છે ? કાંઈ જ નહિ. માટે સત્પુરુષને વિશે મનુષ્યભાવ ટાળીને અખંડ દિવ્યભાવનો વિચાર લાવવો. ભગવાનના ભક્તોમાં પણ દિવ્યભાવ રાખવો.

'ગ.પ્ર. ૫૧માં કહ્યું છે કે ઇન્દ્રિયો, અંતઃકરણ પુરુષોત્તમરૂપ થઈ જાય પછી તે દ્વારે અનેકને એવું થાય. ગ.પ્ર. ૫૧, ૫૩ તથા ગ.પ્ર. ૭૨ - એ વચનામૃતો વાંચવાં.

'મરતી મરતી કાન હલાવે...' 'આવી ફસ્યા...' 'સ્વામીએ પરાણે પાડ્યા' એવો ભાવ ન આવવા દેવો. દિવ્યભાવની વાતો કરવી. મોળી વાત ન કરવી. આપણે ૫૧ યુવકો તૈયાર કરવાના છે. તે સંકલ્પ માટે દરેકને વાતો કરવી. દોષો બધા ટળી જશે. મહિમા સમજીએ તો માન જાય. અંદર અંદર સેવા કરીએ, તો મોટો દોષ કામનો છે તે જાય. નિષ્કામી થવાનું છે. સ્ત્રીનો સંકલ્પ થવા દેવો નહિ. સંકલ્પ કાપી જ નાખવો. આપણે માટે સ્ત્રી જન્મી જ નથી. મરી ગઈ છે.

'તમે નિષ્કપટ થાઓ છો એટલે અંતરાય તૂટી જ ગયો છે. 'સાક્ષાત્ પુરુષ મળ્યા છે' – એવો અખંડ ભાવ રહે તેવા આશીર્વાદ છે. બીજાને પણ એ પ્રમાણે વાતો કરવી.' આમ, પરભાવની ઘણી વાતો કરી.

અહીંથી પ્રમુખસ્વામી સાથે દરેડ બાપુની મોટરમાં ગોંડલ જવા નીકળ્યા.

રસ્તામાં કથાવાર્તા કરતાં જતા હતા. સ્વામીશ્રી કહે : 'શાસ્ત્રીજી મહારાજના વખતમાં બધાને ઉત્સાહ બહુ. સ્વામી આજ્ઞા કરે અને ક્યારે પાળીએ, એવું મન થયા કરે.'

બપોરે ૨-૦૦ વાગે ભંડારની વ્યવસ્થા જોઈ. ભંડારી સંતને અનાજ, ઘી, ગોળ કેમ સારી રીતે સાચવવાં, તેની સૂચના આપી.

...તો મહારાજ સેવા જમે કરે

સવારે અક્ષર દેરીમાં વાત કરી : 'બ્રહ્મરૂપ થઈને પરબ્રહ્મની ઉપાસના થાય, 'આ જ મારા મોક્ષના દાતા છે' એમ મનાય, તો સંકલ્પરહિત થવાય.

અને એમ થતાં ગ્રંથિઓ તૂટી જાય. અખંડ ભગવાનની મૂર્તિમાં રહેવાય. સેવા તમે કરો છો, પણ જ્ઞાન શીખ્યા વિના સેવા કરી હોય તે જમે થાય નહીં. તે જ્ઞાન શું ? કે આપણને મહારાજના સંબંધવાળા સત્પુરુષ મળ્યા છે અને તેમના સંબંધવાળા આ બધા હરિભક્તો છે; એમ માનીને સેવા કરીએ, તો મહારાજ જમે કરે છે. વળી, એમ સમજીને દેહ અને આત્મા જુદા માનવા. એમ માનવું તે જ્ઞાન અમલમા મૂક્યા બરોબર છે.'

આધુનિક વહેલની યાદગાર યાત્રા

તા. ૩૦-૩-'૫૯, આજે ગોંડલથી નીકળી, બોટાદ પાસે ઊંચડી જમીને, અડવાળ પહોંચવાનું હતું. તેથી સવારે ૭-૦૦ વાગે અમારે નીકળવાનું નક્કી થયું. પણ દેવચડીના હરિભક્ત કડવાબાપા ધામમાં ગયેલા, તેમની પાછળ ગોંડલ મંદિરમાં રસોઈ હતી. તેથી દેવચડીના હરિભક્તોએ ખૂબ આગ્રહ કરીને સ્વામીશ્રીને રસોઈ જમવા રોક્યા. ગાડીએ જનાર બીજા સૌ હરિભક્તોને જમાડીને તથા પોતે પણ થોડો ઘણો પ્રસાદ લઈને, સ્વામીશ્રી માંડ માંડ તૈયાર થઈ શક્યા અને ૯-૩૦ વાગે અમે ગોંડલથી નીકળ્યા.

દરેડ બાપુની મોટર હતી. શાસ્ત્રીજી મહારાજ પણ એ મોટરમાં બેઠેલા એવી પ્રસાદીની મોટર. અમે ગોંડલથી આટકોટને રસ્તે નીકળ્યા. રસ્તામાં મહીપતસિંહ બાપુ કહે : 'આપણે ઢસા થઈને જઈએ. આપણને સડક સારી મળશે.'

'ના, આપણે આટકોટ, જસદણ અને વીંછીયા થઈને જવું છે.' સ્વામીશ્રીએ પહેલી જ વાર કદાચ પોતાનો મત આ પ્રમાણે કહ્યો હશે.

'મેં રસ્તો નથી જોયો.' બાપુએ કહ્યું.

'હું બતાવીશ.' સ્વામીશ્રીએ દૃઢતાપૂર્વક કહ્યું. અને અમારી મુસાફરી આગળ શરૂ થઈ.

આટકોટથી ઢસાનો રસ્તો છોડી અમે જસદણને રસ્તે ચાલ્યા. ગોંડલથી સંતોએ ઠાકોરજીને ધરાવેલી શેરડી બાંધી આપેલી, તે સ્વામીશ્રીએ બાપુને આપી. બાપુ મોટર હાંકતા હતા, પણ સ્વામીશ્રીએ તેમને શેરડી જમાડીને ખૂબ હેત કર્યું.

એટલી વારમાં જસદણ આવી ગયું. જસદણ ગામની બહાર જ્યાં અમે નીકળ્યા ત્યાં નદી કાંઠે પેટ્રોલ સ્ટેશન પાસે જ મોટરના ટાયરમાં પંક્ચર પડ્યું. લગભગ ૧૧-૩૦ વાગ્યા હશે. ટાયર વીલ સાથે ચોંટી ગયેલું, તે નીકળે જ નહિ. ખૂબ મહેનત કરી. તેના ઉપર ઊભા રહી બધા કૂદકા મારવા લાગ્યા, તોય

છૂટું પડે નહિ. એક વાર તો સ્વામીશ્રીએ પણ પોતાના એક પગથી ટાયરને ઠપકાર્યું હતું. લગભગ ૧૨-૩૦ વાગે પંક્ચર સમું થયું.

તે દરમ્યાન સ્વામીશ્રી તો બાજુના લીંબડા નીચે બિસ્ત્રા ઉપર જ બેઠા. જોડિયા સંત તથા હું તેમના પગ દાબતાં બાજુમાં બેઠા. દરમ્યાન સ્વામીશ્રીએ પેટ્રોલ સ્ટેશનના માલિક સાથે ઓળખાણ કાઢી, તેમને ખૂબ આશીર્વાદ આપ્યા.

પંક્ચર સમું થયું એટલે અમારી મુસાફરી આગળ શરૂ થઈ. લઘુ કરીને મોટરમાં બેસતાં સ્વામીશ્રીએ બાપુને પૂછ્યું : 'મોટરને શું થયું ?'

'ટાયરમાંથી હવા નીકળી ગઈ હતી.'

'આપણી હવા નીકળશે ત્યારે આપણે પણ બેસી જવું પડશે !' ખૂબ સહજતાથી ઉચ્ચારાયેલા સ્વામીશ્રીના આ શબ્દો સાંભળી સૌ ખડખડાટ હસી પડ્યા.

કથા-કીર્તન સાથે એકાદ કલાક અમારી મુસાફરી ચાલી ત્યાં જસદણથી બોટાદ જતાં રસ્તામાં અમરાપુર ગામથી થોડે દૂર બીજા ટાયરને પંક્ચર પડ્યું. અહીં વેરાન જેવું હતું. બીજા એક-બે જણની મદદથી બાપુ ટાયર બદલાવી રહ્યા હતા. સ્વામીશ્રી મોટરની બહાર નીકળી આગળ રસ્તા ઉપર આવ્યા. અહીં રસ્તાની બે બાજુ ઝાડ હતાં. તેમાં ૧૪૮૮ નંબર(સરકારી નંબર)ના એક પીપરના ઝાડ નીચે સ્વામીશ્રી આવ્યા, એટલે ત્યાં બિસ્ત્રો મૂક્યો અને સ્વામીશ્રી ત્યાં બિરાજ્યા. અમે સૌ બાજુમાં બેઠા હતા. સ્વામીશ્રીએ ચણા મંગાવ્યા અને ધીરે ધીરે પોતે જમતા હતા. અમને સૌને પણ પ્રસાદી આપી.

બપોરે લગભગ ૨-૦૦ વાગ્યા હશે. માથે સખત તડકો તપતો હતો. હજુ તો ઊંચડી પહોંચવાનું હતું. અને ત્યાં જઈને જમવાનું હતું. પણ એ બધા સંકલ્પો તો આપણને સતાવ્યા કરે; જ્યારે સ્વામીશ્રી તો નિશ્ચલ મને, પ્રસન્ન ચિત્તે બેઠા હતા. મોઢામાં ચણા ચગળતા હતા.

તેવામાં સ્વામીશ્રી કહે : 'કંઈ પ્રશ્ન પૂછવો છે ?'

મેં નિશ્ચય સંબંધી પ્રશ્ન પૂછ્યો. એટલે સ્વામીશ્રી કહે : 'જોવાનું, દેખવાનું, સાંભળવાનું, આ બધું સંતને વિશે જ છે. આંબાનાં પાન ખરી જાય પણ આંબાનો નિશ્ચય જતો નથી; તેમ સત્પુરુષનો નિશ્ચય જવો ન જોઈએ.' એમ નિશ્ચય સંબંધી સચોટ વાર્તા કરી અને કહે : 'આ ઝાડે બહુ તપ કર્યું હશે તેથી બેસવાનું થયું, સંસ્કાર લાગ્યા.'

એટલી વારમાં બાપુએ એક-બે વટેમાર્ગુની મદદથી નવું ટાયર ચડાવી દીધું. મોટર પાછી હોંકારા કરતી તૈયાર થઈ ગઈ અને અમે આગળ ચાલ્યા.

લગભગ ૩-૩૦ વાગે બોટાદ આવી પહોંચ્યા.

સ્વામીશ્રીને આ બધી તકલીફ વેઠવી પડી, એટલે દુઃખ વ્યક્ત કરતાં બાપુ કહે : 'અમે તો રીઢા થઈ ગયા, પણ આપને બહુ દુઃખ પડ્યું.'

'એમાં શું ? સાધુ પણ પાકા થયા.' એમ કહી સ્વામીશ્રીએ તેમને બાજુમાં બેઠાં બેઠાં જ થાબડ્યા અને તેમનો ક્ષોભ હળવો કર્યો. સ્વામીશ્રી બાપુની બાજુમાં જ બેઠા હતા.

બોટાદ ગામમાં દાખલ થતાં જ છગનભાઈના કારખાના આગળ મોટર ઊભી રાખી. શાસ્ત્રીજી મહારાજના સંબંધવાળા જૂના હરિભક્ત છગનભાઈ તો સ્વામીશ્રીની મોટર જોઈને જ ગાંડા ગાંડા થઈ ગયા. આખું કુટુંબ રાજીના રેડ થઈ ગયું. બધા આમથી તેમ દોડવા લાગ્યા.

એમાં બન્યું હતું એવું કે ઘરમાં નાનકડો દીકરો ભઠ્ઠીમાં પડી જતાં સખત દાઝી ગયો હતો. બધા ખૂબ ગમગીન થઈ છોકરાની ચાકરી કરતા હતા. સૌ સ્વામીશ્રીને પ્રાર્થના કરતા હતા. ત્યાં સાક્ષાત્ સ્વામીશ્રી પધાર્યા. પછી કોનું હૈયું હાથ રહે ? સૌનું દુઃખ હળવું થયું. 'બાપા આશીર્વાદ આપશે એટલે છોકરાને જલદી સારું થઈ જશે.' હર્ષ-આનંદમાં સૌએ સ્વામીશ્રીને પ્રાર્થના કરી, પધરામણી કરાવી, પૂજા-આરતી કર્યા ને હર્ષનાં આંસુએ સ્વામીશ્રીને વધાવ્યા.

સ્વામીશ્રીએ ધૂન કરી. આશીર્વાદ આપ્યા. સૌને સાંત્વન આપ્યું.

મોટર આગળ ચાલે એમ ન હતી. તેથી અહીંથી ટેક્સી ભાડે કરી નીકળ્યા, તે લગભગ ૫-૦૦ વાગે ઊંચડી પહોંચ્યા.

અહીં તો બધા ચાતકની જેમ લગભગ સવારના ૧૧-૦૦ વાગ્યાથી રાહ જોઈ રહ્યા હતા. રસોઈ પણ એકદમ ઠરી ગઈ હતી. દરબારમાં બાસાહેબના આદેશ મુજબ મોટા કુમાર અનિરુદ્ધસિંહ તથા નાના કુમારો ખડે પગે સેવામાં હતા. થાળ ધરાવી સ્વામીશ્રી અને સૌ જમ્યા. કુમારોએ સ્વામીશ્રીનું પૂજન કર્યું, રૂડા આશીર્વાદ મેળવ્યા. બાસાહેબના બધા મનોરથો અંતર્યામીપણે સ્વામીશ્રીએ પૂરા કર્યા અને આ સત્સંગી કુટુંબને સ્વામીશ્રીએ ધન્ય ધન્ય કરી દીધું.

અહીંથી પરવારીને નીકળ્યા. ત્યાં રસ્તામાં એક જગ્યાએ મોટર ખૂંચી. તે માંડ કાઢીને આગળ ચાલ્યા. રાત્રે લગભગ ૯-૦૦ વાગે અડવાળ પહોંચ્યા. સામૈયું થયું. સ્વામીશ્રીને આખા દિવસના થાક્યા-પાક્યા જાણીને હરિભક્તોએ તેમને આરામ લેવા વિનંતી કરી, પણ સ્વામીશ્રી તો બધા દરબારોને રાજી-ખુશીથી મળ્યા ને રાત્રે ૧૧-૦૦ સુધી સૌને કથાનો લાભ આપી, ૧૧-૩૦

વાગે આરામમા પધાર્યા.

✧

અગરસંગ બાપુ તથા પ્રતાપસિંગ બાપુની ઇચ્છાથી અને તેમનાં બહેનના સંકલ્પથી અત્રે સાત દિવસનું 'ભક્તચિંતામણિ'નું પારાયણ ટેમુભાના ફળિયામાં યોજાયું હતું. તેમનો ઘણા વખતનો સંકલ્પ આજે સિદ્ધ થવા પામ્યો હતો. આજુબાજુનાં ગામોમાંથી હરિભક્તો લાભ લેવા આવ્યા હતા. પ્રમુખસ્વામીએ પોતાની તબિયત નરમ હોવા છતાં મધુર કંઠે સાત દિવસ સુધી પારાયણ વાંચી, સૌને શાંતિ પમાડી દીધી. ફાગણ વદ નોમની રાત્રે સંતસ્વામીએ 'શિક્ષાપત્રી'નું પારાયણ કર્યું હતું.

અહીં શ્રીહરિ પધારેલા તે પ્રસાદીના સ્થાનમાં વૃક્ષ નીચે સ્વામીશ્રીની પ્રેરણાથી હરિભક્તોએ જે ઓટો કર્યો હતો, ત્યાં એકાદશીને દિવસે સવારે સૌ સંતો-હરિભક્તો સાથે સ્વામીશ્રી પધાર્યા. કથાવાર્તા પછી અહીંના હરિભક્ત માસ્તર કેશુભા બાપુએ સ્વામીશ્રીને અરજ કરી કે 'જેમ સારંગપુરમાં શ્રીહરિએ વર આપ્યો છે, તેમ આ ગામ ઉપર આપને વધારે હેત છે, તો ગામના સીમાડામાં જે મરે તેની સદ્‌ગતિ થાય.'

સ્વામીશ્રી કહે : 'તથાસ્તુ.' આથી સૌ ખૂબ જ આનંદ પામ્યા.

પૂર્ણાહુતિનો દિવસ નજીક આવવા લાગ્યો. પારાયણમાં સૌને ખૂબ જ આનંદ આવતો હતો. અહીં સ્વામીશ્રી રોજ *'મન માન કહ્યું તું મારું...'* તથા *'આજ હરિનું ભજન કરી લ્યો...'* એ કીર્તનો લહેકાથી બોલાવતા. વળી સંત-સ્વામી, કાનજીભાઈ, મોહનભાઈ પણ સૌને કથાવાર્તાનો લાભ આપતા.

એક વખત કથાવાર્તાનો લાભ લેવા વઢવાણથી કલેક્ટર ગોવિંદસિંહજી પણ આવ્યા હતા. ફાગણ વદ ચૌદશને દિવસે ધામધૂમથી પારાયણની પૂર્ણાહુતિ થઈ. આજે એક ભગતને સમાધિ થઈ હતી, અને મહારાજ થાળ જમી ગયા હતા. જામભા, ટેમુભા, ગોવિંદસિંહ, ઘનશ્યામસિંહ, રણજિતસિંહ કિરીટસિંહ, મંગળસિંહ વગેરે યુવકોએ સંત-હરિભક્તોની સારી સેવા કરી. ભાલના સખત તાપમાં પણ સૌને માટલાનાં ઠંડાં પાણી પાઈને સૌના કોઠા ટાઢા રાખ્યા હતા.

જગતની ગંધ કાઢી નાખવી છે

રજાઓ પડી ગઈ હતી. તેથી ગામોગામથી યુવકો સમાગમમાં આવી પહોંચ્યા હતા. કંપાલાવાળા મહેન્દ્રભાઈ તો ચાણસદથી જ આ વિચરણમાં

જોડાઈ ગયા હતા.

એવામાં નારણભાઈ પટણી પણ અડવાળ આવે છે – એવા સમાચાર આવ્યા. એટલે સ્વામીશ્રીએ મહેન્દ્રભાઈની સાથે એક યુવકને રાયકા સ્ટેશને તેમને લેવા સામે મોકલ્યા. ત્રણેય યુવકો ઉનાળાની ભરબપોરે રાયકા સ્ટેશનથી અડવાળ તરફ ચાલીને આવી રહ્યા હતા.

એવામાં નારણભાઈનું એક ચંપલ તૂટી ગયું. એટલે ઉઘાડે પગે તેમને ચાલવું પડ્યું. અડવાળ પહોંચતા સુધીમાં તો સખત તાપને લીધે તેમના પગમાં ફોલ્લા પડી ગયા.

સ્વામીશ્રીએ જ્યારે આ જાણ્યું, ત્યારે તેમને ઘણું દુઃખ થયું. જાણે પોતાને લીધે દુઃખ થયું હોય એવા પોતે વ્યથિત થઈ ગયા. ઊભા થઈને નારણભાઈને મળ્યા અને કહે : '*દોહ્યલા મળવા દાસ, ભલા ભક્ત ભગવાનના...* જીવનપ્રાણ આવી ગયા !' પછી હેતથી શરીરે હાથ ફેરવતાં કહે : 'શરીર કેમ સૂકાઈ ગયું ?' એમ કહી ફરીથી ભેટ્યા અને બોલ્યા : 'જગતની ગંધ કાઢી નાખવી છે. ચિંતા કરશો નહીં.'

આવા નાના પ્રસંગોમાં પણ યુવકો પ્રત્યેની એમની લાગણી છાની રહી શકતી નહિ.

અહીં એક વહેલી સવારે સ્વામીશ્રી દાતણ કરી રહ્યા હતા. બાજુમાં ચૂલા ઉપર ગરમ પાણી મૂકેલું, પણ ચૂલો સળગે નહિ. ધુમાડો ખૂબ થાય. મહેન્દ્રભાઈએ ચૂલો સળગાવવા ઘણો પ્રયત્ન કર્યો પણ ફાવ્યું નહિ. તેઓ નિરાશા સાથે સૂનમૂન ઊભા હતા. ત્યાં દાતણ કરતાં કરતાં સ્વામીશ્રીએ પડકારો કર્યો : 'ઊભા શું રહ્યા છો, ફૂંક મારો.' અને મહેન્દ્રભાઈની પહેલી જ ફૂંકે ચૂલો સળગ્યો. પહેલાં ફૂંક મારી મારીને થાકી ગયેલા ને ધુમાડાથી આંખો પણ લાલ લાલ થઈ ગયેલી. અને તેમને આશ્ચર્ય તો એ વાતનું રહ્યું કે ત્યારપછી હંમેશાં ગમે તેવી પરિસ્થિતિમાં પણ તેમનાથી ચૂલો તરત સળગી જતો. ક્યારેય તકલીફ પડતી નહિ.

જ્યારે ઘણા યુવકો ભેગા થતા ત્યારે સ્વામીશ્રી તેમની ટુકડીઓ પાડતા. દરેક ટુકડીમાં મોટેરા યુવકને ટુકડીની આગેવાની આપતા. કથાવાર્તા તથા સેવામાં દરેક ટુકડીના વારા ગોઠવતા. એમ સફળ આયોજન સ્વામીશ્રી જાતે કરી આપતા. પોતે દરેક ટુકડીની કાર્યવાહી ઉપર પૂરતું ધ્યાન રાખતા.

સ્વામીશ્રી પારાયણમાં બેઠા હોય કે પધરામણીએ ગયા હોય, મંદિરમાં કથાવાર્તા કરતા હોય કે આરામમાં હોય, પણ દરેક યુવકની પૂરી ખબર રાખતા.

દરેકને અંગત સુખ આપતા. રમાડતા-જમાડતા. વળી, વહેલી સવારે ને મોડી રાત્રે બધા યુવકો સાથે એકાંતે બેસી ગોષ્ઠિ તો કરવાની જ. ત્યારે પણ દરેકની પરીક્ષા લઈ લે. જાણી લે કે કોણ કોણ બરાબર આજ્ઞા પાળે છે ! જે શિથિલ હોય તેને વધુ હેત કરે. વધુ બળ આપી, આગળ વધારવા કોશિશ કરે. એના માનસિક ક્ષોભ કે લઘુતાગ્રંથિને ખંખેરી નાખે, આત્મબળ પ્રેરી દે. આમ, સ્વામીશ્રીની હરતી-ફરતી બ્રહ્મવિદ્યાની કૉલેજ, ઉનાળાનો ધોમ ધખતો હોય કે ગામડાંનું ધૂળિયું વાતાવરણ હોય પણ કડીતોડ ચાલતી. સ્વામીશ્રીની શીતળ છાયામાં કોઈ આવરણો નડતાં નહિ. બધા આનંદ-કિલ્લોલ કરતા.

સત્સંગ તે સુખપદ જાણ્યો

સ્વામીશ્રી એક વાર રાત્રે ૧૧-૦૦ વાગે ગોષ્ઠિ કરતાં *'મન માન કહ્યું તું મારું, તેં કામ બગાડ્યું તારું...'* એ પદ બોલ્યા. પછી વિનુ ભગતને પૂછ્યું : 'બ્રહ્મ એટલે શું ?' 'એકાંતિકની સ્થિતિ એટલે શું ?' પછી પોતે જ વાત કરી :

'પ્ર. ૬૦ પ્રમાણે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ જેમાં સંપૂર્ણ હોય અને ભગવાનને જેણે અખંડ રાખ્યા હોય તે એકાંતિક. માટે આળસ-પ્રમાદ છોડી એવા પુરુષને સેવી લેવા.

'આપણે એકાંતિક ધર્મ સિદ્ધ કરવા આવ્યા છીએ, છેલ્લો જન્મ કરવા આવ્યા છીએ, તો *'અવસર ચૂક્યા મેહુલા'* એમ ન કરવું. ખેડૂત હોય તે વાવણી માટે વરસાદની રાહ જુએ, પણ કારતક મહિને વાવણી કરે તો કાંઈ ન પાકે; તેમ આજ એવો અવસર આવ્યો છે. મનુષ્ય દેહનું ફળ તો સારા પુરુષનો સંગ એ જ છે અને માન તો વિમુખ જીવને પણ મળે છે. માટે પ્રકૃતિ ટાળવી. ગ.મ. ૩૭ અને ગ.અં. ૩૫ બંને વચનામૃત પ્રકૃતિ ટાળવાનાં છે. તે સિદ્ધ કરવાં. પ્રકૃતિ મરોડે અને મૂંઝાય, પણ પોતાનો અવગુણ લે તે સારો. સંતનો અવગુણ લે તે વધે નહિ. પ્રયત્ન કરે તો પ્રકૃતિ ટળી જાય.

'મનધાર્યું મૂકવું મોટાની પાસજી, થઈ રહેવું તેના દાસાનુદાસજી.'

'પર્વતભાઈએ દાદાખાચરના ગોલા થવાનું કબૂલ કર્યું. રાજાભાઈએ પર્વતભાઈનું હળ હાંક્યું. મુક્તાનંદ સ્વામીએ મૂળુભાનું હળ હાંક્યું. કેટલો મહિમા ! કેટલો વિશ્વાસ મોટાના વચનમાં હશે ત્યારે એમ થયું હશે ! ગુણાતીતાનંદ સ્વામી ભાલમાં જતા હતા. સાથે ત્રીસ સંતો હતા. વરસાદ પડ્યો. તેથી બધા સંતના જોડા ગારાવાળા થયા અને જમીનમાં ખૂંપવા લાગ્યા.

ગુણાતીતાનંદ સ્વામીએ બધા સંતના જોડાની ગાંસડી કરી, બે મણનો ભાર માથે ઉપાડ્યો અને પાંચ ગાઉ ચાલ્યા. અનાદિ અક્ષરબ્રહ્મનો અવતાર ! શાસ્ત્રીજી મહારાજ ભગતજીને મેસૂબ જમાડવા ૬૦ ગાઉ ચાલ્યા અને વરસાદમાં ધોલેરાથી નાવડા સુધી છાતી સુધી પાણી ડોળ્યું અને ગઢડા પહોંચ્યા. કાગળ લખ્યો હોત તો કંદોઈ ન બનાવી આપત ? નિષ્ઠા કેવી સર્વોપરી ! શું કરી નાખીએ ? આ વસ્તુ મારે જમાડવી જ છે. આનું નામ શ્રદ્ધા ! આપણા ગુરુ ૬૦ ગાઉ ચાલ્યા એમ જાણીએ, તો આપણને ચાલતાં દુઃખ લાગે ? ગુરુ માની સેવા-ભક્તિમાં ટૂક ટૂક થઈ જાય તો સ્વામી વરણીય થઈ જાય.

'એક ડોશીનું વ્યવહારમાં બહુ ચિત્ત, પછી દુઃખ આવ્યું. તેથી રોજ અક્ષર ઓરડી પાસે આવી રોયા કરે. મહારાજ કહે : 'શું કામ રડે છે ? કથામાં રોજ આવતાં હોત, તો રોવું ન પડત.' સત્સંગને સુખદ જાણ્યો હોય તો કથાવાર્તામાં સુખ આવે. મેરુભા બાપુ બળદને ધોંસરું નાખી ખેતરમાં કામ કરતા હોય, પણ જો કોઈ સત્સંગી આવે તો ધોંસરું છોડી નાખે અને વાતો કરવા માંડે. એવા વિદેહી પુરુષ હતા. સત્સંગ પ્રધાન રાખવો એ મુદ્દો. સત્સંગ સાંભળીએ પણ જીવમાં ઉતારવાનું તાન રાખવું.'

✧

અહીં સ્વામીશ્રીની સતત દેખરેખ નીચે બ્રહ્મવિદ્યાના પાઠો શીખતા યુવકોને સ્વામીશ્રી સાથે વિવિધ પ્રસંગો બનતા.

એક દિવસ નારણભાઈને સ્વામીશ્રીએ કહ્યું : *'અવિનાશી આવો રે...'* થાળ આજે ને આજે મોઢે કરી દો તો ઇનામ આપું.'

તેમણે મોઢે કરીને તે જ દિવસે સ્વામીશ્રીને પાઠ આપી દીધો ને કહ્યું : 'ઇનામ લાવો.'

નારણભાઈના મનમાં કે કંઈ આપશે. સ્વામીશ્રી કેફમાં બોલ્યા : 'જાવ ! આશીર્વાદ !'

✧

તા. ૩૧-૩-'૫૯, રાત્રે ૯-૧૦ વાગે સભામાં વાત બોલી કહ્યું : 'ભજન કરતાં ક્રિયા કરીએ તો અંતરમાં ટાઢું રહે...'

'નિર્દોષ જાણવામાં ખામી હોય તો એવા ગુણ ક્યાંથી આવે ? ભગવાન અને સંતની ક્રિયા કલ્યાણકારી. જગતનો સંસર્ગ એમાં નથી. એવો મહિમા સમજાય તો અનુવૃત્તિ સમજાય. મર્યાદા રહે. લોભવૃત્તિ, બીજા દોષ પરઠે, તો

પછી આપણાં લોભ, કામ, માન ન જાય. વરતાલ-૫ પ્રમાણે એને નિર્દોષ સમજીએ તો આપણે નિર્દોષ થઈ જઈએ. જેવા જાણીએ તેવા થાય, પણ તે તો અપારના અપાર છે.

'જ્ઞાનથી મોટપ છે; લો. ૭ પ્રમાણે. ઘર છે તેમાં કોઠી-થાંભલા છે, પણ અંધારું છે તેથી દેખાતું નથી. તેમ સંતમાં ભગવાન છે પણ દેખાતા નથી. જાણવામાં જેટલી ખાધ તેટલી ખામી. સત્સંગ કરીને વૃદ્ધિ પામવું.

'સત્સંગ કરતાં વિવેક આવે, વિમોક આવે... બ્રહ્મરૂપ થયો એટલે ભગવાન વરણીય થઈ જ જાય. નિર્દોષ સમજવાની એક જ કલમ છે. બીજી કલમ શોધો તો આખા બ્રહ્માંડમાં નથી. જેવા જાણીએ તેવા કરી મૂકે, તે અમૂલ્ય. પણ જેટલા જાણીએ નહિ તેટલી ખાધ.'

'હીરો છે તે કોઈ રીતે ન ફૂટે...' એ વાત બોલતાં કહ્યું : 'ક્રિયા ગમવી કઠણ. રામચરણ, ગોવિંદચરણ સ્વામી ભેગા રહે ને ક્રિયા કરે, પણ એમ રહે કે 'સ્વામી ભગતજી, જાગા સ્વામીનું વધુ રાખે.' એમ ભાવ પરઠે. હોશિયાર સારા હતા, પણ આવું પરઠે. ધણી તો ચાહે સો કરે. એ તો સ્વતંત્ર છે. ત્રિકમદાસ કોઠારી કહે : 'સ્વામી ભેગો સાડા સોળ વર્ષ રહ્યો, પણ સ્વામીને રૂંવાડે બ્રહ્માંડ ઊડતું મેં નથી દેખ્યું.' પક્ષે કરીને આ સમજાતું નથી. અક્ષરપુરુષોત્તમની વાત સાચી છે. મોટા સદ્‌ગુરુ પબ્લિક(Public)માં કહી ગયા છે. છતાં મનાતું નથી. ત્રિકમદાસને ભડકો દેખાડ્યો ને પછી અક્ષરનો ઉદ્‌ઘોષ કરવા લાગ્યા.'

તારાં મારા ન કર્યાં

તા. ૧-૪-'૫૯, સવારે ૫-૦૦ વાગે યુવકોને જોઈ રાજીપો વરસાવતા હતા. સૌ યુવકો પણ સ્વામીશ્રીનાં સુધાવચનો માટે ઉત્સુક હતા. સ્વામીશ્રી કહે :

'ચાર વાત જીવનું જીવન છે. ઉપાસના, આજ્ઞા, એકાંતિકમાં પ્રીતિ અને સુહૃદપણું. ઉપાસના પ્ર. ૩૭ પ્રમાણે. આજ્ઞા મ. ૫૧ પ્રમાણે. સુહૃદપણું સર્વમાં વિશેષ. એ શું ? સંગઠનભાવ.

'દેશળ દરબાર અને ઝખરો ચારણ, ભેગા રહે. એકતાપણું. દિવ્યભાવ બહુ. એકબીજાનાં કપડાં, જોડા પહેરે. જમવાનું એક જ થાળીએ. એક દરબારને થયું : હુંય આ બેય હારે ભાઈબંધી કરું. તેથી ઝખરાને કહે : 'તમે દેશળભાઈને ત્યાં કેમ બહુ રહો છો ? મારી ભેળા આવો.' ઝખરો કહે : 'મારે એની સોબત છે.' બહુ આગ્રહ કર્યો તેથી ઝખરાભાઈ દરબારને ત્યાં ગયા. પછી નદીએ

નાહવા ગયા. તે નાહીને દરબારનાં કપડાં પડ્યાં હતાં તે પહેરી લીધાં. દરબારે ના પાડી. ઝખરો કહે :

'કંઈ પટ પે'ર્યાં, કંઈ પટ પે'રશું, પાલવ ઘટ પ્રમાણ,
તારાં મારાં ન કર્યાં, ઈ દેશળનાં એંધાણ...'

એમ કહી દરબારનાં કપડાં ઉતારી, પોતાનાં પહેરી, દેશળના દરબારમાં વયો ગયો.

'આવો સુહૃદભાવ હોય તો માયા ક્યાંથી પેસે ? આપણે અંદર અંદર એકતાપણું રાખી, નિર્દોષબુદ્ધિ રાખવી. એવું એકતાપણું મહારાજ છતાં બહુ હતું. પોતાના માથે ઓઢી લે અને ઓલાને નિર્દોષ છોડી દે. એવું એકતાપણું. એકબીજાનું કામ કરી લેવું. શાંતિ માટે એકતાપણું કરવાની જરૂર છે. અવસર આવ્યો છે. *અવસર ચૂક્યા મેહુલા.*

'મનુષ્ય દેહનું ફળ શું ? સારાનો સંગ અને સ્વભાવ ટળે. સંગ તો થીયો, પણ સ્વભાવ નડે છે. સ્વભાવ શું ? પ્રકૃતિ. મ. ૩૭ સિદ્ધ કરીએ તો સ્વભાવ ટળે. ઉપદેશનો કરનારો ગમે તેટલાં કઠણ વચન કહે, તોપણ હિતકારી માને. તિરસ્કાર કરે, કાઢી મૂકે, તોપણ કોઈ રીતે દુઃખાવું નહિ. થોડું ઘણું દુઃખાવું ? લેશમાત્ર નહિ. (૧) અતિશય પ્રીતિ (૨) વિશ્વાસ અને (૩) ગમે એવાં વચન હિતકારી માને. ત્રીજું કઠણ બહુ પડે. ત્યારે થાય હાલો વયા જઈએ.'

પંચ વર્તમાન ને આશરાથી નિર્ગુણ

તા. ૩-૪-'૫૯, એકાદશી, સવારે ૫-૦૦ વાગે મંગળ લાભ આપતાં સ્વામીશ્રીએ ગ.મ. ૫૯ ઉપર વાત કરી :

'ભગવાન અને સંતની પ્રાપ્તિ એ જ કલ્યાણ છે. બ્રહ્મા એટલે સૃષ્ટિનો બનાવનાર. ભવથી પણ પર સત્પુરુષ બતાવ્યા. અધિક એટલે પ્રકૃતિથી અધિક. હનુમાનની મૂર્તિ પૂજાય તેમાં શંકા નથી. લક્ષ્મણ દેવ કહેવાય ને ગુણાતીત મનુષ્ય કહેવાય, ઘણા આવું માને છે. પણ મહિમા ન સમજાય. પરાવાણી જીવમાં ઉતારવી.'

બપોરની કથામાં અડવાળના હરિભક્તો સૌ બેઠા હતા. ગ.મ. ૮ વચનામૃત ઉપર વાત ચાલતી હતી. સ્વામીશ્રી કહે : 'યજ્ઞમાં જવ-તલ હોમે, તેમ આપણે ઈન્દ્રિયોની વૃત્તિઓને હોમવી. કયો યજ્ઞ ? કેમ થાય ? મફત થાય છે ને ? કે પૈસા ખરચવા પડે ? હોમ્યું એટલે શું થયું ? એ રૂપ પામી ગયો. ગોપી કહે : 'હું કૃષ્ણ, ગોવર્ધન મેં તોળ્યો.' એને અહંકાર નથી આવ્યો, પણ ઈ

ભાવને પામી ગઈઓ. એમ આપણે તદ્દત્‌ભાવને પામી જઈએ તો એ રૂપ થઈ જઈએ.

'ઇન્દ્રિયોની વૃત્તિ ગુણાતીત સ્વરૂપમાં હોમવી એ યોગયજ્ઞ. હોમવી એટલે શું ? એ રૂપ થઈ ગયો ત્યારે વૃત્તિઓ હોમી કહેવાય. ગુણાતીતના આકારે વૃત્તિઓ થઈ જાય. એ ભાવને પામી જાય. ગોપીઓએ કહ્યું : 'અહં કૃષ્ણ !' એમ તદ્દત્‌ભાવને પામી જાય. સંતમાં ભગવાન રહ્યા છે, તે આપણો મુદ્દો. સંત આકારે વૃત્તિઓ થઈ જાય ત્યારે ફળ પ્રગટ થાય. અંતર્દષ્ટિએ વર્તવું તે જ્ઞાનયજ્ઞ. કથાવાર્તા એ જ્ઞાનયજ્ઞ છે. અંશ એટલે ભગવાનનો ભક્ત. સંશય છેદાય ત્યારે ખરો સત-સમાગમ થયો કહેવાય.'

માસ્તરે પૂછ્યું : 'એમ વર્તાતું નથી.'

સ્વામીશ્રી કહે : 'ભણ્યાનું ફળ શું ? નોકરી મળે. યજ્ઞનું ફળ શું ? સાક્ષાત્કાર દર્શન થાય.'

સ્વામીશ્રી તરફ નિર્દેશ કરી કાનજીભાઈ સોની કહેવા લાગ્યા કે 'આ બ્રહ્મમાં પરબ્રહ્મ છે કે નહિ ?'

કાનજીભાઈને બોલતાં રોકી સ્વામીશ્રી કહે : 'એમ નહિ. સંતમાં ભગવાન રહ્યા છે કે નહિ ?'

પછી 'હરિભક્તનો અભાવ-અવગુણ આવી જાય છે' એ પ્રશ્ન ચાલ્યો. સ્વામીશ્રી કહે : 'પંચ વર્તમાન પાળે અને ભગવાનનો જેને આશરો હોય, તો એ નિર્ગુણ. એમાં દોષ નથી.

'અંશ એટલે ભગવાનનો ભક્ત – એમ શાસ્ત્રીબાપાએ અર્થ કર્યો હતો. કથાવાર્તા-કીર્તન આ જ્ઞાનયજ્ઞ સદા કર્યા કરવો. સોપો પડવા દેવો નહિ.'

પછી પોતે જ પ્રશ્ન પૂછ્યો કે 'ભગવાનની પ્રાપ્તિ થઈ હોય એ કેમ મનાય ? દ્વાર વિના થતી હશે કે બારોબાર ? સંત દ્વારા પ્રાપ્તિ એમ કહોને ! ભીંતમાં માથું મરાય છે ? દ્વાર જોઈએ. મોક્ષનું દ્વાર સંત છે.'

અહીં એક ભગતને સમાધિમાં શ્રીજીમહારાજ અને સાથે સ્વામીશ્રીનાં દર્શન થયાં તે ચર્ચા થઈ. શિવલાલ કહે : 'આપ મહારાજ સાથે કેમ દેખાયા ?'

સ્વામીશ્રીએ તરત કહ્યું : 'મહારાજ અખંડ ભેગા જ છે. તમને શું મોળું લાગે છે ? મહારાજ અખંડ ૨૪ કલાક ભેગા જ છે.'

'ગુણાતીતાનંદ સ્વામી કેમ ન દેખાયા ?' શિવલાલે પૂછ્યું.

'ગુણાતીત જ દેખાય !' સ્વામીશ્રીએ દૃઢતાથી કહ્યું. અર્થાત્ ગુણાતીત

અને સંતમાં જુદાપણું નથી. સંત ગુણાતીત જ છે.

અડવાળમાં બધા દરબારો જૂના હરિભક્તો બેઠા હોય ત્યારે કથાવાર્તા સાથે પ્રશ્નોત્તર બહુ થાય. બાપુભા સાહેબ, માસ્તર સાહેબ વગેરે ભક્તો પ્રશ્નો પૂછે. ચર્ચા થવા દે. પોતે પણ ઉત્તરો આપે, પણ સ્વામીશ્રીનો ઉત્તર માન્ય રાખે. સૌ પ્રમાણ કરે. વચનામૃત અને સત્સંગનાં શાસ્ત્રોમાં ઊંડા ઊતરેલા આ દરબાર-ભક્તો કોઈને વશ ન થાય, પણ સ્વામીશ્રીનો બોલ અધ્ધર ઝીલવા તત્પર રહેતા.

વિવિધ વિનોદ કરતા વિહારી

તા. ૪-૪-'૫૯, રાત્રે ૧૧-૩૦ વાગે ગોષ્ઠિ ચાલતી હતી. સ્વામીશ્રી યુવકોને વાતો કરતા હતા. એવામાં દેવા ભગત ત્યાં આવ્યા.

દેવા ભગતના દેવ જેવા સંકલ્પો. 'દિલ્હી સુધી હેલિકૉપ્ટરથી અક્ષર દેરીનું પ્રસાદીનું જળ પહોંચાડવું' વગેરે... માણસ ન આંબી શકે એવા વિચારો. સ્વામીશ્રી તેમને પ્રોત્સાહન આપતા. તેમના સંકલ્પો સાંભળતા. એ પણ એક ધીરજનું કામ હતું. કારણ, બીજા તો સૌ એને ગાંડો-ઘેલો ગણી દૂર જ રાખતા. જ્યારે સ્વામીશ્રી એના વિચારોમાં ભળી જતા, ચર્ચાને ચગાવતા ત્યારે વિશિષ્ટ વાર્તાલાપ સર્જાતો. એ માણવાનો પણ એક લહાવો હતો. જ્ઞાન સાથે ગમ્મતનું અનેરું ભાતું પીરસાતું. સ્મૃતિની પળો આકારાતી.

આજે પણ દેવા ભગત તેમની એકની એક વાત લઈને આવ્યા કે 'તમો દિલ્હી કાગળ લખો.'

ત્યારે સ્વામીશ્રી કહે : 'અમારે કોને કાગળ લખવો ? કોઈ આપણને ઓળખે નહિ. પારકાને કાગળ લખવો ? કોઈને લખીએ ને માને નહિ તો અમારી આબરૂના કાંકરા થાય. તમારે અમારી આબરૂના કાંકરા કરવા છે ?'

તેઓ કહે : 'જવાહરલાલ નહેરુને કાગળ લખો.'

સ્વામીશ્રી કહે : 'જવાહરબાપાને કાગળ લખીએ ! તમે પાંચ બુદ્ધિશાળીને પૂછો. પછી મોટાસ્વામી સહી કરે. પછી કાગળ લખીએ.'

દેવા ભગત પોતાના કાર્ય માટે મુહૂર્ત જોઈ આપવાનું સ્વામીશ્રીને કહેવા લાગ્યા. સ્વામીશ્રી કહે : 'અમે તમને મૂરત ક્યાંથી જોઈ દઈએ ? હું કાંઈ બ્રાહ્મણ નથી. જ્યોતિષી નથી.'

આવો હળવો પણ મજાનો વાર્તાલાપ ચાલ્યો. દેવા ભગતના આવા તુક્કાઓને સ્વામીશ્રી રમૂજનો રંગ આપી દેતા. તેમનો વેગ મોળો પડતો નહિ.

સ્વામીશ્રી કહેતા કે 'અવાંતર કોઈ લોકમાંથી આવ્યા છે, તે સંકલ્પ કર્યા કરે છે.'

પછી કથા પ્રસંગમાં સ્વામીશ્રી કહે : 'ગ.પ્ર. ૧૫ વચનામૃતમાં મહારાજે કહ્યું કે હિંમત રહે, 'જે કહે એમ જ કરવું છે.' 'આટલું વચન મનાશે ને આટલું નહિ મનાય,' એમ ભૂલે પણ ન કહે. ભૂલે ન કહે તો જાણીને કહે ? કહે જ નહિ. મહિમાનું લક્ષણ છે.'

ગ.પ્ર. ૧૫, ૧૬, ૧૭ આ વચનામૃતો સ્વામીશ્રી બપોરની કથામાં હંમેશાં કઢાવે : 'પ્ર. ૧૭ - મોળી વાત ન કરવી. પ્ર. ૧૬ - વિવેક રાખવો. આ ત્રણ વચનામૃતો સમજે તેને મોક્ષમાં અધૂરું ન રહે. આપણે અંગનાં કરી રાખવાં.'

મન નોખું ન પડે એ પ્રીતિ

તા. ૬-૪-'૫૯, આજે વહેલી સવારે મેડા ઉપર ગોષ્ઠિ કરતાં સ્વામીશ્રી કહે : 'જેટલી ઘડી ભજન-ભક્તિમાં જાય છે તેને કાળ ખાઈ શકતો નથી. આપણો આ કાળ લેખે લાગ્યો. શાંત મગજ રહે. માટે વહેલા ઊઠી સ્મૃતિ કરવી. *'મોડા સૂવે, વહેલા ઊઠે વીર...'* ગૃહસ્થને ધન વધે. આપણને જ્ઞાન વધે.

'એક શબ્દ વિરોધનો ન સાંભળવો. મહિમાની વાત સાંભળવી. એક શબ્દ કોઈનો અભાવનો ન આવવા દેવો. એની ક્રિયા ગુણાતીત. મહારાજે સાંઠીકડાના ચાર કટકા કર્યા ને મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું. મહારાજ કહે : 'કેટલાંક બ્રહ્માંડનું સર્જન કર્યું ને કેટલાંકનો નાશ થયો.'

'વરતાલનું ૧૧ વચનામૃત સિદ્ધ કરીએ તો જ કામ થાય. સત્પુરુષના જેવી સ્થિતિ થાય તો સત્પુરુષનો મહિમા સમજાય. તમે ઇંગ્લીશ ભણો છો ને મને ગાળ દો તો શું ખબર પડે ? ત્યારે સ્થિતિ કરવાની જરૂર છે. એ સ્થિતિ કઈ ? નિર્દોષબુદ્ધિની. એ સ્થિતિ આપણે કરીએ તો નિર્દોષ થઈ જવાય. મારી મારીને રાઈ રાઈ જેવા કટકા કરે તોપણ મન નોખું ન પડે, એ દૃઢ પ્રીતિ. મૂળજી અને કૃષ્ણજીને કાઢ્યા, માર્યા, પણ મહારાજનો અભાવ ન લીધો. એનું નામ પ્રીતિ. કેટલી શ્રદ્ધા ! કેટલો દિવ્યભાવ ! મહિમા સમજાય તો દિવ્યભાવ રહે.

'મહિમા જાણ્યાનું એક જ સાધન. આટલું એક વચનામૃત સિદ્ધ કર્યું હોય તો કામ થઈ જાય. માટે સિદ્ધાંત શું ? દૃઢ પ્રીતિ. કેવી ? રાઈ રાઈ જેવા કટકા કરે પણ મન નોખું ન પડે. મહારાજ છતાં જેવી પ્રાપ્તિ, સંબંધ અને મોક્ષ હતો, તેવો ને તેવો જ અત્યારે છે. માટે અત્યારે પણ એમ જ વર્તવું.'

✧

તા. ૭-૪-'૫૯, અડવાળથી ધંધુકા પધાર્યા. અહીં હરિભક્તોએ સ્વાગત કર્યું. મંદિરે દર્શન કરી, ઉતારે પધાર્યા.

રાત્રે સભા સારી થઈ હતી. તેથી સ્વામીશ્રી કહે : 'ભવાયા ૨-૦૦ વાગ્યા સુધી રમે છે. તો આપણે એક જ રાત છે, તો ૧૨-૦૦ વાગે તેમાં વાંધો નહિ.'

રાત્રે ૧૨-૩૦ વાગ્યા સુધી હરિભક્તો પાસે પ્રવચનો કરાવ્યાં. સંત-સ્વામીએ સત્સંગી થવા ઉપર સુંદર વાતો કરી. રાત્રે ૧-૦૦ વાગે પોઢ્યા.

બીજે દિવસે ગામમાં પધરામણી કરી, રસોઈ લઈને, સાંજે ટ્રેનમાં અમદાવાદ જવા નીકળ્યા.

ટ્રેનમાંથી ચારે તરફ ભાલની વેરાન ભૂમિમાં, છૂટાં-છવાયાં ગામડાં નજરે પડતાં હતાં. તે તરફ આંગળી ચીંધીને સ્વામીશ્રી કહે : 'ભાલનાં એકેએક ગામડાંમાં અમે ફર્યા છીએ. આ તરફ ફરતા હોઈએ અને સ્વામીનો કાગળ આવે એટલે દર્શન કરવા મન ઊપડે. આજ્ઞા પાળવાનું બહુ તાન !'

રાત્રે અમદાવાદ પહોંચ્યા.

એક વાત યાદ રાખવી

આંબલીવાળી પોળમાં રહેતા જયંતભાઈ ટાંક શાસ્ત્રીજી મહારાજના સમયથી બાળપણથી જ સત્સંગી. મોટા થતાં સ્વામીશ્રીએ તેમને સાધુ થવા કહ્યું હતું, પણ સંજોગોવશાત્ ન થઈ શક્યા. તેઓ અહીં સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. સ્વામીશ્રીએ અચાનક તેમનો હાથ પકડી નજીક ખેંચ્યા. સ્વામીશ્રીની હેત કરવાની આ આગવી રીત હતી. જયંતભાઈ તો આનંદિત થઈ ગયા. સ્વામીશ્રી કહે : 'મારી આટલી આજ્ઞા પાળો.'

એકાએક નીકળેલા સ્વામીશ્રીના આ ઉદ્ગારોથી તેમને ઘણું આશ્ચર્ય થયું, છતાં બોલાઈ ગયું : 'ભલે બાપા ! કઈ આજ્ઞા પાળું ?'

'બે વરસ સુધી બધું મેળાવીને ખાવું.'

'એવી રીતે ખાઈશ.'

'કોઈ નારી જાતિ - છોકરી કે સ્ત્રીને અડવું નહિ. અડી જવાય તો ઉપવાસ કરવો.'

'પણ બાપા ! હું તો શિક્ષક છું. તે મારી પાસે તો છોકરા-છોકરી બધાં ભણવા આવે. એટલે અજાણતાં પણ અડી જવાય. ખ્યાલ ન રહે.'

'તો જાણીને તો અડવું જ નહીં.' સ્વામીશ્રીએ તોડ કાઢ્યો.

તેઓ સાધુ તો ન થયા, પણ આ રીતે સાધુતાના માર્ગે ચાલે એવા જ કોઈ આશયથી સ્વામીશ્રીએ કહ્યું હશે. પ્રસંગે પ્રસંગે જીવને શુદ્ધ કરી, ભક્તત્વ અર્પતા સ્વામીશ્રીનો એકમાત્ર અભિપ્રાય રહ્યો હતો કે જીવ કેમ ભગવાનને માર્ગે વળે !

જયંતભાઈને વ્યવહારમાં કોઈ સંકટ આવી પડ્યું. તેઓ મુઝાતા હતા. સ્વામીશ્રીને મળવાની તેમને તીવ્ર ઇચ્છા હતી, પરંતુ સ્વામીશ્રી સભામાં બિરાજ્યા હતા. મોટેરા હરિભક્તો અને અન્ય મોટેરા મહેમાનોથી સભા હકડેઠઠ હતી. પણ સ્વામીશ્રીએ અચાનક જ સેવક પાસે પાણી મંગાવ્યું. તે પીને તરત લઘુ કરવા ઊઠ્યા. સાથે બે સેવકો પણ ટેકો આપવા આવી ગયા.

સભાના ઓરડામાંથી બહાર નીકળતાં જ સ્વામીશ્રીએ એક સેવકનો હાથ છોડી જયંતભાઈને બોલાવી તેમનો હાથ પકડી લીધો. સ્વામીશ્રી બાથરૂમમાં જતા પહેલાં ઊભા રહ્યા. પોતાના હાથમાં રહી ગયેલી માળા સ્વામીશ્રીએ બેવડી વાળીને જયંતભાઈના કાંડામાં પહેરાવી. અને બાથરૂમમાં ગયા. ઘણી વાર વહાલ વરસાવતાં સ્વામીશ્રી આ રીતે કરતા.

જયંતભાઈને બહાર ઊભાં ઊભાં વિચાર આવ્યો કે 'આ માળા મળી જાય તો સઘળું સંકટ ટળી જાય. દર વખતે સંકટ ટાળવા કામ લાગે !'

એવામાં સ્વામીશ્રી બહાર આવ્યા અને કહે : 'ચાલો.'

બે બાજુ બંને યુવકો ચાલવા લાગ્યા. સભામાં પાછા જવાને બદલે સ્વામીશ્રીએ ત્રીજા જ રૂમમાં પ્રવેશ કર્યો, જ્યાં લાકડાનો દાદર હતો. સાથેના યુવકને ખસેડી સ્વામીશ્રી જયંતભાઈને ઉપર લઈ ગયા. પછી કહે : 'તમારે માળા જોઈએ છે ને !'

જયંતભાઈ તો અવાક્ થઈ ગયા. હાથ જોડાઈ ગયા. વિશ્વરૂપ જોયું હોય તેવા ભાવો તેમના હૈયામાં અને આંખોમાં ઊઠવા લાગ્યા.

ત્યાં તો સ્વામીશ્રીએ કહ્યું : 'માળા રાખો. તમને આપી ! રોજ ફેરવજો, મહારાજ રક્ષા કરશે. પણ એક વાત યાદ રાખવી – જગતમાં કોઈ સુખિયું નથી. *'રાજા ભી દુખિયા, રંક ભી દુખિયા...'*

પછી હસતાં હસતાં સ્વામીશ્રીએ જયંતભાઈને ધબ્બો આપી, દિવ્ય શાંતિનો અનુભવ કરાવ્યો અને સભામાં પધાર્યા.

સ્વામીશ્રી ક્યારેક પરભાવને છતો કરતા, ત્યારે ભાવુક પોતાની ઊણી ઊતરતી પાત્રતા છતાંયે વરસતી આ કરુણાથી આનંદવિભોર બની, સ્વામીશ્રીની મરમાળી મૂર્તિનું અતિ અંગત સાંનિધ્ય પામી જતો.

એક દિવસ રહી, બીજે દિવસે સાંજે મોટરમાં ભાદરણ જવા નીકળ્યા. રસ્તામાં જેતલપુર, ડભાણ, આણંદ દર્શન કરી, રાત્રે ૧૦-૩૦ વાગે ભાદરણ આવ્યા. હીરાભાઈને ઘરે પધરામણી કરી, દર્શન આપી, મંદિરમાં પધાર્યા. કથાવાર્તા, ચેષ્ટા કરી રાત્રે ૧-૦૦ વાગે પોઢ્યા.

બીજે દિવસે રસોઈ લઈને સાંજે નૈરોબીના યુવક કીર્તિકુમારની મોટરમાં અટલાદરા પધાર્યા. આફ્રિકાના ત્રણેય યુવકોને વર્તમાન ધરાવતાં કહે : 'ઓલી પ્યાલી પીવો છો કે ?' પછી હસતાં હસતાં કહે : 'નો પીવાય.' એમ કહી આશીર્વાદ આપ્યા. આ પ્રમાણે ખૂબ હેત કર્યું.

કહે એમ કરવું એ ઓળખાણ

અહીંથી સ્વામીશ્રી જંબુસર પધાર્યા.

તા. ૧૨-૪-'૫૯, રાત્રે ૧૧-૦૦ વાગે જંબુસરમાં સ્વામીશ્રીએ વરતાલ ૧૯ વચનામૃત ઉપર વાત કરી :

'યુરોપ, આફ્રિકા, અમેરિકામાં વિચરતા હોય એમ ન આવ્યું. સંત જ્યાં વિચરતા હોય, પણ ઓળખાણ ન થાય તો ભગત કહેવાય નહિ. ઓળખાણ શું ? રૂપિયાને ઓળખ્યા છે તો કોઈ ફેંકી દે છે ? ખિસ્સામાં જ મૂકે. ભગવાનના એકાંતિક સંત ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, નિર્દોષબુદ્ધિવાળા. તેની સાથે હેત થાય તો ભગત; નહિ તો મંદિરમાં બેસી રહે, માળા ફેરવે, પણ ભગત નહિ. મહારાજ ના પાડે છે.

'રસ્તામાં સ્વામિનારાયણના સાધુ જાય તો સૌ કહે, 'સ્વામિનારાયણના સાધુ જાય છે;' પણ એ તત્ત્વે સહિત ઓળખાણ નથી. આ જ સાધુ અક્ષરધામમાં લઈ જાય એવા છે, મોક્ષના દાતા છે. કહે એમ કરવું, એ જ ઓળખાણ. બીજું કાંઈ નહિ. આપણે શ્રીજીમહારાજને ભગવાન માન્યા અને સ્વામીને અક્ષર માન્યા, તેથી પાંચ વર્તમાન પાળવાં પડે. ભગવાનની મૂર્તિનું સુખ આવે છે ત્યારે જગતનું સુખ નીકળી જાય છે. દૂધપાક ખાધો હોય પછી બીજા સ્વાદ કૂચા. નરકના કીડા નરકમાં સુખ માને છે. આપણે કોઈ માનીએ છીએ ?

'પાર્ષદ થયો શું ? ધોળાં કપડાંવાળો ને ? ના, એકાંતિક ભક્ત થયો.' એમ કહેતાં ખડખડાટ હસી પડ્યા.

પછી આગળ વાત કરી :

'મનોરથ શું ? અક્ષરધામમાં જવાના, નિર્દોષબુદ્ધિના, એકાંતિક ધર્મ સિદ્ધ

કરવાના; વગેરે મનોરથ સિદ્ધ કરે. વળી, થોડા વ્યવહારના પણ કરે, એમ ને ?

'ચૌદ લોકનાં સુખ કાકવિષ્ટા તુલ્ય ! અહાહા ! એવું કાં વાંસો (વાંચો) ? ભગવાનના ભક્ત એટલે પરોક્ષના ભક્તને ? ના, મહારાજના ભક્ત. કાકવિષ્ટા એટલે વિષ્ટાની વિષ્ટા. આવું સમજ્યા છતાં મોહ કેમ નથી છૂટતો ? જીવમાં કેમ ઊતરતું નથી ? આવા બળના શબ્દો પડ્યા નથી.'

પછી, બ્રાહ્મણને ચાર ચોર મળ્યા અને ગાયનો વાઘ કર્યો, એ દૃષ્ટાંત વિસ્તારથી કહીને બોલ્યા :

'ભ્રાંતિ પડી. એમ મોટાપુરુષના શબ્દ સાંભળીએ તો જગત ખોટું થાય. ખોટાનું સાચું થયું, તો સાચાનું સાચું કેમ ન કહેવાય ? બળના શબ્દો રાત-દિ' સાંભળવા જોઈએ. પ્રીતિ એટલે છેટે છેટે રહેવું એમ ને ! જીવમાં વાત ઉતારી દેવી.

'મોટાપુરુષના અભિપ્રાયમાં ભળી જઈએ તો રાજીપો થાય. જ્ઞાનમાં રસબસ થઈ જઈએ તો બીજા હજારોને સમાસ થાય. સ્થિતપ્રજ્ઞ થાવું. છોણિયાપણું ન રાખવું. જ્યાં જઈએ ત્યાં સેવા કરવી. ચોક વાળવો, શાક સુધારવું. જૂનાગઢમાં દરેકને કામ સોંપેલાં. ભગત-પાળા ચોક વાળે, પાણી ભરે. સાધુ રસોડાનું સંભાળે. ભગત દાતણ કાપી લાવે. ચારને ટકોરે ઊઠી જાય. સ્વામી ૧૨ વાગે સુવાડે. કો'ક બપોરના એક કલાક સૂતા. કથાવાર્તાનો ઘોષ થાય. તે અત્યારે એવું સાંભરે છે કે અક્ષરધામનું સુખ આવે.

'આપણે શુદ્ધ ઉપાસના, શાસ્ત્રીજી મહારાજના શિષ્ય. વર્તન વાતું કરશે. આપણે એવું વર્તવું – નીચે સૂઈ રહેવું, ચોળીને જમવું. એવું થાય તો સત્યુગ. આપણે એક બાપના દીકરા. કેટલો ભાવ ! આપણે એવી સેવા કરવી - ભગવાન જેવી. એવો ભાવ રાખી સેવા કરવી.

'માંદા સાધુની કરવી સેવ, તકે તકે રાખવી ટેવ...'

આમ, ખૂબ લાભ આપી, નોંધણા, ટુંડજ થઈ કેલોદ આવી પહોંચ્યા. શ્રીહરિ વનવિચરણમાં અહીં પધારેલા તે પ્રસાદી સ્થાનોએ સ્વામીશ્રીએ ઓટા કરી, મહારાજનાં ચરણારવિંદ પધરાવવાની આજ્ઞા કરી. પછી અટલાદરા પધાર્યા.

હરિજયંતીની વહેલી સવારે ૪-૦૦ વાગે સ્વામીશ્રીએ ધૂન કરાવી. સૌ યુવકોને 'એકાંતિક ધર્મ સિદ્ધ થાય' એવા આશીર્વાદ આપ્યા. નિત્યકર્મથી પરવારી મોટરમાં અમદાવાદ પધાર્યા.

વર્ષોવર્ષ રામનવમી-હરિજયંતીનો સમૈયો અહીં ઊજવાતો. તે ટેક સાચવવા સ્વામીશ્રી અહીં વહેલી સવારે પહોંચી ગયા. મિસ્ત્રીને મેડે તથા

આંબલીવાળી પોળે દર્શન કરી, આખો દિવસ મંદિરમાં કથાવાર્તા કરી. ચૈત્ર મહિનામાં અમદાવાદની અસહ્ય ગરમીમાં, નિર્જળા ઉપવાસ સૌને ત્રાહિમામ્ પોકારાવતો. સ્વામીશ્રી તો ઠંડા કલેજે કથાવાર્તાનો રસથાળ પીરસતા હતા. સાંજે સૌ સંતો ભક્તો સાથે નારાયણ ઘાટ પધારી કથા કરી. રાતની સભામાં નંદાજી દિલ્હીથી ખાસ આવ્યા હતા. 'ભક્તચિંતામણિ'માંથી મહારાજના પ્રાગટ્યનું પ્રકરણ વંચાવી, સ્વામીશ્રીએ ૧૦-૧૦ વાગે જન્મની આરતી ઉતારી. રાત્રે ૧૨ વાગ્યા સુધી કથાવાર્તાનો સ્રોત વહાવ્યો. ૭૦ વર્ષની ઉંમરે પણ આવા કોરાકડક ઉપવાસમાં કોઈ થાક નહિ, કોઈ આળસ નહિ, કોઈ બગાસું નહિ, ઉત્સાહનો અવિરત પ્રવાહ જોઈ નાના-મોટા સૌનાં મસ્તક એમનાં ચરણોમાં મનોમન નમી જતાં. હજારો મુમુક્ષુઓ પોતાનાં નાનાં-મોટાં પાત્રથી પ્રેરણા પામ્યા જ કરતા.

એક એક શબ્દનો વિચાર

આજે કથાવાર્તાના પ્રસંગમાં મોટેરા હરિભક્તો સમક્ષ ગ.મ. ૧૭ અને ગ.અં. ૨૮ વચનામૃતો પર ઘણી ગૂઢ વાતો થઈ. ભેદ, અભેદ તથા તત્ત્વે સહિત અને રહિત જેવા ભારેખમ પ્રશ્નોના ખુલાસાઓ પણ સ્વામીશ્રીએ સરસ રીતે કર્યા હતા.

પછી ગ.પ્ર. ૩૦ વચનામૃત વંચાવી સ્વામીશ્રીએ જ પ્રશ્ન પૂછ્યો : 'ભગવાનની વાર્તા કઈ ?' પછી ઉત્તર કરતાં કહે : 'સંબંધનો મહિમા વિચારવો. પરાત્પર એવા જે પુરુષોત્તમ નારાયણ, તે આ મને સંતરૂપે પ્રગટ મળ્યા એ જ છે. અને હું તો પામર હતો. નરકમાં-જમપુરીમાં જવાનો હતો. તે સત્પુરુષ એકાંતિક ધર્મ સિદ્ધ કરાવીને અક્ષરધામમાં લઈ જશે. એ જ ભગવાનની વાત. તે ધારે, મનન કરે, વિચારે અને કેફ રાખે.'

'શું કહ્યું ?' સ્વામીશ્રીએ ફરી પૂછ્યું.

'ભગવાનની વાર્તા થાય...' એક ભક્ત વાક્ય પૂરું કરવા જતા હતા. ત્યાં સ્વામીશ્રી કહે : 'ભગવાનની જ વાર્તા ? સાધુની વાર્તા નહિ ? સત્પુરુષ અને ભગવાન નોખા છે ?' સ્વામીશ્રીએ તેને વચ્ચે અટકાવીને ભારપૂર્વક સંતનો મહિમા સમજાવ્યો.

તેમજ ગ.અં. ૨૬ વચનામૃત ઉપર વાત કરતાં સ્વામીશ્રીએ કહ્યું : 'કોઈ કાંઈ ન સમજતો હોય, કાંઈ આવડતું ન હોય, અક્કલ ઓછી હોય, ગરીબ હોય, પણ તેને, લાખોપતિ શેઠ હોય પણ મોટો જાણે અને તેના પગનું પાણી પીવે.

'યથાર્થ સમજે - પૂરેપૂરા - અક્ષરે સહિત પુરુષોત્તમ. સંબંધ વિના બ્રહ્મરૂપ ન થાય. પોતે મોટા સ્થિતિવાળા હોય, કોઈ કાંઈ ન સમજતો હોય... (દબાવ્યું, ભાર મૂક્યો) નિશ્ચય પાકો હોય, તો આવા સ્થિતિવાળા, જ્ઞાનવાળા છે તે તેને મોટો જાણે. કેફ... 'ઈ શું સમજે ?' એવું પાછું નહિ. આવો ગમે. આ તો ભારે મુદ્દો કહી દીધો. આ પરાવાણી જીવમાં ઊતરી જવી જોઈએ; તો દેશકાળે બહાર નીકળે. પરાવાણી શું ? ઘરનો શબ્દ પણ ન આવવો જોઈએ. એનું નામ જ્ઞાન થયું કહેવાય. 'બેસ, બેસ' એમ દબાવી દે, તો સમજણ ન કહેવાય. લાખોપતિ શેઠ હોય, તેના નોકર આગળ પોતાને તુચ્છ જાણે. સામાન્ય ભક્ત હોય, પણ નિશ્ચય પાકો છે એની આગળ દાસપણું. મહારાજના એક એક શબ્દનો વિચાર કરવો. શબ્દનો તોલ થાય એમ નથી. મોટા સત્પુરુષ હોય પણ ભક્ત આગળ નિર્માનીપણે વર્તે.' આમ, અપૂર્વ બ્રહ્મ-નિરૂપણ કરી, સૌને જ્ઞાનામૃત પીરસ્યું.

દશમે પારણાં પછી સ્વામીશ્રી થોડા અશક્ત જણાતા હતા.

તા. ૨૦-૪-'૫૯, સ્વામીશ્રીએ આણંદ પધારી, બે દિવસ સૌને લાભ આપ્યો. ચૈત્રી પૂનમનો સમૈયો બોચાસણ કર્યો.

સવારે ૫-૦૦ વાગે સ્વામીશ્રી યુવકોને સંબોધતાં કહે : 'આજે ચૈત્રી પૂનમ. 'એકાંતિક ધર્મ સિદ્ધ થાય, કોઈનો અભાવ-અવગુણ ન આવે,' એવો સંકલ્પ કરવો.'

શુભ વાર-તહેવારે સ્વામીશ્રી અવશ્ય આવા શુભ સંકલ્પો જાહેરમાં સૌ ભક્તો માટે કરતા-કરાવતા. સૌને જાણપણું આપતા.

સમૈયો કરવો, કરવો ને કરવો

સવારે ૭-૩૦ વાગે સભા પ્રસંગે સ્વામીશ્રીએ કહ્યું :

'કથાવાર્તા કેમ થતી નથી ? એમ થવું જોઈએ. ત્યારે ખપ થયો કહેવાય. સ્વામી, મહારાજ અને એકાંતિક ઓળખાય, તો બેડો પાર. જ્ઞાનનો શું ફાયદો ? કોઈનો અવગુણ આવે નહિ. કથાવાર્તા સાંભળે તો જીવમાં જડતા ન આવે; હેત થાય, પ્રેમ વધે, સદ્‌ભાવ આવે; દુઃખ ન રહે. સમજણ કરવા, જ્ઞાન મેળવવા, નિર્દોષભાવ કેળવવા, ભગવાન અને સંતમાં જોડાવા આ સમૈયા બાંધ્યા. જૂનાગઢમાં સ્વામી કહેતા : 'તમે પાંચ રૂપિયા ભાડું ખર્ચીને આવ્યા તો આ સાધુ, દેવ, આચાર્યનાં દર્શન થયાં.' કેટલો ફાયદો થયો ! માટે ઉછીના લઈને પણ સમૈયો કરવો, કરવો ને કરવો.

'મહારાજ છતાં કથાવાર્તાનું સુખ. અત્યારે મુમુક્ષુ ઓછા પડ્યા એટલે દેહ-વ્યવહાર રાખવો પડે. ચા-નાસ્તા કરાવવા પડે. મોટા સંતનો નિરંતર પ્રસંગ કરવો. મનને મારવું. શું મારવું ? 'આ વખતે સમૈયે જવું નથી' એમ થીયા કરે, ત્યારે મારવું.'

રાત્રે ૧૦-૦૦ વાગે કથા પ્રસંગમાં સ્વામીશ્રી કહે :

'ખરો મુદ્દો - ભગવાન અને સંતમાં નિર્દોષબુદ્ધિ રાખવી. સત્સંગમાં દિવ્યભાવ રાખવો.'

'ડબ્બામાં (ટ્રેનમાં) ભેગાં બેસીને ગોષ્ઠિ કરવી. ચડતી ગાડીએ ચડવું નહિ. લટકવું નહિ. સવારે સ્વસ્તિક આસન વાળીને ધ્યાન ધરવું. નિયમ છે તે વાડ જેમ વેલાને સાચવે તે ઠેકાણે છે. નિયમથી વધાશે. પૂજામાં બોલવું નહિ. ૧૧ માળા ફેરવવી. ૫ ઊભાં ઊભાં ફેરવવી. ૫ દંડવત્ કરવા. માનસીમાં થાળ કરવો.

'છેલ્લો જન્મ કરવો છે. બાળકબુદ્ધિ ન કરવી. 'હું ગુણાતીત છું.' ક્રોધ ન આવવા દેવો. નબળું ભોગવવું, પણ ઉત્તમ ન ભોગવવું. સંયમ રાખશો તો ભગવાન રાજી થશે.'

પછી સીસ્વા, વરતાલ થઈ, નડિયાદ 'ન્યુ શૉરોક મિલ'માં પધરામણી કરી. કૃષ્ણાભાઈ તથા ગોરધનભાઈની સેવા સ્વીકારી અટલાદરા આવ્યા.

અહીં ગ.પ્ર. ૩૭ વચનામૃત સ્વામીશ્રી સમજાવતા હતા. તેમાં વાત આવી : 'જેવા તે ભક્ત ભગવાનની સમીપે બિરાજે છે... તે ભક્ત કયા ? અક્ષરબ્રહ્મ.

'સદા સાકાર એટલે - છે, છે ને છે જ.

'જુવાનિયાઓએ નિરાકારના ગ્રંથો વાંચવા જ નહિ.

'જેને સાકારની દૃઢ પ્રતીતિ હોય તે જેવો તેવો હોય... જેવો તેવો એટલે થાથાથાબડા જેવો. તેને નિર્ગુણ સ્વામી હોય તો ઝાટકી નાખે, પણ સ્વામીને વહાલો લાગે છે. નિષ્ઠાવાળો છે ને આજ્ઞા, ઉપાસના હોય.

'પ્રતાપ જો પોતાનો રાખે તો વધાય નહિ, પણ ભગવાનના પ્રતાપે કલ્યાણ સમજે તો જ વધાય.'

✧

કાનમ દેશના કેન્દ્ર સમા અટલાદરા મંદિરમાં દર્શન કરી, થોડો આરામ લઈ, મોટાસ્વામી સાથે ગામડે ફરવા નીકળ્યા. ઉનાળાનો ધૂમ તાપ માથે તપતો હોવા છતાં સત્સંગને લીલોપલ્લવ રાખવા, દેહની પરવા કર્યા સિવાય સ્વામીશ્રી વિચરણ કરી રહ્યા હતા.

સોમવાર, તા. ૨૭-૪-'૫૯, સાંજે વાઘોડિયા જવા નીકળ્યા. અહીં સત્સંગ મંડળ સારું ચાલતું હતું. ઉનાળાની રજાઓ પડી ગઈ હોવાથી લગભગ ૩૨ જેટલા યુવકો સ્વામીશ્રી સાથે હતા. સ્વામીશ્રી તેમને સેવા, સંપ અને સુહૃદભાવના પાઠો ભણાવી રહ્યા હતા.

તા. ૨૯-૪-'૫૯, કથા પ્રસંગમાં સ્વામીશ્રીએ અમૃતવચનો કહ્યાં :

'એક ગામમાં ગયા તો કહે : 'રસોઈ, ગાડું અને ધર્માદો એ ત્રણ આજ્ઞા અમને ન કરશો.' એમ પહેલેથી કહી દે. દસમો-વીસમો ભાગ શું કામ કર્યા ? આપણી ૮૦મા ભાગની કમાણી ચોખ્ખી થઈ જાય. નહિ તો પછી ડૉક્ટર, ફોજદાર વગેરે લઈ જાય.

'અગન પલિતા રાજદંડ, ચોર મૂશક લઈ જાય.
ઈતના દંડ દુનિયા સહે. હરિદંડ સહ્યો ન જાય.'

'એમ ધર્માદો વયો જાય. આવરદાનો ધર્માદો કાઢવો. બાર મહિનામાં એક મહિનો સમાગમનો. સમૈયે આવે તે સવારમાં આવે ને જમીને બપોરે વયો જાય, એમાં જ્ઞાન ન થાય. બે-ત્રણ દિવસ રહે તો જ્ઞાન થાય. પ્રશ્ન-ઉત્તર, વાતું, બીજું સાંભળીએ તો જ્ઞાન થાય. તમે આપો છો તો રોટલા, દાળ તમને આપીએ છીએ. અમારે ક્યાં ઘરનું લાવવું પડે છે ! ગુણાતીતાનંદ સ્વામી સૌને પરાણે રોકે. કહેતા : 'બાજરો સડી જાય છે. સુધાં દસનો મહિનો આપશું.' એમ શાસ્ત્રીજી મહારાજ જાતે કરતા. મંદિરો બાંધી ગયા તે આપણે ભજન કરવાનું સાનુકૂળ કરી ગયા. સ્વામીનો સિદ્ધાંત શું ? રોટલા ખવડાવીને ભગવાન ભજાવવા.'

ચોથે દિવસે સાંજે સૌ યુવકોને જાતે દૂધ-પૂરી જમાડી, અંટોલી જવા તૈયાર કર્યા.

જગત ખોટું થઈ ગયું છે

વાઘોડિયાથી રાત્રે ટ્રેનમાં કરમાલિયાપરા આવ્યા અને ત્યાંથી ગાડામાં સૌ અંટોલી પહોંચ્યા.

અહીં રોજ સાંજે સ્વામીશ્રી યુવકો સાથે નદીમાં નાહવા પધારતા અને યુવકો સાથે સમૂહ-સ્નાન કરતા. વળી, યુવકો સ્વામીશ્રીના હાથ પકડી ઊંડા પાણીમાં લઈ જતા, ત્યારે ઊંડા પાણીથી ડરીને સ્વામીશ્રી ફરી જતા. એમ સૌને આનંદ પમાડતા. સ્નાન વિધિ બાદ નદી કિનારે પ્રસાદીની વાતો કરતા.

એક સાંજે દેવ નદીએ નાહીને સ્વામીશ્રી એક બાજુ નારણભાઈનો હાથ

તેમની બગલમાં નાંખીને ઢાળ ચડતા હતા. બીજો હાથ રણછોડભાઈએ ઝાલ્યો હતો. સ્વામીશ્રી હાંફી ગયા હતા. તે વખતે બે ડોસા સામે મળ્યા અને સ્વામીશ્રીને પૂછ્યું : 'દાદા ! શું થયું છે ?'

તરત જ સ્વામીશ્રીએ કહ્યું : 'જગત ખોટું થઈ ગયું છે ભઈ !'

✧

ત્યાંથી ગાડામાં ભાયાપુરા આવ્યા. બીજે દિવસે એકાદશી હતી. થોડા યુવકોને નકોરડો ઉપવાસ કરવાનો હતો. પછીથી મોટાસ્વામીના આગ્રહથી બધા યુવકોએ ફરાળ કરેલું. ત્યારે સ્વામીશ્રી કહે : 'મારા પેટમાં બળતું હતું, પણ તમે સૌ જમ્યા તેથી શાંતિ થઈ ગઈ.'

ઘણી વાર સ્વામીશ્રી પોતાના કોઈ દુ:ખની લાગણી 'મારા પેટમાં બહુ બળ્યું' એ ઉદ્ગારોથી વ્યક્ત કરતા.

એકાદશી હોવાથી બપોરે 'ભક્તચિંતામણિ' વંચાવી. પ્રસંગોપાત્ત કેટલાક અગત્યના ખુલાસાઓ કર્યા. રાત્રે પણ ૧૨-૦૦ વાગ્યા સુધી, વ્રતનો દિવસ હોવાથી કથા-કીર્તન કરી જાગરણ કર્યું.

સ્વામીશ્રીએ અહીં યુવકોને વાત કરતાં કહ્યું : 'અમે સં. ૧૯૬૫ની સાલમાં અમારા ગુરુ કૃષ્ણચરણદાસ ભેગા સરધાર ગયેલા. ત્યાં માંડણ ભગત હતા. તેઓ પાંચ વરસના હતા ત્યારે મહારાજે તેમને માથે હાથ મૂકેલો. તે ડોસાનાં દર્શન કરાવવા અમારા ગુરુ સરધાર લઈ ગયેલા. મહારાજના સાક્ષાત્ સંબંધવાળા તે ડોસાનાં દર્શન કરેલાં. એવા ત્રણથી ચાર મહારાજના સંબંધવાળાનાં દર્શન કરેલાં.'

બીજે દિવસે સવારે પારણાં કરી, ગાડામાં આનંદપુરા જવા પધાર્યા. રસ્તામાં સમડાતળાવ ગામે પધરામણી કરી. આનંદપુરામાં રાત્રે જાહેર સભા કરી સ્વામીશ્રીએ યુવકો પાસે જાહેરમાં પ્રવચનો કરાવ્યાં.

ગુરુ કુરાજી થાય

અહીં સ્વામીશ્રી એક વૈષ્ણવ ભક્તને ઘરે પધરામણીએ ગયા. તેમણે તેમના ધર્મની પ્રણાલિકા મુજબ સ્વામીશ્રીનાં ચરણ ધોવા તૈયારી કરી અને થાળી, જળ વગેરે લાવ્યા. સ્વામીશ્રીએ તેમને કહ્યું : 'ઠાકોરજીનું પૂજન કરી આરતી કરો ને પછી સંતોને ચાંદલા કરો.'

આ વૈષ્ણવ ભક્ત તો ઘણા પ્રેમી હતા. તેમણે સ્વામીશ્રીનાં ચરણ ધોવા

ખૂબ વિનંતી કરી, કરગર્યા, પરંતુ સ્વામીશ્રી સંમત ન જ થયા. અને કહે : 'એમાં અમારા ગુરુ કુરાજી થાય, અમને આજ્ઞા નથી. તમારો બહુ ભાવ છે, તો આ હરિકૃષ્ણ મહારાજની મૂર્તિનાં ચરણ ધોવાં. તેમાં બધું જ આવી જાય છે.'

આમ કહી, સ્વામીશ્રીએ તેમની પાસે હરિકૃષ્ણ મહારાજની મૂર્તિને સ્નાન કરાવ્યું અને ઠાકોરજીનાં પૂજન-આરતી કરાવ્યાં.

આમ, તે ભક્તની ભાવના પૂર્ણ કરી. તેઓ પણ વિશુદ્ધ ધર્મ-પ્રણાલિકા જોઈને બહુ રાજી થયા અને સ્વામીશ્રીના આશીર્વાદ મેળવીને કૃતાર્થ થયા.

આરામ બાદ સૌ યુવકોના પાઠ લીધા અને સક્કરટેટીની પ્રસાદી સ્મૃતિરૂપે વહેંચી.

ભગવાન ભજે તે ડાહ્યો

અહીં સ્વામીશ્રી યુવકોને હેતથી નાસ્તો કરાવતા હતા. આ સમયે વાઘોડિયાના ડાહ્યા ભગત પણ નાસ્તો કરવાની ઇચ્છાથી ત્યાં આવી ચડ્યા. તેમનાં લઘરવઘર વેશ અને વિચિત્ર વર્તનથી, સૌ તેમને 'ડાહ્યો ગાંડો' કહીને બોલાવતા.

યુવકોએ તેમને ત્યાં આવવા ન દીધા અને બહાર જવાનું કહ્યું. આથી ડાહ્યાભાઈ બહાર જઈને બારણાની ઓથે બેઠા.

આ વાત સ્વામીશ્રીની જાણમાં આવતા તરત ઊઠ્યા અને જાતે એક હાથમાં કાગળમાં નાસ્તો અને બીજા હાથમાં ઉકાળો લઈને ડાહ્યા ભગત પાસે આવ્યા અને પ્રેમથી કહે : 'તમે ખાવાનું શરૂ કરી દ્યો, અને તમારે ફરી જે જોઈતું હોય તે હું લાવી આપીશ.' એમ કહી, સ્વામીશ્રીએ તેમને બેસવા માટે કોથળો પણ પાથરી દીધો.

થોડી વારે યુવકોનું ધ્યાન તે બાજુ ગયું. સૌએ જોયું તો સ્વામીશ્રી ભગત સાથે વાતો કરતા તેમને નાસ્તો કરાવતા હતા.

સ્વામીશ્રીને આવા અતિ સામાન્ય જણાતા ભક્તનો પણ આટલો મહિમા સમજીને સેવા કરતાં જોઈને યુવકોનાં અંતઃચક્ષુ ખુલી ગયાં. સ્વામીશ્રીએ યુવકોને એક પણ શબ્દ ઉપદેશનો કહ્યો નહીં, પરંતુ એમનું આ વર્તન દરેકને માટે શ્રેષ્ઠ ઉપદેશ બની ગયું.

✧

અહીંથી સાંજે ગાડામાં સુવાચારી જવા નીકળ્યા.

રાત્રે સભામાં અમદાવાદના જગદીશભાઈ '*રંગ લાગ્યો મને તારો રંગીલા*

રે...' એ કીર્તન ગાતા હતા. સ્વામીશ્રી સૌ સાથે જોશથી તાળીઓ પાડી તાલ પુરાવતાં સુખ આપી રહ્યા હતા. તેમાં *'તેં તો મારાં મન વશ કીધાં'* એ કડી આવી. બરાબર આ વખતે સ્વામીશ્રીએ હાથનું લટકું કરી એવું દર્શન આપ્યું, જાણે પોતે શ્રીહરિની મૂર્તિમાં એકતાર ન થઈ ગયા હોય ! સૌ યુવકોને સાક્ષાત્ શ્રીહરિનાં દર્શન થયાનું સુખ સ્વામીશ્રીનાં આ દર્શનથી આવ્યું. અઢળક ઢળ્યા !

તા. ૫-૫-'૫૯, અહીં રાત્રે સભામાં સ્વામીશ્રી વાતો કરી રહ્યા હતા. એક સ્થાનિક હરિભક્તની વૃત્તિ કથામાં નહોતી. સ્વામીશ્રી કહે : 'ક્યાં વૃત્તિ ગઈ ? 'સાધુ આવ્યા તે ધર્માદો દેવો પડશે,' એમ થતું હશે ? ભાઈ ! પાંચ રૂપિયાની વાત નથી. આ તો આત્યંતિક કલ્યાણ કરવું છે. અભયદાન દેવું છે. રસોઈ લેવા, ધર્માદો લેવા નથી આવ્યા. આ ઝાડ જોવા નથી આવ્યા.'

સ્વામીશ્રીએ પોતે જેની નીચે બેઠા હતા તે વૃક્ષ બતાવતાં કહ્યું : 'જ્યાં સંતપુરુષનાં પગલાં નથી પડ્યાં, તે ભૂમિ મસાણ કહેવાય. સત્પુરુષ જીવના કલ્યાણ માટે પધારે છે; રસોઈનો, ધર્માદાનો સ્વાર્થ નથી. એક જીવના કલ્યાણનો સ્વાર્થ છે. આ ઝાડ નીચે બેઠા છીએ તે સંસ્કાર પડ્યા. તે અક્ષરધામમાં જશે. અનાદિ મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી વંથળી જતા હતા ને બાવળિયો જોઈને બોલ્યા : 'ક્યાં બાવળિયો ને ક્યાં અક્ષરધામ !' એમ સંસ્કાર લાગે.'

વળી, આજથી સ્વામીશ્રીએ સૌ યુવકોને અંગ્રેજીમાં બોલવાની તાલીમ લેવાનું શરૂ કરાવ્યું. બબ્બે યુવકોની જોડી કરી, સામસામા એકબીજાને પ્રશ્ન-ઉત્તર કરવાનો ઠરાવ કર્યો. આજે વિનુ ભગત સાથે છ યુવકોનો વારો આવ્યો. સ્વામીશ્રી બહુ રસપૂર્વક પ્રશ્ન-ઉત્તર સાંભળે, કેટલીક વાર છાનું હસી લે. પ્રશ્ન-ઉત્તર બાદ તેનો ગુજરાતીમાં અનુવાદ સાંભળે. જો અનુવાદ ટૂંકમાં કરીએ તો કહે : 'ઉત્તર તો બહુ વાર સુધી (અંગ્રેજીમાં) ચાલ્યો અને અનુવાદ (ગુજરાતીમાં) કેમ થોડામાં પતાવો છો ?'

તે દિવસે રાત્રે ૧૨-૩૦ વગાડ્યા. બાદ રમૂજ કરતાં આરામમાં પધાર્યા.

અહીં વિનુ ભગત સ્વામીશ્રીના પત્રોના જવાબ આપી રહ્યા હતા, ત્યારે કોઈ હરિભક્તને ખાતમુહૂર્ત માટે શું શું તૈયાર રાખવું, તે પત્રથી જણાવવાનું હતું. એટલે સ્વામીશ્રી કહે : 'પાછું બધું લખજો. કંકુ, ફૂલ વગેરે. નહિ તો કોદાળી અને પાવડો લઈને આવશે. પાણી વગેરે લખવું. નહિ તો તે વખતે નળે દોડશે. નહિ તો જઈએ એટલે થઈ થઈ કરે.' સ્વામીશ્રી કેટલીક વાસ્તવિકતા રજૂ કરી, ઘણી વાર ગમ્મત કરતા.

ઝાડેશ્વરથી એક હરિભક્તની ચિઠ્ઠી આવી હતી : 'લગ્નમાં જવાનું છે, એટલે આપનો કાર્યક્રમ બંધ રાખશો.'

સ્વામીશ્રી કહે : 'એને લગ્નમાં જવાનું થયું તો આપણું લગન બંધ રાખો.' પછી જવાબ લખવા કહ્યું કે 'ચિઠ્ઠીમાં લખો કે તમારો કાગળ માથે ચડાવ્યો છે.' એમ હરિભક્તની અનુકૂળતા સાચવી લીધી.

પ્રગટ બ્રહ્મ એટલે શું ?

વળતે દિવસે સાંજે સુવાચારીથી ટ્રેનમાં લીંગસ્થળી પધાર્યા. ત્યાં રણછોડભાઈ તથા હીરાલાલભાઈએ સત્સંગ વધારવા માટે સારી જહેમત ઉઠાવી હતી. સભામંડપ ભવ્ય બાંધ્યો હતો. રાત્રે જાહેર સભા થઈ. મોટાસ્વામીએ કથાવાર્તાનો લાભ આપ્યો. હવે પછી રાત્રે અંગ્રેજીમાં પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ કાયમ માટે નોંધાઈ ગયો હતો. તેમાં 'પ્રગટ બ્રહ્મ એટલે શું ?' એ પ્રશ્ન નીકળ્યો. સૌને સ્વામીશ્રી પાસેથી ખુલાસો સાંભળવાની ઇચ્છા હતી. તેથી સ્વામીશ્રીએ સચોટ ઉત્તર આપ્યો :

'ગુણાતીતાનંદ સ્વામી પ્રગટ બ્રહ્મ છે. ગ.પ્ર. ૭૧ અને ગ.પ્ર. ૬૩ વચનામૃત પ્રમાણે સત્સંગમાં અક્ષરની જરૂર છે એમ નામ પાડેલું, પણ એ અક્ષર કોણ છે એમ જાહેર નહોતું થયું. શ્રીજીમહારાજે પોતે એક મહિનો ભાદરા રહી અક્ષરનો મહિમા બહુ કહ્યો હતો; અને એ અક્ષર ગુણાતીતાનંદ સ્વામી છે એમ પણ વાત કરી હતી. તે પછી એક વખત જૂનાગઢમાં સમૈયામાં ગોપાળાનંદ સ્વામીએ ભાદરાના હરિભક્તોને, શ્રીજીમહારાજે ભાદરામાં જે વાત કરી હતી, તે કરવા આજ્ઞા કરી. તેમણે જુદી જુદી વાત કરી, પણ સ્વામીએ કહ્યું કે 'મહારાજે જે ગુણાતીતાનંદ સ્વામીના મહિમાની વાત કરી હતી તે કહો.' ત્યારે સાધુ માધવદાસે તે વાત સભામાં કહી.

'આમ, અક્ષરની વાત અંદરખાને પડી રહેલી. પાંચ-સાત જણ જાણે. 'પબ્લિક'(public)માં જાહેર નહોતી થઈ, તે પ્રથમ સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીએ બહાર પાડી. તે પછી ભગતજી મહારાજ, જાગા સ્વામી, બાલમુકુંદ સ્વામી, કૃષ્ણજી અદા, શાસ્ત્રી ધર્મસ્વરૂપદાસજી, ધોળકાના હરિશંકરભાઈ આદિ જૂનાગઢના ભક્તોએ આ વાતનું પ્રતિપાદન કર્યું. ભગતજી મહારાજે જાહેરમાં વાત કરી સૌને સમજાવી. જૂનાગઢના શાસ્ત્રી ધર્મતનયદાસજી તો કહેતા : 'આ વાતનું પ્રતિપાદન હું શાસ્ત્રને આધારે વરતાલની સભામાં કરું.' એ પછી વાત

ઢંકાઈ રહેલી.

'શાસ્ત્રીજી મહારાજે કહ્યું : જેમ નરનારાયણ, રાધાકૃષ્ણ, એમ સ્વામીનું પૂજન મહારાજ સાથે થવું જ જોઈએ.

'લક્ષ્મીપ્રસાદજી મહારાજમાં પ્રવેશ થયો ને સ્વામી શાસ્ત્રીજી મહારાજને વડતાલથી બહાર નીકળવું પડ્યું. સ્વામીએ પહેલું મંદિર બોચાસણ કર્યું. એ પછી બીજાં મંદિરો કર્યાં. એ વાત મોટાસ્વામી ઘણી વાર કહે છે.

'સમજવાનું એ છે કે અનાદિ બ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી છે. એ બ્રહ્મને જે રાખે તે તેવો થાય છે ને તત્ત્વજ્ઞાન મેળવી શકે છે. એનો આશીર્વાદ મળે તો બ્રહ્મ થકી બ્રહ્મભાવ પામે ને વારસો મળે. આ વારસો ખોટો થતો નથી.

'ગુરુ દે કરપાવ, શીતળતા શીરપાવ, મેરો ઘાટ દૂસરો બનાયો હૈ.'

'એમ બ્રહ્મનો વારસો મળે છે. જેમ બ્રાહ્મણનો દીકરો બ્રાહ્મણ, વાણિયાનો દીકરો વાણિયો, એમ ગુરુ બ્રહ્મસ્થિતિ આપી દે છે.'

આમ, રાજીપાથી ઉપાસનાનો આ મૂળભૂત સિદ્ધાંત સ્વામીશ્રીએ સરળતાથી સમજાવ્યો. એમની સમજાવવાની રીત જ અલૌકિક હતી.

અહીંથી ગાડામાં સલાડ જવાનું હતું. એક યુવકે કોઈને બોલાવતાં કહ્યું : 'એલા, ગાડામાં બેસી જા.'

સ્વામીશ્રી કહે : 'ભગવાનના ભક્તને 'એલા' ન કહેવાય. 'ચાલો, આપણે ગાડામાં બેસી જઈએ,' એમ કહેવું.' એમ સૌને વિવેક શિખવાડતા, સલાડ આવી પહોંચ્યા.

અહીં સ્વામીશ્રી મંદિરના મેડા ઉપર આવ્યા અને જૂની સ્મૃતિ કરી : 'અહીં બારી પાસે શાસ્ત્રીજી મહારાજ પોઢતા. અહીં સાત દિ' પારાયણ થયેલી. હાથી ઉપર વરઘોડો કાઢેલો. અમે પહેલી વાર હાથી ઉપર બેઠેલા. રુંવાદ સુધી વરઘોડો ગયો. અહીંથી ઘર સુધી ફૂલઝાડનાં કૂંડાં અને રેશમના તાકા પાથરેલા. એવો સુંદર વરઘોડો કાઢેલો કે લાખ વરસ સુધી ગુણગાન કહીએ તોય ઓછાં છે ! ઈટોલા સુધી ૪૦ થી ૫૦ ડમણિયાં વળાવવા મોકલેલાં.'

મૌનથી ગુણગ્રાહિતાનો સંદેશ

પછી કંડારી થઈ, તા. ૧૦-૫-'૫૯, સાંજે અટલાદરા, આણંદ થઈ કરમસદ પધાર્યા. વિદ્યાનગર તથા કરમસદમાં પધરામણીઓ કરી. આણંદ, વડોદરા થઈ બીજે જ દિવસે રાત્રે પાછા કંડારી આવી પહોંચ્યા હતા. આમ,

ભક્તોના સંકલ્પો પૂરા કરવા એક દિવસમાં કેટલાંય ગામોમાં પધરામણી કરી, સ્વામીશ્રી દોડાદોડ પાછા કંડારી આવી પહોંચ્યા.

અહીં મથુરભાઈ વૈદ્યના ઘરે યુવકોનો ઉતારો હતો. ડૉ. રમણભાઈ પણ સાથે જ હતા.

સત્સંગમાં પ્રવર્તતી કેટલીક વાતો તથા કેટલાકનું સ્વભાવવશ વર્તન જોઈ તેમના મનમાં કેટલીક વાતો ઘોળાતી હતી. તેથી તેમણે સ્વામીશ્રીને એકાંતમાં મળવાની ઇચ્છા દર્શાવી. સ્વામીશ્રી તેમનો હાથ ઝાલી ઓરડામાં લઈ ગયા ને પૂછ્યું : 'કહો, શું છે ?'

રમણભાઈએ વાત આરંભી. જેમાં એક ભક્તના સત્સંગ-વિરુદ્ધ વર્તનની તદ્દન સાચી હકીકત હતી. હજુ તો વાતનો મુદ્દો પણ કહેવાયો નહોતો અને સ્વામીશ્રીએ રમણભાઈનો હાથ પકડ્યો હતો તે તરછોડી દીધો. એક શબ્દ પણ બોલ્યા વિના બહાર ચાલ્યા ગયા.

રમણભાઈ ઉપર આ પ્રસંગની એટલી ઊંડી અસર પડી કે તેમણે નિર્ણય લીધો કે ક્યારેય કોઈનાય અવગુણ જોવા જ નહીં. છતી આંખે અંધ રહેવું, છતે કાને બહેરા રહેવું, એ સ્વામીશ્રીનો મત છે. અને અભાવ-અવગુણમાં પડવું નહિ, એ એમનો સિદ્ધાંત છે.

✧

વૈશાખ સુદ ચોથને સવારે કંડારીથી પાલેજ જિનમાં પધરામણી કરી, સ્વામીશ્રી ઠીકરિયા પધાર્યા. મણિભાઈનો ઉત્સાહ અનેરો હતો. પધરામણીઓ થઈ.

આરતી, નિયમ પછી યુવકો સ્વામીશ્રી સમક્ષ કીર્તનો ગાતા હતા. એક પછી એક કીર્તનોથી સભાનો રંગ જામતો જતો હતો. તેવામાં જગદીશભાઈએ *'યોગી આવો તે રંગ મને શીદ લગાડ્યો'* તે કીર્તન ઉપાડ્યું. પહેલાં સ્વામીશ્રીએ 'રહેવા દ્યો !' એમ ના પાડી, પરંતુ યુવકોના આગ્રહને વશ થઈ ગાવા દીધું. પછી તો પૂછવું જ શું ? શરૂઆતમાં તો સ્વામીશ્રી ખડખડાટ હસી પડ્યા, પણ પછીથી મૌન રાખે, વળી મૂછમાં હસે. એમ અલૌકિક સુખ આપતાં કીર્તન ઝીલવા લાગ્યા.

યુવકો તો ગાવામાં બરાબર ગુલતાન થયા હતા. સ્વામીશ્રીને લાડ લડાવ્યા વગર છૂટકો ન હતો. ખૂબ ખૂબ આનંદ કરાવ્યો. સૌને સાક્ષાત્ અક્ષરધામનું સુખ આવ્યું. અચાનક સ્વામીશ્રીએ 'સહજાનંદ સ્વામી મહારાજની જય' બોલાવી, ત્યારે સૌને ભાન આવ્યું કે આપણે ઠીકરિયામાં મણિભાઈના ઘરમાં બેઠા છીએ. સદ્‌ગુરુ પ્રેમાનંદ સ્વામીએ કીર્તનમાં જે લખ્યું - *'વહાલા તારે હસવે હરાણું*

ચિત્ત, બીજું હવે નવ ગમે રે લોલ' એ વિધાન આજે સૌને અનુભવમાં આવ્યું.

રાત્રે અંગ્રેજીમાં પ્રશ્ન-ઉત્તર પછી, ચેષ્ટા બાદ સ્વામીશ્રી પોઢી ગયા.

સ્વભાવ કેમ ટળે ?

વૈશાખ સુદ ૫, ગાડામાં કીસનાડ પધરામણી કરી. કથાવાર્તા કરતાં માત્રોજ પધાર્યા. આજે એક દિવસમાં ત્રણ ગામ થયાં હતાં.

સ્વામીશ્રી કાનમનાં ગામડાંઓમાં ગાડાંમાં મુસાફરી કરે. બપોરે ત્રણ-ચાર વાગે નીકળવાનું. ગાડામાં બિસ્ત્રા ઉપર પોતે બેસે, સાથે મોટાસ્વામીને બેસાડે. એક યુવક તાપ ન લાગે તેથી સ્વામીશ્રીને માથે છત્રી ધરે. સ્વામીશ્રી મોટા-સ્વામીને છાંયો આવે, તે માટે છત્રી તે તરફ રખાવે ને યુવકો પાસે વાતું, વચનામૃત, કીર્તન કે છેવટે ધૂન બોલાવે. બીજાં ગાડાંમાં સામાન હોય અને યુવકો આજુબાજુ ભજન-કીર્તન કરતાં ચાલે.

આવા વિચરણમાં આજે પણ સૌ થાકી ગયા હતા, તેમ છતાં રાત્રે સ્વામીશ્રીએ અંગ્રેજીમાં પ્રશ્નોત્તર અને ગોષ્ઠિ તો કરાવી જ.

ગોષ્ઠિમાં એક યુવકે પ્રશ્ન પૂછ્યો કે 'સ્વભાવ કેમ ટળે ?'

ત્યારે સ્વામીશ્રી કહે : 'ત્રણ દિવસના ભૂખ્યા હોઈએ અને દૂધપાક-પૂરીની રસોઈની થાળી પીરસી હોય અને તેમાં કોઈ ધૂળ નાંખે તો કેવો અણગમો થાય ! તેવો અણગમો જો સ્વભાવ ઉપર થાય તો સ્વભાવ ટળે.'

આમ, ખૂબ વાતો કરી, મોડી રાતે સૌને સૂવા માટે રજા આપી.

બીજે દિવસે જમ્યા પછી સૌ સંતો પત્તર ધોતા હતા તે જોતાં, સ્વામીશ્રી દાંત ખોતરતાં, રમૂજ કરતાં કહેવા લાગ્યા : 'આપણે ત્યાં બધા સાધુ ઉતાવળા છે. હું એક ઠંડો છું.' મોટાસ્વામી તથા પ્રમુખસ્વામી આ સાંભળી હસી પડ્યા.

સાંજે ગાડામાં સારીંગ પધાર્યા. ભક્તરાજ મનુભાઈનો પ્રેમ અપાર. સ્વામીશ્રી પ્રત્યે પ્રેમલક્ષણા ભક્તિ તો ખરી જ, પણ હરિભક્તો પ્રત્યે પણ આવો જ ભાવ. સ્વામીશ્રીએ તેમના કોડ પૂરા કર્યા.

સાંજે મોટરમાં પાલેજ જતાં સ્વામીશ્રી કહે : 'હજુ મનુભાઈ જમ્યા જ નથી. આપણને વળાવ્યા. હવે જમશે. કેટલો પ્રેમ !' એમ ખૂબ પ્રશંસા કરી.

અંતર રંગના

તા. ૧૫-૫-'૫૯, સાંજે ૪-૩૦ વાગે, પાલેજથી ભરૂચ લોકલ ટ્રેનમાં

જતાં સ્વામીશ્રીએ યુવકોને સંબોધીને કહ્યું :

'આપણે જુદા નથી. અમે તમારી સાથે જ છીએ. સંતમાં કલ્યાણકારી ગુણ હોય એટલે નિર્દોષબુદ્ધિ રહે; પણ હરિભક્તમાં કેમ રહે ? વર. ૧૧માં કહ્યું : એવા સંત સાથે પ્રીતિ. એવી પ્રીતિ કેમ થાય ? તો નિર્દોષભાવ. જેવા ધામમાં છે, તેવા ને તેવા જ અહીં બિરાજમાન છે.

'મને કૃષ્ણજી અદાએ શાસ્ત્રીજી મહારાજનો બહુ મહિમા કહેલો : 'આખા બ્રહ્માંડમાં એવા સાધુ નથી. ભગતજી મહારાજને સેવા કરી રાજી કર્યા છે. માટે એમની સેવા કરો; નિર્દોષબુદ્ધિએ સહિત. એમને ઓશિયાળા કરશો નહિ.' એમ મને સમજાવીને શાસ્ત્રીજી મહારાજ પાસે મોકલ્યો. મેં એમની ૩૦ વર્ષ સેવા કરી.

'મને નાનામાં નાના સત્સંગીનો અભાવ કોઈ દિ' આવે નહિ. ઈ દેખાય જ નહિ. દેખાવા દઉં નહિ. બ્રહ્મની મૂર્તિ દેખું. માયિકભાવ આવે નહિ. ચૈતન્યમૂર્તિ સમજું. કદાચ મનુષ્યભાવ આવે તો મહિમા વિચારું. એ શાસ્ત્રીજી મહારાજની દૃષ્ટિથી. મારામાં તો કંઈ નથી.' એકદમ હાથનું લટકું કરતાં સ્વામીશ્રી બોલ્યા :

'જૂનાગઢમાં માધવપ્રિયદાસ સાધુ હતા. ૧૦૨ વર્ષના. ગુણાતીતાનંદ સ્વામીએ એમની પાસે નિષ્કામ-શુદ્ધિ લખાવેલી. બહુ સમર્થ. હવેલી ઉપરથી પડી ગયેલા. મારા ગુરુ કૃષ્ણચરણદાસ સ્વામીએ આજ્ઞા કરી, તેથી છ મહિના તેમની બહુ સેવા કરી. તે વખતે પાળો હતો. તેમનું પેટ દાબતો, પેટ ચોળતો.

'છ મહિના સુધી મંદિરનાં ઢોર ચારેલાં. અને સાંજે દાતણ કાપતાં આવીએ. સવારે ૮ વાગે જઈએ, તે સાંજે ૫ વાગે આવીએ.

'છ મહિના સુધી મંદિરમાં છાણાં થાપેલાં. ત્રણ મહિના સુધી ખળીમાં કામ કરેલું (પૂળા બાંધવાનું).

'૨૦ સાધુની સેવા કરી. તે દિ' દેહ ખમી શકે. બાલમુકુંદ સ્વામી રાજકોટ આવે. તે કૃષ્ણચરણદાસ સ્વામી કહે તેથી તેમને એક મહિનો બપોરના પંખો નાખ્યો હતો. એવો ધીમેથી નાખું કે ઊંઘ આવી જાય. શાંતિ થઈ જાય. તેથી દૃષ્ટિ પડી ગયેલી. પછી મોટી સભામાં 'વાતું', 'વચનામૃત' બોલાવે.

'આપણે ખમતાં શીખવું. ૪૦ વર્ષ સુધી ખાસડાં ખાધાં છે. અને આ ટાલ પડી છે. ડાંગરામાં મંદિર કરતા, તે સવારે વહેલો ઊઠીને હું રસોઈ કરી નાંખતો. તે વખતે કામ કરનાર મજૂર પણ ટોકતા, તે ખમી લેતો.

'તે દિવસે ભગતજી મહારાજ કહેતા : 'જૂનાગઢ જાવ તો જાગા સ્વામીનો સમાગમ કરજો.' એમ બધા એકબીજાનો મહિમા કહે. બધા એક રુચિના. એવા

૫૧ એક રુચિવાળા કરવા છે.

'ભગતજી મહારાજ નવ વર્ષ ગોપાળાનંદ સ્વામી પાસે રહ્યા. સાડા ત્રણ વર્ષ ગુણાતીતાનંદ સ્વામીની અતિશય સેવા કરી. ત્યારે સિદ્ધદશાને પામ્યા. તો તે અનાદિના હતા. સ્વામી કહે : 'તત્કાળ કલ્યાણ કરવું છે. ગ.મ. ૭ અને સા. ૧૮ વચનામૃતો વિચારવાં.

'મુખ્ય વ્રત બ્રહ્મચર્ય પાળવાનું છે. બ્રહ્મચર્ય તે બ્રહ્મસ્વરૂપ. પડ્યા ઉપવાસ કરવા એ બ્રહ્મચર્ય. સ્ત્રીનો સ્પર્શ ન કરવો. જોવું નહિ. ચોળીને ખાવું. નીચે સૂઈ જવું. કૌપીન પહેરવી. હું કોથળા ઉપર સૂઈ જતો અને કૌપીન તો ઘરે હતો ત્યારથી પહેરતો. હા... ત્યારે તમને કહીએ છીએ.

'યોગેશ્વરદાસજી કહેતા : 'દેહ રંગ્યા નહિ, પણ અંતર રંગના.' અત્યારથી 'આપણે સાધુ છીએ' એમ માની લઈ નિયમ પાળવા. અમને ખાતરી છે કે તમે અમારા થયા છો. અને વચન માનો છો, તો ફરજ પાડીએ છીએ.

'દિવ્યભાવ રાખવો. ચૈતન્યમૂર્તિ જ જોવી. માધવપ્રિયદાસ, નારાયણચરણદાસ, કૃષ્ણજી અદા બધા મને શાસ્ત્રીજી મહારાજનો મહિમા કહેતા.

'મને થયું : આપણે ૫૧ સાધુ કરવા છે. તે શાસ્ત્રીજી મહારાજની બહુ સેવા કરી, તે ફળરૂપે તમારા જેવા યુવકો મળ્યા. બે વર્ષમાં ૫૧ યુવકો તૈયાર કરો. પછી બધાને સંસ્કૃત ભણાવીને, ટિકિટ લઈને પરદેશ મોકલવા છે. અર્જુનનાં બાણ સુર સુર નહિ, લોહીની નદીયું વહેવડાવે. તેમ ગુણાતીતનાં બાણ બ્રહ્માંડ ડોલાવે. પછી ઉર્દૂમાં, હિંદીમાં પ્રચાર કરો. બધા મુંબઈથી તૈયાર છે. મુંબઈ મંડળે આખા સત્સંગમાં અજોડ કાર્ય કર્યું છે. બ્રહ્માંડ તોડી નાંખે એવું કાર્ય કર્યું છે.'

આમ, વાતો કરતાં ભરૂચ આવી ગયું. અહીં રામચંદ્રભાઈના દીકરા ઠાકોરભાઈના મકાનનું ખાત કરી, અટલાદરા પધાર્યા. સુમનભાઈની મોટરમાં વડોદરા, દાઓલ તથા રઢુ પધરામણી કરી.

રાત્રે ૧૨-૦૦ વાગે સુરેન્દ્રનગર પહોંચ્યા. બીજે દિવસે અહીં ત્રિકમભાઈના મકાનનું વાસ્તુ કરી, ગઢપુર જવા નીકળ્યા. રસ્તામાં લીંબડી તથા મોજીદડ પધરામણી કરી. રસ્તો ભૂલ્યા. સ્વામીશ્રીને તકલીફ ઘણી પડી.

રાત્રે ૨-૩૦ વાગે ગઢપુર પહોંચ્યા. મુસાફરી અને હડદોલાથી થાકેલા સ્વામીશ્રી રાત્રે દિશાએ ગયા. સ્નાન કરીને વહેલી સવારે આરામ કર્યો.

વૈશાખ સુદ ૧૦નો પાટોત્સવ ગઢપુર કર્યો. સાંજે ઘેલાને કાંઠે સભા ભરી વાત કરતાં કહે : 'જેટલા સત્પુરુષમાં જોડાવાય એટલા ગુણ આવે. સત્પુરુષ તો

ગુણ આપવા જ બેઠા છે, પણ ભૂખ લાગી હોય ને મોઢું બંધ રાખીએ તો ભૂખ ન જાય.'

એકાદશીને દિવસે સવારે ગોંડલ જવા નીકળ્યા. આગલે દિવસે મોટા મંદિરે તથા લક્ષ્મીવાડીએ દર્શન કર્યાં હતાં, છતાં જતાં જતાં ફરી બંને સ્થળોએ દર્શન કરી નીકળ્યા. રસ્તામાં સરધારમાં પણ બધે દર્શન કર્યાં અને રાજકોટ થઈ રાત્રે ગોંડલ પહોંચ્યા.

ઠેઠ મુંબઈ સુધીના ભક્તો પરિવાર સાથે આ સાક્ષાત્ સ્થાનમાં સ્વામીશ્રીનો લાભ લેવા દોડી આવ્યા હતા. એમના સાંનિધ્યમાં અક્ષર મંદિરમાં આનંદ જ અનેરો ! જાણે અક્ષરધામ પૃથ્વી ઉપર ઊતરી આવ્યું હોય, એવું સુખ નાના-મોટા સૌ અનુભવતા. સ્વામીશ્રીની પાછળ આખું મંડળ ફરતું હોય. તેઓ અક્ષર દેરીમાં જાય તો સૌ દેરીમાં આજુબાજુ ફરી વળે; મંદિર ઉપર દર્શને જાય તો ત્યાં સૌ પહોંચી જાય; સભામંડપમાં પધારે તો ત્યાં પણ પાછળ; આમ પાગલ બની સૌ સ્વામીશ્રીનો કેડો મૂકી શકતા નહિ. કોઈ અજબ નેડો સૌને લાગ્યો હતો.

મૂળ અજ્ઞાન ટળે એ જ સત્સંગ

કથાવાર્તાનું સુખ પણ અલૌકિક આપ્યું. અક્ષર દેરીમાં તથા સભા પ્રસંગે વાત કરતાં *'ચાલો ચાલો જીરણગઢ આજ રે, સત્સંગ કરવાને'* એ પદ ઉપર બોલતાં સ્વામીશ્રીએ વાત કરી કે 'જીરણગઢમાં જ્યાં અનાદિ અક્ષરબ્રહ્મ વાતો કરતા હતા, ત્યાં જ અનાદિ અજ્ઞાન ટળતું હતું. જ્યાં મૂળ અજ્ઞાન ટળે, ત્યાં જ ખરો સત્સંગ થાય છે તેમ સમજવું. એટલે મહારાજે પણ સૌને આજ્ઞા કરી :

'વર્ષોવર્ષ એક માસ રે, કરવો આ મંદિરમાં નિવાસ રે...'

'કારણ કે જૂનાગઢમાં સ્વામીના સમાગમથી મૂળ અજ્ઞાન ટળતું હતું અને એકાંતિક ધર્મ સિદ્ધ થતો હતો. ડભોઈના કરુણાશંકરને સ્વામીએ કહ્યું : 'અહીં સત્સંગ લીલોપલ્લવ છે, કારણ કે અહીં સહજાનંદ સ્વામી પ્રગટ બિરાજે છે.'

'એવા સ્વામી-સ્વરૂપ સત્પુરુષના પ્રસંગમાં દેહનો અનાદર સહેજે જ રહે. આવું સ્થાન બ્રહ્મરૂપ થવા માટે સ્વામી શાસ્ત્રીજી મહારાજ બાંધી ગયા. કથાવાર્તાના અખાડા સારુ આ સ્થાન કર્યાં છે. આ અખાડામાં નાનો-મોટો કોઈપણ આવે, સત્સંગમાં કાંઈ ન સમજતો હોય તેવો પણ જો આવે, તો પાકી જાય. જેમ નિંભાડામાં માટલાં પાકે છે, તેમ પાકી જાય. આ અખાડામાં આવે તેને અજ્ઞાનરૂપી અંધારું, જગતની વાસના વગેરે ટળી જાય. મોટી વસ્તુ આવે

એટલે નાની વસ્તુ આપોઆપ નીકળી જાય.

'આપણે જીવનો સત્સંગ કરવો. લોયા ૧૨માં જે છેલ્લો નિર્વિકલ્પ નિશ્ચય કહ્યો છે તે આપણે સિદ્ધ કરવો. એ નિશ્ચય પ્રમાણે જીવમાં વર્તાય તો એનો આનંદ જુદો રહે.

'આપણને પુરુષોત્તમ નારાયણનો સાક્ષાત્ સંબંધ તેમના પરમ એકાંતિક સંત દ્વારા થયો છે, તો તે કાંટો મોળો પડવા ન દેવો. મોટાપુરુષને નિર્દોષ જાણો એ મનની સેવા; તેમના ગુણ ગાય તે વચનની સેવા; અને કર્મ એટલે દેહે કરીને તેમની સેવામાં ટૂક ટૂક થઈ જાય. પરંતુ જો ઉન્મુખ વૃત્તિ રહે તો સેવ્યા ન કહેવાય. સન્મુખ વર્તે તો ગુણ આવી જાય. મોટાપુરુષના ગુણ પ્રાપ્ત કર્યા હોય, તો અંતરાય ન રહે.'

પછી ભક્ત રાઘવદાસે રચેલા, મહારાજનાં ચરિત્રના સલોકા વહેલી સવારે અક્ષર દેરીમાં બોલીને વાત કરી :

'શાંતિનો ઉપાય ભગવાન અને સંતોનાં ચરિત્ર ગાવામાં છે. અહીં દેરીમાં રોજ સવારે હું આ શ્લોકો બોલતો અને મેવાસાના દેવજી ભક્ત 'હરે' બોલતા.

'ભગવાન અને ભગવાનના ભક્તના ગુણ ગાવામાં જીવ બ્રહ્મરૂપ થઈ જાય છે. માટે ગુણ ગાવા, પણ અવગુણ તો ન જ ગાવા. કોઈને નહિ સમજાય તો ભવિષ્યમાં સમજાશે. કયો ભાજીપાલો છે તે સુકાઈ જશે ?

'આજે નૃસિંહ જયંતી છે. મહારાજે આજે ઉપવાસ કરાવ્યો તેનું કારણ એ કે પ્રહ્લાદ ભક્તની નૃસિંહ ભગવાને રક્ષા કરી. જે કોઈ સંબંધમાં આવી જાય તેનું ભગવાન કામ કરે છે.

'સારામાં સારું તે શું ? તો આ ભગવાન અને આ સાધુનો સંબંધ થયો તે સારામાં સારું. માટે આપણે આખો ગુણાતીત બાગ દિવ્ય સમજવો. હરિશંકરભાઈ સખપુરમાં માંદા થયા અને દેહ રહેશે નહિ તેવું જણાયું, ત્યારે જાગાભક્ત સ્વામીએ કૃષ્ણજી અદાને સખપુર હરિશંકરભાઈને દર્શન દેવા મોકલ્યા અને કહેવરાવ્યું કે 'કરસનભાઈ ત્યાં આવે છે તો તેમને તમે સાક્ષાત્ સ્વામિનારાયણ સ્વરૂપ માનજો.' એમ અરસપરસ સૌ મહિમા સમજતા.

'દેહનું કે ભોગનું ખંડન થાય, ત્યારે મોટાપુરુષનો અભાવ આવે. ગોપાળ સ્વામીની ઝોળીમાં એટલે જ દેવતા નાખ્યો, ચરણારવિંદની જોડ બાળી નાખવા માટે.

'રામચરણ અને ગોવિંદચરણ, સ્વામીના શિષ્ય હતા. સૌ સ્વામીને

'અક્ષર' કહેતા. ત્યારે આ બે જણા કહેતા કે 'સ્વામી ચાર તાવડીએ હારોહાર રોટલા કરી દે તો અમે સ્વામીને અક્ષર માનીએ.' માટે આવી અવળી સમજણવાળામાં ગુણ શી રીતે આવે ? ભગવાન અને સંતમાં દિવ્યભાવ હોય, તો વધે. ગુણ તો સૌને લેવા છે, પણ લાહા(સહેલું) નથી પડ્યા. સત્પુરુષને નિર્દોષ, સર્વજ્ઞ જાણે, અને તેમની સાથે અંતરાય ન રાખે, તો ગુણ આવે. ગુણ લાવવા માટે દ્વાર જોઈએ. સત્પુરુષમાં નિર્દોષબુદ્ધિ એ જ દ્વાર. સમ્યક્ પ્રકારે મોટાપુરુષમાં નિર્દોષબુદ્ધિ થઈ જાય, તો ગુણ આવી જાય.'

ગુણ શીખવારૂપ ભક્તિ

રવિવાર, તા. ૨૪-૫-'૫૯, સવારે ગોંડલથી નીકળી રીબ ગામમાં તથા એક હરિભક્તના ખેતરમાં પધરામણી કરી. મંદિરમાં દર્શન કરી, રાજકોટ જમી, રાત્રે મોટરમાં ડાંગરા જઈ રહ્યા હતા. લાંબી મુસાફરીમાં સાથે એકાદ યુવક હોય તો સ્વામીશ્રી તેની પાસે 'વાતું, 'વચનામૃત', કીર્તનો મોઢે બોલાવે. વળી, વાતો પણ કરે. આજે આખે રસ્તે ઉપદેશ આપતાં કહ્યું :

'એવી સેવા કરે તે સેવક... સેવા કઈ ? સત્સંગ વધારવાની. આખા દેશમાં જ્યારે ખરેખરો સુહૃદભાવ થઈ જાય, ત્યારે સત્સંગ થયો જાણવો. આપણે બીજા સાધુ સાથે હોઈએ તો તેની સાથે મેળ રાખવો. સાપ ફૂંફાડા મારતો હોય તે સાચવવો પડે, પણ તેના અવગુણ ન શીખવા. બાટકવું નહિ. આપણે ભીડો વેઠવો. દરેક હરિભક્ત યુવક સાથે ફરતા હોય, તેની રાખ-રખાવટ કરવી. પાણી પાવું, જમાડવા, રમાડવા, તો સૌ આપણને ભવિષ્યમાં યાદ રાખે. ભાર પડે. બધા યુવકો બુદ્ધિશાળી છે. બસો રૂપિયાનો પગાર પાડે એવા છે. તેથી આપણી તરત પરીક્ષા કરી લે. તો આપણે ભીડો ખમવો.

'અમે સ્વામી છતાં છાશ પી લઈએ, કઢી પી લઈએ, અમારા ભાગની રસોઈ બીજાને જમાડી દઈએ, અમારે માટે કંઈ ન રાખીએ, અને બધાને સાચવીએ. સ્વામી છતાં હું સભામંડપમાં બેસતો જ નહિ. સેવા કર્યા કરું. પચાસ જેટલા બાપુ આવ્યા હોય તો તેમને ફૂલકા-શાક જમાડું, તો સત્સંગ ઉપર હેત રહે.

'વળી, પૂજાજી બાપુ વગેરે સમૈયા ઉપર આવે. સ્વામીની આજ્ઞા તેથી તેમને ડબ્બો ભરીને ગરમ પાણી ઉતારે આપી આવું. થાળ થાય ત્યારે સમૈયામાં ગિરદી બહુ હોય, તેથી ઉતારે લઈ જઈને જમાડી આવું. એમ દરેક સમૈયામાં ખબર રાખું.

'અત્યારે બાલમુકુંદ સ્વામી સેવા કરે છે, તો સૌને તેમનો ભાર છે. વળી, શાસ્ત્રીજી મહારાજ છતાં સંતસ્વામીએ પણ એવી સેવા કરી, રાજી કરી લીધા. તો સૌ તેમને તેડાવે છે. તેમનો ભાર પડે છે.

'આપણે કોઈ સૂતો હોય, ક્રોધ કરતો હોય, બાટકતો હોય, તેની સામું ન જોવું; પણ સેવા કરતો હોય, સરળ હોય, તેવા સામું જોવું. આપણે સાધુતા શીખવાની છે. તમે અમારી ભેળા રહો અને કોરાધાકોર રહો, તે અમને છાતીમાં બળે. અને જો ગુણ શીખો તો શેર લોહી ચડે. ગુણ શીખવા એ જ ભક્તિ. માટે તમને અમારા જાણી કહીએ છીએ.

'સ્વામી છતાં રામચરણદાસ અને ગોવિંદચરણદાસ ૫,૦૦૦ હરિભક્તોની સેવા કરતા. ગુણાતીતાનંદ સ્વામીને પણ જમાડતા. પણ કોરાધાકોર રહ્યા. માટે આપણે કોરાધાકોર ન રહેવું. ગુણ શીખવા. ક્રોધ ન કરવો, બાટકવું નહિ. આપણે માટે રાખી મૂકવું નહિ. એમાં સાધુતા ન ગણાય.

'અમે જો ગામડે ફર્યા પણ મારે સંતો, યુવકો, હરિભક્તો બધાને સાચવવા પડે. વળી સત્સંગ વધારવો. એમ ચાર કામ સાચવવાં પડે. આપણે દેવની સેવા થાય એમાં રાજી. સત્સંગની સેવા થઈ. ફર્યા તો થઈ. આપણે દેવની સેવા કરવાનું તાન. દેહ તો પડી જ જવાનું છે.

'માટે એ...ઈ નિર્દોષબુદ્ધિ રાખવી. કોઈ સંત-હરિભક્તના અભાવ-અવગુણમાં પડવું નહિ.

'કૃષ્ણજી અદાએ બધાને કહેલું કે 'શાસ્ત્રીજી મહારાજને છોડશો નહિ.' તેથી તેમની સેવામાં જ રહ્યા. બીજા લાખો સાધુ મળ્યા. બધાની ભગવાનભાવે - મહિમાપૂર્વક સેવા કરી, પણ શાસ્ત્રીજી મહારાજને મૂક્યા નહિ. અમારા ગુરુ તો અમને બહુ વઢતા : 'ચાલો, ઉપવાસ કરી નાખો,' એમ બહુ ઉપવાસ કરાવતા, પણ અમે ટોકે એમાં રાજી. શેર લોહી ચડે. અમે કહીએ : 'હજી ટોકો.'

રાત્રે કથા પછી એક યુવકને સ્વામીશ્રી કહે : 'વાતો કરો.'

તે યુવક કહે : 'પાત્ર વગર ? યુવકો સિવાય કોઈ સભામાં નથી.'

તુરત સ્વામીશ્રી બોલ્યા : 'હું પાત્ર છું.' એ સાંભળી સૌ હસી પડ્યા.

ત્યાગની શાશ્વત ભરતી

સવારે નિત્યકર્મથી પરવારી, ગ.મ. ૪૧ તથા ૪૪ વચનામૃતો વિસ્તારથી સચોટ સમજાવ્યાં. માનનું એટલું તો ખંડન કર્યું કે આપણામાંથી માન તત્કાળ

ઓસરતું લાગે. સ્વામીશ્રી કહે :

'ભાવનગરવાળા ભક્તરાજ કુબેરભાઈ કહેતા કે આપણે મંદિરમાં જઈએ ત્યારે ઠાકોરજી કાંઈ એમ કહે છે : 'આવો ભાઈ ! પધારો;' તોપણ દેવબુદ્ધિ રહે છે. તેમ સાધુ બોલાવે નહિ તોપણ દેવ જેવા તો જાણો. સત્પુરુષ બોલાવે નહીં તો અભાવ ન આવે, પણ શંકા તો પડે. પણ શંકા ન કરવી અને દિવ્યભાવ રાખવો. હજુ ધખતા-વઢતા નથી એટલું સારું છે; પણ ધખે-વઢે તોપણ દિવ્યભાવ રહે, તો માન નીકળી જાય. નાનાને ઠેબે મારે અને મોટાનું રાખે, તે પણ મનુષ્યભાવ છે.

'તપસ્વી એવા હોય કે લાકડાની ખીલી પણ ન રાખે, પણ અવગુણ લે તો થઈ રહ્યું. ત્યાગ શું કામનો ? માટે સ્વામી કહેતા : 'ભલે તપ ન થાય, પણ અભાવ ન લેવો.' કોઈ ઓછું-વધતું ખાય, પણ અભાવ તો લેવો જ નહીં. આ તો પાંચ-પાંચ નકોરડા ઉપવાસ કાઢે, ઠપકારે, પાણી પણ ન પીવે. અહોહો ! ફુલાય : 'શું તપ કરું છું !' તો શું પાક્યું ? માટે ભલે કોઈ ત્રણ વાર ઝાપટે, પણ કોઈ વઢે-ધખે તોપણ દિવ્યભાવ રહે તો માન ગયું કહેવાય. મહારાજે એવા ભક્તને નિર્માની કહ્યો છે.

'માન એક અને લેનાર ઝાઝા. કોને આપીએ અને કોને ન આપીએ. 'મારી બુદ્ધિ સવા શેર,' તો સામાની પોણો શેર થઈ; પછી કોણ કોને નમે ? એટલે સુખ ન આવે.

'આમ તો નિર્માનીપણું બધા બોલે છે, પણ ટાણું આવે ત્યારે ખબર પડે. એટલા માટે મહારાજ સમાગમ કરવાનું કહે છે. ભેગા રહે અને દિવ્યભાવ રહે અને અભાવ ન આવે, એ સમાગમ.'

પછી અચાનક પ્રશ્ન પૂછતાં કહે : 'બીજા આશ્રમમાં કાંઈ ન હોય તોય માણસ તણાય અને આપણે ત્યાં બધું છે પણ કેમ ખચકાય છે ?' એમ કહી પોતે જ ઉત્તર કર્યો કે '(૧) પ્રગટ ઉપાસના નથી, પણ પરોક્ષ (ઉપાસના) છે. (૨) ભેગા રહી મહિમા સમજવો કઠણ છે. (૩) પાળવાનું નથી. અને (૪) ભીડો નથી.'

સાંજે પ્રસાદીની કુંડીએ સ્નાન કર્યું. અહીં બાજુમાં જે પથ્થર ઉપર જાગા સ્વામી બેસતા, તે પ્રસાદીની જગ્યાનાં સૌને દર્શન કરાવ્યાં.

બીજે દિવસે ખીચડી, કઢી, રોટલાનું સાદું ભોજન હતું. સ્વામીશ્રી જમતાં જમતાં માથામાં ટાલ ઉપર હાથ ઘસતાં લાક્ષણિક શૈલીમાં કહે : 'રોજ ગળ્યું

મારી નાખે. આજે મજા પડી.'

વર્ષો સુધી જે સંતે સૂકા રોટલા ને છાશના સામાન્ય ભોજનથી જ દેહ-નિર્વાહ કર્યો છે, તે ગુણાતીત સંતને પોતાના ત્યાગની ભરતીમાં ઓટ લાવે તેવી બાબત કેમ ગમે ? જો કે સ્વામીશ્રી એમના રોજિંદા ક્રમમાં પણ ક્યારેય ગળ્યું જમતા નહિ. આ તો પોતાની રુચિ જણાવી.

સાંજે કેટલાંક ખેતરોમાં પધરામણી કરી અને જતાં જતાં પણ પ્રસાદીની કુંડીમાં સ્નાન કરી, રાજકોટ જવા નીકળ્યા. અહીં એક દિવસ કલકત્તાના શેઠ અમૃતલાલ વાઢેરની રસોઈ હતી. જેમણે આ સ્થાનના વિકાસમાં સારી સેવા કરી છે.

તા. ૨૬-૫-'૫૯ થી ૨૭-૫-'૫૯, બે દિવસ રાજકોટમાં અદાની દેરીએ યુવક મંડળનું વાર્ષિક સંમેલન રાખ્યું હતું. લક્ષ્મીદાસભાઈ ગણાત્રાના પ્રમુખ સ્થાને, વડીલ હરિભક્તોએ તથા સ્વામીશ્રીએ યુવકોને સત્સંગની પ્રણાલિકા, સિદ્ધાંત અને કર્તવ્ય વિશે સારી દોરવણી આપી હતી. જુદાં જુદાં શહેરના યુવકો વચ્ચે વિચારોની પણ આપ-લે થઈ હતી. યુવકોને સેવા કરતા, વાતો કરતા જોઈને સ્વામીશ્રી ખૂબ જ પ્રસન્નતા દેખાડતા. સ્થાનિક યુવકોને સ્વામીશ્રીના હસ્તે ઇનામો વહેંચ્યાં. ચુનીભાઈ ચાતુર્વેદી, ગોરધનભાઈ તથા ઘનશ્યામભાઈએ પ્રસંગને સફળ બનાવવા ખૂબ જ સેવા ઉઠાવી હતી.

ગુણાતીત આપણા શેઠ

અદાની દેરીએ સભામાં સ્વામીશ્રીએ અમૃત વચન કહ્યાં :

'ભગવાનનું ધામ ગુણાતીત છે, જીવને ગુણાતીત કરવા છે...'

'જીવદશામાંથી બ્રહ્મદશામાં દાખલ કરવા એ સિદ્ધાંત. ગુણાતીત કૉલેજમાં દાખલ થઈ ગયા. ગરીબને શેઠ થવું હોય તો કેમ પ્રયત્ન કરવો ? પણ શેઠને ઘરે જન્મ લે તો શેઠ થઈ જાય. તેમ આપણે ગુણાતીત કેમ થવું ? તે ગુણાતીત આપણા શેઠ છે. તેને ઘરે જન્મ લઈ લેવો, તો ગુણાતીત થઈ જાય. એનો ખુલાસો લોયા ૧૨ના વચનામૃતમાં છે. નિર્વિકલ્પ નિશ્ચય માગીએ છીએ, પણ વર્તીએ નહિ.

'તે રૂપ 'કો'ક' રહ્યો થકો ? ના, પોતે રહ્યો થકો. ગુણાતીતરૂપ, ધામરૂપ રહ્યો થકો. તો કેટલો કાંટો ચડી જવો જોઈએ ! ભડલીના ભાણખાચરે ડોશીને બોલાવી ને કાંટો ચડી ગયો.

'ગમે એટલું જ્ઞાન કથીએ પણ વર્તીએ નહિ, તો તાવેથો કડાઈમાં શીરો

શેકે પણ કોરોધાકોર.

'સોળ આની સત્સંગ શું ? લો. ૧૨ વચનામૃત સિદ્ધ કરે.

'પછી બધાયનો મહિમા સમજાય. છે. ૨૬માં કહ્યું : 'કોઈ કાંઈ ન સમજતો હોય, તેને પોતાથી શ્રેષ્ઠ માને. દાસનો દાસ થઈને વર્તે. જેમ કોઈ પાસે લાખો રૂપિયા હોય પણ ફાટેલાં કપડાં પહેરે. જણાવા દે નહિ.

'જેની પાસે હોય જોખમ, જાળવવું તે જતન કરી.'

'કથા-કીર્તન કરી કરવાનું એટલું કે દિવ્યભાવ રાખવો. ગુણગ્રાહક થવું. ગુણ લેવો. ધૂડનો પણ ગુણ લેવો.'

યુવકોને સ્વામીશ્રી અવારનવાર સભામાં વાતો કરવા આજ્ઞા કરતા. આ અંગે યુવકોને અનુભવ ઓછો. એટલે ઘણી વાર તેઓ સ્વામીશ્રીના મહિમાની વાત કહે, તે કેટલાકને રુચે નહિ. એટલે રાત્રે સ્નાન કરતાં કરતાં સ્વામીશ્રી આજે યુવકોને કહે : 'એકલી આપણા મહિમાની વાત ન કરવી. નિયમ-ધર્મની, શ્રીજીમહારાજ, ગુણાતીતાનંદ સ્વામી, ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, નિર્ગુણ સ્વામીનાં જીવન ચરિત્રની, પ્રસંગોની, મહિમાની વાત કરવી. એકની એક વાત ફિક્કી લાગે. હોય, એક કલાક. બીજી વાતો થાય પછી બે શબ્દો આવે કે '(સ્વામીશ્રી) સારું કામ કરે છે;' પણ અમારા મહિમાની વાત અમને રુચે નહિ. વખાણ ગમે નહિ.

'આપણો સંકલ્પ પૂરો થાય. ૫૧ યુવકો ભગવાં લૂગડાં પહેરીને તૈયાર થાય અને આખા બ્રહ્માંડમાં સ્વામિનારાયણ ભગવાનનો દિગ્વિજય થાય, ત્યારે અમારા વખાણ કરવાં.'

તા. ૨૮-૫-'૫૯ના દામજીભાઈ શેઠે ગોંડલમાં 'સ્વામી વાતો'નું પારાયણ બેસાડ્યું. સ્વામીશ્રી કથાનો પ્રારંભ કરતા. પછી હર્ષદભાઈ પારાયણ વાંચતા. પ્રસંગોપાત્ત સ્વામીશ્રી કેટલીક સુંદર વાતો કરતા.

વહેલી સવારે દેરીમાં વાત કહી : 'સંગ સાધારણનો ન કરવો, પણ પંચ વર્તમાને યુક્ત બ્રહ્મસ્વરૂપ, એટલે તદ્ધત્‌ભાવને પામેલાનો સંગ કરવો. આપણે પૂર્વના સંસ્કાર, તે સત્સંગનો થાંભલો આપણને મળી ગયો. અને અહીં દેરીમાં બેસવા મળ્યું. પૂર્વના સંસ્કાર અને મોટાની કૃપા મેળવી હોય, તૈયેં અહીં મુલાકાત થાય. બીજા મોટા અમલદારો, પ્રધાનોથી અહીં પગ ન મુકાય. મોટા મોટા અવતારાદિકના વજ્રમણિ ઘસાઈ ગયા, છતાં અહીં અવાતું નથી.'

'મહારાજે કહ્યું : 'સત્સંગમાં જે ભગવાનની વાર્તા થાય તેને ધાર્યા-વિચાર્યા

કરે.' તે ધારવું શું ને વિચારવું શું ? ધારવું એટલે અમલમાં મૂકવું. વિચારવું એટલે હૃદયમાં ઉતારવું. 'હું પામર, પતિત હતો ને આવો અલૌકિક સત્સંગ મળ્યો.'

'એ જ વચનામૃતમાં મહારાજે નિષ્કપટપણે સત્સંગ કરવા કહ્યું. તે નિષ્કપટપણે એટલે, ભગવાન અને સંતમાં દિવ્યભાવ રાખીને - મનુષ્યભાવ ટાળીને. ભગવાન અને સંત સાક્ષાત્ મળ્યા છે. તેમાં કોઈ દિ' મનુષ્યભાવ આવવા ન દેવો, ઈ કલ્યાણનું જતન.'

પછી ગ.પ્ર. ૨૯ તથા ૩૦ વચનામૃત વંચાવ્યાં. તે સમજાવતાં કહે : 'ઘાટનો ડંસ બેસે એટલે, જે રજોગુણની પ્રવૃત્તિથી થયું હોય તેનો અંતરમાં વિચાર ચાલ્યા જ કરે. કોઈએ અપમાન કર્યું ત્યારે સામું બોલે નહિ, પણ અંતરમાં તેનો વિચાર કર્યા કરે તે ડંસ બેઠો કહેવાય. પણ તેનો મનમાં વિચાર ન આવે તો ડંસ બેઠો ન કહેવાય. ઘડી ઘડી, પળ પળમાં સૂક્ષ્મ ઘાટ થતા હોય, તે ઓળખાય નહિ. તે વિઘ્ન પણ કરે નહિ. પણ તે બધા ભેળા મળીને સ્થૂળભાવને પામે, તો વિઘ્ન કરે. માટે રજોગુણ, તમોગુણ ને સત્ત્વગુણની નિવૃત્તિ સત્સંગને પ્રતાપે થઈ જાય છે.'

રવિવારે સવારે પારાયણની પૂર્ણાહુતિ કરી સ્વામીશ્રી ભાદરા જવા નીકળ્યા.

❀ ❀ ❀



જુગો જુગ જીવો જોગિયા

સ્વામીશ્રીનો જન્મ જયંતી ઉત્સવ ભાવનગરમાં ઊજવાયો, ત્યારે આવતી જન્મ જયંતી ભાદરામાં ઊજવવાની જાહેરાત થઈ હતી. આ વર્ષે પ્રગટ ગુરુહરિની જન્મ જયંતી ઊજવવાનો સમગ્ર યશ અને સેવા રાજકોટના લક્ષ્મીદાસ ગણાત્રાએ લઈ લીધાં. તેમને આ કાર્યમાં રાજકોટ સત્સંગ મંડળે સાથ આપ્યો અને નારણલાલ શેઠ તથા વલ્લભભાઈ તથા મથુરભાઈ વગેરેએ આ પ્રસંગે શરૂઆતથી સારી સેવા કરી. ભક્તરાજ ફૂલીબાની પ્રેરણાથી, મહિલા મંડળે પણ સેવા કરી પ્રસંગને શોભાવ્યો.

ભાદરામાં જન્મ જયંતી ઊજવવાનો પ્રશ્ન ઘણો વિકટ હતો. જ્યાં ઉતારાની સગવડ નહીં, પાણી નહીં, વસ્તુમાત્ર મળે નહીં; ફક્ત અતિશય પવન અને પ્રચંડ તાપ. આ બેના સંગમાં આ રંગ કેમ જામશે ? – તેનો સૌ કોઈ વિચાર કરવા માંડ્યા. સ્વામીશ્રીએ પણ સૌને ભુલાવામાં નાખ્યા કે 'મુશ્કેલી બહુ છે, માટે એક દિવસનો સમૈયો રાખો.' પરંતુ લક્ષ્મીદાસભાઈની સેવાની ધગશથી આ સમૈયો સર્વોપરી ઊજવાયો.

ભાવનગરના પંડિતભાઈ બધેકાએ ગામના પાદરમાં જ ટ્રેન ઊભી રહે એવો બંદોબસ્ત કર્યો. સ્વયંસેવકો પણ દસ દિવસ પહેલાં સેવામાં હાજર થઈ ગયા. લક્ષ્મીદાસભાઈ ખડે પગે બંદોબસ્તમાં હતા. રાજકોટથી લૉરીઓમાં ઉતારાનો, પાગરણનો, સીધા-સામાનનો, સભામંડપનો તમામ સામાન ભાદરા - ઊંડ નદીના પવિત્ર સ્થળે પહોંચવા લાગ્યો. ગુણાતીતાનંદ સ્વામીના સમયના ડોસા ભક્તના વંશજ માંડણ ભક્તે તેમનું વાવેલું ખેતર સાફ કરી દીધું. આ જ ખેતરમાં સ્વામીએ પૂર્વાશ્રમમાં શેરડીનો વાઢ કર્યો હતો. સ્વામી આ વાઢમાં પાણી વાળતા હતા, ત્યારે મહારાજે દર્શન દીધાં હતાં. માંડણ ભક્તને અને તેમના ભાઈ શામજી ભક્તને સ્વામીશ્રીનો અપૂર્વ મહિમા. આવો દિવ્ય ઉત્સવ

તેમને આંગણે થાય, સંતો અને હરિભક્તો આવે તેમને કોઈ પ્રકારની અગવડ ન પડે અને ભાદરા ગામના સત્સંગીઓનું નામ શોભે, એવી સેવા તેમણે કરી.

ગોંડલથી કોઠારી બાલમુકુંદદાસજી વગેરે પણ અગાઉથી અહીં આવી સેવામાં જોડાઈ ગયા. થોડા જ સમયમાં આ સર્વ ભક્તોની સેવાથી ઊંડ નદીના તીરે એક રળિયામણું નગર રચાઈ ગયું. સ્ત્રીઓ માટે તથા પુરુષો માટે અલગ ઉતારા, સંતોના અલગ ઉતારા, સભામંડપનો અપૂર્વ પ્રબંધ અને વીજળીના દીવાનો ઝગમગાટ ! આ બધું જાણે સંકલ્પમાત્રથી બની ગયું હોય, તેવું આશ્ચર્યવત્ સૌને દેખાવા લાગ્યું !

સ્વામીશ્રી અને સંઘ વૈશાખ વદિ ૯મીની રાત્રે ભાદરા પહોંચ્યો. ભાદરા ગામમાં ત્યાંના હરિભક્તોએ અદ્‌ભુત સામૈયું કર્યું. જન્મ સ્થાન અને મંદિરમાં સ્વામીશ્રી અને સંઘે દર્શન કર્યાં. અહીંથી ઊંડ નદીના કિનારે ઉત્સવ સ્થાનમાં જવા નીકળ્યા. ભાદરા ગામથી ઊંડ નદીના કિનારા સુધી હરિભક્તોની કતાર લાગી ગઈ હતી. સૌનો ઉત્સાહ-ઉમંગ અનેરો હતો. આ દિવ્ય દર્શનમાત્રથી જ સૌનાં અંતરમાં શાંતિ શાંતિ થઈ ગઈ.

રાત્રે સૌને જમાડ્યા. પછી ૧૨-૦૦ વાગ્યા સુધી કથા થઈ. સ્વામીશ્રીએ અહીં આવી તમામ વ્યવસ્થાનું જાતે નિરીક્ષણ કર્યું. જે જે સેવામાં હતા તેમને બોલાવ્યા અને રાજી થઈ આશીર્વાદ આપ્યા, બાદ પોતે અગત્યનાં કામોની તમામને વહેંચણી કરી દીધી. મહેમાનો માટે પથારી, પાગરણના સ્વયંસેવકો, ચોકીપહેરા માટે રક્ષણદળ, પીરસવા માટે સેવકો, વાસણ ઊટકવાં તથા ઉતારાની સાફસૂફી, સૌને ઠંડાં પાણી પાવાં વગેરે તમામ સેવાનાં કાર્યની પોતે જાતે સૌને વહેંચણી કરી દીધી. તમામ કાર્યોમાં આવી અદ્‌ભુત દૃષ્ટિ પહોંચાડી, વ્યવસ્થાને ટોચ ઉપર મૂકી દેતા સ્વામીશ્રી, કાર્યશક્તિમાં સૌને અજોડ જ જણાતા હતા.

રાત્રે સ્વયંસેવકોએ કહ્યું કે 'બપોર સુધી પુષ્કળ પવન વાતો હતો. જેથી મંડપનાં તથા ઉતારાનાં કપડાં ફાટી જતાં હતાં, પરંતુ આપનું અહીં આગમન થતાં જ પવન બંધ થઈ ગયો.' આ પણ એક આશ્ચર્યકારી ઘટના હતી.

મુંબઈથી પુરુષોત્તમદાસ ફડિયા, માણેકલાલ શેઠ, ચીમનભાઈ પંડ્યા, મહીપતરામ દવે વગેરે ગોંડલ સ્વામીશ્રીનો સમાગમ કરવા આવ્યા હતા.

સ્વામીશ્રીએ સૌને આજ્ઞા કરી કે 'ભાદરા, સ્વામીના સ્થાનમાં અલૌકિક ઉત્સવ થશે. માટે સૌએ આવવું.' ભાદરાનો તાપ, ઉતારાની તથા નાહવા-ધોવાની અગવડ, આ બધા વિચારો સૌને આવતા, પરંતુ સ્વામીશ્રીની આજ્ઞાથી

જ સૌએ દેહનો અનાદર ધારી લીધો.

ભાદરા પહોંચ્યા પછી સૌને લાગ્યું કે જો ન આવ્યા હોત તો જીવનનો એક અદ્‌ભુત લહાવો ખોઈ બેસત. સર્વ દેવતા સાનુકૂળ થઈ ગયા. અને અગવડનાં જે જે ચિહ્નો દૂરથી ડારતાં હતાં, તે બધાં અદૃશ્ય થઈ ગયાં. સ્વચ્છ નીલ આકાશ નીચે પથારી, ધીમા અને ઠંડા સમીરના વીંઝણા, કૂવાના ઠંડા પાણીનું સ્નાન, મહાપ્રસાદીના વડ નીચે ભોજન, અને સર્વથી અદ્‌ભુત અને અલૌકિક એવા પ્રગટ ગુરુહરિ સ્વામીશ્રીનાં દર્શન અને એમની બ્રહ્મભાવને પમાડતી અદ્‌ભુત વાતો ! આથી બીજું કયું સુખ સંભવી શકે ? સૌને આનંદ આનંદ થઈ ગયો.

ત્રણેય દિવસ સ્વામીશ્રી ગામમાં મંદિરમાં પોઢતા, જ્યાં ગુણાતીતાનંદ સ્વામીનું જન્મ સ્થાન હતું, હાલમાં મંદિર છે. સવારે નિત્યકર્મથી પરવારી, મંદિરમાં આરતી કરી, જૂના મંદિરમાં પધારતા. જ્યાં શ્રીજીમહારાજ એક મહિનો રહેલા. અહીં પણ આરતી કરી, નદી કિનારે સભામંડપમાં પધારતા. હરિભક્તો સૌ અહીં જ રહેતા.

ધ્યાન ધરવા જેવી ધરા

વૈશાખ વદ દશમે પારાયણનો પ્રારંભ થયો. પ્રથમ સ્વામીશ્રી ત્રીજા પ્રકરણની ‘સ્વામીની વાતો’ની પારાયણ વાંચતા અને પછી બાલમુકુંદ સ્વામી વાંચવા બેસતા. સભામંડપ ચિક્કાર ભરાઈ જતો. રાજકોટ, મુંબઈ વગેરે ગામોનાં યુવક મંડળો સેવામાં જોડાતાં અને વારાફરતી કથામાં બેસતાં. બપોરે વડ નીચે સ્વામીશ્રી ઠાકોરજીને થાળ ધરી, હરિભક્તો સાથે જમવા બેસતા. અહીં જ આરામ કરતા અને સાંજે પારાયણનો ફરીથી પ્રારંભ થતો.

એક દિવસ બપોરના નદીમાં સ્નાન કરીને સ્વામીશ્રી ઘાટ તરફ આવતા હતા. વડની વડવાઈઓ નીચે સુધી લટકતી હતી તે તરફ દૃષ્ટિ કરતાં સ્વામીશ્રી કહે : ‘આ ઝાડ ઉપરથી (વડવાઈ ઉપરથી) શ્રીજીમહારાજ નદીમાં કૂદકા મારતા હશે. વળી, ચલાખામાં બેસી નદીમાં ફરતા. એ મહારાજની મૂર્તિ, આ વડનું ઝાડ, નદી, ઘાટ, બધું ધ્યાન ધરવા જેવું.’ સ્વામીશ્રીએ એવી રીતે વર્ણન કર્યું જાણે એ દર્શન એમને પ્રત્યક્ષ હોય !

રાત્રે પારાયણ પછી સભા થતી. ત્યાંની રાસમંડળી રાસ રમતી. તેમજ કીર્તનોની પણ રમઝટ બોલાતી. એકાદશીનો ઉત્સવ પણ ત્યાં થયો.

કથા પ્રસંગમાં પ્રાસંગિક નિરૂપણ કરતાં જ સ્વામીશ્રીએ જણાવ્યું :

'મહારાજને પોતાની મૂર્તિનો સંબંધ સમજાવી તેમાં જોડવા છે. માટે કહ્યું કે 'પુરુષોત્તમનો સંબંધ તો અહીં તમને છે અને અક્ષરધામમાં અક્ષર મુક્તોને છે, પણ અવાંતર કોઈને નથી.' પર્વતભાઈ અને ગોવર્ધનભાઈ મહારાજ ભેગા આવ્યા હતા. તેમને મહારાજનો નિશ્ચય થઈ ગયો હતો કે 'મહારાજ અક્ષર-ધામના પતિ છે. અક્ષરધામથી આવ્યા છે.' એટલે મહારાજ ક્યાંથી આવ્યા અને ક્યાં જવાના છે, તે જાણતા હતા. મુક્તાનંદ સ્વામીને ૨૮ વર્ષે મહારાજના સર્વોપરી સ્વરૂપનો નિશ્ચય થયો. બ્રહ્માનંદ સ્વામીએ કૃષ્ણનાં કીર્તનો કર્યાં, એટલે મહારાજનો અભિપ્રાય સમજી શક્યા નહિ. ગુણાતીતનો તેમને ગુણ હતો કે 'સારા સાધુ છે,' એટલે તેમને ગુણબુદ્ધિવાળા કહ્યા. સિદ્ધાંત એ છે કે ગુણાતીતના સંબંધ વિના બ્રહ્મરૂપ થવાય નહિ.

'ગોલોકમાં કેટલીક જાતનો ગડબડાટ છે... તે ગડબડાટ કયો ? સ્ત્રી-પુરુષના ભાવ, રાધિકા-શ્રીદામાના કજિયા આદિ ગડબડાટ છે.

'સત્સંગ જેવો છે તેવો જણાય નહિ. જાણે તો કરે નહિ. સત્સંગ થયા પછી જાળવવો કઠણ પડે. આ બ્રહ્મયજ્ઞમાં નોખાં આસન, નોખી પથારી નીકળી જાય અને સ્વભાવ બદલાઈ જાય. સત્સંગ એટલે સત્પુરુષ. સત્પુરુષ ઓળખવા એ કઠણ. શાસ્ત્રીજી મહારાજ સ્વામી આપણા ગુરુ છે. તે સમજાય, પણ સમાગમમાં રહેવાય નહિ. એટલે સત્સંગ જેવો છે તેવો થાય નહિ. સત્સંગ જેવો છે તેવો એટલે શું ? લોયા ૧૨ પ્રમાણે છેલ્લો ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય થાય, ત્યારે સત્સંગ જેવો છે તેવો થયો જાણવો.

'એક હરિભક્ત સ્વામી બાલમુકુંદદાસજીના શિષ્ય, પણ 'હું અક્ષર છું' એવું મનાઈ ગયું એટલે છક્યા. ભીંતમાં પાટુ માર્યું અને ગંડવા ચાલ્યો. પછી કહે : 'કોણ બાલમુકુંદ ?' વિશ્વરૂપાનંદ સ્વામી મહારાજને પણ ગાંઠતા નહિ. આમ, સત્સંગ જળવાય નહિ.

'આ સ્થાનમાં સ્વામીનો જન્મ થયો, તેથી આખા ગામમાં દરેકને સ્વામીનો સંબંધ થયો કહેવાય. અહીં મહારાજ એક માસ રહ્યા હતા, ઊંડમાં નાહ્યા હતા. તેથી કરોડ ગંગામાં નાહીએ તે કરતાં આ ઊંડ નદીમાં સ્નાન કરવાનું ફળ અધિક છે. મોટા મોટા અવતારોના મુગટના વજ્રમણિ અહીં ઘસાઈ જાય છે, તોપણ આ સ્થાનનાં દર્શન થતાં નથી. એવું આ મહાઅલૌકિક દિવ્ય સ્થાન છે.

'આ ગામના બે કણબી ચોરે સૂઈ રહેતા. કોઈકે તેમને કહ્યું : 'ખેતર કેમ ખેડતા નથી ?' ત્યારે કહે : 'ઢગ દિ' રળ્યા. થોડું જીવવું અને શું કૂટવું ?' એમ

કુસંગીને પણ રહેતું. માટે આપણને આ મહિમા નહિ સમજાય અને સમાગમમાં નહિ રહેવાય, તો પછી બહુ બળતરા થશે.

'વરતાલમાં વાત થતી હતી કે 'જાગા-પ્રાગાનું હવે પડી ભાંગ્યું.' તે વખતે શાસ્ત્રીજી મહારાજ સ્વામી સભામાં બેઠા હતા. તેમણે કહ્યું : 'બાપુ ! ચિંતા ન કરો. જાગો-પ્રાગો આ બેઠો,' એમ કહ્યું. એટલે સૌ ભોંઠા પડી ગયા.

'લીંબડીમાં મૂળીના પુરાણી હતા. અમે પણ એ વખતે લીંબડીમાં હતા. 'સ્વામીની વાતું'નો પાઠ કરીએ તેમાં વાત આવે કે 'પ્રત્યક્ષ ભગવાન કે પ્રત્યક્ષ સંતની જેને ઓળખાણ નથી, તે ખીજડા જેવા છે.' તે સાંભળી તેમણે શાસ્ત્રીજી મહારાજને ફરિયાદ કરી કે 'આ તમારા સાધુ અમને ખીજડા જેવા કહે છે.' ત્યારે સ્વામીએ તેમને પૂછ્યું : 'તમને પ્રત્યક્ષ ભગવાન જે મહારાજ તેમની ઓળખાણ છે કે નહીં ?' ત્યારે તેમણે કહ્યું : 'હા.' એટલે સ્વામીએ સમજાવ્યું : 'તો તમોને કોણ ખીજડા જેવા કહે છે ? જેને ઓળખાણ ન હોય, તેને ખીજડા જેવા કહ્યા છે. માટે ખોટું માથે ન લેવું.'

'કાંઉ કણ ખૂટે વાંદરા બીડ ખાવો.' એ ઉપર વાત કરી કે 'જ્યારે અનાજ ખૂટે, ત્યારે ચોમાસામાં ચકીમકી થાય છે તે ખાઈને પેટ ભરે. તેમ એકાંતિક ન મળે ત્યારે ગમે તેવા ભગવાંધારીને ગુરુ કરે, પણ તેથી ભૂખ ભાંગે નહિ (પ્રક. ૩/૬૯).

'ભગવાન વતે ભગવાન ઓળખાય એટલે શું ? પ્રગટ સત્પુરુષ સાક્ષી ભેદે ત્યારે જીવમાં નિશ્ચય થાય છે અને ભગવાન ઓળખાય છે.

'એક વખત કાશીરામને સ્વામીએ કહ્યું : 'આપણે મહારાજ ક્યાં પરોક્ષ છે ? આપણે તો સંત દ્વારા પ્રત્યક્ષ છે. તે દર્શન દે છે, વાતું કરે છે, એમ સુખ આપે છે. આ તો વગડો છે. એટલે વાત થાય.' એટલે એક હરિભક્તે કહ્યું : 'સ્વામી ! આ પણ વગડો જ છે, તો જેમ છે તેમ કહો.'

સ્વામીશ્રીએ હસતાં હસતાં કહ્યું : 'આ વગડો છે પણ અહીં સભા છે, તો જેમ કહેવાતું હોય તેમ કહેવાય.' એમ કહીને બોલ્યા કે 'ખપવાળામાં ત્રણ ભેદ છે. ઉત્તમ ખપવાળા છે તે ઉત્તમ શબ્દો ગ્રહણ કરે છે. મધ્યમ ખપવાળા મધ્યમ શબ્દ ગ્રહણ કરે છે. અને કનિષ્ટ ખપવાળા છે તે સામાન્ય શબ્દો ગ્રહણ કરે છે.'

તે ઉપર પદ બોલ્યા :

'ખોળી ખોળીને ખોળિયું ખરા, ખપવાળાની ખોટ રે,
જેને ન જોઈએ જાળવ્યા સુણી, સમજે સીધું સોટ રે.'...ખોળી.

અને પછી બોલ્યા :

'મનની વાતો મનમાં રહી, રહી ગઈ રહી રે,
માલમી વિના મનની કેની, આગે દેખાડું કહી રે...મનની
અરધી વાત ઉચ્ચારતાં આવે, અંતર વિચાર થઈ રે,
પછી પૂરુ પ્રકાશતાં મારું, હૈડુ હાલે નઈ રે...મનની
સાચું કહેતાં સંતાપ છે કો'ને, કેમ કરીએ ભાઈ રે,
જીભાને રાખું જાળવી રખે, વધુ જાતી તું વઈ રે...મનની
વણખપવાળાને વારતા જો, દાખીએ દલ દઈ રે,
શ્રદ્ધા વિનાના સાંભળી ઊઠે, આપે અવળું લઈ રે...મનની.

એમ સૌને અંતરમાં સમજી લેવું.

'ગ.મ. ૫૭માં કહ્યું છે કે 'ઉપદેશ કર્યા નિમિત્તે કાંઈ ઉપાધિ થાય,' એટલે શું ? ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિના ઉપદેશમાં શું ઉપાધિ થાય ? પણ અનાદિ અક્ષરબ્રહ્મ જે સ્વામી તેમનું સ્વરૂપ ખુલ્લું કરવામાં ઉપાધિ થાય. એ મર્મ મહારાજે કર્યો છે. ગોપાળાનંદ સ્વામીએ માધવચરણદાસ પાસે જૂનાગઢમાં 'સ્વામી અક્ષર છે' એ વાત કરાવી. માધવચરણદાસે મહારાજ પાસેથી એ વાત સાંભળી હતી, પરંતુ તે વાત પછી છાની રહી. ભગતજી મહારાજ, જાગાભક્ત સ્વામી, સ્વામી બાલમુકુંદદાસજી, કૃષ્ણજી અદા, હરિશંકરભાઈ વગેરેથી એ વાત પછી જાહેર થઈ. બાલમુકુંદદાસ સ્વામીએ સોરઠમાં ખાનગીમાં ગામેગામ મહારાજ અને સ્વામીની જોટે મૂર્તિઓ પધરાવી દીધી. મહારાજ-સ્વામીની નિષ્ઠા હતી તો તે વાત બની. જીવમાં હોય તે નીકળી જાય.'

પછી એક મુસલમાનનું દૃષ્ટાંત આપ્યું કે તે બ્રાહ્મણ બન્યો અને શાસ્ત્રો ભણ્યો, પણ એક રાત્રે ઊંઘમાં 'યા અલ્લા' બોલાઈ ગયું. એટલે તેનું કપટ સૌ સમજી ગયા. પછી કહે : 'તેમ આપણા જીવમાં જે હોય તે શબ્દો બહાર આવે જ. સ્વામી શાસ્ત્રીજી મહારાજે આ સિદ્ધાંત ઉપર પાંચ મંદિરો કર્યાં. બીજા કોઈથી એ થયું નહીં. બહાર પડ્યા તો આ કામ થયું. હવે તો *'સાચા શૂરા રે જેના વેરી ઘાવ વખાણે...'* એમ સ્વામીનું કાર્ય જોઈ સૌ કોઈ વખાણ કરે છે.

'લોક કહે છે કે આપણે બગડી ગયા; પણ આપણે કેવા બગડ્યા છીએ ? બાર કબીરા હતા તેમાં અગિયાર નિરાકારવાદી અને એક સાકારવાદી. અગિયાર કહે, સાકારવાદી બગડ્યો. ત્યારે સાકારવાદીએ કવિત જોડ્યું :

'કબીરા બિગડ ગયા, બિગડ બિગડ વો તો સંત બનાયો રે,
દહીં કે સંગમેં દૂધ જો બિગડા, બિગડ બિગડ વો તો મખ્ખન બનાયો રે.'

'કેવા બગડ્યા ? જેમ છાશને સંગે દૂધ બગડે છે, પણ અંતે ઘી થાય છે; તેમ આપણે અંતે એકાંતિક ધર્મ સિદ્ધ થશે. મહારાજનો એ જ સિદ્ધાંત છે કે સૌને બ્રહ્મરૂપ કરી એકાંતિક ધર્મ સિદ્ધ કરાવવો છે.'

આ ત્રણ દિવસનો કાર્યક્રમ અદ્‌ભુત રીતે ઊજવાયો. જન્મ જયંતીના દિવસે સમગ્ર ભાદરા ગામને જમવાનું આમંત્રણ આપ્યું. આશરે ૧,૫૦૦ જેટલા હરિભક્તો વચ્ચે કથાની પૂર્ણાહુતિ થઈ. ઠાકોરજીનું ષોડશોપચારે પૂજન થયું. ત્યારબાદ લક્ષ્મીદાસ ગણાત્રાએ સ્વામીશ્રીનું પૂજન કરી, કથાની આરતી ઉતારી. મુંબઈવાળા માણેકલાલ શેઠે ૬૭ દીવાની આરતી જન્મ જયંતી પ્રસંગની ઉતારી. આ દેવોને પણ દુર્લભ એવું અદ્‌ભુત દર્શન, સૌનાં અંતરમાં ચિરઃસ્મૃતિ કરાવતું જડાઈ ગયું. અને સૌનાં અંતરમાંથી એકસાથે એક જ સૂર સર્વત્ર વ્યાપી રહ્યો :

'જુગો જુગ જીવો સો જોગિયા, જુગો જુગ જીવો આવા જોગિયા.'

હૈયાંનાં ઢેફાં ભાંગવાં

ત્યારબાદ ભોજન વિધિ શરૂ થયો. વડ નીચે, વડ પાસેના મંડપમાં, તેમજ કથાના મંડપમાં, સર્વત્ર હરિભક્તોની પંક્તિ બેસી ગઈ હતી. સ્વામીશ્રીએ કહ્યું કે 'શ્રીજીમહારાજ અહીં એક માસ રહ્યા ત્યારે વસંતોત્સવ કર્યો હતો. તે વખતે આખું ભાદરા ગામ જમાડ્યું હતું. ત્યારપછી આજ આટલાં વર્ષે આ સમૈયામાં આખું ગામ જમ્યું.' સર્વત્ર જયજયકાર થઈ ગયો.

એ વખતે યુવકોએ પૂછ્યું : 'બાપા ! ગુણાતીતાનંદ સ્વામી આ ખેતરમાં પાણી ક્યાં વાળતા ? અને કોદાળી પડી મૂકીને મહારાજ પાસે ગયા એ જગ્યા કઈ ?' ત્યારે સ્વામીશ્રીએ હાલ ઓટો છે એ જગ્યા બતાવી.

એ વખતે સ્વામીશ્રીએ ત્યાં બેસવા તૈયારી કરી, ત્યારે નારણભાઈ બાઢડાવાળાએ ઢેફાં ભાંગી, ભૂકો કરી, જમીન સરખી કરી. તેના ઉપર પોતાનું ફાળિયું પાથર્યું. સ્વામીશ્રી તે ઉપર બેઠા અને બોલ્યા : 'ગુરુ ! આ પ્રસાદીનાં ઢેફા ન ભંગાય, હૈયાંનાં ઢેફાં ભંગાય.'

તેથી વિનુ ભગત તેમને કહે : 'હૈયાંનાં ઢેફાં શું છે ? તે બાપાને પૂછો.'

ત્યારે નારણભાઈએ પૂછ્યું : 'બાપા ! હૈયાંનાં ઢેફાં શું ?'

'આ સાધુને વિશે મનુષ્યભાવ આવે તે હૈયાંનાં ઢેફાં. મનુષ્યભાવ આવવા ન દેવો.' એમ કહી અમારી તરફ જોઈને બોલ્યા : 'આવો, સ્વામીની પ્રસાદીની વાડીમાં. સાક્ષાત્ ગુણાતીત સ્વામી આશીર્વાદ આપે છે.' એમ બધા યુવકોને

પીઠમાં ધબ્બા માર્યા.

અહીંથી સ્વામીશ્રીએ વશરામ સુથારે કીડીઓનો મોક્ષ કર્યો હતો તે રાફડાની જગ્યાએ દર્શન કર્યાં અને તે પ્રસંગની વિસ્તારથી વાત કરીને બોલ્યા : 'આ રાફડાની માટી મહાપ્રસાદીની છે. રોગ-દોગ ટાળે એવી છે.'

પછી સ્વામીશ્રી ઘાટની બાજુના ઓરડે પધાર્યા. નારણભાઈ બાઢડાવાળા તથા હું સ્વામીશ્રીના પગ દાબતા હતા. બાજુમાં માવજીભાઈ તથા અન્ય હરિભક્તો બેઠા હતા. એ વખતે સ્વામીશ્રી ભાવમાં આવીને બોલ્યા : 'નારણભાઈ ! તમારા મનમાં આ સ્થાનને શું સમજો છો ?'

તેમણે બે હાથ જોડી રાખ્યા. તેથી સ્વામીશ્રી હાથ ઊંચો કરી બોલ્યા : 'આ વડલાનાં પાંદડે પાંદડે મોટા મોટા અવતારો દર્શન કરવા આવે છે. તેને અહીં બેસવાની જગ્યા મળતી નથી. અને તમે કેટલા ભાગ્યશાળી છો કે તમને સાક્ષાત્ આ સેવા મળે છે !'

સ્વામીશ્રીએ આવો અલૌકિક મહિમા કહી, સૌનાં હૈયાંમાં માહાત્મ્યની ખટાઈ ચડાવી દીધી.

ત્યાંથી ઊઠીને સ્વામીશ્રી ચોખા વીણવા નાની ઓરડીમાં પધાર્યા. લૂગડું પાથર્યું હતું તે ઉપર સ્વામીશ્રી તથા સર્વ હરિભક્તો ચોખા વીણવા લાગ્યા. એ વખતે સ્વામીશ્રી કહે : 'તમારે આજે પૃથ્વીનું વેજું થઈ ગયું. અમે જ્યારે શાસ્ત્રીજી મહારાજ સાથે ફરતા, ત્યારે રાજકોટથી ગોંડલ સુધી મણ એકનો ભાર ઊંચકી, પોટલાં ઊંચકી, ચાલતા જવાનું; અને ત્યાં ગયા પછી ઉતારા-જમવાનું ઠેકાણું નહીં. અને આજે તો શાસ્ત્રીજી મહારાજે સાકરની પથારી કરી દીધી છે. તે ભક્તિ કરી લેવી ને સત્પુરુષને રાજી કરી લેવા, પણ પાછું ન પડવું.'

ત્યાંથી સ્વામીશ્રી પ્રસાદીના વડલાને પ્રદક્ષિણા કરવા પધાર્યા. સાથે સંતો, સર્વ હરિભક્તો તથા યુવકો હતા. પછી સ્વામીશ્રી ઊંડ નદીએ સ્નાન કરવા પધાર્યા. સાથે સંતો-હરિભક્તો અને યુવકો હતા. નાહતાં નાહતાં વિનુ ભગતે કહ્યું : 'બાપા ! કાંઈ વાત કરો, સ્મૃતિ રહે.'

સ્વામીશ્રી બોલ્યા : 'કોટિ કલ્પ સુધી ભગવાનની મૂર્તિ સામું જોઈ બેઠો રહે તોપણ આવા સાધુના સમાગમ વગર હૈયામાંથી અજ્ઞાન ટળે નહીં.'

આ વખતે નારણભાઈ બાઢડાવાળાને સ્વામીશ્રીના સ્વરૂપમાંથી અલૌકિક તેજ નીકળતું હોય તેવાં દર્શન થયાં હતાં.

સંધ્યા આરતી કરી સ્વામીશ્રી ભાદરાથી નીકળ્યા. રાત્રે ૧૧-૦૦ વાગે

પ્રોળ પોલીસ લાઇનમાં પધરામણી કરી. રાત્રે ૧૨-૩૦ વાગે રાજકોટ પહોંચ્યા.

મોડું ઘણું થયું હતું. સ્વામીશ્રીની તબિયત સારી ન હતી. તેથી રાત રાજકોટ રોકાઈ, સવારે ગોંડલ આવી નિત્યકર્મથી પરવાર્યા. ફરી રાજકોટ આવી ભાનુભાઈ ગઢિયાની ઑફિસનું ઉદ્‌ઘાટન કરી, મુંબઈના હરિભક્તોને વળાવી, રાત્રે ગોંડલ પહોંચ્યા.

ભક્તોની ઐહિક મનોકામનાઓ પૂરી કરવામાં મોટાપુરુષને કેટલી હડિયાદોટ થાય છે, તે આવા પ્રસંગે સહેજે જણાઈ આવતું. આધ્યાત્મિક માર્ગની એમની દુર્લભ દિશાસૂઝ તો કોઈ મેળવતું જ નહિ. તો પછી એમનો હાથ ઝાલી આધ્યાત્મિક ચઢાણો સર કરવાની અને સ્થિતિ કરવાની તો વાત જ ક્યાં રહી ?

અહીં ગોંડલમાં સભામંડપનાં પગથિયાં ચઢતાં વાત કરી કે 'ચાર પ્રકારના સેવક : (૧) મરજી જાણીને સેવા કરે, (૨) કહે એટલું કરે, (૩) કહે તેમાં ફેર પાડે, અને (૪) સામું જ ન જુએ.'

અક્ષર દેરીમાં સવારે વાત કરતાં સ્વામીશ્રીએ સા. ૧લું વચનામૃત વંચાવી વાત કરી કે 'શબ્દ જીત્યો એટલે શું ? તો કોઈ વખાણ કરે તો ફુલાઈ ન જાય, ને કુવખાણ કરે તો દુઃખાઈ ન જાય.

'રૂપ જીત્યું શું ? સારું રૂપ સડેલ કૂતરાં જેવું લાગે.'

સેવાથી હૃદયમાં પ્રકાશ

બીજે દિવસે ઘઉં વીણવાનો ઉત્સવ થયો. મંદિરમાં ઢગલાબંધ ઘઉં વીણવાના હતા. નિત્યકર્મથી પરવાર્યા પછી સ્વામીશ્રી જાતે જ ઘઉં સાફ કરવાની સેવામાં જોડાયા. આથી સૌ સંતો-હરિભક્તો તથા યુવકો પણ સેવામાં જોડાઈ ગયા. સ્વામીશ્રી ન ભળ્યા હોત તો કદાચ આ કાર્ય પૂરું ન થાત. બપોરે પણ જમ્યા પછી અહીં રાયણના ઝાડ નીચે સૌ સાથે સેવામાં ભળ્યા. બપોરની કથા પણ અહીં જ થઈ. રાત્રે બંને આરતી પછી અહીં જ સભા, કથાવાર્તા, ચેષ્ટા વગેરે થયાં. આજે આખો દિવસ ઘઉં સાફ કરવાનો લાભ સ્વામીશ્રી સાથે સૌને મળ્યો. સ્વામીશ્રી ઘઉં સાફ કરતા જાય, વળી વચમાં રમૂજ કરતા જાય. બીજે દિવસે પણ એ જ સેવા ચાલુ હતી.

યુવકો સાથે ઘઉં વીણતાં વાત કરી કે 'કાંકરારૂપી અધર્મ-અનીતિ કાઢી નાખવાં. ઘઉંરૂપી ધર્મ-નીતિ રાખવાં. આ ઘઉં વીણીએ છીએ તો એક બ્રહ્માંડનું રાજ્ય પ્રાપ્ત થાય તેથી વિશેષ લાભ થયો છે.'

એક યુવકે સ્વામીશ્રીને પૂછ્યું : 'એકલી સેવા કરે તો જ્ઞાન થાય ?'
સ્વામીશ્રી કહે : 'સેવાથી સત્પુરુષ હૃદયમાં (જ્ઞાનનો) પ્રકાશ કરી દે.'

✧

સાંજે અમદાવાદથી ચંપકભાઈ શેઠ દર્શને આવ્યા. તેમને મળીને મોટરમાં ભાવનગર જવા નીકળ્યા. રસ્તામાં આટકોટ ગામે પધરામણી થઈ. ત્યાં મંદિરમાં દર્શન કર્યાં. હરિભક્તોને આશરો અને પંચ વર્તમાનની ખૂબ જ વાતો કરી. અહીં ગુણાતીતાનંદ સ્વામીએ બંધાવેલું પ્રસાદીનું મંદિર છે. ત્યાંથી નીકળ્યા. રસ્તામાં મોટરમાં યુવકોને વિનય, વિવેક ઉપર ઘણી બધી વાતો કરી. વળી કહે : 'રમેશભાઈ શેઠે આપણને મોટરમાં બેસાડ્યા તો આ (કથાવાર્તાનો) લાભ મળે છે.' રાત્રે ૧૧-૩૦ વાગે સૌ ભાવનગર પહોંચ્યા. બીજે દિવસે પાલિતાણા આવ્યા.

ઠાકોરજી પણ સાથે હતા

અહીં શેઠ આણંદજી કલ્યાણજીની સુવિખ્યાત પેઢીના ટ્રસ્ટીઓએ વિચાર કર્યો કે 'સ્વામીશ્રી અત્યંત પ્રભાવશાળી સંત છે. માટે આપણી પેઢીમાં પધારવા આમંત્રણ આપવું જોઈએ.'

સ્વામીશ્રી પાસે જઈને તેમણે આ વાત કરી. સ્વામીશ્રી તેમની ભાવના જોઈને રાજી થયા અને પગલાં કરવા પધાર્યા. પછી અપાસરામાં પણ ગયા. સ્વામીશ્રીની દિવ્યતા અનુભવીને આસપાસના સર્વે વ્યવસ્થાપકો તથા કર્મચારીઓ ઘણા જ પ્રભાવિત થયા.

આ ચર્ચા જૂના સંપ્રદાયના સત્સંગીઓમાં થવા લાગી કે 'સ્વામિનારાયણના સાધુથી અપાસરામાં જવાય નહિ, કારણ કે કોઈ જૈન સાધુ સ્વામિનારાયણ મંદિરમાં આવતા નથી !'

સ્વામીશ્રીને કોઈએ આ વાત કરી. ત્યારે સ્વામીશ્રી હસ્યા અને ઉત્તર આપતાં કહે : 'આપણે ક્યાં એકલા ગયા હતા ? ઠાકોરજી પણ સાથે હતા.'

બધી ભૂમિના સંસ્કાર અને બધા સંપ્રદાયોની ધર્મપરાયણતાને જ નજરમાં રાખી, સ્વામીશ્રી ઠાકોરજી સાથે પધરામણી કરીને તે ભૂમિ અને તે ધર્મનાં સ્થાનોને પવિત્ર તીર્થભૂમિ કરવામાં આનંદ અનુભવતા.

ભગવાન ન ભજે એ નાપાસ

સાંજે ૬-૦૦ વાગે શેત્રુંજી નદીના ડેમ પાસે સ્વામીશ્રી સંતો, હરિભક્તો

તથા યુવકો સાથે સ્નાન માટે ગયા. સ્નાન બાદ સભા ભરીને બિરાજ્યા. બધાને પતાસાંની પ્રસાદી આપી. પછી કહ્યું : 'આ નદીને પ્રસાદી આપો !' એમ કહીને બે પતાસાં નદીમાં નખાવ્યાં અને કહ્યું : 'આ ડેમના પાણી ને આમાં નાહશે તે સર્વેનું કલ્યાણ થશે. આ ડેમ બંધાણો તે આપણે નાહવા આવ્યા. આમાં જે જે માણસો નાહશે તે બધા સ્વામિનારાયણના સત્સંગી થશે. આખું બ્રહ્માંડ ભરવાનું છે, તો ઉદાર મન રાખવું. ખાબોચિયું બે-પાંચ જીવનું કલ્યાણ કરે. મોટાપુરુષની દૃષ્ટિ અને મહારાજ દ્વારે કલ્યાણ થાશે.'

પછી વાત કરી : 'બીજાનું ખોટું બોલે, અભાવ લે, તેનું ગંધાતું મન કહેવાય.'

નદીને પ્રસાદીનાં બે પતાસાં આપેલાં, પણ તેટલાથી તેને સંતોષ ન થયો. એટલે સ્વામીશ્રીની ઝોળી ધોતી વખતે તે પોતાનાં ધસમસતાં વહેણમાં પ્રસાદીરૂપે તાણી ગઈ.

રાત્રે સભામાં સ્વામીશ્રીએ કહ્યું : 'ઇશક જોઈએ. હાલતાં, ચાલતાં, જમતાં સ્વામિનારાયણ નામ લેવું. લૂગડાં ધોતાં મહારાજને કહીએ : 'હાલો, લૂગડાં ધોવા;' તો મેલ નીકળે. એમનેમ જગતની વાર્તા કરતાં કપડાં ધોઈએ, તો મેલ ન જાય. ભગવાન ન ભજે એ નપાસ. ભગવાન ભજે એ પાસ. મહારાજ કહે : જે ભગવાન નથી ભજતા એ બધા કબા ગાંડા અને ભજે એ જ ડાહ્યા.'

બીજે દિવસે દામુભાઈ મનજીભાઈએ સવારના ૮-૦૦ વાગ્યામાં હરિભક્તોને સર્વ રસોઈ જમાડીને વળાવ્યા હતા. તેમણે ખૂબ જ ભાવથી ઠાકોરજીને માટે અન્નકૂટ તૈયાર કર્યો હતો. તેમની સેવા અંગીકાર કરી, મંદિરમાં દર્શને પધાર્યા.

સાંજે મોટરમાં નાવડા જવા નીકળ્યા. રસ્તામાં શિહોર તથા વલ્લભીપુર ગામે પધરામણી થઈ. રસ્તામાં કથાવાર્તા ચાલતી હતી. પ્રસંગોપાત્ત સ્વામીશ્રી વાતોનું નિરૂપણ કરતા હતા. વલ્લભીપુરમાં દેવરાજભાઈએ ખૂબ જ ધામધૂમ કરી હતી. દેવરાજભાઈ કહે : 'સ્વામીબાપા ! બહુ દયા કરી.'

સ્વામીશ્રી કહે : 'તમે ભાદરા નહોતા આવ્યા.'

'હા બાપા ! મારાથી નહોતું અવાયું. મંદિરનું કામ હતું.' એમ કહેતાં દેવરાજભાઈએ માફી માગી.

'એટલે મારે દર્શન કરવા આવવું પડે ને !' સ્વામીશ્રીએ કહ્યું. આખરે તો તે ભક્તને આધીન છે.

અહીં મંદિરમાં દર્શન કરી, નાવડા જવા નીકળ્યા.

તે બધો પ્રતાપ સ્વામીનો છે

આજથી થોડા સમય પહેલાં અડવાળમાં પારાયણ થયેલું. તે પ્રસંગે નાવડાથી હરિભક્તો અડવાળ આવેલા. પારાયણમાં સૌને સારો લાભ મળ્યો હતો. એ વખતે સ્વામીશ્રીએ નાવડામાં હરિભક્તો પારાયણ કરાવે તો સમાસ સારો થાય, એવી ઇચ્છા દર્શાવી. નાવડાના હરિભક્તોએ સ્વામીશ્રીની મરજી જાણી તક ઝડપી લીધી અને નાવડામાં પારાયણ કરાવવા વચન આપ્યું. તરત જ સર્વ ગોઠવણી થઈ ગઈ. શિવાભાઈની પ્રેરણાથી અમરસિંહભાઈએ હિંમત કરી. સામાન્ય સ્થિતિ હોવા છતાં, આવો લાભ રખે ચુકાય તે હેતુથી, પારાયણ કરાવવા નિશ્ચિત થયા. મોહનભાઈએ અગાઉથી અત્રે આવી સર્વ તૈયારીઓ કરાવી.

જેઠ સુદ પાંચમે રાત્રે સ્વામીશ્રી વલ્લભીપુરથી નાવડા પધાર્યા. હરિભક્તોએ સામૈયું કરી સ્વામીશ્રી તથા સંતોને મંદિરમાં પધરાવ્યા. સંતસ્વામી તથા સનાતન સ્વામી અગાઉથી આવી ગયા હતા. તેમજ સ્વામીશ્રી સાથે પણ સંતો, હરિભક્તોનો સમૂહ હતો. મહીપતરામભાઈ તથા જયંતીભાઈ (જોહ્નિસ-બર્ગવાળા) ખાસ લાભ લેવા રોકાયા હતા. ભાવનગરથી કાનજીભાઈ તથા લીંબડી, અડવાળ, નડિયાદ વગેરે ગામોના હરિભક્તો આવ્યા હતા. આફ્રિકાથી ભાઈલાલભાઈ, પુરુષોત્તમભાઈ તથા વિનોદભાઈ મુંબઈ ઊતરી, સીધા જ સ્વામીશ્રીનાં દર્શને તથા પારાયણનો લાભ લેવા આવ્યા હતા. આ પ્રમાણે સંતો, હરિભક્તોનો સારો સમૂહ એકત્રિત થયો હતો.

બીજે દિવસે સવારે શાસ્ત્રોક્ત વિધિથી સુંદર મંડપમાં ‘સત્સંગિજીવન’ની પારાયણનો પ્રારંભ થયો. ગામના મુમુક્ષુઓ પણ પારાયણનો લાભ લેવા બેસતા. કેટલાક સેવાકાર્યમાં જોડાયા હતા. અમુક અધ્યાયો વંચાયા પછી સંતસ્વામી સત્સંગનો લાભ આપતા. સાંજે ‘સ્વામીની વાતો’ વંચાતી. પછી પારાયણ શરૂ થતું. બાદ સ્વામીશ્રીની અમૃત વાણીનો સૌને લાભ મળતો. રાત્રે પણ મંદિરમાં કથાવાર્તા થતી. આ પ્રમાણે અખંડ કથાવાર્તા ચાલુ રહેતી. બપોરે જુદા જુદા હરિભક્તોને ઘરે સ્વામીશ્રીને જમવા લઈ જતા. આ પ્રસંગે ગુસાભાઈ, કાનભાઈ, મનુભાઈ વગેરે હરિભક્તોએ સારી સેવા કરી. છેલ્લા દિવસોમાં સવાર-સાજ સૌ હરિભક્તોને ત્યાં પધરામણી થઈ. એક દિવસ નવા નાવડા ગામમાં પણ પધરામણી તથા ઉત્સવ થયો હતો. આ પ્રમાણે પાંચ દિવસ સ્વામીશ્રીએ સૌને બ્રહ્માનંદ કરાવ્યો.

કથા સુમધુર કંઠે સરળ શૈલીમાં નિરૂપાતી હતી. જેથી 'સત્સંગિજીવન' ગ્રંથ સાંભળતાં જ તેને જીવનમાં વણી લેવા સૌ તત્પર થાય. ગ્રામજનોને પણ આનંદ આવતો. આ જ્ઞાનયજ્ઞના ફળરૂપે જ તો ભગવત્સ્વરૂપ સંતનું સાંનિધ્ય મળ્યું હતું. પાંચમા દિવસના અંતે, જેઠ સુદ દશમે, સવારમાં ધામધૂમથી પારાયણની પૂર્ણાહુતિ થઈ. ગામમાં જયજયકાર થઈ ગયો. અત્રેના હરિભક્તોને બીક હતી કે વરસાદ કદાચ હેરાન કરે, પરંતુ સ્વામીશ્રીએ કહ્યું હતું કે 'કાંઈ નહીં થાય.' તે એમ જ થયું.

અહીંથી સમગ્ર સત્સંગ સમાજ ઉપર સ્વામીશ્રીએ પત્ર લખ્યો :

નાવડા પ્રસાદીનું ગામ,
શ્રીજીમહારાજ શીરો-પૂરી જમેલા તે સ્થાન,
૪-૧૫ વાગે, સોમવારે.

'અહોહો ! નાવડા ગામ પ્રસાદીનું છે. આ ગામમાં અમરસીભાઈ પારાયણ કરાવે છે. તેમાં 'સત્સંગિજીવન' બીજા પ્રકરણના ૩૩મા અધ્યાયમાં મહારાજે 'સાધુને ક્રોધ કેમ તજવો' તે વિશે બહુ જ ઉપદેશ આપ્યો છે. તેમાં જાણવાનું ઘણું જ મળ્યું છે.

'અત્યારે સ્વામી શાસ્ત્રીજી મહારાજ બહુ જ પ્રૌઢ પ્રતાપ જણાવી રહ્યા છે. તેમને સંકલ્પે પારાયણો તથા સત્સંગ ઘણો જ વધી રહ્યો છે, તે બધો પ્રતાપ સ્વામીનો છે.'

કેટલો દિવ્ય પ્રારંભ ! નાવડા ગામનો મહિમા લખી, સ્વામીશ્રી પોતાની દિવ્ય દૃષ્ટિ અને નિર્દોષબુદ્ધિની અસીમતાનો જાણે કે ખ્યાલ આપે છે. અને પત્રનો હાર્દ પણ ગુરુચરણે જ સમસ્ત યશને અર્પી દેવામાં જ સમાયેલો છે.

તે જ દિવસે સાંજે સૌ સારંગપુર જવા નીકળ્યા. સ્વામીશ્રી પણ મોટરમાં રાત્રે સારંગપુર પહોંચવાના હતા, પરંતુ નાવડાથી નીકળતાં મોડું થયું. નવા નાવડા ગામમાં પધરામણી કરી. આગળ જતાં મોટરમાં કથાવાર્તા ચાલતી હતી.

નાવડા ગામના મંદિરમાંથી એક જૂનો હસ્તલિખિત ગ્રંથ મળ્યો હતો. તેનો રાગ કોઈને આવડતો ન હતો. તે સ્વામીશ્રીએ રામાયણની જેમ ગાઈ સંભળાવ્યો. તે સાંભળી સૌ વિસ્મિત થયા.

રસ્તામાં મગનભાઈ લાતીવાળાને ત્યાં બરવાળા પધરામણી કરી, મંદિરે દર્શને પધાર્યા. મંદિર સુંદર છે અને પ્રસાદીનું છે. અહીં શ્રીજીમહારાજે વતું કરાવ્યું હતું અને કૂવામાં નાહેલા. તે સ્થાન તથા કૂવો હાલ મોજૂદ છે. હરિભક્તોના

આગ્રહથી ગામમાં પધરામણી થઈ. હજુ તો ઝમરાળા પધરામણી કરી સારંગપુર પહોંચવાનું હતું અને રાત પડી ગઈ હતી. આરતી, ધૂન્ય કરતાં આગળ ચાલ્યા.

ઝમરાળા ગામને પાદર હરિભક્તો રાહ જોઈને ઊભા હતા. સૌ સ્વામીશ્રીના આગમનથી હર્ષઘેલા બની ગયા. અહીં સત્સંગ મંડળ સારું. સ્વામીશ્રી હરિભક્તોની મંડળી સાથે મંદિરે પધાર્યા. મોડું થઈ ગયેલું હોવાથી રાત અહીં રહેવાનું નક્કી થયું. રાતના મોડે સુધી કથા-કીર્તન થયાં. વહેલી સવારે નિત્યકર્મથી પરવારી ગામમાં પધરામણીએ નીકળ્યા. ૨૦ થી ૨૫ ઘરે પધરામણી થતાં, સમય ઘણો વીતી ગયો હતો. હજુ કારિયાણી ઠાકોરજીનાં દર્શન કરવાનાં હતાં. તેથી રાજભોગ આરતી પહેલાં પહોંચવાનું હતું. છેવટે ઉતાવળ કરી જલદી નીકળ્યા.

પ્રસાદીના ઓરડાનો જીર્ણોદ્ધાર

સમયસર કારિયાણી પહોંચ્યા તો ખરા. અહીં મંદિરમાં ઠાકોરજીનાં તેમજ પ્રસાદીનાં સ્થળોએ દર્શન કર્યાં. અક્ષર ઓરડીમાં ધૂન્ય કરી. અહીંના મંદિરના કોઠારી સ્વામીએ દરેક વસ્તુનાં કાળજીપૂર્વક દર્શન કરાવ્યાં. ગામમાં હેતવાળા હરિભક્તોને ખબર પડતાં સૌ આવી પહોંચ્યા. સૌએ પધરામણીએ આવવા તાણ કરી. મોડું થયું હતું. તડકો હતો અને આજે જેઠ સુદ એકાદશી હતી. છતાં સ્વામીશ્રી તેમના આગ્રહને વશ થઈ પધરામણીએ ગયા અને સર્વને રાજી કર્યા.

અહીં એક નોંધપાત્ર વાત બની. મંદિરની પાછળ જે દરબારમાં શ્રીજીમહારાજ રહેતા, તે ખોરડાં તદ્દન જીર્ણ થઈ ગયાં હતાં. અને તેમાં વસ્તાખાચરના વંશજો રહેતા. તેમણે સ્વામીશ્રીને જીર્ણોદ્ધાર માટે વિનંતી કરી. તેથી સ્વામીશ્રીએ રાજી થઈને સાથેના હરિભક્તો પાસે સેવા કરાવી. ખર્ચ મામૂલી નહોતો, પણ એમની દૃષ્ટિમાં જૂના-નવાનો ભેદ પણ ક્યાં હતો ? સર્વ કાંઈ ઈષ્ટદેવ ભગવાન સ્વામિનારાયણનું જાણી સેવા કરાવતા.

અહીંથી મોટરમાં નીકળ્યા તે બપોરના સારંગપુર પહોંચ્યા.

એકાદશીનો ઉત્સવ હોવાથી બપોરના ભાગમાં કથાવાર્તા ચાલુ હતી. સાંજે મંદિરે તથા શાસ્ત્રીજી મહારાજની દેરીએ દર્શને પધાર્યા. અહીં સભા થઈ. ભાઈલાલભાઈને ખાનકૂવામાં પારાયણ કરવાના આશીર્વાદ આપ્યા. રાત્રે ૧૨ વાગ્યા સુધી ભજન-કીર્તન થયાં. બારસે પારણાં કરાવી હરિભક્તોને વળાવ્યા.

સાંજે મોટરમાં સ્વામીશ્રી કાળાતળાવ જવા નીકળ્યા. રસ્તામાં લાઠીદડ

તથા રોહીશાળા ગામોમાં પધરામણી થઈ. રોહીશાળામાં હરિભક્તોએ નવું મંદિર બાંધ્યું હતું ત્યાં સભા થઈ. કેટલાક હરિભક્તોનાં નવાં મકાનોમાં પગલાં કર્યાં. સૌએ મંદિરમાં પૂજનનો લાભ લીધો. કાળાતળાવ ઘણા મોડા પહોંચ્યા. ગામને પાદર હરિભક્તો મીટ માંડીને ઊભા હતા. સવારે વાજતે-ગાજતે ગામમાં પધરામણીઓ થઈ. બપોરના જમવાનું મોડું થતાં આરામનો સમય ન રહ્યો, પરંતુ કથાવાર્તાથી ગામમાં સમાસ સારો થયો.

જ્ઞાનતેજ નીકળે છે

અહીં સ્વામીશ્રી કહે : 'આ કાળું તળાવ હવે ધોળું તળાવ થયું. સંસ્કાર પડ્યા.'

અહીં સ્વામીશ્રીએ મુંડન કરાવતાં વાત કરી : 'જૂનાગઢમાં રામોદથી વાળંદ આવતો. ત્રણ દિવસ રહેતો અને બસ્સો સંતોનું મુંડન કરતો.

'જ્યારે મુક્તાનંદ સ્વામી મહારાજના નખ લેતા ત્યારે નખમાંથી તેજ નીકળતું.'

નારણભાઈ પટણીએ પૂછ્યું : 'સ્વામી ! આપના નખમાંથી કેમ તેજ નીકળતું દેખાતું નથી ?'

સ્વામીશ્રી કહે : 'જ્ઞાનતેજ નીકળે છે.'

રાતે ગોંડલ પહોંચવાનું હતું અને રસ્તામાં કેટલાંય ગામોમાં પધરામણી હતી. સ્વામીશ્રી મોટરમાં નીકળવાના હતા. તેથી જેટલાં ગામડાં વચમાં આવે તેઓ પધરામણીનો લાભ કેમ છોડે ? સ્વામીશ્રી અહીંથી તુરત મોટરમાં નીકળ્યા.

નવાગામમા ભક્ત કેશવલાલ શેઠનો ઘણો આગ્રહ હતો. સંતો-હરિભક્તોને તેમને ઘરે પધરાવ્યા અને આગતા-સ્વાગતા કરી. અહીંથી મંદિરમાં દર્શન કરવા પધાર્યા. ગામના હરિભક્તો કેમ છોડે ? સૌએ પધરામણી માટે માગણી કરી. સૌને રાજી રાખવા સ્વામીશ્રી તેમને ત્યાં પધાર્યા.

સમય થોડો હતો એટલે પોણા કલાકમાં પંદર પધરામણીઓ થઈ. હરિભક્તોનાં ઘર દૂર દૂર હોવાથી સ્વામીશ્રી ઝડપથી ચાલતા હતા. કોઈ તેમની સાથે પહોંચી શકે નહિ. આથી સૌને આશ્ચર્ય થયું. અવસ્થાને લીધે ખૂબ જ હાંફ ચડતો હતો, પણ શું એમની ટેક ! એક ઘરનું આંગણું છોડે ને ધૂન શરૂ કરી દે, તે બીજા હરિભક્તના ઘર સુધી. તે ઘરમાં પગલાં કરી, પુષ્પ છાંટી, ઠાકોરજી પધરાવી, તુરત જ બીજી પધરામણી. રસ્તામાં અખંડ ભજન. હરિભક્તો પહેલાં સ્વામીશ્રીને ચાંદલો કરવા જાય તો તુરત જ સ્વામીશ્રી અટકાવે અને પહેલાં ઠાકોરજીની પૂજા

કરાવે. કેટલું જાણપણું અને સ્વામી-સેવકભાવ ! સ્વામીશ્રી યૌવનને શરમાવે એટલા ઉત્સાહમાં હતા. કોઈ એમની સાથે ટકી શક્યું નહિ. ભક્તો સ્વામીશ્રીના સ્વાસ્થ્ય અને ઉંમરનો પ્રેમઘેલા બની ભાગ્યે જ વિચાર કરતા !

...તો માયારૂપી રસ્તો કપાય

અહીંથી રસ્તામાં દુધાધાર ગામે પધરામણી કરી, ગઢપુર જવા નીકળ્યા. રાતે ૮-૦૦ વાગે ગઢપુર પહોંચ્યા. પ્રથમ જૂના મંદિરે દર્શને પધાર્યા. દર્શનને અડધા કલાકની વાર હતી. તેથી સ્વામીશ્રી મંદિરમાં બેઠા. શયન આરતી થતાં, ઠાકોરજીનાં દર્શન કરી, ટેકરા પર મંદિરે આવ્યા. અહીં આરતીનાં દર્શન કર્યાં. અલ્પાહાર લઈ રાતે ૧૧-૦૦ વાગે ગઢપુરથી મોટરમાં ગોંડલ જવા નીકળ્યા. મોટરમાં નિયમની કથા તથા ચેષ્ટા કરી. રાતે ૨-૩૦ વાગે ગોંડલ પહોંચ્યા.

આજે મોટરમાં એક સિદ્ધાંત-વાર્તા કરી હતી. મોટર ચાલતી હોય ત્યારે સહેજે જ સૌની વૃત્તિ સડક ઉપર જાય. સ્વામીશ્રી કહે : 'રસ્તામાં સૌની વૃત્તિ છે. પણ આપણે મોટરમાં બેઠા છીએ, તે રસ્તો કપાતો જાય છે. તેમ ભગવાનમાં વૃત્તિ રાખીએ તો માયારૂપી રસ્તો કપાતો જાય.'

ગોંડલ બે દિવસ રહ્યા. અક્ષર દેરીમાં સૌને કથાવાર્તાનો અલૌકિક આનંદ આપ્યો. સ્વામીશ્રી કહે : 'અમે ત્રણ કામ હારે કરતા. ભંડાર-રાંધવાનું, હરિભક્તોને પીરસવાનું, અને સાંજે કથા કરવાની. ચીંધે તો કરે એવું ન થાવા દેવું. ફરજ જ.'

મુંબઈ રાજ્યના આઈ.જી.પી. માનસિંહજી બાપુ ગોંડલ આવેલા. તેમણે બંને દિવસ સ્વામીશ્રીનાં દર્શન-સમાગમનો લાભ લીધો.

બીજા દિવસે સાંજે 'અક્ષર ઘાટ' ઉપર સ્વામીશ્રી નાહવા પધાર્યા. આ વખતે ગોંડલી નદીને 'અક્ષર ગંગા' નામ આપ્યું અને કહે : 'જે આ નદીમાં નાહીને અક્ષર દેરીમાં પ્રદક્ષિણા કરે, તેને બહુ પુણ્ય મળે.'

તા. ૨૦-૬-'૫૯, સાંજે ગોંડલથી મોટરમાં માણાવદર જવા નીકળ્યા. રસ્તામાં જેતપુર, જૂનાગઢ તથા વંથળીમાં દર્શન કર્યાં. વંથળીના હરિભક્તો મંદિરમાં કથાવાર્તા કરતા હતા. તેમને દર્શન-સમાગમનો લાભ આપી, રાત્રે માણાવદર પહોંચ્યા. અહીંથી જૂનાગઢ પાછા ફરતાં રસ્તામાં કથાવાર્તા કરતાં સંગઠનભાવની વાત કરી :

'જુઓ, માણાવદરમાં સૌ કેસર કેરી જમ્યા. કેરી જરાપણ ખાટી નહિ. બધી ગળી. સત્સંગમાં અભાવ-અવગુણરૂપ ખટાશ ન આવે, તો સત્સંગનું સુખ

કેસર કેરી જેવું ગળ્યું આવે. માટે હરિભક્તોમાં દિવ્યભાવ રાખવો, નિર્દોષબુદ્ધિ રાખવી. જો તેમ રહે તો કરવાનું-જાણવાનું કાંઈ બાકી રહેતું નથી.

'અમે શાસ્ત્રીજી મહારાજ સાથે રઢુથી બોચાસણ ચૌદ ગાઉ ગાડામાં જતા. શાસ્ત્રીજી મહારાજ પલાંઠી વાળીને ટેકા વગર એક આસને બેસતા અને હું તેમની પાછળ બેસીને વાતો બોલું. તે મૂર્તિ હજુ ઇદમ્ સાંભરે છે. તે સુખ મોટરમાં બેસવા કરતાં પણ વધારે આવતું.'

આમ વાતો ચાલતી હતી, ત્યાં વંથળી આવી ગયું. અહીં સૂર્યકુંડ તથા મંદિરમાં ફરી દર્શન કર્યાં. જૂનાગઢ જવા નીકળ્યા. સ્વામીશ્રી કહે : 'આ મારગ બહુ પ્રસાદીનો. જૂનાગઢથી વણથળી ગુણાતીતાનંદ સ્વામી અનેક વાર ચાલેલા.' એમ કહેતાં સ્વામીશ્રી મોટરમાંથી રસ્તાને પગે લાગ્યા. વળી કહે : 'આ ગિરનારમાં ઘણા સિદ્ધો છે.' એમ કહી ગિરનારને પણ પગે લાગ્યા.

સગાં સૌના શીતળતા અપાર

સાથે ફરતા સંતો-યુવકોને જૂનાગઢમાં ગિરનારની તળેટીમાં પ્રસાદી સ્થળોએ દર્શન કરવાનો તથા ઉજાણી કરવાનો ઉમંગ હતો. જો કે સ્વામીશ્રીને મૂકીને ક્યાંય વૃત્તિ જવી જ જોઈએ નહીં, પણ સૌ ઇચ્છા રોકી શક્યા નહિ. સ્વામીશ્રીએ તો રાજી થકા રજા આપી કે 'જાવ દર્શન કરી આવો. અને અમારા વતી પણ દર્શન કરજો.' સ્વામીશ્રીનો આ હંમેશ મુજબનો ભાવ અમારે માટે તો આજે એમનું અનુસંધાન રાખવા માટે ઘણો મહત્ત્વનો હતો.

આ બાજુ સ્વામીશ્રી તથા સંતસ્વામી વગેરે સંતો રોકાયેલા. હરિભક્તોને સૂચના આપી હતી કે 'ઠાકોરજીને થાળ કરી, સ્વામીશ્રીને જમાડી દેજો.' એટલે નિરાંત કરી સૌ ઊપડ્યા. ગિરનારની તળેટીમાં દામોદર કુંડે દર્શન કર્યાં. પછી નારાયણ કુંડ, જ્યાં ગુણાતીતાનંદ સ્વામી અને સંતો ઘણી વાર સ્નાન કરતા, ત્યાં આવ્યા. અહીં સારી રીતે સ્નાન કરી, નાસ્તા-પાણી કર્યાં. તેમાં મોડું ઘણું થઈ ગયું. હાંફળાં-ફાંફળાં ઉતારે આવ્યા ત્યારે ૩-૦૦ વાગી ગયા હતા.

અહીં ખબર પડી કે સ્વામીશ્રી તો હજુ જમ્યા જ નથી ! કારણ, સ્વામીશ્રીનાં પત્તર મોટરમાં અમારી સાથે જ હતાં ! બધાનો આનંદ ઓસરી ગયો, પણ સ્વામીશ્રીએ તો જરાપણ તકલીફ કે અણગમો વ્યક્ત કર્યાં નહિ. જરાપણ ઉચાટ જણાવ્યો નહિ કે શબ્દ ઉચ્ચાર્યો નહિ. એ જ શાંત ગંભીર મૂર્તિ ! અમારા આનંદમાં એમને આનંદ હતો, તેથી સૌને ફરી આવેલા જોઈ રાજી

થયા. સમાચાર પૂછવા લાગ્યા. પછી શાંતિથી જમી લીધું. પણ અમારા મનમાં શાંત ધાક પેસી ગઈ કે હવેથી કોઈ દિવસ આવું ન બનવું જોઈએ.

પધરામણીએ પધાર્યા. પાછા તુરત જ અહીંથી જેતપુર જવા નીકળ્યા. જૂનાગઢ છોડતાં કહે : 'અહીં ગુણાતીત હદ પૂરી થઈ.'

વળતાં પણ જેતપુર મંદિરમાં દર્શન કરવા ગયા. જ્યાં શ્રીહરિને ગાદી આપી, તે સ્થળે મહારાજની મૂર્તિનાં દર્શન ઘણી વાર સુધી કર્યાં. પ્રદક્ષિણા કરી, મંદિર જોતાં સ્વામીશ્રી કહે : 'આવું મંદિર આખા હિન્દુસ્તાનમાં નથી.' જેની દૃષ્ટિમાં જ દિવ્યતા છે, એને ઇષ્ટદેવના કોઈપણ સ્થાનમાં ઊણપ કેમ દેખાય !

પછી ભાદર નદીએ દરેડો પડે છે, ત્યાં નાહવા પધાર્યા. દરેડાથી થોડા દૂર સૌ નાહતા હતા. તે જોઈ સ્વામીશ્રી કહે : 'દરેડા આગળ નાહવું. હું તો ત્યાં પચાસ વખત નાહ્યો છું.'

પછી સ્વામીશ્રીને હાથ પકડી ઉપર લાવ્યા. નારણભાઈ પટણી છત્રી ભૂલી ગયા. ત્યારે કહ્યું : 'ગાફલાઈ ન રાખવી. ગાફલાઈ રાખે તે મુસલમાન કહેવાય.'

મોટર ગામમાં પેટ્રોલ પુરાવવા ગઈ હતી. સ્વામીશ્રી રેલવે ક્રોસીંગ પાસે સાંધાવાળાની ઓરડી આગળ ઓટલે, કોથળા ઉપર બેસી, મોટરની રાહ જોતા હતા. ડ્રાઈવરની ગાફલાઈથી વધુ મોડું થતું હતું. એટલે કહ્યું : 'રૂંવાડે રૂંવાડે જીવ રાખીએ તો સેવા થાય. ટૂક ટૂક થઈ જવું જોઈએ.' પછી મોટર આવતાં ગોંડલ જવા નીકળ્યા. રાતે ગોંડલ આવી પહોંચ્યા.

ગોંડલ એક દિવસ રહ્યા. અહીં કથાવાર્તાના પ્રસંગમાં કેટલીક મુદ્દાની વાત કરતાં સ્વામીશ્રી કહે : 'શુભ ક્રિયા એટલે શું ? તો પ્રગટ ભગવાનને અર્થે જે જે ક્રિયા કરે, તે જ શુભ ક્રિયા. પરોક્ષ માટે સૌ તપ, યજ્ઞ, યાગ કરે, પણ એ શુભ ક્રિયા નહિ. પ્રત્યક્ષ સ્વરૂપ વિચરણ કરતું હોય તેને અર્થે ક્રિયા કરે, તેને રાજી કરવાને અર્થે ક્રિયા કરે, તે શુભ ક્રિયા. ગુણ આવે તો પંચ મહાપાપ બળી જાય. કોના ગુણ ? એકાંતિકનો ગુણ આવે તો જ પંચ મહાપાપ બળી જાય. ધૂળ જેવો હોય તેનો પણ અભાવ ન લેવો. અભાવ આવે છે ત્યાં સુધી સુહૃદપણામાં ખામી છે. દિવ્યભાવ એટલે શું ? આ અક્ષરધામની સભા છે. અનંત કોટિ મુક્તો આ સભામાં બિરાજમાન છે. એવો મહિમા સમજાય તો સમાગમ કર્યો કહેવાય.'

શનિવારે સવારે મંગળા આરતીનાં તથા અક્ષર દેરીનાં દર્શન કરી, સ્વામીશ્રી મોટરમાં અમદાવાદ જવા નીકળ્યા. રાજકોટમાં મોટા મંદિરે તથા અદાની દેરીએ દર્શન કરી આગળ મુસાફરી શરૂ કરી. આ વખતે મુસાફરી લાંબી હતી. વળી,

વરસાદ પણ ચાલુ હતો. ધીરે ધીરે જઈ રહ્યા હતા. સનાતન સ્વામી પહેલાં પ્રભાતિયાં, પછી કીર્તનો સંભળાવતા હતા. એક પછી એક શહેરો પસાર થતાં જતાં હતાં. ખાસ મુશ્કેલી વગર બપોરે ધંધુકા પહોંચ્યા. અખંડ કથાવાર્તાની જ રુચિ. આગળ રસ્તો ખરાબ હોવાથી અહીંથી અમદાવાદ ટ્રેનમાં જવાનું નક્કી થયું. વિશ્રાંતિ ગૃહમાં સ્નાન કરીને સૌને નાસ્તો કરાવ્યો. રાત્રે અમદાવાદ પહોંચ્યા.

રહેવા દ્યો, મહારાજ ધખશે

એલિસબ્રિજ સ્ટેશને સૌ પ્રથમ ચંપકલાલ શેઠના ઘરે પધાર્યા. તેમણે ચોખ્ખી રસોઈ તૈયાર કરાવી રાખી હતી. સ્વામીશ્રીએ જ ઠાકોરજીને થાળ ધરાવ્યો ને શેઠને ઉકાળો કરવા કહ્યું. આથી શેઠને ઘણી જ નવાઈ લાગી. કારણ, સ્વામીશ્રી સવારથી નીકળેલા તે હજુ સુધી ક્યાંય જમ્યા ન હતા. તેમણે વિનંતી કરી : 'બાપા ! આ આપને માટે ચોખ્ખું અને સાદું જ બનાવ્યું છે. માટે આપે જમવાનું જ છે.'

'મહારાજની આજ્ઞા નથી, બે વાર પત્તર પલાળાય નહિ. અમે નહિ જમીએ.' સ્વામીશ્રીએ સામી અરજ કરતાં ના પાડી. પછી શેઠના ખૂબ આગ્રહથી જમવા બેઠા. પણ જે કંઈ પત્તરમાં પીરસીએ તે બાજુમાં બેઠેલા સેવકને આપી દે, પણ પોતે કંઈ જ જમે નહિ.

મને પણ ઘણી નવાઈ લાગી કે સ્વામીશ્રી કેમ જમતા નથી ? સવારે તો માત્ર ઉકાળો જ થોડો લીધો છે. અને તે પછી ક્યાંય જમ્યા નથી. અત્યારે આટલું બધું મોડું થયું છે, છતાં પણ જમતા નથી અને કહે છે કે 'બીજી વાર પત્તર ન પલાળાય.'

શેઠના આગ્રહથી સ્વામીશ્રીના પત્તરમાં એક પછી એક બધી વાનગી પીરસી, પણ એમણે તો માત્ર જમવાનો દેખાવ જ કર્યો અને બધું સેવકના પત્તરમાં નાંખી દીધું. છેવટે કઢી-ભાત આપ્યાં, તે પણ આપી દીધાં. વચ્ચે પોતે બોલતા જાય : 'રહેવા દ્યો, મહારાજ ધખશે... રહેવા દ્યો...'

આ વાતનો સંદેહ મારા મનમાં ઘણા સમય સુધી રહ્યો, પણ પાછળથી તેનું કારણ સમજાયું કે અમદાવાદમાં હરિમંદિર, એટલે અમદાવાદ શહેરમાં દાખલ થયા પછી લાલજીનાં દર્શન કર્યાં સિવાય સ્વામીશ્રી કદાપિ કંઈ જમે જ નહિ. આજે પણ અમદાવાદમાં આવ્યા છતાં મંદિરે દર્શન કર્યાં ન હતાં, તેથી 'બીજી વાર પત્તર ન પલાળાય' વગેરે બહાનાં બતાવીને, સ્વામીશ્રી છેવટ સુધી જમ્યા જ નહિ. વ્રત-નિયમની ટેક સાચવવાની આ પણ તેમની અલૌકિક રીત

હતી, જેમાં કોઈ નારાજ ન થાય ને પોતાનો નિયમ પળાય.

અહીંથી શાહીબાગ મંદિરે પધાર્યા. અત્રે હરિભક્તો ચાતકની જેમ સ્વામીશ્રીનાં દર્શન માટે ઝંખી રહ્યા હતા. સ્વામીશ્રી પધારતા સૌએ દર્શનનું સુખ લીધું. મોડે સુધી કથાવાર્તા થઈ.

બીજે દિવસે સવારે નિત્યકર્મથી પરવારી આણંદ જવા નીકળ્યા. આજે મુંબઈથી ફડિયામામા તથા વજુભાઈ શેઠ તક મળતાં સ્વામીશ્રીનાં દર્શને આવી પહોંચ્યા હતા. તેઓ પણ સાથે જ હતા. રસ્તામાં અસલાલી તથા જેતલપુર દર્શન કરાવ્યાં. અહીં દર્શન બંધ હતાં તેથી પ્રદક્ષિણા કરી. પછી રાજભોગ આરતીનાં દર્શન થયાં. અહીં મંદિરના રંગકામમાં સ્વામીશ્રીએ મુંબઈના બંને શેઠિયાઓ પાસે સારી સેવા કરાવી. મંદિરમાં તેમજ રંગમહોલ વગેરે પ્રસાદીનાં સ્થળોએ દર્શન કરી, આગળ ચાલ્યા. રસ્તામાં ફડિયામામાની ઇચ્છાથી સ્વામીશ્રીએ શાસ્ત્રીજી મહારાજના પ્રસાદીના પ્રસંગો કહ્યા, તેટલામાં ડભાણ આવ્યું. મોડું થયું હતું છતાં દર્શન કરવા ઊતર્યા. બપોરે નડિયાદ પહોંચ્યા.

હજુ કાંઈ માંગો

અહીં નટુભાઈ બ્રહ્મભટ્ટના પિતાશ્રી વિઠ્ઠલભાઈ બહુ બીમાર હતા. તેમના ભત્રીજા ગોરધનભાઈ બ્રહ્મભટ્ટે સ્વામીશ્રીને પ્રાર્થના કરી કે 'તેમની ગોંડલ દર્શન કરવાની બહુ ઇચ્છા છે. તે પછી તેમનો દેહ પડે તો સારું.'

સ્વામીશ્રી વિઠ્ઠલભાઈને ઘરે આશીર્વાદ આપવા માટે પધાર્યા. વિઠ્ઠલભાઈએ શાસ્ત્રીજી મહારાજની બહુ સેવા કરેલી. તે સ્મૃતિ કરાવીને સ્વામીશ્રીએ શરીરે હાથ ફેરવ્યો. પછી કહે : 'ભગત ! કાંઈ માંગો. અમે આપીએ.'

ત્યારે વિઠ્ઠલભાઈએ કહ્યું : 'બાપા ! ધામમાં લઈ જાઓ.'

સ્વામીશ્રી કહે : 'ના, બીજું વ્યવહારનું માંગો.'

તેમણે કહ્યું : 'બાપા ! મારા દીકરા રૂગનાથનો વ્યવહાર સુધરે.'

સ્વામીશ્રીએ કહ્યું : 'વ્યવહારમાં ખૂબ સુખી થશે.' પછી કહે : 'હજુ કાંઈ માંગો.' ત્યારે તેઓ કહે : 'મારા દીકરા પુરુષોત્તમને ઘરે દીકરો થાય.'

સ્વામીશ્રી કહે : 'શાસ્ત્રીજી મહારાજ તમારો એ સંકલ્પ પૂરો કરશે.'

ફરી સ્વામીશ્રી કહે : 'ત્રીજું માંગો.'

ત્યારે વિઠ્ઠલભાઈના માંદગીથી ઘેરાયેલા મુખ પર સ્મિત ચમકી ઊઠ્યું : 'શાસ્ત્રીજી મહારાજ કહેતા – જોગી તો બહુ દયાળુ. બાપા ! આપની દયાનો

પાર નથી, પણ છેલ્લે મારી એક ઇચ્છા ગોંડલ અક્ષર દેરીનાં દર્શન કરવાની છે.' તેમણે હાથ જોડી કહ્યું.

ત્યારે સ્વામીશ્રી હસીને બોલ્યા : 'તમને અક્ષર દેરીનાં સાક્ષાત્ દર્શન અહીં કરાવીએ.' એમ કહી પોતાની પાસે હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ હતી તે તેમની છાતી ઉપર, કપાળે અને મસ્તકે મૂકીને મર્માળું મુખ કરીને બોલ્યા : 'લ્યો ભગત ! અક્ષર દેરી સાક્ષાત્ અહીં છે. દર્શન કરી લ્યો.'

વિઠ્ઠલભાઈને સ્વામીશ્રીના વચનમાં બહુ વિશ્વાસ હતો. તેમને અક્ષર દેરીનાં સાક્ષાત્ દર્શન થઈ ગયાં હોય તેવી શાંતિ થઈ ગઈ. સ્વામીશ્રીએ ફરી તેમના આખા શરીરે હાથ ફેરવ્યો. તેમના પુત્ર નટુભાઈ તથા પરિવાર-સંબંધી સર્વે બહુ રાજી થયા.

એ પછી વિઠ્ઠલભાઈએ કાળાં જાંબુ જમવા સ્વામીશ્રીને વિનંતી કરી કહ્યું : 'મને આપની પ્રસાદી જમાડજો.'

સ્વામીશ્રી તેમને પ્રસાદી આપી બોલ્યા : 'શ્રીજીમહારાજને તમારી પાસે બેસાડ્યા છે. તમને ધામમાં લઈ જશે.'

વિઠ્ઠલભાઈ કહે : 'હું એમ નહીં આવું. શાસ્ત્રીજી મહારાજ આવશે તો જ આવીશ.'

તેમની ગુરુભક્તિથી સ્વામીશ્રી રાજી થયા અને બોલ્યા : 'શ્રીજી-મહારાજની સાથે શાસ્ત્રીજી મહારાજ હોય જ.'

એ પછી વિદાય લેતાં સ્વામીશ્રીએ ત્રણેય પુત્રોને કહ્યું : 'બાપાની સેવા કરી લેજો. માખણમાંથી મોવાળો ખેંચાય, તેમ વગર દુઃખે ભગત ધામમાં જશે.'

એ પછી પાંચ-છ દિવસના ટૂંકા ગાળામાં વિઠ્ઠલભાઈ ધામમાં ગયા ત્યારે 'જય સ્વામિનારાયણ' કહેતાંની સાથે સહજમાં દેહ છોડી દીધો.

નડિયાદમાં થોડી પધરામણીઓ કરી, સ્વામીશ્રી આણંદ પહોંચ્યા. અત્રે સર્વ હરિભક્તો રાહ જોઈ રહ્યા હતા. મણિભાઈ નારણભાઈની રસોઈ જમીને આરામ કરી, સાંજે ખાનકૂવા પધાર્યા.

ખાનકૂવામાં તા. ૨૮-૬-'૫૯થી 'સત્સંગિજીવન' પારાયણનો ઉત્તમ પ્રસંગ યોજાયો. ગામમાં સત્સંગ ન હોવા છતાં પારાયણ કરાવી, ગામમાં સત્સંગનો રંગ સર્વને લગાડવાની ભાઈલાલભાઈની મહેચ્છા હતી. સહકારના અભાવે જરા થડકાટ તો થાય, પણ સ્વામીશ્રીનું બળ રાખી તેમણે હિંમત કરી. ઈશ્વરભાઈ તથા જયંતીભાઈ (જોહ્નિસબર્ગવાળા) વગેરે દેશના અનુભવી હરિભક્તોએ સાથ

આપ્યો. ભાઈલાલભાઈની નરસિંહ મહેતા જેવી ભક્તિ આગળ શ્રીહરિએ જાણે સાક્ષાત્ ખાનકૂવામાં આવી તૈયારી કરી હોય એમ સૌને લાગ્યું, કારણ કે ટૂંક સમયમાં જ પારાયણની સર્વ વ્યવસ્થા થઈ ચૂકી હતી. દરેક મંદિરમાંથી મોટેરા સંતો તથા દેશ-પ્રદેશના હરિભક્તો પારાયણમાં આવ્યા હતા. તે આ ચોમાસાની ઋતુમાં અસંભવિત ગણાય. આમ, કથાવાર્તાનું અનેરું સુખ આવ્યું. વિશેષમાં રાજાશાહી ઠાઠથી સૌ સંતો-હરિભક્તોને રમાડ્યા-જમાડ્યા. વરસાદે જો કે માઝા મૂકી હતી, પણ ભાઈલાલભાઈના ભાવમાં ઓટ આવી નહિ. વરસાદથી સૌના દેશકાળ સારા થશે – એ આશ્વાસનથી તેમને લેશ તકલીફ જણાઈ નહિ.

છેલ્લા ત્રણ દિવસ ઘરે ઘરે પધરામણીઓ થઈ. ૪૦૦ જેટલા મુમુક્ષુઓએ વર્તમાન ધરાવ્યાં. યુવક મંડળની સ્થાપના થઈ ગઈ. એકાદશીને દિવસે સ્થાનિક યુવકોએ કીર્તન-ભક્તિનો રસ સૌને ચખાડ્યો. પારાયણ દરમ્યાન સેવામાં પણ તેઓ ખડે પગે રહેતા.

હજુ ઇદમ્ સાંભરે છે

તા. ૩૦-૬-’૫૯, રાત્રે યુવકોને સંબોધીને સ્વામીશ્રીએ કહ્યું :

‘અમે ૪૦ સદ્‌ગુરુઓની સેવા કરી છે. સારંગપુરમાં નવાગામ, મોજીદડ, ચચાણા વગેરે ગામોથી હરિભક્તો આવે તે વહેલી સવારે જવાના હોય; તેનાં ભાતાં બંધાવી દઈએ. સવારે ૨-૩૦ વાગે ઊઠું અને ૧૦૦-૧૫૦ રોટલા ઘડી નાંખું. રાતના ભંડારી પાસેથી ગોળ ને અથાણું લઈ રાખું. તે સવારે ભંડારીને જગાડવા ન પડે. સવારે ૪-૦૦ વાગ્યામાં કોઈને ૧૦, કોઈકને ૧૫, એમ રોટલા અને ગોળની કાંકરી ભગવાં કપડાંમાં બાંધીને આપી દઉં.

‘બોચાસણ સમૈયામાં કૃષ્ણજી અદા વગેરે મોટા હરિભક્તો આવતા. તેમને જમવાનું પહોંચાડી દઉં. સ્વામીને કહેવું પડે નહિ. એક વાર આજ્ઞા થઈ પછી ફરી કહેવું પડે નહિ. ઘડી ઘડી કહેવું પડે તેમાં રાજીપો ન થાય. અમને શાસ્ત્રીજી મહારાજે જે આજ્ઞા, જે વખતે, જે સ્થળે કરી હતી, તે હજુ ઇદમ્ સાંભરે છે. તે વખતે આજ્ઞા પાળીને રાજી કર્યા તે અત્યારે શાંતિ શાંતિ વર્તે છે. શાસ્ત્રીજી મહારાજ જેવા પુરુષને રાજી કર્યા છે ! અત્યારે હું મરી જાઉં તોપણ મને અંતરમાં શાંતિ. એનું કારણ, મોટાપુરુષને સેવ્યા છે. રાજી કરી લીધા છે. તેથી અંતરે શાંતિ છે. વિજ્ઞાનદાસ સ્વામી જેવાના પંજામાં આવ્યા છીએ.

‘અત્યારે મને કહે તો ૫૦ માણસની રસોઈ કરી નાંખું. બધાને જમાડી

દઉં. જરાય થાકું નહિ. પહેલાં ઝપાટામાં એવા આવી ગયેલા. અત્યારે ત્રણ મુદ્દા રાખવા : ૧. નિર્દોષબુદ્ધિ, ૨. સ્વભાવ ટાળવા, અને ૩. ભીડો વેઠવો.'

પારાયણ દરમ્યાન સાંજે ભાઈલાલભાઈ સ્વામીશ્રી તથા સંતોને પોતાનાં ખેતરોમાં લઈ ગયા હતા. ખળીમાં ઉત્સવ કર્યો હતો. સૌને લીંબુનું શરબત તથા ફળફળાદિ જમાડ્યાં હતાં. સ્વામીશ્રીએ ખેતરમાં બધા આંબા પ્રસાદીના કર્યા. પુષ્પ છાંટ્યાં. કૂવાનું પાણી ધરાવીને પીધું. અને ગામના બધા કૂવા પ્રસાદીના કરવા, ઠાકોરજીનું પ્રસાદીનું જળ કરી આપ્યું. કણભાપુરા ગામે પધરામણી કરી, રાત્રે ૧૦-૩૦ વાગે ખાનકૂવા પધાર્યા.

પૂર્ણાહુતિના દિવસે ભવ્ય શોભાયાત્રા નીકળી અને સર્વત્ર જયજયકાર પ્રવર્તી રહ્યો. સંપ્રદાયના ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાય એવો પ્રસંગ બન્યો. સામાન્ય સ્થિતિ હોવા છતાં ભાઈલાલભાઈએ મન મૂકીને સેવા કરી. તેમનો ઉત્સાહ, નિર્માનીપણું, ધીરજ અને સેવા જોઈ સૌ કોઈ દિગ્મૂઢ થઈ ગયા. તેમની ઇચ્છા મુજબ આખું ગામ સત્સંગી થયું. તેમણે પોતાનું ઘર કૃષ્ણાર્પણ કર્યું. જ્યાં મંદિર કરી મૂર્તિપ્રતિષ્ઠા કરી. સ્વામીશ્રી ઘણા જ રાજી થયા.

અષાઢ સુદિ પડવાને દિવસે સવારે નિત્યકર્મથી પરવારી લગભગ ૯-૦૦ વાગે સ્વામીશ્રી મોટરમાં ઉમરેઠ જવા નીકળ્યા.

ચોમાસું સારું એવું જામ્યું હતું. ખૂબ વરસાદને લીધે ગાડા રસ્તા ઉપર કાદવ-કીચડ જામી ગયો હતો. બે ખેતર વચ્ચે સાંકડા રસ્તામાં અમે જઈ રહ્યા હતા. હજુ તો ખાનકૂવા ગામની સીમ છોડીને થોડા આગળ ગયા ત્યાં રેલવે લાઇન આગળ નાળામાં - ખાબોચિયામાં જ મોટર એકદમ ખૂંચી ગઈ.

થોડી વાર પહેલાં જ સ્વામીશ્રીએ કહ્યું હતું કે ઊતરી જઈએ, પણ જરા ભૂલ થઈ જતાં મોટર ફસાઈ. ગામમાંથી નીકળ્યા ત્યારે પણ સ્વામીશ્રીએ ટ્રૅક્ટર સાથે લેવા કહ્યું હતું. તે પણ સૌ વીસરી ગયા. જેમ તેમ મોટરમાંથી સૌ ઊતર્યા અને રેલવે લાઇનની બાજુમાં ટેકરા ઉપર ઝરમર વરસતા વરસાદમાં સ્વામીશ્રી બેઠા. સ્વામીશ્રીને માથે છત્રી ધરી રાખી હતી. મોટાસ્વામી પણ મોટરમાંથી ઊતરીને આવ્યા, એટલે બાજુના ખેતરના ખોરડા નીચે સૌએ આશ્રય લીધો.

ક્ષમાવાન ને સરળ ચિત્ત

લગભગ ૧૨-૦૦ વાગે મોટર ટ્રૅક્ટરની મદદથી કીચડમાંથી નીકળતાં આગળ મુસાફરી શરૂ થઈ. રસ્તામાં રમૂજ કરતાં સ્વામીશ્રી કહે : 'ઉમરેઠમાં

સામૈયું વધુ થવાનું હશે, એટલે મોડું થતું લાગે છે.' કારણ, તે દિવસે સવારે જ ઉમરેઠથી પત્ર હતો કે 'ઉમરેઠ મંદિરમાં આવવું નહિ, નહિ તો તોફાન થશે.'

આ પત્ર મોટરમાં વંચાવ્યો ત્યારે ભાઈલાલભાઈ કહે : 'બાપા ! આ ઉમરેઠના હરિભક્તો, ઉમરેઠ મંદિરના 'શતવાર્ષિક પાટોત્સવ'ના ફાળા માટે મોમ્બાસા ગયા છે. તો કાગળ લખી દઉં કે તેમને મદદ ન કરવી, આપણા હેતવાળા નથી.'

સ્વામીશ્રી કહે : 'ના, ભલે, પૈસા આપવા. આપણે મંદિરમાં ઇષ્ટદેવની સેવા થાય ને !' ભાઈલાલભાઈ આગળ પૂછતા અટકી ગયા. તેમને સમજાયું કે સ્વામીશ્રીની તો દૃષ્ટિ જ અલૌકિક છે.

આગળ પણ રસ્તો ખરાબ હતો. તેથી લગભગ ૩ વાગે અમે ઉમરેઠ પહોંચ્યા.

અત્રે હરિભક્તો સવારના ૯-૦૦ વાગ્યાથી વાટ જોઈને ગામને પાદર શ્રદ્ધાથી બેઠા હતા. સામૈયું ધામધૂમથી થવાનું હતું. સ્વામીશ્રી મોડા પધાર્યા તેથી સર્વ કાંઈ બંધ રહ્યું.

ખાસ તો સ્થાનિક જૂના હરિભક્તોનો કંઈક વિરોધ હતો. તેથી અંતર્યામીપણે જ સ્વામીશ્રી મોડા પધાર્યા.

બપોરે ઠાકોરજી જમાડી થોડો આરામ કર્યો. સાંજે પધરામણીએ પધાર્યા. રાતે વૈષ્ણવની હવેલીમાં જાહેર સભા ઘણી જ સુંદર થઈ. જેણે મંદિરનાં દ્વાર બંધ કર્યાં તેના મોક્ષનાં દ્વાર બંધ રહ્યા, પણ બીજા હજારો મુમુક્ષુઓનાં મોક્ષનાં દ્વાર સ્વામીશ્રીનાં દર્શનથી ખૂલી ગયાં.

અર્જુનભાઈ તથા સંતસ્વામીએ કથાવાર્તાનો સારો લાભ આપ્યો. છેવટે સ્વામીશ્રીએ આશીર્વચનો કહી સર્વના સંશય ટાળી નાખ્યા. ગામમાં સમાસ ઘણો થયો. સોમાભાઈએ સેવાનો લાભ સારો લીધો.

બીજે દિવસે સવારે નિત્યકર્મથી પરવારી ટ્રેનમાં અમદાવાદ જવા નીકળ્યા. આણંદ, નડિયાદ સ્ટેશને હરિભક્તો દર્શને આવ્યા હતા. અમદાવાદ આવી પહોંચતાં લક્ષ્મીદાસભાઈ ગણાત્રાની દુકાનનું ઉદ્‌ઘાટન કરી, મંદિરે પાછા ફર્યા. સાંજે ખેંગારજીભાઈને ત્યાં 'અક્ષર સોસાયટી'માં પધરામણી કરી. મંદિરે દર્શન કરી, શાહીબાગ પધાર્યા.

બીજે દિવસે સવારે હરિભક્તોને અમૃત વાણીનો લાભ આપતાં કહ્યું :

'સ્વાભાવિક પ્રકૃતિ સૂવા-બેસવાની, ખાવા-પીવાની, દેહપર્યંત રહે છે, પરંતુ મોક્ષમાં નડતી નથી; પણ તીવ્ર વાસનારૂપી જે સ્વભાવ પડ્યા હોય તો

મોક્ષમાં નડે છે. સત્પુરુષના વચનમાં અતિ વિશ્વાસ - હદ વિનાનો, સત્પુરુષની સામું ને સામું જ જોઈ રહે. ગમે તેટલું વઢે, ટોકે, તિરસ્કાર કરે, તોપણ મૂંઝાય નહિ. તો સ્વાભાવિક પ્રકૃતિ ટળી જાય.' તે ઉપર માનકૂવાના કૃષ્ણજી ને મૂળજીનાં દૃષ્ટાંતો આપ્યાં : 'વિમુખ કરીને કાઢી મૂક્યા, તોપણ નિર્માની અને ખપવાળા હતા તો મહારાજ રાજી થઈ ગયા.

'મહારાજે ગ.મ. ૩૭માં સ્વભાવ ટાળવાની વાત કરી છે. તે ઉપાય તો ગીતા, ભાગવતમાં પણ બતાવ્યો નથી. માટે પ્રકૃતિ ટળે તો બાપા રાજી થાય.

'ભગવાન અને સંતની બીક હોય, તો નિષ્કામ ધર્મ પળાય. ભગવાનમાં પ્રવેશ થયો એટલે શું ? અખંડ સ્મૃતિ ભગવાનની થાય. રટણા લાગી રહે. સૂવે તોપણ સુખ ન થાય. ત્યારે જાણવું કે ભગવાનમાં પ્રવેશ થયો છે. ભગવાન કે સંતમાં નિર્દોષબુદ્ધિ હોય તો અભાવ આવે જ નહીં. એ ખરેખરો પ્રવેશ જાણવો.'

પ્રગટ વાણી પગ તળે ઘસાય છે

અહીં કથા પ્રસંગમાં આકાશવાણીની વાત આવી. તે સાંભળી સ્વામીશ્રીએ પૂછ્યું : 'અત્યારે આકાશવાણી થતી હશે ?'

એટલે શંકર ભગત કહે : 'પ્રગટ વાણી સાંભળવા મળે છે, પછી આકાશ-વાણીનું શું કામ છે ?'

સ્વામીશ્રી હસતાં હસતાં માથે હાથ ઘસતાં બોલ્યા : 'પ્રગટ વાણી પગ તળે ઘસાય છે... બહુ મહિમા ! મહિમા પગ તળે ઘસાય છે !' એમ સભાને રમૂજ કરાવી સૌને જાણપણું આપ્યું.

જમીને તા. ૯-૭-'૫૯, અમદાવાદથી ટ્રેનમાં અટલાદરા આવતા હતા. રસ્તામાં મહી નદી આવી. ત્યારે તેનાં દર્શન કરતાં સ્વામીશ્રી સૌને કહે : 'માનસિક સ્નાન કરો.'

અટલાદરા પહોંચ્યા. મંદિરમાં દર્શન કરવા પધાર્યા. સ્વામીશ્રી છેલ્લા મંદિરમાં હરિકૃષ્ણ મહારાજની મૂર્તિનાં દર્શન કરતાં ઘણા મગ્ન થઈ ગયા અને બોલ્યા : 'મહારાજ ! રાજી છો ને !'

તે સાંભળી સનાતન સ્વામીએ હસતાં હસતાં પૂછ્યું : 'મહારાજે ઉત્તર આલ્યો ?'

'હા, મહારાજ કહે છે, બેઠો છું.' બે હાથે જાળી પકડી, એકીટશે મહારાજને નિહાળતાં સ્વામીશ્રી બોલ્યા.

અટલાદરા બે દિવસ સૌ હરિભક્તોને લાભ આપ્યો.

મમતાનો મેહ

અહીં સ્વામીશ્રીનો સમાગમ કરી, નારણભાઈને મુંબઈ જવાનું હતું. ભણવાનું તો લગભગ છોડી દીધું હતું, પણ કૉલેજ જવાનું ચાલુ હતું. તે વખતે દિલ્હીથી મુંબઈ એરકન્ડીશન્ડ ડીલક્સ ટ્રેન શરૂ થયેલી. નારણભાઈની ઇચ્છા તેમાં બેસી મુંબઈ જવાની હતી. સ્વામીશ્રી કહે : 'આપણે થર્ડ કલાસમાં જ જવું. મફતના પૈસા ન ખરચવા.'

આ ટ્રેન સવારે ૧૦-૦૦ વાગે વડોદરાથી ઊપડે, તે બપોરે ૩-૩૦ વાગે મુંબઈ પહોંચાડે. એમાં ડાઈનિંગ કાર હોય તેમાં જ જમી લેવા નારણભાઈએ નક્કી કર્યું હતું. સ્વામીશ્રીએ વળી કહ્યું : 'જુઓ, હું તમને પૂરી-શાક બનાવરાવી દઉં છું, તે કરંડિયો સાથે રાખજો અને બપોરે તે જમજો !'

પછી જાતે ઊભા રહી, પૂરી-શાક કરાવરાવ્યાં. ટોપલીમાં ભરી, ઉપર ભગવું લૂગડું બાંધ્યું. એક યુવકને કહ્યું : 'મંદિરની ઘોડાગાડીમાં નારણભાઈને સ્ટેશને મૂકી આવો.'

પછી નારણભાઈને વળાવવા સ્વામીશ્રી સભામંડપનાં પગથિયાં પાસે આવ્યા અને ઘોડાગાડી મંદિરની બહાર નીકળી ત્યાં સુધી તેઓ નારણભાઈ સામું જોઈ ઊભા રહ્યા. સ્વામીશ્રીના વાત્સલ્યનું આ પરમ સુખ તેઓ જીવનભર ભૂલી શક્યા નહિ. સ્વામીશ્રીની મમતાનો મેહ ભલભલાના મનને હરી લે એવો હતો.

અહીંથી સ્વામીશ્રીએ આજવા રોડ ઉપર આંબલિયાપરા ગામે પધરામણી કરી. ગામને પાવન કરી, વડોદરા શહેરને પાણી પૂરું પાડતા આજવા તળાવને દૃષ્ટિપ્રસાદી કરવા પધાર્યા. ત્યાં સ્વામીશ્રીએ શુભ સંકલ્પ કર્યો કે 'આ તળાવનું પાણી પીતાં સર્વ કોઈનું કલ્યાણ થાઓ.' પૂર્ણ પુરુષોત્તમ નારાયણે વહેતી મૂકેલી અક્ષરવાટને ચાલુ રાખતા મોટાપુરુષની કેવી વિશાળ ભાવના ! રસ્તામાં જેસંગપુરા અને સયાજીપુરામાં પધરામણી કરી. બપોરે અટલાદરા પાછા ફર્યા.

તે જ દિવસે સાંજે સ્વામીશ્રી મોટરમાં બોચાસણ જવા નીકળ્યા. રસ્તામાં આવતાં ગામડાંઓના હરિભક્તોને સ્વામીશ્રીના નીકળવાની ખબર પડી ગઈ હોવાથી, સૌ ગામને પાદર દર્શનાતુર ઊભા હતા. રસ્તામાં છાણી ગામે મોટરમાંથી જ પ્રસાદીની છત્રીનાં દર્શન કર્યાં. સાંકરદા ગામને પાદર સૌ હરિભક્તોને હળીમળી આશીર્વાદ આપી, પ્રસાદી વહેંચી, ફાજલપુર ગામે

પધાર્યા. ગામમાં મુમુક્ષુજનોને વર્તમાન ધરાવ્યાં, દારૂ અને માંસ ન લેવાનો નિયમ આપ્યો. દરેકને સદાચાર સાથે આધ્યાત્મિક જીવન જીવવાની પ્રેરણા આપતા સ્વામીશ્રીનું સત્સંગ પ્રચારાર્થે કાર્ય અવિરત ચાલુ જ હતું.

આગળ જતાં દાઓલ ગામમાં બેચરભાઈને ત્યાં પધરામણી કરી, તેમને આશીર્વાદ આપી, રાત્રે બોચાસણ પધાર્યા.

ચરોતરના હરિભક્તો આ પ્રસંગે દર્શનનો લાભ કેમ ચૂકે ? આજુબાજુનાં ગામડાંમાંથી હરિભક્તો દર્શને આવી પહોંચ્યા હતા. જયનાદોથી સ્વામીશ્રીને વધાવ્યા. રાત્રે કથાવાર્તાનો પ્રસંગ સારો નીકળ્યો. ઘનશ્યામ સ્વામીએ તૈયાર કરેલા બાળ મંડળે કીર્તનો ગાઈને સૌને પ્રસન્ન કર્યા. બીજે દિવસે સવારે નિત્ય-કર્મથી પરવારી દરવાજાનું કામ જોયું. જૂની ધર્મશાળામાં અક્ષર સ્વામીને દર્શને ત્રણથી ચાર વાર પધારી તેમને રાજી કર્યા. સંપ્રદાયની ભવ્ય ઈમારતોના પાયામાં જેમણે સર્વસ્વ હોમ્યું હોય, તેવા એ શાસ્ત્રીજી મહારાજના લાડીલા સંતોને કેમ વિસારે !

આજે સાંજે મોટરમાં બોચાસણથી ભાદરણ પધાર્યા. વાસુદેવભાઈને ત્યાં ઠાકોરજી જમાડી, સોજીત્રા જતાં પેટલાદમાં ચાલુ વરસાદે પધરામણી કરી.

આ દૃશ્ય પણ જોવા જેવું રહેતું. વર્ષાઋતુમાં સ્વામીશ્રી ગામડાંઓમાં ફરતા હોય ત્યારે પણ રાબેતા મુજબ પધરામણીઓ ચાલુ જ હોય. અને વરસતા વરસાદમાં કપડાં ભીંજાતાં હોય, રસ્તામાં કાદવ ખૂંદવાનો હોય, પણ પધરામણીનો કાર્યક્રમ સ્વામીશ્રી બંધ રાખતા નહિ. બહુ વરસાદ પડે તો થોડો પોરો ખાય, પણ પછી પધરામણી ચાલુ. સોજીત્રામાં ૪૦ ઉપર પધરામણીઓ કરી.

સંબંધમાં આવવું જોઈએ

તા. ૧૪-૭-'૫૯, રાત્રે ૯-૩૦ વાગે સ્વામીશ્રીએ અમૃત વચનો કહ્યાં :

'આ તો નજર પડી ગઈ છે. નજર વિના જગતના ઘાટ ઓછા થાય નહિ. આ મકાનની બહાર છેટે છેટે ફરે, તો જગતના ઘાટ ક્યાંથી ઓછા થાય ? માટે સંબંધમાં આવવું જોઈએ. ઘડીએ છૂટા ન પડાય. કથાવાર્તા, દર્શન, એમ સંબંધમાં રહેવું. રાજાની નજર પડે તો ભૂખ્યો-દુઃખ્યો રાખે ? સંબંધમાં આવવું જોઈએ. છેટે રહે કામ ન થાય. એને સંભારે, વાતું-ચીતું કરે, તો સંબંધમાં કહેવાય.

'આપણને અન્ન-વસ્ત્ર મળે છે તે મોટાપુરુષની દૃષ્ટિથી મળે છે, પણ જીવ પોતા ઉપર માનીને મોટાપુરુષને ઓશિયાળા કરે છે. ભગવાન અને સંત

વિના રહેવાય નહિ. આશરો ને ટેક રાખી સંબંધમાં આવવું જોઈએ. વચનમાં રહેવું જોઈએ.'

બીજે દિવસે સવારે ૫-૩૦ વાગે યુવકોને સંબોધીને સ્વામીશ્રી કહે : 'ભજનનું બળ રાખવું, તો નિર્દોષ થઈ જવાય. ઊંચે સ્વરે ભજન કરવું. ૨૦૦ ઘોડામાં કોઈ સોંસરો ન પડી શકે; તેમ ઊંચે સ્વરે ભજન થતું હોય તો સંકલ્પ પેસી શકે નહિ. અંતઃકરણનાં પાપ ધોવાઈ જાય.

'સ્વામિનારાયણ મંત્ર બહુ બળિયો. કાળા સાપનું ઝેર ન ચડે. વિષય ઊડી જાય. બ્રહ્મરૂપ થવાય. કાળ, કર્મ, માયાનું બંધન ઊડી જાય. એવો બહુ બળિયો મંત્ર છે, માટે નિરંતર ભજન કરવું.

'દરેક ક્રિયામાં ભજન કરીએ તો જીવ વૃદ્ધિ પામે. હાલતાં-ચાલતાં ઊંચે સ્વરે ભજનનું બળ રાખવું. ગોંડલમાં આપણે સૂતા હતા, પણ શાસ્ત્રીજી મહારાજ સ્વામીએ ભજન કરાવ્યું તો ઝેર ન ચડ્યું. મહારાજ, સ્વામી સાક્ષાત્ બેઠા છે. એનું નામ હું લઉં છું. સંકલ્પથી જુદા પડવું. તારે-મારે લેવા-દેવા નથી. 'હું તો ગુણાતીત છું, ભગવાનનો ભક્ત છું,' એમ જુદા પડવું.

'પથારીમાં ઊઠીને ૧૦ મિનિટ ભજન કરી લેવું, તો વૃદ્ધિ પમાય. માટે ભજનનું બળ શાંતિદાયક, સુખદાયક છે. અંગ પાડવું જોઈએ. જેટલું જીવમાં બળ - આશરાનું બળ હોય, તેટલું ભજન થાય.

'મનુષ્યભાવ લાવવો જ નહિ. હડતાલ પાડી. નિર્દોષભાવ થાય તો અક્ષરધામમાં બેઠા. આપણો ચોકો ન અભડાય. અભાવ એટલે ચોકો અભડાય. શ્રીજીમહારાજ અને એમના ભક્તોનો અભાવ કેમ લેવાય ?

'કોઈનો વાંક હોય તો કહેવું : 'મેં વાંક કર્યો છે.' નિર્દોષભાવ થાય, શાંતિના ફુવારા છૂટે. વિશેષ નિયમ શું ? નિર્દોષભાવ અને ભીડો વેઠવો. જાગા સ્વામી કહેતા : 'કદાચ અભાવ લેવાનું મન થાય તો દેહનો લેવો.' જો છીંડાં બંધ ન કરો તો દરવાજો પડે. નાનાનો અભાવ લઈએ તો મોટાનો આવે જ. ભક્તને અભાવ આવે એ મરણ.'

અહીંથી ટ્રેનમાં અમદાવાદ આવી, શનિવારે નડિયાદ પધાર્યા.

અહીં ગઢપુર મંદિરના કળશનો ખરડો થતો હતો. ભગવાનજી કડિયાની સ્થિતિ તદ્દન સાધારણ હતી. એક એક ટંકના વાંધા હતા. તેમણે બે હાથ જોડી સ્વામીશ્રીને પૂછ્યું : 'બાપા ! મારે શું સેવા કરવી !'

સ્વામીશ્રીએ કહ્યું : '૨૫ રૂપિયા.'

કૃષ્ણાભાઈ બાજુમાં જ ઊભા હતા. તે કહે : 'બાપા ! એ ૨૫ રૂપિયા કે દિ' આપશે ! માટે કાંઈ ઓછી સેવા લખાવો...'

ત્યારે ભગવાનજીભાઈ બોલ્યા : 'સવારમાં જ સેવા પહોંચી જશે. સ્વામી-બાપાના વચને મને સેવા કરવા દો.'

બીજે દિવસે સવારે તેઓ સેવા આપી ગયા ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'તેર દોકડાની સેવા લખાઈ ગઈ. દૂબળી ભટ્ટની જેમ સર્વસ્વની સેવા થઈ ગઈ. હવે આપણા કળશ ચડી ગયા અને કામ પૂરું થઈ ગયું.' એમ ખરેખરો રાજીપો દર્શાવ્યો.

આ સમૈયો ભુલાય જ નહિ

વસો, પલાણા, ડભાણ થઈ, પૂનમની આગલી રાતે બોચાસણ પહોંચ્યા. ગુરુપૂર્ણિમા રંગેચંગે ઊજવી.

ગુરુપૂર્ણિમાની વિશાળ ઉત્સવ સભામાં સ્વામીશ્રીએ આશીર્વચનો ઉચ્ચાર્યાં :

'આજે ગુરુપૂજન છે. ભગવાન પ્રધાન હોય, સત્સંગનું બળ હોય, તે આ સમૈયો ભૂલે જ નહિ. વરસાદનો ટાઈમ છે, છતાં હજારો કામ મૂકીને આવ્યા. શાસ્ત્રીજી મહારાજની સ્મૃતિ કરવી એ ગુરુપૂજન. નિર્દોષબુદ્ધિ, દિવ્યભાવ, દશમો-વીશમો ભાગ આપી મંદિરોની પુષ્ટિ કરવી, અક્ષરપુરુષોત્તમની પુષ્ટિ કરવી. તેમાં ભીડો વેઠવો. માન-અપમાન સહન કરવાં. એ સિદ્ધાંત પ્રમાણે વર્તીએ તો સાક્ષાત્ ગુરુપૂજન.

'સ્વામીના કાર્યમાં ભળી જવું, એ ગુરુપૂજન. સ્વામી ગયા નથી. આપણી સેવા અંગીકાર કરે છે. સંપ છે તો દેશકાળ સારા છે. કુસંપ છે ત્યાં માયા છે.'

પડવાની સાંજે આણંદથી રાજકોટ જવા ફાસ્ટમાં બેઠા. અહીં સૌએ ગુરુપૂજનનો લાભ લીધો. વર્ષોવર્ષ રાજકોટના ભક્તોને ગુરુપૂજનનો લાભ આપવા જ સ્વામીશ્રી ઠેઠ ગુજરાતમાંથી રાજકોટ પધારતા અને તુરત ગુજરાત તરફ પાછા વળી જતા. ભક્તોને પ્રસન્ન રાખવાની સ્વામીશ્રીની આ એક સમજી ન શકાય એવી રીત હતી. જેમાં પોતાને પડતી હાલાકીનો તો કોઈ વિચાર જ નહિ. માત્ર સામાની મરજી સાચવવી, એ જ એક તાન તેઓ રાખતા. ભક્તોને સત્સંગમાં જાળવવા કેટલે હદ સુધી સ્વામીશ્રી તેમનો મહિમા સમજતા, એ સહેજે જોઈ શકાતું.

તા. ૨૨-૭-'૫૯એ અદાની દેરીએ ગુરુપૂનમના આશીર્વાદ આપતાં કહ્યું :

'ધોતિયાં ઓઢાડવાં, સેવા કરવી, એ ગુરુપૂજન નહિ. નિર્દોષભાવ એ જ

ગુરુપૂજન. દિવ્યભાવ, સત્સંગમાં એકતાપણું આવે, મનુષ્યભાવ નીકળી જાય, એ ગુરુપૂજન. ગુરુપૂજા એટલે શું ? પોતાનો અવગુણ લે. કોઈનો અવગુણ આવ્યો હોય તો ગુરુ વાતો કરીને દિવ્યભાવ કરાવે અને દંડવત્ કરાવે. એકતાપણું એવું કરાવી દે કે મનુષ્યભાવ ટાળી નાખે.'

ગોંડલમાં પણ ખૂબ વરસાદ હતો. બધે દર્શન કર્યાં. રાતે પોઢતી વખતે સ્વામીશ્રીને સેવકો સુખડનું તેલ માથે ઘસતા હતા. ત્યારે સ્વામીશ્રી કહે : 'દરેકને સાચવવા પડે છે. ન સાચવે તો તરત વયા જાય. આખા સંપ્રદાયમાં એક ભગતજી મહારાજ જ એવા નીકળ્યા, જેમણે અપમાનો સહન કર્યાં. એવો બીજો કોઈ સત્સંગમાં છે જ નહીં.'

આ દેરી નથી, અક્ષરધામ છે

સભામાં ગામડાંના ખેડૂત હરિભક્તો બેઠા હતા. સ્વામીશ્રી કહે :

'સૌએ એવો નિયમ રાખવો. અક્ષર દેરી ઉત્તમ સ્થાન છે, તો વીશમો ભાગ આપવો. ચૂં ચૂં ન કરવું. જૂનાગઢ આપો તોપણ ના નથી, પણ વીશમો ભાગ ખાવો નહિ. પૈસાદારે દશમો ભાગ આપવો. નોકરી ન તૂટે. તૂટતી હોય તો બંધ રહે. ભગવાન કહેશે : 'તૂટશે તો મારો ભાગ નથી.' હરિભક્તો આવ્યા અને કહે : 'અમે દુખિયા છીએ.' સ્વામી કહે : 'જેને ઘરેણાં જોઈતાં હોય તો ઠાકોરજીને વીંટી અથવા ઘરેણું કરાવો. કપડાંના શોખીન હોય તો સંતને ધોતિયાં ઓઢાડવાં.

'આપણે કણબી પટેલ હોઈએ ને પાઈ પૈસો ન હોય, તો મૂઠડી લઈને આવવું. મૂઠડી ફાટાફાટ લેવી. જેને ધનાઢ્ય થાવું હોય તેને દશમો ભાગ આપવો. સાધારણ હોય તેને વીશમો ભાગ આપવો. ખોજા આઠમો ભાગ આપે છે. જૈન દશમો ભાગ આપે છે. ખારાપાટમા છાણા, વલોણા બધામાં ધર્માદો. આ દેશમાં બધા ચૂં ચૂં કરે : 'દાણા થઈ રહ્યા.' થઈ જ રહે ને ! છોકરાને ૮ આના પૈસા શાક લેવા આપીએ ને ન લાવે, તો બાપ ૮ આના લઈ લે. અમે બધે જાત્રા કરી, પણ આવું અક્ષર દેરી જેવું સ્થાન આખા હિંદુસ્તાનમાં નથી. લાખો માણસોને પૂજવા જોગ સ્થાન છે. આ દેરી નથી, અક્ષરધામ છે.'

ટ્રેનમાં પાછા અમદાવાદ, અટલાદરા થઈ, ગુજરાત મેલમાં મોટાસ્વામી, સંતસ્વામી વગેરે સંતમંડળ સાથે મુંબઈ જવા નીકળ્યા.

❀ ❀ ❀



સાગરતીરે સત્સંગ સરવાણી

તા. ૨૬-૭-'૫૯, સવારે સ્વામીશ્રીએ મુંબઈમાં પ્રવેશ કર્યો. સત્પુરુષના પરમ પુનિત ચરણના સ્પર્શથી જ માયા નાસી જતી લાગી. બોરીવલી સ્ટેશન ઉપર તો હરિભક્તોનો સમૂહ જોઈ સર્વ કોઈ ચકિત થઈ ગયા. સમયના અભાવે સૌએ સ્વામીશ્રીનાં દર્શનની ઝાંખીમાત્ર કરી. એક પછી એક પરાંઓ પસાર થવાં લાગ્યાં. એ જ પ્રમાણે દાદર સ્ટેશન ઉપર પણ સ્વાગત થયું અને સ્વામીશ્રી મુંબઈ સ્ટેશને ઊતર્યા. અહીંના વિશાળ સ્ટેશન ઉપર હરિભક્તોનો સમૂહ માતો નહોતો. દેશ-પરદેશના ઉતારુઓના કેન્દ્ર સમા આ સ્ટેશન ઉપર સૌ આ દૃશ્ય જોઈ આશ્ચર્યમુગ્ધ બની ગયા. અડધો કલાક સુધી સૌ હરિભક્તોએ સ્વામીશ્રી તથા સંતોનું હારતોરા કરી સ્વાગત કર્યું. સૌને આશીર્વાદ આપી, અમીદૃષ્ટિ વરસાવી, સ્વામીશ્રી માટુંગા પધાર્યા.

પહેલા જ બે દિવસ માટુંગાને ભાગે આવ્યા હતા. અત્રે હર્ષદરાયભાઈ, મહીપતરામભાઈ, ચીમનભાઈ પંડ્યા, નારણભાઈ શેઠ વગેરે હરિભક્તો તથા કિશોરભાઈ, નિરંજનભાઈ વગેરે યુવકોએ મોટા પાયા ઉપર તૈયારી કરી હતી. બપોરે સ્વામીશ્રીએ સૌ હરિભક્તો સાથે પ્રસાદ લીધો. રાત્રે 'રામ બાગ'માં ભવ્ય સભા થઈ અને માટુંગાની મુમુક્ષુ જનતાએ સ્વામીશ્રીનાં દર્શન-સમાગમનો લાભ લીધો. આ પ્રસંગે રામાનુજ સંપ્રદાયના જગદ્‌ગુરુ ભાગવતાચાર્યે 'શિક્ષાપત્રી' ઉપર મનનીય પ્રવચન કર્યું હતું અને તેની અગત્યતા સમજાવી હતી. પરોક્ષ સંપ્રદાયવાળા આપણાં શાસ્ત્રોનું અવગાહન અને મહત્તા સમજી શકે, તો પછી આપણે કેટલી સમજવી જોઈએ, એમ સૌને સહેજે સમજાયું.

બીજે દિવસે સવારે ૫-૧૫ વાગે સ્વામીશ્રીએ યુવકોને સંબોધીને કહ્યું :

'વચન અધ્ધર ઝીલી લેવાં. વચન તો સૌ પાળે, પણ અધ્ધર વચન થોડા પાળે. અધ્ધર વચન ઝીલવામાં ત્યાગ, ભક્તિ, ધર્મ વગેરે આવી જાય છે.

'સૌથી મોટી નિર્દોષબુદ્ધિ. અનાદિ બ્રહ્મ સંત તેમાં નિર્દોષબુદ્ધિ કરે, તો તેના જેવા થવાય. સંતને વિષે પ્રીતિ ને સર્વ પ્રકારે જોડાણ એ જ નિર્દોષબુદ્ધિ.

'સુહૃદભાવ હોય તો બીજાને ફજેત ન કરે, સમજણ આપીને આગળ વધારે. સુહૃદભાવ એટલે સૌથી નાનામાં નાનો હરિભક્ત એ આપણા કરતાં મોટો છે. 'આપણે દાસના દાસ છીએ' એમ સમજાય, ત્યારે સુહૃદભાવ આવ્યો કહેવાય.'

અહીંથી મુંબઈ કપોળ વાડીમાં પધાર્યા. સર્વત્ર આનંદ છવાઈ ગયો. બપોરના ઠાકોરજી જમાડી, સ્વામીશ્રી સૌ સંતો સાથે જમવા બેઠા. જમતાં જમતાં કહે : 'આ શાંતિનું સ્થળ છે. મંદિરના જેવી શાંતિ અહીં વર્તે છે.'

હરિભાઈ જીવાભાઈ સોની તરફથી 'વચનામૃત'ની પારાયણનો પ્રારંભ થયો. સવારના સંતસ્વામી કથા વાંચતા અને સાંજે હર્ષદભાઈ વાંચતા. સૌ હરિભક્તો પારાયણનો લાભ લેતા.

તા. ૨૮-૭-'૫૯, રાત્રે ૮-૪૫ વાગે જાહેર સભામાં આશીર્વાદ આપતાં કહ્યું : 'સમાગમ કરવામાં બે મૂકવાં. એક ડહાપણ; પોતાની બુદ્ધિનાં-સમજણનાં બીબાં. સમાગમમાં જવું ત્યારે અજ્ઞાનીમાં અજ્ઞાની થવું : 'હું કાંઈ જાણતો નથી !' તો મોટાપુરુષ પારસો મૂકે. બીજું, ભોળપણ; ભોળા સમજી ન શકે.'

બીજે દિવસે રાત્રે ૮-૩૦ વાગે જાહેર સભામાં સ્વામીશ્રીએ અમૃત વચનો કહ્યાં : 'સ્વામીએ અમદાવાદમાં વાત કરી, 'હાલ તો મહારાજ પ્રગટ બિરાજે છે, તેમજ જ્ઞાન આપે છે, નિયમ પળાવે છે, ધર્મ પળાવે છે, તેમજ ઉપદેશ આપે છે.' મહારાજ પ્રગટ બિરાજે છે પછી પરોક્ષભાવ ક્યાં રહ્યો ? આત્મા-પરમાત્માનું જ્ઞાન આપે છે. પંચ વર્તમાનરૂપી વાડ બાંધી છે, તેમાં રાખે છે. ઉપદેશ-ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ પળાવે છે.

'શાસ્ત્રનું જ્ઞાન કેવું છે ? તો દરિયાનાં પાણી જેવું. પણ તે શાસ્ત્ર સત્પુરુષ થકી સમજીએ, તો મોક્ષ થઈ જાય.

'એક શેઠને વીસ શેરડી બીજે ગામ મોકલવી હતી. તેણે અભણ નોકરને બોલાવી શેરડી બાબતમાં કાગળ લખી આપ્યો. નોકરે પૂછ્યું : 'શેઠ ! કેટલા સાંઠા છે ?' શેઠ કહે : 'આ કાગળ આપજે. કાગળ બોલશે.'

'નોકર તો ચાલ્યો. પાંચ-છ ગાઉ ચાલ્યો હશે ત્યાં શેરડી ખાવાની ઇચ્છા થઈ. એણે કાગળને પૂછ્યું : 'બોલ, કેટલા સાંઠા છે ?' કાગળ કાંઈ જવાબ આપે ? ઓલા મૂરખે કાગળને માર્યો તોય કાગળ બોલ્યો નહીં. પછી કંટાળીને બે સાંઠા ખાધા. બાકીના લઈને શેઠને ગામ પહોંચ્યો અને કાગળ દીધો. શેઠે કાગળ

વાંચી સાંઠા ગણ્યા તો બે ઓછા. તેથી પૂછ્યું : 'એલા, આમાં બે કેમ ઓછા છે ?' નોકર કહે : 'સાહેબ ! તમને કોણે કહ્યું કે આમાં બે ઓછા થયા છે ?'

'આ કાગળ બોલે છે.'

'તે કહે : 'તમારી પાસે બોલ્યો ને મારી પાસે કેમ ન બોલ્યો ? મેં તો ધમકી આપી. માર્યો. તોય ન બોલ્યો !' ભણ્યો હોય તે જ બોલાવી શકે, અભણ શું બોલાવે ?

'તેમ વચનામૃત જેવું પુસ્તક હોય અને પ્રગટ સત્પુરુષ પાસેથી તેના અર્થને સારી રીતે જાણતો હોય, તે તેનું રહસ્ય અને સિદ્ધાંત સમજી શકે. બીજો એની મેળે વાંચવા જાય તો એને દાદાખાચરનો દરબાર અને લીંબડો એ સિવાય બીજું કાંઈ જણાય જ નહીં.

'સત્પુરુષ ભગવાન અને સંતોનો મહિમા કહે, પણ 'હું મોટો, મને માનો' એમ ન કહે. એમ કહે તો સત્પુરુષ ન કહેવાય.'

નવો ઉઠાવ

પછી 'ભક્તચિંતામણિ' વંચાવતાં કહ્યું :

'સંતોએ દુઃખ સહન કર્યાં છે. એ બધા ગુણ મહારાજને પ્રતાપે આવ્યા.

'ક્ષમા સમ ખડગ નહિ, જરણા સમ નહિ જાપ;
ધીરજ સમ ઢાલ નહિ, મૌન સમ નહિ શાપ.'

'સાધુતાની મૂર્તિ શું ? શબ્દ સહન કરવા. એમ સાધુતા રાખવી. કથાવાર્તાનો જોગ હોય તો સહુએ સભામાં બેસી જવું. મોટામાં મોટી દવા જ્ઞાન અને મહાપુરુષના આશીર્વાદ. ખમવાની-સાધુતાની દવા, એ ખાય તો મોક્ષમાં વિઘ્ન ન આવે.

'નવો ઉઠાવ શું ? બ્રહ્મરૂપ થાવું. એ ગુણાતીતને ઘરે હોય. બ્રહ્મ સંગે બ્રહ્મ હોય. ભમરીને સંગે ઇયળ ભમરી થાય, પણ ગંગામાં પડવાથી ન થવાય. માછલાં ચારો કરી જાય. આ મોક્ષની કૉલેજ ઊઘડી છે. બ્રહ્મવેત્તા, બ્રહ્મનિષ્ઠ અને બ્રહ્મરૂપ – આ ત્રણ પ્રકાર છે. તેમાં બ્રહ્મરૂપ તે ઉત્તમ. ભગવાનના ભાવને પામી ગયેલા. સમાગમ થાય તો થવાય.

'એકાંતિકના ધર્મમાંથી પડ્યો એ મરણ. એકાંતિક સંતનો અભાવ આવ્યો તો મોક્ષદ્વાર બંધ થઈ જાય. અને દિવ્યભાવ થાય તો દ્વાર ઉઘાડાં થઈ જાય.

'અંતરાય ટળી ગયો હોય તો ફરજ પાડે. અંતરાય ન ટળ્યો હોય તો

મોટાપુરુષને ઓશિયાળા કરે. મોટાપુરુષ જીવને ઓળખે. આપણે દૃષ્ટિમાં આવવું જોઈએ. પોતે મોટાપુરુષનો થાય તો અંતરાય તૂટી જાય.

'જીવ સત્પુરુષને શરણે જાય, તો મોટાપુરુષ તેને બચાવી લે. તેને દેશકાળ ન આવવા દે. શરણે જવું તેનું લક્ષણ વરતાલ-૫ વચનામૃત પ્રમાણે *'સર્વધર્માન્ પરિત્યજ્ય...'* મહાપ્રલય જેવું દુઃખ આવી પડે તોપણ રક્ષાના કરનારા ભગવાન સિવાય બીજાને ન ઇચ્છે, અને સુખ પણ ભગવાન થકી જ ઇચ્છે, ભગવાનની મરજી પ્રમાણે જ વર્તે. મરજીને જાણી લે તે આશરો. આશરાવાળાને ભગવાન જાળવે. માટે દૃઢ આશરો અને ટેક રાખવાં.

'આરુણિ, ઉપમન્યુએ ગુરુને રાજી કરી દીધા. ગુરુએ બહુ તાવ્યા પણ અભાવ ન આવ્યો. તો ગુરુનો રાજીપો થઈ ગયો.'

તા. ૧-૮-'૫૯, સવારે ૫-૦૦ વાગે યુવકોને સંબોધતાં કહ્યું :

'સત્સંગ શું ? સત્પુરુષ. ભગવાનના ભક્તમાં નિર્દોષબુદ્ધિ. જેટલા ગુણ આવે તેટલા ઓળખ્યા. ઓળખ્યા શું ? ટૂક ટૂક થાવું. બળતરા ન થાય ત્યાં સુધી સમાગમ ન થાય. ખરી ભક્તિ કોને કહેવાય ? નિર્દોષબુદ્ધિ, હેત અને સદ્ભાવ.'

રાત્રે ૧૦-૩૦ વાગે યુવકોને સંબોધતાં સ્વામીશ્રીએ ગ.મ. ૨૫ વચનામૃત સમજાવ્યું : 'ત્યાગી ભક્ત છે, પંચ વર્તમાન પૂરાં છે. ગુરુ નથી મળતા, તેથી વાસના તીખી છે.'

અહીં સ્વામીશ્રીએ સુંદર સમજાવ્યું કે ત્યાગી ભક્ત છે છતાં વાસના અતિશય તીખી છે. કારણ, ગુરુ નથી મળ્યા. ગુણાતીત ગુરુનો યોગ હોત તો નિર્વાસનિક જરૂર કરત.

'ગૃહસ્થ નિર્વાસનિક છે. કારણ, કંટાળી ગયો છે. બૈરાં સખ આવવા દે નહિ. એમ નિર્વાસનિક સહેજે થવાય છે. તેમ ત્યાગથી જ થવાય, પણ ધક્કા-ધુંબીથી ન થવાય.' એમ ત્યાગનો પક્ષ રાખ્યો.

બીજે દિવસે સવારે ૪-૩૦ વાગે યુવકોને સ્વામીશ્રીએ સંબોધન કર્યું : 'ધ્યાન એટલે મહિમાનો વિચાર અને જ્ઞાન એટલે જાણપણારૂપ દરવાજે રહેવું.

'ઝોલું ન ખાવું. જ્ઞાન ખાવું. જ્ઞાનામૃત ભોજન ! જ્ઞાન ખાઈએ તો દેશ-કાળ ન લાગે, સત્સંગમાં ટકી શકાય, અભાવ-અવગુણ ન આવે.

'આખા મંદિરની ક્રિયા કરે, પણ સાધુ-સમાગમ વિના અજ્ઞાન જાય નહિ.

'હરિભક્તોની સેવા કરવી, નવડાવવા, ધોવડાવવા. 'જાવ, ત્યાં ગાદલું પડ્યું છે,' એમ ન કરવું. ભીડો ખમ્યા સિવાય ગુણ નહિ આવે.

'નિત્યે નવું શીખવું. રોજ એક વાત શીખવાની ટેવ રાખીએ તો મહિનાની ત્રીસ થાય અને આખું શાસ્ત્ર કંઠે થઈ જાય. દરેક જાતની પ્રૅક્ટિસ (Practice) પાડવી પડે; વહેલા ઊઠવાની વગેરે.'

તે જ રાત્રે ૧૧-૪૫ વાગે યુવકોને સંબોધીને સ્વામીશ્રીએ કહ્યું :

'તદાકારપણું કેમ થાય ? જેમ વાંઝિયો છોકરાની ઝંખના કરે ને નિર્ધન ધનની ઇચ્છા કરે, તેમ ભગવાનની ઇચ્છા થાય તો થાય.'

પૂર્ણાહુતિનો દિવસ નજીક આવતાં ગામેગામથી હરિભક્તો આવવા લાગ્યા. રાત્રે સભામાં પણ હજાર જેટલા હરિભક્તો ભેગા થતા અને અદ્‌ભુત આનંદ આવતો. ભાવનગરથી પીતાંબરભાઈ તથા કાનજીભાઈ તથા આણંદથી મણિભાઈ નારણભાઈ, ભાદરણથી ડાહ્યાભાઈ, જી.કે. સ્વામી તેમજ આણંદ, અમદાવાદ, વિદ્યાનગરનાં યુવક મંડળો પણ આ પ્રસંગે આવી પહોંચ્યાં હતાં. સર્વ કામોની વહેંચણી સેવાભાવી હરિભક્તો તથા યુવકોને સોંપી દીધી હતી. સભા પ્રસંગે આવતા હરિભક્તોના જોડા તથા છત્રી પણ સેંકડોની સંખ્યામાં સાચવવાની સેવા યુવકોએ ઉપાડી લીધી. આમ, સુવ્યવસ્થા ગોઠવાઈ ગઈ હતી.

સિદ્ધાંતના આગ્રહી

પૂર્ણાહુતિમાં હરિપ્રસાદ ચોકસી સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. સ્વામીશ્રીએ તેમને બે શબ્દ બોલવા આજ્ઞા કરી. તેમણે જણાવ્યું : 'શ્રીજીમહારાજની અક્ષર ઓરડી એ અક્ષર; ગંગાજળિયો કૂવો એ અક્ષર; લીંબતરુ એ અક્ષર; ગોપાળાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી એ બધા અક્ષર-સ્વરૂપ જ હતા. તેમાં ભેદ ન પડાય. શ્રીજીમહારાજની મોજડી અક્ષર, ચાખડી અક્ષર, માણકી ઘોડી પણ અક્ષર જ કહેવાય.'

આ પ્રવચનમાં ચોકસી સાહેબે ગુણાતીતાનંદ સ્વામીના મૂળ અક્ષરપણાનો ઉલ્લેખ ન કરતાં, એમને અન્ય સંતોની જ કક્ષામાં મૂકી દીધા, એમ શ્રોતાજનોને લાગ્યું. વળી, આ વાત જ શ્રીજીકથિત ઉપાસના-જ્ઞાન, વચનામૃતમાં કે અન્ય શાસ્ત્રમાં ક્યાંય મળતી આવતી નહોતી. આવી પાયાહીન વાત થયા પછી સ્વામીશ્રી આશીર્વચન કહેવાના હતા.

સૌને કુતૂહલ હતું કે સ્વામીશ્રી શું બોલશે ? આવા મોટા માણસને તો કંઈ કહી ન શકાય. વળી, સ્વામીશ્રી તો પરમ વિવેકી. તેથી સૌ આતુરતાપૂર્વક સ્વામીશ્રીને સાંભળવા એકાગ્ર બન્યા. સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં કહ્યું :

'ગોપાળાનંદ સ્વામીના વખતમાં વઢવાણ પાસે ભોયકા ગામના માલજી સોની હતા. તે ગોપાળાનંદ સ્વામી પાસે આવ્યા. અને પૂછ્યું : 'સંપ્રદાયમાં 'અક્ષર, અક્ષર'ની વાત થાય છે, તે 'અક્ષર' કોણ હશે ?'

'ત્યારે ગોપાળાનંદ સ્વામીએ કહ્યું : 'આ ચોથે નંબરે બેઠા તે જૂનાગઢ મંદિરના મહંત ગુણાતીતાનંદ સ્વામી 'મૂળ અક્ષર' છે.'

'આ વાત સાચી છે તેની પ્રતીતિ કરાવવા શાસ્ત્રીજી મહારાજ ઘણાને ભોયકા માલજી સોની પાસે લઈ જતા. અમને પણ ભોયકા લઈ ગયેલા. એથી આ વાત અમે માલજી સોનીના મુખોમુખ સાંભળી છે. એનાથી કેટલાયની શંકાનું સમાધાન થયું છે. એટલે આ વાતથી ગોપાળાનંદ સ્વામી પોતે પણ ગુણાતીતાનંદ સ્વામીને 'મૂળ અક્ષર' સમજતા અને આ વાતનું પ્રતિપાદન કરતા એ સમજાય છે.'

સ્વામીશ્રીની શીતળ, શાંત પ્રવાહ સરખી વાણીમાંથી અનુભૂતિનો રણકાર પડઘાતો હતો. જરાય ઉશ્કેરાટ વગર અથવા કોઈને વાત સમજાવી દેવાની બળજબરી, કે વધુ તાર્કિક કે શાસ્ત્રોક્ત દલીલ વગર સ્વામીશ્રીએ પોતાની માન્યતાનો પ્રીતિસભર ખ્યાલ આપ્યો. સભાજનો અવાક્ બની સાંભળી રહ્યા હતા. કેટલીક નજરો હરિપ્રસાદ ચોકસીના મુખભાવોને પણ માણી રહી હતી; પરંતુ તેમણે પણ જાણે સમજણની ભૂલ સ્વીકારી લીધી હોય, તેમ પ્રવચનના અંતે સ્વામીશ્રી પાસે જઈ હાથ જોડી દીધા. જાણે ક્ષમા માગતા હોય ! જૂના મંદિરના ચુસ્ત અને અગ્રણી અનુયાયી હોવા છતાં, તેમણે આ વાત ઉપાસનાના સિદ્ધાંતરૂપે સ્વીકારી કે ગુણાતીતાનંદ સ્વામી જ મૂળ અક્ષરનો અવતાર કહેવાય. અને માણકી વગેરે ચૈતન્ય કે જડ – જે મહારાજના સંબંધમાં આવ્યું હોય તો તેને નિર્ગુણભાવને પામ્યું કહેવાય, પણ અક્ષર તો વચનામૃત લો.૧૭ પ્રમાણે એક અને અદ્વિતીય જ છે.

માનવ-મનના મરમી

અહીં એક સંતે ઠાસરાના પ્રમોદભાઈને તિલક-ચાંદલા માટે અત્યંત આગ્રહ કર્યો. તેઓ એકના બે ન થયા. ત્યાં સ્વામીશ્રી આવ્યા. તે સંતે સ્વામીશ્રીને કહ્યું : 'આપ આજ્ઞા કરો તો આ પ્રમોદભાઈ તિલક-ચાંદલો કરે.'

સ્વામીશ્રી બોલ્યા : 'રોજ દર્શને આવતા રહેજો. હમણાં તિલક-ચાંદલાની ઉતાવળ નથી !'

તેમના મનમાં 'હાશ' થઈ. સ્વામીશ્રી પ્રત્યે તેમના અંતરમાં અત્યંત ભાવ થયો. અને મનમાં થયું કે સ્વામીશ્રી બધું સમજે છે કે 'મારે સમાજમાં સમાજની રીતે રહેવું પડે. જો તિલક-ચાંદલો કરું તો મજાક-મશ્કરી થાય અને લોકો મારી ટીકા કરે.' એમ મનોમન વિચારીને તે રાજી થયા.

થોડા વખત પછી તેઓ જ્યાં કામ કરતા હતા તે કંપનીના મૅનેજર તેમને એક કામ માટે દિલ્હી મોકલતા હતા. જો આ કામ સિદ્ધ થાય તો તેમની ઘણી પ્રતિષ્ઠા વધે અને પ્રમોશન મળે તેમ હતું.

તેઓ સ્વામીશ્રીના આશીર્વાદ લેવા કપોળ વાડીમાં ગયા. સ્વામીશ્રીએ બધી વાત સાંભળી કહ્યું : 'તિલક-ચાંદલો કરીને જજો. કામમાં ફત્તેહ થઈ જશે. તિલક-ચાંદલો કરશો, એટલે મહારાજ આગળ ચાલશે.'

પ્રમોદભાઈ આશીર્વાદ લઈને ઘરે આવ્યા. અને દિલ્હીમાં જે કામે ગયા હતા ત્યાં તિલક-ચાંદલો કરીને ગયા. તે કામ થઈ ગયું અને માન, પ્રતિષ્ઠા અને પગાર ત્રણે વધ્યાં. સાથે તિલક-ચાંદલો પણ ચાલુ રહી ગયો.

સ્વામીશ્રીએ એવી ક્ષણે તિલક-ચાંદલાની આજ્ઞા કરી હતી, જ્યારે સ્વામીશ્રીના રૂડા આશીર્વાદની ગરજને કારણે પ્રમોદભાઈએ તે આજ્ઞા કોઈ દલીલ વગર સ્વીકારી લીધી. આવે સમયે જો આજ્ઞા ન પાળે અને રખે કાર્ય સફળ ન થાય, તો એક સારી તક જતી રહે. આજ્ઞા પાળી, કાર્ય સિદ્ધ થયું. સ્વામીશ્રીની આજ્ઞાનો - તિલક-ચાંદલાનો - પ્રભાવ સમજાયો અને તિલક-ચાંદલો કાયમ માટે ચાલુ થઈ ગયાં.

સ્વામીશ્રી માનવ-મનના મરમી હતા.

✧

અહીં વી.જે.ટી.આઈ.માં ટેક્ષ્ટાઈલ એન્જિનિયરીંગનો અભ્યાસ કરતા રણછોડભાઈ તથા નારણભાઈ પણ સ્વામીશ્રીનાં દર્શન-સમાગમનો લાભ નિયમિત લેતા. હરિભક્તોના જોડા સાચવવા, વાસણ ઊટકવાં તથા અન્ય સાફ-સૂફીની સેવા, સૌ યુવકો સાથે તેઓ ઉમંગથી કરતા. રાત્રિ સભા બાદ સ્વામીશ્રીના અંગત સમાગમનો લાભ પણ સૌ સાથે લેતા. કોઈને પણ ખલેલ ન પહોંચે એ રીતે, એક ખૂણામાં સ્વામીશ્રી સૌ યુવકો ભેગા કરી, મોડી રાતે સત્સંગ-ગોષ્ઠિ કરતા. સંસારની અસારતાની, ત્યાગ-વૈરાગ્યની, મહિમાની ઘણી વાતો કરતા.

અહીં પહેલે માળે હૉલના ખૂણામાં નાહવાની ચોકડીમાં સ્વામીશ્રી સવાર-સાંજ સ્નાન કરતા. દરેક યુવક વારાફરતી સ્નાન કરાવવાની સેવાનો લાભ લેવા

જતા. એક વખત રણછોડભાઈને આ તક મળી ગઈ. ત્યારે સહજભાવે સ્વામીશ્રીએ પૂછ્યું : 'કેટલા ભાઈ છો ?'

'ચાર.'

'તમે કયો નંબર ?'

'સૌથી નાનો.'

'સાધુ થશો ?' પણછમાંથી તીર જે વેગથી છૂટે એમ તુરત સ્વામીશ્રીનો પ્રશ્ન છૂટ્યો. ક્યારેય આ પ્રકારનો વિચાર કોઈએ પણ કર્યો ન હોય. સંસારમાં તો વિદ્યાર્થી અવસ્થામાં એન્જિનિયર કે ડૉક્ટર થવાના કોડ હોય; અથવા અન્ય કોઈ સ્થાન કે પદ માટેની મહત્ત્વાકાંક્ષાઓ હોય. એટલે સાધુ થવાનો વિચાર તો કોઈને સ્વપ્નેય હોય નહિ.

પણ પૂર્વના બલિષ્ઠ સંસ્કારને યોગે રણછોડભાઈએ સહજતાથી કહ્યું : 'હા બાપા ! થઈશ.'[૧૬] અને સ્વામીશ્રીના આશીર્વાદનો ખરા રાજીપાનો થાપો એમના વાંસામાં પડી ગયો.

શું આટલી જ વારમાં સ્વામીશ્રી રાજી થઈ જતા હશે ? 'ઘરનો ઊંબરો સાડા બાર કરોડ જોજન ઊંચો છે' – એમ શાસ્ત્રો કહે છે. તે ઠેકીને અર્થાત્ સંસારનો મોહ છોડીને ભગવાન ભજવાનો કોઈ સંકલ્પમાત્ર કરે, તો એ સ્વામીને મન બહુ મોટી ગુરુદક્ષિણા હતી. પોતાનું વચન તત્પર થઈ સ્વીકારવા બદલ કયા ગુરુનું મન આનંદ ન અનુભવે ! એમાં પણ જીવને ભવાબ્ધિમાંથી છોડાવી, અક્ષરધામમાં લઈ જવા સમર્થ, ગુણાતીત ગુરુ તો પ્રસન્ન થાય જ !

અને રણછોડભાઈને તો વિદ્યાભ્યાસ એ જ જીવન હતું. વિદ્યાપ્રાપ્તિની અત્યંત અભિરુચિ. એ માટેના પુરુષાર્થમાં પણ કદી પાછી પાની નહિ કરનાર, આ વિદ્યાવ્યાસંગી યુવકના મનમાંથી ધીરે ધીરે લૌકિક વિદ્યાની મહત્તા ઘટતી ગઈ. પારલૌકિક વિદ્યા તરફ મન ઢળવા લાગ્યું. સહાધ્યાયી નારણભાઈ સાથે વિમર્શ કરી, બંને એક નિર્ણય ઉપર આવ્યા કે અભ્યાસ છોડી દેવો.

આ પણ એક વિરલ ઘટના હતી. કારણ, ઘણી વાર વિદ્યાભ્યાસથી કંટાળીને પણ કોઈકને વૈરાગ્ય થાય ને સંસાર છોડવાનું મન થાય; અથવા તો એવું પણ રહે કે ત્યાગી થઈશું તો વિદ્યાભ્યાસની માથાકૂટ મટી જશે. એવા કોઈ નિમ્ન વિચારથી નહિ, પણ બ્રહ્મવિદ્યાના અભ્યાસની તૈયારી સાથે તેમાં આવતી અનેક મુશ્કેલીઓનો સામનો કરવાની જાગૃતિ ને તત્પરતા સાથે, આ યુવાનો

---

૧૬. હાલ કોઠારી ભક્તિપ્રિય સ્વામી; દાદર, મુંબઈ.

આજે સ્વામીશ્રીને પ્રસન્ન કરવા કટિબદ્ધ થયા હતા. આવી જ્વલંત કારકિર્દી ધરાવતા યુવાનોને આવી પ્રેરણા આપનાર ગુરુમાં પણ કેટલું દૈવત હશે! બ્રહ્મજ્ઞાન સિદ્ધ કરાવવાની કેટલી સામર્થી હશે !

કૉલેજ છોડી એટલે હૉસ્ટેલ પણ છોડવી પડે. પછી રહેવું ક્યાં ? આ બંને યુવાનો મુંબઈમાં હર્ષદભાઈ દવેને ત્યાં રહ્યા. અહીં કથાવાર્તાનો સારો યોગ મળ્યો. મહારાજ, સ્વામી અને ગુણાતીત સંતોનો મહિમા, સંતો-હરિભક્તોનાં ચરિત્રો સહિત સત્સંગનો ઈતિહાસ તથા ભગવદ્‌ગીતા, ઉપનિષદ અને ભાગવતનાં પ્રમાણો સાથે અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના સિદ્ધાંતો તેમને જાણવા મળ્યા. અહીં મુંબઈમાંથી ત્યાગી થનાર યુવકો માટે તાલીમ કેન્દ્ર જેવું હતું. કિશોરભાઈ દવે, નિરંજનભાઈ દવે, મધુભાઈ જસાણી, અનુપમ રાઠોડ વગેરે અહીં અવારનવાર આવતા. તેથી સત્સંગી યુવાનોનો અખાડો જામતો અને એકબીજાને ખૂબ જ ઉત્સાહ ને પ્રેરણા મળતાં.

✧

અહીં એક પછી એક પારાયણો ચાલુ હતી. આ પારાયણો દરમ્યાન સ્વામીશ્રીએ અદ્‌ભુત જ્ઞાનલાભ આપતાં જણાવ્યું :

'આત્મા-પરમાત્માનું જ્ઞાન શું ? અં. ૩૯ પ્રમાણે આત્મા અને પરમાત્માનું સંલગ્ન જ્ઞાન જેને હોય, તે જ સત્સંગી. આવી રીતનો જે સત્સંગી થયો હોય તો મોળો પડે જ નહિ. તેને દેહ ઉપર આધાર ન હોય. એક જ્ઞાન - જે ભગવાન - તે ઉપર જ આધાર હોય. એ જ્ઞાનની સ્થિતિ, કોઈ પાત્ર બને તો આજે પણ મોટાપુરુષ એવું જ્ઞાન તેને આપે.

'આત્યંતિક કલ્યાણ તો જ્ઞાનગહન પુરુષ હોય તે થકી થાય, પણ કેવળ પરચા બતાવવાથી થતું નથી.

'ચાર પ્રકારની ઔષધિ છે : સંધિની, વર્ણહરણી, વિશલ્યકરણી અને સંજીવની. તેનાં ચાર સ્વરૂપ : ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, અને ભક્તિ. તેના ચાર વચનામૃત : ગ.મ. ૨૮, લો. ૭, છે. ૩૯ અને મ. ૧૦; આ ચાર વચનામૃતો સિદ્ધ કરવાં.

'રાજકોટવાળા અમૃતલાલ સોનીને શંકા થઈ કે અક્ષરધામ કોણ હશે ? પછી સ્વામીએ દર્શન દીધાં. પોતે ગાદી-તકિયા ઉપર બિરાજમાન હતા અને ગોપાળાનંદ સ્વામી નીચે બેઠા હતા. પછી સ્વામીએ પૂછ્યું : 'કાંઈ પૂછવું છે ?' પછી કહ્યું : 'આ ગાદીએ બેઠા છે તે મૂળ અક્ષર છે અને નીચે બેઠા છે તે મુક્ત

છે.' એ જ રીતે ચચાણાના ફત્તેહસિંહ દરબારને પણ સ્વામીએ દર્શન દઈ પોતાનું સ્વરૂપ સમજાવી દીધું હતું.

'સંસ્કારી પુરુષને અક્ષરપુરુષોત્તમની નિષ્ઠા થાય. સિદ્ધાંતના શબ્દો જ્યારે સમજાય છે, ત્યારે કોઈને પૂછવાનું રહેતું નથી.

'કપડાં સારાં પહેરીએ, સારું સારું ખાઈએ, તાલમેલ કરીએ, તે રજોગુણ કહેવાય. પણ આ જોગ થાય તો રજોગુણ નીકળી જાય. વરતાલમાં એક સાધુને ધોતિયું પહેરતાં એક કલાક થતો. એવા રજોગુણી હતા. સ્વામી પાસે જૂનાગઢ આવ્યા અને સ્વામીની પ્રસાદીની શેરડી જમ્યા તે રજોગુણ નીકળી ગયો, અને જૂનાગઢ હવેલી થતી હતી તે કામમાં જોડાઈ ગયા. એમ શેરડીનાં પાંચ માદળિયાં ખવરાવી રજોગુણ કાઢી નાખ્યો. માટે આપણે પણ શ્રદ્ધા રાખવી.'

મહાન સંતની અમોઘ શક્તિ

કપોળ વાડીમાં થતા જ્ઞાન-પડકારાથી માયાને પ્રવેશવાને ક્યાંય લાગ ન મળતો. હરિભક્તો પણ પોતાની વ્યાવહારિક મુશ્કેલી વગેરે અહીં આવતાં જ ભૂલી જતા. ક્યારેક સ્વામીશ્રી સામેથી હરિભક્તોને વ્યવહાર વિશે પૂછી સાંત્વના અને ધીરજ પ્રેરતા.

સોખડાથી આવેલા રમણભાઈ સ્વામીશ્રી પાસે આવી ગદ્ગદ થઈ ગયા : 'મારા પિતાશ્રીને ઝૂંડ વળગ્યું છે, તે બહુ હેરાન કરે છે.' એમ કહી તેમણે સમજાવ્યું કે તેમના પિતા દેસાઈભાઈ રાજસ્થાન તરફ ગયા હતા, ત્યાંથી આ વળગ્યું છે.

ઝૂંડ એટલે વિદ્વાન અને શાસ્ત્રજ્ઞ હોવા છતાં, પોતાની વિદ્યાનું દાન ન કર્યું હોય તેવી વ્યક્તિનું પ્રેત. તે વળગ્યા પછી રાજસ્થાનના એક વખતના મુખ્યમંત્રી હરદેવ જોશીના દાદાએ ગાયત્રી હવન વગેરે કરીને ઘણા પ્રયત્નો કર્યા, પણ તેઓ નિષ્ફળ રહ્યા. આ વળગાડ પછી દેસાઈભાઈ સૂનમૂન બેસી રહે અથવા માતાજી-મહાદેવના શ્લોકો બોલે. કૂદકા મારે અને કુટુંબીઓને પણ પજવે.

આ બધી વાત સાંભળી, સ્વામીશ્રી કરુણાથી રમણભાઈને કહેવા લાગ્યા : 'લો આ પ્રસાદીનાં પુષ્પો. આ અક્ષર દેરીનું જળ છે. તેમાં નાખીને દેસાઈભાઈને પાજો. મહારાજ બધું સારું કરી દેશે ને ઝૂંડનો વળગાડ નીકળી જશે.'

રમણભાઈ સ્વામીશ્રીના આશીર્વાદ લઈ ઘરે આવવા નીકળ્યા.

તેમના પિતાશ્રી સોખડા નજીકના આનંદપુરા ગામે હતા. તેઓ ઘેર આવ્યા ત્યારે દેસાઈભાઈ ગાઢ નિદ્રામાં હતા. તે વખતે સૌ વિસ્તારથી

રમણભાઈને વાતો કરવા લાગ્યા : 'તમારા બાપુજીને તમે ગયા પછી ફરી ઝૂંડ આવેલો. તેને તો શરીરમાંથી નીકળવું જ નહોતું, પણ ઝૂંડ ધીરે ધીરે શક્તિહીન થઈ ગયો હોય તેમ લાચાર થઈ ગયો ને બોલવા લાગ્યો હતો કે 'આનો દીકરો આવી રહ્યો છે, તે કોઈ મહાન સંતની શક્તિ લાવે છે. તે શક્તિ સામે મારાથી એક ક્ષણ પણ અહીં નહીં રહેવાય. આજથી હું જાઉં છું. આના દેહમાં હવે હું ક્યારેય નહીં આવું.' આ પછી તમારા પિતાશ્રી સૂઈ ગયા છે.'

રમણભાઈ તો સ્વામીશ્રી પ્રત્યે કૃતજ્ઞતાથી ગદ્‌ગદ થઈ ગયા. દેસાઈભાઈ ઊઠ્યા પછી તેમને પ્રસાદીજળ અને પુષ્પો આપી, સ્વામીશ્રીની આજ્ઞા પ્રમાણે 'સ્વામિનારાયણ' મંત્રનો જપ કરવા પણ કહ્યું. ત્યારથી તેઓ સ્વસ્થ થઈ ગયા અને નિષ્ઠાવાન સત્સંગી થયા.

ગામમાં સૌને સ્વામીશ્રીની અમોઘ અને અપ્રતીમ શક્તિનું દર્શન થયું.

✧

આ બાજુ મુંબઈ, કપોળ વાડીમાં, યુવકોને ખૂબ ગોઠી ગયું હતું. કેમ કે સ્વામીશ્રી તેમને જ અનુલક્ષીને વાતો કરે, રમાડે, જમાડે અને રમૂજની છોળોથી નવડાવી દે. વળી, અંગત જીવનમાં પણ એટલો જ રસ લે.

મને છાતીમાં બહુ દુઃખે છે

આફ્રિકાથી આવેલા યુવક દિનેશભાઈ અહીં હૉસ્ટેલમાં રહી કૉલેજમાં ભણતા. તેઓ સિનેમાના શોખીન અને સ્વામીશ્રી ઉપર પણ બહુ હેત.

એક વાર સ્વામીશ્રીનાં દર્શન કરી તે ફિલ્મ જોવા જતા રહ્યા. સ્વામીશ્રીએ સાંજે સ્નાન કરતાં દૃષ્ટિમાં રાખ્યું કે 'દિનેશ નથી આવ્યો.' તેમની રાહ જોઈ અને જમવા માટે થાળી પણ તૈયાર રખાવી. થોડી વારે તે આવ્યા. એટલે સ્વામીશ્રીએ પ્રસન્ન થકા પૂછપરછ કરી અને દિનેશભાઈએ પણ નિષ્કપટભાવે કહી દીધું : 'બાપા ! સિનેમા જોવા ગયો હતો.'

'એમ !' સ્વામીશ્રીએ નિર્દોષભાવે પૂછ્યું : 'એમાં શું આવે ? માંડીને વાત કરો.'

તે કહે : 'સંસાર સ્વાર્થી છે, સુખ નથી. લગ્ન પછી છૂટાછેડા લે. એવું આવે.'

સ્વામીશ્રીએ એકદમ પ્રસન્નતા વ્યક્ત કરી : 'ઓ... હો... હો... ! એવું શીખવાનું દેખાડે ! તો નિત જજો !' પછી ધીરે રહીને કહે : 'સાંજે સભામાં બેસવાનું. ટેમ થાય એટલે જવાનું. અમે પૂછીએ કે ક્યાં જાવ છો ? તો

'કૉલેજમાં' એમ કહેવાનું...' સ્વામીશ્રી તેને કળા શીખવી રહ્યા હતા.

આમ, બે-ત્રણ દિવસ ચાલ્યું. દિનેશભાઈ સભામાંથી ઊઠે એટલે સ્વામીશ્રી કહે : 'દિનેશ ! કૉલેજનો ટેમ થઈ ગ્યો. બરાબર ભણજો...' પછી સાંજે તે આવે, ત્યારે બધું વિગતે પૂછે.

એક રાત્રે તે ફિલ્મ જોઈને આવ્યા અને જમીને સ્વામીશ્રીની રૂમમાં ગયા. તેમને જોઈને સ્વામીશ્રી એકાએક બેઠા થયા ને કહે : 'દિનેશ ! મને છાતીમાં બહુ દુઃખે છે. તું દવા કર ને ! બહુ દુઃખે છે !'

સ્વામીશ્રીનું દયામણું મોં જોઈ દિનેશભાઈને કંઈ ને કંઈ થઈ ગયું, પણ તેમણે લાચારીથી કહ્યું : 'બાપા ! હજુ તો હું ભણું છું, મને ન ફાવે. રમણભાઈને બોલાવું ?'

'ના, તું જ દવા કર.' એમ કહી પથારીમાંથી ઊભા થઈ, દિનેશભાઈને લઈ નીચે બેસી ગયા. ને કહે : 'બહુ દુઃખે છે !'

દિનેશભાઈ તો ગભરાવા લાગ્યા કે સ્વામીશ્રીને કંઈક થઈ જશે, તો બધા મને વઢશે. પણ સ્વામીશ્રીએ તેમને એવી રીતે પકડેલા કે છોડાવીને બહાર જઈ શકાય તેમ નહોતું.

એટલામાં સ્વામીશ્રી કહે : 'તારી જ દવાથી મટશે. માટે તું જ દવા કર.'

'બાપા ! તમે કહો તો દવા કરું, બાકી મને કાંઈ ખબર ન પડે.'

'જો દિનેશ.' સ્વામીશ્રીએ ધીરેથી કહ્યું : 'જો તું ફિલમ જોવાનું બંધ કરે ને, તો મને મટી જાય.'

દિનેશભાઈ તો સ્તબ્ધ થઈ ગયા. એક જ યુવકનું નિયમ બહાર આચરણ સ્વામીશ્રીની છાતીમાં દુઃખાવારૂપે હોય છે, તે વાતની તેમણે ક્યારેય કલ્પના પણ કરી નહોતી. એ આજે અંદરથી હલી ઊઠ્યા. તેમણે માફી માગી મનોમન શપથ લીધા કે 'હવેથી ક્યારેય કોઈપણ ભોગે સિનેમા જોવી નહીં !'

✧

તા. ૮-૮-'૫૯ અને ૯-૮-'૫૯, અત્રેના યુવક મંડળના ઉપક્રમે બાળ મંડળનો સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે મુંબઈ, માટુંગા તથા મલાડ વિભાગના બાળકોએ સુંદર કાર્યક્રમ રજૂ કર્યો. સંવાદો તથા પ્રશ્નોત્તરમાં અક્ષરપુરુષોત્તમના સનાતન સિદ્ધાંતોની રહસ્ય-વાતો નાના નાના બાળકોના મુખમાંથી સરતાં, સર્વ સંતો તથા હરિભક્તો દિગ્મૂઢ થઈ ગયા હતા. પરમહંસોનાં જીવન ચરિત્રો, કીર્તનો, સ્વામીની વાતો બોલતાં બાળકોના

ઉચ્ચતમ સંસ્કારોનું માપ સર્વે કાઢી શક્યા. છેવટમાં કાઠિયાવાડી વેશભૂષા પહેરી, પંચાળાનો રાસ રમતા નાના બાળકોને જોઈને, સર્વ સભાએ તાળીઓ સાથે વધાવી લીધા. સ્વામીશ્રી તથા સંતો ખૂબ જ પ્રસન્ન થયા હતા. અંતમાં, સૌ બાળકોને સ્વામીશ્રીના વરદ હસ્તે ઇનામોની વહેંચણી કરવામાં આવી હતી. હરિભક્તોએ સારા પ્રમાણમાં બાળકોને ભેટ આપી પ્રોત્સાહન આપ્યું.

રવિવારે વચનામૃતના પારાયણની પૂર્ણાહુતિ હતી. હજારથી બારસો જેટલા હરિભક્તો લાભ લેવા આવ્યા હતા. કથા અને પ્રાસંગિક પ્રવચનો પછી, સ્વામીશ્રીએ સૌને આશીર્વાદ આપ્યા. હરિભક્તોએ પૂજનનો લાભ લીધો.

રમૂજની વાત

અમદાવાદથી અંબાલાલભાઈ બકરી પોળવાળા પણ આ પારાયણમાં આવેલા. પૂર્ણાહુતિ પહેલાં તેમણે હર્ષદભાઈ દવેને વાત કરી કે 'આ પુર્ણાહુતિ રવિવારે બપોરે રાખી હોય તો હરિભક્તો વધારે આવે અને સેવા પણ સારી આવે.' તેમને આ વાત ગમી. બંને સ્વામીશ્રી પાસે ગયા અને વાત રજૂ કરી.

સ્વામીશ્રી કહે : 'આપણે જે નક્કી કર્યું છે, તેમાં ફેરફાર ન કરવો.'

બંને ભક્તોને સ્વામીશ્રીની વાતના રહસ્યનો ખ્યાલ ન આવ્યો.

રવિવારે સવારે ૯-૦૦ વાગે એટલો બધો મુશળધાર વરસાદ પડ્યો કે હરિભક્તોનાં બૂટ-ચંપલ પણ ભોંયતળિયામાં પાણીમાં તણાઈ ગયાં. બધે પાણી ફરી વળ્યું. જેઓ વહેલા આવી ગયા તે સિવાય કોઈ હરિભક્તો આવી શક્યા નહીં.

વરસાદ બપોરે સાવ બંધ થઈ ગયો અને સાંજે મુંબઈમાંથી તેમજ પરાં વિસ્તારમાંથી એટલા બધા હરિભક્તો આવ્યા કે હૉલમાં ઊભા રહેવાની પણ જગ્યા ન મળે ! પારાયણની પૂર્ણાહુતિ ભવ્યતાથી થઈ.

તે વખતે સ્વામીશ્રીએ અંબાલાલભાઈને હસતાં હસતાં પૂછ્યું : 'બોલો, પૂર્ણાહુતિ બપોરની સારી કે સાંજની ?'

અંબાલાલભાઈ કહે : 'બાપા ! અમે આપની પાસે ખોટું ડહાપણ કર્યું ને ભૂલા પડી ગયા. આપને તો કાલે શું થવાનું છે ? અરે, બીજી ક્ષણે શું થવાનું છે ? તે પણ સૂઝે. આપે અમારી અલ્પ બુદ્ધિનો ડોળ કાઢી નાખ્યો.'

ત્યારે સ્વામીશ્રી મર્મમાં હસતાં કહે : 'આ તો રમૂજની વાત કરી !' એમ સૌને સ્મૃતિ આપી.

✧

સત્પુરુષના સાંનિધ્યમાં કપોળ વાડી, નૈમિષારણ્ય ક્ષેત્ર જેવું ચમત્કારિક સ્થાન બન્યું. સૌ હરિભક્તોને પણ તેવો જ અનુભવ થતો હતો. સ્વામીશ્રીની સમીપમાંથી દૂર જવાનું કોઈને મન ન થતું. મુંબઈ તેમજ પરાંઓમાંથી કેટલાક હરિભક્તો સવારે ૪-૩૦ વાગે હાજર થઈ જતા. સ્વામીશ્રી તો પોઢ્યા હોય. તેથી હરિભક્તો સ્વામીશ્રીના આરામ ગૃહની બહાર બેસી ધ્યાન કરતા. થોડી વાર પછી સ્વામીશ્રી જાગે. બ્રાહ્મમુહૂર્તમાં સ્વામીશ્રી યુવકોને ઉપદેશામૃતનો થોડો લાભ આપી, નિત્યકર્મથી પરવારી, પૂજામાં બેસે, ત્યાં સુધીમાં તો ઘણા હરિભક્તો આવી જતા. સૌ સ્વામીશ્રીનાં પૂજા-દર્શનનો લાભ લેતા. સ્વામીશ્રી પણ દર્શનનું અદ્‌ભુત સુખ આપતા. લાક્ષણિક ચેષ્ટા કરી, સૌને આનંદ પમાડતા. બાદ આરતી તથા સભા થતી. મોટાસ્વામી, સંતસ્વામી વચનામૃત સમજાવતાં અને કેટલાક કૂટ-પ્રશ્નોની છણાવટ થતી. છેવટનો નિર્ણય સ્વામીશ્રી આપતા. આ પ્રમાણે ઘણો આનંદ આવતો.

કથા પ્રસંગમાં હરિભક્તોને સંબોધતાં સ્વામીશ્રીએ કહ્યું :

‘સ્વામી વાત કરતાં કે વરસાદ વરસે છે તે કાળવામાં પડી સૂકાઈ જાય છે, પણ ઉબેણ નદીમાં જાય તો દરિયામાં મળે. તેમ કોઈ અક્ષર પણ ન આવડતો હોય, પણ મોટાપુરુષમાં જોડાય તો અક્ષરધામને પામે.

‘આપણે સત્સંગ કરવા આવ્યા છીએ ને એકાંતિક થવા આવ્યા છીએ. અક્ષરધામનો સટ્ટો માર્યો છે. અવગુણ આવે તો દસ લાખની ખોટ જાય.

‘કહી દઈએ એ અભાવ નહિ, પણ મનમાં રહ્યા કરે અને ઝીણું ઝીણું બોલ્યા કરે એ અભાવ. જ્યાં સુધી ઝીણી ખોંચ રાખે, ત્યાં સુધી માયા પેસી જાય.

‘એક જણે ધર્માદાની સાત કોરી જુદી કાઢી હતી. તેમાંથી રસોઈ મહારાજ પાસે આપી. તે મહારાજ ન જમ્યા. અને કહે : ‘આ તો મારું ને મારું જ જમાડ્યું.’ ૮૦મા ભાગમાંથી એટલે ધર્માદા સિવાયની રકમમાંથી આપ, તો થાળ જમું.’

✧

સ્વામીશ્રીના સ્વાસ્થ્યને નજરમાં રાખતા, પધરામણીઓ ખાસ નહોતી ગોઠવી. બપોરે પણ હરિભક્તોની અવરજવર ચાલુ રહેતી. છેવટના દિવસોમાં તો સાંજે પ્રતિષ્ઠિત ગૃહસ્થો સહિત ભવ્ય સભા થતી. હરિભક્તોમાં સંપ અને સુહૃદભાવ જોઈ સ્વામીશ્રી અત્રેના મંડળ ઉપર પ્રસન્ન હતા. હરિભક્તો પણ સ્વામીશ્રીની અનુવૃત્તિ સાચવતા. એક દિવસ અહીંથી મોટરમાં પનવેલ પણ પધાર્યા હતા. બાદ સ્વામીશ્રી તથા સંતો મુંબઈનાં પરાંઓમાં પધાર્યા હતા.

ઉપનગરોમાં જ્ઞાન-મિજબાની

મુંબઈ ઘણુંખરું પરાંઓમાં વસેલું છે. પરાંઓમાં વસતી વધતી જતી હતી. આવા સંજોગોમાં પરાંઓ કેમ લક્ષ બહાર રખાય ? પરાંઓમાં રહેતા હરિભક્તો પણ સ્થાનિક સત્સંગ મંડળના વિકાસ માટે ઉત્સુક બન્યા હતા. અઠવાડિયામાં એક દિવસ સૌ ભેગા થતા. હર્ષદભાઈ પ્રસંગોપાત્ત પરાંઓમાં જઈ કથાવાર્તાનો લાભ આપતા. સ્વામીશ્રીએ પરાંઓમાં કાર્યક્રમ ગોઠવવા ખાસ સૂચન કર્યું હતું.

સૌ પ્રથમ કાંદીવલીમાં ફડિયામામાને ત્યાં સ્વામીશ્રી તથા સંતો પધાર્યા. તેમનો ઉત્સાહ અનેરો હતો. ગયે વર્ષે આ જ સમયે તેમને સ્વામીશ્રીનો યોગ થયો હતો. એક વર્ષમાં તેમને સારો રંગ લાગ્યો હતો. અને મુંબઈમાં સ્વામીશ્રીના એક માસના રોકાણ દરમ્યાન તેમની મોટર અખંડ સેવામાં રહી હતી. તેમણે હરિભક્તોની મદદથી સારી વ્યવસ્થા કરી હતી. બે દિવસ સુધી અહીંના 'ગીતા હૉલ'માં સવાર-સાંજ સભા થઈ અને કાંદિવલીના ભાવિક મુમુક્ષુઓએ સારો લાભ લીધો. અહીં કથા પ્રસંગમાં સ્વામીશ્રીએ અમૃતવચનો ઉચ્ચાર્યા :

'અંતરમાં ટાઢું રહ્યા કરે, તેનો ઉપાય શું ? ભજન.

'ભજન શું ? ભગવાનના મહિમાનો વિચાર. તે થાતું નથી. કેટલી ખોટ ! શાસ્ત્રીજી મહારાજ સૂતાં સૂતાં પણ માળા ફેરવતા. ભગતજી મહારાજને કંઠમાં ભજન અખંડ થતું. ભજનનું જોર છે ત્યા ભગવાન વશ છે.

'મહિમા કયો ? મહારાજ પોતાનું અક્ષરધામ, પાર્ષદ અને અનંત ઐશ્વર્ય લઈને પધાર્યા છે તે મહિમા. ભગતજીને સાક્ષાત્કાર થઈ ગયો હતો તો ઊનામાં એમ વાતો કરતા હતા કે 'આ સૂતું છે તે અક્ષરધામ છે.' એમ મહિમા સમજવો. દેહ મૂકીને જેને પામવું છે, તે દેહ છતાં મળ્યા છે. મહિમા સમજાય તો ભેટંભેટા.

'ન ગઈ ગંગા, ગોદાવરી કાશી, ઘેર બેઠા મળ્યા...'

'અઢળક ઢળ્યા શું ? આપણે જીવકોટિના, અને તેમાં ભગવાન અને સંતની પ્રાપ્તિ થઈ અને બ્રહ્મકોટિમાં દાખલ થઈ ગયા, તે અઢળક ઢળ્યા. તેમાં શું દાખડો પડ્યો ? મહિમા ન હોય તો મંગાળે મશ અડવા ન દે, અને માગ દઈ દે. આ તો 'તન, મન, ધન ભગવાનનું છે અને હું તેનો નોકર છું.'

'જ્ઞાનથી, ભક્તિથી, નિર્દોષબુદ્ધિથી આશીર્વાદ આપી, સ્વામી શાસ્ત્રીજી મહારાજે અનતના કલ્યાણ કર્યાં. સ્વામી પોતે પોતાને માથે ન રાખતા, સહજાનંદ સ્વામીના સેવક છીએ. સો માણસ માને તો ગંડવા ચાલે. જેને હજારો

માણસ માને તોપણ દાસના દાસ વર્તે, તો સમજવું કે ભગવાનનો પ્રવેશ છે કે કાં ભગવાન સાક્ષાત્ છે.'

બીજે દિવસે બળેવ હોવાથી સ્વામીશ્રી ચંદ્રસિંહ તથા પ્રતાપસિંહ ઈનામદારને ત્યાં વરસોવા પધાર્યા હતા. અહીં દરિયા-સ્નાન કરી સર્વેએ જનોઈ બદલાવી. સારી સભા થઈ. પછી મલાડ પધાર્યા. અહીં પ્રવીણભાઈ બ્રહ્મભટ્ટ તથા જયેન્દ્રભાઈ વ્યાસે ખૂબ પ્રવૃત્તિ શરૂ કરી હતી. યુવક મંડળ તથા બાળ મંડળો પણ શરૂ કર્યાં હતાં. તેમનો ઉત્સાહ ઘણો હતો. પધરામણીઓ થઈ. રાત્રે અહીંની એન.એલ. હાઈસ્કૂલના હૉલમાં જાહેર સભા થઈ. પ્રિન્સિપાલ દેસાઈ સાહેબે સારી વ્યવસ્થા કરી આપી. પાછા કાંદિવલી પધાર્યા. અહીં શાંતિભાઈ મોદીના બંગલે ઉતારો હતો. વળતે દિવસે સવારે ગોરેગાંવ પધાર્યા. હરિભક્તોના ઉત્સાહથી સભા સારી થઈ. અહીં સ્વામીશ્રી ભોજન લઈ, બપોરની કથા કરી, આરામમાં પધાર્યા.

એવામાં ડૉ. રમણભાઈના એક મિત્ર આવ્યા. તેમણે સંતો-હરિભક્તોને કેટલાક પ્રશ્નો પૂછ્યા. સૌએ પ્રશ્નોનું સમાધાન કરવાનો પ્રયત્ન કર્યો, પણ તે બહુ તાર્કિક દલીલો કરતા હતા. તેમના મનનું સમાધાન થઈ ન શક્યું. રમણભાઈએ પણ વૈજ્ઞાનિક અભિગમથી સમજાવવાનો પ્રયત્ન કર્યો, પણ તેમને એકેય વાત ગળે ઊતરી નહીં.

બપોરે ૪-૦૦ વાગે સ્વામીશ્રી આરામમાંથી ઊઠ્યા. સૌને પ્રસાદી વહેંચતા પેલા યુવકને પણ સ્વામીશ્રીએ પ્રસાદી આપી અને પરિચય પૂછ્યો. પછી રાજી થઈ આશીર્વાદનો ધબ્બો આપતાં કહે : 'બહુ બુદ્ધિશાળી !'

સ્વામીશ્રીએ તેની સાથે થોડી જ વાત કરી, પણ એટલી વાતથી જ તે યુવકને આનંદ આનંદ થઈ ગયો. અને તેના બધા જ પ્રશ્નો શમી ગયા.

અહીંથી રાત્રે વિલેપારલે પધાર્યા. અહીં ગોરધનભાઈ, મણિભાઈ, બાલુભાઈ, ચીમનભાઈ, કાન્તિભાઈ, દીનુભાઈ, અંબાલાલભાઈ વગેરે કાર્યકરોએ સારી મહેનત કરી હતી. અને 'અમૃત બાગ'માં સંતો-હરિભક્તોને ઉતાર્યા હતા. તે જ દિવસે સાંજે 'ટિળક હૉલ'માં સારી જાહેર સભા થઈ,

અનેક સભા પ્રસંગે કરેલી જ્ઞાનવાર્તામાં સ્વામીશ્રીએ નીચેના મુદ્દા જણાવ્યા હતા :

'અમે સ્વામી શાસ્ત્રીજી મહારાજનું દર્શન કરતા ત્યારે બોતેર કોઠે શાંતિ થઈ જતી અને ચહ ચહ દર્શનનું સુખ લેતા. સ્વામી એવા પ્રભાવશાળી હતા.

પણ ખપ હોય તો સમાગમ થાય. મોક્ષના ખપવાળાની ખોટ છે.’ તે ઉપર *‘ખોળી ખોળીને ખોળિયું ખરા ખપવાળાની ખોટ રે...’* તે કીર્તન બોલ્યા.

‘જેવી આસક્તિ જગતમાં છે, જગતના પંચ વિષયમાં છે, તેવી આસક્તિ ભગવાનમાં થાય તો ભગવાન દર્શન દે. સવારે વહેલા ઊઠી એક કલાક ધ્યાન કરીએ, તો સાક્ષાત્કાર થઈ જાય.

‘ચિત્તની વૃત્તિ સ્થિર કરી સમાગમ કરે, તો કામ થાય, પરંતુ *‘હાથ કરે માળા અને મન કરે ચાળા’* એમ જો કરે તો કામ ન થાય. સમાગમથી અવયવ ફરી જાય છે. બે બળદ સાથે બાંધ્યા હોય તેના વાન ન ફરે, પણ સાન તો ફરી જ જાય; તેમ જીવ સાચેભાવે જો સમાગમ કરે, તો અવયવ ફરે. કુંડળના હોથિયો પટગર સાધુ થયા, તો અવયવ ફરી ગયા. ભગવાન કે સંતની દૃષ્ટિ પડે તો અવયવ ફરી જાય. સત્પુરુષ સ્વભાવનું ખંડન કરે અને અવગુણ ન લે, તો સમાગમ કર્યો કહેવાય. અને ત્યારે સત્પુરુષની દૃષ્ટિ પડી જાય. તેવા ભક્ત ઉપર ભગવાનને વગર કર્યું હેત થઈ જાય છે.’ એમ કહી, *‘પ્રાણ થકી મને વૈષ્ણવ વહાલા’* એ પદ બોલ્યા.

‘મોહનો ક્ષય ઘરે બેઠા થતો નથી. ઘરનો ઊંબરો સાડા બાર કરોડ જોજન ઊંચો છે. તેથી મુમુક્ષુ હોય તે જ અહીં આવી શકે. વાસના વજ્રસાર જેવી છે. તે તૂટવી ઘણી કઠણ છે. ઘરની વાસના એવી છે.

‘વાસના કેમ ટળે ? જેને માથે ગુરુ હોય અને જે ગુરુ કહે તેમ કરે, તેનો વિશ્વાસ આવે, તેની ક્રિયા ગમે; જો કે ક્રિયા ગમવી કઠણ છે, ભીડામાં લે અને ક્રિયા ગમે તે કઠણ; આ ત્રણ થાય તો વાસના ટળે.

‘અક્ષરધામ બહુ છેટું છે, પણ આપણને ભગવાને થડમાં કર્યું છે. થડમાં શું ? ગ.પ્ર. ૭૧ પ્રમાણે મહારાજ ભેગા અક્ષર આવ્યા છે. તે ભગવાન અને સંતના અનુગ્રહથી સમજાય. આ પ્રાપ્તિ બહુ જ મોટી છે, પણ અહોહો થતું નથી તે ખોટ છે. માટે સ્વામી અને મહારાજનો મહિમા યથાર્થ સમજવો. વચનામૃતમાં ભક્તનો મહિમા છે. અને ‘સ્વામીની વાતો’માં મહારાજનો મહિમા છે.

‘આજે મોક્ષનો આશીર્વાદ ફળે છે. બાકી વહેવારમાં સુખ-દુઃખ આવે તેથી દુઃખ ન માનવું. આત્યંતિક કલ્યાણ થઈ ગયું છે. આશરો અને ટેક હોય તો ભગવાન સહાય કરે.

‘ભક્તિમાં કહેતાં નિર્દોષબુદ્ધિમાં વધારો કરવો, એ જ કરવાનું છે. શ્રીજીમહારાજને પડ્યા મૂકીએ તો આપણું નભે નહીં. માટે મેળે માવજીભાઈ

થઈએ તો કો'ક દિવસ પકડાઈ જઈએ. સહજાનંદ સ્વામી ભગવાન પુરુષોત્તમ, તેની આગળ કોઈનું ચાલે તેમ નથી. તે ચાલવા દે તો જ ચાલે. માટે મહારાજ, સ્વામી અને એકાંતિક મોક્ષનું દ્વાર – એ સમજણ પાકી કરવી.

'સ્વામી શાસ્ત્રીજી મહારાજે આ પ્રવૃત્તિ કરી તે મોટી વાત છે. ૧૦૦ આંબા વાવ્યા અને તેમાં પાંચ બગડે, તો બધા ખોટા ન જાણવા. સ્વામીએ લાખો જીવને એકાંતિક ધર્મ સિદ્ધ કરાવ્યો છે. માટે નિષ્ઠા કરાવવી તે સેવા છે. જીવને અક્ષરધામમાં લઈ જવા તે ખરી પ્રવૃત્તિ છે. ઉપદેશ નિમિત્તે ઉપાધિ આવે તેમાં કાયરપણું ન રાખવું.'

✧

સ્વામીશ્રી વિલેપારલેથી વિદાય લઈ બોમ્બે સેન્ટ્રલ સ્ટેશને એક કલાક પહેલાં પધાર્યા. અહીં તો હજારો હરિભક્તો દર્શનની વાટ જોઈને ઊભા હતા. અદ્ભુત દૃશ્ય હતું. એક કલાક સુધી સૌએ સ્વામીશ્રી તથા સંતોને હારતોરા કર્યા. છતાં કેટલાક રહી ગયા. ખરેખર આ વખતે સ્વામીશ્રીએ ચમકના પહાણની જેમ ખેંચાણ કર્યું હતું. પરાંઓમાંથી પણ તે જ પ્રમાણે હરિભક્તો દર્શને ઊમટ્યા હતા.

બાલુભાઈ બ્રહ્મભટ્ટના આગ્રહથી તેમના સ્નેહી અભેસિંહ જાગીરદારને ત્યાં વલસાડ જવાનું હતું. સ્વામીશ્રીના આગ્રહથી માણેકલાલ શેઠ, ફડિયામામા વગેરે હરિભક્તો મુંબઈથી સાથે આવ્યા હતા. વલસાડ સ્ટેશન ઉપર વહેલી સવારે અભેસિંહભાઈ તથા અમદાવાદના અંબાલાલભાઈ વગેરે હરિભક્તો લેવા આવ્યા હતા. સવારના શાંતિભાઈને બંગલે પધરામણી થઈ. અહીં ઘણા મુમુક્ષુઓએ દર્શન તથા સમાગમનો લાભ લીધો. અહીંથી થોડે દૂર ભાગડા ગામે પધરામણી કરી, વલસાડમાં નારણભાઈને ત્યાં થઈ, સ્વામીશ્રી ઉતારે પધાર્યા.

અહીંથી થોડે દૂર આવેલા તીથલ તથા શેગવી ગામે પધરામણી કરી, મોડી રાત્રે મોટરમાં બિલિમોરા પ્રાણલાલભાઈને ત્યાં પધાર્યા.

આપણી દાઢી ઓલવી લેવી

અહીં આજુબાજુનાં ગામેથી તથા અમદાવાદથી ઘણા હરિભક્તો સમાગમમાં આવ્યા હતા. પ્રાણલાલભાઈના દીકરા હીરાલાલભાઈનો સંકલ્પ - મુંબઈ જેવી સભા અને કથાવાર્તા અહીં થાય - તે પૂરો થયો. શાંતિલાલભાઈ પણ મદદમાં હતા. અહીં બે દિવસ કથાવાર્તાનો પ્રસંગ સારો નીકળ્યો. સમાસ સારો થયો.

સ્વામીશ્રી કહે :

'એક વાર લવાને બાદશાહે પૂછ્યું : ' તને મારા વિશે કેવું હેત ?' લવો કહે : 'ખરેખરું.' બાદશાહ કહે : 'જો મારી ને તારી બંનેની દાઢી હારે સળગે, તો તું પહેલી કોની ઓલવે ?' લવો કહે : 'બાદશાહ ! આપ ખાવિંદ ધણી ખરા, પણ મારી દાઢીએ બે લહરકા મારી લઉં ને પછી તમારી દાઢી ઓલવું.' એમ પ્રથમ પોતાના મોક્ષનું પૂરેપૂરું જતન કરવું.

'મહારાજ ધણી છે એ સમજણ ઘણા દિવસના સત્સંગથી થાય છે. મોટા-પુરુષ આપણી સેવા લે છે. તેમને કોઈ વ્યવહાર કરવો નથી. સંકલ્પમાત્રે મંદિર કરે એવા સ્વામી હતા, પણ હરિભક્તોના વ્યવહાર સુધારવા સેવા લે છે. તેમને ભગવાન વશ હતા. તે ધારે તેમ કરે તેવા હતા.

'આત્મારૂપ થવાય કેવી રીતે ? *'ભ્રંગ સંગ ભ્રંગ હોય, કીટ જાતિ ખોય હૈ !'* બ્રહ્મને સંગે બ્રહ્મ થાય. ૩૬ ચટકા ભ્રમરી ભરે અને તે સહન કરે, ત્યારે ઈયળની ભમરી થાય. તેમ અવયવ ફરી જાય, દોષો મુકાઈ જાય અને શાંતિ થઈ જાય. ભગવાન આકારે વૃત્તિ થઈ જાય. સત્સંગ પ્રધાન રાખવો અને વ્યવહાર ગૌણ રાખવો.'

શ્રાવણ વદ ૬, સ્વામીશ્રી સુરત પધાર્યા. અહીં મંદિરે તથા પાઘનાં દર્શન કર્યાં. મગનભાઈ, આશાભાઈ, અંબુભાઈ, શાંતિભાઈ વગેરે ભક્તોનો પ્રેમ અને ઉત્સાહ ઘણો હતો. યુવક મંડળે સ્વામીશ્રી સમક્ષ એક સંવાદ રજૂ કરી ભક્તિ અદા કરી.

સત્સંગ-કમાણીનું ભુવન બાંધ્યું

અહીં સભા પ્રસંગમાં અમૃત વચનો કહ્યાં. ચોસઠ પદી બોલાવતાં પદ આવ્યું કે *'આંખ અંતરની ઊઘડશે રે...'* એટલે પ્રશ્ન પૂછ્યો :

'આંખ અંતરની ન ઊઘડે તેનું શું કરવું ?'

'સત્સંગમાં લક્ષાવધિ મનુષ્ય છે. બધાને અંતરની આંખ ઊઘડતી નથી. તેની શું દશા ? એવાએ પણ ગુરુ તો ધાર્યા હશે અને તેમને પણ મોટા માન્યા હશે. તો તેમની ગતિ પણ તેવી થશે. સામાન્ય કોટિના હોય તેમાં હેત થઈ જાય, તો તેવી પ્રાપ્તિ કરાવી દે.

'સ્વામી બાલમુકુંદ સ્વામી વાત કરતા કે જૂનાગઢમાં એક સાલાપોલા સાધુમાં હેત એક હરિભક્તને થઈ ગયું. તે સાધુ મરીને ભૂત થયા. પછી તેના શિષ્યને તેડવા આવ્યા અને પેશાબની ખાણમાં બેસાર્યા. અને કહ્યું : 'આ જ

અક્ષરધામ.' એમ ઓળખ્યા વિના હેત કર્યું, તો એવી દશા થઈ.

'જેને સત્પુરુષમાં હેત થયું તેનું જ આત્યંતિક કલ્યાણ અને એમ જ કલ્યાણનો માર્ગ ચાલુ રહે.

'સંત સમાગમ કીજે હો નિશદિન... નિરંતર એટલે શું ? ભગવાન કે સંતે જે વાત કરી હોય, તેનું મનન કરવું તે નિરંતર સમાગમ કહેવાય.

'આફ્રિકા ભુવન', 'રંગુન ભુવન' – એમ આ લોકની કમાણીનું ફળ છે; પણ મહારાજે આપણને કમાણી કરવા મોકલ્યા છે, તે કમાણી કરી ભુવન બાંધ્યું ?'

પ્રગટના વચને ભજનનું ફળ

રાત્રે ૧૨-૦૦ વાગે કેટલાક યુવાન મુમુક્ષુઓ સાથે એક કલાક સુધી પ્રશ્નોત્તરી થઈ હતી. જેમાં સ્વામીશ્રીએ તેમના મનનું સુંદર રીતે સમાધાન કર્યું હતું. ઘણા યુવાનો સ્વામીશ્રીમાં આકર્ષાયા હતા.

યુવક : 'સ્વામિનારાયણના મંત્રને બદલે પૂજા કરતી વખતે 'રામ' કે 'કૃષ્ણ'ના મંત્રનો જાપ કરીએ તો કાંઈ બાધ ખરો ? સ્વામિનારાયણનું નામ ન લઈએ તો ચાલે કે ન ચાલે ?'

સ્વામીશ્રી : 'ભગવાનનો વંશ ચાલુ હોય એટલે કે જે દ્વારા ભગવાનનું અખંડ પ્રગટપણું પૃથ્વી ઉપર જણાતું હોય, તેવા સત્પુરુષના વચનમાં વિશ્વાસ લાવી ભગવાનનું ભજન કરે, તો તે ભજનનું ફળ તત્કાળ અને સર્વશ્રેષ્ઠ મળે. જેમ કે સંતોનાં વચને અજામિલે પોતાના પુત્રનું નામ 'નારાયણ' પાડ્યું, તો અજામિલનું અંત સમયે ભગવાને કલ્યાણ કર્યું. તેમ ભગવાનના સાક્ષાત્કારવાળા, સંબંધવાળા સંતમાં વિશ્વાસ લાવી, તેમના વચને સ્વામિનારાયણની માળા ફેરવે, તો તેને તત્કાળ ફળ મળે.'

યુવક : 'એકાંતિક એટલે શું ? અક્ષરપુરુષોત્તમ એટલે શું ?'

સ્વામીશ્રી : 'એકાંતિક એટલે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ જે ભક્તમાં હોય તે એકાંતિક ભક્ત કહેવાય. અક્ષરપુરુષોત્તમ ઉપાસના - અક્ષર એ ભક્ત ને પુરુષોત્તમ એ ભગવાન. એ ઉપાસ્ય સ્વરૂપો સાચા એકાંતિક સત્પુરુષ દ્વારા પ્રાપ્ત થાય છે. અને એકાંતિકના સંગ થકી એકાંતિકભાવને પમાય છે.'

યુવક : 'શિક્ષાપત્રીના પ્રથમ શ્લોકમાં 'રાધિકાએ સહિત શ્રીકૃષ્ણનું ધ્યાન ધરવાનું કહ્યું છે,' તેનું કેમ સમજવું ?'

સ્વામીશ્રી : 'ખોરડા ઉપર બીજ છે તેમ કોઈ કહે, એટલે બીજ કાંઈ

ખોરડા ઉપર હોતી નથી; પણ બીજને બતાવવા માટે ખોરડાનો આધાર આપવામાં આવે છે. તેમ પોતાના સ્વરૂપની ઉપાસના અને ધ્યાન કરાવવા માટે આગળના અવતારોના ધ્યાનનું પ્રતિપાદન મહારાજે કર્યું છે. મહારાજે પોતે પોતાનું ધ્યાન કરું છું તેમ જો લખ્યું હોત, તો કોઈને પથ્ય પડત નહીં અને સમાસ થાત નહીં. માટે રાધિકાએ સહિત શ્રીકૃષ્ણનું ધ્યાન, એટલે સ્વામીએ સહિત નારાયણનું ધ્યાન, એટલે સ્વામિનારાયણનું ધ્યાન એમ સમજવું.'

તા. ૨૬-૮-'૫૯ સવારે ૭ થી ૮ પણ યુવકોને સ્વામીશ્રી સાથે પ્રશ્નોત્તરી ચાલી હતી. જેમાં સ્વામીશ્રીએ સત્સંગ સંબંધી સચોટ ખુલાસાઓ કર્યા હતા.

યુવક : 'બાપા ! હરિભક્તો પ્રત્યે દિવ્યભાવ કેવી રીતે રહે ?'

સ્વામીશ્રી : 'ભગવાનના ભક્તમાં સંબંધીનો ભાવ રાખીએ તો મનુષ્યભાવ રહે. શાસ્ત્રીજી મહારાજનું સ્વરૂપ સમજીએ તો દિવ્યભાવ રહે. ભગવાનના ભક્ત હોય તેને એમ ન જાણવા કે તે કાપડના વેપારી છે, ગૃહસ્થી છે, ક્રોધી છે. એમ જાણીએ તો દિવ્યભાવ ન રહે. માટે સર્વને વિશે દિવ્યભાવ રાખવો. ગુણાતીત સ્વરૂપ સર્વને સમજવા. તો દિવ્યભાવ રહે.'

યુવક : 'સ્વામીબાપા ! સત્સંગમાં તથા અન્ય ઠેકાણે સંત-હરિભક્તોનું વર્તન શાસ્ત્ર પ્રમાણે ન દેખતાં નવા માણસને અભાવ-અવગુણ આવે છે, તો તેઓને વિશે શું સમજવું ?'

સ્વામીશ્રી : 'કોઈના ગુણદોષ ન જોવા, ગુણ જ ગાવા ને જોવા. જેમ બાગમાં મોગરાનાં, ગુલાબનાં, કરેણનાં, ચમેલીનાં વગેરે પુષ્પો હોય છે; અને સાથે સાથે કાંટા ને થોર પણ હોય છે. તો આપણે ફૂલ-ફૂલ લેવાં ને તેની સુગંધ લેવી, પણ થોર ને કાંટામાં ન ભરાવું અને તે ન લેવાં. તેમ દરેકના ગુણ લેવા, દોષ નહિ. લીમડીના દીવાન સાહેબનો પાંચ રૂપિયાનો પગારદાર પટાવાળો તેના સાહેબની આજ્ઞા થતાં 'જી સાહેબ' કહેતો ને તુરત જ સર્વ હુકમોનું પાલન કરતો હતો. તેને કેવો ખપ હતો ? તેમ આપણે પણ ખપ ઘણો રાખવો. તેવો ખપ હજુ આપણને જાગ્યો છે ? કોઈને અમે ઊંઘમાંથી ઉઠાડીને જો કથામાં આવવાનું કહીએ તો ગુણ લેવો, 'જે મારાં મોટાં અહોભાગ્ય જે મને સ્વામીબાપાએ કથામાં બોલાવ્યો;' પણ અવગુણ ન લેવો 'જે મારી ઊંઘ બગાડી.' તો સારા ગુણો આવે ને ખપ જાગ્યો કહેવાય.'

યુવક : 'સર્વજ્ઞ જાણવા, અંતરાય ન રાખવો અને નિર્દોષ સમજવા, તેમાં અધિક શું ? શું રાખે તો બીજા બે આવે ?'

સ્વામીશ્રી : 'અંતરાય ન રાખે તો સર્વ ગુણ આવે. અંતરાય રાખવો તે, નિર્દોષ ન જાણવા ને સર્વજ્ઞ ન જાણવા તેના કરતાં વધુ ખરાબ છે.'

આમ, યુવકોના મનનું સ્વામીશ્રીએ સચોટ સમાધાન કર્યું.

જન્માષ્ટમીનો ઉત્સવ અટલાદરામાં અતિ ઉમંગથી હજારો ભક્તોની હાજરીમાં ઊજવાયો. નિર્જળા ઉપવાસ છતાં સ્વામીશ્રી અને સંતોએ આખો દિવસ સત્સંગનો લાભ આપ્યો. રાત્રે ૧૨-૦૦ વાગે જન્મની આરતી પછી પણ મોટાસ્વામીએ વાતો કરી. નિર્જળા ઉપવાસનો પરિશ્રમ સ્વામીશ્રીને ઘણો લાગ્યો હતો, પણ મોટાસ્વામી વાતું કરે એટલે પોતે બેસી રહેતા. રાત્રે ૧-૩૦ વાગે આરામમાં પધાર્યા.

હારતોરા કરતા કથાનો લાભ લેવો

બીજે દિવસે નિત્યકર્મથી પરવારીને પારણાં કરીને સ્વામીશ્રી સભામાં આવ્યા. જો કે અશક્તિ ઘણી જણાતી હતી. છતાં પોતે વાતો કરવા લાગ્યા અને કહે : 'બધા આખો દિવસ હારતોરા પહેરાવે, પણ કથા વગર આપણને ગમે નહિ. માટે કથાનો તો સોપો પડવા જ દેવો નહિ.'

પછી ગ.પ્ર. ૭૨ તથા ૭૬ વચનામૃતો ઉપર સુંદર વાતો કરી.

સવારની કથા પછી પારણાં કરીને, મોટા ભાગના હરિભક્તોને રજા લીધી, છતાં કેટલાક રોકાયા હતા. તેમને સ્વામીશ્રીના સમાગમનો અદ્‌ભુત લાભ મળ્યો. સ્વામીશ્રી કહે : 'શાસ્ત્રીજી મહારાજ સમૈયા પછી જે હરિભક્ત રોકાતા, તેમને બહુ જ સુખ આપતા. અને વ્યવહારવાળા, ધંધા-ખેતીવાળા તો સમૈયા પૂરો કર્યો - ન કર્યો, આ હાલ્યા. 'સ્વામી ! દયાભાવ, દૃષ્ટિ રાખજો.' એમ કાંઈ દૃષ્ટિ થાય !' એમ મરમમાં પોતાનો અભિપ્રાય જણાવ્યો : 'શાંતિથી સમાગમ કરીએ, તો મોટાપુરુષનો ખરો લાભ મળે અને દૃષ્ટિ પડે. ઉતાવળે આંબા પાકે નહિ.'

વિશ્વાસની અનુભવ-વાણી

તા. ૨૭-૮-'૫૯, સવારે ૪-૩૦ વાગે યુવકોને સંબોધતાં સ્વામીશ્રી કહે :

'એકાંતિક ધર્મ સિદ્ધ કરવામાં દેહ વેરી છે, સ્વભાવ વેરી છે. અમે શાસ્ત્રીજી મહારાજ ભેળા રહ્યા, તે 'શાસ્ત્રીજી મહારાજ ભગવાન જેવા સંત, તેમની આજ્ઞા કેમ લોપાય ?' એવો વિશ્વાસ.

'હું નાનો હતો એટલે સમજું નહિ. બીજા સો સાધુ આડા ફર્યા, પણ

કૃષ્ણજી અદાની આજ્ઞાથી સૌ સાથે જૂનાગઢથી નીકળી ગયો.

'સારંગપુરમાં કોઠારમાં જ હોઉં. હરિભક્તોને ફૂલકા, રોટલા બનાવી દઉં. દૂધ રાખી મૂકું તે જમાડું.

'નિર્ગુણ સ્વામી સાથે સ્વામીએ મને મુંબઈ મોકલ્યો. આકરો સ્વભાવ પણ એવી સેવા કરી; પગ દાબું, ફૂલકા કરી જમાડું, સાથે કથાવાર્તા કરવા જાઉં; તે રાજીપો થઈ ગયો.

'શાસ્ત્રીજી મહારાજનો કાગળ આવે, તે ખાવાનું મૂકી દઈને પણ જે આજ્ઞા કરી હોય તે પાળતા.

'એક વાર ગામડે ફરીને ધંધુકા આવ્યા. શાસ્ત્રીજી મહારાજ અડવાળ હતા તે બોલાવ્યા. પૂરણપોળી કરી હતી. અપવાસ હતો તે ના પાડી. સ્વામીએ આગ્રહ કર્યો તે ઉપવાસ તોડી નાખ્યો. હજુ સ્વાદ રહી ગયો છે.

'ડાંગરા ગયા હતા તે વીરડો કરીને ઠાકોરજીને પાણી પાયું, તે નિર્ગુણ સ્વામી રાજી થઈ ગયા.

'દાસના દાસ કેમ થવાય ? મને કોઈએ તકિયો આપ્યો છે ? મને ગાદીએ બેસાડ્યો છે ? હજુ વાસણ ઊટકી નાખું, પાયખાનાં ધોઈ નાખું, વાળી નાખું, એવું અંગ રહે છે. મોટાપુરુષના વચનમાં વિશ્વાસ એ જ નિર્દોષબુદ્ધિ. સંતને વિષે નિર્દોષબુદ્ધિ છે એ જ મહારાજ, સ્વામી, ભગતજી મહારાજને વિશે છે.'

અહીંથી ભાયલી પધરામણી કરી, સ્વામીશ્રી વડોદરા પધાર્યા.

નાથાલાલ યોગીનાએ 'યોગી મંદિર' સાંકડું પડવાથી મોટું કર્યું હતું. ત્યાં ફરી પ્રતિષ્ઠા કરી, કથાવાર્તાનો લાભ સૌને આપ્યો.

સાંજે કૃષ્ણાલાલના ગૅરેજમાં પધરામણી કરી, આણંદ થઈ, નાવલી પધાર્યા. વરસાદ ઘણો હતો. કાદવ-કીચડમાં મુશ્કેલી ઘણી પડી. સવારે મોહનભાઈના મકાનની વાસ્તુ વિધિ કરી. બહુ વરસાદને લીધે કેટલીક પધરામણીઓ બાકી રહી.

સાંજે વડતાલ મંદિરે તથા પ્રસાદી સ્થળોએ દર્શન કરી, કોઠારી ગોવિંદ ભગતને મળ્યા. તેઓ જ્યારે પણ સ્વામીશ્રી વડતાલ પધારે, ત્યારે એમનાં દર્શનની પ્રતીક્ષા કરતા જ હોય. સ્વામીશ્રીને જોઈને ખૂબ રાજી થતાં ઉકાળા-પાણી પણ કરાવતા. રાત્રે ૧૧-૩૦ વાગે અમદાવાદ આવી પહોંચ્યા.

ભાદરવા સુદ એકાદશીથી અ.નિ. શકરાભાઈની પાછળ 'સત્સંગિ-જીવન'ની પારાયણનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. પ્રમુખસ્વામી કથા કરતા હતા. મંદિરનું કામ ચાલુ હતું તેમજ વરસાદ પણ સારો પડતો હતો, તેથી

અગવડ ઘણી રહેતી. પણ હરિભક્તો સારો લાભ લેતા. સવાર-સાંજ સ્વામીશ્રી પધરામણીએ પધારતા.

એક વાર અહીં તાત્કાલિક કંઈક નિર્ણય લેવાનો હોઈ ઉકાળા-પાણી પહેલાં મિટિંગ થઈ. મિટિંગ પૂરી થતાં મોડું ઘણું થઈ ગયું. સ્વામીશ્રીને પધરામણીએ જવાનું હતું. સ્વામીશ્રી તો પાઘ પહેરી સીધા પધરામણીએ જવા નીકળી ગયા.

'બાપા ! ઉકાળા-પાણી બાકી છે.' સંતોએ કહ્યું.

'પધરામણીનું મોડું થાય છે. હરિભક્તો વાટ જોઈને બેઠા હોય. પછી આવીને જમવાનું જ છે ને !' એમ કહેતાં સ્વામીશ્રી પધરામણીમાં નીકળી ગયા.

અમાવાસ્યાને દિવસે સવારે ૫-૩૦ વાગે સ્વામીશ્રી લગભગ ૩૦૦ હરિભક્તોના સંઘ સાથે 'નારાયણ ઘાટ' નહાવા પધારેલા.

અહીં નવા નવા સત્સંગી થયેલા ત્રિભુવનદાસ પંચાલે એક દિવસ સ્વામીશ્રીને પૂછ્યું : 'બાપા ! અમારી કુળ પરંપરામાં આસો સુદ આઠમ, નોરતામાં અમારે ગોધાવી નૈવેદ્ય ધરવા જવું પડે છે. આપની કૃપાથી મને અક્ષરપુરુષોત્તમની નિષ્ઠા થઈ છે. તો મારે કેમ કરવું ?'

સ્વામીશ્રીએ તરત જ પ્રસાદીનું જળ અને પુષ્પો આપીને કહ્યું : 'ત્યાં જઈ જળ છાંટજો. આ પુષ્પો મહારાજની મૂર્તિ આગળ મૂકજો અને ગોખલાનું નારિયેળ લઈ લેજો. પછી કહેજો કે 'બધા જાવ બદરિકાશ્રમમાં !'

ત્રિભોવનદાસે આવો ઉકેલ તો કલ્પ્યો પણ ન હતો. મૂળ તેમનું વતન ગોધાવી. ત્યાંથી નરનારાયણ દેવના મંદિર - કાલુપુર સુધી ચાલતા આવી, તેઓ દર્શન કરતા. ઍડવાન્સ મિલમાં નોકરી હોવાને કારણે તેમને મંદિરનો યોગ વધુ રહ્યો. સ્વામીશ્રીનાં દર્શન થયાં. સમાગમ પણ રહેવા લાગ્યો. અને સર્વોપરી નિષ્ઠા બાદ સ્વામીશ્રીએ કહ્યા મુજબ કર્યું, ત્યારથી તેમને પ્રતીતિ આવી કે પિતૃઓનો મોક્ષ થઈ ગયો છે, કારણ કે તેમનો મોક્ષ કરવાનું બળ પ્રગટની ભક્તિમાં જ છે.

પૂર્ણાહુતિ પછી સાંજની લોકલમાં સ્વામીશ્રી આણંદ થઈ, વલાસણ પધાર્યા. સ્વામીશ્રી સાથે મોટાસ્વામી તથા પ્રમુખસ્વામી પણ હતા. સી.ટી. પટેલના નવા મકાનમાં સ્વામીશ્રી અને સંતોનો ઉતારો હતો.

તા. ૮-૯-'૫૯, નિત્યવિધિ બાદ કેટલીક પધરામણીઓ કરી, સ્વામીશ્રી ઉદ્‌ઘાટન વિધિ માટે પ્રાથમિક શાળાના નવા મકાનના ચોગાનમાં - મંડપમાં પધાર્યા, સભામાં આશાભાઈ, પ્રમુખ ઈશ્વરભાઈ, સરપંચ વલ્લભભાઈ, અંબાલાલભાઈ, કરમસદ શાળાના આચાર્ય ભટ્ટ તથા મહિડાએ પ્રવચનો કર્યાં.

સવારના ૧૧-૧૫ વાગે સ્વામીશ્રીએ શાળાનું ઉદ્‌ઘાટન કરી આશીર્વાદ આપતાં કહ્યું :

'આ ગામ અતિ પવિત્ર છે. આ ગામમાં શ્રીજીમહારાજ ૫૦૦ પરમહંસો સહિત ચાર વખત પધાર્યા છે, ને દૃષ્ટિ પડી છે. મહારાજે પરમહંસોને વડતાલ રાખ્યા હતા, તે અતિ મોટા હતા. તેમની દૃષ્ટિ વલાસણ ઉપર પડી છે. અમને ઉદ્‌ઘાટનની વિધિનો લાભ મળ્યો તે મોટી વાત છે. ઘણી આનંદની વાત છે.

'આ ગામમાં સી.ટી, ગિરધરભાઈ, આશાભાઈ જેવા મોટા મોટા મુક્તો છે. તો આ ગામના યુવકો ધાર્મિક અને પવિત્ર થશે. આ શાળામાં ભણનાર વિદ્યાર્થીઓ કૉલેજમાં જશે, સારો અભ્યાસ કરશે, નીતિમય જીવન ગુજારશે અને બહુ સુખી થશે.' આવી લાક્ષણિક શૈલીમાં આશીર્વાદ આપ્યા.

સાંજે કરમસદ પધરામણી કરી, આણંદથી વિરમગામ એક્સપ્રેસમાં તા. ૯-૯-'૫૯, રાજકોટ ઊતરી, સાંજે ગોંડલ પધાર્યા.

ભાદરવા સુદ ૧૧ જળઝીલણીનો સમૈયો સારંગપુરમાં સારી રીતે ઊજવાયો. જાળિયે ધરે વિધિપૂર્વક પંચામૃતથી ઠાકોરજી અને ગણપતિને પાંચ વાર સ્નાન કરાવી, પાંચ વાર આરતી ઉતારી. હરિભક્તોની ભીડ બહુ હતી. તેથી સભા મંદિર આગળ ચોકમાં ભરી. નિર્જળા ઉપવાસ છતાં સ્વામીશ્રીએ તો આખો દિવસ એક આસને બેસી કથાવાર્તા કરી અને ટપાલ લખી. રાત્રે ૧૨-૩૦ સુધી કથા કરી, ૧-૦૦ વાગે પોઢ્યા.

તેરસે બોટાદ ગોબરભાઈને ત્યાં ઠાકોરજી જમાડ્યા. વરસાદ ચાલુ જ હતો. સાંજે ગઢડા પધાર્યા.

મન હોય તો સંકલ્પ થાય !

રાત્રે ચેષ્ટા પછી સ્વામીશ્રી પાસે થોડા યુવકો બેઠા હતા. એક યુવકે નિર્દોષભાવે સ્વામીશ્રીને પ્રશ્ન પૂછ્યો : 'અમને તો બહુ સંકલ્પ થાય છે. આપને સંકલ્પ થાય છે કે નહિ ?'

સ્વામીશ્રી હસતાં હસતાં કહે : 'મન હોય તો સંકલ્પ થાય, પણ સત્પુરુષનું મન તો અમન થઈ ગયું હોય. ઇન્દ્રિયો-અંતઃકરણ પુરુષોત્તમરૂપ થઈ ગયાં હોય. પછી સંકલ્પ શેના થાય ?'

સ્વામીશ્રીએ એવા તો નિર્દોષભાવથી અને સરળતાથી ઉત્તર આપ્યો કે તે પોતે બોલી રહ્યા જ નથી, કોઈ બીજું એમનામાં રહીને બોલે છે !

વળતે દિવસે ગઢડામાં બધે દર્શન કરી, બોટાદ-સારંગપુરના રસ્તા ઉપર જયરામભાઈની વાડીએ ઠાકોરજી જમાડ્યા. તેમનો ભાવ ખૂબ જ હતો. તેથી સ્વામીશ્રી ગઢડાથી પાછા બોટાદ આવ્યા. સાંજે પધરામણીઓ કરી, મહાદેવજીના મંદિરના મેડા ઉપર સભા કરી. રાત્રે ૧૧-૦૦ વાગે ટ્રેનમાં નીકળી, અમદાવાદ થઈ, નડિયાદ પારાયણમાં પધાર્યા.

ગુરુવાર, તા. ૧૭-૯-'૫૯, સાંજે ૪-૦૦ વાગે નડિયાદ સ્ટેશને સ્વામીશ્રીનું છોટાભાઈ, મહાદેવભાઈ, રામચંદ્રકાકા તથા કૃષ્ણાભાઈએ ફૂલહારથી સ્વાગત કર્યું. હાથી ઉપર ઠાકોરજી, ખુલ્લી મોટરમાં સ્વામીશ્રી અને સંતો સહિત શોભાયાત્રારૂપે સૌ સ્વામિનારાયણ મંદિરે આવ્યા. દર્શન કર્યાં. પૂજારીએ સ્વામીશ્રીને પ્રસાદીનાં ફૂલહારથી વધાવ્યા. દેસાઈ વગાના ચોરામાં, સભા સ્થાને યાત્રા વિરામ પામી. પ્રાગ ભુવનમાં સ્વામીશ્રીનો ઉતારો હતો.

બીજે દિવસે સવારે પ્રમુખસ્વામીએ 'સત્સંગિજીવન'ના બીજા પ્રકરણની પારાયણનો પ્રારંભ કર્યો. સાંજે 'સ્વામીની વાતો' તથા 'વચનામૃત' વંચાતાં. મોટાસ્વામી તથા સ્વામીશ્રી પ્રસંગોપાત્ત વાતો કરતા. રાત્રે ૯-૩૦ વાગે સ્વામીશ્રીની અમૃત વાણીનો લાભ લેવા નડિયાદની ભાવિક જનતા ઊમટતી.

અતિવૃષ્ટિને લીધે અહીં વૉટર વર્ક્સ બંધ થઈ ગયાં હતાં. તેથી મહિલા મંડળે પાણી સારવાની મોટી સેવા સતત કરી હતી. સાધુરામભાઈ તથા બચુભાઈ દેસાઈની મહેલ સમી હવેલીઓમાં રસોડું હતું. ભાઈલાલભાઈ પીપલગવાળાએ તે સેવા સંભાળી હતી. રાવજીભાઈ દેસાઈ ઉતારાની વ્યવસ્થામાં હતા.

પ્રતિષ્ઠિત હરિભક્તોમાં ઈશ્વરભાઈ પંડ્યા, મહુધાના હરિકૃષ્ણભાઈ અમીન, શાસ્ત્રી હિંમતલાલભાઈ, જ્યોતિષી શાસ્ત્રી ગૌરીશંકરભાઈ વગેરે કથાનો લાભ લેતા. ભાઈલાલભાઈ ઠાકર રાત્રે ભગતજી મહારાજનું આખ્યાન સંકીર્તન શૈલીમાં રજૂ કરતા. તો શંકર કવિ મોડી રાત સુધી ભજનોની રમઝટ બોલાવતા.

આ જ્ઞાનયજ્ઞનો લાભ લેવા ચરોતરનાં ગામેગામથી ભક્તો ઊમટ્યા હતા.

અમદાવાદથી ચંપકભાઈ શેઠ, ગોરધનભાઈ બ્રહ્મભટ્ટ તથા મુંબઈથી ઈશ્વરભાઈ દેસાઈ, એમ દૂર દૂરથી સૌ આવી પહોંચ્યા હતા.

નડિયાદ ગામમાં ૧૭૫ ઘરે પધરામણીઓ થઈ. છતાં ૧૫૦ ઘર બાકી રહી ગયાં. સ્વ. દાદુભાઈ દેસાઈ તથા રસુલ ભુવનમાં વ્રજકિશોર દેસાઈને ત્યાં પધરામણીઓ થઈ. વરસાદે માઝા મૂકી હતી, પણ કાર્યક્રમો યથાવત્ ચાલુ હતા. જેમ વધુ ભીડો પડે, તેમ સ્વામીશ્રીને વધુ આનંદ આવતો. અને હરિભક્તો પણ

ભીડો ખમતાં શીખે, ભીડા-ભક્તિમાં પાર ઊતરે, એમ તેઓ હંમેશાં ઇચ્છતા.

બ્રાહ્મમુહૂર્તમાં બ્રહ્મરસનો વેપાર

અહીં યુવકોને સંબોધીને સ્વામીશ્રીએ કહ્યું કે –

'સામાન્ય કોટિવાળા આ જ્ઞાન સમજી શકે એમ નથી. આપણે એકાંતિક ધર્મ સિદ્ધ કરવો છે. માયા, દોષ અને સ્વભાવ નડે છે. શ્રદ્ધા રાખીશું તો ધાર્યું નિશાન પડશે. જે જે યોનિમાં હતા, બધું સુખ લીધું; પણ જ્ઞાનનું, આત્મનિષ્ઠાનું સુખ નથી લીધું. ને તે તક અત્યારે આવી છે, માટે સ્વભાવ કાઢવા. *અર્થં સાધયામિ વા દેહં પાતયામિ...*'

'એવો સંકલ્પ કરો : 'આખું બ્રહ્માંડ અક્ષરપુરુષોત્તમનું ભજન કરતું થાય. માયા નીકળી જાય. બધાને મહારાજના સ્વરૂપનું જ્ઞાન થાય. મોક્ષને માર્ગે ચાલે. આખા દેશમાં ગુણાતીત જ્ઞાન પ્રવર્તે.'

'યુવકો દ્વારા આફ્રિકા, લંડન, જર્મની જાગ્રત થાય અને ઇંગ્લિશમાં, ઉર્દૂમાં વાત કરે એવા યુવકો તૈયાર થાય. બધા અત્યારે વડતાલ જાવ. ૧૧ પ્રદક્ષિણા, ૧૧ દંડવત્, ત્રણ રૂપિયાનો થાળ કરી, પ્રસાદ લઈ, ગોમતીમાં જઈ, આવતું રહેવું. (સ્વામીશ્રીની આજ્ઞા પ્રમાણે સવારે સૌ યુવકો વડતાલ ગયા હતા.)

'વડતાલમાં મહારાજે પોતે મૂર્તિ પધરાવેલી. મૂર્તિમાંથી બોલતા : 'આવો બડાભાઈ !'

'*કલ્પતરુ સર્વના સંકલ્પ સત્ય કરે...* મહારાજ એવી સદ્‌બુદ્ધિ આપે કે યુવકો સ્વામીને ખોળતા આવે. આજે દિવસ સારો છે. સ્વામિનારાયણનું નામ જાગ્રત કરવું, એ આપણી સેવા છે. સંસારમાં સૌ પડ્યા છે. બૈરાં-છોકરાંમાં રચ્યા-પચ્યા રહે છે. અહોહો ! શું સુખ ! ભગવાનની મૂર્તિમાં પાંચેય વિષયનું સુખ. દેવલોકમાં ગયો હોય એને આ લોકનાં રૂપ જુએ તો સડેલ કૂતરા જેવું લાગે. આપણે ગુણાતીત સુખના ભોગી થવું. જ્ઞાને કરીને સુખિયા રહેવું.'

એક યુવક નહોતા આવ્યા. સ્વામીશ્રી કહે : 'એને ઉઠાડો. આપણે દૂધપાક ખાઈએ અને બીજાને ભૂખ્યા રાખવા ! બ્રહ્મરૂપ થઈ બ્રહ્મરસનો સ્વાદ લેવો. સબરસ વેચે છે, પણ બ્રહ્મરસ કોઈ વેચતું નથી. આપણે આ સુખ લેવા અક્ષરધામમાંથી આવ્યા છીએ. ત્રણ-ત્રણ જન્મ થયા છે. ગોથાં ખાધાં છે. આ જન્મે અક્ષરધામની પ્રાપ્તિ કરી લઈએ, તો ગોથું ખાવું ન પડે. આપણે એવું મંડવું કે આખો દેશ ડોલાવી નાખવો. ભલે ઊંઘવા ન દે, પણ ખટકો રાખવો.

ઉપવાસ કરીને પણ સમાગમ કરવા જેવો છે.

'ઉપવાસ ક્યાં કરાવે છે ? સાંજ-સવાર નાસ્તા-પાણી કરાવીએ છીએ. અડધો કલાક સમાગમ એવો કરવો, તીવ્ર શ્રદ્ધાથી, ચોવીસ કલાક આનંદ રહે. કીર્તનનો, ભક્તિનો કાંટો ચઢી જાય, તો બીજા કૂચા લાગે. આપણે યુવકોએ સંગઠનભાવ રાખવો. ગાડીમાં, ગાડાંમાં, ચાલતાં વાતું બોલવી. ચોસઠ પદી બોલવી. એમ ચાલુ રાખવું.'

વહેલી સવારે કે મોડી રાત્રે, જ્યારે જ્યારે સ્વામીશ્રી યુવકોને સંબોધતાં ત્યારે તેમની સાથે એકતાર થઈ જતા. યુવકોને વારે વારે પડકાર કરી, જાગ્રત કરતા. વાતમાં એકાગ્ર કરતા. 'યુવકોને એકાંતિક ધર્મ સિદ્ધ કરાવવો છે, માયિક સુખ ખોટું કરાવી દેવું છે, તેમના દ્વારા દેશ-વિદેશમાં ગુણાતીત જ્ઞાન પ્રસરાવવું છે,' આવા ઉત્સાહના, બળના શબ્દો એકધારા સ્વામીશ્રીના મુખમાંથી નીકળતા રહેતા. ભગવાનમાં રહીને બોલતા સ્વામીશ્રીને સાંભળીને, એમના સામું જોઈને યુવકો પણ જગતનું ભાન ભૂલી એમનામાં ખોવાઈ જતા.

એક દિવસ સ્વામીશ્રી મહાદેવભાઈ દેસાઈને ત્યાં બિરાજતા હતા. બે ભાઈઓ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. તેઓ મહાદેવભાઈના પરિચિત હતા અને સ્વામીશ્રીનો મહિમા સાંભળ્યો હતો.

આ બંને ભાઈઓ વચ્ચે ઘણા સમયથી ચાલતા ઝગડાનું સમાધાન થઈ ગયું હતું. તેથી સ્વામીશ્રીના આશીર્વાદ મેળવવાની શુભ ભાવનાથી આવ્યા હતા. સ્વામીશ્રી તેમની વાત સાંભળી અત્યંત રાજી થયા અને કહે : 'તમે સમાધાન કર્યું તે હું દંડવત્ કરું !' એમ કહી ઊભા થઈ ગયા. પેલા બંનેએ સ્વામીશ્રીને રોક્યા ને બોલ્યા : 'અરે, મહારાજ ! આ શું કરો છો ?'

પછી સ્વામીશ્રીએ તેમની પાસે પેંડા મગાવ્યા. એક ભાઈ પેંડા લેવા ગયો ત્યાં સુધીમાં સ્વામીશ્રીએ મગજના લાડુ મગાવ્યા ને તે સભામાં વહેંચ્યા. પેંડા આવતાં, ઠાકોરજીને ધરાવીને બંને ભાઈઓ તથા સભાને વહેંચી દીધા.

સ્વામીશ્રીનું આવું શુભ વર્તન જોઈને બંનેને ઘણો જ ગુણ આવ્યો.

સ્વામીશ્રીને સત્સંગમાં તો સંપ ને એકતા ગમે જ; પરંતુ ઘર-ઘર, આડોશ-પાડોશમાં, ગામમાં, દેશમાં અને દુનિયામાં પણ સંપ, સુહૃદભાવ ને એકતા પ્રગટે, તે માટેનો એમનો પુરુષાર્થ અને ભાવના હતાં.

તા. ૨૪-૯-'૫૯, સવારે પારાયણની પૂર્ણાહુતિ થઈ. છોટાભાઈ, મહાદેવભાઈ, ઝવેરભાઈ તથા રામદાસભાઈએ આરતી ઉતારી હતી. સત્સંગના

અગ્રણી મહુધાના હરિકૃષ્ણભાઈ અમીને, અખંડ દયાભાવ તથા હેત રાખવા, સ્વામીશ્રીને પ્રાર્થના કરી અને પ્રમુખસ્વામીની કથાશૈલીથી પણ પોતે પ્રભાવિત થયા હતા, એમ જણાવ્યું. ત્રણ કલાક પૂજન વિધિ ચાલી. આફ્રિકાવાળા પુરુષોત્તમભાઈ, મનુભાઈ દેસાઈ, જશભાઈ અમીન, વીમાવાળા મગનભાઈ, મિસ્ત્રી મગનભાઈ, ડૉ. ગોરધનભાઈ, ચુનીભાઈ દેસાઈ તથા યુવકોમાં ઘનશ્યામભાઈ વગેરેએ સારી સેવા કરી, પ્રસંગને દીપાવ્યો હતો.

અહીંથી સ્વામીશ્રીએ મને તથા જી.કે. સ્વામીને આફ્રિકા જવા વિદાય આપી. ટૂંક સમયમાં સ્વામીશ્રી પણ આફ્રિકા પધારવાના હતા. તે અગાઉ અમારે સ્ટીમરમાં ત્યાં પહોંચવાનું હતું. અગાઉ ત્યાં ગયેલા એક સંતે આફ્રિકાના સત્સંગમાં કેટલીક ખટપટ કરી હતી. તેથી તેમને સંસ્થામાંથી દૂર કર્યા હતા. તેમનો ઉપદ્રવ ત્યાં હજુ ચાલુ હતો. એ સંજોગોમાં સ્વામીશ્રી ત્યાં પધારશે કે નહિ તે નિશ્ચિત નહોતું. આફ્રિકામાં ખાસ કોઈની ઓળખ નહિ. આ બધી દ્વિધાઓ મારા મનમાં ખૂબ ઘોળાતી હતી.

આમ તો છેલ્લાં દોઢ વર્ષથી હું સ્વામીશ્રી સાથે સેવામાં હતો. સ્વામીશ્રીની અંગત સેવાનો, રસોઈ કરી જમાડવાનો લાભ મળતો. ગામડાંઓનાં વિચરણમાં, પારાયણ પ્રસંગોમાં, બ્રાહ્મણ રસોઇયાઓ દ્વારા બનતી તીખી તમતમતી તેલવાળી રસોઈ સ્વામીશ્રીને જરાપણ માફક આવતી નહિ. તેથી ગામોગામ સ્વામીશ્રી માટે અમે જુદી મોળી રસોઈ અને ફૂલકા બનાવતા. જે સ્વામીશ્રીને અનુકૂળ આવતાં. આફ્રિકાના લાંબા વિચરણમાં એ સગવડ જળવાઈ રહે, તેથી સ્વામીશ્રીએ આફ્રિકા પણ સાથે આવવાની મને આજ્ઞા કરી. નવા દેશમાં, બધા અપરિચિતો વચ્ચે આ સેવા મારાથી થઈ શકશે કે કેમ ? એ અંગે મારા મનમાં ઘણો સકોચ અને મૂંઝવણ હતાં.

નડિયાદથી છૂટા પડતાં લગભગ બપોરે આરામમાં જતાં પહેલાં, ઉતારામાં પહેલે માળે, પગથિયાં પાસેના ખૂણામાં બારીનો એક સળિયો પકડી, એક પગે સ્વામીશ્રી ઊભા હતા અને મને નજીક બોલાવી સેવાનો ખૂબ મહિમા કહ્યો. ગ.મ. ૫૯ વચનામૃત ટાંકીને વારંવાર એક જ વાત કરી કે 'ભગવાનના સંતની સેવા તો બહુ મોટાં પુણ્યવાળાને મળે છે, પણ થોડાં પુણ્યવાળાને મળતી નથી. માટે આ સેવા, આ લાભ નહિ મળે. થોડા વખતમાં અમે પણ ત્યાં આવીએ છીએ. તમારે જવાનું જ છે.' લગભગ ૨૦ થી ૨૫ મિનિટ સુધી એકધારી બહુ જ બળની વાત કરી, જવા માટે તૈયાર કર્યો.

આમ, સ્વામીશ્રીએ કોઈ અપૂર્વ અનુગ્રહ વરસાવ્યો. મનમાં શાંતિ થઈ. વરસાદ ખૂબ જ હોવાથી, નદીઓમાં પૂર આવવાથી, ભુંસાવળ થઈ, બે દિવસે અમે મુંબઈ પહોંચ્યા. હું તથા જી.કે. સ્વામી તા. ૨૬-૯-'૫૯ના દિવસે આફ્રિકા જવા મુંબઈથી સ્ટીમરમાં બેઠા.

તા. ૨૪-૯-'૫૯ના સાંજે સ્વામીશ્રી આણંદ થઈ, વિદ્યાનગર પધાર્યા.

અહીં ગોરધનભાઈ વગેરે યુવકોએ 'રામકૃષ્ણ મિશન હૉલ'માં વિદ્યાર્થીઓ માટે સુંદર કાર્યક્રમ ગોઠવ્યો હતો. સ્વામીશ્રીના આશીર્વાદ બાદ વી.પી. કૉલેજના હૉલમાં સ્વામીશ્રી સાથે 'ચારુતર વિદ્યામંડળ'ના પ્રમુખ એચ.એમ. પટેલ, નટવરલાલ દવે, રતિભાઈ વગેરે મહાનુભાવો અને યુવકો માટે અલ્પાહારનો કાર્યક્રમ પણ રાખ્યો હતો. રાત્રે સ્વામીશ્રીએ યુવકોને બળની વાતો કરી, સત્સંગથી થતા ફાયદા જણાવી, સત્સંગ વધારવા, પાંદડે પાંદડે સ્વામિનારાયણનું ભજન કરાવવા, સૌને તૈયાર થવા આજ્ઞા કરી હતી. બીજે દિવસે જુદી જુદી હૉસ્ટેલમાં રહેતા વિદ્યાર્થી યુવકોની લગભગ ૩૦ જેટલી રૂમોમાં પધરામણી કરી. ૯૦ યુવાનોએ સ્વામીશ્રી પાસે વર્તમાન ધારણ કર્યાં હતાં.

અહીંથી સ્વામીશ્રીએ ટરોરાવાળા કનુભાઈને ત્યાં ગુતાલ પધરામણી કરી. તેમણે આ પ્રસંગની ખુશાલીમાં આખા ગુતાલ ગામને જમાડ્યું હતું. પછી ચૂડા જવા નડિયાદ સ્ટેશને આવ્યા. અહીં સ્ટેશન ઉપર તથા ગાડીના દરવાજે ઊભા રહી, વાતો કરી, સ્વામીશ્રીએ દર્શને આવેલા સેંકડો ભક્તોએ આનંદ કરાવ્યો. સૌ અનિમેષ દૃષ્ટિએ સ્વામીશ્રીની મનોહર મૂર્તિનાં દર્શન કરી રહ્યા હતા.

તા. ૨૬-૯-'૫૯, સવારે ૩-૩૦ વાગે ચૂડા ઊતરી, નવાગામ (સેજકપુર) આવ્યા. મંદિરે નિત્યકર્મથી પરવારી, પધરામણીએ જવા મંદિરમાંથી બહાર નીકળતાં સ્વામીશ્રી બોલ્યા : 'અત્યારે (૮-૩૦) આપણે ઉકાળા-પાણી કરવા જઈએ છીએ અને જી.કે. સ્વામી તથા અરુણભાઈ મુંબઈમાં સ્ટીમરમાં ચઢવા જતા હશે.' આટલું સૂક્ષ્મ અનુસંધાન સ્વામીશ્રી ભક્તોનું રાખતા.

સાંજે ગામ બહાર નદીએ સ્નાન કરવા જતાં, નદીનો મહિમા કહ્યો : 'આ વાસર નદી મહાપ્રસાદીની છે. તેમાં શ્રીજીમહારાજ ને ૫૦૦ પરમહંસોએ ઘણી વખત સ્નાન કરેલું. મહાપ્રસાદીની નદીમાં અમે પણ ૩૦ વર્ષ સુધી સ્નાન કરેલું છે.' એમ કહી સ્વામીશ્રી સૌ યુવકોને લઈને, પાદરે આવેલી નદીમાં સ્નાન કરવા પધાર્યા. યુવકો સાથે ગામ બહાર નદીમાં સ્નાન કરવા જવાનો કાર્યક્રમ સ્વામીશ્રી ઘણી વાર ગોઠવતા. પ્રસંગોચિત ઉપદેશ પણ વાતવાતમાં આપી દેતા.

જેની યુવકો ઉપર ઘેરી અસર પડતી. કુદરતના ખોળામાં, નદી ને નાળામાં સ્વામીશ્રી સાથે સ્નાન કરવાનો, વિહરવાનો આવો લહાવો યુવકો કદી ભૂલી શકતા નહિ. આવા પ્રસંગોએ ભજનાનંદી આ સંત પણ, યુવકો સાથે યુવકો જેવા જ મુક્ત-વિહારી અને આનંદના પ્રેમી બની જતા.

શૌચ વિધિ બાદ સ્વામીશ્રી નદીમાં સ્નાન કરવા બિરાજ્યા. સૌરાષ્ટ્રની નદીઓમાં ગોઠણભેર પાણી હોય તો ભયો ભયો કહેવાય. એટલે સ્વામીશ્રી નદીનાં વહેણમાં જ રેતી ઉપર બેસી ગયા. આજુબાજુ યુવકો પણ સ્નાન માટે તત્પર થઈ ઊભા હતા. ત્યારે પાણીમાં બેઠાં બેઠાં સ્વામીશ્રી વાત બોલ્યા : 'વાતે કરીને જીવ બ્રહ્મરૂપ થાય છે. ત્યારે પૂછ્યું કે વાતો તો સાંભળીએ છીએ, છતાં જીવ બ્રહ્મરૂપ કેમ થતો નથી ?' પછી, 'હેત, વિશ્વાસ અને નિષ્કપટપણે વર્તે, તો જીવ બ્રહ્મરૂપ થયા વગર રહે જ નહિ.' આ વાતનો સિદ્ધાંત સમજાવતા કહ્યું :

'સત્પુરુષ સાથે હેત, વિશ્વાસ, નિષ્કપટપણું જેટલું રાખે તેટલી સ્થિતિ થાય. તેમાં કસર રહે તેટલી સ્થિતિમાં ખોટ રહે.'

આમ, હાલતાં-ચાલતાં, ખાતાં-પીતાં, નાહતાં-ધોતાં પણ સહજ રીતે યુવકોને સ્વામીશ્રી ઉપદેશ આપતા. એમ ઘણી વાતો કરી, યુવકોને હાથમાં જળ આપી, એકાંતિક ધર્મ સિદ્ધ થાય, એવા આશીર્વાદ આપ્યા.

અહીંથી ગાડામાં મોજીદડ આવ્યા. તા. ૨૮-૯-'૫૯, એકાદશીને પવિત્ર દિવસે, ખારવાનાં સાંખ્યયોગી કમુબહેન તરફથી પારાયણનો આરંભ થયો. 'સ્વામીની વાતો'નું પારાયણ સ્વામીશ્રીએ પોતાની લાક્ષણિક શૈલીમાં કરી, સૌને આનંદ કરાવ્યો. નાના નિર્ગુણ સ્વામી પણ પારાયણ વાંચતા.

એકાદશીનો ઉપવાસ હતો. હરિભક્તોએ થોડો આરામ લેવા વિનંતી કરી. ત્યારે સ્વામીશ્રી કહે : 'આ તો અમે બેઠા છીએ અને આરામ નથી કરતા, તોય કેટલાક સૂતા છે. અને જો અમે આરામ કરીએ, તો કાંઈ બાકી જ ન રહે.'

મોટાપુરુષને નિયમ-ધર્મમાં રહેવું સ્વાભાવિક છે. છતાં આપણી શિક્ષાને અર્થે પણ પોતે સોળ આની વર્તે, ત્યારે જ બીજાને થોડી-ઘણી પ્રેરણા મળે.

જ્ઞાનગોષ્ઠિ

વહેલી સવારે ૫-૦૦ વાગ્યાની ગોષ્ઠિમાં સ્વામીશ્રી ઘણી વખત પોતે જ પ્રશ્ન પૂછતા ને પછી કાનજીભાઈ, બાલુભા, ગુરુમહારાજ તથા નાથુભાઈ વગેરે તેની ચર્ચા કરતા. ચર્ચાને અંતે સ્વામીશ્રી તેનો ટૂંકો અને સરળ ઉત્તર કરતા. બીજે

દિવસે સવારે આવી જ અપૂર્વ ગોષ્ઠિ થઈ ગઈ. સૌએ સ્વામીશ્રીને પ્રશ્ન કર્યા.

પ્રશ્ન : 'અક્ષરરૂપ થવું તેમાં દેહ અંતરાયરૂપ છે ને ભગવાનમાં જોડાવું તેમાં સંગ અનેક પ્રકારનો અંતરાયરૂપ છે; તે બે ખોટ ટાળવી.' તેમાં દેહ કેવી રીતે નડે છે ? અને દેહભાવ ટાળવો કેમ ?'

સ્વામીશ્રી કહે : 'લો. ૧૨ પ્રમાણે પોતાને જ અક્ષર માને. 'હું ગુણાતીત થયો, પછી મારે દેહભાવ ક્યાંથી હોય ?' આ સમજણ કરવાની છે. દેહભાવ કાઢી આત્મભાવ કરવો. તે સમાગમથી થાય. પછી બધાને ગુણાતીત જ દેખે. મહાસાગરમાં બેઠો હોય તે જળ જ દેખે. મુખ્ય મુદ્દો એ કે સત્પુરુષમાં જોડાઈએ તો દેહભાવ નીકળે. 'સત્પુરુષ આમ કેમ કરતા હશે ?' 'સૂઈ કેમ રહે છે ?' આ બધામાં દિવ્યભાવ રાખવો. 'એ કરીને આવ્યા છે ને આપણે કરવાનું બાકી છે' એમ સમજવું, તે દેહભાવ ગયો. આજ્ઞાએ કરીને દુકાને બેસો તેમાં દેહભાવ નથી; કારણ અંતઃકરણ શુદ્ધ છે.'

પ્રશ્ન : 'સંગ કેવી રીતે અંતરાયરૂપ છે ?'

સ્વામીશ્રી : 'જૂનાગઢમાં બે ભાઈઓ સ્વામીનો સમાગમ કરવા આવ્યા. એક ભાઈએ એક સાધુને રોકી રાખ્યો ને સાત દિવસ સુધી સ્વામીનો ભેટો ન થવા દીધો. આ રીતે સંગ અંતરાય કરે છે.'

પ્રશ્ન : 'ભગવાનની મૂર્તિ દેખાતી હોય તેને પ્રગટની તાણ ઝાઝી કેમ નહિ રહેતી હોય ?'

સ્વામીશ્રી : 'ભગવાન જેવું ઐશ્વર્ય આવે પછી 'અહં બ્રહ્માસ્મિ' જેવું ન થઈ જવું. પ્રગટના સંબંધે કરીને સ્થિતિ પામ્યો હોય તેને મુખ્ય રાખવા. શિષ્યને પ્રશ્નનો ઉત્તર આવડે ને ગુરુને ન આવડે, તોપણ એમ સમજે જે 'ગુરુના પ્રતાપથી મને ઉત્તર આવડે છે,' તેનું નામ જ્ઞાન. આવું સમજે તેને તાણ રહે છે.'

પ્રશ્ન : 'બહુ સમાગમ એટલે શું ?'

સ્વામીશ્રી : 'સંતના મુખની વાણી સાંભળવી, તે બહુ સમાગમ. ગંગાનો પ્રવાહ વહી જતો હોય તેવી જે સંતની વાણી, તેને ઝીલવી ને નિરંતર સાંભળ્યા જ કરવી, તે બહુ સમાગમ. ફરી પ્રશ્ન પૂછવાનું હોય નહિ. એકેય શબ્દ જવા ન દે.'

પ્રશ્ન : 'અક્ષરધામમાંથી ચાર પ્રકારના મુક્ત આવે છે. તેમાં ત્રીજા પ્રકારમાં 'વાસનાએ કરીને આવે છે' એમ કહ્યું છે, તો તે વાસના કઈ ને અક્ષરધામમાં વાસના કેવી રીતે હોય ?'

સ્વામીશ્રી : 'પૃથ્વી ઉપર ભગવાનના એકાંતિક સાધુ હોય, તેમાંથી વૃત્તિ

હઠે તે વાસના થઈ. એમ અક્ષરધામ પૃથ્વી ઉપર જ છે.'

પ્રશ્ન : 'સ્વરૂપનિષ્ઠા ને આત્મનિષ્ઠામાં શું ભેદ છે ? અને શું રહસ્ય છે ?'

સ્વામીશ્રી : 'ભેદ એ છે કે આત્મનિષ્ઠા કરતાં સ્વરૂપનિષ્ઠા બળવાન છે. આત્મનિષ્ઠામાં બે પ્રકાર : સબીજ અને નિર્બીજ. તેમાં સબીજ એટલે 'ગુણાતીત સત્પુરુષ એ જ મારો આત્મા.' અને નિર્બીજ એટલે 'હું બ્રહ્મ છું' એવી નિરાકાર-વાદીની સમજણ. એમાં જો સબીજ આત્મનિષ્ઠા હોય તો સ્વરૂપનિષ્ઠા સહેજે જ સિદ્ધ થઈ જાય. સ્વરૂપનિષ્ઠા એટલે સર્વોપરી મહારાજ અને હું ગુણાતીત, તે આત્મનિષ્ઠા. તે ઉપર વચનામૃત વાંચવાં. મ. ૧૩, મ. ૯, છે. ૩૮ અને લો. ૧૨.'

પ્રશ્ન : 'સ્વરૂપનિષ્ઠા ને માનસી પૂજાનું રહસ્ય શું છે ?'

સ્વામીશ્રી : 'જેને વિશે સ્વરૂપનિષ્ઠા હોય તેની જ માનસી પૂજા કરવી, તે રહસ્ય. તે ઉપર છે. ૨૩મું વચનામૃત.'

સ્વામીશ્રી એક પછી એક પ્રશ્નોના ત્વરિત, સચોટ અને ટૂંકા ઉત્તરો આપી રહ્યા હતા. ફરી પુછાયું : 'છે. ૨ વચનામૃતમાં લખ્યું છે કે 'એવી દાઝ્ય સત્સંગ વિના બીજો પદાર્થ પ્રધાન થાય ત્યારે થવી જોઈએ.' તો બીજો પદાર્થ પ્રધાન થવું એટલે શું ?'

સ્વામીશ્રી : 'સત્પુરુષની આજ્ઞામાં ન વર્તાય ને અનુવૃત્તિમાં ફેર પડે એટલે સત્સંગ ગૌણ થયો; તે બીજો પદાર્થ પ્રધાન થયો.'

પ્રશ્ન : 'સત્પુરુષને વિશે મનુષ્યભાવ ને દિવ્યભાવ એટલે શું ?'

સ્વામીશ્રી : 'મનુષ્યભાવ એટલે પોતે પંચ વર્તમાનમાં ફેર પાડે ને બીજા ફેર પાડતા હોય તેને ટોકે નહિ અને એમ માને છે કે 'આ તો ગુણાતીત છે, એને વિશે દોષ નથી,' એમ માની એને અવળે રસ્તે જતાં રોકે નહિ, એ સંતનો મનુષ્યભાવ છે. પણ સાધુ કોઈ દિવસ મનુષ્યભાવ બતાવે જ નહિ.

'હવે સંતનું દિવ્યપણું એટલે, પોતે પંચ વર્તમાન પૂરેપૂરાં પાળે, ધર્મ-નિયમ ચુસ્તપણે પાળે અને બીજાને પળાવે, અને બીજાને ફેર પડ્યો હોય તો પ્રાયશ્ચિત્ત કરાવી શુદ્ધ કરે; આ સંતનો દિવ્યભાવ છે. સંતની દેહની ક્રિયા ને સ્વાભાવિક ક્રિયા - માથું દુઃખવા આવવું, ઊંઘ આવવી, અશક્તિ દેખાડવી વગેરે ક્રિયામાં દિવ્યપણું રાખવું, તે નિર્દોષભાવ થયો. પોતે નિર્જળા ઉપવાસ કરે તો બીજા પાણી પીને પણ કરે; એમ પોતાનું અણિશુદ્ધ વર્તવું તે દિવ્યપણું.'

પ્રશ્ન : 'મ. ૬૩ વચનામૃતમાં કહ્યું છે કે 'ભગવાન કે ભગવાનના સંતને મન, કર્મ, વચને શુદ્ધભાવે કરીને સેવવા. તે શુદ્ધભાવ એટલે શું ?'

સ્વામીશ્રી : 'જેવા અક્ષરધામમાં છે તેવા ને તેવા અહીં વિરાજમાન છે, એવી રીતની ભાવનાએ સહિત સેવવા તે 'શુદ્ધભાવ' થયો કહેવાય.'

આમ, અદ્ભુત પ્રશ્નોત્તરી સ્વામીશ્રી સાથે કરી.

દિવ્યભાવ-મનુષ્યભાવ મીમાંસા

તા. ૨૯-૯-'૫૯, નારણભાઈ પટણીએ હર્ષદભાઈ દવેને અહીંથી મુંબઈ પત્ર લખ્યો. તેમાં લખ્યું હતું કે 'પૂજ્ય સ્વામીબાપા હવે બાળક જેવી ક્રિયા કરે છે. જો કે હંમેશાં મનુષ્યભાવ ન લાવવો વગેરે વાતો પણ કરે છે. તેથી હાલ બાપાનો અભિપ્રાય, નિર્દોષબુદ્ધિનો હોય તેમ જણાય છે.'

પછી સ્વામીશ્રીને તે પત્ર સહી કરવા આપ્યો. સ્વામીશ્રીએ તેમાં સહી કરતાં પહેલાં કાગળ વાંચ્યો. ઉપર લખેલી લીટીઓ વાંચીને ભૂંસી નાખી અને તેમને બોલાવીને કહ્યું : 'આવું શું લખ્યું છે ? હું ક્યાં બાળક જેવી ક્રિયા કરું છું ? મારામાં તમે શું બાળકપણું જોયું ? આવું કોઈ દિવસ લખવું નહીં. બીજાને એમ લાગે કે 'સ્વામી આવું કરતા હશે !' અવગુણ લે. મારામાં તમને બાળક-પણું દેખાયું હોય તેવા પ્રસંગો કહો.'

તેમણે કહ્યું : 'આપને ઊંઘ ન આવતી હોય ત્યારે આપ અમને કહો છો કે 'યુવકો ! માળા ફેરવો. મને ઊંઘ આવી જાય.'

સ્વામીશ્રી આ સાંભળી બોલ્યા : 'એ તો તમને સેવા આપીએ છીએ, જેથી તમે રાત્રે ૧-૦૦ વાગ્યા સુધી જાગો !'

પછી પોતે આગળ બોલ્યા : 'મારું માથું દુઃખે તો દબાવવું પડે, લઘુ કરાવવા હાથ ઝાલી લઈ જવા પડે, અવસ્થા થઈ એટલે એ બધું હોય. નડિયાદના વિઠ્ઠલભાઈ બ્રહ્મભટ્ટ શાસ્ત્રીજી મહારાજ માટે કહે : 'એ તો બ્રહ્મ છે. એને તાવ આવે જ નહિ, એને કંઈ થાય નહીં.' પણ આમ ન સમજવું.'

પછી સ્વામીશ્રીએ મનુષ્યભાવ-દિવ્યભાવ વિશે વાત કરતાં કહ્યું 'મનુષ્યભાવ એટલે સંત પોતે પંચ વર્તમાનમાં ફેર પાડે. બીજા ફેર પાડતા હોય તેને ટોકે નહીં અને રોકે પણ નહીં. કરવા દે. આ સંતનો મનુષ્યભાવ છે.

'પોતે વ્યભિચાર કરતો હોય અથવા કોઈ કરે તો તેને કાંઈપણ કહે નહિ, ઠપકો પણ ન આપે; તે સંતનું મનુષ્યપણું છે. પણ પોતે પંચ વર્તમાન, ધર્મ-નિયમ ચુસ્તપણે પાળે અને બીજાને પણ પળાવે, ને ફેર પડે તો પ્રાયશ્ચિત્ત આપી શુદ્ધ કરે; તે બધું સંતનું દિવ્યપણું-દિવ્યભાવ છે.

'સભામાં ઝોલાં ખાઉં; કે તમને કહું કે આપે મને કલાકે કલાકે લઘુ કરાવવા લઈ જવો; માથું દુ:ખે છે, એમ કહીને માથું દબાવવાનું કહું; આ કંઈ મનુષ્યભાવ ન કહેવાય. આ તો કેવળ ક્રિયા (દેહની) કહેવાય.

'જો હું ઉપવાસ નિર્જળા કરું છું તો તમે પાણી પીને કરો છો; પણ હું ન પાળું તો તમો કોઈ ન પાળો. માટે બમણું પળાવે ને નિયમમાં રાખે છે, તે સંતનો દિવ્યભાવ છે.

'આ કહી તેવી ક્રિયામાં મનુષ્યભાવ ન લાવવો અને દિવ્ય સમજવું તે નિર્દોષભાવ થયો. વર્તમાનમાં ફેર પડે તે મનુષ્યભાવ કહેવાય. બીજી દેહની ક્રિયામાં દિવ્યભાવ રાખવો.'

સ્વામીશ્રીએ આ દિવ્યભાવ-મનુષ્યભાવની વ્યાખ્યા પાંચ વખત બોલાવરાવી. પછી વળી કહ્યું : 'સંત આપણને ખોટા મારગે દોરે તે મનુષ્યભાવ. હું તો એવો મનુષ્યભાવ કોઈ દિ' દેખાડતો નથી, કારણ કે સાધુને તે હોય નહીં.'

'છતાં નિર્દોષબુદ્ધિ રાખવી કઠણ કેમ પડે છે ?' નારણભાઈએ પૂછ્યું.

'તમે મને નિર્દોષ જાણ્યો જ નથી !' સ્વામીશ્રીએ તરત જ કહ્યું : 'ફક્ત ઉપર ઉપરથી નિર્દોષ જાણ્યો છે. જીવમાં નહીં. નહીંતર નિષ્કામ, નિષ્કપટ થઈ જવાય.'

પછી કહે : 'આ તો કાગળનું નિમિત્ત કાઢી મારે તમને વાત કરવી હતી.'

એમ કહી બોલ્યા : 'નારણભાઈ ! પંચ વિષય તો નરક જેવાં છે. સ્ત્રી તો નરકની કોથળી છે. વિષયનો ખાડો છે. તેનો અભાવ કરી દેવો. તેના પ્રત્યે ક્રોધ રાખવો. તેની સમીપે જવું નહિ, નરભ્રમર ન થવું.'

નારણભાઈએ પૂછ્યું : 'પ્રયત્ન કરવાથી આ થાય ?'

ત્યારે સ્વામીશ્રી કહે : 'કૃપાથી થાય, પ્રયત્નથી નહીં. સંત ના કહે છતાં વિષય ભોગવે, તો તેના જીવનો નાશ થઈ જાય અને નરકમાં જાય.'

દિવ્યભાવ-મનુષ્યભાવની આવી અદ્‌ભુત મીમાંસા સાંભળી નારણભાઈને તેની ઊંડી સમજણ આવી. સ્વામીશ્રીનો અભિપ્રાય જણાયો અને અધ્યાત્મ દૃઢતાનો અનુભવ થયો.

ત્યારપછી ત્રીજે દિવસે ખારવાનાં સાંખ્યયોગી જીવીબહેન તરફથી પણ પારાયણ થઈ. વલ્લભીપુરથી સંતસ્વામી તથા સનાતન સ્વામી સાથે કાનજીભાઈ, હરગોવિંદ માસ્તર આવ્યા હતા. આજુબાજુનાં ગામડાંના ઘણા હરિભક્તો પણ લાભ લેવા આવતા. ગણેશ ભગત, બાલુભા, કસળચંદ શેઠ, નાથુભાઈ વગેરે

કથાવાર્તા કરતા. સુરેન્દ્રનગરથી કલેક્ટર ગોવિંદસિંહજી તથા ત્રિકમભાઈ પણ આવતા. રામજીભાઈને ઘેર સ્વામીશ્રીએ પટ મૂર્તિની પ્રતિષ્ઠા કરી. તેમના દીકરા હરિભાઈ પણ અખંડ સંતોની સેવામાં રહેતા. રાત્રે કીર્તનની ઝડીઓ વરસતી. નાના બાળકો ઝાલાવાડી નૃત્ય કરી, સ્વામીશ્રી તથા સભાને રંજન કરતા.

તા. ૧-૧૦-'૫૯ને સવારે નિત્યકર્મથી પરવાર્યા બાદ રસોઈની તૈયારી ચાલતી હતી. ત્યારે સ્વામીશ્રીએ મગની દાળમાંથી ફોતરાં કાઢવાની ક્રિયા પોતે કરી બતાવી હતી. તપેલામાં પાણી નાખી, હલાવી, તારવી નાખી, મગનો એક પણ દાણો નીચે ન પડે તે રીતે પાણી કાઢતા હતા. પછી પધરામણીથી આવ્યા બાદ પણ પોતે પૂરી માટેના લોટના લાંબા લોયા બનાવી, હાથમાં દોરી રાખી બીજો છેડો પગના અંગુઠે ભેરવી, દોરાનો વળ ચઢાવી, ગુલ્લાં બનાવતા હતા. આ ક્રિયામાં એમની ઝડપ, એમની સેવામાં પ્રવીણતાની સહેજે ચાડી ખાતી હતી. વર્ષોના અનુભવ પછી જ આટલી ઝડપથી અને આટલી કુશળતાથી કાર્ય કરી શકાય. જો કે છેલ્લાં દસેક વર્ષથી આ પ્રેક્ટીસ તો એમને સાવ છૂટી ગઈ હતી, છતાં એમની આવડત એટલી ને એટલી જ. એ જોઈ સૌ યુવકો આશ્ચર્ય પામતા.

આ પ્રદેશમાં, ખાસ કરીને મોજીદડ, અડવાળ વગેરે ગામોના વિચરણમાં સ્વામીશ્રી ઘણી વાર રસોડામાં આવી માર્ગદર્શન આપતા. રસોઈકળામાં પોતાની ચતુરતાનું દર્શન પણ કરાવતા. રસોઈ કરતા સંતો તથા યુવાનો માટે આ અદ્‌ભુત સંભારણું હતું !

ભાદરવા વદ અમાસના રોજ ગ્રહણ હોવાથી આખા દિવસનો નિર્જળા ઉપવાસ હતો. ગ્રહણ માટે જુદા જુદા મત હતા. કોઈ 'નિર્ણય'માં હતું કે કરવો ને બીજામાં ન કરવો એવું હતું. તેમાં શંકા ન રહે તે માટે સ્વામીશ્રીએ ઉપવાસ કરવાનું પસંદ કરી, સૌ હરિભક્તોને પણ ઉપવાસ કરવાની આજ્ઞા કરી. ગાડે બેસી નારાયણ ધરે સ્નાન કરવા ગયા. અહીં કંથારિયા મંડળના આગેવાન મોડભાએ માંડવો બંધાવી રાખ્યો હતો. કથાવાર્તા કરી, દેવાનંદ સ્વામીના પધરાવેલ હનુમાનજી છે તેનાં દર્શન કર્યાં. ૧૨-૩૦ વાગે નદીમાં સ્નાન કર્યું.

અચારડા પધરામણી કરી, ચાલુ વરસાદે સ્વામીશ્રી ગાડામાં બેસી મોજીદડ પધાર્યા. નવીનભાઈ સ્વામિનારાયણ વધુ અભ્યાસ અર્થે લંડન જઈ રહ્યા હતા. તેથી આશીર્વાદ લેવા ખાસ અહીં આવ્યા હતા. સ્વામીશ્રીએ તેમને ખૂબ આશીર્વાદ આપ્યા. નિયમ-ધર્મમાં રહી, સત્સંગ વધારવા આજ્ઞા કરી.

૬-૨૪ વાગે ગ્રહણ શરૂ થયું. ધૂન-કીર્તન પછી કાનજીભાઈએ ઠેઠ સુધી

વાતો કરી. જૂના હરિભક્તો કથાવાર્તામાં ખૂબ શૂરા હતા. તેમની વાતો શરૂ થાય પછી જલદી પૂરી પણ થાય નહિ. સ્વામીશ્રી પણ તેમનો ઇશક જોઈ વાતો કરાવે. એટલે ઘણી વાર સ્વામીશ્રીનો વારો આવે જ નહિ. હરિભક્તો સૌ સ્વામીશ્રીની કથાવાર્તા સાંભળવા ઉત્સુક હોય. ૮-૧૦ વાગે ગ્રહણ છૂટતાં સૌ નદીએ નાહવા ગયા. સ્વામીશ્રીએ પણ નદીમાં જઈ બધાં કપડાં સાથે સ્નાન કર્યું હતું. નદી કિનારે, રાત્રિસ્નાન ! આ દર્શન અલૌકિક હતું. સ્વામીશ્રી કહે : 'આ વાસર નદીમાં મહારાજ નાહેલા, એટલે એ ઘેલો જ કહેવાય.' હરિભક્તોએ પૂજા કરી.

ભીડો વેઠવો, પણ આપવો નહિ

સ્વામીશ્રીએ અહીં મંડળની સ્થાપના કરી. વાતો કરવાના તાનમાં સ્વામીશ્રી ઘણી વાર આસનના છેડા પર આવી જતા. રાત્રે મોડે સુધી વાત કરતા. મુદ્દાની વાતો કરતાં સ્વામીશ્રીએ જણાવ્યું :

'પ્રભુ તો અણુમાંથી બ્રહ્માંડ બનાવે, ધારે તે કરે. *જે ઠેકાણે ધૂળના ઢગલા, તે ઠેકાણે બનાવે બંગલા. જલ થલ પલટ કરે'*.

'સારંગપુર મંદિરનો નકશો સ્વામી શાસ્ત્રીજી મહારાજે કલેક્ટરને બતાવ્યો, તો કહે : 'આ તો ત્રણ લાખ રૂપિયાનું મંદિર કરવાનો નકશો છે ને તમારી પાસે તો કાંઈ નથી.' ત્યારે સ્વામી કહે : 'એ તો બધુંય થશે.' સારંગપુરમાં કોઈ હરિભક્તે સાધુને પૂછ્યું : 'સ્વામી મંદિર કરે છે, તે પૈસો ક્યાંથી લાવે છે ?' ત્યારે કહ્યું કે 'નદી કાંઠે ખાણ ગાળી છે, તે પૈસો લાવે છે ને મંદિર કરે છે.' આવો હાજર જવાબ દઈ દીધો.

'ગુણાતીતાનંદ સ્વામીને એક હરિભક્તે પૂછ્યું : 'તમે મોટા કેવી રીતે થયા છો ?' તો સ્વામી કહે : 'હરિભક્તોની તાંસળીઓ ઘસી ઘસીને નખના અગ્ર ઘસાઈ ગયા છે, ત્યારે મોટા થયા છીએ.' જૂનાગઢમાં સ્વામી રસોઈ કરાવે તો ઓછામાં પતાવે. બહુ બહુ તો કંસારની રસોઈ થાય. 'લાવ લાડુ ને જોડ ગાડું' એવું ન કરે.

'સત્સંગ વધારવો હોય તો ફૂલ-છોડવાને પાણી પાવું, તો બગીચો સુધરે. આખો બગીચો તોડે શું થાય ? ભગવાનના ભક્ત બગીચા છે, તેમને સાચવીએ તો સત્સંગ ચાર ગણો વધે. નિર્ગુણ સ્વામીને સત્સંગ વધારવાની બહુ ખટક.

'ચાર પ્રકારની ઔષધિ. તેમાં સંજીવની વિશેષ. એ નિર્દોષબુદ્ધિની ભક્તિ છે. કોના છીએ ? ગુણાતીત બનવા કોઈનો અવગુણ લેવો નહિ. આપણે જાતે

ભીડો વેઠવો.

'પીપા પાપ ન કીજીએ, પુણ્ય કિયા સો વાર,
જો કિસીકા લિયા નહિ તો દિયા વાર હજાર.'

'નિર્દોષબુદ્ધિની ભક્તિ કરવા અક્ષરધામમાંથી આપણને મોકલ્યા છે. આપણને કોઈ ભીડો આપે તો વેઠવો, પણ આપવો નહિ; એ બ્રહ્મની સ્થિતિ છે.

સંત એ જ ઘર

તા. ૩-૧૦-'૫૯, સૂર્યોદયનાં દર્શન બાદ પારણાં કર્યાં. વરસાદને લીધે રસ્તામાં ખૂબ કીચડ હતો. તેથી બે-બે બળદની બે-બે જોડી જોડેલાં ગાડામાં સૌ કંથારિયા જવા નીકળ્યા. યુવકો પાસે વાતો તથા વચનામૃત બોલાવી સ્વામીશ્રી રસ્તામાં નિરૂપણ કરતાં ખાંડિયા ગામે પધરામણી કરી, કંથારિયા પધાર્યા. મોડભાએ અહીં સારું યુવક મંડળ તૈયાર કર્યું હતું.

અહીં રાત્રે સાથે ફરતા યુવકોને સંબોધતાં સ્વામીશ્રી કહે :

'ઉપાસના, આજ્ઞા ને સુહૃદભાવ રાખવો. ઉપાસનામાં ભગવાન વિના કોઈ પ્રકારની વાસના ન રહે. મ. ૨૪ પ્રમાણે ધામ, ધામી ને મુક્ત સત્ય છે; બીજું નાશવંત છે. આજ્ઞા : નાનાં-મોટાં વચન પાળવાં. ત્યાગી ને નિષ્કામ, નિઃસ્વાદ, નિર્માન, નિર્લોભ ને નિઃસ્નેહ; અને ગૃહસ્થને દારૂ, માટી, ચોરી, અવેરી, વટલવું નહિ ને વટલાવવું નહિ; એ પાંચ વર્તમાન પાળવાં. ગઢડામાં મહારાજની કેડ દુઃખતી હતી. એક હરિભક્તને મહારાજ કહે : 'મારી કેડ ઉપર ચડીને દાબો.' ત્યારે તે કહે : 'મહારાજ ! આપની ઉપર કેમ ચડાય ?' ત્યારે મહારાજે કહ્યું : 'મારી જીભ ઉપર ચડો છો, પછી કેડમાં શું વાંધો ?' શિક્ષાપત્રી ન પાળવી, તે જીભ ઉપર ચડ્યા જેવું છે.

'જેના હૃદયમાં આજ્ઞા ને ઉપાસના રહી હોય, તેમાં સુહૃદપણું રાખવું. વાંક નજરમાં ન આવે તે સુહૃદભાવ. સો અવગુણમાં એક ગુણને આગળ કરે. યુવકોને સંપ ને સુહૃદભાવ રાખવો. એક બાપના બે દીકરા. એકની ભૂલ બીજાએ માથે લઈ લેવી. ઘણા જનમ સુધી ગોથાં ખાધાં છે. હવે નિર્દોષ, નિર્વિકાર થઈને ભગવાન ભજવા છે. માવા ભગત જૂનાગઢમાં ત્રણ વાગે ઊઠતા ને મન સાથે લડાઈ કરતા : 'હે મન ! તારું કહ્યું નહિ કરું.' જ્યાં સંત હોય ત્યાં જ ઘર. બાપ એ જ છે. એ જ જીવનપ્રાણ. ત્યાં જ અક્ષરધામની પ્રાપ્તિ. દેહ ગીરો મૂક્યો પછી આપણે ધણી રહ્યા ?'

કાનજીભાઈ તથા ઓધુભાઈએ સારી સેવા કરી. બીજે દિવસે સવારે વહેલા ઊઠી યુવકોને પંચ વિષયના ખંડનની વાતો કરી. પછી નિત્યકર્મથી પરવારી, કથાવાર્તા કરી, ત્રણ ગાડાં જોડી ચચાણા જવા નીકળ્યા.

સાંજે મેરુભાના દરબારે પધરામણીએ ગયા. અહીં કથાવાર્તાના અખાડા ચાલતા. સંતસ્વામીએ સારો લાભ આપ્યો. ધનુભા, લક્ષ્મણભા, ગોવુભા, ઘનશ્યામભાઈ વગેરેએ સારી સેવા કરી. રાજકોટથી લક્ષ્મીદાસ ગણાત્રા પોતાની નવી મોટર પ્રસાદી કરવા ઠેઠ અહીં સુધી ગામડાંમાં, કીચડ ખૂંદતા આવ્યા હતા. સ્વામીશ્રીની પ્રસાદી કરાવવા ભક્તોને આવો ભાવ હતો !

આ વાત તો જાદુ છે

તા. ૫-૧૦-'૫૯, સ્વામીશ્રી ગણાત્રાની મોટરમાં જ પાનડી પધાર્યા. સાંજે સભામાં 'સ્વામિનારાયણ પ્રકાશ'નો પાઠ કરાવ્યો. રાત્રે ચેષ્ટા બાદ અદ્ભુત વાતો કરી, યુવકોને બ્રહ્માનંદ કરાવ્યો. સ્વામીશ્રી કહે :

'એક આળસુ રાયણના ઝાડ નીચે સૂતેલો. રાયણ છાતી પર પડી ત્યારે રસ્તે જતા ઊંટવાળાને કહે : 'રાયણ મારા મોઢામાં મૂક.' પેલા ઊંટવાળાએ ન મૂકી. તો કહે : 'ઊંટવાળો કેટલો આળસુ છે !' તેમ આપણી છાતી ઉપર સમાગમરૂપી રાયણ પડી છે, છતાં આપણે આળસુ થઈને પડ્યા રહ્યા છીએ.

'આ વાત તો જાદુ છે...' શાસ્ત્રીજી મહારાજને વઢવાણ સ્ટેશન ઉપર મહંમદ છેલ મળ્યો અને ફટ ફટ હાથમાંથી ચૂડા સ્ટેશનની સાત ટિકિટો કાઢી આપી. નિર્ગુણ સ્વામીએ હાથમાં લીધી ને ઊડી ગઈ. આ તો જાદુ છે. જીવનો દેહભાવ નીકળી જાય ને બ્રહ્મસ્થિતિ થઈ જાય. પછી શબ્દ ન લાગે.

'શબ્દે માર્યા મરી ગયા, શબ્દે છોડિયાં રાજ;
શબ્દ જેણે વિચારિયાં, તેનાં સરિયાં કાજ.'

'સમાગમથી જાદુગરના જેવું બળ આવે.'

કલેક્ટર સાહેબ ગોવિંદસિંહજીના દીકરા જનકસિંહ મોટર લઈને દર્શને આવેલા. તેમની સાથે સ્વામીશ્રી લીમડી પધાર્યા. છગનભાઈ ખત્રીને ત્યાં ઠાકોરજી જમાડ્યા. મોડી રાત્રે ૧૧-૦૦ વાગે કથાપ્રસંગમાં સ્વામીશ્રી કહે : 'ચેતન હારા ચેતજો કહત હું હાથ બજાય...' સત્સંગ કરજો. જીવને શાંતિ થશે.

'ખા ગયા, ખો ગયા.' કોઠી, દરિયા ભરાણાં પણ શેરનું પેટ ખાલીને ખાલી. જૂનાગઢમાં માવા ભગત કહેતા : 'દુનિયા ધૂડમાંથી ધાન ને ધાનમાંથી ધૂડ કરે છે.'

'લે ગયા, દે ગયા.' આ ભગવદ્વાર્તા સામી મળવાની છે. પરોપકાર, પુણ્યદાન આગળ મળશે. બાજરાનો દાણો વાવીએ ત્યારે અવળોય પડે ને સવળોય પડે. અવળો પડ્યો હોય તેને ભગવાન ધીમેથી સવળો કરીને ઉગાડે છે. ને બાજરાનો મોલ થાય છે. આમ, ભગવાનની દયાનો પાર નથી. જીવની અવળાઈનો પાર નથી.

'ભરતખંડમાં જન્મ દીધો તે પ્રભુ ભજાય છે. યુરોપ, અમેરિકામાં નાખ્યા હોત તો શું પ્રભુ ભજાત ! 'દાટ ગયા, જખ માર ગયા.' અમને તો પાંચ માળા ફેરવીએ ને મોક્ષ આપીએ એટલું આવડે છે. કોઈનું દાટેલું બતાવીએ નહિ. છેલ્લો જન્મ કરવો હોય તો અહીં આવો. કાંઈ પરચા-બરચા આપણી પાસે છે નહિ. અમને આત્યંતિક કલ્યાણ કરતાં આવડે છે.

'સાધુ ધર્મ એટલે પરોપકાર. એટલે કે દરેકને માયાથી પર કરી ભગવાનને મારગે ચડાવવા ! *પુનરપિ જનનં, પુનરપિ મરણં...* સંત સમાગમથી ટળી જાય. મુક્તાનદ સ્વામીનું સાઠ સાધુનું મંડળ દરિયાપુર ઘુમ્મટમાં ઊતરેલું...' તે વાત વિસ્તારે કરીને કહી. 'સાપ માથે ચડ્યા પણ સંતો સમાધિમાંથી હાલ્યા નહિ. જૈનોએ કહ્યું : 'તમે ભણેલ નથી, વિદ્વાન નથી, છતાં તમારી વાતોમાં શાંતિ થાય છે. તે કેવી રીતે ?' ત્યારે મુક્તાનંદ સ્વામી કહે : 'કાચા ચણા ને શેકેલા ચણા. તેમાં શેકાયેલા ખાવામાં મીઠા બહુ લાગે, પણ ઊગે નહિ. અને કાચા ચણા ખાવામાં સારા ન લાગે, પણ ઉગાડીએ તો ઊગે. તેમ અમે જીવના હૃદયમાં ભગવાન પધરાવીએ છીએ.

'સાધુતા - ત્રણ અક્ષર. 'સા' કાઢી નાખો એટલે ધુતા રહે. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, એ ગુણ જેમાં છે તે સાધુ છે. નામીએ સહિત નામ લેવું. આ બેઠા છે તે નામી, એમ ભજન કરવું.'

સમાગમરૂપી સૂર્ય

આસો સુદ ૫, સવારે ઊંટડી પધાર્યા. બળદની આઠ જોડ જોડેલા શણગારેલા ગાડામાં પધરાવી, સ્વામીશ્રીનું સામૈયું કર્યું. હનુમાનજીના મંદિરે દર્શન કરી, સભામાં કથાવાર્તા કરી. ૧૧-૧૫ વાગે અક્ષરપુરુષોત્તમ મંદિરનું ખાતમુહૂર્ત કર્યું.

ચોકી ગામે પધરામણી કરી, રાત્રે ૮-૦૦ વાગે ટ્રેનમાં બેસી, ખારવા જવા બલદાણા ઊતર્યા. મુસાફરી દરમ્યાન રાત્રે ૯-૦૦ વાગે ટ્રેનમાં યુવકોને સંબોધતાં સ્વામીશ્રીએ કહ્યું :

'આ દર્શન થયાં છે તે બહુ જનમનાં પુણ્યે થાય છે. વરસાદ ન પડે તો દેહમાં દુ:ખ થાય ને આ જોગ ન થાય તો જીવમાં દુ:ખ થાય. જીવમાં દુ:ખ કોને થાય ? જિજ્ઞાસુ હોય તેને જ દુ:ખ થાય. એકાંતિક ધર્મધારક, બ્રહ્મસ્થિતિ પામેલા ગુણાતીત સત્પુરુષનો જોગ ન મળે, તો જીવમાં દુ:ખ થાય. આવો જોગ ફરીથી નહિ મળે. પછી રોવું પડશે. મહારાજ ગયા પછી ઘણા રહી ગયા. પાછળથી 'હાય, હાય' કરે. જેને દુ:ખ થાય છે તે દૈવી જીવ છે અને તેને જોગ થઈ જાય છે.

'ઊંટડીમાં એક ત્રાહિત માણસ - સત્સંગી પણ નહિ, ને તેણે પોતાના નવા ઓરડા આપણને ઊતરવા આપ્યા, તેનું કારણ શું ? પૂર્વજન્મનાં પુણ્યે કરીને આ દર્શન થાય છે. એ જમીનનું બીજબળ જબરું હતું. અને પૂર્વજન્મનો સંસ્કાર, તેથી ત્યાં ઊતરાણું. નહિ તો લાખો રૂપિયા ખર્ચે કોઈને ત્યાં ઊતરાય નહિ.

'મહારાજ દોઢ મહિનો ધરમપુરમાં કુશળકુંવરબાઈને ત્યાં રહ્યા. મહારાજનો પહેલા સંબંધ નહિ. બ્રાહ્મણ કથા વાંચે ને પોતે સાંભળે. તેમાં રુક્મિણિનો કૃષ્ણ ભગવાને હાથ પકડ્યો તે પ્રસંગ આવ્યો. ત્યારે બ્રાહ્મણને કહે : 'તારો ને મારો હાથ આ રીતે પ્રત્યક્ષ ભગવાન ઝાલશે, ત્યારે જ કલ્યાણ થવાનું છે. એ વિના તો તું વાંચે જા ને હું સાંભળ્યે જાઉં.' પછી પરમ ચૈતન્યાનંદ સ્વામી ત્યાં ગયા, ને ત્યારબાદ મહારાજ સર્વ સંતમંડળ સાથે ત્યાં દોઢ મહિનો રહ્યા, તે પૂર્વનો બલિષ્ઠ સંસ્કાર.

'નેત્ર તો મુમુક્ષુના ઠેકાણે છે ને સૂર્ય સમાગમને ઠેકાણે છે. જ્યારે સમાગમરૂપી સૂર્ય પ્રગટ થાય, ત્યારે જ અંધારું ટળે. સૂર્ય ઊગવો જોઈએ. કર્મ કરવું જોઈએ. ક્રિયમાણ બળવાન છે. મુમુક્ષુતા તો ઘણી છે. તીરના ભાથામાં જેટલાં બાણ છે તેટલાં મુમુક્ષુઓ પડ્યા છે. હિંદુસ્તાનમાં હજારો મુમુક્ષુઓ પડ્યા છે, પણ જોગ વગર રહી જાય છે.

'શ્રીજીમહારાજે હિંદુસ્તાનભરમાં ફરીને મુમુક્ષુતાનાં બીજ રોપી દીધાં છે. માટે સંસ્કાર બળવાન હોય ને સમાગમ થાય, ત્યારે જ અજવાળું થાય. નેત્ર ને સૂર્ય એક થવા જોઈએ. આપણે આ ગાડીમાં બેઠા છીએ ને ઠેઠ ખારવા સુધીની ટિકિટ લીધી છે, તો કોઈ ઉઠાડી શકે તેમ નથી. તેમ આપણે અક્ષરધામની ટિકિટ લીધી છે, તેથી કંઈ ભય નથી. વચ્ચે વૈકુંઠ, ગોલોક ઇત્યાદિ ઘણા છે, પણ આપણને તો ઠેઠ અક્ષરધામની ટિકિટ મળી છે.'

ગાડામાં ખારવા પહોંચ્યા. ગામમાં ઘણી પધરામણીઓ થઈ. તળાવે સ્નાન કર્યું. અહીં હરિભક્તોને ખૂબ આનંદ કરાવ્યો.

આનંદમૂર્તિ સ્વામીશ્રી આવા અવિરત વિચરણમાં પણ નાના-મોટા મુદ્દા ઉપર હાલતાં-ચાલતાં ભક્તોને નિર્દોષ સુખ આપતા.

સ્વામીશ્રીને વઢવાણમાં અક્ષરપુરુષોત્તમ દેવની આરતીનાં દર્શનની ખાસ ઈચ્છા હતી, તેથી ગાડામાં જ જવાનું પસંદ કર્યું. વઢવાણ મંદિરમાં શયન આરતીનાં દર્શન કર્યાં. આખી આરતી પૂરી થઈ ત્યાં સુધી અક્ષરપુરુષોત્તમની મૂર્તિઓ સામે સ્વામીશ્રી અનિમેષ નેત્રે જોઈ રહ્યા હતા, દર્શન કરતા હતા.

તા. ૯-૧૦-'૫૯, દીવાન સાહેબને મેડે જાહેર સભામાં કલેક્ટર સાહેબ, ધારાસભ્ય ત્રંબકલાલ દવે વગેરે ઘણા ગૃહસ્થોએ લાભ લીધો. ચંદુભાઈ મહેતાને ત્યાં ઠાકોરજી જમાડી, સાંજે પધરામણીઓ કરી. વરસતા વરસાદમાં જીપમાં સુરેન્દ્રનગર ત્રિકમભાઈને ત્યાં આવ્યા.

અહીંથી ભાવનગર પધારી, ઠાકરશીભાઈ તથા પીતાંબરભાઈનાં નળિયાં ને પૂંઠાં બનાવવાના કારખાનાનું ઉદ્‌ઘાટન કરી, ટ્રેનમાં બોટાદ થઈ, સારંગપુર પધાર્યા. દશેરાનો ઉત્સવ કર્યો. ઠાકોરજી આગળ માનસી કરી, વરસાદ બંધ થાય અને દેશકાળ સુધરે તે માટે ધૂન કરાવી હતી. અતિવૃષ્ટિને લીધે ઘણી જગ્યાએ સારું એવું નુકસાન થયું હતું.

આવો દાખડો કોઈ કરતું નથી

આસો સુદ ૧૧, તા. ૧૨-૧૦-'૫૯, ગઢડા જવા તૈયાર થયા. અહીંથી નીકળતા પહેલાં શાસ્ત્રીજી મહારાજના ઓરડે ઢોલિયે દર્શન કરવા ગયા અને આફ્રિકા જવાના સંદર્ભમાં પ્રાર્થના કરી કે 'હે સ્વામી ! સદા સાથે રહેજો. વિઘ્ન આવવા ન દેતા.' મંદિરમાં પણ મહારાજ આગળ પ્રાર્થના કરી કે 'અખંડ સાથે રહેજો. મૂર્તિનું સુખ આપજો.'

રસ્તામાં બોટાદમાં એક નવી દુકાનનું ઉદ્‌ઘાટન કરી, પછી ગઢડાના રસ્તે આગળ નીકળ્યા. રસ્તામાં બે-ત્રણ વાર મોટર બંધ પડી ગઈ. ધક્કા મારીને ચાલુ કરી, પણ છેલ્લી વાર તો ચાલુ જ ન થઈ. તેથી સ્વામીશ્રી પોતે મોટરમાંથી ઊતરી ધક્કા મારવા લાગ્યા. ધક્કા મારવા જતા સ્વામીશ્રીના પગ કાદવમાં ખૂંચતા હતા. એક પગ બહાર કાઢે ત્યાં બીજો અંદર ખૂંચી જાય. વરસાદ ચાલુ જ હતો. હરિભક્તો સાથે સ્વામીશ્રી ધક્કા મારે. વળી, સૌને થોડો થાક ખાવાનું કહે. એમ, સૌને આનંદમાં રાખતા હતા. પછી હરિભક્તોની વિનંતીથી સ્વામીશ્રી છત્રી ઓઢીને દૂર ઊભા રહ્યા અને ધૂન્ય કરવા લાગ્યા. સંપ્રદાયના

અગ્રણી હરિભક્ત ભોગીલાલભાઈ (ડી.ટી.એસ.) પણ સાથે હતા.

એટલામાં હરિભક્તોની બીજી ગાડી પાછળ આવી. તેની સાથે મોટરને બાંધી, પણ દોરડાં તૂટી ગયાં. પછી સ્વામીશ્રી બીજી મોટરમાં ગઢડા જવા નીકળ્યા. મોટરને ખેંચવા ટ્રેક્ટર મોકલવા જણાવ્યું. જૂના મંદિરે તથા લક્ષ્મી-વાડીએ દર્શન કરી, મંદિરે ટેકરા ઉપર પધાર્યા.

અહીં ભોગીલાલ ડી.ટી.એસ. બોલી ઊઠ્યા : ‘સ્વામીશ્રી જે પ્રકારે સત્સંગ વધારવાનો દાખડો કરે છે, તે પ્રમાણે જો જૂના સંપ્રદાયવાળા પણ મંડી પડે, તો હિન્દુસ્તાનનો કોઈ ખૂણો બાકી ન રહે, જ્યાં સત્સંગ ન પ્રસર્યો હોય.’ સ્વામીશ્રી પણ મોટરને ધક્કા મારી રહ્યા હતા તે પ્રસંગ તેમની સ્મૃતિમાં જડાઈ ગયો હતો, એટલું જ નહિ, પણ સ્વામીશ્રીનો ખરેખરો મહિમા પણ સમજાયો.

પાકા ‘જય સ્વામિનારાયણ’

અહીંથી નીકળતા પણ મહારાજને અખંડ સાથે રહેવા સ્વામીશ્રીએ પ્રાર્થના કરી. ઢસા સુધી મંદિરનું ટ્રેક્ટર સાથે લીધું. અનુમાન પ્રમાણે મોટર રસ્તામાં ખૂંપી ગઈ, બૅટરી ડાઉન થઈ ગઈ, પણ ટ્રેક્ટરની મદદથી મોટર બહાર કાઢી. મોટર ચાલુ થઈ ત્યારે સ્વામીશ્રી કહે : ‘જેમ મોટરની બૅટરી ડાઉન થઈ અને ટ્રેક્ટરે તે ચાલુ કરી, તેમ આપણી બૅટરી પણ ડાઉન થાય છે તેને સત્પુરુષ ચાલુ કરે છે.’

આ બધી ધમાલ વખતે પણ સ્વામીશ્રીએ આરતી તથા સ્તુતિ કરી. મોટર ત્યારે કીચડમાં ખૂંપેલી હતી. બહાર નીકળી ન હતી અને સૌ એકબીજાને ‘જય સ્વામિનારાયણ’ કહેતા હતા. સ્વામીશ્રી કહે : ‘અત્યારે કાચા ‘જય સ્વામિ-નારાયણ’, પણ ઢસા પહોંચી જઈએ પછી પાકા ‘જય સ્વામિનારાયણ’ કરશું.’

રસ્તામાં નદીઓ છલકાતી હતી. પણ તે પસાર કરી ઢસા મેઈન રોડ ઉપર પહોંચ્યા ત્યારે સૌ ‘સહજાનંદ સ્વામી મહારાજની જય’ બોલ્યા. સ્વામીશ્રી કહે : ‘હવે સૌને પાકા ‘જય સ્વામિનારાયણ’.’ એમ નિર્દોષ ગમ્મત કરાવતા આગળ ચાલ્યા. વરસાદ ચાલુ હતો. સાથે પવન પણ ખૂબ ખૂબ ફૂંકાતો હતો. મુશ્કેલી ઘણી પડી, પણ ગોંડલ પહોચ્યા ખરા.

શરદ પૂર્ણિમાના સમૈયા નિમિત્તે તથા સ્વામીશ્રી હવે ટૂંક સમયમાં જ પરદેશ જઈ રહ્યા હોવાથી ગામોગામથી હરિભક્તો દર્શને આવી પહોંચ્યા હતા. વરસાદ ખૂબ જ વરસતો હતો. એ સંજોગોમાં ઉત્સવ કેમ ઊજવાશે ? એ ચિંતાથી મંદિરના કાર્યકર સંતો-હરિભક્તોએ સ્વામીશ્રી પાસે વિનંતી કરી કે

વરસાદ ખમૈયા કરે તો સારું. સ્વામીશ્રીએ શાંતિથી કહ્યું : 'મહારાજ બધું સારું કરશે. દર વર્ષે જેમ સમૈયો ઊજવાય છે, તેમ આ વર્ષે પણ સારી રીતે ઊજવાશે. ઈન્દ્ર બહુ વરસ્યો. હવે બંધ થાય અને સમૈયો ઊજવવા દે.'

થોડા સમયમાં વાદળાં ક્યાં અલોપ થઈ ગયાં તે કોઈને ખબર પડી નહિ. શરદઋતુનું નિર્મળ આકાશ દૃશ્યમાન થયું. હવામાનની ભારે વરસાદની આગાહી મુજબ, ખૂબ જ જામેલો વરસાદ અચાનક બંધ થઈ ગયો અને આહ્લાદક વાતાવરણમાં સમૈયો પણ રંગેચંગે ઊજવાયો.

અનોખી માનતા

આ સમૈયામાં મુંબઈથી પણ ઘણા હરિભક્તો આવ્યા હતા. હર્ષદભાઈનો નાનો પુત્ર વાસુદેવ અચાનક બીમાર પડી ગયો. દવા કરી પણ તત્કાળ કોઈ ફાયદો જણાયો નહિ. એટલે સ્વામીશ્રી પાસે લાવ્યા. સ્વામીશ્રીએ ધૂન કરી. થોડા દિવસે તેને સારું થયું.

કોઈએ આ સમાચાર સ્વામીશ્રીને આપ્યા. એટલે એકદમ રાજી થઈને કહે : 'એ સાજો થાય એ માટે અમે દેરીમાં માનતા કરેલી. વાસુદેવને સારું થઈ જાય તો ઠાકોરજીનાં વાસણ ઊટકીશ !'

હર્ષદભાઈ તો આ સાંભળી ગદ્ગદ થઈ ગયા. આ બાળકની સ્વામીશ્રીને આટલી ચિંતા !

ટૂંક સમયમાં સ્વામીશ્રી બીજી વિદેશયાત્રાએ જઈ રહ્યા હતા. તેની કેટલીક કાયદાકીય વિધિ માટે સ્વામીશ્રી, પ્રમુખસ્વામી, બાલમુકુન્દ સ્વામી અને વિનુ ભગતને શહેરમાં જવાનું હતું. સૌ એક ઘોડાગાડીમાં બેઠા, પણ મંદિરના મુખ્ય દરવાજા પાસેના વળાંકે ઘોડો ઊભો રહી ગયો. ગાડીવાળાએ ચાબુક મારી પણ તે હાલ્યો જ નહીં ! આથી ગાડીવાળો ફાવે તેમ ચાબુક મારતો રહ્યો ને વળી આજુબાજુ ઊભેલામાંથી કોઈક બોલ્યુંયે ખરું કે 'આવો મડદાલ જેવો ઘોડો ક્યાંથી લાવ્યો ?'

સ્વામીશ્રી ગાડીવાળાને વારવા લાગ્યા. તેમની આંખો કરુણાથી છલકાઈ રહી. મુખ પર પોતાને જ ચાબુક વાગતી હોય તેવી વેદના અંકાઈ ગઈ ને કહે : 'હાલો, બે જણ ઊતરી જઈએ. પાંચ ચડી બેઠા છીએ, તે ક્યાંથી હાલે બીચારો !' પછી ગાડીવાળાને કહે : 'તમે ઘોડાને મારશો નહીં, અમે ઊતરી જઈએ છીએ.'

ત્યાં તો ઘોડો સ્વામીશ્રીની પ્રેમભીની કરુણાને પામી ગયો હોય તેમ ધીરે ધીરે

ચાલવા લાગ્યો. ગાડીવાળાને અને સંતોને આશ્ચર્ય થયું. જો કે હકીકતે તો વ્યક્તિના મનોભાવની તીવ્રતા એટલી અસરકારી હોય છે કે નિર્ધારિત વ્યક્તિને પોતા પ્રત્યે આદર અને તિરસ્કાર બંને ઊપજાવી શકે. એક અબોલ પશુમાં પણ પોતા પ્રત્યે આદર જન્માવવાની કળા, સાચી સદ્‌ભાવના અને કરુણામાંથી નીપજે છે.

અમદાવાદના જૂના અને પ્રેમી હરિભક્ત વસંતરાય પંડ્યા, પોતાના નિયમ મુજબ, આ વર્ષે તબિયત ખૂબ જ નાદુરસ્ત હોવા છતાં ગોંડલ સમૈયામાં આવ્યા હતા. અગાઉ બે-ત્રણ વાર હાર્ટએટેક આવી ગયેલો, નબળાઈ ઘણી હતી.

ગોંડલ આવ્યા પછી તેમને એકાએક ફરીથી હૃદયરોગનો હુમલો આવ્યો. રાત્રે કંઈક સારું જણાયું. બીજે દિવસે સવારની ટ્રેનમાં તેમને જલદી અમદાવાદ પહોંચાડવાની વ્યવસ્થા કરી. રસ્તામાં ફરીથી તેમને હૃદય ઉપર હુમલો થયો. એમાં રાજકોટ સ્ટેશને ટ્રેન બે કલાક મોડી થઈ. અમદાવાદ સુધી જઈ શકાય એવી સ્થિતિ રહી નહિ. તેઓ બેભાન અવસ્થામાં હતા. આથી અમદાવાદના ચીમનભાઈ ગજ્જરે સમયસૂચકતા વાપરી તેમને રાજકોટ સ્ટેશને જ ઉતારી દીધા. ઍમ્બુલન્સમાં નારણભાઈને ઘેર લાવ્યા. પરિસ્થિતિ ઘણી જ ગંભીર હતી. તેથી ડૉક્ટરની સલાહથી અમદાવાદથી તેમનાં ધર્મપત્નીને તાત્કાલિક બોલાવ્યાં.

બીજે દિવસે સવારે સ્વામીશ્રી ખાસ તેમને જોવા આવી પહોંચ્યા. વસંતરાય બેભાન સ્થિતિમાં જ હતા. સ્વામીશ્રીએ તેમને માથે હાથ મૂક્યો. સ્વામિનારાયણ મંત્ર બોલતાં તેમના આખા શરીરે હાથ ફેરવ્યો અને કહે : 'હવે જરાય ચિંતા કરશો નહિ. શાસ્ત્રીજી મહારાજ હવે અંતરમાં બેસી ગયા છે. પંડ્યાને સારું થઈ જશે.'

તેમનાં પત્ની રાજકોટ આવતાં, ચંપકભાઈ શેઠ વગેરે વસંતરાય પંડ્યાને ફર્સ્ટ કલાસમાં સારી રીતે લઈને અમદાવાદ આવ્યા. અહીં મોટા મોટા ડૉક્ટરોએ અભિપ્રાય જણાવ્યો કે 'ઉપરા ઉપરી આવેલા હૃદયના હુમલા ઘણા જ ગંભીર હતા અને આ દર્દી બચી શકે એવી કોઈ શક્યતા નથી,' પણ બધાંના આશ્ચર્ય વચ્ચે ત્રણ-ચાર દિવસમાં તેમને સારું થવા લાગ્યું અને સ્વામીશ્રીના આશીર્વાદથી થોડા વખતમાં તેમને સંપૂર્ણ આરામ થઈ ગયો.

આ વખતે સમૈયામાં, વઢવાણના અ.નિ. ભક્તરાજ હરગોવિંદભાઈ પ્રભાશંકર મહેતાના સ્મરણાર્થે તેમના દીકરાઓ રમણીકભાઈ, મણિભાઈ તથા ચંદુભાઈએ ગોંડલમાં સારી સેવા કરી. કૃષ્ણજી અદાના શિષ્ય અને અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના સંનિષ્ઠ ભક્ત હરગોવિંદભાઈ મહેતાને સાચી શ્રદ્ધાંજલિ અર્પણ કરી.

તા. ૧૯-૧૦-'૫૯, ૧૧-૦૦ થી ૨-૦૦ની વચ્ચેના સમયમાં શુભ મુહૂર્તમાં અક્ષર મંદિરથી નીકળી, રાત્રે ટ્રેનમાં અમદાવાદ પધાર્યા. મોટા મંદિરે તથા મણિનગર મંદિરે દર્શન કરી, આંબલીવાળી પોળમાં રસિકભાઈના નવા મકાનનું વાસ્તુ કર્યું. અહીંથી બપોરે ટ્રેનમાં નડિયાદ આવી, રામચંદ્રભાઈને ઑપરેશન કરાવ્યું હતું તેમને ઘરે મળી, પધરામણીઓ કરી વડતાલ પહોંચ્યા.

અહીં હરિકૃષ્ણ મહારાજનાં દર્શન કરતાં સ્વામીશ્રી તૃપ્ત જ થતા ન હતા. મૂર્તિ પાસેથી ખસે જ નહિ ને વારંવાર મૂર્તિ સામું જોયા કરે ને પ્રાર્થના કરે. એવા મેષોન્મેષ મૂર્તિ સાથે મગ્ન થઈ ગયા.

લક્ષ્મીનારાયણ સંસ્કાર કેન્દ્ર, વડતાલની નિશાળમાં કાર્યકર્તાઓએ સ્વામીશ્રીનો સત્કાર કર્યો. સૌને આશીર્વાદ આપી, કોઠારી ગોવિંદ ભગતને મળી ને ભૂમેલ થઈ, લાંભવેલ મણિભાઈને ત્યાં પધરામણી કરી. જશભાઈ મણિભાઈની દુકાને પગલાં કરી તથા અંબાલાલ કરસનદાસને ત્યાં ઠાકોરજી જમાડી, રાવજીભાઈને દવાખાનામાં આશીર્વાદ આપી, રાત્રે ૧૨-૩૦ વાગે બોચાસણ પધાર્યા. અહીં હજારો હરિભક્તો દર્શને ઊમટ્યા હતા. બીજે દિવસે અટલાદરામાં પણ દર્શનાર્થી હરિભક્તોનો સમૂહ વિશાળ હતો.

વડોદરાથી 'દહેરાદૂન એક્સપ્રેસ'માં તા. ૨૧-૧૦-'૫૯, સવારે મુંબઈ આવી પહોંચ્યા. રસ્તામાં આખી રાત દરેક સ્ટેશને સેંકડો હરિભક્તો દર્શને આવતા હતા. મુંબઈમાં કપોળ વાડીમાં ઉતારો હતો.

વિદાય સંદેશ

અહીંથી 'સત્સંગ પત્રિકા' દ્વારા સમગ્ર સત્સંગ સમાજ ઉપર સ્વામીશ્રીએ વિદાય સંદેશરૂપે એક પત્ર તા. ૨૨-૧૦-'૫૯ના રોજ લખ્યો હતો :

'અહોહો, પ્રાપ્તિ મોટી છે, સંબંધ મોટો છે. મોટાપુરુષ ને ભગવાનની દયા છે. તો આપણે યુવક મંડળની પ્રવૃત્તિ ચાલુ રાખવી. કોઈ ખેડુ વર્ગ હોય ને શનિવારે ટાઈમ ન મળતો હોય, તેમને એકાદશી, અમાસે સભા ભરવી ને લાભ લેવો; પણ આપણો સભાનો કાર્યક્રમ ખોટો થવા ન દેવો. હવે અમો આફ્રિકા જઈ રહ્યા છીએ, તો આપને શુભ સમાચાર આપ્યા છે. નૂતન વર્ષે બેસતા વર્ષની ખુશાલીમાં, તેમાં તમામ હરિભક્તોને અમારા અંતરના આશીર્વાદ છે. તને, મને, ધને, વ્યવહારે, ખૂબ સુખ, શાંતિ ને આનંદના ફુવારા છૂટશે, કારણ કે આપણને સ્વામિનારાયણ ભગવાનનો સંબંધ થયો છે. તેનું બળ રાખવું. નવાં નવાં સત્કાર્યો

કરવાં. ભગવાન ને ભગવાનના ભક્તમાં નિર્દોષબુદ્ધિ રાખવી; ને સંપ, સુહૃદભાવ રાખવો; તો આપણામાં એકાંતિકપણું આવે અને કાયમ બળ રહે.

'માટે તમામ યુવક મંડળોને તથા મોટાં મંડળોને અમો પત્રિકા દ્વારા નૂતન વર્ષે આશીર્વાદ લખીએ છીએ. તો સૌ બળ રાખી, સભા ભરશો. અમો આફ્રિકા જઈને ખુશીનો પત્ર લખશું. ત્યાંના હરિભક્તોનો અતિ આગ્રહ અને ત્રણે મંદિરની પ્રતિષ્ઠા કરી, સ્વામી-શ્રીજીને પધરાવવા છે. તે માટે આશીર્વાદ આપવા નૂતન વર્ષમાં તેડાવે છે. તેથી જઈ રહ્યા છીએ. તો હવે તમામ મંડળો તૈયાર થાવ ને સભા ભરો. ને સત્સંગ વધારો. ને અમારી અંતરની અભિલાષા પૂરી કરો. તેમાં સ્વામી-શ્રીજીનો રાજીપો છે. થોડું લખ્યું ઘણું કરી માનજો. દ. સાધુ જ્ઞાનજીવનદાસજીના ઘણાં હેતથી જય સ્વામિનારાયણ.'

દીર્ઘદર્શિતા

મુંબઈથી નીકળતા પહેલાં સ્વામીશ્રીએ, કોઈએ નહિ ધારેલું એવું એક આયોજન, '૫૧' યુવાનોને ભાગવતી દીક્ષા આપવાના ભાવિના પોતાના સંકલ્પની સિદ્ધિના પ્રથમ સોપાનરૂપે, પોતાની રીતે જ ગોઠવી દીધું. પોતે લગભગ આઠ માસ માટે વિદેશ જઈ રહ્યા હતા. આ બાજુ જે યુવકો સાધુ થવા માટે તૈયાર જ હતા, તેમને અનુકૂળ વાતાવરણ મળી રહે ને તેમના વિચારોમાં પુષ્ટિ થતી રહે, એ દૃષ્ટિએ સ્વામીશ્રીએ બધાને એક જ જગ્યાએ સાથે જ રાખવાનું નક્કી કરી લીધું. જે યુવકોને સાધુ જ થવાનું હતું, તે પોતાને ઘરે રહે તો કાર્યમાં વેગ ન મળે. માટે સૌ ભેળા રહી આ સાધનામાં આગળ વધે, એવું એમણે વિચાર્યું. આથી બીજા પણ ઘણા યુવાનોને પ્રેરણા મળે અને સૌને પ્રતીતિ આવે કે 'સ્વામીશ્રીએ પોતાના સંકલ્પનો પ્રારંભ કરી જ દીધો છે. જરૂર આ ન કલ્પી શકાય એવી ઘટના બનશે જ અને સંપ્રદાયના ઈતિહાસમાં પ્રથમ વાર '૫૧' યુવાનો ભાગવતી દીક્ષા લેશે જ. અને શાસ્ત્રીજી મહારાજનું કાર્ય દિગંતમાં પ્રવર્તશે.'

આ માટેનું સ્થળ સ્વામીશ્રીએ મુંબઈમાં જ પસંદ કર્યું. કારણ, મોટા ભાગના યુવાનો મુંબઈના હતા. તેમજ અહીં હરિભક્તો દ્વારા કથાવાર્તાથી પણ સૌને પુષ્ટિ મળે. પણ સ્વામીશ્રીએ વાત એવી રીતે મૂકી કે 'નારણભાઈના બાપા નટવરભાઈએ મને કહ્યું છે કે તેમને સંસ્કૃત ભણાવજો. એટલે આપણે બધાને સંસ્કૃત ભણાવવાનું છે ને શાસ્ત્રમાં પારંગત કરવા છે. મોટા વિદ્વાન બનાવવા છે.' એ માટે ઘાટકોપરમાં બાલાજી મંદિરમાં, રામાનુજ મતના વિદ્વાન પંડિત

ભાગવતાચાર્ય પાસે રહીને સૌને સંસ્કૃત અભ્યાસ કરવાનું ગોઠવ્યું. તે પહેલાં નિરંજનભાઈ સાધુતાના માર્ગમાં પુષ્ટિરૂપ બને એ માટે, ઘણી વાર અહીં સંસ્કૃત ભણવા આવતા. તેથી તેમને આ આશ્રમ અને પાઠશાળાનો પૂરો પરિચય હતો. તેમણે જ આ સ્થાનની યોગ્યતા અંગે સ્વામીશ્રીને જણાવ્યું અને સ્વામીશ્રીને તે વાત ગમી ગઈ. સ્વામીશ્રીએ મુંબઈના હરિભક્તો માણેકલાલ શેઠ તથા હર્ષદભાઈને ભલામણ કરી કે યુવકોને બધી જ જરૂરિયાતો પૂરી પાડવી અને કથાવાર્તા પણ કરવી. સ્વામીશ્રીએ અંતરનો અસીમ રાજીપો અહીં રહેનાર યુવકો – રણછોડભાઈ, નિરંજનભાઈ, નારણભાઈ, મધુભાઈ, સૂર્યકાંતભાઈ તથા અનુપમભાઈ ઉપર વરસાવ્યો અને તમામ પ્રકારની દોરવણી આપી.

સ્વામીશ્રી આફ્રિકા જવા વિદાય થતાં, આ છ યુવકો ઘાટકોપર 'બાલાજી આશ્રમ'માં રહેવા આવી ગયા. અભ્યાસ ચાલુ કરી દીધો. હરિભક્તો ખબર રાખવા લાગ્યા. આશ્રમ જીવનની ઘણી અગવડો અહીં હતી, પણ સ્વામીશ્રીને રાજી કરવા સૌ અહીં સુખેથી રહ્યા. આફ્રિકાથી સ્વામીશ્રીના પ્રેરણા પત્રો સતત યુવકો ઉપર આવતા રહેતા.

સ્વામીશ્રી પૂર્વ આફ્રિકા પધારતા હોવાથી આ વર્ષે વૅકેશનમાં વર્ષોવર્ષ સ્વામીશ્રી સાથે ફરનારા યુવકો સ્વામીશ્રીના લાભથી વંચિત રહેવાના હતા. દીર્ઘદૃષ્ટિધારી સ્વામીશ્રીએ યુવકો માટેનું રજાઓનું આયોજન નક્કી કરી લીધું હતું. સત્સંગમાં વિશેષ પુષ્ટિ મળે એ હેતુથી હર્ષદભાઈ દવેએ લગભગ ૫૦ યુવકોની એક ફરતી તાલીમ શિબિર આયોજી. મુખ્ય મંદિરો તથા સત્સંગનાં વિશિષ્ટ ગામોમાં ફરવાનું અને સત્સંગનો અનુભવ મેળવવાનું નક્કી થયું. પ્રવાસ દરમ્યાન સવારે, સાંજે અને રાત્રે સત્સંગ સભાઓનું આયોજન થતું. હર્ષદભાઈ સૌને વચનામૃત તથા સત્સંગના ઈતિહાસની જૂની જૂની વાતો કરતા. મંદિરમાં મોટા સંતો તથા મુખ્ય ગામોમાં હરિભક્તોનાં જ્ઞાનનો પણ લાભ મળતો. યુવકો જાતે પણ સાંપ્રદાયિક ગ્રંથોને આધારે પ્રવચનો કરતા. મોડી રાત્રે ગોષ્ઠિ થતી. ગામોગામ સ્થાનિક હરિભક્તો આ યુવકોનો મહિમા સમજી સેવા કરતા. સત્સંગ સમાજના એક વિહંગાવલોકી પ્રવાસ અને પરિચયથી યુવકોને સમજાયું કે સ્વામીશ્રીએ સત્સંગ સમાજમાં શ્રદ્ધા અને ભક્તિનાં મૂળ કેટલાં ઊંડાં રોપ્યાં છે !

❀ ❀ ❀

પરિશિષ્ટ : ૧

સ્વામીશ્રી યુવકોને સ્વામીની વાતું, વચનામૃત તથા કીર્તનો મોઢે કરાવતા. યુવકોની યાદશક્તિ અને શ્રદ્ધા પ્રમાણે મુખપાઠ આપતા. વચનામૃતો શરૂમાં નાનાં મોઢે કરવા કહે. નિષ્કુળાનંદ સ્વામીના સંત-મહિમાનાં કીર્તનો ખાસ મોઢે કરાવે. *'અનુભવી આનંદમાં બ્રહ્મરસના ભોગી રે...' 'સંત વિના રે સાચી કોણ કહે...' 'ભજ્યો નહીં ભગવાન...'* વગેરે કીર્તનો તથા *'અવિનાશી આવો રે...'* એ થાળ, ચેષ્ટાનાં પદો, ગોડીનાં પદો ખાસ મોઢે કરાવે.

જો યુવકની યાદશક્તિ સારી હોય, તો 'સ્વામીની વાતો'નું ત્રીજું પ્રકરણ મોઢે કરવા આપતા. નહીં તો બીજા અને ચોથા પ્રકરણની વાતો મોઢે કરવા કહેતા.

સ્વામીશ્રીને આ બધાં પ્રકરણની વાતું ક્રમાંક સાથે મોઢે હતી. તેના પુરાવારૂપે એક યુવકને વાતો મોઢે કરવા એમણે લખી આપેલી યાદી, અહીં રજૂ કરી છે :

'સ્વામીની વાતું મોઢે કરવાની. ચોથું પ્રકરણ મોઢે કરવાનું છે. તો હવે બીજા પ્રકરણની વાતું છૂટક કરવાની છે તેની યાદી :

બીજું પ્રકરણ :- ૧, ૫, ૭, ૯, ૧૧, ૧૨, ૧૫, ૧૬, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૪, ૨૬, ૨૭, ૨૯, ૩૦, ૩૪, ૩૫, ૩૭, ૪૯, ૫૦, ૫૪, ૫૬, ૫૯, ૬૦, ૬૪, ૬૭, ૬૮, ૭૦, ૭૨, ૭૫, ૮૦, ૮૫, ૧૦૦, ૧૦૫, ૧૦૭, ૧૧૦, ૧૧૫, ૧૧૭, ૧૨૧, ૧૨૪, ૧૨૫, ૧૩૦, ૧૩૭, ૧૪૦, ૧૪૧, ૧૪૯, ૧૫૦, ૧૫૪, ૧૫૯, ૧૬૦, ૧૯૨ આટલી વાતો મોઢે કરવી.

દા. સાધુ જ્ઞાનજીવનદાસજીના આશીર્વાદ છે.